પરમતેજ

: શ્રી લલિતવિસ્તરા-વિવેચન :

લેખક : પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર

अर्हं नमः

सकलागमरहस्यवेदी परमगीतार्थ स्व. आ. श्री विजयदानसूरीश्वरगुरुभ्यो नमः

પરમતેજ

સમર્થ શાસ્ત્રકાર–આચાર્ય ભગવત્
શ્રી હરિભદ્રસૂરીશ્વર વિરચિત શ્રી 'લલિતવિસ્તરા'
ગ્રન્થ પરની વિવેચના

ભાગ પહેલો

: વિવેચનકાર :
સિદ્ધાન્તમહોદધિ સુવિહિતશ્રમણગચ્છાધિપતિ
પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના
વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂજનીય
પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર

: પ્રકાશક :
'દિવ્યદર્શન' સાહિત્ય સમિતિ
કાળુશીની પોળ, અમદાવાદ.

કિંમત: ૧૦-૦૦ રૂપિયા

: પ્રકાશક :

શાહ ચતુરદાસ ચીમનલાલ
શ્રી 'દિવ્યદર્શન' સાહિત્ય સમિતિ
કાળુશીની પોળ, **અમદાવાદ.**

પ્રાથમિક સહાયકો:-

શ્રી હળવદ જૈનસંઘ જ્ઞાનખાતું ... ...રૂા. ૨૦૦)
અમદાવાદ શ્રી કાળુશીનીપોળ જૈનસંઘ જ્ઞાનખાતું ...રૂા. ૫૦૦)
શ્રી મુંબઇ ચોપાટી જૈનસંઘ જ્ઞાનખાતું ... ...રૂા. ૫૦૦)
શ્રી મુંબઇ કોટ જૈનસંઘ જ્ઞાનખાતું ... ...રૂા. ૫૦૦)
શ્રી દશાપોરવાડ સોસાયટી જૈનસંઘ જ્ઞાનખાતું ...રૂા. ૩૦૦)
(અમદાવાદ)

: પ્રાપ્તિસ્થાનો :

(૧) ચતુરદાસ ચીમનલાલ શાહ
કાળુશીની પોળ, **અમદાવાદ.**

(૨) જેઠાલાલ ચુનીલાલ ધીઆ
C/o. ભાણજી લવજી વી ડીપો,
હનુમાન ગલીના નાકે,
૩૫૫, કાલબાદેવી, **મુંબઇ**-૨.

(૩) સોભચંદ ડી. શાહ
પાલિતાણા.

(૪) સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, **અમદાવાદ.**

મુદ્રક : જીવણલાલ પુરુષોત્તમદાસ પટેલ
શ્રી ઉત્કૃષ્ટ મુદ્રણાલય,
ગાંધીમાર્ગ, પૂલ નીચે, **અમદાવાદ.**

મુખપૃષ્ઠ-પ્રવેશદ્વાર-વિષયાનુક્રમના
મુદ્રક : કીરચંદ જ. શેઠ
જશવંતસિંહજી પ્રીં. પ્રેસ.
વઢવાણ સિટિ

વી. સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઇ. સ. ૧૯૫૯
આવૃત્તિ : પહેલી

જેઓ શ્રીમદ્‌ના અનંત આશીર્વાદના પરિપાકરૂપે
આ વિવેચન ગ્રંથરત્નનું સર્જન થયું છે
તે
પરમારાધ્યપાદ વિશ્વહિતચિંતક પરમસંયમી
કર્મ–સાહિત્યનિષ્ણાત આબાલબ્રહ્મચારી સિદ્ધાન્તમહોદધિ પૂ. ગુરુદેવ
આચાર્ય ભગવંત
શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનાં
પરમ–પાવનકારી કરકમલોમાં
ભક્તિસભર હૃદયે
સમર્પણ

પ્રકાશકીય નિવેદન

પરમ કૃપાળુ ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ પૂ૦ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાપ્રસાદી રૂપે, એમના વિદ્વાન શિષ્યરત્ન શ્રી પં૦ ભાનુવિજયજી ગણિવરની લલિતવિસ્તરા શાસ્ત્ર પરની આ વિવેચના યાને **પરમતેજ** નામે ગ્રન્થરત્ન પ્રકાશિત કરતાં અમે મહાન હર્ષ અનુભવીએ છીએ.

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, સૂક્ષ્મ તત્ત્વભર્યા ૧૪૪૪ શાસ્ત્રના પ્રણેતા પૂજ્યપાદ આચાર્યપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વર વિરચિત પ્રૌઢ ગ્રન્થ 'શ્રી લલિતવિસ્તરા' મહાશાસ્ત્ર પર એમણે આપેલી વાચનામાંથી આ 'પરમતેજ' ગ્રન્થનો ઉદ્‌ભવ થયો છે.

શાસનપ્રભાવક સ્વ૦ પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ૦ પં૦ શ્રી ધુરંધરવિજયજી ગણિવર, અને પૂ૦ પં૦ શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી–પ્રિયદર્શને પ્રસ્તાવના અને પ્રવેશદ્વારમાં ગ્રન્થનો પરિચય આપી અમને ઉપકૃત કર્યા છે. પૂ૦ મુનિરાજ શ્રી પદ્મસેનવિજયજી મહારાજ વગેરેએ વાચનાનાં અવતરણો લીધાં, તથા એમણે અને પૂ૦ મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજીએ પ્રુફ સંશોધન કર્યું. હળવદસંઘ જ્ઞાનખાતામાંથી શેઠશ્રી ગુલાબચંદ ગફલભાઇએ પ્રાથમિક રૂા. ૨૦૦૦)ની સહાય કરાવી, તેમજ મુંબઈ શ્રી કોટ જૈનસંઘ, શ્રી કલ્યાણપાર્શ્વનાથ ચોપાટી જૈનસંઘ, અમદાવાદ કાળુસીની પોળ જૈનસંઘના, દશાપોરવાડ સોસાયટી જૈનસંઘના જ્ઞાનખાતામાંથી ક્રમશઃ રૂા. ૫૦૦, ૫૦૦, ૫૦૦, ૩૦૦ની સહાય મળી, પૂ૦ મુનિવર્યો શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. તથા શ્રી નિત્યાનંદ વિ૦ મહારાજે અનુક્રમણિકા તથા પરિશિષ્ટ કરી આપ્યાં તથા પૂ૦ પં૦ શ્રી કાન્તિવિજયજી ગણિવર અને પૂ૦ શ્રી વિવેચનકારે શુદ્ધિપત્રક કરી આપ્યું, કેટલાક ભાઇઓ અગાઉથી ગ્રાહક બન્યા,...ઇત્યાદિ જે જે આ પ્રકાશનમાં સહાયભૂત થયા તેમનો આ તકે અમે આભાર માનીએ છીએ.

ગ્રન્થ વાંચવા પૂર્વે અવશ્ય પ્રસ્તાવનાદિ તથા વિષયાનુક્રમ વાંચી જવા તથા શુદ્ધિપત્રક પરથી શુદ્ધિ કરી લેવા વિનંતિ છે. આમ તો આ પહેલો ભાગ ૪૦૦ પેજનો પ્રકાશિત કરવા ધાર્યો હતો, પણ પ્રકાશનની ઉતાવળ થવાથી તેમાંથી ગ્રન્થના ૩૩૬ પાનાં, પરિશિષ્ટ લગભગ ૧૬ પાનાં, મુખપૃષ્ઠથી પ્રસ્તાવના, પ્રવેશદ્વાર વગેરેના અઢાર પાનાં, અને વિષયાનુક્રમના ૧૨ પાનાં, શુદ્ધિપત્રકના પાંચેક પાના, એમ લગભગ ૩૮૭ પેજનો આ પ્રથમ ભાગ બહાર પડે છે. મુખપૃષ્ઠ પર ઇન્દ્ર પરજતેજમાંથી તેજગ્રહણ કરવા હાથ લંબાવી રહ્યાનું સુંદર દૃશ્ય છે. ગ્રન્થની પ્રત્યેક પંક્તિ પર મનનયુક્ત વાંચન જરૂરી છે. ગ્રન્થ વારંવાર વાંચવા જેવો છે.

મહા સુદ ૧૧ વીર સં. ૨૪૮૬,
અમદાવાદ.

— ચતુરદાસ ચીમનલાલ શાહ

સકલલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ

પ્રસ્તાવઃ

अर्हन्नेकोजगद्वन्द्यः श्रीहरिभद्रसंस्तुतः। 'नमोऽत्थु णं'वचोभङ्गया, ललितविस्तराख्यया ॥१॥

લોક અને અલોકને હસ્તામલકવત્ હાથમાં રહેલા નિર્મળ જળની જેમ વિલોકનાર અરિહંત પરમાત્મા પરમોચ્ચ સ્થિતિએ વિરાજે છે, એ એક સનાતન સત્ય છે. એ પરમાત્માએ કેવળજ્ઞાન અને કેવળદર્શનથી લોકાલોકનું સમગ્ર સ્વરૂપ જાણ્યું અને જોયું એટલું જ નહિ પણ જગત્ને યથાવત્ સમજાવ્યું.

એ સ્વરૂપદર્શન પ્રમાણે પંચાસ્તિકાય સ્વરૂપ લોક છે અને આકાશમાત્ર સ્વરૂપ અલોક છે. એ સર્વમાં પર્યાયોનું પરાવર્તન કરનાર તત્ત્વ કાળ છે.

પંચાસ્તિકાયમાં સક્રિય જીવ ને પુદ્ગલ એ બે જ છે. એ અનાદિ સંબંધથી એવા તો જોડાએલા છે, કે જેને આશ્રયીને જ જાણે વિશ્વ ન ચાલતું હોય એમ લાગે. અને વાત પણ એમ છે કે, જીવ અને પુદ્ગલનો પરસ્પર એકાકાર સંબંધ ન હોય તો જગત્ જેવું છે પણ શું ?

આમ જીવ અને પુદ્ગલ લોકાલોકમાં નિજનું અનોખું સ્થાન ધરાવે છે. જીવો અનંતા છે અને તેથી અનંતાનંતગુણ પુદ્ગલો છે. એ જીવ અને પુદ્ગલના સંબંધને કારણે દૃશ્યમાન અને અદૃશ્ય વૈવિધ્ય ને વિચિત્રતા ક્ષણે ક્ષણે બન્યા કરે છે. જીવનું સંસારમાં પરિભ્રમણ પણ તે કારણે છે. એ અનાદિ સંબંધનો અંત લાવવો એ જીવનું ચેતનનું પરમ કર્તવ્ય છે.

નિગોદમાંથી નીકળ્યા બાદ ક્રમશઃ વિકાસ પામતો જીવ જો ભવ્ય હોય છે, તોજ તે નિયમા સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. સમ્યક્ત્વ પામ્યા પછી જીવનો ઉત્તરોત્તર વિકાસ-ઉદય ચાલુ જ હોય છે. ભવિતવ્યતાના પરિપાક માટે જીવને અનેક વિવિધ-વિચિત્ર ન સમજી શકાય એવા પરિણામો અનુભવવા પડે તો પણ તેનું જીવન સતત ઊર્ધ્વગામી રહે છે. કર્મને સકલકર્મને દૂર કરવા માટેની સમજ એ આત્મામાં મોટે ભાગે વ્યકત અને કવચિત્ છૂપી ચાલુ હોય છે. મિથ્યાત્વને-અનાદિમિથ્યાત્વને પરવશ પડેલા જીવો કર્મ સાથે જે સંબંધ રાખે છે બાંધે છે, તેવો સંબંધ એકવાર પણ જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે, તે આત્મા રાખતો નથી બાંધતો નથી.

સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી આત્મા જ્યાંસુધી તેને ગુમાવતો નથી, ત્યાંસુધી તે અરિહંતનો અનન્ય ભક્ત હોય છે. એ આત્માનું સર્વસ્વ કાંઇપણ હોય તો તે અરિહંત છે.

અરિહંતનું નામ, અરિહંતની આકૃતિ-મૂર્તિ, અરિહંતની આગળ પાછળની કોઇપણ અવસ્થા અને સાક્ષાત્ અરિહંત ભાવસ્વરૂપ એ ચારે સમ્યક્ત્વવાળા આત્માના અનન્ય આકર્ષણો હોય છે. એ આત્મા અરિહંતનું સામાન્ય કે વિશેષ નામ સાંભળીને ઉત્કર્ણ બને છે, અરિહંતના નામને રટતી જીભને જીભ માને છે, અરિહંત દર્શનથી નેત્રને સાર્થક સમજે છે, તેનાં કર-ચરણ-કાયા-મન-સમય વગેરે સર્વ કાંઇ જે અરિહંતને ઉદ્દેશીને ઉપયોગમાં આવે છે, તેને તે સફળ લેખે છે. તેના મુખમાંથી,

'ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમીએ, તુજ થુણે જેહ ધન્ય ધન્ય જીહા;
ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં, ધન્ય તે રાત ને ધન્ય દીહા.'

એવા એવા ઉદ્‌ગારો આપોઆપ સરી પડે છે. દ્રવ્ય અરિહંતની પણ તે આત્મા એવી ઉપાસના કરે છે કે ભાવ અરિહંતની પ્રાપ્તિ તેને સુલભ બને છે. ભાવ અરિહંતની ભાવપૂર્વકની ભક્તિથી આત્મા અરિહંત પણ બની શકે છે ને સિદ્ધ તો અવશ્ય થાય છે.

આવું અરિહંત પદ જે આત્માઓએ મેળવ્યું છે, તે એમને એમ નથી મેળવ્યું. તે મેળવવા માટે તે તે આત્માઓએ પોતાનો આન્તરિક અનન્ત પુરુષાર્થ અને તે પુરુષાર્થને અનુરૂપ પ્રવૃત્તિ કરેલ છે. અરિહંતના પૂર્વવર્તિ ત્રીજા ભવમાં આવો પુરુષાર્થ આત્મા કરે છે. એ ભવમાં ભાવદયાના પરમ ભાવમાં એ આત્મા પરમ રમણુતા કેળવે છે. એથી તીર્થંકરનામકર્મને એ આત્મા નિકાચિત કરે છે. ત્યાંથી દેવલોકમાં અને કવચિત્ જ નારકમાં થઈને અહીં મનુષ્યલોકમાં કર્મભૂમિમાં એ આત્મા પરમાત્મા તરીકે અવતરે છે, માતાના ગર્ભમાં આવે છે. આ આગમન ને અવતરણને 'ચ્યવનકલ્યાણક' કહેવામાં આવે છે. અરિહંતનું પૂર્વજન્મમાંથી ચ્યવન એ પણ કલ્યાણ અર્થે છે. અરિહંત ભવના આયુઃનો અહિંથી આરંભ થાય છે.

આ સમયે ઈન્દ્ર સિંહાસનથી નીચે ઉતરીને ભગવંતની સન્મુખ સાત—આઠ ડગલા જઈને પરમાત્માની સ્તુતિ કરે છે. તે સ્તુતિ જે શબ્દરચના પૂર્વક કરાય છે, તેમાં પ્રથમ શબ્દ—નમુત્થુ ણં (णमोऽत्थु णं) આવે છે. આ કારણે એ સ્તુતિ 'શક્રસ્તવ' અથવા 'નમુત્થુણં' એ નામે પ્રચલિત છે.—*

પ્રસ્તુત ગ્રન્થમાં એ સ્તવની વિશદ વિચારણા છે. આ સ્તવનો પ્રધાન ઉપયોગ ચૈત્યવન્દન વિધિમાં થાય છે. ચૈત્યને વન્દના કઈ રીતે કરવી તેનો વિધિ આર્હત દર્શનમાં વ્યવસ્થિત છે અને સજીવ છે. કેટલાંક વિધાનો એવા હોય છે કે જે કેવળ શાસ્ત્રોમાં અને ગ્રન્થોમાં જ જોવા મળે છે, તેનો ઉપયોગ ચાલુ નથી હોતો. પણ આ વિધિ ઉપયોગમાં ચાલુ છે.

જે કોઇ પણ ક્રિયાવિધાન તેનો જે વિધિ હોય તે જાણીને વિધિપૂર્વક કરવામાં આવે તો તે યથાવત્ ફળદાયી બને છે. વિધિમાં જેટલી ખામી તેટલી ખામી ફળપ્રાપ્તિમાં પણ થાય છે. કેટલાંક વિધાનો તો એવા હોય છે કે તેમાં વિધિની ન્યૂનતા અલ્પ પણ ચાલી શકતી નથી. જ્યાં સુધી પૂર્ણ વિધિ ન જળવાય ત્યાં સુધી તે વિધાન કાર્ય કરવાને અક્ષમ રહે છે એટલું જ નહિં પણ કેટલાક સંયોગોમાં તે વિધાન વિપરીત ફળ આપે છે.

અર્હત્—પરમાત્મા તીર્થસ્થાપના કરે છે. તીર્થમાં આત્મહિતકર સર્વવિધાનો સર્વાંગ સંપૂર્ણ હોય છે. તીર્થનું મુખ્ય સંચાલન જ્યાં સુધી ગણધર ભગવંતો હોય છે, ત્યાં સુધી તેઓ કરે છે, ને પછી તેમની પટ્ટપરમ્પરાગત જે આચાર્ય ભગવંતો આવે છે, તેઓ કરે છે. પણ ઊતરતા કાળમાં તીર્થના સંચાલકો ઉત્તરોત્તર અલ્પ સામર્થ્યવાળા થતા આવે એ સ્વાભાવિક છે. એમાં તરતમતા હોય છે, છતાં એકન્દર તો હાનિ થતી હોય છે. એ કારણે વિધિશુદ્ધિમાં અનેક પ્રકારની વિચારણાઓની સેળભેળ થતી જાય છે. જ્યારે આવી ભેળસેળ વધી જાય છે, ત્યારે તેનું વિશુદ્ધિકરણ અનિવાર્ય બને છે. જ્યાં સુધી તીર્થ વિદ્યમાન છે, ત્યાં સુધી વિશુદ્ધ વિધિવિધાન પણ વિદ્યમાન રહેવાના જ.

---

*. 'પ્રણિપાતદંડક' પણ આ સ્તવનું નામ છે.

ચૈત્યવન્દન વિધિમાં પણ એ પ્રમાણે બન્યું હતું, ને ચાલુ પણ છે. છતાં પણ ચૈત્યવન્દન વિધિનું શુદ્ધ દર્શન પણ છે. તેના નિરાગ્રહભાવે આરાધકો પણ છે. ચૈત્યવન્દન-વિધિ અંગે વર્તમાનમાં જે કાંઇ સાહિત્ય ઉપલબ્ધ થાય છે, તેમાં અગ્રેસર કોઈ ગ્રન્થ હોય તો તે **'ललित विस्तरा'** છે. ચૈત્યવન્દન સૂત્ર ઉપરની વૃત્તિ-સ્વરૂપ આ ગ્રન્થ છે. આ ગ્રન્થની પ્રામાણિકતા અંગે કશી પણ શંકા જેવું નથી, અનેક પ્રામાણિક પુરુષોએ આ ગ્રન્થના પ્રમાણો પોતાના ગ્રન્થમાં ઉદ્ધરિત કરીને આ ગ્રન્થની મહત્તા વધારી છે. આ ગ્રન્થના રચયિતા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જૈન શાસનમાં અદ્વિતીય વ્યક્તિ સ્વરૂપે વિખ્યાત છે. તેઓશ્રીનું વૈશિષ્ટ્ય અનેક રીતે અનોખું તરી આવે છે. તેઓશ્રીએ ચૈત્યવન્દન વિધિ અંગે જે કહ્યું છે, તે ગ્રન્થ વાંચવાથી સ્પષ્ટ સમજાય એવું છે.

આર્હતદર્શનમાં ચૈત્યવન્દન વિધિનું વિધાન જે પ્રકારે વ્યવસ્થિત છે, તે પ્રકારનું વિધાન અન્ય કોઇ પણ દર્શનમાં ગ્રન્થસ્થ અથવા પ્રવૃત્તિમાં જોવામાં નથી આવતું. ચૈત્યનો સ્વીકાર કરનારા અનેક મતમતાંતરો જગતમાં જોવામાં આવે છે. ભગવદ્ભક્તિ પણ દરેક મતમાં વિવિધ પ્રકારની જોવાય છે. તેમાં જૈનશાસનની આ વ્યવસ્થા કેટલી વિશિષ્ટ છે, તે કોઈ પણ માધ્યસ્થ્યમતિવાળાને તુરત જ સમજાય એમ છે. તેમાં પણ જો 'ललितविस्तरा'નું અધ્યયન પઠન કરે તો આ ચૈત્યવન્દન-વિધિનું મહત્ત્વ તેના માનસમાં વજ્રલેપ જેવું થઇ જાય, એ અસંશય છે.

વર્તમાનમાં 🙏 ચૈત્યવન્દન અને ★ દેવવન્દન એ બે પ્રકાર પ્રસિદ્ધ અને પ્રચલિત છે. 卐 પર્વદિવસોમાં અને * પ્રસંગ વિશેષમાં કરાતાં દેવવન્દનોના અનેક પ્રકારો પણ પ્રચલિત છે.

ઉપર દર્શાવેલા ચૈત્યવન્દન અને દેવવન્દનના પ્રકારોમાં ઉપયોગમાં આવતા સૂત્રોમાં મુખ્ય સૂત્રો સાત છે.-૧. નમુત્થુણં, ૨. અરિહંતચેઇઆણં, ૩. અન્નત્થ, ૪. લોગસ્સ, ૫. પુક્ખરવર, ૬. સિદ્ધાણંબુદ્ધાણં અને ૭. જયવીયરાય. આ સિવાય ત્રણ સૂત્રો ૧. સવ્વલોએ, ૨. સુઅસ્સ-ભગવઓ, ને ૩. વેયાવચ્ચગરાણં કે જેનું પ્રાધાન્ય ન ગણાય પણ પ્રસંગને દર્શાવતા એ સૂત્રો છે એમ કહી શકાય.

ઉપરોક્ત સૂત્રોમાંથી લોગસ્સ, અન્નત્થ, અરિહંતચેઇઆણં, પુક્ખરવર અને સિદ્ધાણંબુદ્ધાણં એ સૂત્રો આવશ્યક સૂત્રમાં આવે છે. એટલે તે સૂત્રો ઉપર અનેક વિવરણો શ્રી હરિભદ્રસૂરિજી મહારાજથી પ્રાચીન અને અર્વાચીન મળે છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે પોતે પણ આવ-શ્યક સૂત્ર ઉપર લઘુ અને બૃહદ્ વૃત્તિ રચી છે. લઘુ વૃત્તિ વર્તમાનમાં ઉપલબ્ધ છે ને તેમાં તેઓશ્રીએ પૂર્વવૃત્તિનો નિર્દેશ કર્યો છે, એ રીતે પૂર્વે જણાવેલા સૂત્રોમાંથી નમુત્થુણં સૂત્ર પર અહીં જે વિવરણ છે તે અનેક પ્રકારે વૈશિષ્ટ્ય ધરાવતું અને વિશદ છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ આ ચૈત્યવન્દનસૂત્ર-વૃત્તિના આદિ ભાગમાં જે કહે છે કે—

🙏 એક સ્તુતિવાળું જે કરવામાં આવે છે તે.

★ આઠ સ્તુતિથી જે કરાય છે તે.

卐 જ્ઞાનપંચમી, ચાતુર્માસ પ્રારંભદિનના (ચોમાસી), મૌન એકાદશી, ચૈત્રી પૂર્ણિમા, દીપાવલિકા, વગેરેમાં કરાય છે તે.

* નન્દિવિધિ પ્રતિષ્ઠા-વિધાન વગેરે પ્રસંગે કરાય છે તે.

यावत्तथापि विज्ञातमर्थजातं मया गुरोः। सकाशदाल्पमतिना तावदेव ब्रवीम्यहम् ॥
(તો પણ જેટલો અર્થસમૂહ અલ્પમતિ એવા મેં ગુરુ પાસેથી જાણ્યો છે, તેટલો જ હું કહું છું)
એ પ્રમાણેનું તેઓશ્રીનું કથન નમુત્થુણંસૂત્રને અનુલક્ષીને છે, અર્થાત્ તે સૂત્ર પર પણ જો પ્રાચીન વિવરણો ઉપલબ્ધ હોત તો તેનું પણ સંસ્મરણ તેઓશ્રી અહિં અવશ્ય કરત. આ સર્વ કારણોને લીધે 'લલિતવિસ્તરા' એ નમુત્થુણં સૂત્રની વૃત્તિ છે, એ પ્રમાણે પ્રસિદ્ધિ પણ સહેતુક થઇ છે.

નમુત્થુણં સૂત્ર પર પછીથી થયેલા વિવરણો સંખ્યાબંધ છે. વીસથી વધુ વિવરણો તો ચૈત્યવન્દન સૂત્રો પરના છે. શ્રી ભગવતી સૂત્રમાં પણ આ નમુત્થુણંનો પાઠ અર્હદ્વર્ણન રૂપે છે. આગળ ઉપર એજ સૂત્રમાં અંતિમ આરાધનાના પ્રસંગે પણ આ પાઠ છે. તેના પર ટૂંક વિવરણો પણ થયા છે. શ્રી કલ્પસૂત્રમાં આ નમુત્થુણં સૂત્રનો પાઠ છે, ને તેના પર અનેક વિવરણો થયા છે.

શ્રી ચૈત્યવન્દન સૂત્ર પરની પ્રસ્તુત વૃત્તિનું નામ 'લલિતવિસ્તરા' છે. આ નામનો ગ્રન્થ જૈન વાઙ્મયમાં આ એકજ છે, બૌદ્ધ સાહિત્યમાં આ નામનો એક ગ્રન્થ છે. કોણે કોના નામનું અનુકરણ કર્યું છે ? શામાટે કર્યું છે ? વગેરે ચર્ચા અતિ પ્રયોજનવાળી નથી. આવા તાત્ત્વિક ગ્રન્થોના રહસ્ય સમજવા માટે એવી ચર્ચાઓ ઘણી વખત બાધક બને છે. કેટલાકને એવી ચર્ચામાં ઘણો રસ હોય છે,ને તેઓ એમ સમજતા હોય છે કે આવી ચર્ચાથી ગ્રન્થ ઉપયોગી બને છે. તેવા સંપાદકો પ્રારંભના ઘણા પત્રો આવી ચર્ચાથી ભરે છે. અમુક વર્ગને એ ચર્ચા ઉપયોગી પણ બનતી હશે; બાકી અભ્યાસી વર્ગને માટે–પ્રાચીન પદ્ધતિના અભ્યાસી વર્ગને માટે–તો એ અનુપયોગી છે. ગ્રન્થના મર્મો જાણવાવાળા આવી ચર્ચાવાળા પત્રોને ભારભૂત માને છે, ગ્રંથના કદમાં અને કિંમતમાં એથી વ્યર્થ વધારો થાય છે, એવી એમની દૃઢ માન્યતા હોય છે. 'લલિતવિસ્તરા'ના અધ્યયનથી જૈનદર્શનમાં સ્થિર થઇ ગયા અને બૌદ્ધદર્શનમાં જતાં અટકયા—એવા શ્રી સિદ્ધર્ષિને માટે તો નામસામ્ય ધરાવતો આ ગ્રંથ પરમ ઉપકારક બન્યો છે. એ એક યોગાનુયોગ બનેલી હકીકત છે. શ્રી સિદ્ધર્ષિએ જાતે જ કહ્યું છે કે,

नमोऽस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये ।
मदर्थं निर्मिता येन, वृत्तिर्ललितविस्तरा ॥१॥

શ્રી સિદ્ધર્ષિના આ વચનથી શ્રીહરિભદ્રસૂરિજી તેમના સમકાલીન પૂર્વવર્તી હતા એવી માન્યતા કેટલાક અર્વાચીનો ધરાવે છે. પણ પ્રાચીનો તેને માન્ય કરતા નથી. આ સંબંધમાં ઘણી વિસ્તૃત ચર્ચા પ્રકટ થઇ છે. સાધક-બાધક અનેક પ્રમાણો બંને પક્ષે ઉપલબ્ધ છે. કયા પ્રમાણોને કેટલા પ્રબળ માનવા તે તો માન્યતા ધરાવનાર ઉપર નિર્ભર રહે છે. મધ્યસ્થ ભાવે એ વિચારણા વિશદ રીતે થાય તે તો હજુ પણ કરણીય છે, એમ તો ખરૂં. બદ્ધાગ્રહ થયેલા પોતાના વિચારો પોતપોતાની રીતે રજુ કર્યા કરે છે. પણ તેથી એ પ્રશ્નનો યથાયોગ્ય ઉકેલ આવતો નથી. અસ્તુ.

કોઈપણ સૂત્રનો ઉપયોગ જ્યારે ક્રિયાકાંડમાં થતો હોય છે ત્યારે તેમાં રહેલા રહસ્યો સમજવાની વૃત્તિ સહજ રીતે થવી જોઇએ, તેને બદલે મોટે ભાગે વૃત્તિ મરી ગયેલી જોવાય છે. તેનું કારણ પ્રાયશઃ વ્યકિત છે. પછીથી એવી વ્યકિતઓ માને છે કે આવા ધાર્મિક અનુષ્ઠાનોનાં રહસ્યો સમજવાની બહુ જરૂર નથી, એ તો એમને એમ ફળદાયી છે. મંત્રાક્ષર સમા આ સૂત્રોનું ઉચ્ચારણમાત્ર લાભ આપે છે. આગળ વધીને એટલે સુધી પણ કહેવાનું તેઓ સાહસ કરતા હોય છે કે, આ સૂત્રોના રહસ્યો સમજવાથી હાનિ થાય છે, સૂત્રની મહત્તા ઓછી થાય છે, માટે રહસ્યો ન સમજવા જોઈએ. પણ એવી માન્યતા મિથ્યા છે મંત્રાક્ષરસમા આ સૂત્રો છે, એ નિર્ભેળ સત્ય છે. તેના શુદ્ધ ઉચ્ચારણમાત્રથી શ્રેયઃ થાય છે, એ પણ એટલું જ બરાબર છે. પણ તેના રહસ્યો સમજવાથી–યોગ્યતાપૂર્વક રહસ્યો જાણવાથી–વિશેષ શ્રેયઃ થાય છે, હાનિ નથી. અયોગ્યને તો સર્વ કાંઇ હાનિકર છે. માટે આ સૂત્રના અર્થો ને રહસ્યો સમજવા માટે યોગ્યતા કેળવવી અને પ્રયત્નશીલ બનવું, એ તેનો પ્રતિદિન વારંવાર ઉપયોગ કરનારા આત્માઓ માટે અતિ આવશ્યક છે.

વર્તમાનમાં સંયમ ધર્મનું યથોચિત આરાધન કરનારા મુનિવરો અહોરાત્રમાં જે ક્રિયાકાંડ કરે છે તેમાં ૧૩ વખત અનિવાર્યપણે નમુત્થુણં સૂત્રનો ઉપયોગ આવે છે. તે આ પ્રમાણે,

—(૧) પ્રાતઃ ચૈત્યવન્દનમાં, (૨) પ્રાતઃ પ્રતિક્રમણ–સ્થાપનાનન્તર, (૩) વિશાલ લોચનના પાઠની પછી, (૪) ચારે સ્તુતિ થયા બાદ, (૫) સીમન્ધર જિન ચૈત્યવંદનમાં, (૬) શ્રી સિદ્ધાચલજીના ચૈત્યવન્દનમાં, (૭) શ્રી જિનમંદિર–દર્શન ચૈત્યવન્દનમાં, (૮) પ્રત્યાખ્યાન–પારણુ–ચૈત્યવન્દનમાં, (૯) ભોજનાનન્તર ચૈત્યવન્દનમાં, (૧૦) સાંજના પ્રતિક્રમણની શરૂઆતના ચૈત્યવન્દનમાં, (૧૧) ચાર સ્તુતિ બાદ, (૧૨) નમોડસ્તુ વર્ધમાનાયના પાઠ પછી, (૧૩) સંથારા પોરસીના પ્રારંભના ચૈત્યવન્દનમાં. જિનમંદિરમાં ચૈત્યવન્દન સાથે જેઓ દેવવન્દન આઠ થોયના વાંદતા હોય તેઓને પાંચ વખત નમુત્થુણં વધે છે. ને તેથી પ્રતિદિન તેઓ ૧૮ વખત આ સૂત્રનો પાઠ કરે છે.

પૌષધ ઉપધાન વગેરેમાં જોડાએલા ગૃહસ્થોને ૨૭–૨૮ વખત નમુત્થુણં બોલવાનું હોય છે. એટલે જ આ સૂત્રના ભાવો જાણ્યા હોય તો શ્રદ્ધા એટલી બળવતી બને કે બોલનારના ભાવોલ્લાસમાં કોઇ અનેરી ચમક દેખાય. બોલનારને લાગે કે હું આ કોઈ સાધારણ પાઠ નથી કરતો પણ અર્થગંભીર અનેક પ્રભાવપૂર્ણ સૂત્રનો પાઠ કરી રહ્યો છું. સૂત્રના એક એક શબ્દ આત્મામાં જડ ઘાલી ગએલા મહામેલને ધોવા સમર્થ છે. એવી જાગૃતિ સતત રહે.

પંચપ્રતિક્રમણ સૂત્ર, અને બે પ્રતિક્રમણ સૂત્રની પુસ્તિકાઓમાં આ સૂત્રના અર્થો ટૂંકા અને વિસ્તારથી આવે છે. પણ આ ललितविस्तरामां જે પ્રકારે આ સૂત્રના એક એક શબ્દોના અર્થો અને ભાવોનું ઉદ્ઘાટન કર્યું છે, એવું અન્યત્ર કોઇપણ સ્થળે જોવામાં આવતું નથી. આ ગ્રન્થ ભક્તિભાવભર્યો તર્કશૈલિનો છે, ને તેથી આનું અધ્યયન કરવાની યોગ્યતા તર્કના વિશિષ્ટ અભ્યાસીઓ ધરાવે છે. પ્રાચીન ન્યાયની પદ્ધતિનો આ ગ્રન્થ છે. अवच्छेदकावच्छिन्नની નવ્ય ન્યાયમાં આવે છે એવી પરંપરા કે લાંબી હાર આમાં જોવા નહિ મળે. પણ તર્કનું કાઠિન્ય, ટૂંકમાં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ, यत् तत् શબ્દોનો અધિક ઉપયોગ, કોઇકોઈ સ્થળે પૂર્વપક્ષ અધ્યાહાર રાખીને સમાધાન માત્ર, વગેરે પ્રાચીન તર્કની શૈલિ છે. તે શૈલિને હસ્તગત

કરવા માટે તે તે ગ્રન્થમાં છણેલા વિષયોનું મૂળભૂત જ્ઞાન, જેને પદાર્થજ્ઞાન પ્રક્રિયાજ્ઞાન કહેવામાં આવે છે, તે અતિ અગત્યનું છે. મૂળભૂત પ્રક્રિયાજ્ઞાનની ઓછાશવાળાઓ આવા ગ્રન્થમાં પદે પદે સ્ખલના પામે છે.

જૈન શાસનનું એ અહોભાગ્ય છે કે આજે અનેક મુનિવરો આવા વિશિષ્ટ ગ્રન્થોનું તલ-સ્પર્શિ અવગાહન કરી શકવાની શક્તિ ધરાવે છે, એટલું જ નહિ પણ ગીર્વાણાદિગિરામાં આના ઉપર વિશદ વિવરણ કરી શકે છે.

સંસ્કૃત ભાષાનું જેઓને જ્ઞાન નથી છતાં સમજશક્તિ છે એવા અનેક ભાગ્યશાળીઓને આવા ગ્રન્થોના ભાવો જાણવાની ઇચ્છા હોય છે. વર્તમાનકાળની જીવન-પદ્ધતિને કારણે ગુરુ-મહારાજશ્રી પાસે યથાસમય અધ્યયન કરવાનું તેઓને અશક્ય ન હોવા છતાં : શક્ય તો જરૂર છે. એટલે તેવા પ્રકારના જીવોને માટે ખાસ ગૂજરાતી ભાષામાં આવા ગ્રન્થોનાં સુન્દર વિવેચનો થાય એ આવકારપાત્ર છે.

મુખ્યત્વે એવા જીવો તરફ લક્ષ્ય રાખીને પ્રસ્તુત વિવેચન લખાયું છે. અને તે કારણે જ આ વિવેચનમાં તર્કશૈલિના કાઠિન્યની વૃદ્ધિ ન કરતાં તેને હળવી બનાવવા પ્રયત્ન કરાયો છે. અને વ્યાખ્યાનને અનુરૂપ ગણાવી શકાય એવી શૈલિ તરફ વિશેષ લક્ષ્ય રખાયું છે. એમ છતાં અભ્યાસીને માટે પણ આ વિવેચન એટલુંજ ઉપયોગી છે. લલિતવિસ્તરાના પ્રત્યેક પદને સારી રીતે સમજાવવા તરફ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે.

આ વિવેચનના વિવેચક પન્યાસજી શ્રી ભાનુવિજયજી ગણી છે. તેમનાં વિદ્વત્તા-તપસ્યા-વૈરાગ્ય-વ્યાખ્યાનશક્તિ-વ્યવસ્થાશક્તિ વગેરે ગુણો પ્રશસ્ય અને પ્રસિદ્ધ છે. આ ગુણોએ તેમના જીવનવિકાસ કરતાં આત્મવિકાસમાં વિશેષ ભાગ ભજવ્યો છે. અને તેથી આ વિવેચન પથ્ય અને ઉપાદેય છે એમ કહેવામાં કોઈપણ આત્મધર્મના આરાધક આત્માને સહજ પણ સંકોચ થાય એવું નથી. 'લલિતવિસ્તરા' પ્રત-આકારે, સંક્ષેપ-ટીપ્પણયુક્ત સંવત્ ૧૯૯૦માં માળવા-રતલામમાં આવેલી શ્રી ઋષભદેવજી કેશરીમલજીની પેઢીએ પ્રકટ કર્યું દ્વિતીય આવૃત્તિરૂપે. તેમાં આ ગ્રન્થ ૬૩ પૃષ્ઠ-પત્રાકારે છે. તેમાં અર્ધ ઉપરાંત ગ્રન્થમાં નમુત્થુણં સૂત્રનું વિવરણ છે. તેમાંથી 'લોગપજ્જોઅગરાણું' પદ સુધીનું પ્રસ્તુત વિવેચન છે. જે લગભગ મૂળ ગ્રન્થના ચોથા ભાગનું ગણાય. આ વિવરણનું નામ 'પરમતેજ' રાખવામાં આવ્યું છે. 'ગ્રન્થ ને ગ્રન્થકાર,' 'મંગળ,' 'ગમ-પર્યાય,' એ પ્રમાણે વિષયવાર વિભાગ પાડીને ગ્રન્થની ઉપાદેયતા અને પઠનની સરલતા કરવાનો સારો પ્રયત્ન કરાયો છે.

ગ્રન્થમાં તે તે વિષયો વિશદ રીતે જે સમજાવ્યા છે તે ગ્રન્થ સામે જ છે એટલે અહિં તેનું પુનરાવર્તન કરવું કે વાચકના મનને બાંધવું એ ઠીક નથી. વાચક પોતે જાતે જ સ્વાદ લઈ શકે છે ને કેવો સ્વાદ આવે છે એ સમજી શકે એમ છે. કેવળ તેને ભૂખ જોઇએ—

'પુરિસુત્તમાણું' પદના વિવરણ પ્રસંગે 'आकालमेते' ઇત્યાદિ લલિતવિસ્તરાનો પાઠ ગંભીર અને વિશેષ વિચારણા માગે એવો છે. આ વિવેચનમાં તે જે રીતે રજુ થયેલ છે તે નિર્વિવાદ ઉપાદેય બને એવું નથી. છતાં તેને ઉપાદેય બનાવવા માટે વિવેચનકારે યથાશક્તિ યત્ન જરૂર કર્યો છે. એ પાઠની શરૂઆતમાં 'सहजतथाभव्यत्वादिभावतः' એવું જે પદ છે, તે પદમાં સહજ તથા તથાભવ્યત્વ એમ બંનેને છૂટા પાડીને અર્થ કરવામાં આવે અને આદિ પદથી તીર્થંકરનામકર્માદિ સામગ્રી લેવાય તો વિવાદનું પ્રશમન વિશેષ સરળ બને એમ

અમને લાગે છે. તીર્થંકરનો આત્મા સહજ રીતે ઉત્તમ છે અને તથાભવ્યત્વાદિ ભાવે આગળ જણાવાય છે તેવા પ્રકારનો છે. આ વિષયનો અહિં ખાસ ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો છે કે ભૂતકાળમાં આ વિષય ખૂબ ચર્ચાસ્પદ બનેલો છે. હવે ફરી નકામો ન ચર્ચાય એ અગત્યનું છે.

જૈનદર્શનમાં આ ગ્રંથનું ગૌરવ ઘણું છે, આનું અધ્યયન કરનારા પણ ગૌરવાન્વિત બને છે. એજ પ્રમાણે આ વિવેચનનું વાચન પણ વાચક વર્ગને ગૌરવ અપર્ણ કરશે. આજે વિશ્વમાં આત્મહિતમાં નુકશાન કરનાર અને પાપપ્રવૃત્તિમાં પ્રેરનાર તુચ્છ સાહિત્ય પારાવાર છે ને નવું ઉત્પન્ન થતું જ જાય છે. એવા સમયમાં જનતામાં આ પ્રકારના સાહિત્યનું સર્જન કરવું એ અભિનંદનીય છે, તેમ આવા સાહિત્યના વાચન—પઠનમાં લોકો વિશેષ રસ લેતા થાય એવા પ્રયત્નો પણ અભિનંદનીય છે. અન્યથા આવા ખૂબ પ્રયત્નોપૂર્વક થયેલા ગ્રંથો એમને એમ શોભાના પડી રહે છે.

વિવેચનકારને અને પ્રકાશકને તો એક પણ આત્મા આ ગ્રંથથી અર્હદ્—ભક્તિના શુદ્ધ પ્રકારોને અને અર્હદ્-ભગવંતના સ્વરૂપને યથાર્થ સમજે એટલે નિજના પ્રયત્નોની સાર્થકતા સમજાય છે. પણ તેથી પતી જાય છે એમ નહિ. આ પ્રકારના અભ્યાસની અને અભ્યાસક વર્ગની વૃદ્ધિ થાય એવા અનેક પ્રબળ પ્રયત્નો કરવાની પૂર્ણ આવશ્યકતા છે. ભવ્યાત્માઓના ભવવિરહજનક ભવ્ય ભાવો પુષ્ટ બને એ પ્રકારે આ ગ્રંથ પ્રસરે એ ભાવના સાથે વિરમીએ છીએ.

શ્રી કરમચંદ જૈન પૌષધશાળા
મુંબઈ નં ૨૪
સં. ૨૦૧૬ કા. સુ. ૫ ગુરુવાર
જ્ઞાનપંચમી તા. ૫-૧૧-૫૯

પં. ધુરંધરવિજય ગણિ

अर्हं नमः

પ્રવેશદ્વાર

આધ્યાત્મિક સાહિત્યની અનિવાર્યતાઃ—

અનંત અ–પરાધીન સુખની અભીપ્સા આત્માને આધ્યાત્મિક સંપત્તિઓ હાંસલ કરી લેવા પ્રેરે છે; અને બાહ્ય જડ ઉપાધીઓથી પર થવાનું સામર્થ્ય આપે છે.

ત્યારે વિનશ્વર પરાધીન સુખની અભિલાષા બાહ્યમાં જડ જગતમાં રમણુતા કરાવે છે! અને કહેવા દો કે એ જડજગતની રમણુતામાં ભરતી આણે છે જડવાદનું વિકસેલું સાહિત્ય!

આજે લગભગ સમગ્ર વિશ્વ ભૌતિક સુખોની રમણુતામાં ચઢેલું દેખા દે છે, ત્યારે તેમાં વિશેષ કરીને જો કોઈ જવાબદાર હોય તો તે જડવાદનાં પક્ષપાતી સાહિત્ય અને કેળવણી છે. દૈનિક વર્તમાન પત્રો, અઠવાડિકો, પાક્ષિકો, માસિકો એ સાહિત્યને ઘેર ઘેર પહોંચાડે છે નોવેલો....નવલિકાઓ....કાવ્યો વગેરે સેંકડો મનમોહક રૂપકો દ્વારા તે સાહિત્યે જનતાના હૃદય પર આધિપત્ય જમાવ્યું છે.

અને તેના કડવાં વખ પરિણામો પણ આજે ઉઘાડે છોગે વરતાઇ રહ્યાં છે! ભોગ અને વિલાસ, દગા અને કૂટકા, ઉદ્ધતાઈ અને ઉચ્છૃંખલતા, તોડફોડ અને ખૂનામરકી, આ બધું જડવાદના પ્રસરેલા સાહિત્ય ફાલનું દુઃખદ ફળ છે.

આ તબકકે જનસમુહને આત્મસુખસન્મુખ કરવાની એક અનિવાર્ય ફરજ ધર્મગુરુઓ સમજે છે, અને તે દિશામાં અનેકવિધ પ્રયત્નો યોજે છે. તે પ્રયત્નોનું સાધ્ય હોય છે અનંતની અભીપ્સાનું પ્રગટીકરણ અને અનંતની યાત્રાએ પ્રયાણ. એનાં સાધન હોય છે અધ્યાત્મપ્રધાન ઉપદેશ અને આધ્યાત્મિક સાહિત્ય.

લોકોત્તર આધ્યાત્મિક સાહિત્યઃ—

જડવાદનો પ્રતિકાર અને આધ્યાત્મિકતાનો પ્રચાર તેમજ સ્વમતનો પ્રચાર કરવા વર્તમાનમાં ઈતર ધર્મીઓ બહોળા પ્રમાણમાં પ્રયાસ કરી રહેલાં છે. સુંદર સરળ અને સ્વચ્છ ભાષામાં તેમના નાના મોટા કેઈ ગ્રંથો પ્રકાશન પામી રહ્યાં છે. પરંતુ એકાંતવાદના પાયા પર રચાયેલ એ સાહિત્ય અવિસંવાદી તત્વસિધ્ધાંતોની ભૂમિકાને પહોંચી શકતું નથી.

માટે જ તત્વસિદ્ધાન્તોનો જેમાં સર્વાંગ સુંદર સંવાદ ગુંથાયેલો છે, અનેકાંતવાદની સર્વતોમુખી વ્યાપકતા જ્યાં રહેલી છે, જીવન—આચાર, ભક્તિ, કર્મ, યોગ, ધ્યાન, સચ્ચરિત્રો વગેરેની સમગ્રતા જેમાં સંકલિત છે, તે શ્રી જૈનશાસ્ત્રોના પદાર્થરત્નોને સુ–રોચક સરળ અને સુબોધ માતૃભાષામાં પ્રકાશિત કરવાં એ આજના જડવાદી સાહિત્યની સામે અતિ આવશ્યક ગણાય.

તો જ ભૌતિક અને લૌકિક સાહિત્યના વાંચનમાંથી મનુષ્ય ડોક ઊંચી કરવા લલચાશે....

યથાર્થ વિશ્વકલ્યાણને કરનારા જગદ્‌ગુરુ શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતો અને એમના ધર્મ-શાસન પ્રત્યે અવિચળ શ્રદ્ધા સ્થાપિત કરનારા બનશે. નિર્મળ શ્રદ્ધા, વિવેક અને બોધથી.... ઉદાત્ત આધ્યાત્મિક જીવનને જીવનારા થશે, ભૌતિક સુખ સગવડો અને ભોગવિલાસના વિષ-વર્તુળમાંથી બહાર નિકળી જશે, અને ઈન્દ્રિયનિગ્રહ, કષાયોપશમ, પરલોકદૃષ્ટિ, યથાર્થ તત્ત્વપ્રજ્ઞા, આધ્યાત્મિક મસ્તી,...વગેરેનું ઝગમગતું આત્મતેજ પ્રાપ્તિ કરનારા બનશે.

'શ્રી લલિતવિસ્તરા' એક અપૂર્વ ઉત્તમ ગ્રન્થ :

આ ઉન્નત અને ઉમદા ધ્યેયને સિદ્ધ કરવા માટે તો વિવિધ વિષયોનાં અનેકાનેક શાસ્ત્રનું સરળ વિવેચન આવશ્યક છે. પરંતુ તેમાં પાયાની ભૂમિકા અને વિશિષ્ટ તત્ત્વાવગમથી વિભૂષિત ઉપાસનાનું સંપાદક એક શાસ્ત્ર તે મહાન્ આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનો 'લલિત-વિસ્તરા' ગ્રંથ છે.

માનવજીવનમાં આત્માના ઊર્ધ્વીકરણ માટે વૃત્તિ, વલણ અને વિચારોનું નિર્મલીકરણ જોઇએ; તે નિર્મલીકરણની નિર્મળ આધ્યાત્મિક મસ્તી પ્રગટ કરવાર્થે પ્રાથમિક ભૂમિકા, સર્વ-દોષવિનિર્મુક્ત અને સર્વગુણસંપન્ન પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞભાવના અખંડ જ્વાલભરી ભક્તિ-ઉપાસનાથી શરૂ થાય છે.

શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે સતત કૃતજ્ઞભાવથી ભીનું ભક્તિ-બહુમાનઃ—

ત્યારે એ વિચારવા જેવું છે કે, અહિંસા-સંયમ-તપોમય અને દાન-શીલ-તપ-ભાવના-ભર્યા જૈનશાસનની જ્વલંત સાધનાથી ઝાકઝમાળ ચાલ્યા આવતા જૈનસંઘમાં આજે એના પૂર કેમ કંઇક મંદ પડી ગયેલા દેખાય છે? તેમજ આજના આરાધક પણ જનસાધારણને એની આરાધનામાં એવા ઓજસ, તન્મયતા અને સાત્વિકતા કેમ નથી દેખાતા? ઊંડા નિરીક્ષણથી એ જણાશે કે સર્વ ધર્મનું મૂળ અને સકળ કલ્યાણનાં કારણભૂત શ્રી અરિહંત પરમાત્માને વિશિષ્ટ રીતે નથી ઓળખ્યા કે નથી વિશિષ્ટ કૃતજ્ઞભાવભીની ભક્તિ-બહુમાનથી નવાજ્યા. ત્યારે શ્રી લલિતવિસ્તરા મહાશાસ્ત્ર અનેકાનેક પ્રતિપાદનો દ્વારા તીર્થંકરદેવની વિશિષ્ટતાને દ્યોતિત કરવા પૂર્વક એમની પ્રત્યે કૃતજ્ઞભાવ ભર્યા પરમ ભક્તિ-બહુમાનની ભરતી આણે છે.

દા. ત. **'न हि जात्यरत्नं समानमितरेण'** એ દૃષ્ટાન્ત આપીને ગ્રન્થકાર સૂચવે છે કે જેમ ખાણમાં રહેલ જાત્યરત્ન મલિન અવસ્થામાં પણ બીજા રત્નોની હરોળનું નથી હોતું પરંતુ વિશિષ્ટ કોટિનું હોય છે; તેવી રીતે પરમાત્માનો જીવ પણ અનાદિ કર્મમલિન અવસ્થામાં પણ બીજા જીવો કરતાં વિશિષ્ટકોટિનો હોય છે. એટલે એજ આત્મા આગળ જઇને વિશ્વ ઉદ્ધારની કરુણા-ભાવના ભાવી તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે. તીર્થંકર બન્યા પછી જે ધર્મશાસન સ્થાપે છે, એમના તીર્થંકરપણા સહિત એ ધર્મશાસનની ઉપાસનાથી જ અન્ય આત્માઓ ઠેઠ વીતરાગતા અને સિદ્ધત્વ સુધીની પ્રાપ્તિ કરે છે. એ ઉપરથી ફલિત થાય છે કે વીતરાગતા અને સિદ્ધત્વની આરાધના કરતાં તીર્થંકરત્વની આરાધના પહેલી જરૂરી છે. માટે તો શ્રી નમસ્કાર મહામંત્રમાં સિદ્ધને નમસ્કાર કરતાં પહેલાં અરિહંતને નમસ્કાર કરવામાં આવ્યો છે.

આનું કારણ પણ છે. અચિંત્યપ્રભાવી અરિહંતોનો આપણા પર અનંત ઉપકાર છે. તેમજ અનંતા તીર્થંકરોએ જિનનામકર્મ ઉપાર્જતાં આપણી અને બીજા સર્વ જીવોની કરુણા ભાવના કરી છે, અને વર્તમાનમાં જિનનામકર્મ ઉપાર્જનારા એ કરુણાભાવના કરી રહ્યા છે.

એમની પ્રત્યે આપણે જો હૃદયમાં ઉછળતો કૃતજ્ઞભાવ અને ભક્તિભાવ ન રાખીએ, 'અહો! તીર્થંકર પ્રભુની કૃપાએ હું ઉંચો આવ્યો અને ઠેઠ વીતરાગતા અને સિદ્ધત્વ સુધી પહોંચી શકવાનો છું. વાહ! મારા અરિહંતનાથ! કેવી મારા પર તમારી અનુપમ અને અગ્રકારણભૂત કૃપા!' એવા જ્વલંત કૃતજ્ઞભાવની સાથે ઉછળતો ભક્તિભાવ ન કેળવીએ તો આપણે શું કૃતઘ્ન નથી ઠરતા?

આ અનંત કૃપાની જેમ તીર્થંકરદેવોના સહજ તથાભવ્યત્વને પણ એમની પુરુષોત્તમતાના નિમિત્ત તરીકે સૂચવી ગ્રન્થકાર એમના તીર્થંકરપણાની ઉપાસના કરવાનું પ્રથમ કક્ષામાં મૂકે છે. લલિતવિસ્તરાકારે 'પુરુષોત્તમ' માં 'ઉત્તમ' અર્થ લખતાં સ્પષ્ટ લખ્યું છે કે, 'उत्तमाः सहजतथाभव्यत्वादिभावतः प्रधानाः' આમાં સહજને તથાભવ્યત્વનું વિશેષણ મૂકી બતાવ્યું કે એ ઉપાર્જિત નહિ પણ અનાદિકાલીન છે. બાકીના 'આદિ' પદથી સૂચિત વિશ્વકરુણાભાવનાદિ નિમિત્ત અલબત પાછળથી જન્મે છે, સહજ નથી, છતાં દેખાય છે કે એ બધાં નિમિત્ત તીર્થંકરદેવની પ્રધાનતાના દ્યોતક બની પૂર્વાચાર્યોના ગ્રન્થોમાં તીર્થંકરો પ્રત્યે અસાધારણ ભક્તિભાવના પૂર વહેતા મૂકે છે.

શ્રુતસાગરના પારગામી પરમમહર્ષી ગણધરભગવંતોએ એજ તારક ભાવની ભક્તિથી ભર્યાભર્યા હૃદયે 'પ્રણિપાત દંડકસૂત્ર' ('નમોત્થુણં' 'શક્રસ્તવ') અને ચૈત્યસ્તવ, ચતુર્વિંશતિજિનસ્તવ, શ્રુતસ્તવ, અને સિદ્ધસ્તવની રચના કરી છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે એના પદેપદ પર વિશિષ્ટ-ગંભીર રહસ્યોભરી વિવેચના રચી, તેનું જ નામ લલિતવિસ્તરા.

આ તત્વસિદ્ધાંતોના સાગરશા ગ્રન્થમાં થોકબંધ પદાર્થરત્નો તલસ્પર્શી અવગાહકને હાથ લાગે છે; અને જાણે તે દુનિયાનો બેતાજ બાદશાહ બની જાય છે!

મંગળનું વૈશિષ્ટ્ય, ધર્માધિકારીના લક્ષણો, શાસ્ત્રબોધની પ્રાપ્તિના સચોટ ઉપાયો, અરિહંતના નમસ્કારનો ભાવાર્થ, મોક્ષપ્રાપ્તિના અસંખ્ય યોગોની ઝાંખી....સાંખ્ય-અદ્વૈત-મીમાંસાદિ દર્શનોની સર્વશ્રેષ્ઠ સમીક્ષા, પરમાત્માની સર્વતોમુખી કલ્યાણકતા અને ઉત્તમતા, 'નાથ'-પણાનું રહસ્ય, આત્મોત્થાનની ક્રમિક ભૂમિકાઓ ..યાવદ્ મોક્ષનું સયુક્તિક સ્વરૂપ....ઇત્યાદિ સાથે સાથે ચૈત્યસ્તવ (અરિહંત ચેઈ આણું-અન્નત્થ), ચતુર્વિંશતિ જિનનામસ્તવ (લોગસ્સ), શ્રુતસ્તવ (પુક્ખરવર૦), સિદ્ધસ્તવ (સિધ્ધાણંબુદ્ધાણં).... આ દેવવંદનના સૂત્રોની પણ વ્યાખ્યા કરતાં તેઓશ્રીએ કેઈ પદાર્થરત્નોનું ઉદ્ઘાટન કર્યું છે.

આ ગ્રંથનું સાદ્યંત વાંચન-પરિશીલન આત્મોદધિમાં અનંતની અભીપ્સાની ભવ્ય ભરતી આણે છે! અને એ મોજાં આકાશને આંબવા ઉછળે છે, આત્મ સંપત્તિઓને હાંસલ કરી લેવા તે આત્માના પ્રચંડ પુરુષાર્થને જગાવે છે. વિશ્વાનુપમ 'ઉપમિત ભવપ્રપંચા કથા' અને અન્ય વ્યાખ્યા ગ્રંથોના રચયિતા વ્યાખ્યાતૃ ચૂડામણિ શ્રી સિધ્ધર્ષિગણિવર્ય આ હકીકતના ઐતિહાસિક સાક્ષી છે! તે હકીકત આ ગ્રંથને વાંચવા માંડશો એટલે પ્રારંભમાં જ દેખા દેશે.

'પરમ-તેજ' વિવેચના :—

જીવનના પ્રત્યેક પાસાને પાણીદાર બનાવનાર આ ગ્રંથનું વાંચન એકવાર તો વાંચકનું પાણી નીતારી નાખે છે!

કારણ કે ગ્રંથ છે ન્યાયસમૃધ્ધ સંસ્કૃત ભાષામાં ! ડગલે ને પગલે તર્ક ! શબ્દે શબ્દે ગંભીરતા અને ગૂઢતા ! પાને પાને જિનપ્રવચનની પારિભાષિકતા !

આ ગ્રંથના સર્વાંગ સુંદર મર્મગ્રહણ માટે તો જોઈએ છે ન્યાયનિપુણ પ્રજ્ઞા....જૈનતર્કમાં તલસ્પર્શી બોધ....સંસ્કૃત ભાષા પરનું પ્રભુત્વ....જિનપ્રવચનની પારિભાષિકતાનો સારો પરિચય...અને ખરેખર તો અરિહંતદેવ અને સદ્‌ગુરુની અનંત કૃપા !

આ સર્વેનો જેનામાં સુમેળ સધાયો હોય તે તો આ ગ્રંથનું પરિશીલન કરી શ્રદ્ધા–ભક્તિ–ભાવના અને વીર્યોલ્લાસથી પાણી પાણી થઈ જાય છે ! તેની આધ્યાત્મિક મસ્તીમાં અનેરો જુવાળ આવે છે !

શું ત્યારે જેઓ....જે ભાવુક અને પરમતેજલીપ્સુ આત્માઓ, સંસ્કૃતજ્ઞ નથી, ન્યાયનિપુણ નથી....જિનપ્રવચનની પારિભાષિકતાથી પરિચિત નથી....જેઓમાં મહર્ષિના વચનોની યથાર્થ ગંભીરતા અને રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવાની પ્રતિભા નથી, તેવા વિપુલસંખ્ય આત્માઓ આ ગ્રંથના લાભોથી વંચિત જ રહી જાય ? ના, ના, તેઓ આ ગ્રંથને વાંચી શકે, વિચારી શકે, યાવત્ આત્મસાત્ કરી શકે તે માટે આ 'પરમ તેજ' નામની વિવેચના આજે પ્રગટ થાય છે, તે અપરિમિત આનંદનો વિષય છે.

'પરમ તેજ' એટલે ?

૧. પરમ જે તેજ પરમાત્મા અને પરમાત્મદશા, એના ભર્યા ભર્યા પ્રકાશના પૂંજ રૂપ આ ગ્રંથ છે.

૨. પરમ પરમાત્માએ વિશ્વને દીધેલાં તેજ, તે તેજ આ ગ્રંથમાં સંગ્રહિત છે.

૩. પરમ એટલે કે શ્રેષ્ઠ એવાં તત્ત્વ, યોગ, આચાર વગેરે તેજથી આ ગ્રંથ ઝળહળતો છે !

૪. પરમપદ મોક્ષ અને પરમસુખ નિરુપાધિક આનંદ, તે પામવાના તેજસ્વી ઉપાયોનું વર્ણનરૂપ આ ગ્રંથ છે.

આ બધા હેતુઓએ આ ગ્રંથનું નામ 'પરમ તેજ' સાન્વર્થ છે. ગ્રંથકાર પૂ. શ્રી આચાર્ય ભગવંતના વચનરત્નો દ્વારા વિવેચક પૂ. પંન્યાસપ્રવર ગુરુદેવશ્રીએ વિશ્વનો શ્રેષ્ઠ આર્હત તત્ત્વપ્રકાશ આ ગ્રંથમાં પાથર્યો હોવાથી 'પરમ તેજ' ના સાન્વય નામને આ ગ્રંથ નિર્વિવાદ યોગ્ય છે.

વિવેચનાનો ઉદ્‌ભવ—

આમેય ઘણા વખતથી કેટલાક તત્ત્વપિપાસુઓની પૂજ્યપાદ પંન્યાસશ્રી મહારાજ પાસેથી ઇચ્છા હતી કે તેઓશ્રી પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજ તથા પૂ. યશોવિજયજી ઉપાધ્યાયના ગ્રંથો પર વિવેચન લખે કે જેથી તે મહાપુરુષોના ગ્રંથોની યથાર્થ ઉપકારકતા અને શ્રેષ્ઠતાનો સામાન્ય જનતાને પણ પરિચય થાય. ઉપરાંતમાં પૂ. પંન્યાસજી મહારાજશ્રીની મૂલાવગાહિની પ્રતિભા તે મહાન આચાર્યોના તર્કસભર અને સાગરગંભીર ગ્રંથોને યથાર્થ ન્યાય આપવા સમર્થ હોવાથી તેઓશ્રી પ્રત્યે સહેજે તત્ત્વરસિકોનું હૃદય ખેંચાય.

પરંતુ છેલ્લે છેલ્લે પૂજ્ય મહારાજશ્રી પાસેથી એક એવા ગ્રંથની હાર્દિક અભિલાષા થવા લાગી કે જે એકજ ગ્રંથ જૈન જૈનેતર સર્વ કોઈને માટે જૈન દર્શનની સર્વતોમુખી માહિતી,

અતલ ઉંડાણ, શ્રેષ્ઠ સિદ્ધાંતશૈલી વગેરેનો સરસ પરિચય કરાવી શકે.

અને તેવા ગ્રંથ તરીકે શ્રી 'લલિતવિસ્તરા'ને મહાશાસ્ત્રને પસંદગી મળી !

વિ. સંવત ૨૦૧૩ના ચાતુર્માસ માટે પૂજ્ય મહારાજશ્રી, પરમારાધ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પુનિત નિશ્રામાં અમદાવાદ પધાર્યા.

ત્યાં વ્યાખ્યાનમાં શ્રી ભગવતીજી જેવા દ્રવ્યાનુયોગના આકર ગ્રંથની તેઓ વાંચના આપતા અને વહેલી સવારે તેઓશ્રી 'લલિતવિસ્તરા'ની વાંચના આપતા.

એ વાચનામાં જિજ્ઞાસુ અને બુદ્ધિશાળી વકીલ, ગ્રેજ્યુએટો જેવા પણ દસ-દસ મહિનાઓ સુધી વાચના ગ્રહણ કરતા રહ્યા હતા. તે પછી યોગવીશી-ગર્ભિત વીસ વીશી (વિંશતિવિંશિકા) પર પણ વાચના ગ્રહણ કરી. વાચનાનું અક્ષરશઃ અવતરણ કરી લેવામાં આવ્યું. અવતરણ નીચેના મુનિવરોએ કરી લેવાનું સુંદર કાર્ય કર્યું છે. (૧) મુનિ ભદ્રગુપ્તવિજય (૨) મુનિશ્રી મણિપ્રભવિજયજી (૩) મુનિ શ્રીપદ્મસેનવિજયજી

એ અવતરણ પર પૂજ્યશ્રીના આવશ્યક સુધારા-વધારા સાથે આ ગ્રંથનું પ્રકાશન થવા પામ્યું છે.

વિવેચન શૈલી :

આ ગ્રંથમાં મૂળ 'લલિતવિસ્તરા' છાપવામાં આવેલી છે, પરંતુ તેના પરની પંજિકા ટીકા ગ્રંથ મોટો થઈ જવાના ભયે છાપવામાં આવી નથી. મૂળ ગ્રંથનો શબ્દાર્થ આપીને તેના પરના વિવેચનમાં ટીકાના પણ અક્ષરે અક્ષરના પદાર્થોને વિસ્તારથી સ્પષ્ટપણે ગુંથી લઈને પૂજ્યશ્રીએ ધારાબદ્ધ વહેતી વિવેચનાને ખૂબ જ રસપ્રદ બનાવી દીધી છે.

બીજા દૃષ્ટિકોણથી જો કહીએ તો આ સારી ય વિવેચનાનો ઢાળ સીધો મનુષ્યના અંતસ્તલને સ્પર્શે તેવો ઉપદેશાત્મક બન્યો છે....સ્થળે સ્થળે વિવેચનકાર પૂજ્યશ્રીના હૈયામાંથી વૈરાગ્યની જાણે પાતાલસેરો ઉછળી રહેલી દેખા દે છે. ભાવુક આત્માઓ તેમાં સર્વાંગીણ સ્નાન કરીને કર્મમાલિન્ય દૂર કરી પરમ પવિત્રતાને પામશે એ નિઃસંશય હકીકત છે.

ટૂંકમાં જ કહી દઉં, વિશ્વશ્રેષ્ઠ જૈન શાસનના મર્મસ્પર્શી, સરળ, સુબોધ અને સુવાચ્ય પદાર્થો આ ગ્રંથમાં ગુંથાયા છે. અનંતના યાત્રીને મનગમતું આ ગ્રંથ પુરું પાડશે !

વિવેચનમાં વિશેષ પદાર્થોઃ

મૂળગ્રન્થ અને પંજિકા ટીકામાં ઉપલબ્ધ પદાર્થોના વિવેચનને વધુ સિદ્ધાંતસભર અને રસભરપૂર કરનારા અન્યાન્ય ગ્રન્થોના પદાર્થોનું પણ પૂજ્ય પંન્યાસપ્રવર ગુરુદેવશ્રીએ સ્થાને સ્થાને નિરૂપણ કર્યું છે. વિંશતિવિંશિકા, યોગદૃષ્ટિ સમુચ્ચય, પંચસૂત્ર, યોગબિંદુ, ષોડશક, ધર્મબિંદુ, પંચસંગ્રહ, સાંખ્યકારિકા, ન્યાય-વૈશેષિકગ્રન્થો, બૌદ્ધગ્રન્થો, ઇત્યાદિ સ્વ-પર શાસ્ત્રોના કેટલાય વિષયો અહીં પ્રતિભાપૂર્ણ શૈલીથી રજૂ થયેલા છે. દા. ત. સાંખ્ય-બૌદ્ધ-વેદાન્ત-સાંકૃત્ય અનંત વગેરે દર્શનોનાં સિદ્ધાંતોના સચોટ પ્રતિપાદન, અને એની અકાટય તર્કભરી સમીક્ષાપૂર્ણ નિરસનો, જૈનદર્શનને માન્ય અનેકાનેક અગાધ તત્ત્વો અને સિદ્ધાંતોનાં સયુક્તિક સ્પષ્ટ વિવેચન, ગમ, નય, દ્રવ્ય-ગુણ-પર્યાય, મૈત્રી આદિ ભાવનાઓ, શ્રી અર્હત્ પરમાત્માનાં લોકોત્તર વિવિધ ગુણો-શક્તિઓ-ઉપકારોની આગવી વિશિષ્ટતા, બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્માનું સ્વરૂપ, સક્રિય યોગ-પ્રક્રિયાઓ, ઇચ્છાયોગાદિ ત્રય, અધ્યાત્માદિ પંચયોગ વગેરે, યોગપૂર્વસેવા, ધર્મના અધિકારી બનવા માટે આવશ્યક અને માનવતાને અજવાળતા ગુણરત્નો, કેવળ ભાવાત્મક નહિ પણ રચનાત્મક ઉન્નતિ-ઉપાયો, જૈનદર્શનની વિવિધ વિશિષ્ટતાઓ, ધર્મની અધિકારિતાનું વિસ્તૃત સ્વરૂપ ....વગેરે વગેરે.

ટૂંકમાં જેમ હિંદુઓમાં ગીતા, મુસ્લીમોમાં કુરાન અને ખ્રિસ્તીઓમાં બાઈબલ, વિશિષ્ટ ગ્રંથ ગણાય છે, એમ જૈનધર્મમાં આ 'લલિતવિસ્તરા'ને વિશિષ્ટ શાસ્ત્ર ગણાવી શકાય; કેમકે એમાં આત્મવાદ, દર્શનવાદ, તર્ક, શ્રદ્ધા, ભક્તિયોગ, કર્મયોગ, જીવ અને ઈશ્વર, યોગ્યતા અને પુરુષાર્થ વગેરે અનેકાનેક વિષયોને સ્થાન મળેલું છે. બાકી તો જૈનધર્મમાં અઢળક વિષયો છે અને દરેકના ઉપર સ્વતંત્ર અનેકાનેક શાસ્ત્રો છે. એમાં જ તે વિષયોને ન્યાય આપી શકાયો છે.

અનુક્રમણિકા અને પરિશિષ્ટઃ

આ સમગ્ર વિવેચન-ગ્રંથની ભવ્યતાનો વાચકને સરળતાથી ખ્યાલ આ ગ્રંથની વિસ્તૃત અનુક્રમણિકા જ આપશે! તમે કદાચ તમારા હાથમાં ગ્રંથ આવતાંની સાથે જ આખોય ગ્રંથ વાંચી ન શકો, પણ ગ્રંથ હાથમાં લેતાં જ તમે વિષયાનુક્રમણિકા તો અવશ્ય વાંચી જજો.

અભ્યાસીને જે કોઈ વિષય જ્યારે જોવો હોય ત્યારે સરળતાથી તે આ સાગર'શા ગ્રંથમાં જોઇ શકે તે માટે પદાર્થોનું અકારાદિ ક્રમે પરિશિષ્ટ બનાવીને અહીં પાછળ મૂકવામાં આવ્યું છે. આશા છે કે એ પરિશ્રમ અભ્યાસીવર્ગને સહાયક બનશે. ટૂંકમાં ચતુર્વિધ શ્રી સંઘને માટે આ ગ્રંથ કાયમનો સાથીદાર બની જવાનો!

હીંદી વિવેચન ગ્રંથ:

આ 'પરમતેજ' વિવેચન બહુ વિસ્તૃત થયું હોવાથી પ્રાયઃ બે ભાગમાં અલગ અલગ ગ્રંથરૂપે પ્રકાશિત થવા યોગ્ય હોઈને આ ગુજરાતી વિવેચનનો પ્રથમ ભાગ પ્રકાશિત થઇ રહ્યો છે. પરંતુ સમગ્ર 'લલિતવિસ્તરા' પરની પૂર્ણ હિંદી વિવેચના એક જ ગ્રંથરૂપે પ્રેસમાં છપાઇ રહેલી છે! અને ટૂંક સમયમાં પ્રાયઃ તે પ્રકાશન પામશે એવી ધારણા રખાય છે. ગુજરાતી વિવેચનનો એ અનુવાદ નથી, એ વાત લક્ષ્યમાં રાખવામાં જેવી છે; તે એક સ્વતંત્ર જ વિવેચન પૂજ્ય શ્રીએ તૈયાર કરેલું છે. તેમાં મૂળ લલિતવિસ્તરા ગ્રંથ, પંજિકા ટીકા અને અર્થ, વિવેચન આપવામાં આવેલું છે. પૂજ્યશ્રી તરફ મૂળ તો લલિતવિસ્તરા ઉપર સરળ સ્પષ્ટ સંસ્કૃત ટીકા રચવા અર્થે પ્રયાસ શરૂ થયેલો પરંતુ સંસ્કૃત ભાષાથી અનભિજ્ઞ એવી વિશાળ જૈન જૈનેતર જનતાને શી રીતે લાભ થાય એ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો તેથી હીન્દી વિવેચનનું આલેખન કરવામાં આવ્યું. મુદ્દાસર અને મર્મગ્રાહી આ વિવેચન જરૂર જૈન-જૈનેતર વિદ્વાનોને આદરપાત્ર બનશે.

આમાં એક વિશેષતા મૂળ અને ટીકા ગ્રંથના છાપકામની છે! ખાસ અવતરણિકાઓ ઉમેરીને પેરાગ્રાફો પાડીને, અલ્પવિરામ, પૂર્ણવિરામ, વિપર્યસ્ત વિરામ વગેરે દ્વારા જ મૂળ ગ્રંથ અને ટીકાનું ઘણું કાઠિન્ય હળવું બનાવી દીધું છે.

સંશોધનઃ—

શ્રી દેવચંદ લાલભાઇ (સુરત) તરફથી પ્રકાશિત શ્રી લલિતવિસ્તરા પ્રતિ (મુદ્રિત) પર પ્રાચીન હસ્તલિખિત કેટલીક પ્રતિઓના સહારે સુંદર સંશોધન કરવામાં આવ્યું છે. અને એ રીતે સંશોધન કરાયેલા મૂળ ગ્રંથ અને ટીકાના આધારે જ આ વિવેચના કરવામાં આવી છે. ઉપયોગમાં લીધેલી પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓની વિગત નીચે મુજબ છે.

(૧) શ્રી જૈનજ્ઞાન ભંડાર-સંવેગીનો ઉપાશ્રય હાજાપટેલનીપોળઃ અમદાવાદ. આ પ્રતિ વિ. સં. ૧૪૮૬ વર્ષે, ભાદરવા સુદ ૧૫, રવિવારે પૂર્ણ થયેલી છે. પાન સંખ્યા ૩૦ છે. મૂળ અને પંજિકાટીકા બંને છે.

(૨) શ્રી જૈનજ્ઞાન ભંડાર સં. ઉપા. હા. પોળ. અમદાવાદ. આ પ્રતિ વિ. સં. ૧૫૦૭ વર્ષે, ચૈત્ર સુદ ત્રીજે પૂર્ણ થયેલીછે. પાન સંખ્યા ૧૯ છે. માત્ર મૂળ ગ્રંથ છે.

(૩) પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ પાસેથી મળેલી પ્રતિ.

(૪) ભાંડારકર રીસર્ચ ઈન્સ્ટીટયૂટ-પુના થી પ્રાપ્ત થયેલી પ્રતિ.

ત્રીજી-ચોથી પ્રતિઓ પરત કરેલી હોવાથી હાલ અમારી પાસે ઉપલબ્ધ નથી, અને તેથી તે બે પ્રાચીન પ્રતિઓની વિગત અહીં આપી શકતા નથી.

આ તકે, એ ચારે પ્રતિઓના માલિકોનો અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

અમારી વિનંતિથી વિદ્વદ્રત્ન પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મહારાજે આ વિવેચના પર પ્રતિભાભરી પ્રસ્તાવના લખી આપવા કૃપા કરી તે બદલ એમનો આભાર માનીએ છીએ.

પુણ્યસ્મૃતીઃ

જે કરુણાનિધિ પ્રશમમૂર્તિ પ્રાતઃસ્મરણીય ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પરમકૃપામય સમ્યગ્ જ્ઞાનદાનથી આવા મૂલ્યવંતા ગ્રંથનું સર્જન થવા પામ્યું છે, તે પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીનો આ વિવેચનામાં નાનો સૂનો ઉપકાર નથી ! તે ઉપકારનું મૂલ્ય ઇન્દ્રિયપ્રત્યક્ષ નથી. આ વિવેચનામાં એઓશ્રીના અંતઃકરણના અનંત કૃપામય આશીર્વાદ પ્રાપ્ત કરવાનું પૂ. ગુરુદેવ પંન્યાસપ્રવર મહારાજશ્રીને અમોલું સૌભાગ્ય સાંપડયું છે, અને એ સૌભાગ્યે અનેક ભવ્યાત્માઓના સૌભાગ્યને જાગૃત કર્યું છે!

સુકૃતનું સૂચન :—

આ પ્રસંગ પામીને એટલું કહી દઉં કે શ્રી જૈનસંઘ સમ્યગ્ જ્ઞાનના પ્રકાશન ક્ષેત્રમાં અને પ્રચાર ક્ષેત્રમાં અધિક ને અધિક પોતાની વિનશ્વર સંપત્તિનો વિનિયોગ કરે તે આજના કાળે ઘણું જ આવશ્યક અને અનિવાર્ય બની ગયું છે.

આજના સાહિત્યના યુગમાં જડવાદની સામે આધ્યાત્મિકવાદને અને વીતરાગ-શાસનના તત્ત્વોના શ્રદ્ધાને જે જન હૃદયમાં જીવંત રાખવા હશે તો સાહિત્ય-સર્જન, સાહિત્ય-પ્રકાશન અને સાહિત્ય-પ્રચાર વિના હરગીઝ નહિ ચાલી શકે. પ્રત્યેક જૈનના માથે આજે આ મહાન કર્તવ્યનો ભાર છે; અને તેથી પ્રત્યેક જૈન એ કર્તવ્યને ખૂબ ખૂબ સમજે અને તેને અદા કરવા પોતાનો શકય ભોગ આપે એજ શુભ આકાંક્ષા રાખીએ.

અંતિમ અપેક્ષા :—

અંતે પૂજ્ય વિવેચનકાર શ્રી ગુરુવર્ય દ્વારા આવી જ રીતે અન્યાન્ય ગ્રંથોનાં વિવેચનો આપણને મળતાં રહે, એવી મંગલ અભિલાષા સહુ કોઇને રહે જ. તેમાં ય ખાસ તો એઓશ્રીનું શ્રી પંચસૂત્ર પર જે વિવેચન દશેક વર્ષ પૂર્વે બહાર પડેલું છે તેની વિસ્તારથી પુનરાવૃત્તિ, અદ્યાપિ પ્રકાશિત યોગદૃષ્ટિ સમુચ્ચય પીઠિકા પછીના યોગદૃષ્ટિઓના સુબોધ વ્યાખ્યાન, ધર્મબિંદુ, યોગબિંદુ, યોગશતક, ષોડશક, પંચાશક, ધર્મસંગ્રહણી....ઇત્યાદિ બહુજન ઉપયોગી અને જીવન-ઉત્ક્રાન્તિ માટેના બેનમૂન ગ્રંથો પર તેઓ શ્રીમદ્ના તર્કપૂર્ણ; બોધભરપૂર અને વૈરાગ્ય-તરબોળ વિવેચનો, તથા શ્રી વીસવીશી પરની અમદાવાદમાં થયેલી વાચનાના અવતરણ પ્રકાશન પામે અને પ્રચાર થાય એ શુભેચ્છા સાથે આ ગ્રંથ-પ્રવેશ સમાપ્ત કરું છું.

સુરેન્દ્રનગર-કાર્તિક વદ : ૧૩] —પ્રિયદર્શન

'પરમતેજ'–શ્રી લલિતવિસ્તરાવિવેચનની વિષયાનુક્રમણિકા

વિષય	પાનું
ગ્રન્થ અને ગ્રન્થકાર	૧
વર્તમાન તીર્થનું ઉત્થાન	,,
શાસ્ત્રકર્તાઓઃ શાસ્ત્રો	,,
શ્રી લલિતવિસ્તરાકાર મહર્ષિઃ અદ્‌ભુત ઉત્થાન અને ઉન્નતિ	૨
શ્રી લલિતવિસ્તરામાં શું આવે છે?	૩
ઉપમિતિકાર શ્રી સિદ્ધર્ષિગણી ઉપર લ. વિ. નો ચમત્કાર	,,
લ. વિ. ના ટીકા (પંજિકા)કાર આ. શ્રી વિજય મુનિચન્દ્રસૂરિજી મહારાજ	૪
૪ પ્રકારે અનુયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુ૦, ધર્મકથાનુયોગ, ચરણકરણાનુયોગ	,,
પરમતેજ : વિવેચનમાં જરૂરી ૩ અંગ	૬
મંગળ	૭
અનુબંધ–ચતુષ્ટયઃ–૧. મંગળ, અર્હદ્‌–નમનથી વિઘ્ન કેમ ટળે? ૨. વિષય, ૩. પ્રયોજન, ૪. સંબંધ ત્રણ પ્રકારે	૭, ૮
મંગળશ્લોકના ૪ મુખ્યપદઃ ૧. ભુવનાલોકપદ; પદાર્થનું સામાન્ય–વિશેષરૂપ; સામાન્ય દ્વિવિધ, ૧. તિર્યક્‌સામા૦, ૨. ઊર્ધ્વતાસામા૦	,,
અનેકાન્તવાદ : સામાન્ય વિશેષ બંને એક સાથે ન ભાસે	૯
આત્માની સાબિતી : જ્ઞાન એ સહજ ગુણ છે, આગન્તુક ગુણ નહિ	૧૦
૨. 'જિનોત્તમ'પદ : જિન અનેક પ્રકારે	,,
૩. 'મહાવીર'પદ; અનંત તીર્થંકરોનું ધર્મ-શાસન એકસરખું	,,
૪. 'પ્રણામ'પદ : નમનમાં પ્રકૃષ્ટતા શી?	,,
ગમ અને પર્યાય	૧૩
ગમ : વિવિધ અર્થમાર્ગો : ૧૪ માર્ગણા : 'નિર્દેશ સ્વામિત્વ....'સૂત્ર : લાક્ષણિક પદ, અર્થમાર્ગ	૧૪
પર્યાય અને દ્રવ્ય : ષડ્‌દ્રવ્ય	,,
સ્વપર્યાય-પરપર્યાય : પરપર્યાય પોતાના કેવી રીતે? : વિધાનયોગ્ય ને નિષેધયોગ્ય	૧૫
પર્યાય અનંતા કેવી રીતે? : સૂત્રમાં સ્વ-પર્યાય-પરપર્યાય : પંચાંગી	૧૬
ત્રિપદી : 'શું' શબ્દના ૬ અર્થ	૧૭
ગુરુ–ઉપકાર : મૂળ જ્ઞાન, આજનું જ્ઞાન	૧૮
ત્રિવિધ શિષ્ય : ત્રિવિધ ભાવના	૧૯
ધર્મના પાયામાં ભાવનાઓ	૨૦
ચૈત્યવંદન સફળ છે?	૨૧
વાદી ચૈત્યવંદનને નિષ્ફળ કહે છે	,,
વ્યાપ્ય વ્યાપક એટલે?	,,
જૈનમતે પ્રતિકાર : હેતુ–અસિદ્ધિનું દૂષણ	૨૨
ચૈત્યવન્દનનું ફળ શું? : શુભ અધ્યવસાયનું ફળ જ્ઞાનાવરણીય આદિ કર્મ :	,,
આત્માના સ્વભાવ–વિભાવનો કોઠો	૨૩
સંસાર અનાદિ શાથી? : અનાદિનો નાશ કેમ થાય?: સંસારક્ષયમાં ચૈત્ય૦નો ફાળો	૨૪
ક્ષય–ક્ષયોપશમ–ઉપશમનું સ્વરૂપ : ક્ષયોપશમ બે રીતે : ૩ પુંજઃ વિપાકોદય પ્રદેશોદય	૨૫
ઉપયોગે ધર્મ : ક્રિયાએ કર્મ : પરિણામે બંધ	૨૬
ચૈત્ય૦માં માયા કયાં ફસાવે?	,,
સ્થાનાદિ ૪ યોગ : ૧. સ્થાન, ૨. ઉર્ણ, ૩. અર્થ, ૪. આલંબન : ૩ મુદ્રા	૨૭
સમ્યક્‌કરણથી એકાન્તે લાભ	૨૮
સમ્યક્‌કરણના ૫ અંગ	
૧. સૂત્રોક્તવિધિ : મૂળદેવનો પ્રસંગ	,,
વિધિનો આગ્રહ રાખ્યે શાસન ટકે?	૩૧
૨. ઉપયોગ : એક ધર્મક્રિયામાં બીજી ધર્મક્રિયાનો વિચાર કરાય?	૩૨
ધર્મક્રિયાના બે લાભ : નવકાર ને ૨૪ જિનનામથી મન સ્થિર કેમ બને?	૩૩
૩. આશંસાત્યાગ : જડની આશંસાની ભયંકરતા	૩૪

વિષય	પાનું
૪. સમ્યગ્દૃષ્ટિ : સારી ક્રિયાથી સારા ભાવ જન્મવામાં મિથ્યાત્વ કયાં નડે ? : એક શુભ ભાવમાં સમાયેલ કેઈ ભાવો	૩૫
૫. ભક્તિ : સંભ્રમ : સમ્યગ્દર્શન ઉપરાંત વિશેષતાઃ–ભક્તિથી ક્રિયાદ્વેષ–નાશ.	૩૬
ક્રિયાના ૮ દોષઃ–૧. ખેદ, ૨. ઉદ્વેગ, ૩. ક્ષેપ, ૪. ઉત્થાન (અપ્રશાંતવાહિતા) ૫. ભ્રાન્તિ, ૬. અન્યમુદ્ગ, ૭. રોગ, ૮. આસંગ.	૩૮
બાળકને ધર્મ દેતાં અધિકાર કયાં જોવાય છે ?	૪૦
ધર્મનો અધિકારી	
એનાં ૩ લક્ષણઃ–૧. અર્થી કેવો ?	૪૧
અર્થી કેમ બનાય ? ૨. સમર્થ : નાહ્યા એટલું પુણ્ય ખરું ?	
સમર્થ કેમ બનાય ? : ૩. શાસ્ત્રથી અનિષિદ્ધ : દોષવાળો અર્થી છતાં કેમ અયોગ્ય ?	૪૨
વિરાગી ગુણિયલને ખોડને લીધે દીક્ષા ન આપવામાં શું નિર્દયતા નહિ ?	૪૩
ચૈત્યવન્દનનો અધિકારી	
અધિકારીના ત્રણ ગુણઃ–૧. બહુમાન એ કેમ પ્રગટાવવું ? : ધર્મની ૯ વિશેષતાઓ	૪૪
માળા ગણતાં ડાબી–જમણી બાજુનો હિસાબ.	૪૫
૨. વિધિતત્પરતા : અવિધિના અનર્થ :	૪૬
૩. ઉચિતવૃત્તિ : વેપારીનું દૃષ્ટાંત : અનુચિતવૃત્તિના અનર્થ	૪૭
અધિકારીપણું કર્મક્ષયથી ન મપાય ?	૪૮
વિશિષ્ટ કર્મક્ષયોપશમ કયારે થાય ?	૪૯
બાંધેલા કર્મમાં ફેરફાર થઈ શકે ? યથા–પ્રવૃત્ત કરણ છતાં પ્રગતિ કેમ નહિ ?	૫૦
બહુમાનાદિ ત્રણ કેમ ક્રમે જ જન્મે ? : વ્યવહારમાં અનુચિતકારી ધર્મમાં ઉચિતકારી ન હોય	૫૧
ચુપૂર પંડિતાનું દૃષ્ટાંત	૫૨

વિષય	પાનું
પરલોકદૃષ્ટિ ભૂલ્યાના અનર્થ	૫૪
બહુમાનવાળાનાં ૫ લક્ષણ	૫૫
૧. તત્કથાપ્રીતિ, ૨. નિન્દા–અશ્રવણ	,,
ઉત્તમાદિ ચાર પ્રકારની ચિંતા	૫૬
નિન્દક પર દયા : ધર્મનિંદક પર કેમ દ્વેષ નહિ ?	૫૭
કષાય–પરિણતિ કપાવા પર ધર્મધડતર	૫૮
૪. ચિત્તન્યાસ	૫૯
૫. ઉત્કૃષ્ટ જિજ્ઞાસા : બુદ્ધિના ૮ ગુણ	,,
વિધિતત્પરનાં ૫ લક્ષણ	૬૧
૧. ગુરુવિનય : પરિણતિજ્ઞાન : (પ્રતિભાસજ્ઞાન–તત્ત્વસંવેદન)	
૨. સત્કાલ–અપેક્ષા	૬૨
૩. ઉચિત આસન : ૩ મુદ્રા :–યોગમુદ્રા મુક્તા–શુક્તિ૦ અને જિનમુદ્રા	૬૩
૪. યુક્ત–સ્વરતા : બીજાના ધર્મયોગ પ્રત્યે ઉપેક્ષામાં કૃતજ્ઞતાભંગ	૬૪
રોગ અનેક, માટે શુભ ભાવ અનેક જોઈએ : ધર્મક્રિયામાં સાવધાની	૬૫
૫. પાઠોપયોગ : એક સાથે અનેક ઉપયોગ ?	૬૬
પદો કે કડીઓ વચ્ચે અર્થસંકલના	૬૭
અશુધ્ધ ઉચ્ચારણે અનર્થના દાખલાઃ નોડાક્ષર–અનુસ્વાર–ભાર–લેશ્યાની શુદ્ધિ	૬૮
અનુયોગદ્વારસૂત્રે ભાવ અનુષ્ઠાનનાં ૬ લક્ષણ :–તચ્ચિત્ત, તન્મન વગેરે	૬૯
ઉચિતવૃત્તિનાં ૫ લક્ષણ	૭૧
૧. લોકપ્રિય : કેમ બનાય ?	,,
૨. અગર્હિત ક્રિયા : નિંદ્ય પ્રવૃત્તિ ધર્મને કયાં નડે ?	૭૨
૩. સંકટમાં ધૈર્ય	,,
ધીરતાના ૬ ઉપાય	૭૩
૪. શક્તિ અનુસાર ત્યાગ :–૧. ઉપકારી, ૨. ગુણવાન અને ૩. દુઃખી પ્રત્યે દાન	૭૪
જીવનની શોભા : ૫. લબ્ધલક્ષ્યતા	૭૬

વિષય	પાનું
અનધિકારીને દેતાં દોષ અધિકારીને દેતાં લાભ	૭૮
ધર્મ તો ગુણકારી, પણ અનધિકારીને નહિ	,,
ચૈત્યવંદન અચિંત્ય ચિંતામણિ એટલે !	
કર્મ અનિષ્ટ અને દુષ્ટ એટલે !	૭૯
અનધિકારીને ધર્મ આપનારો દોષિત	૮૦
અયોગ્યતા ટાળવાના બે ઉપાય : ધર્મ અને ગુણોમાં કક્ષાઓ છે	૮૧
ધર્મ અધિકારીને આપતાં ૫ લાભ:- ૧. જિન વચનની આરાધના, ૨. જિન-બહુમાન, ૩. લોકસંજ્ઞા-ત્યાગ,	૮૨
૪. લોકોત્તરયાન-સ્વીકાર, ૫. ધર્મા-ચારિતાનું સેવન	૮૩
લૌકિક-લોકોત્તર ધર્મ વચ્ચે ૮ તફાવત	,,
અનધિકાર બતાવતાં બુદ્ધિભેદ ન કરાય : ધનનો સંચય અને ધર્મની લહાણી	૮૪
ધર્મમાં આપમતિ કેમ ન ચાલે? અદશ્ય નિધાનનું દૃષ્ટાન્ત	૮૫
પૂજ્યપૂજાનો મહાન શિષ્ટાચાર	૮૬
શ્રી હરિભદ્રસૂરિજી કેવા મધ્યસ્થ ?	,,
અપવાદ માર્ગનું સ્વરૂપ	૮૭
સાચા અપવાદનાં ૫ લક્ષણ	,,
૧. ઉત્સર્ગ-અપવાદનો ઉદ્દેશ એક: વૈદિક ધર્મમાં એનો ભેદ: શ્રી હેમચંદ્રસૂરિ-વચન	૮૮
૨. ગૌરવ-લાઘવનો વિચાર : ૩. શુભપણું	
૪. શુભાનુબંધિતા : સન્મતિતર્કપઠન માટે અપવાદ	૮૯
પુણ્યાલંબન-અપુષ્ટા૦, શુભાશુભની ચાવી	,,
૫. મહાપુરુષોથી આચરિત	૯૦
કલ્પિત અપવાદનાં ૭ લક્ષણ	,,
શાસ્ત્ર પરીક્ષા :	
જૈનદર્શનની સૂક્ષ્મતા-વ્યાપકતા	૯૨
જિન-પ્રવચનની વિવિધ ગંભીરતા	,,
વિધિનિષેધ-તદનુકૂલચર્યા-અબાધક	૯૩
શાસ્ત્રની ૩ પરીક્ષા: કષ-છેદ-તાપ	

વિષય	પાનું
સિદ્ધાન્ત :	૯૪
એકાન્ત ક્ષણિક યા એકાન્ત નિત્યમાં દોષ	,,
વ્યાપ્તિ-ઈતર વિભાગ: જિનપ્રવચનની જ વ્યાપકતા: સપ્તનય	૯૫
નયોમાં કયાં દર્શનો સમાય ? દ્રવ્ય-પર્યાયનય, નિશ્ચય-વ્યવહારનય, જ્ઞાન-ક્રિયાનય	૯૬
એકાન્ત દર્શન મિથ્યા કેમ ? દ્રવ્યદૃષ્ટિ-પર્યાયદૃષ્ટિ	૯૭
જૈનદર્શનનો બીજામાં અનુગમ, બીજાનો આમાં નહિ.	૯૮
કેવળજ્ઞાન પણ અનિત્ય હોય તો જ યથાર્થ	,,
એકમાં જ નિત્યતા-અનિત્યતા વિરુદ્ધ નહિ: સત્ અને અસત્ એવા સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ	૯૯
નિત્યાનિત્યતા એ નિત્યતા અનિત્યતાનો માત્ર સરવાળો નહિ, પણ વિલક્ષણ ધર્મ : સુંઠ-ગોળ, બીચડીનું દૃષ્ટાન્ત	૧૦૦
જૈન દર્શનમાં એકાન્ત દર્શન જે અંશેય ભળતું હોય તો એના દોષ કેમ નહિ ભળે ?	૧૦૧
અસ્થાને ચોંટાડતો ઉત્સર્ગ-અપવાદ પાપ રૂપ છે. જૈનશાસનમાં ઉત્સર્ગ કે અપ-વાદ એકાંતે નથી	૧૦૨
અપુનર્બન્ધક : ચરમાવર્ત	૧૦૩
અપુનર્બન્ધકનાં ૩ લક્ષણ	
ચરમાવર્ત: પુદ્ગલપરાવર્ત	૧૦૪
સહજ ભાવમળના-ક્ષયનાં ૩ લક્ષણ	
ભવભ્રમણ શકિત પર ફેરપુદડીનું દૃષ્ટાન્ત: ભવ-બાળકાળ : ધર્મયૌવન-કાળ	૧૦૫
ક્ષીણપ્રાય: કર્મ: વિશુદ્ધાશય: આશય ભેદ :	૧૦૬
ઘી અને ગામડાના વેપારી	૧૦૭
ભવ-અબહુમાન શી રીતે જાગે ? : જડસુખનું નિદાન વિકાર : મહાપુરુષનું લક્ષણ	૧૦૭

વિષય	પાનું
શુદ્ધ દેશના કઈ ? અશુદ્ધ દેશનાથી બુદ્ધિભેદાદિ	૧૦૮
શુદ્ધદેશના : ૧. ધર્મમાં વિવિધ યોગ્યતાની દેશના : ૨. ઉત્સર્ગ અપવાદની દેશના- ૩. બાલ મધ્યમ-પંડિતની કક્ષાનુસાર દેશના	,,
૪. ભૂમિકાને યોગ્ય દેશના : ભૂમિકા ત્રિધા	૧૦૯
કક્ષાભેદે સાધના જુદી જુદી	૧૧૦
ધર્મબિન્દુમાં બતાવેલ ક્રમિક દેશનાવિધિ	,,
શુદ્ધદેશના એ સિંહનાદ : ક્ષુદ્ર જીવોને બુદ્ધિભેદાદિ-અનર્થમાળા	૧૧૧
બુદ્ધિભેદથી ધર્મક્રિયા ત્યજી પાપક્રિયામાં પ્રવૃત્તિ	૧૧૧
જડની ક્રિયાની આત્મા પર અસર	૧૧૨
સત્ત્વલેશ-ચલન : દીનતા : સુકૃતોત્સાહભંગ : સ્વભ્યસ્ત મહામોહવૃદ્ધિ	૧૧૩
અનધિકારી પર નવા રોગીનું દૃષ્ટાંત	૧૧૪
ચૈત્યવંદનની પૂર્વવિધિ	૧૧૬
પ્રણિપાતદંડક : પૂર્વવિધિના ૧૦ મુદ્દા : ૧. એકાન્ત પ્રયત	૧૧૭
૨. પ્રદ્ધિતર તદ્ભાવગમન : અર્હંતપૂજાનું સંપાદન: પૂજા-સત્કારમાં ફેર : અભિષેક પૂજા એ નિત્ય કરણી	૧૧૮ ,,
અભિષેકનું મહત્વ : સંસારની જડ અહંત્વ	,,
પૂજા શું ? : વાળાકુંચીનો ઉપયોગ	૧૧૯
સત્કારપૂજાનું મહત્ત્વ : સંસારનું બીજ મૂર્છા	૧૨૦
૪. ભૂમિનું નિરીક્ષણ-પ્રમાર્જન ૫, ભૂમિપર કરતલ-સ્થાપન	,,
૬. અતિ તીવ્રતર શુભ પરિણામનું વર્ધન : ૭. રોમાંચ-હર્ષાશ્રુ.	૧૨૧
પ્રભુ પ્રત્યે ભાવના : રોજ રોમાંચ શી રીતે : અર્હદ્-વંદનાનું મૂલ્યાંકન : કૃતાર્થતાનું સંવેદન	૧૨૨
૯. પ્રભુ પર ચક્ષુ અને મનનું સ્થાપન : દર્શનમાં એકાગ્રતાની ચાવી	૧૨૩
૧૦. સૂત્રનું સમ્યક્ પઠન : હુબહુ ચિત્રદર્શન	૧૨૪

વિષય	પાનું
પ્રણિપાત દંડકસૂત્ર અને અર્થ	૧૨૬
સૂત્રની નવ સંપદાનો સંક્ષિપ્ત ભાવ	૧૨૭
૧૪. ગુણસ્થાનક : ૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન : અનંતાનુબંધી આદિ ચાર કષાયો શાના શાના ઘાતક ?	૧૨૯
૩. મિશ્ર૦, ૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ	૧૩૦
૫. દેશવિરતિ : ૬. પ્રમત્ત : ૭. અપ્રમત્ત	
૮. નિવૃત્તિબાદર [અપૂર્વકરણ] : ૯. અનિવૃત્તિબાદર : ૧૦. સૂક્ષ્મસંપરાય	૧૩૧
૧૧. ઉપશાંત મોહ : ૧૨ ક્ષીણમોહ : ૧૩. સયોગી કેવલી : ૧૪. અયોગી કેવલી	૧૩૨
નમોત્થુણંની ૯ સંપદા	૧૩૩
૯. સંપદાના નામ તથા અર્થ	,,
સૂત્રનો ટૂંક ભાવાર્થ : ૧. અર્હદ્ ભગવત્	૧૩૫
૨. આદિકર તીર્થંકર સ્વયંસંબુદ્ધ ૩. પુરુષોત્તમ-સિંહ-પુંડરીક-ગંધહસ્તિ	
૪. લોકોત્તમ-નાથ હિત-પ્રદીપ-પ્રદ્યોતકરઃ	
૫. અભય-ચક્ષુ-માર્ગ-શરણ-બોધિદાતા	
૬. ધર્મદાતા-દેશક-નાયક સારથિ-ચક્રવર્તી	
૭. અપ્રતિહત વર જ્ઞાનદર્શનધર-અછદ્મસ્થ	
૮. જિન-જાપક, તીર્ણ-તારક, બુદ્ધ-બોધક મુક્તમોચકઃ ૯. સર્વજ્ઞસર્વદર્શી-શિવાદિ સ્થાનપ્રાપ્તિ-જિન જિતભય	
દર્શન વખતે આ પદોથી સંબોધન : દરેક પદને 'નમો' લગાડી અનેક બિંબોને નમન	,,
વસ્તુ અનન્તધર્માત્મકઃ બૌદ્ધનો એકાંતવાદ	૧૩૮
ધર્મી ધર્મસ્વરૂપ છે	૧૩૯
વેદાંતી અને માધ્યમિક બૌદ્ધની જગત અસત્ હોવા અંગે યુક્તિ	૧૩૯
બંનેના અસત્-વાદનું ખંડન	,,
અનેકાંતમતે વસ્તુનું ચોકસ સ્વરૂપ કયાં ?	
સત્-અસત્ ઉત્પત્તિ	૧૪૦

વિષય	પાનું
'જગન્મિથ્યા' એ ભાવનોપયોગી પણ વસ્તુસાધત નહિ: સ્વપ્નનું દૃષ્ટાન્ત ખોટું : યોગાચાર બૌદ્ધનું ખંડન	૧૪૧
વ્યાખ્યાનું ૬ પ્રકારે સ્વરૂપ અને ૭ અંગોઃ-	૧૪૨
છ અંગોમાં ૧, સંહિતા : ૨. પદ : ૩. પદાર્થ : નમનમાં દ્રવ્યસંકોચ અને ભાવ-સંકોચ	૧૪૩
'યોગદૃષ્ટિ'-કથિત સંશુદ્ધ પ્રણામના ત્રણ લક્ષણ: ૧. અત્યંત ઉપાદેયબુદ્ધિ : ૨. સંજ્ઞા-ઓનો નિગ્રહ	૧૪૪
સંજ્ઞાઓની ઓળખાણ : આહાર વિષય પરિગ્રહ-નિદ્રા-ભય	૧૪૫
કષાયસંજ્ઞા-લોક૦-ઓઘ૦	૧૪૬
૩ ફળની આશંસાનો ત્યાગ: મોક્ષની ઇચ્છા એ આશંસા કેમ નહિ ?	,,
'નમોત્થુ ણં અરહંતાણં'ના પદોનો અર્થ: એક સ્થાને નમસ્કાર કિયા અને બીજે એની પ્રાર્થના કેમ ?	૧૪૭
૪. વ્યાખ્યા-પ્રકાર 'પદવિગ્રહ' ૫. ચાલના : ૬. પ્રત્યવસ્થાનઃ પ્રાર્થનાથી ઇષ્ટસિદ્ધિ કેવી રીતે ?	૧૪૮
વ્યાખ્યાના ૭ અંગઃ	૧૪૯
૧. જિજ્ઞાસા : જિજ્ઞાસા-ગુરુયોગ-વિધિ-પરતા-ઓઘપરિણતિ-સ્થૈર્ય-ઉકતક્રિયા - અલ્પભવતા, એ સાતનો શબ્દાર્થ	,,
જિજ્ઞાસા ન હોય તો શો વાંધો ?	
વંદના એ ધર્મનું મૂળ શી રીતે ? જ્ઞાન પહેલાં દયા કેમ કરાય ?	,,
જીવનમાં દયાનું સ્થાન	,,
જીવનમાં જ્ઞાનનું સ્થાન : ભૂલથી સૂક્ષ્મ જીવવ્યાપ્ત બનેલાને ખાવું કે ત્યજવું ?	૧૫૧
૨. ગુરુયોગ	
ગુરુ : ચાર વિશેષતા: ૧. યથાર્થ 'ગુરુ'નામ:	૧૫૨

વિષય	પાનું
૨. સ્વપર શાસ્ત્રજ્ઞ : પરમત જાણવાની શી જરૂર ? ૩. પરહિતરકત ન હોવામાં કેટલા અનર્થ ? ૪. પરાશયવેદી	૧૫૩
એવા ગુરુનો સમ્યક્ સંબંધ એટલે ?	૧૫૪
યોગાવંચક : ક્રિયાવંચક : ફલાવંચક	૧૫૫
અભક્ષ્યાસ્પર્શનીય ન્યાય	
૩જું અંગ વિધિપરતાઃ-	
વિધિનું મહત્ત્વ	૧૫૫
માંડલી, બેઠક : ગુરુ-આસન, વાચના માટે પહેલાં ગુરુ આવે કે શિષ્ય ? : સ્થાપ-નાચાર્ય : નિષદ્યા અને અક્ષ એટલે ? : 'વગેરે'થી બીજી વિધિમાં ગુરુને અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાચવવા આદિ :	
જ્યેષ્ઠાનુક્રમપાલન :	૧૫૬
ઉચિત આસનક્રિયા: બેસવાની મુદ્રા, મુખ-મુદ્રા, સંભ્રમ, સમજ્યા ન સમજ્યાની રેખા ચક્ષુ તરવરે : સર્વથા વિક્ષેપનો ત્યાગ	
વેશ્યાનું દૃષ્ટાંત, ઉપયોગ-પ્રધાનતા	૧૫૭
શ્રવણવિધિનો મહિમા	૧૫૮
૪થું વ્યાખ્યાંગ ઓઘપરિણતિ	
પરિણત અને ભાવિત એટલે ? : કુતર્ક-ત્યાગ.	૧૫૯
ઢાંકયો રત્ન-કરંડિયો : સિદ્ધાંત, તત્ત્વ અને માર્ગ : માર્ગાનુસારિના ૩૫ ગુણોના ચાર ભાગઃ-૧૧ ચાલુ જીવનના કર્તવ્ય, ૮ દ્વેષ-ત્યાગ, ૮ ગ્રાહ્યગુણ, અને ૮ સત્પ્રવૃત્તિ	૧૬૦
માર્ગાનુસારિતાના અર્થ:	
શાસ્ત્રયુકિતપ્રધાન : આગમગમ્ય ને હેતુગમ્ય	
અવિપર્યાસ છતાં અનુપયોગ એ સાધ્યવ્યાધિ	૧૬૧
૫ મું વ્યાખ્યા-અંગ સ્થૈર્ય	
તત્ત્વજ્ઞાન એ સાચી અચિંત્ય સમૃદ્ધિ, એના પર ગર્વ નહિ.	૧૬૨
અજાણની મશ્કરી નહિ : વિવાદનો પરિત્યાગ	

વિષય	પાનું
અજ્ઞાનબુદ્ધિભેદ–અકરણ	૧૬૩
પ્રજ્ઞાપનીયે નિયોગ : પાત્રતા એ મૂર્તિમતી શમશ્રી, ભાવસંપત્તિનો આશ્રય	૧૬૪
૬ ઠું વ્યાખ્યા–અંગ ઉકતક્રિયા	
એનાં પ્રમાણો 'જ્ઞાનસ્ય ફલં....' 'સા વિદ્યા...' 'જહા ખરો....'	૧૬૫
અમલ માટે ૬ શરતઃ–૧. શાસ્ત્રકથિત, ૨, વિષયવિભાગથી, ૩ તે તે કાળયોગ્ય, ૪. ઉપયોગપૂર્વક, ૫. યથાશકિત, ૬. પ્રમાદ આપમતિ ટાળીને	૧૬૬
ઔષધના દૃષ્ટાંતથી ક્રિયાની ઉપયોગિતા	૧૬૭
૭મું વ્યાખ્યા–અંગ અલ્પભવતા	
વ્યાખ્યા માટે અલ્પ સંસારકાળ કેમ જરૂરી? 'વ્યાખ્યાઅંગ'નો ઉપસંહાર	૧૬૮
નમોત્થુ ણું અરહંતાણું	૧૬૯
દ્રવ્ય નમસ્કાર કેમ તાત્ત્વિક નહિ? છતાં એનું મહત્ત્વ	,,
ધર્મવૃક્ષનાં બીજ–અંકુર વગેરે	૧૭૦
ધર્મનું બીજ એટલે ધર્મપ્રશંસા વગેરે : ધર્મ અંકુર એટલે ધર્મ–અભિલાષા	૧૭૦
ધર્મ બે પ્રકારે :–૧. શ્રુત ધર્મમાં વાચના, પૃચ્છના, પરાવર્તન, અનુપ્રેક્ષા, ધર્મકથા ૨. ચારિત્રધર્મમાં યતિધર્મ શ્રાવકધર્મ	,,
ધર્મબીજનું આરોપણ, ધર્મપ્રશંસાનું મહત્ત્વ : જૈનેતરમાં એ કેમ સંભવે?	૧૭૧
ધર્મપ્રશંસા સાથે કુશળ ચિત્ત : ઉચિત સેવન	૧૭૧
ધર્મ ચિંતાદિ એ અંકુરાદિ છે : ધર્મના જ સાચી તમન્નાઃ ધર્મનું સમ્યક્ શ્રવણ, એના ચાર લાભઃ ધર્મનું અનુષ્ઠાન	૧૭૨
પછી દેવ–મનુષ્યના સંપત્તિવૈભવ; એને ધર્મવૃક્ષમાં કેમ ઘાલ્યા? અંતિમ ફળ મોક્ષ : મોક્ષમાં સુખ શું?	૧૭૩
આનુષંગિક ફળ : નિશ્ચયથી મોક્ષમાર્ગ અને વ્યવહારથી; પ્રાર્થના કેમ જરૂરી?	૧૭૪
ભાવ નમસ્કાર	,,
ભાવનમસ્કાર જેમને સિદ્ધ છે એમને માટે 'નમોત્થુ' પ્રાર્થના–પાઠ બોલતાં મૃષાવાદનો પ્રશ્નઃ કક્ષાભેદનો ઉત્તર	૧૭૫
૪ નિક્ષેપાઃ–નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ : સદ્ભૂત સ્થાપના–અસદ્ભૂત સ્થાપના	૧૭૬
જિનના ૪ નિક્ષેપા : નમસ્કારના દરેક નિક્ષેપામાં કક્ષાઓ	૧૭૭
વીતરાગ પરાકાષ્ઠાએ છે તો પછી 'નમોતિત્થસ્સ' કેમ કહે?	૧૭૮
પુષ્પાદિ ૪ પૂજાઃ–૧. પુષ્પપૂજા, ૨. આમિષપૂજા, ૩. સ્તોત્રપૂજા, ૪. પ્રતિપત્તિપૂજા.	,,
સ્તોત્રમાંઃ–૧. સ્વાત્મનિંદા, ૨. પરમાત્મ ગુણગાનમાં સ્વરૂપ–જીવન–ગુણો–શકિત ઉપકાર, ૩. ભકિતઉદ્ગાર, ૪. પ્રાર્થના	૧૭૯
૪. પ્રતિપત્તિપૂજા : કોને કેટલી પૂજા? સાધુ વહોરી લાવી આમિષપૂજા કેમ ન કરે?	૧૮૦
ગૃહસ્થને હિંસાવાળી પૂજા કેમ? પુષ્પાદિ પૂજામાં હિંસા નહિ?	૧૮૧
સાધુને બે જ પૂજા હોઈ લાભ ઓછો નહિ?	૧૮૨
'અરહંતાણું'માં છઠ્ઠી વિભકિત ચોથીના અર્થમાં : પ્રાકૃતમાં ૪થી વિભક્તિ અને બ. વ. નહિઃ અરહંત અનેક કેમ લીધા?	૧૮૩
પરમાત્મા અનાદિશુદ્ધ નહિ, જગત્કર્તા નહિ, અશરીરી નહિ, લીલાવાળા નહિ : ઇશ્વરને શરીર ન હોય તો સર્જન, ઉપદેશ કેવી રીતે? : લીલાથી ખોટો આદર્શ	૧૮૩
બહિરાત્મા–અંતરાત્મા–પરમાત્મા	૧૮૪
બહિરાત્માનું સ્વરૂપઃ મઠધારીનું દૃષ્ટાન્ત	૧૮૫
અંતરાત્માનું સ્વરૂપ.	,,

વિષય	પાનું
પરમાત્મ-દશાનું સ્વરૂપ : કયા પરમાત્મા અરહંત? અરહંત અનંતા શી રીતે?	૧૮૭
'અરહંતાણં' બહુવચનથી ફળની અતિશયતા : વસ્તુતઃ લોકોત્તર જહાજનો સ્વીકાર	૧૮૮
ઇચ્છાયોગઃ શાસ્ત્રયોગઃ સામર્થ્યયોગ	
૧. ઇચ્છાનુયોગનાં ૪ લક્ષણઃ ૧. આશંસા વિના ધર્મ કરવાની ઇચ્છા, ૨. ધર્મશાસ્ત્ર-શ્રવણ, ૩. ધર્મતત્વ-જ્ઞાન, ૪. પ્રમાદવશ વિકલ ધર્મ-સાધના	૧૯૦
૨. શાસ્ત્રયોગનાં ૪ લક્ષણ :- ૧. અપ્રમાદ, ૨. સ્વસંપ્રત્યયરૂપ શ્રદ્ધા, ૩. તીવ્રબોધ, ૪. અખંડ વિધિપાલન	૧૯૨
અપ્રમત્તતા કેમ આવે?	,,
સ્વ-સંપ્રત્યયાત્મક શ્રદ્ધા કેમ આવે?	૧૯૩
૩. સામર્થ્યયોગનાં ૪ લક્ષણ :- ૧. સાધના-ઉપાયો શાસ્ત્રમાં તો સામાન્યથી કહ્યા હોય, ૨. વિશેષરૂપે શાસ્ત્રમર્યાદા બાહ્ય હોય, ૩. શક્તિની પ્રબલતા, ૪. વિશેષરૂપે ઉપાય-સેવન	૧૯૪
અધ્યવસાય દ્વિવિધ, ૧. સંક્લેશ, ૨. વિશુદ્ધિ	૧૯૫
શાસ્ત્રથી જો બધા ઉપાયો જણાય તો આપત્તિ શી?	૧૯૬
ક્ષપકશ્રેણિ : પ્રાતિભજ્ઞાન	૧૯૭
સ્થિર દ્વીપ—સ્થિર દ્વીપ	૧૯૮
ધર્મસંન્યાસ કયાં થાય? યથાપ્રવૃત્ત કરણ	
અપૂર્વકરણ-ગ્રન્થિભેદ	૧૯૯
૫ અપૂર્વઃ—૧. અપૂર્વ સ્થિતિઘાત, ૨. -અપૂર્વરસઘાત, ૩. અપૂર્વ સ્થિતિસંક્રમ, ૪. ગુણશ્રેણિ, ૫. ગુણસંક્રમ.	
અનિવૃત્તિકરણ : અંતરકરણ	૨૦૦
સમ્યગ્દર્શનનાં ૫ લક્ષણઃ—૧. પ્રશમ, ૨. સંવેગ, ૩. નિર્વેદ, ૪. અનુકંપા, ૫. આસ્તિક્ય.	,,
અતાત્વિક ધર્મસંન્યાસ : પ્રવ્રજ્યા એટલે	

વિષય	પાનું
જ્ઞાનયોગનો સ્વીકાર, મોહયોગ-ત્યાગ	૨૦૧
યોગસંન્યાસ : ઘાતી-ભવોપગ્રાહી કર્મ : સાંપરાયિકકર્મ-ઈર્યાપથકર્મ	૨૦૨
આયોજ્યકરણ	,,
યોગનિરોધ : શૈલેશી : ક્ષેપકયોગ અયોગ	૨૦૩
ઇચ્છાયોગાદિ ત્રિવિધ નમસ્કારનાં સ્થાનઃ 'નમોત્થુ'માં તો પ્રાર્થના થઈ, નમસ્કાર કયાં?	૨૦૪
પ્રાતિભજ્ઞાન : 'પ્રત્યક્ષ-પરોક્ષ'નો અર્થ	૨૦૫
૫ જ્ઞાન :-૧. મતિજ્ઞાન, ૪ પ્રકારે અવગ્રહ (વ્યંજનાવગ્રહ-અર્થાવગ્રહ)-ઈહા-અપાય-ધારણા, ૨. શ્રુતજ્ઞાન, અક્ષરશ્રુત-અનક્ષર૦ સંજ્ઞિ૦-અસંજ્ઞિ૦-સમ્યક્૦-મિથ્યાશ્રુત, ૩. અવધિજ્ઞાન, ભવપ્રત્યયિક-ગુણપ્રત્યયિક, પ્રતિપાતી-અપ્રતિપાતી, અનુગામી-અનનુગામી, વર્ધમાન—હીયમાન, ૪. મનઃપર્યાય જ્ઞાન, ઋજુમતિ-વિપુલમતિ, ૫. કેવળજ્ઞાન	૨૦૬
૨. ભગવંતાણં	૨૦૭
'ભગવંતાણં' પદથી ભાવઅરહંતની સંપત્તિનું સૂચન : અરહંત નામાદિ ચાર નિક્ષેપથી કેવી રીતે લાભદાયી	,,
'ભગ'ના ૬ અર્થ:- ૧. અર્થ :- સમગ્ર ઐશ્વર્ય : આઠ પ્રતિહાર્ય:-૧. આસન	૨૦૮
૨. ચામર, ૩, ભામંડલ, ૪. છત્ર, ૫. પુષ્પવૃષ્ટિ, ૬. અશોકવૃક્ષ, ૭. દિવ્યધ્વનિ, ૮. દેવદુંદુભિ	૨૦૯
૨. ('ભગ'નો બીજો અર્થ) અનુપમરૂપ-સૌંદર્ય કેવું અને શાથી?	
૩.અર્થ :- અનુપમ યશ	,,
૪. અર્થ:-અનુપમ શ્રી, જ્ઞાન, સુખ, સંપત્તિ	૨૧૦
અરિહંતના ૩૪ અતિશયોમાં-	૨૧૧
૪ મૂળથી, ૧૯ દેવકૃત, ૧૧ કર્મક્ષયકૃત	૨૧૨
અરિહંત પ્રભુની વાણીના ૩૫ અતિશય	૨૧૩
૫. ('ભગ'નો પાંચમો અર્થ) ધર્મ	

વિષય	પાનું
ધર્મ ૪ રીતે :—	૨૧૫
૧. સમ્યગ્દર્શનાદિ, ૨. દાનાદિ, ૩. સાશ્રવાદિ, ૪. યોગરૂપ.	
૧. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ધર્મ.	,,
૨. દાન-શીલ-તપ-ભાવનામય ધર્મ : ત્રિવિધ **દાન :** અભયદાન, જ્ઞાનદાન, ધર્મોપગ્રહદાન : ત્રિવિધ **શીલધર્મ**:-સમ્યક્ત્વ -બાર વ્રત, -યતિધર્મ	૨૧૬
સમ્યક્ત્વનો ૬૭ પ્રકારનો વ્યવહાર	
૪ સદ્દહણા, ૩ લિંગ	
૧૦ વિનય, ૩ શુદ્ધિ, ૫ દૂષણત્યાગ, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ યતના, ૬ આગાર, ૬ ભાવના, ૬ સ્થાન (ષટ્સ્થાન)	૨૧૭
ગૃહસ્થના ૧૨ વ્રતઃ-૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત	,,
૧૦ યતિધર્મ, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ૫ જ્ઞાનાચારાદિ આચાર	૨૧૮
તપધર્મ બાહ્ય, આભ્યન્તર, ૬ પ્રકારે બાહ્યતપ, ૬ પ્રકારે આભ્ય૦	,,
ધ્યાનના ૪ પ્રકાર-૧. આર્તધ્યાન, ૨. રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, ૪. શુકલ ધ્યાન	૨૧૯
ભાવનાધર્મ : સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનીભાવના : મૈત્રી આદિ ભાવના વૈરાગ્યભાવના અનિત્યાદિ ૧૨ ભાવના	૨૨૦
નવ પ્રકારે ચિંતનઃ ૧. સૂક્ષ્મ પદાર્થો, ૨. ભવસ્થિતિ, ૩. અધિકરણ-ઉપશમ, ૪. આયુષ્ય, ૫. અયોગ્ય ચેષ્ટાવિપાક, ૬. ક્ષણ-લાભ-દીપના, ૭. વિવિધ ધર્મ ગુણો, ૮. બાધકદોષ-વિપક્ષ, ૯. ધર્માચાર્ય	૨૨૧
સુંદર ભાવોઃ-સંસારજુગુપ્સા, મોક્ષરાગ, કામવિરાગ, આત્મનિંદા, દોષગર્હા, કૃતજ્ઞતા, પરમાર્થવૃત્તિ, જિન-મુનિ પ્રત્યે સેવકભાવ, અનાયતનત્યાગ, જિનોક્ત ધર્મભાવના, ગુણ-	

વિષય	પાનું
સ્થાનકની પરિણતિઃ	૨૨૨
ભાવનાઃ અભ્યાસરૂપ-તુલનારૂપ-પ્રતિમારૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વૈરાગ્યની ભાવના	૨૨૩
૩. ત્રીજી રીતે ધર્મઃ-સાશ્રવ અને નિરાશ્રવધર્મ	,,
પંચાચારઃ ૧. જ્ઞાનાચાર, ૨, દર્શનાચાર, ૩. ચારિત્રચાર, ૪. તપાચાર, ૫. વીર્યાચાર	૨૨૪
૪. ચોથી રીતે ધર્મ :-યોગાત્મકધર્મઃ	
યોગ	
ભવાભિનંદી	૨૨૫
૫. આશયઃ-પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય સિદ્ધિ, વિનિયોગ	,,
અપુનર્બંધકઃ ૩ શુદ્ધ અનુષ્ઠાનઃ-વિષય-શુદ્ધ, સ્વરૂપશુદ્ધ, અનુબંધશુદ્ધ	૨૨૬
૫. સદ્-અસદ્ અનુષ્ઠાનઃ-વિષ, ગરલ, સંમૂર્છિમ, તદ્ધેતુ, અમૃત અનુષ્ઠાન	૨૨૭
સૌભાગ્યાદિ માટેના તપ એ વિષાનુષ્ઠાન નહિ	,,
શાસ્ત્રમહત્ત્વ	૨૨૮
માર્ગાનુસારી-માર્ગાભિમુખ-માર્ગપતિત	,,
યોગની પૂર્વસેવા ચતુર્વિધઃ-	
૧. ગુરુપૂજન ૧૨ પ્રકારે, દેવપૂજન, સાચા ખોટા દેવની મિશ્રિતપૂજામાં 'ચારિસંજીવની' ન્યાય : સાધુ, દીન, દુઃખી વગેરેને દાન	૨૨૯
૨. સદાચારો વિવિધ : ૩. તપ, મૃત્યુંજય મંત્ર : ૪. મુક્તિ-અદ્વેષ	૨૩૧
સમ્યગ્દૃષ્ટિની પૂર્વ સેવાઃ દેશવિરતિનાં લક્ષણ	૨૩૦
યોગ ૫ પ્રકારે :-૧. અધ્યાત્મયોગ	,,
ઔચિત્યઃ મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્યભાવના	૨૩૧
૨. ભાવનાયોગઃ ૩. ધ્યાનયોગઃ ૪. સમતાયોગ	૨૩૩
૫. વૃત્તિસંક્ષયયોગ : કોને કયો યોગ ?	
બીજી રીતે યોગ : વૃત્તિનિરોધયોગ : સમિતિ આદિ યોગ : ઇચ્છાયોગ, શાસ્ત્ર૦, સામર્થ્ય૦	૨૩૪
ઇચ્છાય મ, પ્રવૃત્તિ૦, સ્થિર૦, સિદ્ધિય મ યોગ	
યોગી ૪ પ્રકારેઃ- ગોત્રયોગી-કુલયોગી-પ્રવૃત્તચક્રયોગી-સિદ્ધયોગીઃ ૩ અવંચક,	

વિષય	પાનું
યોગાવંચક ક્રિયા૦, ફલા૦	૨૩૫
યોગદૃષ્ટિ ૮ : ખેદાદિ ૮ દોષત્યાગ, અદ્વેષાદિ ૮ ગુણભૂમિકા, ૮ યોગના અંગ યમ-નિયમાદિ	૨૩૫
'ભગ'નો દશ્યો અર્થ વિશિષ્ટ પ્રયત્ન	૨૩૬
૩. આઇગરાણું	૨૩૭
મૌલિક સાંખ્ય ને ઉત્તર સાંખ્ય દર્શન : પુરુષ-પ્રકૃતિ : સાંખ્યના ૨૫ તત્ત્વ	,,
વિવેકખ્યાતિ : મોક્ષ	૨૩૮
'આદિકર' એટલે ?	,,
સાંખ્યમતનું નિરાકરણ	૨૩૯
યોગ્યતા અને સંબંધનો અન્વય-વ્યતિરેક	૨૪૦
કર્મસંબંધયોગ્યતાનો મોક્ષમાં નાશ	૨૪૧
સંબંધ માટે બંનેની યોગ્યતા જરૂરી: એકની જ યોગ્યતા માનવામાં ન્યાયની અસંગતિ	૨૪૨
સ્વભાવમાત્રવાદનું ખંડન	૨૪૩
પાંચ સમવાય યા પંચકારણ:-કાળ, સ્વભાવ ભવિતવ્યતા, કર્મ, પુરુષાર્થ	૨૪૪
૪. તિત્થયરાણું	૨૪૬
આગમધાર્મિકો(અપૌરુષેય-નિત્ય-વેદવાદી)નો મત	,,
તીર્થંકરનામકર્મ : વીતરાગ છતાં તીર્થ શા માટે સ્થાપે ?	૨૪૮
સંસારમાં સમુદ્રની ૯ સમાનતા	૨૪૮
તીર્થ એટલે ?: સ્વધર્મનિધન શું શ્રેય ?	૨૪૯
જિનપ્રવચનમાં તીર્થપણા માટે વિશેષતાઓ અચિંત્ય સામર્થ્ય	૨૫૦
અને અવિસંવાદિતા	૨૫૧
કૈવલ્ય બે પ્રકારે:-જ્ઞાન કૈવલ્ય, મોક્ષ કૈ૦: ત્રિપદી : આગમરચના	૨૫૨
વેદ નિત્ય અપૌરુષેય કેમ ન હોઈ શકે ?	૨૫૩
તીર્થંકર બે રીતે પરંપરાએ ઉપકારક	,,
પરિણામ ૫ પ્રકારે:- ૧. ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિક, પારિણામિક	,,
કલ્યાણયોગ્યતા	,,
૫. સયંસંબુદ્ધાણું	૨૫૫
સદાશિવ મહેશાનુગ્રહ-મત : બોધ : અને નિયમ એટલે ?	,,
સ્વયંસંબુદ્ધનો અર્થ:	૨૫૬
તથાભવ્યત્વ, વિશિષ્ટ તથાભવ્યત્વ ફલોન્મુખ કારણ : અનુગ્રહને યોગ્યતાની અપેક્ષા	૨૫૭
સદાશિવની અનુગ્રહક્રિયા ક્રિયાભાસ	૨૫૮
વરબોધિ, હેતુસંપદાનો ઉપસંહાર	૨૫૯
૬. પુરિસુત્તમાણું	૨૬૧
'સર્વ જીવ એક જાતીય'વાદી બૌદ્ધનો મત	૨૬૨
પ્રભુમાં પુરુષોત્તમતાના પરાર્થવ્યસનાદિ ૧૦ ગુણો	૨૬૨
આત્મોન્નતિ માટે ૧૦ ગુણો-૧. પરાર્થ વ્યસન, ૨. સ્વાર્થ ગૌણ, ૩. ઉચિત ક્રિયા	૨૬૩
૪. અદ્દીનભાવ, ૫. સફલારંભિતા	૨૬૪
૬. અદૃઢ અનુશય, ૭. કૃતજ્ઞતા, ૮. અનુપહતચિત્ત	૨૬૫
૯. દેવગુરુ-બહુમાન, ૧૦. ગંભીર આશય	૨૬૬
'સર્વ સજાતીય'મત ખંડન, મૂળગત ભેદ વિના પાછળથી ભેદ ન બને	૨૬૭
મૂળમાં જાતિનો ઉચ્છેદ ન થઇને જ વિકાસ	૨૬૮
મૂળ ભેદ છતાં મોક્ષમાં ભેદ કેમ નહિ ?	૨૬૯
૭. પુરિસ-સીહાણું	૨૭૦
સાંકૃત્ય-મત : ન્યૂન કે અધિકથી ઉપમા ન અપાય	,,
પ્રભુમાં સિંહપણાના શૌર્યાદિ ૧૦ ગુણ	૨૭૧
શૌર્યાદિ ૧૦ માટે કરણીય વિચારણા:-	૨૭૨
૧. કર્મ સામે શૌર્ય, ૨. કર્મ નાશમાં ક્રૂરતા ૩. કષાયો તરફ અસહિષ્ણુતા ૪. રાગાદિ સામે વીરતા, ૫. તપમાં વીરતા,	૨૭૩
૬. પરીસહોની અવજ્ઞા	૨૭૫
૭. ઉપસર્ગોમાં નિર્ભયતા, ૮. ઇન્દ્રિયોની	

વિષય	પાનું
અ–ચિંતા, ૯. સંયમમાં અખિન્નતા	૨૭૫
૧૦. ધ્યાનમાં નિષ્કંપતા	૨૭૬
સાંકૃત્યમત ખંડનઃ સિંહોપમાથી શિષ્યને બોધ	૨૭૭
ઉપકાર પદ્ધતિ જીવ સાપેક્ષ છેઃ	
ઉપમાનું સૌંદર્ય ઉપકાર પર નિર્ભર	૨૭૮
૮. પુરિસવરપુંડરીયાણું	૨૭૯
સુચારુશિષ્ય–મતઃ–વિજાતીયની ઉપમા ન અપાય	
પૂર્વ પદ અને આ પદના ખંડનીય મતનો	
તફાવત, પુરુષવરપુંડરીકનો અર્થ	૨૮૦
કમળના અને પ્રભુના ધર્મોની સમાનતાનો કોઠો	૨૮૧
પ્રભુ કર્મકાદવ–ભોગપાણીથી મુકતઃ	
સહજ સૌંદર્યઃ ગુણલક્ષ્મી–નિવાસ	,,
ગુણોએ ભવ્યથી સેવ્ય, નિર્વાણ સુખ હેતુ	૨૮૨
સુચારુ મત ખંડનઃ ભિન્ન જાતિની ઉપમા પ્રામાણિક	૨૮૩
વસ્તુ એકાનેક (સમાન–અસમાન) સ્વભાવવાળી હોય.	,,
જો વસ્તુ એકલા ભિન્ન સ્વભાવવાળી તો	,,
જો વસ્તુ એકલા અભિન્ન સ્વભાવવાળી તો	૨૮૪
સત્વ આદિ વિના જીવત્વ નહિ	
સત્વ એજ અમૂર્તત્વાદિ કેમ નહિ ?	૨૮૫
વિશિષ્ટ સત્વ એજ અમૂર્તત્વાદિ કેમ નહિ?	૨૮૬
૯. પુરિસવરગંધહત્થીણું	૨૮૮
બૃહસ્પતિમતઃ પ્રતિપાદન તો ગુણોની કક્ષાના ક્રમેજ જોઇએ ?	,,
ક્રમ–ઉલ્લંઘને વસ્તુ અસત્ : ભગવાન શ્રેષ્ઠ ગંધ–હસ્તી જેવા શી રીતે ?	૨૮૯
બૃહસ્પતિમત–ખંડનઃ	૨૯૦
૩ વર્ણનક્રમઃ ક્રમ–ઉત્ક્રમ–અક્રમ, અર્થાત્ પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અનાનુપૂર્વી	૨૯૧
કથનાનુસાર વસ્તુમાં પરિણામ હોય જ	,,

વિષય	પાનું
ક્રમ-ઉત્ક્રમાદિ બે રીતે સિધ્ધઃ ૧. તેવા તેવા વર્ણનના કારણ તરીકે. ૨. અનેકાન્ત સિદ્ધાન્તથી	૨૯૨
'અક્રમવદ્ અસત્' હોય તો સ્તુતિ નિષ્ફળ અંધકારનૃત્ય	,,
અસાધારણ હેતુસંપદાનો ઉપસંહાર	૨૯૩
૧૦ લોગુત્તમાણું	૨૯૪
સમુદાયવાચી શબ્દ અંશમાં પણ પ્રવર્તે	,,
લોક એટલે પંચાસ્તિકાય : પ્રસ્તુતમાં ભવ્યલોક : અર્થ–સંકોચનું કારણ 'ઉત્તમ સજાતીયમાં જ હોય.'	૨૯૫
પ્રભુનું તથાભવ્યત્વ સર્વોત્તમ શાથી ?	
ભવ્યત્વ	૨૯૬
પરિણમન એટલે ?	,,
જૈન–સાંખ્યના પરિણામવાદ વચ્ચે તફાવત	૨૯૭
ન્યાય–વૈશેષિકો અને જૈનો વચ્ચે ભેદ : 'गुणा द्रव्याश्रयाः' નો મર્મ	,,
ભવ્ય : અભવ્ય : જાતિભવ્ય	૨૯૮
અનાદિ પારિણામિકભાવ : યોગ્યતા ભિન્ન ભિન્ન કેમ ? યોગ્યતા સમાન છતાં સહકારિભેદથી કાર્યભેદ ન મનાય ?	૨૯૯, ૩૦૦
૧૧. લોગનાહાણું	૩૦૨
વિશિષ્ટ ભવ્યના નાથ : વિશિષ્ટ એટલે ?	,,
આશ્રયણીય કે મહાન એ નાથ નહિ	૩૦૩
અર્હત્પ્રભુના પ્રતાપે જ ધર્મબુધ્ધિ વગેરે	
પ્રભુની કૃપા પ્રત્યે ભાવના–કૃતજ્ઞતા–આનંદ	૩૦૪
અરિહંત તો વીતરાગ છે, એ કૃપા કરે ?	,,
નિરીહ (ઇચ્છારહિત)ની કૃપા શી ?	૩૦૫
એક અરિહંત સર્વ ભવ્યોના નાથ નહિ	૩૦૬
૧૨. લોગહિયાણું.	૩૦૮
અહીં લોક એટલે સર્વ જીવો યા અસ્તિકાયો	,,
'હિત'નું રહસ્ય : હિતના ત્રણ હેતુ	૩૦૯
ઈષ્ટની વ્યાખ્યા	૩૧૦
વિપરીત દર્શનાદિથી અનિષ્ટ : અસર્વજ્ઞનું	

વિષય	પાનું
દર્શન લોકહિત	૩૧૧
જડને અહિત નથી, તો એના યથાર્થદર્શનીને અહિત કેમ ?: अनागमं पापहेतोरपि पापभावः	,,
આગમાદેશ વિના પાપપ્રવૃત્તિ એટલે ?	
કર્તૃભાવ અને કર્મભાવ પરસ્પર સાપેક્ષ	૩૧૨
દુઃશિક્ષિત શસ્ત્રપ્રયોગનું દૃષ્ટાન્ત	૩૧૩
જો અચેતનને અહિતયોગ નહિ, તો અચેતનનું અહિત કર્યું કેમ કહેવાય ? કોરડું મગ રાંધવાનું દૃષ્ટાન્ત	૩૧૪
૧૩. લોગપઈવાણું	૩૧૫
અહીં લોકનો અર્થ વિશિષ્ટ લોક અર્થાત્ ભવ્યો સંજ્ઞી	,,
અંધ માટે દીવો એ દીવો નથી : દૂરભવ્ય દુર્લભ્ય : પ્રભુપ્રદીપ, પણ સર્વપ્રદીપ નહિ	૩૧૬
લોકવ્યવહારથી તત્વસિદ્ધિ નહિ : ઋજુસૂત્ર નયમત	,,
પ્રદીપ અપ્રદીપનો અનેકાન્તવાદ	૩૧૭
ધર્મ તો વસ્તુનો છે, તો સાપેક્ષ કેમ ?	,,
એકાંતવાદમાં 'બ્રહ્મ' કે 'સત્' નહિ બોલાય	૩૧૮
ગુરુ-લાઘવ બે રીતે	,,
પૂજા થૂકનારા કેટકેટલું શુભાવે ?	૩૧૯
સામર્થ્ય એ સામી વસ્તુના સ્વભાવને સાપેક્ષ	૩૨૦
વદતો વ્યાઘાત	૩૨૧
પ્રભુને સર્વસમર્થ માનવામાં આપત્તિ	,,
પાણી બધાની તૃષા મિટાવે ?	,,
લોકપ્રદીપનો સાર	,,
પ્રભાવ આંખનો, કે દીવાનો ?	,,
પ્રભાવ જુદો, કાર્ય જુદી વસ્તુ	,,
બે તારવણી : ૧. આપણો ઢાળ, ૨, પ્રભુનો પ્રસાદ	,,
પ્રભુ કારણ કેમ ? : કૃતજ્ઞતા	,,
૪, ઉપાસના : રીતે ૧. પ્રીતિ-અનુષ્ઠાન	,,
૨. ભક્તિ-અનુષ્ઠાન, ૩. વચન-અનુ૦	
૪. અસંગ-અનુ૦	૩૨૩
વચનાનુષ્ઠાન કોને ? એ અને અસંગ૦માં ફેર	,,

વિષય	પાનું
પત્ની અને માતાનું દૃષ્ટાન્ત	,,
એકનિષ્ઠા : આજની કેળવણી	,,
અનુષ્ઠાનમાં ૫ વસ્તુ જરૂરી	૩૨૪
પ્રીતિ-ભક્તિ કેમ ઉછળતી રહે ?	,,
પ્રયત્ન મંદ કેમ ? : આંતર શત્રુ કેમ મીટે ?	,,
સરળ-ભાવુક-કોમળ એટલે ?	,,
પ્રભુના આદેશ-પરાક્રમ સાકાર ક્યારે બને ?	
પ્રીતિ-ભક્તિ એ પહેલાં કેમ ? : દાનાદિ કોણ કરે છે ?	,,
૧૪ લોગપજ્જોઅગરાણું	
પ્રદ્યોત-વિશિષ્ટ પ્રકાશ, ગણધરને જ	૩૨૫
અહીં લોક તરીકે બીજા ભવ્ય કેમ નહિ ?	,,
શ્રુતજ્ઞાન : અભિલાષા : અનભિલાષા	૩૨૬
ગણધરનો બોધ અને ઉત્પત્તિ	,,
ત્રિપદી-માતૃકાપદ	,,
અન્યોન્ય યોગ્યતા	,,
ગણધર સમસ્ત અભિલાપ્ય કેમ જાણે ?	,,
૪ બુદ્ધિ : ઔત્પાતિકી, કાર્મિકી, વૈનયિકી, પારિણામિકી	૩૨૭
ડોશીનો ઘડો ફૂટ્યો, પાણી ગયું	,,
નિશ્ચય દૃષ્ટિએ પ્રદ્યોત ગણધરને જ કેમ ?	,,
બીજા ૧૪ પૂર્વીને પ્રદ્યોત કેમ નહિ ?	૩૨૮
ષટ્સ્થાન-પતિત	,,
ષટ્સ્થાન-હાનિવૃદ્ધિનો કોઠો	,,
પ્રકાશ ભિન્ન તોજ દર્શન ભિન્ન	૩૨૯
જુદાજુદા ચૌદપૂર્વીઓના જ્ઞાનમાં ફેર કેમ ?	,,
કાર્યભેદ કારણભેદપૂર્વક જ	,,
કાર્ય-કારણનો સ્વભાવ પરસ્પર સાપેક્ષ	૩૩૦
પ્રભુ અન્ય ૧૪ પૂર્વીઓના પ્રદ્યોતકર નહિ	,,
પ્રભુ અન્યને ય પ્રકાશક : સૂર્યદૃષ્ટાન્ત	,,
જીવાજીવાદિ ૭ તત્વ : ૧. જીવની સાબિતી અને પ્રકાર	૩૩૧
૨, અજીવ : ૩. આશ્રવ : પ્રમાદ : ૪. સંવર	
૫. બંધ : ૬. નિર્જરા : ૭. મોક્ષ	,,
સમિતિ-ગુપ્તિ-પરીસહ....	,,

વિષય	પાનું
અનાદિ સંસારનો અંત : સુવર્ણ-માટી દૃષ્ટાન્ત	૩૩૩
'લોગપજ્જોઅગરાણું' સૂત્રમાં 'તત્ત્વ' શબ્દ કયાં છે?	,,
ક્રિયાપદ સકર્મક, તો કર્મ હોય જ	,,
તત્ત્વ સાત જ કેમ?	,,
'तत्वं ब्रह्मणि याथार्थ्ये'	
'તત્ત્વ'નો અર્થ ૧. યથાર્થ્ય જીવ, કે અજીવ એની શી જરૂર	,,
જીવ ને અજીવ એ તત્ત્વથી જ ન ચાલે?	,,
વસ્તુને પ્રતિપક્ષ હોય જ	,,
સંવર, નિર્જરા, એની શી જરૂર?	૩૩૪
૨. બ્રહ્મ : વ્યર્થવિશેષણત્વ	,,
સાત ઉપરાંતના તત્ત્વનું શું?	,,
તત્ત્વજ્ઞાન તે, જે મોક્ષોપયોગી	,,
કર્મત્વ : પ્રકાશન ફળ :	,,
धात्वर्थक्रियाफलाश्रयत्वं कर्मत्वम्	
સાતેય તત્ત્વને પ્રકાશ નહિ?	,,
ભાવસાધન પ્રયોગ	,,
ઘડો દીવાના પ્રકાશવાળો એટલે?	૩૩૫
'લોક'ના અર્થમાં રૂઢિ અને તત્ત્વ	,,
વાસ્તવ સ્તુતિ	,,
૪થી સંપદાનો ઉપસંહાર	૩૩૬

શુદ્ધિ પત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪	૧૦	અસાધરણ	અસાધારણ
૪	૩૪	નમુનો	નમૂનો
૫	૯	સ્વરુપ	સ્વરૂપ
૫	૨૬	યત્કિચિત્	યત્કિંચિત્
૫	૩૧	(ઉમેરો) આ પરથી લાગે છે કે 'ઉપમિતિ' ગ્રન્થ પછી રચ્યો હોય, અથવા પ્રભાવક ચરિત્રકારના કથનાનુસાર પહેલાં રચેલા એ ગ્રન્થમાં પાછળથી શ્રી હરિભદ્રસૂરિજીનો ગુરુ તરીકે ઉલ્લેખ મૂકયો હોય	
૬	૪	નિપજતા	નીપજતા
૮	૮	સુત્રાર્થનો	સૂત્રાર્થનો
૮	૨૫	પાર્યાયો	પર્યાયો
૧૦	૧૦,૧૪	સ્વભાવિક	સ્વાભાવિક
૧૧	૨૯	ચતુર્વિધિ	ચતુર્વિધ
૧૪	છેલ્લી	ક્રર્મ	કર્મ
૧૬	૨૭,૩૦	વિરૂદ્ધ	વિરુદ્ધ
૧૮	૨૫	ગુરુ વચના	ગુરુ–વચના
૨૪	૪	ગુણનો	જ્ઞાનાદિ ગુણનો
૨૫	૨૧	રસ	દેશઘાતી રસ
૨૫	૨૬	દેવાય	ભોગવાય
૨૫	૨૭	વિપાકઉદય સ્થગિત	રસ અલ્પ
૨૫	૨૮	પ્રદેશોદયથી	ગુણબાધક
૨૬	૬	બળે	બળે બાલી કરે છે, કેટલાંકને પાછળ નાખે છે, ને કેટલાંકને
૨૬	૩૨	ક્રિયાએ ધર્મ	ક્રિયાએ કર્મ
૨૮	૪	ચેઇઆર્ઇ...સાહુ	ચેઇઆઇ...સાહૂ
૨૮	૯	ઉર્ણ	ઊર્ણ
૩૦	૩	સમ્યવ્કરણં	સમ્યક્કરણં
૩૦	૧૨	સમ્ફ	સમ્યક્
૩૦	૧૮	આશંસભાવ	અનાશંસભાવ
૩૦	૨૦	સૂત્રોક્તિ	સૂત્રોક્ત
૩૦	૨૯	વિધસર	વિધિસર
૩૫	૧૩	યદ્યાપિ	યદ્યપિ
૪૧	૨	ધિક્રયતે	ધિક્રિયતે
૪૨	૧૫	હે ! શ	હોંશ
૪૨	૨૦	ક્રિયા	ક્રિયા
૪૩	૧૬	નિઃસત્વ	નિઃસત્ત્વ
૪૬	૪	તીર્થંકરદેવો એ	તીર્થંકરદેવોએ
૪૬	૬	અમુય	અમુક
૪૬	૧૬	થર્ઇ થાય	થઈ જાય
૪૭	૧૬	લોકોને	લોકોની
૪૭	૧૯	મહત્વ	મહત્ત્વ
૪૭	૨૦,૨૨	વિરૂદ્ધ,વિરૂધ	વિરુદ્ધ
૪૮	૧૨	વૈસ્યા	વૈશ્યમાં
૪૮	૩૦	ક્રોધાદિ કાષયમાં	ક્રોધાદિ કષાયમાં
૪૮	૩૪	પ્રત્યેને યાવત	પ્રત્યે ને યાવત્
૪૮	૩૭	બનાશે	બનાવશે
૪૮	૩૮	ઔચિત્ય...ચર્યા	ઔચિત્ય...ચર્યા
૫૦	૨૧	અંતઃ કોટાકોટી	કોટાકોટિ સાગરોપમ
૫૧	૧૨	ર્ડુનઃ	ર્ડુન !
૫૧	૨૮	તત્વત	તત્ત્વત
૫૨	૭	વિધિત્પરતા	વિધિતત્પરતા
૫૬	૧૪	ત્યાત્	સ્યાત્
૫૬	૩૫	મનવા	માનવા
૬૧	૬	પરણિત	પરિણત
૬૧	૮	પરિણિત જ્ઞાન	પરિણત જ્ઞાન
૬૨	૩૮	અકાળે	કાળે
૬૭	૫	કંર્ઇ	કઈ
૬૭	૩૧	સંકેલના	સંકલના
૬૯	૧૬	તદ્અજ્જ...	તદ્અજ્જ...
૭૩	૧૨	સુકૂતનું	સુકૃતનું
૭૩	૧૭	ચૈત્યવદન	ચૈત્યવંદન
૭૭	૭	વિષયમ	વિષમય
૭૭	૧૧	શક્તિ	શક્તિ
૭૮	૧	અનધિકારીને	અનધિકારીને

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૭૯	૨	પ્રયોગો	પ્રયોગે
૭૯	૩૫	થથી	થતી
૮૦	૪	દર્દશાનો	દુર્દશાનો
૮૦	૧૫	..માસદિયતિ	..માસાદયતિ
૮૨	૯	જિજ્ઞાનામાં	જિનાજ્ઞામાં
૮૨	૨૬	જિનાજ્ઞાનો	જિનાજ્ઞાની
૮૪	૩૨	પોતાતામાં	પોતાનામાં
૮૫	૧૫	વગેરેનાં	વગેરેમાં
૮૫	૨૩	...નો કર્મક્ષય	કર્મનો ક્ષય
૮૭	૩	સુત્રબાધયા	સૂત્રબાધયા
૮૭	૧૬	અનાધકારીના	અનધિકારીના
૮૭	૨૬	સૂત્રકને	સૂત્રને
૮૮	૧૭	ભજ્વવામાં	ભજ્વામાં
૮૮	૨૬	સંયમ, ધવાય	સંયમ ધવાય,
૯૦	૧૧	નિર્દભતાથી	નિર્દંભતાથી
૯૩	૧૯	અસર્વજ્ઞતા	અસર્વજ્ઞના
૯૩	૩૬	કે શાસ્ત્ર	કે શાસ્ત્રે
૯૪	૨૦	મધુકરી	માધુકરી
૯૪	૩૨	આાપમેળ	આપમેળે
૯૫	૧૦	ભોકર્તૃત્વ	ભોકતૃત્વ
૯૫	૧૩	ફલત	ફલતઃ
૧૦૫	૨૩	ઉચિતાનો	ઉચિતતાનો
૧૦૫	૨૭	વિશિકામાં	વિંશિકામાં
૧૦૯	૧૩	કે જી જે	કે જીવ જે
૧૦૯	૨૭	નિર્ગ્રન્ધ	નિર્ગ્રન્થ
૧૦૯	૨૮	કુગુરુ	કુગુરુ
૧૧૦	૨૫	દેવની મુક્તિ	દેવ ને મુક્તિ
૧૧૧	૭	સત્વ....ફલામાવા	સત્ત્વ...ફલાભાવા
૧૧૧	૨૫	...નિયેાધવાળેા	...નિરેાધવાળેા
૧૧૨	૯	મનુષ્યણાં	મનુષ્યાણાં
૧૧૫	૯	....નવોદિર્ણે	નવોદીર્ણે
૧૨૦	૩૦	જોવાનું સ્થાન	સ્થાન જોવાનું
૧૨૩	૧૮	કર્તય	કર્તવ્ય
૧૨૫	૯	કે આટલેા	કે આટલેા સૂત્રપાઠ થયેા માટે આટલેા
૧૨૬	૨૩	સવ્વન્નૂણં	सव्वन्नूणं
૧૨૭	૨૭	કમળ ઉપદ્રવ નિવારણ અને ૪ જેવી	કમળ અને ૪ શ્રેષ્ઠ ગંધહસ્તી જેવી
૧૨૭	૨૭	રહેવાસ વગેરે	રહેવાસ, ઉપદ્રવ નિવારણ વગેરે
૧૨૮	૨	ચક્ષુ તરીકે આતમસ્વાસ્થ્ય	આત્મસ્વાસ્થ્ય, ચક્ષુ તરીકે
૧૩૦	૨૧	ગુણકસ્થાનક	ગુણસ્થાનક
૧૩૩	૨	ત્રયસ્ત્રિ....	ત્રયસ્ત્રિ...
૧૩૪	૩૦–૩૧	(૫)...(૬)	(૬)...(૫)
૧૪૨	૧૯–૨૩	....હું	....હું
૧૪૩	૧૬	બેાવવાના	બેાલવાના
૧૪૩	૨૩	વિદ્વંસણરસ	વિદ્વંસણસ્સ
૧૪૭	૭	સુચિત	સૂચિત
૧૪૭	૧૭	લધુભાવ	લઘુભાવ
૧૫૩	૧૯	(૩) પરહિત રક્ત	(૩) સ્વપર હિતરક્ત
૧૫૫	૧૨	સ્પર્શા સ્પર્શમાં ન	સ્પર્શાસ્પર્શમાં
૧૫૫	૨૫	કાર્યનેા...શકનારેા	કાર્યને... શકનારૂં
૧૫૫	૩૩	એટલે, એટલે	વિચારવાનું કે
૧૫૭	૪	નિશ્ચિત	નિશ્ચલ
૧૬૧	૫	ગણાતું	ગણતું
૧૬૧	૨૫	સાચાં. જેવા	સાચાં જેવા
૧૬૨	૨૬	સ્ફુર્તિ	સ્ફુર્તિ
૧૬૬	૧૨	સમ્યગૂના અનુષ્ઠા-નેાના	સમ્યગ્ અનુષ્ઠાનેાના
૧૬૬	૨૫	સત્ય પ્રવૃત્તિએા	સત્પ્રવૃત્તિએા
૧૬૬	૩૦	દાનવૃત્તિમાં	દાન પ્રવૃત્તિમાં
૧૭૦	૭	વીજાદ....	બીજાદ....
૧૭૩	૩૧	ઓછી છતાં	ઓછી થતાં
૧૭૫	૨૨	અરહંણું	અરહંતાણું
૧૮૨	૩૦	....વ્યવવચ્છે....	...વ્યવચ્છે....
૧૮૩	૧૫	શાસન-અરિહંત	શાસન=અરિહંત-
૧૮૩	૨૬	દષ્ટાંત	દષ્ટાંતથી જુએા,

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૮૫	૩	સ્વભાવળો	સ્વભાવવાળો
૧૮૭	૩૨	અરહત	અરહંત
૧૮૯	૧૩	સાત્ત્વિક	તાત્ત્વિક
૧૯૫	૨૭	સકલેશવાળો	સંકલેશવાળો
૧૯૫	૨૯	ઉતરનાની	ઉતરતાની
૧૯૫	૩૪	અધ્યવસાય	અધ્યવસાય-સ્થાન
૧૯૬	૩૩	નીચેના	ઉપર–નીચેના
૨૦૦	૨૩	...દાલિક	...દલિક
૨૦૦	૨૬	ભાષ્ય	ભાષ્યમાં
૨૦૦	૨૭	....દર્શમિતિ.... કષયેાનેા	....દર્શનમિતિ... કષાયોનેા
૨૦૦	૩૧	શમ્યા	શમ્યો
૨૦૦	૩૮	ઉદ્વેગની	ઉદ્વેગ નીપજે.
૨૦૫	૪	સાસર્થ્ય...	સામર્થ્ય
૨૦૬	૩	બેાધ અર્થાત્	અર્થાત્ બેાધના
૨૦૬	૨૪	ચિંત્વન કરતા	ચિંત્વન કરાતા
૨૦૭	૧	ભગવતાણુ	ભગવંતાણું
૨૦૭	૧૭	भावेः पुनतस्त्रि	भावैः पुनतस्त्रि....
૨૦૭	૨૨	કે અરહંત	કે 'અરિહંત'
૨૦૮	૮	...योगत्मकः	....योगात्मकः
૨૦૯	૧૪	અનેાપમ	અનુપમ
૨૧૩	૩૩	એ વાળી.	એ વળી,
૨૧૬	૨૮	અષ્ટાહ્નિકાદિ	આષ્ટાહ્નિકાદિ
૨૧૬	૩૪	તથ	તથા
૨૧૮	૩૫	લીનતા	સંલીનતા
૨૨૨	૩૩	પરમાર્થ વૃત્તિ	પરાર્થવૃત્તિ
૨૨૫	૧૭	દારિદ્ર્યાદિ...	દારિદ્ર્યાદિ...
૨૨૭	૩૦	નિવગ્રૈવેયક	નવગ્રૈવેયક
૨૨૯	૧૦	..देषश्चेति	..द्वेषश्चेति
૨૩૦	૧૮	હિતા–મિત	હિત-મિત-
૨૩૦	૩૬	પૂર્વોક્ત ગુરૂદેવાદિ	પૂર્વોક્ત ગુરુદેવાદિ.
૨૩૧	૩૧	અધ્યાત્મનં	અધ્યાત્મં
૨૩૩	૧૦	વીર્યોત્ર્ષ	વીર્યોત્કર્ષ
૨૩૫	૧૭	યુક્ત હેાય.	યુક્ત હેાય. ૪. સિદ્ધિયેાગી સ્થિરયમ ને સિદ્ધિયમથી પણ યુક્ત હેાય.
૨૪૧	૧૮	અનાદિની હેા	અનાદિની હેાઈ
૨૪૧	૩૩	..मत्त्य अतत्त्व..	..मप्य अतत्त्व....
૨૪૭	૧૩	...युत्कंप्रबल...	...युक्तं प्रबल...
૨૪૯	૨૬	एतच्च...	(ल०)–एतच्च...
૨૪૯	૨૭	धर्म..बोहित्था..	धर्म..बोहित्थ..
૨૫૩	૩	धर्मास्थिति.	धर्मास्ति–
૨૫૭	૭	भवितव्यत्वादि... कारણેાને	भवितव्यतादिकारणेाने।
૨૫૭	૯	संभुधता...निल्पित	संभुद्धता-... निष्पित्ति
૨૫૭	૧૯	तस्प्रस	तत्प्रस
૨૫૭	૩૧	કાપવારૂપ	કપાવારૂપ
૨૬૧	૨૩	आकालभेते	आकालमेते
૨૬૮	૩૪	विशेप	विशेष
૨૬૯	૧૮	દરિદ્રતા પાપપુણ્યને	પાપપુણ્ય ને દરિદ્રતા
૨૬૯	૨૫	નેા એક	તેા એક
૨૬૯	૩૨	કારણે	કારણે એ
૨૭૧	૪	अवज्ञैषां	अवज्ञैषां
૨૭૧	૫	सद्ध्याने	सद्ध्याने
૨૭૧	૧૦	પ્રત્યે ઉપર	પ્રત્યે
૨૭૨	૧૧	એ મને	એમને
૨૭૫	૨૮	ગુમાવાનું	ગુમાવવાનું
૨૭૭	૩	ए—वैष	एवैष
૨૭૮	૨૦	ઉપરકારમાં	ઉપકારમાં
૨૭૯	૪	एतद्व्य पोहायाह	एतद्व्यपोहायाह
૨૮૧	૧૯	સંબંધ છે જેટલેા જ	સંબંધ જેટલેા જ
૨૮૩	૩	यागः	योगः
૨૯૦	૯	पूर्वाद्यिमिधे...	.... पूर्वाद्यभिधे...

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૯૨	૧૭	રહેતા એવું	રહેતા હોય એવું
૨૯૪	૧૪	...કાયદિ	...કાયાદિ
૨૯૮	૧૬	દ્રવ્યસ્વરૂપ સંબંધ કાં ન	દ્રવ્યસ્વરૂપ કાં ન
૩૦૫	૭	કોઇથી	કોઇકથી
૩૧૫	૮	शयप्रवृत्ति	शून्यप्रवृत्ति
૩૧૬	૮	મનની	મનથી
૩૧૭	૪	ઉત્પન્ન	ઉપપન્ન
૩૧૮	૭	પિતૃત્વ	દા. ત. પિતૃત્વ
૩૧૮	૮	પિતાપણાના ધર્મ	પિતાપણાનો ધર્મ પુત્રમરણ પછી ઊભો રહે છે.
૩૨૭	૨૩	શ્રુતજ્ઞાનાવરણ	શ્રુતજ્ઞાનાવરણનો
૩૩૨	૩૦	પત્ની થાય	પત્ની ય થાય
૩૩૨	૩૦	માતા થાય	માતા ય થાય
૩૩૨	૩૧	એટલો	એકલો
૩૩૪	૭	વિશેષણુતત્ત્વ	વિશેષણુત્વ
૩૩૫	૭	પ્રકાશવાળા	પ્રકાશ

પરમતેજ

ગ્રંથ અને ગ્રંથકાર

વર્તમાન તીર્થનું ઉત્થાન અને યાત્રા:—શ્રી જૈનદર્શન એટલે તત્ત્વસિદ્ધાંતો અને સાધનાનો ભવ્ય મહાસાગર. એ મહાસાગરનાં દર્શન તે તે યુગમાં દિવાકર સમાન ઉદય પામેલા વિશ્વના તારણહાર વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્માએ કરાવ્યાં.

એમાં વર્તમાન અવસર્પિણી યુગના ચોથા આરાને છેડે એટલે કે આજથી લગભગ પચીસસો વર્ષ પૂર્વે ચોવીસમા તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવે ધર્મતીર્થની સ્થાપનાની આવૃત્તિ કરી; અને વિશ્વને એ તત્ત્વ-સિદ્ધાન્તો અને મોક્ષસાધનાઓના મહાસાગરનાં દર્શન કરાવ્યાં.

પરમગુરુ તો નિર્વાણ પદ પ્રાપ્ત કરી કૃતકૃત્ય બની ચૂકયા. છતાં પણ કષ, છેદ અને તાપની ત્રિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ એ તત્ત્વસિદ્ધાંતો અને મોક્ષસાધનાઓના સૂર્યસમા શાસનની અમર જ્યોતિ અદ્યાપિપર્યંત જગતને પૂર્ણ પ્રકાશ અને પરમ વિશ્રાન્તિ આપતી આવી છે! એનું કારણ પરમ પિતામહે પ્રગટાવેલી શાસન મશાલને પ્રભુના સીધા વારસદાર શ્રી ગણધર ભગવંતો આર્ય શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી.....વગેરેએ જલતી રાખી. પરમગુરુના ચરણે નિજના જીવન સમર્પી પ્રભુ પાસેથી ત્રિપદીની પ્રસાદી પામીને એમણે શ્રી દ્વાદશાંગ મહાઆગમ તરીકે શ્રી આચારાંગ...શ્રી ભગવતીજી ...દષ્ટિવાદ આદિ સૂત્રોની રચના કરી. એમાં બારમા દષ્ટિવાદ સૂત્રમાં ચૌદ પૂર્વોનો સમાવેશ થતો હતો.

એ પુણ્ય વિભૂતિની સંતાન પરંપરાને, યુગના અવતંસ સમા અનેકાનેક ચતુર્દશપૂર્વી શ્રુત-કેવળી આચાર્ય ભગવંતોએ, દશ પૂર્વધર મહર્ષિઓએ અને અનેક બહુશ્રુત આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો અને સાધુ ભગવંતોએ અલંકૃત કરી શ્રી જૈનશાસનની જ્યોતિને અવિરતપણે ઝગમગતી રાખી.

શાસ્ત્રકર્તાઓ અને શાસ્ત્રો:—કાળના વહેણ સાથે જેમ જેમ જીવોની જ્ઞાનશક્તિમાં ઓટ આવતી ગઈ તેમ તેમ સમર્થ આચાર્ય ભગવંતોએ હ્રાસ પામતા પૂર્વોના શ્રુતજ્ઞાન અને સંપ્રદાયપ્રાપ્ત જ્ઞાનમાંથી વિવેચન ગ્રન્થો અને નવીન શાસ્ત્રોનાં નિર્માણ કર્યાં.

શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીએ આગમ સૂત્રો પર નિર્યુક્તિ ગ્રન્થોની ભવ્ય ઇમારતો ખડી કરી! પૂર્વધર મહર્ષિઓએ નિર્યુક્તિ પર ભાષ્યો અને ચૂર્ણી ગ્રન્થોની રચના કરી! તથા એમણે અને અન્ય મહાપ્રજ્ઞ આચાર્યાદિ ભગવંતોએ નિર્યુક્તિ, અને ભાષ્ય પર ટીકા ગ્રન્થો, અન્ય સૂત્રગ્રન્થો તથા પ્રકરણ ગ્રન્થોના નવસર્જન કર્યાં!

શ્રુતકેવળી શ્રી શય્યંભવસૂરિજીનું શ્રી દશવૈકાલિક; મહર્ષિ શ્રી શ્યામાચાર્યનું શ્રી પ્રજ્ઞાપના સૂત્ર; શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણના શ્રી નંદીસૂત્ર, અનુયોગદ્વાર; શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજનું સન્મતિ તર્ક પ્રકરણ; શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણનું વિશેષાવશ્યક ભાષ્ય; શ્રી શિવશર્મસૂરિજી મહારાજની

કર્મપ્રકૃતિ; શ્રી ચંદ્રમહત્તરાચાર્યનો પંચસંગ્રહ; શ્રી ઉમાસ્વાતિજી મહારાજનું તત્ત્વાર્થ સૂત્ર, પ્રશમ-રતિપ્રકરણ...વગેરે અનેક શાસ્ત્ર-મશાલો મહાશાસનરૂપી મશાલમાંથી પ્રગટતી ચાલી.

લલિતવિસ્તરાકાર મહર્ષિ:—શ્રી પ્રભાવક ચરિત્રકારના લેખ અનુસારે વિક્રમની છઠ્ઠી સદીમાં જૈન શ્રમણસંઘના ગગનમંડળે ધુરંધર વિદ્વાન સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજસ્વરૂપ જ્ઞાનમાર્તંડ પ્રકાશી ઉઠ્યો. એ કાળે આર્યભૂમિ પર અનેક દર્શનો વિસ્તાર પામી રહ્યાં હતાં. એમાં મૂળ તો શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પણ વૈદિક દર્શનને અનુસરનારા પ્રકાંડ વિદ્વાન હતા. પણ સંયોગો પરિવર્તન પામતાં એમને જૈન દર્શનના અદ્‌ભુત શાસ્ત્રસૂત્રધારના પદે તેમજ શ્રી જૈન સંઘના ધર્માચાર્યના પદે પ્રતિષ્ઠિત થવાનું સૌભાગ્ય સાંપડ્યું ! એઓશ્રીએ અનેક અપૂર્વ શાસ્ત્રરત્નોને જન્મ આપ્યો. પ્રાચીન ચરિત્રકારના જણાવવા મુજબ તેઓશ્રી પૂર્વાવસ્થામાં ચિતોડના રાજાના વિદ્વાન પુરોહિત હતા. એમને આત્મવિશ્વાસ હતો કે જગતમાં એવું કોઇ શાસ્ત્ર નથી કે જે પોતે ન સમજી શકે. છતાં ય ન સમજાય તો સમજવા માટે સામાના શિષ્ય પણ થઇ જવાની આંતર-પ્રતિજ્ઞા તેઓશ્રી ધરાવતા હતા.

એક વાર રસ્તે ચાલ્યા આવતા હાથીના તોફાનને લીધે પોતે જૈનમંદિરમાં પેસી ગયા; અને જિનમૂર્તિને જોતાં જૈન દર્શન અંગેના પોતાના મહાઅજ્ઞાનને લીધે ત્યાં શ્લોક બોલ્યા :—

"मूर्तिरेव तवाचष्टे स्पष्टं मिष्टभोजिताम् । न हि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाद्वलः ॥"

અર્થાત્ "તારી લષ્ટપુષ્ટ મૂર્તિ જ કહી રહી છે કે તું મિઠાઈ ઉડાવનારો છે! વૃક્ષના બખોલમાં અગ્નિ હોય તો તે લીલું છમ ન રહી શકે. લૂખું ભોજન હોય તો લષ્ટપુષ્ટતા ન હોઇ શકે."

ભવિતવ્યતા અને કાળની વિકરાળ સત્તાઓ શું કામ કરે છે! એજ આર્યવિભૂતિના કાને એકવાર જૈન સાધ્વીજીના મંગળ સ્વાધ્યાયનો અપરિચિત ધ્વનિ ગુંજ્યોઃ—

'चक्कीदुगं हरिपणगं केसव चक्की य केसवो चक्की...'

આનો અર્થ સમજવા તેઓ બહુ મથ્યા; પરંતુ ન સમજી શકવાથી મકાનની અંદર ગયા; અને મહાસાધ્વીજી શ્રી યાકિની મહત્તરાને વિનીત ભાવે અર્થ પૂછ્યો. સાધ્વીજીએ અર્થજ્ઞાન માટે ગુરુવર્ય શ્રી જિનભટ્ટ આચાર્યમહારાજની ભલામણ કરી, એટલે તેઓ આચાર્યશ્રીનું સ્થાન પૂછી ત્યાંથી નીકળી ગયા.

આટલી એક ગાથાને ન સમજી શકવાથી એમનો સુષુપ્ત આત્મા જાગ્રત થયો! નજર સામે સાધ્વીજીઓની જ્ઞાનધ્યાનમાં મગ્નતા, ઝીણામાં ઝીણા જંતુની રક્ષાર્થે કરાતી પ્રતિલેખના, સાંસારિક મોહમાયાથી તદ્દન અલિપ્તતા, ઉપશમ છલકતી મુખમુદ્રા, મહાવિનય, વગેરે વગેરે તરવરી રહ્યાં !! આચાર્યશ્રીના સ્થાને પહોંચ્યા, ત્યાં પાછું મુકામ આગળ એજ જિનમંદિર આવ્યું, પણ હવે તો જિનમૂર્તિને શીશસ્ત્રાદિનું સાન્નિધ્ય નહીં ! મુદ્રા પર છલકતો પ્રશમ સુધારસ ! સ્વ-સ્વરૂપમાં રમણુતા !... ઇત્યાદિએ એમને આવજર્યા ! એ પોકારી ઉઠ્યા;

'मूर्तिरेव तवाचष्टे स्पष्टं वीतरागताम् । नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाद्वलः ॥'

'(હે, દેવ!) તમારી મૂર્તિ જ સ્પષ્ટપણે તમારી વીતરાગતા કહી રહી છે. (ત્યારે તમારા આત્મસ્વરૂપનું તો શું પૂછવું ?) ઝાડના બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલું ન રહી શકે. અંતરાત્મામાં રાગદ્વેષાદિ હોય તો પ્રશાંતતા ન દેખાય.'

આચાર્ય મહારાજ પાસે જઈ તેમણે વિનય-વિધિપૂર્વક પેલા શ્લોકનો અર્થ માગ્યો, સૂરિદેવે કહ્યું, 'ક્રમશઃ ભણો.'

એમણે કહ્યું, 'કૃપા કરી ભણાવો.'

'એ માટે સાધુ જીવનમાં આવવું પડશે.'

પ્રતિજ્ઞાબદ્ધ આ મહાવિપ્ર આનાકાની વિના ત્યાં સાધુ બની ગયા! પછી તો ક્રમશઃ જૈન વાઙ્મયના અનેકાનેક ક્ષેત્રોમાં જેમ જેમ ઉંડા ઉતરતા ગયા, તેમ તેમ જૈનદર્શનની અધિકાધિક વિસ્તૃતતા અને અગાધતા નિહાળી! પછી તો એમની રગેરગમાં શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ અને જિનશાસનની પ્રીતિ વ્યાપી ગઈ. જૈનદર્શનનો આગવો નયવાદ, અનેકાંતવાદ, આગમ, કર્મસિદ્ધાન્ત, આગવો મોક્ષમાર્ગ, મહાસૂક્ષ્મ અહિંસા, પંચપરમેષ્ઠિ, વિશ્વનું સ્વરૂપ, ચતુર્વિધ સંઘ...એવી એવી તો કેટલીય વિશેષતાઓએ એમની પ્રજ્ઞાને ઘડી, પ્રતિભાને મઢી અને પરિણતિને મૈત્રી આદિ ભાવો સહિત મહાસંવેગ અને જિનાજ્ઞાની ભાવિતતા સાથે જડી! પરિણામ એ આવ્યું કે એ તત્ત્વોને મધ્યસ્થ દૃષ્ટિએ કસતા ગયા, અજ્ઞાન-પીડિત જીવોને દયાથી રસતા ગયા, અને વિશ્વને નવરચિત શાસ્ત્રરત્નો પીરસતા ગયા!

શાસ્ત્ર સર્જનઃ-તેઓશ્રીએ આવશ્યકસૂત્ર-નિર્યુક્તિ અને ભાષ્ય પર મહાવિવેચન, દશવૈકાલિક સૂત્ર પર વિશિષ્ટ વિવેચન, શ્રી પંચસૂત્ર ને શ્રી ચૈત્યવંદન સૂત્રાદિ પર માર્મિક વ્યાખ્યાઓનું સર્જન કર્યું. તેમ નૂતન ગ્રન્થોમાં યોગદૃષ્ટિ, યોગબિન્દુ, પંચવસ્તુ, ધર્મસંગ્રહણી, અનેકાંતજયપતાકા, ધર્મબિન્દુ, યોગશતક, સમરાઇચ્ચ કહા, અષ્ટક, ષોડશક, વિંશતિ વિંશિકા, પંચાશક વગેરે તત્ત્વતરબોળ ગ્રન્થોનું મહાસર્જન કર્યું!

શ્રી લલિતવિસ્તરામાં શું આવે છે?:—'શ્રી લલિતવિસ્તરા' એટલે તેઓશ્રીના મહાસર્જનનું જ એક ઝરણું! ભગવાન શ્રી અરિહંતદેવની ભાવસ્તવના માટેનું જે શ્રી ચૈત્યવંદન સૂત્ર, એના ઉપરની એ વ્યાખ્યા. 'લલિતવિસ્તરા' ટીકાગ્રંથ હોવા છતાં એક મહાશાસ્ત્ર છે. એમાં સૂત્રના પદે પદે શ્રી તીર્થંકરદેવની સ્તુતિ અર્થે યોજાયેલાં વિશેષણોમાં જે તત્ત્વજ્ઞાનગર્ભિતા છે, જૈન દર્શનની જે અસાધારણ વિશેષતાઓ છે, તે અણમોલ ખજાના શ્રી લલિતવિસ્તરામાં ખુલ્લા કરવામાં આવ્યા છે. એમાં પ્રતિપક્ષી અજ્ઞાન માન્યતાઓની સમીક્ષા સાથે જૈન દર્શનના અનેકાનેક મહાવિશિષ્ટ સિદ્ધાન્તો બુદ્ધિ અને તર્કની કસોટી પર કસાયેલા સમજવા મળે છે.

એટલું જ નહિ, પણ શ્રી લલિતવિસ્તરાના પીઠિકા વિભાગમાં ધર્મનો અધિકારી, ઇચ્છાયોગાદિ ત્રણ યોગ, સત્ક્રિયાનું સ્વરૂપ, વ્યાખ્યાનાં અંગ, વગેરે અનેકાનેક તત્ત્વોના મીઠા મેવા પીરસવામાં આવ્યા છે.

પછીથી આ ગ્રન્થરત્નમાં શ્રી અર્હત્પ્રભુના એકેક વિશેષણની વ્યાખ્યા કરતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પદે પદે સાંખ્યાદિ અનેક દર્શનોના સિદ્ધાન્તોના પૂર્વપક્ષની સચોટ રજુઆત કરવાપૂર્વક એની કડક સમીક્ષા તથા ત્રિકાલાબાધ્ય અને પરસ્પર સંવાદી એવા અનેકાનેક વિશિષ્ટ તત્ત્વોના પ્રકાશ પાથરે છે! આ બધાનો હૃદયસ્પર્શી બોધ આત્માને શ્રી વીતરાગ સર્વજ્ઞપ્રભુના ચરણે ઝુકાવી એમના મહામૂલા શાસન પર દઢ તત્ત્વશ્રદ્ધા સાથે કોઈ અનેરો સદ્ભાવ, અપૂર્વ બુદ્ધિતર્પણ, એ પ્રભુ પ્રત્યે અદ્ભુત આકર્ષણ અને ઉછળતી પ્રીતિ-ભક્તિના નંદનવનમાં વિહરતો કરી દે છે!

લલિતવિસ્તરા અને શ્રી સિદ્ધર્ષિગણી:—'શ્રી લલિતવિસ્તરા' શાસ્ત્રરત્નના અપૂર્વ પ્રભાવ ને વિશિષ્ટ માહાત્મ્યનું એક ચોક્કસ દૃષ્ટાન્ત જુઓ.

વિક્રમની નવમી શતાબ્દીનો એ કાળ હતો. શુભંકર શ્રેષ્ઠિના પુત્ર સિદ્ધર્ષિ કે જેઓ પ્રસિદ્ધ સંસ્કૃતકવિ માઘના પિતરાઇ ભાઇ થાય, એમણે ગર્ગર્ષિ નામના જૈન મુનિ પાસે સાધુ-દીક્ષા ગ્રહણ કરી અને ખૂબ શાસ્ત્રાધ્યયન કર્યું. તેઓશ્રીએ 'શ્રી ઉપદેશમાળા' નામના સુબોધક શાસ્ત્રની ભવ્ય વિવેચના રચી. ઉપરાંત સ્વતંત્ર શાસ્ત્ર તરીકે સમસ્ત સંસારના શુભાશુભ ભાવોને જીવંત પાત્ર બનાવી એક મહાન ક્રમબદ્ધ કથા (૧૬૦૦૦ શ્લોક પ્રમાણ) 'શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા' નામે શાસ્ત્ર

બનાવ્યું. સમગ્ર વિશ્વમાં આ રૂપકકથાનો ગ્રંથ અજોડ અને અસાધારણ ગ્રંથ છે. આ સર્જન પર જ્યારે એમને ' વ્યાખ્યાતૃ ચૂડામણિ'ના બિરુદ સાથે અદ્‌ભુત વિદ્વત્તાની પ્રશંસાથી નવાજવામાં આવ્યા, ત્યારે ખૂબી જુઓ કે એમણે ઉલટું એમ વિચાર્યું કે,

" અહો ! આ મારા પ્રશંસકો હજી મારી અલ્પજ્ઞતા નથી જાણતા ! મેં સ્વપરના તર્ક શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો છે, પણ બૌદ્ધોના પ્રમાણ શાસ્ત્રો નથી જોયાં. તે જોવા માટે દૂર એમના દેશમાં મારે જવું જોઇએ ! "

એમ વિચારી બૌદ્ધોના મઠમાં જવા માટે ગુરુની રજા માગી. જો કે એમના ગુરુએ ખરાબ નિમિત્ત જોઇ એમને ભાવી અનર્થની આગાહી કરી, તેમ છતાં તે ત્યાં ગયા, ત્યાં જઈ બૌદ્ધ દર્શનનો અભ્યાસ કરતાં કરતાં પોતાની અસાધરણ વિદ્વત્તા અને બુદ્ધિનો પરચો બતાવ્યો. એમાં બૌદ્ધોના કોઈ તેવા મંત્ર પ્રયોગાદિ કારણો ઉપસ્થિત થયાં કે જેથી એ બૌદ્ધ તત્ત્વોમાં આકર્ષાયા, અને ત્યાં કાયમ રહી જવા ગુરુને જણાવવા ગુરુ પાસે આવ્યા.

એક વૃતાન્ત મુજબ ગુરુએ એમની ભ્રાન્તિ નિવારવા ' શ્રી લલિતવિસ્તરા ' વાંચવા આપી. બીજા વૃતાન્ત મુજબ પ્રતિદલીલોથી એમને ગુરુએ પાછા માર્ગસ્થ કર્યા, ત્યારે વળી એ બૌદ્ધ મઠમાં 'ના' કહેવા ગયા. ત્યાં બૌદ્ધોએ વળી એમને ચલિત કર્યા. પાછા અહીં ગુરુદેવને 'ના' કહી દેવા આવ્યા. ત્યારે ગુરુએ વળી એમને તર્કથી સ્વસ્થ કર્યા ! પાછા બૌધમઠમાં 'ના' કહેવા ગયા.....આમ એકવીસ વાર બન્યું ! આ પરથી ગુરુને છેવટે લાગ્યું કે—

' આવી ચળવિચળતાનો અર્થ એ છે કે મિથ્યાદર્શનની ભ્રામક યુક્તિઓ સામે પ્રતિપક્ષી સાચી દલીલો જ બસ નથી, કિન્તુ જૈનદર્શનની અલાયદી વિશેષતાઓ, તત્ત્વો અને સર્વાંગીણ દૃષ્ટિનો હૃદયભેદી પ્રકાશ પણ આવશ્યક છે; જેથી ચિત્ત એવું સુસ્થિર થઈ જાય કે પછી સામેથી ગમે તેવી યુક્તિ-પ્રયુક્તિ આવે તો પણ એ સત્ તર્ક છે કે અસત્ તર્ક, એનો વિવેક કરી શકે; અને સામાના મિથ્યાપણા ઉપરાંત જૈનદર્શનની અગાધ વિશાળતા આગળ એની મહાઅલ્પતા ધ્યાનમાં આવે. એટલે તેઓ એમને જૈનદર્શનની એ યથાર્થતા તથા અગાધ વિશેષતાઓને સમજાવનાર આ શ્રી' લલિતવિસ્તરા' ગ્રન્થ વાંચવા આપી પોતે બહાર ચાલ્યા ગયા.

શ્રી સિદ્ધર્ષિ ગણી જેમ જેમ એ વાંચતા ગયા તેમ તેમ પરમાત્મા શ્રી જિનેશ્વરદેવ અને જૈનદર્શનની અગાધ તાત્ત્વિક વિશેષતાઓ તેમજ મહાવિસ્તારનો નવીન પ્રકાશ એમના હૃદયમાં ઝગમગી ઉઠ્યો ! એમને એમ થયું કે ' અહો, સ્વાર્થથી ભ્રષ્ટ કરનારા પરના વચનથી કાચના સાટે રત્ન હારી જવાની કેવી મેં મહામૂર્ખાઈ કરી !! ખરેખર, આ શ્રી લલિતવિસ્તરા દ્વારા મને તત્ત્વોનો અને સન્માર્ગનો પ્રતિબોધ કરનાર આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ મારા ધર્મગુરુ બન્યા ! જાણે એમણે ભવિષ્ય જાણી મારે માટે જ આ શાસ્ત્ર રચ્યું ! મારા દીક્ષા-ગુરુએ આ આપવા દ્વારા મારા પર અચિન્ત્ય ઉપકાર કર્યો છે ! એમની ચરણરજને સદાને માટે હું મારા મસ્તકે ધરીશ. કેમકે તેઓ લોકોત્તર પુરુષ છે.' પછી તો પ્રાયશ્ચિત્ત કરી, એ સિદ્ધર્ષિ ગણી પ્રકાણ્ડ વિદ્વાન ને પ્રભાવક જૈનાચાર્ય બન્યા, અને એમણે જૈનદર્શનની જયપતાકા જગતમાં લહેરાવી. આ છે શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રના દિવ્ય પ્રભાવનો એક નમુનો !

' લલિતવિસ્તરા 'ના ટીકાકાર:- વિક્રમના બારમા સૈકામાં પ્રખર વિદ્વાન આચાર્યશ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજ થયા, કે જેમણે અનેકાનેક ભવ્ય વ્યાખ્યા-ગ્રન્થો વગેરે રચ્યું છે. એમના ધુરંધર પ્રભાવક શિષ્ય આચાર્યશ્રી વાદિદેવસૂરિજી મહારાજ થઇ ગયા કે જેમણે દિગંબર મહાવાદી કુમુદચન્દ્રને

વાદના પ્રારંભે જ નિરુત્તર કરી શ્વેતાંબર સંઘની શાન વધારી, ને જૈન પ્રમાણુ અને નય ઉપર 'પ્રમાણુનય-તત્ત્વાલોકાલંકાર' નામનો સૂત્રાત્મક ગ્રન્થ રચ્યો. તેના પર પોતે જ અનેકાનેક જટિલ દાર્શનિક વાદોથી ભરેલા સાગરસમા 'સ્યાદ્વાદ રત્નાકર' નામના શાસ્ત્રને રચ્યું. આવા સરસ્વતીના અવતાર સમા તથા જૈનધર્મના મહાપ્રભાવક શિષ્યને તૈયાર કરનાર જે આચાર્ય શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજ, તેમણે પણ અનેક તત્ત્વગંભીર ભવ્ય શાસ્ત્રો રચવા ઉપરાંત 'શ્રી લલિતવિસ્તરા' શાસ્ત્રના ગંભીર ભાવો જોઇ એના પર પણ 'પંજિકા' નામની અતિ ઉપયોગી અર્થગંભીર વિવેચના લખી છે. એના પ્રતાપે આજે આપણે શ્રી લલિતવિસ્તરાને કંઇક સમજવા શક્તિમાન બની શકીયે છીએ.

અનુયોગનું સ્વરુપ :—લલિતવિસ્તરા પર પંજિકા-વ્યાખ્યા લખતાં આચાર્યદેવ શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજે મંગલાચરણમાં અનુયોગ-વૃદ્ધોને નમસ્કાર કર્યો છે.

અનુયોગ-વૃદ્ધો એટલે ૧. દ્રવ્યાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. ધર્મકથાનુયોગ અને ૪. ચરણકરણાનુયોગની વસ્તુને મૂળમાં અર્થથી કહેનાર પૂજય પુરુષ તીર્થંકરદેવ, તથા એને સૂત્રમાં પ્રતિબદ્ધ કરનાર શ્રી ગણધર ભગવંતો. અનુયોગ-વૃદ્ધનો આ એક અર્થ છે.

૧. જૈન આગમમાં દ્રવ્યાનુયોગ વગેરે ચાર પ્રકારે વિષયોની વહેંચણી કરવામાં આવી છે, તેમાં દ્રવ્યાનુયોગમાં પંચાસ્તિકાય, દ્રવ્ય-પર્યાયો, ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્યની મહાસત્તા, તત્ત્વો, આત્મા, કર્મ, અનેકાન્તવાદ, પ્રમાણુ, નય, ભંગ, તર્ક, જ્યોતિષ, નિમિત્ત, વિદ્યા, મંત્ર, પરમાણુ આદિ પુદ્ગલો, ચૌદ રાજલોક વગેરે અનેક વિષયોથી ભરપૂર ષડ્દ્રવ્યોનું વિવેચન આવે છે.

૨. ગણિતાનુયોગમાં ગ્રહ-નક્ષત્રાદિના ચાર, ચતુર્ભંગી વગેરે અનેક પ્રકારોનું-ગણિત ચર્ચેલું છે.

૩. ધર્મકથાનુયોગમાં ધર્મબોધક કથાઓનો સાગર ભરેલો છે.

૪. ચરણકરણાનુયોગમાં મોક્ષમાર્ગ, સાધુધર્મના અહિંસાદિ મૂળવ્રતરૂપી ચરણ અને ઉત્તર ગુણોરૂપ કરણ, ગૃહસ્થધર્મ, માર્ગ-ઉન્માર્ગ, ઉત્સર્ગ-અપવાદ, પંચાચાર, આલોચના-પ્રાયશ્ચિત્ત વગેરે અનેક વિષયોનું નિરૂપણ આવે છે.

અથવા અનુ=સૂત્રને અનુસરીને, યોગ=અર્થને યોજવો, તેનું નામ અનુયોગ. અનુયોગ એટલે સૂત્રના અર્થનું કથન, સૂત્રની વ્યાખ્યા. અનુયોગવૃદ્ધ એટલે એ વ્યાખ્યા કરનાર ચૌદ પૂર્વધર આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પ્રમુખ પૂર્વ મહર્ષિઓ. એમને નમસ્કાર કરી લલિતવિસ્તરા શાસ્ત્રના કેટલાક પદો પર પંજિકા નામે યત્કિંચિત્-વ્યાખ્યા રચું છું,-એમ શ્રી પંજિકાકાર મહર્ષિ કહે છે.

ગ્રન્થનું મહાન ગૌરવ :—પછી લલિતવિસ્તરાનો જે પ્રભાવ આપણે વર્ણવી ગયા તેને જણાવતાં ટીકાકાર લખે છે કે 'આ એવો ગ્રન્થ છે કે જેણે બુદ્ધના કહેલા શાસ્ત્રોથી ચલવિચલ થયેલ વ્યાખ્યાતા-શિરોમણિ શ્રી સિદ્ધર્ષિ ગણી મહારાજના આત્માને પ્રતિબોધ કરેલો; અને તેથી જ એ મહર્ષિએ પોતાના ગ્રન્થમાં લલિતવિસ્તરાકાર આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને પોતાના ગુરુ તરીકે સ્વીકારી એમને નમસ્કાર કર્યો છે.'

પરમ તેજ:—બૌદ્ધ શાસ્ત્રોની કેટલીક ભ્રામક યુક્તિઓ અને પ્રલોભક પ્રતિપાદનોથી સર્જાયેલી ચલવિચલતાનું નિવારણ જૈનદર્શનની માત્ર સામી સુદલીલોથી શકય ન બન્યું, કિન્તુ જૈનદર્શનની રહસ્યમય અને યુક્તિસિદ્ધ ભવ્ય અગાધ વિશેષતાઓના પરમ તેજથી બન્યું! એ પરમ તેજ 'શ્રી લલિતવિસ્તરા' ગ્રન્થે આપ્યું! તો આપણને સહેજે થશે કે, 'આવું તે કેવું તેજ લલિતવિસ્તરાએ આપ્યું?' પણ ખરેખર એમ જ કહેવાય કે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ ગ્રન્થ દ્વારા પ્રગટ કરેલા પરમ તેજનો ચમત્કાર તો સૂક્ષ્મ અને વિશાળ પ્રજ્ઞાથી આ શાસ્ત્ર-સમુદ્રનું અવગાહન કરનારા જ

અનુભવી શકે, કે જે શાસ્ત્ર-સમુદ્રમાં, પરમ તેજ શ્રી અરિહંત પરમાત્માને કરાતી વંદનાની સફલતાનું રહસ્ય ભર્યું પડ્યું છે, ધર્મના અધિકારી બનવામાં જરૂરી કેઇ મૂળભૂત ગુણોના વર્ણન આલેખાયા છે, અનધિકારીને આપત્તામાં નિપજતા અનર્થોનું સયુક્તિક વર્ણન છે, વ્યાખ્યા પ્રારંભ કરવામાં અતિઆવશ્યક સાત વિશિષ્ટ ભૂમિકાઓની સમજૂતી અપાયેલી છે, ચૈત્યવંદનની અદ્‌ભુત પ્રાગ્‌વિધિનું દિગ્‌દર્શન કરાયેલું છે, દ્રવ્ય-ભાવપૂજા, અરિહંત દેવના અતિશયો, ઇત્યાદિના રોચક વર્ણનો જેમાં રસમય રીતિએ પથરાયાં છે, ઉપરાંત 'નમુત્થુણં' સૂત્રના 'આઇગરાણં' પદથી માંડી દરેક પદના વિવેચનમાં સાંખ્ય વગેરે એનેક દર્શનોના અનેકાનેક મંતવ્યોના યુક્તિસહિત સ્પષ્ટીકરણ અને મધ્યસ્થભાવે એના પર જૈનદર્શનની અકાટય તર્કપૂર્વક વિશિષ્ટ સમીક્ષા તથા વિશ્વના નૈસર્ગિક તત્ત્વભૂત શ્રી અરિહંત પ્રભુની ઉપરાપર અપૂર્વ વિશેષતાઓનું સચોટ પ્રતિપાદન ઇત્યાદિ...ભર્યું પડયું છે!

આ પરમતેજ મળવાથી શ્રી સિદ્ધર્ષિ મહારાજને પદાર્થ-વિસ્તાર અને તત્ત્વ-ગંભીરતા ભર્યા જૈનદર્શનની આગળ બૌદ્ધ-દર્શન તો એક ખાબોચિયા જેવું લાગ્યું! બૌદ્ધદર્શનના ખજવા પ્રકાશની સામે જૈનદર્શનના સૂર્યશા જવલંત પ્રકાશની અનુપમતા અને વ્યાપક વિશાલતા-અગાધતા જોઈ પોતાને થયેલી ચંચળતા અને મિથ્યાત્વવશતા પર એમને ઘોર પશ્ચાત્તાપ થયો! જિન અને જિનોકત તત્ત્વો પ્રત્યે અટલ અને અપાર શ્રદ્ધા, પ્રીતિ તથા ભક્તિનો એમને હૈયે સાગર ઉછળ્યો!

જો કે સિદ્ધર્ષિગણી મહારાજ લલિતવિસ્તરાકાર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પછી સદીઓના અંતરે થયા છે, છતાં એ શાસ્ત્રથી પોતાને થયેલ અસીમ ભાવોપકારની કૃતજ્ઞતાવશ તેમણે પોતાના 'ઉપમિતિભવપ્રપંચા કથા' નામના મહાશાસ્ત્રમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને ગુરુ તરીકે સ્વીકારી નમસ્કાર કર્યો છે.

વાત પણ સાચી છે કે આત્મા જયારે મિથ્યાત્વમાં ફસાઇને અહિંસાદિ મહાવ્રતના સર્વવિરતિ -મહાધર્મથી ભ્રષ્ટ બને, અને તત્ત્વશ્રદ્ધા પણ તોડી નાખી નરકાદિ દુર્ગતિમાં ચિરકાળ દુઃખદ ભ્રમણ ઉભું કરે ત્યારે ત્યાં જો કોઈ એને ભવ્ય પ્રતિબોધ કરી મિથ્યાત્વ ઓકાવવા પૂર્વક પાછો સમ્યગ્‌દર્શન અને સર્વવિરતિ ગુણસ્થાનકમાં સુસ્થિર કરી દે, તો એને એમાં ભાવી અસંખ્ય કાળની દુર્ગતિના પતન ટાળ્યાં જ લાગે, સદ્‌ગતિનાં દ્વાર ખોલી આપી મોક્ષ પ્રતિ પ્રયાણ આપ્યાં લાગે! એ ઉપકારનો બદલો વાળવાનું અશકય દેખાય! શ્રી સિદ્ધર્ષિ ગણી મહારાજ તો ત્યાં સુધી લખે છે કે 'આ લલિતવિસ્તરા ગ્રન્થ, માનો કે, મારા માટે જ લખાયો છે!'

ગ્રન્થ વિવેચનમાં જરૂરી ત્રણ અંગ :—પંજિકાકાર આચાર્યશ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજ આવા ગંભીર 'લલિતવસ્તરા' શાસ્ત્રની ટૂંકી પણ વ્યાખ્યા કરતી વખતે પોતે ત્રણ સાધનોથી સજજ હોવાનું જણાવે છે, અને તેથી શાસ્ત્રવિવેચન કરવામાં ત્રણ અંગોની આવશ્યકતાનું આપણને ગર્ભિત સૂચન કરે છે. (૧) શાસ્ત્રમાં બીજા સ્વ-પર ગ્રન્થોએ કહેલા કેટલાય પદાર્થોનો વિધાન યા ખંડન રૂપે ઉલ્લેખ હોય છે, તેથી અન્ય શાસ્ત્રોનું પણ અવલોકન-અનુભવ જરૂરી છે. (૨) વળી પ્રસ્તુત શાસ્ત્રમાં એવા કોરાં વિધાન અને ગૂઢ રહસ્યો પણ હોય છે કે જેને સ્પષ્ટ કરવા માટે 'ઊહા' અર્થાત્ સમ્યક્-તર્કશક્તિ અને સમન્વય-શક્તિ પણ હોવી આવશ્યક છે. (૩) એમાંય પાછી કયાંક અજ્ઞાનતા કે વિપરીતભાવ ન થઈ જાય, માટે વિદ્વાન પૂર્વપુરુષોનો 'સંપ્રદાય' અર્થાત્ શાસ્ત્રોક્ત પદાર્થો સંબંધી મોંઢેથી ચાલ્યા આવતા પઠનપાઠનની પરંપરા પ્રાપ્ત થવી જરૂર છે. વિચારો કે સંપ્રદાય, ઊહા અને અન્ય શાસ્ત્રોનો અનુભવ હોય તો વ્યાખ્યાન-વિવેચનમાં કાંઈ બાકી રહે? કે કોઈ વિપરીતતા થાય? ત્યારે એ ત્રણ ન હોય તો શું વિવેચનમાં મૂળ ગ્રન્થને ન્યાય આપવાનું બને? કે અન્યાય થઇ જવો સંભવે? તેમ એ ત્રણ વિના યથાર્થ અને તલસ્પર્શી બોધ થાય ખરો?

મંગળ

'ललितविस्तरा' ગ્રન્થનો પ્રારંભ કરતાં ગ્રન્થકાર મંગલશ્લોકની રજુઆત કરે છે:–

प्रणम्य भुवनालोकं महावीरं जिनोत्तमम् ।
चैत्यवन्दनसूत्रस्य व्याख्येयमभिधीयते ॥१॥

" **અર્થ** :— વિશ્વના પૂર્ણ જ્ઞાતા જિનેશ્વરદેવ શ્રી મહાવીર પરમાત્માને પ્રણામ કરીને ચૈત્યવંદન-સૂત્રની આ વ્યાખ્યા કહેવામાં આવે છે."

વિવેચના:–

અનુબન્ધ ચતુષ્ટય:—અહીં પહેલું તો એ જુઓ કે આ શ્લોકમાં ચાર વસ્તુમાં શબ્દત : મંગળ અને આ ગ્રન્થનો વિષય નિર્દેશ્યો; અને અર્થાપત્તિથી પ્રયોજન તથા સંબંધ સૂચિત કર્યા. આ મંગળાદિ ચારને ' અનુબન્ધ ચતુષ્ટય ' કહેવામાં આવે છે.

(૧) મંગળ:—કોઈપણ શુભકાર્ય કરવાના પ્રારંભે મંગળ કરવું જોઈએ, કેમકે શુભ કાર્ય આપણે પાર પાડવું છે. અને ' **श्रेयांसि बहुविघ्नानि** ' ' કલ્યાણ કાર્યો બહુ વિઘ્નભર્યાં હોય છે.' એ વિઘ્નોનો નાશ કરવામાં આવે તો આદરેલું શુભ કાર્ય પાર પડે. પરમાત્મા વગેરેને નમસ્કાર અથવા એમનું સ્મરણ કરવારૂપ મંગળમાં વિઘ્નોનો નાશ કરવાની પ્રબળ શક્તિ રહેલી છે.

પ્ર૦:—વિઘ્નો તો ગત જન્મોમાં અસત્પ્રવૃત્તિથી ઉભાં થયેલાં પાપકર્મરૂપ છે, એનો નાશ પ્રભુના નમન માત્રથી શી રીતે થાય ?

ઉ૦:—જૈન દર્શનમાં એનો વૈજ્ઞાનિક ઉત્તર એ છે કે એ પાપો ઉભાં થવામાં મુખ્ય કારણ તો એ અસત્ પ્રવૃત્તિ વખતે આત્મામાં જાગેલ અશુભ અધ્યવસાય હોય છે; તેથી સહજ છે કે એની સામે શુભ અધ્યવસાયથી એ પાપો નાશ પામી શકે. ઠંડીથી લાગેલી શરદી ગરમીથી મટે. વીતરાગ પરમાત્માને નમસ્કાર કે તેમનું સ્મરણ કરવા રૂપ મંગળ કરવાથી શુભ અધ્યવસાય પ્રગટે છે; એ પ્રસ્તુત કાર્યમાં નડતા અંતરાયો અર્થાત્ વિઘ્નભૂત પાપોનો નાશ કરી દે છે. માટે નમસ્કાર–મંગળ એ મહાન કર્તવ્ય છે. બીજું એ પણ છે કે આર્યદેશમાં શિષ્ટપુરુષોનો આચાર છે કે મંગળ કરવું. તેથી મંગળ કરવામાં એ શિષ્ટાચારનું પાલન પણ થાય છે. સુજ્ઞજનો શિષ્ટાચારને ઓળંગે નહિ, માટે ઉત્તમ મંગળ તરીકે અહીં શ્રી મહાવીર પરમાત્માને નમસ્કાર કરવામાં આવ્યો.

પ્ર૦:—મંગળ મનમાં કરી લો, ગ્રન્થમાં એનો ઉલ્લેખ શા માટે ?

ઉ૦:—શિષ્યોને અને ગ્રન્થવાચકોને પણ એ ઉલ્લેખથી મંગળના કર્તવ્યનું ભાન થાય અને પ્રસંગ–પ્રસંગ પર પોતે પણ મંગળ કરે, તેથી મંગળને ગ્રન્થારૂઢ કરવામાં આવે છે.

(૨) વિષય:—ગ્રન્થમાં જે વસ્તુ વર્ણવવાની હોય તેને વિષય કહે છે, અભિધેય કહે છે. એ પણ પ્રારંભે બતાવવો જોઈએ. નહિતર ગ્રન્થમાં પોતાને ઇષ્ટ વિષય છે, એમ જાણ્યા વિના પ્રેક્ષાવાન

પુરુષ અર્થાત્ વિચારક માણસ ગ્રન્થને હાથમાં ન લે. એ પુરુષો નિષ્ઠાબદ્ધ હોઈને ઉપયોગી પ્રવૃત્તિમાં જ પડે છે. માટે અહીં ઉપયોગી વિષયનો નિર્દેશ પણ આવશ્યક છે. પ્રસ્તુતમાં ચૈત્યવંદન સૂત્રની વિવેચના કરવાનું કહીને એ સૂત્રમાં ભરેલા ભાવાર્થ, રહસ્યાર્થ અને પ્રાસંગિક વિષયને અભિધેય તરીકે બતાવ્યો.

(૩) **પ્રયોજનઃ**—પ્રયોજન એટલે હેતુ, ફળ. શા હેતુએ અર્થાત્ કયા ફળ માટે ગ્રન્થ રચો છો ? એ પ્રયોજન દેખાડવું જોઇએ. પ્રયોજન વિના તો મૂર્ખ પણ પ્રવૃત્તિ નથી કરતો, પછી **સુજ્ઞ** તો શાનો જ કરે ? અહીં ગ્રન્થકાર-મહર્ષિનું ગ્રન્થ રચવામાં સાક્ષાત્ પ્રયોજન અલ્પબુદ્ધિ જીવોને બોધ કરાવવાનું છે. એ આગળ કહેશે. પારંપરિક પ્રયોજન મોક્ષ છે. શ્રોતાને પણ સાક્ષાત્ પ્રયોજન સુત્રાર્થનો બોધ, અને પારંપરિક પ્રયોજન મોક્ષ છે.

(૪) **સંબન્ધ :**—શું શાસ્ત્ર તમારી કલ્પનામાંથી જન્મ્યું કે એને કોઇ પ્રસિદ્ધ અને ઈષ્ટ વસ્તુ સાથે સંબન્ધ છે ? અગર પૂર્વાચાર્યના કથન સાથે સંબંધ છે ? સંબંધ નહિ હોય તો શ્રદ્ધાળુ જન એમાં શી રીતે પ્રવર્તશે ? એને કોના સંબંધમાં સમજશે ? માટે સંબંધ દર્શાવવો ય જરૂરી છે. તેથી એ જાણીને પાઠકને ગ્રન્થ પર વિશ્વાસ બેસે, આદર વધે, તેમજ ગ્રન્થની કેવળ કાલ્પનિકતાને બદલે સમૂલકતા સિદ્ધ થાય. તો લલિતવિસ્તરા ગ્રન્થનો સંબન્ધ (૧) અરિહંત અને જૈન દર્શનની વિવિધ વિશિષ્ટતાઓ તથા દર્શનોરૂપી નક્કર વિષયો સાથે 'અભિધાનાભિધેય' સંબન્ધ છે. અર્થાત્ ગ્રન્થ એ અભિધાનરૂપ છે, શબ્દરૂપ છે, ને તેનું અભિધેય અરિહંત વિગેરે છે. અથવા (૨) ચૈત્યવન્દન મહાસૂત્રની સાથે આ ગ્રન્થનો 'વ્યાખ્યાન-વ્યાખ્યેય' સંબંધ છે. અહીં ગ્રન્થ એ વ્યાખ્યા-ગ્રન્થ છે, વ્યાખ્યાન છે, ચૈત્યવંદન સૂત્ર પોતે વ્યાખ્યેય અર્થાત્ વ્યાખ્યાનનો વિષય છે, વ્યાખ્યાન કરવા યોગ્ય છે. (૩) તેમજ ગ્રન્થનો સંબન્ધ 'ગુરુપર્વક્રમ' પણ બની શકે છે. ગુરુપર્વક્રમ એટલે પૂર્વ મહર્ષિ ગુરુઓની પરંપરાથી પ્રાપ્ત અર્થની સાથે આ શાસ્ત્રનો સંબન્ધ છે; તેથી આમાં કાલ્પનિકતા નથી, વાસ્તવિકતા છે. આ સંબંધોને લીધે ગ્રંન્થ ખૂબ જ વિશ્વસનીય અને આદરણીય છે.

મંગળશ્લોકનો વિશેષાર્થ:—વિશેષાર્થમાં ૧. ભુવનાલોક, ૨. જિનોત્તમ, ૩. મહાવીર અને ૪. પ્રણામ, આ ચાર વસ્તુઓનો કંઈક વિચાર કરવાનો છે. એમાં પહેલાં ત્રણ એ પ્રભુના વિશેષણ છે.

(૧) **ભુવનાલોક :**—'ભુવન' એટલે ઉર્ધ્વ, મધ્ય અને અધો જગત; ભુવન એટલે ત્રણે ય કાળની સકલ અવસ્થાઓ (પાર્યાયો) સહિત સમસ્ત દ્રવ્યો. એનો 'આલોક' અર્થાત્ અભિવ્યાપ્તિથી થતું જ્ઞાન. એવા વિશ્વજ્ઞાનવાળા મહાવીર 'ભુવનાલોક' બન્યા.

પ્ર૦—'વિશ્વનું અભિવ્યાપ્તિથી થતું જ્ઞાન' એનો શો અર્થ છે?

ઉ૦—સમસ્ત વિશેષ અને સમસ્ત સામાન્ય, ઉભય રૂપે થતું વિશ્વનું જ્ઞાન એ અભિવ્યાપ્તિથી થતું વિશ્વજ્ઞાન છે. એ, આત્મા વીતરાગ બની જ્યાં સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છે, ત્યાં કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વરૂપે પ્રગટે છે. એમાં 'કેવળજ્ઞાન ત્રણે ય કાળના સમસ્ત પદાર્થોને વિશેષ રૂપે જુએ છે, અને 'કેવળદર્શન' એને જ સામાન્યરૂપે જુએ છે.

પ્ર૦ - સામાન્ય રૂપે અને વિશેષ રૂપે એટલે શું ?

ઉ૦—જગતની દરેક વસ્તુ બે સ્વરૂપે હોય છે, ૧. સામાન્ય રૂપે અને ૨. વિશેષરૂપે. સામાન્યરૂપે એટલે બીજી વસ્તુઓની સાથે સમાન રૂપે; ને વિશેષ રૂપે એટલે બીજી વસ્તુઓ કરતાં જુદાઈ-રૂપે; દા. ત.

તિર્યક્ સામાન્યઃ—મનુષ્યને બીજા મનુષ્યોની હરોળમાં જોતાં એ સમાનરૂપે દેખાય છે. જ્યારે, બીજા પશુઓની અપેક્ષાએ જોતાં જુદાઇવાળો અર્થાત્ વિશેષ રૂપે દેખાય છે. આમ, મનુષ્ય સામાન્ય રૂપવાળો

પણ છે, અને વિશેષ રૂપવાળો પણ છે. આમાં સામાન્યરૂપતા તે જ કાળમાં રહેલા બીજા પદાર્થોની દૃષ્ટિએ છે. જૈનદર્શન એને '**તિર્યક્ સામાન્ય**' કહે છે.

ઉર્ધ્વતા સામાન્યઃ--હવે ઉત્તરોત્તર જુદા કાળની વસ્તુઓની અપેક્ષાએ પણ સામાન્યરૂપતા છે, તે જુઓ! એજ મનુષ્ય જન્મ્યા પછી એ જીવનમાં બાળ થાય, યુવાન થાય, ગમે તે થાય, પણ એ દરેક અવસ્થામાં એ મનુષ્ય તો ખરો જ. પશુ નહીં, એ દૃષ્ટિએ જોતાં એ બધી ઉત્તરોત્તર બનતી જુદી જુદી અવસ્થાઓમાં 'મનુષ્ય' તરીકેનું એક સમાનરૂપ વણાયેલું છે; અર્થાત્ એ બધી વિશેષ છે; અને મનુષ્ય સામાન્ય છે. જ્યારે એજ મનુષ્યનો આત્મા પૂર્વ જન્મમાં જે કાંઇ દેવ, તિર્યંચ વગેરે હતો, ને વર્તમાન મનુષ્યનો ભવ પૂરો કરી આગામી જન્મમાં દેવ, તિર્યંચ વગેરે થવાનો છે, એ બધા દેવ, તિર્યંચ મનુષ્ય વગેરે વિશેષરૂપો છે, તો એમાં 'મનુષ્ય' પણ એક વિશેષરૂપ બન્યું, ત્યાં આત્મા એ સામાન્ય અને મનુષ્ય એ વિશેષરૂપ છે. ત્યારે બાળ, યુવાન વગેરે વિશેષ ભાવોમાં વણાઇ રહેલ મનુષ્ય સામાન્યરૂપ છે. આ સમાનભાવ ઉર્ધ્વતા સામાન્ય કહેવાય છે.

અનેકાન્તવાદઃ—એટલું ખરૂં કે વસ્તુ એકલા સામાન્ય કે એકલા વિશેષરૂપે નથી હોતી; પણ બંને રૂપે હોય છે. જૈનદર્શન આ સમજાવતી વખતે બીજાં દર્શનો કરતાં જુદું તરી આવે છે. કેમકે બીજાઓ એકાંતે એક ધર્મ અર્થાત્ એકલું સામાન્યરૂપ અગર એકલું વિશેષરૂપ વગેરે પકડી ચાલે છે; જેમકે, વેદાન્ત દર્શન શુદ્ધ-પરમબ્રહ્મ-સ્વરૂપ એક માત્ર સામાન્ય રૂપ માને છે, તો બૌદ્ધ નિરનિરાળા ક્ષણિક પદાર્થસ્વરૂપ એક માત્ર વિશેષરૂપ સ્વીકારે છે. ત્યારે ન્યાય-વૈશેષિક દર્શનો ઘટત્વાદિ જાતિઓને એક માત્ર સામાન્યરૂપે અને પરમાણુ આદિ નિત્ય દ્રવ્યોમાં રહેલ વિશેષ નામના પદાર્થને એક માત્ર વિશેષરૂપે સ્થાપિત કરે છે. આવા સ્વીકાર એકાંતવાદ કહેવાય. જૈનદર્શન કહે છે દરેક વસ્તુમાં એકાંતે સામાન્યરૂપ જ છે, એમ નહિ, તેમ એકલું વિશેષરૂપ જ છે, એમ પણ નહિ, કિંતુ સામાન્યરૂપ પણ ખરૂં અને વિશેષરૂપ પણ ખરૂં; અર્થાત્ વસ્તુમાં સામાન્ય-વિશેષ ઉભય સ્વરૂપ છે. આ પ્રતિપાદનને **અનેકાંતવાદ** કહેવાય છે, સ્યાદ્વાદ કહેવાય છે. અનેકાંતવાદમાં માત્ર સામાન્ય-વિશેષ નહિ, પરંતુ ભિન્ન-અભિન્નતા, નિત્ય-અનિત્યતા, સત્-અસત્તા વગેરે અનેક યુગલના સ્વીકાર કરવામાં આવે છે.

આમ પ્રત્યેક વસ્તુ અનેકાનેક સામાન્ય અને અનેકાનેક વિશેષરૂપે ખરેખર હોવા છતાં વસ્તુને જે સમયે આપણે સામાન્ય રૂપે જોઇએ છીએ તે જ સમયે વિશેષરૂપે નથી જોઈ શકતા. દા. ત. જ્યાં પશુઓ અને મનુષ્યો સાથે ઉભા હોય, ત્યાં જો "આ ગાય-ભેંસ પશુ છે, ને આ મનુષ્ય છે," એવું જ્ઞાન થાય, તો તે જ વખતે 'આ જીવ છે આ ય જીવ છે અને આ પણ જીવ છે.' એવું જ્ઞાન નથી થતું. એવું ઉલટી રીતે પણ સમજવાનું; એટલે એક વસ્તુ જ્યારે સામાન્યરૂપે દેખાય છે ત્યારે વિશેષરૂપે નથી ભાસતી અને જ્યારે વિશેષરૂપે દેખાય છે ત્યારે સામાન્યરૂપે નથી ભાસતી. વસ્તુ સામાન્યરૂપે જોવાય તેને **દર્શન** કહેવાય છે, અને વિશેષરૂપે જોવાય તેને **જ્ઞાન** કહેવામાં આવે છે. જગતના ત્રણેય કાળના સમસ્ત પદાર્થો સામાન્યરૂપે **કેવળદર્શનથી** જોઈ શકાય છે અને વિશેષરૂપે **કેવળજ્ઞાનથી** જોઈ શકાય છે. શ્રી મહાવીર પ્રભુને આ બંને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ્યાં હોવાથી એ સકલ સામાન્યરૂપે અને સકલ વિશેષરૂપે સમસ્ત વિશ્વના જ્ઞાતા બન્યા છે.

આત્માની સાબિતિ અને જ્ઞાનનું સ્વરૂપ :—

પ્રઃ—શું સમસ્ત વિશ્વનું જ્ઞાન થવું શકય છે ?

ઉઃ—હા, આ સમજવા માટે અહીં જ્ઞાનનો મૂળ પાયો સમજી લેવાની જરૂર છે.

એટલું તો નક્કી છે કે જેવી રીતે સાકર અને પાણીના મિશ્રણમાં જણાતી મિઠાશ અંગે મન નક્કી કરે છે કે 'આ મિઠાશ પાણીનો ગુણ તો નથી, તેથી મિઠાશના ગુણવાળું ખાસ દ્રવ્ય સાકર વગેરે પાણીમાં ભળેલું હોવું જ જોઈએ.' તેવી રીતે જ્ઞાન-ઇચ્છા, સુખ-દુઃખ, ક્ષમા-ગુસ્સો વગેરેની લાગણીઓ શરીરના ગુણ તો માની શકાય નહિ. નહિતર મડદામાં જ્ઞાનાદિ કેમ ન જણાય ? માટે માનવું જ જોઈએ કે એ જ્ઞાનાદિ-ગુણવાળું આત્મા નામનું કોઈ સ્વતંત્ર દ્રવ્ય શરીરમાં ભળી ગયેલ છે, તેથી જ્ઞાનાદિ શરીરમાં ભાસે છે.

હવે અહીં પ્રશ્ન એ થાય કે જ્ઞાન આત્મામાં ક્યાંથી આવ્યું ? **ન્યાયાદિ દર્શનો** કહે છે કે 'ઇન્દ્રિયો વગેરે સામગ્રીથી આત્મામાં જ્ઞાન નામનો નવો ગુણ ઉત્પન્ન થાય છે. અર્થાત્ જ્ઞાન આગન્તુક ગુણ છે.' **જૈનદર્શન** કહે છે કે 'જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, સ્વભાવિક ગુણ છે, પરંતુ તે જ્ઞાન-ગુણ પર કર્મના આવરણ ચઢી ગયેલા હોવાથી એ ઢંકાયેલું રહે છે, અપ્રગટ રહે છે. ઇન્દ્રિય, શાસ્ત્ર, તપ, જ્ઞાનાચાર, વગેરે સામગ્રીથી એ જ્ઞાનાવરણ કર્મ તૂટે છે અને એના પ્રમાણમાં જ્ઞાન ગુણ પ્રગટ થાય છે. સર્વ કર્મ નષ્ટ થતાં સર્વગ્રાહી કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટે છે.

પ્ર૦—જ્ઞાન ગુણ સ્વભાવિક નહિ, પણ આગન્તુક માનવામાં શો વાંધો ?

ઉ૦—વાંધો એ છે કે (૧) જો જ્ઞાન ગુણ આગન્તુક હોય તો એ લાંબો કાળ ટકી શકે નહિ. એક પાઠ ભણ્યા પછી બીજો પાઠ ભણતાં પૂર્વના પાઠનું જ્ઞાન નાશ પામી જાય ! ત્યારે, જો કહો કે 'શા માટે એમ ? જ્ઞાન નાશ પામવા છતાં સંસ્કાર ઉભા રહે છે, તેથી ફરી પાછું અવસરે એ જ્ઞાન પ્રગટ થઇ શકે ને ?' આનો તો ઉત્તર એ છે કે, એ સંસ્કારને પાછા કેવા માનશો ? જો, એ સંસ્કાર આત્માના સ્વભાવભૂત નહિ અને છતાં ટકી રહેનારા હોય તો તો કેમ એ સંસ્કારો જ્ઞાનને સદા જાગતું ન રાખ્યા કરે ? જો કહો કે-'સંસ્કારો સુપ્તદશામાં રહે છે, તે જાગતા થાય ત્યારે જ્ઞાનને પ્રગટાવે છે,'-તો આ 'સુપ્તદશા' એટલે શું ? એક રીતનો અવ્યક્ત સ્વભાવ જ ને ? અને જો સંસ્કાર સ્વભાવભૂત માનો તો જ્ઞાનને સ્વભાવભૂત કાં ન માનવું ? વળી નવા જ્ઞાનથી એ સંસ્કારો નાશ નથી પામી જતા પણ ઉભા રહે છે, એજ શું નથી સૂચવતું કે આત્મામાં એ સંસ્કારો સ્વભાવરૂપે ઉત્પન્ન થઈ ગયા છે ? (૨) જ્ઞાનને આગન્તુક માનવામાં બીજો મોટો વાંધો તો એ છે કે એવું આગંતુક જ્ઞાન એ આત્માની **મૌલિક ખાસિયત** ન થઈ, **મૂળગત સ્વરૂપ** ન થયું; પછી આકાશાદિ દ્રવ્ય કરતાં આત્મ-દ્રવ્યમાં વિશેષતા શી ? આત્મદ્રવ્ય અન્ય દ્રવ્યોથી વિલક્ષણ શી રીતે ? એનું ખાસ ચૈતન્ય-સ્વરૂપ શી રીતે ઘટે ? આત્માની જેમ શરીર-ઇન્દ્રિય આદિ બીજા દ્રવ્યોમાં પણ જ્ઞાન કેમ ન ઉત્પન્ન થઈ શકે ? બીજા દ્રવ્યોમાં ઉત્પન્ન નથી થતું, એ જ સૂચવે છે કે જ્ઞાન એ આત્માનું જ સ્વરૂપ છે, આત્માનો સ્વભાવગત ગુણ છે, તેથી જ આત્મ-દ્રવ્ય બીજા કરતાં જુદું પડે છે. એ આત્માના જ્ઞાન સ્વરૂપ પર આવરણ ચઢી ગયેલા હોવાથી અપ્રગટ રહે છે; સામગ્રીથી આવરણ ખસી જતાં જ્ઞાન સ્વરૂપ પ્રગટ થાય છે.

હવે જ્યારે 'જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે' એ સિદ્ધ થયું ત્યારે વિચારવું રહ્યું કે જ્ઞાનનું મૂળ સ્વરૂપ શું ?

વસ્તુનો પ્રકાશ કરવો એ જ્ઞાનનું સ્વરૂપ છે. પ્રકાશ-સ્વરૂપ અંગે એમ શી રીતે કહી શકાય કે એ સ્વરૂપ અમુક જ વસ્તુનો પ્રકાશ કરી શકે અને અમુકનો નહિ ? જેમ દીવાનું તેજ એની મર્યાદામાં આવતી બધી જ વસ્તુઓને પ્રકાશિત કરે છે, જેમ અરિસો એના સીમાડામાં આવતી બધી વસ્તુના પ્રતિબિંબ દેખાડે છે, એવી રીતે જ્ઞાન પણ બધી વસ્તુના પ્રકાશનું મૂળ સ્વરૂપ ધરાવે છે, એમ માનવું જ જોઈએ. હાં, એના પર જેટલાં આવરણ, તેટલા પ્રમાણમાં પ્રકાશ રોકાય. પરંતુ જો બધાં જ આવરણ દૂર કરવામાં આવે તો એ જ્ઞાન સર્વ કાળની સર્વ વસ્તુઓને પ્રકાશિત કરનારું હોય,

એ તર્કસિદ્ધ હકિકત છે. માટે જ શ્રી મહાવીર પરમાત્માને બધાં જ આવરણ નષ્ટ થઈ જવાથી સકલ વિશ્વનું સમસ્ત સામાન્ય અને સમસ્ત વિશેષ રૂપે જ્ઞાન થવાનું શકય છે, તર્કસિદ્ધ છે.

[૨] **જિનોત્તમ** :—શ્રી લલિતવિસ્તરાકાર મહર્ષિએ શ્રી મહાવીર પ્રભુને 'જિનોત્તમ' કહ્યા છે. 'જિનોત્તમ' એટલે જિનોમાં શ્રેષ્ઠ. જૈનદર્શન કહે છે કે જિન એટલે રાગદ્વેષાદિ આંતરશત્રુને જિતનારા. તે શ્રુતકેવળી જિન. અવધિજ્ઞાની-જિન, મનઃપર્યાય-જિન, છદ્મસ્થવીતરાગ જિન, કેવળજ્ઞાની જિન, એમ અનેક પ્રકારે જિન હોય છે, 'શ્રુતકેવળી' એટલે સમસ્ત શાસ્ત્ર અર્થાત્ ચૌદ પૂર્વ નામના શાસ્ત્ર સહિત સકલ દ્વાદશાંગી (આચારાંગ, સૂત્રકૃતાંગ...૧૨ મું દૃષ્ટિવાદ અંગ)નું જેમને જ્ઞાન હોય તે. 'અવધિજ્ઞાન' એ ઇન્દ્રિયોની અપેક્ષા વિના અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ માત્રથી થતું એક આત્મ-પ્રત્યક્ષ જ્ઞાન છે, કે જેનાથી દૂર દૂર રહેલા અને ભૂત-ભવિષ્યના રૂપી પદાર્થો પ્રત્યક્ષ દેખાય છે. એમજ 'મનઃપર્યાયજ્ઞાન' એ અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી એટલે કે મનવાળા પ્રાણીઓના મનોગત ભાવને દેખાડે છે. આ બધાં જ્ઞાનને ધરનારા મહાપુરુષોએ આંતર શત્રુઓ રાગદ્વેષાદિ ઉપર મહાન વિજય મેળવ્યો હોવાથી જિન કહેવાય છે. ત્યારે 'છદ્મસ્થ વીતરાગ' એટલે જે જ્ઞાનાવરણ આદિ કર્મના હજી ભોગવટાને લીધે છદ્મમાં છે,—પૂર્ણ જ્ઞાનમાં નહિ પણ અમુક અજ્ઞાનમાં છે, છતાં રાગદ્વેષાદિ મોહનો સર્વથા ક્ષય યા ઉપશમ કરી જેઓ વીતરાગ બન્યા છે, તે મોહના ઉપશમવાળા ઉપશાંતમોહ વીતરાગ કહેવાય છે, અને ક્ષયવાળા ક્ષીણમોહ વીતરાગ કહેવાય છે. બંનેય જિન છે. એમાં ક્ષીણમોહ વીતરાગ બનેલા આત્મા પછી તરત જ જ્ઞાનાવરણ આદિ આત્મગુણઘાતી કર્મનો સર્વક્ષય કરી 'સર્વજ્ઞ વીતરાગ' બને છે; એમને 'કેવળજ્ઞાની જિન' કહેવામાં આવે છે. આમાં પણ જેઓ '—તીર્થંકર નામકર્મ' નામના ઉત્કૃષ્ટ પુણ્યના ઉદયવાળા બને છે, તે આઠ પ્રાતિહાર્ય (જે આગળ કહેવાશે), અતિશયવાળી દેશના શક્તિ, વગેરે અતિશયોના બળે ધર્મતીર્થ-ધર્મશાસનની સ્થાપના કરે છે, અને તેથી 'સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર જિન' કહેવાય છે. એ ઉપરોક્ત સર્વ જિનોને વિષે શ્રેષ્ઠ જિન છે. શ્રી મહાવીર એવા છે. એમને ગ્રંથકાર મહર્ષિએ જિનોત્તમ કહ્યા.

[૩] **મહાવીરઃ**—શ્રી મહાવીર પરમાત્મા આ અવસર્પિણી યુગમાં થયેલ શ્રી ઋષભદેવ સ્વામી વગેરે ચોવીસ તીર્થંકરદેવોમાં છેલ્લા ચોવીસમા તીર્થંકર થયા. ભૂતકાળમાં અનંતાનંત અવસર્પિણી અને ઉત્સર્પિણી યુગને વિષે દરેકમાં ૨૪-૨૪ તીર્થંકરદેવો થતાં અનંતાનંત તીર્થંકર પ્રભુ થઈ ગયા. બધા તીર્થંકરદેવોનું ધર્મશાસન એક સરખું હોય; અર્થાત્ એક જ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો, એજ જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ નામના નવતત્ત્વો, એજ અનેકાંતવાદ વગેરે સિદ્ધાન્ત, એનું એજ જ્ઞાનાવરણીયાદિ અષ્ટ કર્મનું વિજ્ઞાન...ઇત્યાદિ બધું એક જ સરખું ! છતાં દરેક તીર્થંકર પ્રભુ પોતે ધર્મશાસનને ઝીલનાર સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધિ સંઘની સ્વતંત્ર સ્થાપના કરે છે. એમને પોતપોતાના જુદા ગણધરો હોય છે. એ જુદી જુદી શાસ્ત્રરચના કરે છે. આજે આપણે ૨૪ મા મહાવીરપ્રભુએ સ્થાપેલ શાસનથી ધર્મશરણ પામ્યા છીએ, તેથી એ પ્રભુ આપણા માટે આસન્ન-ઉપકારી છે, અર્થાત્ નજીકના ઉપકારી છે. માટે શાસ્ત્રકાર આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ અહીં એમને નમસ્કાર કરે છે.

[૪] **પ્રણામઃ**—નમસ્કાર પણ પ્રણામ સ્વરૂપ એટલે કે પ્રકૃષ્ટ નમન સ્વરૂપ કર્યો.

પ્ર૦ : પ્રકૃષ્ટ નમન કેવું હોય ?

ઉ૦ : પ્રકૃષ્ટ એટલે ચઢીયાતું. નમન એટલે નમસ્કાર, તે નમસ્કાર ત્રણ પ્રકારના હોય છે, ઇચ્છાયોગનો નમસ્કાર, શાસ્ત્રયોગનો નમસ્કાર અને સામર્થ્યયોગનો નમસ્કાર. એ ત્રણેયનું સ્વરૂપ ગ્રન્થકાર આગળ કહેવાના છે. નમસ્કાર ઉત્તરોત્તર ચઢીયાતા હોય છે. એમાંથી પ્રસ્તુતમાં તો ઇચ્છા-

યોગનો જ નમસ્કાર કરવામાં આવ્યો છે. ઇચ્છાયોગનો નમસ્કાર પણ અનેક પ્રકારનો હોય છે. એમાંથી ચઢીયાતી કોટિનો નમસ્કાર કર્યો છે; માટે કહ્યું પ્રકૃષ્ટ અર્થાત્ ઉત્કૃષ્ટ નમન. ઇચ્છાયોગમાં નમસ્કાર કરવાની નિર્લોભ જવલંત અભિલાષા, નમસ્કાર અંગેના શાસ્ત્રશ્રવણ-પૂર્વકનો બોધ અને નમનની પ્રવૃત્તિ; આ ત્રણ જેમ જેમ ઊંચાં હોય તેમ તેમ નમસ્કાર ચઢીયાતો ગણાય છે. પ્રસ્તુતમાં શ્રી લલિત-વિસ્તરાકાર મહર્ષિ ઉચ્ચ તમન્ના, ઉચ્ચ શ્રદ્ધા અને ઉચ્ચ બોધ સાથે દોષોનો શકય ત્યાગ કરીને નમસ્કારનો પુરુષાર્થ કરે છે, માટે પ્રણામ પ્રકૃષ્ટ નમનરૂપ કર્યો કહેવાય.

આ રીતે મંગળશ્લોક કહીને હવે ચૈત્યવન્દન-સૂત્રની કેવા પ્રકારની વ્યાખ્યા કરવાના છે તે બતાવે છે.

★

ગમ અને પર્યાય

સૂત્રની વ્યાખ્યા બે પ્રકારની હોય છેઃ—(૧) સંપૂર્ણ વ્યાખ્યા, અને (૨) આંશિક વ્યાખ્યા. એમાંથી અહીં વ્યાખ્યાકાર પોતે પ્રસ્તુતમાં પહેલા પ્રકારની વ્યાખ્યા કરવા અસમર્થ છે, તે અસમર્થતાને દર્શાવતા તેઓશ્રી જણાવે છે કેઃ—

(લ૦—)' अनन्त—गम—पर्यायं सर्वमेव जिनागमे ।
सूत्रं यतोऽस्य कात्स्न्र्येन व्याख्यां कः कर्तुमीश्वरः ॥ १ ॥

અર્થઃ—શ્રી જૈન આગમને વિષે સર્વ સૂત્ર અનંત ગમ અને અનંત પર્યાયથી યુક્ત હોય છે, તેથી આ સૂત્રની વ્યાખ્યા સંપૂર્ણતયા કરવા કોણ સમર્થ છે ?

વિવેચનાઃ—શ્રી જિનોક્ત આગમશાસ્ત્રોમાં આવતાં સકલ સૂત્ર અનંત ગમ—પર્યાયથી સંપન્ન છે, જો એ અનંતા ગમ—પર્યાય વર્ણવવા પૂર્વક સૂત્રની વ્યાખ્યા કરવામાં આવે તો તો વ્યાખ્યા સંપૂર્ણ યાને સર્વાંશે કરી કહેવાય. પણ જો એ શક્તિ ન હોય તો સંપૂર્ણ કરી કયાંથી કહેવાય ?

અહીં 'ગમ' અને 'પર્યાય' એ બે નવા શબ્દો આવ્યા. તેનો અર્થ જુઓ.

ગમઃ—ગમ એટલે અર્થમાર્ગ; અર્થાત્ પદાર્થને જાણવા-સમજવાના અને પદાર્થને વિશેષ વિશેષ રૂપે ઓળખવાના વિવિધ માર્ગોને 'ગમ' કહેવામાં આવે છે. જગતની એકેક વસ્તુમાં અનેકાનેક પ્રકારની ખાસિયતો રહેલી છે; પરંતુ તે ખાસિયતો માત્ર એકાદ દૃષ્ટિબિંદુથી વસ્તુને વિચાર્યા કરવાથી સમજવામાં નથી આવતી; એ ખાસિયતો સમજવા માટે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓથી વસ્તુને તપાસવી પડે છે. દા. ત. જેમ આજે વિદ્યાર્થીને કોઈ પણ વિષય પર નિબંધ લખતાં નિબંધ અંગે વિષયનું સ્વરૂપ શું, એની વ્યાખ્યા શી, એનાં લક્ષણ શાં શાં, અવાંતર ભેદ કેટલા, એના કારણો શાં, એના ફળ તરીકે લાભ-નુકશાન શાં શાં, એના પ્રમાણ પુરાવા કયા કયા, ઈત્યાદિ માર્ગે વિચારવું પડે છે; એવી રીતે શાસ્ત્રમાં પણ વસ્તુ અંગેની વિચારણા માટેના વિવિધ માર્ગો અર્થાત્ માર્ગણાઓ દર્શાવેલી છે. દા. ત. ૧૪ માર્ગણાની એક ગાથા છેઃ-

' गइ—इंदिय—काए, जोए, वेए, कसाय—नाणे य । संजम दंसण—लेसा, भव—सम्मे, सन्नि—आहारे ॥ '

આ ગાથામાં ગતિ-ઇન્દ્રિય-કાય-યોગ-વેદ-કષાય-જ્ઞાન-સંયમ-દર્શન-લેશ્યા-ભવ્ય-સમ્યક્ત્વ-સન્ની-આહારક, આ ૧૪ મૂળભેદ કહ્યા; છે. આના ઉત્તરભેદ ૬૨ છે. એના આધારે વસ્તુની વિચારણા થઈ શકે. જેમકે 'મોક્ષ' વસ્તુ વિચારવી છે, તો એ અંગે વિચારવાનું કે કઈ ગતિમાંથી મોક્ષ થઈ શકે ? કેટલી ઇન્દ્રિયવાળાને મોક્ષ હોય ? ઔદારિકાદિ કઈ કાયાથી મોક્ષ થાય ? મન-વચન-કાયાના પંદર યોગમાં કેટલા અને કયા યોગવાળો મોક્ષ તરફ જઇ શકે ? પુરુષવેદાદિ કયા કયા વેદવાળા કેટલી સંખ્યામાં મોક્ષે ચઢી શકે ? ...ઇત્યાદિ વિચારવાનું. એવી રીતે શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્રમાં આવતાં બે સૂત્રો,—

निर्देश-स्वामित्व-साधनाऽधिकरण-स्थिति-विधानतः ।
अने सत्-संख्या-क्षेत्र-स्पर्शना-कालाऽन्तर भावाऽल्पबहुत्वैश्च ॥

-એ વસ્તુ-વિચારણા માટે અનેક માર્ગો બતાવે છે. એમાં 'નિર્દેશ' એટલે દા. ત. મોક્ષના સામાન્ય-વિશેષ નામ અને વ્યાખ્યા શી શી? 'સ્વામિત્વ' એટલે મોક્ષના સ્વામી કોણ? 'સાધન' એટલે મોક્ષના ઉપાય કયા? 'અધિકરણ' એટલે મોક્ષનો આધાર કોણ?...' ઇત્યાદિ. આનાથી માત્ર મોક્ષ જ નહિ, પણ જીવ, અજીવ વગેરે તત્ત્વો, સમ્યગ્દર્શન વગેરે સાધનમાર્ગો...એમ કેટલુંય વિચારી શકાય.

આવા આવા તો વસ્તુવિચારણા માટેના કેઇ માર્ગો નીકળે. આ એક રીતે ગમ.

વળી જુઓ, કેટલાક શબ્દોના અનેક અર્થો હોય છે. દા. ત. આ ગ્રન્થમાં જ આગળ 'ભગ' શબ્દના છ અર્થ બતાવ્યા છે. આ દરેક અર્થની પાછળ એ શબ્દની જુદી જુદી વ્યુત્પત્તિ કે રૂઢિ કામ કરી રહી હોય છે, એને ગમ યાને અર્થમાર્ગ કહી શકાય. એમ એક જ અર્થવાળા શબ્દના પણ સંયોગશાત્ જુદા જુદા અર્થ નીકળે છે, દા. ત. 'નદી' શબ્દનો અર્થ 'પાણીનો અમુક પ્રવાહ' થાય, પરંતુ જ્યાં 'નદી પર બંગલો છે' એવો વાક્યપ્રયોગ થયો હોય ત્યાં બંગલો કાંઇ પાણીના પ્રવાહ પર નથી હોતો, પરંતુ કિનારા પર હોય છે તેથી ત્યાં 'નદી' શબ્દનો અર્થ 'નદીકિનારો' લેવો જોઇએ, આ અર્થને **લાક્ષણિક અર્થ** કહેવાય છે. એવા અર્થને સમજાવવા માટે બંગલાનો સંબંધ ઉપયોગી થયો; તેમજ 'નદી' શબ્દમાં પણ 'નદીકિનારો' અર્થ કરી શકવાનું સામર્થ્ય ઉપયોગી થયું. આને માર્ગ કહી શકાય.

આમ, 'ગમ' એટલે કે અર્થમાર્ગ, તે અર્થમાર્ગો અનન્ત થાય.

પર્યાય અને દ્રવ્યઃ—'પર્યાય' પણ અનંત છે. પર્યાય એટલે અવસ્થા. પર્યાય એટલે પરિણમન પામતું સ્વરૂપ. એ અવસ્થા કે સ્વરૂપ જેમાં બને, તેને 'દ્રવ્ય' કહેવામાં આવે છે. દા. ત. માટી એ દ્રવ્ય છે, એમાં થતી પિંડો, શરાવ (કોડિયું), ઘડો, ઠીકરાં વગેરે અવસ્થાઓને અર્થાત્ પરિણામોને (પરિણમન પામતાં સ્વરૂપોને) પર્યાય કહેવાય છે. **સુવર્ણ** એ દ્રવ્ય છે, લગડી, કડું, કંદોરો વગેરે પરિણામ-અવસ્થા એ એના પર્યાયો છે. જીવ એ દ્રવ્ય છે અને એની મનુષ્ય, પશુ, કીડો વગેરે અવસ્થા એ પર્યાયો છે. એ વિવિધ પર્યાયોને પામનાર વસ્તુને દ્રવ્ય કહેવાય છે.

ષડ્દ્રવ્યઃ—સમસ્ત જગત એ મૂળભૂત આ ષડ્ (છ) દ્રવ્યોનો સમૂહ છે.- આકાશ, જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાળ. આ દ્રવ્યોના પર્યાય પરિવર્તન પામે એ જગતનું સંચલન (Working) છે.

(૧) આકાશઃ—આકાશ દ્રવ્ય બીજાં દ્રવ્યોને અવકાશ (જગા) આપવાના સ્વભાવવાળું દ્રવ્ય છે. આકાશમાં અમુક અતિ અલ્પ ભાગમાં જ બાકીનાં દ્રવ્યો રહે છે; અને તેટલા આકાશ-ભાગને લોક કહેવાય છે, લોકાકાશ કહેવાય છે. જ્યારે બાકીના અનંતભાગને અલોક, અલોકાકાશ કહેવામાં આવે છે.

(૨) જીવઃ—જીવ કહો, આત્મા કહો, એક ચીજ છે. એની બે જાતની છે. (૧) મૂળભૂત બે સિયત; તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વગેરે સ્વભાવદશા કહેવાય છે, અને (૨) આગન્તુક બે સિયત, રાગ, દ્વેષ, મિથ્યાત્વ, તિર્યંચપણું, માનવપણું, વગેરે, તે વિભાવદશા કહેવાય છે. જગતમાં જીવો અનંતાનંત છે.

(૩) પુદ્ગલનો સ્વભાવ પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. જેનામાં આ સ્વભાવ હોય તે બધાં પુદ્ગલદ્રવ્ય કહેવાય. દા. ત. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, શબ્દ, અંધકાર, મન, કર્મ, વગેરે પુદ્ગલદ્રવ્યો છે.

(૪) **ધર્મ** એટલે ધર્માસ્તિકાય; એ જીવ અને પુદ્ગલને ગમન કરવામાં સહાય કરનારૂં દ્રવ્ય છે; દા. ત. માછલીને ચાલવામાં પાણી એ સહાયક દ્રવ્ય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય લોકાકાશમાં જ રહેલું છે, માટે જ જીવો અને પુદ્ગલો લોકાકાશમાં ગમનાગમન કરે છે, પણ અનંત અલોકમાં કયાંય ફસાઈ જઈ ખેરવિખેર નથી થઈ જતાં.

(૫) **અધર્મ** એટલે અધર્માસ્તિકાય. એ જીવોને સ્થિરતા કરવામાં સહાય કરનારૂં દ્રવ્ય છે; જેવી રીતે ચાલવા શીખતા બાળકને વચમાં ઊભા રહેવામાં લાકડાની ઘોડી સહાયક બને છે. અધર્માસ્તિકાય દ્રવ્ય પણ લોકાકાશમાં જ વ્યાપ્ત છે.

(૬) **કાળ**:—કાળ એ બીજા દ્રવ્યોમાં નવું જૂનું વગેરે ભાવ થવામાં સહાયક દ્રવ્ય છે.

સ્વપર્યાય:—આ દ્રવ્યોની સાથે સંકળાયેલ ભિન્ન ભિન્ન ભાવો અર્થાત્ વિવિધ અવસ્થાઓ એ પર્યાયો છે. એ પર્યાયો મુખ્ય રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ, એ ચાર અપેક્ષાએ ઓળખી શકાય છે. એટલે કે,—

(૧) એનું મૌલિક દ્રવ્ય યાને ઉપાદાન શું ?

(૨) એનું ક્ષેત્ર કયું ?

(૩) એનો કાળ કયો ?

(૪) એના ભાવ અર્થાત્ ગુણ, ધર્મ, વગેરે ખાસિયતો કઈ કઈ ?

દા. ત. એક ઘડો લો. એ ઘડો **દ્રવ્ય દૃષ્ટિએ** માટીનો બનેલો છે, એટલે કે માટીમય છે; માટી એનું ઉપાદાન છે. **ક્ષેત્ર દૃષ્ટિએ** ઘડો રાજનગરમાં રહેલો છે, રાજનગરસ્થ છે; અથવા અમદાવાદમાં બનેલો માટે અમદાવાદી ઘડો છે; **કાળની દૃષ્ટિએ** એ ઘડો હમણાં જ બનેલો એટલે કે નવો છે; **ભાવની દૃષ્ટિએ** ઘડો લાલ છે, મોટો છે, સુંવાળો છે, પાણી ભરવાનો છે, ખાલી છે, રામચંદની માલિકીનો છે,...વગેરે વગેરે. આ બધા પર્યાયો તે સ્વપર્યાયો કહેવાય.

પરપર્યાય:—જેવી રીતે સ્વદ્રવ્ય-ક્ષેત્ર કાલ-ભાવ એ ચારેય દૃષ્ટિથી ઘડો અમુક અમુક સ્વરૂપે 'છે' એમ કહેવાય છે, એવી રીતે પરદ્રવ્ય-ક્ષેત્રાદિ ચારની દૃષ્ટિથી એ જ ઘડો અમુક અમુક રૂપે 'નથી' એમ પણ કહેવાય છે. દા. ત. ઘડો (૧) **દ્રવ્યથી** જેમ માટીમય છે, એમ સુવર્ણમય નથી, (૨) **ક્ષેત્રથી** જેમ રાજનગરસ્થ કે અમદાવાદી છે, તેમ સુરતસ્થ કે સુરતી નથી; (૩) **કાળથી** જેમ નવો છે, તેમ જૂનો નથી; (૪) **ભાવથી** જેમ લાલ છે, તેમ કાળો નથી; મોટો છે, નાનો નથી; પાણી ભરવાનો છે, છાશ ભરવાનો નહિ; ખાલી છે, ભરેલો નહિ; રામચંદનો છે, કરમચંદનો નહિ; વેચવાનો છે, ભેટ આપવાનો નહિ...વગેરે વગેરે. જેમ ઘડો જે જે રૂપે છે તે તે એના સ્વપર્યાય કહેવાય, તેમ જે જે રૂપે નથી તે તે એના પરપર્યાય ગણાય. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ જે પર્યાય તે પરપર્યાય કહેવાય.

પ્ર૦:—પરપર્યાય તો **પરના** ગણાય ને ? **પોતાના** શી રીતે ?

ઉ૦:—પરના તો એ પાછા સ્વપર્યાય છે, પરપર્યાય નહિ. એ તો આ ઘડાના પરપર્યાય છે.

પ્ર૦:—પણ 'પર્યાય એટલે અવસ્થા' એમ તમે કહી આવ્યા; તો શું આ ઘડામાં રહે તે એની અવસ્થા, કે ન રહે તે એની અવસ્થા ? અને પરપર્યાય આ ઘડામાં ન રહે તો એ પર્યાય આના શાથી ?

ઉ૦:—વાત સાચી છે કે 'પર્યાય એટલે અવસ્થા,' પરંતુ એટલું સમજી લો, કે વસ્તુમાત્રમાં અવસ્થા બે જાતની હોય છે, (૧) **વિધાનયોગ્ય અને** (૨) **નિષેધયોગ્ય**. તો જેવી રીતે ઘડામાં માટીમયતાનું વિધાન થાય છે, એવી રીતે એજ ઘડામાં સુવર્ણમયતાનો નિષેધ થાય છે. અર્થાત્ દ્રવ્યદૃષ્ટિએ જેવી રીતે જે ઘડો માટીમય છે, તેવી રીતે તે જ ઘડો સુવર્ણમય નથી. તો વિધાનરૂપે માટીમય

અવસ્થા જેમ ઘડાની ગણાઈ, તેમ નિષેધરૂપે સુવર્ણમય અવસ્થા પણ એજ ઘડાની ગણાઈ. પૂછવામાં આવે કે 'માટીમય કોણ?' તો કહેવાશે કે ઘડો. પણ પૂછાય કે 'સુવર્ણમય કોણ નહિ?' તો ય કહેવાશે કે એજ ઘડો. તો જ્યારે માટીમયતા તે જ ઘડાની વિધિમુખે અવસ્થા છે, તો પછી શું સુવર્ણમયતા પણ એજ ઘડાની નિષેધમુખે અવસ્થા નથી? છે જ. ફરક આટલો પડયો કે એક અવસ્થા વિધિમુખે છે અને બીજી અવસ્થા નિષેધમુખે છે. પણ છે બંને ય અવસ્થાઓ ઘડા સંબંધી જ. માટે ઘડાની જ એક સ્વપર્યાય અવસ્થા, અને બીજી પરપર્યાય અવસ્થા, એમ બંને માનવી જોઈએ.

સ્વપર્યાય એ ઘડાને અનુવર્તે છે, ઘડામાં અનુવર્ત્તનશીલ છે, અર્થાત્ ઘડાની સાથે હોવા રૂપે ચાલનારી અવસ્થાઓ છે; જ્યારે પરપર્યાય એ ઘડામાં વ્યાવર્ત્તનશીલ એટલે કે ઘડાની સાથે ન હોવા રૂપે ચાલનારી ઘડાથી પરાઙ્મુખ રહેલી અવસ્થાઓ છે. એક જાણે મિત્રભાવે જોડાએલી છે અને બીજી જાણે શત્રુભાવે જોડાયેલી છે! એક જાણે સગાઈ પામેલી છે અને બીજી જાણે અણબનાવે રહેલી અવસ્થાઓ છે! એમાં પહેલી સ્વપર્યાય, એને અનુવૃત્તિપર્યાય પણ કહેવાય; અને બીજી પરપર્યાય એને વ્યાવૃત્તિપર્યાય કહેવાય.

પર્યાય અનંતા—આમ એક ઘડામાં તપાસવામાં આવે તો કેઇ સ્વપર્યાયો યાને અનુવૃત્તિ પર્યાયો છે; તેમ કેઈ પરપર્યાયો યાને વ્યાવૃત્તિપર્યાયો પણ છે. વિશ્વની બીજી સમસ્ત વસ્તુઓના પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ આ ઘડામાં અનંતા પરપર્યાય થાય. આત્મામાં જુઓ તો આત્મા દા. ત. દ્રવ્યથી સનાતન ચેતન સ્વરૂપવાળો છે, ક્ષેત્રથી ભારતભૂમિવાસી છે, કાળથી ૨૫ વર્ષથી જન્મેલો છે, ભાવથી એ મનુષ્ય છે, યુવાન છે, રૂપાળો છે, વિદ્વાન છે, ક્ષમાશીલ છે, વિરાગી યા રાગી છે .. ધનવાન છે ..પરણેલો છે, સદાચારી છે...વગેરે વગેરે કેઇ સ્વપર્યાય ધરાવે છે. એમ પરપર્યાયમાં આત્મા જડ નથી, મોક્ષમાં નથી, ૨૬-૨૭...વગેરે વર્ષની ઉંમરનો નથી, ક્રોધી નથી, લાલ-પીળો નથી, પ્રવાહી નથી...એમ અનંત પરપર્યાય છે. આ સ્વ-પરપર્યાયો અનંતા થાય.

સૂત્રમાં સ્વપર્યાય-પરપર્યાયઃ—ચૈત્યવંદન સૂત્ર યા કોઇ પણ સૂત્ર, કે જે શબ્દરચના સ્વરૂપ છે, એના પણ ઉદાત્ત, અનુદાત્ત, દીર્ઘ, હ્રસ્વ, અમુક અમુક અર્થ, વગેરે અનેક અનુવૃત્તિ પર્યાયો છે. ઉદાત્ત એટલે ઊંચા સ્વરે બોલાય તે અને અનુદાત્ત એટલે નીચા સૂરે બોલાય તે; દીર્ઘ એટલે લાંબા અને હ્રસ્વ એટલે ટૂંકા સ્વરવાળો; દા. ત. 'ઝંકારારાવ' આમાં 'ઝં' ઊંચે અવાજે, અને 'કા,રા' દીર્ઘ સ્વરે બોલાય છે. તો 'વ' એ નીચે સૂરે અને હ્રસ્વ બોલાય છે. એમ શબ્દના અમુક અમુક અર્થો હોય છે. આ એના સ્વપર્યાય-અનુવૃત્તિપર્યાય ગણાય. ત્યારે એનાથી વિરૂદ્ધ પર્યાયમાં જે ઉદાત્ત છે તે અનુદાત્ત નથી; જે અનુદાત્ત છે, તે ઉદાત્ત નથી. વળી જે પરરૂપે તે નથી એ એના પરરૂપ-અભવન સ્વભાવવાળા પરપર્યાય કહેવાય, વ્યાવૃત્તિ પર્યાય કહેવાય. બાકી સૂત્રના શબ્દ ભાષાવર્ગણાના પુદ્ગલ છે, કાયયોગથી ગ્રહીત છે, જડ છે, વગેરે સ્વપર્યાયો કહેવાય; અને તેથી વિરૂદ્ધ પર્યાયોને પરપર્યાય કહેવાય. એ પર્યાયો અનંત છે.

પંચાંગી જિનાગમ :—અર્હત્ શાસનમાં આગમના 'અંગ' સૂત્રો, 'ઉપાંગ' સૂત્રો, 'આવશ્યક' સૂત્રો, વગેરે અનેક પ્રકાર છે. એની વ્યાખ્યારૂપે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, ને ટીકા સાથે પંચાંગી આગમ થાય.

અંગસૂત્રોઃ—એટલે આચારાંગ સૂત્રકૃતાંગ,...ભગવતીજી...યાવત્ ૧૨ મું દૃષ્ટિવાદ. એ ૧૨ અંગ સૂત્રો છે. એની રચના શ્રી ગણધર મહારાજ શ્રી જિનેન્દ્ર ભગવાન પાસેથી ત્રિપદી પામીને કરે છે. એ ૧૨ અંગને દ્વાદશાંગી કહેવામાં આવે છે. દ્વાદશાંગીમાં દૃષ્ટિવાદ નામના અંગમાં ૧૪ 'પૂર્વ' નામના મહાઆગમો સમાયા છે.

ત્રિપદી :— શ્રી ગણધર મહારાજ તીર્થંકરદેવને **'भयवं किं तत्तं'**-હે ભગવન્! તત્ત્વ શું ?' એમ ત્રણ વાર જે પ્રશ્ન પૂછે છે, એના ઉત્તરમાં અર્હત્ પ્રભુ ત્રણ પદ કહે છે, **'उप्पन्नेइ वा,' 'विगमेइ वा,' 'धुवेइ वा,'**-અર્થાત્ 'વસ્તુમાત્ર ઉત્પન્ન થાય છે, એજ વખતે વસ્તુમાત્ર નાશ પામે છે, એજ વખતે વસ્તુમાત્ર સ્થિર હોય છે.' શ્રી જિનેશ્વર ભગવંતના હસ્તે ચારિત્ર-દીક્ષા, પ્રભુનું સાંનિધ્ય, ત્રિપદીની પ્રાપ્તિ, પૂર્વના ઉચ્ચ પુણ્યકર્મનો ઉદય, વગેરે કારણો એવાં આવી મલે છે કે જેથી ગણધર ભગવંતોને શ્રુતજ્ઞાનાવરણાદિ કર્મરૂપી આવરણનો અસાધારણ જબરદસ્ત ક્ષયોપશમ થાય છે. એથી ત્યાં વિશ્વના પદાર્થોનો ગજબ જ્ઞાનપ્રકાશ થવાથી એ દ્વાદશાંગીની રચના કરે છે ! અને સર્વજ્ઞ શ્રી જિનેન્દ્ર દેવ એ દ્વાદશાંગીને બીજાને ભણાવવાની અનુજ્ઞા આપવા દ્વારા એના પર સત્યતાની મહોરછાપ મારી આપે છે !

'આવશ્યક સૂત્રો' એટલે કે રોજ ઉભય ટંક અવશ્ય કરણીય 'પ્રતિક્રમણ' ક્રિયાના ઉપયોગી સૂત્ર, 'સામાયિક' (કરેમિ ભંતે) સૂત્ર, 'ચતુર્વિંશતિ' (લોગસ્સ) સૂત્ર વગેરે. એની રચના પણ શ્રી ગણધરદેવો કરે છે.

'ઉપાંગ' સૂત્રઃ- ઉપાંગ સૂત્ર એટલે 'અંગ સૂત્ર'ના પેટા સૂત્ર 'ઔપપાતિક,' 'રાજપ્રશ્નીય' 'જીવાભિગમ' વગેરે. એમ બીજા પણ 'દશવૈકાલિક' 'ઉત્તરાધ્યયન' 'પયન્ના' 'અનુયોગદ્વાર,' 'નંદી,' વગેરે અનેક સૂત્રોની રચના અન્ય આચાર્યો કરે છે. વળી આના ઉપર વિવેચન ગ્રંથો તરીકે 'નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-ટીકા' શાસ્ત્રો પણ છે. સૂત્રની સાથે આ ચાર, એમ પંચાંગી આગમ કહેવાય છે. 'અંગ' અને 'આવશ્યક' સિવાય બીજા સૂત્રોની રચના સ્થવિર ભગવંતો કરે છે.

જિનાગમમાં દરેક સૂત્રના, ઉપર કહ્યા તે મુજબ, અનંતા સ્વ-પર પર્યાય છે. આ બધાનું વિવેચન કરવામાં આવે ત્યારે સૂત્રની સંપૂર્ણ વ્યાખ્યા કરી કહેવાય; એવું વિવેચન કરવા કોણ સમર્થ હોય ?

'शुं' શબ્દના ૬ અર્થ:—'કોણ' શબ્દ એ મૂળ 'શું' શબ્દનું એક જાતનું રૂપ છે. 'શું' શબ્દ (૧) આક્ષેપ (૨) પ્રશ્ન (૩) નિવારણ (૪) અપલાપ (૫) પ્રાર્થના અને (૬) અવજ્ઞા; આ છ જાતના અર્થમાં વપરાય છે. દૃષ્ટાન્ત પરથી આ છ અર્થો ઝટ સમજાશે.

(૧) 'જે દ્રોહ કરે તે મિત્ર શો ?' અર્થાત્ અહીં મિત્રના ઉપર આક્ષેપ કર્યો.

(૨) 'બોલ, હું તને પ્રિય શું કરું ?' આમાં 'શું' શબ્દથી પ્રિયનો પ્રશ્ન કર્યો.

(૩) 'હવે, રોવાથી શું !' એમાં રુદનનું નિવારણ કર્યું.

(૪) 'મારે તારું શું દેવું છે ?' એમાં 'શું' શબ્દથી અપલાપ (નિષેધ) કર્યો; અર્થાત્ કંઈ જ દેવું નથી એમ કહ્યું.

(૫) 'હું આપનું શું કરું ?' એમાં કંઈક કરવાની પ્રાર્થના બતાવી.

(૬) 'તને કોણ બોલાવે છે ?' એમાં સામાની અવજ્ઞા કરી, ઉતારી પાડવાનું વચન કહ્યું.

આમ 'શું' શબ્દના છ અર્થમાંથી અહીં 'શું' શબ્દ 'સંપૂર્ણ રીતે વ્યાખ્યા કોણ કરી શકે' એમાં અપલાપ (નિષેધ) અર્થમાં યોજાયો છે; એટલે કે સંપૂર્ણ રીતે વ્યાખ્યા કરી શકે એવો કોઈ નથી, સિવાય ચૌદ પૂર્વધર. કેમકે એજ મહાવિસ્તારથી વ્યાખ્યા કરી શકવા સમર્થ છે.

'शक्नोति कर्तुं श्रुतकेवलिभ्यो न व्यासतोऽन्यो हि कदाचनापि !'

સમસ્ત ૧૪ પૂર્વના પારગામી એવા શ્રુતકેવળી ભગવાનને છોડીને બીજો કોઈ કયારે ય વિસ્તારથી વ્યાખ્યા કરવા સમર્થ નથી. શ્રુતકેવળી એટલે સકલ શ્રુતના, જિનોક્ત આગમના પૂર્ણ જ્ઞાતા. ચૈત્યવન્દન સૂત્ર જિનાગમની અંતર્ગત છે; તો શ્રુતકેવળી વિના સંપૂર્ણપણે વ્યાખ્યા કરવાનું ગ્રંથકારનું ગજું નથી, તેથી કહ્યું કે એવી પૂર્ણ વ્યાખ્યા કરવાનું અશકય છે.

મહાપુરુષોની લેખિનીની ખૂબી હોય છે કે એ આપણને સૂત્રના અર્થ-ભાવાર્થનું જ્ઞાન તો આપે છે, પરંતુ તે પૂર્વે આપણને સુંદર સંસ્કરણ આપે છે. ગ્રન્થકાર અસાધારણ વિદ્વત્તા ધરનારા હોવા છતાં સંપૂર્ણ વ્યાખ્યા માટેનું પોતાનું અસામર્થ્ય પ્રગટ કરીને આપણને નમ્રતાની પ્રેરણા કરે છે, જિનપ્રવચનની અગાધતા પ્રત્યે આપણા હૃદયને સદા ઝુકેલું રાખવા પ્રેરે છે. ગુણોની વારંવાર પ્રેરણા એ જીવને સંસ્કારી બનાવવાનો એક રાજમાર્ગ છે.

અહીં સંપૂર્ણ વ્યાખ્યા કરવાની અસમર્થતા સહેજે આંશિક વ્યાખ્યા-પક્ષનું આલંબન સૂચવે છે. તો પ્રશ્ન થાય કે 'એવી આંશિક વ્યાખ્યા કરવા જતાં કાંઈ સફળતા મળશે ખરી?' ત્યારે જુઓ કે ગ્રન્થકાર મહર્ષિ વ્યાખ્યાની પરિમિતતા અને છતાં સફળતા કેવી છે તે દર્શાવવા બે શ્લોક કહે છે—

(ल०) यावत्तथापि विज्ञातमर्थजातं मया गुरोः। सकाशादल्पमतिना तावदेव ब्रवीम्यहम् ॥३॥
ये सत्त्वाः कर्मवशतो मत्तोऽपि जडबुद्धयः। तेषां हिताय गदतः सफलो मे परिश्रमः ॥४॥

અર્થ:-તો પણ ગુરુમહારાજ પાસેથી અલ્પ બુદ્ધિવાળા એવા મેં જેટલો અર્થસમૂહ જાણ્યો છે, તેટલો હું કહું છું; તે કથન મારા કરતાં પણ જે જીવો કર્મવશતાને લીધે મંદ બુદ્ધિવાળા છે, એમના ઉપકારને માટે હોવાથી, મારો પરિશ્રમ સફળ છે.

વિવેચન:-સામર્થ્ય બે પ્રકારે છે. એમાં સંપૂર્ણ વ્યાખ્યા કરવાનું પોતાનામાં સામર્થ્ય નથી, તો પણ આંશિક વ્યાખ્યા કરવાનું સામર્થ્ય તો જરૂર છે; પરંતુ તે સામર્થ્ય પણ ગુરુકૃપા અને ગુરુઉપકારનું પરિણામ છે, એમ ગ્રન્થકાર કહે છે.

આર્યદેશની આ ખૂબી છે કે ગુરુ પ્રત્યે આદર, કૃતજ્ઞતા વગેરે ગુણો આર્ય માનવમાં પહેલા આવીને તરવરે છે. ગુરુએ મહાન કૃપા કરી અને જ્ઞાનદાનનો મહાન ઉપકાર કર્યો ત્યારે અજ્ઞાનપણે નિરાધાર રખડતા જીવમાં જ્ઞાન આવ્યું! સારાસારનું ભાન થયું! અસત્ને મૂકી સત્માં પ્રવર્તવાનું બન્યું! આ ઉપકાર માનવાનો એટલું જ નહિ પણ જે જ્ઞાન પ્રાપ્ત થયું તે એમની પાસેથી જ થયું, એ પણ બરાબર મનમાં વસાવવાનું છે, અને અવસરે અવસરે જગતમાં જાહેર કરવાનું છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એ વસ્તુ બરાબર સમજે છે, તેથી કહે છે કે 'મને જે મળ્યું તે ગુરુ મહારાજની કૃપાનું ફળ છે; અને એમની પાસેથી જેટલું જાણ્યું તેટલું જ હું કહું છું.' આ ઉપરથી એ સમજી શકાય છે કે ગ્રંથકાર જે કહેવાના છે તે નિરાધાર કથન નથી પરંતુ ગુરુ વચનાનુસાર કથન છે.

ગુરુના કહ્યાથી ઓછું જાણ્યું!:—સમર્થ શાસ્ત્રકારોની પણ આંતરિક નમ્રતા અને લઘુભાવ કેટલો બધો હોય છે! સર્વજ્ઞ પ્રભુના શાસનનો વિનય પ્રકાર અને નમ્રભાવ પણ કેટલો બધો ઊંચો! કે લલિતવિસ્તરાકાર એક 'નમુત્થુણં' સૂત્ર પરની ટીકામાં અદ્ભુત અને ભરચક પદાર્થો કહેવાના છે, છતાં ગુરુ મહારાજે જે પદાર્થો કહ્યા, તેમાંથી પોતાની અલ્પ મતિએ જેટલા ગ્રહણ કર્યા, તેટલા કહેવાનું કહે છે! વાત સાચી છે, કે પોતાના ઘરનું કાંઈ ન કહેવું હોય તો તો ગુરુ પાસેથી નહિ જાણેલું તો કહી શકાય જ નહિ; જાણેલું કહેવાય, તે પણ ગુરુની અપેક્ષાએ પોતાની તુચ્છ મતિના હિસાબે ગુરુએ કહ્યા કરતાં થોડું જાણ્યાથી થોડું કહેવાય, કે જેથી ઉત્સૂત્રભાષણનો દોષ ન લાગે. આથી આપણને પ્રશ્ન થાય કે "તો તો પછી આમાં તો બહુ ઓછું જાણવાનું મળે." પણ એવું નથી, લલિતવિસ્તરાને જેમ જેમ તમે આગળ સાંભળતા જશો તેમ તેમ તમને દેખાશે કે 'અહો! આ તો તત્ત્વો-સિદ્ધાન્તો અને પદાર્થોનો એક મહાન ખજાનો છે!'

કયાં મૂળ જ્ઞાન અને કયાં આજનું જ્ઞાન!:—આમ હોવા છતાં એમ માનતા નહિ, કે 'તો પછી સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માનું જ્ઞાન કે દ્વાદશાંગી-આગમના પ્રણેતા ગણધર મહારાજનું જ્ઞાન આ લલિતવિસ્તરાના જ્ઞાનથી વધારે નહિ હોય.' કેમકે સર્વજ્ઞ શ્રી અર્હત્પ્રભુનું કેવળજ્ઞાન તો અનંત-

કાળના અનંતા ભાવોને જાણનારૂં હોય છે. એવા જ્ઞાનને જો એક મહાસાગર સમજો, તો એમાંથી પ્રભુએ માત્ર એક ખોબો ભરીને તત્ત્વ-પાણી શ્રી ગણધર ભગવાનને આપ્યું એમ કહેવાય. એમણે એ ખોબો પોતાના શિષ્યને આપ્યો; પછી શિષ્યે પોતાના શિષ્યને આપ્યો...એમ પરંપરાએ એ ખોબો પાણી લલિતવિસ્તરાકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને મળ્યું ! હવે વિચારો કે ખોબાનું પાણી ટપકતું ટપકતું આગળ વધે, તે લાંબી પરંપરાએ ગ્રંથકાર સુધી આવેલું કેટલું હોય ? કયાં અહીંનું જ્ઞાન ! અને કયાં શ્રી ગણધર ભગવાનનું જ્ઞાન ! ત્યારે સર્વજ્ઞ અર્હત્પ્રભુનું તો કેવું ય અનંતું જ્ઞાન ! આ જોતાં વિચારક આત્માને પોતાના ગમે તેટલા ય જ્ઞાનનો શો ઘમંડ થાય ?

ત્રિવિધ શિષ્યઃ—એટલે જ ગ્રંથકાર આચાર્ય મહારાજ નમ્રતાથી કહે છે કે " ગુરુદેવ પાસેથી મારી અલ્પ મતિએ જેટલું જાણ્યું એટલું કહું છું."

પ્ર૦ :—અલ્પ મતિનું શું તાત્પર્ય છે ?

ઉ૦ :—એજ કે જગતમાં શિષ્યો ત્રણ પ્રકારના હોય છેઃ—

(૧) અધિકમતિ, (૨) સમમતિ અને (૩) અલ્પમતિ. એમાં અધિકમતિવાળો શિષ્ય ગુરુ પાસેથી સાંભળીને ગુરુના કહ્યા કરતાં પણ અધિક વિસ્તારથી અને ઉંડાણથી જાણે છે; દૃષ્ટાન્ત તરીકે, એરંડિયા વગેરેના ઝાંખા દીવામાંથી પ્રગટાવેલો બીજો દીવો પોતાની શુદ્ધ તેલ વગેરે સામગ્રીથી ઉજ્જવલ પ્રકાશવાળો બની શકે છે. બીજો સમમતિવાળો શિષ્ય ગુરુના જેટલી બુદ્ધિવાળો હોવાથી ગુરુના કહ્યા જેટલું ગ્રહણ કરે છે. જ્યારે ત્રીજા પ્રકારનો અલ્પમતિવાળો શિષ્ય ગુરુના કહ્યાથી પણ ઓછો પદાર્થ-સમૂહ જાણતો હોય છે.

પ્ર૦ :—ગ્રન્થકાર મહર્ષિ પોતાની જાતને ત્રીજી કક્ષામાં મૂકે છે, તો એટલું કહેલું શું ઉપયોગી થશે ?

ઉ૦ :—જરૂર ઉપયોગી થશે, ગ્રન્થકાર કહે છે, 'જગતમાં મારા કરતાં પણ જ્ઞાનાવરણ આદિ કર્મની પરવશતાથી સ્થૂલ બુદ્ધિવાળા જીવો પણ સંભવે છે, અર્થાત્ મંદબુદ્ધિવાળા જીવો પણ હોય. એ જીવોના ઉપકારને માટે આ 'લલિતવિસ્તરા' વિવેચન કરવાનો મારો વ્યાખ્યાપરિશ્રમ સફળ થશે.

અહીં ગ્રન્થકાર 'મારા કરતાં પણ' એમ કહીને મન્દબુદ્ધિવાળા જીવોનો સંભવ દર્શાવી પોતાની એવી લઘુતા બતાવે છે કે 'મારાથી પ્રાયઃ મન્દબુદ્ધિ જીવ કોઇ હોય નહિ; પરંતુ કર્મો વિચિત્ર ફળવાળાં હોય છે, તેથી શું શું ન સંભવે ?' એવા મંદ જીવોના હિતાર્થે થતી આ વ્યાખ્યાનની પ્રવૃત્તિ કરુણાભાવનામાંથી જન્મી છે. અધિક બુદ્ધિમાન જીવો તો પ્રમોદ ભાવનાના વિષય છે, જ્યારે સમાન બુદ્ધિવાળા જીવો તો ન કરુણા કે ન પ્રમોદ, કિંતુ મધ્યસ્થભાવ અર્થાત્ સમભાવની ભાવનાના વિષય છે; માટે આ વ્યાખ્યાથી એમના પર ઉપકાર કરવાનો ગ્રંથકારનો ઉદ્દેશ નથી.

જગતમાં ત્રણ પ્રકારના જીવો અને ત્રિવિધ ભાવનાઃ—મનને મલિન ભાવોથી બચાવી પવિત્રતામાં રમતું કરનારી કેવી ત્રણ સુંદર ભાવનાઓ બતાવી ! માણસને જીવનમાં ત્રણ જાતના લોક સાથે પ્રસંગ બને. તેમાં કોઇ અધિક હોય, કોઇ સમાન હોય, તો કોઇ હીન હોય, બાહ્ય પૈસા-ટકાની દૃષ્ટિએ, કે માન-ઠકુરાઈની દૃષ્ટિએ, સત્તાથી કે આબરૂથી, જ્ઞાનથી કે પુણ્યાઇથી, અથવા તો ગુણની દૃષ્ટિએ. પણ (૧) ગમે તે રીતે અધિક હોય, તેના પ્રત્યે દિલનો પ્રમોદભાવ, આનંદ અને પ્રેમભાવ રાખવાનો. જો મનુષ્યના હૃદયમાં એ હશે તો ત્યાં ઇર્ષ્યા કે સંતાપ નહિ થાય, અવજ્ઞા કે અસહિષ્ણુતા નહિ થાય, એની નિંદામાં નહિ ઉતરાય; એના માટે અંતરના ઉંડાણમાં એમ થશે કે એ "મારો માનવભાઇ જ ઉંચો છે ને ? ઘણું. સરસ ! એની ઉચ્ચતા એના પુણ્ય કે પરિશ્રમના હકથી છે ને ? ત્યાં આપણે એના પ્રત્યે ઇર્ષ્યા, બળતરા કે તિરસ્કારભાવ રાખી આપણું પોતાનું જ ઉચ્ચમાનવ-હૈયું શા માટે બગાડવું ? શા માટે કુસંસ્કારી અને પાપકર્મથી ભારે કરવું ?" (૨) ત્યારે, જે સમાન હોય તેના પ્રત્યે મધ્યસ્થભાવ, અર્થાત્ સમભાવ

રાખવાનો, **'परचिन्ताऽधमाधमा'** વિષયચિંતા અને અર્થચિંતા કરતાં પણ અધમાધમ એવી પરચિંતાથી નિજના હૈયાને તુચ્છ કે ભારે નહિ બનાવવાનું વિચારવાનું. કે 'માનવભવનો કિંમતી સમય શા સારૂ વેડફી નાખું? એમ કરવા જતાં તો મોંઘેરી તત્ત્વચિંતા, આત્મચિંતા અને પરમાત્મ-વિચારણા ગુમાવાશે! પરમાર્થ-પરોપકારની વિચારણા ગુમાવાશે!' (૩) ત્યારે, આપણાથી કોઇ ગુણમાં, બુદ્ધિમાં કે પુણ્યમાં નીચા હોય તેની પ્રત્યે દિલમાં ઉછળતો કરુણાભાવ રાખવાનો-તેની દયા ખાવાની; એનું દુઃખ દૂર કરવા શકય ભોગ આપવાનો; એ અંગે વિચારવાનું કે 'બિચારો જીવ! અશુભ કર્મથી કચરાઇ રહ્યો છે! એ સ્થિતિમાં ઉપરથી એને પાટું મારવું એ યોગ્ય નથી, પરંતુ આશ્વાસન આપવું યોગ્ય છે; હિંમત અને ટેકો આપવો યોગ્ય છે. તેમ, મારે પણ આ દયા કરવાનો સારો મોકો મળ્યો. મારાં તન-મન-ધન લેખે લગાડું...' આ પ્રમોદ-સમભાવ-કરુણા, ત્રણ જાતની વૃત્તિ સતત જાગતી રાખવા માટે તે તે ભાવનાઓ વારંવાર ભાવવી જોઇએ; તો જ અવસરે તે બજાવી શકાય, અને મન સદા પવિત્ર રહે.

ધર્મના પાયામાં ભાવનાઓ:—મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય, એ ચાર ભાવનાઓ ધર્મના પાયામાં જરૂરી કહી છે...

" मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते "

'મૈત્રી વગેરે ભાવો પૂર્વક જ્ઞાનીએ કહેલું અનુષ્ઠાન, એ ધર્મ છે...' અહીં ઉપરજ ત્રણ ભાવનામાં જે આપણે વર્ણવી આવ્યા એથી વિશેષ, મૈત્રી ભાવનામાં જીવમાત્ર પ્રત્યે મિત્રતા રાખવાની. 'આપણો કોઇ જ શત્રુ નથી. આપણું બગાડનારો પણ આપણાં પોતાનાં પૂર્વકર્મથી જ એમ કરવા પ્રેરાય છે; વાંક એનો નથી, પણ આપણાં કર્મનો છે. એ તો દયા ખાવા યોગ્ય છે, એનું ભલું થાઓ, એને સદ્બુદ્ધિ મળો... જીવમાત્રનું ભલું થાઓ.' એમ કોઇની પ્રત્યે વૈર-વિરોધની ઝેરી લાગણીથી આપણાં હૈયાંને કલુષિત થવા દીધા વિના શુદ્ધ મૈત્રીભાવ, સ્નેહભાવ રાખવાનો...

માધ્યસ્થ્યભાવમાં પારકાના દોષ પ્રત્યે ઉપેક્ષાભાવ કેળવવાનો; તેમજ, દેવ-ગુરુ-ધર્મના નિંદકો-વિરોધિઓ પ્રત્યે, શકય ઉપાયે ન સુધરે ત્યારે, ઉપેક્ષાભાવ સેવવાનો. એથી આપણું હૃદય બગડે નહિ, અને સામો વધારે ખરાબી ન પામે. ધર્મના મૂળ પાયામાં ચારે ય ભાવના જરૂરી છે. કેમકે એથી મનની ધર્મબાધક મલિનતા દૂર થાય છે; ધર્મની સ્પર્શના, અને આત્મામાં ધર્મનું ઘડતર થવા યોગ્ય કુણાશ-કોમળતા આવે છે. ત્યારે, મૈત્રી-પ્રમોદ વગેરે ભાવનાઓને બદલે વૈર-વિરોધ કે ઇર્ષ્યા જ્યારે હૃદયમાં સ્થાન જમાવે છે ત્યારે ધર્મ સાથે હૃદયથી સગાઇ થતી નથી. લલિતવિસ્તરાકાર અહીં એ ચાર ભાવનાઓમાંથી એક પ્રકાર તરીકે કરુણાભાવ રાખી મંદ જીવો પર વ્યાખ્યાનો ઉપકાર કરવા તૈયાર થાય છે.

આમ ચાર શ્લોકથી ગ્રન્થના પ્રારંભમાં જરૂરી 'અનુબન્ધ-ચતુષ્ટય' બતાવ્યું. એમાં (૧) ઇષ્ટદેવને નમસ્કાર કરવારૂપ મંગળ કર્યું. (૨) ચૈત્યવંદનસૂત્રનો 'અર્થ-ભાવાર્થ' એ ગ્રન્થનો વિષય દર્શાવ્યો; કેમકે એની જ વ્યાખ્યા કરવાની છે. (૩) ગ્રન્થનાં પ્રયોજનમાં 'તેવા જીવો પર બોધ થવાનો ઉપકાર' એ ગ્રન્થકારનું સાક્ષાત્પ્રયોજન છે, 'જીવોને બોધ થવો' એ ગ્રન્થશ્રોતાનું સાક્ષાત્પ્રયોજન છે; અને ઉભયને આખરે મોક્ષપ્રાપ્તિ, એ પરંપરાએ પ્રયોજન છે. (૪) ગ્રન્થનો સંબંધ ત્રણ રીતે:-૧. સંબંધ ગુરુવચન સાથે છે. ૨. ગ્રન્થ અને પદાર્થ વચ્ચે અભિધાન-અભિધેય સંબંધ છે. ૩. આ વ્યાખ્યા ગ્રન્થ અને ચૈત્યવન્દનસૂત્રની વચ્ચે વ્યાખ્યાન-વ્યાખ્યેય સંબંધ છે. ચાર શ્લોકને અંતે **'इति'** કહ્યું છે તે મંગળ વગેરેના નિરૂપણની સમાપ્તિના અર્થમાં છે; અર્થાત્ અહીં એનું વક્તવ્ય સમાપ્ત થાય છે.

હવે ગ્રંથનો મંગલ પ્રારંભ થાય છે.

ચૈત્યવન્દન સફળ છે ?

શ્રી લલિતવિસ્તરાકાર પૂ. આચાર્યદેવ ચૈત્યવન્દન સૂત્રની વ્યાખ્યા શરૂ કરતાં પહેલાં ચૈત્યવન્દન ક્રિયા સફળ છે કે કેમ, એના ઉપર તર્કપૂર્ણ ઊહાપોહ કરી બતાવે છે. એ લખે છે,

વાદીનું કથન:-(લ૦) अत्राह, ' चिन्त्यमत्र साफल्यं, चैत्यवन्दनस्यैव निष्फलत्वादिति । '

અર્થ:-અહીં આક્ષેપ કરવામાં આવે છે કે ચૈત્યવન્દનની વ્યાખ્યામાં સફળતા વિચારણીય છે, કેમકે ચૈત્યવન્દન પોતે પણ નિષ્ફળ છે.

વિવેચન:-મંગળ આદિનું નિરૂપણ થતાં ચૈત્યવન્દન સૂત્રની વ્યાખ્યાનો વિષય તરીકે નિર્દેશ કરવામાં આવ્યો. એના ઉપર વાદી પ્રશ્ન કરે છે કે-

વાદીનું કથન: ચૈત્યવંદન નિષ્ફળ છે:-ચૈત્યવન્દન સૂત્રની વ્યાખ્યા રચવાનો પરિશ્રમ ઉઠાવતાં પહેલાં એ વિચારો કે શું એ વ્યાખ્યા રચવાનો પરિશ્રમ સફળ છે ? એનામાં સફળતા હોવાનું વિચારણીય છે, અર્થાત્ એનામાં સફળતા નથી; કેમકે ખુદ ચૈત્યવન્દન પણ નિષ્ફળ છે. કારણ એ છે કે એમાંથી પુરુષોપયોગી કાંઈ ફળ થતું દેખાતું નથી. પુરુષને અર્થાત્ જીવને ઉપયોગી કોઇ ફળ ચૈત્યવન્દનમાંથી નીપજતું દેખાતું નથી; અથવા પુરુષોપયોગી એટલે ધર્મ-અર્થ-કામ-મોક્ષમાંના કોઈ પુરુષાર્થની સિદ્ધિ થવારૂપ ફળ દેખાતું નથી. આમ, જયારે ચૈત્યવન્દન નિષ્ફળ છે, તો એની વ્યાખ્યાનો પરિશ્રમ નિષ્ફળ હોવાનું પૂછવું જ શું ? ત્યારે જે નિષ્ફળ હોય તે નહિ કરવું જોઇએ. દા. ત. કાંટાની ડાળીનું મર્દન કરવાનો પ્રયાસ નકામો છે, તો એ કોણ સુજ્ઞ કરે છે ? બસ, તેવી જ રીતે ચૈત્યવન્દનનું વ્યાખ્યાન નિષ્ફળ હોવાથી સુજ્ઞ પુરુષે એનો પ્રયાસ ન કરવો જોઇએ.

વ્યાપ્ય અને વ્યાપક:-જે સફળ હોય તેનો જ પ્રયાસ યોગ્ય છે. જયાં 'પ્રયાસ, ત્યાં સફળતા જોઇએ જ'-આ વાકયમાં 'પ્રયાસ' એ 'વ્યાપ્ય' વસ્તુ છે, અને 'સફળતા' એ 'વ્યાપક' વસ્તુ છે.

વ્યાપ્ય-વ્યાપકનો નિયમ:—

'જયાં' પદની સાથે બોલાય તે 'વ્યાપ્ય,' અને 'ત્યાં' પદની સાથે બોલાય તેને 'વ્યાપક' કહેવાય છે. દા. ત. જયાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ. આમાં ધૂમાડો વ્યાપ્ય કહેવાય, અને અગ્નિ વ્યાપક કહેવાય. હવે નિયમ છે કે " જયાં જયાં વ્યાપ્ય હોય ત્યાં ત્યાં વ્યાપક અવશ્ય હોય; અને જયાં વ્યાપક ન હોય ત્યાં વ્યાપ્ય હોય જ નહિ." દા. ત. ધૂમાડો વ્યાપ્ય છે અને અગ્નિ વ્યાપક છે; તો આ નિયમાનુસાર, જયાં જયાં ધૂમાડો છે, ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય છે; જયાં વ્યાપક એવો અગ્નિ નથી, ત્યાં વ્યાપ્ય ધૂમાડો નથી જ. એટલે વ્યાપક ન દેખાય તો માનવું જ પડે કે ત્યાં વ્યાપ્ય ન જ હોઈ શકે. પ્રસ્તુતમાં 'જયાં પ્રયાસ, ત્યાં સફલતા' કહીએ, એટલે પ્રયાસ વ્યાપ્ય અને સફલતા વ્યાપક; એ હકીકતથી આ ફલિત થાય છે કે જેમાં વ્યાપક એવી સફલતા ઉપલબ્ધ ન થતી હોય, અર્થાત્ નિષ્ફલતા દેખાતી હોય, ત્યાં પ્રયાસ ન જ હોવો ઘટે. માટે અમે કહીએ છીએ કે ચૈત્યવન્દન-વ્યાખ્યા અને ચૈત્યવન્દન પણ નિષ્ફલ હોવાથી એમાં પ્રયાસ કરવો ન ઘટે.

(જૈનમતે ઉત્તર) (લ૦-)अत्रोच्यते, निष्फलत्वादित्यसिद्धं, प्रकृष्टशुभाध्यवसायनिबन्धनत्वेन ज्ञानावरणीयादि-लक्षणकर्म्मक्षयादिफलत्वात् ! उक्तं च,-

चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते । तस्मात्कर्म्मक्षयः सर्वं ततः कल्याणमश्नुते ॥ इति ॥

અર્થ:-આનો ઉત્તર કરવામાં આવે છે કે ચૈત્યવન્દન ન કરવા અંગે ' નિષ્ફળતા હોવાથી' આ જે હેતુ મૂકયો તે અસિદ્ધ છે. કેમકે, ચૈત્યવન્દન તો ઊંચા શુભ અધ્યવસાયનું કારણ હોવાથી જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપવાળા કર્મોના ક્ષય વગેરે ફળને આપે છે. કહ્યું છે કે 'ચૈત્યવન્દનથી સમ્યક્ શુભ ભાવ થાય છે અને એથી કર્મક્ષય થાય છે, એટલે (જીવ) સર્વ કલ્યાણને પામે છે.'

વિવેચન:-જૈનમતે પ્રતિકાર:-વાદીએ ચૈત્યવન્દન અને એના વ્યાખ્યાપ્રયાસને નિષ્ફળ જણાવી તે ન કરવાનો આક્ષેપ કર્યો.

એમાં વાદીએ અનુમાન કર્યું; 'ચૈત્યવન્દનનો પ્રયાસ ન કરવો જોઈએ, કેમકે એ પ્રયાસ કરવામાં નિષ્ફલતા છે.' અહીં જૈનો કહે છે 'આમાં પ્રયાસને ઉડાડવા નિષ્ફલત્વને હેતુ તરીકે મૂકયું; પરંતુ પહેલી વાત તો એ છે કે તે હેતુ સિદ્ધ જોઈએ ને ? ચૈત્યવન્દનમાં નિષ્ફલતા સિદ્ધ જ નથી; પૂરવાર નથી, અસિદ્ધ છે. અર્થાત્ હેતુ 'અસિદ્ધિ' નામના દૂષણથી દૂષિત છે. દા. ત. દૂરથી કોઈ કહે. 'તળાવમાં અગ્નિ છે, કેમકે ધૂમાડો છે' અહીં વાસ્તવિક રીતે તળાવમાં ધૂમાડો જ નહિ હોવાથી, એનો હેતુ તરીકેનો ઉપન્યાસ અસિદ્ધ કર્યો કહેવાય. એથી તે અસિદ્ધિ દૂષણથી દૂષિત કર્યો; અને દૂષિત હેતુ દ્વારા અનુમાન ખોટું થાય. તેથી ઉપર્યુક્ત 'અસિદ્ધિ' દૂષણવાળા 'નિષ્ફળત્વ' હેતુથી થતા ખોટા અનુમાનથી પ્રયાસનો નિષેધ સિદ્ધ ન થઇ શકે. તો પૂછશો,

ચૈત્યવન્દનનું ફળ શું ?:--

પ્ર૦:—ચૈત્યવન્દનમાં નિષ્ફલતા નથી, તો શું ફળ છે ?

ઉ૦:—ચૈત્યવન્દન કરવાથી આત્મામાં ઊંચા શુભ અધ્યવસાય (શુભભાવ) જાગે છે. આમ તો પહેલેથી વિષય-તૃષ્ણામય, ક્રોધાદિ-કષાયમય, જડ-મૂર્ચ્છામય, અશુભ રાગદ્વેષમય ઇત્યાદિ આત્મિક વિચાર-વલણ-વૃત્તિ વગેરે આત્મામાં રહેતાં હતાં; કે જેને અશુભ અધ્યવસાય કહેવાય, અશુભ પરિણતિ કહેવાય છે. ચૈત્યવન્દનથી એના બદલે શુભ અધ્યવસાય જાગે છે, આત્માના વિચાર-વલણ-વૃત્તિ શુભ બને છે. એમ તો દયા, દાન વગેરેમાં ય શુભ અધ્યવસાય તો થાય, પરંતુ એના કરતાં ચૈત્યવન્દનમાં ઊંચા ચઢિયાતા શુભ અધ્યવસાય જાગે છે, કેમકે ચૈત્યવન્દન વીતરાગ પરમાત્માની સ્તવના સ્વરૂપ છે, એમાં વીતરાગદેવ તરફ દૃષ્ટિ, દેવાધિદેવની વીતરાગ તરીકે માન્યતા, વીતરાગદેવની તરણતારણ તરીકે શ્રદ્ધા, ઉપરાંત એમનાં ગુણગાન અને એમની પાસે કલ્યાણની પ્રાર્થના વગેરે થાય છે. એ બધું આત્માની પરિણતિને નિર્મળ કરવા માટે અને ચઢિયાતા શુભ અધ્યવસાય જગાવવા માટે સમર્થ છે.

પ્ર૦:—ચઢિયાતા શુભ અધ્યવસાયથી શું વળે ?

ઉ૦:—અરે ! એ તો અપૂર્વ લાભ છે ! કેમકે સંસારમાં જીવનું જે ભ્રમણ છે તેનું મૂળ કારણ જ અશુભ અધ્યવસાય છે. અશુભ અધ્યવસાયના લીધે જ જીવ જ્ઞાનાવરણ વગેરે કર્મથી બંધાય છે. જ્યારે, ચૈત્યવન્દનથી જાગેલા વિશિષ્ટ શુભ અધ્યવસાય તો કર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ કરે છે; તેથી આત્મા કર્મલઘુ બને છે; ક્રમે કરીને નિર્મળ બનતાં બનતાં મોક્ષની નિકટ પહોંચે છે. શુભ અધ્યવસાય એ અશુભ અધ્યવસાયનો વિરોધી હોવાથી આ પરિસ્થિતિ સર્જાય છે.

જૈનદર્શન આત્મા અને કર્મ અંગે શું કહે છે ? :-

પ્ર૦:—જ્ઞાનાવરણાદિ કર્મનું શું સ્વરૂપ છે ? અને તે કર્મો કેટલી સંખ્યામાં છે ?

ઉ૦:—કર્મનું સ્વરૂપ સમજવા માટે પહેલાં જરા આત્માનું સ્વરૂપ સમજી લો.

આત્મ-દ્રવ્ય એ દેહની જેમ એક સ્વતંત્ર દ્રવ્ય છે. દેહમાં આત્મા કેદ પૂરાયો છે, છતાં જેમ ભૂતાવિષ્ટ (ભૂતનાપ્રવેશવાળા) દેહમાં ભૂત જુદી વ્યક્તિ છે, તેમ દેહમાં આત્મા એક જુદી વ્યક્તિ છે. એના અનેક પૂરાવામાંથી એક પૂરાવા તરીકે, જેવી રીતે દેહના ખાસ ગુણ રૂપ-સ્પર્શ વગેરે છે, તેવી રીતે આત્માના પણ ખાસ ગુણ જ્ઞાન-સુખ વગેરે છે. એ ગુણો આત્માના સ્વભાવગત છે, તેથી જ (૧) આત્મા દેહની માફક જડ નહિ, પરંતુ ચેતન છે, અને (૨) આત્માની અશુદ્ધ અવસ્થામાં એટલે કે સંસારી અવસ્થામાં જ્ઞાનાદિ ગુણ તરતમતાએ પ્રગટ થતા દેખાય છે; જ્યારે જડમાં મૂળગત જ્ઞાનાદિ સ્વભાવ નથી, તો એમાં કયારે ય પણ જ્ઞાનાદિગુણ પ્રગટતા દેખાતા નથી. હવે, આત્મામાં સ્વભાવગત તો અનંત જ્ઞાન, અનંત સુખ વગેરે છે; પરંતુ મિથ્યાદર્શન, અજ્ઞાન, અવ્રત, કષાય, પ્રમાદ વગેરેના અશુભ અધ્યવસાય તથા યોગ (મન-વચન-કાયાની પ્રવૃત્તિ)ના કારણે આત્મા સાથે જે કર્મઅણુઓ (કર્મપુદ્ગલો) ખીરનીરની જેમ એકમેક થઇ ગયા છે, તે જ્ઞાનાદિગુણોને આવરવાનું (દબાવી દેવાનું) કામ કરે છે; ઉપરાંત, તે શરીર, ઇન્દ્રિયો, ઇચ્છા, તૃષ્ણા, મોહ, માયા વગેરે ભળતી વાતને ઉભી કરે છે.

સ્વભાવ અને વિભાવ:—જયારે જ્ઞાનાદિ એ સ્વભાવદશા છે, ત્યારે આ શરીર વગેરે બધી વિભાવદશા કહેવાય છે. આત્મામાં સહજ રૂપે છે તે સ્વભાવદશા કહેવાય, આત્મામાં કર્મસંયોગે ઉભી થયેલી તે વિભાવદશા કહેવાય. મોક્ષમાં એકલી સ્વભાવદશા પ્રગટ હોય છે, ત્યારે વિભાવદશા સંસારમાં જ પ્રગટ હોય છે.

આત્મા, કર્મ અને સંસાર.

નં.	સ્વભાવદશા	દબાવનાર કર્મ	કર્મથી પ્રગટેલી વિભાવદશા
૧	અનંતજ્ઞાન	જ્ઞાનાવરણીય કર્મ	અજ્ઞાન
૨	અનંતદર્શન	દર્શનાવરણીય કર્મ	અદર્શન, નિદ્રા
૩	અનંત અવ્યાબાધ સુખ	વેદનીય કર્મ	શાતા, અશાતા
૪	અનંત ચારિત્ર ક્ષાયિક સમ્યક્ત્વ વીતરાગતા	મોહનીય કર્મ દર્શન મોહનીય ચારિત્ર મોહનીય	મિથ્યાત્વ, ક્રોધ-માન-માયા-લોભ (રાગ-દ્વેષ) તૃષ્ણા-મમતા આસક્તિ અવ્રત (અવિરતિ)-હાસ્ય, શોક, ભય, કામવાસનાદિ
૫	અક્ષયસ્થિતિ (અજર-અમરતા)	આયુષ્ય કર્મ	જન્મ-જીવન-મરણ
૬	અરૂપિપણું	નામકર્મ	નારકાદિગતિ-એકેન્દ્રિયાદિ જાતિ, શરીરાદિ, ત્રસ-સ્થાવરપણું, યશ-અપયશ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય... વગેરે યાવત્ તીર્થંકર નામકર્મ
૭	અગુરુલઘુપણું	ગોત્રકર્મ	ઊંચકુળ, નીચકુળ
૮	દાન-વીર્ય આદિની અનંતલબ્ધિ	અંતરાયકર્મ	કૃપણતા, દુર્બલતા, અપ્રાપ્તિ, દરિદ્રતા, પરાધીનતા

સ્વભાવદશામાં મુખ્ય આઠ ગુણ છે, ને એને દબાવનારાં મૂળ આઠ કર્મ છે. એ આઠ કર્મના પેટા ભેદ અનેક છે. એના પ્રભાવે અનેકાનેક વિભાવદશાના ભાવ ઉભા થયેલા છે. આત્મામાં કયા કયા ૮ ગુણ છે, એને દબાવનારા કયા કયા ૮ કર્મ છે, અને તે તે કર્મના લીધે કઈ કઈ વિભાવદશા ઉભી થઈ છે, તેનો આછો ખ્યાલ બાજુના કોઠા ઉપરથી આવી શકશે.

ઘાતી-અઘાતી કર્મ:—આ આઠ કર્મમાં ૧, ૨, ૪ અને ૮ મું કર્મ અર્થાત્ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-મોહનીય અને અંતરાય, એ ચાર કર્મને ઘાતીકર્મ કહેવાય છે; કેમકે એ આત્માના મુખ્ય ગુણનો ઘાત કરે છે. બાકીના ચારને અઘાતી કર્મ, ભવોપગ્રાહી (સંસારમાં પકડી રાખનારા) કર્મ કહેવામાં આવે છે. આ કર્મો નવાં નવાં બંધાય છે, અને જૂનાં જૂનાં ભોગવાયે જાય છે. એ ભોગવાતાં ઉપરોક્ત વિભાવદશા અર્થાત્ સંસારદશા ઉભી થાય છે. દ્વંકમાં કર્મના સંયોગે સંસાર; અને કર્મના વિયોગે મોક્ષ.

સંસાર અનાદિ શાથી ? :—

પ્ર૦:—એ કર્મસંયોગ અને સંસાર કયારથી શરૂ થયા ? અને કર્મવિયોગ દ્વારા મોક્ષ કયારે થાય ?

ઉ૦:—કર્મસંયોગ અનાદિથી છે. કેમકે પૂર્વે કહ્યું છે કે મિથ્યાત્વ-અવ્રત વગેરે આશ્રવોના લીધે કર્મ ઉભાં થાય છે. એટલે કર્મ બંધાવા પૂર્વે એ આશ્રવો હતા; હવે એ આશ્રવો પણ વિભાવદશા છે, અને તેથી તે પૂર્વકર્મના લીધે જ હોઇ શકે. એ કર્મો પૂર્વના આશ્રવથી જ બંધાય. એ આશ્રવોની વિભાવદશા એની પૂર્વના કર્મના લીધે જ; આમ પૂર્વે પૂર્વે કાર્યકારણ-વ્યવસ્થા જોતાં કર્મસંયોગ અને વિભાવદશાનો અનાદિ પ્રવાહ સિદ્ધ થાય છે; અર્થાત્ કયારે ય એકેયની પહેલી શરૂઆત માની શકાય જ નહિ. કર્મથી વિભાવદશા, અને વિભાવદશાથી કર્મ. આમ અન્યોન્ય કાર્યકારણ હોવાથી એમ ન કહી શકાય કે એમાંથી એક તો બીજાના વિના એમ જ પ્રગટી ગયું ! એવું ન જ માની શકાય કે પહેલાં આત્મા તદ્દન શુદ્ધ હતો અને પછી એકાએક એકલી વિભાવદશા કે એકલાં કર્મ ઉભાં થઇ ગયાં ! એ તો અનાદિ કાળથી કર્મ અને વિભાવદશા ચાલ્યાં આવે છે; એટલે સંસાર પણ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. પૂર્વે કોષ્ટકમાં બતાવ્યા મુજબ જીવાત્મા કર્મના લીધે વિભાવદશામાં છે; કર્મના લીધે જ નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવગતિમાં ભમે છે, ભિન્ન ભિન્ન શરીર ધારણ કરે છે, ઇન્દ્રિયો પામે છે, શાતા-અશાતા, યશ-અપયશ વગેરે ભોગવે છે; કર્મના લીધે જ અજ્ઞાન, નિદ્રા, રાગ-દ્વેષાદિની વિટંબણા અનુભવે છે.

પ્ર૦:—કર્મથી જ અજ્ઞાન-રાગ-દ્વેષાદિ હોય અને અજ્ઞાન-રાગ-દ્વેષાદિથી જ નવાં કર્મ, એમ અનાદિ કાળથી ચાલ્યું આવતું હોય તો પછી એવા સંસારનો અંત પણ કદીય આવી શકે ખરો ?

ઉ૦:—હા, જૂનાં કર્મ ઉદયમાં આવે, અને અજ્ઞાન, રાગ-દ્વેષ વગેરેમાં જીવને રમાડે, તે પૂર્વે જો એ કર્મનો ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય કરવામાં આવે તો અજ્ઞાનાદિ દોષો હ્રાસ પામી શકે છે, અને તેમ કરવાનું બાહ્ય-આભ્યન્તર તપ અને સમિતિ-ગુપ્તિ આદિ સંવરની સાધનાથી બની શકે છે. કેમકે એ સાધના આત્માના અધ્યવસાયોને નિર્મળ કરે છે. તો જેમ મલિન અધ્યવસાયો કર્મના લેપ વધારે છે, તેમ શુભ અધ્યવસાયો, વિશુદ્ધ અધ્યવસાયો કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે, એ સહજ છે. એથી આત્મામાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર ગુણો પ્રગટે છે. એનાથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત વગેરે દોષો, કે જે આત્મામાં કર્મને વહી આવવાના આશ્રવો છે, કારણો છે, તે હટી જાય છે; ને તેથી નવાં કર્મ આવતાં અટકે છે; તેમજ અનશનાદિ બાહ્યતપ અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યન્તર તપ દ્વારા કેઈ જૂના કર્મ નાશ પામતા જાય છે. આમ થતાં થતાં પરાકાષ્ઠાએ સર્વ ઘાતીકર્મનો નાશ થવાથી અનંત જ્ઞાન-દર્શન-વીતરાગ-ચારિત્ર અને અનંત વીર્ય વગેરે ગુણો યાને સ્વભાવદશા પ્રગટ થાય છે. ત્યાં લેશ માત્ર અજ્ઞાનનું નામનિશાન નહિ ! એકલું જ્ઞાન હોય છે ! એને 'કેવળજ્ઞાન' પ્રગટયું કહેવાય છે; ને તેથી આત્મા સર્વજ્ઞ બને છે. તે સર્વજ્ઞ અવસ્થામાં હજી શરીર, આયુષ્ય ઉભાં હોવાથી તેની ક્રિયા સ્વરૂપ એકમાત્ર 'યોગ' નામનો જ આશ્રવ હોય છે; કે જેનાથી શાતાવેદનીય નામનું કર્મ બંધાય છે. પરંતુ આયુષ્ય પૂર્ણ થવાના અવસરે એ યોગનો અર્થાત્ મન-વચન-કાયાની પ્રવૃત્તિનો સંપૂર્ણ નિરોધ કરવાથી શાતા પણ બંધાતી અટકે છે, અને અવશેષ અઘાતી કર્મ આયુષ્ય સાથે ભોગવાઈ જતાં સર્વ

કર્મના નાશ સ્વરૂપ મોક્ષ પ્રગટે છે. માટે કહેવાય કે 'અનાદિ સંસારનો પણ અંત આવી શકે છે; ને મોક્ષ નીપજે છે.' આ મોક્ષ-અવસ્થામાં પૂર્વે કહેલા આઠેય ગુણો વાદળ વિનાના મધ્યાહ્નના સૂર્યના કિરણોની જેમ ઝળહળી ઉઠે છે.

આ ઉત્તમ સ્થિતિ સર્જવામાં મુખ્ય કારણભૂત જે શુભ અધ્યવસાયો બતાવ્યા, તે તપ-સંવર વગેરેના બીજા સાધનો દ્વારા જેમ જાગે છે, તેમ ચૈત્યવન્દનથી પણ સારા જાગે છે; કેમકે ચૈત્યવન્દન એ લોકોત્તર પરમપુરુષ શ્રી અરિહંત પરમાત્માની યથાયોગ્ય સ્તવનારૂપ હોવાથી લોકોત્તર શુભ અધ્યવસાયનું કારણ છે. તે શુભ અધ્યવસાયો કર્મબંધનમાં કારણભૂત મલિન અધ્યવસાય કરતાં તદ્દન વિપરીત સ્વભાવવાળા હોવાથી, જ્ઞાનાવરણાદિ કર્મના યથાસંભવ ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ કરવાવાળા બને છે; ને તેથી પ્રાંતે સકળ કર્મના ક્ષયરૂપી મોક્ષ થાય છે.

આમ ચૈત્યવન્દન મોક્ષ પર્યંતના ફળને નિપજાવવાવાળું સિદ્ધ હોવાથી નિષ્ફળ નથી. તેમ ચૈત્યવન્દનના યથાર્થ-કરણ માટે કરવામાં આવતી વ્યાખ્યા પણ નિષ્ફળ નથી. તેથી બંનેની નિષ્ફળતાને અને વ્યાખ્યાને ન આરંભવાનું ઉદ્ભાવન કરવું એ અયુક્ત છે.

પ્ર૦—ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમનું સ્વરૂપ શું ?

ઉ૦—**ક્ષય** :—જેવી રીતે કર્મ આત્મા સાથે એકમેક થાય તેને 'બંધ' કહે છે, તેવી રીતે આત્માથી એ કર્મ છૂટાં પડી જાય તેને 'ક્ષય' થયો કહેવામાં આવે છે. ક્ષય એટલે તે તે કર્મબન્ધનનો નાશ.

ક્ષયોપશમ :—'ક્ષયોપશમ' પદનો શબ્દાર્થ છે ઉદય પ્રાપ્ત કર્મનો ક્ષય અને ઉદય નહિ પામેલાનો ઉપશમ. એનો જરા ભાવાર્થ જોઈએ.

કર્મની પ્રકૃતિઓ બે વિભાગમાં વિભાજિત છે;-૧. સર્વઘાતી, અને ૨. દેશઘાતી. સર્વઘાતી કર્મપ્રકૃતિમાં એવો રસ છે કે જે રસ ઉદયમાં આવી આત્માના ગુણોનો સર્વથા ઘાત કરે છે. દા. ત. કેવળજ્ઞાનાવરણ કર્મ; એ કર્મ 'કેવળજ્ઞાન' ગુણનો સર્વઘાત કરે છે. દેશઘાતી કર્મનો રસ ઉદયમાં આવીને ગુણને હણે ખરો, પણ સર્વથા નહિ; દા. ત. મતિજ્ઞાનાવરણ કર્મ એ ઉદયમાં આવીને મતિજ્ઞાનને હણે ખરો, પરંતુ સર્વાંશે નહિ. તેથી અમુક મતિજ્ઞાન આવરાવા છતાં, અંશે મતિજ્ઞાન પ્રગટ રહી શકે છે. જ્યાં તે તે કર્મનો ક્ષયોપશમ કરવામાં આવે છે, ત્યાં વિશુદ્ધ અધ્યવસાયથી તે તે કર્મના સર્વઘાતી રસસ્પર્ધકોને દેશઘાતી રૂપે કરી નખાય છે, ને દેશઘાતી રસસ્પર્ધકોને અલ્પરસવાળા કરી દેવાય છે. પછી ઉદય-આવલિકાકાળમાં પ્રવેશેલા કર્મ તો ઉદયથી નાશ પામે છે, અને બાકીનાનો વિપાકઉદય સ્થગિત કરી દેવામાં આવે છે. તેથી કાળ પાકયે તે કર્મ ઉદયમાં આવે તો ખરાં, પરંતુ માત્ર પ્રદેશોદયથી વિપાક બતાવ્યા વિના નાશ પામે છે. આ છે ક્ષયોપશમ.

મોહનીય કર્મમાં બે વિભાગ છે. (૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્રમોહનીય. દર્શનમોહનીયમાં મિથ્યાત્વ મોહનીય કર્મ કે જે અતત્ત્વની રુચિ અને તત્ત્વનો દ્વેષ કરાવે છે, તેનું શુભ અધ્યવસાય દ્વારા સંશોધન કરી ત્રણ પુંજ કરવામાં આવે છે; (૧) પૂર્ણ શુદ્ધ પુંજ તે સમકિત મોહનીય, (૨) અર્ધ શુદ્ધ પુંજ તે મિશ્રમોહનીય, અને (૩) અશુદ્ધ પુંજ તે મિથ્યાત્વ મોહનીય. ક્ષયોપશમની પ્રક્રિયામાં શુદ્ધ એવા સમકિત મોહનીયનો ઉદય થવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ રહે છે, અને બાકીનાં દર્શન મોહનીય કર્મ યદ્યપિ કાળ પાકવાથી ઉદયમાં આવે છે ખરાં, પરંતુ તેનો રસ-વિપાક પરાભવ પામ્યો હોવાથી અનુભવવામાં નથી આવતો, અર્થાત્ વિપાક-ઉદય નથી વર્તતો. માત્ર લુકખાં પુદ્ગલની જેમ તેનો પ્રદેશ-ઉદય વર્તે છે, તે ગુણઘાતક નથી. ચારિત્રમોહનીય કર્મ, જેવાં કે અનેક પ્રકારના ક્રોધ મોહનીય વગેરે, એમાંના કેટલાંકના વિપાક ઉદય સ્થગિત થઈ તે તે કર્મ પ્રદેશઉદય પામી પામી નાશ પામે છે; એટલે એ ક્રોધ દ્વિનો વિપાક ન દેખાડવાથી ક્ષમાદિ ગુણ પ્રગટ રહે છે. આ ક્ષયોપશમની પ્રક્રિયા છે.

ઉપશમ : ઉપશમ એટલે કર્મનો કોઇ જાતનો ઉદય જ નહિ. વિપાકોદય પણ નહિ, ને પ્રદેશોદય પણ નહિ. એ રીતે અંતમુહૂર્ત કાળ કર્મોના ઉદય વિનાનો જે બનાવાય તે કાળનું નામ ઉપશમ કાળ. આ ઉપશમ કેવળ મોહનીય કર્મમાં જ થાય છે. પ્રથમ સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) પામવા પૂર્વક આત્મા સમ્યક્ત્વ પામવાના કાળમાં ઉદય પામવા યોગ્ય મિથ્યાત્વ મોહનીય કર્મના સર્વ પુદ્ગલોને વિશિષ્ટ શુભ અધ્યવસાયના બળે આગળ ખેંચી લાવી ભોગવી લે છે; તેથી તેનો આગામી કાળ ખાલી પડે છે, કે જ્યાં કોઈ મિથ્યાત્વ કર્મ ઉદયમાં હોતું નથી. સત્તામાં રહેલાં કર્મ એમજ પડી રહે છે. આ ઉપશમની પ્રક્રિયા છે. આજ રીતે આગળ ઉપર ઉપશમ શ્રેણિમાં પણ બને છે. ત્યાં આ રીતે દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય સર્વ કર્મોનો ઉદય સ્થગતિ કરી દેવાય છે, તેથી ઉપશમ થાય છે.

આમ, ચૈત્યવન્દનથી શુભ અધ્યવસાય પ્રગટવા દ્વારા કર્મનો યથાસંભવ ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ થઇને અંતે કેટલે સર્વ કર્મના ક્ષયરૂપી મોક્ષ સુધીનું ફળ નીપજે છે. તો ચૈત્યવન્દનને નિષ્ફળ કેમ કહેવાય ?

આ રીતે ચૈત્યવંદનની જૈનમતે સફળતા સિદ્ધ કરી, તેના પર વાદી પ્રશ્ન કરે છે:-

(લ૦) **आह 'नायमेकान्तो यदुत ततः शुभ एव भावो भवति, अनाभोगमातृस्थानादेर्विपर्ययस्यापि दर्शनाद्' इति ।**

અર્થ:—" એ કાંઈ નિશ્ચિત નથી કે ચૈત્યવન્દનથી શુભ જ અધ્યવસાય થાય; કેમકે એવું ય દેખાય છે કે અનાભોગ (અનુપયોગ), માતૃસ્થાન (માયા) વગેરેથી ચૈત્યવંદન કરવા છતાં અશુભ ભાવ પણ થાય છે. (તો ચૈત્યવન્દનની નિશ્ચિત સફલતા કયાં રહી ?)

વિવેચન :—ચૈત્યવન્દનથી શુભ અધ્યવસાય પ્રગટે છે એવા તમે ગુણ તો ગાયા ! પણ એ કયાં નિયમ છે કે ચૈત્યવન્દનથી શુભ જ ભાવ પ્રગટે ? જુઓને, ચૈત્યવન્દન તો કરાતું હોય, પણ ચિત્ત જો મોહમૂઢ હોય તો ચૈત્યવન્દનમાં ચિત્તનો પ્રગટ ઉપયોગ જ નથી, અર્થાત્ ચિત્ત એમાં પરોવાયેલું રહેતું નથી. સાવધાન રહેતું નથી. પછી એવું કરેલું ચૈત્યવન્દન મોક્ષ પર્યંતનું ફળ કયાંથી આપશે ? શાસ્ત્ર કહે છે કે 'ઉપયોગે ધર્મ, ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ.'

(૧) **ઉપયોગે ધર્મ:**— કોઇપણ ધર્મક્રિયા કરો, પરન્તુ એમાં જેટલો ચિત્તોપયોગ રહે, દત્તચિત્તતા રહે તેટલો જ ધર્મ સિદ્ધ થાય. ધર્મ આત્માની જાગૃતિ ઉપર નિર્ભર છે; કેમકે જગતમાં ધર્મ જ એક એવી વસ્તુ છે કે જે આત્મા પર ઉપકારક છે. પરમાત્મા, ગુરુ, શાસ્ત્રો, ધર્મસ્થાનો અને ધર્માનુષ્ઠાનો (ધર્મક્રિયાઓ) ઉપકારક ગણાય છે તે આત્મામાં ધર્મ પ્રગટાવવા દ્વારા જ ઉપકારક છે. એટલે મુખ્ય તો આત્મોપકાર કરનારો ધર્મ જ છે. ઉપકાર થયો ત્યારે ગણાય કે જ્યારે આત્મામાંથી મોહનિદ્રા ઉડી ધર્મજાગૃતિ આવે, આત્મા અનાદિકાળની જડદૃષ્ટિની કુટેવ મૂકી આત્મોપયોગી સાધન પર દૃષ્ટિ ઠેરવે. એ ઠેરવ્યા વિના એકલી ક્રિયા આત્મામાં શું પરિવર્તન સાધી શકે ? શો ધર્મ સિદ્ધ કરી આપે ? ધર્મ તો જ સધે, જો ચિત્તોપયોગ રહે ! માટે જ કહેવાય છે કે 'ઉપયોગે ધર્મ.'

(૨) **ક્રિયાએ ધર્મ:**– એટલે જેવી ક્રિયા તેવા કર્મ બનાય. ક્રિયા જો શુભ, તો સત્કર્મ ગણાય, અને ક્રિયા જો અશુભ તો અસત્કર્મ ગણાય. લોક કાંઇ અંદરનો ભાવ જોવા નથી જતું, એ તો બહારની ક્રિયા જુએ છે. બહારની ક્રિયા સારી સારી દેખે તો કહે છે ' આ સત્કર્મ છે.'

પ્ર૦:—લોકના પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) થી શું વિશેષ ?

ઉ૦:—સાધકને માટે લોકપ્રિયતા ગુણ જરૂરી છે, અને લોક–વિરુદ્ધનો ત્યાગ કરવો પણ તેટલો જરૂરી છે. આ માટે સારી ધર્મક્રિયાઓ આરાધી સત્કર્મ બન્યા વિના કેમ ચાલે ? અંદરનો ભાવ સારો

હોય, છતાં બહારની ક્રિયા જો અજુગતી હોય તો લોકવિરુદ્ધનો ત્યાગ અને લોકપ્રિયતા ગુણ સિદ્ધ ન થઈ શકે. તાત્પર્ય એ છે કે ક્રિયા સારી તો સત્કર્મી, ને ક્રિયા ખરાબ તો અસત્કર્મી. માટે કહ્યું 'ક્રિયાએ કર્મ.'

(૩) **પરિણામે બંધઃ**—એટલે કે આત્માના જેવા શુભ કે અશુભ પરિણામ અર્થાત્ અધ્યવસાય હોય તેવા એ શુભ કે અશુભ કર્મ ઉપાર્જે છે. ઉપદેશમાળામાં કહ્યું છે,

'जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण । सो तंमि तंमि समये सुहासुहं बंधए कम्मं ॥

'જે જે સમયમાં જીવ જેવા જેવા ભાવથી પ્રવેશે છે, તે તે સમયે જ જીવ તદનુસાર શુભ કે અશુભ કર્મ બાંધે છે.' એકાદિ વેળા ક્રિયા બાવાની ચાલુ છતાં મનના ભાવ એવા થાય કે 'અરે! અણાહારી સ્વભાવવાળા મારા આત્માને આ કાયાની ગુલામીના યોગે આ બાનપાનની વેઠ કેવી વળગી છે...!' અથવા, 'અહો! આજે સુપાત્ર-દાનનો લાભ મળવાથી આત્મા ધન્ય બન્યો! નહિતર દાન વિનાનું આ એકલું સ્વાર્થભોજન તો રાક્ષસી ભોજન થાત!...' વગેરે. તો આ વિચારણા (ભાવ) શુભ હોવાથી શુભ કર્મનો લાભ આપે છે! એવું જ શુભ ક્રિયામાં જો કદાચ પરિણામ બગાડ્યા, અશુભ ભાવ સેવ્યા, તો ફળમાં અશુભ કર્મનાં બન્ધન મળવાના. પણ એમ નહિ કહેતા કે,

પ્ર૦:—તો પછી શુભક્રિયાની શી જરૂર? ભાવ શુભ રાખીએ તો ચાલે ને?

ઉ૦:—ના, શુભ ક્રિયાની બહુ જરૂર છે. કેમકે બાહ્ય શુભ ક્રિયાની આંતર ભાવ પર અસર પડે છે. શુભ ભાવ શુભ ક્રિયાથી જાગે છે. અશુભ ક્રિયાઓ-પાપક્રિયાઓ તો અશુભ ભાવને પોષે છે.

આપણી વાત અહીં 'ઉપયોગે ધર્મ'ની છે. વાદી કહે છે કે 'ચૈત્યવન્દન જો ઉપયોગથી અર્થાત્ એકાગ્રચિત્તે ન કર્યું તો તેથી શુભ ભાવ નહિ જાગે; અશુભ ભાવ દિલમાં રમતા રહેશે. એવું જ, ચૈત્યવન્દન જો માતૃસ્થાનથી એટલે કે માયાથી સેવાશે તો પણ ભલે ચિત્તનો ઉપયોગ ચૈત્યવન્દનમાં હોય, તોય મનના પરિણામ માયાના હોવાથી અશુભ છે, અને તેથી તો 'પરિણામે બંધ'ના નિયમ મુજબ અશુભ કર્મ બંધાશે. એટલે ઉલટું નુકસાન ઉભું થયું! પછી ચૈત્યવન્દન સફળ જ હોવાનું નિશ્ચિત ધોરણ કયાં રહ્યું? આમ વાદી કહે છે. પ્રશ્ન થશે કે,

પ્ર૦—ચૈત્યવન્દન કરવામાં માયા શી રીતે હોય?

ઉ૦—દેખાવમાં એ વીતરાગની સ્તુતિ-પ્રાર્થના અર્થે કરાતું દેખાય, પણ મનમાં ચૈત્યવન્દનથી રાગ-વર્ધક દુન્યવી પદાર્થો મેળવવાની કામના સેવે તો માયા રાખી ગણાય. એમ ચૈત્યવન્દન ધર્મ-આરાધકના દેખાવથી કરે અને મનમાં લોક-વાહવાહની લાલસા સેવે તો માયા કરી ગણાય ..આવી માયામાં ચૈત્ય-વન્દન સફળ જ થવાનું કયાંથી કહેવાય?

શાસ્ત્રે માયાને માતૃસ્થાન એટલે કે માતાનું પદ કહ્યું! માતા શું કરે છે? પુત્રને જન્મ આપે છે, અને એના દોષોને ઢાંકે છે. બાપ કે બીજું કોઇ જો પોતાના પુત્રને ધમકાવે તો માતા પુત્રનો બચાવ કરે છે. પુત્રના દોષ, પુત્રના ગુના બીજાથી છૂપાવે છે. તેવી રીતે માયા પણ જીવને સાંસારિક જન્મ આપે છે, અને આત્માના દોષોને છૂપાવે છે. 'માતૃસ્થાન વગેરે' કહ્યું તેમાં 'વગેરે' શબ્દથી ચલચિત્તતાદિ સમજવાના છે. ચૈત્યવન્દન કરતી વખતે ચિત્ત જો ચંચળ હોય, આહટ્ટ દોહટ્ટ વિચારમાં ઘુમતું હોય, સ્થાન-ઉર્ણ-અર્થ-આલંબન,-એ ચાર યોગનું ઠેકાણું ન હોય તો ય ચૈત્યવન્દન નિષ્ફળ જાય છે. કોઈપણ સૂત્ર-ક્રિયા કરવી હોય તો આ ચાર યોગ અવશ્ય જાળવવા જોઇએ.

સ્થાનાદિ ચાર યોગઃ—(૧) સ્થાન યોગ એટલે પદ્માસન, વીરાસન, વગેરે આસન, તથા યોગ-મુદ્રાદિ મુદ્રા. દા. ત. ચૈત્યવન્દન જમણો ઢીંચણ જમીનને અડે અને ડાબો ઢીંચણ સહેજ ઊંચો રહે

એવા આસને બેસીને યોગમુદ્રા વગેરે મુદ્રાઓ સાચવીને કરવું જોઇએ. 'યોગમુદ્રા' એટલે હાથની બે કોણી પેટ પર રાખી, મુખ આગળ હાથની અંજલિ જોડવી તે. 'નમુત્થુણં' વગેરે સૂત્ર બોલતી વખતે આ મુદ્રા જોઇએ. ત્યારે 'જાવંતિ ચેઇઆઇ,' 'જાવંત કેવિ સાહુ' અને 'જય વીયરાય' સૂત્ર વખતે 'મુક્તાસુક્તિ મુદ્રા' જોઇએ, અર્થાત્ બે હાથ અંજલિને બદલે મોતીની છીપના આકારે જોડવાના, હાથના ટેરવાં સામ સામે અડે; અને હાથ લલાટે અડાડાય. ત્યારે કાયોત્સર્ગ 'જિનમુદ્રા'એ કરવાનો છે. જિનમુદ્રા એટલે ઉભા રહી પગની વચ્ચે આગળ ૪ આંગળનું અંતર અને પાછળ સહેજ ઓછું અંતર રાખવાનું, હાથ તદ્દન લટકતા મુકવાના, દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગે સ્થાપવાની. કાયાથી તદ્દન સ્થિર રહેવાય, વાણીથી મૌન, અને મનથી એક નિયત ધ્યાનમાં રહેવાય તેનું નામ કાયોત્સર્ગ છે. (૨) ઉર્ણુયોગ એટલે સૂત્રના દરેકે દરેક વર્ણનું બરાબર શુદ્ધ ઉચ્ચારણ કરાય તે. (૩) અર્થયોગ એટલે સૂત્રના અભિધેય પદાર્થ ઉપર બરાબર ધ્યાન રખાય તે. (૪) આલંબન યોગ એટલે દૃષ્ટિને જિનબિંબ કે સ્થાપનાચાર્ય આદિને અવલંબને રાખવી તે. આ ચાર યોગ જો બરાબર ન જળવે, ચિત્ત ઘડીકમાં આ ચાર ઉપર, તો ઘડીકમાં બીજે જાય; દૃષ્ટિ હમણાં જિનપ્રતિમા પર હોય, પછી વળી બીજે ડોકિયા મારે, કાયા ક્ષણભર યોગ્ય આસન-મુદ્રાએ, તો ક્ષણ પછી ઊંચી-નીચી કરે, તો એ રીતે ચિત્તચંચળતા વગેરેથી કરેલા ચૈત્યવન્દનથી લાભ નથી મળતો, પણ વિપરીતતા થાય છે. ચિત્તચાંચલ્યથી શુભ ભાવને બદલે અશુભ ભાવ જાગે છે. જીવ આસનમુદ્રાદિનો ભંગ કરીને બેદરકારી, અવગણના, આશાતના વગેરે વિરાધના કરી પાપ ઉપાર્જે છે; કોઈ સમજાવવા આવે તો ઉપરથી બચાવ કરી કષાય પોષે છે, વધુ પાપ બાંધે છે! આવી વિપરીતતા હોય ત્યાં પછી ચૈત્યવન્દન સફળ જ છે એ નિયમ કયાં રહ્યો? અર્થાત્ ચૈત્યવન્દન સફળ હોવાનો નિયમ નથી, એકાન્ત નથી, અનેકાન્ત છે.

(લ૦) **अत्रोच्यते, 'सम्यक्करणे विपर्ययाभावात्; तत्सम्पादनार्थमेव च नो व्याख्यारम्भप्रयास इति। न ह्यविदिततदर्थाः प्रायस्तत्करणे प्रभविष्णव इति।'**

આચાર્યનો ઉત્તરઃ—

અર્થ :—ચૈત્યવન્દનની સફળતા સંબંધી અનેકાન્ત (અનિયમ) હોવાના વાદીના આક્ષેપ ઉપર હવે ઉત્તર કરવામાં આવે છે કે અનેકાન્ત નથી કેમકે ચૈત્યવન્દન સમ્યગ્ રીતે કરવામાં આવે તો વિપર્યય અર્થાત્ નિષ્ફળતા નથી થતી; અને આ સમ્યક્કરણ સંપાદિત કરવા માટે જ એની વ્યાખ્યા કરવાનો અમારો પ્રયાસ છે. કારણ કે ચૈત્યવન્દનના અર્થ ન જાણનારા એને સમ્યગ્ રીતે કરવા માટે પ્રાયઃ સમર્થ નથી બનતા.

વિવેચન :—વાદીએ આક્ષેપ કર્યો કે અનુપયોગ, માયા, આશંસા વગેરેથી કરેલ ચૈત્યવન્દનથી ઉલટું અશુભ ભાવરૂપી વિપરીત પરિણામ આવે છે. માટે ચૈત્યવન્દનથી લાભ જ થાય એવો એકાન્ત નથી, અનેકાન્ત છે. આના ઉત્તરમાં ગ્રન્થકાર કહે છે 'અનેકાન્ત નથી, અનિયમ નથી કિન્તુ એકાન્ત છે. કેમકે જો ચૈત્યવન્દન સમ્યગ્ રીતે કરાય તો વિપરીત પરિણામ અર્થાત્ અશુભ ભાવ નથી જ થતા, શુભ ભાવ થાય જ છે, એવો નિયમ છે. શું વ્યવહાર કે શું શાસ્ત્ર, જે કોઇ ક્રિયાનું જે ફળ, કે જે કોઇ લાભ કહે, ત્યાં એ સમજી જ રાખવાનું કે તે ક્રિયા સમ્યગ્ રીતે કરાય તો જ એ ફળ, એ લાભ મળે છે. દા. ત. કોઇએ કહ્યું, 'સીડી ઉતરીને નીચે જવાશે.' એ કથનમાં અંતર્ગત આવી જ જાય છે કે 'સીડી સરખી રીતે ઉતરે તો નીચે જવાશે.' ગમે તેમ ઉતરતાં તો પડે નીચે! એમ ચૈત્યવન્દન સારી રીતે કરે તો શુભ અધ્યવસાયરૂપી ફળ અવશ્ય મળે.

પ્ર૦ :—તો પછી ચૈત્યવંદન સારી રીતે કરવા ઘો, પરંતુ એના પર તમારી વ્યાખ્યા શું? અકિંચિત્કર નથી? અર્થાત્ નિષ્ફળ નથી?

ઉ૦—ચૈત્યવન્દન સારી રીતે કરાવવા માટે જ અમારો આ વ્યાખ્યા રચવાનો પ્રયાસ છે. વ્યાખ્યાથી ચૈત્યવન્દન સૂત્રના અર્થ ભાવાર્થ અને ચૈત્યવન્દન ક્રિયાની વિધિ વગેરેનું જ્ઞાન થાય છે. તેથી ચૈત્યવન્દન અનુષ્ઠાન સમ્યગ્ રીતે થઇ શકે છે. એ જ્ઞાન વિના પ્રાયઃ તેને સમ્યગ્ રીતે કરવા જીવો સમર્થ નથી થતા. અહીં ' પ્રાયઃ ' એટલા માટે કહ્યું કે કોઇ જીવ પૂર્વ ભવે ઉચ્ચ સાધના કરીને આવ્યો હોય તો એને એના સંસ્કાર અને શ્રદ્ધાના બળે, અહીં અર્થ જાણ્યા વિના પણ ચૈત્યવન્દનથી શુભ અધ્યવસાય પ્રગટી જવાનું સંભવે. પણ શિરસ્તો એ છે કે સૂત્રના અર્થનું જ્ઞાન મેળવવું જોઈએ; તેથી ક્રિયા સારી રીતે થાય, અને તેનું સુંદર ફળ નીપજે.

(ल०) आह ' लब्ध्यादिनिमित्तं मातृस्थानतः सम्यक्करणेपि शुभभावानुपपत्तिरिति । ' तस्य सम्यक्करणत्वाऽसिद्धेः ।

અર્થ:—વાદી પ્રશ્ન કરે છે કે 'લબ્ધિ વગેરે માટે કપટથી ચૈત્યવંદન સમ્યગ્ રીતે કરે તો પણ શુભ ભાવ નથી થતા તેનું કેમ ?' ઉત્તર એ છે કે 'એમ નહિ કહેવું, કેમકે એ રીતે કરાતું ચૈત્યવન્દન સમ્યગ્ રીતે કરાયું જ નથી.'

વિવેચન:—

પ્ર૦–એમ તો ચૈત્યવન્દન સારી રીતે કરનારા હોય છે, પરન્તુ એ અણિમા લઘિમા વગેરે ઐશ્વર્યની પ્રાપ્તિ અર્થ કરે, યા તેવા કોઇ કપટ ભાવથી કરે, તો ચૈત્યવન્દન સારી રીતે કરવા છતાં ફળ રૂપે શુભ અધ્યવસાય કેમ નથી થતા ? તેમ ચૈત્યવન્દન સારી રીતે કરવાથી ફળ મળે જ એવો એકાન્ત ક્યાં રહ્યો ? અનેકાન્ત થયો !

ઉ૦:—ના, અનેકાન્ત નથી; સમ્યક્–કરણથી શુભ ભાવ ન જન્મે એવું છે જ નહિ. વાત એટલી છે કે સમ્યક્કરણનો એટલો જ અર્થ નથી કે, અમુક સૂત્ર પછી અમુક સૂત્ર બોલવું, ઉચ્ચારણ શુદ્ધ કરવું ને બીજી કાયોત્સર્ગાદિ ક્રિયા બરાબર કરવી. એ માટે તો એના ઉપરાંત કપટભાવનો ત્યાગ, આશંસાત્યાગ, ઇત્યાદિ જરૂરી છે. તેથી લબ્ધિ ઐશ્વર્યાદિની પ્રાપ્તિ અર્થે અગર કપટભાવથી કરાતું ચૈત્યવન્દન, એ તમે માનો છો તેમ, સારી રીતે કરાયું જ નથી. ખોટા આશય કે મલિન ભાવથી કરાતાને સમ્યક્ કરણ કોણ કહે ?

★

સમ્યક્કરણનાં પાંચ અંગ

(લ૦) तथाहि प्रायोऽधिकृतसूत्रोक्तेनैव विधिनोपयुक्तस्याशंसादोषरहितस्य सम्यग्दृष्टेर्भक्तिमत एव सम्यक्करणं, नान्यस्य, अनधिकारित्वात्; अनधिकारिणः सर्वत्रैव कृत्ये सम्यक्करणाभावात् ।

અર્થ:—લબ્ધિ આદિના નિમિત્તે કરાતું ચૈત્યવન્દન સમ્યક્કરણ નથી; પરંતુ પ્રાયઃ તે તે પ્રસંગના સૂત્રે કહેલી વિધિને અનુરૂપ ઉપયોગવાળા, આશંસા દોષથી મુક્ત, સમ્યદૃષ્ટિ અને ભક્તિમાન આત્માનું જ અનુષ્ઠાન સમ્યક્કરણ છે, અન્યનું નહિ, કેમકે એ અનધિકારી છે અને અનધિકારીને તો સર્વ કાર્યોમાં સમ્યક્કરણ હોતું નથી.

વિવેચન:—

પ્ર૦ :—તમે એક વાર કહો છો કે 'જે સૂત્રના અર્થ જાણે તે ક્રિયા સમ્યગ્ રીતે કરી શકે' હવે કહો છો કે 'ખોટા આશય વિના કરે તેનું સમ્યક્કરણ થાય,' તો પછી સમ્યક્કરણના અધિકારીનું કોઇ ચોક્કસ સ્વરૂપ છે ?

ઉ૦ :—હા, નીચે કહેલા પાંચ વિશેષણોવાળો જ આત્મા સમ્ક્કરણનો અધિકારી બને શકે છે.

(૧) પ્રાયઃ સૂત્રે કહેલ વિધિ મુજબ ક્રિયા કરે,

(૨) ચિત્તનો ઉપયોગ રાખીને ક્રિયા કરે,

(૩) આશંસાદિ દોષ ન રાખે,

(૪) સમ્યગ્દૃષ્ટિ હોય, અને

(૫) ભક્તિમાન હોય.

તાત્પર્ય એ આવ્યું કે સમ્યક્કરણ માટે આ પાંચ વસ્તુ જરૂરી છે:—વિધિ, ઉપયોગ, આશંસભાવ, સમ્યગ્દર્શન અને ભક્તિ.

(૧) સૂત્રોક્ત વિધિ:—ક્રિયા સમ્યગ્ રીતે કરવા માટે પ્રાયઃ સૂત્રે કહેલી વિધિ મુજબ તે થવી જોઇએ. તો પ્રશ્ન થાય કે ચૈત્યવન્દનના પ્રસંગમાં તો ચૈત્યવન્દન-સૂત્રમાં વિધિ જ ક્યાં કહી છે ? એનો ઉત્તર એ છે કે ચૈત્યવન્દનની વ્યાખ્યાએ જે વિધિ કહી એ સૂત્રે જ કહ્યા બરાબર છે; કેમકે વ્યાખ્યા એ સૂત્રના ગર્ભિત અર્થનો જ વિસ્તાર છે, સૂત્ર જે કહે છે તે જ વ્યાખ્યા કહે છે; માટે વ્યાખ્યાએ કહેલી વિધિ સૂત્રકથિત વિધિ કહેવાય.

પ્ર૦ :—ચૈત્યવન્દનથી પ્રભુની ભાવ-ભક્તિ કરવી છે, એમાં વિધિની એટલી બધી શી જરૂર છે ?

ઉ૦ :—વિધિ તો સર્વત્ર જરૂરી છે. વ્યવહારમાં પણ જો કોઇ કાર્ય વિધિસર નથી થતું તો એ સમ્યક્કરણરૂપ નથી બનતું અને લાભદાયી નથી નીવડતું. દા. ત. દાળ બનાવવી હોય તો પહેલાં દાળ સીજવવી પડે છે પછી મસાલો નાખવાની વિધિ હોય છે. એના બદલે જો રાંધનારી પહેલેથી બધું ચૂલે ચઢાવી દે તો ? વેપાર પણ વિધિસર કરવો પડે છે; વિધસર માલની ગોઠવણી, વિધિસર ચોપડા, વિધિસર ગ્રાહક સાથે સોદો, વગેરે બધું વિધિપૂર્વક કરે તો લાભ થાય છે. મોટી મોટી કંપનીઓમાં યંત્રો વગેરે વિધિસર ચાલે છે, તો ધરખમ ઉત્પાદન કરી શકે છે ! મકાન પણ વિધિસર બંધાય છે,

પહેલાં નાંખે પાયો, પછી ખોખું, પછી બારી-બારણાં, પછી દિવાલો, કબાટ, ગોખલા...એમ વિધિપૂર્વકના પ્રયત્નથી મકાનનું સર્જન થાય છે. મંત્રસાધના પણ વિધિસર કરાય તો ફળે છે. રાજા વગેરેની પ્રીતિ સંપાદન કરી કામ કાઢી લેવા માટે પણ વિધિસર પ્રવૃત્તિ કરવી પડે છે.

મૂળદેવના ચરિત્રનો એક પ્રસંગ છે. મૂળદેવ પર પ્રેમ રાખનારી વેશ્યા પાસે બીજો પણ એક શ્રીમન્ત મનુષ્ય આવતો હતો. અક્કા પેલા શ્રીમન્તને વળગવા અને મૂળદેવને છોડી દેવા વારંવાર કહેતી; ત્યારે એક વાર વેશ્યાએ અક્કાને બન્નેના પ્રેમની પરીક્ષા કરી બતાવી. બન્ને પ્રેમીઓ પાસે શેરડી મંગાવી. શ્રીમન્તે શેરડીનો મોટો ભારો વેશ્યાને ત્યાં મોકલ્યો ! વેશ્યાએ અક્કાને કહ્યું : 'શું હું ભેંસબેંસ છું તે આ ભારો ચાવું ?' મૂળદેવે શેરડી છોલી, ગન્ડેરી-ટુકડા બનાવ્યા, ઉપર એલચી ભભરાવીને એક રકાબીમાં ગોઠવ્યા. ઉપર સારો રૂમાલ ઢાંકી રકાબી વેશ્યાને ત્યાં મોકલી. વેશ્યાએ આ વિધિ પરથી બન્નેના પ્રેમ અને ગરજમાં કેટલું અંતર છે તે અક્કાને બતાવ્યું ! આમ જો દુન્યવી વાતો માટે વિધિ જરૂરી છે, તો લોકોત્તર લાભમાં આત્માના શુભ અધ્યવસાય પામવા માટે ચૈત્યવન્દનાદિ સમી લોકોત્તર ક્રિયાની પ્રવૃત્તિમાં વિધિની આવશ્યકતાનું પૂછવું જ શું ? ચૈત્યવન્દનની વિધિની જાળવણી પરથી ચૈત્યવંદન અને વીતરાગ પ્રભુ પ્રત્યે કેટલો પ્રેમ અને કેટલી ગરજ છે તે જણાઈ આવે છે.

વિધિનો બચાવ કરવાની ખૂબ જ આવશ્યકતા છે, માટે જ 'વિંશતિ વિંશિકા'-(વીસ વીસી) ગ્રંથમાં વિધિ પર બાસ ભાર મૂકયો છે. એમાં અનાદિ સિદ્ધ લૌકિક ધર્મથી માંડી લોકોત્તર ધર્મબીજ અંકુર...યાવત્ સમ્યક્ત્વ ફળ, અને આગળ વધતાં દેશવિરતિ શ્રાવક-ધર્મથી માંડી સર્વવિરતિ સાધુધર્મ યાવત્ કેવળજ્ઞાન તથા મોક્ષ સુધીની પ્રાપ્તિના વીસ અધિકાર બતાવ્યા છે. એ અધિકારોનું જે આત્મા પરિશીલન કરે તે આત્મા સૂત્રોના અભ્યાસને માટે યોગ્ય બની શકે એમ પ્રારંભમાં જ કહ્યું છે ! એ જ શાસ્ત્રમાં સત્તરમી યોગવીસીમાં વિધિ પર ખૂબ ભાર મૂકયો છે. ત્યાં પ્રશ્ન કર્યો છે, કે

પ્ર૦ :—તમે વિધિ—વિધિ શું કરો છો ? અવિધિથી પણ થતું રહેશે તો શાસન ટકશે. બહુ વિધિ જોવા જશો તો વિધિના બચી ઓછા નીકળવાના, અને એમ કરતાં શાસનનો ઉચ્છેદ થઈ જશે !

ઉ૦ :—આનો ઉત્તર કરતાં કહ્યું છે કે, શાસન એટલે તમે શું સમજો છો ? શાસન એટલે તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન. એ પાલન ભલે એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, ને એક શ્રાવિકા પણ કરતાં હોય, તો શાસન હયાત ગણાય. ત્યારે એના બદલે મોટા ટોળામાં પણ જો આજ્ઞાપાલન ન હોય તો શાસન વિચ્છેદ પામ્યું ગણાય. શાસન કાંઈ માત્ર વેશ, ઉપકરણ કે યથેચ્છ ક્રિયામાં નથી. શાસન તો આજ્ઞાનુસારિતામાં છે. તો વિધિ પણ આજ્ઞામાં વિહિત છે. એનો જો બચાવ ન રાખે તો આજ્ઞાપાલન કયાં રહ્યું ? ને જો આજ્ઞાપાલન નહિ તો શાસન કેવું ? નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ ભગવાને શાસન સ્થાપ્યું. પણ કાળ જતાં 'અવિધિ ચાલે' એમ મનાયું અને સાધુમાર્ગ-શ્રાવકમાર્ગની વિધિઓ લોપાઈ તો વેશધારી અને ક્રિયાકારક હોવા છતાં શાસન લોપ પામ્યું; અને મિથ્યાશાસન ચાલી પડયું. ક્રમશઃ સાધુ પતિત થઈ ઘરબારી, વિષય-ચકચૂર અને આરંભપરિગ્રહી બની ગયા અને માહણગુરુ તરીકે લોકપૂજા લેવા લાગ્યા. શાથી આમ ? વિધિના લોપથી.

એવું બને કે એકાદ વેળા વિધિ બરાબર અર્થાત્ સોએ સો ટકા સાચવવાનો સંયોગ નથી. દા.ત. પૂજા મધ્યાહ્ન કાળે કરવાનું શકય નથી,-છતાં ત્યાં જો શકય હોય એટલી વિધિ તો અવશ્ય પકડી રાખીને વિધિને મુખ્ય કરે, કાળની વિધિ ન સાચવી શકવા બદલ માને કે 'અશકય હોવાથી એ સવારે કરવી પડે છે. છતાં જિનોક્ત વિધિ તો મધ્યાહ્ન કાળની અને તે સાચવવી જ જોઈએ; ખરો લાભ એનાથી જ મળે,' તો એણે વિધિનો બચાવ રાખ્યો ગણાય; વિધિને પ્રધાન કર્યો ગણાય.

પ્ર૦ :—શું વિધિમાં કાળ પણ આવે ?

ઉ૦ :—હા, કાળનો અને ક્ષેત્રનો પણ મહિમા છે. કેટલાક મંત્ર કાળી ચૌદશની રાત્રે મસાણમાં સાધવાથી જ ફળે છે. ખેડેલા ક્ષેત્રમાં કાળે વાવેલું બીજ પાકે આપે છે. ઋતુસ્નાનના કાળે ગર્ભનું આધાન થાય છે. દવા લેવાની વિધિમાં કાળ સાચવવો પડે છે. એમ કાળના હિસાબે, સંધ્યાકાળે પૂજાપ્રતિક્રમણાદિનું મહત્ત્વ છે. તાત્પર્ય એ છે કે સમ્યક્કરણ માટે ક્રિયાને વિધિ-અનુસાર આચરવી જોઇએ.

(૨) ઉપયોગ :—ક્રિયા સમ્યક્ કરવી હોય, અર્થાત્ સારી રીતે કરવી હોય તો ક્રિયામાં ચિત્તનો ઉપયોગ પણ જોઇએ. ઉપયોગ એટલે સાવધાની, જાગ્રતિ, સચોટ ખ્યાલ. ક્રિયા કરતી વખતે બીજા ત્રીજા વિચારમાં ચિત્ત ચઢી ન જાય કે શૂન્ય ન બની જાય, પરન્તુ ચિત્ત ક્રિયામાં, સૂત્રમાં, અર્થમાં અને આલંબન (મૂર્તિ વગેરે)માં બરાબર પરોવાયેલું રહે, તો જ આત્મામાં શુભ ભાવોલ્લાસ ઝળકતા રહી શકે. એ ધ્યાનમાં રહે કે સર્વ સાધનાઓના ફળરૂપે આત્મામાં જે શુભ અધ્યવસાય ન જાગ્યા હોય તો જગાડવાના છે; ને જાગેલા હોય તો તેમને વૃદ્ધિગત અર્થાત્ ઉચ્ચ-ઉચ્ચતર, ઉચ્ચતમ બનાવવાના છે. આ શુભ અધ્યવસાયરૂપ ફળ જન્મે, તો જ એ ફળ એવા કર્મક્ષયને કરી આપવા સમર્થ બને.

હવે કહો જો, આ શુભ ભાવરૂપી ફળ મનના ઉપયોગ વગર પ્રાપ્ત થાય ? ક્રિયા વખતે જો ક્રિયાને છોડી ચિત્ત બીજે હોય તો શુભ અધ્યવસાય નહિ જાગે; ઉલટું દુન્યવી બાબતોમાં મન જવાથી અશુભ અધ્યવસાય જાગશે; અને આમ આત્મામાં વારંવાર અશુભ અધ્યવસાય થયા કરે તો કરેલી ક્રિયા નિષ્ફળ જ જાયને ? શુભ ફળ ન જ આવે ! પરન્તુ એ નિષ્ફળતા અનુપયોગને આભારી છે, પણ નહિ કે ક્રિયાને લીધે. ક્રિયા સાથે ઉપયોગ હોય, તો તો એ ક્રિયા સમ્યક્ કરણ બનીને ફળને પેદા કરે જ છે.

પ્ર૦—ભલે ક્રિયા વખતે દુન્યવી વિચાર ન કરે, પણ પ્રભુદર્શનની ક્રિયા વખતે પૂજાનો વિચાર, ને પૂજાની ક્રિયા વખતે વ્યાખ્યાન-શ્રવણનો વિચાર કરે, તો એ સારા વિચાર એટલે કે શુભ અધ્યવસાય છે ને ? આમાં પ્રસ્તુત ક્રિયામાં જ ઉપયોગ રાખવાની ક્યાં જરૂર પડી ?

ઉ૦—પહેલી વાત તો એ કે આ રીતે ક્રિયા કરવાની કુટેવ વ્યવહારમાં ય ચાલુ છે ! માણસ સવારમાં ઉઠયો, ત્યાં નથી ને કદાચ પ્રભુનું નામ મોંઢેથી લેશે, પણ મનથી વિચારશે કે 'નહાવું છે !' પછી નહાવા બેસશે, પરંતુ ત્યારે વિચાર નાસ્તાનો કરશે ! અને નાસ્તો કરતી વખતે વિચાર બજારનો કરશે ! બજારમાં હશે ત્યારે વળી બીજા જ વિચારોમાં ભાઈસાહેબ ફરતા હશે ! બસ, આ કુટેવ ધર્મક્રિયામાં ય નડે છે ! એક ક્રિયામાં બીજી ક્રિયાના વિચાર ! પ્રભુના દર્શન કરતી વખતે પૂજાનો વિચાર ! ને પૂજા કરતી વખતે ચૈત્યવન્દન અંગેનો વિચાર ! ત્યારે ચૈત્યવન્દન કરતી વખતે વ્યાખ્યાન-શ્રવણનો વિચાર ! આ ટેવ સારી નથી; ઉપરથી નુકશાનકારી છે. કોઈ વેપારી રસ્તે જતાં કોઇ સારા માણસને બોલાવી સજ્જનતાથી વાત માંડે, પણ અધવચ્ચે વાત પડતી મૂકી બીજાને બોલાવે, અને એની સાથે સજ્જનતાથી જ વાત માંડે ! એની ય વાત અધવચ્ચે પડતી મૂકી, વળી કોઇ ત્રીજા જ સાથે વાત માંડે ! અહીં વિચારજો કે વાત સારી હોવા છતાં પૂર્વેના બે સજ્જનોને અપમાન લાગે કે નહિ ? હા, તો એમ જ પ્રસ્તુત ક્રિયામાંથી ચિત્ત ઉઠાવી બીજી ક્રિયાના વિચારમાં લઈ જવું, એ પૂર્વની ક્રિયાનું અપમાન છે. ઉપરાંત આ રીતે ક્રિયા કરવાથી 'ક્ષેપ' નામનો ક્રિયાદોષ લાગે છે. ક્ષેપદૂષણ ત્યાં લાગે છે કે જ્યાં ચિત્ત એકથી બીજામાં, ને બીજામાંથી ત્રીજામાં જાય છે. જેમ ખેતરમાં બીજ નાખ્યું, છોડ જરા ઉગ્યો ન ઉગ્યો કે ઉખેડીને બીજે રોપે, વળી ત્યાંથી ઉખેડી ત્રીજે સ્થળે રોપે, ત્યાથી ઉખાડીને વળી ચોથે સ્થળે રોપે ! કહો જોઇએ, પરિણામે તે છોડ પર ફળ આવે ખરાં ? છોડ ખેતરમાં મૂળ સાથે છે, પણ ફળ ન આવે ! તેમ શુભ ક્રિયામાં રહેલો આત્મા અન્ય-અન્ય શુભ વિચારમાં પણ જો મન લઈ જાય, તો એ ક્રિયાનું તેવું ફળ ન આવે. માટે જે ક્રિયા ચાલતી હોય તેમાં જ ચિત્ત પરોવવું જોઇએ.

ક્રિયાનાં બે પ્રયોજન છે :-(૧) અશુભ ભાવ અટકાવી શુભ ભાવ, શુભ અધ્યવસાય જગાડવો; અને

(૨) ચિત્તને શુભમાં સ્થિર કરવું, જેથી ક્રમશઃ વિકસતી ધ્યાનાવસ્થા દ્વારા શુકલધ્યાન અને કેવળજ્ઞાન સુધી પહોંચે.

હવે જુઓ કે શુભ ક્રિયામાં ઉપયોગનું આલંબન લઈ ચિત્તમાંથી અશુભ વિચારો હટાવવામાં આવે તો શુભ અધ્યવસાયમાં ચિત્ત ઝીલી શકે; તેમજ પ્રસ્તુત ક્રિયાને છોડી બીજી સારી પણ ક્રિયાઓના વિચારમાં ચિત્તને ન ફરવા દેવામાં આવે, તો એક શુભ વિચારમાં ચિત્ત તન્મય અને સ્થિર બની શકે; અને એમાંથી આગળ એકાગ્ર ધર્મધ્યાનમાં વધી શકે.

એટલું ધ્યાન રહે, કે અહીં શુભ ક્રિયારૂપી સારું આલંબન મળ્યું છે, તો મનને શુભ વિચારમાં સ્થિર કરવાનો અવકાશ છે; એ શુભ ક્રિયાનું આલંબન જ્યારે નહિ હોય, ત્યારે ચિત્તને શુભ વિચારમાં સ્થિર કરવાનો અવકાશ કયાંથી રહેશે ?

'**नमो अरिहंताणं**' પદના જાપની ક્રિયા શરૂ કરો, કે ચિત્તને આલંબન મળ્યું. જાપમાં ચિત્ત પરોવાય એટલે બહારમાં જતું ચિત્ત અટકે! સતત પ્રયત્નથી ચિત્તની સ્થિરતા કેળવી-અનુભવી શકાય છે! ક્રમશઃ ૧૦ વાર, ૨૦ વાર...એમ કેળવતાં એવી ચિત્ત-સ્થિરતા સિદ્ધ થાય છે કે એક હજાર વાર "**नमो अरिहंताणं**" પદ ગણવા છતાં ચિત્ત એમાંથી ઉઠે જ નહિ! સહેજ પણ બીજો વિચાર આવે નહિ, કે મગજ શૂન્ય થાય નહિ. મન એમ નક્કી કરે કે 'મારે 'નમો અરિહંતાણં'ના અક્ષરોમાંના દરેક અક્ષરને છૂટો છૂટો વાંચવો છે;' એમ નક્કી કરીને એક ધારાએ ૧૦ વાર, ૨૦ વાર, ૫૦ વાર, જાપ થાય તો ચિત્ત સ્થિર બને છે. એ રીતે ૨૪ ભગવાનના નામાક્ષરો પર ચિત્ત લગાડી જાપ થઈ શકે. જાણે સામે પાટીઆ પર અક્ષર લખ્યા છે, ને એ આંખ મીંચીને આપણે વાંચવાના છે, એક વાર ચોવીસ ભગવાનનું સ્મરણ, બીજી વાર સ્મરણ, ત્રીજી વાર...એમ જાપમાં વધતાં વધતાં આગળ વધાય તો શુભ યોગની આરાધનાના લાભ સાથે ચિત્તની સ્થિરતા વધતી જાય. પણ તકેદારી બે રાખવાની—

(૧) ચિત્ત બીજા વિચારમાં જાય નહિ, ને

(૨) એક પણ અક્ષર મન આગળથી વાંચ્યા વિનાનો પસાર થાય નહિ.

જે કાર્ય કરવું હોય તેનું પ્રણિધાન જોઈએ, તો જ કાર્ય સિદ્ધ થાય.

યોગની પાંચ કક્ષા છે. પ્રણિધાનયોગ, પ્રવૃત્તિયોગ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ. પ્રણિધાન એટલે ક્રિયા કરતી વેળા કર્તવ્યના સતત ખ્યાલ સાથે ક્રિયામાં બરાબર ચિત્ત એકાગ્ર-સ્થિર કરવું તે. આ ઉદ્દેશના લક્ષ સાથે એકાગ્ર ઉપયોગના કેટલા બધા લાભ છે! અશુભ વિચારો અટકે છે, ચિત્ત શુભ વિચારોમાં સ્થિર થતું જાય છે, શુભ અધ્યવસાયો વધે છે, પાપક્ષય અને પુણ્યની વૃદ્ધિ ભરપૂર થાય છે! મનના આધારે તો શુભાશુભ કર્મના ઉપાર્જન થાય છે! મનના આધારે તો હૃદયની વૃત્તિઓ ઘડાય છે! મનના આધારે તો વાણી નીકળે છે! કહેવત છે ને, કે "હૈયે તેવું હોઠે!" જેવી વિચારધારા તેવા ઉદ્ગાર! મનની વિચારણા મનુષ્યના વર્તાવ પર અસર કરે છે, આ બધું જોતાં શુભ ક્રિયામાં મનનો ઉપયોગ બરાબર રખાય તો મહાન લાભ થાય.

(૩) **આશંસાત્યાગ:**—ક્રિયા એ સમ્યક્કરણ બને, તે માટે ત્રીજા નંબરમાં આશંસાનો ત્યાગ કરવો જોઈએ. અર્થાત્ ક્રિયાના ફળરૂપે કોઇ પણ પૌદ્ગલિક લાભની આશંસા-અપેક્ષા ન રાખવી જોઇએ. પૌદ્ગલિક આશંસા એટલે દુન્યવી વસ્તુની કામના. મનમાં એમ ન થવું જોઇએ કે, "આ ક્રિયા કરવાથી મને ધન મળો, કન્યા મળો. પુત્ર-પરિવાર થાઓ, રાજસભા કે ઠકુરાઈ મળો, કીર્તિ મળો, દેવતાઈ સુખ મળો," આ ઇચ્છાઓ ન થવી જોઇએ, તેમ એમ પણ ન થવું જોઈએ કે 'લોક મને સારો કહે!

લોકો મને ધર્માત્મા કહે, વિદ્વાન કહે, તપસ્વી કહે,' ધન આદિની આકાંક્ષાની જેમ માનાકાંક્ષા પણ પૌદ્ગલિક કામના છે! આવી તુચ્છ આકાંક્ષાઓની શી જરૂર છે? ધર્મક્રિયાથી સહજ રીતે જે ઉત્તમ આત્મશુદ્ધિ-આત્મપુષ્ટિના મહાલાભ મળે છે, તે આવી ભૌતિક કામનાથી હણાઈ જાય છે. શિરામણ સાટે પાકભર્યું ખેતર વેચવા જેવું થાય છે! મનુષ્ય કામના ન સેવે તો ય ધર્મક્રિયા કેઈ જાતના ફળ આપે જ છે. પરંતુ જો કામનાયુક્ત ક્રિયા સાધી તો એ સાધના એટલું બધું હૃદયને અપવિત્ર કરે છે કે એથી અભિલષિત શુભ અધ્યવસાયનું ફળ તો અટકી જ જાય છે, પણ ઉલટું હૃદય અશુભ અધ્યવસાયમાં તણાઈ જાય છે.

દુન્યવી સુખની કામનાથી ક્રિયા કલંકિત થઈ જાય છે. પછી એ ક્રિયાથી ખરેખરા શુભ અધ્યવસાય હૃદયમાં જાગતા નથી. શુભ અધ્યવસાય એટલે શુભભાવ, કે જેમાં પરમાત્માની કે ગુરુની ભક્તિનો ભાવ થાય, જેમાં આત્માની સંવેગ-વૈરાગ્યાદિની શુદ્ધિના ભાવ થાય, ગુણોની શ્રેણિએ સારી ઉન્નતિનો ભાવ થાય, આરંભ-પરિગ્રહ-હિંસાદિ પાપો તથા રાગ-દ્વેષાદિનાં અને કર્મનાં બંધનોમાંથી અનાદિબદ્ધ આત્માને મુક્ત કરવાનો ભાવ થાય. આવા આવા શુભ ભાવ, જો ક્રિયાની પાછળ દુન્યવી લાભની કામના હોય તો, જાગતા નથી; અને તે જો શુભભાવો નહિ, તો પૌદ્ગલિક યાને દુન્યવી આશંસાની પાછળ અશુભ ભાવો જાગે છે; અર્થાત્ વિષયલાલસા, પરિગ્રહલાલસા, રાગ-દ્વેષ વગેરે વિકસવા-પોષવા તૈયાર જ હોય છે; અને એવા અશુભ ભાવોના ઉંડા પાયા નખાતાં પરલોક જતાં, ત્યાં ધર્મક્રિયાનાં ફળ સ્વરૂપે દુન્યવી સુખ મળતાંની સાથે જ એ અશુભ ભાવો ફાલેફૂલે છે; અને પરિણામે નરકાદિ દુર્ગતિની પરંપરા સર્જાય છે!

'મારા રાગદ્વેષાદિ તૂટે' એવો ભાવ જેને હોય, અથવા એ રાગાદિનો ક્ષય જેમણે સિદ્ધ કર્યો છે એમના પર જેને વિશુદ્ધ પ્રેમ હોય, એ શું એટલું ન ઇચ્છે કે 'અરિહંત એટલે, ભાઇ! બધું સારું આપનાર છે, એમને ભજું, તો બધું સારું મલશે.' આટલું પણ જો ન હોય તો તો કેવળ દુન્યવી સુખ-સગવડની લાલસામાં તો હૈયું બગડે જ! પણ 'અરિહંત એટલે, કર્મક્ષય કરી ચૂકેલા! અરિહંત એટલે વિષયોથી પરાઙ્મુખ! અરિહંત એટલે કેવળ અનંતગુણોથી સંપન્ન! લાવ એમને ભજું, મારાં કર્મ તૂટશે, આત્મકલ્યાણ થશે,' એવો શુભ ભાવ રાખવાથી હૃદય શુદ્ધ થતું આવે છે. આ અનુપમ ફળ છે. એ ફળને પેદા કરી શકવા શુભ ક્રિયા સમર્થ છે. પરંતુ તે શુભક્રિયા જો દુન્યવી સુખ-સન્માનની આશંસાના અશુભ અધ્યવસાયથી મિશ્રિત થાય તો ઝેરના લાડુ જેવી બની જાય છે. એ પુણ્યના ટેસ આપે, પણ આત્માના ભાવ-પ્રાણ હણી નાખે તેવી અનેક પાપમય અને દુઃખમય દુર્ગતિના જન્મ-મરણ આપે છે!

ધર્મ તો હૃદયને શુદ્ધ કરનારો કરવો જોઇએ; એ આત્મશુદ્ધિની ઉપેક્ષા કરીને ક્ષણિક સુખો માટે અશુભ ભાવોની અશુદ્ધિ સેવી, એટલે તો પરિણામ ખતરનાક આવ્યાં છે! તેથી તો આજે પળે પળે આત્મગુણોની, આત્મસમૃદ્ધિની કામના-ઝંખનાને બદલે વિનાશી અને પારકા એવા જડ ભાવોની આશંસા હૃદયમાં ઉઠે છે. એ આશંસાના એવા સંસ્કાર આત્મામાં દૃઢ ને રૂઢ થઈ ગયા છે, કે પાછું એ જ લતથી ભવાંતરમાં એ કુસંસ્કારો નડ્યા કરે છે; પછી ત્યાં કદાચ દેવગુરુના સંયોગ મળે તોય સારું કયાંથી સૂઝે? વિરાગ, વિરતિભાવ વગેરેને પણ કયાંથી આવવા દે? સમ્યક્ત્વ પણ કયાંથી આવવા દે? એ તો મિથ્યાભાવ અને અર્થ-કામની મલિન પ્રવૃત્તિને પોષે! પૌદ્ગલિક આશંસાથી અનુબંધ એટલે કે એક પાપના બંધની પાછળ એના ઉદયે બીજા પાપનો બંધ, એની પછી નવાં પાપનો બંધ...એમ પરંપરા નક્કી થઈ જાય છે. આવી દારુણ પરિસ્થિતિ ઉભી કરવી એના કરતાં પૌદ્ગલિક આશંસા પડતી મૂકી અરિહંત પ્રભુના ચૈત્યવન્દનની ક્રિયા નિરાશંસભાવે કરવી તે બુદ્ધિભરી વાત છે. તો તે ક્રિયા સમ્યક્કરણ બને.

(૪) સમ્યગ્દૃષ્ટિ:—

ધર્મક્રિયાનું આચરણ સફલતાકારી સમ્યક્કરણરૂપ બને, તે માત્ર વિધિ, ઉપયોગ અને નિરાશંસભાવ પર જ નિર્ભર નથી; કેમકે એ વિધિ વગેરે હોવા છતાં આત્મામાં જો મિથ્યાત્વ હોય, તત્ત્વની રુચિ ન હોય, અસત્ તત્ત્વનો દુરાગ્રહ હોય, તો આત્મામાં આ મિથ્યાત્વાદિ મલિન ભાવ યાને દુષ્ટ પરિણામની હાજરીથી ચૈત્યવન્દનાદિ ક્રિયા વાસ્તવિક ફળરૂપ શુભ-અધ્યવસાયને જગાડી શકે નહિ; અને એ જો ન જગાડે, તો ક્રિયા નિષ્ફળ જાય, અને ક્રિયા નિષ્ફળ જાય, તો તેનું સમ્યક્કરણ કયાં રહ્યું ? ક્રિયાને સમ્યગ્ આરાધના કેવી રીતે કહી શકાય ? માટે મિથ્યાત્વને પહેલાં ટાળવું જોઈએ, અને સમ્યગ્દૃષ્ટિપણું અર્થાત્ સમ્યગ્દર્શન પ્રથમ પ્રગટ કરવું જોઇએ. ક્રિયા સમ્યગ્દર્શનપૂર્વક હોય તે, અર્થાત્ સમ્યગ્દૃષ્ટિની જે ક્રિયા, તે સમ્યક્કરણમાં આવી શકે. ક્રિયા માટે સમ્યગ્દર્શનનું એટલું બધું મહત્ત્વ છે. પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ જિનાગમના આધારે કહે છે:—

'**दानादिके किरिया नवी दीअे, समकित विण शिवशर्म.**' એટલે કે, જો સમ્યગ્દર્શન ન હોય તો મિથ્યાભાવમાં યદ્યપિ દાનાદિ શુભ ક્રિયા ય થાય, પણ મૂળ વિનાના વૃક્ષ જેવી થાય ! મૂળમાં જો સમ્યગ્દર્શન ન હોય, એટલે કે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ઉપર પ્રીતિ-શ્રદ્ધા ન હોય, જિને કહેલા સત્ તત્ત્વોની યથાર્થ રુચિ ન હોય, એના બદલે સરાગ, સદ્વેષ દેવ-ગુરુ વગેરે પર શ્રદ્ધા-પ્રીતિ હોય, એ કુદેવાદિએ પ્રત્યક્ષ જ્ઞાન વિના જ કલ્પેલા-કહેલા તત્ત્વો કે જે અસત્ છે, એના પર શ્રદ્ધા હોય, તો હૃદયમાં સમ્યક્કરણ માટેની યોગ્યતા જ નથી ! પછી શુભ અધ્યવસાય જાગે જ કયાંથી ? એટલે જ એવા સમ્યક્ત્વ વિનાના આત્માની ક્રિયા સમ્યક્કરણ નથી, યથાર્થકરણ નથી.

ભગવાનની પૂજા મોટી કરતો હોય, પણ માનતો હોય ને બોલતો હોય કે—'હું જિને કહેલી બાલદીક્ષામાં માનતો નથી; કંદમૂળ-ત્યાગ, રાત્રિભોજન-ત્યાગ વગેરે કરવામાં માનતો નથી. એમના અમુક સિદ્ધાન્તમાં હું માનતો નથી !' આ વાણી શું સૂચવે છે ? એ જ, કે એ આત્મામાં મૂળ જ સડેલું છે. અર્થાત્ શુભ ભાવોના બીજ તરીકે જે સમ્યક્ત્વ જોઇએ, તેજ નથી ! અને જો બીજ નથી, તો પછી કરેલી શુભ ક્રિયાનું ફળ જ કયાંથી જન્મે ? અર્થાત્ એ ક્રિયા નિષ્ફળ જાય છે.

પ્ર૦:—સારી ક્રિયાથી સારા અધ્યવસાય થાય, એમાં મિથ્યાત્વ શું કામ નડે ?

ઉ૦:—દેખીતું તો દેખાય કે પૂજાની ક્રિયાથી ભક્તિના ભાવમાં આત્મા ઝીલી રહ્યો છે; પરન્તુ ખરી રીતે એ શુભ ભાવની ઉત્પત્તિમાં શ્રદ્ધા મર્મસ્થાને છે. શ્રદ્ધા નહિ તો શુભ ભાવ નહિ. ધર્મક્રિયાનું ફળ જે શુભ અધ્યવસાય છે, એ શુભ અધ્યવસાયમાં ઘણું તત્ત્વો ભરેલાં છે, અર્થાત્ શુભ-ભાવના પેટમાં ઘણી ઘણી વાતો સમાયેલી છે. દુરાગ્રહ-ત્યાગનું, વૈરાગ્યનું, સંવેગનું, શ્રદ્ધાનું તત્ત્વ એમ શુભ ભાવનાઓનું તત્ત્વ, વિરતિ-ભાવનું તત્ત્વ, અપ્રમાદનું તત્ત્વ, શુભધ્યાનનું તત્ત્વ, એવા એવા તો અનેક ભાવો એમાં સમાએલા છે; પણ એ બધાના મૂળ સ્થાને મિથ્યાભાવનો ત્યાગ અર્થાત્ દુરાગ્રહ-ત્યાગ રહેલ છે; સત્ તત્ત્વની શ્રદ્ધા રહેલી છે. જો એ મિથ્યાભાવનો ત્યાગ ન લાધ્યો હોય તો પછી ઉપરના શુભ અધ્યવસાય જાગે જ શી રીતે ? વૈરાગ્ય, સંવેગ વગેરે બધામાં શ્રદ્ધાનું તત્ત્વ વણાએલું છે. શ્રદ્ધા એટલે જિન અને જિનોક્ત તત્ત્વો પર રુચિ; અસત્ તત્ત્વના આગ્રહ-આસ્થાનો ત્યાગ. એવી શ્રદ્ધા વિના તો મોટ-મોટી તપ-ચારિત્રની ક્રિયાઓ નિષ્ફળ જાય છે. કહ્યું કે '**ग्रैवेयकेषु अनन्तश उपपातश्रवणात्**'-ઊંચી ચારિત્ર ક્રિયા આરાધી ઠેઠ ગ્રૈવેયક દેવલોકમાં અનંતીવાર જઇ આવવા છતાં નક્કર શુભ અધ્યવસાય આત્મામાં પ્રગટ ન થયા, માટે જ હજુ સંસારમાં રખડવાનું ચાલે છે. નહિતર તો કયારનાય મોક્ષ પામી ગયા હોત ! ચારિત્રની આટલી ઊંચી સારી ક્રિયાથી તેવા શુભ અધ્યવસાય કેમ ન થયા ? કહો,

સમ્યગ્દર્શનપૂર્વક ક્રિયા કરાય તો એ સમ્યક્કરણ થયું ગણાય, અને તો જ શુભ ભાવોલ્લાસ વધે; અને તો જ જ્ઞાનાવરણીયાદિ કર્મનો વિધ્વંસ થતો આવે. માટે વિધિ વગેરે સાથે સમ્યગ્દર્શન પણ જોઇએ.

(૫) ભક્તિઃ—

સારી રીતે ક્રિયા કરવા માટે સમ્યગ્દર્શન ઉપરાંત પાંચમા નંબરમાં 'ભક્તિ' જરૂરી છે. એનું કારણ એ છે કે કોઇપણ ક્રિયાનું પ્રાબલ્ય આત્માના સંભ્રમ-ગુણ પર નિર્ભર હોય છે.

પ્રઃ—' સંભ્રમ ' એટલે ?

ઉઃ—સંભ્રમ એટલે કોઈ નવીન પ્રકારની પ્રાપ્તિનો ચમત્કાર ! ચમત્કાર-ભર્યો હર્ષોલ્લાસ ! દા. ત. કોઇ વિદ્યાર્થીને પાસ થવાની પણ આશા ન હોય, અને એને સાંભળવા મળે કે પોતે ફસ્ર્ટ કલાસ (પ્રથમ શ્રેણી)માં પાસ થયો છે ! તો એ સાંભળતાં જે ચમત્કારિક હર્ષ અનુભવે છે, એનું નામ સંભ્રમ ! એ રીતે વેપારીને વેપાર કરતાં અણુચિંત્યો મહાન લાભ થતાં સંભ્રમ પ્રગટે છે. બસ, એમ ચૈત્યવન્દનાદિ ક્રિયામાં સંભ્રમ એટલે 'અહો ! કેવી મને આ અદ્ભુત ક્રિયાની પ્રાપ્તિ ! કેવા તારક દેવગુરુની પ્રાપ્તિ ! ' ઇત્યાદિ ઉછરંગ ઉલ્લાસ થાય. એ સંભ્રમ જેટલો વધારે તેટલી ક્રિયા પ્રબળ બને ! તેથી શુભ અધ્યવસાય વિશેષ કોટિનો જાગે ! આવો સંભ્રમ તો જાગી શકે જો એ ક્રિયાદિના પ્રત્યે દિલમાં પ્રીતિ-ભક્તિનો ઉછાળો આવે. ઉછળતી પ્રીતિ-ભક્તિથી જિનપૂજા, ચૈત્યવન્દન, પ્રતિક્રમણ, વ્રત-નિયમ, ચારિત્રપાલન, વગેરે થાય તો એમાં સંભ્રમ ગુણ જાગતો રહે. શ્રી અરિહંત પ્રભુ અને એમના ચૈત્યવન્દનમાં એમ થાય કે 'અહો ! કેવો મને અપૂર્વ યોગ મલ્યો ! ધન્ય ઘડી મારી ! ' આ સંભ્રમ સાથે કરાતા ચૈત્યવન્દનથી અપૂર્વ શુભ અધ્યવસાય જાગે છે.

પ્રઃ—પૂર્વે ચોથો હેતુ 'સમ્યગ્દર્શન' બતાવ્યો; એમાં શું અરિહંત પ્રભુ પ્રત્યે ભક્તિનો ઉછાળો નથી આવી જતો ?

ઉઃ—ના, સમ્યગ્દર્શન હોવા છતાં ભક્તિનો ઉછાળો હોય જ, તેવો નિયમ ન બાંધી શકાય. ત્યાં તો અરિહંત પર માત્ર શ્રદ્ધા છે; ઉછળતી ભક્તિ એ શ્રદ્ધાથી જુદી જ ચીજ છે.

આજના જમાનામાં છોકરો પરણ્યા પછી ભલે કદાચ માતા પર શ્રદ્ધાવાળો રહે, પણ પ્રીતિના પૂર પત્ની પર ઉછળતા દેખાય છે ! પત્નીની સેવાનાં કાર્ય ભારે હોંશથી કરે છે; કેમ એમ ? શ્રદ્ધા જુદી અને પ્રીતિ જુદી ! અલબત્ શ્રદ્ધા આવશ્યક છે, પરન્તુ એની સાથે પ્રીતિ-ભક્તિ પણ ખૂબ જ આવશ્યક છે. તેથી જ ચૈત્યવન્દન કરતી વખતે અદ્ભુત ભાવોલ્લાસ, ઉછળતી ભક્તિ-સંભ્રમ આદિ જાગતા રહે તો ચૈત્યવન્દનની મહાન સફળતા થાય છે.

દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે ઉછળતી પ્રીતિ-ભક્તિપૂર્વક જે ધર્મપ્રવૃત્તિ કરવામાં આવે તેની બલિહારી ઓર છે ! ભક્તિને આવશ્યક માનવાનું એક કારણ એ પણ છે કે સંસારના વાતાવરણમાં મશગૂલ બનેલા જીવનું હૃદય મોહની પ્રવૃત્તિમાં જેટલું સ્નિગ્ધ હોય છે, તેટલું આત્મિક પ્રવૃત્તિમાં નથી દેખાતું; ઉલટું રૂક્ષ દેખાય છે; ત્યારે જેને ધર્મક્રિયામાં ઉછળતી ભક્તિ હોય છે, તેનું હૈયું સ્નિગ્ધ બનેલું હોય છે. 'અહો કેવી ઉમદા સાધના ! કેવા ઊંચા દાતા ગુરુ ! કેવા અનુપમ દેવાધિદેવ ! ' એમાં સંભ્રમ થાય અને પછી જે ક્રિયા કરે તે ભક્તિપૂર્વકની બને છે. એટલે કે જેમ દેવગુરુને તરણતારણ માને છે, તેમ ક્રિયા પણ તરણતારણ માને છે. એમ ક્રિયા ભાવભીની થવાથી તેના સુંદર ફળરૂપે આત્માની શુભ પરિણતિ ઘડાય છે.

ખેદ આદિ દોષોનું નિવારણઃ—ક્રિયાના સમ્યક્કરણમાં ભક્તિને આવશ્યક માનવાનું એક એ પણ કારણ છે કે એનાથી ક્રિયાના ખેદ, ઉદ્વેગ વગેરે દોષોનું નિવારણ થાય છે. કારણ એ છે, કે જો

ચૈત્યવન્દનાદિ ક્રિયા અને પરમ આલંબનભૂત પરમાત્મા પ્રત્યે હૈયામાં ભક્તિ ઉછળતી હોય તો, એ ઉછળતી ભક્તિ ક્રિયામાં ખેદ આદિ દોષોને કેમ જન્મવા દે ?

ધર્મક્રિયામાંથી ટાળવાના આઠ દોષો આ પ્રમાણે છે:—

ક્રિયાના ખેદ, ઉદ્વેગ વગેરે આઠ દોષ.

(૧) ખેદ એટલે થાકેલાપણું. જેમ લાંબો માર્ગ કાપીને મનુષ્ય થાકી જાય, અને હવે આગળ ચાલવા માટે ઉત્સાહી ન રહે, તેમ પૂર્વ ક્રિયાની પ્રવૃત્તિથી થાક લાગતાં પછીની ક્રિયામાં પ્રવૃત્તિ કરવાને આત્મામાં ઉત્સાહ ન હોય; ખેદ હોય. ખિન્નતા હોય; આ ખેદમાં પડેલું ચિત્ત પછીથી ક્રિયામાં દૃઢ જ બની શકતું નથી. તેથી ક્રિયામાં સુંદર પ્રણિધાન અર્થાત્ એકાગ્રભાવ–તન્મયભાવ થઈ શકતો નથી. ત્યારે પ્રણિધાન વિના તો ચાલી શકે એમ પણ નથી! કેમકે પ્રણિધાન એ, જેમ ખેતીમાં પાણી જરૂરી, તેમ જરૂરી છે! ખેદના લીધે એ તન્મયતાનો રંગ આવે નહિ, તો ભલે ક્રિયા કરશે, પણ શુભ અધ્યવસાય કયાંથી વિકસ્વર થઇ શકવાના ? જો ભક્તિ હોય તો જેમ વેપારી લાભ કરાવનાર આડતિયાની સરભરા બરાબર રંગથી કરે છે, તેમ મહાન શુભ અધ્યવસાયનો લાભ કરાવનારી ક્રિયાની ઉપાસના બરાબર રંગથી કરાય!

(૨) ઉદ્વેગ એટલે 'ક્રિયા કષ્ટસાધ્ય છે,' એવી બુદ્ધિથી ક્રિયા કરવામાં થતી આળસ. એ આળસને લઇને, જો કે ખેદની જેમ કાયાને થાક છે, એવું નથી; છતાં, સ્થાને બેઠાં બેઠાં ક્રિયા કરવામાં ઉત્સાહ નથી હોતો. એટલે ક્રિયા તો કરે પરન્તુ ક્રિયામાં કોઈ ધન–ખર્ચ અથવા સમય બહુ લાગવાનો અથવા શારીરિક વગેરે કષ્ટ લાગવા–કરવાનો ઉદ્વેગ રહ્યા કરે છે. તેથી ચિત્તમાં આનંદ નથી પ્રગટતો ! પછી અંતરમાં શુભ ભાવોલ્લાસ કયાંથી વધે ? ભક્તિથી એ ઉદ્વેગ દોષને ટાળી શકાય છે. પત્ની પ્રત્યે પ્રીતિ હોવાથી એના માટે કષ્ટસાધ્ય ક્રિયા પણ ઉદ્વેગ વિના કરાય છે ને ? તો અહીં પ્રભુની પ્રીતિ–ભક્તિદ્વારા ઉદ્વેગને ટાળીને ધર્મક્રિયા ઉલ્લાસથી ન કરાય ?

(૩) ક્ષેપ એટલે ચિત્તની ક્ષિપ્ત અવસ્થા. આ ક્ષિપ્તાવસ્થામાં ખેદ–ઉદ્વેગ નથી, છતાં ચિત્ત ક્રિયાની વચમાં વચમાં બીજે બીજે ચાલ્યું જાય છે. બીજા ત્રીજા વિચારમાં ચઢી જાય છે. જેવી રીતે ડાંગરના રોપાને (છોડને) વચમાં વચમાં એક કયારામાંથી ઉખેડીને બીજા કયારામાં રોપે, અને બીજામાંથી ઉખેડી ત્રીજામાં રોપે...તો એ રોપા પર ફળ બેસતું નથી. એવી રીતે ચાલું ક્રિયામાંથી ચિત્તને બીજે ત્રીજે ફેરવ્યા કરવાથી ક્રિયામાં સળંગ ચિત્તધારા અર્થાત્ તે ક્રિયાના શુભ અધ્યવસાયની ધારા ચાલી શકતી નથી. પછી ભલે વચમાં વચમાં બીજા વિચારમાંથી ચિત્તને પ્રસ્તુત ક્રિયામાં લઈ આવે, તો પણ પૂર્વના તે અનુપયોગી વિચારની આ ક્રિયા પર અસર રહે છે. તેને લીધે પ્રસ્તુત ક્રિયાના શુભ ભાવોલ્લાસમાં મન તરત ચઢી શકતું નથી. જો અંતરમાં ભક્તિ જાગ્રત હોય તો ક્રિયામાં રસ ભરપૂર રહે છે, ને ક્રિયામાં ભરપૂર રસ રહે, એટલે ચિત્તનો ઉપયોગ સળંગ ટકી શકે છે. ક્રિયા સમ્યક્ થાય છે, શુભ ભાવોલ્લાસ જાગ્રત રહે છે.

(૪) ઉત્થાન એટલે ચિત્તની અપ્રશાન્તવાહિતા, અસ્વસ્થતાભર્યું ચિત્ત. જેમ મદોન્મત્ત પુરુષનું ચિત્ત શાંત નથી હોતું, તેમ અહીં ક્રિયામાં ચિત્ત સ્વસ્થ ન રહે. અલબત્ પ્રસ્તુત ક્રિયા અંગે ખેદ–ઉદ્વેગ–ક્ષેપ, એ ત્રણ દોષો ઉભા ન થવા દીધા હોય, છતાં ગમે તે કારણે જો ચિત્ત અશાંત–અસ્વસ્થ રહે છે, તો એ સ્થિતિમાં કરેલી ક્રિયા પણ શુભ અધ્યવસાયના સુંદર ફળને જન્માવી શકતી નથી. તેથી તે કરેલી ક્રિયા સમ્યક્કરણ નથી બનતી. દા. ત. કોઇએ સાધુદીક્ષા લીધી; દીક્ષા પ્રત્યે અંતરનો સદ્ભાવ પણ પૂરો

છે; પરન્તુ મોહના ઉદયે કે અશક્તિના કારણે સંયમ સાધનામાં દોષ લાગે છે, ત્યાં એ પોતે જો સમજે કે 'આ સ્થિતિમાં મારામાં સાધુપણું કેવી રીતે કહી શકાય ?' માટે એ 'સંવિગ્નપાક્ષિક' એટલે કે સંવેગ વૈરાગ્યશીલ સાધુના એક પક્ષપાતી તરીકે જીવન જીવે, તો તે જીવનમાં વ્રતની અપેક્ષા હોવાનો ગુણ હોવા છતાં સ્ખલનાઓને લીધે દોષ લાગે છે, એટલે અંતરના તેવા પ્રકારના ભાવના હિસાબે ગુણ અને દોષ બંને રહે છે. અથવા મૂળગુણ ઉત્તરગુણ સર્વથા ન પાળી શકતાં દંભ ટાળવા કોઈ અજાણ્યા પ્રદેશમાં જવા વગેરેની વિધિ સાચવીને સાધુપણું છોડી શ્રાવકના આચાર પાળે છે. બન્ને સ્થિતિમાં ચિત્ત ચારિત્રપાલનની ક્રિયા વખતે અસ્વસ્થ-અશાંત બન્યું ગણાય; ઉઠી ગયું ગણાય; તેથી ચારિત્ર-ક્રિયાના શુભ અધ્યવસાય જન્મી ન શકે. જો અહીં હૃદયમાં અદ્ભુત ભક્તિભાવ હોય તો આ ઉત્થાન દોષથી બચી શકાય. માટે, ભક્તિ જગાડી મનની બીજી ત્રીજી અસ્વસ્થતા, ઉકળાટ દૂર કરવા ઘટે.

(૫) **ભ્રાન્તિ** એટલે ક્રિયાનો અમુક ભાગ કર્યા ન કર્યાની, અમુક સૂત્ર બોલ્યા ન બોલ્યાની, ચિંતવ્યા ન ચિંતવ્યાની ભ્રમણા. દા. ત. વન્દન, મુહપત્તિ-પડિલેહણ કર્યાને ન કર્યું માની બેસે, 'નમોત્થુણં' સૂત્ર બોલ્યાને ન બોલ્યું માની બેસે; અથવા કર્યા-બોલ્યાને કે કાઉસ્સગ્ગમાં ચિંતવ્યાને નથી કર્યું, નથી બોલ્યા કે નથી ચિંતવ્યું એમ માની બેસે. આવા ભ્રાન્તિ દોષથી ચિત્તમાં ક્રિયાના સંસ્કાર નથી પડતા. શુદ્ધ ક્રિયા તો આટલું કર્યું, બોલ્યા, કે ચિંતવ્યું; આટલું નથી કર્યું, નથી બોલ્યા કે નથી ચિંતવ્યું, એના સંસ્કારવાળી, ખ્યાલવાળી જોઇએ. જો ભ્રાન્તિથી અગર ઉપેક્ષાથી એ ન હોય તો શુભ અધ્યવસાય વિસ્તરતા નથી, અને એથી ક્રિયા સમ્યક્કરણ નથી બનતી.

(૬) **અન્યમુદ્** એટલે જે ક્રિયા ચાલી રહી છે, તેના બદલે અન્ય ક્રિયાદિમાં આનંદ, વધારે રાગ, આતુરતા વગેરે. આ પણ ચિત્તનો દોષ છે, અને તેથી ક્રિયાનો દોષ છે. એથી ફલતઃ પ્રસ્તુત ક્રિયામાં આદરની ખામી પડે છે, અનાદર સિદ્ધ થાય છે. ક્રિયા પ્રત્યે લેશ પણ અનાદર, એ તો દુઃખદ સંસારનું કારણ બને છે. અનાદરને તો અંગારવૃષ્ટિ સમાન કહ્યો છે. એથી ક્રિયામાં અતિ જરૂરી પ્રમોદભાવ હર્ષોલ્લાસ ખળી જાય છે, અને તેનું મોટું નુકશાન છે. દા. ત. કોઇને સ્વાધ્યાય ઉપર બહુ રાગ છે. તેથી ચૈત્યવન્દનાદિનો સમય થયો હોવા છતાં એ કરવામાં અવગણના કરે, ઢીલ કરે, અથવા કરવા બેસે તો ચિત્તમાં ચૈત્યવંદનાદિનો હર્ષ-આદર ન રાખતાં સ્વાધ્યાયનો હર્ષ, સ્વાધ્યાયની મઝા-આતુરતા રાખે, તો અહીં અન્યમુદ્ દોષ લાગે. આ બોટું છે; એથી ફળનો ઘાત થાય છે. શાસ્ત્રે કહેલા વિવિધ અનુષ્ઠાનોમાં એવું નથી કે એકના ઉપર આદર રાખવો અને બીજા પર ન રાખવો; એકમાં આસક્ત થવું, ને બીજામાં ન થવું; બીજું અનુષ્ઠાન ભલે સુંદર હોય, પરન્તુ એકના રાગ-આદરના ભોગે બીજાના ઉપર આદરભાવ રાખવો એ શુભ ભાવ નથી. હૃદયમાં જે તે તે દરેક ક્રિયા પ્રત્યે અને ઉપદેશક શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે પૂર્ણ ભક્તિ જાગ્રત હોય તો આ દોષથી બચી શકાય, અને સમ્યક્કરણ દ્વારા શુભ અધ્યવસાયનું ફળ પામી શકાય.

(૭) **રોગ** એટલે ચિત્તની પીડા અથવા ચિત્તભંગ. એ પણ ક્રિયાનો દોષ છે. એનાથી ક્રિયા શુદ્ધપણે સળંગ ધારાબદ્ધ વહેતી નથી. પ્રબળ કર્મોદયથી ચિત્તપીડા હોય તો જુદી વાત; બાકી તો સાધકે શક્તિ ફોરવીને, એ ચિત્તની પીડા ટાળવી જોઇએ, ચિત્તભંગ ન થવા દેવો જોઇએ. ભક્તિના આવેગથી ચિત્તોત્સાહ, ચિત્તની પ્રફુલ્લિતતા જાળવી શકાય છે; અને આ દોષ ટાળી શકાય છે, તેથી ક્રિયાનું સમ્યક્કરણ બને છે, જેના પરિણામે સુંદર શુભ અધ્યવસાય પ્રાપ્ત થાય છે.

(૮) **આસંગ** એટલે આસક્તિ. એ આસક્તિથી એમ લાગ્યા કરે કે 'આજ ક્રિયા સુંદર છે,' ને તેથી એમાં જ વારંવાર પ્રવર્તવાનું મન થાય. અલબત અમુક અવસ્થા સુધી ધર્મક્રિયા પર અથાગ રાગ

જોઈએ જ; તો જ પાપપ્રવૃત્તિના રાગ છૂટી શકે. છતાં ઉપરની અવસ્થામાં એ રાગ અર્થાત્ આસંગ દોષરૂપ છે કેમકે એ વીતરાગ બનવા દેતો નથી. બહુ તો નિયત ગુણસ્થાનમાં અટકાવી રાખે છે. અરિહંત પ્રભુ અને સર્વ ક્રિયાઓ પ્રત્યેની પ્રીતિ-ભક્તિ આ દોષનું પણ ક્રમશઃ નિવારણ કરી શકે છે. આસંગ દોષ ખરેખર ત્યારે ટળે કે જ્યારે અસંગ-અનુષ્ઠાન સિદ્ધ થાય.

આમ સમ્યક્કરણ માટે ભક્તિ નામનું પાંચમું અંગ પણ અતિ આવશ્યક છે. એનાથી અનેક પ્રકારના દોષો ટળે છે; ક્રિયા વિષે સંભ્રમ અર્થાત્ અખંડ નવીન હર્ષ, નવીન સ્ફૂર્તિ પ્રગટે છે. એથી ફલતઃ શુભ અધ્યવસાયનું સુંદર ફળ મળે છે.

વિધિ વગેરે પાંચે ય હોય તો ક્રિયા નિષ્ફળ નહિઃ—વિધિ, ઉપયોગ, નિરાશંસભાવ, સમ્યગ્દર્શન અને ભક્તિ, એ પાંચેય હોય તો જ ક્રિયાનું સમ્યક્કરણ થાય; પણ ગમે તે એકાદને સાચવવાથી સમ્યક્કરણ નથી બનતું ! એ તો માયાસ્થાન ન જોઈએ, ને દુન્યવી સિદ્ધિઓની આકાંક્ષા પણ ન જોઈએ; વિધિ, ઉપયોગ, નિરાશંસભાવ વગેરે પાંચે ય જોઈએ. એ હોય તો ક્રિયા નિષ્ફળ જઈ શકે નહિ. માટે કહેવાય છે કે એવી ચૈત્યવન્દન ક્રિયાથી શુભ અધ્યવસાય થાય જ છે, જેથી જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષયોપશમ નીપજે છે.

અહીં '**प्रायोऽधिकृतसूत्रोक्तेनैव विधिना**' આ વાક્યમાં '**प्रायः**' અર્થાત્ 'મોટા ભાગે' એમ જે કહ્યું, એનું કારણ એ છે કે જ્ઞાનાવરણ-મોહનીય વગેરે કર્મનો એવો તીવ્ર ક્ષયોપશમ જો થાય અને તેથી એવી સમજ અને શુભ ભાવોલ્લાસ આત્મામાં પ્રગટે, કે જે ભાવોલ્લાસ મોક્ષમાર્ગને (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને) અનુકૂળ હોય, તો પૂરી વિધિ ન જાણવાના લીધે વિધિ ન જાળવી શકે, એ જુદી વાત, પરન્તુ ત્યાં એ આત્મા સમ્યગ્દર્શનની સાથે ઉપયોગ, નિરાશંસભાવ અને ઉછળતી ભક્તિથી ક્રિયામાં લાગી જવાના યોગે એને સમ્યક્કરણ સંભવી શકે છે. કેમકે એને એનું ફળ સમ્યક્કરણ જેવું મળે છે ! પરંતુ એથી એમ ન સમજવું કે વિધિ વિના ચાલી શકે ! કેમકે એમ કરવામાં વિધિ પ્રત્યે ઉપેક્ષા થાય છે, અને એ ઉપેક્ષાથી તો સમ્યગ્દર્શન અને ભક્તિ બન્ને ઘવાય છે. માટે વિધિનો ખપ જોઈએ જ.

વિધિ વગેરે પાંચ ન હોય એ આત્મા સમ્યક્કરણને માટે અધિકારી જ નથી; ને જે અધિકારી નથી, લાયક નથી, તેની કોઇ પણ ક્રિયા સમ્યક્કરણ બની શકતી નથી.

(ल०) श्रावणेऽपि तर्ह्यस्याधिकारिणो मृग्याः? को वा किमाह? न केवलं श्रावणे, किं तर्हि, पाठेऽपि। अनधिकारिप्रयोगे प्रत्युतानर्थसम्भवात्। अहितं पथ्यमप्यातुरे'-इति वचनप्रामाण्यात्।

અર્થ:—"તો શું શાસ્ત્ર સંભળાવવામાં પણ અધિકારી જોવા?" ત્યારે આ શું કહેવાઇ રહ્યું છે? માત્ર સંભળાવવામાં નહિ, કિંતુ સૂત્રપાઠ આપવામાં પણ અધિકારી જોવા જોઇએ. અનધિકારીને દેવામાં તો ઉલટું નુકશાન સંભવે. એમાં 'દરદીને પૌષ્ટિક વસ્તુ પણ અહિતકારી બને છે,' આ વચન પ્રમાણભૂત છે.

વિવેચન:—

પ્ર૦:—બીજી ક્રિયા તો ઠીક, પણ માત્ર શાસ્ત્રશ્રવણની ક્રિયા કરવી હોય તો તેમાં પણ શું અધિકારીપણું જોઇએ? ગુરુએ ત્યાં પણ શ્રોતાની યોગ્યતા તપાસવી પડે?

ઉ૦:—કોણ ના પાડે છે? શાસ્ત્રના વિવેચન સંભળાવવાની શી વાત? કોરું સૂત્ર સંભળાવવું હોય, સૂત્રપાઠ આપવો હોય, તો પણ શ્રોતાની અધિકારિતા જોવી પડે.

એનું મુખ્ય કારણ એ છે કે અનધિકારીને વસ્તુ આપવામાં ખરેખર લાભ ને બદલે નુકશાન છે; જેમ કે આયુર્વેદનું વચન છે કે " **अहितं पथ्यमपि आतुरे** " બિમારને પથ્ય એટલે કે પુષ્ટિકારક દૂધ વગેરે આપો તો તે પણ ગેરલાભ માટે બને ! દૂધની ખીરથી શરીરને પુષ્ટિ મળે તે સાચી વાત, પણ તાવવાળાને એ ખીર આપો તો ? નુકશાન થાય. તેમ શાસ્ત્રશ્રવણરૂપી ધર્મક્રિયા સારી હોવા છતાં અનધિકારી રૂપી રોગીને આપે તો નુકસાન થાય. અનધિકારીને ન આપવું જોઇએ ! જેટલો અધિકાર હોય તેટલું જ આપવું. તો એના પર તમને કદાચ પ્રશ્ન થશે કે—

પ્ર૦:—આજે તો નાના બાળકને ય નવકારસૂત્ર વગેરે ભણાવાય છે, તેનું કેમ ?

ઉ૦:—એનાં બે કારણ છે. (૧) જૈનકુળમાં જન્મ લેનાર મહાન પુણ્ય લઇને આવ્યો હોય છે, એમ શાસ્ત્ર કહે છે. એની પાછળ કેટલીય યોગ્યતા અને પૂર્વજન્મની ધર્મસાધના પડેલી હોય છે. તેથી તે આત્મામાં જરૂરી અધિકારની ભૂમિકા માની શકાય છે. વળી અધિકારીપણાના ગુણોની વિવિધ-કક્ષાઓ હોય છે. એમાં ઉચ્ચ કક્ષાના ગુણ ન હોય અને નીચેની કક્ષાના ગુણ હોય, તો ય અધિકારિતા ગણી શકાય. બીજું,

(૨) નવકારમંત્ર વગેરે બાળકને અભ્યાસરૂપે અપાય છે, એ પણ મુદ્દો ધ્યાનમાં લેવા જેવો છે; બાકી અધિકારની વસ્તુ તરફ ઉપેક્ષા જરાય કરવા જેવી નથી. અધિકારની ખીલવણી ધર્મની સાચી સ્પર્શના કરાવે છે.

भमणकिरियाहियाए सत्तीए समन्निओ बालो।
पासइ थिरे विहु चले भावे जा धरइ सा सत्ती॥
तह संसारपरिभमणसत्तिजुत्तो वि नियमओ चेव।
हेए वि उवाएए ता पासइ जाव सा सत्ती॥
—विंशतिविंशिका ४-८, ९.

ફુદડી ફરવાની ક્રિયાથી પ્રાપ્ત થયેલી શક્તિવાળો બાળક, જ્યાં સુધી તે શક્તિ રહે છે ત્યાં સુધી; (આજુબાજુના) સ્થિર પદાર્થોને પણ ફરતા દેખે છે.

એવી રીતે સંસાર-પરિભ્રમણની ક્રિયાથી પ્રાપ્ત શક્તિવાળો જીવ, જ્યાં સુધી તે શક્તિ પહોંચે છે ત્યાં સુધી, અવશ્ય, ત્યાજ્ય વસ્તુઓને પણ ઉપાદેય (ગ્રાહ્ય) તરીકે દેખે છે.

ધર્મનો અધિકારી

(ल०)–तथा 'अर्थी समर्थः शास्त्रेणापर्युदस्तो धर्मेऽधिक्रियते'–इति विद्वत्प्रवादः। धर्म्मश्चैतत्पाठादि, कारणे कार्योपचारात्।

અર્થ:—" તથા અર્થી, સમર્થ અને શાસ્ત્રથી અનિષિદ્ધ આત્મા ધર્મનો અધિકારી હોય છે; એવો વિદ્વાનોનો પ્રવાદ છે. ચૈત્યવન્દનનો પાઠ વગેરે પણ ધર્મ છે; કેમકે કારણમાં કાર્યનો ઉપચાર થાય છે.

વિવેચન :—

પ્ર૦:—ધર્મનો અધિકારી કોણ બની શકે ?

ઉ૦ :—વિદ્વાનોના વચન મુજબ કહીએ તો ધર્મના અધિકારી બનવા ત્રણ ખાસચિતો જોઈએ. '**अर्थी, समर्थः शास्त्रेणापर्युदस्तो धर्मेऽधिक्रियते**।'

(૧) તે તે ધર્મનું અર્થિપણું,

(૨) એ માટેનું સામર્થ્ય, અને

(૩) શાસ્ત્રનો અનિષેધ,

આ ત્રણે વાતો જેનામાં હોય તે આત્મા ધર્મનો અધિકારી બની શકે.

(૧) **અર્થી** :—ધર્મસાધના કરનાર આત્મામાં પહેલું અર્થીપણું જોઈએ. અર્થી એટલે ગરજુ. તે આત્મામાં ધર્મની ગરજ અર્થાત્ ધર્મની વિશિષ્ટ અભિલાષા જોઈએ. જેમ પૈસાનો અર્થી પૈસા મેળવવા માટે બધાં કષ્ટ હોંશથી વેઠે છે, એટલે એ પૈસાનો ગરજુ કહેવાય છે, એમ ધર્મનો ગરજુ જે હોય તે હોંશથી કષ્ટ વેઠીને પણ ધર્મ ઇચ્છે. અર્થી ન હોય એવા આત્માને ધર્મ આપશો તો રીતસરની ધર્મસાધનાને બદલે વેઠ ઉતારશે ! જે અર્થી નથી તેવા આત્માને પ્રતિજ્ઞા બાધા આપશો તો હાથ જોડશે ખરો પણ પોલા રાખશે ! જે અર્થી નથી, તેને સૂત્રપાઠ આપશો તો એ એમાં ય ચેડાં કાઢશે. એવું ઘણું દેખાય છે કે જેને ધર્મની ગરજ નથી તે ધર્મ કંટાળેલા હૈયે કરે છે! વેઠ ઉતારે છે! જાણે માથેથી એક ભાર–બોજ ઉતારતો હોય, તેમ પૂરો કરે છે! કરીને જાણે કેદમાંથી છૂટ્યો હોય, એમ ખૂશી થાય છે! 'હાશ ? પડિક્કમણું પુરૂં થયું." એમ નિરાંત અનુભવે છે! પછી હોંશથી પાપપ્રવૃત્તિમાં કૂદે છે! જે ધર્મનો અર્થી નથી, તે કદાચ માનશે કે 'આ લાંબા લાંબા સંવચ્છરી પ્રતિક્રમણથી થાકયા ભાઇ!' કેવી દુર્દશા! જે પ્રતિક્રમણે પાપરૂપી અનંતા સાપ દૂર કાઢી નાખ્યા, ને મહાન પુણ્ય લાભ આપ્યો, એ પ્રતિક્રમણની કોઈ અનુમોદના કરવાની ખરી ? ના! ધર્મક્રિયાથી થાક લાગ્યો, ગોંધાઈ મર્યા, દુઃખી થયા...એમ માને છે! તો તે ધર્મક્રિયાનો અર્થી ન કહેવાય. બજાર જે સારી રીતે પૈસા આપતો હોય તો 'એણે શરીર તોડી નાંખ્યું, થાકી ગયા...' વગેરે કેમ મનાતું નથી ? કહો કે ત્યાં અર્થીપણું છે! ખાઇને ઉઠીએ, ઉંઘીને ઉઠીએ, પછી 'હાશ, આ વેઠ પતી!' એમ થાય છે? ના, માટે તો એવી ક્રિયા પૂર્વે એના મનોરથ છે, ક્રિયા કરતાં હોંશ છે; ને ક્રિયા પૂર્ણ થયે અનુમોદના છે! અર્થીપણા સાથે આ ત્રણ સંકળાયેલા છે. મનોરથ, હોંશ, અનુમોદના.

અર્થીપણું કેમ બનાય ?:—ધર્મક્રિયાનું અર્થીપણું લાવવા એની સામાન્ય ઇચ્છા નહિ, પણ ઉત્કટ ઇચ્છા, ઉત્કટ ગરજ જોઈએ. એ માટે મનોરથ, હોંશ અને અનુમોદના જોઈએ. એવા એવા મનોરથ થાય કે **'અહો! આ આ ધર્મનો સમય આવે છે, સારૂં થયું, લાવ જાઉં, અને દુર્ગતિમાં હોમાવી નાખે એવા પાપનો નાશ કરી આવું! લાવ, મંદિરે જઈ પ્રભુભક્તિમાં લયલીન બની જાઉં! પુણ્યના થોક ઉપાર્જું! અને જો ઉત્તમ મનુષ્યભવ, ઉત્તમ કુળ, આરોગ્ય, ધર્મબુદ્ધિ વગેરે અરિહંત દેવના પસાયથી મળ્યાં છે, તો એ તારક પરમાત્માની તો પહેલી સેવા કરૂં! નહિતર, કૃતઘ્ન ગણાઉં. વળી એ અનન્ત ગુણ ભર્યા પરમાત્મા જેવું બીજું કોણ છે? તન-મન-ધન ત્યાં ખર્ચ્યાં સાર્થક છે! આ નિસ્સાર સંસારમાં જિન અને જિનાજ્ઞા સિવાય સારભૂત શું છે કે જેની પાછળ હું આખો ને આખો તૂટી મરૂં? જિનાજ્ઞાકથિત દાન-શીલ-તપ-ભાવરૂપી ધર્મ જ તરણતારણ છે. એ ધર્મને સેવી જન્મ પાવન કરૂં, જેથી જન્મોજન્મનાં પાપ નાશ પામે...અહિંસા-સંયમ-તપરૂપી ધર્મમાં લીન બની જાઉં; જેથી આત્મા હિંસાદિ પાપો અને કષાયાદિ દોષોના નરકાગારમાંથી ઊંચો આવે; મોક્ષ નજીક થાય... સજ્ઝાય ધ્યાનમાં મગ્ન થાઉં, જેથી મંગલ આત્મજાગ્રતિ રહે!'** આવા મનોરથથી અર્થીપણું પ્રગટે. જો એવા કોઈ મનોરથ છે જ નહિ, અને રાબેતા મુજબ ચાલતું હોય તે ચાલે; તો પછી તે ક્રિયા કેવીક થાય? ક્રિયા વખતે હોંશ ક્યાંથી આવે? પછી ધર્મ-ક્રિયા છોડતાં પાપક્રિયામાં જઈ પડવાનો ખેદ પણ ક્યાંથી આવે? ઈરિયાવહિયાની ક્રિયામાં 'એગિંદિયા' વગેરે બોલી નાખે પણ એ એકેન્દ્રિયાદિ જીવ જે વિરાધ્યા, હિંસા-વિરાધના જે કરી. પૂછો એનો કોઈ પશ્ચાત્તાપ ખરો? અરેરાટી ખરી? 'હાય જીવોને મેં કચરી નાખ્યા વિરાધના કરી,' એવો ઈરિયાવહી-પ્રતિક્રમણ વખતે હૈયે કોઈ આઘાત ખરો? ના, કેમકે ક્રિયાનું અર્થીપણું નથી.

પ્ર૦:—તો પછી ક્રિયા એ કરે છે શા માટે?

ઉ૦:—ક્રિયા તો કુળના સંસ્કારથી થાય, દેખાવથી થાય, શરમાશરમથી થાય, વાહવાહ લેવા થાય, ધર્મીમાં નંબર ગણાવવા થાય,...અનેક કારણે થાય. ખરી રીતે તો એમ હાડોહાડ લાગી જવું જોઈએ કે આ ધર્મક્રિયાઓ માનવજીવનનું સત્ત્વ (essence) છે. આ ક્રિયાઓ જ તરણતારણ છે. જીવનની આ મહાન સુવાસ છે. આ હોય તો અર્થીપણું જાગે, ત્યાં પછી ધર્મપ્રવૃત્તિની ઉત્કટ ઇચ્છાને લીધે એના પહેલેથી મીઠા મનોરથ થાય, ક્રિયા કરતાં ભારે હોંશ રહે; અને કર્યા પછી ગળચટી અનુમોદના થયા કરે! બુદ્ધિનો સદુપયોગ ધર્મના આવા અર્થીપણામાં, મનોરથ,-હોંશ અને અનુમોદનામાં છે.

(૨) **સામર્થ્ય**:—ક્રિયા માટે અર્થી હોય છતાં જો સમર્થ ન હોય તો ક્રિયા માટે અધિકારી ન બને. માટે અર્થીપણું હોવાની સાથે સામર્થ્ય જોઇએ. કોઇ વિઘ્ન આવે તો પણ સામર્થ્યવાળો આત્મા અધવચ્ચે ક્રિયાને છોડે નહિ! લીધેલો ધર્મ છોડવાથી ધર્મની પણ નિંદા થાય છે! લોક કહે છે, 'જોયો આ ધર્મ? એમાં આવા જ બધા બેઢંગી ભેગા થાય છે...' એથી લોક ધર્મથી ઉલટા દૂર થાય છે; એમને ધર્મની પ્રાપ્તિ દુર્લભ બને છે.

પ્ર૦:—પણ ધર્મ કરનારને 'નાહ્યા એટલું પુણ્ય' તો ખરૂં ને?

ઉ૦:—ના, ધર્મ સ્વીકારી પછી છોડી દેનારો ઉપકારક ધર્મની નિંદા કરાવનારો ને કૃતઘ્ન બને છે. તેમ પોતે નિઃસત્ત્વ બને છે એ જુદું! પૂછો કે એમ કેમ? એ માટે કે સત્ત્વને કેળવવાનો અવસર ધર્મરક્ષા વખતે મળે છે. આચરેલો ધર્મ વચ્ચેથી તોડી નાખે, તો નિઃસત્ત્વતા વધારે પ્રગટે છે. માટે લીધેલો ધર્મ વચ્ચે ન છોડી દેવો જોઈએ. પણ સામર્થ્યના અભાવે અવસરે કોઇ એના માટે આડું અવળું બોલે કે ધર્મ છોડી દેતાં વાર નથી થતી, આ રીતે સત્ત્વ ગુમાવાય છે. ધર્મના, ગુરુઉપદેશના તથા જિનવાણીના

મૂલ્ય ઓછાં આંકનારો બને છે. એને મનમાં થાય છે કે 'ધર્મ તો ખરો, મહારાજનો ઉપદેશ ય ખરો, પણ અહીં સંસારમાં ય જોવું જોઈએ ને ? લોકનું પહેલું જોવું જોઈએ'...એણે આ શું કર્યું ? ધર્મની કિંમત ઓછી આંકી ! ને લોકની કિંમત વધારે આંકી ! ધર્મનો આદર એટલો ઓછો થયો, અને લોક પ્રત્યે આદર વધ્યો. લોકહેરિમાં તણાયો, અનાદિની લોકસંજ્ઞાને પુષ્ટ કરી ! એમ કરીને એણે પોતાની જાતને બીજા ધર્મો માટે પણ નિઃસત્ત્વ નાલાયક બનાવી.

સમર્થ બનવા શું કરવું જોઇએ ?:—

(૧) વિચારવું તો એ જોઇએ કે 'ધર્મ અનંતજ્ઞાનીઓનો કહેલો છે, અજ્ઞાની લોકને એની કિંમત શી હોય ?' વૈદ્યે કહેલી ચરી (કુપથ્યત્યાગ)ની ગમ અજ્ઞાનીને શી હોય ? કંઈ જ નહિ, તો એવા ગમારના વચન પર શ્રદ્ધા કરી વૈદ્યનું વચન ઠેલાય નહિ. સલાહકાર જો સમજુ હોય તો વૈદ્યનું વચન તોડાવે નહિ; પરંતુ પાસે રહીને ચરી પળાવે ! માટે અજ્ઞાની લોકના વચનથી જ્ઞાનીનાં વચન ઓળંગાય નહિ.

(૨) બીજું એ વિચારવું ઘટે કે ' દુનિયાની કેઇ વાતોમાં મેં મન મક્કમ રાખી એ વાતો પાર ઉતારી છે; જ્યારે હવે ધર્મને પાર ઉતારવાનો સોનેરી મોકો અહીં મળ્યો છે; તે કેમ જતો કરાય ? અરે, એકાદ્દિ વેળા પ્રાણ જાય તો ય શું થઇ ગયું ? પૂર્વપુરુષોએ ધર્મસ્થૈર્ય ખાતર રાજ્યપાટ મૂકયાં છે, ઉપસર્ગ સહ્યા છે, પ્રાણ પણ જતા કર્યા છે; તો હું પણ એમનો જ સંતાન છું; મારે નિઃસત્વ બનવું ન ઘટે.'

(૩) એ પણ સમજવું જોઇએ કે ' લોકખૂશીની બહુ કિંમત નથી, ધર્મપાલનની મોટી કિંમત છે. લોકનારાજીની બહુ નુકશાની નથી; ધર્મ ગુમાવ્યાની મોટી નુકશાની છે, એમાં ય વ્રતભંગના તો મોટાં નુકશાન છે.'

(૩) શાસ્ત્રથી અનિષિદ્ધઃ—

ધર્મના અધિકારી બનવા માટે આત્મા અર્થી ને સમર્થ જોઇએ, એ ઉપરાંત ત્રીજી વાત 'શાસ્ત્રથી અનિષિદ્ધ ' હોય તે આત્મા ધર્મનો અધિકારી બની શકે. ધર્મ કરવા માટે શાસ્ત્ર નિષેધ શા માટે કરે ? આત્મામાં અમુક દોષો હોવાને લીધે નિષેધ કરે, અગર તો જીવમાં યોગ્યતાના અમુક ગુણો ન હોવાને લીધે નિષેધ કરે. દા. ત. શ્રાવકધર્મ જે જીવને લેવો હોય, એનામાં ઉત્કૃષ્ટથી ૨૧ ગુણ, મધ્યમ સ્થિતિએ અર્ધા અને જઘન્યથી ચોથા ભાગના ગુણો જોઈએ. આ ગુણો જો એ જીવમાં ન હોય તો ભલે એ શ્રાવકધર્મનો અર્થી હોય ને પાળવા સમર્થ પણ હોય, છતાં ધર્મનો અધિકારી ન બની શકે. એવા અનધિકારીને ધર્મ ન અપાય.

પ્રઃ—જીવમાં બીજા ગુણ કદાચ ન હોય, પણ આત્મા જો વ્રતનો ખપી છે, પાળી શકે એવો છે, પછી એને શ્રાવકના વ્રત આપવામાં શો વાંધો ?

ઉઃ—એ જીવ ધર્મ તો પાળે, પણ બીજી બાજુ જો એનામાં ગુણો નહિ હોય તો એ પ્રતિપક્ષી દોષો સેવવાનો. દા. ત. આત્મા જો ઉદારમતિ નથી, તો ક્ષુદ્રતા–દોષ સેવવાનો. સૌમ્ય–સ્વભાવ નથી, તો ઉગ્રતા, કટુતા દાખવવાનો...એવા દોષો વ્રતધારી શ્રાવકને શોભતા નથી. પછી અજ્ઞાન લોક એની અને સાથે ધર્મની પણ નિંદા કરે છે; અને એ નિંદા કરીને એ અને બીજાઓ તેજ ધર્મ પ્રત્યે દુર્ભાવવાળા બને છે; ને એથી ધર્મ વધારે દૂર થાય છે.

વળી સાધુ થવા માટે શાસ્ત્રે કહ્યું છે કે દીક્ષા લેનારમાં અઢાર દૂષણો ન જોઇએ. તેમ એ સોળ ગુણોથી સંપન્ન જોઈએ. દોષો હોય તો દીક્ષા ન અપાય. દા. ત. આંખે અંધ હોય, પગે લંગડો

હોય... શરીર અતિ ભારે હોય; બુદ્ધિ-જડ હોય, અતિ મૂર્ખ હોય, નપુંસક હોય, એવાને દીક્ષા ન અપાય. શરીર-જડ સંયમની સમિતિ-ગુપ્તિ, વિહાર વગેરે બરાબર પાળી નહિ શકે. બુદ્ધિજડને આરાધના શી, વિરાધના શી, ઉત્સર્ગ શો, અપવાદ શો, ઇત્યાદિ ગતાગમ ન પડે. આમ, ચારિત્રનો અર્થી હોય, લીધેલો ધર્મ પકડી રાખવા સમર્થ હોય, છતાં શાસ્ત્રથી નિષિદ્ધ હોવાથી ચારિત્રનો અધિકારી ન બને.

પ્ર૦ :—લુલા-લંગડામાં શો મોટો દોષ છે કે એમનો નિષેધ કર્યો?

ઉ૦ :—લુલા-લંગડાને દીક્ષા આપવાથી ધર્મ નિંદાય, એ દોષ છે. અજ્ઞાન લોક બોલવા લાગે, 'જોયો આ લોકોનો ધર્મ? આવા ને આવા આંધળા ને લુલા ભેગા કર્યા છે. હલકો ધર્મ તે હલકાને સંઘરે,' બાલ જીવોની ખાસીયત હોય છે કે દેવ-ગુરુનું બાહ્ય રૂપ ઊંચું જુએ તો આકર્ષાય! બાહ્ય ખોટું હોય ને અંદર ગમે તેટલું સારું હોય પણ બાલ જીવો તે નહિ જુએ. ભલે સાધુ બન્યો હોય પણ જો બહારથી વેષભૂષા કરે, પટીયાં પાડે, સ્ત્રીઓ સાથે બહુ લપછપ રાખે, તો આ બધું જોઈ લોક એ સાધુ પ્રત્યે આકર્ષાય નહિ, ઉલટા વધારે દુર્ભાવવાળા બને. માટે એવાનો નિષેધ કરવામાં શાસ્ત્રની વ્યાપક હિતદૃષ્ટિ છે. એકના યોગે અનેક લોકો ધર્મ તરફ દુર્ભાવવાળા ન બનવા જોઈએ; એથી બોધિબીજ હારી ન જવા જોઈએ. માટે જ ઢેડ-ભંગીને પણ દીક્ષા આપવાની શાસ્ત્રે મનાઈ કરી છે.

પ્ર૦ :—તો પછી એમાં પેલો બિચારો વિરાગી અને ગુણવાન હોવા છતાં એનો નિષેધ કરવામાં નિર્દયતા ન કહેવાય?

ઉ૦ :—ના, નહિ, એમાં બે વસ્તુ છે, એક તો એ કે પ્રાયઃ એવા તદ્દન નીચા કુળમાં જન્મેલામાં દીક્ષાની યોગ્યતા નથી હોતી. કહે છે ને કે 'જાત તેવી ભાત પડે!' અવસરે એ સાધુજીવનમાં ઊંધું મારે. માટે એવા વધુ અનર્થમાંથી એને બચાવી લેવો, એમાં એ જીવની દયા છે. બીજું, કદાચ કોઈ જીવ સારો ગુણીયલ કે યોગ્ય હોય, તો તો એ સમજશે કે ઘણાઓને ધર્મનિંદાની તક નહિ આપવી અને જિનાજ્ઞાનું પાલન કરવું એ મહાધર્મ છે. એવાને જિનાજ્ઞાનુસાર દીક્ષા ન દેવામાં નિર્દયતા નથી પણ દયા છે. જિનાજ્ઞાની ઉપેક્ષાના પાપમાંથી એનું, પોતાનું તથા લોકનું રક્ષણ છે.

વિદ્વાન પુરુષોનો આવો પ્રવાદ અર્થાત્ વચન ચાલ્યું આવે છે કે 'અર્થી, સમર્થ અને શાસ્ત્રથી અનિષિદ્ધ હોય તે જ ધર્મનો અધિકારી બની શકે છે.' ત્યારે પ્રસ્તુતમાં ચૈત્યવન્દન સૂત્રનો પાઠ લેવો વગેરે પણ ધર્મ છે. માટે એના અંગે પણ સામો અધિકારી છે કે નહિ, તે જોવું જોઈએ.

પ્ર૦ :—ચૈત્યવંદનનો પાઠ એ ધર્મ શી રીતે કહેવાય? ધર્મ તો, પહેલાં પાઠ લે, ભણે અને પછી ચૈત્યવન્દન કરે ત્યારે થાય ને?

ઉ૦ :—એમ તો ચૈત્યવન્દનની ક્રિયા પણ ધર્મ કયાં છે? ધર્મ તો આત્મામાં પ્રગટતા શુદ્ધ પરિણામસ્વરૂપ છે. તે છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરી અર્થાત્ કારણને કાર્યવાહી શબ્દથી સંબોધીને જેવી રીતે આત્મપરિણામસ્વરૂપ ધર્મમાં કારણભૂત જે ચૈત્યવન્દન ક્રિયા, તેને પણ ધર્મ કહેવાય છે, તેવી રીતે ચૈત્યવન્દન ક્રિયામાં પણ કારણભૂત સૂત્રપાઠને ધર્મ કહી શકાય.

પ્ર૦ :—કારણને કાર્યવાચી શબ્દથી કેમ સંબોધી શકાય?

ઉ૦ :—જગતમાં એવો વ્યવહાર ચાલે છે. દા. ત. માણસ કહે છે કે "હવે તો મારે દૂધ એ જીવન છે." અહિંયાં ખરી રીતે જીવન તો આયુષ્ય છે; છતાં આયુષ્યને ટકાવવામાં કારણભૂત અહીં દૂધ બન્યું હોવાથી દૂધને જ જીવન કહેવાય છે. તો એ શું કર્યું? કાર્યભૂત આયુષ્યવાચક 'જીવન' શબ્દને કારણભૂત 'દૂધ' માટે વાપર્યો, (અને કહ્યું કે 'દૂધ એ જીવન છે') એનું નામ કાર્યનો કારણમાં ઉપચાર કર્યો કહેવાય, અને એ રીતે સૂત્રપાઠ, ચૈત્યવન્દન વગેરે ધર્મ કહેવાય. એ ધર્મના માટે પણ અધિકારી બનવું જોઈએ.

ચૈત્યવન્દનનો અધિકારી

(ल०) यद्येवमुच्यतां के पुनरस्याधिकारिण इति । उच्यते, एतद् बहुमानिनो विधिपरा उचितवृत्तयश्च ।

અર્થ:—જો એમ છે તો કહો કે ચૈત્યવન્દનના અધિકારી કોને ગણવા ? ઉત્તર એ છે, કે ચૈત્યવન્દનના બહુમાનવાળા, વિધિતત્પર, અને ઉચિત જીવનવૃત્તિવાળા જે હોય એ ચૈત્યવન્દનના અધિકારી છે.

વિવેચન:—

પ્ર૦:—જો ચૈત્યવન્દનનું શિક્ષણ અધિકારીને જ અપાય, એમ કહો છો, તો બતાવો એના અધિકારી કેવા હોવા જોઇએ ?

ઉ૦:—ચૈત્યવન્દનના અધિકારી ત્રણ ખાસિયતોવાળા હોવા જોઇએ;—એ,

[૧] ચૈત્યવન્દન પ્રત્યે બહુમાનવાળા હોય,

[૨] ચૈત્યવન્દનની વિધિમાં તત્પરતાવાળા હોય,

[૩] ઉચિત જીવનવૃત્તિવાળા હોય,

અર્થાત્ ચૈત્યવંદનના અધિકારી જાણવા શાસ્ત્રકારે ત્રણ ગુણ કહ્યા: બહુમાન, વિધિતત્પરતા અને ઉચિત જીવનવૃત્તિ. આ ત્રણ ગુણો હોય તો કહી શકાય કે એ આત્મા ચૈત્યવન્દનનો અધિકારી થઇ શકશે.

(૧) બહુમાન કેવી રીતે પ્રગટાવવું ?:— અહીં પ્રથમ ગુણ બહુમાન બતાવ્યો છે. માણસ સાંસારિક જીવનમાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણે ય પુરુષાર્થ સાધતો હોય, પરન્તુ એમાં જો ધર્મને શ્રેષ્ઠ માને, સારભૂત માને, ખરો ઉપકારી માને, તો ધર્મ પ્રત્યે એણે બહુમાન ધારણ કર્યું ગણાય. જો આપણે સમજીએ તો ધર્મ એ આપણો મોટામાં મોટો ઉપકારી છે. કોઇને ત્યાં ઉપકાર કરનાર વડો પ્રધાન ઉતરી આવે તો એના પ્રત્યે એનું હૃદય કેવું હોય? અને એને કેવો માને? એને મોટો મહેમાન માને છે! અને એના પ્રત્યે હૈયામાં તો પ્રેમ અને બહુમાન ઉછળતું હોય છે! પછી એના ભારે સન્માન કરે છે! તો એની તુલનામાં (૧) ધર્મ તો એથી ય ઉંચામાં ઉંચો ઉપકારી છે; (૨) ત્રણેય ભવ સુધારનાર છે, (૩) જન્મોજન્મને આબાદ બનાવનાર છે; (૪) અર્થ, કામ પણ ધર્મથી જ મળે છે, (૫) ઠેઠ મોક્ષ સુધી પહોંચાડનાર ધર્મ છે, (૬) ધર્મ એ તો વિશ્વનો તારણહાર છે, (૭) એ ધર્મને તીર્થંકર દેવો જેવા જગતદયાળુએ જન્મ આપ્યો છે, (૮) ધર્મમાં એકલી પવિત્રતા છે, (૯) ધર્મમાં અનેકાનેક ગુણો છે, આમ વિવિધ રીતે વિચારતાં ધર્મમાં અર્થ–કામની અપેક્ષાએ પૈસા–ટકા, કુટુંબ, માન–સન્માન, વિષય–સુખની સામગ્રી, આ બધા કરતાં અપૂર્વ વિશેષતાઓ છે, એમ સમજી ધર્મ અપનાવવામાં આવે

તો ધર્મ પર બરાબર બહુમાન થાય. પછી ધર્મસાધના સારભૂત બને, માલવાળી બને! તો એમાંથી ફળ પણ મહાન મળે!

ધર્મ તીર્થંકરદેવો એ ફરમાવ્યો છે!— તીર્થંકરદેવો એટલે પરમપુરૂષ પરમાત્માઓ; એમણે જ્યારે ધર્મ ઉપદેશ્યો છે, ત્યારે એ ધર્મનું કેટલું ઊંચું મૂલ્ય હશે! દુનિયામાં ય મોટા માણસે અમુક કહ્યું છે માટે એ માન્ય, એમ બહુમાન ધરાય છે. તો ધર્મ તો તીર્થંકરદેવોનો કહેલો છે, અનંતા તીર્થંકરોએ કહેલો છે. માટે એના પર બહુમાન ધારણ કરવું જોઇએ;

ધર્મે અનંતાને તાર્યા છે.!-દુનિયાદારી તો આપણે અનાદિકાળથી લઇ આવ્યા છીએ, અને એ દુનિયાદારીએ જ આપણને ભવમાં ભટકતા રાખ્યા છે. તો તારક ધર્મની માફક એના પર બહુમાન કરવાના હોય? ત્યારે સમજો કે જેમણે આપણને એક રૂપિયો પણ આપ્યો નથી, પણ જો ખબર હોય કે એણે કેઇને હજારો રૂપિયા આપ્યા છે, અને આપણને પણ હજારો આપે એમ છે, તો એના પર બહુમાન થઈ જાય છે ને? તેમ ધર્મે હજી દુઃખમય સંસારમાંથી આપણને ઉંચકયા ન હોય, છતાં ખબર છે કે એણે કેવા કેવા પાપી અને અધમ જીવોને ઉંચકયા છે, તો શું એ વિચારી ધર્મ પ્રત્યે બહુમાન ન થાય?

ધર્મની ઉદારતાની બલિહારી છે! જગતમાં શું ઉદાર માણસ પર બહુમાન નથી થતું? એ ઉદાર મનુષ્ય તો કયારેક કૃપણ પણ થઇ થાય; ધર્મ તો કયારે ય પણ કૃપણ નથી થતો! અને ઉદારતામાં જગતની કોઇ પણ વસ્તુ કરતાં ઉચ્ચતર દાન એ કરે છે. કહો કે એજ ખરો ઉપકારક છે. તેથી એના પર બહુમાન કરવું જ જોઇએ.

સર્વ જીવોના હિતની ચિંતા ધર્મ કરે છે. ધર્મ જગતને શિખવાડે છે કે 'જીવોને જીવવા દો! તમારે મરવાનો પ્રસંગ આવ્યો હોય, ત્યારે પણ બીજાને મારવાનું ન ઇચ્છો.' એવો આ અનંત જીવોને અભય દેનારો, ઉપકારનો ધોધ વરસાવનારો ધર્મ છે, માટે એના પર અપરંપાર બહુમાન થાય.

ધર્મ એ પવિત્રતમ વસ્તુ છે. જો એક પવિત્ર માણસને જોતાં આનંદ અને બહુમાન થાય, તો ધર્મ પ્રત્યે કેમ એ આનંદ અને બહુમાન ન ઉછળે? સીતાજી પવિત્ર હતા, તો પવિત્રતાથી એ આપણું મન હરી લે છે. તેમ ધર્મ એ અત્યંત પવિત્ર વસ્તુ છે, માટે એના પ્રત્યે મન આકર્ષાવું જ જોઇએ. ધર્મમાં મૈત્રી આદિ પવિત્ર ભાવનાઓ છે, અહિંસા આદિ પવિત્ર વૃત્તિઓ છે, ક્ષમા આદિ પવિત્ર ગુણો છે, દાનાદિ પવિત્ર કર્તવ્યો છે, અને જ્ઞાનાચાર આદિ પવિત્ર આચારો સમાયા છે, તો એવા એ ધર્મ પ્રત્યે આપણે ભારે બહુમાન જમાવવું જોઇએ. જેમ સાકર મોં ગળચટ્ટું કરવાને લીધે જ મીઠી માનીએ છીએ, તેમ ધર્મ એ પણ આત્માને મધુર સ્વાદ આપવાથી મીઠી વસ્તુ છે, એટલે એના પ્રત્યે બહુમાન થઈ જ જાય! ધર્મ પર બહુમાન જગાડવાના આ બધા ઉપાયો છે. મન વિચારવન્તુ અને મક્કમ કરી જો બહુમાન કેળવાય અને એકવાર આ જીવનમાં શરૂઆત કરી દેવાય તો પછીના ભવોમાં એ ધર્મ સહેજે ગમતો થઈ જશે! એના પર સ્વાભાવિક આદર-બહુમાન પ્રગટશે! મનનું વલણ ધર્મ પ્રત્યે ઊંચા મનવાળું, ઊંચા અભિપ્રાયવાળું અને ઊંચા આકર્ષણવાળું બનશે!

બહુમાન વિનાની આરાધનામાં માલ નહિ:—નવકારવાળી ગણવાની ખરી, પણ પહેલાં નવકાર પર બહુમાન ઉભું કરો! બહુમાન નહિ હોય તો જેટલા નવકાર ગણાયા એ બદલનો હર્ષ નહિ થાય પણ 'પારા કેટલા બાકી રહ્યા,' એનું લક્ષ રહેશે! કેમ જાણે માથેથી એક ભાર ઉતારવાનો હોય! મનને એમ થાય છે કે 'હાશ! હવે નવકારવાળી અડધી જ બાકી રહી, પા જ બાકી રહી... હવે ૫-૧૦ પારા જ રહ્યા...' બહુમાન હોય તો ભાર ન માને, કમાણી માને! તેથી એમ વિચારે,

'હાશ! અડધી નવકારવાળી તો ફમાયો...પોણી ફમાયો...સો ઉપર નવકાર ફમાયો.' તફાવત આટલો કે ત્રેઠ માનનારો નવકારવાળીનો ડાબી બાજુથી હિસાબ ગણે છે, બહુમાનવાળો જમણી બાજુથી! કોઈની પાસેથી રૂપિયા મળતા હોય, એ આપનારો કહે 'આજે મારે તમને ઠીક ઠીક રૂપિયા આપવાના છે.' અને એ આપતો જાય તો તેમાં લેનારો કયો આનંદ માને? 'હાશ, આટલા બાકી રહ્યા' એ? કે 'હાશ, 'સો મલ્યા, બસો મલ્યા...' એ? તો બોજરૂપ મનાતો ધર્મ, બહુમાન વિનાનો ધર્મ લુખ્ખો થવાનો. એનું મોટું ફળ ન આવે. માટે બહુમાન પહેલું જરૂરી છે.

(૨) **વિધિતત્પરતાઃ-** એકલા બહુમાનથી પણ પૂર્ણતા નથી થતી, સાથે વિધિતત્પરતા જોઈએ, તેમાંય માત્ર ધર્મની વિધિને વિષે તત્પરતા ન ચાલે, પણ આ લોક અને પરલોકને અવિરુદ્ધ હોય તેવા ફળવાળા અનુષ્ઠાનના બની જવું જરૂરી છે.

ધર્મના અધિકારી બનવા વિધિ-તત્પરતા કેમ જરૂરી છે? જો આત્મા વિધિતત્પર નહિ હોય તો એ વિધિમાં લોચા વાળવાનો. એથી ઊંચી કોટીના ધર્મને નીચી કોટિનો બનાવવાનો! એક માણસ પદ્માસન લગાવી સ્થિર શરીરે આંખ મીંચીને હોઠ ફફડાવે છે, તો લોકોને થાય છે 'આ કોઇ મહાન સાધના કરી રહ્યો છે.' પણ જો નીચો ડોસીની જેમ કેડમાંથી વળીને બેઠો હોય, પગ ગમે તેમ રાખ્યા હોય, ડોળા આડાઅવળા ફેરવતો હોય, માળા ગમે તેમ ચલાવતો હોય, અને એનો એ જાપ કરતો હોય તો લોકોને દ્રષ્ટિએ એ કેવો લાગશે? લોકોને એમ થશે કે 'આમનો ધર્મ આવો ડોશી જેવો મુડદાલ અને રેઢિયાળ લાગે છે.' ઊંચી કોટીના ધર્મને નીચો કર્યો કહેવાય.

તેમ એ પણ એક હકીકત છે કે મનુષ્ય પોતાના ધર્મને જો અતિ સામાન્ય ગણે છે તો તેથી એ ધર્મની સાધના પણ રાંગળી-પાંગળી કરે છે. વિધિપૂર્વક ક્રિયા કરવાથી ક્રિયાનું મહત્વ સમજાય છે. વિધિતત્પરતા માટે પરલોકને વિરૂધ્ધ હોય તેવા અનુષ્ઠાનનો ત્યાગ જોઈએ. તેમ આ લોકમાં પણ વિરૂધ્ધ ફળ આપે એવા અનુષ્ઠાનનો ત્યાગ જોઈએ. અર્થાત ધર્માનુષ્ઠાન એવી રીતે કરવું જોઈએ કે જે ઉભય લોકમાં વિરૂધ ફળ અપાવનારૂં ન બને. વિધિ ચૂકવાથી આ લોકમાં પણ ધર્મ-નિંદા વગેરે વિરુદ્ધ ફળ આવે છે. પરલોકદ્રષ્ટિએ પણ આશાતના-અનાદર થવાથી પાપ-બંધન વધે છે. સ્વચ્છંદતા વગેરેના કુસંસ્કાર વધે છે. આ બધું વિરુદ્ધ ફળ છે. આ બધું ટાળવા વિધિ-તત્પરતા જોઈએ જ. ધર્મ એ મહાન મંત્ર છે. મહાવિદ્યા છે. એની સાધના વિધિસર કરો તો એના વાસ્તવિક ફળ પામી શકો.

ધર્મનું ભાવી ફળ અતીન્દ્રિય વસ્તુ છે! ધર્મથી આત્માને કેટલાં કર્મ ઓછા થયાં, કેટલું પુણ્ય વધ્યું, તે ચક્ષુથી દેખાતું નથી. એવા અતીન્દ્રિય ફળવાળા ધર્મની જ્ઞાનીઓએ મર્યાદા બાંધી કે 'આ રીતે આલોક-પરલોકથી વિરુદ્ધતા ટાળીને ધર્મસાધના કરો તો પેલું મહાન અતીન્દ્રિય ફળ નીપજે.' તો પછી વિધિની અવગણના કેમ કરાય? જેમ ધર્મ અને એનું ફળ સર્વજ્ઞ પ્રભુએ જોયું છે. તેમ વિધિ પણ એ સર્વજ્ઞ ભગવાને જ જોઈ છે,. એમણે જ ઉપદેશી છે, તો એમની કહેલી વિધિ સચવાય તો જ ધર્મનું ફળ મળે એ સ્પષ્ટ છે. વ્યવહારમાં પણ કયાં વિધિ વગર ચાલે છે? ગોળ, ઘી, લોટ ને પાણી ભેગાં કઢાઈમાં નાખી દે તો શીરો થાય? ના; એ તો પહેલાં ઘીમાં લોટ શેકે, પછી ગરમાગરમ ગોળ-પાણીમાં નાખે...વગેરે વિધિથી બનાવે તો શીરો થાય છે. વિધિસર દાદર ઉતરે તો નીચે ઉતરાય છે. વિધિસર દુકાન ચલાવે તો નફો થાય છે. વિધિસર નોકરી બજાવે તો પાયરી વધે છે. સર્વત્ર વિધિની આવશ્યકતા મનાઈ છે, તેમ ધર્મસાધનામાં ય વિધિ, એ અનિવાર્ય શરત છે. ધર્મસાધના પર જો ખરૂં બહુમાન હોય તો વિધિ-તત્પરતા આવવાની. એટલે કે જે આત્મા અધિકારી હશે તેને જ વિધિ સુઝવાની, બીજાને નહિ. માટે જેનામાં વિધિની ઉપેક્ષા દેખાય, એને અધિકારી નહિ માનવાનો.

(૩) ઉચિતવૃત્તિઃ—ધર્મના અધિકારી તરીકે મનુષ્યમાં ત્રીજી વસ્તુ 'ઉચિતવૃત્તિ' જોઇએ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણ એટલે કે જાતિ કહેવાય; એમાં પોતપોતાના વર્ણને ઉચિત આજીવિકા જે ચલાવતા હોય તે ઉચિતવૃત્તિ કહેવાય. દા. ત. બ્રાહ્મણ હોય, પોતાના શાસ્ત્રોને એ ભણેલો હોય, ને લોકોને એ મુજબ ધર્મક્રિયા કરાવતો હોય, એવી રીતે શાસ્ત્રોનું જનતામાં પઠન-પાઠન-શ્રવણ કરાવે, તે જીવન-નિર્વાહનો ઉચિત માર્ગ કહેવાય. વૈશ્ય હોય તો પોતે પ્રામાણિક રીતે સારા ધંધા નોકરી વગેરે કરે. ખેતી વગેરે દયા સાચવીને કરે. ક્ષત્રિય જો પ્રજાજન હોય તો રાજ-સેવાદિ કાર્ય વફાદારીથી બજાવે, નિર્બળનું રક્ષણ કરે; રાજા હોય તો પ્રજાનું ન્યાયથી અને ધર્મયુક્ત પાલન કરે. શુદ્ર હોય તો એને ઉચિત પોતાનો ધંધો પ્રામાણિકતાથી મર્યાદાબદ્ધ બજાવે. આ બધી ઉચિતવૃત્તિઓ કહેવાય. બ્રાહ્મણ હોવા છતાં આડાઅવળા ધંધા કરે, જીવન શાસ્ત્રીય મર્યાદાપૂર્વકનું ન હોય, બીજાને ધર્મક્રિયા કે શાસ્ત્રાધ્યનાદિ કરાવવાનું મૂકી હલકા ધંધા કરતો હોય તો એ ઉચિતવૃત્તિ ન કહેવાય. એમ વૈશ્યો પ્રામાણિકતા સાથે દયા હોય તો ઉચિતવૃત્તિ કહેવાય, નિર્દયતા હોય તો નહિ.

એક છોકરી એક વેપારીને ત્યાંથી પોતાની માએ કહ્યા કરતાં ભૂલથી જુદું કપડું લઇ ગઇ, ઓરમાન માએ છોકરીને ધમકાવીને કહ્યું, 'કેમ આ લાવી? જા જઇને બદલી આવ, નહિતર મારી નાખીશ' છોકરી રોતી રોતી આવીને વેપારીને કહે છે, 'બદલી આપો,' પેલો કહે છે-'ના અમારે તો પ્રામાણિક વેપાર! આપેલો માલ પાછો નહિ લેવામાં આવે!' બિચારી છોકરી કકળવા માંડી,-'મારે ઓરમાન મા છે મને પીટી નાખશે.' છતાં પેલા વેપારીએ ન બદલી આપ્યું, એટલે છોકરી રોતી રોતી ગઈ ઘેર. ને ઓરમાન માએ ધબેડી નાખી. શું છે આ? વેપારીની આ ઉચિતવૃત્તિ ન કહેવાય. આજે તો દયા અને ન્યાય-નીતિ પ્રામાણિકતા વ્યાપક રૂપે જોવા કયાં મળે? ધર્મના અધિકારી બનવા ઉચિત જીવનવૃત્તિ જોઈએ. ક્ષત્રિય હોય, રાજાની સેવા કરતો હોય, પણ જો રાજાને વફાદાર ન રહે અને બીજા રાજા સાથે ખાનગી ગુપ્તેગો ચલાવે તો એના માટે એ ઉચિતવૃત્તિ ન કહેવાય.

ઉચિત જીવનવૃત્તિના ગુણોઃ એના અભાવે અનર્થઃ—ચાર જાતિઓ અને એના મુખ્ય ધંધા એ તો પ્રાચીન કાળની વસ્તુ હતી. આજે અવાંતર જાતિઓ અને વિવિધ ધંધા અનેક દેખાય છે. તેમ જીવન જીવવાની પદ્ધતિઓ પણ આજે કેઇ પ્રકારની અસ્તિત્વમાં આવી છે, જે નવી પણ છે. તો એના હિસાબે ઔચિત્ય પણ અનેક રીતે લક્ષમાં લેવું જોઇએ. જેમ પૂર્વકાળમાં પ્રામાણિકતા અને દયાનો વ્યવહાર ઉચિત જીવનવૃત્તિ તરીકે લેખાતો તેમ આજે પણ બીજા ઢગલાબંધ ગુણોવાળો વ્યવહાર જીવનવૃત્તિ તરીકે સ્વીકારવો પડશે; તો જ ધર્મનો સાચો અધિકાર પ્રાપ્ત થઈ શકે, અને એવા અધિકારપૂર્વક ધર્મની સાધના કરનારો સ્વાત્માની શુદ્ધિ-ઉન્નતિ સાધવા સાથે બીજાને પણ દૃષ્ટાંતભૂત બની શકે. નહિતર મૌલિક ગુણોના અભાવે અનાદિના દોષ-દુર્ગુણો જીવનમાં મહાલતા રહેવાથી ધર્મક્રિયા શુષ્ક હૃદયે કરતો રહેશે! ધર્મક્રિયા કે ધર્મસ્થાનમાં વાંકું પડતાં ક્રોધાદિ કાષયમાં ચઢી પોતાના સંઘરી રાખેલા દોષ-દુર્ગુણને વિકસાવશે! કદાચ ધર્મની એ શુભ ક્રિયાઓ, સ્થાનો અને માનનીય વ્યક્તિઓ પ્રત્યે પણ દુર્ભાવવાળો બની જશે! આ બધું ઉચિત જીવનચર્યાને ઉપયોગી ગુણોના અભાવે બને છે. ઉચિત જીવનચર્યાના અભાવે માત્ર પોતાને નુકશાન કરશે એમ નહિ, પણ તેવા અનુચિત વર્તાવને લીધે બીજાને પણ પોતાના પ્રત્યેને યાવત ધર્મના પ્રત્યે દુર્ભાવવાળા કરશે. બીજા જોનારા કહેશે 'જોયો આ ધર્મી? જોયો આનો ધર્મ? ધર્મ અને આ? છે કંઈ ઠેકાણું? કેવા અજુગતા બોલ કાઢે છે! કેવો અયોગ્ય વર્તાવ કરે છે! કેવો નિર્દય, તામસી, અભિમાની.....વગેરે છે! આનો ધર્મ જ એવો માલ વિનાનો માત્ર ક્રિયાકાંડના ડોળવાળો લાગે છે!' ધર્મને આવી આવી નિંદા, દુર્ભાવ વગેરેનું પાત્ર બનાશે.

આ પણ એક ભયંકર પાપ છે. માટે વ્યાપક ઔચિત્યવાળી જીવનચર્યા જરૂરી છે, એ માટે વ્યાપક

સૌમ્યતા, પરમાર્થરુચિ, ષડ્ અંતરંગશત્રુઓનો જય, ઈન્દ્રિયસંયમ, મૈત્રીભાવ, પ્રમોદભાવ,વગેરે પાયાના ગુણો જરૂરી છે. એ જેમનામાં નથી એવા ધર્મક્રિયાના સાધક આજે કેટલાય દેખાય છે કે જે પોતાના કુટુંબી, ઉપકારી માતાપિતા, યા પતિ કે પત્ની, ભાઈ-બહેન, કાકા-મામા વગેરે સાથે રગડે-ઝગડે છે! એમને ક્લેશ-સંતાપ આપે છે! એ ફજેતા પાછા બીજાને દેખાડે છે! એમનું લૂંટવાની લાલસા રાખે છે! નોકરો અને આશ્રિતોને ધમધમાવે છે, નીચ ગાળો દે છે! એમના હૃદય ભેદાઈ જાય, કલેજાં ચીરાઇ જાય, એવા વાણી-વર્તાવ આદરે છે! સમાજમાં અભિમાની અને દમ દેતા થઈને ફરે છે! યાવત્ સાધુપુરુષોને પણ પોતાની હકુમત નીચે રાખવા મથે છે! અને અવસરે દેવાધિદેવને પણ પોતાના સ્વચ્છંદ વિહરણથી વિડંબે છે! સ્વાર્થસાધનામાં લંપટતાના યોગે બીજાના સ્વાર્થભંગ તરફ બેપરવા રહે છે! અરે, જરૂર પડચે બીજાને મહાનુકશાનમાં ઉતારે છે! જરૂર પડચે રખેને પોતાને કંઈ દેવું પડશે એ બીકે પરમાર્થના સામૂહિક કાર્યોને પણ ઉડાવે છે! કોરી સ્વાર્થાંધતાને લીધે એ ધર્મી તરીકેના કર્તવ્ય ચૂકે છે, અનંત ઉપકારી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા ભૂલે છે, દુઃખીના ઉદ્ધાર અને ગુણીની ભક્તિ વિસારે છે, યાવત્ કુટુંબીજનો પ્રત્યે પણ કઠોર કૃપણતાથી વર્તે છે! જ્યાં ને ત્યાં અંતરંગ શત્રુને પોષનારા ગુસ્સા, માયા, કપટ વગેરે આદરે છે, મહાતૃષ્ણાળુ અને કામાંધ બન્યા રહે છે! મદાંધ થઈ ફરે છે! ઈન્દ્રિયોમાં મહાઆસક્ત બની રહે છે! મૈત્રી આદિના અભાવે વૈર-વિરોધ, કઠોરતા-નિર્દયતા, ઇર્ષ્યા-દુર્ભાવ અને પરદોષનિરીક્ષણમાં ચકચૂર રહે છે...આ બધા દોષો હોય ત્યાં ઉચિત જીવનચર્યા ન આવી શકે. એવા દોષોમાં રચ્યા પચ્યા રહેનારા ધર્મક્રિયાને શોભા ન આપી શકે. માટે જ 'બહુમાન, વિધિપરતા અને ઉચિતવૃત્તિ, આ ત્રણ ગુણો ધરાવે તે જ આત્મા ધર્મનો અધિકારી છે' એમ કહેનાર દયાળુ શાસ્ત્રકારોની ગંભીર દૃષ્ટિ સમજવા જેવી છે.

(લ૦) न हि विशिष्टकर्मक्षयमन्तरेणैवंभूता भवन्ति।

અર્થ:—કર્મોના વિશિષ્ટ ક્ષય વિના એવા બહુમાનવાળા, વિધિતત્પર અને ઉચિતવૃત્તિવાળા નથી બની શકાતું.

વિવેચન:—

પ્ર૦:—ચૈત્યવન્દનધર્મનો સમ્યગ્ લાભ થવા માટે તમે કહો છો કે 'બહુમાન વગેરે ગુણવાળો જીવ જ અધિકારી છે;' પરન્તુ તાત્ત્વિક રીતે જોતાં તો જ્ઞાનાવરણ, મોહનીય, આદિ બાધક કર્મોનો વિશિષ્ટ ક્ષય જેણે કર્યો હોય તે જ અધિકારી બની શકે છે. તો પછી આત્મા અધિકારી છે કે કેમ, તે તપાસવા આવો કર્મક્ષય જ જોવો જોઈએ ને? બહુમાન આદિ ગુણો જોવાનું શું કામ છે?

ઉ૦:—કર્મક્ષય એ આત્માની આભ્યન્તર વસ્તુ છે, અતીન્દ્રિય છે, એ ચર્મચક્ષુથી દેખી ન શકાય, પણ એ કર્મક્ષય થયાના ચિહ્ન જે બહુમાન આદિ, તેને તપાસી શકાય. વાત સાચી છે કે ધર્મના અધિકારી બનવા કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થયો છે કે નહિ, તે વસ્તુ, આત્મા બહુમાન વગેરે ગુણવાળો બન્યો છે કે નહિ, તે પરથી જણાય. ત્યારે આપણે ચૈત્યવન્દન ધર્મ જે જોઈએ છે, એના પગથીયે ચઢવામાં પણ જ્ઞાનાવરણાદિ કર્મોનો વિશિષ્ટ ક્ષયોપશમ જોઇએ છે. આંતરિક ક્ષયોપશમ ન હોય તો દેખાવથી માત્ર ધર્મ દેખાય, પણ જેને વાસ્તવિક ધર્મની સ્પર્શના કહીએ, તે ધર્મસ્પર્શના ન મળે. માટે જ જો પૂછો કે,

પ્ર૦:—'અમને ધર્મમાં રસ કેમ નથી આવતો?'

ઉ૦:—એનું મૌલિક કારણ એ છે કે અંતરમાં એવા પ્રકારનાં કર્મોનો ક્ષયોપશમ નથી થયો. તેમજ એ ક્ષયોપશમ કરવા માટે ઉપરોક્ત ગુણોનો અભ્યાસ કરવો જોઇએ, તે અભ્યાસ પણ કર્યો નથી. વિશિષ્ટ યોગ્યતા કેળવીને ધર્મ કરવો જોઈએ, આ વાત જેના ગળે ઉતરી હોય તે અવશ્ય તેમજ કરે.

એટલે દૃષ્ટિ તો પહોંચે છે કે 'ધર્મ રસમય રીતે કરવા જેવો છે,' અને જે દૃષ્ટિ પહોંચી એજ કર્મે વિવર આપ્યું કહેવાય. હવે રસ કેમ નથી ? કહો કે જીવે ગુણોની આ ભૂમિકા નથી બનાવી માટે તેને રસ નથી. જીવે સમજી લીધું છે કે 'આપણે સંસારમાં ગમે તેમ વર્તીએ એને ધર્મની સાથે કંઈ લેવા-દેવા નથી !' આ સમજાયું છે એટલે પછી આત્મામાં મૌલિક યોગ્યતા ન કેળવાય અને ક્ષયોપશમ ન જાગે એ સહજ છે, અને એ યોગ્યતા તથા ક્ષયોપશમ ન હોય પછી ધર્મમાં રસ ક્યાંથી જાગે ? 'સંસારમાં જીવ ગમે તેમ વર્તે, છતાં તેનામાં ધર્મક્રિયાની યોગ્યતા હોઈ શકે,' એવી માન્યતાને પહેલે તબક્કે મિટાવી દેવી જોઇએ. સંસારમાં ઊંચા જીવન પર જ ધર્મની ઉચિતતા ઉભી થઈ શકે છે. તો એવું ઉચિત સાંસારિક જીવન બનાવવા ખાસ પ્રયત્ન કરવો જોઇએ. ચૈત્યવન્દનનો ધર્મ, કે જે ધર્મ કર્મના વિશિષ્ટ ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે, તે ચૈત્યવન્દન-ધર્મને આ ગુણો પ્રેરે છે. તેમ આ ગુણો હોય તો તે સૂચવે છે કે એવો ક્ષયોપશમ પ્રાપ્ત થયો છે. ચૈત્યવન્દન ધર્મ એવા વિશિષ્ટ ક્ષયોપશમવાળા જીવને આપી શકાય; બીજા અયોગ્યને નહિ. કેમ ? એટલા માટે કે યોગ્યતા વિના ધર્મ કરે તો તે અયોગ્યતાને લીધે જાતને અને ધર્મને નિંદાનું પાત્ર બનાવનારો બને છે.

આત્મામાં ક્ષયોપશમ કરવા આજ બહુમાનાદિ ગુણોનો અભ્યાસ કરવો જોઇએ. મન પર બળાત્કાર કરી જો ગુણોનો અભ્યાસ કરવામાં આવે તો પછી એ ગુણો વધતાં વધતાં સ્વાભાવિક રીતે પ્રગટે છે. 'બહુમાન તેમજ વિધિ સંસારમાં પણ સાચવવાં જ પડે છે, તો ધર્મ એ શું એવી કોઇ અગત્યની વસ્તુ નથી, કે એના માટે મારે બહુમાન અને અને વિધિ ન સાચવવાં ? સાચવવાં જ જોઇએ.'-આ માનસિક ધોરણ ઉભું કરવું જોઇએ.

જે આત્મામાં વિશાળ ક્ષયોપશમને સૂચવતા બહુમાનાદિ ગુણો હોય તેને ચૈત્યવન્દન આપી શકાય.

પ્ર૦ :—કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ તાત્ત્વિક દૃષ્ટિબિંદુથી કેવો હોય ?

ઉ૦—કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ ત્યારે થયો ગણાય, કે જ્યારે કર્મ અંતઃ કોટાકોટી સ્થિતિની અંદર આવ્યાં હોય. જે આત્મા સંસારમાં અનંતાનંત પુદ્ગલ પરાવર્ત કાળ વીતાવી છેલ્લા પુદ્ગલ પરાવર્ત કાળમાં એટલે કે ચરમાવર્તમાં આવી ગયો હોય, મોક્ષે જવા માટે હવે એક પુદ્ગલ પરાવર્તની અંદરનો કાળ શેષ રહ્યો હોય, એવા આત્માને હજુ કર્મોની સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમથી અધિક હોઈ શકે છે, અર્થાત્ મિથ્યાત્વ મોહનીયની સીત્તેર કોટાકોટિ સાગરોપમ, કષાય મોહનીયની ચાલીસ કોટાકોટિ સાગરોપમ વગેરે સ્થિતિ હોઈ શકે છે. જે આત્માના કર્મોનો સ્થિતિકાળ આવો હોય, એ આત્મામાં ધર્મની લાયકાત નથી. પરંતુ શુભ અધ્યવસાયથી એ કર્મની સ્થિતિ તોડતો તોડતો માત્ર એક કોટાકોટિ સાગરોપમ સ્થિતિ બાકી રાખે, એમાંથી ય પાછો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાલ તોડે ત્યારે કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થયો કહેવાય અને ત્યારે ચૈત્યવન્દનના ભાવ પ્રાપ્ત થાય.

પ્ર૦ :—શું બાંધેલા કર્મના સ્થિતિકાળ વગેરેમાં ફેરફાર થઈ શકે ?

ઉ૦ :—હા, બાંધેલાં કર્મના સ્થિતિકાળમાં ફેરફાર થઈ શકે. બાંધેલાં કર્મો સીધેસીધાં ભોગવાય એવો નિયમ નથી. જુઓ, ત્રીજા ભવમાં મહાવીર પ્રભુના જીવ મરિચીએ મિથ્યાત્વ કર્મ ઉપાર્જ્યું; એ મરિચી ત્રીજા આરાના છેડે થયા; અને ચોથા આરાના છેડે એમનો છેલ્લો ભવ મહાવીર પ્રભુ તરીકેનો થયો. વચ્ચે કાળ કેટલો વીત્યો ? બેંતાલીસ હજાર વરસ ઓછા એવા એક કોડાકોડી સાગરોપમ વર્ષ ! મિથ્યાત્વ કર્મ બાંધ્યું હતું; છતાં વચ્ચે સોળમા વિશ્વભૂતિના ભવમાં સમ્યક્ત્વ પામ્યા. શી રીતે ? શુભ અધ્યવસાયથી મિથ્યાત્વ કર્મનો ક્ષયોપશમ કર્યો. ત્યાંથી આગળના ભવમાં પાછું સમ્યક્ત્વ ગુમાવ્યું તો ઓગણીસમા ભવે સાતમી નરકે ગયા. પાછા પ્રિયમિત્ર ચક્રીવર્તીના પૂર્વ ભવમાં એટલે કે બાવીસમા ભવમાં

મિથ્યાત્વનો ક્ષયોપશમ કરી સમકિત પામ્યા ! એ રીતે મરિચીના ભવમાં કોડાકોડી સાગરોપમ સ્થિતિનું નીચ ગોત્ર કર્મ બાંધ્યું હતું, છતાં વચલા ભવોમાં ઊંચ કૂળે અવતાર પામ્યા હતા. શી રીતે ? ઉચ્ચ ગોત્ર કર્મ ઉપાર્જીને. એ ઉચ્ચગોત્ર કર્મના ઉદયથી પેલા નીચ ગોત્ર કર્મના ઉદયને પરાભૂત કર્યો. પણ છેવટે મહાવીરપ્રભુના ભવમાં પેલા નીચ ગોત્રકર્મના અંશ બાકી રહેલા, તે ઉદયમાં આવ્યા ! અને પ્રભુને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં લઈ ગયા. આ રીતે બાંધેલાં કર્મોના ફળમાં પણ ઉદયના પરાભવથી અને ક્ષયોપશમથી ફેરફાર થાય છે. એટલે ઉગ્ર, મધ્યમ કે મંદ પરિણામમાં કર્મ બાંધ્યા હોય, પણ જો ઉપાય કરવામાં આવે અર્થાત્ શુભ અધ્યવસાય આદિ યોજવામાં આવે તો તેનાથી પૂર્વોપાર્જિત કર્મોના સ્થિતિકાળ આદિમાં ફેરફાર થાય છે. આવા ફેરફાર થવાની જો કોઈ પ્રક્રિયા ન થતી હોય તો કોઈ પણ આત્મા મોક્ષે જઇ જ ન શકે; કેમકે એક સમયે ઉપાર્જેલાં કર્મ અનેક હોય છે, તે ય લાંબી સ્થિતિવાળાં હોય છે, એ સીધે સીધાં ભોગવતાં પાર જ ન આવે. શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે **'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुनः'** અર્જુન ! સર્વ સંચિત કર્મોને જ્ઞાનરૂપી અગ્નિ ભસ્મીભૂત કરે છે !' શ્રીકૃષ્ણ માત્ર સર્વજ્ઞ ન હોવાથી એ ન બતાવી શકયા કે કેવી કેવી રીતે કર્મપુદ્ગલોમાં સ્થિતિઘાત, રસઘાત, સંક્રમણ, પ્રદેશોદય, વિપાકોદય, ક્ષયોપશમ વગેરે થાય છે ! પરંતુ એ તો એમણે ય માન્યું કે બાંધેલા દીર્ઘ સ્થિતિકાળનાં કર્મો ક્ષણમાં પણ નાશ પામી શકે છે ! યથાપ્રવૃત્તકરણ એટલે કે વિના ઈરાદાએ સહજભાવથી પ્રવર્તેલ શુભ અધ્યવસાયથી જીવ સર્વ કર્મોની સ્થિતિ કોટાકોટિની અંદર એટલે અંતઃ કોડાકોડી બનાવી મૂકે છે. પરન્તુ એ સ્થિતિમાં હજુ પણ હ્રાસ કરવા માટે જીવમાં જોમ નથી રહેતું, તેથી પાછો પડે છે ! આવું અનંતીવાર બન્યું ! જેમ નદીનો ગોળ પાષાણ જીવના કોઇ પ્રયત્ન વિના એમ જ અથડાતો કુટાતો ગોળ થઈ ગયો હોય છે, તેમ આત્મા સંસારના દુઃખત્રાસમાં અથડાતો કુટાતો હોય, ત્યાં એના હાર્દિક ભાવ, હાર્દિક પરિણામ એમજ હળવા થઈ ગયા હોય, તો સહજભાવે આત્મામાં શુભ ભાવ જાગે છે, તેનું નામ યથાપ્રવૃત્તિકરણ. આવું તો અનેક જીવોને બને છે, પણ અપૂર્વ વીર્યોલ્લાસ અને શુભ ભાવોલ્લાસ બહુ ઓછા જીવોમાં અને કોઇક જ વાર વધતો રહે છે, કે જે અંતઃકોડાકોડીમાં સ્થિતિને ઓછી કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઘટાડી દે છે ! આવું થયા પછી ચૈત્યવન્દનાદિ ધર્મ પ્રાપ્ત થાય છે. એવા જીવ બહુમાનવાળા, વિધિતત્પર અને ઉચિતવૃત્તિ હોય છે. આનો અર્થ એ છે કે એવા ગુણમય થવું હોય તો એના માટે કર્મોની અંતઃ કોડાકોડી સ્થિતિ કરવી જોઇએ.

બહુમાનાદિ ત્રણ ગુણોનો ઉત્પત્તિ ક્રમ.

(ल०)–क्रमोप्यमिषामयमेव । न खलु तत्वत एतदबहुमानिनो विधिपरा नाम, भावसारत्वाद् विधिप्रयोगस्य । न चायं बहुमानाभावे इति ।

અર્થ:— આ ત્રણ ગુણ ઉત્પન્ન થવાનો ક્રમ પણ આજ પ્રમાણે છે. કેમકે ચૈત્યવન્દનના ઉપર બહુમાન રહિત પુરુષો વિધિમાં તત્પર નથી હોતા, કારણ કે વિધિની સાચવણી ભાવપ્રધાન છે; અને ભાવ એ બહુમાન વિના હોય નહિ.

વિવેચન:—

પ્ર० :—ભલે ક્રિયાનું બહુમાન, વિધિતત્પરતા અને ઉચિતવૃત્તિ, આ ત્રણ ગુણો આત્મામાં પ્રગટ થયા હોય, એનાથી કર્મનો ક્ષય-ક્ષયોપશમ થયો હોય, અને તેથી જીવ ક્રિયાનો અધિકારી બન્યો હોય; પરંતુ ત્રણ ગુણોમાં પહેલું બહુમાન, પછી વિધિતત્પરતા અને પછી ઉચિત જીવનવૃત્તિ; એવો ક્રમ કેમ મૂકયો ?

ઉ૦ :—બહુમાન વગેરે ગુણો જાગવાનો ક્રમ એ રીતે જ છે. પહેલાં બહુમાન જાગે, પછી જ વિધિતત્પરતા જાગે, અને પછી જ ઉચિત જીવનવૃત્તિ આવી શકે. જીવ જો ચૈત્યવન્દન પર બહુમાન નહિ ધરાવતો હોય, તો એ ચૈત્યવન્દનની વિધિમાં તત્પર નહિ બની શકે. પાયામાં ધર્મ પ્રત્યે બહુમાન હોય, અને ધર્મ એ અર્થ-કામ કરતાં ઉચ્ચ છે એમ સચોટ માનતો હોય એવો જીવ ધર્મસાધનાની વિધિમાં તત્પર બને છે. અર્થાત્ વિધિને ચુસ્તપણે વળગી રહેનારો બને છે. એમ જો વિધિતત્પર હોય તો ઉચિત જીવનવૃત્તિ-વાળો બની શકે છે. અર્થાત્ આજીવિકાના યોગ્ય જ ઉપાયમાં પ્રવર્તનારો બની શકે છે. આ બહુમાન, બહુમાનપૂર્વક પ્રગટતી વિધિતત્પરતા અને તેના બળ ઉપર જીવતી ઉચિત જીવનવૃત્તિ જેનામાં દેખાય તેનામાં ધર્મનું અધિકારીપણું માની શકાય.

અહીં કહ્યું, બહુમાન કેળવ્યું હોય તો વિધિતત્પરતા આવી શકે છે. કેમકે વિધિપ્રયોગ ભાવપ્રધાન છે. અર્થાત્ વિધિની સાચવણીમાં ભાવની મુખ્યતા છે. ભાવ એટલે બહુમાન, એના પર જ વિધિ નભે.

ચૈત્યવન્દનમાં અરિહંતપ્રભુને વન્દનાનો શુભ પરિણામ અર્થાત્ સંવેગાદિ જોઇએ. એટલે કે ચૈત્યવન્દન કરતી વખતે આત્મામાં સંવેગ, નિર્વેદ, શ્રદ્ધા, ભક્તિ ઇત્યાદિ શુભ પરિણામ હોય તો જ વિધિ પૂર્ણ બને છે. વિધિ માટે આત્મામાં એવા શુભ પરિણામ જોઇએ કે એ શુભ ભાવોની આગળ જગતની વાતો તુચ્છ લાગે ! સંવેગાદિથી જીવ વિધિમાં ઓતપ્રોત થઈ જાય ! કેમકે ધર્મવિધિ મોક્ષના હેતુથી કરવાની છે, અને સંવેગ એટલે મોક્ષની અભિલાષા, એ મોક્ષાભિલાષા જવલંત હોય; સંવેગ એટલે ધર્મની અભિલાષા, એ ધર્માભિલાષા ઉત્કટ હોય; જો એ ઉત્કટ ન હોય તો વિધિ કયાં રહે ? તેમ, વિધિ માટે નિર્વેદ જોઇએ. એટલે કે સંસાર પર અરુચિ, કંટાળો જોઇએ. સાંસારિક વાત-વસ્તુ પર કંટાળો એટલે પણ નિર્વેદ. વ્યાવહારિક પ્રવૃત્તિ પર અનાસ્થા એ નિર્વેદ. ભાવ તરીકે આ બધું હોય તો ધર્મ-વિધિ જોરદાર સાચવી ગણાય; અને એવી ક્રિયા સચોટ લાભ આપે. ભાવ વિનાની કોરી ક્રિયા-વિધિ, વિધિ ન ગણાય. એનાથી ખરો લાભ ન થાય. એવી ક્રિયા-વિધિ તો પૂર્વે અનંતી કરી, પણ તેથી શું ? લાભનો વિશેષ આધાર અંતરના સંવેગ-નિર્વેદાદિ ભાવ ઉપર છે. એ ભાવ બહુમાન વિના આવતા નથી. એટલે બહુમાન હોય તો જ ભાવ, અને ભાવ હોય તો જ વિધિનું પાલન શકય છે. માટે જ કહેવાય કે વિધિ-તત્પરતા બહુમાનપૂર્વક જ હોઇ શકે.

તેમ જે આત્મા વિધિતત્પર હોય તે જ આત્મા ઉચિતવૃત્તિ બને. વિધિતત્પરતા વિના ઉચિતવૃત્તિતા પણ નહિ આવી શકે. અહીં પ્રશ્ન થશે કે,

પ્ર૦:—વિધિતત્પરતા એટલે ચૈત્યવન્દનાદિ ધર્મ કરવાની વિધિનો ખાસ ખપ હોય; અને ચૈત્યવન્દનાદિ ધર્મ એ તો પારલૌકિક કૃત્ય કહેવાય; એનો ખપ એટલે એને ઉચિત રીતે સાધવાની તમન્ના રાખવાની. ત્યારે ઉચિત જીવનવૃત્તિ એટલે આ લોકમાં પોતપોતાની જાતિના હિસાબે ઉચિત રીતે જીવનચર્યા ચલાવવાનું આવે. આમ વિધિ-પરતા ભાવી ભવના ધર્માનુષ્ઠાન અંગે છે, અને ઉચિત જીવનવૃત્તિ વર્તમાન જીવનના લાભને અંગે છે. એમાં એ નિયમ શા માટે હોવો જોઇએ કે વિધિતત્પર હોય તે જ ઉચિતવૃત્તિ હોય ? કોઇ માણસ પારલૌકિક ધર્મકૃત્યમાં ઉચિતવિધિ ન સાચવતો હોય, છતાં વર્તમાન જીવન અંગે ઉચિતવૃત્તિ હોઇ શકે ને ?

ઉ૦:—ના, પરલોક સંબંધી કાર્યોમાં જે આત્મા વિધિમાં તત્પર નથી અર્થાત્ ઉચિતવૃત્તિ નથી, તે આત્મા આ લોક સંબંધી કાર્યોમાં ઉચિતવૃત્તિ નથી બની શકતો; કારણ એ છે કે આ જીવનનાં કાર્ય એ વિષય જુદો છે; એને હેતુ તરીકે આગળ કરીને 'ઔચિત્ય હોઇ શકે' એમ ન કહી શકાય. જે ઔચિ-ત્યના ભેદ પાડો છો કે 'આ લોક સંબંધી ઔચિત્ય જુદું, ને પરલોક સંબંધી ઔચિત્ય જુદું,' તે યુક્તિયુક્ત નથી. કેમકે ઔચિત્ય એટલે દૃષ્ટ કે અદૃષ્ટ લાભને પ્રતિકૂળ ન હોવાપણું. ઉચિત કાર્ય એનું નામ કે જે કાર્ય પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇ પણ નુકશાની કરાવનારૂં ન હોય. ચાહે કોઈ કાર્યથી તાત્કાલિક લાભ

હોય પણ આઘે જઇને નુકસાન કરે, તો એ ઉચિત કાર્ય ન કહેવાય. એવા નુકશાનકારક કાર્યનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ એ ઔચિત્ય કહેવાય. એમાં કોઇ એમ માને કે 'આપણે તો પરોક્ષ નુકશાનનો ત્યાગ કરવાની જરૂર નથી, વર્તમાન નુકશાન ટાળો,' તો એ ઔચિત્યભર્યું વર્તન ન કહેવાય. જો ખેડૂત શાહુકાર પાસેથી દાણા લઇ આવીને વિચારે કે 'ખેતરમાં જો હમણાં નાખી દઈશું, તો આવા સારા દાણા ખાવા નહિ મળે, માટે ખાઇ નાખો!' અને એમ કરી ખાઇ જાય તો એ ઉચિત વર્તો ન ગણાય. ઔચિત્ય એને કહેવાય કે દીર્ઘદૃષ્ટિથી પરિણામને ખાસ ધ્યાનમાં લઇને જે તે કાર્યથી પ્રત્યક્ષ કે પરોક્ષ નુકશાન થાય એમ હોય તો એ કાર્ય ન કરે. પારલૌકિક નુકશાનો લાવનારા વર્તાવને જે કરે છે, દૂરના હિતથી વિરુદ્ધ વર્તનને આચરે છે, તેનું એ વર્તન વર્તમાન જીવન માટે પણ ઉચિત ન ગણાય. માટે ત્યાં ઔચિત્યનો ભંગ છે. પછી ભલે બીજી વાતોમાં ઔચિત્ય દેખાડતો હોય. ઔચિત્ય એ વ્યાપક ગુણ છે. અહીં પ્રત્યક્ષમાં પ્રવૃત્તિ વ્યાજબી હોવા સાથે પરોક્ષમાં આગળ જઈને પણ એ પ્રવૃત્તિ નુકશાન ન કરતી હોય એ રીતે વર્તવું તેનું નામ ઔચિત્ય છે. દૃષ્ટ-અદૃષ્ટ બન્ને અનર્થોને ટાળીને વર્તવું જોઇએ. જે પરિણામે સુન્દર હોય તે જ અહીં પણ સુન્દર ગણાય, ઉચિતતાભર્યું ગણાય.

માત્ર પ્રામાણિક વેપાર કર્યો કે મીઠા શબ્દોમાં બોલ્યા, એટલું જ બસ નથી! પણ જીવનમાં સર્વ આચારો પોતાના કુળને ઉચિત હોવા સાથે નિર્દોષ હોવા જોઇએ. એના હાર્દિક શુભ આશયો દીર્ઘદૃષ્ટિના હોવા જોઈએ. એવું ઔચિત્ય પરલોકહિતને બગાડનારાં કૃત્યો ન આચરવા દે. જે માણસ પરલોકને મુખ્ય કરનારો છે, જે પરલોક ન બગડે એની ખાસ સાવધાની રાખનારો હોય છે, તે જ અહીં પણ ઉચિત વર્તનારો હોય છે. માટે તો કહ્યું છે કે પરલોકવિરૂદ્ધ આચરણો કરનાર આત્માનો પડછાયો પણ ન લેવો જોઈએ, કેમકે એવા આત્માઓ પોતાની જાત પર વધુ વિશ્વાસ કરનારા અને જાતને ઠગનારા હોય છે; અને જે આત્માઓ પોતાને જ ઠગી રહ્યા હોય તે બીજાને ખાડામાં ન ઉતારે તેની શી ખાતરી? તે લોકો બીજાનું શું હિત કરી શકે? એવાના પરિચય બીજાને પણ અહિતકારી બને છે.

નુપૂરપંડિતાના દૃષ્ટાંતમાં આવે છે કે:—રાજાની રાણી રાજહસ્તીના માવત સાથે દુરાચારમાં પડી; દુરાચાર કરતાં રાણી પકડાઇ ગઇ. રાજાએ તેને ગામબહાર હાંકી કાઢી; હવે ગામબહાર મંદિરમાં રાણી અને માવત બંને સૂતેલાં છે; તે અરસામાં ત્યાં એક ચોર આવી ચઢ્યો; ચોર આવીને ફાંફા મારે છે. અહીં રાણી જાગતી પડી છે, એ પૂછે છે 'કોણ છે?'

ચોર કહે છે:—"હું ચોર છું. મેં આ માલ ચોર્યો છે...મારી પાછળ સીપાઇઓ આવે છે...તું મને બચાવ."

રાણી કહે છે:—"તું મને લઈ જાય તો બચાવું." ચોરે હા પાડી. સિપાઇઓ આવ્યા. ધનમાલ પેલા માવતની બાજુમાં પડેલો જોયો, અને સ્ત્રીએ ચોરનો પક્ષ કર્યો. તેથી માવતને સિપાઇઓ લઇ ગયા અને શૂળીએ ચઢાવી દીધો!

હવે અહીં ચોર વિચારે છે કે "જે સ્ત્રી પોતાના જ માણસને ઠગે છે, તે મારૂં શું ભલું કરશે?" એમ વિચારી એ રાણીથી છૂટવા રસ્તામાં નદી આવી ત્યારે રાણીનો ધનમાલ વગેરે લઈને કહે છે "હું આ સામે કિનારે મૂકી આવું, પછી તને લઈ જઈશ." એમ કહી ચોર સામે પાર પહોંચી રવાના થઈ ગયો! ને રાણી રહી ગઈ આ કિનારે. તાત્પર્ય એ છે કે જે પોતાને ઠગે છે એ બીજાનું હિત શું કરી શકે?

આજે અસત્ય-અનીતિ વગેરે કેમ વધ્યા?:— ઐહિક મનમાન્યા વિષયસુખમાં રાચનારા માણસો પોતાનું તો બગાડે જ છે, સાથે બીજાના માટે પણ ભયરૂપ બને છે! જો રાણીએ રાજરાણીપણાના સુખમાં સંતોષ ન રાખ્યો તો એ માવતને માટે પણ ભયરૂપ બની; ને માવતને શૂળીએ ચઢવા જેટલા

અનર્થને ઉભો કર્યો! માટે જ આજે પરલોકને ભૂલાવી ઐહિક સુખસમૃદ્ધિમાં લોકને વાળવા જે કોઈ ઇચ્છે છે તેઓ ભ્રમણામાં છે. સુખસમૃદ્ધિ નહિ પણ દુઃખદુર્દશા વધે છે. પછી 'નીતિ પાળો, સત્ય બોલો, સારું આચરો' વગેરે ભૂમો ગમે તેટલી પાડવામાં આવે, પણ તે બહેરા કાન પર અથડાય છે. દિનપ્રતિદિન અનીતિ-અસત્ય વધતા જાય છે. કેમકે માણસ, જો અનીતિ-અસત્યથી અહીં સુખસમૃદ્ધિ મળી જતી દેખાતી હોય તો નીતિ ને સત્ય શા માટે આચરે? પરલોકમાં શું થશે તેની તો કોઇ ચિંતા નથી, એવી ચિંતા વિનાના જે કાંક નીતિ-સત્યને આચરતા દેખાતા હશે, તે ય ઐહિક સુખ ખાતર. ઘોર પશુહિંસા, ક્રીટહિંસા, અભક્ષ્યભક્ષણ, સ્વચ્છંદ દુરાચાર વગેરે મહાઅનુચિત કૃત્યો ઉચિત માનીને કરતા હોય છે! કેમકે એમને પરલોકની શ્રદ્ધા નથી. પોતાનું આચરણ પરલોકહિતથી ઘણું વિરૂદ્ધ છે, એનો કોઈ વિચાર જ નથી. કેવળ ઇન્દ્રિયસુખોની કિંમત પાછળ આચરાતી સત્ય-નીતિ ઔચિત્યમાં નથી સમાતી.

પરલોકદૃષ્ટિ ભૂલ્યાના અનર્થ :—આજે પરલોકદૃષ્ટિ ભૂલાવી દેવાના ખતરનાક પરિણામ પરલોકમાં તો શું, પણ અહીં જ પ્રત્યક્ષ દેખાય છે. માણસો અર્થ-કામની પાછળ, સુખ, સંપત્તિ, સત્તા અને સન્માનની પાછળ હેવાન બનેલા દેખાય છે. લાંચરુશ્વત, અનીતિ-અન્યાય, સ્વાર્થ-સંગ્રહખોરી, કલેશ-કુકૃત્ય, વગેરે બેહદ વધી ગયું છે! પૂર્વે લોકજીવનમાં પરલોકદૃષ્ટિ આગળ ને આગળ ઊભી રહેતી, તો સત્ય-નીતિ વગેરેનું પ્રમાણ ઘણું મોટું હતું! લોક સારા સુખી અને નિશ્ચિન્ત રહેતા હતા! પરમાર્થ-પરોપકાર જન-જીવનમાં વ્યાપક હતા! ધાંધલ-ધમાલ ઓછી અને આત્મહિતની પ્રવૃત્તિ વધારે હતી! આધ્યાત્મિક બોધ, ચિંતન અને સદુપયોગ સારા પ્રવર્તતા હતા! તે લોક અહીં માટે પણ ઉચિત વર્તનારા અને પરલોક માટે પણ ઉચિત વર્તનારા હતા. આજના ભૌતિકવાદના અંજનમણમાં પરલોક દેખાતો નથી, અને કોઈ બતાવે તો જોવો નથી! પછી માણસ શા માટે ઉચિત વર્તે? કયા પ્રલોભનથી ઉચિતતા જાળવે? એ તો પરલોકદૃષ્ટિ જ આ લોક પરલોક બન્નેને બગાડનારા કૃત્યથી બચાવે.

એટલે, દીર્ઘદૃષ્ટિ ન રાખનાર મનુષ્ય જ એમ કહી શકે કે 'એક વિષયમાં અનુચિત વર્તનારા બીજા વિષયમાં ઉચિત વર્તનારા હોઈ શકે છે.' ઔચિત્ય ગુણ તો, શું અહીં કે શું પરલોક સંબંધમાં, શું તત્કાલ કે શું પરિણામે, બન્નેનો વિચાર કરાવે છે. એકને અવગણી બીજાનો વિચાર કરવામાં ઉચિતતા જ નથી. માટે કહ્યું કે ઉચિતવૃત્તિતાના ગુણ પરલોક-હિતકારી વિધિની તત્પરતા પર નિર્ભર છે. અર્થાત્ પરલોકહિતકારી ધર્મને સાપેક્ષ રહીને જ ઉચિતવૃત્તિતા હોઈ શકે. માટે બીજો ગુણ 'વિધિપરતા' કહી પછી ત્રીજો ગુણ ' ઉચિતવૃત્તિ ' કહ્યો.

ત્રણે ય ગુણના પ્રતિપાદન પછી હવે ગ્રન્થકાર મહર્ષિ કરુણાભાવે ભલામણ કરે છે કે જે મનુષ્યોએ પરોપકાર કરવો હોય તેમણે આવા ત્રણ ગુણોવાળા આત્માને અધિકારી તરીકે માનવો જોઇએ, અને સામો આત્મા એવો છે કે નહિ, તે એના ચિહ્નો પરથી ઓળખીને પછી પરોપકારમાં પ્રવર્તવું જોઇએ. બહુમાન વગેરે ગુણો એમ જ જણાઇ આવે એવા નથી; કેમકે બહુમાન એ હૃદયનો આંતરિક ભાવ છે ત્યારે વિધિતત્પરતા બહુ ચોકસાઇની વસ્તુ છે; ને ઉચિત-વૃત્તિતામાં પણ ઘણું ઘણું જોવાનું હોય છે. માટે એ ગુણોની પાછળ જે જે બાહ્ય લક્ષણો કામ કરે છે, તે બાહ્ય લક્ષણોથી બહુમાન આદિનો નિર્ણય કરવાપૂર્વક પરોપકારની પ્રવૃત્તિમાં આગળ વધવું જોઇએ. એ લક્ષણો હવે કહે છે.

બહુમાનવાળાના પાંચ લક્ષણ

(૧) **તત્કથાપ્રીતિ**:—તે તે ધર્મની કથા પરના પ્રેમથી તે તે ધર્મ પરનું આંતરિક બહુમાન જણાય છે. જે ધર્મ પ્રેમી હોય તે ધર્મની વાત જીવને બહુ ગમે. એ ધર્મની ચર્ચા, વિધિ, દૃષ્ટાન્તો, લાભ, સામગ્રી, ઉપદેશ ઇત્યાદિની વાત કરવા તથા સાંભળવા પર એનામાં બહુ પ્રેમ, પ્રીતિ દેખાય. એ સાંભળવા-કહેવાનું આવે ત્યાં મોં વિકસ્વર થાય, રેખાઓ પ્રફુલ્લિત થાય, નેત્ર ચમકદાર બને, વાણી હર્ષ પ્રગટ કરે, તો મનાય કે આ પ્રેમ આંતરિક બહુમાનને લીધે છે. પણ જો એના બદલે ધર્મ અંગેની વાત સાંભળતાં મોં વગેરે બગડે, તો માનવું પડે કે એના અંતરમાં ધર્મ અંગે બહુમાન નથી. અંદર તાવ છે કે નહિ, તે માપવાના થર્મોમિટરની જેમ બહુમાન માપવાનું આ થર્મોમિટર છે. વાત પણ સાચી છે કે ધર્મની કથા ગમે નહિ તો ધર્મ પર બહુમાન શી રીતે ! કહેતો હોય કે ધર્મ ગમે છે, પણ ધર્મની વાત નથી ગમતી, એ બને ખરૂં ? છોકરા પર કે પત્ની પર બહુ પ્રેમ હોય છે તો એ છોકરાનો કે પત્નીનો આવેલો પત્ર વાંચતાં મોં પર શેરડા પડે છે ! કોઇ એમના અંગેની વાત લાવ્યું હોય તો તે સાંભળવા દિલ ઇન્તેજાર બને છે, અને સાંળળતાં મોં પ્રફુલ્લિત બને છે ! ધર્મ પર બહુમાન કેળવવું હોય તો પહેલાં ધર્મની વાત પર પ્રીતિ કેળવવી જ પડે. દુનિયામાં કેટલીય અજાણી વસ્તુ કે વ્યક્તિ અંગે સારી સારી વાત દિલથી સાંભળતાં તે વસ્તુ કે વ્યક્તિ ઉપર માન, પ્રેમ જાગ્રત થઇ જાય છે ને ? અસરકારક વ્યાખ્યાન દિલથી સાંભળતાં પરમાત્મા, સાધુઓ, દાન, શીલ, તપ વગેરે પર પ્રેમ, બહુમાન જાગી જાય છે ને ? મહાપુરુષો પર ઊંડી માનની લાગણી જન્મે છે ને ? કેઈ જીવો આ રીતે જ ધર્મ પર બહુમાનવાળા બન્યા છે. ખુદ ગૌતમસ્વામી વીર પ્રભુ પાસે રસથી તત્ત્વ સાંભળતાં સંયમધર્મ પર ઉછળતા પ્રેમ-આદરવાળા બન્યા; ને સાધુ થયા.

વળી ધર્મની વાત સામે પાપની વાત ઉપર આદર-પ્રીતિ ઓછા થાય તો ધર્મકથાની પ્રીતિ સુલભ બને; અને ધર્મની કથાપ્રીતિથી તો પછી આત્મામાં અનેકાનેક મહાન ગુણો પ્રગટ થાય છે. ધર્મ પર બહુમાનથી ધર્મ, ધર્મી, ધર્મદાતા ગુરુઓ, ધર્મપ્રણેતા તીર્થંકરદેવો, ધર્મસ્થાનો વગેરે ઉપર અથાગ બહુમાન, પ્રેમ, સેવાભાવ, ઇત્યાદિ જાગ્રત થાય છે. એ જાગ્યાથી એમની વાત-વસ્તુમાં વળી ઓર રસ વધે છે ! માટે ધર્મના પ્રેમી બન્યા રહેવું હોય તો કયારે ય ધર્મની વાતમાં કંટાળો, નીરસતા ન લાવવાં જોઇએ, પરંતુ ઉલ્લાસ, રસ, આનંદ વગેરે પ્રીતિના ભાવો જાગ્રત રાખવા જોઇએ. ધર્મની અને તત્ત્વની વાતમાં રસપૂર્વક પરોવાયા રહેવાથી પાપની વાતો, મોહની વાતો ને અતત્ત્વની વાતોમાંથી છૂટી શકાય. અવસરે એ પાપ આદિની વાતોને ધર્મ વગેરેની વાતમાં ફેરવી નાખવાનું બને; અને એમ કરીને નિરર્થક લાગતાં અઢળક પાપોથી બચી જવાય. પણ મૂળમાં તે તે ધર્મ પર બહુમાન હોય તો એની વાતનો રસ રહે અને પ્રીતિ બની રહે. માટે કથાપ્રીતિને બહુમાનના ચિહ્ન તરીકે નિર્દેશી છે.

(૨) **નિંદાનું અશ્રવણ**:—ધર્મ પર આંતરિક બહુમાન ધરાવનારનું બીજું લક્ષણ એ છે કે એ ધર્મની નિંદા ન સાંભળી શકે. જો નિંદા સાંભળે જ નહિ તો જાતે નિંદા કરવાની તો હોય જ શાની ? જે ચીજો પર જીવને બહુમાન હોય છે એ ચીજોમાં ન્યૂનતા કે ખામી શોધવાનું તે કરતો નથી. વસ્તુમાં

ન્યૂનતા કે ખામી જોયા વગર નિંદા થોડી જ થાય છે? વસ્તુ કે વ્યક્તિઓમાં ખામી જોવાનું કારણ બહુમાનનો અભાવ છે. પછી નિંદા જાતે કરે છે, અગર હોંશથી સાંભળે છે.

ધર્મ પર બહુમાનને ધારણ કરનાર ધર્મની નિંદા કરતો નથી કે સાંભળતો પણ નથી, એવો એનો સ્વભાવ જ બની જાય છે! અને એ આત્માનું ઘડતર સૂચવે છે. એવા ઘડતરમાં કુદરતી જ ધર્મ સંબંધી વાતચીત પર પ્રેમ અને ધર્મ વિરુદ્ધ હલકી વાત પ્રત્યે નફરત થાય છે! આ નિંદાના અશ્રવણથી આત્મામાં બહુમાનની પરખ સહેલી થઇ જાય છે. એવો જ આત્મા ધર્મનો અધિકારી છે. તેમ ધર્મનો અધિકાર પ્રાપ્ત કરવા માટે પણ આજ ગુણો છે. મન મારીને પણ તે તે ધર્મની કથા-પ્રીતિ અને અ-નિન્દા વગેરે ઉભું કરવું જોઇએ. ધર્મ-નિંદાની વાત ચાલતી હોય, તેને બને તો અટકાવવી, અગર ચતુરાઈથી ધર્મની પ્રશંસામાં ફેરવી નાખવી. એ શકય ન હોય તો છેવટે સ્વયં ત્યાંથી ખસી જવું જોઈએ. જેના પર બહુમાન હોવાનો દાવો રાખીએ છીએ એની નિંદા સાંભળી જ કેમ શકીએ? નિંદા એ અધમાધમ દુર્ગુણ છે. કહ્યું છે:—

ચાર પ્રકારની ચિંતા:—' उत्तमा स्वात्मचिंता (धर्मचिन्ता) स्यात्, कामचिन्ता तु मध्यमा।
अधमा त्वर्थचिन्ता त्यात्, परचिन्ताऽधमाधमा ॥'

પોતાના આત્માની ચિંતા કરવી, એ ઉત્તમ ચિંતા છે. 'મારો આત્મા કેવા કેવા પ્રગટ યા ગુપ્ત દોષ-દુર્ગુણોથી ભરેલો છે, કેટકેટલા કર્મના ભારથી દબાયેલો છે, સત્તાગત, સંસ્કારરૂપે કર્મો અને દોષો કેવા ભરાઈ બેઠેલા છે; વર્તમાનમાં કેવો સરસ સાધના કરવાનો ઊંચો ભવ મને મળ્યો છે, કેવી સરસ સર્વોચ્ચ દેવ-ગુરુ-ધર્મની સામગ્રી મળી છે, તો મારા આત્માનું કેમ સુધારી લઉં! જીવનની બીજી ઘટમાળ તો આજ છે ને કાલે નથી, પણ એના યોગે થતો પાપનો ભાર આત્માની સાથે દીર્ઘ ભવિષ્યકાળ સુધી સાથે ચાલશે! પછી ધર્મ સાધનાની તક જશે...' વગેરે વગેરે હાર્દિક વિચારણા એ આત્મચિંતા છે, ધર્મચિંતા છે. એ ઉત્તમ ચિંતા છે.

ત્યારે ઇન્દ્રિયોના વિષયો રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને શબ્દની ચિંતા, સારા સારા વિષયો ભોગવું નરસા છોડી દઉં...આ સુંદર છે, આ ખરાબ છે,...વગેરે વગેરે વલોપાત એ કામચિંતા છે. એ મધ્યમ ચિંતા છે. મધ્યમ એટલે થોડી સારી એમ નહિ પરંતુ અધમ ચિંતા જેટલી આ ચિંતા ખરાબ નહિ, એમ સમજવાનું છે. આ અધમ ચિંતા છે. અર્થની એટલે કે લક્ષ્મીની ચિંતા, માલમિલ્કતની તથા કામભોગના સાધનોની ચિંતા, ધન કેમ ભેગું કરવું, સંગ્રહી-સાચવી રાખવું, કયાં કયાંથી મળે? કેમ મળે? ઇત્યાદિ ઇત્યાદિ હાયવોય, તલસાટ, એની પ્રધાનવિચારણા, એ અર્થચિંતા છે. એ અધમ કોટિની છે, કેમકે એમાં કામભોગની ચિંતા કરતાં વધુ ક્લેશ, કષાયો, કાળી લેશ્યા, હિંસા-જૂઠાદિ પાપો વગેરે સેવાય છે. પરન્તુ આ બધી ચિન્તા કરતાં પરચિન્તાને અધમાધમ કહી છે. પરચિંતા એટલે પારકાની ખોટી ચિંતા. પરચિંતા એટલે 'આ આવો ખરાબ છે, ને પેલો આવો દુષ્ટ છે! આણે આમ કેમ કર્યું? પેલો આમ કેમ ચાલ્યો? આણે આ ભૂલ કરી, ને પેલાએ આ બાફ્યું! આનામાં આ દુર્ગુણ-દુષ્કૃત્ય છે, ને બીજામાંય કયાં ઠેકાણું છે? એ વળી તસુ ચઢે એવો છે...' વગેરે વગેરે ચિંતા. એ અધમાધમ ચિંતા છે! વળી આ પરચિંતામાં મન વધારે બગાડાય છે, પાપ ભારે બાંધે છે, માટે અધમાધમ ગણાય છે. તેમ કોઈના ગુણ જોવા, કે સુકૃત જોવું તો બાજુએ રહ્યું, ઉપરથી દોષ વીણવાની વૃત્તિ એ ઝેરી વૃત્તિ છે. નિન્દાની કુટેવ પરમાત્મા અને મહાપુરુષોના ગુણગાન ચૂકાવે છે, આત્મચિંતા ગુમાવરાવે છે; ને જાતને તો જરાય ખરાબ મનવા દેતી નથી. ત્યાં પછી તત્ત્વચિન્તા, ધર્મચિન્તા પણ જાગતી કે વિકસતી નથી. નિન્દાના કથન કે શ્રવણ પર ગુણી પ્રત્યે સુગ થાય છે, પાછો એનો ચેપ બીજાને લગાડે છે, તેમ અઢળક પાપ બાંધી દુર્ગતિની દીર્ઘ કેદમાં હડસેલાય છે. ધર્મ પર સાચું બહુમાન ન હોય તો જ ધર્મ અને ધર્મીની નિન્દા

સાંભળવાનું બની શકે. ધર્મ પ્રત્યેના બહુમાનવાળો આત્મા તો ધર્મની નિન્દા પ્રત્યે સૂગ ધરાવનો હોય છે. એ નિન્દા કરતો નથી અને સાંભળી પણ શકતો નથી; વળી નિન્દા ન સાંભળે તો જ ધર્મ-ધર્મી પર બહુમાન ટકાવી શકે. આત્મા કઠોર બને છે ત્યારે જ તેને નિંદા કરવાનું કે સાંભળવાનું દિલ થાય છે, એની પ્રવૃત્તિ થાય છે! કઠોરતા હોય ત્યાં બહુમાન શાં? ધર્મ પર વાસ્તવિક બહુમાન જગાવવા માટે પહેલા નંબરમાં પોતાના અનાદિના દુર્ગુણ ભરેલા કઠોર આત્માને મુલાયમ કરવો પડે, કોમળ બનાવવો પડે. વિશ્વ પર વાત્સલ્ય, દુઃખિતની દયા, પરગુણ પ્રત્યે અનુરાગ અને સ્વદોષના સચોટ નિરીક્ષણ સાથે એની પ્રત્યે ઘૃણા,-આ ભાવો હોય તો એ કોમળતા જાગે. એવી કોમળતા જાગ્યા પછી નિન્દા-શ્રવણ કરવાનું જ શાનું હોય? હલકા માણસની પણ નિન્દા કરવાની નથી, તો ધર્મની નિન્દા તો કેમ જ કરાય, કેમ જ સંભળાય? 'ધર્મ તો તારણહાર છે! ભવભ્રમણ છેદનાર છે! ગુણવૃદ્ધિ અને પુણ્યપુષ્ટિ કરનાર છે!' આવું ધર્મબહુમાન જાગ્યું હોય તો એની નિન્દા તો અતિ અધમ કૃત્ય લાગે, ધર્મનો તો વિશ્વાસઘાત લાગે, ધર્મના મૂળનો નાશ થતો દેખાય. માટે નિન્દા સાંભળી પણ શકે નહિ.

(૩) **તદનુકમ્પા : નિન્દક પર દયા:**—ધર્મ પર બહુમાન આત્મામાં છે કે નહિ-એનું ત્રીજું ચિહ્ન એ છે કે ધર્મનો જે નિન્દક હોય એની એ અનુકમ્પા કરે. જાતે એ નિન્દા સાંભળે તો નહિ, પણ નિન્દા થતી અટકાવે, અથવા ત્યાંથી ઉભો થઈ ચાલતો થાય. આટલું કરવા છતાં પેલા નિંદક તરફ એના દિલમાં શી લાગણી થાય? અનુકમ્પા! દ્વેષ નહિ, દયા! શી દયા? 'અહો, ખેદની વાત છે કે આ બિચારા રાજસભાવ અને તામસભાવથી કષાય-પરવશ થઇ ગયેલા જીવો પોતાનું ય હિત જોઈ શકતા નથી! વિચારતા નથી કે નિન્દાથી અહીં વળવાનું કાંઇ નથી, અને ગુણોના પાત્રની આશાતનાનું હલકટ કૃત્ય થાય છે! સારી ગુણાનુમોદના ગુમાવાય છે! એથી પુણ્ય ખોવાય, પાપ ભેગું થાય અને પરભવે જીવની ભયંકર બરબાદી સર્જાય. ક્ષણવાર પણ કરેલી નિન્દા દુર્ગતિમાં રખડાવશે!' આ વિચારણા નથી, કેમકે એ બિચારા જીવો હિતાહિત જોવા પ્રત્યે બેદરકાર બની ગયા છે. એ હિતાહિત જોવામાં મૂઢ છે. 'અહો! મોઘેરા માનવભવમાં રાજસ-તામસભાવને પરવશ પડી સાત્ત્વિકભાવ કેળવવાની મહાન તક ગુમાવી રહ્યા છે! માટે જ આવી નિષ્ફળ અને અનર્થકારી પ્રવૃત્તિ આચરી રહ્યા છે. આ બિચારા જીવોનું પરલોકમાં શું થશે! એમને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાઓ અને નિન્દાથી બચો!' આવી ભાવદયા એના દિલમાં આવે, ચહેરા પર એ તરવરે અને અવસરે વાણીમાં એ ભાવદયા જ ઉતરે.

ધર્મના નિન્દક પર પણ ભાવકરુણા જોઈએ:—

પ્ર૦:—ધર્મ પર બહુમાન હોવા સાથે આવી દયાને શું સંબંધ? ઉલટું એમ લાગે છે કે ધર્મ પ્રત્યે બહુમાન હોય તો ધર્મના નિન્દક પ્રત્યે દ્વેષ થાય છે, ને એ દ્વેષ તો થવો જ જોઈએ ને?

ઉ૦:—આ પ્રશ્ન વસ્તુના મર્મને સમજ્યા વગરનો છે. ધર્મનિન્દકોનો દ્વેષ કરનારા એ ધર્મના મર્મને પામ્યા નથી! શાસ્ત્રમાં કહ્યું છે, '**मैत्र्यादिभावनापूर्वकं यथोदितमनुष्ठानं धर्मः**' 'સર્વજ્ઞ વચનને અનુસરી, વિધિયુક્ત અને મૈત્રી આદિ ભાવનાપૂર્વક જે અનુષ્ઠાન, તે ધર્મ.' આમ ધર્મના પાયામાં મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે. એમાં બીજી કરુણા ભાવના, તે બે પ્રકારે છે. દ્રવ્યકરુણા, ને ભાવકરુણા. ભાવ કરુણા કોના પર કરવાની? જેની પાસે ધર્મધન નથી એવા નિર્ધન જીવ પર. પાપાચરણથી પીડિત દશામાં વર્તતા જીવો પર આ ભાવદયા કરવી જોઇએ કે 'આ બિચારાનું શું થશે! કયારે એ પાપથી પીડિત ન રહે, અને ધર્મરૂપી ધન પામે! કેમ હું એનું પાપ-દુઃખ મિટાવું!' આવી લાગણી ધરવાને બદલે જો એના પર દ્વેષ કરે તો ભાવદયા કયાં રહી? ને જો એ ભાવના નહિ તો ધર્મનો પાયો જ કયાં સલામત રહ્યો? મૈત્રી-કરુણા આદિ ભાવનાઓથી યુક્ત હોય તે ધર્મ!

પાપી આત્માઓ દ્વેષના વિષય નથી પણ કરુણાના વિષયમાં આવે છે. ધર્મ ઉપર જેને બહુમાન છે, ઘણું માન છે, એ ધર્મને સાચા સ્વરૂપમાં અર્થાત્ સર્વકલ્યાણકર તરીકે ચાહે છે; માટે જ એ પોતાના દિલમાં ધર્મનિન્દક પ્રત્યે દ્વેષ ન થવા દેવાની સાવચેતી રાખે છે; તેમજ શુદ્ધ ધર્મનું અર્થીપણું છે માટે પોતાના આત્માને પરદ્વેષરૂપી કષાયથી બરડવાનું નથી કરતો. નિન્દક પર દ્વેષ કરવાથી કષાયકચરો વધે છે. કેટલીકવાર એવું બને છે કે માની લીધેલ પ્રશસ્ત કષાયના નામે અને જરૂરી કષાયના નામે જુગજુગની ક્રોધની ને દ્વેષની વાસનાનું પોષણ કરાતું જાય છે. એવું પોષણ કર્યે જાય છે કે કેટલાય વર્ષોથી ધર્માત્મા ગણાવા છતાં એનું ચિત્ત કષાયોથી વ્યાપૃત હોય છે! કેમ આમ? કહો કે જીવમાં મૈત્રી-કરુણાદિના અભાવે દુર્ભાવ, દ્વેષ, નિન્દા, ઈર્ષ્યા, દ્વેષદૃષ્ટિ વગેરે કષાયો મહાલતા રહે છે.

ધર્મ લેવા જનારે કષાયો પર ખૂબ કાબૂ રાખીને પગલાં ભરવાં જોઇએ. આ વિચારવું ઘટે કે 'ભલે બીજાની ભૂલ હોય, મારે કષાય કરીને મારા માથા પર દંડ લેવાની મૂર્ખાઈ શા સારૂ કરવી?' બીજો સુધરે કે ન સુધરે, પણ આપણા દ્વેષ-દુર્ભાવાદિથી આપણને તો એના કુસંસ્કારના પોષણ અને થોકબંધ કર્મબંધનરૂપી પારાવાર નુકશાન થયા જ કરે છે. માટે બધીય સારી આરાધનામાં આ ખાસ કરવાનું હોય છે કે કષાયની પરિણતિને તોડતા ચાલવું જોઇએ, તો જ આરાધનાની મહેનત સાર્થક થઈ કહેવાય; તો જ આત્માનું સાચું ઘડતર થાય. જો એ ઘડતર ન થાય તો એ મહાન નુકશાન છે, કષાયની પરિણતિ કપાવા પર આત્માની પરિણતિ સુધરવાનો આધાર છે. ધર્મના સાચા ઇચ્છુક જીવને જેમ થાય છે કે 'હું કેટલાય કર્મો અને દોષોથી પીડિત છું, તો દોષો અને કર્મોથી પીડિત રહેવામાં મારું શું થશે!' તેમ ભાવદયાથી એમ થાય કે 'સામો આત્મા જો ધર્મનિન્દા કરીને વધુ પાપ કરે છે, તો એ બિચારાનું શું થશે!' વળી ધર્મ પર બહુમાન જે કરાય, તે ધર્મને વ્યાપકહિતકારી સમજીને, સર્વ જીવને હિતકારી સમજીને કરાવું જોઇએ, નહિ કે માત્ર પોતાને જરૂરી સમજીને. તો 'ધર્મ એ નિન્દકનો-નિન્દાદિ દ્વેષ ભરેલા આત્માનો પણ ઉદ્ધાર કરો,' એ ભાવના હૃદયમાં અવશ્ય જોઇએ. એ ભાવના જો ન હોય તો ધર્મનું સ્વરૂપ આપણે શું સમજ્યા? 'જગતમાં બીજું કાંઈ નહિ, ને ધર્મ જ સર્વહિતકર છે,' એવું ધર્મ પ્રત્યે બહુમાન હોય તો સૌ કોઈના પર ધર્મના આશીર્વાદ વરસવાનું ઇચ્છાય. ત્યાં પછી દ્વેષ નહિ થાય.

(૪) ચિત્તન્યાસ : ચિત્તનું સ્થાપનઃ-ધર્મ પર બહુમાનને ધારણ કરનાર આત્મામાં ચોથું ચિહ્ન એ હોય છે કે જે ધર્મ પર એ બહુમાન ધારણ કરતો હોય એના વિષે એનું ચિત્ત વારંવાર સ્થાપિત થાય, મન ત્યાં ને ત્યાં ગયા કરે. એ તો જ બની શકે, કે જો ધર્મ પર બહુમાન હોય. છોકરો મુંબઈ ગયો હોય અને રળતો-કમાતો થયો હોય તો દેશમાં માતાને વારેવારે એના જ વિચારો આવે છે! એમ પત્નીને પરદેશ ગયેલા પતિના વારેવારે વિચારો આવે છે. પોતે જમે તો એમનું જમવાનું યાદ આવે છે! પોતે સુખ ભોગવે તો એમનું કેમ હશે, તે યાદ આવે છે! કેમકે પતિ પર બહુમાન છે. તેમ ધર્મ પર બહુમાન હોય તો ધર્મના વિચાર વારંવાર આવ્યા જ કરે, ધર્મમાં ચિત્ત વારંવાર જાય. બહુમાનનો દાવો રાખતાં પહેલાં વિચારો કે એનામાં ચિત્ત કેટલી વાર જાય છે! જે ધર્મ પર બહુમાન છે, તે ચિત્તને આકર્ષ્યા કરે છે ખરું? ચિત્ત જઈ-જઈને તે તે ધર્મમાં બેસે છે? અથવા એમાં ચિત્ત ઠરે છે? તો ધર્મ પ્રત્યે બહુમાન છે, એમ મનાય. ચિત્તના તેવા સ્થાપન વિના બહુમાન શી રીતે મનાય? આખો દિવસ બાપાજીને યાદે ય ન કરે, ને વેપારધંધામાં કે રંગરાગમાં ગુલતાન રહે, અને પછી કદાચ બાપાજી જોડે પા કલાક વાત કરવાનું રાખે, તેટલા માત્રથી બાપાજી પ્રત્યે બહુમાન શી રીતે મનાય? બહુમાન હોય તો એમની વાત કરતાં-સાંભળતાં ય ચિત્ત ઠરે અને એમને અંગેની સારી વિચારણામાં ય ચિત્ત ઠરે. ધર્મના અધિકારી બનવા આ ગુણ જરૂરી છે.

સક્રિય યોગ :—આ તત્કથાપ્રીતિ, નિંદા-અશ્રવણ, નિંદકદયા, ચિત્તન્યાસ વગેરે ગુણો સક્રિય યોગો છે; એટલે કે એને ઝટ ક્રિયામાં ઉતારી શકાય છે. અહીં કહેવાતા પંદરે ય લક્ષણો એવાં છે. આગળ ઉપર પણ એવા કેઈ યોગો કહેવાશે. એના અભ્યાસથી કાયસંયમ અને માનસિક એકાગ્રતા ને તન્મયતાનું ઘડતર થતું આવે છે, એ આત્માને સાધનામાં બરાબર યોજી આપે છે. જોડવું-યોજવું તે યોગ. ચિત્તનો ન્યાસ એવો એક યોગ છે. ચિત્તને ધર્મમાં સ્થાપવાથી મહાયોગની ભૂમિકા સર્જાતી જાય છે. એવું જ હવે કહેવાશે તે 'ઉચ્ચ જિજ્ઞાસા' ગુણ પણ એને પુષ્ટ કરે છે. કાયાથી ધર્મ કરવાની વાત પછી, પરન્તુ ધર્મ અંગેના શુભ વિચારો અને એને સમજવા માટેની જો જિજ્ઞાસા સેવ્યા કરો છો, તો એમાં ય આત્માનું ઘડતર કરી રહ્યા છો. એ ઘડતર ઉપર મહાયોગનો આધાર છે; માટે આ ઘડતર કેળવવું પ્રથમતઃ જરૂરી છે.

(૫) **પરા જિજ્ઞાસાઃ**—બહુમાનનું પાંચમું લક્ષણ છે 'પરા જિજ્ઞાસા.' અર્થાત્ ઊંચી જિજ્ઞાસા. જે ધર્મ પર બહુમાન હોય એ ધર્મને જાણવાની શ્રેષ્ઠ જિજ્ઞાસા હોય! નવકારનો પણ ધર્મ જોઈતો હોય તો એને જાણવાની તીવ્ર જિજ્ઞાસા જોઈએ. તો એનું બહુમાન છે એમ મનાય, અહીં પ્રશ્ન થાય કેઃ-

પ્રઃ— ધર્મને, સૂત્રોને સમજવાની કદાચ ઇચ્છા ન થતી હોય, છતાં એનામાં ધર્મ-બહુમાન ન હોઈ શકે?

ઉઃ—ના, જગતમાં ધર્મ જ સાર છે. ધર્મ જ સાંભળવા અને સમજવા જેવો છે., ધર્મ જ સદ્દહવા જેવો, આદરવા જેવો, પ્રચારવા જેવો અને પ્રશંસવા જેવો છે., આ બહુમાન હોય તો ધર્મને સમજવાની તાલાવેલી કેમ ન રહે? એમ થયા કરે કે 'દુનિયામાં ધર્મ આગળ બીજું તો ધૂળ સમાન છે. ધૂળને શી બહુ સમજવી'તી? ધર્મ જ ખૂબ સમજું;' એવી સતત તમન્ના રહે, ઊંચી જિજ્ઞાસા રહે!

અંતરમાં રહેલા બહુમાનની સાથે જિજ્ઞાસાનો સંબંધ છે. હૃદયની કેટલીક લાગણીઓ એક-મેક એવી સંકળાએલી હોય છે કે એક લાગણીના અભાવમાં બીજી લાગણી ન હોય. વિદ્યાર્થીને જે વિષય પ્રત્યે અત્યંત માન હોય છે, 'આ બહુ સરસ' એમ થાય છે, તો તે વિષય જાણવાની ઇચ્છા પણ એને ઘણી રહે છે. એનો અર્થ એ છે, કે જિજ્ઞાસાની લાગણીરૂપી અવાંતર લાગણી અને બહુમાનની લાગણી, આ બે લાગણીઓ પરસ્પર સંકળાએલી છે. જો મૂળ લાગણી હોય તો અવાંતર લાગણી આવી જ જાય. ભોજનની ઇચ્છા કરે, એમાં પાણીની ઇચ્છા આવી જ જાય છે. વેપાર પર બહુમાન હોય તો 'સારો વેપાર કેમ કરવો' વગેરે તીવ્ર જિજ્ઞાસા જાગે જ છે. બહુમાન હોય એટલે જિજ્ઞાસા થાય જ! એમ 'ચૈત્યવન્દન એટલે ઉત્તમમાં ઉત્તમ ચીજ! આપણને એ મળે તો ન્યાલ થઈ જઈએ,' આવું માનતા હોઈએ તો ચૈત્યવન્દન સમજવાની કોઈ આતુરતા ન હોય, એ બને જ કેમ? મૂળમાં ખરું બહુમાન નથી જાગ્યું માટે ઊંચી જિજ્ઞાસા થતી નથી. નહિતર શું ચૈત્યવન્દન અંગે કંઇ જાણવા જેવું નથી? અહીં એક જ ચૈત્યવન્દનસૂત્ર-'નમોત્થુણં' સૂત્રની વ્યાખ્યા સાંભળતાં ખ્યાલ આવશે કે એમાં કેટકેટલું જાણવાનું બાકી પડયું છે! તો શું એ જાણ્યા વિના ભાવોલ્લાસની વૃદ્ધિ થઈ શકે છે? અને ભાવોલ્લાસની વૃદ્ધિ વિના ઉપરના ગુણસ્થાનકે ચઢવાનું બની શકે ખરું? અને ગુણસ્થાનકે ન ચઢાય તો વીતરાગતા અને મોક્ષ મળે?

ધર્મમાં બહુમાન હોવાથી ધર્મકથા પર પ્રીતિ વગેરે થાય, તેમ 'પરા' એટલે વિશેષતાવાળી જિજ્ઞાસા થાય; અહોનિશ ચિંતા રહે કે, 'કેમ હું ચૈત્યવન્દન અંગે વધુ ને વધુ જાણું! એના ઉપાયો જાણું!' એવી જિજ્ઞાસા પર શુશ્રૂષા, શ્રવણ વગેરે બુદ્ધિના ૮ ગુણ સર્જાય છે. એ જ વિશેષવતી જિજ્ઞાસા છે, ઉત્તમ જિજ્ઞાસા છે. બુદ્ધિના આઠ ગુણ છે, બુદ્ધિના ઘડતરનાં ક્રમિક આઠ પગથિયાં છે.

" शुश्रूषा-श्रवणं चैव ग्रहणं-धारणं तथा । ऊहाऽपोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥ "

૧. સાંભળવાની ઇચ્છા, ૨. શ્રવણ, ૩. સંભળાતું સમજતા જવું, ૪. સમજેલું લક્ષપૂર્વક ધારી રાખવું, ૫.-૬. વિષય પર સાધક બાધક વિચારણા તે ઉહા અને અપોહ, એમ કરીને, ૭. મનમાં પદાર્થનું સ્પષ્ટ ચિત્ર ખડું કરવું, ૮ એના પર તત્ત્વનો નિર્ણય, સિદ્ધાન્તની તારવણી કરવી. આ આઠ ગુણમાં પહેલી શુશ્રૂષા, તે ત્યારે થાય કે તે પૂર્વે જો જિજ્ઞાસા હોય. જાણવા-સમજવાની ઇચ્છા હોય તો સાંભળવા જવાની ઇચ્છા થાય. યોગની આઠ દૃષ્ટિમાં પણ બીજી દૃષ્ટિમાં જિજ્ઞાસા છે, તે પછી આગળ શુશ્રૂષા-શ્રવણ-બોધ-મિમાંસા વગેરે છે. ત્યારે અહીં આગળ **'जिज्ञासा-गुरुयोगो-विधिपरता...'** વગેરે વ્યાખ્યાના સાત અંગ કહેવાશે. તેમાં પણ પહેલું અંગ જિજ્ઞાસા છે. હવે અધિકારીનો બીજો ગુણ જે વિધિપરતા, તે વિધિપરતાને પરખવાના પાંચ લક્ષણ જુઓ. આ લક્ષણો જેમ અધિકારીને ઓળખવા માટે છે, તેમ અધિકારી બનવાના ઉપાયભૂત પણ છે.

★

વિધિતત્પરનાં પાંચ લક્ષણ

(૧) **ગુરુ-વિનય :—** હૃદયની લાગણીઓના કેવા અંકોડા ગોઠવાયા છે, એ આ પંદર લક્ષણો પરથી સમજાય છે. જો સાચી વિશેષતાવાળી જિજ્ઞાસા હોય, જ્ઞાન મેળવવાની આતુરતા હોય તો આત્મામાં ગુરુવિનય સહેજે આવી જ જાય! કેમકે વિનયથી જ જ્ઞાન મળે છે. 'વિનય વિના વિદ્યા નહિ!' ગુરુને ખમાસમણું ન દઈએ તો ગુરુ રીસાઈને પાઠ ન આપે એમ નહિ, કિન્તુ વિનય વિના વિદ્યા આત્મામાં પરિણત ન બને. માત્ર પુસ્તકથી વિદ્યા ન પરિણમે! અંતરમાં વિનયનો ભાવ ઉભો થાય તો પરિણતિ જાગે!

પરિણિતજ્ઞાનઃ—પરિણતિ એટલે અસર; જેવું જાણે તેવું પરિણમે; જાણે તે મુજબ અંદરમાં અસર થાય. ત્યાજ્ય તત્ત્વ જાણ્યા ઉપર એના પ્રત્યે ત્યાગવૃત્તિ થાય, અરુચિ, અનાસ્થા થાય, એનાથી ભય રહે, એનાથી દિલ કંપે, અને ઉછળતા સ્નેહે એના મનોરથ ન થાય; આવી જે અસર એ પરિણતિ. ઉપાદેય તત્ત્વોની વાત જાણતાં એને ગ્રહણ કરવા વગેરેની અસર થાય. અર્થાત્ એના મનોરથ, ઓરતા, અને ઉમળકા થાય. એમાં કલ્યાણ-બુદ્ધિ અને કર્તવ્ય-બુદ્ધિ જાગે. એને ન આદરી શકવામાં ભારે ખેદ રહે. જે કોઇ એને આદરતો દેખાય ત્યાં દિલ ઢળી પડે. આવી જે અસરો એ પરિણતિ છે! પરિણતિ-જ્ઞાનની જ કિંમત છે. શ્રી **અષ્ટકજી શાસ્ત્ર**માં જ્ઞાનના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે. તેમાં (૧) વિષયપ્રતિભાસ જ્ઞાન, (૨) પરિણતિ જ્ઞાન, (૩) તત્ત્વસંવેદન જ્ઞાન. પરિણતિ વિનાનું જાણવું એ પ્રતિ-ભાસ જ્ઞાન કહેવાય. જાણેલાની આત્મામાં ઉચિત અસર થવી એ પરિણતિ જ્ઞાન છે. જાણેલા ઉપાદેય તત્ત્વને આત્મસાત્ કરવું, સહજ સંવેદનરૂપ બનાવવું એ સંવેદન જ્ઞાન છે. દા. ત ત્યાજ્ય તત્ત્વ જે કષાયાદિ, એના ત્યાગને આત્માના સ્વભાવભૂત બનાવી દેવો, એ તત્ત્વસંવેદન જ્ઞાન છે.

પરિણતિ જ્ઞાન વિનયથી મળે. વિનય પણ આત્માનો એક પાયાનો ગુણ છે. એ આત્માને વિનીત રાખે છે, સર્વ ધર્મ પ્રત્યે આકર્ષાયેલો રાખે છે. '**विणयमूलो धम्मो**' એમ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે, વિનય-ધર્મ જીવને જ્ઞાનીઓના ગુણ પ્રત્યે ખેંચાયેલો રાખે છે. ગુરુ પ્રત્યે વિશેષ આકર્ષાયેલો રાખે છે. એમને મહાન માની જાતને નીચો મનાવે છે. એમને આરાધ્ય મનાવી જાતને ઉપાસક મનાવે છે. એમની સેવાભક્તિની પ્રાપ્તિને જીવનની સોનેરી તક મનાવે છે. 'મારા ગુરુ! કેવા મારા ઉપકારી ગુરુ! કેવા સંસારરૂપી નરકાગારમાંથી ઉદ્ધારનારા ગુરુ! કયાં હું રખડનારો! તે કયાં આજે એમણે મને ઊંચે ચઢાવ્યો!' આ આકર્ષણ થયું, એટલે એમની પ્રત્યેક જરૂરીઆતો પર એનું ધ્યાન રહે. 'એમને શું શું વધુ માફક આવે, કેમ એમની સેવાનું પ્રાથમિક કર્તવ્ય બજાવું, ગુરુ સેવા વિના જ્ઞાન મળવાનું કે ફળવાનું નથી.'-આવું આવું થાય, અને ગુરુની તે તે સેવામાં કટીબદ્ધ રહે, ગુરુ તરફ આકર્ષાએલો રહે, ગુરુ ઉઠતાં ઉભો થઇ જાય, ગુરુના બેઠાં પછી બેસે, ગુરુ બહારથી આવે તો સામો લેવા જાય, ગુરુ સહજે પૂછે, 'કોણ છે?' તો તરત 'હા જી! આવ્યો' કહી ગુરુની પાસે જાય; ગુરુ કહે, "આ કરવાનું છે," તો 'તહત્તિ' કહી સ્વીકારી લે; ગુરુ કહે, 'આ તારી ભૂલ છે' તો તરત 'મિચ્છામિ દુક્કડં' કહી કબૂલી લે. આ બધું આચરણ વિનયધર્મ સાધવાથી આવે છે. કોઇ નોકરને પોતાનો શેઠ ધાર્યા કરતાં ત્રણ ગણો પગાર

આપતો હોય, ઉપરથી ખોનસ ને લગ્નના ખર્ચમાં મોટી સહાય કરતો હોય, આગળ જતાં ભાગીદારી પણ આપતો હોય, તો પછી એ શેઠ પ્રત્યે નોકરનું ભારે આકર્ષણ રહે છે ને? શેઠ પ્રત્યે વિનયના વિવિધ પ્રકારો હોંશથી આદરે છે ને? તો ભલા! ગુરુ તો અનંત સુખના લાભ કરાવી આપનાર છે, તો એમના પ્રત્યેના વિનયનું પૂછવું જ શું? ગુરુ પ્રત્યે મૂળમાં આકર્ષણ જોઈએ. પછી તો પોતાના ભોજન અવસરે ગુરુએ ભોજન કર્યું કે? પાન અવસરે ગુરુએ પાન કર્યું કે?...એમ યાદ આવ્યા કરે. એટલું જ નહિ, પણ પોતાની જરૂરિયાતો ઉભી ન પણ થઈ હોય તો ય ગુરુની જરૂરિયાતોને સંભાર્યા કરે. આજે આ બધામાં શૂન્ય છે. એથી તત્ત્વોનાં સૂક્ષ્મ રહસ્યો મળતા નથી! જે મળે છે તે બળાત્કારે મલી જાય છે. ગુરુને થાય છે કે 'આ જ્ઞાન ઇચ્છે છે, તો ભણાવી દેવા દે!' એમ ગુરુને અવસરે શિષ્યોને ભણાવી દેવા પડે છે. ગુરુ સમજે છે કે 'શાસન એ શાસ્ત્રની પરંપરા વહેતી રહ્યા વિના નહિ ટકે! માટે આપણે જાણેલું શિષ્યોને આપો.' એમ ગુરુ આપે એટલે શિષ્ય ભણી તો જાય પણ વિનયશૂન્ય શિષ્યમાં એ પરિણતિ ન પામે. પૂર્વકાળે શિષ્યોમાં વિનય ઝગઝગતો હતો ત્યારે ગુરુ થોડું ભણાવતા તો પણ વિકાસ ઘણો થતો હતો! આજે ભણાવાય છે વધુ, પણ વિકાસ ઓછો થાય છે! શાથી આમ? વિનય નથી! વિનય માત્ર ભણવા વખતનો નહિ, વન્દના કરી સામે અદબથી બેસવા સાંભળવા જેટલો જ નહિ, પરન્તુ ચોવીસ કલાકનો જોઈએ. આખા દિવસના વિનીત બનવાનું છે. વિનીત એટલે વિશેષે કરીને આકર્ષાયેલો. આ પૂર્વભૂમિકા બરાબર સાધી હોય તો હૃદય એટલું નમ્ર, કોમળ અને ભાવુક બની રહે છે, કે પછી ગુરુ જે ભણાવે તે સોંસરું ઉતરી જાય છે; આત્મામાં ઓતપ્રોત થઈને રહે છે. વિનય-પૂર્વકની વિદ્યા એક અક્ષરને સો અક્ષર બનાવી શકે છે; ને શાસ્ત્રના પૂર્વાપરના ભાવોને સંગત કરાવે છે. જો સંગતિ સમજતાં નહિ આવડે, ઉત્સર્ગ-અપવાદને તુલ્ય ન્યાય નહિ આપી શકે, તો એ ઉંધું મારશે! શાસ્ત્રને જ શસ્ત્ર બનાવી સ્વપરના કેઈ હિતો હણશે! સૂત્ર તો ઉત્સર્ગ અને અપવાદ બન્ને બતાવે, પણ ઉત્સર્ગ એકલાને પકડી બેસે તો એ અપરિણત રહેવાનો. એકલા અપવાદને પકડે તો અતિપરિણત બનવાનો; એ પણ દોષરૂપ છે. બન્નેના ગ્રાહક બની પરિણત થવાનું છે. એ માટે વિનય જોઈએ.

(૨) **સત્કાલ-અપેક્ષા:**— વિધિપર બનવા માટે આત્માએ બીજા નંબરમાં સત્કાલની અપેક્ષા રાખવી જોઈએ. અર્થાત્ જે ધર્મ કરવા જીવ તૈયાર હોય તે ધર્મની વિધિ સાચવવા ઉપરાંત એ ધર્મ કરવાનો જે કાળ કહ્યો હોય તે કાળની અપેક્ષા રાખે! એટલે કે કાળને અગત્ય આપે, મહત્વ આપે. એ ચોક્કસ સમજે કે 'આ ધર્મક્રિયા શાસ્ત્રે કહેલા સમયે કરીએ તો ફળે.' દા. ત. ચૈત્યવન્દન વગેરે ખૂબ ઠાઠથી કર્યું હોય, પણ શાસ્ત્રે કહેલા સવાર, મધ્યાહ્ન, અને સાંજના સંધ્યાદિકાળે કરવાને બદલે બીજા કાળે કર્યું હોય તો ચૈત્યવંદન કરવામાં પોતાની ન્યુનતા માને, કાળની અવિધિ કરી માને, કાળે કરેલા ચૈત્યવન્દનાદિના જેટલું અકાળે કરેલા ચૈત્યવંદનને સમર્થ ન માને. મનમાં દૃઢ સમજ બેઠી હોય કે 'ચૈત્યવન્દનાદિ યોગ્ય કાળે જ કરવાનું. એ કરેલું જેવું ફળે તેવું અકાળે કરેલું ન ફળે.' માટે જ એ આત્મા ત્રણ સન્ધ્યારૂપ શુભકાળનો આશ્રય કરે. ચાલે ત્યાં સુધી એ કાળ સાચવીને બધી જ ક્રિયા કરવાનો ખૂબ ખપ કરે! કદાચ કાળ ન સાચવી શકયો હોય તો એના ચિત્તમાં એ બદલનો ખેદ હોય, કાળનું મહત્ત્વ અંકિત થએલું હોય, કાળ સાચવવાની ભારે તમન્ના હોય, કાળ સાચવનાર આત્માનું ગૌરવ કરે, અને અકાળે ધર્મ કરવા બદલ પોતાને ઉપાલંભ દેનારનો ઉપકાર માનતો હોય છે.

કાળે કરેલું કાર્ય ફળે છે, એ દુનિયામાં ઠામ ઠામ દેખાય છે. અવસરે વેપાર કરે તો એક સીઝનમાં બાર મહિનાનું કમાઈ જાય છે! અમુક કાળે કોઈને અમુક અક્ષર કહ્યો હોય તો અસર થાય છે! ઋતુઓ પણ કાળ છે, તે તે ઋતુમાં જ તે તે ફળ-ફૂલ જન્મે છે. સમુદ્રમાં ભરતી-ઓટ કાળના નિયમ ઉપર ચાલે છે. ગર્ભ કાળે પાકે છે. યોગ્ય કાળે રાજદ્વિની કરેલી સેવાનાં મૂલ્યઅંકાય છે. અકાળે

કરેલી બીજાને સહાય લેખે ગણાય છે. કેટલાક દેવોની મંત્ર-વિદ્યાની સાધના અમુક કાળે કરે તો જ ફળે છે. એ જ રીતે ચૈત્યવન્દનાદિ ધર્મના અનુષ્ઠાનનો કાળ ઉપયોગી છે તો એ સાચવવો જોઈએ.

(૩) **ઉચિત આસનઃ**— વિધિતત્પર બનેલો આત્મા ઉચિત આસન સાચવે. આસન એટલે બેઠક. દા. ત. પદ્માસન, વીરાસન વગેરે. તથા એ મુદ્રા પણ સાચવે. દા. ત. ચૈત્યવન્દનમાં યોગમુદ્રાદિ સાચવીને અને ડાબો ઢીંચણ જમીનને અડાડી તથા જમણો સહેજ ઊંચો રાખી બેસવાનું હોય છે. યોગમુદ્રા એટલે બન્ને હાથ વચમાં સહેજ પોલા જોડીને, આંગળીનાં ટેરવાં સામસામા એક બીજાની પાછળ રાખી, કરેલી અંજલીને મુખ આગળ રાખવી, ને કોણી પેટ પર રાખવી. મુક્તાસુક્તિ મુદ્રા એટલે 'જાવંતિ ચેઇયાઈં,' 'જાવંત કેવિસાહૂ' અને 'જયવીયરાય' સૂત્ર વખતે બે હાથનાં ટેરવાં સામસામા અડે એ રીતે મોતીની છીપના આકારે હાથ જોડી લલાટે રાખવા. જિનમુદ્રા એટલે ઉભા ઉભા હાથ નીચા લબડતા રાખી, દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગે સ્થાપી, બે પગ વચ્ચે આગળ ચાર આંગળ ને પાછળ ચાર આંગળથી ન્યૂન અંતર રાખવું. કાયોત્સર્ગ વખતે આ મુદ્રા રાખવાની હોય છે. આસન એટલે ક્રિયા વખતે શાસ્ત્રે કહ્યા મુજબ શરીરના ગાત્રોની વ્યવસ્થા; અને દૃષ્ટિ એકલા પ્રભુ પર સ્થાપિત થાય એ રીતનું સંયમન. આનું નામ ઉચિત આસન. આ ઉચિત આસનનું પણ મહત્ત્વ છે. શું મહત્ત્વ ? એજ કે તે તે મુદ્રાથી તેવો તેવો વિનયાદિ ભાવ જન્મે છે. બેઠાં બેઠાં કાયોત્સર્ગ કરો અને ઉભા રહીને કરો, હૃદયના ભાવમાં તફાવત પડશે. બધા જ કાયોત્સર્ગ જિનમુદ્રાએ કરવા જોઈએ. 'વંદિત્તુ' સૂત્ર વીરાસને કરવાનું છે. એ આસન કરો તો જ એને યોગ્ય શુભ ભાવ હૃદયમાં પ્રગટે. માત્ર ધર્મક્રિયામાં જ નહિ. પણ બીજે ય આસન કામ કરે છે. મંત્રમાં અમુક આસને બેસો તો જ મંત્ર સિદ્ધ થાય છે. રાજા વગેરેની આગળ પ્રાર્થના કરવી હોય તો અમુક મુદ્રાએ જ કરવી પડે છે. સારા માણસોની સભામાં અમુક મુદ્રાએ જ બેસવું પડે છે, તો ચૈત્યવન્દનાદિ જેવી અનંત કલ્યાણકર ક્રિયામાં યોગ્ય આસન-મુદ્રા વિના કેમ ચાલી શકે ? સમજવું જોઈએ કે જ્ઞાનીઓએ આસન-મુદ્રાદિનાં જે વિધાન કર્યાં છે, તે હેતુપુરસ્સર છે. જાળવીને આ ક્રિયા કરાય તો જ ખરો લાભ મળે. તો જ નાની શી દેખાતી ક્રિયામાંથી અચિંત્ય ઊંચા લાભ પ્રાપ્ત થાય. ધર્મ તો મોટો મહેમાન છે ! એને ઉચિત આસન-મુદ્રા પર સ્થાપિત કરવો જોઈએ. તો જ અંતરમાં એના પ્રત્યે આપણામાં બહુમાન છે એમ કહી શકાય.

(૪) **યુક્તસ્વરતાઃ**—વિધિપર એટલે સ્વ-પરના ધર્માચરણમાં અબાધક રીતે તત્પર. એ અબાધકતા માટે સૂર યોગ્ય જોઈએ. દા. ત. ચૈત્યવંદનધર્મની વિધિના ખપી બનવા માટે ચોથા નંબરમાં યુક્તસ્વરતા જરૂરી છે. બીજાના ધર્મ-યોગનો ઉપઘાત ન કરે તેવા સ્વરે બોલવું એનું નામ યુક્તસ્વરતા. ધર્મક્રિયા કરતી વખતે પોતાનો સ્વર એવો રાખે કે જે બીજાના ધર્મયોગોનો બાધક ન બને; બીજાને પોતાની ધાર્મિક ક્રિયામાં કે ધ્યાનમાં ખલેલ ન પડે.

માણસ એમ માનતો હોય કે 'હું અખંડ વિધિ સાચવું છું' પણ સ્વર યોગ્ય ન સાચવે, અને એથી બીજાનું ચિત્ત ડહોળાતું હોય તો તે ઉચિત વિધિમાં તત્પર કેમ જ કહેવાય ? શું ચૈત્યવન્દન કે શું બીજો કોઈ પણ ધર્મ, પોતે એ શા માટે કરે છે ? આત્મકલ્યાણ માટે. તો તે ધર્માચરણમાં બીજાના આત્મકલ્યાણનો માર્ગ નાશ કરવાનું આવે ? આત્માર્થી માણસ બીજા આત્મા પ્રત્યે મિત્રતાભર્યો પ્રમોદભાવવાળો કે દયાળુ ન હોય ? બીજાના ધર્મધ્યાનમાં પોતાની મર્યાદા બહારની પ્રવૃત્તિથી ભંગ પાડવા જેટલો કઠોર શું વીતરાગનો ઉપાસક હોય ? ખરી વસ્તુ એ છે કે માણસને જો પોતાના શુદ્ધ ધર્મ પર બહુમાન હોય તો એ ધર્મની આરાધના એવી રીતે ન કરે જેથી એ જ ધર્મનો બીજે ભંગ થાય. ધર્મ બહુ ગમ્યો ત્યારે કહેવાય કે એ ધર્મ બધે ગમે ! માટે ધર્મની આરાધના ચારે બાજુનો ખ્યાલ રાખીને કરવી

જોઇએ. એટલે કે આરાધના ઉપયોગ સહિત કરે. આંધળીયા કરીને આરાધના નહિ કરવાની. સાવધાની-પૂર્વક એકાગ્રતા હોય તો પોતાની ક્રિયામાં એકતાન પણ બનાય, અને એથી બીજાના ધ્યાનને ધક્કો ન લાગે.

શાસ્ત્રકારોનો કેટલો બધો વિવેક છે કે કોઈ કહે, 'મને ભાવ વધી ગયા છે માટે હું જોરથી બોલું તો શું વાંધો?' એને સાફ સાફ કહી દે છે, 'મહાનુભાવ! એમ બિનસાવધાન બનીશ તો તારા ય પછીના યોગો ભૂલી જઈશ. બાકી અમારો ધર્મસાધક બીજાના ધર્મનો બાધક ન હોવો જોઇએ. બીજાને ધર્મમાં ચઢાવવાનું તો બાજુએ રહ્યું પણ જાતે જ બીજાને ચઢતાને અંતરાય કરવાનું કરે છે? તો તારી કરુણા અને પ્રમોદ ક્યાં રહ્યાં? બીજી તરફ નિરપેક્ષ થવામાં આ ભૂલાય છે, ને નિજના અહંભાવ પોષાય છે. જાતે જોરથી બોલે એટલે એમ જ થયું કે બીજા કરતાં આગળ આવું!' પરંતુ જીવ! તારે ભગવાનને સંભળાવવું છે કે બીજાને? જગતમાં તો અહંભાવ અને માનની આકાંક્ષા તું બહુ રાખે જ છે, પરન્તુ અહીં ધર્મસ્થાનમાં ય એ લપ રાખીશ તો તારો ઉદ્ધાર ક્યાં થશે? જગતમાં તો ભારે સ્વાર્થરસિક બનીને બીજાના લાભાલાભ ને સુખ-દુઃખ તરફ નિરપેક્ષ બને છે, પણ અહીં ધર્મસાધના વખતે ય સ્વાર્થરસિક બનીને તેવો નિરપેક્ષ રહીશ તો પછી તારે બીજા પ્રત્યે સાપેક્ષ બની સહાનુભૂતિ દાખવવાનું અને કોમળ, ઉદાર તથા પરોપકારી બનવાનું ક્યાં રહ્યું? ત્યારે શું તું એમ સમજે છે કે 'હું મોટા ઘાંટા પાડીને ભગવાનની ચૈત્યવન્દનથી ભક્તિ કરું એટલે મારું કલ્યાણ થઈ જશે? પછી ભલેને બીજાના ધર્મયોગ હણાય?' આવા ભ્રમમાં ન પડતો, બીજાના હિતમાર્ગ પ્રત્યે બેપરવા બની જાતે માનભૂખ્યા અને સ્વાર્થી બનીને, જાતે કઠોર અને ક્ષુદ્ર બનીને જાતનું કાંઈ જ ભલું નહિ થઈ શકે...' આ ઉપદેશ ધર્મનો પાયો તૈયાર કરવા માટે છે. એ આવે તો જ ધર્મ ઉપર ખરું બહુમાન જાગ્યું ગણાય.

કૃતજ્ઞ બનો:—ત્યારે માણસ જો કૃતજ્ઞ હોય તો ધર્મના સર્વોચ્ચ કોટિના ઉપકારને એવો સમજે, ઉપકારના ભાર નીચે જાતને એટલો દબાયેલો માને કે એને એમ થાય: 'અહો! આ ધર્મના ઉપકારનો બદલો શે' વળે! છતાં કમમાં કમ ધર્મદાતાનો દ્રોહ ન કરું; ધર્મસાધકોના ધર્મમાં અંતરાય ન કરું, ધર્મમાં તન-મન-ધનનો શકય વધુ ભોગ આપું, ધર્મ આગળ જાતની વડાઈ જતી કરું...' શું ધર્મના અનંત ઉપકારના બદલામાં આટલી ય કૃતજ્ઞતા ન સચવાય? ને જો ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા ન હોય તો એનામાં ધર્મની લાયકાત શી? કૃતજ્ઞતા હોય તો પોતાનો સ્વર યોગ્ય રાખે; જેથી બીજાના ધર્મને બાધક ન બને.

પ્રસ્તુત ગુણનો સમાન ગુણ:—ગ્રન્થકાર મહર્ષિએ અહીં મુખ્યતયા ચૈત્યવન્દનને ઉદ્દેશીને કહ્યું છે; પરન્તુ બીજી ધર્મસાધનાઓ માટે એ સૂચક છે; યુક્તપ્રવૃત્તિનું સૂચન કરે છે. કોઇપણ ધર્મ-પ્રવૃત્તિ હો, એ બીજાની ધર્મપ્રવૃત્તિની બાધક ન બનવી જોઇએ. દા. ત. મંદિરમાં પ્રભુના દર્શન-પૂજન એવી રીતે ઊભા રહીને ન કરે કે જેથી બીજાને પ્રભુદર્શનાદિમાં અંતરાય થાય. દાન એવું બોલીને ન આપે કે જેથી બીજાના દાન દેવાના ભાવ તૂટી જાય. ધર્મ કરતાં મુખમાંથી વેણ એવાં ન કાઢે કે જેથી બીજાનો ધર્મ-ઉલ્લાસ તૂટી જાય. વચન પણ તોલીને કાઢવાં જોઇએ.

ધર્મનો અધિકાર પ્રાપ્ત કરવા કેટલાય શુભ ભાવોની જરૂર છે. આત્માનું ઉર્ધ્વીકરણ, ઉન્નતિ-કરણ અનેક પ્રકારના શુભ ભાવોથી થાય છે. પરમાત્મા તરફ આકર્ષણ એ જેમ શુભ ભાવ છે, તેમ પરમાત્માના ઉપદેશ તરફ આકર્ષણ એ પણ મહાન શુભ ભાવ છે.

શુભ ભાવોની જીવનમાં આવશ્યકતા:— પોતાના આત્મામાં વિવિધ અશુભ ભાવો છે એની ઔષધિ તરીકે વિવિધ શુભ ભાવો જોઇએ. એક માણસમાં નિર્દયતા જૂઠ, અનીતિ વગેરે અનેક અશુભ ભાવો છે, ને એ કહે કે, હું તો એકલી દયાથી તરીશ! તો એ કેમ બની શકે? ભલે એ દયાળુ

બને ! પણ પછી પેલી જૂઠ બોલવાની વૃત્તિ કેવી રીતે જશે ? એમ કદાચ ભલે સતત સત્યવાદી હોય, પણ અનીતિની વૃત્તિ આત્મામાંથી શી રીતે હટશે ? ત્યારે એ બધા હટ્યા વિના મોક્ષ કયાં થાય એવો છે ? જેમ આત્મામાં અનેક પ્રકારની પાપ વૃત્તિઓ છે, એમ એ પાપ વૃત્તિઓને નિવારવા શુભ વૃત્તિઓ અનેક પ્રકારની હોવી જોઇએ. માત્ર પોતાની ચૈત્યવન્દન-ભક્તિ ન ચાલે; સાથે બીજાના ચૈત્યવન્દન પ્રત્યે પણ આપણા હૃદયમાં લાગણી જોઇએ. એમ પરમાત્માનું આકર્ષણ જગતના મોહાંધ સ્નેહીઓનું આકર્ષણ મિટાવે છે; પણ જો સાથે બીજી નિંદા-વિકથાઓ ગમતી હોય તો એની સામે પરમાત્માની વાણીનો રસ ઉભો કરવો જોઇએ. તો પેલો વિકથાનો રસ ખૂટે ! મોહાંધ સ્નેહીઓને પાપની સગવડ કરી આપવામાં ખૂબ રસ હોય, તે રસ કયારે તૂટે ? ગુરુની સેવાનો રસ ઉભો કરે તો ! જિનવાણીનો રસ હોય ને શુભ ભાવો ઉભા થાય તો પૈસાનો રસ તૂટે ! એક શુભ ભાવથી અનેક અશુભ ભાવોને હટાવી દેવાની આપણામાં ત્રેવડ નથી ! તપ-જપ કરાય તો એનામાં ઈર્ષ્યા મિટાવી દેવાની શક્તિ હોય કે નહિ ? ના, ઈર્ષ્યા મીટાવવા માટે પ્રમોદભાવના જોઇએ. બાલ અવસ્થામાં જુદા જુદા દોષને ટાળવા માટે જુદા જુદા ઔષધ જોઇએ.

જ્ઞાની કહે છે, "ધર્મ કર, અવશ્ય કર, પણ મૈત્રી ખૂબ રાખ, બીજા પ્રત્યે વાત્સલ્ય વિકસાવ. તો સામા આત્માનો ધર્મયોગ તોડવાનું અટકશે." ગુણાનુરાગ ખૂબ રખાય તો ઈર્ષ્યા મિટે. માટે ગુણનો અનુરાગ જોઇએ. જ્યાં સારું દેખાય ત્યાં પ્રેમ ઉભરાય ! અધિક સુખી, અધિક ગુણીયલ, અધિક ધર્મી આત્માને જુએ ત્યાં પ્રેમથી આકર્ષાય ! જેટલા ક્ષેત્રોમાં ઈર્ષ્યાની કુટેવ હોય તેટલા ક્ષેત્રોમાં પ્રેમ જોઇએ. મનને એમ થવું જોઇએ કે 'જગતમાં ગુણ વધવા જ જોઇએ. તો પછી જ્યાં કયાંય ગુણ દેખાય ત્યાં ઉલ્લાસ-રાજીપો કેમ ન કરું ? ઈર્ષ્યા-અસહિષ્ણુતા કરું જ શા માટે ? '

શુભ ભાવો અનેક જોઇએ:—અશુભ ભાવો અનેક છે, માટે જ એને ટાળવા જ્ઞાનીઓએ અનેક શુભ ક્રિયાઓ અને અનેક શુભ ભાવો કર્તવ્યરૂપે ફરમાવ્યા છે. સાધનાના દરેક ક્ષેત્રમાં મર્યાદા નિયત હોય છે. અમુક ક્રિયાનો આટલો સમય, ને અમુક ક્રિયાનો આટલો સમય, એમ બધી ક્રિયા-વિધિ સથવાય તો સંગીન ઉન્નતિ થાય ! એકલી દાળ, એકલા ભાત, એકલી રોટલી ખાવાથી ચાલે છે? ના, ત્યાં તો બધું જોઇએ છે ! તો શુભ ભાવ બધા ન જોઇએ ? એકલી તાવની, ખાંસીની, શરદીની દવાથી ચાલે છે ? ના, ત્યાં તો વૈદ્ય-ડાક્તરને ફરી ફરીને કહેવાય છે, 'જુઓ મને તાવ છે, શરદી છે, ખાંસી છે, પેટ પણ દુઃખે છે. તો બધી દવાઓ નાખી આપજો.' એમ વિવિધ શુભ ક્રિયા ને ભાવ જોઇએ.

ધર્મક્રિયામાં સાવધાની રાખો:—ક્રિયામાં એકાગ્ર થવાનું જરૂરી છે, તેવી રીતે સાવધાન બનવું પણ જરૂરી છે. જિનકલ્પી મુનિઓ એકાગ્ર ધ્યાનમાં હોય, છતાં ઘણા સાવધાન હોય છે. ધ્યાનમાં કેટલો સમય ગયો, એની એમને ખબર હોય છે. એ ધારાએ જ એમનું કામ ચાલતું હોય છે. એમ પરમાત્માનું ચૈત્યવન્દન, અરે! કોઇ પણ ધર્મક્રિયા, એ સાવધાનીથી ચાલવી જોઇએ, કે જેથી બીજાના ધર્મ-યોગો ટકરાય નહિ. પોતાના આત્મામાં ભક્તિરસનો શુભ ભાવ વધે, એમ બીજા પ્રત્યેનો સાપેક્ષભાવ, સહાનુભૂતિ, ગુણાનુરાગ, ઉદારતા વગેરે શુભ ભાવો વધે, એવી સાવધાની પણ જોઇએ. સાવધાની સહિત પોતાની સ્થિતિ અનુસાર અધિકાધિક શુભ ભાવોમાં ચઢતા જવાય તો આત્માના અનેક પ્રકારના અશુભ ભાવો તૂટતા જાય. કોઈ કહે કે 'પહેલાં એક અશુભ ભાવ તોડું પછી બીજા તોડીશ.' તો ? ના, એક અશુભભાવ તોડતી વખતે જો બીજા અશુભ ભાવો વધુ દૃઢ બને તો એ અશુભ ભાવો અત્યારે જ અથવા અવસરે અનંતાનુબંધીની કોટિના કષાયોને પોષીને આત્માને ધર્મ સ્થાનમાંથી જ ભ્રષ્ટ કરી દેશે, પછી અશુભ ભાવોને તોડવાની બુદ્ધિ જ કયાંથી થશે ? બીજાના સ્વરને તોડી નાખે એવો પોતાનો સ્વર ન જોઇએ. કેમકે પોતે જે આ ચૈત્યવંદન કરે છે તે

ચૈત્યવંદન ઉપરના બહુમાનથી કરે છે; ને ચૈત્યવન્દન પર બહુમાન એટલે પછી એ ચૈત્યવન્દન પોતાનું હોય કે બીજાનું.

જો બીજા આત્માના ચારિત્ર ઉપર પ્રેમ ન હોય તો પોતાના ચારિત્ર પર પણ સાચો પ્રેમ નથી! ચારિત્રનો પ્રેમ એનું નામ કે અચારિત્ર એ કસાઈ કરતાં પણ અનંતગુણું ભયંકર લાગે! 'કસાઈ તો એક જીવનનો નાશ કરે છે, જ્યારે અચારિત્ર, અસંયમ અનેક જીવનોનો ઘાત કરે છે. એમાંથી બચાવનાર સંયમ છે! અહા! એવું તારક સંયમ આ પાપમય સંસારમાં જોવા પણ કયાં મળે!'—આ ખ્યાલ હોય પછી બીજા આત્મામાં સંયમ દેખતાં પ્રેમ ઉભરાઈ જ જાય! એના સંયમમાં સહાયક બનાય! એમ ચૈત્યવન્દન પર જો આપણામાં પ્રેમ હોય તો એ ચૈત્યવન્દનના બીજા અનેક આત્માઓ ભક્ત બને એ ભાવના સહેજે રહે. જેમ દિકરા પર બાપને ઉછળતો પ્રેમ હોય છે તો દિકરાના ભક્ત અને દિકરાને માન આપનારા ઘણા વધે, એ શું બાપને ન ગમે? શું બીજા દ્વારા કરાતી દિકરાની ભક્તિ ભાંગી જાય એવું કરે? ને એવું કરે તો દિકરા પ્રત્યે પ્રેમ કહેવાય? એમ પોતાના મોટા અવાજથી બીજાનું ચૈત્યવન્દન, બીજાની ધર્મક્રિયા હણાય તો ચૈત્યવન્દન આદિ પર આપણામાં પ્રેમ કહેવાય? બીજાને ચૈત્યવન્દન કરતો જોઈ એમ થવું જોઈએ કે: 'અહો! આ જીવ બળતા સંસારમાંથી નીકળી અહીં ચૈત્યવન્દન કરવા આવ્યો છે! કેવો ભાગ્યશાળી! મને ગમતા ચૈત્યવન્દનને આવકારવા આવ્યો, કેવું સરસ!' આવી આવી ભાવના અને સદ્વૃત્તિ હોય, પછી ધર્મક્રિયાને બાધ પડોંચે એવું કંઈજ ન કરવાની સાવધાની રાખે; એ સમજતો હોય છે કે– બીજાને ધર્મમાં બાધ કરવાથી પોતાને અંતરાય કર્મ ઉભાં થાય છે. સાક્ષાત્ કે પરંપરાએ બીજાને અંતરાય કરતાં પહેલાં એ વિચારવું જોઈએ છે કે 'શું મને, કે શું બીજાને, સંસારના યોગ જ્યારે સંસારમાં ભમાવે છે, ત્યારે ધર્મયોગ સંસારથી તારે છે. એવા કલ્યાણ ધર્મયોગનો ઘાત કેમ કરાય?' આ બધું વિચારીએ તો યોગ્ય જ લાગે કે વિધિ-તત્પર બનાવવા માટે યુક્ત સ્વર જોઈએ જ.

[૫] પાઠોપયોગઃ-વિધિ-તત્પર બનવા માટે જે ધર્મક્રિયા કરાય, એ ધર્મક્રિયાનો સૂત્રપાઠ બોલવામાં અખંડ ઉપયોગ જોઈએ. સૂત્રમાં ચિત્તને સ્ખલના વિના પરોવી રાખવું જોઈએ. સૂત્રમાં ઉપયોગ રાખવાનો એટલે અર્થમાં ઉપયોગ રાખવાનું સાથે સમજી લેવાનું. સૂત્ર અને અર્થ બન્ને પર લક્ષ જોઈએ. સૂત્ર બરાબર બોલાતું હોય પણ ચિત્ત શૂન્ય હોય અગર બીજે જ ગયું હોય તો એ વિધિ-તત્પરતા ન કહેવાય.

પ્ર૦-ચિત્ત તો એક સમયે એક જ પર રહી શકે ને? અર્થ પર ચિત્ત રાખે તો સૂત્ર પર કયાંથી રહી શકે?

ઉ૦-વાત સાચી છે, ચિત્ત એક સમયે એક જ વસ્તુ પર રહી શકે. પરન્તુ 'સમય' એટલો બધો સૂક્ષ્મકાળ છે કે સૂત્ર-ઉપયોગ પરથી અર્થ-ઉપયોગ પર ચિત્ત જાય ત્યાં કાળભેદ સમજાતો નથી બન્ને ઉપયોગ એક સાથે ચાલતા લાગે છે; જેમ શેરડી ચાવતાં શેરડીને જોવાનો ઉપયોગ, શેરડીના રસમાં ઉપયોગ, એના સ્પર્શનો, એના અવાજનો ઉપયોગ, એની ગંધનો ઉપયોગ,–આ બધા ઉપયોગ એક સાથે ચાલતા લાગે છે ને? એટલે સૂત્ર, અર્થ, બંને ઉપર ઉપયોગની સાવધાની જોઈએ.

બીજી વાત એ છે કે સૂત્રના અર્થ સૂત્ર બોલવા સાથે સ્ફુરવા જોઈએ. સૂત્ર બોલતાં જ અર્થનું ચિત્ર આંખ સમક્ષ ખડું થાય, એવો અભ્યાસ કરવો જોઈએ. 'અર્થ'નો અર્થ માત્ર શાબ્દિક અર્થ નથી સમજવાનો. આમાં તો એક ભાષાના શબ્દની સામે બીજી આપણી ચાલુ ભાષાનો શબ્દ આવ્યો; પણ અર્થ શું આવ્યો? અર્થ એટલે પદાર્થ, વાસ્તવિક વસ્તુ. 'નમો અરિહંતાણં' સૂત્ર ઉચ્ચારતાં સામે જાણે અરિહંત દેખાય છે, અને આપણે નમીએ છીએ, એવો જે ભાસ થાય, એ અર્થ કહેવાય. આના અભ્યાસથી સૂત્રના ઉપયોગની સાથે જ અર્થ-વસ્તુ ખ્યાલમાં આવે છે.

એટલું જ નહિ, પણ અર્થના તન્મય ઉપયોગનો અભ્યાસ વધારવો હોય તો ત્યાં સુધી વધારી શકાય છે કે એક સૂત્ર બોલાઈ ગયું એટલે એને તદ્દન પડતું મૂકવાનું નહિ, કિંતુ પછીના સૂત્ર વખતે મનમાં એની સંકલના રાખવાની. પ્રસ્તુતમાં ચૈત્યવંદન સૂત્રમાં એક પદની પછી એ પદનો બીજા પદ સાથે સંબંધ છે, તે ગ્રંથકાર પદે પદે બતાવવાના છે. દા. ત. 'અરિહંતાણું' પદ પછી અર્હત્ કંઈ સંપત્તિથી અર્હત્ છે, એ બતાવી 'ભગવંતાણું' પદ કહેવાના છે.

આવી સંકલના સ્તવન બોલતા પણ ચાલવી જોઈએ. અર્થાત્ પ્રત્યેક ગાથાની બીજી ગાથા સાથે સંકલના કરાય. એકેક ગાથા બોલાતી જાય તે ધ્યાન રાખી બોલવાની; ખ્યાલમાં રહે કે હું બોલી રહ્યો છું, એનો આ ભાવ છે. તેમ એ ગાથા પૂરી થતાં એની પછીની ગાથા સાથે એનો સંબંધ જોડવાનો. દા. ત. 'કરુણાનાગર, કરુણાસાગર, કાયા કંચનવાન; ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચશે માન :' –એટલે, 'પ્રભુ! તમે ઠેઠ પૂર્વના ત્રીજા ભવે કરુણાની ખાણ અને કરુણાના સમુદ્ર બન્યા છો, તો તમને વૃષભના લાંછનવાળી, પાંચસે ધનુષ ઊંચી તથા વિશ્વમાં અદ્ભુત અનુપમ કંચનવર્ણી કાયા મળી છે.' આ એક જ ગાથાના પૂર્વાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધ વચ્ચે સંકલના કરી. પછી, 'ત્રિગડે બેસી ધર્મ કહંતા...' ગાથાને જોડવાની, 'માટે જ ત્રણ ગઢ પર ધર્મ કહેતા એવા આપને હે પ્રભુ! જગત નીચે બેસી સાંભળે છે...'

આમ અર્થની સંકલનાના ઉપયોગવડે સ્તવ-યોગમાં ચિત્ત પરોવેલું રાખવાથી સ્તવનામાં એકાગ્રતા તન્મયતા બહુ રહે છે! ઊંચી વિધિ સચવાય છે! ઊંચા ભાવોલ્લાસ અને ઉચ્ચ ભક્તિ પ્રગટે છે! એવી જ રીતે સૂત્રમાં સંકલનાબદ્ધ ઉપયોગ રાખવાથી અપૂર્વ સંવેગ-વૃદ્ધિ ને અદ્ભુત તન્મયતા થાય છે. એ સંવેગવૃદ્ધિ અને તન્મયતા કરાવવા માટે જ સૂત્ર પર વિવેચન કરતાં મહાપુરુષો સૂત્રો, પદો, અને ગાથાઓની વચમાં સંબંધ જોડી આપે છે, સંકલના કરી આપે છે, કે 'આના પછી આ કેમ કહ્યું?' આજ લલિતવિસ્તરામાં જોશો કે 'નમોત્થુણં' સૂત્રના પદે પદે પૂર્વપૂર્વના પદની સાથે સંકલના કરી બતાવશે; પૂર્વની સંપદાનો પછીની સંપદા સંબંધ સાથે જોડી બતાવશે.

કદાચ પ્રશ્ન થાય કે આવી સંકલના કરવાની જરૂરીઆત શી છે? એજ કે ઉપયોગ સંકલનાબદ્ધ થતાં ક્રિયાસાધક ક્રિયામાં તન્મય અને તલ્લીન બની શકે છે. બાઈ અનાજ દળવા બેસે, ઘંટીમાં મૂઠો અનાજ નાખીને ઘંટી ફેરવવી શરૂ તો કરે, પણ પછી અનાજની મૂઠીઓ આજુબાજુ કે બીજી બીજી ઘંટીયોમાં ફેંકે, ને આ ઘંટી ફેરવવી ચાલુ રાખે, તો લોટ ભેગો થાય ખરો? ના, એ તો અનાજની દરેક મૂઠીઓ એકેકની પાછળ આ ઘંટીમાં જ નાખવી પડે! તો જ લોટ ભેગો થાય. તેમ પ્રત્યેક ગાથાને સંકલનાબદ્ધ એક જ ચિત્તોપયોગની ધારામાં મૂકવા જોઈએ.

દા. ત. નમસ્કાર સૂત્રમાં 'નમો અરિહંતાણું,' પછી 'નમો સિદ્ધાણું' પદ, પછી નમો આયરિયાણું' પદ, પછી 'નમો ઉવજ્ઝાયાણું' પદ, પછી 'નમો લોએ સવ્વ સાહૂણું' પદ, એ પદોમાં કયી સંકલના છે? એજ કે વિશ્વના તત્ત્વો અને મોક્ષમાર્ગનો મૂળ પ્રકાશ કરનાર અરિહંત છે. પછી એ પ્રકાશ ઝીલીને કૃતકૃત્ય થનારા સિદ્ધ છે. ત્યાર બાદ એ પ્રકાશનો અને કૃતકૃત્ય થવાનો પ્રચાર કરનારા આચાર્ય છે. એ પ્રચારમાં સહાયક ઉપાધ્યાય છે; અને એવા પ્રચાર અને સહાયના આલંબને સાધના કરનારા સાધુ છે. આ રીતે સંકલનાપૂર્વક સૂત્રપાઠ અને અર્થ-ઉપયોગ જોઈએ. પાઠોપયોગ પાછો સતત હોવો જોઈએ, અર્થાત્ એકેક લીટી છૂટી પાડીને અને વચમાં ચિત્ત-ઉપયોગ તૂટે નહિ, એ રીતે અખંડ ધારાએ પાઠ ચાલવો જોઈએ. ઉપયોગે ધર્મ છે. ક્રિયામાં સૂત્રાર્થ પર ચિત્તનો જેટલો ઉપયોગ તેટલો ધર્મ. ઉપયોગ વિનાની ક્રિયામાં તો જો દુષ્ટ આશય ન હોય તો ક્રિયાનો શુભ અભ્યાસ પડે એટલો જ

લાભ; પરન્તુ શુભ અધ્યવસાય અને ઉત્તરોત્તર આત્મ-વિશુદ્ધિનો મહાલાભ તો શુદ્ધ ઉપયોગથી જ મળે. પ્રશ્ન થાય કે,

પ્ર૦—ઉપયોગ અને ધર્મને શો સંબંધ છે ?

ઉ૦—ધર્મ એટલે સ્વભાવ. દુષ્ટનો શું ધર્મ ? બીજાને પજવવાનો. આકાશનો ધર્મ અવકાશ આપવાનો. તેમ આત્માનો ધર્મ ઉપયોગ. માટે ઉપયોગ એ ધર્મ. શુદ્ધ ઉપયોગથી આત્મા શુદ્ધ બનતો જાય છે, અને ધર્મનું કાર્ય આત્માને શુદ્ધ બનાવવાનું છે. માટે શુદ્ધ ઉપયોગ એ ધર્મ; સૂત્ર-પાઠ પર શુદ્ધ ઉપયોગે રહે તો તે ધર્મ કહેવાય. ઉપયોગ એટલે ચિત્તનો ખ્યાલ, ચિત્તની સાવધાની.

સૂત્રાર્થમાં શુદ્ધ ઉપયોગ જાળવવા માટે જોડાક્ષરો બરાબર બોલવા જોઈએ. જોડાક્ષર હોય ને અડધો અક્ષર ખાઈ જાઓ એ ન ચાલે ! એમાં અર્થનો અનર્થ થાય ! દા. ત. 'સવ્વ'નો બદલે 'સવ પાવપ્પણાસણો' બોલો તો અર્થ 'શબના (મડદાના) પાપનો નાશ કરનારો' એવો થાય. 'સવ્વન્નૂણું' ને બદલે 'સવ્વનૂણું' એમ 'ન્' ઓછો બોલો તો અર્થનો અનર્થ થઈ જાય ! 'ભગવાન સર્વથી ન્યૂન' એવો અનર્થ થાય ! માટે 'સવ્વન્નૂણું' બોલવું જોઇએ. (સવ્વન્નૂ એટલે સર્વજ્ઞ). એમ અડધાનો આખો અક્ષર બોલો તો પણ અનર્થ ! **'तमधम्मचयक्कवट्टी'**નો અર્થ 'તે અધર્મ ચક્રવર્તીને' એવો થાય ! બોલવું જોઇએ **तं धम्मचक्कवट्टी**' તે ધર્મ ચક્રવર્તીને એવો વાસ્તવિક અર્થ નીકળે. કહો જો આવી અશુદ્ધિ પૂર્વક સ્તુતિ કરાય તો એ સ્તુતિ થાય કે વિટંબણા ?

માટે પાઠોપયોગ એટલે અક્ષર દીર્ઘ હોય તો દીર્ઘ બોલવો જોઈએ; જોડાક્ષર હોય ત્યાં જોડાક્ષર બોલવો જોઈએ. તેમ, જે શબ્દ કે પદ પર ભાર આપવાનો હોય ત્યાં ભાર આપવો જોઈએ; કેમકે સૂત્રમાં જે ભાવ પ્રદર્શિત કરવો હોય, તે એના યોગ્ય શબ્દો પર ભાર મૂકાય તો પ્રદર્શિત થાય. દા. ત. જ્યાં ક્રિયા એકની એક જ હોય, પણ કર્મ અનેક હોય, ત્યાં કર્મપદ પર ભાર મૂકવો જોઇએ. અથવા જ્યાં વિશેષણ એકનું એક હોય, પણ વિશેષ્ય અનેક છે, ત્યાં વિશેષ્ય પર ભાર જોઈએ. જ્યાં કર્મ કે વિશેષ્ય એકનું એક હોય, પણ ક્રિયા કે વિશેષણ અનેક હોય ત્યાં ક્રિયા કે વિશેષણ પર ભાર મૂકવો પડે. દા. ત. નમસ્કાર સૂત્રમાં પાંચેય પદોમાં 'નમો' ક્રિયા એકની એક છે, અને એ ક્રિયાના કર્મ તરીકે અરિહંત, સિદ્ધ, આચાર્ય વગેરે અનેક છે, તો ત્યાં કર્મપદ 'અરિહંતાણું, સિદ્ધાણું...' એના પર ભાર મૂકવો પડે. 'નમો **અરિહંતાણું**', 'નમો સિદ્ધાણું,' 'નમો **આયરિયાણું**...' એ રીતે વિશેષણો જ્યાં એક સરખા સંખ્યાવાચક આવે છે, ત્યાં વિશેષ્ય પદ પર ભાર મૂકવો જોઈએ દા. ત. -**તિણ્હં** ગુત્તીણં, ચઉણ્હં કસાયાણું, પંચણ્હ **મણુવ્વયાણું**...એ રીતે ભાર મૂકાય; પણ નહિ કે તિણ્હં, ચઉણ્હં એમ વિશેષણભૂત સંખ્યા પદ પર ભાર મૂકવાનો.

ઉચ્ચારણ શુદ્ધ કરે, જોડાક્ષર, અનુસ્વાર, ભાર વગેરે સાચવીને કરે અને અર્થ પર લક્ષ આપે, છતાં એ ઉચ્ચારણ હજુ પરિપૂર્ણ નથી થતું. શું ખૂટે છે તેમાં ? **'तल्लेस्से'** ન હોય, તો ય ન ચાલે, અર્થાત્ જે બોલે છે તેના ભાવને અનુરૂપ શુભલેશ્યા દિલમાં પ્રગટ થવી જોઈએ. દા. ત. પૂજા ભણાવો છો ને ? 'પ્રભુ તુજ શાસન અતિ ભલું !'

આનો ભાવ એ છે કે 'જિનશાસન અતિ હિતકર છે, એના દાતા પરમાત્માનો અનંત ઉપકાર છે.' અહીં પૂજાના અર્થને યોગ્ય લેશ્યા, એના પ્રત્યે મહાન આભાર-બુદ્ધિ અને ઉછળતા અપૂર્વ હર્ષની થવી જોઈએ. એવી લેશ્યા સાથેનો ચિત્તોપયોગ સચોટ ઉપયોગ બની શકે. એવી રીતે એક પૂજા એવી આવે છે કે—

'શીતલ નહિ છાયા રે આ સંસારની ! કુડી છે માયા રે આ સંસારની.'

આ પૂજનો ભાવ એ, 'સંસારની છાયા લહાયબળતી અને માયા જૂઠી છે.' તો એને યોગ્ય લેશ્યા, સંસારની અશીતલતાના હિસાબે મહાન નિરાશા, મહાસંતાપ અને આકુળ-વ્યાકુળતાની, તથા સંસારની જૂઠાઈને હિસાબે અવિશ્વાસની અને કંપનની લેશ્યા જોઈએ. એમ પ્રભુને વિનંતિનું સૂત્ર કે સ્તવન આદિ હોય, દા. ત. 'જયવીયરાય,' તેમાં ગદ્‌ગદ ભાવે આજ્ઞા-સૂચક લેશ્યા જોઈએ. સૂત્ર કે સ્તવનના પદોનું ઉચ્ચારણ એવી એવી લેશ્યા સહિતનું હોય તો પાઠોપયોગ અદ્‌ભુત ભાવભર્યો થાય.

ભાવ અનુષ્ઠાનના ૬ સાધન :—ભાવવાહી અને બળવાન ઉપયોગથી ભાવ-અનુષ્ઠાન સિદ્ધ થાય છે. એ માટે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં છ વસ્તુની આવશ્યકતા કહી છે. ત્યાં આવશ્યક (પ્રતિક્રમણ) ની ક્રિયાને ઉદ્દેશીને કહ્યું છે કે:-' (૧) **તચ્ચિત્તે**, (૨) **તમ્મણે**, (૩) **તલ્લેસ્સે**, (૪) **તદજ્ઝવસાણજ્ઝવસિએ**, (૫) **તદટ્ઠોવઉત્તે**, (૬) **તદપ્પિઅકરણે**,'

(૧) 'તચ્ચિત્ત' એટલે સામાન્ય ઉપયોગ. અર્થાત્ તે તે સૂત્રનો સામૂહિક ખ્યાલ થવો જોઈએ કે 'હું આ સૂત્ર બોલું છું.'

(૨) 'તન્મન' એટલે વિશેષ ઉપયોગ, પ્રત્યેક પદનો ખ્યાલ.

(૩) 'તલ્લેસ્સ' એટલે ઉપર કહી આવ્યા તે મુજબ સૂત્રના ભાવને અનુરૂપ મનની લેશ્યા ઉછળવી જોઈએ.

(૪) 'તદઅજ્ઝવસાણ૦' એટલે આત્મામાં સૂત્રના અર્થને અનુરૂપ નિશ્ચિત અધ્યવસાયની પરિણતિ જોઈએ. દા. ત. 'ઇરિયાવહિયા' સૂત્ર માર્ગે જતાં-આવતાં વગેરેમાં થયેલી જીવહિંસાનો મિથ્યા-દુષ્કૃત દેવાનું સૂત્ર છે, તો એ બોલતાં જાણે જ્ઞાનીની કોર્ટમાં પોતે ખૂની તરીકે ગુનાનો ઇકરાર કરી પશ્ચાત્તાપ કરવા ઉભો થયો છે, એ જાતના નિશ્ચિત ભાવ જોઈએ. ખૂની કેવા હૃદયે, કેવી મુદ્રાએ અને કેવા ગદ્‌ગદ શબ્દોમાં ગુનાનો ઇકરાર કરે ? 'વંદિત્તુ' સૂત્ર, 'દેવસિઅં આલોઉં' સૂત્ર વગેરે ગુનાનાં ઇકરાર પૂર્વક અને પશ્ચાત્તાપના ભાવપૂર્વક બોલાય, વિશુદ્ધભાવે ઇકરાર કરવામાં આવે તો એના લાભ અપરંપાર છે! કેઈ કર્મના બંધન તૂટે ! અને કેઈ મલિન વૃત્તિઓ અને કુસંસ્કારો મોળા પડે ! પણ ઇકરાર કેવી રીતે કરવો જોઇએ ? ખરેખર મહામૂલો સમજીને, અને ગદ્‌ગદ થઇને ઇકરાર કરવો જોઈએ.

(૫) **તદર્થોપયોગ**:-લેશ્યા અને ભાવ પણ એકલા ન ચાલે, સાથે સૂત્રના અર્થ પર, અર્થાત્ તેના શબ્દે શબ્દના, વાકયના અને મહાવાકયના અર્થ પર બરાબર મનનો ઉપયોગ રાખવો જોઇએ. અર્થ એટલે કે અભિધેય પદાર્થ યાને સૂત્રે કહેવાની વસ્તુ પર લક્ષ જોઈએ, જાગતો અખંડ ખ્યાલ જોઇએ. તેથી સૂત્રના ઉચ્ચારણમાં આમ તો અક્ષરો બધા બોલાતા હોય, છતાં પદચ્છેદમાં ગોટાળો ન થાય, અને જયાં ભાર આપવાનો હોય ત્યાં ભાર અપાય, એ રીતે બોલવું જોઇએ.

દા. ત. 'કારાવણે અ કરણે, પડિક્કમે.....' એ સૂત્ર બોલતાં જો 'અ' પદને પછીના 'કરણે' સાથે બોલાય તો ઉચ્ચારણ 'અકરણે' થાય, તેનો અર્થ શું થાય ? 'પાપ ન કરવામાં જે દોષ લાગ્યો હોય તેનાથી હું પ્રતિક્રમું છું.!' આ કેવો ઉંધો અર્થ થયો ! કહેવું તો એ છે કે 'પાપ કરવામાં જે દોષ લાગ્યો હોય...' તો ગોટાળો કેમ થયો ? 'અ' પદ 'કરણે' પદ સાથે લીધું માટે. ખરી રીતે 'અ' ને પૂર્વના **'કારાવણે'** શબ્દની પછી બોલી, જરાક અટકી પછી **'કરણે'** શબ્દ છૂટો પડે એમ બોલવું જોઈએ. 'કારાવણે અ, કરણે' આમાં 'અ' એટલે 'ચ' અને 'ચ' એટલે 'અને' એવો અર્થ થાય છે. 'કરાવ્યું હોય અને કર્યું હોય તેમાં લાગેલા દૈવસિક દોષથી હું પ્રતિક્રમું છું (પાછો હઠું છું) પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કરું છું.'

સ્ટેશનના પ્લેટફૉર્મ પર બોર્ડ માર્યું હોય કે 'આગલ ગાડી છે' પણ વાંચનાર એને જો વાંચે 'આગ લગાડી છે' તો કેવો અનર્થ થાય ? એવી રીતે પદોનો અયોગ્ય વિભાગ કરવામાં અનર્થ થાય છે; માટે યોગ્ય પદચ્છેદ પર ધ્યાન રાખવું આવશ્યક છે. એની સાથે અમુક પદ પર ભાર મૂકવો પણ એટલો જ જરૂરી છે. **'जेण न निद्धंधसं कुणई'** બોલવામાં જો 'નિદ્ધંધસં' પર ભાર મૂકાય તો જાણે અર્થ એવો ભાસે કે 'સમ્યગદૃષ્ટિ આત્માને અલ્પ પાપ બંધ એટલા માટે કે એ નિર્ધ્વંસપણે પાપ કરે છે.' આ કેવો અનર્થ કહેવાય ? ખરી રીતે 'જેણ ન' બોલતાં **'ન'** પર ભાર મૂકવો જોઈએ, કેમકે અર્થમાં પણ એ રીતે જ ભાર મૂકીને બોલવામાં આવે છે. દા. ત. 'કારણ કે એ નિર્ધ્વંસપણે પાપ **નથી** કરતો.' પદેપદના અર્થ પર ચિત્તનો ઉપયોગ હોય તો ઉચ્ચારણ યોગ્ય થાય.

અહીં પદનો અર્થ એટલે શું, એ વસ્તુ સમજવાની છે. 'અર્થ' એટલે માત્ર ભાષાંતર નહિ; દા. ત. 'નમો અરિહંતાણું.' પદનો અર્થ ગુજરાતી ભાષામાં 'હું અરિહંતોને નમું છું.' કરીએ તો એ માત્ર ભાષાંતર થયું. 'યોગવિંશિકા'ની ટીકામાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે 'સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, નિરાલંબન' એ પાંચ યોગનો અર્થ બતાવતાં ' અર્થ 'નો અર્થ કર્યો કે 'પદની અભિધેય વસ્તુ;' અર્થાત્ પદથી જે વસ્તુ કહેવી છે તેને અર્થ કહેવાય. દા. ત. 'નમો અરિહંતાણું' પદથી સમવસરણમાં બિરાજમાન અને અષ્ટ પ્રાતિહાર્યની પૂજાના પાત્ર એવા અનેક અરહિંતદેવોને નમસ્કાર કરવાની વસ્તુ લેવાની છે. એના પર ચિત્તનો ઉપયોગ જોઈએ, અર્થાત્ નજર સામે જાણે અનેક અરિહંત પ્રભુ દેખાય અને આપણે એમને નમતા હોઈએ, એ ભાસ થાય. આનું નામ 'અર્થ'નો ઉપયોગ.

ઉપર કહ્યા તે સ્થાન, વર્ણ, અર્થ... વગેરે પાંચ યોગોમાં ચિત્તનો મુખ્ય ઉપયોગ 'અર્થ' પર અર્થાત્ પદે કહેલી વસ્તુ પર રાખવાનો છે. 'સ્થાન' અને 'વર્ણ' પર ઉપયોગ તો માત્ર યોગ્ય આસનમુદ્રા રાખવા અને શુદ્ધ ઉચ્ચારણ કરવા પૂરતો છે. 'આલંબન' પર ઉપયોગ માત્ર પ્રતિમાજી આદિ આલંબન પર દૃષ્ટિ કેન્દ્રિત રાખવા પૂરતો છે. 'નિરાલંબન' યોગમાં તો ઊંચી ધ્યેય-ધ્યાન-ધ્યાતાની અભેદ અવસ્થા છે. એટલે પ્રસ્તુતમાં મુખ્યતયા અર્થ પર ઉપયોગ રાખવાનો છે, ને તે ઉપયોગ પદની વાચ્ય વસ્તુ અંગે સમજવો. જ્યારે દરેક સૂત્ર અને દરેક પદની વસ્તુ પર ઉપયોગ જાગ્રત થઈ જાય, એ વસ્તુ નજર સામે તરવરતી થઈ જાય, દા. ત. 'સકલતીર્થ વન્દુ કરજોડ' સૂત્રની વસ્તુમાં દેવલોક, મૃત્યુલોક અને પાતાલ, ત્રણેયના જિનમંદિરો નજર સામે તરવરતા દેખાય, ત્યારે આત્મા એમાં તન્મય બને, એ સહજ છે.

(૬) 'તદર્પિતકરણ' એટલે ક્રિયાના ઉપકરણ બરાબર રાખવા જોઈએ, ને તેનો બરાબર ઉપયોગ કરવો જોઈએ. દા. ત. પ્રભુભક્તિમાં ખેસ (ઉત્તરાસંગ) રાખવો જોઈએ; ને બરાબર વિનયસૂચક પરિધાન કરવું જોઈએ, એના આઠ પડથી મુખ બાંધવું જોઈએ, તથા ખેસથી જમીન પૂંજી જીવરક્ષા કરવામાં એને વાપરવો જોઈએ. સામાયિક-પ્રતિક્રમણમાં ચરવળો (ઉનનું રજોહરણ) રાખવો જોઈએ, ને તે ઉઠતા-બેસતાં પૂંજવામાં બરાબર વાપરવો જોઈએ.

આ રીતે ક્રિયામાં પાઠોપયોગ અર્થાત્ સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ, અર્થનું લક્ષ, તથા ભાવ આદિનું લક્ષ રખાય તો કહેવાય કે વિધિમાં તત્પરતા છે.

★

ઉચિતવૃત્તિના પાંચ લક્ષણ.

(૧) લોકપ્રિય:— આત્મા ધર્મનો અધિકારી તો બને, કે જો એનામાં ઉચિતવૃત્તિ હોય. ઉચિતવૃત્તિ છે કે નહિ, તે માટે જોવું કે એ આત્મા લોકપ્રિય છે કે નહિ ? લોકોને તો જ વલ્લભ લાગે કે જો એ યોગ્ય જીવનચર્યા વહન કરતો હોય. દરેક પ્રસંગમાં એ આત્માનું વિવેકી સંભાષણ, એનો વિવેકી વ્યવહાર, એની શુદ્ધ લેવડ-દેવડ, વગેરે બધું જ ઉચિત હોય. એનું જે, કુટુંબી તરીકેનું સ્થાન હોય, સમાજની જવાબદારીનું સ્થાન હોય, એને એ બરાબર અદા કરતો હોય; પત્નીને સંભાળે ને માતાને નહિ, કે મિત્રને સાચવે, પણ ભાઇની બબર પણ ન લે, એવું ન બને. બધા જ સંબંધ ઉચિત રીતે સાચવે અને સેવે. કોઇનો પાડોશી હોય તો એના પ્રત્યે પણ પોતે શ્રીમંત હોવા છતાં ખામોશ અને નમ્ર ભાષા રાખે, અવસરોચિત સહાય અને સહકાર રાખે, અર્થાત્ બધા સાથે બરાબર યોગ્ય વર્તાવ રાખે. જો આવું વ્યાપક ઔચિત્ય હોય તો એનામાં લોકપ્રિયતા ગુણ આવી જ જાય. બહાર લોકો એના પ્રત્યે અપ્રીતિ ન કરે, કે એનું ઘસાતું પણ ન બોલે. આના પર લોકપ્રિયતા મપાય છે. આ લોકપ્રિયતા ધન-માલ પર નિર્ભર નથી. લોકપ્રિય એટલે લોકના દિલમાં વસી ગયો હોય. લોકો હૃદયના કોઈ ખૂણામાં પણ એનું બરાબ ન ચિંતવે. કયાંય બાનગી ખૂણામાં પણ એનું ઘસાતું ન બોલતા હોય, પીઠ પાછળ પણ નિંદા ન કરતા હોય, દિલમાં અરુચિ ન ધરાવતા હોય ! સાચી લોકપ્રિયતા આનું નામ છે. આજે તો સગી પત્ની પોતાના પતિ અંગે ને પતિ પત્ની અંગે પણ ઘસાતું બોલતા દેખાય છે ! જીવન તો એવું યોગ્ય જોઈએ કે લોકોને વિરુદ્ધ બોલવાનું મળે જ નહિ ! પાડોશી સાથે ઉચિત વર્તતો હોય, પણ ઘરમાં બગાડે, તો પણ વાતાવરણ બગડે ! અને લોકપ્રિયતા ઉડે ! લોક કહે, 'જોયો ? ઘરનાને કકળાવી બહાર ઉપકાર કરવા નીકળી પડયો છે !' પણ જો કોઇ ને ય બોટું બોલવાની કે માનવાની તક ન આપે તો લોકપ્રિયતા ટકે. એવો જીવન વ્યવહાર જોઇએ. આના માટે તો પહેલો ખામોશ ગુણ જોઇએ. બીજાના તમારી પ્રત્યેના બરાબ વ્યવહાર-વર્તાવને પણ બમી બાતાં શીખો, સહી લેતાં શીખો. સાથે સૌમ્યતા, સહૃદયતા, સહાનુભૂતિ, નમ્રતા, ગાંભીર્ય, થોડી ઘણી પણ ઉદારતા, નિસ્પૃહતા વગેરે જોઇએ. આ બધું નથી હોતું એટલે માણસ જરા જરામાં ઉછળી પડે છે ! ત્યાં એને ધર્મક્રિયાની શરમ નથી પડતી. પછી લોકમાં જાતને અને ધર્મને અળખામણો કરનારો બને છે. ત્યાં લોકપ્રિયતા કયાંથી આવે ? ધર્મના અધિકારી બનવા લોકપ્રિયતા પહેલી જોઇએ. ખામોશ, સહૃદયતા, ઔદાર્ય વગેરે કાંઇ એવા બહુ ઉચ્ચ કોટિના ગુણો નથી કે એ પામવા દુષ્કર હોય. એ તો મધ્યમ ગુણો છે ! જે દાન-રુચિ, અને મધ્યમ ગુણવાળો હોય અને સ્વભાવે અલ્પ કષાયી હોય એ મનુષ્યતું આયુષ્ય ઉપાર્જે છે. એવા મધ્યમ ગુણો વિના ય ધર્મની યોગ્યતા કયાંથી આવે ? ધર્મનો જેટલો બપ, તેટલો બપ આનો જોઇએ.

લોકપ્રિયતા કેમ આવે ? :—લોકપ્રિયતા લાવવા ઉપરોક્ત ગુણો લાવવા જોઇએ. વિચારવું જોઇએ કે 'જગતમાં ગુણની કિંમત છે, ગુણ પૂજાય છે. પરમાત્માને ફૂલ ચઢે છે, પાંદડાં નહિ, કચરો નહિ. શરીરે ચન્દન ચોપડાય છે, કાદવ નહિ. પ્રશંસા હાથીની થાય છે, ઉંટની નહિ. લડાઇમાં મરદો કેસરિયા કરે છે, બાયલા નહિ. તો મારે પણ ગુણસંપન્ન બની લોકપ્રિય થવું જોઇએ. લોકપ્રિયને સંકટમાં સહકાર મળે છે, પ્રસંગને શોભાવનારા લોક મળે છે, સારા માણસો પાસેથી અવસરો

ચિત સલાહ મળે છે ! ઊંચા હોદ્દા લોકપ્રિયને મળે છે. લોકપ્રિય બનવામાં જ્ઞાનીની આજ્ઞાનું પાલન થાય છે...' વગેરે વિચારણાપૂર્વક પ્રયત્નશીલ રહ્યાથી લોકપ્રિયતા મળે છે. જડ વસ્તુઓ તુચ્છ છે, અહંભાવ તુચ્છ છે, એની ખાતર લોકપ્રિયતા ગુમાવવાની નહિ. લોકપ્રિયતા હોય તો જ ઉચિત જીવનવૃત્તિનો ગુણ આવ્યો ગણાય.

(૨) **અગર્હિત ક્રિયા**:—જેમ ઉચિત જીવનચર્યા હોવાનું લોકપ્રિયતા ઉપર બબર પડે, તેમ અગર્હિત ક્રિયાથી અર્થાત્ અનિંદ્ય પ્રવૃત્તિથી ઉચિતતાની બબર પડે. પ્રવૃત્તિ અનિંદ્ય હોવી એ એક માર્ગાનુસારીનો ગુણ છે, અને લોકપ્રિયતા શ્રાવકના એકવીસ ગુણમાંનો એક ગુણ છે. ઉચિત જીવનવૃત્તિ છે કે કેમ, તે સમજવા અહીં આ ગુણોને મૂક્યા છે. નિંદ્ય પ્રવૃત્તિમાં ઘણું ઘણું આવે. નિંદા, ચાડી, ચુગલી એ નિંદ્ય છે, ઉદ્ધત વાણી અને ઉદ્ધત વર્તાવ એ નિંદ્ય પ્રવૃત્તિ છે, લોકોને લઢાવવા એ નિંદ્ય પ્રવૃત્તિ છે. ધર્મી અને ધર્માત્માઓનું ઘસાતું બોલવું એ નિંદ્ય પ્રવૃત્તિ છે, દુરાચારની પ્રવૃત્તિ, મોટાં જૂઠ ડફાણુ એ નિંદ્ય પ્રવૃત્તિ છે. એવી રીતે કેટલાક ધંધા નિંદ્ય પ્રવૃત્તિ ગણાય. ઢોરોને ડામ દેવાનું કામ, ચોરોનો માલ સંઘરી એના પર ધંધો કરવાનું કામ, દલાલી કરે પણ વચ્ચેથી ગાવલીઓ ખાઈ જવાનું કામ,...વગેરે નિંદ્ય પ્રવૃત્તિ છે. જુગાર શિકાર વગેરે પ્રવૃત્તિ નિંદ્ય છે.

પ્ર૦ :—નિંદ્યપ્રવૃત્તિને ધર્મની સાથે શું સંબંધ કે એ નિંદ્ય પ્રવૃત્તિ હોય તો ધર્મ માટેની યોગ્યતા ન રહે ? નિંદ્ય પ્રવૃત્તિવાળો આત્મા ધર્મમાં રસ લેતો હોય, ધર્મ માર્ગે પૈસા ખર્ચતો હોય અને તપ, જપ કરતો હોય તો શું એ ધર્મને યોગ્ય નથી ?

ઉ૦:—ના, નિંદ્ય પ્રવૃત્તિઓ માણસના મનની વધુ મલિનતા સૂચવે છે. એવી મલિનતાવાળાને ધર્મ સ્પર્શતો નથી. ધર્મ તો પવિત્ર દિલવાળાને સ્પર્શે છે એને નિંદ્ય પ્રવૃત્તિનો વિચાર સરખો ન ગમે. તો જ એ ધર્મક્રિયાને પણ દીપાવે. નિંદ્ય પ્રવૃત્તિવાળો તો ધર્મક્રિયાને લજવે છે. પછી કેઈને ધર્મક્રિયા અને ધર્મ ઉપર સુગવાળા, અભાવવાળા કરે છે. માટે નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ જોઈએ. અલબત્ સાંસારિક વલણ એ કાંઈ ધાર્મિક વલણ નથી, છતાંય સંસારમાં મન એટલું મલિનતાવાળું જ હોય એવો નિયમ નથી. પરંતુ નિંદ્ય વિચારસરણી, નિંદ્ય બોલ અને નિંદ્ય વર્તાવ એ ભારે મલિન હૃદય હોવાનું સૂચવે છે. એવાને ધર્મ કયાંથી સ્પર્શી શકે ? વિચારવું જોઈએ કે ધર્મક્રિયાનો જેટલો બબર કરાય છે, એટલો નિંદ્ય પ્રવૃત્તિ પર તિરસ્કાર, અને સાથે એનો ત્યાગ કરવાનો અને અનિંદ્ય પ્રવૃત્તિ દ્વારા ઉચિત વ્યવહાર સાચવવાનો બબર જોઇએ જ. ધર્મના અધિકારી બનવામાં નિંદ્ય પ્રવૃત્તિનું વિકૃત મન ન ચાલે ! વિકૃત મનવાળો ધર્મમાં પણ વિકૃતિ નહિ કરે, તેનો શો ભરોસો ? નિંદ્ય પ્રવૃત્તિ એ મૌલિક દોષ છે. એ હોય ત્યાં સુધી ધર્મની ભૂમિકા ન સર્જાય, ધર્મક્રિયાની યોગ્યતા ન આવે.

નિંદ્ય પ્રવૃત્તિ ટાળવા એ વિચારવું જોઈએ કે 'એનાથી અપયશ મળે છે ! પાછળથી પસ્તાવું પડે છે ! માનવ તરીકેના ઉચ્ચ જીવનને એ લજવનાર છે ! સાચી શાંતિ લૂંટાય છે ! બીજા સાથે કલેશ-કંકાશ વધે છે ! નવાં પાપ વધે છે ! ધર્મની તક ગુમાવાય છે ! પરમાત્માના કુપુત્ર નીવડવાનું બને છે ! પૂર્વ પુરુષોએ જેમ નિંદ્ય પ્રવૃત્તિ જીવનને સ્પર્શવા ન દીધી અને ઊંચે ચઢચા તેમ આપણે કેમ ન કરી શકીએ ? '

(૩) **સંકટમાં ધૈર્ય** :— ત્રીજા નંબરમાં, ઉચિતવૃત્તિ ધરનાર આત્મા સંકટમાં સારી રીતે ધૈર્ય રાખનારા હોય. એના પરથી ઉચિતવૃત્તિ પરખાય. ગમે તેવા સંકટ આવે, પણ એ ધીરતાથી કામ લે, અધીર ન બને. અધીરતા એટલે શું ? અધીરતા એટલે હાયવોય, અને ગમે તે પ્રકારે સંકટમાંથી છૂટવાની ઉતાવળ. એને લીધે પછી માણસ કાર્ય-અકાર્યનો વિવેક ભૂલે છે; અને કેટલું ય અનુચિત કરવા પ્રેરાય છે. સંકટ આવે એટલે મનુષ્ય ચોંકે એ સંભવિત છે; પણ ધૈર્ય ગુમાવી નિરાશ કે

ભગ્નહૃદય ન બનવો જોઇએ. કારણ કે એથી મનુષ્ય એક બાજુ હાયવોય અને શોક કરી ભારે દુર્ધ્યાનમાં પડે છે, અને જ્ઞાનાવરણ આદિ અનેક પાપકર્મો ઉપાર્જે છે. શોક અને હાયવોયના સમયે સમયે નવાં નવાં પાપકર્મો ભરતી થયે જાય છે! એક મિનિટમાં તો અસંખ્ય સમયો પસાર થાય છે; ત્યાં સુધીમાં પાપકર્મોની અખંડ ધારા વહી આવે છે! ત્યારે બીજી બાજુ અનાદિના કુસંસ્કારો પોષાઈ દૃઢ થાય! માટે જ શોક અને હાયવોયને જ્ઞાનીઓએ મહાદોષ કહ્યો છે. ત્યારે અધીરતાને લીધે બીજી બાજુ દીનતા આવી જાય છે! ધૈર્ય નહિ એટલે દુઃખિત થઇ દીન બને છે, અને દીનતા મહાન દોષ છે. દીન બનવાથી જેની તેની આગળ રોદણાં રોઈ ગરીબડો થાય છે; યશ ગુમાવે છે; અને સત્ત્વહીન બને છે! સત્ત્વહીનતામાંથી સુકૃત કરવાની શક્તિ નાશ પામે છે. ત્યારે વિચારો કે કર્તવ્ય અને સુકૃતો સાધવાની શક્તિ ગુમાવરાવે એ અધીરતા દોષ કેટલો ભયાનક! ધૈર્ય ગુણવાળો, ભલે સંકટ આવ્યું હોય, કયાંક પાછો પડયો હોય, કે આપત્તિ માથે આવી પડી હોય, છતાં બીજાં કર્તવ્ય નહિ વિણસાડે, બીજાં સુકૃત માટે નિરુત્સાહ નહિ બને. ઉલટું સંકટ ટાળવા વધુ કર્તવ્યપરાયણતા અને સુકૃતનું બળ કેળવશે. અધીરો આ શું કરી શકે? એ તો બીજું સારૂં કરતો હશે તે ય કદાચ હોડી દેશે; અને જરૂર પડયે અધીરાઈમાં તણાવાને લીધે દેવનું, ગુરુનું કે સાધર્મિકનું ઘસાતું ય બોલશે. અધીરતા બીજા પર દોષ ઢોળવા પ્રેરે છે, નિંદાને પ્રેરે છે, નિંદ્ય પ્રવૃત્તિને પ્રેરે છે. વળી અધીરાઈ અને દીનતાથી બીજા પાસે ખોટી આજીજી કરવા જતાં, નથી ને જો સામાએ સહકાર ન આપ્યો તો વધુ અધીર, વધુ અસ્વસ્થ અને વધુ દ્વેષ આદિ દોષથી ગ્રસ્ત બને છે. આવો માણસ કદાચ ચૈત્યવંદન વગેરે ધર્મ કરવા જાય, ને નથી ને કદાચ પોતાના કમભાગ્યે ત્યાં કોઈ સંકટ આવ્યું, તો કેવીક અધીરતા અને એની પાછળ કેવા કેવા દોષો અને અકાર્યોમાં પડશે! સંભવ છે કે અધીરતામાં સ્થિતિ ત્યાં સુધી પહોંચી જાય કે ધર્મ ઉપર એ અભાવવાળો બની જાય! તેથી પહેલાં ધર્મથી જેટલો દૂર હતો તેના કરતાં અત્યારે વધારે દૂર ખસી જાય! માટે જ અહીં ધર્મના અધિકારી બનવા માટે સંકટમાં ધીરતા રાખવાનો ગુણ જરૂરી કહ્યો છે. એ જીવનચર્યાને ઉચિત રાખે છે,

ધીરતા શી રીતે રહે?:— ઉચિત જીવનવૃત્તિનો ખપ છે તો સંકટમાં ધીરતા કેળવવી જ પડે. એમાં કઠિન પણ શું છે? માણસે વિચારવું જોઇએ કે સંકટમાં ભડકવું શા માટે?

(૧) 'પાપકર્મના ઉદય જાગ્યા હોય તો સંકટ આવે જ. તો કચાં આપણે એકલાં પુણ્ય જ ભોગવવાનો ઠેકો રાખ્યો છે? શું પૂર્વ ભવોમાં અને આ જીવનમાં કોઈ હિંસાદિ કૃત્યો અને રાગાદિ દોષો નથી સેવ્યાં? કોઇ પાપકર્મો સિલિકમાં નથી? હોય જ. માટે જ તો એ પાપકર્મ વગર બોલાવ્યા ઉદયમાં આવે છે, અને તો એ સંકટ ઊભાં કરે જ.' ત્યારે,

(૨) આપણને સગવડ ભોગવતાં જેમ આવડે છે, એમ સંકટ પણ ભોગવતાં આવડવાં જોઇએ. સગવડ ભોગવવાની જેમ સંકટને સહવાની પણ તૈયારી જોઇએ. નોકરને પગાર લેવાની તૈયારી હોય અને નોકરી કરવાની તૈયારી ન હોય તો એ ચાલી શકે?

(૩) સગવડ ગમે છે, સંકટ નહિ! પણ સમજવું જોઇએ કે, ઉલટું, સંકટમાં તો માણસની કસોટી થાય છે, ઘડતર થાય છે, ધીરતા વગેરે ગુણો કેળવવાનો અવકાશ મળે છે. કસોટીમાં પાસ થવાથી આત્માની શુદ્ધિ વધે છે, તેજ વધે છે, બળ વધે છે. સોનું ભડભડ બળતા અગ્નિના સંકટમાંથી પસાર થઈ શુદ્ધ અને તેજસ્વી નીવડે છે, તો એ સાચા સોનામાં ખપે છે. ભારે પરીક્ષાઓમાંથી પસાર થનાર વિદ્યાર્થી ઉચ્ચ પદવી પામે છે. વસ્તુમાં જો એવો Resisting Power એટલે કે આક્રમણના સંયોગો સામે સ્વસ્વરૂપમાં ટકવાનું સામર્થ્ય હોય છે, તો એ વસ્તુ શુદ્ધ અને કિંમતી તરીકે ખપે છે; તો

આત્મામાં પણ એ સામર્થ્ય ખાસ જોઇએ. સંકટ સામે ધીરતાથી ટકવાની, ને સંકટને સહર્ષ વધાવી લેવાની ખાસિયત જોઇએ. તો જ શુદ્ધિ પ્રાપ્ત થાય અને ઉચ્ચ માનવ તરીકેનું પ્રમાણપત્ર મળે.

(૪) ધર્મનો અધિકારી આત્મા કેળવાયેલો મનુષ્ય હોય, કેળવાયેલી કણેક રોટલી બનવા માટે અધિકારી છે. તેમ ગુણોના અભ્યાસથી કેળવાયેલો મનુષ્ય ધર્મનો અધિકારી બની શકે છે. સંકટમાં ધૈર્ય રાખો, ખમી ખાવાનું રાખો. આ પ્રયોગ એક અઠવાડીયું કરો, પછી એના મહાન લાભ દેખાશે. ભલે દુઃખના ડુંગરા તૂટી પડે, પરંતુ આપણે નાહિંમત નહિ થવાનું, સમજી રાખવાનું કે—

(૫) બીજી રીતે વિચારતાં સંકટ એ તો અનુકૂળ પ્રસંગ છે, અથવા મામુલી પ્રસંગ છે. આ કંઈ ભારે સંકટ નથી! સાપેક્ષ કલ્પનાથી મન રાઇ બની જાય છે, અને હિંમતવાળું બને છે. પાંચ રુપિયાની નોટ પડી ગઇ, પછી વિચારે કે-'સારૂં થયું કે ૧૦૦ રુપિયાની નોટ લઇને આજે બહાર ન ગયો!' તો મન હલકું રહે છે. સુખ-દુઃખ સાપેક્ષ વિચારણાથી છે. સંકટમાં જો એ અપેક્ષા રાખી હોય કે-"સંકટ આવ્યું એટલે કર્મ દેવું લેવા આવ્યો છે. ભલે લઈ જાઓ શાહજોગ!" તો આત્મામાં ધૈર્ય ટકી શકે.

(૬) દુનિયામાં રત્ન, મોતી, સોનું વગેરે સારી વસ્તુઓ જો ઘણું સહે છે, તો એ ઊંચા બને છે; તેમ આત્માએ પણ ઊંચા બનવા માટે ઘણું ઘણું સહેવું જોઇએ.

આ રીતે વિચારણાઓ કરી ધીરતાને કેળવતા જવું જોઇએ; જેથી નાની-મોટી આપદામાં ધીરતા રહે! તણખિયા કોલસાની જેમ જરા જરામાં માણસ ફુટફુટ થતો હોય તો એ ધર્મને યોગ્ય કેવી રીતે કહેવાય?

ધર્મ એ ઊંચી કોટિનો રંગ છે. એ રંગને આત્મા પર ચઢાવવા ઉચિત જીવનવૃત્તિરૂપ ઊંચામાં ઊંચી સફાઇ જોઇએ! મેલા કપડા પર ઊંચો રંગ ન ચઢે, ઉલટો રંગ બગડે. તેમ અનુચિત જીવતરવાળાને આપેલો ધર્મ બગડે.

(૪) **શક્તિ-અનુસાર ત્યાગ:**—આત્મામાં ઉચિત જીવનવૃત્તિ છે કે કેમ, તેનો નિર્ણય કરવા ચોથા લક્ષણમાં એ તપાસવું પડે કે એ દાનમાં યથાશક્તિ પ્રવર્તે છે કે નહિ,

પ્ર૦:—ઉચિતવૃત્તિ સાથે દાનનો શું સંબંધ છે?

ઉ૦:—દાન દેવાની પાછળ-(૧) ચિત્તની ઉદારતા કામ કરતી હોય છે, (૨) ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા કામ કરતી હોય છે, (૩) દુઃખી જીવો પરની દયાવૃત્તિ કામ કરતી હોય છે, ને (૪) ગુણવાન તથા શુદ્ધ ચારિત્રપત્ર પ્રત્યેનો પૂજ્યભાવ કામ કરતો હોય છે. આ ઉદારતા, કૃતજ્ઞતા, દયા અને પૂજ્યભાવ જો આત્મામાં ન હોય તો એ આત્મા ધર્મને માટે યોગ્ય ન કહેવાય; કેમકે ઉદારતા વગેરેના અભાવે એ અવસરોચિત ઔચિત્ય સાચવી શકતો નથી. જે આત્મા અવસરોચિત ઔચિત્ય ન સાચવે તે આત્મા ધર્મ હાથમાં લે, તો પણ એને શોભાવી શકે નહિ. જેમ સાંસારિક કુટુંબી સાથે દૈહિક સંબંધ છે, તેમ ઉપકારી, દુઃખી અને પૂજ્ય પુરુષો સાથે આધ્યાત્મિક સંબંધ છે. ધર્મ લેવા ઇચ્છનારે શારીરિક સંબંધ કરતાં આધ્યાત્મિક સંબંધનું અધિક મહત્ત્વ માથે ધરવું જોઇએ; તો જ ધર્મ સાથે સાચી સગાઇ થાય. જે આધ્યાત્મિક સંબંધમાં બેપરવા હોય એ શક્તિ અનુસાર દાન નહીં કરી શકે, આત્મભોગ નહિ આપી શકે; અને તેથી ધન, કુટુંબ અને સ્વાર્થની ગાઢ મૂર્ચ્છામાં એ ડૂબ્યો રહેશે! એની ગાઢ મૂર્ચ્છા ધર્મના સાચા ભાવને અટકાવનારી છે.

ઉપકારી પ્રત્યે :— મનુષ્યના જીવનમાં માતાપિતાનો ઘણો ઉપકાર છે, ગર્ભાવસ્થામાં કે બાળપણામાં મનુષ્ય કંઈ આવડત કે હોંશ રાખી શકે છે? એ તો કેટલાંય કષ્ટ વેઠીને માતાપિતાએ

અવસ્થામાં બાળકનું પોષણ કરે છે, હોશિયાર બનાવે છે. હવે જો એ મહાન ઉપકાર ભૂલી માણસ સ્વાર્થઘેલો, પત્નીઘેલો કે આપમતિ બની માતાપિતાની પાછળ તન-મન-ધનનો ભોગ ન આપે તો એ કેટલો બધો કૃતઘ્ન ગણાય ? પશુ કરતાં એ મનુષ્યમાં શી વિશેષતા ? એમ પોતાના વિદ્યાગુરુનો ઉપકાર ભૂલી જાય અને વિદ્યાગુરુ માટે યથાશક્તિ ભોગ ન આપે તો તે પણ મનુષ્યની કૃતઘ્નતા છે. તેવી રીતે જીવનના વિવિધ પ્રસંગોમાં ઉપયોગી બનેલા બીજા માણસોને અવસરે અવસરે સહાય ન કરવામાં આવે તો તે પણ કૃતઘ્નતા છે. અરે ! માણસ વિચારે તો જનસમાજ પણ એનો ઉપકારી છે; કેમકે માણસ જે સદ્‌વ્યવહાર અને સદાચાર પાળે છે તે કેટલુંક તો જનસમાજની મર્યાદાને લીધે પાળે છે. વળી એમના સહવાસને લીધે કેટલાય આનંદ મળે છે, ચોર ડાકુ વગેરેથી રક્ષણ મળે છે. આ બધાની પ્રત્યે કૃતજ્ઞભાવ રાખી મોકો મળતાં શક્તિ અનુસાર દાન દેવું જોઇએ.

ત્યારે પૂજ્ય પુરુષોએ તો મનુષ્ય પર કેટલો બધો ધાર્મિક ઉપકાર કર્યો છે ! તેમણે ધર્મમાં દૃષ્ટિ જોડી આપી છે ! આત્માને પાપપુણ્યનો વિવેક, તથા સંસાર અને મોક્ષનો સુંદર ખ્યાલ કરાવ્યો છે ! એમનો આ અસાધારણ ઉપકાર છે. એમની પ્રત્યે કૃતજ્ઞતાની દૃષ્ટિએ યથાશક્તિ દાનભક્તિ કરવી જ જોઇએ.

પૂજ્ય પુરુષો બે પ્રકારના, એક ઉપકારી પૂજ્યો, બીજા ગુણવાન પૂજ્યો. ઉપકારી પૂજ્યોએ ધર્મ પ્રત્યે દૃષ્ટિ ખોલી આપી ! ધર્મમાં ચઢાવ્યા ! અને સમ્યગ્ જ્ઞાન આપ્યું ! તેમનો આ જેવો તેવો ઉપકાર નથી ! કેશી ગણધરે નાસ્તિક એવા પ્રદેશી રાજાને ધર્મમાં ચઢાવી નરકને બદલે સ્વર્ગના માર્ગે ચઢાવ્યો ! ગુણસેન રાજા પર વિજયસેન આચાર્ય મહારાજે અસાધારણ ઉપકાર કર્યો એથી એ અંતે મોક્ષ સુધી પહોંચ્યા ! આવા ઉપકારી પૂજ્યો પ્રત્યે કેટલો બધો કૃતજ્ઞભાવ ઉભરાય અને કેટલું દાન અપાય ! જો કૃતજ્ઞ-ભાવ ન ઉભરાય અને દાન ન દેવાય તો એ મનુષ્યના હૃદયની જડતા સૂચવે છે ! ઉચિતવૃત્તિનો અભાવ સૂચવે છે.

ગુણવાન પ્રત્યે :—બીજી કોટિના પૂજ્ય પુરુષો એમના ગુણોને લઈને છે. નગરમાં કોઈ નવા જ આચાર્ય મહારાજ પધાર્યા હોય એમણે હજુ આપણા પર કોઇ ઉપકાર ન કર્યો હોય છતાં એ મહાપુરુષ ગુણસંપન્ન હોય છે તો દિલ ઠરી જાય છે ! જગતમાં હીરા-માણેક ઘણા થોડા હોય છે, તો જ્યાં હીરા-માણેક દેખાય છે ત્યાં આંખ ઊંચી થાય છે ! તેમ જે આત્મામાં ગુણો દેખાય ત્યાં આંખ ઊંચી થવી જોઇએ. સાધુઓ વિશિષ્ટ ગુણોવાળા હોય છે, મહાપવિત્ર અને પરોપકારી જીવન જીવતા હોય છે, તો તેમના ગુણનું આકર્ષણ હોવું જોઇએ. પછી એમના પ્રત્યે યથાશક્તિદાન જરૂર થાય. જો યથાશક્તિ દાન કરવામાં બેદરકારી હોય તો સમજવું જોઇએ કે આપણને ગુણની કિંમત નથી, અને જેને ગુણોની કિંમત નથી એવો માણસ ઉચિતવૃત્તિ ન કહેવાય પછી એવો મનુષ્ય ધર્મ લઈને પણ શું સારૂં કરવાનો ?

દુઃખી પ્રત્યે:—જેમ ગુણવાનને કરેલું દાન ઉચિતવૃત્તિ છે, તેમ દુઃખીને કરેલું દાન પણ ઔચિત્યને ઝળકાવે છે. દીન-હીન જીવો પ્રત્યે દયાની વૃત્તિથી અને તેમને દાન દેવાથી માણસને પોતાની અતીત યા આગામી દુઃખમય સ્થિતિનો ખ્યાલ આવે છે, અને તેથી અભિમાન કે એકલપેટાપણું ટળે છે. દુઃખીને જોઇને હૃદયમાં સહાનુભૂતિ સમવેદન ઉભું થવું જોઇએ. સાચી સહાનુભૂતિ તેનું નામ કે—' કેમ આનું દુઃખ હું દૂર કરૂં...' એવી તમન્ના થાય. શાસ્ત્ર કહે છે, ' **परदुःखप्रहाणेच्छा करुणा** ' બીજાના દુઃખ દૂર કરવાની ઇચ્છા એ કરુણા. માત્ર લાગણી ભરાઈ આવે એ દયા નથી, પણ એનું દુઃખ દૂર કરવા ઇચ્છા જાગે તે દયા છે. પછી એના માટે શકય ભોગ અપાય. કૃતજ્ઞતાની જેમ દયા પણ આવશ્યક છે. દયા વિના તો દિલ કઠોર અને નિર્ઘૃણ બની જાય છે; નિર્ઘૃણ આત્મામાં ઉચિતવૃત્તિ ન હોઈ શકે, ને ઉચિતવૃત્તિ વિના આત્મા ધર્મનો અધિકારી પણ ન બને ! ધર્મનો અધિકારી તો કોમળ હોય, દયાળુ હોય,

ઉદાર હોય. માત્ર ઉપકારી, ગુણવાન કે દુઃખી પ્રત્યે જ નહિ, પરન્તુ લોક પ્રત્યે પણ સેવાભાવી હોય, અવસરોચિત યથાશક્તિ દાન કરનારો અને ભોગ આપનારો હોય.

પ્ર૦—ઉપકારી, ગુણવાન કે દુઃખી પ્રત્યે લાગણી હોવા છતાં કૃપણતાને લીધે દાન ન દઈ શકતો હોય, તેટલા માત્રથી એ ધર્મ માટે અયોગ્ય ?

ઉ૦—જે ઉપકારી કરતાં, પૂજ્ય કરતાં, અને દુઃખી કરતાં, પણ ધનને કિંમતી સમજે છે, એને ધર્મ શી રીતે કિંમતી સમજાય ? ને ધર્મ કિંમતી ન સમજાય તો ધર્મ ખાતર ભોગ આપીને ધર્મની આરાધના શી રીતે કરી શકાય ?

પ્ર૦—દાનાંતરાયનો કારમો ઉદય હોવાને લીધે દાન ન દઈ શકે, એવું ન બને ?

ઉ૦—એકલો દાનાંતરાય હોય તો દાન ન દઈ શકવા પાછળ આત્માને ભારે કલ્પાંત હોય, પણ એવા કેવળ દાનાન્તરાયના ઉદયવાળા જીવો કેટલા ? બાકી તો એકલો દાનાંતરાય નથી હોતો, એની સાથે મોહનો ઉદય કામ કરતો હોય છે ! એ મોહોદય અથાગ ધનાસક્તિ અને સ્વાર્થાંધતા કરાવે છે. પછી ત્યાં હૈયે ધર્મ સ્પર્શવો મુશ્કેલ બની જાય છે. સમજવું જોઈએ કે-' ગૃહસ્થનું જીવન તો રોજીંદા દાનની મુખ્યતાવાળું હોય ! કીડા, મંકોડા કે પશુ બિચારા શું દાન કરી શકે ? બલિહારી બાધાની નથી, બરબાદ્યાની છે ! લીધાની નથી, દીધાની છે ! ભોગવવાની નથી, પણ ત્યાગ કરવાની છે ! જીવન સેવાભાવ અને ત્યાગથી જ સફળ બને છે, શોભિતું બને છે, અને ઉન્નતિશીલ બને છે. સદ્ગતિ મળે છે, અને અંતે મોક્ષ પણ મળે છે. ધર્મને સેવાભાવ અને પરોપકારની સાથે મેળ હોય, અતિ મમતા અને સ્વાર્થાંધતા સાથે નહિ.'

(૫) **લબ્ધ-લક્ષ્યતા:**—જીવનમાં ઉચિતવૃત્તિ લાવવા માટે જેમ લોકપ્રિયતા, નિંદ્ય વૃત્તિ-પ્રવૃત્તિનો ત્યાગ, સંકટમાં ધૈર્ય અને યથાશક્તિ ત્યાગ જોઇએ તેમ લબ્ધલક્ષ્યપણું પણ જોઇએ. ઉચિતવૃત્તિની આ એક મહાન ખાસિયત છે ! લબ્ધ-લક્ષ્ય આત્મા એટલે ધ્યેયના જ્યાલવાળો આત્મા. પ્રવૃત્તિમાં પોતાના ધ્યેય સુધી, પોતાને સાધવાની વસ્તુ સુધી એ નજર જાગતી રાખે. કોઈપણ ક્રિયામાં અંતિમ પરિણામ સુધી એ દૃષ્ટિ પહોંચાડી શકે. જે જોઈ શકે કે-' આનું અંતિમ પરિણામ આ આવશે, આમાં મારો ઉદ્દેશ સિદ્ધ થશે, સિદ્ધ થવાના સંયોગો છે; ' એનું નામ લબ્ધ-લક્ષ્ય આત્મા. લબ્ધ એટલે નિર્ણીત અને લક્ષ્ય એટલે ઉદ્દેશ. લબ્ધ-લક્ષ્ય એટલે ' ઉદ્દેશ સિદ્ધ થશે કે નહિ ' તેના નિર્ણયવાળો આત્મા. ઉચિતવૃત્તિ બનવા આ લબ્ધ-લક્ષ્ય ખાસ જોઈએ. અંતિમ પરિણામ જોયા વગર કાર્ય ઉપાડવાના આંધળિયા કરે તો પરિણામ માઠું આવવાનો સંભવ છે; અને એ માઠું પરિણામ આવીને જ્યારે ઉભું રહે ત્યારે સંભવ છે કે એ ઉચિત જીવનવૃત્તિ ગુમાવે. ધારણા બહારનું પરિણામ માણસને ચલિત કરી દે છે.

કુટુંબનો આગ્રહ છે કે-'આ કામ જરૂર કરો !' પરંતુ પોતાને પરિણામ સારૂં ન દેખાતું હોય છતાં. બીજાની દૃષ્ટિઓ જોવી પડે એમ જ હોય તો એ કાર્ય કરે ખરો, પણ એ પ્રવૃત્તિનું પરિણામ સમજતો હોય છે, અને તેથી તેનું ધારણા મુજબનું અનિષ્ટ પરિણામ આવતાં એ ચળવિચળ નથી બનતો ! પરંતુ પરિણામનો વિચાર કર્યા વિના કાંઇ કરે ને પરિણામ અનિષ્ટ આવીને ઉભું રહે ત્યારે આકુલ-વ્યાકુલતાનો પાર ન રહે ! પરિણામનો પહેલેથી વિચાર કરાય, તથા પ્રવૃત્તિ કરતાં કરતાં પણ તે પરિણામ પર બરાબર લક્ષ રાખીને પ્રવૃત્તિ કરાય તો જ આત્મા સમાધિ જાળવી શકે, સ્થિતપ્રજ્ઞ રહી શકે. પહેલેથી જ વિચાર્યું ન હોય, અગર પ્રવૃત્તિ વખતે ઉદ્દેશ ભૂલી જાય, તો પ્રવૃત્તિ કંઈની કંઈ થાય, ને પરિણામ ઉલટું આવીને ઉભું રહે ત્યારે સંતાપનો પાર ન રહે. ત્યાં પછી બીજાનો વાંક દેખાશે ! એના પર દ્વેષ થવાનો !

પ્ર૦—ધર્મમાં સાધના સાથે લબ્ધ-લક્ષ્યતાનો શો મેળ ?

ઉ૦—ઘણો મેળ ! જે આત્મા લબ્ધ-લક્ષ્ય નહિ હોય છે. કાં તો દીર્ઘ વિચારના અભાવે ગજા ઉપરાંત કાર્ય ઉપાડશે; અથવા તો ધર્મક્રિયા ભલે ઉપાડે પણ ક્રિયા કરતાં કરતાં મૂળ ઉદ્દેશ તરફ દૃષ્ટિ નહીં રાખે. પહેલામાં આઘો જઈ ને પાછો પડશે! દીન—દુઃખિયો બનશે! અવસરે ધર્મ પર અભાવવાળો બનશે! બીજામાં મૂળ પવિત્ર ઉદ્દેશ ભુલાતાં માનપાનાદિના મલિન ઉદ્દેશ તરફ દૃષ્ટિ રહેવાથી ધર્મક્રિયા વિષયમ કરશે ! અથવા વેઠ ઉતારશે ! અવિધિ કરશે ! કેમકે મહાન કર્મક્ષયના ઉદ્દેશની સિદ્ધિનું બળવાનપણું તે જાણતો નથી. એ તો જિનાજ્ઞાને ચુસ્ત વળગી રહીને એને અનુસારે પાલન થાય તો જ કર્મક્ષયનો ઉદ્દેશ સિદ્ધ થાય. એવું, પહેલેથી જ પરિણામ ન વિચારે તો ય અનર્થનો મોટો સંભવ છે. 'આઠ ઉપવાસ ઝુકાવી દઉ.' આમ ઉલ્લાસ તો થઈ જાય પણ જો વિચારી લે કે આઠ ઉપવાસની બરાબર શક્તિ છે, તો ચિત્ત ડામાડોળ ન થાય ! વગર વિચાર્યે કરે પછી સહન થાય નહિ એટલે પછી ગુરુનો વાંક કાઢવા પ્રેરાય! કેવા ગુરુ!...ઉતાવળ કરીને આપી દીધાં પચ્ચક્ખાણ ! કાંઈ નહિ કરો પારણું.'

ધર્મ જીવને આપવો છે એ આપવા માટે અધિકારિતા વિચારવામાં આવે છે, પરંતુ એના માટે જાણે એના આંખા જીવનનું સંશોધન કરવું પડે છે ! ને આટલી પરીક્ષામાં પાસ થયેલાને આ ધર્મ આપે તો જેમ યોગ્ય ક્ષેત્રમાં વાવેલા એક દાણામાંથી સો દાણા, ને એ સો દાણા વાવ્યેથી દસ હજાર...એમાંથી એક કરોડ, એમ પાક વધ્યે જ જાય છે, એવી રીતે યોગ્ય આત્મક્ષેત્રમાં ધર્મ-વાવેતરનો વિકાસ થતો ચાલે છે. એવી ભૂમિ રસાળ બન્યા પછી તો મહાપાક થાય એમાં શું આશ્ચર્ય ? પંદર ગુણોથી ધર્મના અધિકારી બનેલા આત્માને જિનોક્ત ધર્મ આપવામાં આવે તો મહાન ફળ આવે.

‘અનધિકારીને દેતાં શા દોષ ? અધિકારીને દેતાં શા લાભ ?’

(લ૦) एभिस्तदधिकारितामवेत्यैतदध्यापने प्रवर्त्तेत, अन्यथा दोष इत्युक्तम् ।

અર્થ:—‘ આ પંદર લક્ષણોથી ધર્મની અધિકારિતાને તપાસીને પછી એને ચૈત્યવન્દનાદિ સૂત્ર ભણાવવામાં પ્રવૃત્તિ કરવી; નહિતર દોષ નીપજે છે, એમ કહ્યું છે.’

વિવેચન:—ધર્મના અધિકારીને ઓળખવા માટે તે તે ધર્મ પર બહુમાન, વિધિતત્પરતા અને ઉચિત જીવનવૃત્તિ રૂપી ત્રણ લક્ષણોનું અને અવાન્તર પંદર ગુણોનું વર્ણન કરી આવ્યા ચૈત્યવન્દન ધર્મ આપવા માટે એ લક્ષણોથી સામા આત્માની અધિકારિતાનો નિર્ણય કરીને પછી ચૈત્યવન્દન સૂત્ર શિખવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો એ અધિકારિતા જોવામાં ન આવે, અને એમજ અનધિકારીને સૂત્રપાઠનો પણ ધર્મ આપવામાં આવે તો એ દોષરૂપ નીવડે છે.

પ્ર૦ :—ધર્મ તો ગુણકારી છે ને ? તો એ અનધિકારીને ગુણકારી ન થાય ?

ઉ૦:—ના, એના માટે તો દોષ કરનારો બને. ‘ સૌ સારૂં જેનું છેવટ સારૂં.’ તેમ ‘ સૌ ખોટું જેનું છેવટે ખોટું. ’ કોઇ વસ્તુ પ્રારંભમાં લાભકારી દેખાય પણ પરિણામે જો એનાથી મહાન દોષ થતો હોય તો દેખાતો એ લાભ પણ ખોટો ! રસાયન સારૂં, લોહીવર્ધક; પરન્તુ તાવમાં ધખનારાને માટે એ નુકશાનકારક છે. ખીર સારી પુષ્ટિકારક હોવા છતાં પણ અજીર્ણ–અપચાના રોગી માટે નકામી, રોગ-વર્ધક ! હિતકારી શિખામણ સારી ખરી, પણ ઉદ્ધત કે અપાત્રને કહેવા જાઓ તો એ ક્લેશવર્ધક બને ! અવસરે એ દેવ–ગુરુ પ્રત્યે ય ગુસ્સો કરાવે. એમ પ્રારંભમાં જે દોષ જેવું દેખાય પણ અંતે લાભકારી હોય તો એ ગુણરૂપ ! ઔષધ કડવું છે પણ અંતે આરોગ્ય આપનાર હોય તો એ ગુણરૂપ ! વહાલો છોકરો રડે એ ખરાબ, પણ નિશાળે પહેલવહેલો જતાં રુએ છતાં અંતે સારૂં માનીને એ ચલાવી લેવાય છે ને? શું એકાએક બારીએથી નીચે ફૂદકો મારવો એ સારૂં ? ના, પણ આગ લાગી હોય ત્યારે એકાએક બારીએથી કૂદી પડવાનું સારૂં. તો જેનું પરિણામ સુંદર, તે જ કાર્ય સુંદર ! પરિણામ જેનું ખોટું, તે દેખીતું સારૂં હોવા છતાં પણ ખોટું ! અનધિકારીને ધર્મ વિપરીત રીતે પરિણમે છે, માટે એને દેવાય નહિ. કાલિકસૂરિજી મહારાજ વિનયરત્નનો દંભ ઓળખી ન શકયા એમણે એને ચારિત્ર ધર્મ આપ્યો, પરિ-ણામે વિનયરત્ને ઉદાયી રાજાનું ખૂન કર્યું, અને કાલિકસૂરિજી મહારાજને પોતાને ધર્મહીલના અટકા-વવા આપઘાત કરવો પડયો.

છેવટે ગ્રન્થકાર કહી દે છે. જિનાજ્ઞામાં જ ધર્મ છે. ‘અનધિકારીને ધર્મ ન આપવો જોઇએ.’ એવી જિનાજ્ઞા છે; માટે ન આપવામાં જ ધર્મ ! ધર્મ અતીન્દ્રિય વસ્તુ છે. માટે સર્વજ્ઞ ભગવાનના વચનને આધારે ધર્મ–અધર્મનો વિવેક કરવો જોઇએ. ઔષધ અને પથ્યાપથ્યમાં નિષ્ણાત વૈદ્યની સલાહ જ માનવી પડે છે, તેમ ધર્મ સંબંધમાં જિનવચન જ પ્રમાણ માનવું જોઇએ. એ પ્રમાણ કરી ચાલવામાં કદાચ ફટાટોપવાળો ધર્મ ન પણ દેખાય, છતાં આંતરિક રીતિએ ધર્મ–પરિણતિ સિદ્ધ થતી આવે છે.

(ल०) आह-क इवानधिकारिप्रयोगो दोष इति ? उच्यते, स ह्यचिन्त्यचिन्तामणिकल्पमनेकभवशतसहस्रोपात्तानिष्टदुष्टाष्टकर्म्मराशिजनितदौर्गत्यविच्छेदकमपि इदमयोग्यत्वादवाप्य न विधिवदासेवते, लाघवं चास्यापादयतीति ।

અર્થ :—પ્રશ્ન કરવામાં આવે છે કે અનધિકારીને ચૈત્યવંદન આપવામાં એવો તે શો દોષ લાગે છે?' ઉત્તર આ છે કે: ચૈત્યવન્દન તો ખરેખર અચિંત્ય ચિંતામણિ સમાન છે, ને અનેક લાખો ભવોના ઉપાર્જેલા અનિષ્ટ અને દુષ્ટ કર્મોના સંચયથી થતી દુર્ગતિ-દુર્દશાનું વિચ્છેદક છે! છતાં અનધિકારી જીવ એ ચૈત્યવંદનને પામીને વિધિસર આરાધતો નથી અને તેથી એને લઘુતા પમાડે છે.

વિવેચન:—અહીં પ્રશ્ન કરવામાં આવે છે કે જો ચૈત્યવન્દન સ્વતઃ ઉત્તમ ચીજ છે, તો તે અનધિકારીને આપવામાં શો દોષ લાગે છે? એ પ્રશ્નનું સમાધાન અહીં ગ્રંથકાર મહર્ષિ બતાવે છે; પરંતુ તે સમાધાન કરવા પૂર્વે ચૈત્યવન્દનની મહત્તા બતાવે છે.

ચૈત્યવન્દન 'અચિંત્ય ચિંતામણિ' એટલે શું ?:—ચૈત્યવન્દન સૂત્ર તો અચિંત્ય ચિંતામણિ સમાન છે. લૌકિક ચિંતામણિ માત્ર મનુષ્યના ચિન્તવ્યા જેટલું ફળ આપે છે, મનમાં થાય કે,-'ધન મળો' તો ચિંતામણિ ધન આપે, અર્થાત્ આપણી કલ્પનામાં આવી શકે તેટલું જ આપે. જ્યારે આ ચૈત્યવંદન એ અચિન્ત્ય-ચિન્તામણિ છે, એટલે કલ્પના બહારનું પણ ફળ આપે છે; મોક્ષ જેવા અકલ્પ્ય ફળને આપે છે!

પ્ર૦—મોક્ષ પણ ચિન્તવેલો જ હોય છે ને? તો અકલ્પ્ય શી રીતે કહેવાય?

ઉ૦—આપણને શાસ્ત્રે મોક્ષ શબ્દ શિખવાડયો ખરો, અગર આપણે યુક્તિથી સર્વ કર્મ રહિત અશરીરી અવસ્થાને મોક્ષ તરીકે જાણી ખરી, પરન્તુ એમાં જે અનંતજ્ઞાન, અનંતસુખનાં સ્વરૂપ છે તે કલ્પના બહારનાં છે! એટલે શબ્દથી આપણે મોક્ષ ભલે ચિંતવીએ પરંતુ એના સ્વરૂપની કલ્પના આવવી મુશ્કેલ હોય છે. માટે મોક્ષ એ અચિન્ત્ય, અગમ, કલ્પનાતીત છે! સંસારનું સાંયોગિક સુખ એક ડીગ્રીનું કહીએ તો મોક્ષનું અસાંયોગિક સ્વભાવિક સુખ અનંતડીગ્રીનું છે! સાંયોગિક સુખના જ અનુભવમાં ટેવાયેલાં આપણને એની કલ્પના કયાંથી આવી શકે? ખુદ કેવળજ્ઞાની પણ મોક્ષના સુખ જાણે ખરા, પરંતુ સંસારમાં છે ત્યાં સુધી એ મોક્ષસુખનું સંવેદન ન કરી શકે. જેમ ધન્વન્તરી વૈદ્યને તાવ આવ્યો હોય, તો એ આમ આરોગ્યના સુખનું જ્ઞાન ધરાવનારો હોવા છતાં એને અત્યારે સુખનું સંવેદન નથી હોતું! મોક્ષવસ્તુનો અનુભવ નથી માટે સુખ કલ્પનાતીત છે! અચિન્ત્ય છે! ચૈત્યવન્દન અંતે એ સુખ આપે છે! માટે એ અચિંત્ય ચિંતામણિ છે. તેમ પરલોકમાં જે સદ્ગતિનાં સુખ આપે છે તે પણ મનુષ્યની કલ્પના બહારના સુખો હોય છે.

અનિષ્ટ અને દુષ્ટ કર્મ એટલે:—આવું ચૈત્યવન્દન લાખો ભવોથી સંચિત કરેલાં અનિષ્ટ દુષ્ટ કર્મોના સમૂહથી નિપજતી ભયાનક દુર્ગતિની દુર્દશાઓનો નાશ કરવાની તાકાત ધરાવે છે. કર્મો અનિષ્ટ અને દુષ્ટ છે! અનિષ્ટ એટલે અણગમતાં દુઃખને દેનારાં. જીવને થોડો પણ રોગ, અપયશ, અપમાન, વગેરે ગમતું નથી, એટલે અનિષ્ટ તો છે જ પણ સંયોગવશાત્ નભાવી લેવાં પડે છે. જ્યારે દુર્ગતિનાં અનિષ્ટ તો એવાં છે કે જે જરાય ચલાવી લેવાનું ગમે નહિ; એ અનિષ્ટો જીવને ચૂંથી નાખવા સુધીના ભયંકર હોય છે. આજે દેખો છો ને કે દવા બનાવવા વાંદરાને કેવા ચૂંથે છે! મુલાયમ ચામડી ઉતારવા જીવતા ગભરૂ વાછરડાને કેવા રીબાવે છે! પાપકર્મોના ગંજથી ઉત્પન્ન થથી દુર્ગતિમાં આત્માના જે ભયાનક બેહાલ સર્જાય છે, એની કલ્પના પણ કમકમી કરાવે છે! માટે કર્મ ભયંકર અનિષ્ટ છે!

તેમ કર્મ અતિદુષ્ટ છે! કર્મની દુષ્ટતા અનેકાનેક દોષોને પોષવારૂપ છે. કર્મના વિપાકથી નીપજેલી દુર્દશામાં મોટમોટા દોષો પ્રગટ થાય છે; જે આત્માને નવનવા ભયંકર દુષ્કૃત્યોમાં રુલાવે છે! આવાં અનિષ્ટ અને દુષ્ટ આઠે ય કર્મથી નિપજતી દુર્ગતિની દર્દશાને', ચૈત્યવંદન, અંત લાવે છે.

ચૈત્યવન્દનને લઘુતા:—વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવને કરાતું ચૈત્યવન્દન મહાન સાધના છે! અનધિકારી જીવ આવા અકલ્પ્ય પ્રભાવશાળી પણ ચૈત્યવન્દનની ઉપાસના નથી કરતો, પરન્તુ વિટંબણા કરે છે! અર્થાત્ માત્ર અવિધિથી અને અબહુમાન-અનુચિતતાથી જાતે પાપ ઉપાર્જે છે એટલું જ નુકશાન નહિ, પણ એ ચૈત્યવન્દન સૂત્ર અને એની ઉત્તમ ક્રિયાને લઘુતા પમાડે છે! એ મહાન અનર્થ થાય છે. પોતે અનધિકારી હોવાથી એટલે કે બહુમાન આદિ મૌલિક આવશ્યક ગુણોવાળો નહિ હોવાથી, કેટલાય પ્રકારના અયોગ્ય વર્તાવ કરે છે; જેથી લોકો કહે છે, 'જોયો આ લોકનો ધર્મ? અને એનાં શાસ્ત્ર? આવો નાલાયક જીવ પણ એ આદરી શકે છે!...' વગેરે વગેરે. લોક તો બહારનું જોનારૂં, એટલે બહાર દેખે એવું કહે. લોકોને એ વિચાર થોડો જ છે કે કોઇ વ્યક્તિ કદાચ અયોગ્ય હોય તેથી ધર્મ હલકો નથી હોતો? લોકની એવી નિંદાથી ધર્મની અવગણના ઉપરાંત બીજાઓ ધર્મમાં આકર્ષાતા અટકે, એ પણ મહાન નુકશાન છે.

(ल०) ततो विधिसमासेवकः कल्याणमिव महदकल्याणमासदियति। उक्तं च 'धर्म्मानुष्ठानवैतथ्यात् प्रत्यपायो महान् भवेत्,। रौद्रदुःखौघजनको दुष्प्रयुक्तादिवौषधात्॥' इत्यादि।

अतोऽनधिकारिप्रयोगे प्रयोक्तृकृतमेव तत्त्वतस्तदकल्याणम्। इति तदधिकारितामवेत्यैतदध्यापने प्रवर्तेत।

અર્થ:—તેથી, જેવી રીતે વિધિનો આરાધક કલ્યાણ પામે છે, તેમ આ અનધિકારી મહાન અકલ્યાણને પામે છે. કહ્યું છે કે,-'ધર્મક્રિયાની વિપરીતતાથી મહાન અનર્થ થાય છે, જે ખોટા વાપરેલા ઔષધની જેમ ભયંકર દુઃખસમૂહને પેદા કરે છે.' આ અનર્થ જોતાં અનધિકારીને સૂત્ર આપવાથી થતું અકલ્યાણ, વાસ્તવિક રીતે તો આપનારે જ કર્યું કહેવાય. માટે સૂત્રની અધિકારિતા જોઇને પાત્રને જ તે ભણાવવામાં પ્રવર્તવું જોઇએ.

વિવેચન:-અનધિકારીને ધર્મ આપનાર દોષિત:—માનવ જેવો માનવભવ પામેલામાં પણ મહાન તફાવત જોવા જેવો છે કે જ્યારે યોગ્ય આત્મા ચૈત્યવન્દનને આરાધી જબરદસ્ત કલ્યાણને પામે છે, ત્યારે પેલો અયોગ્ય આત્મા એની આશાતના કરી મહાન અકલ્યાણને પ્રાપ્ત કરે છે! આ વસ્તુ અંગે પૂર્વાચાર્યોએ કહ્યું છે કે-'ધર્મનું અનુષ્ઠાન જેમ યોગ્ય રીતે કરાય તો આશીર્વાદરૂપ બને છે; તેમ ઉલટી રીતે કરાય તો એથી મહાનુકસાન નીપજે છે, જે ભયાનક દુઃખોના થોક આપનારૂં બને છે! શાની જેમ? કહો, ઉંધી રીતે સેવેલા ઔષધની જેમ. શરીરે લગાડવાનું ઝેરી તેલ પી જાય તો?

જો આ પંદર લક્ષણોના અભાવવાળી મનુષ્યની દશા નજર સામે રાખીએ, તો પછી એવા ગુણશૂન્ય આત્માના હાથમાં ચૈત્યવંદન આવેલું કેવું ખતરનાક પરિણામ લાવે તે સમજાય એવું છે. માટે તો જે અનધિકારીને ધર્મ આપે છે, એ પણ દોષપાત્ર છે.

પ્ર૦—અનધિકારીની અયોગ્યતા એને ભારે. ઉપકારી પુરૂષ ધર્મ આપે તેમાં ઉપકારીનો શું દોષ?

ઉ૦—આપનારનો ય દોષ છે! ધર્મના અનધિકારીને ધર્મ એ આપે છે, માટે પેલો વિપરીત ધર્મ કરે છે. પછી એથી જે નુકશાન થાય, તેમાં દોષ આપનારનો કેમ નહિ? અનધિકારી આત્મા ધર્મને આરાધવાને બદલે વિડંબીને પરંપરાએ એ ધર્મની નિંદા-લઘુતા કરાવવા દ્વારા તથા જિનાજ્ઞાભંગ સુધી

પહોંચવા દ્વારા ઘોર પાપ ઉપાર્જે છે! તેમાં વસ્તુસ્થિતિએ મૂળ નિમિત્ત તો ધર્મ આપનારો બન્યો. માટે જે લક્ષણો બતાવ્યા છે તેનાથી અધિકારિતાનો નિર્ણય કરી પછી જ એને ચૈત્યવંદન સૂત્રના અધ્યયનમાં જોડવો જોઈએ.

અયોગ્યતાની મુંઝવણ ટાળવાના બે ઉપાયઃ—

પ્ર૦—તો હવે મુંઝવણ એ થાય છે કે અમારામાં એવા ગુણ તો દેખાતા નથી, તો અમને પણ ધર્મ શું ખોટી રીતે સેવેલ ઔષધની જેમ નુકશાન કરશે ?

ઉ૦—મુંઝાવાની જરૂર નથી. પહેલી વાત એ છે કે એ ગુણો પ્રાપ્ત કરવા આજથી જ પ્રયત્ન શરૂ કરી દો. એટલું દૃઢપણે સમજી રાખો કે ' દયાળુ મહર્ષિઓએ ઉત્તમ સાધનાના જે આ અલૌકિક ગુણોરૂપી આવશ્યક નિદાન બતાવ્યાં છે, એના વિના ચાલી શકે જ નહિ, એના વિના સાધનાની ઇમારત રચાઈ શકે નહિ, એના વિના સાધનાના ઉદ્દેશસમા ઉચ્ચત્તર ગુણસ્થાનકે ચઢી શકાય જ નહિ.' તેમ એ પણ હકીકત છે કે એ ગુણોને ઉપાર્જવા માટે આ ઉચ્ચ માનવભવમાં સુંદર તક છે. એ તક જતી કરી તો પછી કેટલી બધી આત્મવંચના ! કેટકેટલી ભાવી દુર્દશા ! માટે જ એ ગુણો કેળવવાના ધરખમ પુરુષાર્થ શરૂ કરી દો, એ માટે મન મજબુત કરી ઇચ્છાશક્તિ, સંકલ્પશક્તિ વગેરેને દૃઢ કરી દો.

ધર્મ અને ગુણોમાં કક્ષાઓ છેઃ—બીજી મહત્ત્વની વાત એ છે કે જે ગુણો અને ધર્મો છે, એમાં પણ અનેક કક્ષાઓ છે. દરેક ધર્મ કે ગુણમાં ઉપર ઉપરની ચઢતી વિવિધ કક્ષાઓ હોય છે. એટલે સંભવ છે કે એનો એ જ ધર્મ કે ગુણ ઊંચી કક્ષાનો આપણે ન પ્રાપ્ત કર્યો હોય, પણ મધ્યમ કક્ષાનો, કે નીચેની કક્ષાનો ધર્મ કે ગુણ પ્રાપ્ત થયો હોઈ શકે છે. જ્યારથી આપણે ધર્મ કે ગુણનો અભ્યાસ શરૂ કરીએ ત્યારથી, અલબત હૃદય નિર્દંભ અને શુદ્ધ લક્ષ્યવાળું હોવું જોઈએ, તો અતિ પ્રાથમિક કક્ષાનો પણ ધર્મ કે ગુણ આપણે પ્રાપ્ત કર્યો કહેવાય. ' **क्रियमाणं कृतम्** ' એ સૂત્રથી ' કરાતું પણ કર્યું ' કહેવાય છે. આ સમજ આશ્વાસન પૂરતી છે; પણ એથી સંતોષ નથી માની લેવાનો. નહિતર ઉપરની કક્ષાનો ધર્મ કે ગુણ પ્રાપ્ત થવાને બદલે કદાચ જે ધર્મ કે ગુણ હશે તે ય ચાલ્યો જશે ! આપણે તો આ ગુણના અધિકાધિક સર્જન માટે સતત પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. છતાં કક્ષા અંગેનું આ સમાધાન પોતાની ચિત્તની ખોટી મુંઝવણ ટાળવા માટે છે.

ધર્મ અધિકારીને આપતાં લાભઃ-

(ल०) एवं हि कुर्वता आराधितं वचनं, बहुमतो लोकनाथ; परित्यक्ता लोकसंज्ञा, अङ्गीकृतं लोकोत्तरयानं, समारोपिता धर्म्माचारितेति । अतोऽन्यथा विपर्यय इत्यालोचनीयमेतदतिसूक्ष्माऽऽभोगेन ।

અર્થઃ—સાચે જ, આ પ્રમાણે કરનારે તો જિનવચનની આરાધના કરી, ત્રિલોકનાથને બહુમાન્યા, લોકસંજ્ઞા ત્યજી દીધી, લોકોત્તર જહાજ સ્વીકાર્યું, ધર્માચરણનું આરોપણ કર્યું. આનાથી વિપરીત વર્તવામાં તો ઉલટું જ પરિણામ, અર્થાત્ જિનવચનની વિરાધના વગેરે આવે. આ વસ્તુ અતિ સૂક્ષ્મ વિચારણાથી ચિંતવવી.

વિવેચનઃ—જેમ, ધર્મ અનધિકારીને અપાય, તો તેથી નીપજેલા અનર્થો બતાવ્યા, તેમ હવે અધિકારિતા જોઈને ધર્મ અપાય એના મહાન લાભ બતાવતાં ગ્રન્થકાર મહર્ષિ કહે છે કે,

જિનવચનનો આરાધકઃ—(૧) અધિકારી જોઈને ધર્મ આપનાર આત્માએ જિનવચનની આરાધના કરી કહેવાય; ઉપાસના કરી કહેવાય; કારણ કે 'અધિકારીને આપવું' એવી જિનાજ્ઞા છે. 'એવી

જિનાજ્ઞા છે માટે એ પ્રમાણે વર્તવું' એમ સમજીને જે વર્તે તે જિનાજ્ઞાનો ઉપાસક ગણાય, જિનાજ્ઞાને માથે ધરનારો કહેવાય. જિનાજ્ઞાની ઉપાસના એ આ જગતમાં શ્રેષ્ઠ કર્તવ્ય છે, શ્રેષ્ઠ સુકૃત છે, જીવનની શ્રેષ્ઠ સાર્થકતા છે, સફળતા છે.

ધ્યાનમાં રહે કે આ કહેનારા સમર્થ મહાતાર્કિક પૂ. આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ છે! એમણે જિનાજ્ઞામાં કેવાં અનંત કલ્યાણ દેખ્યાં હશે! ક્ષણભર તર્ક-યુક્તિને બાજુએ મૂકી જિનાજ્ઞા પર એમનું હૃદય કેવું સર્વાંશે ઓવારી જતું હશે! તો પછી આપણે બીજો વિચાર જ શો કરવાનો? એવા પ્રખર વિદ્વાન અને તાર્કિક પ્રભાવક આચાર્ય મહર્ષિના દૃષ્ટાન્તથી પણ અર્થાત્ જ્યારે એમના જેવા ય જિજ્ઞાનામાં લીન બન્યા છે, તો આપણે પણ જિનની આજ્ઞામાં લીન બની જવું જોઈએ.

(૨) બીજું, જ્યારે આત્મા જિનાજ્ઞાનો ઉપાસક બને ત્યારે જ એણે સાચી રીતે જિનનું બહુમાન ધર્યું કહેવાય, એ સાચી રીતે જિનેશ્વરદેવ શ્રી અર્હત્પરમાત્મા પર આદર કરનારો કહેવાય! પિતાનું વચન માન્ય કરનારો પુત્ર જ પિતા પ્રત્યે આદરભાવવાળો કહેવાય! તેમ જિનવચન જે માન્ય કરે તે જ જિનને સાચો માનનારો ગણાય! 'જિન ગમે છે જિનનું વચન ગમતું નથી,' એ ન ચાલી શકે. બન્ને ગમવાં જોઈએ. એમાં વિશેષ કરીને જિનવચનની અથાગ આરાધના જીવનમાં ઝગમગવી જોઈએ, તો જ ત્રિલોકનાથને આદરપૂર્વક હૃદયમાં ધર્યા કહેવાય. છતાં આનો અર્થ એ નથી કે જિનવચન પર જ આસ્થા-પ્રીતિ રાખવાની છે, ને જિન પર કશું નહિ. જિનેશ્વરદેવ પ્રત્યે પણ ખૂબ જ પ્રીતિ-ભક્તિ કેળવવાની છે. એ પ્રીતિ હશે તો વચન પ્રત્યે માન ઉભું થશે. કહેવાય છે કે-' પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ. '

(૩) ત્રીજા લાભમાં, અનધિકારીને ધર્મ ન આપનાર અને અધિકારીને ધર્મ આપનાર આત્માએ લોકસંજ્ઞા તજી કહેવાય. લોક કહે, "ચીજ સારી છે ને? ગમે તેને આપી દો!" ના, એમ ન અપાય. સામાની પચાવવાની શક્તિ હોવી જોઈએ; નહિતર ફળવાને બદલે ફૂટી નીકળે. જિનાજ્ઞાને અવગણી લોકોને સારું લગાડવાની વૃત્તિ એ લોકસંજ્ઞા છે, લોકહેરી છે. લોકસંજ્ઞામાં મનને જિન કરતાં લોકનું સર્ટિ-ફિકેટ કિમતી લાગે છે! જિન કરતાં લોક પર વધુ બહુમાન આવી જાય છે અને અનુચિત આચરાય છે તે જુદું! આ દૂષણરૂપ છે. ધ્યાનમાં રાખો કે લોકપ્રિયતા એ ગુણ છે, ને લોકસંજ્ઞા એ દોષ છે! લોકપ્રિયતા મેળવવી જોઈએ, ને લોકસંજ્ઞા ત્યજવી જોઈએ. લોકસંજ્ઞાની પ્રવૃત્તિમાં પહેલેથી જ ઉદ્દેશ મલિન હોય છે, માત્ર લોકને રાજી રાખવાનો હોય છે; ત્યારે લોકપ્રિય બનાવનારી પ્રવૃત્તિમાં ઉદ્દેશ તો આત્મકલ્યાણનો જ હોય છે, આત્માના અહિતથી બચવાનો હોય છે ને જિનાજ્ઞાનો આરાધના કરવાનો હોય છે. બાકી લોકપ્રિયતા તો સહેજે પ્રાપ્ત થઈ જાય છે. બે માણસો દાન આપતા હોય, પણ લોકસંજ્ઞાવાળો મનુષ્ય લોકોમાં સારા દેખાવાના ઉદ્દેશથી દે છે; તો લોકપ્રિયતાવાળો મનુષ્ય આત્મકલ્યાણ અર્થે દાન દે છે. ઉદ્દેશમાં મોટો ફરક. લોકપ્રિયતા મેળવનારને કાંઇ એમ થતું નથી, કે 'હું લોકને પ્રિય-બનું,' પણ એનાં કૃત્ય એવાં ઉત્તમ હોય છે કે એ કૃત્યો જ એને લોકપ્રિય બનાવે છે. એ લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગી હોય છે, નિંદા, હાંસી, આચારભંગ, ઉદ્ભટવેશ વગેરે આ લોક-વિરુદ્ધ કાર્ય, ખરકર્માદિ પરલોક-વિરુદ્ધ કાર્ય અને સપ્તવ્યસનાદિ ઉભયલોક-વિરુદ્ધ કાર્ય, આ વિરુદ્ધ કાર્યો એ આચરતો નથી. જિનાજ્ઞાભંગ એ પરલોક-વિરુદ્ધ કાર્ય છે. લોકમાં સારા દેખાવાના ઉદ્દેશથી એ જિનાજ્ઞા-ભંગ કરે તો લોકસંજ્ઞામાં ફસ્યો ગણાય. લોકો નિંદા સાંભળવાના શોખી હોય, તેથી પોતે નિંદા કરી સંભળાવે, તો એ લોકવિરુદ્ધ કાર્ય, લોકસંજ્ઞાનું કાર્ય કર્યું કહેવાય. એમ લોકમાં મોટા પ્રભાવક ધર્મગુરુ તરીકેની ખ્યાતિ મળે છે કે-'આમણે આટલા બધાને ધર્મ પમાડ્યો,' માટે યોગ્ય-અયોગ્ય જોયા વિના બધાને પકડી પકડીને ધર્મ આપવા માંડે, એ લોકસંજ્ઞાનું કાર્ય કહેવાય! ખરી રીતે તો લોક સારા કહો, યા નહિ, સ્વપરનાં કલ્યાણ જિનાજ્ઞા-પાલનને પકડી રાખવામાં છે. માટે અધિકારિતા જોઈને જે ધર્મ આપે

તેણે લોકસંજ્ઞાને જતી કહેવાય, લોકહેરિનો ત્યાગ કર્યો કહેવાય.

(૪) ચોથા લાભમાં, અધિકારિતા જોવા પર જેણે લક્ષ રાખ્યું તેણે તો લોકોત્તર જહાજ, મુક્તિજહાજને સ્વીકાર્યું કહેવાય. જહાજમાં બેસી ગયો કહેવાય! કારણ કે અધિકારિતા પર જેણે લક્ષ રાખ્યું એણે જિનાજ્ઞાને વળગી રહેવાનું રાખ્યું કહેવાય! જિનાજ્ઞા એ લૌકિક અર્થાત્ લોકપ્રસિદ્ધ સ્થૂલ દૃષ્ટિ અને છીછરા ધોરણથી પર છે; લોકમાર્ગની ઉપરના લોકોત્તર માર્ગને ફરમાવે છે; અને એ માર્ગ જ મોક્ષ તરફ જાય છે. માટે જિનાજ્ઞાનો માર્ગ એ લોકોત્તર જહાજ સમો છે. એ જિનાજ્ઞાના માર્ગને સ્વીકારનારે લોકોત્તર યાન સ્વીકાર્યું કહેવાય.

લૌકિક અને લોકોત્તર ધર્મ વચ્ચે તફાવત:—(૧) લૌકિક માર્ગ તો કહે, 'ધર્મ વસ્તુ સારી છે ને? બસ, જેને આપો તેનું કલ્યાણ થાય.' ત્યારે શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો લોકોત્તર માર્ગ કહે છે, 'સારો પણ ધર્મ અધિકારી આત્માને જ કલ્યાણકર થાય.' (૨) લૌકિક માર્ગમાં જીવ, અજીવ આદિ પદાર્થો માનેલા હોઈ શકે, પરન્તુ એકાન્ત ધર્મવાળા, અર્થાત્ નિત્ય તો નિત્ય જ અથવા અનિત્ય તો અનિત્યજ. તેમ સત્ તો એકાન્તે સત્,...એમ, વસ્તુ સ્વગુણથી ભિન્ન તો એકાન્તે ભિન્ન. જ્યારે લોકોત્તર માર્ગમાં પદાર્થો અનેકાન્ત ધર્મોવાળા હોવાનું કહેવામાં આવે છે. (૩) લૌકિકમાર્ગ જગતના સર્જનની શક્તિવાળાને દેવાધિદેવ કહે છે, લોકોત્તરમાર્ગ અનંતગુણ-સંપન્ન, વીતરાગ, સર્વજ્ઞ, અને યથાર્થ જગદ્-દર્શનકરાવના નો ઉપકાર કરનાર ને દેવાધિદેવ કહે છે. (૪-૫) લૌકિકમાર્ગ જીવવિરાધનાવાળાને પણ ગુરુ કહે છે, ને સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિ જીવોના નાશથી યુક્ત હોય એને શ્રેષ્ઠ ધર્મ માને છે, ત્યારે લોકોત્તરમાર્ગમાં ત્રિકોટી પરિશુદ્ધ સૂક્ષ્મ અહિંસાદિ પંચ મહાવ્રત-યુક્ત હોય તે ગુરુ અને 'સૂક્ષ્મ જીવોની પણ ત્રિવિધ રક્ષા,-ન મારૂં, ન મરાવું, મારતાને સારો ન માનું, સંમતિ ન આપું,'-એનાથી યુક્ત હોય તે જ શ્રેષ્ઠ ધર્મ, એમ કહેવામાં આવે છે. (૬) લૌકિકમાં તો માત્ર કરે તે ભરે, પાપક્રિયા કરે તો પાપ લાગે,' એમ મનાય છે. ત્યારે લોકોત્તર માર્ગ કહે છે 'જ્યાં સુધી પાપત્યાગની સર્વાંશે પ્રતિજ્ઞા અર્થાત્ વિરતિધર્મ નથી લીધો, દિલમાં પાપની અપેક્ષા પણ માત્ર બેઠી છે, પાપ ન કરવા છતાં પાપને વરેલો છે, ગમે ત્યારે પાપક્રિયા કરવાને છૂટો છે, ત્યાં સુધી પણ પાપ લાગે છે. (૭) લૌકિકમાં જગતનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, બંધ-મોક્ષનું મોક્ષમાર્ગનું, જ્ઞાનનું, આચારનું, પૂજ્ય પુરુષોનું...વગેરે વગેરેનું સ્વરૂપ જુદું, ત્યારે લોકોત્તર જિનશાસનમાં એનાથી બધું જુદું. (૮) લોકોત્તર જૈન ધર્મમાં ચૌદ રાજલોક ક્ષેત્ર, સ્વર્ગ-નરકાદિ અસંખ્ય દ્વીપ સમુદ્રાદિ સ્થાનો, ૧૪ ગુણસ્થાનકની ઉત્ક્રાન્તિયોગ્ય જીવ, જ્ઞાનાવરણાદિ આઠ કર્મ, એનાં ૧૫૮ ઉત્તરભેદો, કર્મના મિથ્યાત્વાદિ હેતુઓ, અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-સુખાદિમય મોક્ષ, સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રમય, સંવરનિર્જરામય મોક્ષમાર્ગ, જ્ઞાનાચારાદિ પંચાચારના વિવિધ પ્રકારો, અરિહંતાદિ પંચ પરમેષ્ઠી એ પૂજ્ય અને આદર્શ સાધુધર્મ, શ્રાવકધર્મ, જીવાદિ નવ તત્ત્વ, સ્યાદ્વાદાદિ સિદ્ધાન્તો, પ્રમાણ-નય-સપ્તભંગી-અનુગમ-અનુયોગ, ધર્માધિકારિતા, શ્રાવકની યોગ્યતા, સાધુ-યોગ્યતા ઈત્યાદિ ઈત્યાદિ ઘણી વિશેષતાઓ છે! આવા લોકોત્તરમાર્ગમાં જ ધર્મનું અધિકારીપણું પણ જોવા તરફ અવશ્ય લક્ષ આપવાનું ફરમાવ્યું છે. માટે કહેવામાં આવ્યું કે-'એવું લક્ષ આપનારે લોકોત્તર જહાજ અપનાવ્યું.'

૫. મા લાભમાં કહ્યું, અધિકારિપણું જોનારે ધર્માચારિતાનું આસેવન કર્યું, ધર્માચરણ કર્યું. અધર્માચરણ નહિ. **धम्मो आणाए पडिबद्धो**-ધર્મ એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞા સાથે પ્રતિબદ્ધ છે. આજ્ઞા ધર્મનું અધિકારિપણું જોવાની છે; એ જાળવનારે ધર્માચરણ કર્યું કહેવાય. અથવા કહો કે સ્વ-પરનો નાશ, વધુ નાશ ન થવા દેવો એ ધર્મ છે, અનધિકારીને ધર્મ ન આપનારે એ નાશ થતો અટકાવ્યો. એ જ ધર્માચરણમાં આદર્યું કહેવાય. આ દૃષ્ટિએ અનધિકારીને ધર્મદાન કરનારે અધર્માચરણ આદર્યું

કહેવાય. સારાંશમાં ધર્માચારી બનવું હોય તેણે જિનાજ્ઞા પર ભાર આપવો જોઇએ, જિનાજ્ઞાને આગળ કરીને ચાલવું જોઇએ અને એ ખ્યાલ રાખવો જોઇએ કે જિનાજ્ઞા અનધિકારીને ધર્મ નહિ આપવાની છે. આનાથી જો વિપરીત વર્તાય તો ઉલટું પરિણામ આવીને ઉભું રહે છે; અર્થાત્ ઉપરોક્ત 'વચનારાધન, જગદ્ગુરુ-બહુમાન...' વગેરે પાંચથી વિપરીત જિનવચનની વિરાધના, પરમાત્માની અવજ્ઞા, લોકસંજ્ઞાનો આદર, લોકોત્તર જહાજની ઉપેક્ષા અને અધર્માચરણને અવકાશ મળે છે. આ વસ્તુ બહુ સૂક્ષ્મમતિથી વિચારવા જેવી છે.

પ્ર૦-આટલી બધી ચોકસાઇનો અર્થ તો એ છે કે કોઇને ય ધર્મ ન આપીએ તો તો વાંધો નહિ ને ?

ઉ૦-ના, એ અર્થ નથી કે કોઇને ય ધર્મ ન આપવો. આનું રહસ્ય તો એ છે કે જે અધિકારી છે તેને અવશ્ય ધર્મ આપવો; અને જે અનધિકારી છે તેને અધિકારી બનાવવાનો ઉપદેશ કરવો, અધિકારી બનાવવા પ્રયત્ન કરવો, એ અત્યંત જરૂરી છે. એના બદલે 'શી શી રીતે તમે યોગ્ય નથી,' એમ બતાવ્યા કરવાથી તો સામાને હતાશ કરવાનું થાય છે ! બુદ્ધિભેદ કરવા જેવું થાય છે! સુકૃત અટકાવવા જેવું બને છે ! એમાં સંભવ છે કે સામા આત્મામાં નીચેની કક્ષાની યોગ્યતા આવતી હોય, છતાં અયોગ્યતા મનાવી જો એને હતાશ કરાય, એને બુદ્ધિભેદ કરાય, તો એ સુકૃતથી અને કુલાચારના ધર્મથી પણ પાછો પડે છે. એમાં તો પરિણામે જિનશાસનનો પ્રવાહ મંદ પડી જવાનો સંભવ છે. ખરી રીતે પોતે અધિકારિપણાના ગુણો મેળવ્યા હોય, તો એની લહાણી કરવાનું મન થાય ! ધન જુદી ચીજ છે, ધર્મ જુદી ચીજ છે. ધન મળે તો તે પોતાના પગ નીચે દાબી રાખવાનું મન થાય છે! જ્યારે ધર્મ અને ગુણો બહુમાનપૂર્વક મેળવ્યા હોય તો અવશ્ય એની લહાણી કરવાનું દિલ રહે છે !

પ્ર૦-આવો ફેર શાથી ?

ઉ૦-ધનને દાબી રાખવાનું જે મન થાય છે તે જન્મોજન્મના અભ્યાસથી થાય છે! ત્યારે ગુણો જે મેળવ્યા છે, તે ગુણો પરના બહુમાનથી નવા મેળવ્યા છે. તેથી 'આવા તારક ગુણો કેમ બીજાઓ પણ પામે અને દુર્ગુણપિશાચો દૂર થાય,' એવી લગની છે. માટે એની લહાણી કરવાનું મન થાય અને થવું જ જોઇએ. સ્વયં જે અધિકારી છે તેને બીજાને અધિકારી બનાવવાનું મન ન થાય ? અધિકારી બનાવે જ એવો નિયમ નહિ, પણ પ્રયત્ન જરૂર કરે ! આજનો કાળ એ આવી લાગ્યો છે કે સમ્યગ્દર્શન, દેશવિરતિ અને સર્વવિરતિના ઉપદેશની જેમ મૈત્રી આદિ પાયાની ભાવનાઓનો ઉપદેશ, માર્ગાનુસારીના ગુણોનો ઉપદેશ, ધર્મની અધિકારિતા ગુણોનો ઉપદેશ...વગેરેની વાત જરૂરી છે. જીવને અધિકારી થવાનો, યોગ્ય બનવાનો ઉત્સાહ જાગે, ને અધિકારીતાના ગુણો આદરવાના એ પ્રયત્ન કરે, એનો ઉપદેશ દેવાની ખૂબ જરૂર છે. કેમકે આજ પૂર્વે ઉત્તમ કુલના ઉત્તમ આચારો અને સંસ્કારદાથી પ્રવૃત્તિથી જીવો સહેજે યોગ્ય બનતા હતા! આજે એ ઓછું દેખાય છે માટે એ જગાવવાની જરૂર છે. એવું ય બને કે પોતાતામાં બહુ નીચી કક્ષાના અધિકારિતાના ગુણો આવ્યા હોય, અને પોતે શ્રાવકધર્મ યા સાધુધર્મમાં પ્રવેશ્યો હોય, તો ય એ ગુણોને વિકસાવવા જોઇએ. અધિકારિતાને સંગીન કરવી જોઇએ.

(લ૦)-નહિ વચનોક્તમેવ પન્થાનમુલ્લઙ્ઘ્યાપરો હિતાપ્ત્યુપાયઃ। ન ચાનુભવાભાવે પુરુષમાત્રપ્રવૃત્તેસ્તથેષ્ટફલસિદ્ધિઃ। અપિ ચ લાઘવાપાદનેન શિષ્ટપ્રવૃત્તિનિરોધતસ્તદ્વિઘાત એવ।

અર્થઃ—જો જિનવચને કહેલા માર્ગનું ઉલ્લંઘન કરાય, તો તો પછી કલ્યાણનો બીજો કોઇ ઉપાય નથી. અનુભવ વિના પુરુષની પ્રવૃત્તિ માત્રથી તેવું ઇષ્ટ ફળ સિદ્ધ થતું નથી. ઉલટું (અનધિકારીને

મતિકલ્પનાએ ધર્મ આપવા જતાં ધર્મની) હલકાઈ કરાવવાનું થાય છે; અને તેમ થવાથી શિષ્ટ પુરુષોની (ધર્મમાં) પ્રવૃત્તિ અટકવા દ્વારા ધર્મનો નાશ જ આવીને ઊભો રહે છે.

વિવેચન:—વીતરાગ સર્વજ્ઞદેવ શ્રી તીર્થંકર ભગવાનની વાણીએ ફરમાવેલ કલ્યાણમાર્ગ એ જ આદરણીય છે. એ કલ્યાણમાર્ગનું ઉલ્લંઘન કરીને બીજા ત્રીજા મનઃકલ્પિત માર્ગે કલ્યાણ સિદ્ધ થઇ શકતું નથી.

ધર્મમાં આપમતિ કેમ ન ચાલે?—

પ્ર૦—માણસને કોઇ હિતનો માર્ગ દેખાય ને એ રીતે જો એ પ્રવૃત્તિ કરે તો શું હિત ન થાય?

ઉ૦—માણસને જેમાં અનુભવ નથી તેમાં એમને એમ મતિકલ્પનાએ પુરુષાર્થ કરવા માત્રથી ફળસિદ્ધિ થઇ શકતી નથી. જગતમાં કાર્ય બે જાતનાં હોય છે, એક કાર્ય એવું કે જેમાં ફળ સામાન્યતઃ નિશ્ચિતરૂપે દેખાય; દા. ત. ખેતીના કાર્યમાં પાકનું ફળ સામાન્યથી દેખાય છે; ત્યારે બીજાં કાર્ય એવાં હોય છે કે જેમાં તે તે પ્રવૃત્તિ સાથે ફળ નિશ્ચિત ન હોય; દા. ત. નિધાન અંગે જ્યાં ત્યાં જમીન ખોદવા વગેરેની પ્રવૃત્તિ કરે અને નિધાન વગેરે મળે જ, એવો નિયમ નહિ. તો પહેલા પ્રકારની પ્રવૃત્તિમાં પોતે પાક વગેરે ફળ જુએ છે, તેથી તેના ઉપાયભૂત ખેતી વગેરેનાં પ્રવૃત્તિ કરે છે; તે કરવાથી પોતાનું ઇચ્છિત ફળ સિદ્ધ કરી શકે છે. પરંતુ બીજા પ્રકારના કાર્યમાં સામાન્યથી એમ બનતું નથી કે ગમે તે જમીન ખોદવા વગેરેનું કર્યું એટલે નિધાનાદિ મળશે જ. ત્યાં તો ફળ અદૃષ્ટ છે. તેથી તે વિષયના નિષ્ણાત આપ્ત પુરુષોએ ચિંધેલા ઉપાયમાં પ્રવૃત્તિ કરવામાં આવે, અર્થાત્ ગુપ્ત નિધાન જાણવાની વિદ્યામાં નિષ્ણાત પુરુષ એમ કહે કે–'અમુક સ્થળે ખોદો તો નિધાન મળશે,' ને ત્યાં જ ખોદવાની પ્રવૃત્તિ કરે, તો નિધાનરૂપી ફળ મળે છે, અન્યથા નહિ. એટલે કે મતિકલ્પનાએ ખોદવા માત્રથી નિધાન મળતું નથી. બસ, એ રીતે ચૈત્યવન્દનનું કાર્ય પણ આ બીજા પ્રકારનું અદૃષ્ટ ફળવાળું કાર્ય છે. એમાં ફળ અંગે પોતાનો અનુભવ નથી કે 'ચૈત્યવન્દનમાં પ્રવૃત્તિ કરી અને એનું આ વિવક્ષિત ફળ મળ્યું. ચૈત્યવન્દનનું' ફળ તો શુભ અધ્યવસાય દ્વારા જ્ઞાનાવરણાદિનો કર્મક્ષય થવાનું છે. જેવી રીતે 'કયાં ખોદવાથી કેવું નિધાન મળે' એ દેખાતું નથી. તેમ ચૈત્યવન્દનના કેવા પ્રકારના અનુષ્ઠાન–આચરણથી કેવો કર્મક્ષય થાય છે, યા થાય કે ન થાય, એ ફળ અતીન્દ્રિય છે; ચર્મચક્ષુ દ્વારા કે યથેચ્છ કલ્પના વડે દેખાતું નથી. તો એમાં યથેચ્છ પ્રવૃત્તિ શું કામ લાગે? એ તો આપ્ત પુરુષોએ ચિંધેલા માર્ગે પ્રવર્તવાથી જ ફળ નીપજે.

સારાંશ એ છે કે–'ધર્મનું આવું આવું ચોકસ સ્વરૂપ છે, અને એમાંથી જ આવું આવું ફળ નીપજે છે,' એ બંને વસ્તુ અતીન્દ્રિય છે, ઇન્દ્રિયગોચર નથી. માટે એવા અતીન્દ્રિય ધર્મની સાધના કરવા એના જાણકાર મહાપુરુષનું માર્ગદર્શન જોઇએ જ. આપમતિએ યોગ્યતા વિના કેવળ દ્રિયાદૃષ્ટિથી ધર્મમાં ફૂદકો મારવાથી સફળતા ન મળે. એટલા માટે જ આપ્ત પુરુષોદ્વારા ઉપદેશાયેલી રીતે જ ચૈત્યવન્દનાદિમાં પ્રવર્તવું જોઇએ, અર્થાત્ ત્યાં મતિકલ્પના મુજબ નહિ, પણ જ્ઞાનીના અનુભવની સલાહ અનુસાર આપણે ચાલવું જોઇએ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ–ભાવની પરિસ્થિતિ સાચવીને જે ધર્મ કરવામાં આવે, તેમાં જિનેશ્વર-દેવોના વચનનું જ માર્ગદર્શન કામ લાગે. માટે ધર્મનું જે ઉચ્ચ ફળ ને શુભ અધ્યવસાયાદિની પ્રાપ્તિ છે, તે જિનવચનનું ઉલ્લંઘન કરનારને ન મળે.

તેમ, એ શુભ અધ્યવસાયાદિ પ્રાપ્તિરૂપ ફળ ન મળે એટલું જ નુકશાન જિનવચનના ઉલ્લંઘનમાં નથી, કિન્તુ વચન-વિરુદ્ધ ધર્મની સાધનાથી એ ધર્મને પણ લઘુતા લગાડે છે! કારણ કે ધર્મ યથેચ્છ રીતે આરાધવામાં એ જિનવચનોક્ત યોગ્યતા અને વિધિની અવગણના કરી રહ્યો છે. અયોગ્યતા અને અવિધિ આદરે છે, તેથી લોકમાં ધર્મનું મૂલ્યાંકને ય ઘટાડે છે! લોકને ધર્મ તરફ આકર્ષવાને બદલે ધર્મ તરફ

જુગુપ્સા, હલકો વિચાર કરાવી જાય છે! શિષ્ટ-પ્રવૃત્તિનો નિરોધ કરે છે! ધર્મનું બીજ તો ધર્મ-પ્રશંસા છે. એ ધર્મપ્રશંસાના અભાવે ઇતર શિષ્ટ પુરુષોને, મધ્યસ્થ પુરુષોને અને જોઈને પગલું માંડનાર પુરુષોને ધર્મમાં પ્રવૃત્તિ કરતા અટકાવાય છે! અથવા અહીં 'શિષ્ટ-પ્રવૃત્તિ-નિરોધ'નો બીજો અર્થ આ, શિષ્ટપ્રવૃત્તિ એટલે શિષ્ટાચાર, તેનો લોપ થાય છે. પૂજય પૂજા એ મહાન શિષ્ટાચાર છે.

પ્ર૦—પૂજય પૂજાનાં શિષ્ટાચારને મહાન કેમ કહેવાય છે?

ઉ૦—**प्रतिबन्धाति हि श्रेयः पूज्य-पूजाव्यतिक्रमः** પૂજયની પૂજાનો જયાં લોપ કરાય છે, ત્યાં કલ્યાણ અટકી જાય છે; એથી પૂજયપૂજા એ મહાન શિષ્ટાચાર આજના કાળે માતા કે પિતા, પુત્રને માટે તેઓ પૂજ્ય હોવા છતાં પુત્રો તરફથી એમનો ઉચિત વિનય-ભક્તિ વગેરેનો લોપ થતો દેખાય છે, તો એ પુત્રો કલ્યાણ પણ શું સાધે છે? પૂર્વે મોટા રાજાઓ પણ પૂજય મુનિજનોની પૂજા-ભક્તિ લોપતા નહોતા, તો કલ્યાણ સાધી જતા હતા. આજે એ મુનિજનોની પૂજા-ભક્તિના લોપથી કુદરતના કોપ ઉતરી પડતા દેખાય છે!

પૂજયની પૂજાનાં ઉલ્લંઘન હોય તેનામાં ત્યાગ, સંયમ જેવા મહાધર્મની પણ કિંમત ન રહે એ સહજ છે. જમાલીમાં વૈરાગ્ય હતો, ત્યાગ હતો, સંયમ હતો, જ્ઞાન હતું; પણ 'મહાવીર પ્રભુ પૂજય છે, તો એમની પૂજા તરીકે એમના વચનનો વિરોધ ન કરવો જોઈએ' એ નહોતું! તો એના સંયમાદિની કોઈ કિંમત ન રહી અને સંસાર વધાર્યો! એણે એટલું ન વિચાર્યું કે-'કરોડો શિષ્ટજનો અને ઇન્દ્રો જેવા પણ એ પ્રભુની પૂજા-સત્કાર કરે છે, એ દૃષ્ટિએ પણ એમનો વિરોધ ન કરતાં સમર્પિતભાવ રાખવો જોઈએ.' આ જો નહિ તો કલ્યાણ કયાં સસ્તું પડ્યું છે?

પૂજય પુરુષોની પૂજાનો લોપ કલ્યાણનો અવરોધ કરે છે. જે સ્વેચ્છાએ પ્રવૃત્તિ કરવા માંડે છે, એ પૂજયની પૂજારૂપ શિષ્ટાચારનો લોપ કરનારો બને છે; ને તેથી, ખરું જોતાં ધર્મથી પ્રાપ્ત થતા સુંદર ઇષ્ટફળનો જ એ લોપ કરી રહ્યો છે. ધર્મ કરવો છે કલ્યાણ માટે, તો સમજવું જોઈએ કે કલ્યાણ જિન-વચને કહેલા માર્ગે જ સાધી શકાય. જિનવચનને ઉલ્લંઘીને કલ્યાણસાધક ધર્મ-તત્ત્વ બની શકે નહિ.

અહીં જોવા જેવું છે કે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કે જેમને કેટલાકો મધ્યસ્થભાવવાળા એટલે કે સર્વધર્મ-સમભાવવાળા માને છે, એ મહાપુરુષ જિનોક્ત ધર્મ પ્રત્યે કેટલા બધા પક્ષપાતી છે! ત્યારે શું એઓશ્રી મધ્યસ્થભાવવાળા નથી? અવશ્ય છે, પરંતુ યુક્તિયુક્ત વચન તપાસવામાં મધ્યસ્થભાવવાળા છે. બાકી એ તપાસ કર્યા પછી સર્વજ્ઞવચન જ એમને યુક્તિયુક્ત લાગવાથી તે વચનના તો પક્ષપાતી બની રહે છે. તેમ, તેઓશ્રી ઇતરની નિંદા-તિરસ્કાર નથી કરતા, એ એમનો મધ્યસ્થ સ્વભાવ કહી શકાય.

★

અપવાદ-માર્ગનું સ્વરૂપ

(લ૦) अपवादोऽपि सूत्राबाधया गुरुलाघवालोचनपरोऽधिकदोषनिवृत्त्या शुभः शुभानुबन्धी महासत्त्वाऽऽसेवित उत्सर्गभेद एव, न तु सुत्रबाधया गुरुलाघवचिन्ताऽभावेनाहितमहितानुबन्ध्यसमञ्जसं परमलाघवकारि क्षुद्रसत्त्वविजृम्भितमिति ।

અર્થ:—અપવાદ પણ સૂત્રને બાધ કર્યા વિના ગૌરવ-લાઘવની વિચારણાવાળો હોવો જોઇએ; (ઉત્સર્ગ ન સેવવામાં ઉપસ્થિત થતા દોષ કરતાં) અધિક દોષથી મુક્ત બનીને હિતકારી તથા હિતની પરંપરાનો સર્જક હોવો જોઇએ, ને મહાપુરુષોએ આચરેલો હોવો જોઇએ. તેવો અપવાદ પણ ઉત્સર્ગનો જ એક ભેદ છે, બાકીનો અપવાદ ઉત્સર્ગનો ભેદ નહિ; અર્થાત્ સૂત્રને બાધા પહોંચાડીને ગૌરવ-લાઘવની ચિન્તા મૂકી દેવાથી અહિતકારી તેમજ અહિતની પરંપરા સર્જનારો, અનુચિત અને પરમગુરુ પરમાત્માને લઘુતા પમાડનારો, તથા ક્ષુદ્ર જીવોએ આચરેલો અપવાદ એ ઉત્સર્ગના પ્રકારરૂપ નથી બની શકતો.

વિવેચન :—

પ્ર૦—અનધિકારીની ગતાનુગતિકરૂપે કરાતી ચૈત્યવન્દનાદિ ક્રિયા ભલે ઉત્સર્ગમાર્ગની અર્થાત્ મુખ્ય માર્ગ તરીકેની ન હો, પરંતુ અપવાદ-માર્ગ તરીકેની તો સ્વીકારી શકાય ને?

ઉ૦—એને અપવાદ તરીકેની પણ ક્રિયા ન કહેવાય; કેમકે અપવાદ પણ સૂત્રને અર્થાત્ જિનાગમને બાધ ન કરે એવો જોઇએ. સૂત્ર પોતે જ ઉત્સર્ગની જેમ અપવાદો પણ બતાવે છે, ત્યારે સૂત્રે અનાધકારીના ધર્મને અપવાદરૂપે પણ ફરમાવ્યો નથી; તેથી મનમાન્યો અપવાદ યાને સૂત્રને બાધક બને એવો અપવાદ તો આદરણીય કયાંથી બની શકે? જિન-વચને કહેલા અપવાદો જ અપવાદ તરીકે ચાલે, જાતે ઉપજાવેલા નહિ. એવા અપવાદનું સ્વરૂપ આવા આવા પ્રકારનું હોય છે:—

— સાચા અપવાદનાં લક્ષણ —

(૧) **ઉત્સર્ગ-અપવાદનો ઉદ્દેશ એક જોઇએ**:—વિશુદ્ધ આગમમાં એ ખૂબી હોય છે કે ઉત્સર્ગ જે ઉદ્દેશથી હોય છે તે જ ઉદ્દેશથી અપવાદ હોય છે; અર્થાત્ અપવાદ પરિણામે ઉત્સર્ગનો પોષક હોય છે. દા. ત. મુનિને માટે ઉત્સર્ગ માર્ગ એ કે પૃથ્વીકાય, અપ્કાય વગેરે જીવોની પણ હિંસા ન કરાય, એનો ઉદ્દેશ સંયમનું પાલન છે. હવે એ સંયમ તો જ ટકે કે મુનિ વિહરતા રહી ગૃહસ્થ પરના રાગ આદિમાં ન ફસાય. હવે વિહરતા રહેવામાં કદાચ વચમાં નદી ય આવે તો વિધિસર પાણીમાં પગ મૂકી નદી પાર કરે. આમાં અલબત્ હિંસા છે, તેથી એ અપવાદ ગણાય, પણ ઉદ્દેશ સંયમનો છે; તેથી એ આપવાદિક હિંસા ઉત્સર્ગને અને સૂત્રકને બાધક નથી બનતી. ત્યારે વૈદિક ધર્મમાં ઉત્સર્ગ બતાવ્યો કે-'**मा हिंस्यात् सर्वभूतानि**' અર્થાત્ કોઈ પણ જીવની હિંસા ન કરવી, જ્યારે અન્ય સ્થળે, '**अजैर्यष्टव्यम्** અર્થાત્ 'બકરાથી યજ્ઞ કરવો' ઇત્યાદિ વિધાન કરાય છે! આ આપવાદિક

હિંસા કહેવાય કે કેમ, એ પ્રશ્ન ઉભો થાય છે. પરંતુ આવા હિંસક યજ્ઞનો ઉદ્દેશ સ્વર્ગાદિની સિદ્ધિ છે. ત્યારે ઉત્સર્ગમાર્ગની અહિંસાનો ઉદ્દેશ પરમ બ્રહ્મની પ્રાપ્તિ છે. આમ ઉદ્દેશની ભિન્નતા હોવાથી હિંસા-સૂત્રને મૂળ ઉત્સર્ગના અપવાદનું સૂત્ર કહી શકાય નહિ. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પણ કહે છે કે-'**नान्यार्थमुत्सृष्टमपोद्यते च**' અર્થાત્ જે ઉદ્દેશથી ઉત્સર્ગ નિયમ બાંધ્યો હોય, તેના કરતાં ભિન્ન ઉદ્દેશે કરેલું વિધાન એ પેલા ઉત્સર્ગના અપવાદમાં ગણી શકાય નહિ; માટે એ ઉત્સર્ગના સૂત્રને બાધા કરનારૂં' કહેવાય. જૈનદર્શનમાંના ઉત્સર્ગ-અપવાદનાં વિધાનોનો ઉદ્દેશ એક જ હોવાથી એ અપવાદો ઉત્સર્ગના સૂત્રને બાધા નથી પહોંચાડતા.

(૨) અપવાદનું બીજું લક્ષણ ગૌરવ-લાઘવનો વિચાર:—અપવાદનું બીજું લક્ષણ એ છે કે જેમાં ગૌરવ-લાઘવનો પૂરો વિચાર કરાતો હોય, અર્થાત્ એ વિચારાતું હોય કે વધુ દોષ શામાં અને ઓછા દોષ શામાં? ઉત્સર્ગ પકડી રાખવામાં કે અપવાદ સેવવામાં? તેમ એ જોવાતું હોય કે ઉત્સર્ગથી લાભ શો અને અપવાદથી વધુ લાભ શો? આમ, ગૌરવ-લાઘવના બે અર્થ, વધુ-ઓછા દોષ, અને વધુ-ઓછા લાભ અલાભ-લાભની દૃષ્ટિએ કહીએ તો ગૌરવ-લાઘવ એટલે લાભાલાભ નહિ પણ લાભાનુલાભ. લાભાલાભમાં તો એક બાજુ લાભ આવે, અને બીજી બાજુ અલાભ એટલે કે નુકશાન આવે ત્યારે લાભાનુલાભમાં એક બાજુ લાભ છે અને બીજી બાજુ અનુલાભ એટલે કે લાભની પાછળ લાભ અર્થાત્ લાભની પરંપરા આવે. હવે ઉત્સર્ગ અપવાદ બંને સામે આવે ત્યારે એ જોવાનું કે ઉત્સર્ગ પકડી રાખી અપવાદ ત્યજવામાં દોષ વધુ-ઓછો કે ઉત્સર્ગ છોડી અપવાદ ભજવવામાં દોષ વધુ-ઓછો? એમ એ વિચારવું જોઈએ કે અપવાદ ન સેવતાં ઉત્સર્ગ પકડી રખાય તો વધુ લાભ શું? અને ઉત્સર્ગ છોડી અપવાદ સેવાય તો વધુ લાભ શું? પૂર્વે કહી આવ્યા કે સાધુને ઉત્સર્ગથી સૂક્ષ્મ જીવની પણ હિંસા કરાય નહિ. એટલું જ નહિ પણ અપવાદે નદી ઉતરવાનું ય વિધાન કરવામાં આવ્યું છે. અલબત્ નદી ઓળંગીને જતાં પાણીની વિરાધના થાય છે, પણ એ અપવાદ હિંસા છે. કેમકે એમ કરીને ય વિહાર ચાલુ રાખવામાં પરીસહો સહાય છે, કાયક્લેશ-તપથી કર્મ અને કાયા કસાય છે. ગૃહસ્થો પ્રત્યેના રાગથી ય બચાય છે, ને દોષિત ગોચરી, પાપકથા આદિથી ય બચી સંયમ સચવાય છે. આ બધા મોટા લાભો છે. એના બદલે એ અપવાદ ન સેવતાં સ્થિરવાસ કરવામાં આવે તો ભલે નદીના પાણીની હિંસા ન થાય અને એ લાભ ખરો; પરંતુ સમજવું જોઈએ કે એ લાભ છે ત્યારે નુકશાન ઘણું છે! પરીસહાદિ ગુમાવાય, રાગ થાય, સંયમ, ઘવાય ..વગેરે વગેરે. આમ ગૌરવ-લાઘવનો વિચાર કરવાપૂર્વક અપવાદ હોય. એમ વિચારતાં જિનાજ્ઞાના થોડા પણ ઉલ્લંઘનથી કરાતી ધર્મપ્રવૃત્તિ એ અપવાદ માર્ગમાં ન આવી શકે, માટે એવો અપવાદ ન સેવવામાં જિનાજ્ઞાની આરાધનાનો મોટો લાભ છે.

(૩) અપવાદનું ત્રીજું લક્ષણ : શુભપણું:—અપવાદ એવો જોઈએ કે જે શુભ હોય, હિતકારી હોય. દા. ત. પિતા, ગુરુ વગેરેને પગ ન અડાડાય, એ ઉત્સર્ગમાર્ગ કહેવાય, પરંતુ એમને શારીરિક તકલીફમાં જરૂર પડચે એમની પીઠ પર ઉભા રહેવું પડે અને પગેથી કચરવી પણ પડે; આ અપવાદ-માર્ગ છે, શુભ છે; કેમકે ઉપકારી પૂજ્યની સેવા માટે પગ લગાડાય છે. એમ અહિંસા ધર્મ એ ઉત્સર્ગમાર્ગ, પરંતુ ગૃહસ્થને જિનભક્તિ માટે પૃથ્વીકાય જીવના પાષાણમાંથી બિંબ બનાવરાવવું, મૂર્તિની પ્રતિષ્ઠા કરાવવી તથા પૂજામાં અભિષેક-પુષ્પારોપણ વગેરે કરવા, એમાં એકેન્દ્રિય જીવની જે હિંસા થાય તે આપવાદિક હિંસા છે, કે જેને સ્વરૂપહિંસા કહેવામાં આવે છે. એટલું ધ્યાનમાં રહે કે ગૃહસ્થને એકેન્દ્રિય જીવની હિંસાના ત્યાગનું વ્રત નથી, એટલે એ હિંસામાં વ્રતભંગ નથી, છતાં હિંસા તો છે જ. તો પણ એનો આશ્રય લઈને જ એ જિનભક્તિ કરવાની પરિસ્થિતિમાં છે, માટે એ હિંસા સ્વરૂપહિંસા છે. ત્યાં જિનભક્તિના ઊંચા ભાવોલ્લાસ, પરમાત્માના ગુણો-સુકૃતોની ઊંચી

અનુમોદના, ભવનિર્વેદ વગેરેના લાભ મળે છે; માટે એ શુભ છે. એમ સાધુને રોગમાં ચિકિત્સા કરાવવી પડે ત્યાં અપવાદ-માર્ગનું સેવન થાય છે, પરંતુ એ સમાધિ અને રત્નત્રયીની અધિક સાધના માટે હોવાથી શુભ છે. આ અપવાદો શુભાનુબંધી પણ છે.

(૪) **અપવાદની ચોથી ખાસિયત : શુભાનુબંધિતા:**—સમ્યગ્ અપવાદ જેમ સૂત્રને બાધક ન હોય, ગૌરવ લાઘવનો વિચારવાળો હોય, શુભ હોય, તેમ શુભાનુબંધી અર્થાત્ શુભની પરંપરાવાળો હોય છે. અપવાદ શુભ હોય તેટલા માત્રથી બસ નથી. શુભ તો એકવાર પુણ્યબંધ કરાવી આપે, ધર્માનુષ્ઠાન હોય એટલે પુણ્ય તો બંધાય; પરંતુ એ પુણ્યના ઉદય વખતે આત્મા જો મોહમૂઢ બને તો એ પાપ વધારે કરવાનો ! પરિણામે અશુભની પરંપરા ! માટે કહેવાય છે કે શુભ હોવા ઉપરાંત અપવાદ શુભાનુબંધી જોઈએ. એ શુભાનુબંધી તો જ બને કે જો એ જિનાજ્ઞાથી વિહિત હોય; ઉત્સર્ગમાર્ગના ઊંચા ઉદ્દેશનો સારી રીતે સમર્થક હોય. દા. ત. ઉપર કહેલા અપવાદો શુભ ભાવની પરંપરા સર્જે છે. એમ, આધાકર્મી આહાર એટલે કે સાધુ માટે બનાવેલો આહાર સાધુથી ન લેવાય, આ ઉત્સર્ગ-માર્ગની આજ્ઞા છે, પણ 'સન્મતિ-તર્ક' જેવા સમ્યગ્દર્શનાદિને વિશુદ્ધ કરનારા મહાશાસ્ત્ર ભણવા નિમિત્તે કદાચ તેવા દેશમાં જવું પડે ને ત્યાં આધાકર્મી સિવાય બીજો આહાર મળે એમ ન હોય, તો કહ્યું અપવાદે આધાકર્મી લઈને પણ તે શાસ્ત્ર ભણે તો પણ વ્રત-ભંગ નહિ.

'સન્મતિ-તર્ક' શાસ્ત્ર એ સમર્થ તાર્કિક શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજની તર્કશુદ્ધ મહા-ભવ્ય કૃતિ છે. એમાં નિશ્ચયનય અને વ્યવહાર-નયના વિસ્તૃત, સ્પષ્ટ અને યુક્તિસિદ્ધિ નિરૂપણો કરી વસ્તુદર્શનના વિવિધ દૃષ્ટિબિંદુઓ એમણે રજુ કર્યા છે. એકાંતવાદી મતોમાં ઉભા થતા દોષોના સચોટ સ્ફોટ કરવાપૂર્વક અનેકાંતવાદની શુદ્ધતા બતાવી એનો વિજય-ધ્વજ ફરકાવ્યો છે. સમ્યગ્દર્શનને શુદ્ધ અને દૃઢ કરનાર આ ગ્રન્થ એવો અદ્ભુત છે કે જેથી એનું અધ્યયન કરવાનું વિધાન છે. આધાકર્મી આહાર લઈને જ ભણવા રહેવું પડે એમ હોય તો એમ પણ રહીને ભણવાનું કેમ કહ્યું ? એટલા જ માટે કે એ ત્યાગ સંયમના વિકાસ અર્થે છે; કેમકે સન્મતિ-તર્ક જેવા શાસ્ત્રના અધ્યયનથી સમ્યગ્દર્શન જે દૃઢ અને નિર્મળ બને છે તે સંયમ-શુદ્ધિ અને સંયમ-વિકાસમાં ખૂબ જ ઉપયોગી છે. ચારિત્રોપદેશક જિનવચન અને ચારિત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. એ સમ્ય-ગ્દર્શન જ્યારે વધુ દૃઢ અને નિર્મળ થાય ત્યારે આચરણા પણ અધિક શુદ્ધ થવા માંડે, એ સહજ છે. આ શુભ કહેવાય; અને તે સમ્યગ્દર્શન અને ચારિત્ર આગળ વિકસતાં ક્ષાયિક ભાવના સમ્યગ્દર્શન અને ચારિત્ર, યાવત્ કેવળજ્ઞાન સુધી લઈ જાય છે; આ શુભાનુબંધી કહેવાય. એમ બીજી રીતે જોઈએ તો, આધાકર્મી આહારાદિના ત્યાગવાળા સંયમનો ઉદ્દેશ કર્મક્ષય છે. હવે જો આધાકર્મ સેવીને પણ સન્મતિ-તર્ક આદિ ભણાય તો તે સન્મતિ-તર્કાદિ શાસ્ત્રોમાં સૂક્ષ્મ દ્રવ્યાનુયોગની વિચારણા હોવાથી એનો સ્વાધ્યાય એ ઊંચી કોટિનો જ્ઞાનયોગ બને છે, ને તે વિપુલ કર્મક્ષયનું તથા ભાવી માટે ઉચ્ચ સંસ્કરણનું ફલ આપે છે. એટલું ધ્યાનમાં રહે કે સન્મતિ જેવાનાં પણ અધ્યયનમાં નિર્દોષ આહાર ન જ મળે તેમ હોય તો જ દોષિત આહારની વાત છે. આમ શુભ અને શુભાનુબંધી અપવાદ એ સાચો અપવાદ કહેવાય.

પ્ર૦—અપવાદ શુભ અને શુભાનુબંધી બનશે કે કેમ, તે જોવાની કોઈ ચાવી છે ?

ઉ૦:—હા, અપવાદ બે રીતે સેવાય; એક પુષ્ટાલંબનથી, બીજો અપુષ્ટાલંબનથી, પુષ્ટાલંબનથી સેવેલો અપવાદ શુભ ને શુભાનુબંધી બને છે, અપુષ્ટાલંબનથી સેવેલો અપવાદ અશુભ ને અશુભાનુબંધી બને છે. પુષ્ટાલંબન એટલે અપવાદ સેવવાનું આલંબન, અર્થાત્ અપવાદ સેવવાનો ઉદ્દેશ યાને પ્રયોજન

પુષ્ટ હોય, સબળ હોય, ઉત્સર્ગ-સેવનના ઉદ્દેશને જ સાધનારો-સંરક્ષનારો હોય, તો એ અપવાદ પુષ્ટાલંબનથી સેવ્યો કહેવાય.

પુષ્ટાલંબન તરીકે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-પ્રવચન, વગેરે ગણાય. દરેક ક્રિયામાં એ ઉદ્દેશ સામે રાખવો જોઇએ. એને સિદ્ધ કરવા માટે જ કોઇપણ ધર્મ-ક્રિયા કરવાની હોય. વળી એ ઉદ્દેશ માત્ર નજર સામે રાખી બેસી ન રહેવાય, પણ એ ઉદ્દેશને સિદ્ધ કરતા જવું જોઇએ, અધિકાધિક વિશુદ્ધ કરતા જવું જોઇએ, વધારતા જવું જોઇએ. દા. ત. પ્રભુની પૂજા કરતાં જોવું જોઇએ કે એથી મને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ને ? સમ્યગદર્શન નિર્મળ થતું આવે છે ને ?...વગેરે. પુષ્ટાલંબન તરીકે સમ્યગ્દર્શનાદિ અંગે સેવેલો અપવાદ શુભ ને શુભાનુબંધી બને છે. તેથી એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે મનમાની રીતે પુષ્ટાલંબન કલ્પવાનું નથી. ઉત્સર્ગમાર્ગનો પવિત્ર ઉદ્દેશ બર આવે એમ વિવેક અને નિર્દંભતાથી લાગતું હોય તો આલંબન પુષ્ટ ધર્યું કહેવાય. અધિકાર વિના ધર્મ થાય તેમાં ભલે ઉદ્દેશ શુભ ધર્યો કહેવાય, પણ તે ઉદ્દેશ સિદ્ધ નથી થતો; આત્મામાં બેઠેલી અયોગ્યતાઓ તે શુભ ઉદ્દેશને થવા દેતી નથી. જ્યાં ઉદ્દેશનું લક્ષ જ નથી, અથવા ભળતા જ ઉદ્દેશનું લક્ષ છે, અને અપવાદ સેવાય, તે અપુષ્ટાલંબનના અપવાદ કહેવાય.

(૫) અપવાદની પાંચમી વિશેષતા : મહાપુરુષોથી સેવેલપણું:—ઉત્સર્ગ-માર્ગની જેમ સંયોગવશાત્ સેવેલા તેવા શુદ્ધ અપવાદ-માર્ગથી પણ આત્માની ઊંચી ઊંચી ભૂમિકા સિદ્ધ થતી આવે છે. એ માટે અપવાદના પાંચમા લક્ષણ તરીકે એવો શુદ્ધ અપવાદ મહાપુરુષોએ સેવેલો છે, એ જોઇએ.

વીરપ્રભુને કેવળજ્ઞાન સુધી મૌન રાખવાનું હતું, છતાં અપવાદે ચંડકૌશિક સર્પને 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા' એમ ઉચ્ચારણ કરી સર્પને દીર્ઘ દુર્ગતિની પરંપરામાંથી બચાવી લીધો ! જંઘાબળ ક્ષીણ થઈ જતાં મોટા આચાર્યો અપવાદે સ્થિરવાસ કરતા, એથી એ અનેક વિરાધનાઓથી બચી જતા ! સાધુ સદા ગચ્છવાસી રહે, ને એમ રહેવામાં કદાચ નાના દોષ લાગી જાય; તો પણ આચાર્ય મહાપુરુષો એ નાના દોષોને અપવાદે મંજુર રાખીને પણ સાધુને ગચ્છમાં વિહરવાનું કહે છે ! કેમકે ગચ્છ બહાર વિહરવાથી બીજા મોટા દોષમાં પડવાનું થાય છે.

અપવાદ એ એક પ્રકારે ઉત્સર્ગ:—આવા પાંચ લક્ષણોવાળા અપવાદ એ ઉત્સર્ગનો જ એક પ્રકાર છે; કેમકે એટલી વિશેષતાવાળો અપવાદ એ ઉત્સર્ગના સ્થાને રહેવાથી ઉત્સર્ગના ફળને સાધી આપે છે.

એટલા જ માટે, અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે અપવાદ કાંઇ જ્યાં ને ત્યાં કે જેમ ને તેમ સેવવાનો નથી; ઉત્સર્ગ-પાલનમાં અશક્યતા હોય, ઉત્સર્ગ પાળવા જતાં સંયોગોને લીધે બીજા વધુ દોષ ઉભા થતા હોય...ઇત્યાદિ કારણો હોય, અને અપવાદ-સેવનથી એ આપત્તિઓ ટળી જઇને વધુ હિત થતું હોય, ત્યાં અપવાદ સેવવાનો છે. તે પણ જરૂર જેટલો જ, ને જરૂરી કાળ જેટલો જ; અને પૂર્વે કહ્યું તેમ સૂત્રને અબાધક હોય, શુભ હોય વગેરે જોઇને.

જે અપવાદ (૧) સૂત્રનો બાધક હોય, (૨) ગૌરવ લાઘવના વિચાર વિનાનો હોય, (૩) આત્માને અહિતકારી હોય, (૪) અહિતની પરંપરા ચલાવનારો હોય, (૫) અઘટિત હોય-ઉત્સર્ગના ઉદ્દેશ સાથે જે અસંગત હોય, (૬) પરમગુરુ તીર્થંકરદેવને લઘુતા પમાડનારો હોય, ને (૭) મહાપુરુષોએ આદરેલો નહિ પરંતુ ક્ષુદ્ર જીવોએ ગુણહીન જીવોએ આચરેલ હોય, તે અપવાદ મનઃકલ્પિત છે, સાચો અપવાદ નથી; એ સેવ્ય નથી, ઉપાદેય નથી.

મહાપુરુષોએ આચરેલો અપવાદ માન્ય થઈ શકે છે. એટલે બુદ્ધિપૂર્વક, કટોકટીનો સમય પારખીને, તે પણ પોતાની બહુશ્રુતતાના આધાર પર, તેમજ સ્વયં મહાન પુરુષ હોવાને લીધે ભવભીરૂ રહીને, પાપનો પૂરો ભય રાખીને, અપવાદ આચરેલો હોય, માટે તે અપવાદ માન્ય થઈ શકે છે. જ્યારે ક્ષુદ્ર જીવોને તો પાપનો કે ભવનો ભય નથી, એમનામાં બહુશ્રુતતા અર્થાત્ વિશાળ શાસ્ત્રબોધ નથી, ગંભીર અને વિશાળ આશય નથી; ઉલટું એમનામાં ક્ષુદ્રતા વગેરે એવા મૂળભૂત દોષો હોય છે કે જે બનાવટી અપવાદ પ્રત્યે જ વધુ ઝોક રખાવે છે, એને જ મુખ્ય માર્ગ તરીકે મનાવી આચરાવે છે; આત્માને ઊંચા ગુણસ્થાનકમાં પ્રગતિ કરાવવાને બદલે, મોહભરી દુર્દશામાં રમતો રખાવે છે, દોડતો બનાવે છે; પછી એના આચરેલાને અપવાદ તરીકે કેમ સ્વીકારી શકાય?

★

क्षणविपरिणामधर्मा मर्त्यानामृद्धिसमुदयाः सर्वे ।
सर्वे च शोकजनकाः संयोगा विप्रयोगान्ताः ॥
भोगसुखैः किमनित्यैर्भयबहुलैः कांक्षितैः परायत्तैः ।
नित्यमभयमात्मस्थं प्रशमसुखं तत्र यतितव्यम् ॥

(प्रशमरतिः १२१-१२२)

મનુષ્યના સર્વ ઋદ્ધિભંડારો ક્ષણમાં વિણસી જનારા અને શોકને દેનારા છે; અરે, સર્વ સંયોગો વિયોગમાં પરિણમનારા છે.

એવા ભોગ-સુખોથી શું વિશેષ, કે જે ભોગસુખો અનિત્ય છે, ભયાક્રાન્ત છે અને અન્યજીવોથી અભિલષણીય અને પરાધીન છે! માટે નિત્ય, અભયપ્રદ અને આત્મસ્થ એવા પ્રશમસુખને જ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

શાસ્ત્રપરીક્ષાઃ જૈનદર્શનની સૂક્ષ્મતા-વ્યાપકતા.

(લ૦) एतदङ्गीकरणमप्यनात्मज्ञानां संसारसरिच्छ्रोतसि कुशकाशावलम्बनमिति परिभावनीयं सर्वथा । निरूपणीयं प्रवचनगाम्भीर्यं, विलोकनीया तन्त्रान्तरस्थितिः, दर्शनीयं ततोऽस्याधिक्यम्, अपेक्षितव्यो व्याप्तीतरविभागः ।

અર્થ:—આત્મજ્ઞાન વિનાના જીવોનું આ (ક્ષુદ્ર જીવોના આચરણને અપવાદ તરીકે) સ્વીકારવાનું પણ સંસાર નદીના પ્રવાહને વિષે તણખલાનું આલંબન કરવા સમાન છે; એના પર સર્વ પ્રકારે વિચારણા કરવી જોઈએ. આર્હત પ્રવચનની ગંભીરતા તપાસવી જોઈએ. બીજા શાસ્ત્રોમાંની પરિસ્થિતિ જોવી જોઇએ. એના કરતાં જૈન દર્શનની અધિકતા દર્શાવવી જોઈએ. તેમજ જૈન દર્શનની વ્યાપકતા અને ઇતર દર્શનોની અવ્યાપકતા ઉપર તોલ બાંધવું જોઇએ.

વિવેચનઃ—ક્ષુદ્ર જીવોએ મનમાની રીતે અખત્યાર કરેલા અપવાદની આચરણા કે જે અહિતકારી છે, અને અહિતની પરંપરા ચલાવનાર છે, એ આચરણાનો અપવાદ તરીકે સ્વીકાર કરવો, આદર કરવો, એ પણ અનાત્મજ્ઞ જીવોની ઘેલી રક્ષણપ્રવૃત્તિ છે. અર્થાત્ આત્માની શુદ્ધબુદ્ધ વિનાના જીવો અસત્ અપવાદ-માર્ગને સ્વીકાર્યા સિવાય પણ પાપરક્ત જીવન જીવીને સંસારપ્રવાહમાં તણાઈ જનારા તો હોય જ છે, પરન્તુ કદાચ ધર્મબુદ્ધિએ ભળતા અપવાદમાર્ગને સ્વીકારે તો પણ એ બિચારા સંસારરૂપી નદીના પ્રવાહમાં તણાઈ જાય છે. અનાત્મજ્ઞ એટલે પોતાની જાતને નહિ ઓળખનારા, અનાત્મજ્ઞ એટલે આત્માનું હિત નહિ વિચારનારા, અનાત્મજ્ઞ એટલે આત્માના પ્રેમને બદલે જડની આસક્તિવાળા. એવા અનાત્મજ્ઞ આત્માઓ જ નકલી અપવાદને સાચા અપવાદ તરીકે સ્વીકારનારા હોય. દા. ત. પૂર્વે એક એવો કાળ આવી ગયો કે જ્યારે કેટલાય સાધુ ચૈત્યવાસી બની ગયા. ક્રિયા-ભ્રષ્ટ અને આચાર-ભ્રષ્ટ બની જિન-મંદિરની આવક ખાતા થઇ ગયા. પાછું એને ઉન્માર્ગ નહિ પણ અપવાદનો માર્ગ માનવા લાગ્યા! એમ કહીને કે 'કાળ પડતો છે, સાધુ વિના દ્રવ્ય કોણ ટકાવશે? કોઇપણ ઉપાય કરીને દ્રવ્યનું રક્ષણ કરવું જ જોઇએ. સાધુ કોઇપણ ભોગે દ્રવ્યનું રક્ષણ ન કરે તો પાપ લાગે!' આવી આવી માન્યતાના ઓઠે મનમાન્યા અપવાદ ઉભા કર્યા. આને અપવાદ માનવો, તે અનાત્મજ્ઞ દશા છે, જડ દશા છે; ને એ અપવાદના આધારે ચાલવું, એ સંસારરૂપી નદીના પ્રવાહમાં તણાતાં તણખલાનો આશ્રય લેવા જેવું છે! ખોટા અપવાદ એ તણખલા જેવા છે; આત્માને રક્ષણ આપી શકે નહિ.

આ પ્રમાણે ચારે બાજુથી એના પર પરામર્શ કરી આ વસ્તુ અંગે યથાર્થ નિર્ણય કરવા જેવો છે.

જિનપ્રવચનની ગંભીરતાઃ-સારા ય જગતનો ઉદ્ધારક એવું જિનપ્રવચન જ્યારે અનધિકારીને ધર્મનો અધિકાર ન હોવાનું ફરમાવે છે, ત્યારે એ વિચારણીય બને છે કે આ પ્રવચન કેટલું બધું ગંભીર હોવું જોઇએ. તો, 'હાં, ખરેખર બહુ ગંભીર,' એમ માનીને બેસી રહેવાનું નથી, પરન્તુ વિવિધ રીતે ગંભીરતાને શોધવા-સમજવા જેવું છે. જિનપ્રવચન એ કેવી રીતે અને કેટલું બધું ઉંડાણ સુધી

જનારૂં છે, સૂક્ષ્મદર્શી છે, અગાધ છે, એની બીજાને પણ સમજ કરાવવાની જરૂર છે. ધર્મ એ હિતકારી છે અને પ્રવચન જીવોને એ ધર્મ પમાડવા માટે છે, સંસાર પોષવા માટે નહિ! પ્રવચન ધર્મમાં પ્રેરણા કરવા માટે છે રોકવા માટે નહિ! છતાં જ્યારે એ પ્રવચન અમુકને ધર્મ-સાધના અને ધર્મ-દાનના નિષેધ કરે છે, તો તેની પાછળનું ઊંડું રહસ્ય અને દીર્ઘ દૃષ્ટિ, એ ખાસ આલોચન માગે છે.

એજ રીતે પ્રવચનની ગંભીરતા સમજવા આ પણ એક વિચારણા છે, કે યોગની પૂર્વસેવામાં પોતપોતાના ઇષ્ટ દેવોને મધ્યસ્થભાવે સેવવાનું કહેનાર આ પ્રવચન સમ્યગ્દર્શનની ભૂમિકામાં વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા સિવાય અન્યને ન માનવાનું કહે છે! શ્રાવકને માટે અરિહંતની દ્રવ્યપૂજા અવશ્ય કર્તવ્ય અને ગુણરૂપ કહેનારૂં જિનશાસન. સાધુને માટે અકર્તવ્ય અને દોષકારી કહે છે! રાગ-દ્વેષને સંસારનું કારણ કહેનારૂં આ પ્રવચન પ્રશસ્ત રાગ-દ્વેષને કર્તવ્ય કહે છે! આવા આવા વિધિનિષેધોમાં પ્રવચનની ગંભીરતા સમજવા જેવી છે. એમ જિનપ્રવચનમાં સરાગ સંયમથી મોક્ષ ન મળે એ વિધાન સાથે એના દ્વારા જ વીતરાગ સંયમ પામ્યાનાં મળતાં દૃષ્ટાન્તો; કર્મના બંધ-ઉદય-ઉદીરણા, સંક્રમણ વગેરેના સૂક્ષ્મ ભેદો અને સૂક્ષ્મ પ્રક્રિયા; ક્ષપકશ્રેણીમાં ચઢનારા જીવમાં પણ સૂક્ષ્મ વેદોદય અને રાગની વિદ્યમાનતા; અહિંસાદિ મહાવ્રતોવાળા મિથ્યાદૃષ્ટિ જીવમાં પણ મિથ્યાત્વના ઉદયને લીધે ઉચ્ચ ગુણસ્થાનકનો અભાવ; વિવિધ ધર્મોને માટે વિવિધ યોગ્યતાના સૂક્ષ્મ પ્રકારો; સાધુજીવનના આચારો અને પ્રાયશ્ચિત્તોની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારણા;...આવું આવું તો કેટલુંય ભર્યું પડ્યું છે, જે પ્રવચનની મહા-ગંભીરતાનો ખ્યાલ આપે છે.

સર્વજ્ઞ અરિહંતના પ્રવચનની એ ગંભીરતાઓનો માર્મિક ખ્યાલ કરવામાં આવે તો સમજાય કે તેની આગળ અસર્વજ્ઞતા દર્શનોમાં એવી ગંભીરતા નથી, એટલું ઊંડાણ નથી, સૂક્ષ્મતા નથી. એ સમજણ થયા પછી તો ઇતરદર્શનો કરતાં જિનપ્રવચન કેટલું બધું ઊંચું છે, અધિક છે, તેનો ખ્યાલ આવી શકે છે; અને તે પોતે સમજીને બીજાને ય સમજાવવું જોઈએ.

શાસ્ત્રની ત્રિવિધ પરીક્ષા:—જિન-પ્રવચનની વિશાલતા, ગંભીરતા, ઉચ્ચતા, ઉચ્ચહિતકારિતા વગેરે શ્રદ્ધા માત્રથી નથી કહેવાતું, પક્ષપાતથી નથી કહેવાતું, પરંતુ કોઇ પણ આગમની શુદ્ધતા તપાસવા જે ત્રિવિધ પરીક્ષા છે, એ બધી જ પરીક્ષામાં જિનાગમ, જિનપ્રવચન શુદ્ધ રીતે પસાર થાય છે, માટે કહેવાય છે. સોનાની જેમ શાસ્ત્રની પણ ત્રણ પરીક્ષા કષ, છેદ અને તાપની છે.

(૧) **કષ-પરીક્ષા:**—પહેલી પરીક્ષા કરવા સોનાને કસોટી પર કસી જોવામાં આવે છે, 'સોનાની રેખા પડે છે કે પિત્તળની?' એમ શાસ્ત્રને પણ પહેલું કસોટી પર પરખવાનું હોય છે. એની કસોટી-પરીક્ષામાં 'શાસ્ત્રમાં ઉચિત વિધિ-નિષેધો છે કે નહિ,' તે જોવાનું હોય છે. વિધિ એટલે વિધાનો, દા૰ ત૰ 'તપ કરો, ત્યાગ કરો, ધ્યાન કરો,' વગેરે કરવાના આદેશ. નિષેધ એટલે અમુક ન કરવાના આદેશ. દા. ત. હિંસા ન કરો, અસત્ય ન બોલો, ચોરી ન કરો...' વગેરે. આ યોગ્ય વિધિ-નિષેધ છે. એથી તદ્દન ઉલટું કહેવામાં આવે તો એને યોગ્ય વિધિ નિષેધ ન કહેવાય. બાકી 'તપ કરો, ધ્યાન કરો,' વગેરે એકલું જૈનદર્શન કહે છે એવું નથી, બીજા પણ કહે છે. એમ, 'હિંસા ન કરવી, જૂઠું ન બોલવું' વગેરે. નિષેધ બીજા પણ કહે છે. તો જે જે શાસ્ત્ર આવા વિધિનિષેધ ફરમાવે, તે જ કષ પરીક્ષામાં પસાર ગણાય.

છેદ-પરીક્ષા:—કસોટીમાં પાર ઉતર્યા પછી સોનાની બીજી છેદપરીક્ષામાં સોનાના ટુકડા કરીને તપાસવામાં આવે છે, કે આ સોનું ઉપરથી ગિલેટ અને ઓપવાળું છે, પરંતુ અંદર કથિર તો નથી ને? એમ શાસ્ત્રની બીજી છેદપરીક્ષા એ છે કે શાસ્ત્ર ફરમાવેલા વિધિ અને નિષેધોનું પાલન થઈ શકે એવી ક્રિયા અને આચારો બતાવ્યા હોય, અર્થાત્ વિધિ-નિષેધને અનુકૂળ, વિધિ-નિષેધને સંગત, એવા આચાર-અનુષ્ઠાનો ફરમાવ્યા હોય, આ પરીક્ષામાં કેટલાંય દર્શનો પાછાં પડે છે.

દા. ત. વેદોમાં નિષેધ તો કર્યો કે જીવોની હિંસા ન કરવી; પરંતુ વળી અન્યત્ર કહે છે, 'શત્રુનો નાશ કરવા શ્યેનયાગ કરવો!' એમ બીજા બીજા બકરાદિના યજ્ઞ ફરમાવ્યા છે, આ યજ્ઞની ક્રિયા હિંસાના નિષેધ સાથે અસંગત છે.

એમ એક સ્થળે વિધાન કર્યું છે કે-'બ્રહ્મચર્ય પાળવું.' પરંતુ આચાર એ બતાવે છે કે 'ઋતુ-કાળમાં વિષયભોગ અવશ્ય કરવો!' અથવા '**अपुत्रस्य गतिर्नास्ति,**' 'પુત્ર વિના સદ્ગતિ નહિ.' એમ કહે છે! એનો અર્થ એ થાય કે 'પુત્ર માટે અબ્રહ્મ સેવવું.'

વિધાન તરીકે વળી એક સ્થળ છે કે 'આત્મ-દર્શન કરવું.' પરંતુ તે માટે ઘર છોડી વનવાસમાં જઈ સજીવ વનસ્પતિ-ભક્ષણ કરવા અને અગ્નિતાપ સહેવાનું નિર્દેશ્યું! અહીં પ્રથમતઃ તો વનસ્પતિના અને અગ્નિના આત્માનું જ અદર્શન કર્યું! પછી સ્વાત્માનું દર્શન શી રીતે થાય? ત્યાં વનસ્પતિ અને અગ્નિના સ્થાવર જીવ ઉપરાંત એ ફળફૂલ તથા કાષ્ઠાદિની નિશ્રાએ રહેલા બીજા કેટલાય ત્રસ જીવ મરે! કમઠ તાપસના કાષ્ઠમાં સર્પ પૂરાયો હતો, તે બિચારો અડધો-પડધો બળી ગયો હતો. તો એ આચાર-ક્રિયા મૂળ હિંસાનિષેધને પ્રતિકૂળ ગણાય, તેમજ આત્મદર્શનનું જે વિધાન '**आत्मवत् सर्व-भूतेषु यः पश्यति स पश्यति**'તેને પણ પ્રતિકૂળ ગણાય. બીજા જીવોમાં પોતાના જેવી સુખદુઃખની લાગણી જોઇ એમને પ્રતિકૂળ ન આચરે તે જ સ્વાત્માને જોનારો કહેવાય; તે જ આત્મ-દર્શન કરનારો છે.

ત્યારે જૈનદર્શનમાં અહિંસાને અને આત્મ-દર્શનને અનુકૂળ ક્રિયાઓ કહી છે, આચાર બતાવ્યા છે. સમિતિ, બ્રહ્મચર્યની ૯ વાડ, ગુપ્તિ, ૧૨ પ્રકારના તપ, ૫૭ પ્રકારે સંવર, વગેરે આચાર બતાવ્યા છે. તે આચારો વિધિ-નિષેધોને પોષે એવા છે. કેમકે સમિતિમાં સૂક્ષ્મ જીવોની પણ હિંસા ન થાય એ રીતે જોઇ તપાસી ગમનાગમન, પૂંજીપ્રમાર્જી ઉઠ-બેસ અને વસ્તુની લે-મૂક, પોતાના નિમિત્તે નહિ બનાવેલી નિર્દોષ મધુકરી ભિક્ષા, સત્ય અને હિતકારી પ્રિય વચનવ્યવહાર, વગેરે કરવાના હોય છે. એમ પાંચ મહાવ્રત, તપ, ધ્યાન, આત્મસંશોધન, વગેરે વિધિને અને હિંસાદિ પાપોના...યાવત્ પરપરિણતિ—પરરમણતા માત્રના નિષેધને સિદ્ધ કરી આપે તેવી મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, તેમજ પંચાચારના કોઇ પ્રકારો, વગેરે આચાર અનુષ્ઠાનો જૈનદર્શનમાં ફરમાવ્યા છે.

(૩) **તાપપરીક્ષાઃ**—સોનાની ત્રીજી પરીક્ષામાં સોનાને અગ્નિમાં તપાવવામાં આવે છે, તેમ શાસ્ત્રની તાપ—પરીક્ષા એટલે શાસ્ત્રમાં વિધિ—નિષેધો, અને આચાર—અનુષ્ઠાનો ઘટી શકે એવા સિદ્ધાન્ત માન્ય કરેલા હોય. કદાચ શાસ્ત્રમાં વિધિનિષેધ ને આચાર યોગ્ય કહેવાયા હોય, પણ જો સિદ્ધાન્ત એવા પ્રરૂપ્યા હોય કે એના આધાર પર એ આચારો સંગત ન થઈ શકે તો તાપ—પરીક્ષામાં એ પસાર થયું ન ગણાય.

દા. ત. બૌદ્ધદર્શનમાં સિદ્ધાન્ત એવો કહ્યો કે 'આત્મા એકાન્તે ક્ષણિક છે,' તો ત્યાં આત્મ-દર્શનનો વિધિ અને હિંસાનો નિષેધ ન ઘટી શકે. કેમકે આત્મા ક્ષણિક એટલે બીજી જ ક્ષણે નાશ પામનારો. એ સ્થિતિમાં પછી આત્મદર્શનનો આદેશ કોણે બજાવવાનો? ત્યારે જીવમાત્ર બીજી ક્ષણે જો આપમેળ નાશ પામે છે તો ત્યાં હિંસા શી રીતે? એમ યમ, નિયમ આદિ આચારોનો દીર્ઘ અભ્યાસ કરવાનો છે. આચારનો વારંવાર અભ્યાસ થાય ત્યારે તે આત્માને વિધિ-નિષેધ સિદ્ધ કરવા તરફ, આત્મસાત્ કરવા તરફ લઈ જાય છે. પરંતુ તે તો આત્મા નિત્ય ટકવાનો હોય તો ને? એકાન્ત ક્ષણિક હોય તો તો બીજી ક્ષણે જ તે નાશ પામે છે પછી સિદ્ધ કરનાર કોણ?

એમ આત્મા એકાન્તે નિત્ય હોવાનો સિદ્ધાન્ત માનનારના મતે આત્મા નિત્ય એટલે તો એમાં પરાવર્તન થવાનું જ નહિ! તો આચાર પાળવાનું શું પ્રયોજન? પરાવર્તન તો થવાનું નથી; માટે

યમનિયમાદિ આચાર-પાલન વ્યર્થ છે! એટલે, આત્મા શું ક્ષણિક કે શું નિત્ય, એકાન્ત સિદ્ધાન્ત માનવામાં વિધિ-નિષેધ અને આચારનો અમલ સંગત થઇ શકે નહિ તેથી તે શાસ્ત્ર તાપ-પરીક્ષામાં પસાર ન ગણાય.

એમ આત્મા એકાન્તે ક્ષણિક જ હોય તો શુભાશુભ કર્મથી બંધાવાનું કોને? ભોગવવાનું કોને? કર્મના બંધનોમાંથી છૂટીને મોક્ષ કોણે પામવાનો? ત્યારે આત્મા જો એકાન્ત નિત્ય હોય, તો તો એ પરાવર્તનને માટે અસહિષ્ણુ છે, પછી વિધિના ભંગથી અને નિષેધના આચરણથી બદ્ધ બનવા તરીકેનું પરાવર્તન કોનું? તેમ એવી બદ્ધ અવસ્થામાંથી વિહિતનું પાલન અને નિષિદ્ધના ત્યાગ દ્વારા મુક્ત બનવારૂપ પરાવર્તન કોનું? એ તો આત્મા કથંચિત્ નિત્યાનિત્ય હોવાનો સિદ્ધાન્ત સ્વીકારાય, આત્મા આત્મદ્રવ્યરૂપે નિત્ય, અને કર્તૃત્વ, ભોકર્તૃત્વ, બદ્ધત્વ, મુક્તત્વ, વગેરે પર્યાયરૂપે અનિત્ય મનાય, તો વિધિ—નિષેધ અને આચારો સંગત કરી શકાય, તો જ તાપપરીક્ષામાં પસાર થવાય. આવી પરીક્ષામાં જૈન આગમો પસાર થાય છે માટે તે વિશુદ્ધ શાસ્ત્ર છે. આમ સર્વજ્ઞ એવા જિનેન્દ્રદેવના વચનની સર્વાંગીણ વિશુદ્ધિ, અને અસર્વજ્ઞના પ્રવચનોમાં રહેલી પરીક્ષાની અસહિષ્ણુતા, તથા ફલત સર્વાંગીણ વિશુદ્ધિનો અભાવ, એ તપાસવી જરૂરી છે.

व्याप्तीतर-विभागज्ञिः प्रवचननी व्यापकता, अन्य दर्शनोनी अव्यापकताः—

ગંભીરતા અને અધિકતા તપાસવા ઉપરાંત આગળ કહે છે કે '**अपेक्षितव्यो व्याप्ति-इतर-विभागः।**' અર્થાત્ જિનદર્શનની બીજા દર્શનોમાં વ્યાપ્તિ—અનુગમ અને બીજાઓની જિનદર્શનમાં અ—વ્યાપ્તિ, એના પર ખાસ મદાર બાંધવા જેવો છે, ખાસ લક્ષ આપીને ચાલવા જેવું છે; જેથી જિનદર્શનની સંપૂર્ણતા અને અન્ય દર્શનની અપૂર્ણતા સહિત સત્યવિરોધકતાનો ખ્યાલ આવી શકે, અને તેથી આ મોંઘેરા માનવજીવનમાં જિનોક્ત-તત્ત્વ ઉપર અટલ શ્રદ્ધા અને જિનોકત માર્ગનું જ એક માત્ર અનુસરણ સિદ્ધ કરી શકાય; માનવજીવનની ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરી શકાય. અહીં જિન-પ્રવચનની બીજા દર્શનોમાં વ્યાપ્તિ, અને બીજાઓની જિનદર્શનમાં અવ્યાપ્તિ કહેવામાં આવી છે. વ્યાપ્તિ એટલે અનુગમ, અર્થાત્ જિનપ્રવચન બીજાઓમાં અનુગત છે, બીજાઓ જિનદર્શનમાં અનુગત નથી. કારણ એ છે કે જિનદર્શન સર્વ નયમતોને અનુસરનારૂં છે, માનનારૂં છે; ત્યારે બીજાં દર્શનો એક નયને સ્વીકારનારાં છે. નય એટલે દૃષ્ટિ, નય એટલે અપેક્ષા; અને મત એટલે સિદ્ધાન્ત. નયમત એટલે અમુક અમુક દૃષ્ટિએ માન્ય કરાતા સિદ્ધાન્તો.

सातनयः—આમ તો વસ્તુને જોવાના જેટલાં દૃષ્ટિબિન્દુઓ તેટલા નય કહેવાય. પરન્તુ જૈનદર્શન એ દૃષ્ટિઓને જુદી જુદી રીતે વિભાગ કરી બતાવે છે. દા. ત. હજાર વિભાગ કરી **सहस्रार नयचक्र** કહે છે, એમ સો વિભાગ કરી **शतार-नयचक्र**, કહે છે, બાર વિભાગ કરી **द्वादशार नयचक्र** કહે છે, સાત વિભાગ કરી **सप्तनय** ઇત્યાદિ બતાવે છે. એમાં ચાલુ પ્રસિદ્ધ સંગ્રહ સાત નયોનો છે, તે સાતનયો નૈગમ, સંગ્રહ વગેરે છે. એમાં નૈગમ નયદૃષ્ટિ વસ્તુને સામાન્યરૂપે ય જુએ છે, અને વિશેષરૂપે ય જુએ છે. સંગ્રહ નયદૃષ્ટિ કેવળ સંગ્રહરૂપે અર્થાત્ સામાન્યરૂપે જ જુએ છે. વ્યવહાર નયદૃષ્ટિ વસ્તુને લોકવ્યવહારની દૃષ્ટિએ જુએ છે. ઋજુસૂત્ર નયદૃષ્ટિ વસ્તુને વર્તમાન સ્થિતિમાં અને પોતાની દૃષ્ટિએ જ જુએ છે. આ ચાર અર્થનયો છે, ત્યારે શબ્દનયો ત્રણ છે. એમાં **सांप्रतनय** વસ્તુના સમાન લિંગ-વચનવાળા નામની દૃષ્ટિએ જુએ છે. **समभिरूढनय** વસ્તુના નામની વ્યુત્પત્તિની-દૃષ્ટિએ જુએ છે; ત્યારે **एवंभूत** નામનો નય એજ વ્યુત્પત્તિ-અર્થ જે અવસ્થામાં ઘટતો હોય, સક્રિય હોય, તે અવસ્થાની દૃષ્ટિએ વસ્તુને જુએ છે. જૈનદર્શન તો આ બધી નયદૃષ્ટિઓથી પ્રાપ્ત થતાં વસ્તુનાં બધાં સ્વરૂપને માને છે, ત્યારે બીજાં દર્શનો એમાંના કોઇ કોઇ નયની દૃષ્ટિએ પ્રાપ્ત થતા વસ્તુસ્વરૂપને સ્વીકારે છે.

સાત નયોમાં ભિન્ન ભિન્ન દર્શનઃ—**ન્યાય-વૈશેષિક** દર્શન નૈગમ નયદૃષ્ટિને અનુસરે છે; પૃથ્વીત્વ, ઘટત્વ, સત્તા વગેરે સામાન્યોનું જગતમાં સ્વતન્ત્ર અસ્તિત્ત્વ માને છે, તેમજ પરમાણુ-પરમાણુએ સ્વતન્ત્ર વિશેષ પદાર્થ છે, એ માન્યતા ધરાવે છે. **વેદાન્ત**-દર્શન સંગ્રહ-નયદૃષ્ટિએ એક જ સત્ એવા પરમબ્રહ્મને પારમાર્થિક તત્ત્વ તરીકે માને છે. **સાંખ્યનય** આખા જગતની ઘટમાળ પુરુષતત્ત્વની સાથેના એક જ પ્રકૃતિ તત્ત્વ ઉપર માને છે. વિશ્વમાં સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રિગુણાત્મક પ્રકૃતિનાં જ વિવિધ રૂપકો દેખાય છે એમ કહે છે. **ચાર્વાક** દર્શન અર્થાત્ આત્માનું અસ્તિત્વ નહિ માનનારૂં નાસ્તિક દર્શન વ્યવહાર નયદૃષ્ટિથી વસ્તુસ્વરૂપ સ્વીકારે છે. જીવો પોતાની કાયામાં જ 'હું'પણાનો વ્યવહાર કરે છે, માટે એ નાસ્તિક દર્શન કહે છે કે કાયા એજ આત્મા છે! **બૌદ્ધ** દર્શન ઋજુસૂત્ર નયના આધારે ચાલે છે, અને વસ્તુને વર્તમાન અવસ્થાએ જ સત્ માની વસ્તુમાત્રને ક્ષણિક કહે છે. વ્યાકરણ અર્થાત્ શબ્દને મુખ્ય કરીને ચાલનારા દર્શનો સાંપ્રત વગેરે નયદૃષ્ટિને અનુસરે છે. **સાંપ્રત નય** જુએ છે કે ઘડો, કુંભો, કળશ વગેરે એક જ પુલિંગ અને એકવચનવાળા શબ્દ છે; તો ઘડાને, કુંભને, કળશને એક જ જાતની વસ્તુ કહે છે. જો લિંગ કે વચન ફરે, દા. ત. ઘડી, કોઠી વગેરે, અથવા ઘડા, કુંભા વગેરે બોલાય તો તે પેલા કરતાં જુદી વસ્તુને સૂચવે છે. **સમભિરૂઢ નયદૃષ્ટિ** વસ્તુના નામની વ્યુત્પત્તિ અર્થાત્ શબ્દાર્થ જોઈને જ વ્યવહાર કરે છે, દા. ત. સંઘ કાઢવો હોય તે સંઘવી, વકિલાતનો ધંધો હોય તે વકીલ, પરંતુ એનો છોકરો કે પોતરો હોવા માત્રથી સંઘવી કે વકિલ ન કહેવાય. ત્યારે **એવંભૂત નયદૃષ્ટિ** તો એ જુએ છે કે એ શબ્દાર્થ જે કાળે સક્રિય હોય તે જ વખતે એ એને લાગુ પડે. દા. ત. સંઘ લઈને જતો હોય ત્યારે જ તે સંઘવી, પણ પછી કોઈના સંઘમાં જતો હોય ત્યારે તે સંઘવી નહિ; અને તેથી આ દૃષ્ટિએ ત્યાં વ્યવહાર પણ એવો જ થાય છે! સંઘમાં આગળ કરવો, માળ પહેરાવવી વગેરે ક્રિયા તે સંઘને લઇને જનાર સંઘવી ઉપર થાય છે, કોઈ જૂના સંઘવી ઉપર નહિ.

ભિન્નભિન્ન નયયુગલઃ—શબ્દનય-અર્થનયની જેમ દ્રવ્યનય-પર્યાયનય, અર્થાત્ દ્રવ્યાર્થિક નય-પર્યાયાર્થિકનય, નિશ્ચયનય અને વ્યવહારનય, જ્ઞાનનય અને ક્રિયાનય, એવા એવા દૃષ્ટિ-વિભાગો છે.

દ્રવ્યનય વસ્તુનું ઉપાદાનભૂત મૂળદ્રવ્ય જ જુએ છે, ત્યારે પર્યાયનય વસ્તુની ભિન્ન ભિન્ન અવસ્થા જ જુએ છે. **સાંખ્યદર્શન** દ્રવ્યાર્થિક નયદૃષ્ટિથી આત્મને સદા શુદ્ધ અને કુટસ્થ નિત્ય કહે છે. (આનું સ્પષ્ટીકરણ 'આઇગરાણં' પદની વ્યાખ્યામાં આવશે.) તો **બૌદ્ધદર્શન** પર્યાયાર્થિક દૃષ્ટિથી વસ્તુની ક્ષણે ક્ષણે અવસ્થા ફરતી હોવાના હિસાબે વસ્તુને ક્ષણિક માને છે.

નિશ્ચયનય વસ્તુના આંતરિક અને અંતિમ સ્વરૂપને વસ્તુસ્વરૂપ તરીકે સ્વીકારે છે. દા. ત. પૂછવામાં આવે કે સમ્યગ્દર્શન એટલે શું? તો આ નિશ્ચયનય કહે છે કે 'અમલમાં ઉતરેલી તત્ત્વશ્રદ્ધા ને સમ્યગ્દર્શન કહેવાય; અર્થાત્ ૭ મે ગુણસ્થાનકે અપ્રમત્તસંયમની અવસ્થાએ સમ્યગ્દર્શન હોય, તે પૂર્વેની અવસ્થાઓમાં નિશ્ચયનયના મતે સમ્યગ્દર્શન હોઇ શકે નહિ. ત્યારે વ્યવહારનય વસ્તુના બાહ્ય સ્વરૂપને, વ્યવહારમાં આવતા સ્વરૂપને વસ્તુસ્વરૂપ તરીકે માને છે. દા. ત. મિથ્યાત્વીનો અસંગ, પરમાર્થસંસ્તવ (પરિચય) વગેરે બાહ્ય વ્યવહારમાં સમ્યગ્દર્શન હોવાનું આ નય ને સંમત છે, અને તે મુજબ એ વ્યવહાર કરે છે.

જ્ઞાનનયની દૃષ્ટિ જ્ઞાનથી જ મોક્ષ, જ્ઞાનથી જ સાધના, જ્ઞાનથી જ કાર્યસિદ્ધિ માને છે. એ કહે છે, "**आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते**:—આત્માના અજ્ઞાનથી દુઃખ છે, તે આત્મજ્ઞાનથી હણાય છે." શુકલધ્યાનરૂપી જ્ઞાનથી કૈવલ્ય મળે છે; ત્યાં ક્રિયાની કિંમત નથી. ડોકટર અને ગુંડો-બંને ય જીવ પર છરી ફેરવે, પણ બંનેની કલ્પના જુદી હોય છે માટે એક ઉપકારી ગણાય છે, અને બીજો

દુશ્મન મનાય છે. ત્યારે **ક્રિયાનયવાળો** કહે છે કે-" ક્રિયાથી જ મોક્ષ થાય. ક્રિયાથી જ કાર્યસિદ્ધિ થાય. તપ, સંયમ,...યાવત્ શૈલેશીકરણ વગેરે ક્રિયાથી કર્મક્ષય થાય છે. તરવાની ક્રિયા કરે તો તરી શકે છે; ઔષધ ખાવાની ક્રિયા કરે તો રોગ મટે છે; પરંતુ તરવાના કે ઔષધના જ્ઞાનમાત્રથી કંઈ વળે નહિ."

આ રીતે નયો અનેક છે; તેમાંથી એકેક નય લઈને તે તે દર્શન પ્રવર્તે છે, ત્યારે જૈનદર્શન બધા નયોને ન્યાય આપે છે. દરેક નય પર પ્રાપ્ત થતા સિદ્ધાન્તને અને વસ્તુસ્વરૂપને સ્વીકારે છે. માટે કહેવાય છે કે જૈનદર્શનની **વ્યાપકતા** છે, બીજાં દર્શનોની નહિ.

પ્ર૦:-બીજા દર્શનોએ ભલે એકેક નયનો આશ્રય લીધો, પણ તેથી તે દર્શન મિથ્યા તો નહિ ને ?

ઉ૦:-બીજાં દર્શનો કોઈ એકેક અપેક્ષા લઈ એકેક સિદ્ધાન્ત ઘડે છે ખરા, પણ બીજી અપેક્ષાએ પ્રાપ્ત થતો બીજો સિદ્ધાન્ત નામંજુર કરે છે, માટે તે દર્શન મિથ્યા ઠરે છે. ત્યારે જૈનદર્શન બધી અપેક્ષાઓને ન્યાય આપી એના પર પ્રાપ્ત થતા વિવિધ સિદ્ધાન્તોને મંજૂર રાખે છે, તેથી એ સમ્યગ્ દર્શન કહેવાય; અને તેથી સહજ રીતે જૈનદર્શનની વ્યાપકતા ગણાય, બીજાં દર્શનોની નહિ. એકેક નય પર ચાલનારું કોઈપણ દર્શન એવો દાવો ન રાખી શકે કે 'હું સર્વનયવાદી જૈનદર્શનમાં બધી બાજુએ ઓતપ્રોત છું, અર્થાત્ જિનદર્શનનાં બધાં દૃષ્ટિબિન્દુઓ મારામાં આવી જાય છે.' ત્યારે જિનદર્શન સચોટપણે એમ કહી શકે છે કે 'ઇતર દર્શનોનાં બધાં જ દૃષ્ટિબિન્દુ મારામાં સમાઈ જાય છે.'

દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ:-આ વસ્તુને દૃષ્ટાન્તથી જોઇએ તો બૌદ્ધ દર્શન વસ્તુની પલટાતી અવસ્થાઓની અપેક્ષાએ અર્થાત્ પર્યાયદૃષ્ટિથી વસ્તુને જુએ છે, તો તેથી એણે વસ્તુ અનિત્ય, યાને ક્ષણિક જ હોવાનો સિદ્ધાન્ત માન્ય કર્યો. ત્યારે ન્યાયાદિ દર્શનો આત્મા, પરમાણુ આદિ વસ્તુને એના મૂળ સ્વરૂપની અપેક્ષાએ જુએ છે, એટલે કે દ્રવ્યદૃષ્ટિથી જુએ છે; તો એમણે એ વસ્તુ નિત્ય જ હોવાનો સિદ્ધાંત માન્ય કર્યો. બંનેએ એકેક અપેક્ષાને સ્વીકારી, બંને એકેક નયના માર્ગે ચાલ્યા. ત્યારે જૈનદર્શન દ્રવ્યદૃષ્ટિ ને પર્યાયદૃષ્ટિ, બંને દૃષ્ટિઓની અપેક્ષા સ્વીકૃત કરે છે, અને તેથી એ વસ્તુ એકલી નિત્ય કે એકલી અનિત્ય ન માનતા વસ્તુ નિત્યાનિત્ય હોવાનો સિદ્ધાન્ત સ્વીકારે છે. એટલે જ જૈનદર્શનની બીજા દર્શનોમાં વ્યાપિતા કહેવાય, પણ બીજાની જૈનદર્શનમાં વ્યાપિતા નહિ.

વાત પણ સાચી છે કે વસ્તુમાં સર્વાંગીણ વાસ્તવિકતા જોવી હોય તો વસ્તુના સઘળાં પાસાં તપાસવાં જોઇએ. એ તપાસતાં એ સમજાશે કે માત્ર વસ્તુમાં દ્રવ્ય પાસું છે, ને પર્યાય પાસું નથી,-એવું નથી; અથવા એકમાત્ર પર્યાયપાસું છે, પણ દ્રવ્યપાસું નથી,-એવું પણ નથી. પરંતુ દ્રવ્યપાસું ય છે, અને પર્યાયપાસું પણ છે. એ હિસાબે નિત્યાનિત્યતાનો સિદ્ધાન્ત સિદ્ધ થાય છે. એમજ વસ્તુના બીજાં વિવિધ પાસાંઓ જોતાં ભેદાભેદનો સિદ્ધાન્ત, સદ્ અસત્નો સિદ્ધાન્ત, વગેરે કેઈ સિદ્ધાન્તોને જૈનદર્શને અપનાવેલા છે. ત્યારે, ઇતર દર્શનો વસ્તુનું એકેક પાસું જુએ છે, તેના પર કાં એકલો ભેદ માને છે, અથવા એકલો અભેદ સ્વીકારે છે; એકલી સદ્રૂપતા કહે છે, અથવા એકલી અસદ્રૂપતાને પ્રરૂપે છે. એ પાછા એવા એકપક્ષી ધર્મ માનવા ઉપરાંત પ્રતિપક્ષીધર્મનો વિરોધ કરે છે! અર્થાત્ એકાંત નિત્યતા, ભેદ, વગેરે માનનારું દર્શન અનિત્યતા, અભેદ વગેરે વસ્તુસ્થિતિનો સાફ સાફ ઇન્કાર કરે છે! એથી તે દર્શનો માત્ર અધૂરાં જ નહિ પણ અસત્ય ઠરે છે. એથી જ નદીઓ અને સમુદ્રનું દૃષ્ટાંત આપી કહેવાય છે કે "જેમ નદીઓ સમુદ્રમાં અંશ રૂપે છે, પરંતુ સમુદ્ર નદીઓમાં નથી; એવી રીતે બીજાં દર્શનો જૈનદર્શનમાં અંશ રૂપે છે, પરંતુ જૈનદર્શન બીજાઓમાં અંશરૂપે પણ નથી."

જૈનદર્શનમાં બીજાં દર્શનો, બીજામાં જૈનદર્શન નહિ:—

પ્ર૦ - પહેલાં તો તમે કહી આવ્યા ને કે જૈનદર્શનનો બીજાં દર્શનોમાં અનુગમ છે; પછી અહીં બીજાં દર્શનોમાં જૈનદર્શનનું આંશિક અસ્તિત્વ પણ કેમ નિષેધો છો?

ઉ૦—પૂર્વે અનુગમનો જે અર્થ કહેવામાં આવ્યો છે, તે વાસ્તવિક વિચારાય તો આ પ્રશ્ન નહિ ઊઠે. ફરીથી અનુગમનો સ્પષ્ટ અર્થ સમજી લો. 'અનુગમ'નો અર્થ એ છે કે સર્વનયવાદી જૈનદર્શનના વક્તવ્યમાં એકેક નયવાદી દર્શનના વક્તવ્યોમાંથી કોઈ પણ નયવાદીનું વક્તવ્ય બાકી રહી જતું નથી. ત્યારે બીજાં દર્શનોનાં વક્તવ્યમાં જૈનદર્શનનું ઘણું ઘણું વક્તવ્ય બાકી રહી જાય છે. આનું જ નામ જૈનદર્શનનો અન્યદર્શનોમાં અનુગમ, વ્યાપ્તિ; અને ઇતર દર્શનોનો જૈનદર્શનમાં અનનુગમ, અવ્યાપ્તિ. પરંતુ આનો એ અર્થ ન સમજવો કે જૈનદર્શનનો બીજાં દર્શનોમાં આંશિક સમાવેશ છે. આનું કારણ, ઉપર કહી આવ્યા તેમ ઇતર દર્શન સંપૂર્ણ સત્યના અમુક અંશનો અપલાપ કરે છે, તે છે. સત્યના એક પણ અંશનો જે દર્શન અપલાપ કરે તેમાં સંપૂર્ણ સત્યવાદી દર્શનનો સમાવેશ શી રીતે ઘટી શકે? માટે જ કહેવામાં આવ્યું છે કે 'જેમ સમુદ્રમાં નદીઓ છે, પણ નદીઓમાં સમુદ્ર નહિ. તેમ જૈનદર્શનમાં બીજાં દર્શન ખરા, બીજાં દર્શનોમાં જૈનદર્શન નહિ.'

તાત્પર્ય એ છે કે વસ્તુને વિવિધ અપેક્ષાઓથી જોતાં જે જે સિદ્ધાન્ત તરી આવે, તે તે સિદ્ધાન્ત માનવા જ જોઇએ. દા. ત. માટીનો ઘડો બને છે ત્યાં માટી જે પહેલાં ઘડારૂપે નથી હોતી તે ઘડારૂપે બની જાય છે. ન હોવું ને બની જવું એટલે નવા તરીકે ઉત્પન્ન થવું. આમ માટી જ ઘડાસ્વરૂપે ઉત્પન્ન થાય છે; અને જ્યારે માટી ઘડાસ્વરૂપે છે ત્યારે પિંડારૂપે નથી, તેથી પિંડારૂપે નાશ પણ પામી ગણાય. વળી ઘડામાંથી માટીપણું ગયું નથી, અર્થાત્ માટી તરીકે તે કાયમ જ છે; તો આ રીતે એક જ વખતે માટીમાં ઉત્પત્તિ, નાશ અને કાયમપણું આ ત્રણે ય અવસ્થા માનવી જોઇએ. એ ત્રણે ય હોય તો જ સત્પણું છે. **'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'** આ તત્ત્વાર્થ મહાશાસ્ત્રનું સૂત્ર છે.

વળી જુઓ કે, ઘડો માટીમય છે, પરંતુ સુતરમય નથી; અર્થાત્ માટીરૂપે સત્ છે, ને સુતરરૂપે અસત્ છે; જ્યારે વસ્ત્ર સુતરરૂપે સત્ છે, પણ માટીરૂપે અસત્ છે. આત્મા આત્મારૂપે, અર્થાત્ પોતાના ચૈતન્યની દૃષ્ટિએ નિત્ય છે, પરંતુ પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે. અનંત કાળમાં એવો કોઇ કાળ નથી કે જ્યારે આત્મામાં ચૈતન્ય ન હોય! જેમ જડ વસ્તુમાં સદા જડતા હોય છે, એમ આત્મામાં સદા ચૈતન્ય હોય છે. આત્મા નિત્ય ચેતન સ્વરૂપ છે. આ વાત આત્મદ્રવ્યની અપેક્ષાએ હોવાથી દ્રવ્યદૃષ્ટિની વિચારણા ગણાય. એમ દ્રવ્યદૃષ્ટિએ આત્મા નિત્ય હોવાનો સિદ્ધાન્ત થયો. પરંતુ પર્યાયદૃષ્ટિએ અર્થાત્ એની પલટાતી અવસ્થાની દૃષ્ટિએ જોઇએ તો આત્મા મનુષ્ય બને છે, દેવ બને છે...વગેરે. અર્થાત્ પર્યાયરૂપે આત્મા પલટાયા કરે છે, માટે પર્યાયદૃષ્ટિએ આત્મા અનિત્ય હોવાનો પણ સિદ્ધાન્ત થયો.

મોક્ષમાં પણ નિત્યાનિત્યતા:—

પ્ર૦–તો શું મોક્ષમાં પણ આત્મા નિત્યાનિત્ય હોય છે?

ઉ૦–હા, ત્યાં ચેતનરૂપે તો અચળ છે જ; પણ કેવળજ્ઞાન–કેવળદર્શન એ જે જગતના પ્રતિસમયે પલટાતા ભાવોને પ્રત્યક્ષ જુએ છે, તેમાં એ પલટાતા વિષયની અપેક્ષાએ પ્રત્યક્ષ જ્ઞાન પણ સમયે સમયે ફરતું ફરતું રહે છે, તે અપેક્ષાએ અનિત્ય પણ ખરો! જ્ઞાન-અવસ્થા આત્માથી તદ્દન જુદી નથી, તેથી જ્ઞાન જેમ ફરે એમ આત્મા પણ ફર્યો ગણાય; માટે આત્મા મોક્ષાવસ્થામાં પણ અનિત્ય છે.

કેવળજ્ઞાનમાં પલટા ખરા?:-

પ્રશ્ન:–આત્મા સર્વજ્ઞ થાય એને કેવળજ્ઞાન થયું; અને કેવળજ્ઞાનમાં તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન,–ત્રણે ય કાળનું બધું જ્ઞાન થઇ જાય છે, હવે એ જ્ઞાનમાં સમયે સમયે પલટાવનું શું?

ઉત્તરઃ-કેવળજ્ઞાન એ પ્રત્યક્ષ-જ્ઞાન છે. પ્રત્યક્ષ એટલે સામે જેવી વસ્તુ હોય તેવું દેખાય. આ ક્ષણે અમુક અવસ્થામાં વસ્તુ છે, તો એ વસ્તુને જોનારૂં જે જ્ઞાન, એ જ્ઞાન બીજી અવસ્થામાં હોનારી વસ્તુને જોનારાં જ્ઞાન કરતાં જુદું જ જોઈએ. દા૦ ત૦ આંગળી આ ક્ષણે સીધી છે, બીજી ક્ષણે વાંકી છે. જ્ઞાન આંગળીને સીધી છે ત્યારે સીધી જુએ છે, વાંકી થાય ત્યારે વાંકી જુએ છે. આંગળી વાંકી થયા પછી પણ જો સીધી જ જોયા કરે તો તે જ્ઞાન ખોટું થાય, તેથી પલટાતી વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન પણ પલટાતું રહે. જ્ઞાન પલટાય તેમ આત્મા પણ પલટાય, કેમકે જ્ઞાન કાંઇ આત્માથી તદ્દન જુદી વસ્તુ નથી; જેમ સાકરમાં મિઠાશ જુદી નથી; સુગંધિદ્રાર પદાર્થથી સુગંધ તદ્દન જુદી વસ્તુ નથી. બગીચામાંથી આવતી ફૂલની સુગંધ પરાગમય જ હોય છે, પરાગથી સુગંધ તદ્દન જુદી નથી હોતી. સુગંધ એ પરાગનો ગુણ છે, અને ગુણ દ્રવ્યમાં તન્મય હોય છે. તેમ જ્ઞાન આત્માનો ગુણ છે; સ્વભાવ છે, તો તે જ્ઞાન ગુણ આત્માથી તદ્દન જુદો ન હોઇ શકે; અભિન્ન હોય છે. તે જ્ઞાન પલટાય તો આત્મા પણ સાથે પલટાય જ! સોનાની લગડીમાંથી કંઠી બનાવી તો સોનું શું લગડી તરીકે ઉભું રહે છે. ના, અલબત્ સોના તરીકે કાયમ છે, છતાં કંઠી બની ગયા પછી હવે લગડીરૂપે ન જ રહ્યું, એ તો કંઠીરૂપે પલટો પામ્યું. એમ, આત્મા મૂળગત ચૈતન્ય-સ્વભાવે નિત્ય રહેવા છતાં પલટાતા જ્ઞાનરૂપે આત્મા પલટાતો રહે છે તેથી તેને અનિત્ય કહી શકાય. માટે મોક્ષમાં પણ આત્મા નિત્યાનિત્ય સિદ્ધ થાય છે.

એક જ વસ્તુમાં નિત્યતા અને અનિત્યતા બંને વિરુદ્ધ નહિ?:-

પ્ર૦-એક જ વસ્તુમાં નિત્યતા અને અનિત્યતા, એ શું વિરુદ્ધ ધર્મો નથી?

ઉ૦: ના, વસ્તુનું સ્વરૂપ જોવા માટે અનેક દૃષ્ટિઓ હોય છે. અમુક દૃષ્ટિએ વસ્તુ નિત્ય જણાય અને અમુક દૃષ્ટિએ અનિત્ય જણાય. ત્યાં નિત્યતા અને અનિત્યતા, બંનેને માનવા પડે. આમ, અપેક્ષાઓ અનેક હોવાથી, વસ્તુમાં વિરુદ્ધ દેખાતા અનેક ધર્મો સિદ્ધ થાય છે. દા. ત. આત્મા જ્ઞાની કહેવાય છે, કઇ અપેક્ષાએ? પોતાની જાણકારીની અપેક્ષાએ; પણ ગમનાદિ ક્રિયાની અપેક્ષાએ જ્ઞાની નથી કહેવાતો. અર્થાત્ એ ક્રિયાની દૃષ્ટિએ જ્ઞાની નથી, પણ જાણકારીની દૃષ્ટિએ જ્ઞાની છે. એમ અમુક શાસ્ત્રની દૃષ્ટિએ જ્ઞાની હોય અને અન્ય શાસ્ત્રની દૃષ્ટિએ જ્ઞાની ન હોય, એ પણ બને. એથી ફલિત થાય છે કે આત્મા જ્ઞાની છે પણ ખરો, અને નથી પણ ખરો. આત્મા જ્ઞાની હોવા છતાં તેને અજ્ઞાની કહેવામાં વિરુદ્ધતા દેખાય છે ખરી; પણ એ વસ્તુસ્થિતિ છે, ત્યાં શું થાય? વસ્તુમાત્ર અનેકાંત સ્વરૂપવાળી છે. એમ મોક્ષ પામેલા જીવો શું એકાન્તે સિદ્ધ જ છે? ના, સિદ્ધ છે પણ ખરા અને નથી પણ ખરા. પોતાના કર્મક્ષયની દૃષ્ટિએ સિદ્ધ છે, પણ બીજાના કર્મક્ષયની દૃષ્ટિએ સિદ્ધ નથી.

સત્ અને અસત્:—વસ્તુનો વિચાર બે રીતે થાય; એક પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ; બીજો પોતાનામાં નહિ એવા બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ. ઘડો **સ્વદ્રવ્ય** માટીની અપેક્ષાએ સત્ કહેવાય; પરંતુ પરદ્રવ્ય સુતરની અપેક્ષાએ અસત્ કહેવાય. અર્થાત્ ઘડો માટીમય છે, પરંતુ સુતરમય નથી. એવી રીતે ઘડો **સ્વક્ષેત્ર** રાજનગરની અપેક્ષાએ સત્ કહેવાય; પણ પરક્ષેત્ર પાટણની અપેક્ષાએ અસત્ કહેવાય, અર્થાત્ ઘડો રાજનગરસ્થ છે, પણ પાટણસ્થ નથી. ઘડો છે એટલે સત્, અને નથી એટલે અસત્. તેમ ઘડો જેટલો કાળ ટકે છે તે **સ્વકાળની** અપેક્ષાએ સત્ છે; પણ પછીના કે પૂર્વના પર કાળની અપેક્ષાએ અસત્ છે. ઘડો લાલ હોય તો લાલ **સ્વ-ભાવની** અપેક્ષાએ સત્ છે; અને પરભાવ શ્યામ આદિની અપેક્ષાએ અસત્ છે. વળી કુંભારે ઘડો બનાવ્યો ત્યાં, પહેલાં તો સ્વ-ભાવ તરીકે કુંભારની માલિકી છે, પરંતુ તે વેચ્યા પછી અન્યની માલિકીનો બને છે. ત્યારે ઘડામાં સ્વ-ભાવ તરીકે બીજાની માલિકી આવે છે; જ્યારે કુંભારની માલિકી એ પર-ભાવ બની

જાય છે, અને હવે આ કુંભારની માલિકીરૂપ પર-ભાવની અપેક્ષાએ ઘડો સત્ નથી રહેતો કિન્તુ અસત્ બને છે. આમ વસ્તુ માત્ર સ્વ-દ્રવ્ય, સ્વ-ક્ષેત્ર, સ્વ-કાળ અને સ્વ-ભાવની અપેક્ષાએ સત્ છે; જ્યારે પર-દ્રવ્ય, પર-ક્ષેત્ર, પર-કાળ અને પર-ભાવની અપેક્ષાએ અસત્ છે.

વસ્તુના વિવિધ પાસાંઓને તપાસવા માટે તે તે અપેક્ષાઓથી વિચારવાની આવશ્યકતા રહે છે. અનેક નયો વસ્તુના તે તે અંશનો, તે તે સ્વરૂપનો બોધ કરાવે છે; અને તે યથાર્થ હોય છે. તો અન્ય નયથી સિદ્ધ થતો વિરુદ્ધ દેખાતો અંશ પણ માન્ય રાખવો જોઈએ. દા. ત. સત્ અંશની સામે અસત્ અંશ, દ્રવ્ય અંશની સામે પર્યાય અંશ. આવા અનેક અંશના સાધક અનેક નયોને જૈનદર્શન માન્ય કરે છે; અને તે અનુસારે વસ્તુમાત્રને અનેક ધર્માત્મક માને છે; ત્યારે બીજાં દર્શન એકેક નય માની તે નય પૂરતો ધર્મ સ્વીકારે છે, અને એનો પ્રતિપક્ષરૂપ બીજો નય તથા તેને માન્ય પ્રતિપક્ષી ધર્મ સ્વીકારતા નથી. માટે તે તે દર્શનોની જૈનદર્શન પર વ્યાપિતા હોવાનું કહી શકાય નહિ. જ્યારે, અનેક નયવાદી જૈનદર્શનની એકેક નયવાદી બીજાં દર્શન ઉપર વ્યાપિતા હોવાનું કહી શકાય. બીજી રીતે કહીએ તો જૈનદર્શનમાં ઇતર દર્શન એકેક નયના હિસાબે અંશે અન્તર્ભૂત થાય છે, પરંતુ જૈનદર્શન બીજા દર્શનોમાં અંશે પણ અન્તર્ભૂત નથી થતું.

પ્ર૦—ઇતર દર્શનમાં જૈનદર્શન ભલે સર્વાંશે અન્તર્ભૂત ન કહેવાય, પરંતુ અલ્પાંશે અન્તર્ભૂત કેમ ન કહેવાય? દા. ત. ન્યાયદર્શને આત્મામાં એકલો નિત્ય અંશ માન્યો છે; ત્યારે જૈનદર્શને આત્મામાં નિત્યાનિત્ય એટલે કે નિત્ય, અનિત્ય બંને અંશ માન્યા છે, તો તેમાંથી નિત્ય અંશની દૃષ્ટિ પૂરતી જૈનદર્શનોમાં અન્તર્ભૂતતા કેમ ન કહી શકાય?

ઉ૦—ઇતર દર્શનોમાં જૈનદર્શનની અન્તર્ભૂતતા નહિ હોવાનું કારણ એ છે કે ઇતર દર્શનમાં એક નયમતનું વિધાન માત્ર જ હોત તો હજી અન્તર્ભૂતતા કહી શકાત, પરંતુ તેમાં તો બીજા નય-મતનો વિરોધ પણ કરવામાં આવે છે, તેથી એ દર્શનો સત્યવિરોધક બનવાથી દૂષિત ઠરે છે. એમાં સર્વ સત્યો સ્વીકારનાર જૈનદર્શનની અંતર્ભૂતતા કેમ કહી શકાય?

પ્ર૦—જૈનદર્શન નિત્ય, અનિત્ય બંને અંશ માને છે, તેમાંથી એક નિત્ય અંશ પૂરતી અન્તર્ભૂતતા શું ન કહી શકાય?

ઉ૦—અહીં જ ભૂલ થાય છે. જૈનદર્શન સ્વતંત્ર નિત્ય અંશ નથી માનતું, પરંતુ નિત્ય અને અનિત્ય બંને અંશો સંવલિત થઇને તેમાંથી બનેલા સ્વતંત્ર "નિત્યાનિત્ય" ધર્મને માને છે.

નિત્ય અને અનિત્ય બે છૂટા ધર્મ માનવામાં યદ્યપિ તે તે ધર્મના ગુણનો લાભ મળે, પણ સાથે તે તે ધર્મના દોષ પણ લાગે! દા. ત. નિત્ય અને અનિત્ય અંશોનો સરવાળો માનવામાં આવે તો નિત્ય અને અનિત્ય અંશોના નિમિત્તે ગુણ-દોષ બંને લાગે.

આત્માને 'નિત્ય' માનવામાં અલબત્ ગુણ એ છે કે સુકૃત-દુષ્કૃત કર્યા પછી તે સુકૃત દુષ્કૃતના ફળરૂપ પુણ્ય-પાપ ભોગવવા આત્મા જે ટકવો જોઈએ, તે ટકે છે; પરંતુ સાથે સાથે દોષ પણ એ છે કે આત્માને કેવળ નિત્ય જ માનવાથી આત્મામાં પરિવર્તન ન થઇ શકે. કેમકે પરાવર્તન નિત્યતામાં બાધક છે! વસ્તુમાં જો પરાવર્તન થાય તો તેને નિત્ય ન કહેવાય, ને નિત્ય હોય તો તેનું પરાવર્તન શી રીતે? આત્મા જો મનુષ્યરૂપે હોય તો મનુષ્યરૂપે જ રહે. દેવાદિ રૂપે ન થઇ શકે! પરંતુ વસ્તુ-સ્થિતિ તો આત્માનું પરાવર્તન દર્શાવે છે. આત્મા કાળે કાળે પલટાતો દેખાય છે. આ સત્ય હકિકત એકાંત 'નિત્ય' અંશને માનતાં સંગત નથી થતી. તેમજ આત્મા જો નિત્ય હોય તો બદ્ધ-મુક્ત, મનુષ્ય-દેવ, અજ્ઞાની-જ્ઞાની વગેરે પલટાતાં રૂપો કેમ જ ઘટી શકે?

આ રીતે આત્મા જો એકાંત નિત્ય માનવામાં આવે તો તે અંગે આ ગુણ-દોષો છે. એમ, જો આત્માને અનિત્ય માનવામાં આવે તો તે અંગે પણ ગુણદોષો ઉભા થાય છે.

આત્માને અનિત્ય માનવાથી તેનું પરાવર્તન સંગત બને. અર્થાત્ પૂર્વના રૂપને ત્યજી પછીના રૂપે ઉત્પન્ન થઇ શકે; આ ગુણ ખરો, પરંતુ સાથે જ દોષ મોટો ઉભો થાય છે! એટલે કે જે પૂર્વનો આત્મા તે જ પછીનો આત્મા-એવી સાંકળ ન રહી શકે. સુકૃત-દુષ્કૃત કરનારો આત્મા નાશ પામે, અને એ સુકૃત-દુષ્કૃતનાં ફળ ભોગવનાર આત્મા બીજો જ બને! આત્માને અનિત્ય માનવામાં આ આપત્તિ છે. સુકૃત-દુષ્કૃત આચરનાર આત્મા જો ઊભેલો હોય, હયાત હોય તો જ કહી શકાય કે 'એણે આ કર્મ કર્યાં અને એણે જ એનાં ફળ ભોગવ્યાં...' આત્મા જો નિત્ય હોય તો જ માની શકાય કે ભોજન તેણે કર્યું અને પાણી પણ એણે પીધું. પરંતુ જો કેવળ અનિત્ય યાને ક્ષણિક માનવામાં આવે તો કર્મ કરનાર આત્મા જુદો ને ફળ ભોગવનાર જુદો, એવી આપત્તિ આવે!

આ રીતે નિત્ય અને અનિત્ય બંનેને સ્વતંત્ર ધર્મ માનતાં ગુણ-દોષ બંને ય ઉત્પન્ન થાય છે; તેથી જૈનદર્શન નિત્ય-અંશ અને અનિત્ય-અંશ એ બંને અંશોના પરસ્પર અનુવેધથી આવિર્ભાવ પામેલા 'નિત્યાનિત્ય' નામના સ્વતંત્ર અને વિલક્ષણ ધર્મને સ્વીકારે છે; કે જે ધર્મથી દોષ-પ્રસંગ એક પણ ઊભો થવા પામતો નથી.

આ વિલક્ષણ 'નિત્યાનિત્ય' ધર્મને જરા સ્પષ્ટ દૃષ્ટાન્તથી વિચારીએ.

વસ્ત્રમાં રહેલા સુતરના તાંતણાઓ પરસ્પર વિંટળાઇને રહેલા હોય છે; કે જે તાંતણાઓ કેવળ જથ્થા રૂપે નહિ પણ સ્વતંત્ર વસ્ત્રરૂપને ધારણ કરે છે. કેવળ જથ્થા રૂપે ભેગા થાય તો વસ્ત્ર નહિ.

'ખીચડી' એટલે માત્ર દાળ અને ભાતનું મિશ્રણ નથી! એ તો દાળ અને ભાત પરસ્પર એકરસ બની જાય છે ત્યારે સ્વતંત્ર ખીચડીનું સ્વરૂપ ધારણ કરે છે.

તેમ નિત્યતા અને અનિત્યતાનો સરવાળો એ વિલક્ષણ 'નિત્યાનિત્ય' ધર્મ નહિ, પરંતુ નિત્યતા અને અનિત્યતા જે પરસ્પર વિંટળાઇને-એકરસ બનીને રહે, તે 'નિત્યાનિત્ય' રૂપ સ્વતંત્ર વિલક્ષણ ધર્મ છે.

તમે સૂંઠ અને ગોળના મિશ્રણથી તૈયાર થયેલી વિલક્ષણ ગોળીનો ગુણમય અનુભવ કર્યો છે? સમજી રાખો કે એકલી સૂંઠ અને એકલા ગોળમાં તે અનુભવ કરાવવાની તાકાત નથી. એકલી સૂંઠ પિત્તની જનક છે, એકલો ગોળ કફને ઉત્પન્ન કરે છે; ભક્ષે પછી સાથે સાથે સૂંઠથી વાયુનાશ અને ગોળથી પિત્તનાશ થાય, પરંતુ દોષ તો ખરા જ ને? જ્યારે સૂંઠ-ગોળની ગોળી, કે જે વિલક્ષણ દ્રવ્ય છે, તેનામાં સૂંઠ અને ગોળના ગુણો જ રહેલા હોય છે, દોષો નહિ. અર્થાત્ તે ગોળીથી વાયુનાશ અને પિત્તનાશ થાય છે, પરંતુ પિત્તોત્પત્તિ કે કફનો ઉપદ્રવ થતો નથી.

બસ, તે રીતે 'નિત્યાનિત્યતા' ધર્મમાં નિત્યતા અને અનિત્યતાના ગુણો જ રહે છે, પણ દોષો નહિ. અર્થાત્ નિત્યાંશનો ગુણ જે પૂર્વાપર અવસ્થાઓમાં આત્માનો અન્વય, અને અનિત્યાંશનો ગુણ જે પરાવર્તનશીલતા, એ બંને ગુણો 'નિત્યાનિત્યતા' ધર્મમાં રહે છે.

આ કારણથી જૈનદર્શનની ઇતરદર્શનોમાં આંશિક પણ અન્તર્ભૂતતા ન કહી શકાય.

પ્ર૦-ઠીક છે, ઇતરદર્શનોમાં જૈનદર્શનની અન્તર્ભૂતતા નહિ, પરંતુ જૈનદર્શનમાં ઇતરદર્શનોની અન્તર્ભૂતતા તો ખરી ને? તો ઇતરદર્શનોના દોષો જૈનદર્શનમાં ભળશે! જેમ કચરાવાળી નદી સમુદ્રમાં ભળે તો સાથે નદીનો કચરો પણ સમુદ્રમાં આવે છે!

ઉ૦-દૃષ્ટાંત આપતાં ભૂલ્યા! સમુદ્રમાં નદી ભળે છે તે એવી ને એવી આવી ભળે છે, જ્યારે જૈનદર્શનમાં તો બીજાં દર્શનો ચળાઈને આવે છે, અર્થાત્ જૈનદર્શનમાં આવતાં અન્ય દર્શનોની એકાંત-વાદિતા મૂકાઈ જાય છે; માત્ર તે તે નયોનું વક્તવ્ય જૈનદર્શનમાં આવે એટલું બાકી! બાકી તે તે દર્શનોમાં રહેલી બીજા બીજા નયોની વિરોધકતા જૈનદર્શનને સ્વીકાર્ય નથી. માટે જ 'નિત્યાનિત્યતા' એ નિત્ય-અનિત્ય અંશોનો સરવાળો નથી, કિન્તુ સ્વતંત્ર સર્જન છે, એમ કહેવામાં આવ્યું.

આ રહસ્ય સમજ્યા પછી 'બધાં દર્શનો સમાન' એમ ન બોલી શકાય કે ન લખી શકાય.

આમ જિનપ્રવચનની ગંભીરતાદિ લક્ષમાં લઈ જે મહાપુરુષો જિનાજ્ઞાનુસાર ઉત્સર્ગ-અપવાદમાં પ્રવર્તેલા છે. તેમનાં દૃષ્ટાન્ત ધ્યાનમાં રાખી આત્માએ પુરુષાર્થ આદરવો જોઈએ.

અસ્થાને યોજાયેલા ઉત્સર્ગ-અપવાદ પાપરૂપ બને છે:—ઉત્સર્ગ-માર્ગ અને અપવાદ-માર્ગ બન્ને અંગે જિનાજ્ઞા છે; પરન્તુ તે ઉત્સર્ગ-અપવાદ તેના સ્થાને યોજાય તો આજ્ઞાનુસારિતા ગણાય. અસ્થાને યોજવામાં તો ઉલટું આજ્ઞાભંગનું મહાપાપ લાગે.

શાસ્ત્રમાં સાવદ્યાચાર્યનું દૃષ્ટાન્ત આવે છે; કે જેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. પરંતુ કોઇ એકાદ વખતે વંદન કરતાં સાધ્વી આચાર્યના પગે અડી જાય છે. વિરોધી લોકોને તે વાતની ખબર પડે છે, આવીને તેઓ આચાર્યને પૂછે છે, 'તમારાથી સ્ત્રીને અડાય કે નહિ?' આચાર્ય સમજી ગયા કે કેમ આ લોકો પૂછે છે! એ માનહાનિના ભયથી જવાબમાં લોચા વાળવા લાગ્યા. છેવટે કહી દીધું, 'શાસ્ત્રમાં ઘણા ઉત્સર્ગ-અપવાદ આવે છે, તેમાં તેમને શું ખબર પડે?' આમ અસ્થાને અપવાદનો ભાસ કરાવવાથી એક તો તીર્થંકર નામકર્મ ગુમાવ્યું, અને ઉપરાંત ભવમાં ભટકયા એ જુદું! **જૈનશાસનમાં એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદ નથી.**

માટે, ઉત્સર્ગને કે અપવાદને એના યથાયોગ્ય સ્થાને યોજવો જોઇએ. સાથે, એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે **એકાંતે ઉત્સર્ગને કે એકાંતે અપવાદને પકડી રાખનારને શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિ કહે છે; પછી ભલે તે ઉત્સર્ગ કે અપવાદ શાસ્ત્રનો હોય, શાસ્ત્રીય સત્ય તરીકે પકડી રખાતો હોય.** માટે જ, એકાંતે ઉત્સર્ગને કે એકાંતે અપવાદને પકડી રાખવો નહિ. સમજી લેવું કે જૈનદર્શન મુખ્યતયા સ્યાદ્વાદના લોકોત્તમ સિદ્ધાન્ત ઉપર અવલંબે છે; અને એ સ્યાદ્વાદ જેમ સદ્ વસ્તુ માત્રના ઉત્પત્તિ-નાશ-સ્થિરતા વગેરે તત્ત્વમાં લાગુ થાય છે, તેમ માર્ગપાલનમાં ય લાગુ પડે છે. તેથીજ માર્ગ એકલો ઉત્સર્ગ રૂપ નથી, તેમ એકલા અપવાદરૂપ પણ નથી; નહિતર તો સ્યાદ્વાદનો ભંગ થઈ એકાંતવાદ થાય. માટે જ, શાસ્ત્રાનુસાર બંનેને એના યોગ્ય સ્થાને મહત્ત્વ આપવું જ જોઇએ. તેથી તો સાધુ ઉત્સર્ગથી હિંસાના સર્વથા ત્યાગી છતાં અપવાદથી વિહારમાં નદી ઉતરે છે. આમ ઉત્સર્ગ-અપવાદમય જિનશાસનને બરાબર સમજી લેવું જોઇએ. તે મુજબ જ પ્રવૃત્તિ કરવી એજ જિનાજ્ઞા છે. આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરવી એ જ કલ્યાણમાર્ગ છે. શાસ્ત્રની આજ્ઞા અને શાસ્ત્રની આજ્ઞા, મુજબ પ્રવર્તેલા મહાપુરુષો, એ જ કલ્યાણના માર્ગે ચાલવા માટે સર્ચલાઈટ છે, આલંબન કેન્દ્ર છે.

★

અપુનર્બન્ધક : ચરમાવર્ત.

(ल०) व्यवस्थितश्चायं महापुरुषाणां क्षीणप्रायःकर्म्मणां विशुद्धाशयानां भवाबहुमानिनामपुनर्बन्धकानामिति। अन्येषां पुनरिहानधिकार एव, शुद्धदेशनानर्हत्वात् ।

અર્થ: – આ કલ્યાણમાર્ગ, કર્મનો ઘણો ક્ષય કરી ચુકેલા, વિશુદ્ધ આશયવાળા અને સંસાર પર બહુમાન વિનાના અપુનર્બન્ધક આદિ મહાપુરુષોને વિષે પ્રતિષ્ઠિત થયેલો છે. બાકી આ માર્ગને વિષે બીજા જીવોનો અધિકાર નથી, કેમકે એ જીવો શુદ્ધ દેશનાને યોગ્ય નથી.

વિવેચન:—

પ્ર૦:–પ્રવચનનું ગાંભીર્ય વિચારવું, અન્ય દર્શનોનાં શાસ્ત્રોની પરિસ્થિતિ જોવી, વગેરેને સાચા ઉત્સર્ગ-અપવાદના જ્ઞાનમાં કારણભૂત અને કલ્યાણમાર્ગ તરીકે કહેલા છો બરા, પરન્તુ એ કલ્યાણમાર્ગ અમલમાં જ ન મૂકી શકાય તેવો હોય તો શું થઈ શકે ? જેમ કોઈને તાવ આવ્યો હોય, તેને 'તમે શેષનાગનો મણિ લાવો તો તાવ ઉતરે,' આ ઉપાય બતાવો, તો તે અશકયાનુષ્ઠાન છે; તેવી રીતે તમારો ઉપદેશ અશકયાનુષ્ઠાન હશે તો ?

ઉ૦:–આ જે માર્ગ છે તે અશકયાનુષ્ઠાન નથી; કારણ કે મહાપુરુષોએ અર્થાત્ અપુનર્બન્ધકાદિ ગુણવાળા ઉત્તમ આત્માઓએ એ માર્ગને અમલમાં મૂકેલો છે, માટે એને આચરી શકાય છે.

અપુનર્બન્ધક એટલે શું ?:—

અપુનર્બન્ધક અવસ્થા એ સમ્યક્ત્વની નીચેની ભૂમિકા છે, અર્થાત્ મિથ્યાત્વની અવસ્થા છે. પરન્તુ એમાં મિથ્યાત્વ મંદ હોય છે.

શુભ અધ્યવસાયથી તીવ્ર મિથ્યાત્વને મંદ કરતાં કરતાં જીવને જો એવી સ્થિતિ પ્રાપ્ત થાય કે હવે પછીના સારાયે સંસાર-કાળ દરમિયાન આયુષ્ય સિવાય સાતે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ એ આત્મા એક જ વાર બાંધી શકે, તો તે અવસ્થા **સકૃદ્બન્ધક અવસ્થા** ગણાય છે.

એથી પણ વધારે શુદ્ધ અધ્યવસાય કેળવીને આત્મા મિથ્યાત્વને મંદ કરી દે અને એવી સ્થિતિ ઉભી કરે કે હવે આયુષ્ય સિવાય કોઇ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કયારે ય ન બાંધે તે અવસ્થાને **અપુનર્બન્ધક અવસ્થા** કહેવામાં આવે છે.

આ અપુનર્બન્ધક અવસ્થાને પ્રાપ્ત થયેલા આત્મામાં ત્રણ બાસિયત હોય છે: —

(૧) તીવ્ર ભાવે પાપ ન કરે, (૨) ઘોર સંસારની ઉપર બહુમાન ન ધરે, (૩) ઉચિત સઘળું આચરે.

(૧) અનંત કાળથી આત્મા પાપ કરતો આવતો હતો તે ઉગ્ર ભાવે કરતો હતો, હવે પાપ નહિ જ કરે, એમ નહિ; પણ તીવ્ર ભાવે નહિ કરે, રાચી-માચીને નહિ કરે, પાપનાં કટુફળના ખ્યાલ વિના નહિ કરે એ પાપ કરતાં કંપ અનુભવશે, પરલોકનો ભય અનુભવશે !

(૨) ઘોર સંસાર ઉપર બહુમાન ન કરે. એટલે કે સંસારને ભયાનક સમજવાથી એના પર આદર આસ્થા નહિ કરે. પૈસા, પરિવાર, વિષયસુખ, વગેરે સંસાર છે; એના પર આદર-આસ્થા કરનારો હવે એ ન હોય. હવે એને એમાં ઊંડે, નિશ્ચિન્તતા, આશ્વાસન, આરામ ન લાગે.

પ્ર૦:—તો શું હવે એને પૈસા વગેરે ઉપર રાગ નહિ થાય?

ઉ૦:—રાગ, પ્રેમ જુદી વસ્તુ છે; આદર, આસ્થા જુદી વસ્તુ છે. નાલાયક છોકરા પર પણ એકના એક પુત્ર તરીકે રાગ થઈ જાય છે, પણ આસ્થા કે એવો આદર નથી થતો. પોતાના બાપના ઘરનો જ પક્ષ કરનારી પત્ની પર પણ રાગ તો રહે છે; કિંતુ આદર, આસ્થા નથી થતા. એવું સંસારમાં પૈસા-પરિવાર વગેરે પર રાગ થઈ જાય એ બને; છતાં આદર ન હોય, આસ્થા ન હોય; કેમકે એ બધાને ભવભ્રમણનાં કારણ માને છે. એનાથી એ ઉભગી ગયો છે.

(૩) ઉચિત સઘળું આચરે, અનુચિત પ્રવૃત્તિ કયાં ય ન થવા દે.

ચરમાવર્ત:—

અપુનર્બન્ધક દશા ચરમાવર્ત કાળમાં જ થાય છે. ચરમાવર્ત એટલે હવે જેને મોક્ષે જવા પૂર્વે છેલ્લા પુદ્ગલ પરાવર્તનો કાળ ચાલુ થયો હોય. એક પુદ્ગલ પરાવર્તકાળથી અધિક સંસારકાળ જેને હજી બાકી હોય તે અચરમાવર્ત કાળમાં ગણાય. ત્યાં ગમે તેટલા ધર્મ-સંયોગો મળે છતાં એનામાં લેશમાત્ર પણ ભવભીતિ કે મોક્ષેરુચિ પ્રગટી શકતી નથી. મોક્ષરુચિ માટેની એનામાં સરાસર અયોગ્યતા છે.

દૃષ્ટાંત તરીકે, કેરીના મરવાને ઝાડ પરથી ઉતારી ગમે તેટલા ઘાસ વગેરેમાં ઘાલો પણ એ મરવામાં પાકવાની કોઈ લાયકાત નથી. એ તો ઝાડ પર જ એના કાળે મોટી કેરી રૂપે થાય, પછી જ ઘાસના સંયોગમાં પાકવાની લાયકાત ગણાય. એવું અચરમાવર્તમાં.

પુદ્ગલ પરાવર્તકાળ કેટલો સમજવો:—

પ્ર૦-ચરમાવર્ત એટલે છેલ્લો પુદ્ગલ પરાવર્તકાળ, તે કેટલો હોય?

ઉ૦-પુદ્ગલ પરાવર્તકાળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મપાય છે. પ્રસ્તુતમાં ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત સમજવાનો છે. તેની ગણત્રી એ રીતે છે કે એક જીવ આ વિશાલ ચૌદ રાજલોકના પ્રત્યેક આકાશ-પ્રદેશને ક્રમશઃ મરણથી સ્પર્શે; અર્થાત્ અમુક આકાશ-પ્રદેશમાં રહીને મર્યો ત્યાંથી ગણત્રી શરૂ કરી. હવે ભવમાં ભમતાં ભમતાં એની લગોલગના આકાશપ્રદેશે મરે; વળી ભવો કરતાં કરતાં એની લગોલગના આકાશપ્રદેશે મરે; એમ મરણોથી આકાશપ્રદેશને ક્રમશઃ સ્પર્શતો સ્પર્શતો જ્યારે ચૌદેય રાજલોકના સમસ્ત આકાશપ્રદેશોને સ્પર્શી રહે, એ બધામાં જેટલો કાળ જાય, તે એક ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત કાળ કહેવાય. આમાં અનંતા કાલચક્ર, અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીઓ પસાર થાય છે, જે એકેકા કાળચક્રમાં ૨૦ કોડાકોડી સાગરોપમ પસાર થાય છે; ને એ એકેકા સાગરોપમમાં દસ કોડાકોડી પલ્યોપમ વીતે છે, અને એ એકેકા પલ્યોપમમાં માત્ર અબજો-પરાર્ધો નહિ પણ અસંખ્ય વર્ષો પસાર થાય છે! જીવને આ સંસારમાં આવા પુદ્ગલ પરાવર્ત અનંતાનંત વીતી ગયા! એ બધો અચરમાવર્તકાળ. માત્ર મોક્ષ જવા પૂર્વનો છેલ્લો પરાવર્ત એ ચરમાવર્તકાળ. એમાં લાવી મૂકનાર કોઈ હોય તો જીવનો ભવ્યત્વ સ્વભાવ અને કાળ છે. કર્મ, ભાગ્ય કે ઉદ્યમ ત્યાં કશું કરી શકતા નથી.

જેવી રીતે શરીરમાં મહાન વ્યાધિનો વિકાર હોય, અને દૂધ-ખીર વગેરે પૌષ્ટિક વસ્તુની સમ્યગ્ રુચિ ન રહે તેમ અચરમાવર્ત કાળમાં જીવને મોક્ષનો આશય જ નથી હોતો; આત્મસ્વરૂપ

તરફ દૃષ્ટિ જ નથી હોતી કેમકે ત્યાં સહજ ભાવ-મળનું જોર હોય છે. સહજ ભાવ-મળ એટલે અનાદિનો નિબિડ રાગ-દ્વેષનો પરિણામ. એ પરિણામ આત્માનો વિચાર, ને એની શુદ્ધ શુદ્ધ અવસ્થાનો કોઇ વિચાર સરખો જાગવા દેતો નથી. એ ભાવમળ એમ ટાળ્યો ટળતો નથી ! એ તો ચરમાવર્તમાં જીવ આવે ત્યારે જ એનો નાશ થઇ શકે. આત્મામાં એ નાશ જોઇને કહી શકાય કે 'આ જીવ ચરમાવર્તમાં આવ્યો છે.' ચરમાવર્ત સિવાયના કાળમાં ભલે જીવ મહાવ્રત અને ચારિત્ર પાળે, છતાં એ દેવલોકાદિ ઋદ્ધિ-સિદ્ધિઓના હેતુથી હોય છે. પણ જ્યારે આત્મામાં ઘન રાગ-દ્વેષનો કંઈક હ્રાસ થાય ત્યારે તેનામાં સહજ મળનો ક્ષય થયો કહેવાય. ખૂબી તો એ છે કે અચરમાવર્ત કાળમાં જીવ કડક ચારિત્રના પાલનથી ગ્રૈવેયક દેવલોકમાં ય જાય છે, ત્યાં પ્રગટ રીતે રાગ-દ્વેષના વિકાર નથી હોતા, છતાં એને સહજ ભાવ-મળ હયાત હોય છે ! ત્યારે અહીં ચરમાવર્તમાં રાગ-દ્વેષ વ્યક્ત રૂપમાં દેખાતા ય હોય, છતાં સહજ ભાવ-મળ હ્રાસ પામ્યો હોય છે.

પ્ર૦:—સહજ ભાવ-મળ ક્ષય પામ્યાનાં લક્ષણો કયાં છે ?

ઉ૦:—'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રન્થમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે:-

दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु य। औचित्यासेवनं चैव सर्वत्रैवाविशेषतः ॥३२॥

સહજ મળ ક્ષય પામ્યાના ત્રણ લક્ષણ છે; (૧) એને દુઃખિત જીવો પર અત્યંત દયા પ્રગટતી હોય, (૨) ગુણવાન પુરુષો પર દ્વેષ ન હોય, અને (૩) ઔચિત્યનું પાલન કરતો હોય.

(૧) દુઃખિત પર અત્યંત દયાઃ—'દરેક જીવને સુખની જ વાંછા હોય છે. તો જેમ મને દુઃખ નથી ગમતું તેમ અન્યને પણ નથી ગમતું.' એમ સમજી દુઃખિત જીવો પ્રત્યે દયાર્દ્ર બને. અચરમાવર્ત કાળમાં કદાચ મહાવ્રત લઈ અહિંસા પાળે એટલું જ, પરંતુ તે અહિંસા પાલન જીવો પ્રત્યેની સહજ દયાથી પ્રેરાઇને નહિ, કિંતુ ભાવી દુન્યવી સુખો લેવાની લાલસાએ.

(૨) ગુણવાન આત્મા પ્રત્યે દ્વેષ નહિઃ—એટલે કે એની ગુણવાનની ગુણવત્તા પ્રત્યે ઈર્ષ્યા નહિ, મત્સરભાવ નહિ. સહજ ભાવ મળના ક્ષયથી જીવ આત્મા અને ગુણોની કદર કરનારો બને છે.

(૩) ઔચિત્યનું આસેવનઃ—અનાદિની અનુચિત વૃત્તિનો ત્યાગ કરી ઉચિતાનો બખ કરે. જીવ જ્યારે સહજ ભાવ મળના ક્ષયથી આત્મસન્મુખ બને છે, ત્યારે અનુચિતતા એના ચિત્તમાં ખૂંચે છે, અને ઔચિત્યનો એ આદર કરે છે.

સહજભાવ મળની હાજરીમાં આમાંનું કશું ન હોય. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ 'ચરમ પરાવર્ત' નામની વિંશિકામાં સહજ મળ અંગે કહે છે કે, 'જેવી રીતે ફેરફુદડી ફરતા બાળકમાં એક ભ્રમણશક્તિ ઉભી થાય છે, જેથી પછી એ ફુદડી બંધ કરી સ્થિર ઉભો છતાં, જ્યાંસુધી એ શક્તિ રહે છે ત્યાંસુધી આજુબાજુનું બધું સ્થિર પણ વિપરીતપણે ફરતું દેખે છે; તેવી રીતે સહજ મળના યોગે જીવ સંસારભ્રમણની શક્તિવાળો હોય છે, તેથી જ્યાંસુધી એ શક્તિ પહોંચે ત્યાંસુધી વિપરીતપણે અર્થાત્ ત્યાજ્ય તત્ત્વને ઉપાદેય તરીકે જુએ છે. એ શક્તિ ચરમાવર્તમાં જ નષ્ટ થાય છે, કેમકે સહજ મળ ત્યાં ક્ષય પામે છે, તેથી પછી ત્યાજ્યને ત્યાજ્ય તરીકે અને ઉપાદેયને ઉપાદેય તરીકે ઓળખે છે.' દા. ત. હિંસાદિ પાપો, ક્રોધાદિ કષાયો, શબ્દાદિ વિષયો વગેરેને ત્યાજ્ય તરીકે ઓળખે છે, અને અહિંસાદિ ધર્મ ક્ષમાદિગુણ, ઇન્દ્રિયનિગ્રહ વગેરે આદરણીય છે, તો એને એ તરીકે ઓળખે છે. જીવનો સહજ ભાવમળવાળો અચરમાવર્ત કાળ '**ભવભાળ-કાળ**' ગણાય છે, અને સહજ મળના ક્ષયવાળો ચરમાવર્ત કાળ એ '**ધર્મયૌવન-કાળ**' ગણાય છે. ધર્મયૌવન-કાળમાં જ ધર્મબીજનાં વાવેતર વગેરે કરવાનો એ અધિકારી બને છે. આ વાવેતર વગેરેમાં ધર્મરાગ, ધર્મ-પ્રશંસા, ધર્મ-ઇચ્છા, ધર્મ સાટે ગુરુની શોધ,

ગુરુયોગ, ધર્મશ્રવણ...એ બધું આવે છે. એ જ્યારે કરે ત્યારે એ ધર્મબીજનાં ફળરૂપે સમ્યગ્દર્શનરૂપી ધર્મ પામે, પણ તે પહેલાં અપુનર્બન્ધક અવસ્થા પામે છે. અપુનર્બન્ધક અવસ્થામાં પૂર્વે કહ્યું તેમ, તે આત્મા તીવ્રભાવે પાપ નથી કરતો, ઘોર સંસાર પર બહુમાન નથી ધરતો, ને ઉચિતનો આદર કરે છે. એ મુખ્ય ત્રણ ગુણ પ્રગટે છે. એવા અપુનર્બન્ધકાદિ આત્માઓ જિનપ્રવચનની ગંભીરતા, સૂક્ષ્મતા, તપાસવી, વગેરે કરવા દ્વારા સાચા ઉત્સર્ગ અપવાદનું જ્ઞાન મેળવવાનો કલ્યાણમાર્ગ આદરે છે; તેથી એ પ્રવૃત્તિ અશઠયાનુષ્ઠાન કેમ કહી શકાય ?

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે 'આ કલ્યાણમાર્ગ અપુનર્બન્ધકાદિ જીવોથી આચરાયેલો છે', ને એવા જીવોની ઓળખ કરાવતાં કહે છે કે 'એ ક્ષીણપ્રાયકર્મ હોય છે, વિશુદ્ધાશયવાળા હોય છે, ભવાબહુમાની હોય છે અને મહાપુરુષો હોય છે,'

ક્ષીણપ્રાયકર્મ:—અપુનર્બન્ધક આત્મા શુભ ભાવ દ્વારા (૧) આયુઃકર્મ સિવાય સમગ્ર કર્મોની કાળસ્થિતિમાંથી કેટલાય કોડાકોડી અર્થાત ઠેઠ ૬૯ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિનો ક્ષય કરીને માત્ર એક કોડાકોડી સાગરોપમની ય અંદરની કાળસ્થિતિ કરી મૂકે છે, અને કર્મબળનો રસ પણ મન્દ કરી મૂકે છે; તેમજ (૨) મિથ્યાત્વ મોહનીયકર્મ અને અનંતાનુબન્ધી કષાયકર્મને ઘણું ઘણું મન્દ કરી મૂકે છે. અપુનર્બન્ધક દશાથી આગળ વધી ક્રમશઃ સમ્યગ્દર્શન પામેલ આત્માને તો મિથ્યાત્વ અને અનંતાનુબન્ધી કષાયનો ક્ષયોપશમ થઈ ગયો હોય છે. આ કર્મબળનો ક્ષય બહુ જરૂરી છે. એ થાય તો જ ગુણની ભૂમિકા સર્જાય છે. કર્મક્ષીણતા જેમ વધે તેમ ઊંચા ઊંચા ગુણસ્થાનકે ચઢાય.

વિશુદ્ધાશય:—મોક્ષદૃષ્ટિવાળા બનેલા એ ભવ્યાત્માનો આંતરિક આશય, દૃષ્ટિ, બુદ્ધિ, અભિપ્રાય ઉજ્જવળ બનેલો હોય છે. અનાદિ કાળથી ભવાભિનન્દી યાને સંસારરસિક દશામાં કેવળ જડ પુદ્ગલ અંગેના આશય હોવાથી, તે રાગ, દ્વેષ અને મોહભર્યા તેમજ હિંસાદિ પાપોભર્યા રહે, એટલે મલિન રહે છે. હવે અહીં મોક્ષની રુચિ જાગ્રત થવાથી જડના ચિકણાં આકર્ષણ ઓછાં થઈ જાય છે, તેથી રાગ-દ્વેષાદિ મોળા પડી જાય છે; અને એના સ્થાને સંવેગ, વૈરાગ્ય, અનિત્યાદિ ભાવના, અહિંસાદિ ધર્મ, ક્ષમાદિ ગુણો, ઇત્યાદિનો નિર્મળ આશય પ્રગટે છે.

અહીં ધ્યાનમાં રાખવાનું છે કે આત્મોત્ક્રાન્તિની હજી આ પ્રારંભિક દશા હોવાથી પ્રવૃત્તિ રાગાદિવાળી અને હિંસાદિમય જોવા મળે, પરન્તુ આંતરિક આશયની એટલે કે ઉદ્દેશ અને દૃષ્ટિની નિર્મળતા એ મહત્ત્વની વસ્તુ છે. લોકવ્યવહારમાં પણ આશયને મુખ્ય કરવામાં આવે છે. છરી ફેરવવાની ક્રિયા તો ડોક્ટરે ય કરે અને ગુંડો ય કરે છે, પરન્તુ બેના આશયમાં મહાન અંતર હોય છે. ડોક્ટરનો આશય શુદ્ધ અને ઉપકારી મનાય છે. કોર્ટમાં ગુનેગાર જો પુરવાર કરે કે પોતાનો આશય શુદ્ધ હતો તો એ ગુનામાંથી છૂટી જાય, એવું બને છે. આમ માત્ર વ્યવહાર નહિ, પરન્તુ ફળ પણ આશયના આધારે નીપજે છે. એક માતાએ છોકરાને વાવડીંગવાળું દૂધ પીરસ્યું. પોતાનો છોકરો હોંશે પીને પુષ્ટ થયો ! ત્યારે, ઓરમાન છોકરાનો પીવાનો વારો આવ્યો, એનો આશય એવો થયો કે 'આ મારી દુશ્મન મા છે તેથી મને દૂધમાં કંઈક કાળું કાળું ખરાબ પીવરાવે છે.' મનમાં બીક રાખી એ કંપતો કંપતો પીને માંદો પડી મરી ગયો. આશયનું મહત્ત્વ છે. માટે જ ધર્મસાધનાનો પહેલો પાયો નિર્મળ આશય, પવિત્ર આશય છે. દૃષ્ટિ સંસાર પરથી ઉઠી મોક્ષ પર સ્થાપિત થાય છે, પછી આશય ફરે છે, શુદ્ધ બને છે. ક્રિયા દેખીતી રાગની હોય, પણ આશય વૈરાગ્યનો રાખે. પ્રવૃત્તિ હિંસાની યાને આરંભ-સમારંભની હોય, પણ આશય અહિંસાનો રાખે, તો ધર્મોમા બની શકે છે. તેથી ઉલટું ક્રિયા તપની, જપની, દાનાદિની ચાલતી હોય, પણ એની પાછળ મનમાં આશય જડની આસક્તિનો હોય તો એ જીવ પાપમાં સપડાઈ

જાય છે. ખ્યાલ તો એ રાખવાનો છે કે 'બનવાનું તે બને છે, ભાગ્યના અનુસારે બને છે. તો આશય શા માટે બગાડવો?'

ગામડાની ડોશી:—ગામડાની ડોશી હતી. ઘી અને ચામડા ખરીદવા નીકળેલા બે વેપારીની એણે મેમાનગત કરી. પણ ઘીના વેપારીને અંદર રસોડામાં બેસાડયો, ને ચામડાના વેપારીને બહાર બેસાડયો! વળી માલ ખરીદીને પાછા આવ્યા ત્યારે ય મેમાનગીરી કરી, પણ આ વખતે ચામડાવાળા વેપારીને અંદર બેસાડયો ને ઘીવાળાને બહાર! બન્નેએ આ ભેદનું કારણ પૂછયું. ડોશી કહે છે. 'તમે બન્ને ખરીદી માટે ગયા ત્યારે ઘીવાળાનો આશય સારો હતો કે 'જઇએ છીએ ત્યાં વરસાદ પાણી સારા થયા હોય તો ઠીક, જેથી ઘી સસ્તું મળે.' ત્યારે ચામડાવાળાનો આશય મેલો હતો કે 'દુકાળ પડયો હોય તો સારૂં જેથી ઢોર ઘણાં મરી ગયા હોય, તો ચામડું સસ્તું મળે.' પણ હવે બન્નેને માલ વેચવાની ગરજ છે તેથી આશય પલટાયો છે. ઘીવાળો ચાહે છે 'દુકાળ જેવું થાય તો સારૂં; જેથી ઘીના ભાવ સારા ઉપજે.' ત્યારે ચામડાવાળો ઇચ્છે છે કે 'સુકાળ થાય તો સારૂં જેથી ઢોર મરે નહિ તો ચામડાનો ભાવ સારો ઉપજે.'

વળવાનું નસીબ પ્રમાણે; પણ આશય બગાડવાથી જીવ ભારે કર્મી થાય છે. અપુનર્બન્ધક આદિ જીવો ભવાભિનન્દીપણું મૂકી મોક્ષરસિક બન્યા હોવાથી, અનાદિના રાગાદિભર્યા મલિન આશય મૂકીને વૈરાગ્યાદિના પવિત્ર આશય ધારણ કરતા હોય છે.

ભવાભ્યહુમાની:—અપુનર્બન્ધક આત્મા સંસાર પ્રત્યે બહુમાન વિનાનો બન્યો હોય છે, સંસારમાં ભલે દેવતાઈ સુખો પણ હોય, પરન્તુ એ સુખોની સાથે ય આત્મામાં બીજા-ત્રીજા સંતાપ, રાગ-દ્વેષાદિના સંક્લેશ, પરાધીન અવસ્થા, સુખોની વિનશ્વરતા, અવશ્યંભાવી સુખનાશ વખતે જીવની કલ્પાંતભરી દુર્દશા, અને ભાવી દુઃખમય દીર્ઘ દુર્ગતિના ભ્રમણ,...વગેરે કેઇ કરુણ વિટંબણાઓ નિહાળી એવા સંસાર પરથી એને આદર, આસ્થા ઉઠી જાય એ સહજ છે. અલબત આવા જીવને ય સંસારના સુખોનું સંવેદન થાય છે; પણ એ સમજે છે કે 'આ સુખોનું સંવેદન મૂળ તો વિકારના દુઃખમાંથી પ્રગટે છે. આત્મા કામવાસનાથી વિકારી બન્યો છે, માટે વિષયભોગ સુખકારી લાગે છે.' સરસ આહારની સંજ્ઞાના વિકાર ઉપર રસનાં ભોજન સુખદ ભાસે છે; ભૂખ છે તો ભોજનથી સુખ; તરસ છે તો પાણી પીવાથી સુખ; એમ વિકારના પાયા ઉપર સુખના અનુભવ છે. પાછા એ સુખના અનુભવ વિકારોના સંસ્કારને મજબૂત કરે છે; તેથી વિટંબણા વધે છે, ઘટતી નથી. માટે સંસારનાં સુખ પણ દુઃખ છે, દુઃખફલક છે, દુઃખની પરંપરા ચલાવનારાં છે.' તેથી એને સંસાર પ્રત્યે ઘૃણા, ગ્લાની અને ખેદ જન્મ્યો હોય છે.

મહાપુરુષ:—અપુનર્બન્ધક જીવો મહાન આત્મા બનેલા હોય છે. એમને મહાત્મા એટલા માટે કહેવાય છે કે એ આજ સુધી પોતાની જાતને સરાસર ભૂલી પર એવા જડ પદાર્થોમાં જ અહંત્વ-મમત્વ કરતા હતા; દોષ-દુર્ગુણોના જ ખપી બનતા હતા, અજ્ઞાન-મિથ્યાજ્ઞાનમાં જ રમતા હતા; તે હવે જાતને ઓળખતા થયા, નિજના આત્માનું મમત્વ કરતા થયા, ગુણના ખપી બન્યા, સમ્યગ્જ્ઞાનની સન્મુખ બન્યા...વગેરે વગેરે. આવા અપુનર્બન્ધકાદિ મહાપુરુષો કલ્યાણમૂર્તિ બનેલા હોય છે. અનાદિની રૂઢ અધમતા દૂર કરીને ઉત્તમતાવાળા બન્યા હોય છે. આવા જીવો જ શુદ્ધ દેશનાને યોગ્ય છે.

★

શુદ્ધ દેશના કઇ ? : અશુદ્ધ દેશનાથી બુદ્ધિભેદાદિ.

(લ૦) अन्येषां पुनरिहानधिकार एव, शुद्धदेशनानर्हत्वात् ।

અર્થ:—બીજાઓનો તો અહીં અધિકાર જ નથી; કેમકે તે શુદ્ધ દેશનાને અયોગ્ય છે.

વિવેચન:—આવી ક્ષીણપ્રાય-કર્મમળતા, વિશુદ્ધાશય વગેરે ગુણોથી રહિત ક્ષુદ્ર જીવો તો કલ્યાણમાર્ગના અધિકારી જ નથી; કેમકે કલ્યાણમાર્ગ આપવા પહેલાં શુદ્ધ દેશના યાને ઉપદેશ આપવો જોઇએ; ત્યારે નિર્ગુણ ક્ષુદ્ર જીવો શુદ્ધ દેશનાને ય યોગ્ય નથી, પછી માર્ગને યોગ્ય હોવાની વાતે ય શી ? શુદ્ધ દેશના તો પૂર્વોક્ત ગુણસંપન્ન અપુનર્બન્ધકાદિ યોગ્ય જીવો જ સ્વસ્થતાથી સાંભળી શકે, સમજી શકે અને પચાવી શકે.

પ્ર૦:—અહીં શુદ્ધ દેશના એટલે શું સમજવાનું ?

ઉ૦:—(૧) **શુદ્ધ દેશના એટલે તે તે ધર્મ માટે વિવિધ યોગ્યતાને જરૂરી બતાવતી દેશના.** શુદ્ધ દેશના માટે અધિકારી આત્મા તે, કે જે ધર્મ માટે અર્થી, સમર્થ અને શાસ્ત્ર-અનિષિદ્ધ હોય, તથા બહુમાનવાળો, વિધિપર અને ઉચિતવૃત્તિ હોય. શુદ્ધ દેશના યોગસાધનાનું પ્રતિપાદન તો કરે જ છે, પરંતુ તે પહેલાં યોગની પૂર્વસેવા આદરવાનું પણ ફરમાવે છે; સમ્યગ્દર્શનાદિ જેવા લોકોત્તર ધર્મ માટે માર્ગાનુસારી અને અપુનર્બન્ધક જીવન આદિના કેઇ ગુણો ફરમાવે છે; વ્રતધારી શ્રાવક-જીવન માટે યોગ્યતાના ૨૧ ગુણોનું ફરમાન કરે છે; સંસારત્યાગી સાધુનું જીવન સ્વીકારવા પૂર્વે ૧૮ દોષોનો ત્યાગ અને ૧૬ ગુણોની યોગ્યતા જરૂરી હોવાનું કહે છે...વગેરે. આવી દેશના સાંભળવાને યોગ્ય અપુનર્બન્ધકાદિ મહાપુરુષો જ હોય છે, ક્ષુદ્ર જીવો નહિ; કેમકે ક્ષુદ્ર જીવો એવી યોગ્યતાની વાતને સહી શકતા નથી. એમ,

(૨) **શુદ્ધ દેશના એટલે યથાયોગ્ય ઉત્સર્ગ-અપવાદની દેશના.** એ કડકમાં કડક વિધિ-નિષેધનો ઉત્સર્ગરૂપી મુખ્ય માર્ગ બતાવે છે; અને તેવા તેવા પુરુષ-કાળ-ક્ષેત્ર-સંયોગ-પરિસ્થિતિ આદિ કારણે તે વિધિ-નિષેધમાં અપવાદ-માર્ગ પણ ફરમાવે છે. ક્ષુદ્ર જીવો આવી દેશનાને યોગ્ય નથી હોતા, કેમકે એમને તો મનમાન્યા અપવાદ ઘડવા હોય છે; અથવા અપવાદને રાજમાર્ગ તરીકે હંમેશ માટે આચરવા હોય છે ! ને ઉત્સર્ગને સદા ખીંટીએ ચઢાવવા હોય છે ! વળી,

(૩) **શુદ્ધ દેશના એટલે બાલ, મધ્યમ અને પંડિત જીવોને કક્ષાનુસાર દેશના.** દા. ત. જે જીવો સાધુને માત્ર બાહ્ય વેશ આદિ જોઇને સાધુ તરીકે માનનારા હોય છે, તે જીવો બાળ કહેવાય છે; ત્યારે સાધુ માનવા માટે જે એમના આચાર તરફ નજરવાળા છે તે મધ્યમબુદ્ધિ છે; અને જે, 'કેવાં આગમતત્ત્વ સાધુ માને છે,' તે તરફ જોનારા છે તે પંડિત પુરુષો છે. 'ષોડશક' નામના શાસ્ત્રમાં આ અંગે વિચાર કરવામાં આવ્યો છે. એમની તે તે કક્ષા સમજીને તેને યોગ્ય દેશના અપાય તે શુદ્ધ દેશના છે. કક્ષા બહારની દેશના તો સામાને ઉલટું ધર્મ ખોવરાવી દે છે. માટે જ કહ્યું છે કે-' પરસ્થાને

દેશના પાપદેશના.' ક્ષુદ્રતાવાળા જીવોને આપમતિએ ચાલવું હોય છે, તેથી એ તો એક કક્ષામાં બીજી કક્ષાની વાતનું ડહાપણ ડહોળવા બેસે છે, એટલે એ શુદ્ધ દેશનાને યોગ્ય નથી.

(૪) **શુદ્ધ દેશના એટલે ભૂમિકાને યોગ્ય ધર્મની દેશના.** ભૂમિકાઓ અનેક રીતે હોય છે.

(૧) એક ભૂમિકા છે સમકિતી અને ધર્મના અર્થી એવા યોગ્ય જીવની અપેક્ષાએ. એવા જીવને પ્રથમતઃ સાધુધર્મની-મહાવ્રતોની દેશના અપાય. કેમકે જો પહેલાં સાધુધર્મથી નીચી કક્ષાના ગૃહસ્થધર્મના અણુવ્રતોની દેશના આપે, તો તે જીવ એટલેથી જ અટકી જાય અને તેથી તો એને મહાવ્રતોમાં અંતરાય કર્યો ગણાય. હા, જો શ્રોતા મહાવ્રતોની અશક્તિ બતાવે તો તો પછી એને નીચેની અણુવ્રતોની દેશના આપવાની હોય છે. આવી ભૂમિકાબદ્ધ શુદ્ધ દેશનાને યોગ્ય ક્ષુદ્ર જીવો હોઇ શકતા નથી; કેમકે એ તો ઝટ 'જોયું? આ સાધુઓને તો એકલી દીક્ષાની જ વાત આવડે છે! બસ બધા ખાવા બની જાઓ!' આવું અથવા બીજું કાંઇ કહેશે, ને એમ કહીને પવિત્ર સાધુધર્મ પ્રત્યે અને જિનવચન પ્રત્યે સુગ વધારનારા બનશે. ત્યારે,

(૨) બીજી રીતે ભૂમિકા-યોગ્ય દેશના એ, કે જીવ જે જે ગુણસ્થાનકમાં વર્તતો હોય તે તે ગુણસ્થાનકની ભૂમિકાને યોગ્ય અને ભૂમિકામાં જરૂરી આચાર-અનુષ્ઠાનાદિ ધર્મોની દેશના તેને આપવી જોઇએ. દા. ત. પ્રારંભિક મંદ મિથ્યાત્વ ગુણસ્થાનકવાળાને સત્યાન્વેષણની વૃત્તિ ઉભી રખાવીને મધ્યસ્થભાવે 'ચારીસંજીવની' ન્યાયે દેવ-ગુરુ ધર્મની ઉપાસના કરવાનું ઉપદેશાય. 'ચારીસંજીવની' ન્યાય એટલે જેમ કામણથી માણસ મટી બળદ બનેલાને કેટલીય વનસ્પતિઓનો ચારો ચરાવતાં એમાંથી સાચી ખાસ વનસ્પતિ ચરવામાં આવી જતાં, એ બળદ કામણની અસરથી મુક્ત બન્યો, અને મૂળ મનુષ્યપણાનું સંજીવન પામ્યો, તે દૃષ્ટાંત. એ દૃષ્ટાંતથી દેવાદિને મધ્યસ્થભાવે ભજતાં સત્યાન્વેષણની વૃત્તિના યોગે એમાંથી શુદ્ધ સ્વરૂપવાળા દેવાદિ ભજવાનું પ્રાપ્ત થઇ જાય, અને સમ્યગ્દર્શનનું સંજીવન પામી જવાય. હવે અહીં જો પહેલેથી સામાને એમ ઉપદેશાય કે 'અમુક જ દેવ-ગુરુ સાચા છે, બીજા બધા તો મિથ્યાદૃષ્ટિ છે, તેને છોડ,' તો તો પેલો, સંભવ છે, એમ સમજે કે 'આ ઉપદેશક તો બીજા દેવાદિની નિંદા કરે છે માટે ખોટા છે.' માટે જ, એને પહેલાં તો કયાંય દુરાગ્રહ રાખ્યા વિના મધ્યસ્થભાવે દેવાદિની ઉપાસના કર્યે જવાનું કહેવાય. અલબત્ એમાં સાચો જિજ્ઞાસુભાવ વધારતાં ક્રમશઃ તત્ત્વ તરફ લઇ જવાય; જેથી એ સમ્યગ્દર્શન પામે.

ત્યારે જે એથી ઊંચા સમ્યગ્દર્શનના ગુણસ્થાનકે ચઢયો છે, તેને તો વધુ વિવેક જાગ્યો હોવાથી, વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને જ શુદ્ધ દેવ તરીકે, મહાવ્રતધારી નિર્ગ્રન્થ સાધુને જ શુદ્ધ ગુરુ તરીકે અને સર્વજ્ઞોક્ત અહિંસામૂલક ધર્મને જ શુદ્ધ માનવાનું તથા કુદેવ-કુગુરુ-કુધર્મ અવશ્ય ત્યજવાનું ઉપદેશાય; જેથી એની તત્ત્વપરિણતિ જળવાઇ રહે; ને અતત્ત્વની રુચિમાં ન ફસાય.

એવી રીતે સમ્યગ્દર્શનને યોગ્ય કે સમ્યગ્દર્શન સહિત વ્રતધારીપણાને યોગ્ય ગૃહસ્થના વિવિધ આચાર-અનુષ્ઠાનો, જેવાં કે, ભિક્ષા માગ્યા વિના ન્યાયોપાર્જિત શુદ્ધ દ્રવ્ય પર જીવન-નિર્વાહ, અરિહંતની ભક્તિ, દ્રવ્યસ્તવ, સુપાત્રદાન, ગુરુભક્તિ, સહધર્મી શ્રાવક-શ્રાવિકાની ભક્તિ વગેરેની દેશના,- એ ભૂમિકાને યોગ્ય દેશના છે. ત્યારે સંસાર ત્યજી મહાવ્રતધારી મુનિ બનેલાને નિર્દોષ ભિક્ષા પર જીવન-નિર્વાહ કરવાનો, દ્રવ્યસ્તવ-ગૃહસ્થભક્તિ વગેરે નહિ કરવાનો...વગેરે ઉપદેશ છે. એમાં પણ ગચ્છવાસી સાધુને માટે ઉત્સર્ગ અપવાદમય સંયમ જીવનનો ઉપદેશ છે, ત્યારે એથી આગળ વધી નિરપેક્ષ યતિધર્મે પહોંચેલાને લગભગ અપવાદ-રહિત ઉત્સર્ગમય સંયમ જીવનનો ઉપદેશ છે. ત્યારે વીતરાગને તો વળી તપસ્યા, પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયા જ નથી હોતી.

કક્ષાભેદે સાધના જુદી જુદી: – આનો સાર એ છે કે તે તે ભૂમિકા પર રહેલાએ તેને તેને યોગ્ય આચાર–અનુષ્ઠાનાદિ પાલન કરવાં જોઇએ; એમ કરતાં કરતાં એ આગળ વધી શકે. સાધુને ભિક્ષા–જીવન છે, માટે જો ગૃહસ્થ પણ ધંધો બંધ કરી એમ કરવા જાય, તો ધર્મ નિંદાય! સાધુઓને અભિષેકાદિ જિનભક્તિ નથી કરવાની માટે જો ગૃહસ્થ પણ એ મૂકી દે, તો સમ્યગ્દર્શન ગુમાવે! એમ, નિરપેક્ષ યતિધર્મનો ચાળો ગચ્છવાસી સાધુ કરવા જાય તો 'લાંબાની વાંસે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય,' એ કહેવત જેવું થાય. ત્યારે વીતરાગની જેમ સરાગ અવસ્થામાં રહેલા સાધકો ધર્મ-ક્રિયા જ છોડી દે, તો પછી તો પાપક્રિયાઓ થોકબંધ ઉભી રહેવાથી એ તદ્દન ભ્રષ્ટ થાય; ઊંચે ચઢવાને બદલે કે તેટલે રહેવાને બદલે ત્યાંથી નીચે પતન પામે. તાત્પર્ય એ છે કે સાધના કક્ષાભેદે ભિન્ન ભિન્ન હોય. તેથી દેશના કક્ષાને યોગ્ય અપાય. પરસ્થાને દેશના પાપદેશના બને; શુદ્ધદેશના નહિ.

આજે શુષ્ક આત્મધર્મવાળાઓ,મૂર્તિપૂજાના વિરોધકો, દયા–દાનના વિરોધકો, વગેરે આ વસ્તુસ્થિતિ સમજતા નથી; તેથી શુદ્ધ દેશનાના નામે પાપદેશનામાં પડે છે. ઉપરના ગુણસ્થાનકવાળાને જે સાધના શકય ને યોગ્ય છે, તે સાધના નીચેના ગુણસ્થાનકવાળાને એ ઉપદેશે છે! પરિણામે તેના શ્રોતા જીવો તેમ કરવા જતાં પોતાની યોગ્ય અને શકય સાધના પડતી મૂકી ઊંચી અશકય સાધનાનો ચાળો કરે છે; ને તેથી સાવ કર્તવ્યભ્રષ્ટ અને નિષ્ઠાભ્રષ્ટ બને છે! એટલું જ નહિ પણ વધુ ભયંકરતા એ બને છે, કે એ પોતે જે આરંભ-સમારંભ અને વિષય–પરિગ્રહની પાપપ્રવૃત્તિમાં પડયા છે તેને ઓછી કરવાને કે ત્યાજય માનવાને બદલે પોતાની ભૂમિકાને યોગ્ય ધર્મક્રિયાને નકામી કહે છે! અને ત્યજી દે છે! આનું પરિણામ શું આવે? કેવળ અર્થ અને કામની પાપક્રિયાઓની જ જીવનમાં વ્યાપકતા કે બીજું કાંઈ? એટલે લલિતવિસ્તરાકાર ઠીક જ કહે છે કે 'ક્ષુદ્ર જીવો, શુદ્ધ દેશનાના અનધિકારી છે; કેમકે એ કક્ષા મુજ-બની ચર્યા–સાધના માનવા તૈયાર નથી હોતા, અને એવી સાધનાની દેશનાને અજ્ઞાન–મૂલક સમજી તેનો વિરોધ કરે છે.'

(૩) દેશનાની વિધિ મુજબ ભૂમિકાનો વિકાસ થતાં થતાં ઊંચી ઊંચી દેશના:—

ભૂમિકા–યોગ્ય દેશનાને વળી બીજી રીતે જોઇએ. ઇતર ધર્મીને સર્વજ્ઞકથિત તત્ત્વ તરફ કેમ આકર્ષવા, એ માટે શ્રી ધર્મબિંદુ શાસ્ત્રના બીજા અધ્યાયમાં સદ્ધર્મ–દેશના વિધિ બતાવી છે. એમાં પહેલાં એની પ્રકૃતિ, એના ઇષ્ટ દેવની મુક્તિ, વગેરે જાણી સામાન્ય ગુણોની પ્રશંસા કરવાપૂર્વક એને અધિક ગુણોનો ઉપદેશ કરવાનું કહ્યું છે. પછી કહ્યું કે એનામાં જિજ્ઞાસાવૃત્તિ જાગ્રત કરી જ્ઞાનાચારાદિ આચારોનું શકય પાલન, અશકય આચારો પર રુચિ, કલ્યાણ પરંપરારૂપી એનાં મહાન ફળ, અસદ્ આચારોની જુગુપ્સનીયતા, એના દારુણ અનર્થ, નરકાદિ દુઃખોની પરંપરા,...વગેરે ઉપદેશવું, સાથે ઉપાયપૂર્વક મોહની નિંદા અને સમ્યગ્ જ્ઞાનની પ્રશંશા તથા સત્ પુરુષાર્થના રોચક વર્ણન કરી દેખાડવા; જેથી એ અસદ્ને તજી સદ્ આચારોમાં મગ્ન બનતો જાય. એમ કરતાં પરિણત થાય પરિપક્વ થાય, ત્યારે દેશના વિધિમાં આગળ વધતાં ગંભીર દેશના દેવી શરૂ કરવી. એમાં શાસ્ત્રોના ઉદ્દેશ, સ્વરૂપ, વગેરે કહેતાં સુવર્ણની જેમ એની કષ, છેદ અને તાપની પરીક્ષા બતાવાય. એમાં તાપ પરીક્ષા તરીકે તત્ત્વ અને સિદ્ધાન્તોની સંગતતા કેવી હોઈ શકે, આત્મા–કર્મનો અનાદિ પ્રવાહ, નિત્યાનિત્યતા વગેરેનું સાચું સ્વરૂપ શું હોઈ શકે, તે દેખાડાય. આ બધું સાંભળતાં શ્રોતામાં કેવા પરિણામ જાગ્યા તે તપાસાય. પરિણામ નિર્મળ જણાય તો કર્મબંધના પ્રકારો, ભવ્યત્વ, ગ્રન્થિભેદ, સમ્યકત્વ, ચારિત્ર, સદ્ભાવનાઓ, રાગાદિ પર વિજય અને મોક્ષ અંગેનો ઉપદેશ કરાય. આ બધાનો સારાંશ એ, કે જેમ જેમ ભૂમિકાનો વિકાસ થતો જાય તેમ તેમ દેશનાની માત્રા વધે.

આ દેશના-વિધિમાં ગરબડ થાય તો લાભને બદલે નુકસાન થાય. માટે જ કહ્યું છે કે 'ક્ષુદ્ર જીવો શુદ્ધ દેશનાના અધિકારી નથી. અર્થાત્ ઉપર ઉપરની ભૂમિકા નહિ પામેલા નીચેની કક્ષાના જીવો ઉપરની ભૂમિકાવાળાને યોગ્ય પવિત્ર દેશનાને લાયક નથી.'

સિંહનાદ સમી શુદ્ધ દેશનાથી ક્ષુદ્ર જીવોને અનર્થની હારમાળા:—

(લ૦) શુદ્ધદેશના હિ ક્ષુદ્રસત્ત્વમૃગયૂથસંત્રાસનસિંહનાદઃ । ધ્રુવસ્તાવદતો બુદ્ધિભેદઃ; તદનુ સત્વલેશચલનં; કલ્પિતફલામાવાપત્ત્યા દીનતા; સ્વભ્યસ્તમહામોહવૃદ્ધિઃ; તતોઽધિકૃતક્રિયાત્યાગકારી સંત્રાસઃ ।

અર્થ:-ખરેખર શુદ્ધ દેશના એ ક્ષુદ્ર જીવોરૂપી હરણના ટોળાને ભડકાવનાર સિંહનાદ છે! નિશ્ચિત છે કે એથી એને બુદ્ધિનો ભેદ થાય છે; ત્યાર પછી રહ્યું સહ્યું સત્ત્વ ચલિત થઈ જાય છે; પોતે કલ્પેલા ફળનો અભાવ જાણીને એને દીનતા થાય છે; સારી રીતે અભ્યાસ કરેલા મહામોહની વૃદ્ધિ થાય છે; ને તેથી પોતે આદરેલી ક્રિયાને પણ છોડાવી દે એવો સંત્રાસ યાને ફડફડાટ થાય છે.

વિવેચન:-શુદ્ધ દેશના એ સિંહનાદ જેવી છે, જેમ સિંહની ગર્જનાને હરણિયા જીરવી શકતા નથી. ગર્જના થતાં મૃગનાં ટોળેટોળાં ત્રાસ અને ફડફડાટ અનુભવે છે; તેમ શુદ્ધ દેશનાને અનધિકારી જીવ જીરવી શકતા નથી, પણ ત્રાસ અને ફડફડાટ અનુભવે છે. એથી એમને અવશ્ય બુદ્ધિનો ભેદ થાય છે.

બુદ્ધિભેદ:—બુદ્ધિનો ભેદ એટલે શું? એજ, કે પોતે જે બરાબર વિધિસર નહિ, પણ ગમે તેમ પ્રસ્તુત ધર્મક્રિયા કરતો હોય, એના ઉપર પણ હવે શુદ્ધ દેશના સાંભળવાથી ક્ષુદ્રતાવશ અવિશ્વાસ થઈ જાય, તેથી અને તુચ્છ સત્ત્વના લીધે શુદ્ધ ક્રિયા કરવાનું સામર્થ્ય નહિ હોવાથી, ધર્મક્રિયા કરવાના ભાવ જ તૂટી જાય, તેનું નામ બુદ્ધિભેદ. શુદ્ધદેશના સાંભળતાં ચિત્ત મુંઝવણમાં પડી જાય છે કે, દા. ત. "આ ઉપદેશક તો કહે છે કે સાચો તપ તેનું નામ કે જ્યાં ઇચ્છાનિરોધ થાય, વિષય માત્રની ઇચ્છા ન જાગે; બાકી તો મનમાન્યા કરેલા તપ સંસારના વર્ધક બને છે;' ત્યારે હું જે તપ કરું છું તેથી શું સંસાર વધવાનો? તો એનાં કરતાં ખાવું શું ખોટું?" આવી મુંઝવણ થાય છે. પાછું મનને એમ થાય છે કે "ઉપદેશક તો કહે છે કે ખાઇએ અને દિલમાં ખટકો રહે. ખાવું ખોટું લાગે, તો સમકિત રહે. એ હિસાબે તો મારા તપ કરતાં આ સારૂ." મનને આમ થતાં પોતાના તપ ઉપરથી વિશ્વાસ ઉઠી જાય છે. ત્યારે સંપૂર્ણ ઇચ્છાનિરોધવાળો તપ કરવાનું તો તેનામાં તેવું સત્ત્વ નથી. એટલે સરવાળે તપ કરવાના હૃદયના ભાવ ભાંગી જાય છે. એ બુદ્ધિભેદ.

પ્ર૦:—પણ એમાં ખોટું શું? ધર્મમાં એમજ ગબડાવ્યે જતો હતો એથી શો લાભ?

ઉ૦:—આવા કુતર્ક કરનારને એ ખબર નથી કે જીવમાં અનાદિ કાળથી તો ખાવાના જ સંસ્કાર અને વલણ હતાં. એમાં આ જીવ માંડ કોઈ પૂર્વના પુણ્ય સંસ્કારથી, વર્તમાનના સારા સંયોગ-વાતાવરણથી અને કર્મલઘુતાથી ખાવાનું મૂકી તપ કરવા પ્રેરાયો હોય છે. અલબત્ હજી બધી જાતના ઇન્દ્રિયવિષયોના આકર્ષણ મટી નથી ગયા હોતાં, છતાં આહારનું ઉત્કટ આકર્ષણ કંઈક ય ભોળું પડયું હોય છે, તેથી તો તપમાં જોડાયો હોય છે. હવે એને, અપ્રમત્ત મુનિને લાગુ પડી શકે એવી આંતરિક ઇચ્છા-નિરોધની દેશના આપવી, અને નીચેની કક્ષાની તપ-કરણી માટે કહેવું કે 'આ શું નકામું લઇ પડયા છો,' એનો અર્થ શો? એથી તો એ તપ છોડી પાછો ખાવામાં પડશે. ત્યારે શું ખાતાં ખાતાં ઇચ્છા—નિરોધ થઈ જશે ખરો? વિષયો ભોગવતાં ભોગવતાં વીતરાગતા આવશે? ધર્મક્રિયાઓ બંધ કરીને શું પાપક્રિયાઓ કરતાં કરતાં યથાખ્યાત ચારિત્ર આવી જશે? ના, તો તો જે દુબળો પણ

તપ યા બીજી ધર્મસાધના ચાલુ રહેત, તો ભવિષ્યમાં એમાં સુધારો અને વિકાસ થવાને અવકાશ હતો; તે ગયો; કેમકે બદલે આ તો આવું ભયંકર મનાવવાને બદલે તપ ભયંકર મનાવ્યો! સંસારની પાપક્રિયાઓ ભયંકર મનાવવાને બદલે પવિત્ર ધર્મક્રિયાઓ ભયંકર મનાવી! એથી હવે ખાનપાન અને બીજી સંસાર ક્રિયાઓમાં અરુચિ, ભય વગેરે રાખવાનું કયાં રહ્યું, કે જેથી એનાં આકર્ષણ છૂટે? કાનજીસ્વામી જેવા ઉપદેશકો બુદ્ધિભેદ કરી દયાપાત્ર જીવોના ભાવખૂન કરે છે. એ કહે છે, "નિશ્ચયે નયથી આત્માની ક્રિયા આત્મા જ કરે છે. જડની ક્રિયા આત્મા પર કશું કરી શકતી નથી. માટે શરીરથી થતી ધર્મક્રિયાઓ આત્માને માટે નકામી છે. તેથી તો અનંતી દ્રવ્યક્રિયાઓ નિષ્ફલ ગઇ છે. આત્માના શુદ્ધ-અશુદ્ધ ભાવ જ આત્માનું હિત-અહિત કરે છે. **मन एव मनुष्यणां कारणं बन्धमोक्षयोः** માણસનું મન એટલે કે આત્માના ભાવ, એ જ બંધ યા મોક્ષમાં કારણભૂત છે. નહિતર ભાવ મેલા હોય અને ક્રિયા કોઈ તપ-જપ વગેરેની થતી હોય તો તે ક્રિયા કેમ લાભ કરતી નથી? કહેવું જ પડે જેવા ભાવ તેવા લાભ; પણ નહિ કે જેવી ક્રિયા તેવો લાભ."

હવે જોઇએ તો આ ઉપદેશ બુદ્ધિભેદ કરનારો છે; સાધક આત્માને ધર્મક્રિયા અને ધર્મઆચારો પર અનાસ્થા કરાવી એને છોડી દેવાની, અગર ન કરવાની વૃત્તિ જગાડનારો છે; અને એ છૂટયું એટલે કોઈ પાપપ્રવૃત્તિઓ ઉભી રહેવાની છે. પોતાની તેવી પહોંચ ન હોવાથી એ એવા ઉપદેશ પર એટલું વિચારી શકતો નથી કે 'જડની ક્રિયા આત્મા પર જો કશું ન કરતી હોય તો શરીર પરના ઘાથી આત્માને વેદના કેમ થાય છે? આંખ સામે જોવા જડના ગમન-આગમન થાય તેના આધારે જ આત્મામાં જ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે? કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન કેમ એકરૂપે નહિ, પણ ફરતું રહે છે? કહેવું જ પડે કે જગત પલટાતું છે, તો જે જે સમય જગત જેવું જેવું બને, તે તે સમય તેવા તેવા પલટાયેલા જગતના આધારે, જ્ઞાનને તેવા તેવા બનવું જ પડે. બાહ્ય ક્રિયાની તો બહુ અસર છે, આખો સંસાર એના પર ચાલ્યો છે. આત્માના આંતરિક રાગ-દ્વેષાદિ ભાવો બાહ્ય ક્રિયા પર બહુ ચોંટાય છે. માતાના ટહુકાર પર સ્નેહરાગ અને નવી પત્નીના ટહુકાર પર કામરાગ જાગે છે. આત્માની સંસારમય અવસ્થા આખી ય બાહ્ય કર્મની બંધ-ઉદય-ઉદીરણા-સંક્રમણ વગેરે ક્રિયાના આધારે ચાલે છે. આત્મા વીતરાગ થવા છતાં, હજી પૂર્વ કર્મના ઉદયની ક્રિયા છે, તો આત્મા મુક્ત નથી, સંસારી છે.' આ વિચારવામાં નથી આવતું તેથી ભદ્રક જીવોનો બુદ્ધિભેદ થાય છે.

ક્રિયા કયાં નકામી છે? અનંતી ક્રિયા નકામી ગઇ તે દ્રવ્યક્રિયા હતી માટે. ભાવક્રિયા થઇ હોત તો કામ થઇ ગયું હોત. ક્રિયાનો ભાવ પ્રગટ ન પણ થયો હોય છતાં ભાવ લાવવા માટે કરાતી ક્રિયા પણ ભાવક્રિયાને ઉત્તેજનારી હોવાથી ઉપયોગી છે. મલિન આશય ન હોય, મૂઢદશા ન હોય, તો ક્રિયા કરતાં કરતાં અંતરમાં પરમાત્મપ્રીતિનો ભાવ વધે છે; જિનવાણી-શ્રવણની ક્રિયા કરતાં તત્ત્વ શ્રદ્ધાનો ભાવ પ્રગટે છે. કહો કે શુભ ભાવને જગાવવા-વધારવા માટે શુભક્રિયાઓ જ સમર્થ છે, અશુભ ક્રિયાઓ નહિ. શુભ આચાર-અનુષ્ઠાનોના આધારે જ ધર્મશાસન પરાપૂર્વથી ચાલ્યું આવ્યું છે. એને નકામાં કહેવા, એ બુદ્ધિભેદ કરાવનારૂં છે.

માણસે બોલતાં બહુ વિચાર કરવાનો છે, જેથી અનધિકારી જીવોનો બુદ્ધિભેદ ન થાય. જે એને ધર્મ કરવાના પરિણામ (ભાવ) નષ્ટ થઇ જાય, સદ્‌ગુરુ ઉપરની શ્રદ્ધા ચલિત થઇ જાય, દેવાધિદેવની પૂજા-ભક્તિ કરવાની ઉર્મિઓ મરી જાય, ઇત્યાદિ બધું બુદ્ધિભેદ થયો કહેવાય. અનધિકારીને શુદ્ધ દેશના બુદ્ધિભેદ કરાવે છે.

सत्त्वद्वेशचलनः—અનધિકારીને શુદ્ધ દેશના દેવાથી સુકૃત કરવાનો જે થોડો ઘણો ઉત્સાહ હોય તે મરી જાય છે. બુદ્ધિભેદ થવાથી તો, જે સુકૃત કરતો હતો, તેને બંધ કરવાનું તો બને જ છે,

પરંતુ સત્ત્વના એટલે કે સુકૃત કરવાના ઉત્સાહનો રહ્યો સહ્યો અંશ નષ્ટ થવાથી આગળ માટે પણ સુકૃતરૂપી ધર્મપ્રવૃત્તિ આચરવાનું બંધ પડે છે. એટલું જ નહિ, પણ-

દીનતાઃ— દેશના દેનાર જ્યારે એમ કહે છે કે 'જેમ ધર્મની પ્રવૃત્તિ મુદ્દલ ન કરો, તેમ યથાસ્થિત ન કરતાં ગમે તે રીતે કરો તો પણ એની કશી કિંમત નથી, કશો લાભ નથી,' ત્યારે અનધિકારી જીવને એવાં, વચન સાંભળીને સ્વકીય ધર્મક્રિયાનું પોતાની બુદ્ધિથી સંભાવિત ફલ નહીં ઉપજવાની ગભરામણ થાય છે! અર્થાત્ એને એમ થાય છે કે-'અરે! આ તો હું ભૂલો પડ્યો! આ ધર્મની મહેનત હું નકામી જ કરું છું. કેમ કે આ દેશનાકારના કહેવા અનુસાર યથાસ્થિત તો કરી શકતો નથી, તો પછી એનું ધારવા મુજબ ફળ નહિ મળે. ત્યારે તો શા સારુ આ મજૂરી કરું? આ સુકૃત પર ધર્મ-બુદ્ધિથી મમતા જ શું કામ કરું?' આમ લાભનો અભાવ જાણીને એ દીન, શક્તિહીન બને છે.

આનાં દૃષ્ટાન્ત આજે હયાત છે. કાનજીસ્વામીનો કહેવાતા શુદ્ધ નિશ્ચયનો ઉપદેશ આજ પરિણામ લાવી રહ્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર, હુકમમુનિ વગેરેના પ્રતિપાદનોએ આ ભયંકરતા સર્જી છે. એ ઉપદેશ અજ્ઞાન અને વિષયાંધને રળિયામણો લાગે; એમ થાય કે-'અહો, ખરું તો તત્ત્વ આજે કેટલા કાળે આમણે સમજાવ્યું! સાચો આત્મધર્મ બતાવ્યો!' પછી આજ સુધી જે થોડું ઘણું સુકૃત એ કર્યા કરતો હતો, તે કરવાની શક્તિ હવે એનામાંથી મૂળમાંથી જ નાશ પામે છે! એટલે માત્ર ચાલુ સુકૃત મૂકી દે, અગર નવાં સુકૃતનો ઉત્સાહ મરી જાય એટલું જ નહિ, પરંતુ મૂળમાંથી જ સુકૃત કરવાની શક્તિ જ ખલાસ થઇ જાય છે! પહેલાં તો કદાચ માનતો હોય છે કે-'ભલે આપણે મહાત્માઓ જેવું ઊંચું સુકૃત નથી કરી શકતા, છતાં જે સુકૃત કરીએ છીએ એ સાંસારિક પાપકૃત્યો કરતાં તો સારું જ છે, તેથી કંઈક લાભ થશે;' પરંતુ હવે તો અનધિકારની દેશના સાંભળવાથી એમ લાગે છે કે-'અમારાં આ મનમાન્યાં સુકૃતની સાંસારિક પાપકૃત્યો કરતાં કોઇ વિશેષતા નથી, લાભકારિતા નથી, ઉલટું મિથ્યાત્વ લાગે છે; માટે હવે વ્યર્થ શા સારુ આમાં કૂચે મરવું?' એમ એનામાંથી સુકૃતના મમત્વ જ ઉડી જાય છે! મૂળ સુકૃતશક્તિ જ નષ્ટ થઇ જાય છે! 'આ જિંદગીમાં હવે કદી આવાં સુકૃત સામે ન જોવું,'-આવી દીનતા રાંકડાગીરી ઉભી થઈ જાય છે. પછી આનું પરિણામ શું? એજ કે,

સુ-અભ્યસ્ત મહામોહવૃદ્ધિઃ—જન્મોજન્મથી સારી રીતે ને પુનઃ પુનઃ સેવતા આવેલા મહા-મોહની વૃદ્ધિ થાય છે; અર્થાત્ મિથ્યાત્વરૂપી મોહ વધુ જોરદાર બને છે.

પ્ર૦—**મિથ્યાત્વ વધુ જોરદાર શી રીતે?**

ઉ૦—પહેલાં તો એટલું જ મિથ્યાત્વ હતું કે સાંસારિક પાપપ્રવૃત્તિઓને એ કરવા લાયક માનતો હતો; હવે મિથ્યાભાવ એ વધ્યો કે સુકૃતની પ્રવૃત્તિને નિરર્થક તો શું પણ આગળ વધીને પાપપ્રવૃત્તિ કરતાં વધુ ભયાનક, વધુ અનર્થકારી માનતો થાય છે! પહેલાં ધર્મ ન કરવામાં જે આનંદ નહોતો અનુભવતો, એવો આનંદ હવે સુકૃત છોડીને અનુભવે છે! એમ માને છે કે-' હાશ! આવાં સુકૃતની આવી બાહ્ય મજુરીની મારક મમતામાંથી છૂટ્યો!' આ ઓછું મિથ્યાત્વ વધ્યું? સુકૃતની મમતા તો તારક કહેવાય; એને મારક માની બેઠો! પરિણામે, હિંસાદિ પાપકૃત્યો અને મોહમાયાદિને ભયાનક લેખવાને બદલે પ્રભુભક્તિ-વ્રત-પચ્ચક્ખાણ વગેરે સુકૃતને ભયાનક લેખવા મંડ્યો! મૂર્તિપૂજાના વિરોધીઓ અને દયા-દાનના વિરોધીઓની પણ શી સ્થિતિ છે? એજ કે એમને કામોત્તેજક ફોટાઓ પર જે દ્વેષ નથી એ વીતરાગની પ્રશમરસ ઝરતી મૂર્તિ પર છે! એમને ઘરવાસમાં ચાલી રહેલ ષટ્કાય જીવના આરંભ-સમારંભ જેટલા નથી ખટકતા, એટલી મૂર્તિપૂજા ને દયાદાન ખટકે છે! એમને કામરાગાદિની ચેષ્ટાઓ અને ઇન્દ્રિયોના વિષયભોગ જેટલા નથી ખૂંચતા એટલી દયા-દાનની પ્રવૃત્તિ ખૂંચે છે! આ કેટલું મિથ્યાત્વ!

બીજી રીતે મહામોહની વૃદ્ધિ જોઈએ તો એ, કે મિથ્યાદર્શનમાં પડેલા જીવો પણ જિનોક્ત સુકૃતો, જિનમૂર્તિ, દયા, દાન, વગેરેની પ્રત્યે, હિંસા-જૂઠ-અબ્રહ્મ વગેરે પાપો કરતાં વધારે અરુચિ, ને વધારે સુગથી નથી જોતા; જ્યારે કહેવાતા નિશ્ચયની કે કહેવાતી અહિંસાદિની દેશના પામેલા અનધિકારી લોક એ જિનોક્ત સુકૃતાદિને વધુ સુગથી જુએ છે ! તો શું એ મહામિથ્યાત્વ નહિ ? પાપને ધૃણાથી જોવાને બદલે દયા આદિ ધર્મને ધૃણાથી જોવું એ મહામોહનો નાચ છે; મંદ મિથ્યાદૃષ્ટિ કરતાં પણ નીચી કોટિની ભવાભિનંદીપણાની સ્થિતિ છે. માટે જ એ માને છે કે-'હાશ ! હવે હું માર્ગ સમજ્યો ! આત્મધર્મ સમજ્યો ! દયા-દાન-શીલ-તપ-પ્રભુપૂજન-સામાયિક વગેરેને તારક માનવાની મૂર્ખાઈ છૂટી ! આજ સુધી એમ માનીને ઘણું ગુમાવ્યું. ધર્મક્રિયાઓ કરી કરીને અનંતા ભવ ભટક્યો ! આજે જાણવા મળ્યું કે તરવું હોય તો આત્માના ભાવથી જ તરાય. શરીરની ક્રિયા જુદી જ ચીજ છે, એની આત્માના ભાવ પર કોઈ અસર નથી, દયાની ક્રિયાથી સામાનો બચાવ નથી થતો; કટારી ભોંકવાથી સામાનું ખૂન નથી થતું. સામાનો બચાવ કે મોત તો સામાના તેવા નિશ્ચિત પર્યાયક્રમથી થાય છે, ત્યાં બીજાને દયા કરનારા કે ખૂન કરનારા માનવા એ મિથ્યાત્વ છે. આત્મદૃષ્ટિએ દયા અને હિંસાની ક્રિયા, બંને સરખી છે...'આમાં છે કાંઇ મિથ્યામતિની હદ ? મિથ્યાત્વનું કોઈ માપ ? એની પાછળ પછી યથેચ્છ ખાનપાન, દુરાચારો અને પરિગ્રહાદિ મોહમાયા જ વધે કે બીજું કાંઇ થાય ?

ધર્મ કક્ષા મુજબનો હોયઃ—અનધિકારની દેશના આપનારે વિચારવું તો એ જોઇએ, કે સૌ-સૌની ભૂમિકાવાર, ને કક્ષાવાર ધર્મપ્રવૃત્તિ જુદી જુદી હોય છે. શાસ્ત્રમાં તો બધા નયની વાતો હોય, પરંતુ શ્રોતાની કક્ષા મુજબ તે તે નયને આશ્રીને ઉપદેશ કરવાનો હોય છે. માટે તો ખુદ સમયસારની બારમી ગાથાની ટીકામાં કહ્યું છે કે નિર્વિકલ્પ દશા નહિ પામેલા જીવોને માટે શુદ્ધ નિશ્ચયનયની દેશના નથી, અર્થાત્ એણે બાહ્ય આચારના વ્યવહાર અવશ્ય પાળવા જોઈએ, તો જ એ ઊંચો આવી શકે.

(લ૦) भवाभिनन्दीनां स्वानुभवसिद्धमप्यसिद्धमेतद्, अचिन्त्यमोहसामर्थ्यादिति। न खल्वेतानधिकृत्य विदुषा शास्त्रसद्भावः प्रतिपादनीयो दोषभावादिति। उक्तं च,

'अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम्। दोषायाभिनवोदीर्णे, शमनीयमिव ज्वरे' ॥

इति। कृतं प्रसङ्गेन; अधिकारिण एवाधिकृत्य पुरोदितान्, अपक्षपातत एव निरस्येतरान् प्रस्तुतमभिधीयत इति।

અર્થ:—ભવાભિનંદી જીવોને આ અનુભવસિદ્ધ હોવા છતાં માન્ય થતું નથી; કેમકે [એનામાં રહેલા] મોહનું અચિન્ત્ય સામર્થ્ય છે. એવાઓને આશ્રીને વિદ્વાન પુરુષે શાસ્ત્રનું સત્ય નહિ કહેવું જોઇએ; કારણ કે એથી દોષ જન્મે છે. કહ્યું છે કે-'અશાંત મતિવાળાને શાસ્ત્રના સત્યનું પ્રતિપાદન કરવું તે નવા આવેલા તાવ પર તેને દબાવી ઔષધ વાપરવા જેવું છે.' હવે આ પ્રાસંગિક ચર્ચાથી સર્યું. હવે પૂર્વોક્ત અધિકારીને ઉદ્દેશીને અને વિના પક્ષપાત અનધિકારીને બાદ રાખીને પ્રસ્તુત વિષય કહેવામાં આવે છે.

અનધિકારી પર નવા રોગીનું દૃષ્ટાન્તઃ—

વિવેચનઃ—ભવાભિનંદી જીવોમાં રહેલ મિથ્યાત્વમોહનો એમના પર એટલો બધો પ્રભાવ હોય છે કે એ જીવોએ શુદ્ધ દેશનાના વિષયને ગમે તે રીતે જાણી લેવાથી બુદ્ધિભેદ વગેરે થવાનો....યાવત્ સુકૃતની શક્તિ નાશ પામવાનો અનુભવ જાતે કર્યો હોય છે, છતાં એ એમ માનવા તૈયાર નથી કે 'અધિકાર વિના જાણવા-સાંભળવાનું આ કટુ પરિણામ આવ્યું કે સુકૃત ગુમાવ્યા !' એ તો ઉલટું

એમ માને છે કે-'આ સુકૃતો તો અનર્થરૂપ હતા, તે અમને એવા અનર્થથી બચાવનારૂં શ્રવણ મળ્યું! સાચો પ્રકાશ મળ્યો!' તેથી હવે એ સુકૃતથી આઘા રહેવાનું હોંશે હોંશે કરે છે! એનું પરિણામ શું આવે? એ જ ને કે સુકૃત તરફ સુગ કરવાની, મનમાં 'શુદ્ધ ભાવ' 'શુદ્ધ ભાવ'ની માળા જપવાની અને બાહ્ય સાંસારિક આરંભ-સમારંભની પ્રવૃત્તિઓ ધરબમ ચાલુ!

માટે જ આચાર્ય મહારાજ કહે છે કે એવા અનધિકારી ભવાભિનંદી જીવોને ઉદ્દેશીને વિદ્વજ્જનોએ શાસ્ત્રનાં સત્યો, યાને સમ્યગ્ ભાવો નહિ કહેવા જોઇએ; કેમકે તેમ કરવાથી એને ઉલટું ઉપર કહેલ અનર્થ નીપજે છે. જુઓ, પૂર્વ મહર્ષિનું આ વચન એમાં દૃષ્ટાન્ત આપીને સાક્ષી પૂરે છે.

अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम् । दोषायाभिनवोदिर्णे शमनीयमिव ज्वरे ॥

-જેવી રીતે નવા સ્ફૂરેલા તાવમાં જો તેને ઉતારી નાખવા માટે ઔષધ અપાય તો તે ઔષધ ગુણ કરવાને બદલે દોષકારી બને છે; તેવી રીતે અશાંત મતિવાળાને જો શાસ્ત્રસત્ય બતાવવામાં આવે તો તે તેને લાભને બદલે હાનિ કરે છે.

જેવી રીતે નવો તાવ આવ્યો, ગઇ કાલે તો સારા તાજા-માજા હતા અને આજે એકાએક તાવ ચઢ્યો તો આયુર્વેદ શાસ્ત્રનો નિયમ છે કે તાવ ઉતારી નાખવા કે પેટનો કચરો સાફ કરવા ઔષધ ન આપવું જોઇએ. એમાં તો કુપથ્ય ન કરે તેટલું જ બસ છે. એમાં તાવે ય જાય, ને કફ હોય તે પણ પાકી જાય. તો જ મૂળથી રોગ જાય. એવા પ્રસંગમાં રોગ પોતે જ ઔષધ છે ત્યાં રોગને દબાવવો તે વસ્તુગત્યા ઔષધને દબાવવા જેવું છે. કુદરતની ક્રિયા છે કે તાવ દ્વારા દોષ કાઢી નાખે. એને દબાવવા જતાં રોગ વધે છે, ઘટતો નથી. અપ્રશાન્ત એટલે કે જેનું મન શાન્ત નથી, વિહ્વલ છે, જે આત્મા સંક્લિષ્ટ ચિત્તવાળો છે, તેને શાસ્ત્રનાં સત્ય આપવા તે નવા તાવને દવાથી દબાવવા જેવું છે. એ વધારે નુકશાન માટે થાય છે. તેથી એ એને માટે અનધિકારી છે. ચૈત્યવન્દન અધિકારીને અપાય. એમાં અધિકારી-અનધિકારીનો પ્રસંગ આવ્યો, તે હવે સમાપ્ત કરવામાં આવે છે; અને પૂર્વે અધિકારીના જે લક્ષણ કહ્યાં, તેવાં લક્ષણવાળા અધિકારીને જ ઉદ્દેશીને અનધિકારીને બાદ રાખીને પ્રસ્તુત વિષય કહેવામાં આવે છે; અર્થાત્ ચૈત્યવન્દન સૂત્ર અંગે વિવેચન શરૂ કરવામાં આવે છે.

પ્ર૦- અનધિકારીને બાદ રાખવા, ને અધિકારીને ઉદ્દેશીને કહેવું એમાં પક્ષપાત નથી?

ઉ૦- ના, ચૈત્યવન્દનાદિ ધર્મથી ઉદ્ધાર પામવાના પાત્ર જીવ અધિકારી જીવો જ છે, અનધિકારીને દે તો ઉલટું મહામોહની વૃદ્ધિ વગેરે નુકશાન થાય છે. માટે અમુકને આપવું ને અમુકને નહિ, એમાં નિષ્પક્ષપાત વલણ છે, 'અપાત્ર જીવનું વધારે નિકન્દન ન થાય,' તેમાં તો દયાભાવ જ છે, તેથી પક્ષપાત નથી. હવે ચૈત્યવન્દનની વિધિ બતાવી સૂત્રની વ્યાખ્યા કરશે.

★

ચૈત્યવન્દનની પૂર્વવિધિ.

(ल०) इह प्रणिपातदण्डकपूर्वकं चैत्यवन्दनमिति स एवादौ व्याख्यायतेतत्र चायं विधिः—इह साधुः श्रावको वा, चैत्यगृहादावेकान्तप्रयतः, परित्यक्तान्यकर्त्तव्यः प्रदीर्घतरतद्भावगमनेन, यथासम्भवं भुवनगुरोः सम्पादितपूजोपचारः, ततः सकलसत्त्वानपायिनीं भुवं निरीक्ष्य, परमगुरुप्रणीतेन विधिना प्रमृज्य च, क्षितिनिहितजानुकरतलः, प्रवर्द्धमानातितीव्रतरशुभपरिणामो, भवत्यतिशयात् मुदश्रुपरिपूर्णलोचनो, रोमाञ्चाञ्चितवपुः, मिथ्यात्वजलनिलयानेककुग्राहनक्रचक्राकुले भवाब्धावनित्यत्वाच्चायुषोऽतिदुर्लभमिदं सकलकल्याणैककारणं चाधःकृतचिन्तामणिकल्पद्रुमोपमं भगवत्पादवन्दनं कथञ्चिदवाप्तं, न चातःपरं कृत्यमस्तीति अनेनात्मानं कृतार्थमभिमन्यमानो, भुवनगुरौ विनिवेशितनयनमानसो, ऽतिचारभीरुतया सम्यगस्खलितादिगुणसम्पदुपेतं, तदर्थानुस्मरणगर्भमेव, प्रणिपातदण्डकसूत्रं पठति, तच्चेदम्—नमोत्थु णं अरहंताणमित्यादि ।

અર્થઃ—અહીં ચૈત્યવન્દનમાં પહેલાં 'પ્રણિપાત-દંડક' નામનું સૂત્ર આવે છે, તેથી તે સૂત્રની વ્યાખ્યા પહેલી કરવામાં આવે છે. ત્યાં (સૂત્ર ભણવા પૂર્વે) આ વિધિ છે.

અહીં સાધુ કે શ્રાવક, જિનમંદિરાદિને વિષે એકાન્તે સાવધાન બને, અને બીજાં કાર્યને છોડીને રહે; તે પણ, ચૈત્યવન્દનના ભાવ લાંબો કાળ ચાલે એવા ભાવમાં પ્રવેશ કરીને. એણે સંભવ અનુસાર જગદ્ગુરુ પરમાત્માની પૂજા-ભક્તિ કરી હોય. ત્યારબાદ કોઈ જીવનો નાશ ન થાય એવી ભૂમિ ચક્ષુથી બરાબર જોઈને, તથા ભૂમિને પરમ ગુરુ પરમાત્માએ કહેલી વિધિથી પ્રમાર્જીને, જમીન પર ઢીંચણ અને બે હાથના તળિયા સ્થાપિત કરી નમસ્કાર કરે! અત્યંત ચઢીયાતા તીવ્ર, શુભ પરિણામ વધતા હોય, ભક્તિના આવેગથી ચક્ષુ હર્ષના આંસુથી ભરાઈ જાય, અને શરીર રોમાંચ-વિકસ્વર બને; તથા પોતાની જાતને એવી કૃતાર્થ માને કે-

'અહો મિથ્યાત્વરૂપી પાણીમાં વસેલા અનેક કુમતરૂપી મત્સ્યોના સમૂહથી વ્યાપ્ત એવા આ સંસારસમુદ્રને વિષે, એમાં ય આયુષ્ય અનિત્ય હોવાથી, ભગવાનની આ ચરણવંદના અતિ દુર્લભ છે! છતાં પણ એ મને ગમે તે રીતે મળી! એ વંદના સકલ કલ્યાણનું જ એક કારણ છે, અને એણે ચિંતામણિ અને કલ્પવૃક્ષની ઉપમાને પણ નીચી પાડી દીધી છે, એવી આ વંદનાથી વધીને કોઇ બીજું શ્રેષ્ઠ કાર્ય નથી.'

એ પ્રમાણે ભાવના વડે પોતાના આત્માને કૃતકૃત્ય માનતો ભુવનગુરુ ભગવાનને વિષે પોતાની દૃષ્ટિ અને મન સ્થાપિત કરી દે. (પછી) અતિચાર લાગી જવાનો ભય હોવાથી સમ્યગ્ રીતે અસ્ખલિત વગેરે ગુણસંપત્તિથી યુક્ત અને અર્થના સ્મરણથી ભરેલું 'પ્રણિપાતદંડક' નામનું સૂત્ર ભણે. તે સૂત્ર આ **'नमोऽत्थु णं अरहंताणं...'** વગેરે.

વિવેચનઃ—

'પ્રણિપાતદંડક' એટલેઃ-ચૈત્યવન્દનના મહાન અનુષ્ઠાનમાં પહેલું 'પ્રણિપાતદંડક' સૂત્ર ભણુવામાં આવે છે, તેથી એની વ્યાખ્યા અહીં પહેલી કરવામાં આવે છે. 'પ્રણિપાતદંડક' સૂત્ર એટલે નમસ્કાર કરવાનું દંડક સૂત્ર. 'દંડક' શબ્દનો અર્થ 'આલાવો' કે 'આલાપક' થાય છે. એ એક વિષયને કહેનારો પદસમૂહ છે. દા. ત. 'સામાયિક-દંડક' એટલે સામાયિકની પ્રતિજ્ઞાનો આલાવો,-'કરેમિ ભંતે ! સામાઇયં...' વગેરે. 'પ્રણિપાતદંડક' ને સૂત્રના પહેલા પદથી ઓળખીએ તો 'નમુત્થુણં' તરીકે પણ ઓળખાય છે; તેમ એને 'શક્રસ્તવ' પણ કહેવામાં આવે છે; કેમકે અરિહંતપ્રભુના ચ્યવન કલ્યાણક પ્રસંગે શક્રેન્દ્ર આ સૂત્રથી એમની સ્તવના કરે છે. પ્રસ્તુતમાં આ દંડકસૂત્ર ભણતાં પહેલાં ચૈત્યવન્દનની પૂર્વવિધિ શી કરવી, તે કહે છે.

ચૈત્યવન્દનની પૂર્વવિધિઃ-સાધુ યા શ્રાવક જે ચૈત્યવન્દન કરવા ઉજમાળ થયો હોય તે, ચૈત્યઘર અર્થાત્ જિનમંદિરને વિષે અગર બીજા કોઇ પોષધશાળા વગેરે સ્થાનમાં ચૈત્યવન્દન કરે. ત્યાં ચૈત્યવન્દનની પૂર્વવિધિ શી કરવી, તે આ રીતે બતાવે છેઃ-

(૧) ચૈત્યવન્દન માટે જ એકાન્ત પ્રયત્ન માનસિક ઉપયોગ, તથા અન્ય કાર્યોનો ત્યાગ.

(૨) પ્રદીર્ઘતર તદ્ભાવ ગમન.

(૩) યથા સંભવ અર્હત્-પૂજા સત્કારનું સંપાદન.

(૪) જીવવિરાધનારહિત ભૂમિનું નિરીક્ષણ તથા પ્રમાર્જન.

(૫) 'નમોત્થુ ણં અરહંતાણં' બોલતાં ભૂમિ પર ઢીંચણ અને હસ્તતલનું સ્થાપન.

(૬) અતિ તીવ્રતર શુભ પરિણામનું વર્ધન.

(૭) અતિશય ભક્તિવશ હર્ષનાં અશ્રુ તથા રોમાંચ.

(૮) મિથ્યાત્વભર્યા સંસારમાં અને ક્ષણભંગુર આયુષ્યમાં અતિ દુર્લભ એવી કલ્પવૃક્ષ સમાન અર્હત્-ચરણ-વંદનાનું શ્રેષ્ઠ કર્તવ્ય મળવા બદલ કૃતાર્થતાનું સંવેદન.

(૯) ભુવનગુરુને વિષે જ ચક્ષુ અને મનનું સ્થાપન.

(૧૦) 'પ્રણિપાત-દંડક' સૂત્રનું સમ્યક્ પઠન, અને અર્થચિંતન.

(૧) પહેલાં તો ચૈત્યવંદન કરનાર એકાન્ત પ્રયત્ન બને, એટલે કે મનમાંથી બીજા-ત્રીજા વિચાર કાઢી નાખી, એક ચૈત્યવંદન માટે જ સાવધાન બને; ચૈત્યવન્દનના જ ખ્યાલવાળો બને; બીજા-ત્રીજા કાર્ય છોડી દઈ હવે ચૈત્યવન્દનની જ ક્રિયામાં લીન બનવા તૈયાર થાય. 'મારે ચૈત્યવન્દનના મહાન અનુષ્ઠાનમાં જોડાવું છે. એ દ્વારા અરિહંત પરમાત્માની સ્તવનામાં લયલીન બનવું છે. આ આ એની વિધિ, ને આ સૂત્ર. એમાં આવા આવા ભાવ પ્રગટાવવાના છે...' ઇત્યાદિ રૂપે મનને સાવધાન કરે, પ્રણિધાન કરે. જ્યાં ચૈત્યવન્દન શરૂ કરતાં જ આ ભાવ પ્રગટાવવાના હોય, આ તન્મય જાગ્રતિ ઊભી કરવાની હોય, ત્યાં પછી ચૈત્યવન્દનની ચાલુ ક્રિયામાં તો કેટલી બધી તન્મયતા જોઇએ ! તે વખતે સાથિયો ચિતરવાની કે બીજી-ત્રીજી ક્રિયા કેમ કરાય ? અથવા બીજી-ત્રીજી વસ્તુમાં ધ્યાન કેમ જ રખાય ? એક માત્ર ચૈત્યવન્દનમાં જ ધ્યાન હોય. એ માટે પહેલેથી ખૂબ જ સાવધાન બની જાય; અને તે સારુ અન્ય કાર્યોમાંથી નિવૃત્ત થઈ જાય. હવે માત્ર એકચિત્તે ચૈત્યવન્દન કરવા સિવાય બીજું કાંઈપણ કાર્ય,

યાવત્ આસનને સરખું કરવું વગેરે પણ કરવાનું બાકી ન હોય; કે જેથી ચૈત્યવન્દન કરતી વખતે એવા કાર્યોની ડખલ આવે.

(૨) **પ્રદીર્ઘતર તદ્ભાવ-ગમનઃ**– ચૈત્યવન્દનને ઉપયોગી જે ઉચ્ચ કોટિનો ભાવોલ્લાસ, તે લાંબા કાળ સુધી અવશ્ય ટકી રહે, કમમાં કમ ચૈત્યવન્દન-ક્રિયાની ઠેઠ પૂર્ણાહુતિ સુધી નક્કી બન્યો રહે, એ રીતે ચૈત્યવન્દનના ભાવમાં આરૂઢ થાય. આ વસ્તુ એટલા માટે જરૂરી છે, કે ચૈત્યવન્દન શરૂ કર્યા પછી ભાવ મંદ ન પડી જાય, ક્રિયામાં મન સુસ્ત, નિરુત્સાહ કે શૂન્ય ન બને, પહેલેથી ભાવોલ્લાસ ખૂબ લાંબો ચાલે, એ રીતે મનને દૃઢ કરે. આમાં ચૈત્યવન્દનની મહાભવ્યતા, પરમાત્માની લોકોત્તમતા-અનંત ઉપકારકતા વગેરેની વિચારણા ઉપયોગી બને છે.

(૩) **યથાસંભવ અર્હત્પૂજા-ઉપચારનું સંપાદનઃ**—ચૈત્યવંદનની પૂર્વ ભૂમિકામાં ત્રીજી વસ્તુ ત્રિભુવનગુરુની યથાસંભવ પૂજા અને ઉપચાર (સત્કાર) કરી લેવાના છે. 'યથાસંભવ'નો અર્થ એ છે કે શ્રાવકને પોતાની શ્રાવકપણાની કક્ષા અને શકયતા અનુસાર પૂજા-સત્કાર કરવાના, તથા સાધુને પણ પોતાની સાધુતાની કક્ષા અને શકયતાને અનુસારે પૂજા-સત્કાર કરવાના. કેમકે શ્રાવકપણાની કક્ષામાં શકયતા મુજબ અભિષેકાદિ-પૂજા સત્કાર આવશ્યક છે; ત્યારે સાધુપણાની કક્ષામાં તદ્દન નિર્વદ્ય, નિષ્પાપ, નિરારંભ જીવન હોવાથી સચિત્ત જલ વગેરેનો સ્પર્શ પણ નિષિદ્ધ છે, તેમ સત્કારયોગ્ય સ્વકીય દ્રવ્યપરિગ્રહ પણ નિષિદ્ધ છે, તેથી અભિષેકાદિ પૂજા-સત્કાર એમને કરવાના હોય નહિ, માટે એમને પૂજા-સત્કારના સ્થાને એકાગ્ર અને ભક્તિભાવનામાં લીન મને દેવદર્શન-સ્તુતિપાઠ વગેરે કરવાનું હોય છે.

પ્ર૦– ગૃહસ્થને પૂજા અને સત્કારમાં શો ફેર ?

ઉ૦— પૂજામાં જલ-ચન્દનાદિથી અભિષેક-અર્ચન-વિલેપન વગેરે આવે, અને સત્કારમાં વસ્ત્ર-અલંકાર વગેરે ઉત્તમ દ્રવ્યોનું અર્પણ આવે. બન્નેનું સ્વતંત્ર મહત્ત્વ છે.

અભિષેકાદિ પૂજા એ નિત્ય કરણીઃ-

પરન્તુ પહેલાં એ જુઓ કે ચૈત્યવન્દનની પૂર્વભૂમિકામાં આ જરૂરી કહ્યા; એ હિસાબે જ્યારે ચૈત્યવન્દન એક રોજની ક્રિયા છે, તો આ પૂજા-સત્કાર પણ રોજની ક્રિયા સિદ્ધ થાય છે. માટે જે લોકો 'અભિષેકાદિ પૂજાને હંમેશાં કરવાનું વિધાન પ્રાચીન જૈન શાસ્ત્રોમાં નથી', એમ કહે છે તે શાસ્ત્રના અનભિજ્ઞ છે; અને આવી ભયંકર ઉત્સૂત્ર પ્રરૂપણા કરીને કેઈ ભવ્ય જીવોને અર્હત્પૂજા જેવી ઉત્તમ સાધનાથી ભ્રષ્ટ કરવાનું ઘોર પાપ સેવી રહ્યા છે. ચૈત્યવન્દના એટલે અર્હદ્-વન્દના, એ શું રોજનું આવશ્યક નથી ? એ આવશ્યક હોય તો પૂજા-સત્કાર પણ રોજના આવશ્યક હોવાનું સાબિત થાય છે. ત્યારે જો એ રોજના આવશ્યક ન હોય તો ગૃહસ્થના જીવનમાં રોજનો પ્રભુભક્તિનો ધર્મ કયાંથી રહેવાનો ? જે અર્હત્ પ્રભુનો આપણા પર અનંત ઉપકાર છે એમના પ્રત્યે કૃતજ્ઞતાની રૂએ પણ નિત્ય પૂજા આવશ્યક ઠરે છે. વળી ગૃહસ્થને માટે તો દ્રવ્યસ્તવને ખૂબ મહત્ત્વની નિત્ય ક્રિયા તરીકે કહી છે.

પ્ર૦— પ્રભુના અંગે પાણી ઢોળી દીધું એનું શું મહત્ત્વ ? અથવા વીતરાગ એવા એમની આગળ ઉત્તમ દ્રવ્યોના અર્પણથી શું વિશેષ ?

ઉ૦–બન્ને ય નવા જમાનાના પ્રશ્ન છે. પરન્તુ પૂજા-સત્કારની પાછળ રહેલા ઉત્તમ આશય-ઉદ્દેશ સમજવાથી એનું સમાધાન થઇ જશે.

અભિષેક પૂજાનું મહત્ત્વ : સંસારની જડ અહંત્વનો નાશઃ—

પ્રભુને અભિષેક એ ખાલી પાણી ઢોળવાની કે પ્રભુને સ્વચ્છ કરવાની ક્રિયા નથી, પરન્તુ

ઉત્કૃષ્ટ પ્રભુની આગળ પોતાની જાતની અપકૃષ્ટતાના, જઘન્યતાના તથા નમ્ર ભાવના પ્રતીકરૂપ અથવા એની ભાવનાની પ્રેરક એક ભવ્ય ક્રિયા છે. માટે પ્રભુના જન્મ વખતે ઇન્દ્રો અને અન્ય દેવો મહાન જન્માભિષેક મહોત્સવ કરે છે; પ્રભુને દીક્ષા લેવાના અવસરે પણ ભવ્ય અભિષેકપૂજા ઉજવે છે. પ્રભુની આગળ વિનયભાવે ઉભા રહી બે હાથમાં નમાવેલો કળશ પકડી **નમ્ર મસ્તકે ને નમ્ર હૃદયે પ્રભુને અભિષેક કરવામાં આત્માના અનાદિના અહંકાર તૂટે છે. જીવ અનંતાનંત કાળથી સંસારની ૮૪ લાખ યોનીમાં ભટકી રહ્યો છે તેનું એક મુખ્ય કારણ આપમતિ છે, અહંકાર છે.** મિથ્યાત્વ પણ એના પર પોષાય છે; અને કદાચ મિથ્યાત્વને હટાવ્યું હોય તો પણ ઉપરના ચારિત્ર સુધીના ઉત્તમ ધર્મની સાધનામાં જતાં એ અટકાવે છે. એટલું ધ્યાનમાં રહે કે ધર્મ કઠીન છે માટે મોંઘો છે, અને સંસાર સરળ છે માટે સસ્તો છે, એવું નથી. અહંકાર એને મોંઘો-સસ્તો કરે છે. મન એવા એવા લોચા વાળે છે કે 'ચારિત્ર એ ઊંચો ધર્મ ખરો, પરન્તુ હું કુટુંબનો માલિક બન્યો છું તે હવે, એમને શું એમ એકદમ છોડી દઉં? એકદમ છોડું તો કેવો ઘેલો ગણાઉં?' લોક કહે, 'જુઓ! આ બધાને રખડતો મૂકી ચાલ્યા...' અથવા 'માર્ગ ઊંચો, કલ્યાણકારી, બધું ખરૂં, પણ અહીં માલિક તરીકે, શેઠ તરીકે રહ્યા પછી સાધુ બની ગુરૂઓના તથા અન્ય સાધુઓના સેવક તરીકેનું જીવન મારાથી કેમ જીવી શકાય?...' અથવા 'આપણે તો ભાઇ! જરા સહેલ-સગવડમાં જીવેલા, તે **આપણાથી** આ કાયાએ ચારિત્રનાં કષ્ટ કેમ ઉપડે!...' આવા આવા લોચાનો અર્થ શું? એ જ કે અહંકાર નડે છે; આપમતિ નડે છે. અરે, ચારિત્ર તો દૂર, પણ તે પૂર્વેના ય કેટલા ય સુકૃત અહંકારને લીધે ગુમાવાય છે, આપમતિને લીધે બગાડાય છે! તેમ જગતના કેઈ પાપો અહંકાર અને આપમતિને લીધે જીવ સેવે છે! અહંભાવના ઉપર કેટલો ય ગુસ્સો, અભિમાન, માયા, તૃષ્ણા વગેરે કષાયો અને હાસ્યાદિ કષાયો પોષાય છે! 'હું હોશિયાર છું બીજાને બનાવું' એવા અહંભાવ ઉપર બીજાની હાંસી, મશ્કરી ઉડાવાય છે! 'દુકાને બેસું તો પાધરા પૈસા મળે છે! સામાયિકમાં એવું પ્રત્યક્ષ ફળ **મને** દેખાતું નથી.' આવું કોણ મનાવે છે? જ્ઞાનીના વિશ્વાસને બદલે આપમતિના વિચાર, અહંભાવની ગણત્રીઓ! સંસારની જડસમા આ અહંભાવનો ઉચ્છેદ કરવાનો એક ઉત્તમ ઉપાય અર્હત્ પરમાત્માની અભિષેક વગેરે પૂજા છે. એ પૂજા કરતાં એ ખ્યાલ આવે છે કે-'અહો અસંખ્ય દેવોના માલિક ઇન્દ્રોએ પણ પ્રભુની આગળ પોતાની જાતને પશુ જેવી ગણી અતિ નમ્ર ભાવે પ્રભુને અભિષેક કર્યા હતા! કેવા લોકોત્તમ આ નાથ! આમનું શરણ મને પણ પરમાત્મા બનાવી દે એવું છે. આ અનંતજ્ઞાનીની આગળ હું નિર્બુદ્ધિ છું; જડભરત છું. માટે મારે તો પ્રભુ! તું જ ગતિ ને તું જ મતિ હો!...' આમ અભિષેક પૂજાથી આત્મા નમ્ર બને છે, પ્રભુ પ્રત્યે પૂજ્યભાવવાળો અને આધીન બને છે, ભાવભરી અભિષેકની ક્રિયા એ અહંભાવ અને આપમતિને ઇલેકટ્રીકશોક (વિદ્યુત-આઘાત) લગાડે છે.

પૂજા શેને કરી કહેવાય? :—મહાન અવધિજ્ઞાનના ધણી ઇન્દ્રો જેવા પણ અભિષેક પૂજા કરવામાં ઉલ્લસિત બને છે; પ્રભુને ઇંદ્રો અને દેવોના લાખો અભિષેક થાય છે! રાજ્યાભિષેક વગેરેમાં પણ અભિષેકનું મહત્ત્વ હોય છે, તો પછી અભિષેક પૂજાનું કેટલું બધું મહત્ત્વ ગણાય? પરંતુ આજે એવી ગણત્રી થઇ ગઇ છે કે પ્રભુને કેશરથી ટીકી કરી એટલે 'મેં પૂજા કરી; એમ માને છે। અને એટલું ન થયું પણ અભિષેક, ધૂપ, સ્વસ્તિક વગેરે થયું, તો મનને એમ રહેશે કે-'મારે પૂજા ન થઈ.' આ ભ્રમણામાં પરિસ્થિતિ એ બની ગઈ છે કે કેશરની ટીકી કરવાની તમન્ના રહે છે, અને અભિષેક તો પૂજારી કરી લે તો ચાલે!

વાળાકુંચીનો ઉપયોગ:-એનું પરિણામ એ આવ્યું કે પ્રભુ લગભગ પૂજારીને ભળાવાઇ ગયા! પછી એ પ્રભુના અંગે વાળાકુંચીને કુચડાની જેમ ઘસે અને આશાતના થાય તો વાંધો નહિ! એમાં

૨૫-૫૦ વર્ષે ધાતુના પ્રતિમાજીના આંખ, કાન, નાક, મુખ ઘસાઇ નાજુક થઇ જવાથી પ્રભુના નાશ જેવી ભયંકર આશાતના થઇ જાય તો ય વિચાર કરવાનો નહિ ! જે કેશર ભીના કપડાથી ય નીકળતું ન હોય તે કાઢવા વાળાકુંચી યતનાથી વાપરવાનું શાસ્ત્રે કહ્યું છે. યતનાથી વાપરવી એટલે જરા ય ઘસાઘસ કે અવાજ ન થાય એ રીતે, નહિતર આશાતના થાય. અભિષેકપૂજાનું ઊંચું મહત્ત્વ સમજે તો આના પર વિચાર કરવાનું બને; તેમજ ગામેગામ અભિષેકપૂજા દેવોની જેમ મોટો જનસમૂહ ઉજવે ! એમાં ભાવોલ્લાસના તરંગો ઉછળે ! પરંતુ આજે આ કોણ વિચારે ? અસ્તુ. અભિષેકની જેમ બીજા પણ ચન્દનાદિથી વિલેપન, કેશરથી અર્ચન, પુષ્પ-પૂજન, ધૂપ-દીપાદિથી પૂજન, ઇત્યાદિ 'પૂજા'માં આવે.

ઉપચાર (સત્કાર) પૂજાનું મહત્ત્વ : સંસારનું બીજ મૂર્ચ્છા કપાયઃ-

જેમ 'પૂજા'થી અહંભાવરૂપી એક મૌલિક દોષ ઘટતો આવે છે, તેમ 'સત્કાર'થી મૂર્ચ્છારૂપી બીજો મૌલિક દોષ હ્રાસ પામે છે; કેમકે એમાં પ્રભુની આગળ પોતાની કિંમતી પણ વસ્તુનું અર્પણ કરવાનું હોય છે, અને તે અર્પણ મૂર્ચ્છા કમી થાય તો જ બને. અહંભાવ અને મૂર્ચ્છા, આ બે સંસારના જબરદસ્ત કારણો છે. જેમ અહંભાવથી કેટલીય સમજાય એવી અને સરળ પણ ધર્મ-સાધના ગુમાવાય છે; તેમ મૂર્ચ્છાથી પણ ઘણાં ય ધર્મકૃત્યો ગુમાવાય છે. અનાદિનો મૂર્ચ્છા અને સ્વાર્થાંધતાનો દુર્ગુણ જ એવો કે પરમાર્થ માટે ધન છોડવું નથી ગમતું. કીડીને ખાવા કેટલું જોઇએ ? પરન્તુ એના દરમાં ઢગલો દાણા પડેલા હોય છે. એમ માણુસની પાસે સાત પેઢી ખાય એટલું ધન હોય છતાં સુકૃત કરવું કેમ કઠીન પડે છે ? કહો, મૂર્ચ્છાના યોગે. ત્યારે પરમાત્માનો અગાધ ઉપકાર વિચારી કૃતજ્ઞભાવ અદા કરવા ખાતર પણ ઉપચાર-વિધિ અર્થાત્ સત્કાર કરવામાં આવે તો મૂર્ચ્છા દોષ પર કાપ પડે છે. એમાં પ્રભુને અલંકાર, અંગરચના વગેરેથી સત્કારવાનું આવે. આવા ત્રિલોકનાથનું આલંબન મળ્યા પછી તો મનને એમ થાય કે-'ફરી આ નાથ કયાં મળશે ? તો મને જે કાંઇ મળ્યું છે તે જાતને શોભાવવા નહિ, પણ નાથને શોભાવવા અર્પી દઉં !' ત્રિલોકનાથના ચરણે ધરેલું એ અક્ષય સુકૃત બને છે. 'પંચાશકજી' શાસ્ત્રમાં કહ્યું છે કે પોતાની જે શક્તિ પહોંચે તે મુજબ પ્રભુભક્તિમાં સ્વદ્રવ્ય અર્પવું. ત્યારે કોઇ પૂછે કે-'પણ થોડું અર્પે તેથી શું વિશેષ ?' ના ! ત્યાં કહ્યું છે કે જેમ સમુદ્રમાં નાખેલું જલબિન્દુ એ અમર બની જાય છે, તેમ વીતરાગ પ્રભુની ભક્તિમાં અર્પેલું થોડું પણ સ્વદ્રવ્ય અક્ષય લક્ષ્મી બને છે. વાત એક જ છે-ચૈત્યવન્દન એ નિત્ય કર્તવ્ય છે, તો તેની પૂર્વવિધિમાં પૂજા સત્કાર નિત્ય કરો; યથાશક્તિ સ્વદ્રવ્ય પ્રભુના ચરણે અર્પો.

આમ, અહંભાવ અને મૂર્ચ્છાને કાપનારા પૂજા અને ઉપચાર (સત્કાર)નું પહેલાં યથાશકય સંપાદન કરે તે પછી ચૈત્યવન્દન કરવાનું.

(૪) ચૈત્યવન્દન જે સ્થાને કરવાનું હોય તે સ્થાનને ચક્ષુથી બરાબર જોઇ લેવાનું, કે ત્યાં કીડી વગેરે જીવજંતુ ન હોય. અને પાછું પરમગુરુ જિનેન્દ્રદેવે કહેલી વિધિ મુજબ જોવાનું સ્થાનએટલે કે ઉત્તરાસંગ (ખેસ)ના કોમળ દશીમય છેડાથી યતનાપૂર્વક ત્રણ વાર પ્રમાર્જી લેવાનું, કે જેથી પછી ત્યાં બેસતાં અદૃશ્ય પણ કોઇ સૂક્ષ્મ જંતુ કચરાઈ ન જાય. યતનાપૂર્વક એટલે કે પોચા હાથે ત્યાં કપડાનો છેડો ભૂમિ પર જતનાથી ફેરવવાનો, પણ ઘસડવાનો નહિ; નહિતર તો જીવરક્ષાના સ્થાને ઉલટી જીવ-વિરાધના થઈ જાય. સાધુ તેમજ પોષધધારી શ્રાવકે ઉત્તરાસંગને બદલે રજોહરણથી પ્રમાર્જવાનું. અનંત જીવોને અભયદાતાની ભક્તિ કરવાની છે, ત્યાં શકય એવી અહિંસાનું પાલન અવશ્ય થવું જોઇએ.

(૫) **ભૂમિ પર કરતલ સ્થાપનઃ**—પ્રમાર્જન કર્યા પછી પગની પાની પર બેસવાનું, કે જેથી બે ઢીંચણ જમીન પર અડે. ચૈત્યવંદન આ આસને કરવાનું છે. એમાં પહેલું પદ 'નમોત્થુ ણં'માં

નમસ્કાર આવવાનો છે. તે નમસ્કાર પંચાંગ પ્રણિપાતરૂપ છે. અહીં કહ્યું છે કે નમોત્થુણં અરહંતાણં બોલતાં, પહેલાં બે ઢીંચણ અને બે હસ્તતલ જમીન પર મૂકવાના. ત્યારે, બે ઢીંચણ, હાથની અંજલિ સાથે મસ્તક જમીન પર અડાડી પંચાંગ પ્રણિપાત થાય, ત્યાં બે ઢીંચણ, બે હાથ, એક મસ્તક એમ પાંચ અંગથી નમસ્કાર કરવાનો. અહીં જેવા જેવું છે કે બીજા ધર્મવાળા કરે છે તેમ ભૂમિ પર દંડવત્ લાંબા પડીને અષ્ટાંગ નમસ્કાર કરવાનું ન કહ્યું; કેમકે એમાં શરીર અડવાથી બધી પ્રમાર્જન બરાબર થઇ ન શકે. કદાચ પહેલાં કરી લે તો પણ પછી ઉભા થતાં પ્રમાર્જવાનું ન સાચવી શકાય. પંચાંગ પ્રણિપાતમાં એ સચવાઇ શકે છે. જૈનશાસનની એકેકી ક્રિયા કેવી ખૂબ તાત્ત્વિક અને તારક રહસ્યભરી હોય છે, એ જોવા જેવું છે!

(૬) **અતિ તીવ્રતર શુભ પરિણામનું વર્જન**:—ચૈત્યવન્દનની પૂર્વવિધિમાં અંતરાત્માને અતિ તીવ્ર શુભ ભાવોલ્લાસમાં ઝીલતો કરે. ભાવ શુભ તો ખરા, પણ માત્ર સામાન્ય નહિ, કેવળ તીવ્ર નહિ, માત્ર અતિ તીવ્ર નહિ, કિન્તુ અતિ તીવ્રતર; અર્થાત્ અત્યંત અધિક ઉત્કટ ભાવ જાગ્રત કરે. શુભ ભાવ એટલે વિષયાસક્તિ અને કષાયોના ભાવ નહિ, પરન્તુ વિશુદ્ધ પરમાત્મભક્તિના હાર્દિક ભાવ. આ જગાવવા માટે મનમાંથી અશુભ ભાવોને દૂર કરી મનને જગદ્‌ગુરુ અરિહંત પરમાત્માની સન્મુખ કરવું જોઇએ. ત્યાં જે આ સંસારમાં પોતાની આજ સુધી થયેલી અનંત દુર્દશા જાણે નજર સામે તરવરે અને એ દુર્દશાનો અંત લાવનાર પરમાત્માની દુર્લભ પ્રાપ્તિ થઇ છે, એવો અટલ વિશ્વાસ હોય તો શુભ ભાવ ઉછળવા માંડે. 'આ જગતમાં સર્વથા રાગાદિ દોષ રહિત આવા વીતરાગ અને અનંત ગુણ-સંપન્ન પરમાત્માને પ્રાપ્ત કરવા એ કેટકેટલું દુર્લભ છે! એવી પ્રાપ્તિ થયા પછી એમની ઉપાસના જ એક શ્રેષ્ઠ કર્તવ્ય છે.! મહાપુણ્યશાલી આત્માઓએ એજ અપનાવ્યું છે! દેવો અને ઇન્દ્રો જેવા પણ અર્હદ્ ભક્તિમાં ગુલતાન બને છે!...'—ઇત્યાદિ વસ્તુ દિલમાં હાડોહાડ વસી જાય! મન પ્રભુ સાથે તન્મય બનાવી દેવાય! ત્યારે ચૈત્યવન્દનમાં ઉત્કટ શુભ ભાવ ઉછળવા માંડે.

(૭) **ભક્તિવશ હર્ષાશ્રુ-રોમાંચ**:—એ પછી એ કહેવામાં આવ્યું કે, ચૈત્યવન્દન કરવા પૂર્વે અંતરમાં અરિહંત પરમાત્માની ઉપર પ્રીતિ, ભક્તિ અને બહુમાન ઉછળવાના કારણે આંખમાંથી હર્ષના આંસુ ઉભરાય અને શરીરે રોમાંચ ખડા થઇ જાય. ભારે દુઃખિયારા માણસને મહાન ઓથ-આશ્વાસન દેનાર મળી જતાં આંખ અશ્રુભીની બને છે, રોમાંચ વિકસ્વર થાય છે; એ પ્રમાણે અહીં જે મનને થાય કે-'**અહો! અનંત દુઃખભર્યા આ સંસારમાં ફસેલા મને આ ઉદ્ધારક પરમાત્મા મળ્યા! અહો! કેવું સુંદર શરણું મળ્યું! પ્રભુ! તું તો મારા નરકનિગોદાદિ અનંતા દુઃખનો, અનંતી વિટંબણાનો, સર્વ પરાધીનતા, સર્વ અશાંતિ, સર્વ દુર્દશાનો અંત લાવનાર! વળી જગતની કિંમતીમાં કિંમતી વસ્તુ કરતાં અનંતગુણ શ્રેષ્ઠ આ પ્રભુ શોધ્યા ક્યાં મળે! આ મારા પ્રભુએ નિજનાં જીવન કેટલાં બધાં ભવ્ય વિશ્વહૃદયામય, કઠોર સહિષ્ણુતામય, સર્વોચ્ચ સમતા-ઉદારતા-ગંભીરતાદિ ગુણમય અને મહાજ્ઞાનમય જીવ્યાં છે!...**' આવા બધા દુઃખોચ્છેદકતા અને અનંત ગુણોના ખ્યાલ ઉપર આંખ આંસુથી ભરાઇ જાય! અંગે અંગ પર રોમાંચ ખડા થઈ જાય! ન મળી શકવાનું મળ્યા ઉપર રોમે રોમમાં હર્ષ વ્યાપી જાય!

રોજને રોજ હર્ષાશ્રુ અને રોમાંચ શી રીતે?:—

પ્ર૦:—પહેલવહેલી વાર પરમાત્માની ભેટ થવા ઉપર તો આવું થાય, પરન્તુ રોજને રોજ પ્રભુને મળવામાં આ બધું શી રીતે થાય?

ઉ૦:—મોટા ટી. બી., કેન્સર જેવા દર્દવાળો માણસ રોજ ને રોજ ડોકટરને ભેટતાં ગળગળો

થઈ જાય છે! મોટા દેવામાં ફસાયેલો માણસ રોજને રોજ કોઈની પાસેથી ભારે સહાય મળતી હોય તો ત્યાં સહાયકના રોજના દર્શને ગળગળો થાય છે! એમ અહીં પણ જ્યાં સુધી ઘોર સંસાર-દુઃખ મીટે નહિ ત્યાં સુધી મહાસહાય કરનારા પ્રભુના રોજ-રોજ દર્શન મળ્યે ગળગળા જરૂર થવાય. અરે! સહાય તો પછી, તે વિના પણ દુનિયામાં જુઓ, કે ગરીબ માણસ કોઈ મહાશ્રીમંતને અપ્સરા જેવી સ્ત્રીઓ સાથે, મોટર-વિમાનમાં મહાલતો, રોજના હજારો કમાતો...વૈભવ-વિલાસની સ્થિતિમાં રમતો જ્યારે જ્યારે જુએ છે, ત્યારે ત્યારે ગદ્‌ગદ થઈ જાય છે! તો પછી પ્રભુને રોજ રોજ જોતાં કેમ ગદ્‌ગદ ન થવાય? એ પણ અનંતા અવ્યાબાધ સુખમાં મહાલે છે, અનંતજ્ઞાનાદિ ગુણોથી સમૃદ્ધ છે! તો પોતે તેવો ન થાય ત્યાં સુધી આકર્ષણ જરૂર બન્યું રહે. વાત એટલી છે કે આ વસ્તુ, જડ વૈભવ-વિલાસ નહિ પણ અનંતા આત્મવૈભવ-વિલાસની ઉત્કટ ભૂખ લાગી હોય તો બને.

(૮) અર્હદ્-વન્દનાનુ મૂલ્યાંકન અને કૃતાર્થતાનું સંવેદનઃ—

ચૈત્યવન્દનની તૈયારી માટે આઠમી વસ્તુ આ જોઇએ કે અર્હત્ પરમાત્માના ચરણે જે વન્દના કરવાનું જીવને મળ્યું છે, તેનું ઉત્કૃષ્ટ મહત્ત્વ સમજવું જોઈએ, ને તે મળવા બદલ પોતાની જાતને ખૂબ જ કૃતાર્થ માનવી જોઇએ.

સંસારની ભયાનકતા : વન્દનાની દુર્લભતાઃ—

પ્રઃ—વન્દનાનું ઉત્કૃષ્ટ મહત્ત્વ એટલે?

ઉ—મહત્ત્વ આ રીતેઃ—એક તો આ સંસારસાગર મિથ્યાત્વરૂપી પાણીથી ભરેલો છે. સંસારીજીવોમાં જ્યાં જુઓ ત્યાં, ને આપણા જીવના અનંતાનંત ભૂતકાળમાં ય જ્યાં જુઓ ત્યાં મિથ્યામતિ, અતત્ત્વશ્રદ્ધા, રાગાદિ દ્વેષ-રુચિ, વિષય—પક્ષપાત વગેરે મિથ્યાત્વના રૂપકો જ ભરચક ભર્યા દેખાય છે. આમાં શુદ્ધ અર્હદ્-વન્દના, કે જેમાં સમ્યગ્દર્શન જરૂરી છે, એ કયાંથી ઝટ પ્રાપ્ત થાય? વળી એ ભવસમુદ્ર અનેક અવિરતિ, કષાયો, યોગ અને પ્રમાદરૂપી જળચર પ્રાણીઓના થોકથી વ્યાપ્ત છે. **અવિરતિ** એટલે વિષયાસક્તિ અને હિંસાદિપાપવૃત્તિ; **કષાયો** એટલે ક્રોધ-માન-માયા-લોભ-કામ અને હાસ્યાદિ; **યોગ** એટલે મન-વચન-કાયાની ધૂમ પ્રવૃત્તિ; તથા **પ્રમાદ** એટલે અજ્ઞાન-ભ્રમ-સંશય, અશુભનું સ્મરણ અને શુભનું વિસ્મરણ વગેરે. આ એવા ભયંકર હોય છે કે જીવ એની પકડમાંથી છૂટી જ શકે નહિ; કેમકે જીવને એ અનિષ્ટ પણ લાગતા નથી, ભય પણ થતો નથી, અને એમાંથી છૂટવાનો પણ પ્રયત્ન પણ થતો નથી. પછી આમાં શુદ્ધ અર્હદ્-વન્દના કયાંથી સૂઝે? વળી સંસારમાં આયુષ્ય મળે છે તે ય અનિત્ય હોય છે; તેથી તે પુરું થતાં થતામાં ચૈત્યવન્દન મળી જવું કયાં સહેલું છે?

અર્હદ્વન્દનના આગળ ચિંતામણિય વિસાતમાં નહિઃ—આમ ઘોર સંસારમાં ભગવાનના ચરણે વન્દના કરવાનું મળવું અતિ અતિ દુર્લભ હોય છે. એ મળે એના તો મહાભાગ્યના દરવાજા ઉઘડી ગયા! કેમકે એ વન્દના દુર્લભ હોવા ઉપરાંત એટલી બધી ઉચ્ચ ફલદાયી છે કે એણે ચિંતામણિ અને કલ્પવૃક્ષનીય ઉપમાઓને નીચે ઉતારી નાખી છે! ફીક્કી પાડી દીધી છે! ચિંતામણિરત્ન કે કલ્પવૃક્ષ ભલે મનોવાંછિત આપે પરંતુ તે તો આ ક્ષણિક જીવન પૂરતું જ. બાકી એની પાછળ જન્મ-મૃત્યુ, દુર્ગતિ વગેરેના ભયંકર દુઃખ ઉભા રહે છે! જ્યારે અરિહંતને કરાતી વન્દના એ તો અચિંત્ય સ્વર્ગ-મોક્ષ સુધીના ફળને આપે છે; અને જન્મ-મૃત્યુ તથા ભવોભવ-ભ્રમણની અને દુઃખોમાં સબડવાની દુર્દશાનો કાયમી અંત લાવે છે! આવી વન્દનાને ચિંતામણિ સાથેય કેવી રીતે સરખાવી શકાય?

કૃતાર્થતાનું સંવેદનઃ—આ બે રીતે વંદનાનું ઉત્કૃષ્ટ મહત્ત્વ સમજી એવી ભાવના ભાવવી જોઈએ કે "**અહો! ભીમ ભવસાગરમાં દુર્લભ અને ચિંતામણિને ટક્કર મારે એવું સુંદર અર્હદ્-**

વંદન મને ગમે તે પ્રકારે પ્રાપ્ત થયું ! મારે તો જાણે આશ્ચર્ય ઘટના બની ગઇ ! આ ચૈત્યવંદનની ક્રિયા તો સમસ્ત રોગ-શોક-દુઃખ-દુર્દશા-જન્મ-જરા-મૃત્યુ વગેરેનો અંત કરનારી છે ! તેથી ચૈત્યવંદન અર્થાત્ અર્હદ્-વન્દનથી વધીને જગતમાં કોઇ ચઢીયાતું કૃત્ય નથી, કર્તવ્ય નથી. અહો ! ઉત્કૃષ્ટ પુણ્યોદય મારો, કે આ મને પ્રાપ્ત થયું ! મારાં ભાગ્યની અવધિ નથી. આ પ્રાપ્તિથી, અહો ! મારો જન્મ કૃતાર્થ થયો ! આ જન્મ પામ્યો તે સફળ થયો !' આ પ્રમાણે પોતાની જાતને કૃતાર્થ માને; ચૈત્યવંદનની પ્રાપ્તિને મહાન ગૌરવવંતી માને. દુનિયાના બધાં કાર્ય કરતાં અરિહંતને વંદના કરવાનું કર્તવ્ય શ્રેષ્ઠ માને ! કેમકે બીજાં કાર્યના પ્રયત્નો આપી આપીને શું આપે ? કદાચ આખી દુનિયાનું રાજ્ય આપે, કે સમૃદ્ધિના ઢેર આપે, પરંતુ તેથી કાંઇ નરક-નિગોદાદિ દુર્ગતિનો ભય મટે નહિ, સંસાર કટે નહિ ! ત્યારે આ અર્હદ્-વંદના તો એ કાર્ય કરી આપે છે ! આવી અહર્દ્-વંદના એટલી બધી દુર્લભ છે, કે એ આ જગતમાં શોધી જડે નહિ. ક્ષેત્રની દૃષ્ટિએ ચૌદ રાજલોકના વિરાટ ક્ષેત્રમાં કયાં જડે ? અરે, અર્હત્ પ્રભુના ચૈત્ય પાસેના ક્ષેત્રમાં જન્મ પણ મળી ગયો, તોય ભાવની દૃષ્ટિએ દુર્લભતા છે ! કેમકે મિથ્યાત્વના યોગે જીવ અર્હત્ પ્રભુ પ્રત્યે એવી મિથ્યા માન્યતાઓમાં ફસ્યો હોય છે કે ત્યાં પણ અર્હદ્-વંદનાના ભાવ જાગતા નથી. ત્યારે અર્હદ્-વંદનાને યોગ્ય દ્રવ્ય અને કાળ પણ મળવા મુશ્કેલ છે. ચૈત્યવંદના કરનારને લાગે છે કે 'આમ મહાદુર્લભ એવી અર્હદ્-વંદના મને શી રીતે મળી, એ આશ્ચર્ય છે ! કેમકે મારામાં તેવી કોઇ વિશિષ્ટ ગુણ-યોગ્યતા પણ દેખાતી નથી. આ તો જાણે લોટરીનું ઇનામ લાગે તેમ અહર્દ્-વંદના ગમે તે પ્રકારે મળી ગઈ છે ! હવે આનાથી વધીને કોઇ બીજું કર્તવ્ય નથી, એવું મહાદુર્લભ અને અનંતલાભદાયી કર્તવ્ય મને મળ્યું !' આ રીતે વંદના કરનારો પોતાની જાતને કૃતકૃત્ય માને. 'આનાથી વધીને શું બીજું વધુ દુર્લભ કૃત્ય મળવાનું હતું ? કંઇ જ નહિ. માટે આ મળ્યું એજ ખરેખર દુર્લભ મળ્યું;' એમ કૃતાર્થતાનું સંવેદન કરે.

(૯) **ભુવનગુરુને વિષે ચક્ષુ અને મનનું સ્થાપન,** એ નવમો મુદ્દો છે. ચૈત્યવન્દન શરૂ કરવા પહેલાં ભાવોલ્લાસની વૃદ્ધિ વગેરે કરવાની સાથે હવે દૃષ્ટિ તથા મનને બરાબર ભગવાન અરિહંત દેવ ઉપર સ્થાપિત કરવા જોઇએ. પરમાત્માનું પાદવન્દન આંતરશત્રુનો નાશ કરે છે, અનંતા કર્મ-બંધનનાં ભુક્કા કરે છે. એવું પાદવન્દન મળ્યાનો ગૌરવ અનુભવનાર સહેજે સહેજે પરમાત્મા ઉપર પોતાની ચક્ષુ અને મન સ્થાપિત કરી ચૈત્યવન્દન માટે ઉદ્યત થાય છે. ચક્ષુ અને મનને સ્થાપિત કરી દેવાના, એટલે એવા ચોંટાડી દેવાના કે આખું ચૈત્યવન્દન પૂર્ણ થાય ત્યાં સુધી ત્યાંથી ખસે જ નહિ. ખસે નહિ એટલે સમજો છો ? વચમાં વચમાં આડે અવળે કયાંય ન જાય ! એક માત્ર ભગવાન પર જ દૃષ્ટિ અને મન રહે. આત્માની ચંચળતા દૂર કરી સ્થિરતા કેળવવા માટે આ સુંદર સાધન છે. આવા અનંતગુણસંપન્ન પરમાત્મા જોવા મળ્યા પછી, અરે ! ભાવવા અને ધ્યાવવા મળ્યા પછી ક્ષણવારમાં આંખ બીજે ભટકે, મન 'કોણ આવ્યું, કોણ ગયું....એ શું પડયું છે, બીજું શું પડયું છે.'... એમ ચંચળતા ને જિજ્ઞાસા સેવ્યા કરે, એનો અર્થ શું ? મનને એમ થવું જોઇએ કે,

'આ જગતમાં આ મારા દેવાધિદેવથી વધીને જોવા લાયક કોઈ ચીજ નથી. આમને મેં સ્થિરતાથી દીર્ઘકાળ પર્યંત જોઈ એમનામાં ઠરવાનું કર્યું નથી, માટે જ જ્યાં ત્યાં નિષ્ફળ ડાફોળીયા મારવાની અને બીજું ત્રીજું જોવાની કુટેવ ચાલુ રહે છે. બસ, હવે તો આવો સુંદર યોગ મળ્યો છે, તો કમમાં કમ ચૈત્યવન્દન પૂરું થતાં સુધી નાથને જ જોયા કરું ! અહો, કેવી સુંદર પ્રભુની વીતરાગ-મુદ્રા ! કેવું કમલાવણ્ય ! કેવું ચન્દ્ર જેવું વદન ! કેવું કંઈ ગંભીર અને પ્રૌઢ મુખ ! કેવી પ્રશાંત દૃષ્ટિ !...'

આમ મન અને ચક્ષુ, ઉછળતા ઉલ્લાસ અને નિર્ધારિત સ્થિરતા સાથે પ્રભુના ઉપર સ્થાપિત થઇ જવા જોઇએ. પછી ચૈત્યવન્દનમાં જે જે બોલાતું જાય તેનો તેનો પ્રભુની સાથે સંબંધ જોડાતો જાય; એટલે પણ દૃષ્ટિ અને મન પ્રભુની ઉપર જ લાગ્યા રહે. આવા કોઇ પ્રયત્નો થાય તો અનાદિની કુટેવો અને કુસંસ્કારો નાબૂદ થતા આવે; તેમજ ચૈત્યવન્દન એટલે કે પરમાત્માને વન્દના એ વિનય, શિસ્ત અને વફાદારીથી કરી કહેવાય. દુનિયામાં કોઇ રાજા-મહારાજા જેવા મોટા માણસની આગળ કોઇ વાત કરવાની હોય, અરજ ગુજારવાની હોય તો તે શું આડા-અવળા ડાફોળીયા મારતાં થાય ? કે બરાબર સ્થિરપણે દૃષ્ટિમાં દૃષ્ટિ મિલાવીને ? ત્યાં બધી શિસ્ત-વિનય-વફાદારીની ખબર પડે છે, ને અહીં ત્રિલોકનાથ આગળ નથી આવડતું ! સમજવું જોઇએ છે કે અહીં દૃષ્ટિ જ્યાં ત્યાં ભટકાવવામાં પરમાત્માની આશાતના થાય છે, પુણ્યકાર્ય વખતે પાપનું ઉપાર્જન થાય છે, કુટેવ પોષાય છે...ઇત્યાદિ કેઇ નુકશાન થાય છે ! માટે દૃષ્ટિ અને મન બરાબર પ્રભુ ઉપર સ્થાપિત કરી દેવા જોઇએ.

(૧૦) 'પ્રણિપાત દંડક' સૂત્રનું સમ્યક્ પઠનઃ—

આ રીતે ઠેઠ ચક્ષુ અને મનને પરમાત્મા પર બરાબર સ્થાપિત કરી દેવા સુધીની પ્રાગ્-વિધિ સુધી આવી પહોંચ્યા પછી હવે ચૈત્યવન્દન શરૂ કરતાં 'પ્રણિપાત દંડક' સૂત્રનું સારી રીતે ઉચ્ચારણ કરે, 'નમોત્થુણં'...વગેરે. એ બોલતાં, ઉપર કહ્યું તેમ ઢીંચણ અને હાથના તળિયાં જમીનને અડે.

ચૈત્યવન્દન એટલે કે અર્હદ્-વંદનામાં 'હું અરિહંત પ્રભુને વંદના કરૂં છું' માત્ર એટલેથી પતાવવાનું નથી એમાં તો અર્હત્ પરમાત્માને વિવિધ વિશેષણોથી સ્તવીને એમને નમસ્કાર કરવાનો છે. એ સ્તવના કરવા માટે, ગણધર ભગવન્તે રચેલ સૂત્રના પદે પદમાં જ્યારે મહાગંભીર તાત્ત્વિક ભાવો ભર્યા પડ્યા છે ત્યારે એનું ઉચ્ચારણ પણ વ્યવસ્થિત થવું જોઇએ. વ્યવસ્થિત ઉચ્ચારણનો અર્થ એ કે અસ્ખલિત, અમિલિત ગુણોવાળું આદિ બહુ સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ. સમુદ્રમંથનના જેવા, નાભિમાંથી ઉઠતા ગંભીર અને મધુર અવાજે ઉચ્ચારણ થવું જોઇએ. અક્ષરે અક્ષર સ્પષ્ટ બોલાય, જે હોય તે બોલાય, જોડાક્ષર હોય તો જોડાક્ષરની જેમ; દા૦ ત૦ 'અનત્થ ઉસસિએણં' નહિ પણ 'અન્નત્થ ઊસસિએણં.' સ્વર સહિત વ્યંજન તે પ્રમાણે, અને એકલો વ્યંજન એકલા વ્યંજન પ્રમાણે. દા. ત. 'તમ ધમ્મચક્કવટ્ટિં' નહિ, પરંતુ 'તમ્ ધમ્મચક્કવટ્ટિં' પાછો એક પણ અક્ષર ઓછો ન બોલાય, કે વધુ ન બોલાય, પણ સ્ખલના વિના, અને એક અક્ષર બીજા પર ચઢી ન જાય, ભેળસેળ ન થાય કે આઘો-પાછો ન થાય એ રીતે બોલાય. કોઇ સાંભળતો હોય તો તે દરેક અક્ષરને મોતીના દાણાની જેમ ગણી શકે, એવું સ્પષ્ટ ઉચ્ચારણ થવું જોઇએ. વળી પૂર્વે 'પાઠોપયોગ'માં કહી આવ્યા તે રીતે પદચ્છેદ, ભાર આપવાનું, વગેરે સાચવીને બોલાવું જોઇએ. તે પણ આંતરિક ભાવપૂર્વક બોલાવું જોઇએ. દિલમાં તેને યોગ્ય લેશ્યા, અધ્યવસાય, સંભ્રમ, સંવેગ વગેરે ભાવ ઉછળતા રહે અને ઉચ્ચારણ થાય. એમાંય બને તો પૂર્વ પૂર્વ પદના ભાવની સંકલના પૂર્વક પછી પછીના પદના અર્થનો ભાવ મનમાં સ્ફૂરતો જાય એ રીતે બોલવાનું.

આ બધું સાચવવાનું કારણ એ છે કે એમાં ગરબડ થાય તો અતિચાર લાગે છે, દોષ લાગે છે; અને ચૈત્યવન્દનનો સાધક આત્મા જ્યારે ચૈત્યવન્દન આત્માના કલ્યાણ માટે જ કરે છે, તો પછી એને અતિચાર લાગી જવાનો ભય હોય છે. એટલે એ એમ ન વિચારે કે-'કંઇ નહિ, સૂત્ર બરાબર નહિ બોલાય, તો ૧૦૦ ને બદલે ૮૦ ટકા ફળ મળશે.' એને તો ખૂબ ડર હોય, 'રખે મને કોઇ અતિચાર લાગે !' કેમકે અતિચારથી ક્રિયા વિકૃત થઇ જાય છે. દૂધમાં મીઠું પડે તો ? ફોદા જ થાય ને ? સૂત્ર ગમે તેમ બોલવાથી આશાતના-અનાદર થાય છે, તેથી જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મથી બંધાય છે. સમજે એના માટે તો સૂત્રનું આલંબન પણ મહાન યોગ-સાધના રૂપ છે.

સૂત્રનો અર્થ ન આવડતો હોય, છતાં જાણે સામે પાટિયા પર લખેલા અક્ષર કેમ વાંચતા હોઇએ ? એ રીતે પ્રત્યેક અક્ષર પર ધ્યાન આપીને ઉચ્ચારણ થાય, તો પણ એમાં ચિત્તની મહાન એકાગ્રતાનો યોગ સિદ્ધ થાય છે. સૂત્રના અક્ષરોમાં ડૂબી જવું જોઇએ. પાણીમાં ડૂબેલાને જેમ બીજો ખ્યાલ ન હોય તેમ સૂત્રાક્ષરોનું ઉચ્ચારણ કરતાં કોઇ બીજો ખ્યાલ નહિ, અક્ષરો પર એટલું ચિત્ત લાગેલું હોય કે આ ત્રણ અક્ષરનો શબ્દ બોલાયો, આ ચાર અક્ષરનો બોલાયો...આ સંયુક્ત અક્ષર આવ્યો, આ અડધો અક્ષર આવ્યો...ઇત્યાદિ નજર સામે જાણે દેખાતું જાય. જિનકલ્પી મહાત્માઓનું સૂત્ર-રટણ પણ એટલા બધા સતેજ ખ્યાલવાળું હોય છે, કે એ એના આધારે સમયનું માપ કાઢી શકે છે કે આટલો સમય વીત્યો તો અત્યારે આટલો દિવસ કે રાત્રિ વીતી હશે;' તેમજ એ સૂત્ર-રટણમાં તલાલીનતા એવી કે બીજો કોઇ વિચાર મનને સ્પર્શી ન શકે!

આવા સૂત્ર ઉચ્ચારણમાં સાથે અર્થનો ખ્યાલ હોય એટલે તો સોનામાં સુગંધ ભળે. દા. ત. 'નમોત્થુણં' પદ બોલતાં જ એનો અર્થ 'નમસ્કાર હો,' અર્થાત્ 'ઇચ્છાયોગનું નમન' એ સાથે જ લક્ષમાં આવે. જ્યાં એ લક્ષમાં નથી હોતું ત્યાં ગોટાળો એવો થાય છે કે માથું નમાવી નમન પહેલું કરી લઇ, પછી માથું ઊંચકી 'નમોત્થુણં' બોલવાનું કરાય છે. ખરી રીતે 'નમો...' બોલતી વખતે જ માથું નમવું જોઇએ; માથું નમતી વખતે જ નમો બોલવું જોઇએ. સાથે 'અરહંતાણં ભગવંતાણં' બોલાય ત્યાં જાણે સમવસરણ નજર સામે હુબહુ દેખાય ! એમાં બાર પર્ષદાથી પરિવરેલા, અશોકવૃક્ષ-ત્રણ છત્ર-ચામર-પુષ્પવૃષ્ટિ વગેરેથી શોભતા જગદ્‌ગુરુ અરિહંત પરમાત્મા દેખાય...એવી રીતે આગળના પદોના ઉચ્ચારણ વખતે તેનો ભાવાર્થ નજર સામે આવે. ચતુર્વિંશતિ સ્તવ ('લોગસ્સ') સૂત્ર બોલવાનું આવે ત્યાં જાણે નજર સામે ત્રીજા આરાના છેડેથી તીર્થંકરદેવરૂપી સૂર્ય પ્રકાશતા દેખાય; તે ઠેઠ ચોથા આરાના છેડા સુધીમાં ૨૪ સૂર્યો ઝગમગ ઝગમગ પ્રકાશતા યુગને જ્ઞાનમય બનાવી દેતા દેખાય. સારાંશ એ છે કે સૂત્રના ઉચ્ચારણની સાથે મનમાં અર્થનું ચિત્ર ખડું થાય. વ્યવહારમાં એમજ વાતચીત થાય છે; જેમકે 'ફલાણાભાઇ તો મોટરવાળા !' એટલે મનમાં નજર સામે મોટર તરવરે છે ! એમ અહીં સૂત્રના પદો બોલતા જાય અને દરેક પદની વસ્તુ ખ્યાલમાં આવતી જાય; નહિ કે એક સ્ટેશનેથી ગાડી ઉપડી તે વચલા સ્ટેશનોના ખ્યાલ વિના જ છેલ્લા સ્ટેશને જઇ ઉભી રહે ત્યારે ધ્યાનમાં આવે; એની જેમ ખ્યાલ વિના સૂત્ર પૂરું બોલાઇ જાય ત્યારે ખ્યાલમાં આવે કે 'આ તો પુરું થઇ ગયું !' પણ વચમાં શું શું બોલાયું કે એમાં શી શી વસ્તુ આવી ગઇ, એના તરફ તો લક્ષ પણ ગયું નહિ ! ઉચ્ચારણ આવું નહિ થવું જોઇએ.

હવે નીચે પ્રમાણે 'પ્રણિપાતદંડક' નામનું પહેલું ચૈત્યવંદન સૂત્ર બોલે. (આને શક્રસ્તવ પણ કહેવાય છે.

'પ્રણિપાત-દંડક' સૂત્ર.

સૂત્રઃ—

(૧) નમોત્થુ ણં ૧. અરહંતાણં–૨. ભગવંતાણં

(૨) ૩. આઇગરાણં– ૪. તિત્થયરાણં– ૫. સયંસંબુદ્ધાણં,

(૩) ૬. પુરિસુત્તમાણં–૭. પુરિસસીહાણં–૮. પુરિસવરપુણ્ડરીયાણં– ૯. પુરિસવરગન્ધહત્થીણં,

(૪) ૧૦. લોગુત્તમાણં–૧૧. લોગનાહાણં– ૧૨. લોગહિઆણં– ૧૩. લોગપઈવાણં– ૧૪. લોગપજ્જોઅગરાણં,

(૫) ૧૫. અભયદયાણં–૧૬. ચક્ખુદયાણં– ૧૭. મગ્ગદયાણં– ૧૮. સરણદયાણં– ૧૯. બોહિદયાણં,

(૬) ૨૦. ધમ્મદયાણં–૨૧. ધમ્મદેસયાણં– ૨૨. ધમ્મનાયગાણં–૨૩. ધમ્મસારહીણં, ૨૪. ધમ્મવરચાઉરન્તચક્કવટ્ટીણં,

(૭) ૨૫. અપ્પડિહયવરનાણદંસણધરાણં–૨૬. વિયટ્ટછઉમાણં,

(૮) ૨૭. જિણાણં–જાવયાણં, ૨૮. તિણ્ણાણં–તારયાણં, ૨૯. બુદ્ધાણં–બોહયાણં, ૩૦. મુત્તાણં–મોયગાણં,

(૯) ૩૧. સવ્વન્નૂણં–સવ્વદરિસીણં, ૩૨. સિવ-મયલ-મરુઅ મણંત-મક્ખય–મવ્વાબાહ –મપુણરાવિત્તિ–સિદ્ધિગઇનામધેયં ઠાણં સંપત્તાણં, ૩૩. ણમો જિણાણં જિઅભયાણં.

અર્થઃ—

(૧) નમસ્કાર હો (૧) અરિહંતદેવને (એ કેવી વિશેષતાવાળાને ?) (૨) ભગવાનને,

(૨) (૩) આદિના કરનારને-(૪) તીર્થના કરનારને-(૫) સ્વયંસંબુદ્ધ બનેલાને

(૩) (૬) પુરૂષોમાં ઉત્તમને- (૭) પુરૂષોમાં સિંહસમાનને-(૮) પુરૂષોમાં શ્રેષ્ઠ પુંડરીક સમાનને-(૯) પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાનને.

(૪) (૧૦) લોકમાં ઉત્તમને—(૧૧) લોકના નાથને-(૧૨) લોકના હિત સ્વરૂપને-(૧૩) લોકને માટે પ્રદીપ સમાનને-(૧૪) લોકને પ્રદ્યોત કરનારને.

(૫) (૧૫) અભયદાતાને-(૧૬) ચક્ષુદાતાને—(૧૭) માર્ગદાતાને-(૧૮) શરણદાતાને-(૧૯) બોધિદાતાને.

(૬) (૨૦) ધર્મદાતાને-(૨૧) ધર્મના ઉપદેશકને -(૨૨) ધર્મના નાયકને- (૨૩) ધર્મના સારથિને- (૨૪) ધર્મના શ્રેષ્ઠ ચતુરન્ત (ચારગતિનો અંતકરનાર) ચક્રવર્ત્તીને.

(૭) (૨૫) અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાનદર્શન ધરનારને-(૨૬) છદ્મસ્થપણું દૂર કરી ચુકેલાને.

(૮) (૨૭) જિનને-જિન બનાવનારને, (૨૮) તરી ગયેલાને—તારનારને, (૨૯) બોધ પામેલાને-બોધ પમાડનારને, (૩૦) મોક્ષ પામેલાને-મોક્ષ પમાડનારને.

(૯) (૩૧) સર્વજ્ઞને સર્વદર્શીને-(૩૨) નિરુપદ્રવ અચલ અરોગી અનંત અક્ષય અવ્યાબાધ (અને જ્યાંથી સંસારમાં) પુનરાવૃત્તિ ન થાય એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલાને, (૩૩) જેમણે ભયોને જીતી લીધા છે એવા જિનને હું નમું છું.

વિવેચનઃ—'પ્રણિપાત' એટલે નમસ્કાર. 'દંડક' એટલે આલાવો, (આલાપક ફકરો). પ્રણિપાત કરવા માટે બોલવાનો દંડક, તે '**પ્રણિપાત-દંડક**' 'પ્રણિપાતદંડક' નામનું સૂત્ર તે પ્રણિપાતદંડકસૂત્ર.

આ સૂત્રથી શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર કરવાનો છે; તે પણ એમની જુદા જુદા વિશેષણોથી સ્તુતિ કરીને. તેથી સ્તુતિનો વિષય એટલે કે **સ્તોતવ્ય** બન્યા શ્રી અરિહંત ભગવાન.

એમની અહીં સ્તુતિ જે કરવામાં આવી છે, તેના આઠ વિભાગ પડે છે. એકેક વિભાગમાં ૩, ૪, ૫...વગેરે પદો છે. એવા અનેક પદોના દરેક વિભાગને '**સંપદા**' કહેવામાં આવે છે. સંપદા= પદસમૂહ.

આખા સૂત્રમાં પહેલી સ્તોતવ્યસંપદા અને બીજી આઠ સંપદા એમ કુલ નવ સંપદાઓ છે. તેથી આ સૂત્ર બોલતી વખતે નવ મુદ્દા ધ્યાનમાં રાખવાના છે. નવ સંપદા યાને વિભાગ, ઉપર પ્રમાણે, સૂત્રમાં જુદા જુદા ફકરા પાડી બતાવ્યા છે.

તો ઉચ્ચારણ, એવી રીતે સંપદાઓ અલગ અલગ દેખાઈ આવે, તે રીતે થવું જોઇએ. એની સાથે દરેક સંપદા બોલતી વખતે કમમાં કમ એનો સામૂહિક ભાવાર્થ સંક્ષેપમાં નજર સામે તરવરવો જોઇએ. તે હવે વિચારીશું.

ચૈત્યવન્દન સૂત્રના ઉચ્ચારણ વખતે એનો ભાવ નજર સામે તરવરતો થાય, એ માટે આ પ્રમાણે યોજના કરવાની છેઃ—

'નમોત્થુણં'....સૂત્રની નવ સંપદાનો સંક્ષિપ્ત ભાવઃ—

'**નમોત્થુણં અરહંતાણં ભગવંતાણં**':—આ પહેલી સંપદા બોલતી વખતે સમવસરણમાં રત્નસિંહાસને બિરાજમાન આઠ પ્રાતિહાર્યયુક્ત શ્રી અરિહંત દેવ, અને એમનું ભગવાનપણું, એટલે કે નરેન્દ્ર-દેવેન્દ્રાદિથી થતા સન્માનાદિ રૂપ ઐશ્વર્ય, અનુપમરૂપ-લાવણ્ય,...વગેરે જાણે નજર સમક્ષ આબેહૂબ તરવરે.

'**આઇગરાણં**...'—વગેરેની બીજી સંપદામાં બીજા જીવ અને અર્હત્ પરમાત્મા વચ્ચે સમાનતા સાથે મહાન અસમાનતા દેખાય. તે એ રીતે કે સામાન્યરૂપે બીજા જીવની જેમ એ જન્મ આદિના કર્તા હોવા ઉપરાંત વિશેષરૂપે, ધર્મ-તીર્થના કર્તા અને માટે જ વિશિષ્ટ યોગ્યતાથી સ્વયં બોધ પામેલા.

'**પુરિસુત્તમાણં**':- વગેરેની ત્રીજી સંપદામાં અહર્ત્ પરમાત્માનો અસાધારણ વિકાસ સમગ્રપણે ચાર કક્ષામાં દેખાય. ૧. જાત્યરત્ન જેવી અનાદિ ઉત્તમતા, ૨. રાગાદિ સામે પરાક્રમ, ૩. શ્રેષ્ઠ કમળ ઉપદ્રવનિવારણ અને ૪. જેવી વિશેષતાઓ, દા. ત. કેવળજ્ઞાનરૂપી શ્રી દેવીનો રહેવાસ વગેરે.

'**લોગુત્તમાણં**'...વગેરેની ચોથી સંપદામાં અરિહંત પરમાત્માનો લોકને ઉપયોગ, શો શો છે, તે જોવાનું; તે આઃ- ૧. ઉત્તમતા, ૨. નાથપણું, ૩. હિતરૂપતા, ૪. પ્રદીપપણું અને ૫. પ્રદ્યોતકતા.

'**અભયદયાણં**':-વગેરેની પાંચમી સંપદામાં અર્હત્ પ્રભુના એ ઉપયોગ પાછળ કામ કરતા એમના પાંચ નક્કર દાન નજરે ચઢે; તે આઃ—૧. અભય, ૨. ચક્ષુ, ૩. માર્ગ, ૪. શરણ અને ૫. બોધિના દાન. તે માટેનું પ્રસંગચિત્ર આવું દેખાય,-જેમ કોઇ પ્રવાસીને અટવીમાં લૂંટારાઓને લૂંટી ધન પડાવી લઇને આંખે પાટા બાંધી રખડતો મૂકયો છે. એને કોઇ દયાળુ પહેલાં ૧. નિર્ભય કરી, પછી ૨. પાટા છોડી, ૩. માર્ગ બતાવે છે; તથા ૪. શરણ આપી, ૫. નક્કર રત્નની મૂડી આપે છે, તેમ જગત-દયાળુ પરમાત્મા પણ સંસાર અટવીમાં લૂંટાઇ અંધ બનેલ જીવ-પ્રવાસીને એવો ઉપકાર કરે

છે. તો જાણે આપણી નજર સામે પરમાત્મા જીવને અભય-ચક્ષુ તરીકે આત્મસ્વાસ્થ્ય-તત્ત્વદર્શનની પ્રશંસાદિ રુચિ; માર્ગ તરીકે ચિત્તનું સરળ ગમન; શરણમાં તત્ત્વજિજ્ઞાસા અને બોધિમાં સમ્યદર્શન આપી રહ્યા છે.

'धम्मदयाणं.. ...' વગેરેની છઠ્ઠી સંપદામાં અહંત પ્રભુનો લોકને વિશેષ-ઉપયોગ થતો જોવાનો છે. તે ઉપયોગ એટલે ધર્મદાન-ધર્મઉપદેશ-ધર્મ નાયકતા-ધર્મ સારથિપણું અને ધર્મનું શ્રેષ્ઠ ચતુરન્ત ચક્રવર્તીપણું; એ ઉપકાર કરતા પરમાત્મા દેખાય. જગતમાં બીજા કોઈ પણ ઉપકાર કરતાં આ શ્રેષ્ઠ ઉપકાર છે. જાણે આપણી નજર સામે ભાસે કે જગતમાં ધર્મધન વિનાના કંગાળ ગરીબ જીવોને પરમાત્મા **શ્રુતધર્મ અને ચારિત્રધર્મ** એટલે કે તત્ત્વજ્ઞાન અને વ્રતનિયમોનું છૂટે હાથે દાન કરી રહ્યા છે, ઉપરાંત ધર્મદેશના રેલાવી રહ્યા છે. તે પણ **ધર્મ-નાયક** બનીને એટલે કે સ્વયં કઠોર સાધનાથી ધર્મસિદ્ધ કરીને! પાછું ધર્મમાં ઢીલા પડતા જીવોને ધર્મમાર્ગમાં રાખવા સારથિ અને ચતુર્ગતિનો અંત કરવા ધર્મના સમ્રાટ ચક્રવર્તી બનેલા છે.

'अप्पडिहय...' વગેરે બે પદની સાતમી સંપદામાં પરમાત્માનું આત્મસ્વરૂપ નજર સામે તરવરે કે એક બાજુ કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપી સૂર્યનો ઝગમગ પ્રકાશ એમના આત્મામાં ઝળહળી ઉઠ્યો છે! અને બીજી બાજુ રાગાદિ છદ્મસ્થ ભાવની મલિનતા નષ્ટ થઇ જવાથી વીતરાગતાની નિર્મળ સ્થિરતા સિદ્ધ થઇ છે!

'जिणाणं जावयाणं'...' વગેરેની આઠમી સંપદામાં ચાર પદથી અરિહંત પરમાત્માએ સાધનાથી ચાર ક્રમિક ફળ સિદ્ધ કર્યાનું જોવાનું અને અન્ય જીવોને એ ચાર ફળ પ્રાપ્ત કરાવતા હોય એ જોવાનું.

ચાર ફળ આ પ્રમાણે:—(૧) રાગદ્વેષાદિ પર વિજય, (૨) અજ્ઞાન-અશક્તિનો સમુદ્ર તરવાનું, (૩) કેવળજ્ઞાનનો પ્રકાશ, અને (૪) સર્વ કર્મથી મુક્તિ.

પ્રસંગચિત્ર આ મુજબ:—જેમ દા. ત. આપણી નજર સામે કોઈ સમુદ્રમાં પડેલો માણસ મગર-મચ્છની પકડમાં આવી ગયો દેખાતો હોય, તો પહેલાં તો એ મગરની સાથે જોરદાર યુદ્ધ કરી એનો પરાજય કરીને ન છૂટે ત્યાં સુધી એ તરવાનું કાર્ય કરી શકતો નથી; માટે પહેલાં ત્યાં (૧) એની સામે યુદ્ધ કરી વિજય મેળવતો દેખાય છે, પછી (૨) તરતો દેખાય છે, પછી (૩) કિનારાની ભૂમિ પરનો પ્રકાશ મેળવતો દેખાય જે, અને ત્યારબાદ (૪) ઇષ્ટ સ્થાને એ પહોંચી જતો દેખાય છે; તેમ, અરિહંત પરમાત્મા પોતાની સાધનાથી-

(૧) રાગ-દ્વેષ આદિ આંતર શત્રુઓ સાથે એટલે કે મોહનીય કર્મ સાથે ઝઝુમી એના પર વિજય મેળવતા દેખાય છે, એથી દસમા ગુણસ્થાનકના અંતે જિન અર્થાત્ વીતરાગ બન્યા દેખાય છે, પછી,

(૨) બારમે ગુણસ્થાનકે અજ્ઞાન-અશક્તિ વગેરે ટાળવા, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મનો સમુદ્ર તરી જવા મથતા દેખાય છે. અને ૧૨ મા ગુણસ્થાનકના અંતે સંપૂર્ણ અજ્ઞાન-અશક્તિ આદિને તરી જતા દેખાય છે. તેથી,

(૩) હવે ૧૩ મા ગુણસ્થાનકની ભૂમિ પર બુદ્ધ બનતા યાને સંપૂર્ણ કેવળજ્ઞાન-દર્શનના પ્રકાશ પામતા દેખાય છે; તે ઠેઠ ૧૩ મા અને ૧૪ મા ગુણસ્થાનકમાં પરમ પ્રકાશવાળા છતાં ઇષ્ટ નગરે હજી નહિ પહોંચેલા હોય છે; તે,

(૪) ૧૪ મા ગુણસ્થાનકના અંતે સર્વ કર્મનો ક્ષય કરી ઇષ્ટ મુક્તિપુરીને પ્રાપ્ત કરતા દેખાય છે.

આ બધું આજે આપણને સાક્ષાત્ જોવા મળવાનું ભાગ્ય કયાં છે? પરન્તુ પદ્યો પરથી નજર સામે આબેહૂબ કલ્પનાચિત્ર ખડું કરી શકાય.

અહીં ૧૦ મું, ૧૨ મું, વગેરે ગુણસ્થાનક શું, એ સમજવા માટે ૧૪ ગુણસ્થાનકનો આછો ખ્યાલ કરી લઈએ. પરન્તુ તે પૂર્વે સંપદાઓનો ટૂંકો વિચાર સમાપ્ત કરીએ. ઉપર કહ્યું તેમ ચાર કક્ષાએ પ્રભુને 'જિણાણું-તિણ્ણાણું-બુદ્ધાણું-મુત્તાણું'-બનનાર તરીકે જોવાના છે, અને પ્રભુ બીજાઓને પણ તેવા બનાવી રહ્યા છે, એ તરીકે દેખવાના છે; અર્થાત્ કૃતકૃત્ય બનેલા એવા પણ પ્રભુનો પ્રભાવ બીજાઓને રાગદ્વેષ સાથેના યુદ્ધમાં જિતાડે છે, અજ્ઞાનાદ્રિ સાગરને પાર પહોંચાડે છે, જ્ઞાનાદ્રિ-પ્રકાશ પમાડે છે, તથા મુક્તિના ધામે સ્થાપિત કરે છે.

'સવ્વન્નૂણું' થી **'જિયભયાણું'** સુધીના ત્રણ પદોની નવમી સંપદામાં પ્રભુને સાધનાના અંતિમ ફલ તરીકે આ ત્રણ વિશેષતાવાળા મોક્ષને વરેલા તરીકે જોવાના છેઃ- (૧) મોક્ષમાં શાશ્વત કાળ માટે સર્વજ્ઞ-સર્વદર્શીપણું, (૨) નિરૂપદ્રવ-અચલ-અરોગિ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવૃત્તિ સ્થાન, અને (૩) ભયો પર વિજય. તાત્પર્ય એ છે કે ઝગઝગાટ મારતો અમાપ પ્રકાશ, અનંત શુદ્ધ સુખમય શાશ્વત સ્થિતિ, અને સર્વ ભયોથી પર અવસ્થા,-અર્હત્ પરમાત્માની એ મોક્ષદશા નજર સામે તરવરવી જોઈએ. હવે ગુણસ્થાનકો વિચારીએ.

૧૪. ગુણસ્થાનક.

ચૌદ ગુણસ્થાનકઃ—આત્માના વિકાસની, યાને આત્માની ઉત્ક્રાન્તિની ચૌદ ભૂમિકા જૈન દર્શનમાં બતાવવામાં આવી છે. એ ઉત્તરોત્તર ચઢતી ભૂમિકા છે, એટલે એને ચૌદ પગથિયાં કહી શકીએ. એ ચૌદે ય પગથિયાં ચઢી જવાથી આખરે મોક્ષ-મહેલમાં પહોંચી ત્યાં શાશ્વત વાસ કરાય છે.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનકઃ-ગુણસ્થાનકોમાં પહેલે પગથિયે મિથ્યાત્વ. એમાં ઉગ્રથી માંડી ઉત્તરોત્તર હ્રાસ થતાં થતાં ઠેઠ મોક્ષરુચિ પ્રગટીને મિથ્યાત્વ મંદ પામતું જાય, તે અનિવૃત્તિકરણના અંત સુધી, એ સ્થિતિ હોય છે. અહીં મંદ મિથ્યાત્વમાં વૈરાગ્ય જ્વલંત ખીલેલો હોય, મોક્ષની અથાગ પ્રીતિ વિકસી હોય, 'ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી છંડે, પણ નહિ ધર્મ,' અર્થાત્ ધર્મ ખાતર પ્રાણ ત્યજે પણ પ્રાણ બચાવવા ખાતર ધર્મને ન છંડે, એવી દશા હોય! છતાં મિથ્યાત્વ અવસ્થા એટલા માટે કહી કે અહીં શ્રી સર્વજ્ઞકથિત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા પ્રાપ્ત થઇ નથી. તત્ત્વ સર્વજ્ઞના કહેલાં જ સાચાં હોય; માટે એજ તત્ત્વોની શ્રદ્ધા જોઈએ; એનું નામ સમ્યક્ત્વ.

(૨) સાસ્વાદન-ગુણસ્થાનકઃ—સાસ્વાદન એટલે આસ્વાદન સહિત; પ્રસ્તુતમાં સમ્યક્ત્વના સહેજ સ્વાદવાળું ગુણસ્થાનક. સહેજ સ્વાદ એટલા માટે કહેવાય છે કે યદ્યપિ આમાં મિથ્યાત્વ એટલે કે અતત્ત્વની રુચિ નથી, પરન્તુ તત્ત્વરુચિ સ્વરૂપ સમ્યક્ત્વ પણ નથી. એનું કારણ એ છે કે સમ્યક્ત્વ-ગુણનો ઘાતક અનંતાનુબંધી નામનો કષાય ઉદયમાં વર્તે છે. કષાય એટલે ક્રોધ-માન-માયા-લોભ, અથવા રાગ-દ્વેષ. આ ચાર કક્ષાના હોઇ શકે છે, (૧) અતિ ઉગ્ર, (૨) ઉગ્ર, (૩) મધ્યમ અને (૪) મન્દ. તેના નામ છે (૧) અનંતાનુબંધી, (૨) અપ્રત્યાખ્યાનીય, (૩) પ્રત્યાખ્યાનાવરણ અને (૪) સંજ્વલન. એ અનુક્રમે આત્માના ચાર ગુણનો ઘાત કરે છે. તે આ રીતેઃ—

કષાય	કયા ગુણનો ઘાતક ?
અનંતાનબંધી એ,	સમ્યક્ત્વ=યથાર્થ તત્ત્વશ્રદ્ધા, એનો ઘાતક
અપ્રત્યાખ્યાનીય એ,	દેશવિરતિ=સ્થૂલ અહિંસાદિ-વ્રત, એનો ઘાતક
પ્રત્યાખ્યાનાવરણ એ,	સર્વવિરતિ=સર્વથા અહિંસાદિ મહાવ્રત, એનો ઘાતક
સંજ્વલન એ,	વીતરાગતા=સૂક્ષ્માતિસૂક્ષ્મ પણ રાગદ્વેષથી રહિતતા, એનો ઘાતક

તો પ્રસ્તુતમાં અનંતાનુબંધીની કક્ષાના કષાયનો ઉદય એવો ઉગ્ર હોય છે કે એ કષાય જરાય ત્યાજય લાગતા નથી. એમાં જીવને પરલોકનો કોઈ ભય નથી. એથી સમ્યક્ત્વ ગુણ પ્રગટ નથી હોતો; થયો હોય તો આનાથી નાશ પામી જાય છે.

પ્ર૦—મિથ્યાત્વનો ઉદય રોકનાર આત્માની શું એ શક્તિ નથી કે એ અનંતાનુબંધીને પણ રોકે ? અને જો રોકે, તો પછી બીજે ગુણસ્થાનકે ચઢે જ શી રીતે ?

ઉ૦—શક્તિ તો છે, પરન્તુ આ ગુણસ્થાનક જીવને ચઢતાં નથી હોતું, પણ સમ્યક્ત્વના ગુણસ્થાનકથી પડતાં હોય છે. એમાં જ્યારે પડતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના કષાય બંને સાથે ઉદયમાં આવે છે, ત્યારે તો આત્મા સીધો પહેલે મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય છે. પરન્તુ જ્યારે મિથ્યાત્વને ઉદયમાં આવવાની વાર હોય છે, અને એકલો અનંતાનુબંધી કષાય ઉદયમાં આવે છે, ત્યારે જીવ સમ્યક્ત્વ વમી, પડીને બીજે સાસ્વાદન ગુણસ્થાનકે જાય છે. ત્યાં ખીરની ઉલટી થઇ ગયા પછી મોંમાં આવતા સ્વાદની જેમ જીવ સમ્યક્ત્વનો લેશ આસ્વાદ અનુભવે છે. પણ પછી તરત મિથ્યાત્વ ઉદયમાં આવી જતાં પહેલે ગુણસ્થાનકે પહોંચે છે.

(૩) **મિશ્ર-ગુણસ્થાનકઃ**—મિશ્ર એટલે જેમાં અતત્ત્વ કે તત્ત્વ કોઇનો ય પક્ષપાત ન હોય, અથવા તત્ત્વ ઉપર રુચિ ય ન હોય તેમ અરુચિ ય ન હોય, એવી વચલી અવસ્થા. દા. ત. નાળિયેરી દ્વીપના મનુષ્યને અનાજ પર રુચિ કે અરુચિ કશું ય નથી હોતું. આ અવસ્થાનું ગુણકસ્થાનક જીવને ચઢતાં ય હોઇ શકે, તેમ પડતાં ય હોઈ શકે. અહીં યદ્યપિ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય બંને ય ઉદયમાં નથી વર્તતા હોતા, છતાં મિથ્યાત્વ મોહનીય કર્મના અર્ધશુદ્ધ કરેલા મિશ્ર પુદ્ગલ ઉદયમાં આવવાથી મિશ્રભાવ વર્તે છે. એકલું અશુદ્ધ મિથ્યાત્વ તો તત્ત્વની અરુચિ ને અતત્ત્વની રુચિ કરાવે છે.

(૪) **અવિરતિ-સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકઃ**—શુભ અધ્યવસાય દ્વારા મિથ્યાત્વના અર્ધશુદ્ધને બદલે પૂર્ણ શુદ્ધ કરેલા કર્મપુદ્ગલ ઉદયમાં આવે છે ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. મિથ્યાત્વનો તદ્દન ઉપશમ કરી દેવામાં આવે; અર્થાત્ એનો વિપાક-ઉદય એટલે કે રસનો અનુભવ તો નહીં, પરંતુ પ્રદેશઉદય પણ નહીં, ત્યારે ઉપશમ-સમ્યક્ત્વ પ્રગટે છે; અને મિથ્યાત્વનાં સર્વ પુદ્ગલોને મૂળ સત્તામાંથી સર્વથા ક્ષય કરી દેવામાં આવે, ત્યારે ક્ષાયિક-સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. અહીં સમ્યક્ત્વના યોગે હિંસાદિ પાપને ત્યાજય માની એના તરફ અરુચિ કરી હોવા છતાં, હજી એ હિંસાદિનો સ્થૂલ પણ ત્યાગ કરવાની પ્રતિજ્ઞા અર્થાત્ સ્થૂલવિરતિ આત્મા નથી કરી શકતો, તેથી આ ગુણસ્થાનકને અવિરતિ સમ્યગ્દિષ્ટ ગુણસ્થાનક કહેવામાં આવે છે.

(૫) **દેશવિરતિ ગુણસ્થાનકઃ**—દેશવિરતિ એટલે અંશે વિરતિ, અર્થાત્ સ્થૂલ અહિંસાદિ વ્રતો. એ, જ્યારે બીજા નંબરના અપ્રત્યાખ્યાનીય કષાયોનો ક્ષયોપશમ કરવામાં આવે છે ત્યારે, પમાય છે. સ્થૂલ અહિંસાનો અર્થ એ કે નાના-મોટા સમગ્ર જીવોની હિંસાનો ત્યાગ નહિ, પરંતુ ત્રસ યાને હાલતા-ચાલતા દ્વિન્દ્રિયાદિ જીવોની હિંસાનો ત્યાગ; તે પણ નિરપરાધી એવા ત્રસ જીવોને ઈરાદાપૂર્વક નિરપેક્ષપણે મારવા નહિ એટલો જ ત્યાગ. એવી રીતે બીજાં સ્થૂલ મૃષા (જૂઠ) વગેરે પાપનો ત્યાગ. આ ત્યાગ એમને એમ પાળે એ વિરતિ નહિ; પરંતુ એની પ્રતિજ્ઞા કરવાપૂર્વક પાળે એનું નામ દેશવિરતિ. એ પછી,

(૬) **પ્રમત્ત ગુણસ્થાનકઃ**—આત્મામાં વીર્યોલ્લાસ વધતાં સર્વથા હિંસાદિ પાપોનો ત્યાગ કરવાની વિરતિ સ્વીકારે, અર્થાત્ મહાવ્રતો લે, તેનું નામ સર્વવિરતિ ગુણ. આ ગુણ ત્રીજા નંબરના પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ક્ષયોપશમ કરવાથી પ્રગટે છે. એટલે હવે આત્મામાં માત્ર છેલ્લા સંજ્વલન નામના કષાયોનો ઉદય વર્તતો હોય છે, જે પૂર્વના કષાયો કરતાં બહુ મંદ કોટિના હોય છે. છતાં આત્મામાં હજી પ્રમાદ અવસ્થા અર્થાત્ નિદ્રા, વિકથાદિ, અથવા સંશય, ભ્રમ, વિસ્મરણ વગેરે વર્તતા હોય છે, તેથી આ ગુણસ્થાનકને પ્રમત્ત ગુણસ્થાનક કહેવામાં આવે છે.

(૭) **અપ્રમત ગુણસ્થાનકઃ**—સર્વવિરતિપણામાં પણ જ્યારે પ્રમાદને રોકવામાં આવે છે ત્યારે અપ્રમત્ત ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. પ્રમત્ત ગુણસ્થાનક સુધી ધર્મધ્યાનની ગૌણતા અને આર્તધ્યાનરૂપી પાપધ્યાનની મુખ્યતા હોય છે, જ્યારે આ અપ્રમત્ત ગુણસ્થાનકથી કેવળ ધર્મધ્યાન હોય છે. એમાં આગળ વધતાં શુકલધ્યાન પણ પ્રગટે છે.

(૮) **નિવૃત્તિબાદર યાને અપૂર્વકરણ ગુણસ્થાનકઃ**—આ અને ઉપરના ૧૨મા સુધીના ગુણસ્થાનક શ્રેણિના ગુણસ્થાનક છે. શ્રેણિ એટલે અધ્યવસાયની ઉત્તરોત્તર વિશુદ્ધિ થતાં થતાં ઘાતીકર્મોના ક્ષય યા ઉપશમની જે પરંપરા ચાલુ થાય, તે. ક્ષયની પરંપરાને ક્ષપકશ્રેણિ કહેવામાં આવે છે, ઉપશમની પરંપરાને ઉપશમશ્રેણિ કહે છે. આઠમે ગુણસ્થાનકે એની ભૂમિકારૂપે આત્મા અપૂર્વ અધ્યવસાય અને વીર્યોલ્લાસ પ્રગટ કરે છે, તેથી એને અપૂર્વકરણ ગુણસ્થાનક કહેવાય છે. એમાં આત્મામાં સત્તાગત કર્મોની કાળસ્થિતિનો ઘાત, રસનો ઘાત વગેરે થાય છે. અહીં હજી કષાય દસમા ગુણસ્થાનકની અપેક્ષાએ બાદર અર્થાત્ સ્થૂલરૂપે ઉદયમાં હોય છે; તેમજ પ્રત્યેક સમયે જે આત્માઓ આગળ વધે છે, એમના દરેક સમય થતા વિશુદ્ધ અધ્યવસાયો પણ એ આત્માઓની પરસ્પરની તુલનામાં એક સરખા નથી હોતા, પણ જુદા જુદા પ્રકારના હોય છે, અર્થાત્ સમાનકાળે આ ગુણઠાણામાં પ્રવેશતા અને વર્તતા જીવોના અધ્યવસાયોમાં ફેરફાર એટલે કે નિવૃત્તિ હોય છે, તેથી આ ગુણસ્થાનકને નિવૃત્તિબાદર પણ કહેવામાં આવે છે. ત્યારે,

(૯) **અનિવૃત્તિબાદર ગુણસ્થાનકઃ**—આ નવમા ગુણસ્થાનકે ચઢનાર સર્વ આત્માઓનો દરેક સમયે એક જ સરખો અધ્યવસાય હોવાથી આને અનિવૃત્તિબાદર ગુણસ્થાનક કહેવામાં આવે છે. બાદર એટલે પૂર્વે કહ્યું તેમ હવે પછીના દસમા ગુણઠાણાના કષાયની અપેક્ષાએ સ્થૂલરૂપે કષાયો.

(૧૦) **સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકઃ**—સંપરાય એટલે કષાય. અહીં અધ્યવસાયની વિશુદ્ધિ એટલી બધી વધી ગયેલી હોય છે કે સ્થૂલ કષાયનું નામ-નિશાન હોતું નથી. માત્ર સૂક્ષ્મ કષાય અને તે પણ સૂક્ષ્મ લોભ ઉદયમાં છે.

અહીં સુધી આવનાર આત્માઓ બે રીતે આવે છે; કોઈ તો મોહનીય કર્મની ઉપશમના કરતા, અને કોઇ ક્ષપણા કરતા. ઉપશમના કરનાર આત્મા મોહનીય કર્મને અંદર ને અંદર શમાવે છે, અર્થાત્ ઉદય રહિત કરે છે એટલું જ, બાકી સિલિકમાં તો પડ્યા હોય છે; ત્યારે ક્ષપણા કરનાર

આત્મા એનો સર્વથા ક્ષય કરી દે છે. આ બે જાતની પ્રક્રિયાના હિસાબે ફળ બે જાતનું આવવાનું; એક આત્મા ઉપશાન્તમોહ બનશે, બીજો ક્ષીણમોહ બનશે.

(૧૧) ઉપશાન્તમોહ ગુણસ્થાનકઃ—દસમા ગુણસ્થાનકના અંત સુધીમાં જેમણે મોહનીય કર્મોની સર્વથા ઉપશમના કરી દીધી, તે હવે અહીં ઉપશાન્તમોહ વીતરાગ બનેલા હોય છે. પરંતુ માત્ર અંતર્મુહૂર્ત એટલે કે બે ઘડીની અંદરના કાળ જેટલું જ આ ગુણસ્થાનકે રહી, અંદર શાન્ત કરેલ મોહનીય કર્મ પાછું ઉદયમાં આવવાથી આત્મા નીચેના ગુણસ્થાનકમાં ગબડે છે. ત્યારે,

(૧૨) ક્ષીણમોહ ગુણસ્થાનકઃ—દસમા ગુણસ્થાનકની અંત સુધીમાં જેમણે મોહનીય કર્મની સર્વથા ક્ષપણા અર્થાત્ ક્ષય કરી દીધો, તે ક્ષીણમોહ વીતરાગ બનેલા હોવાથી બારમા ગુણસ્થાનકે આરૂઢ થયેલા કહેવાય છે. એ વીતરાગ હોવા છતાં હજી અહીં જ્ઞાનાવરણ કર્મના ઉદયવાળા હોવાથી સર્વજ્ઞ નથી હોતા, છદ્મસ્થ હોય છે, જ્ઞાનની અપૂર્ણતાવાળા હોય છે, વીર્યાંતરાયાદિવાળા હોય છે. તેથી એમને છદ્મસ્થ વીતરાગ કહેવાય છે. તે હવે અહીં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરા ય એ ત્રણેય ઘાતી કર્મોનો નાશ કરવા માંડે છે, તે બારમાના અંત સમયે સર્વથા ક્ષય કરી દે છે. ત્યારે,

(૧૩) સયોગી કેવલી ગુણસ્થાનકઃ— અહીં તેરમા ગુણસ્થાનકે આત્મા સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ બને છે; તેમજ અનંત વીર્ય આદિ સહજ આત્મલબ્ધિઓના ધારક બને છે. અહીં હજી વચનયોગ અને કાયયોગ યાને બોલવા-ચાલવાની ક્રિયા ચાલુ હોય છે. તેમજ પોતે સર્વજ્ઞ હોવાથી તેઓશ્રીને બધું પ્રત્યક્ષ હોવાથી વિચારવાનું કશું જ રહેતું નથી, માટે તેમને મનની જરૂર રહેતી નથી. છતાં બીજાના સંશયના માનસિક ઉત્તર આપવા મનોયોગ પણ ધારણ કરે છે. આમ ત્રણે ય યોગ હોવાથી એ સયોગી કેવળી કહેવાય છે.

(૧૪) અયોગી કેવળીઃ—તેરમા ગુણસ્થાનકના છેવટના ભાગમાં યોગોને રુંધવાની પ્રક્રિયા કરે છે; તે અંત સમયે છેવટનો સૂક્ષ્મ યોગનો પણ નિરોધ કરી લે છે; ત્યારે ચૌદમા ગુણસ્થાનકના પહેલા સમયે અયોગી બનેલા હોય છે, અને સર્વજ્ઞ યાને કેવળજ્ઞાની તો છે જ, માટે અહીં અયોગી કેવળી ગુણસ્થાનક કહેવાય છે. તે, પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે તેટલા કાળમાં બાકીના ચાર અઘાતી કર્મ-વેદનીય, આયુ, નામ અને ગોત્રકર્મ-નો સર્વથા ક્ષય કરી દે છે, અંતે સર્વ કર્મોથી રહિત બનવાથી આત્મા મુક્ત બને છે, મોક્ષ પામે છે; અને સર્વ બંધનથી રહિત થવાને લીધે એક જ સમયમાં લોકના અંતે જઈ શિદ્ધશિલાની ઉપર શાશ્વતકાળ માટે આરૂઢ થાય છે.

આમ ચૌદ ગુણસ્થાનકના સ્વરૂપમાં જોયું કે ૧૦ મા ગુણસ્થાનકના અંતે આત્મા રાગ-દ્વેષને જીતે છે માટે તે જિન બન્યા, ૧૨ માના અંતે અજ્ઞાન આદિને તરી જાય છે, માટે તીર્ણ બન્યા; તેરમા ગુણસ્થાનકે સર્વજ્ઞ બને છે માટે બુદ્ધ બન્યા, ૧૪ માને અંતે સર્વ કર્મથી મૂકાયા, માટે મુક્ત બન્યા. એવા સ્વરૂપવાળા બનનાર અર્હત્ પરમાત્મા બીજાને પણ તેવા બનાવે છે, તેથી સ્તુતિ કરી 'જિણાણં જાવયાણં' વગેરે. તે પછી છેલ્લી મોક્ષસંપદા કહી.

આ સંપદાઓને ગ્રન્થકાર પોતે આ રીતે બતાવે છેઃ—

'नमोत्थुणं....'नी ९ संपदा

(ल०)—इहद्वात्रिंशदालापकाः; त्रयस्त्रिंशदित्यन्ये 'वियट्टछउमाणमि'त्यनेन सह। इह च (१) आलापकद्वयेन स्तोतव्यसम्पदुक्ता, यतोऽर्हतामेव भगवतां स्तोतव्ये समग्रं निबन्धनम्। (२) तदन्यैस्तु त्रिभिः स्तोतव्यसम्पद एव प्रधाना साधारणासाधारणरूपा हेतुसम्पत्। यतः आदिकरणशीला एव तीर्थकरत्वेन स्वयंसंबोधतश्चैते भवन्ति। (३) तदपरैस्तु चतुर्भिः स्तोतव्यसम्पद एवासाधारणरूपा हेतुसम्पत्, पुरुषोत्तमानामेव सिंह-पुण्डरीक-गन्धहस्तिधर्म्मभाक्त्वेन तद्भावोपपत्तेः (४) तदन्यैस्तु पञ्चभिः स्तोतव्यसम्पद एव सामान्येनोपयोगसम्पद्, लोकोत्तमत्व–लोकनाथत्व–लोकहितत्व–लोकप्रदीपत्व–लोकप्रद्योतकरत्वानां परार्थत्वात्। (५) तदपरैस्तु पञ्चभिरस्या एवोपयोगसम्पदो हेतुसम्पद्, अभयदान–चक्षुर्दान–मार्गदान–शरणदान–बोधिदानैः परार्थसिद्धेः। (६) तदन्यैस्तु पञ्चभिः स्तोतव्यसम्पद एव विशेषेणोपयोगसम्पद्, धर्म्मदत्व–धर्म्मदेशकत्व–धर्म्मनायकत्व–धर्म्मसारथित्व–धर्म्मवरचतुरन्तचक्रवर्तित्वेभ्यस्तद्विशेषोपयोगात्। (७) तदन्यद्वयेन तु स्तोतव्यसम्पद एव सकारणा स्वरूपसम्पद्, अप्रतिहतवरज्ञानदर्शनधरा व्यावृत्तच्छद्मानश्चार्हन्तो भगवन्त इति हेतोः। (८) तदपरैश्चतुर्भिरात्मतुल्यपरफलकर्तृत्वसम्पद्, जिनजापकत्व–तीर्णतारकत्व–बुद्धबोधकत्व–मुक्तमोचकत्वानामेवंप्रकारत्वात्। (९) तदन्यैस्तु त्रिभिः प्रधानगुणापरिक्षय–प्रधानफलाप्त्यभयसम्पदुक्ता, सर्वज्ञसर्वदर्शिनामेव शिवाचलादिस्थानसम्प्राप्तौ जितभयत्वोपपत्तेः।

અર્થ:—આ સૂત્રમાં ૩૨ આલાવા છે. કેટલાક કહે છે, 'વિયટ્ટછઉમાણં'ની સાથે ગણતાં તેત્રીસ આલાવા છે. આમાં—

(૧) પહેલા બે આલાપક (નમોત્થુણં અરહંતાણં, ભગવંતાણં) થી 'સ્તોતવ્ય' સંપદા કહી, કેમકે સ્તુતિ–યોગ્ય હોવાના સમગ્ર નિમિત્ત અરિહંત ભગવંતમાં જ હોય છે.

(૨) તે પછીના બીજા ત્રણ આલાવા (આઇગરાણં, તિત્થયરાણં, સયં–સંબુદ્ધાણં) થી સ્તોતવ્યસંપદાના સાધારણ અને અસાધારણ હેતુને જણાવનારી હેતુસંપદા કહી; કેમકે આદિકરણશીલ, અર્થાત્ સંસારમાં (પૂર્વે) સર્વ જીવોની સાથે સાધારણ જન્માદિ કરવાવાળા એવા તે અસાધારણ તીર્થંકરપણાએ અને સ્વયં–સંબોધ દ્વારા સ્તોતવ્ય બને છે.

(૩) તે પછી બીજા ચાર આલાવા (પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરીયાણં, પુરિસવરગંધહત્થીણં)થી સ્તોતવ્યસંપદાની જ અસાધારણ હેતુસંપદા કહી. (સ્તોતવ્ય બનવામાં આ

અસાધારણ કારણો છે), કેમકે પુરુષોત્તમ હોય તે જ સિંહ, પુંડરીક અને ગંધહસ્તિ બનીને સ્તોતવ્યપણું પ્રાપ્ત કરે છે.

(૪) ત્યારબાદ બીજા પાંચ આલાવા (લોગુત્તમાણું, લોગનાહાણું, લોગહિઆણું, લોગપઈવાણું, લોગપજ્જોઅગરાણું)થી તો સ્તોતવ્ય-સંપદાની જ સામાન્ય-ઉપયોગ સંપદા કહી (સ્તોતવ્ય અર્હત્-પ્રભુનો ઉપયોગ જણાવ્યો. કેમકે એમાં કહેલ લોકોત્તમતા, લોકનાથપણું, લોકહિતકૃપતા, લોકપ્રદીપપણું અને લોકપ્રદ્યોતકરતા એ બીજાના ભલા માટે છે.)

(૫) તેની પછીના પાંચ આલાવા (અભયદયાણું, ચક્ખુ૦, મગ્ગ૦, સરણ૦, બોહિ૦) થી આજ ઉપયોગ-સંપદાની હેતુસંપદા કહી. કેમકે એ જે ઉપયોગ અર્થાત્ પરોપકાર છે, તે અભયદાન-ચક્ષુદાન-માર્ગદાન-શરણદાન અને બોધિદાન દ્વારા સિદ્ધ થાય છે.

(૩) તે પછી પાંચ આલાવા (ધમ્મદયાણું, ધમ્મદેસયાણું, ધમ્મનાયગાણું, ધમ્મસારહીણું, ધમ્મવરચાઉરન્તચક્કવટ્ટીણું)થી સ્તોતવ્ય સંપદાનો જ વિશેષ ઉપયોગ કહેનારી સંપદા કહી. કેમકે ધર્મદાતાપણું, ધર્મદેશકપણું, ધર્મનાયકપણું, ધર્મસારથિપણું, ને ધર્મનું શ્રેષ્ઠ ચતુરન્તચક્રવર્તીપણું, એનાથી સ્તોતવ્ય અરિહંત પ્રભુનો વિશિષ્ટ ઉપયોગ (ઉપકાર) સિદ્ધ થાય છે.

(૭) તે પછીના બે પદ (અપ્પડિહયવરનાણદંસણધરાણું, વિયટ્ટછઉમાણું)થી સ્તોતવ્ય સંપદાની જ સ્વરૂપ કહેનારી સંપદા કારણ-સહિત કહી; કેમકે સ્તોતવ્ય શ્રી અરિહંત ભગવાન કદી ક્વેશ પણ હણાય નહિ એવા શ્રેષ્ઠ (કેવળ) જ્ઞાન-દર્શનને ધરનારા છે; કેમકે તે છદ્મો (જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મો)થી રહિત હોય છે.

(૮) ત્યાર પછીના ચાર આલાવા (જિણાણું-જાવયાણું, તિણ્ણાણું-તારયાણું, બુદ્ધાણું બોહયાણું. મુત્તાણું-મોયગાણું)થી આત્મતુલ્ય-પર-ફળ-કર્તૃત્વ સંપદા કહી; કેમકે જિનપણું-જિતાડવાપણું, તરવા-પણું-તારવાપણું, બુદ્ધપણું-બોધકપણું, અને મુક્તપણું-મુક્ત કરવાપણું, એ એવા પ્રકારનું છે, (પોતાની જેમ બીજાને સમાન ફળ નિપજાવવા રૂપ છે.)

(૯) તે પછીના ત્રણ આલાવા (સવ્વન્નૂણું-સવ્વદરિસીણું-સિવમયલમરુઅમણંત મક્ખય-મવ્વાબાહમપુણરાવિત્તિ સિદ્ધિગઇ નામધેયં ઠાણું સંપત્તાણું નમો જિણાણું જિઅભયાણું)થી 'પ્રધાનગુણ-અપરિક્ષય-પ્રધાન ફળ પ્રાપ્તિ-અભય' નામની સંપદા કહી; કેમકે સર્વજ્ઞ-સર્વદર્શી રહીને શિવ, અચલ વગેરે સ્થાનને પ્રાપ્ત થયા હોય તેમનામાં જ ભયોને જીતી લેવાપણું ઘટે છે.

વિવેચન:—

સારાંશ : અરિહંત ભગવાન (૧) સ્તુતિયોગ્ય છે. એના (૨) સામાન્ય કારણ તરીકે એ સર્વ સંસારી જીવોની જેમ જન્મ વગેરે કરવાની સ્થિતિમાંથી અસાધારણ તીર્થંકરપણું અને સ્વયંબુદ્ધપણું વરેલા હોય છે; તેમજ (૩) વિશેષકારણ તરીકે એ પુરુષોત્તમપણું વગેરે પામેલા હોય છે. વળી એ પરમાત્મા લોકોત્તમપણું વગેરેથી (૪) સામાન્ય ઉપકારવાળા, અને ધર્મદાતાપણું વગેરેથી (૫) વિશેષ ઉપકારવાળા છે, એમાં (૬) સામાન્ય ઉપકારવાળા હોવાનું કારણ એ છે કે એ અભય-ચક્ષુ-માર્ગ-શરણ અને બોધિનાં દાન કરે છે. એવા પરમાત્માનું (૭) સ્વરૂપ સર્વજ્ઞ-વીતરાગતાનું છે; અને એ સ્વયં જિન-તીર્ણ-બુદ્ધ-મુક્ત બની, બીજાને (૮) તેવા ફળે પહોંચાડનાર છે. પછી તો આ (૯) મુખ્ય ગુણ સદા સ્થાયી રહી સાથે મુખ્ય ફળ મોક્ષસ્થાનની પ્રાપ્તિ તથા સર્વથા ભય રહિતતા પ્રગટે છે.

'નમોત્થુણં...' સૂત્રનો ટૂંક ભાવાર્થ.

જગતમાં સ્તુતિ, પ્રાર્થનાનો અચિંત્ય મહિમા છે. પ્રાર્થના એટલે માગણી, સ્તુતિ એટલે ગુણગાન. બોલો છો ને ? 'જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ.'

ભગવાન જિનેશ્વરદેવ શ્રી અરિહંત પરમાત્માના ગુણગાન અને તે પણ શ્રુતકેવળી શ્રી ગણધર ભગવંતોના શબ્દોમાં કરવાનાં, એની બલિહારી ઓર છે ! કેમકે એ શબ્દો મંત્રસમા ચમત્કારિક છે ! વળી, જીવનમાં આદર્શ જેટલો ઊંચો તેટલી પ્રેરણા (Inspiration) વધારે. અર્હત્ પ્રભુ જગતમાં ગુણોના, શક્તિના અને ઉપકારોના સર્વોચ્ચ આદર્શ છે. એ બધાનું સ્તવન-ચિંતન-મનન-નિદિધ્યાસન આપણા આત્માને તન્મય કરી દે છે, આપણા જીવનને ઘડવા માટે ઊંચી પ્રેરણા આપે છે, આપણા અસંખ્ય જન્મોના પાપકર્મોનો વિધ્વંસ કરી દે છે, કુમતિને દૂર કરી અને કુસંસ્કારોનો ઉચ્છેદ કરી, આપણા હૃદયને સદ્ભાવનાઓથી ભરી દે છે. માટે અર્હત્-સ્તુતિના આ મહાસૂત્ર વડે, એનો અર્થ-ભાવાર્થ-તાત્પર્યાર્થ લક્ષમાં રાખવાપૂર્વક વારંવાર અર્હત્-પ્રભુની સ્તુતિ કરીને જીવનને ધન્ય અને સફળ બનાવવું.

પ્ર૦—બીજા દેવો કે દર્શનપ્રણેતાઓને છોડી અર્હત્ પરમાત્માની જ સ્તુતિ શા માટે ?

ઉ૦—સમાધાન સ્પષ્ટ છે, અર્હત્ પરમાત્મામાં જે સ્તુતિ-યોગ્યતા છે એવી બીજામાં નથી; અને તેના આ સંગીન કારણો છે:-

(૧) **અર્હદ્ ભગવાન**, એ અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ-પૂજાને યોગ્ય છે; અને અનુપમ રૂપ, યશ, યત્ન, આદિવાળા હોઈ ભગવાન છે. આ સ્તોતવ્ય છે.

(૨) **આદિકર-તીર્થંકર-સ્વયંબુદ્ધ:**—અરિહંત પરમાત્મા 'આદિકર' છે એટલે કે પૂર્વે સંસારના બીજા જીવોની જેમ જન્મપરંપરા, વિવિધગતિમાં પર્યટન, શરીરના સંયોગ-વિયોગ, વગેરેને વહનારા હોવા છતાં એ તીર્થંકર બન્યા છે, અને તે પણ સ્વયંબુદ્ધ થઈને. એનો અર્થ એ, કે તે પોતાની યોગ્યતા અને પુરુષાર્થથી અનીશમાંથી ઈશ બન્યા ! જીવમાંથી શિવ બન્યા ! આત્મામાંથી પરમાત્મા બન્યા ! વળી એ શરીરાદિના ધારક હતા તો ઉપદેશ કરીને તીર્થ(શાસન)ના કરનાર બન્યા. તે પણ સ્વકીય વિશિષ્ટ યોગ્યતાની રૂએ સ્વયં બોધ પામીને એવા બન્યા. નિત્ય ઈશ્વર માનનારના મતે તો ઈશ્વરને કર્મ જ નહિ હોવાથી શરીર પણ ન હોય, તો એ વચન-પ્રયોગ જ કયાંથી કરી શકે ? જગતને તત્ત્વ અને મોક્ષમાર્ગ કયાંથી બતાવી શકે ? ત્યારે સર્વજ્ઞ વિના ટંકશાળી સત્ય તત્ત્વો અને મોક્ષમાર્ગ જગતને જાણવા ય કયાંથી મળે ? એ જાણ્યા વિના સાચું આરાધવાનું શું, અને જ્ઞાની બનવાનું કેવી રીતે ? આ બધી આપત્તિ નિત્ય ઈશ્વર માનનારને છે. અર્હત્ પરમાત્માને માનનાર તો માને છે કે કે અનાદિ અનંત કાળથી પૂર્વ પૂર્વના અર્હત્ પરમાત્માએ બતાવેલા તત્ત્વ અને મોક્ષમાર્ગની આરાધના કરી કરીને નવા નવા અર્હત્ પરમાત્મા બને છે. 'આદિકર' એ સાધારણ હેતુ સંપદા, અને તીર્થંકર-સ્વયંબુદ્ધ એ અસાધારણ હેતુ સંપદા છે.

(૩) **પુરુષોત્તમ-સિંહ-પુંડરીક-ગંધહસ્તી:**—અરિહંત પરમાત્મા, જેમ જાત્યરત્ન ખાણમાં હોય છે ત્યારથી જ એ બીજાં રત્ન કરતાં ઉત્તમ હોય છે, તેમ અનાદિ કાળથી બીજા જીવો કરતાં ઉત્તમ હોય છે. આ ઉત્તમતા ઉપર એ અરિહંત બને છે તે સિંહની જેમ પરાક્રમ કરીને; અર્થાત્ રાગાદિ આંતરશત્રુઓ સામે ક્રૂરતા દાખવીને, ઉપસર્ગ-પરીસહોમાં નિર્ભીક રહીને, કર્મક્ષયમાં થાકયા વિના પુરુષાર્થી બનીને, ઇત્યાદિ રીતે પુરુષસિંહ બને છે. એ બનવાથી ચાર ઘાતીકર્મ નાશ થતાં એમનામાં, જેમ શ્રેષ્ઠ કમળ પર શ્રીદેવી વાસ કરે છે તેમ કૈવલ્ય-લક્ષ્મી વાસ કરે છે; માટે પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક

સમા છે. એ થવાથી તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે; તેના યોગે જેમ, શ્રેષ્ઠ ગંધહસ્તીના આગમને ક્ષુદ્ર હાથીઓ ભાગી જાય, તેમ પ્રભુના આગમનથી સવાસો જોજનમાંથી મારી-મરકી-દુકાળ વગેરે ઉપદ્રવો દૂર થઇ જાય છે. આ ચાર વિશેષણોથી અસાધારણ હેતુસંપદા કહી.

(૪) **લોકોત્તમ-નાથ-હિત-પ્રદીપ-પ્રદ્યોતઃ**—અરિહંત પ્રભુ સ્તવનીય એટલા માટે છે કે એમનો લોકોત્તર સામાન્ય ઉપયોગ અને વિશેષ ઉપયોગ હોય છે. સામાન્ય ઉપયોગમાં લોકોત્તમતાદિ અને વિશેષોપયોગમાં ધર્મ-દાતાપણું-દેશકપણું વગેરે. આ બન્નેયથી પ્રભુ લોકને ઉપયોગી બને છે, લોકના લાભ માટે થાય છે. પ્રભુમાં વિશિષ્ટ તથાભવ્યત્વના યોગે બીજા ભવ્ય જીવો કરતાં ઉત્તમતા, ભવ્યોના હિતનો યોગક્ષેમ કરતા હોવાથી નાથપણું, સમસ્ત ચરાચર દ્રવ્યોના યથાર્થ પ્રકાશકર હોવાના કારણે હિતરૂપતા, વિશિષ્ટ સંજ્ઞી જીવોને તત્ત્વપ્રકાશ દેતા હોઇને પ્રદીપસ્વરૂપતા, અને ગણધર ભગવંતોની પ્રત્યે પ્રદ્યોતકરપણું હોય છે. આ પાંચ સંપદાથી સામાન્ય ઉપયોગ સંપદા કહી.

(૫) **અભય-ચક્ષુ-માર્ગ-શરણ-બોધિના દાતારઃ**—પ્રભુ લોકોત્તમ, લોકનાથ વગેરે બને છે, તે અભયદાન, ચક્ષુદાન, આદિ કરવા દ્વારા. મોક્ષનો અનન્ય માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એમાં સમ્યગ્દર્શન એટલે 'બોધિ' તત્ત્વશ્રદ્ધા. એ પ્રાપ્ત કરવા માટે પહેલી '**અભય**' અવસ્થા, એટલે કે ચિત્તની સ્વસ્થતા જોઇએ. એ પછી '**ચક્ષુ**' એટલે કે સમ્યગ્દર્શનાદિ ધર્મની રુચિ, પ્રશંસા વગેરે જરૂરી છે. એના ઉપર '**માર્ગ**' અર્થાત્ આગળના ઉત્કટ તત્ત્વજિજ્ઞાસા, અપૂર્વકરણ વગેરે વિશિષ્ટ ગુણના લાભ કરાવે એવો દર્શનમોહનીયકર્મનો ક્ષયોપશમ જોઇએ. એને ચિત્તનું સરળ ગમન અને ઉપશમ સુખ કહી શકાય. એ પછી '**શરણ**' એટલે કે તત્ત્વચિંતા અર્થાત્ એવી તત્ત્વજિજ્ઞાસા જોઇએ કે જેમાંથી શુશ્રૂષા (તત્ત્વ સાંભળવાની ઇચ્છા)-શ્રવણ-ગ્રહણ વગેરે બુદ્ધિના આઠ ગુણ પ્રગટે છે. ત્યારબાદ અપૂર્વકરણાદિ પરાક્રમવશાત્ રાગદ્વેષની નિબિડ ગ્રન્થિનો ભેદ થઇને 'બોધિ' એટલે કે જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. જેની ઓળખ શમ-સંવેગ-નિર્વેદ-અનુકમ્પા-આસ્તિક્ય એ પાંચ લક્ષણ પરથી પડે છે. અરિહંત પરમાત્મા આ અભયાદિ આપે છે, તે કારણે લોકોત્તમતા-લોકનાથતા વગેરે એમનો સામાન્ય-ઉપયોગ છે. માટે આ પાંચ પદના સમૂહને સામાન્ય-ઉપયોગ સંપદાની હેતુસંપદા કહી.

(૬) **ધર્મદાતા-દેશક-નાયક-સારથિ ચક્રવર્તીઃ**—હવે પ્રભુનો વિશેષ ઉપયોગ કહે છે. 'પ્રભુ સમ્યગ્દર્શન-ધર્મ આપે છે' એ ઉપર કહી આવ્યા. અહીં કહે છે, 'પ્રભુ ચારિત્રધર્મ આપે છે,' 'ચારિત્રધર્મનો ઉપદેશ સાંભળવાની યોગ્યતા આપે છે.' પછી ધર્મનો ઉપદેશ આપે છેઃ- 'સંસારવાસ એટલે સળગતા ઘરમાં વાસ ! ત્યાં જીવે પ્રમાદ ન કરવો, ચંચલ આયુષ્યમાં પરલોક-સાધના કરી લેવી, સાધુસેવા, સૂત્રાનુસાર પ્રવૃત્તિ વગેરે કરવી, શાસન ઉડ્ડાહથી દૂર રહેવું...' ઇત્યાદિ ધર્મનો ઉપદેશ પ્રભુ કરે છે. વળી પ્રભુ ધર્મના નાયક એટલે કે સ્વામી છે. કેમકે સ્વજીવનમાં ધર્મને આચરીને ધર્મ સિદ્ધ કર્યો છે. એટલું જ નહિ પરન્તુ સાધકોને પણ ધર્મમાં સમ્યક્ પ્રવર્તન-પાલન કરાવવા વડે પ્રભુ ધર્મસારથિ બન્યા છે. આગળ વધીને પ્રભુ ધર્મના શ્રેષ્ઠ ચતુરન્ત ચક્રવર્તી બન્યા છે; કેમકે આ લોક-પરલોક બંનેનો ઉપકારી, અને ત્રિકોટિપરિશુદ્ધ, તેથી ઇતર ધર્મ કરતાં શ્રેષ્ઠ, એવો જે ધર્મ, તે ધર્મરૂપી ચક્રવાળા છે; તે ધર્મ ચાર ગતિનો અંત કરનારો છે; પાંચમી મોક્ષગતિ અપાવનારો છે. આ પાંચ પદથી વિશેષ ઉપયોગ સંપદા કહી.

(૭) **અપ્રતિહત-વરજ્ઞાનદર્શનધર, વિનષ્ટ-છદ્મસ્થભાવઃ**—સ્તોતવ્ય પ્રભુની સ્તુતિ-યોગ્યતા હેતુસિદ્ધ છે અને ઉપયોગ સામાન્ય વિશેષ છે, એ કહ્યા પછી હવે કારણ સહિત સ્વરૂપ બતાવે છે. અહીં પ્રભુ કેવળજ્ઞાન-દર્શનથી વૈશાખ માસના વાદળ રહિત મધ્યાહ્નના સૂર્ય જેવા ચમકતા દેખાય

છે; અને એના કારણ તરીકે છદ્મસ્થભાવ યાને જ્ઞાનાવરણાદિ કર્મવાદળો તદ્દન નષ્ટ થઈ ગયેલા દેખાય છે, તેથી આત્માની અંદરનો અનંત પ્રકાશ ઝળહળી ઉઠ્યો હોય છે. આ બે પદની સકારણ-સ્વરૂપસંપદા છે.

(૮) **જિન-જાપક, તીર્ણ-તારક, બુદ્ધ-બોધક, મુક્ત-મોચકઃ**—હવે પ્રભુની પોતાની સિદ્ધિ બતાવવા પૂર્વક બીજાને એ પોતાના જેવી સિદ્ધિ યાને ફળ પમાડે છે તે બતાવે છે. આમાં પોતે જિન-તીર્ણ-બુદ્ધ-મુક્ત એટલે કે પૂર્વે બતાવી આવ્યા તે મુજબ રાગાદિ જિતનારા-અજ્ઞાનાદિને તરી જનારા-સર્વજ્ઞ બનનારા, અને મોક્ષ પામનારા થાય છે; તેમજ બીજાને પણ-તેવા કરનારા અર્થાત્ જાપક-તારક-બોધક-મોચક બને છે. જૈન દર્શનમાં આ વિશેષતા છે કે પરમાત્મા બીજાને પોતાના જેવા મોક્ષપર્યન્તના ફળ પમાડે છે. આ વિશેષતાની ઉપર ઈંગ્લાંડના મોટા નાટચકાર બર્નાડ શૉએ કહેલું કે પરલોક જેવી વસ્તુ હોય તો હું જૈન ધર્મ માગું; કેમકે એમાં પરમાત્માની Sole Agency નથી, અર્થાત્ કોઈ એકને જ પરમાત્મપણાના સર્વ હક્ક અપાયેલા નથી ! અસ્તુ. આ ચાર પદની 'નિજસમ-પરફલ-કર્તૃત્વ' નામની સંપદા છે.

(૯) **પ્રધાન ગુણની અક્ષયતા-પ્રધાન ફળ પ્રાપ્તિ-અભયઃ**—છેલ્લે (૧) આત્માનો મુખ્ય ગુણ અનંત જ્ઞાનદર્શન ઠેઠ મોક્ષમાં પણ ક્ષય પામ્યા વિના શાશ્વત કાળ માટે રહે છે, એ બતાવવા 'સવ્વન્નૂણં-સવ્વદરિસીણં' પદ કહ્યું, તેમજ (૨) મુખ્ય ફળ તરીકે નિરુપદ્રવ-અચલ-અરોગ, અનંત-અક્ષય-અવ્યા-બાધ, અપુનરાવૃત્તિ એ સાત વિશેષણવાળા 'સિદ્ધિગતિ' નામના સ્થાનની પ્રાપ્તિ બતાવવા 'સિવમયલ-...ઠાણં સંપત્તાણં' પદ કહ્યું, તથા (૩) 'નમો જિણાણં જિઅભયાણં' પદથી પ્રભુ સર્વથા અભય બન્યા છે એ સૂચવ્યું. આ ત્રણ પદની 'પ્રધાનગુણાપરિક્ષય-પ્રધાનફલાપ્તિ-અભય' નામની સંપદા થઇ.

આ સંક્ષિપ્ત સાર બરાબર લક્ષમાં રાખીને મનમાં વારંવાર ઘુંટવો; અને જ્યારે જ્યારે 'નમોત્થુ ણં...' સૂત્ર બોલવાનો પ્રસંગ આવે ત્યારે ત્યારે એનું ઉચ્ચારણ એ લક્ષ સાથે થવું જોઈએ.

બીજું, એમને એમ પ્રભુના દર્શન કરતી વખતે પણ આ ભાવ મનમાં રાખીને જો મોંઢેથી સ્તુતિ કરાય કે 'હે અરિહંત ! હે ભગવંત ! હે આદિકર ! હે તીર્થંકર ! હે સ્વયંબુદ્ધ !...' યાવત્ 'હે જિતભય !' તો પણ મનમાં સારી એકાગ્રતા સાથે જિનપ્રીતિ, જિનભક્તિ વગેરે શુભ ભાવો હૃદયમાં ઉછળતા રહે છે.

વળી, જ્યાં મંદિરમાં પ્રદક્ષિણામાં ભગવાનના બિંબ હોય છે ત્યાં, તથા જ્યાં ગભારામાં અનેક જિનબિંબ હોય છે ત્યાં, એકેક ભગવાનના સમ્યગ્ દર્શન-વંદનનો મહાન લાભ લેવા માટે નત મસ્તકે હાથ જોડી દરેક ભગવાનનું મુખ જોતાં જોતાં 'નમો અરિહંતાણં,' 'નમો ભગવંતાણં,' 'નમો આઇગરાણં,' 'નમો તિત્થયરાણં,' 'નમો સયં-સંબુદ્ધાણં,'...વગરે પદોમાંથી એકેક પદ બોલી શકાય. એટલું બોલવાનો સમય ન હોય તો ય દરેક ભગવાનનું મુખ જોતાં જોતાં 'નમો જિણાણં' 'નમો જિણાણં' પદ બોલાય. ધાતુના અનેક બિંબ હોય તો કમમાં કમ 'અર્હંનમઃ' 'અર્હંનમઃ' પદ બોલી દરેક પ્રભુનું મુખદર્શન થાય.

વસ્તુ અનન્તધર્માત્મકઃ બૌદ્ધ અને વેદાન્તના એકાંતવાદ.

(લ૦) इयं च चित्रा सम्पद् अनन्तधर्मात्मके वस्तुनि मुख्ये मुख्यवृत्त्या. स्तवप्रवृत्तिश्चैवं प्रेक्षापूर्वकारिणामिति संदर्शनार्थमेवमुपन्यासोऽस्य सूत्रस्य, स्तोतव्यनिमित्तोपलब्धौ तन्निमित्ताद्यन्वेषणयोगादिति प्रस्तावना।

શબ્દાર્થઃ—આ વિવિધ સંપદા અનંત-ધર્મ સ્વરૂપ પારમાર્થિક વસ્તુમાં મુખ્યપણે રહે છે, અને વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનારાઓની સ્તુતિ-પ્રવૃત્તિ પણ એ પ્રમાણે થાય છે; તે બતાવવા માટે આ સૂત્રની રજુઆત તે રીતે કરી છે. કારણ એ છે કે સ્તુતિપાત્ર (શ્રી અરિહંત પરમાત્મા) સ્તુતિ-ક્રિયામાં નિમિત્ત હોવાનું જાણ્યા પછી એમનામાં (તે નિમિત્ત બનવાના) શા કારણો છે, તેનું અન્વેષણ થવું સંગત છે. આટલી (ચૈત્ય-વંદન સૂત્ર ઉપર) પ્રસ્તાવના થઈ.

વિવેચનઃ—આ બધી વિવિધ સંપદારૂપી ધર્મો બતાવ્યા, તો તે શું એક જ વ્યક્તિમાં રહી શકે?

ઉ૦—એક જ પરમાત્મ-વ્યક્તિમાં વિવિધ સંપદાના અનેક ધર્મો રહી શકે છે, રહે છે; કેમકે પરમાત્મા એ પણ જગતની એક સદ્ વસ્તુ છે. અને સદ્ વસ્તુ માત્ર અનંતધર્માત્મક હોય છે, કેમકે એનામાં અનંત ધર્મ છે.

ધર્મી ધર્મસ્વરૂપ છેઃ—

પ્ર૦—તો તો વસ્તુ ધર્મવાળી કહેવાય, ધર્માત્મક શી રીતે?

ઉ૦—ધર્મ કાંઇ વસ્તુથી તદ્દન જુદી વસ્તુ નથી, પરંતુ જેમાં એ રહે છે, એ ધર્મી-સ્વરૂપ છે. માટે કહેવાય કે વસ્તુ ધર્મસ્વરૂપ છે, ધર્મમય છે, ધર્માત્મક છે, દા. ત. સાકરમાં મિઠાશ-ધર્મ સાકરથી તદ્દન જુદી વસ્તુ નથી; સાકર પોતે જ મિઠાશમય છે. કપડું પોતે જ સફેદાઈમય છે. એમ ચંદનમાં સુગંધિ ચંદનમય છે, બરફમાં ઠંડો સ્પર્શ બરફમય છે. આત્મામાં જ્ઞાન આત્મમય છે. આ ગુણોને જુદા ન પાડી શકાય. જ્યાં તદ્દન જુદી વસ્તુ હોય ત્યાં તન્મય, તત્સ્વરૂપ કે તદ્દાત્મક ન કહી શકાય. માટે જ 'પાણીવાળી ઘડી' અને 'પાણીવાળી નદી' બોલાય સરખું; પણ ઘડીથી પાણી તદ્દન જુદી વસ્તુ હોવાથી ઘડી પાણી-સ્વરૂપ ન કહી શકાય; જ્યારે નદી તો પાણી-સ્વરૂપ પણ કહી શકાય, કેમકે પાણી એ નદીથી તદ્દન જુદી વસ્તુ નથી. એટલે તો પાણીનું વહેણ ફરી ગયા પછી કહેવાય છે કે નદી ઉપડી ગઈ, બીજી તરફ ગઇ. તો જેવી રીતે નદી પાણીવાળી ય કહેવાય છે અને પાણી-સ્વરૂપ પણ કહેવાય છે; તેવી રીતે વસ્તુ ધર્મવાળી ય છે અને ધર્મસ્વરૂપ યાને ધર્માત્મક પણ છે. ધર્મ એટલે એક જાતની ખાસિયત. પાકી કેરીનો રસ કેસરી છે, મીઠો છે, સુગંધિ છે, મુલાયમ છે, ઇત્યાદિ કહેવાય ત્યાં કેસરી રંગ, મીઠો સ્વાદ, સારી ગંધ, મૃદુ-સ્પર્શ વગેરે શું છે? કેરીના રસની ખાસિયતો છે, રસના ધર્મ છે, રસના સ્વભાવ છે. હવે કોઇ પૂછે કે 'ઘડામાં પાણી ભરાય એમ શું એ ધર્મો રસમાં બહારથી આવીને ભરાયા? ને શું પાછા એમાંથી ઉંચકીને બહાર કાઢી શકાય?' તો કહેવું પડે કે ના, રસ વસ્તુ પોતે પહેલાં ધોળી, ખાટી વગેરે હતી, તેજ હવે કેસરી, મીઠી, વગેરે બની ગઈ. રસનું સ્વરૂપ પલટાઇ ગયું; એનો એ રસ નવા ધર્મરૂપે બની ગયો, માટે કહ્યું કે વસ્તુ ધર્મસ્વરૂપ છે.

પ્ર૦—તો પણ વસ્તુ તો એક સ્વભાવને આધીન અર્થાત્ એક સ્વભાવને ધરનાર હોય, દા. ત. અગ્નિમાં બાળવાનો સ્વભાવ. તો પછી તમે તો અરિહંત પરમાત્મામાં સ્તોતવ્ય વગેરે અનેક સંપદાઓ કહીને અનેક સ્વભાવ સૂચિત કરો છો, તો એક જ વસ્તુમાં અનેક સંપદા કેવી રીતે હોઈ શકે? ત્યારે જો વસ્તુસ્થિતિએ નહિ પણ ઉપચારથી કહેતા હો, તો જુદી વાત.

ઉ૦—ના, અરિહંત પરમાત્મામાં અનેક વિચિત્ર સંપદારૂપી ગુણ યાને સ્વભાવો ઉપચારથી નથી, પરંતુ મુખ્યપણે અર્થાત્ વસ્તુસ્થિતિએ છે. કેમકે વસ્તુમાત્ર એક જ સ્વભાવવાળી નહિ, કિંતુ અનંત ગુણધર્મસ્વરૂપ છે. એટલું ધ્યાનમાં રહે કે અહીં પહેલાં તો વસ્તુ પણ ઔપચારિક નથી, કાલ્પનિક યાને અસત્ નથી; કિન્તુ મુખ્ય જ છે, સત્ યાને વાસ્તવિક સ્થિતિવાળી છે; પછી ધર્મોનું શું પૂછવું?

બૌદ્ધ અને વેદાન્ત દર્શન વસ્તુને અસત્ માને છે:—જગતમાં એવા પણ મત પ્રવર્તે છે કે જે વસ્તુને અસત્ માને છે. બૌદ્ધ દર્શનની 'માધ્યમિક' નામની શાખા કહે છે, "**सर्वं शून्यम्**–વસ્તુ માત્ર સ્વપ્નની વસ્તુની જેમ શૂન્યરૂપ છે, અસત્ છે; કેમકે, વિચાર કરતાં, કોઇ એક ચોકસ રૂપે ઘટી શકતી નથી. દા. ત. શું વસ્તુને માત્ર કારણરૂપ ગણીએ? ના, એ પાછી કાર્યરૂપ પણ ગણાય છે. સુતર એ વસ્ત્રના કારણરૂપે મનાય છે, તો પાછું ઇના કાર્યરૂપે પણ મનાય છે. આમ વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ એવી કારણરૂપતા અને કાર્યરૂપતા બંને આવવાથી એક ચોકસ રૂપતા ન રહી; એમ હ્રસ્વરૂપતા કે દીર્ઘરૂપતા, ઉજ્જવલરૂપતા કે ઝાંખીરૂપતા, દૂરપણું કે નજીકપણું, જુનાપણું કે નવાપણું, કોઈ એક ચોકસરૂપતા નથી. બધું અમુક અમુક અપેક્ષાની ગણત્રી ઉપર મનાય છે. માટે વસ્તુ સત્ નહિ પણ પણ કાલ્પનિક છે, માન્યતા પર નિર્ભર છે. વળી,

"એમ જો વિચાર કરીએ કે વસ્તુ સત્ હોઈને ઉત્પન્ન થાય કે અસત્ હોઈને, તોય એક ચોક્કસ સ્થિતિ નહિ જણાય. દા. ત. વસ્ત્ર પહેલેથી સત્ હોઈને ઉત્પન્ન થતું હોય, તો એને ઉત્પન્ન કરવાની જરૂર જ શી? સત્ છે જ. ત્યારે અસત્ હોઈને ઉત્પન્ન થતું હોય તો સુતરમાં જ શા માટે ઉત્પન્ન થાય, માટીમાં કેમ નહિ? સુતરની જેમ માટીમાં પણ પહેલાં અસત્ તો છે જ. ત્યારે જો કહો કે માટીમાં નહિ પણ સુતરમાં ઉત્પન્ન થતું દેખ્યું છે, તો એનો અર્થ જ એ થયો કે દેખવાને અનુસારે વસ્તુ કલ્પવાની છે, પણ પહેલેથી સત્ કે અસત્ એવું કોઇ ચોક્કસ સ્વરૂપ નથી; માટે જ એ કાલ્પનિક છે. આ તો માત્ર બે દલીલ થઈ.; બાકી બીજી અનેક દલીલો છે."–આમ માધ્યમિક બૌદ્ધ કહે છે. ત્યારે,

બૌદ્ધ દર્શનની યોગાચાર શાખા કહે છે, "ક્ષણિક વિજ્ઞાન એજ સત્ છે." **વેદાન્ત દર્શન** કહે છે કે "એક શુદ્ધ બ્રહ્મ (આત્મા) જ સત્ છે, વાસ્તવિક છે, બાકી બધું અસત્ છે; '**ब्रह्म सत्यं, जगन्मिथ्या।**' કોઇએ સ્વપ્નમાં જોયું કે પોતે લાખ રૂપિયા કમાયો અને લાવી તિજોરીમાં મૂકયા, હવે જોઇશે ત્યારે તિજોરીમાંથી લેશે. પરંતુ જાગીને તિજોરીમાં લેવા જાય તો રૂપિયા થોડા જ મળે છે? ના, કેમકે એ અસત્ છે. બસ, **જીવન પણ એક સ્વપ્ન છે.** ફરક એટલો કે સ્વપ્નમાં **આંખ ખૂલ્યે** કશું નહિ, અને જીવનમાં **'આંખ મીંચે દૂબ ગઈ દુનિયા'** આંખ બંધ થઇ ગયા પછી કશું હાથમાં નથી આવતું. એમ, જીવતાં પણ જ્ઞાન કરીએ ત્યાં સુધી જ વસ્તુ દેખાય છે, જ્ઞાનના અભાવમાં નહિ, એ સૂચવે છે કે વસ્તુ કોઇ ચીજ નથી, કલ્પના પર આધાર છે; માટે વસ્તુ કાલ્પનિક છે. અસત્ છે. અહીં એક સવાલ ઉઠશે કે તો પછી તે તે સમયે ચોક્કસ રૂપની વસ્તુ કેમ દેખાય છે? પરંતુ એનું કારણ તો સ્પષ્ટ છે કે અનાદિકાળની અવિદ્યાવશ ચાલી આવતી અને પુષ્ટ થતી તેવી તેવી વાસના ઉઠવાના હિસાબે તેવા તેવા ચોક્કસ રૂપની વસ્તુ દેખાય છે; ને વ્યવહારમાં આવે છે; માટે વાસના પર આધાર છે, વસ્તુ તો કાલ્પનિક છે."

બૌદ્ધ-વેદાન્તના અસદ્-વસ્તુવાદનું ખંડનઃ—

માધ્યમિક, યોગાચાર અને વેદાન્ત ત્રણેય દર્શનની આ માન્યતા યોગ્ય નથી; કેમકે જો **'सर्वं**

શૂન્યં ' યાને બધું જ કાલ્પનિક, અસત્ કહેવામાં આવે તો પહેલો પ્રશ્ન તો એજ ઉઠે ' સર્વં શૂન્યં ' એવું જ્ઞાન સત્ કે અસત્? જ્ઞાન સત્ કહો તો બધું અસત્ ક્યાં રહ્યું? ત્યારે જ્ઞાનને પણ અસત્ કહો તો અસત્ એવું જ્ઞાન તો અપ્રમાણ હોવાથી વસ્તુસ્થિતિને અર્થાત્ સર્વ શૂન્યતાને સિદ્ધ નહિ કરી શકે! જેમકે, રસ્તા પર પડેલી છીપમાં ચાંદી તરીકે થયેલું જ્ઞાન અપ્રમાણ હોવાથી ત્યાં ચાંદીને સિદ્ધ કરી શકતું નથી. વળી જે કહ્યું કે ' વસ્તુ, કાર્ય કે કારણ, લાંબી કે ટૂંકી, દૂર કે નજીક,...એમ કોઈ એક ચોક્કસ રૂપે દેખાતી નથી, માટે અસત્ છે;' ત્યાં પણ એ સમજવાનું છે કે દેખવા-દેખવામાં ય ફરક હોય છે; સાચું પણ દેખાય અને ભ્રમ પણ થાય. દા. ત. ચાર આંગળીમાંની ત્રીજી આંગળીમાં ચોથી આંગળી કરતાં લાંબાપણું દેખ્યું, અને બીજી આંગળી કરતાંય ભ્રમથી લાંબાપણું દેખ્યું; ત્યાં કહેવું પડે છે કે પહેલું દર્શન સાચું અને બીજું દર્શન ખોટું; તો એ સાચું કે ખોટું શાથી? કહો, એટલા જ માટે કે લંબાઇ જ્યાં સત્ છે ત્યાં સાચું દર્શન થયું, અને જ્યાં અસત્ છે ત્યાં ખોટું દર્શન થયું, ભ્રમ થયો. આ હિસાબે વસ્તુ સત્ છે એ સિદ્ધ થાય છે. ત્યારે હવે એટલો પ્રશ્ન રહે કે,

પ્ર૦—જો ચોથીની અપેક્ષાએ સત્ લંબાઇ છે, અને ત્યાં જ બીજી આંગળીની અપેક્ષાએ સત્ ટૂંકાપણું પણ આવે છે, તો વસ્તુનું એક ચોકસ સ્વરૂપ ક્યાં રહ્યું?

ઉ૦—એનું સમાધાન એ કે વસ્તુ એક જ સ્વરૂપે હોય એવું સિદ્ધ ક્યાં છે? દા. ત. પૂર્વે કહ્યું તેમ કેરીનો રસ મીઠો છે, સુગંધિય છે, પીળો ય છે, ને સુંવાળો ય છે. અલબત જગતમાં પદાર્થને સામાન્ય દૃષ્ટિથી બે રીતના સમજાય છે; નિરપેક્ષ અને સાપેક્ષ. **નિરપેક્ષ એટલે જુદી જુદી દૃષ્ટિએ** પણ એકરૂપ, દા. ત. કેરીનો રસ એ રામલાલની દૃષ્ટિએ પણ રસ છે, અને હરિલાલની દૃષ્ટિએ પણ રસ જ છે. ત્યારે **સાપેક્ષ એટલે જુદી જુદી દૃષ્ટિએ જુદો જુદો;** જેમકે એ જ રસ રામલાલની દૃષ્ટિએ મીઠો અને હરિલાલની દૃષ્ટિએ મોળો હોઇ શકે છે, અથવા દૂધની અપેક્ષાએ મીઠો, અને મધની અપેક્ષાએ મોળો; તેમ, શેરડીના રસની અપેક્ષાએ મોંઘો, ને દાડમના રસની અપેક્ષાએ સોંઘો હોઈ શકે છે. આ સોંઘું-મોઘું, કે મોળું-મીઠું સ્વરૂપ અસત્ નથી, પણ સત્ છે. વસ્તુમાં આવા તો કઇ વાસ્તવિક સ્વરૂપો હોય છે; એ બધા ચોકસ સ્વરૂપો જ છે, અને તે વસ્તુ સત્ હોય તો જ તેમાં સંભવે છે. અસત્ એવા આકાશકુસુમમાં સોંઘું-મોંઘું શું? કે અપેક્ષાએ ઓછું-વધારે સુગંધી શું? ત્યારે વસ્તુમાં વિરૂદ્ધ દેખાતા પણ ધર્મોનો અપેક્ષાએ વ્યવહાર થાય, તે ખાલી કલ્પના નથી, કિન્તુ ખરેખર તે ધર્મો હોવાની સત્ય હકીકત છે, વસ્તુસ્થિતિ છે. રામચંદ્રજીમાં દશરથની અપેક્ષાએ પુત્રપણું અને લવણ-અંકુશ(લવ-કુશ)ની અપેક્ષાએ પિતાપણું એ કાલ્પનિક નહિ, પણ વાસ્તવિક હકીકત છે. એમ સુતરમાં રૂની કાર્યતા અને વસ્ત્રની કારણતા, એ ચોકસ સ્વરૂપો છે.

પ્ર૦—તો વસ્તુ સત્ હોઇને ઉત્પન્ન થાય કે અસત્ હોઇને? એ પ્રશ્નનું શું?

ઉ૦—એમાં એજ કે વસ્તુ સદ્-અસત્ હોઇને ઉત્પન્ન થાય છે. વસ્તુને એકલી સત્ કે એકલી અસત્ માનનાર એકાંતવાદી દર્શનોને વાંધા નડે છે. પણ સદ્-અસત્ માનનાર અનેકાંતવાદી જૈન દર્શનને નહિ. એ તો કહે છે કે દા. ત. ઘડો માટીમાં અવ્યક્ત રૂપે સત્ છે, અને વ્યક્ત આકૃતિ આદિ રૂપે અસત્ છે. તો જે રૂપે અસત્ છે તે રૂપે પ્રગટ કરવા માટે કારણ સામગ્રી ઉપયોગી બને છે; અને જે રૂપે સત્ છે, તે રૂપે ભલે ઉત્પન્ન કરવાનું કશું નથી, પણ માટી સિવાય બીજે સત્ નથી માટે જ ત્યાં તે ઉત્પન્ન થઈ શકતો નથી, એ માટીમાં સદ્રૂપે હોવાનું સાબિત કરે છે.

પ્ર૦—તો વેદાન્તી અને યોગાચાર બૌદ્ધ સ્વપ્નના દૃષ્ટાન્તથી જગતને મિથ્યા કહે છે, અર્થાત્ સ્વપ્નની જેમ જ્યાં સુધી જ્ઞાન છે ત્યાં સુધી જ વસ્તુ જણાય છે, માટે વસ્તુ કોઇ અલગ ચીજ નથી; -એમ કહે છે, તેનું કેમ?

ઉ૦—જગતના પદાર્થો પર મોહ-માયા ન થાય એ માટે એમને સ્વપ્ન જેવા માનવા, એ

વૈરાગ્ય માટે ઉપયોગી છે. છતાં એ તો એક ભાવના ભાવવાનો વિષય થયો પરતું તેથી કાંઈ તાત્ત્વિક પરિસ્થતિ સિદ્ધ થતી નથી. દા. ત. પિતાની ગેરહાજરીમાં મોટાભાઇને પિતાતુલ્ય માનવા છતાં, વસ્તુસ્થિતિએ એ કાંઇ પિતા અર્થાત્ માતાનો પતિ વગેરે બનતો નથી. પ્રસ્તુતમાં જગત ખરેખર સ્વપ્નની માયા નથી; કેમકે જો એમ હોય તો પ્રશ્ન થશે કે—

એ સ્વપ્ન કોને આવે છે, અને સ્વપ્ન પણ સત્ છે કે અસત્ માયા?

સ્વપ્ન બ્રહ્મ-આત્માને આવી શકે નહિ; કેમકે બ્રહ્મ તો સદા એકાંત શુદ્ધસત્ નિર્ગુણ-નિર્ધર્મક છે, એમ તમે કહો છો. સદા એકાન્તે નિર્ગુણ બ્રહ્મ અવિદ્યાવશ પણ વસ્તુગત્યા સગુણ બની શકે નહિ; નહિતર તમારે વાસ્તવિક નિર્ગુણ-સગુણનો અનેકાન્તવાદ માનવો પડે. ત્યારે સ્વપ્નને ખુદને જો સત્ કહો તો બ્રહ્મ સત્ અને સ્વપ્ન સત્; એમ બે સત્ સિદ્ધ થવાથી એકલો બ્રહ્મ આત્મા સત્ એવા અદ્વૈતવાદનો ભંગ થઇ જાય છે; ને સ્વપ્નને જો અસત્ કહો તો એ આવ્યું અને ગયું, એ ઉત્પન્ન થયું અને નાશ પામ્યું એ શું? અસત્ તો વંધ્યાપુત્ર જેવું; એમાં જન્મવા મરવાનું ન હોય. વળી માણસને ઊંઘમાં આવતું સ્વપ્ન, એમાં જોયેલી વસ્તુ મિથ્યા હોવા છતાં, પોતે મિથ્યા નથી. માટે સ્વપ્નનું દૃષ્ટાન્ત ખોટું છે. તેથી જગત મિથ્યા યાને અસત્ સાબિત થઈ શકે નહિ. આત્માની જેમ જગત પણ સત્ છે. માટે જ તમે વેદશાસ્ત્ર સાચાં અને બીજાં ખોટાં, એમ કહી શકો છો. કોઈ ગુરુ ને કોઇ શિષ્ય; કોઇ માતા, કોઈ પત્ની, કોઈ પરસ્ત્રી; કોઈ સરળ કોઈ માયાવી; કોઈ હિંસક ને કોઇ દયાળુ; કાંઈ લેવું, ને કાંઈ દેવું; વગેરે વસ્તુસ્થિતિ, જગત સત્ હોય તો જ, બની શકે. અસતમાં એ બધું ઘટી શકે જ નહિ.

ત્યારે યોગાચાર બૌદ્ધ દર્શન એકલું જ્ઞાનને સત્ માની એના બાહ્ય વિષયને અસત્ કહે છે, તે ય ખોટું છે; કેમકે જો બાહ્ય પદાર્થ જેવું કાંઇ છે જ નહિ, તો પછી બાહ્ય વિષયના વ્યવહારમાં ભેદ પડવાનું શું? અગ્નિ બાળે, અને પાણી ઠારે; તલમાંથી જ તેલ નીકળે અને દહીંમાંથી જ માખણ નીકળે; સાચો રૂપિયો માલ ખરીદે, પણ નકલી રૂપિયો નહિ; ભ્રમાત્મક જ્ઞાન પછી વસ્તુ ન મળે અને સાચું જ્ઞાન થવા પર વસ્તુ મળે;—એ બધું, બાહ્ય સત્ વસ્તુ જેવું કાંઇ ન હોય તો, શી રીતે ઘટે? માટે કહો, જ્ઞાન પણ સત્ વસ્તુ છે, પદાર્થો પણ વાસ્તવિક છે, અને એના ગુણધર્મો પણ વાસ્તવિક છે; અને તે અનંત છે; તેમજ પોતાના આશ્રયભૂત પદાર્થોથી તદ્દન અલગ નહિ કિન્તુ ભિન્નાભિન્ન છે.

એમ, અરિહંત પરમાત્મા પણ અસત્ નહિ, કાલ્પનિક નહિ, પણ પારમાર્થિક વસ્તુ છે; અને એમાં વિવિધ સંપદાઓ, વિવિધ ગુણધર્મો, એ પણ કાલ્પનિક નહિ, ઔપચારિક નહિ, કિન્તુ મુખ્ય વસ્તુસ્થિતિ છે, વાસ્તવિક હકીકત છે. એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે આ સંપદાઓના ગુણોથી 'નમોત્થુ ણં...'ની સ્તુતિ રચનારા ગણધર મહર્ષિ છે, મહાવિચાર-પૂર્વક કાર્ય કરનારા આદર્શ પુરુષ છે; અને વિચારપૂર્વક કાર્ય કરનારા પુરુષો ઔપચારિક અર્થાત્ આરોપિત ગુણોથી સ્તુતિ કરનારા નથી હોતા, પરંતુ વાસ્તવિક ગુણો જોઇને જ એની સ્તવના કરનારા હોય છે. તેથી પણ સંપદાના ગુણ વાસ્તવિક સિદ્ધ થાય છે. ત્યારે ગુણ વાસ્તવિક હોય પછી એના આશ્રયભૂત પરમાત્મા તો વાસ્તવિક હોય એમાં શી નવાઇ? અર્હત્ પરમાત્મામાં એ ગુણોની વાસ્તવિકતા, આગળ દરેક ગુણની વ્યાખ્યા કરતાં, બતાવશે.

અહીં સ્તોતવ્ય છે અરિહંત પ્રભુ. એ વ્યાકરણની દૃષ્ટિએ સ્તુતિ રૂપ ક્રિયાનું કર્મ છે, કેમકે સ્તુતિકાર એમને સ્તવે છે. વ્યાકરણમાં કર્મને કર્તા, કરણ, સંપ્રદાન વગેરેની જેમ કારક કહેવામાં આવે છે. કારક એટલે ક્રિયામાં નિમિત્તભૂત. તો કર્મકારક એવા સ્તોતવ્ય અરહંતપ્રભુ સ્તુતિ ક્રિયામાં નિમિત્ત બન્યા. એ સ્તોતવ્ય સ્વરૂપ નિમિત્તને જાણ્યા પછી હવે એ શોધવું સંગત છે, કે 'તો પછી એ સ્તોતવ્ય સ્વરૂપ નિમિત્તને હોવાના શા નિમિત્ત છે?' એ શોધન, એ જિજ્ઞાસા તૃપ્ત કરવાને અર્થે આદ્દિકરત્વ વગેરે પદોની સંપદા તથા ઉપયોગાદિની અર્થાત્ નિમિત્તભૂત ગુણો, ઉપયોગ વગેરેની સંપદાઓ કહેવાશે.

★

વ્યાખ્યાનું ૬ પ્રકારનું સ્વરૂપ અને ૭ અંગો.

(લ૦) અથાસ્ય વ્યાખ્યા; તલ્લક્ષણં ચ સંહિતાદિ, યથોક્તમ્—

સંહિતા ચ પદં ચૈવ, પદાર્થઃ પદવિગ્રહઃ। ચાલના પ્રત્યવસ્થાનં વ્યાખ્યા તન્ત્રસ્ય ષડ્વિધા ॥

ઇતિ। એતદઙ્ગાનિ તુ જિજ્ઞાસા, ગુરુયોગો, વિધિ ઇત્યાદીનિ। અત્રાપ્યુક્તમ્,

જિજ્ઞાસા ગુરુયોગો—વિધિપરતા--બોધપરિણતિ-સ્થૈર્યમ્। ઉક્તક્રિયા-ઽલ્પભવતા, વ્યાખ્યાઙ્ગા-નીતિ સમયવિદઃ ॥

અર્થઃ— હવે આ (ચૈત્યવન્દન સૂત્ર)ની વ્યાખ્યા (કરવામાં આવે છે). વ્યાખ્યાનું સ્વરૂપ સંહિતા વગેરે છે; જેમ, કહ્યું છે કે 'સંહિતા (શુદ્ધ ઉચ્ચારણ), પદ, પદનો અર્થ, પદવિગ્રહ (સમાસ છૂટા પાડવા તે), શંકા, સમાધાન-આમ છ સ્વરૂપે શાસ્ત્રની વ્યાખ્યા હોય છે.'

જ્યારે વ્યાખ્યાના અંગો જિજ્ઞાસા, ગુરુયોગ, વિધિ, ઇત્યાદિ છે. આ અંગે પણ કહ્યું છે કે, 'જિજ્ઞાસા, ગુરુનો યોગ, વિધિ-પાલન, પરિણત બોધ, સ્થિરતા, વચનાનુસાર અમલ, અલ્પ સંસારી-પણું,—આ સાત વ્યાખ્યા-અંગો છે, એ પ્રમાણે શાસ્ત્રવેત્તાઓ કહે છે.'

વિવેચનઃ—કોઇ પણ સૂત્ર કે શાસ્ત્રની વ્યાખ્યા મળવાથી આપણને તે સૂત્ર કે શાસ્ત્ર સ્પષ્ટ થાય છે. વ્યાખ્યા, છ વસ્તુ કરવામાં આવે તો, બની કહેવાય છે. માટે કહો કે એ વ્યાખ્યાનું સ્વરૂપ છ વિભાગમાં વહેંચાયેલું છે; અને વ્યાખ્યા, ભણનાર વડે સાત વસ્તુ જાણવાથી સિદ્ધ થાય છે; માટે કહો કે એ સાત વ્યાખ્યાના અંગ છે. એના નામ ક્રમે સંહિતા-પદ-પદાર્થ-પદવિગ્રહ-શંકા, સમાધાન, તથા જિજ્ઞાસા-ગુરુયોગ-વિધિપાલન-પરિણતબોધ-સ્થિરતા-વચનાનુસાર અમલ-અલ્પસંસારીપણું. આ દરેકનું હવે ગ્રંથકાર વિવરણ કરે છે.

(લ૦) તત્ર નમોઽસ્ત્વર્હદ્ભ્યઃ' ઇતિ સંહિતા। (૧) પદાનિ તુ 'નમઃ', 'અસ્તુ', 'અર્હદ્-ભ્યઃ' (૨) પદાર્થસ્તુ 'નમઃ' ઇતિ પૂજાર્થં, પૂજા ચ દ્રવ્યભાવસઙ્કોચઃ: તત્ર કરશિરઃપાદાદિસંન્યાસો દ્રવ્યસઙ્કોચઃ। ભાવસઙ્કોચસ્તુ વિશુદ્ધસ્ય મનસો નિયોગ ઇતિ। 'અસ્તુ' ઇતિ ભવતુ; પ્રાર્થનાર્થોઽસ્યેતિ। 'ણમ્' ઇતિ વાક્યાલઙ્કારે, પ્રાકૃતશૈલ્યા ચેહોપન્યસ્તઃ। 'અર્હદ્ભ્યઃ' ઇતિ દેવાદિભ્યોઽતિશયપૂજામ-ર્હન્તીત્યર્હન્તસ્તેભ્યઃ। નમઃ શબ્દયોગાચ્ચતુર્થી।

અર્થઃ—વ્યાખ્યાના સ્વરૂપમાં (૧) પહેલી છે સંહિતા, એટલે દા. ત. 'નમોઽત્થુ ણું અરહં-તાણું' એવું ઉચ્ચારણ; (૨) બીજું છે પદો. (પદોને છૂટા પાડી બતાવવા તે). જેમકે 'નમો,' 'ત્થુ', 'અરહંતાણું' વગેરે. (૩) ત્રીજું, પદોનો અર્થ કહેવો. દા. ત. 'નમો' (નમઃ) પદનો અર્થ પૂજા. ત્યાં પૂજા એટલે દ્રવ્યસંકોચ અને ભાવસંકોચ. એમાં દ્રવ્યસંકોચ એટલે હાથ, પગ વગેરેનું નિયમન;

અને ભાવસંકોચ એટલે વિશુદ્ધ મનનું નિયોજન, (સ્થાપન). 'ત્થુ' ('અસ્તુ') એટલે 'થાઓ.' એનો અર્થ 'પ્રાર્થના' એવો થાય છે. (અર્થાત્ નમસ્કારની પ્રાર્થના કરી.) 'ણું' એ પદ વાક્યમાં શોભા અર્થે છે, અને તે પ્રાકૃત ભાષાની પદ્ધતિએ અહીં મૂકવામાં આવ્યું છે. 'અરહંતાણું' ('અર્હદ્ભ્યઃ') એટલે દેવો વગેરે તરફથી અતિશયોની પૂજાને જે યોગ્ય છે, માટે અર્હત્ કહેવાય છે, તેમને. 'નમઃ' પદની સાથે આવ્યું હોઈને આ પદમાં ચોથી વિભક્તિ લાગી છે.

વ્યાખ્યાનું સ્વરૂપ.

વિવેચનઃ—

વ્યાખ્યા લેવા માટે પહેલાં **'સંહિતા'** જાણવી જોઇએ; પછી પદો જાણવા જોઇએ; પછી પદાર્થ જાણવાનું જરૂરી છે...વગેરે. એ સંહિતા વગેરે છ પગથિયાંનો પરિચય કરાવવામાં આવે છે.

૧. સંહિતાઃ–સંહિતા એટલે સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ દા. ત. 'નમોરિ હંતાણું' નહિ, કિન્તુ 'નમો અરિહંતાણું' એ શુદ્ધ ઉચ્ચારણ. 'સંહિતા'માં જોડાક્ષર જોડાક્ષર તરીકે બોલાય, અસંયુક્ત અક્ષર એ તરીકે બોલાય. 'સવન્નૂણું' બોટું, 'સવ્વન્નૂણું' પણ બોટું; સાચું 'સવ્વન્નૂણું'. પહેલામાં 'મડદાને જાણનારને,' બીજામાં 'સર્વથી ન્યૂન' આવા બોટા અર્થ નીકળે; ત્રીજામાં 'સર્વજ્ઞને' એવો સાચો અર્થ નીકળે. જોડાક્ષરનું યથાર્થ ઉચ્ચારણ કરવા માટે એની પૂર્વનો સ્વર દીર્ઘ બોલવો જોઇએ. દા. ત. 'નામગ્રહણું'માં 'મ' નો 'અ' લંબાવીને બોલવાનો, નામગ્રહણું. જોડાક્ષરના શુદ્ધ ઉચ્ચારણ માટે એમાંનો અડધો અક્ષર (સ્વર વિનાનો વ્યંજન) પહેલાં સહેજ જૂદો બોલી પછી બાકીનો આખો અક્ષર બોલવાથી સરળતા થશે. શુદ્ધ ઉચ્ચારણ માટે આ ઉપરાંત, અમુક શબ્દો પર જરૂરી ભાર આપવાનો; અનુસ્વાર વિસર્ગ સ્પષ્ટ બોલવવાના; અમુક પદ અમુકની સાથે અને અમુકથી જુદા જ બોલવાના; (દા. ત. 'કારાવણે અ, કરણે.' બોલવાનું; પણ નહિ કે 'કારાવણે, અકરણે.' કેમકે એમાં તો પછી 'અકરણે' નો અર્થ 'પાપ ન કરવામાં' એવો થશે, અને એનું કાંઇ પ્રતિક્રમણ કરવાનું હોય નહિ.)...ઇત્યાદિ ધ્યાન રાખવાનું હોય છે. 'તમ–તિમિર–પડલ–વિદ્ધં સણુસ્સ' બોલે. ત્યાં 'વિદ્ધં' ને 'સણુસ્સ'થી શું સમજાય ? એ તો 'તમ–તિમિર–પડલ વિદ્ધંસણુસ્સ' બોલે તો સમજાય કે 'મોહ–અજ્ઞાન રૂપી અંધકારના સમૂહનો નાશ કરનારને.' એમ 'વંદણુ–વય–સિક્ખાગા રવેસુ' બોલવાથી અર્થ કેમ સમજાય ? એ તો 'વંદણુ–વય–સિક્ખા–ગારવેસુ' બોલે તો સમજાય.

૨. પદઃ—વ્યાખ્યામાં બીજું પગથિયું 'પદ.' **'विभक्त्यन्तं पदम्'** જે શબ્દને છેડે વિભક્તિ હોય તેને પદ કહેવાય; દા. ત. ક્રિયાપદ, નામપદ, વિશેષણપદ વગેરે. તે એકાકી (અસામાસિક) પદ હોય દા. ત. 'લોએ'; અથવા બે કે અધિક શબ્દથી બનેલું સામાસિક પદ પણ હોય, જેમકે 'સવ્વસાહૂણું.' તો સંહિતા પછી સૂત્રના પદ અલગ પાડી બતાવવાના; જેમકે પ્રસ્તુતમાં 'નમો, ત્થુ, ણું, અરહંતાણું.' એથી સરળતાથી અર્થ સમજાય.

૩. પદાર્થઃ—હવે પદોનો અર્થ બતાવવો. પ્રસ્તુતમાં, 'નમો' પદનો અર્થ 'નમસ્કાર' થાય છે; અને નમસ્કાર એટલે પૂજા લેવાની છે. પૂજા એટલે સંકોચ કરવો તે. તે બે પ્રકારે, ૧. **દ્રવ્યસંકોચ** અને ૨. **ભાવસંકોચ.**

દ્રવ્યસંકોચમાં હાથ, પગ, મસ્તક વગેરેનું અમુક ચોકસ પ્રકારનું નિયમન આવે; ભાવસંકોચમાં મનનું નિયમન આવે. હાથ વગેરેનું નિયમન એટલે શાસ્ત્રે કહ્યા મુજબ એને સ્થાપિત કરવા; અર્થાત્ અંજલિબદ્ધ પ્રણામ કરવો હોય તો હાથની અંજલિ જોડી, મસ્તક સહેજ નમાવી આગળ અંજલિ રાખવી.

બે પગના તળિયાં વચ્ચે અંતર આગળથી ૪ આંગળ, પાછળથી સહેજ ઓછું. મંદિરમાં પેસતાં જ જ્યાં પ્રભુ દેખાયા કે તરત જ આ અંજલિબદ્ધ પ્રણામથી 'નમો જિણાણું' બોલી નમસ્કાર કરવાનો છે. એ બોલવું એ વાણીનું નિયમન રૂપી દ્રવ્યસંકોચ છે. ગભારા આગળ પહોંચી પ્રભુ સામે ઉભા રહેતાં 'અર્ધાવનત' પ્રણામ કરવાનો. એમાં કેડમાંથી નમીને એજ અંજલિબદ્ધ પ્રણામની મુદ્રાએ 'નમો જિણાણું' કહેવાનું. ચૈત્યવંદન શરૂ કરવા પૂર્વે ખમાસમણું દેતાં પંચાંગ પ્રણિપાત કરવાનો; જેમાં નીચે પડી ભૂમિને બે ઢીંચણ, અંજલિ જોડેલા બે હાથ, અને લલાટ, એમ પાંચ અંગ અડે. 'નમોત્થુ ણું' શરૂ કરતાં પણ, અહીં કહે છે, ભૂમિ પર બે ઢીંચણ અને બે હાથ સ્થાપિત કરી 'નમોત્થુણં અરહંતાણં' બોલવાનું. આ બધું દ્રવ્યસંકોચ.

ભાવસંકોચમાં વિશુદ્ધ મનનું નિયોજન કરવાનું. આના વિના ઉપર કહેલું બધું સાચવ્યું છતાં લાભ નથી. લાભ તો સાથે વિશુદ્ધ મનને ભેળવવાથી થાય; માનસિક શુભ લક્ષથી થાય. અહીં પ્રશ્ન થાય કે, **વિશુદ્ધ મન એટલે શું?**

'**યોગદૃષ્ટિ સમુચ્ચય**' નામના શાસ્ત્રમાં પહેલી યોગદૃષ્ટિના પ્રસંગમાં, '**जिनेषु कुशलंचित्तं...**' વગેરે યોગનાં બીજનો સંગ્રહ કરવાનું કહ્યું છે. તેમાં જિનેન્દ્ર દેવ ઉપર કુશળ ચિત્ત, અને વાચિક સ્તુતિ, તથા સંશુદ્ધ પ્રણામાદિ કરવાનું કહ્યું, ત્યાં સંશુદ્ધિ યાને વિશુદ્ધિ શું, એ માટે કહ્યું કે એ ચરમાવર્ત કાળમાં જ તથાભવ્યત્વનો પરિપાક થયે થાય, અને આવા સ્વરૂપવાળી હોયઃ-

उपादेयधियात्यन्तं संज्ञाविष्कम्भणान्वितम्। फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदृशम्॥

અર્થાત્ જે પ્રણામાદિ (૧) અત્યન્ત ઉપાદેય બુદ્ધિથી યાને જગતનાં બીજાં કાર્યો કરતાં મહા-કર્તવ્ય તરીકે હૃદયથી વધાવીને થતું હોય, સાથે (૨) આહારાદિ ચાર સંજ્ઞા અને ક્રોધાદિ ચાર સંજ્ઞા તથા ઓઘસંજ્ઞા અને લોભસંજ્ઞાના નિગ્રહવાળું હોય, તેમજ (૩) સાંસારિક કોઈ ફળની આશંસા-અપેક્ષા વિનાનું હોય, તે વિશુદ્ધ પ્રણામાદિ છે. આમાં સ્પષ્ટ થઈ જાય છે કે વિશુદ્ધ મન માટે આ ત્રણ વસ્તુ જોઈએ.

(૧) **અત્યન્ત ઉપાદેય બુદ્ધિઃ**—ચાહ્ય નમસ્કાર હોય કે બીજું કોઈ ધર્માનુષ્ઠાન હોય, પહેલું તો એના માટે મન એટલું નિશ્ચલ જોઈએ કે અંદરથી એ પોકાર કરીને કહે કે 'આ અર્હદ્-નમસ્કારાદિ એ અનુપમ કાર્ય છે! માટે અત્યંત આદરણીય છે, મહા-ઉપકારક ને મહાહિતકારક છે! આ કરવામાં જ મારા જીવનની શોભા છે! માનવજીવનનો મારે આ એક મહાન લહાવો છે!...' વગેરે. એનું નામ અત્યંત ઉપાદેય બુદ્ધિ. ધર્માનુષ્ઠાન અત્યંત કરણીય લાગવું તે.

(૨) **સંજ્ઞાઓનો નિગ્રહઃ**—વિશુદ્ધ મન માટે આહારાદિ દસ સંજ્ઞાનાઓને ય અટકાવવી જોઈએ. સંજ્ઞા એટલે માત્ર ઇચ્છા નહિ, કિન્તુ વલણ અને પક્ષપાત, લત અને લગની. આહારની ઇચ્છા તો થાય પણ માત્ર ઇચ્છા હોય તો આહાર લીધા પછી લત ન રહે. આ તો પેટ ભરીને જમ્યા પછી કોઈનું નોતરું આવે ને એમ થતું હોય કે 'અરેરે! કેવી મેં જમી લેવાની ઉતાવળ કરી! ને આ ગુમા-વવાનું થયું!' તો એ લત છે. નહિતર તો એમ થાય કે,-'હવે શું છે? આહારની વેઠ પતી ગઇ.' બસ, સંજ્ઞાને લીધે આહારાદિની ક્રિયા એ વેઠરૂપ નથી લાગતી, એજ વાંધો છે. વેઠ સમજો છો ને? પોતાનું કાર્ય પતાવી જલદી પાછું આવવું છે, એમાં પાડોશી કામ વળગાડે અને અનિચ્છા છતાં ના પડાતી નથી, તો એ કામ કરશે, પણ વેઠરૂપ માનીને. આહાર, વિષય, પરિગ્રહ, અને નિદ્રા, એ ચાર

તથા ક્રોધાદિ ચાર કષાયો, લોકખુશી ને ઓઘ-ગતાનુગતિક પ્રવૃત્તિ, એ દસની સંજ્ઞા હોય છે. એ બધું વેઠરૂપ લાગવું જોઇએ, પછી એની સંજ્ઞા કાબુમાં લેવાના ચોક્કસ પ્રયત્ન થઈ શકશે.

વેઠરૂપ લગાવવા માટે દરેક સંજ્ઞાનો પૂર્વ ઇતિહાસ, સંજ્ઞામાં તણાયા આત્માના અથાગ પ્રયત્નોની બરબાદી, સંજ્ઞાના ફળ સ્વરૂપે આત્માને વર્તમાન અને ભવાંતરોની દુઃખદ દુર્દશા, વગેરે ખૂબ હૃદયથી વિચારવા જેવું છે!...◆**આહારસંજ્ઞામાં** જીવ ગર્ભમાં આવે ત્યારથી તરત પહેલી આહારની લપ શરૂ થાય છે! પ્રતિસમય આહાર લે છે! કવિ કહે છે, **'આહાર કરતાં અહનિશ માચ્યો, નાચ્યો ઈણ સંસાર, સાંભળ વિશરામી.'** તો હવે કયાં સુધી એની લત રાખવી? પેટ બિચારૂં ગમે તે આહારથી ભરાયા પછી માગતું નથી; તો લત શા સારૂ જોઇએ? ભૂખને લીધે નહિ પણ આહારની સંજ્ઞાને લીધે તપ ન કરતાં છૂટા રહેવાનું મન રહે છે. તપ ગુમાવવાથી અઢળક પાપક્ષય કરવાનું ગુમાવાય છે. વગેરે પર વિચાર કરતાં આહારની સંજ્ઞા કાબૂમાં આવી શકે છે....◆**વિષયની સંજ્ઞા** પર કાપ મૂકવા માટે પણ ઇન્દ્રિયોને મનગમતા વિષયો,- રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ તથા એના આશ્રય, ને એનાં સાધનનાં ભોગવટા પણ વેઠરૂપ લાગવા જોઇએ; કેમકે એનો ઇતિહાસ જુગજૂનો છે; કાળો ઇતિહાસ છે! એની પાછળ આત્માના અથાગ પ્રયત્નો છતાં પરિણામે વિશ્વાસઘાત, નિરાશા, નાલેશી અને નિકંદન તથા ૮૪ લાખ યોનિમાં અનંતા ચક્કાવા; સિવાય બીજું શું મળ્યું છે? આટલું છતાં વિષયોની કારમી ભૂખ પાછી એની એ! મોહમદિરાનો નશો છે એ જ! વિષયોનાં આકર્ષણ આત્માના વૈરાગ્યના પરાક્રમને જર્જરિત કરે છે, તત્ત્વદૃષ્ટિને આવરે છે, પરમાત્મ-સગાઈને જામવા દેતાં નથી! પ્રકાશમય માનવજીવનમાં આ અંધારા? વિષયો પાછળ કેવી વિટંબણા! એના શા પક્ષપાત રાખવા, શી લત ધરવી? ...◆**પરિગ્રહ સંજ્ઞાએ** તો દાટ વાળ્યો છે! જીવને પરિગ્રહની એવી લત લાગી છે કે 'બસ, જે અને જેટલું મળે તે ભેગું કરો.' ગોખી રાખ્યું છે કે 'સંઘર્યો સાપ પણ કામ લાગે!' 'ઝાઝું હશે તો વધારે નિરાંત!' ખબર નથી કે 'વિશાળ પૃથ્વી પર તો અપરંપાર પડયું છે! તું શું શું, ને કેટ-કેટલું ભેગું કર્યે જઈશ? ભેગું કરેલું ય કોના માટે? **લોભનો ખાડો અપૂર્ણ છે, 'अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु ह्रीयते'**—એને પૂરવાનું બંધ કરાય તો પૂરાઇ જાય છે! ને પૂરવા જતાં ઉંડો થતો જાય છે! પાછું ગમે તેટલું ભેગું કર્યું પણ તે અવશ્ય મૂકીને મરવાનું જ! ને થોક પાપનાં ઉકરડા ઉંચકી પરલોકે ચાલવાનું! વિષય સંજ્ઞામાં રાજસભાવ, ત્યારે પરિગ્રહ-સંજ્ઞામાં તામસભાવ પ્રવર્તે છે; ને એના સંરક્ષણમાં નરકદાયી રૌદ્રધ્યાન આવે છે! વળી સંસારનું મૂળ આરંભસમારંભ, અને એનું મૂળ પરિગ્રહ છે. માતાપિતાની ભક્તિ અને સગાનાં સ્નેહ તોડાવનાર પરિગ્રહ છે. કલેશ-કંકાસને જગાવી આપનાર પરિગ્રહ છે! પરિગ્રહની લત જડની આસક્તિ અને ધર્મની અરુચિ કરાવે છે! ગુણોનો નાશ અને દોષોનો વાસ કરાવનાર પાપી પરિગ્રહ છે...પરિણામે ભવભ્રમણના ચકડોળે ચઢાવ-નાર એ પરિગ્રહ વેઠ નહિ તો બીજું શું?...◆**નિદ્રા અને ભય સંજ્ઞા** પણ જીવને સત્ત્વહીન બનાવે છે. જરા નવરો પડયો કે 'લાવ, આરામ કરૂં' સૂઝશે, અથવા રાત્રે ઉંઘ નથી આવતી કે વહેલો જાગી પડયો તો 'કેમ ઉંઘનું ઠેકાણું નથી' એમ થશે! પણ 'લાવ, તત્ત્વચિંતન અથવા પરમાત્મસ્મરણ કરૂં' એ નહિ. દુનિયાનો બીજો સ્વાર્થ ઘવાતો હોય એવી ઉંઘ આવી ગઈ તો ખેદ થાય છે, પણ 'નિદ્રાની લપમાં આત્મ જાગ્રતિ ગુમાવી રહ્યો છું' એમ નથી થતું! યાદ નથી કે એકેન્દ્રિયપણામાં અનંતા પુદ્ગલ-પરાવર્ત કાળ નિદ્રામાં ગયા! આ તો આત્મચિંતાનો પંચેન્દ્રિય માનવપણાનો કાળ છે. આ જીવનની પળેપળ કિંમતી છે...◆**ભય સંજ્ઞા** પણ ચારે બાજુનો જરી-જરી વાતનો ય ભય લગાડે છે. 'શરીર બગડશે? ચીજ બગડી જશે? ફલાણાને ખોટું લાગશે? હું મૂર્ખ ગણાઇશ?'... હાલતાં ને ચાલતાં ભય! ભય સંજ્ઞાથી વળતું કાંઇ નથી, ને સત્ત્વહીનતા મળે છે! કાર્ય સુધારવાને બદલે કેટલીકવાર

બગાડી નાખવાની ઉતાવળ થાય છે! કર્મના અટલ સિદ્ધાન્ત ભૂલાય છે! પરમાત્માનો વિશ્વાસ ગુમાવાય છે! નહિતર, 'છે શું? વારેવારે ડરપોકપણું શું? અરિહંત પ્રભુની કૃપાએ બધું સારૂં જ થવાનું છે,–' એવી લગની રહ્યા કરે.

...ત્યારે **◆ક્રોધાદિની સંજ્ઞાઓ** મોટી. જીવ છે, ક્રોધ–માન–માયા–લોભ થઇ જાય, પરંતુ એની લત શી? યોગીઓ ક્ષમાદિના ભેખ લે તેમ, જીવે આ તો જાણે ગુસ્સો, ને અહંકાર, મમતા ને તૃષ્ણાના ભેખ લીધા! અરે! એમાં કદાચ તત્કાલ પૌદ્ગલિક લાભેય દેખાયો,–જે કે એ લાભ તો પુણ્ય પહોંચતું'તું માટે દેખાયો, નહિ કે કષાયથી,–છતાં એમાં આત્મસ્વરૂપ વધારે મલિન થઇ રહ્યું છે, એ હકીકત છે. સમજવું જોઇએ છે કે અનાદિની આ કુટિલ કષાયસંજ્ઞા ભવભ્રમણ તરફ દોરી જઇ રહી છે! મનને સહેજ અણગમતું થયું કે ક્રોધ ઉઠ્યો, માન ઉઠ્યું, 'મારૂં કેમ બગાડ્યું?' આમાં ક્ષણનો વિલંબ નહિ! જાણે સ્વભાવ બનાવી દીધો કે હાલતાં ને ચાલતાં હર્ષ–ઉદ્વેગ, ને રાગદ્વેષ કરવાના! કોઇનો બંગલો, ભલે એના ઓટલેય બેસવા ન મળે, પણ ઝટ રાગ! 'બંગલો બહુ સારો બાંધ્યો!' આવા આવા રાગ–દ્વેષમાં, ને ક્રોધાદિ કષાયમાં ક્ષમા–નમ્રતાદિની ઉત્તમ તક ગુમાવાઇ રહી છે! કયાં એ ક્ષમાદિના જોરદાર અને વારંવાર અભ્યાસ કરી દિલને ઉદાર, ગંભીર અને તૃપ્ત બનાવવાનું! ને કયાં ક્રોધાદિમાં નીપજતી ક્ષુદ્રતા, તોછડાઇ, લંપટતા વગેરે! કષાય જ સંસાર છે, ને '**कषायमुक्तिः किल मुक्तिरेव**!'...ત્યારે, **◆લોકસંજ્ઞા** એક જ ધૂન રખાવે છે 'કેમ લોકમાં સારો હોશિયાર દેખાઉં! સામાને વહાલો થાઉં!' પછી એમાં જૂઠ કપટ વગેરે પાપોનો સંકોચ નથી રહેતો! લોકસંજ્ઞામાં તણાયા મુનિ પણ માર્ગ ભૂલે છે! લોક કશું પરખાવી દેતો નથી; ઉલટું અનંતા સિદ્ધ ભગવાન જે આપણાં યથાર્થ દર્શન કરી રહ્યા છે એમને દૃષ્ટિમાં રાખવાનું ગુમાવી અજ્ઞાન મોહાંધ લોકના સર્ટીફિકેટ લેવાની ઘેલછા થાય છે! તારક જિનાજ્ઞાને વહાલી કરવાને બદલે મૂઢ લોકને વહાલા થવાની દુર્બુદ્ધિ રહે છે!...**◆ઓઘ સંજ્ઞામાં**, નિર્વિચાર બની હિતાહિતનું લક્ષ ભૂલી ગતાનુગતિક ચાલવાની સંમૂર્છિમ દશામાં ઘસડાયા રહેવાનું થાય છે! પ્રવૃત્તિ પાપની થતી હોય તો ય, સાથે સાથે આલોક–પરલોકનું શું અહિત થઇ રહ્યું છે એનો ઘીખતો ખ્યાલ જોઇએ, અને પ્રવૃત્તિ ધર્મચર્યાની હોય તો એમાં હિતનો, વિધિનો, સૂત્રાર્થનો વગેરે–પાકો માનસિક ઉપયોગ જોઇએ.

આવી બધી વિચારણા આહારાદિની પ્રવૃત્તિને વેઠ રૂપ બનાવે છે, કમી કરાવે છે, એની સંજ્ઞાનાં જોસ મોળાં પાડે છે; અને એમ સંજ્ઞાનો નિગ્રહ થતો આવે છે.

(૩) **ફળની આશંસાનો ત્યાગઃ**—વિશુદ્ધ મન માટે, નમસ્કારાદિ ધર્મક્રિયાના ફળ તરીકે કોઇ માનપાન, રાજ્ય, ઋદ્ધિ વગેરે કે દેવલોકાદિ સુખની લેશ પણ અપેક્ષા ન રખાય, અભિલાષા ન રખાય. એવી અપેક્ષા–અભિલાષાદિથી કરાતી ધર્મક્રિયા, એ મનને પૌદ્ગલિક સુખનાં બીજાં પાપ સાધનની જેમ એક પ્રકારનું સાધન માત્ર ભાસે છે; તેથી પૌદ્ગલિક સુખની આગળ એ ગૌણ બની જાય છે. મૂળ મમત્વ 'પૌદ્ગલિક સુખનું સાધન મળશે!' એટલું જ થાય એમ નહિ, પણ મન હરખે છે કે ધર્મક્રિયાથી તો એ સુખ ઉલટાં બહોળાં મળશે, તથા અવશ્ય મળશે, એટલે એવો હરખ મનને એ સુખમાં અતિશય ગૃદ્ધ, લંપટ અને મૂર્છિત બનાવે છે. માટે એવી ફલાશંસાનો, ફળ–કામનાનો ત્યાગ કરી નિષ્કામ વૃત્તિએ ધર્મસાધના કરવી જોઇએ.

પ્ર૦—ભલે એ નહિ, તો મોક્ષની તો કામના રહેશે ને? પછી નિષ્કામ શી રીતે?

ઉ૦—મોક્ષની કામના એ ખરી રીતે કામના નહિ, પણ કામનાઓનો મોક્ષ છે; અર્થાત્ ઇચ્છાઓનો ત્યાગ છે; માટે નિષ્કામવૃત્તિ છે. એને ખૂબ વિકસાવતાં અંતે મોક્ષની પણ ઇચ્છા છૂટી જાય છે!

તો ભાવ પૂજારૂપ નમસ્કાર એટલે જે ભાવસંકોચ અર્થાત્ વિશુદ્ધ મનનો નિયોગ કહ્યો, તેમાં મનની વિશુદ્ધિ માટે ઉપર કહ્યા મુજબ નમસ્કારમાં મહાકર્તવ્ય-બુદ્ધિ, સંજ્ઞાનિગ્રહ, અને નિષ્કામવૃત્તિ જોઈએ. 'નમોત્થુણં અરહંતાણં'માં 'નમો' નો આટલો અર્થ થયો.

નમસ્કારની પ્રાર્થના અને નમસ્કારમાં ફેરઃ—હવે 'ત્થુ' અર્થાત્ અત્થુ=અસ્તુ' નો અર્થ 'હો' એવો થાય. એનો ભાવ પ્રાર્થના છે, અર્થાત્ અહીં નમસ્કારની પ્રાર્થના કરી. પ્રાર્થના એટલે જે વસ્તુ આપણી પાસે નથી અને જોઈએ છે, તેની માગણી. તેથી સુચિત થાય છે કે પ્રસ્તુતમાં સ્તુતિકાર 'હું-નમસ્કાર કરું છું,' એવો દાવો નથી રાખતા, પણ મને 'નમસ્કાર કરવાનું મળો, એવી પ્રાર્થના કરે છે. ત્થુ=અસ્તુ' વિના એકલું 'નમો અરિહંતાણં' બોલાય એનો અર્થ તો 'હું અરિહંત પરમાત્માને નમુ છું,' —એવો થાય, ત્યાં નમસ્કાર હો એવો અર્થ નહિ.

પ્ર૦— ત્યારે એક સ્થાને નમસ્કાર કરવાનો દાવો, અને બીજે નમસ્કારની પ્રાર્થના કેમ?

ઉ૦— જયાં 'નમસ્કાર કરું છું' એમ કહ્યું ત્યાં ઇચ્છાયોગનો નમસ્કાર કર્યો; ને જયાં પ્રાર્થના કરી ત્યાં સામર્થ્યયોગનો નમસ્કાર કરવાની માગણી કરી. શ્રી ગણધર મહર્ષિ જેવા પણ આવા સામર્થ્યયોગના નમસ્કારનો દાવો નથી કરતા, કેમકે એ શાસ્ત્રયોગની ય ઉપરનો ને શ્રેણિમાં ચઢેલા જ કરી શકે તેવો છે. એ તો પ્રમાદના યોગે બેઠખાંપણવાળો છતાં અત્યંત અભિલાષા પૂર્વક થતો નમસ્કાર, કે જે ઇચ્છાયોગનો નમસ્કાર છે, એ કરવાનો ઇકરાર કરે છે; માટે અહિં 'નમોત્થુણં' માં ઉંચા નમસ્કારની પ્રાર્થના કરી. આ સૂચવે છે કે આત્મામાં કેટલો બધો નમ્રભાવ અને લઘુભાવ પ્રગટે ત્યારે ઊંચી નમસ્કાર ક્રિયાની પ્રાર્થના થાય અને પછી તો કેટલી બધી અત્યંત ઉચ્ચદશા પામે ત્યારે ઉચ્ચ નમસ્કાર કરે! ત્યારે પોતે એવા નમસ્કાર લેવાને યોગ્ય થાય એ વળી કેટલી બધી સર્વોચ્ચ પરમાત્મદશા! ઊંચા ઊંચા વિકાસ નિજના આત્માના કરો, માટીની માયા-બંગલા તિજોરી, વેપાર, હકુમત, કીર્તિ, વગેરે-ના કર્યેથી શું?' એ તાત્પર્ય છે.—હવે 'નમોત્થુણં' વાક્યમાં,

'ણં' નો અર્થ કાંઇ નથી. માત્ર તે વાક્યના અલંકાર માટે, એટલે કે ઉચ્ચારણમાં શોભે તે માટે મૂકવામાં આવ્યું છે, એ સંસ્કૃત ભાષામાં નથી આવતું, પણ અહિં પ્રાકૃત ભાષાની શૈલીથી મૂકેલું છે.

'અરહંતાણં=અર્હદ્ભ્યઃ' એટલે દેવ વગેરેથી કરાતા અતિશયરૂપી પૂજાને જે યોગ્ય છે, તે. સંસ્કૃતમાં 'અર્હ' અને પ્રાકૃતમાં 'અરહ' અથવા 'અરિહ' નો અર્થ 'યોગ્ય હોવું' એવો થાય છે. તે પરથી 'અર્હત્=અરહંત કે અરિહંત' નો અર્થ 'યોગ્ય હોનાર' એવો થાય છે. તે પરથી 'અરહંતાણં' અથવા 'અરિહંતાણં' પદ બને. તેમાં છઠ્ઠી વિભક્તિ લાગી તે ચોથી વિભક્તિના અર્થમાં છે; કેમકે પ્રાકૃત ભાષામાં ચોથી વિભક્તિ નથી, પણ જરૂર પડયે છઠ્ઠી વિભક્તિથી ચોથી વિભક્તિનો અર્થ લેવાય છે. પ્રસ્તુતમાં ચોથી વિભક્તિનો અર્થ એટલા માટે લેવાનો છે કે 'નમો=નમઃ' પદના યોગમાં જેને નમસ્કાર કરવામાં આવે તેને ચોથી વિભક્તિ લાગે, એવો નિયમ છે. અહિં એટલું ધ્યાનમાં રહે કે 'અરહંત' કે 'અરિહંત' શબ્દ એ નામનો મુખ્ય અર્થ, 'દ્વાદશથી થતા અતિશયો કે જેમાં અશોકવૃક્ષ વગેરે આઠ પ્રાતિહાર્ય આવે છે, તે રૂપી પૂજાને યોગ્ય'-એવો લેવાનો છે; નહિતર તો જો 'અરિ-(રાગાદિશત્રુ)ને હણનારા' એવો અર્થ લઇએ, તો તેવા તો બીજા વીતરાગ કેવળજ્ઞાની પણ હોય છે, છતાં તેમને અરહંત કે અરિહંત તરીકે સંબોધવામાં કેમ આવતા નથી, એવો પ્રશ્ન ઉભો થાય.

(લ૦) पदविग्रहस्तु यानि समासभाञ्जि पदानि तेषामेव भवतीति नेहोच्यते। चालना तु अधिकृतानुपपत्तिचोदना; यथा,-अस्त्विति प्रार्थना न युज्यते, तन्मात्रादिष्टासिद्धे। प्रत्यवस्थानं तु नीतितस्तन्निरासः; यथा, युज्यत एव, इत्थमेवेष्टसिद्धेरिति। पदयोजनामात्रमेतद्; भावार्थं तु वक्ष्यामः।

અર્થ:—પદોનો વિગ્રહ તો જે સમાસવાળા પદો હોય, તેનો જ થાય છે. (પણ અહીં સમાસ નથી.) એટલા માટે અહીં પદવિગ્રહ કહેવાનો નથી. ચાલના વળી પ્રસ્તુતની અસંગતિ અંગે પ્રશ્નરૂપ છે; જેમકે ('નમસ્કાર હો' એમાં) 'હો' એ પ્રમાણે પ્રાર્થના કરવી યોગ્ય નથી; કેમકે પ્રાર્થના માત્રથી ઇષ્ટની સિદ્ધિ થતી નથી. ત્યારે પ્રત્યવસ્થાન એ યુક્તિપૂર્વક તે પ્રશ્નનું નિરાકરણ કરવા રૂપ છે. જેમકે (પ્રાર્થના) યોગ્ય જ છે; કારણ કે પ્રાર્થના કરવાથી જ ઇષ્ટની સિદ્ધિ થાય છે. વ્યાખ્યાનું આ સ્વરૂપ બતાવ્યું, એ પદોની યોજના માત્ર છે; કિન્તુ ભાવાર્થ આગળ કહીશું.

વિવેચન:—

(૪) **પદવિગ્રહ**—વ્યાખ્યાના પદવિગ્રહ નામના **ચોથા સ્વરૂપમાં** જે સૂત્રની વ્યાખ્યા કરવાની હોય તેના સામાસિકપદ (સમાસ)ના અવાંતર પદો વિભક્તિ સાથે છૂટા પાડી બતાવવાના હોય છે. દા. ત. 'શ્વેતાંબર' પદનો વિગ્રહ કરતાં. કહેવાય કે 'શ્વેત છે અંબર (વસ્ત્ર) જેના.' 'નમોત્થુણં અરહંતાણં ભગવંતાણં ભગવંતાણં'માં કોઇ સમાસવાળું પદ નથી, માટે અહીં પદવિગ્રહ વગેરે કહેવાનું નથી.

(૫) **ચાલના:**—વ્યાખ્યાના પાંચમાં સ્વરૂપમાં ચાલના કરવાની હોય છે, અર્થાત્ સૂત્રમાં કહેલી વસ્તુ સામે 'એ કેમ ઘટી શકે,' એવો પ્રશ્ન, એવી અસંગતિ યાને શંકા ઉભી કરવાની હોય છે. જેમકે, પ્રસ્તુતમાં કહેવાય કે 'નમોસ્તુ'માં 'અસ્તુ' કહીને જે પ્રાર્થના કરો છો, તે કેવી રીતે ઘટી શકે? કારણ કે પ્રાર્થના કરવા માત્રથી ઇષ્ટ વસ્તુની સિદ્ધિ થતી નથી. દા. ત. મોક્ષની પ્રાર્થના કરવાથી મોક્ષ થોડો જ મળી જાય છે? એમ પ્રાર્થના માત્રથી નમસ્કારનું સામર્થ્ય કયાંથી મળી શકશે? આ શંકા કરી, અસંગતિ ઉભી કરી. હવે,

(૬) **પ્રત્યવસ્થાન:**—પ્રત્યવસ્થાન એટલે કે યુક્તિદ્વારા સમાધાન કરવું, અસંગતિનું નિવારણ કરવું. જેમકે પ્રસ્તુતમાં પ્રાર્થના અસંગત નથી, પણ યોગ્ય જ છે. કેમકે, **પ્રાર્થનાથી જ ઇષ્ટ વસ્તુની સિદ્ધિ થાય** છે. ઇષ્ટસિદ્ધિમાં અલબત બીજા કારણો કામ કરે છે ખરા, પરંતુ પ્રાર્થના મુખ્ય કામ કરે છે. કારણ કે પ્રાર્થના વિના ચાલી શકે નહિ. **'બધું સારૂં અરિહંતના પ્રભાવથી જ થાય છે,'—એવી જોરદાર આસ્થા હોય તો પ્રાર્થના થાય છે; અને એ આસ્થા ઇષ્ટની આડે આવતા આવરણભૂત કર્મોનો નાશ કરે છે; અને તો જ ઇષ્ટ સિદ્ધ થાય છે. એટલે કહેવાય કે પ્રાર્થના જ આસ્થા દ્વારા ઇષ્ટને સાધી આપે છે.** આ પ્રમાણે વ્યાખ્યાના છ સ્વરૂપ અર્થાત્ લક્ષણ બતાવ્યાં. આ તો પદોની યોજના માત્ર થઇ. ભાવાર્થ આગળ કહેવાશે.

હવે એવી વ્યાખ્યાના અધિકારી બનવા માટે જિજ્ઞાસાદિ સાત ગુણો આવશ્યક છે, તે વ્યાખ્યાનાં અંગ કહેવાય છે. તેની સમજ આગળના પ્રકરણમાં આપવામાં આવે છે. એ ખૂબ મનનીય છે. એમાં માત્ર વ્યાખ્યા કેમ કરાય એટલી જ સમજ નથી; પરંતુ જીવન-ઘડતરને ઉપયોગી વસ્તુઓ, જ્ઞાનની મહત્તા, જ્ઞાનના પ્રકાશ ઉપરાંત અત્યંત આવશ્યક અને કિંમતી પરિણમન, એના સંબંધમાં અનેકાનેક ગુણોના સૂક્ષ્મ રહસ્ય અને ઉપાય...વિગેરેનું વર્ણન છે; જે પામીને આત્માના ઊર્ધ્વીકરણ માટે વિશિષ્ટ પ્રયત્ન આદરણીય છે.

વ્યાખ્યાનાં ૭ અંગ : ૧. જિજ્ઞાસા

(લ૦) व्याख्याङ्गानि तु जिज्ञासादीनि, तदव्यतिरेकेण तदप्रवृत्तेः । तत्र, 'धर्मं प्रति मूलभूता वन्दना,–अथ कोऽस्यार्थः' इति ज्ञातुमिच्छा जिज्ञासा । न सम्यग्ज्ञानाद् ऋते सम्यक्क्रिया, 'पढमं नाणं ततो दयेतिवचनात् । विशिष्टक्षयक्षयोपशमनिमित्तेयं नासम्यग्दृष्टेर्भवतीति तन्त्रविदः।

અર્થ:—વળી વ્યાખ્યાના અંગો જિજ્ઞાસા આદિ છે; કેમકે જિજ્ઞાસાદિ વિના વ્યાખ્યાની પ્રવૃત્તિ થતી નથી. એમાં જિજ્ઞાસા એ છે કે (દા. ત.) 'ધર્મ પ્રત્યે મૂળ કારણભૂત વંદના છે, તો એનો શો અર્થ છે ?,' એ જાણવાની ઇચ્છા થાય. (જાણવું જરૂરી એટલા માટે છે કે) સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ ક્રિયા થતી નથી. શાસ્ત્રે કહ્યું છે કે,–'પઢમં નાણં તઓ દયા,' અર્થાત્ પહેલું (જીવોનું) જ્ઞાન, પછી (એની) દયા. આ જિજ્ઞાસા (કર્મના) વિશિષ્ટ ક્ષય યા ક્ષયોપશમથી થાય છે. (માટે) એ અસમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ આત્માને થતી નથી,—એમ શાસ્ત્રજ્ઞ પુરૂષો કહે છે.

વિવેચન:—જિજ્ઞાસા વગેરે, એ વ્યાખ્યાના સાત અંગ છે, કારણ છે. કારણ એટલા માટે કે શિષ્યમાં જિજ્ઞાસાદિ દેખાયા વિના ગુરુ વ્યાખ્યા આપતા નથી.

કોઇ પણ સૂત્રની વ્યાખ્યા પામવાની યોગ્યતા એ, કે (૧) એ સૂત્રના અર્થ–ભાવાર્થ માટે સાચી જિજ્ઞાસા પ્રગટી હોય; (૨) યોગ્ય વ્યાખ્યાકાર ગુરુ પ્રાપ્ત થયા હોય; (૩) પોતે વાચના-લેવાની વિધિમાં ઉદ્યત હોય; (૪) વાચનામાં મળતા બોધને પરિણમાવી સ્થિર કરે તેવો હોય, (૫) જ્ઞાન પામ્યા ઉપર ગર્વ ન થતો હોય; (૬) પ્રાપ્ત થતા બોધને અમલમાં ઉતારતો હોય; અને (૭) અલ્પસંસારી જીવ હોય. સામૂહિક વ્યાખ્યાન અપાતું હોય, એમાં પોતે યોગ્ય નહિ છતાં શ્રોતા તરીકે આવી ગયો હોય તો પણ સાંભળવા તોમળે, પરંતુ એથી કાંઇ વાસ્તવિક વ્યાખ્યા— પ્રાપ્તિ થઈ શકતી નથી. આ સાતેય ગુણોના આગલ બતાવાશે તે સ્વરૂપ પરથી સમજી શકાશે કે વ્યાખ્યા લેવા માટે કેટલું આત્મ—ઘડતર કરવાની આવશ્યકતા છે. વ્યાખ્યા શું, કે બીજી પણ કોઈ આત્મહિતકર વસ્તુ શું એ સિંહણના દૂધની માફક ઘણી ઊંચી અને કિમતી વસ્તુ છે. એ લેવા આત્માને સોનાના પાત્ર જેવો બનાવવો પડે. હવે સાતેયની વિવેચના:—

૧. જિજ્ઞાસા

જિજ્ઞાસા ન હોય તો શો વાંધો:— કોઇ પણ સૂત્રની વ્યાખ્યા માટે શ્રોતામાં જિજ્ઞાસા પહેલી જોઇએ. જિજ્ઞાસા એટલે જાણવાની ઇચ્છા. ઇચ્છા ન હોય એવાની આગળ પારાયણ કરવાથી પોતાને વ્યર્થ શ્રમ અને ઉત્સાહભંગ વગેરે થાય છે; ત્યારે સામા બિનગરજુને બોજ લદાતા જેવું લાગે છે. તેમાં ઉલટું કંટાળો, તથા કેટલીક વાર સૂત્રશાસ્ત્ર કે કહેવાતા તત્ત્વ પર વધુ અનાદર વગેરે પ્રગટે છે. જેમ ભૂખ વિનાનાને કરાવેલ ભોજન કદાચ પેટમાં ઉતરીય જાય, પણ પરિણામે નુકશાનકારક થાય છે, તેમ બિનગરજુને આપેલ વ્યાખ્યા કદાચ સમજાઈ પણ જાય, છતાં સરવાળે નુકશાન થાય છે. માટે જ્ઞાનની ગરજ, જ્ઞાનની જિજ્ઞાસા પહેલી જોઇએ.

ધર્મ પ્રત્યે મૂળભૂત વંદનાઃ-પ્રસ્તુતમાં ચૈત્યવન્દન સૂત્રની વ્યાખ્યાની જિજ્ઞાસા જરૂરી છે. એ જિજ્ઞાસા એવું જાણવાની ઇચ્છા સ્વરૂપ છે કે,-**'ચૈત્યવન્દન એ વંદના છે, અને વંદના એ ધર્મ પ્રત્યે મૂળ કારણભૂત કહેા છેા, તેા એનેા શેા ભાવ છે ? શું રહસ્ય છે ? સૂત્રનેા અર્થ શું છે ? ' સૂત્રના પદેાથી શું શું કહેવું છે ? '**...વગેરે.

પ્ર૦-**વંદના એ ધર્મ પ્રત્યે મૂળ કારણભૂત કેવી રીતે ?**

ઉ૦-કેાઈપણ ધર્મ કરવેા હેાય તેા વંદના પહેલી. સાધુદીક્ષા લેવી હેાય, શ્રાવકના વ્રત કે બીજા તપ ઉચ્ચરવા હેાય, ઉપધાનની કે માળની ક્રિયા કરવી હેાય, છ આવશ્યકમાં મુખ્ય પ્રતિક્રમણ યાને પાપ આલેાચવા-નિંદવા હેાય,-બધે પહેલી દેવાધિદેવને વંદના (દેવવંદન) અને બીજી ગુરુને વંદના (વાંદણા) કર્યા પછી જ તે તે ક્રિયા થાય છે. ચૈત્યવંદનની મેાટી ક્રિયામાં પણ પહેલું પંચાંગ પ્રણિપાત (ખમાસમણું) દેવાની વંદના કરવાની. ગુરુ આગળ સામાયિકની ક્રિયા પણ વંદના કરીને શરૂ કરવાની. ગુરુ કેાઈ આદેશ કરે તેાય તે વંદનાપૂર્વક સ્વીકારવાનેા, અને પાછેા અમલ કરવા વખતે ય વંદના. પૂર્વક આગળ વધવાનું. વડિલ પાસે પચ્ચક્ખાણ કરવું હેાય, ક્ષમા માગવી હેાય, વાચના અર્થાત્ (પાઠ) લેવેા હેાય, બધું જ વંદના કરીને થાય. પ્રતિક્રમણમાં જુએા વાંદણા દઈને 'અબ્ભુટ્ઠિઓ' (વિનયસ્ખલનાનેા મિથ્યાદુષ્કૃત), અને પાછું વાંદણા દેવાપૂર્વક 'આયરિય ઉવજ્ઝાએ' (આચાર્યાદિની ક્ષમાપ્રાર્થના.)

વંદનાને લીધે આત્મા નમ્ર બને છે, સામાના ગુણનેા ગ્રાહક બને છે, વિનય-વિવેક અને ઔચિત્ય સચવાય છે; અને તેા જ પછીના લાભનેા તે અધિકારી થાય છે. વંદના કર્યા વિના સીધું પચ્ચક્ખાણ કે બીજું કાંઇ માગવાનેા શેા અધિકાર છે ? અને એવું કાંઇ કદાચ મળી ગયું તેા તેની કિંમત કેટલી ? વંદના કિંમત લાવનાર છે, દિલને કેામળ બનાવનાર છે; ને જેમ કેામળ બનેલા માટીના પિંડામાં સારા ઘાટ ઉતરે, તેમ કેામળ દિલમાં સારા લાભ ઉતરે છે. આજે ય બ્રહ્મદેશમાં વડિલની પાસેથી નાનડિયા માત્ર પસાર થાય તેાય નમીને પસાર થાય છે; આજ્ઞા નમીને ઝીલે છે. અહીં પુત્ર-પુત્રી એ રીતે માબાપને નમવાનું સાચવે ખરા ? વિદ્યાર્થી શિક્ષકને ? મેાટા વિદ્યાર્થી પ્રેાફેસરને ? પત્ની પતિને ? ના રે ના, બે હાથ જેડી માથું નમાવી વંદના કરવાની વાતે ય શી ? પછી પેાષણ, કેળવણી, વગેરે લીધેલા કયાંથી ફળે ?

અસ્તુ. વંદના, સૂત્ર વગેરેના અર્થની જ્ઞાનની ભૂખનું નામ જિજ્ઞાસા.

પ્ર૦-એવા જ્ઞાનની શી એટલી બધી જરૂર છે ? એ વિના માત્ર સૂત્ર બેાલીને શું વંદનાદિક્રિયા ન થઈ શકે ?

ઉ૦-ક્રિયા ગમે તે કર્યાની કિંમત નથી, સમ્યક્ ક્રિયા કર્યાની અને સમ્યક્ રીતે કર્યાની ખરી કિંમત છે; ને તે સમ્યગ્ જ્ઞાન વિના થઇ શકતી નથી. **સમ્યગ્ જ્ઞાન** માટે અર્થ ભાવાર્થને જાણવા જોઇએ, માટે તે જણાવનારી વ્યાખ્યાનું જ્ઞાન અત્યંત જરૂરી છે. ક્રિયામાં જ્ઞાન જરૂરી હેાવા અંગે શાસ્ત્ર પણ કહે છે કે **'પઢમં નાણં તઓ દયા'**—અર્થાત્ 'પહેલું જીવેાનું જ્ઞાન મેળવેા, પછી જીવેાની દયા કરેા.'

દયાનું સ્થાનઃ—

પ્ર૦:-- તેા શું જ્ઞાન મેળવવા સુધી દયા મેાકૂફ રાખવી ?

ઉ૦:-પ્રશ્ન જ ઠીક નથી; કેમ કે દયા તેટલા જ જીવેાની ધ્યાનમાં આવશે કે જેટલા જીવેાનું જ્ઞાન હશે. તેા ત્યાં જ્ઞાનના પ્રમાણમાં દયા કરવાની જ છે; પછી દયા ઉભી રાખવાનેા અવકાશ જ નથી; ત્યારે જે સૂક્ષ્મ જીવેાની અને ગુપ્ત કે અપરિચિત જીવેાની ઓળખ જ નથી ત્યાં દયા કરવાનેા ખ્યાલ જ નથી, પછી શી દયા મેાકૂફ રાખવાની ?

પ્ર૦:-- ઠીક છે, પણ **શાસ્ત્રની આ બે આજ્ઞામાંથી એક માત્ર પહેલી જ્ઞાન મેળવવાની આજ્ઞા પાળે અને દયા ન કરે, તો તે આજ્ઞાપાલક ખરો કે નહિ ?**

ઉ૦:— **દયાની વૃત્તિ જ ન રાખે તો તે આજ્ઞાનો પાલક નહિ પણ વિરાધક છે, ઉત્થાપક છે; અને વૃત્તિ છે તો તે શક્ય દયા પાળવામાં બેદરકાર નહિ રહેવાનો.** એટલું જ નહિ પણ અશક્ય દયા, દા. ત. ગૃહસ્થને અગ્નિ, પાણી વગેરેના સ્થાવર જીવોની દયા અશક્ય છે તો તેમાં, જતના યાને બને તેટલી ઓછી હિંસા, અને અનિવાર્ય હિંસામાં અકર્તવ્ય-બુદ્ધિ, પાપભય, અનિષ્ઠુર દિલ તથા સાવધાની જરૂર રાખે. ત્યારે વ્રતધારી શ્રાવક ન હોય, માત્ર સમ્યગ્દૃષ્ટિ હોય, એ પણ દયાની વૃત્તિ યાને ભાવનાવાળો જરૂર હોય, હિંસામાં ઘોર પાપ સમજતો હોય. આ રીતે આ બંને ય દયાની આજ્ઞાના ઉત્થાપક નહિ પણ માનનારા છે, પાલક છે.

જ્ઞાનનું સ્થાન —

તાત્પર્ય, જ્ઞાન દયા માટે છે; કેમકે, દયા વિના ઉદ્ધાર નથી, તેથી કહેવાય છે કે **' જ્ઞાનસ્ય ફલં વિરતિઃ '** એટલે કે **જ્ઞાન મેળવ્યાની સફળતા વિરતિમાં અર્થાત્ હિંસાદિ પાપોથી વિરામ પામવામાં છે.** વિરતિ નહિ તો જ્ઞાન નિષ્ફળ કર્યું. પરંતુ આનો એ અર્થ નથી કે 'તો પછી વિરતિ જ મેળવો, જ્ઞાનનું શું કામ છે ?' કારણ કે જ્ઞાન નહિ હોય તો વિરતિ શી પાળશે ? વિવિધ જીવોની ઓળખ જ નહિ હોય, તે દયા કરવા નીકળી પડશે, તો દયા કોની કરશે ? માટે જ્ઞાનની તો પહેલી જરૂર છે. જ્ઞાનથી સમજાશે કે ઠેઠ પૃથ્વીકાય, અપ્કાય વગેરે એકેન્દ્રિય સુધીના ઝીણા જીવો જગતમાં હોય છે; લીલ-ફુગ-કંદમૂળમાં એકેક કણે અસંખ્ય શરીરો અને તે એકેકા શરીરમાં અનંતાનંત જીવો હોય છે; વાશી રોટલા-માવો-લોચાપુરી વગેરે, પાકા તડકા ખાધા વિનાનું ભેળ અથાણું, બે રાત્રિ લંઘેલું દહીં-છાશ, વગર ગરમ કરેલાં દૂધ-દહીં-છાશ સાથે કઠોળ (દ્વિદળ, વિદળ)ના સંયોગ, ઇત્યાદિમાં અગણિત જીવો ઉત્પન્ન થાય છે; ચાલે ત્યારે જ દેખાય એવા કંથવા (કંથુઆ) વગેરે સૂક્ષ્મ જીવો હોય છે; ખૂણે ખાંચરે, જાજમ-ફરનીચર વગેરે નીચે કીડી વગેરે જીવો કદાચ સંભવી શકે છે; એ જીવોનો આવી આવી રીતે, દા. ત. ખારાં, ને મીઠાં પાણી ભેગાં થવાથી, લાલ અને કાળી માટી ભેગી થવાથી, ઘાત થાય છે; વળી એની દયાના અમુક ઉપાય છે, આ બધું જ્ઞાન મેળવ્યું હોય તો સમજાય. જ્ઞાન વિના તો દહીંના સંયોગ વગેરે બની ગયાં; હવે એ વિચારશે કે 'આને બહાર મૂકી દઈશ તો કેટલાય નવા જીવ જન્મશે મરશે, માટે એની રક્ષા ખાતર આ ખાઇ જાઉં" ! ખરી રીતે આ દયાનો પરિણામ નથી, કઠોરતા છે; કેમકે **અસંખ્ય જીવવાળું** પોતાના દાંત વચ્ચે ચાવી નાખવાનો યા પેટમાં પધરાવી દેવાની બુદ્ધિ કરી. પેલું તો અનિવાર્ય હતું; પછીનું એના સ્વભાવે થવાનુ હતું. ત્યારે આ તો પોતે જ મારવાનું કર્યું. એના બદલે **'આ મારી ભૂલે ઉત્પન્ન થઇ ગયેલા જીવો બિચારા. હવે એ સુખે જીવે; માટે એને શક્ય સલામત સ્થળે જાળવીને મૂકી દઉં;'** આમ કરવામાં કોમળતા છે. જ્ઞાન વિના આ કોણ સમજાવે ? કહો જો, અદૃશ્ય સૂક્ષ્મ જીવોને બદલે બદબદતી હાલતી ચાલતી-ઇયળો જેવું દેખાત તો શું ખાઇ જવાનો વિચાર આવત ? ના, માટે જ જ્ઞાનથી એ અદૃશ્યને પણ બદબદતા જેવા જોઇ અભયદાન આપવાનું.

બીજી સમ્યક્ ક્રિયામાં પણ જ્ઞાન ખૂબ જરૂરી છે. દા.ત.જ્ઞાન સમજાવે છે 'તું એ તો વિચાર કે કેટલા મોટા પુરુષ આગળ ચૈત્યવદન કરી રહ્યો છું ! માટે ચિત્ત અને દૃષ્ટિ બરાબર એકાગ્ર કર' હવે આ જ્ઞાન નહિ હોય, પછી સૂત્ર તો શરૂ કરશે, પણ 'નમોત્થુણં અરહંતાણં ભગવંતાણં" એમ બોલ્યો એટલામાં- 'આ ભગનભાઈ આવ્યાં'...એવું નવું સૂત્ર ઘુસાડશે ! સૂત્રને, ક્રિયાને કલુષિત-કલંકિત ન કરવા, બહોળા જ્ઞાનની જરૂર છે. **જ્ઞાન અને ક્રિયા ઉભય પૈડાથી મોક્ષમાર્ગે સાધનાનો રથ ચાલે છે.** એમાં જ્ઞાન

એ ક્રિયાનું સ્વરૂપ, વિધિ, ભંગસ્થાન, ઉલ્લાસના ઉપાય, ઊંચા ઊંચા ગુણસ્થાનકની ક્રિયામાં કેમ જવાય, વગેરે સમજાવે છે. ઠેઠ શૈલેશી સુધીની મહામૂલી ક્રિયા જ્ઞાનથી થાય છે. જ્ઞાની શ્વાસોશ્વાસમાં અમાપ કર્મ ખપાવે છે. **જ્ઞાન વિના ઉદ્ધાર નથી. જ્ઞાન અને ક્રિયાના તાણાવાણે આરાધનાનું વસ્ત્ર વણાય** છે. એવું બને કે કેટલીક વાર દયાની બુદ્ધિ છતાં કઠોરતા કરી નાખે. દા ત. ઉપર કહ્યું તેમ વાંશી, કે વિદળમાં માટે જ્ઞાન ખાસ જરૂરી.

તેથીજ કહ્યું કે સમ્યગ્ જ્ઞાન વિના સમ્યગ્ ધર્મક્રિયા થઈ શકે નહિ. માટે વ્યાખ્યા-જ્ઞાનની ઇચ્છા એ વ્યાખ્યાનું પ્રથમ અંગ. એવી જિજ્ઞાસા મિથ્યાત્વમોહનીય કર્મના વિશિષ્ટ ક્ષય યા ક્ષયોપશમથી જન્મે છે. કેમકે મિથ્યાત્વનો ઉદય હોય ત્યાં અતત્ત્વની રુચિ અને તત્ત્વની અરુચિ હોય, એટલે તત્ત્વ-ભૂત ચૈત્યવંદન-સૂત્ર વગેરેના અર્થની રુચિ જ કયાંથી થાય કે પછી એની જિજ્ઞાસા ય જાગે ? અને કદાચ એ જિજ્ઞાસા દેખાડે, તોય તે મલિન આશયવાળી હોય, એવાને ભેગાભેગે વ્યાખ્યા આપવા માંડી, તો જેમ જેમ સાંભળતો જશે તેમ તેમ અશ્રદ્ધા અને કષાયો વધારતો જશે. કુમતની દલીલો ઊંચકી લેશે, એનો દુરુપયોગ કરશે! કુમતના ખંડન ક્યાં લેશે નહિ, ને લેશે તો બહાર વિતંડાવાદમાં વાપરશે! જેમ જેમ વધુ જ્ઞાન મેળવશે તેમ તેમ વધુ ગર્વ, અન્યના પરાભવ, વધુ અર્થ-કમાઈ, ઇત્યાદિ પાપો કરશે. માટે એવાની જિજ્ઞાસા ખોટી. સાચી જિજ્ઞાસા મિથ્યાત્વકર્મના નાશથી, તે પણ વિશિષ્ટ નાશથી થાય. કેમકે એ-કર્મના સામાન્ય નાશમાં અર્થાત્ મંદ મિથ્યાત્વમાં તો હજી મિથ્યાદેવ-ગુરુ-ધર્મ તત્ત્વ ઉપર શ્રદ્ધા હોય છે, સાચા ઉપર નહિ. તેથી કહ્યું કે 'સત્ય દેવાદિ ઉપર શ્રદ્ધા ધરાવનાર સમ્યગ્દૃષ્ટિ આત્મા શિવાય બીજાને આ જિજ્ઞાસા થતી નથી, એવો શાસ્ત્રજ્ઞ પુરુષોનો અભિપ્રાય છે.'

૨. ગુરુયોગ.

(લ૦-) तथा (गुरुयोगः) गुरुणा यथार्थाभिधानेन स्वपरतन्त्रविदा स्वपरहितनिरतेन पराशयवेदिना सम्यक् सम्बन्धः, एतद्विपर्ययाद् विपर्ययसिद्धेः। तद्व्याख्यानमपि अव्याख्यानमेव। अभक्ष्यास्पर्शनीयन्यायेनाफलमेतदितिपरिभावनीयमिति ॥२॥

અર્થ:—વળી, ગુરુયોગ એટલે (ગુરુ તરીકેના) યથાર્થ નામવાળા, સ્વપર શાસ્ત્રના જ્ઞાતા, સ્વ-પર કલ્યાણમાં રક્ત, સામાના અભિપ્રાયને સમજનારા, (એવા વ્યાખ્યાતા) ગુરુની સાથે સમ્યક્ મેળાપ થવો (જરૂરી છે.) કેમકે, વ્યાખ્યાતા ગુરુમાં આથી ઉલટપણું હોય તો વ્યાખ્યામાં વિપરીતતા આવે છે. એવાનું વ્યાખ્યાન એ વ્યાખ્યાન જ નથી. એ તો 'અભક્ષ્ય અસ્પર્શનીય' ન્યાયે નિષ્ફળ છે; એ સારી રીતે વિચારવું.

વિવેચન:—વ્યાખ્યા પ્રાપ્ત કરવામાં બીજું જરૂરી અંગ **ગુરુયોગ** છે. 'ગુરુયોગ' એટલે ગુરુની સાથે સમ્યક્ સંબંધ; તે થાય તો જ વ્યાખ્યા પ્રાપ્ત થઈ શકે.

પ્ર૦-ગુરુ કોને કહેવા?

ઉ૦-અહીં ગુરુ એટલે વ્યાખ્યાકાર ગુરુ લેવાના છે; ને તે ગુરુ ચાર વિશેષતાવાળા હોવા જોઈએ. (૧) 'ગુરુ' એવા યથાર્થ નામને ધારણ કરનારા, અર્થાત્ 'ગુરુ' શબ્દના અર્થ પ્રમાણે ગુણવાળા, (૨) સ્વ-પર શાસ્ત્રના જાણકાર, (૩) પરહિતરક્ત, અને (૪) પરના અભિપ્રાયને સમજનાર! ત્યાં,

(૧) **'ગુરુ' શબ્દના અર્થ પ્રમાણે ગુણવાળા,** એમાં 'ગુરુ' શબ્દનો અર્થ 'સારી રીતે શાસ્ત્ર-તત્ત્વની ગિરા (વાણી) વાળા,' એવો થાય છે. (**गृणाति सम्यक् शास्त्रतत्त्वमिति गुरुः।**) જેની પાસે વ્યાખ્યા લેવા જઈએ, એ જો આ અર્થ પ્રમાણે ગુણવાળા નહિ હોય, તો પરિણામ એ આવે, કે

આપણે જાણીએ કે શાસ્ત્ર સમજવાં મળે છે જ્યારે વસ્તુસ્થિતિએ કાંઇ ભળતું જ મળતું હોય ! ભણાવનાર પોતે શાસ્ત્રના શબ્દો અને પંક્તિઓને પોતાની ધારણા મુજબ અયોગ્ય કે વિપરીતપણે લગાવતા હોય (interpete કરતા હોય), શાસ્ત્રમાંથી યથેચ્છ ભાવ કાઢી બતાવતા હોય, એ ગુરુ જ નથી; એમની પાસેથી સાચી વ્યાખ્યા ન મળી શકે. માટે વ્યાખ્યાકાર શાસ્ત્રના જ તત્ત્વને કહેનારા અને તે મુજબ આગળ પાછળના સંબંધ, તાત્પર્ય વગેરેને જાળવીને પદ-પંક્તિને સમજાવનારા જોઇએ. વળી તે,

(૨) **સ્વ-પર શાસ્ત્રના જાણકાર** હોવા જોઇએ. સ્વશાસ્ત્રના જાણકાર એટલા માટે કે ભલે પ્રસ્તુત શાસ્ત્રને આમ સમજી શકતા હોય, પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ સંક્ષેપમાં કે નામ માત્રથી જ કહી હોય અને તેના વિસ્તાર બીજા શાસ્ત્રમાં આવતા હોય, અથવા આમાં બીજા શાસ્ત્રની ભલામણ હોય, બીજાનાં અનુસંધાન હોય, વગેરે, અને તે શાસ્ત્રોની જાણકારી ન હોય તો પ્રસ્તુત શાસ્ત્રની વ્યવસ્થિત વ્યાખ્યા ન કરી શકે. એવી રીતે પરશાસ્ત્ર એટલે કે ઇતર મતના શાસ્ત્રોની જાણકારી પણ એટલા માટે જરૂરી કે પ્રસ્તુત શાસ્ત્રમાં તેના મત સંક્ષેપમાં રજૂ કર્યા હોય, અથવા તેના વાક્ય ઉદ્ધૃત કર્યા હોય, વગેરે, ને તે મતના વિસ્તૃત શાસ્ત્રની માહિતિ ન હોય તો તેની વસ્તુ બરાબર સમજાવી નહિ શકે; તેમજ તેનું ખંડન પણ યથાર્થ બતાવી નહિ શકે; ઉલટું કંઈનું કંઈ સમજાવશે ! પ્રસ્તુત શાસ્ત્રના ઇતર મતવાળાએ કરેલ ખંડનની યુક્તિઓ વગેરેની ખબર નહિ હોય તો એનો પ્રતિકાર નહિ સમજાવે. પરિણામે ભવિષ્યમાં કોઇ ઇતર મતવાળો આપણા ભણેલા શાસ્ત્રની વસ્તુનું ખંડન કરતાં, આપણું ચિત્ત ચકિત, વિહ્વલ કે ચલાયમાન થવાનો સંભવ રહેશે. માટે વ્યાખ્યાકાર ગુરુ સ્વપર શાસ્ત્રના જ્ઞાતા હોવા જોઇએ. વળી, તે-

(૩) **પરહિતરક્ત** યાને આત્મહિત અને પરોપકારમાં પરાયણ, પોતાનું અને બીજાનું કલ્યાણ સાધવામાં તત્પર હોવા જોઇએ, **તેમાં જો પોતાના આત્માના હિતમાં રક્ત નહિ હોય,** ઇન્દ્રિયપરવશ, શરીરાસક્ત, ને કષાયાભિભૂત હશે, નિદ્રા-વિકથા-આલસ્યાદિ પ્રમાદને આધીન હશે, તો વર્તન અને વાણીમાં ફરક પડશે. તેથી પરહિતના લક્ષથી વ્યાખ્યામાં સાચી વસ્તુ કહેવા છતાં શિષ્યને તેના પર વિશ્વાસ નહિ બેસે. એને એમ થશે કે 'એ કહે છે આમ, પણ એમના જીવનમાં જુદું દેખાય છે, તો એ દેખાતું સાચું કે આ કહેલું સાચું ? વળી, ભલે ગુરુ એમના જીવન સામે જોવાનું ના કહે છે, પરંતુ અપવાદે એમ પણ વર્તી શકાતું હશે; નહિતર આવી ઉત્તમ વ્યાખ્યા કરનાર ગુરુમાં આવું વિપરીત વર્તન હોય ?' આગળ વધીને, ગુરુ સ્વાધ્યાયમાં ઉદ્યત નહિ હોય તો, પરહિતમાં રક્ત છતાં, કદાચ પોતાનું ઢાંકવા માટે, શિષ્યને એવી રીતે વ્યાખ્યા કરી આપશે કે એકને બદલે બીજી જ વસ્તુ પર ભાર મૂકાય ! દા. ત. પ્રમાદ, અસંયમ, અનાચાર, વગેરેના ત્યાગ પર ભાર મૂકવાને બદલે મિથ્યાત્વના ત્યાગ પર ભાર મૂકશે ! મિથ્યાત્વના ત્યાગ માટે પણ સમ્યક્ત્વની કરણી, વિષયવૈરાગ્ય, યથાશક્તિ દાનાદિ-બહુલતા, વગેરેને બદલે કેવળ તત્ત્વશ્રદ્ધાદિ પર ભાર મૂકશે ! તેથી શ્રોતા શિષ્ય તેમ દોરાશે. ગુરુના પોતાના જીવનમાં આત્મહિત-પરાયણતા ન હોવાથી આવા અનર્થ નીપજે છે ! ◆ **ત્યારે, જો ગુરુ પરહિત રક્ત નહિ હોય તો,** શાસ્ત્રની વ્યાખ્યા ટૂંકે પતાવશે ! કે વ્યાખ્યામાં ખાડા પાડશે ! એમાં શિષ્યને સરખું નહિ મળે. વળી, કોઇ કારણવશ શિષ્ય પર અરુચિ થઇ હશે તો, નીતરતી પવિત્ર પરકલ્યાણની બુદ્ધિના અભાવે, ગુસ્સો અને ધમધમાટ કરતા વ્યાખ્યા આપશે ! તેથી શિષ્યનું હૃદય અને ઉત્સાહ ભાંગી જશે, ને તારક શાસ્ત્રજ્ઞાનની ને સ્વાધ્યાયની પ્રવૃત્તિથી કદાચ પરાઙ્મુખ પણ બનશે ! અથવા, ગુરુ પરિહતમાં રક્ત નહિ હોય તો, પોતે આત્મહિતાર્થી પણ હશે તોય, સામાને જીવનવ્યાપી કલ્યાણના સાધનભૂત અગાધ આગમ-બોધને બદલે એકલી પોતાની સેવા વૈયાવચ્ચાદિ પ્રવૃત્તિમાં રચ્યો રહે એવી રીતે વ્યાખ્યા આપશે ! ઇત્યાદિ કોઈ અનર્થ ઉભા કરશે. તો પછી જો ગુરુ

સ્વ અને પર ઉભયના આત્મહિતમાં રક્ત નહિ હોય, તો તો એ શિષ્યને અસંયમ, મિથ્યાત્વ, પ્રમાદ, વિષય, કષાય વગેરેમાં દોરી જવાના મહાઅનર્થો નિપજાવવાનું પૂછવું જ શું? માટે કહ્યું ગુરુ સ્વપર હિતમાં પરાયણ જોઇએ. વળી, તે-

(૪) **પરાશયવેદી** હોવા જોઇએ; સામાના અભિપ્રાયને કળી જનારા જોઇએ; જેથી પોતે જે વ્યાખ્યા આપી રહ્યા છે તે એ કેવી સમજે છે, પ્રતિપાદન કરતાં બીજે તો નથી લઇ જતો ને, લઈ જતો હોય તો કેવી રીતે લાઇનમાં લાવવો, વગેરે ખ્યાલમાં આવે; તેમજ શિષ્ય પ્રશ્ન કરે તો તેનો મર્મ સમજીને ઉત્તર કરી શકે. આ ન હોય તો શિષ્યના પ્રશ્ન પાછળનો આશય કાંઇક હોય, ને સમાધાન જુદું જ આપવાનું બને. તેથી પેલાને વધુ મુંઝવણ થાય, નવા નવા પ્રશ્ન ઉત્તર થાય, ને વ્યાખ્યા બાજુએ રહી જાય. અથવા પ્રશ્ન એ શંકાના કે જિજ્ઞાસાના ઘરનો છે કે પથરો મૂકવાના ઘરનો, યા ગુરૂને હલકા પાડવાનો, તેનો પણ ખ્યાલ જો ગુરુને ન આવે તો ય અનુચિત પ્રશ્નના ઉત્તર કરવા જતાં વ્યાખ્યામાં વિઘ્ન ઉભા થાય, નિરર્થક સમયવ્યય થાય, ને કદાચ ગુરુનું ગૌરવે ય હણાય! તેથી બીજા શિષ્યોની ગુરુ-આસ્થા મોળી પડે! એટલે તે વ્યાખ્યા લેવામાં તેટલા આદરવાળા ન રહે! માટે, ગુરુ સામાના આશયને સમજી શકવાની તાકાતવાળા જોઇએ.

સમ્યક્સંબંધ:—આવા ગુરુનો પણ સમ્યગ્ યોગ થવો જોઇએ. સમ્યગ્ યોગ એટલે વ્યાખ્યા લેનારનો શિષ્યભાવ અને આપનારનો ગુરુભાવ સુંદર જળવાઈ રહે, જાગતો રહે એ રીતનો સંબંધ. લેનારમાંથી શિષ્યભાવ પરવારી ગયો હોય તો પાયામાં જરૂરી વિનય-બહુમાન ઘવાવાથી સમ્યગ્બોધની ઇમારત તૈયાર નહિ થઇ શકે! ગુરુને સદ્ભાવ, ઉલ્લાસ ઘટી જશે! આવા અવિનયાદિને અંગે બીજાઓ નિંદા કરશે કે ઠપકો આપશે તેથી કદાચ પોતાને વ્યાખ્યા પર જ અરુચિ થશે. અથવા શિષ્યભાવ એટલે તો ગુરૂ સમજાવે તેના પર તહત્તિ કરીને ચાલવું જોઇએ, તેનાં બદલે કુતર્ક અને અનુચિત પ્રશ્ન કરવાનું મન થશે. આગળ પર જે સમજવા યોગ્ય વસ્તુ તેને અત્યારે તો શ્રદ્ધેય કરી લેવી જોઇએ, નહિ કે એના પર:કુતર્ક-વિતર્ક! પણ તે સાચો શિષ્યભાવને વિનય-બહુમાન-આવે તો બને. શિષ્યભાવ માટે એકલી નમ્રતાપૂર્વક વ્યાખ્યા જ લીધા કરવાની નહિ, પણ ગુરુદેવ-ની સેવા-ભક્તિ, પ્રીતિ, પ્રશંસા, સેવકભાવ, મહાકૃતજ્ઞતા, ઔચિત્ય વગેરે ભરપૂર જોઇએ.-આ બધા માનવ-જીવનના મૌલિક ગુણો છે, મુક્તિમાર્ગની સાધનાના પાયાના ગુણો છે! તે વિના સાધના રસ્તામાં રીઢી નથી પડી. ભવ્ય જ્ઞાનદાતા ગુરુ માટે મનને એમ થાય કે 'અહો! આ કેવા નિષ્કારણ બંધુ! મારા તેમના પ્રત્યે કોઇ ઉપકાર વિના પણ મારા પર કેવી અનંત કરુણા કરી રહ્યા છે! કેટલો બધો મારા માટે ભોગ આપી રહ્યા છે! હું રાંક! એમનું શું ભલું કરી શકું? એમની જે અદબ-આમન્યા જાળવું, એમને જેટલા મારા-પ્રાણ સ્વરૂપ અને જીવન-નાયક ગણું, તેટલું ઓછું છે.' કહે છે ને, 'જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજારજી' સ્વર્ગના પુણ્ય ઉપાર્જે! એ દુર્ગતિની દુઃખદ દુર્દશા અટકાવે! આ ઉપકારનો શે બદલો વળે? આ બધું ધ્યાનમાં હોય તો, ગુરુની આશાતના, અવગણના કે વિસ્મરણ તો ન થાય, પરંતુ 'એક શ્વાસમાંહી સમરૂં સો વાર' એવા ગદ્ગદ સંસ્મરણ, અખંડ સેવા, તથા આન્તર સમર્પણ વિકસતા રહે એવો શિષ્યભાવ જાગે! ગુરુના સમ્યક્ યોગમાં શિષ્યના શિષ્યભાવની જેમ ગુરુનો પણ ગુરુભાવ જાગતો રહેવો જોઇએ; અર્થાત્ ગુરુ ગંભીર રહે, ઓજસ્વી રહે, નિરપેક્ષ રહે, શિષ્યવત્સલ રહે, વગરે; પણ નહિ કે સમોવડિયા જેવા, કે વાતવાતમાં હસતા અથવા દીનહીન ઓશિયાળા; કે સેવા-ભૂખ્યા! શિષ્ય પણ ગુરુની પ્રત્યે આદર્શ સેવકભાવ, આજ્ઞાગ્રાહકભાવ વગેરે જાળવીને એવી રીતે વર્તે કે જેથી એમનો ગુરુભાવ વૃદ્ધિગત રહે. તો જ તે એમની પાસેથી એકાંતે આત્મહિત-નીતરતાં શિક્ષણ મેળવી શકે.

યોગાવંચક આદિઃ—આમ, શિષ્યભાવ–ગુરુભાવની અખંડિતતા પૂર્વકના ગુરુયોગથી 'યોગાવંચક' નામનું પહેલું અવંચક નીપજે છે. અવંચક એટલે ઠગનારો નહિ, નિષ્ફળ નહિ. 'યોગાવંચક' એટલે સફળ ગુરુયોગ. એમાંથી આત્મપુષ્ટિ-શુદ્ધિકારી વંદનાદિ ક્રિયા નીપજે તે ક્રિયાવંચક. જે ક્રિયા નિષ્ફળ ન જાય, તે 'ક્રિયાવંચક' કહેવાય. એના ફળરૂપે જે સાનુબન્ધ ક્ષયોપશમાદિ સ્વરૂપ આત્મશુદ્ધિ અને પુણ્યાનુબંધી પુણ્યરૂપ પુષ્ટિ નીપજે તે 'ફલાવંચક' નામનું ત્રીજું અવંચક. જે ફળ નાશ ન પામે તે ફળાવંચક.

તો ઉપરોક્ત વિશેષણોવાળા ગુરુની સાથે સમ્યક્ સંબંધ થવો વ્યાખ્યા માટે અતિ આવશ્યક છે. નહિતર, વિપરીત ગુણવાળા ગુરુ થકી તો વ્યાખ્યામાં ગરબડ ઊભી થાય; ભળતું કહેવાતું હોય, અપ્રાસંગિક લાંબું લાંબું બોલીને પ્રસ્તુતને ડહોળી નખાતું હોય, શાસ્ત્ર વિરુદ્ધ, અસત્ય કે અહિતકારી વ્યાખ્યાન થતું હોય, ...વગેરે; આવું વ્યાખ્યાન એ વ્યાખ્યાન જ નથી, અવ્યાખ્યાન છે. જેવી રીતે ગાયનું માંસ વગેરે વસ્તુ માંસાહાર–ભક્ષણ કરે એમને ખાઈ શકવી મુશ્કેલ નથી, છતાં નિંદ્ય હોવાથી અભક્ષ્ય કહેવાય છે; તેમ જેવી રીતે ચંડાળ વગેરે સ્પર્શ કરી શકાવા કઠિન ન છતાં કોઇને અર્થાત્ સ્પર્શાસ્પર્શમાં ન માનનારને જુગુપ્સનીય લાગવાથી અસ્પર્શનીય મનાય છે; તે દૃષ્ટાન્તથી પૂર્વોક્ત ગુણરહિત ગુરુનું વ્યાખ્યાન પણ અવ્યાખ્યાન હોઇને હિતકારી નહિ, કિન્તુ અનર્થકારી છે. આ મનનીય છે.

૩. વિધિપરતા.

(લ૦) તથા વિધિપરતા,--' (૧) મણ્ડલિનિષદ્યાદૌ પ્રયત્નો, (૨) જ્યેષ્ઠાનુક્રમપાલનં (પ્ર૦... જ્યેષ્ઠક્રમાનુપાલનં), (૩) ઉચિતાસનક્રિયા, (૪) સર્વથા વિક્ષેપસંત્યાગઃ, (૫) ઉપયોગપ્રધાનતા,' ઇતિ શ્રવણવિધિઃ। હેતુરયં કલ્યાણપરંપરાયાઃ, અતો હિ નિયમતઃ સમ્યગ્જ્ઞાનમ્। ન હ્યુપાય ઉપેય-વ્યભિચારી તદ્ભાવાનુપપત્તેરિતિ ॥૩॥

અર્થ:—તથા વિધિપરાયણતા (એ વ્યાખ્યાનું ત્રીજું અંગ છે. વ્યાખ્યા સેવા માટે) ૧. મંડલીબદ્ધ બેસવું–ગુરુનું આસન બિછાવવું–સ્થાપનાચાર્ય પધરાવવા–વગેરેની કાળજી; ૨. (વ્યાખ્યા સેવા બેસવામાં) વડિલના અનુક્રમને સાચવવો; ૩. (વાચનાને) યોગ્ય મુદ્રા રાખવી; ૪. (વાચનાના ધ્યાનને બાધક) કોઇપણ વિક્ષેપનો અત્યંત ત્યાગ કરવો; (અને ૫. વાચના–શ્રવણમાં જ) ચિત્તોપયોગને કેન્દ્રિત કરી રહેવું;-આ શ્રવણ કરવાની વિધિ છે. આ શ્રવણ-વિધિ કલ્યાણોની પરંપરાની જનેતા છે; કેમકે આનાથી અવશ્ય સમ્યગ્ (આત્મોદ્ધારક) જ્ઞાન થાય છે. કારણ એ કાર્યનો ન સાધી શકનારો હોઈ શકે જ નહિ; નહિતર એનામાં કારણપણું અસંગત થાય.

વિવેચનઃ—જેમ સૂત્રની વ્યાખ્યાનું ખૂબ મહત્ત્વ છે, તેમ વ્યાખ્યા સાંભળવાની વિધિનું પણ ઘણું મહત્ત્વ છે; માટે વ્યાખ્યા પ્રાપ્ત કરવા માટે વિધિપરાયણતા એ ત્રીજું આવશ્યક અંગ છે. અહીં વિધિપાલકતા ને બદલે વિધિપરાયણતા કહ્યું છે, એ સૂચવે છે કે વિધિ માત્ર સાચવવાની એમ નહિ પરંતુ વિધિની ભારે તત્પરતા, રસિકતા અને ચોકસતા જગાવી એ બજાવવાની. એ માટે જીવને થવું જોઇએ કે, 'શાસ્ત્રકાર ભગવંતોએ વિધિનાં ભારે મહત્ત્વ આંકયા છે, એ વિધિના સામાન્ય લાભ નહિ, કિન્તુ અતિ ઊંચા લાભને લઇને; તેમજ વિધિની અવગણનાના ભારે નુકસાનને જોઇને. લાભ અંગે તો અહીં જ આગળ કહેવાના છે કે વિધિ એ તો કલ્યાણોની પરંપરાની જનેતા છે. એટલે, જો હું આ વિધિની ભૂમિકા વિના જ શાસ્ત્રબોધ લઇ રહ્યો છું અને ધર્મક્રિયા કરી સંતોષ માની રહ્યો છું, તો હું ભ્રાન્તિમાં પડયો છું. મહાન તાર્કિક શાસ્ત્રકાર અને બીજા મહર્ષિઓ, યાવત્ ખુદ તીર્થંકર પરમાત્મા જેવાઓએ પોતાના જીવન અને ઉપદેશમાં વિધિને ઊંચી અગત્ય આપી છે; તો મારે એના

વિના કેમ જ ચાલી શકે?' વાત પણ સાચી છે કે જ્ઞાન મેળવવું અને ક્રિયા કરવી; એ તો ગુરુ અને જિનાજ્ઞાની પરાધીનતા સેવ્યા વિના ય પુણ્યની અભિલાષાથી હજી ય થાય; પરંતુ વિધિની ચીવટ-ચોકસાઈ અને આદર, એ તો ગુણ અને જિનાજ્ઞા પ્રત્યેના પારતન્ત્ર્યથી આવે છે. મોક્ષમાર્ગની સાધનામાં આ પરતન્ત્રતા એ અતિ આવશ્યક મૂળભૂત ઉપાય છે; એના વિના ચાલી શકે જ નહિ. દુનિયામાં ય વિધિ વિના કયાં ચાલે છે? મનગમતી રસોઈ એની વિધિથી તૈયાર થાય છે. મોટા ઉદ્યોગો એની વિધિ પર નભે છે. મોટા રાજાઓ કે આજના પ્રધાનોની ઉપાસના વિધિપૂર્વક કરે તો ફળે છે. એક કચરો કાઢી સાફ કરવા સુધીની ક્રિયામાં ય શું છે? સાવરણી ગમે તેમ નહિ ફેરવવાની, પણ વિધિસર થોડો કચરો કાઢ્યા પછી એને ખંખેરવી પડે છે; વગેરે વિધિ ખરી. તો પછી આત્મામાં દિવ્ય પ્રકાશ લાવનારા, અને ધર્મક્રિયાના મહાનૂર વધારી દેનારા શાસ્ત્રશ્રવણમાં વિધિ વિના કેમ જ ચાલી શકે? વિધિની ઉત્કટ તમન્ના સાથે એના ઝીણવટભર્યા પાલનમાં પ્રબળ પુરુષાર્થ જોઈએ. એનું નામ વિધિપરતા.

૧. માંડલી-આસન, વગેરે:—સૂત્રની વ્યાખ્યા લેનારાઓએ વાચનાચાર્યની સામા માંડલી-આકારે (ગોળાકારે) બેસવું જોઈએ; જેથી (૧) એમનું બધા ઉપર ધ્યાન રહી શકે, ને નજર પડી શકે, તો પ્રમાદીને પ્રેરણા, તથા કોને ઓછું-વધતું સમજાવું એ જોઈને ઠીક વિવેચન કરી શકે; તેમજ (૨) વાચના લેનારને પણ કોઈનું પીઠ-માથું ન નડે, અને દરેક જણ વાચનાચાર્યની મુખમુદ્રા જોઈ કહેવાનો ભાવ બરાબર પકડી શકે. ◆ **બીજું** વાચનાચાર્યના આવતાં પહેલાં એમના માટે વ્યવસ્થિત આસન બિછાવી રાખવું જોઈએ; જેથી જ્ઞાન-જ્ઞાનીનો વિનય સચવાય, અને વાચનાગુરુ પધારે કે તરત બેસીને ઉત્સાહથી વાચના શરૂ કરી શકે; નહિતર શિષ્યની આ પહેલી જ બેદરકારી જોઈ, એ નિરુત્સાહ બનવા સંભવ. આસન પણ પ્રશસ્ત દિશા પૂર્વ કે ઉત્તરની સામે જોઈએ. આસન પણ એવું જોઈએ કે દીર્ઘકાળ બેસવામાં આરામ રહે, તેમજ એવે સ્થાને જોઈએ કે જ્યાં અંધકાર અને ધામ ન હોય. આ માંડલી અને આસનનો મુદ્દો સૂચવે છે કે વાચનાચાર્યની પહેલાં વાચના-ગ્રાહકોએ આવી જવું જોઈએ; પણ નહિ કે પહેલાં વાચનાચાર્ય આવે, ને પછી વાચના લેનાર લાટ સાહેબો અનુકૂળતાએ આવતા જાય. ◆ વળી, ત્યાં વચમાં સ્થાપનાચાર્ય પધરાવવા જોઈએ; કેમકે એમની સાક્ષીએ વાચના આપવાની છે. એનું કારણ એ, કે ગુરુ, પરમગુરુ, યાવત્ ગણધર ભગવાન અને તીર્થંકર દેવનું કહેલું જ અહીં કહેવાનું છે એ ભાર વાચના-ગુરુના માથે જોઈએ; તથા શિષ્યને એ આશ્વાસન જોઈએ કે મને અહીં ગુરુઓ, યાવત્ જિનેન્દ્રભગવાનનું કહેલું મળવાનું છે. ◆ આસનને નિષદ્યા, અને સ્થાપનાચાર્યને અક્ષ કહે છે. દરિયામાં શંખની જેવા પણ વજનમાં ભારે સફેદ અક્ષ ઉત્પન્ન થાય છે. તેમાં આચાર્યની સ્થાપના કરવામાં આવે છે, માટે તે સ્થાપનાચાર્ય. અહીં અક્ષ આદિ કહ્યું, તેમાં 'આદિ' શબ્દથી ગુરુ માટે શ્લેષ્મની કુંડી, માત્રાની કુંડી વગેરે મૂકવી, વળી એમની ક્ષેત્ર-કાળની જેમ દ્રવ્ય-ભાવની અનુકૂળતા સાચવવી, અર્થાત્ એમને અનુકૂળ આહારાદિ દ્રવ્યો, અને એમના ચિત્તના પ્રસન્નભાવ તરફ ખૂબ લક્ષ રાખવું, બીજું, મુકામમાં તથા આજુબાજુ લોહી હાડકા વગેરેની અસજ્ઝાય (અશુદ્ધિ) નથી ને, તે જોઈ લેવું...વગેરે આવે.

૨. જ્યેષ્ઠાનુક્રમ-પાલન:—વાચના વખતે માંડલીબદ્ધ બેસવામાં પણ વાચના લેનારને વિષે જે જે વડિલો હોય, તેનો અનુક્રમ સાચવીને બેસવું; અર્થાત્ મોટા વડિલની બેઠક વાચનાગુરુની નજીક આવે, અને નાનાની પછી આવે. પરસ્પરમાં પણ પહેલેથી આ વિનય ન હોય તો પછી બીજાના કરતાં વધુ બોધવાળો થતાં મદ ચઢવાનો સંભવ, અને ઓછા બોધવાળો રહેતાં નિરપેક્ષ થવાનો સંભવ.

૩. ઉચિત આસનક્રિયા:— અહીં આસનનો અર્થ મુદ્રા. વાચના લેતાં. મુદ્રાની ક્રિયા યોગ્ય જોઈએ. મુદ્રા બે પ્રકારે, (૧) બેસવાની મુદ્રા, અને (૨) મુખમુદ્રા. (૧) બેસવાની ઉચિત મુદ્રામાં, ઉભડક પગે બેસી, બે પગની વચમાં પગને ન ટેકે તે રીતે બે હાથ યોગમુદ્રાએ અંજલિ

જોડીને રાખવાના. એમાં થકાય તો એક પગની પાની પર બેસી, બીજો પગ ઊભો રાખવાનો; ત્યાં બે હાથની કોણી પેટ પર રાખી હાથ અંજલિબદ્ધ રાખવાના. દૃષ્ટિ ઠેઠ વાચનાના અંત સુધી જરા ય ડાફોળિયું લગાવ્યા વિના ગુરુના મુખ સામે નિશ્ચિત રાખવાની. ◆ (૨) મુખમુદ્રા ગુરુના અને શાસ્ત્રના અનુગ્રહને નમ્રતાથી ખૂબ ઝીલતી અને આભારયુક્ત બનતી રાખવાની. વળી તે સંભ્રમ વાળી રહે; એટલે કે એકાએક કોઈ અપૂર્વ મહાકિંમતી વસ્તુ કે નિધાન મળી જાય અને જેવો આશ્ચર્ય-યુકત આનંદ પ્રગટે, તેવો આનંદ વ્યાખ્યાના પદેપદ મળતાં મુખમુદ્રા પર પણ વ્યક્ત થવો જોઈએ. વાકયે વાકયે અદ્‌ભુત ઉલ્લાસ તરવર્યા કરે. એના પર વાણીથી ગુરુનો અપાર ઉપકાર માનવાનુંય કરાય. આ બધું જળવાય તો ગુરુને વ્યાખ્યા દેતાં ઉત્સાહ રહે. મોંઢું નીચું રાખીને, કે હાથ પર લમણું ટેકવીને-અગર બે હાથ વાળી વચમાં ઢીંચણ રાખી, કે બે હાથ પાછળ ભૂમિ પર ટેકવી, વગેરે ગમે તેમ બેસે તો જ્ઞાન-વાચના અને વાચનાચાર્યની અવગણના થાય, અને એમનો કહેવાનો ઉત્સાહ પડી ભાંગે. કોઇ કહે, 'લો લાખ રૂપિયા' તો શું લમણે હાથ દઇ બેસી રહેવાય ? ના ' ત્યાં તો ટપ વ્યવસ્થિત થઈ ઝટ કાન સરવા અને હાથ પહોળા કરી નખાય છે ! અહીં લાગવું જોઇએ કે .'ભવોભવના ભ્રમણ મિટાવનારૂં ને સદ્‌ગતિની અમૂલ્ય સંપત્તિઓ અપાવનારૂં જ્ઞાન મળી રહ્યું છે !' પછી એના દાતા પર અઢળક બહુમાન જાગે; અને ઉપરોકત મુદ્રા, સંભ્રમ વગેરે સુલભ બને. ◆ મુખમુદ્રામાં એ પણ જોઇએ, કે ગુરુ કહે એ સમજાતું જાય છે એની રેખા તરવરવી જોઇએ, આંખ સમજ પડ્યાની ચકમકવી જોઇએ. નહિતર ગુરુ એમ જાણે કે આને હજી સમજાયું નથી તેથી એમને ફરી બોલાવાનો, પિંજયું પિજવાનો નિરર્થક-શ્રમ પડે. ◆ વળી એ પણ છે કે જયાં ન સમજાયું હોય ત્યાં એને યોગ્ય મુંઝવણની મુદ્રા, પ્રશ્ન-જિજ્ઞાસા ઉઠે તો એને યોગ્ય ઉત્સુકતાની મુદ્રા, થવી જ જોઇએ. આ બધી થઇ ઉચિત આસનક્રિયા.

(૪) **સર્વથા વિક્ષેપનો સંત્યાગ:**—વ્યાખ્યા લેનારે સર્વથા એટલે કે દરેકે દરેક પ્રકારના વિક્ષે-પનો સમ્યક્‌ ત્યાગ યાને અત્યંત ત્યાગ કરવો, એ પણ વિધિ છે. વિક્ષેપ એટલે પ્રસ્તુતમાં શ્રવણ-ગ્રહણની ચાલુ ક્રિયા સિવાય બીજા કોઇપણ વાણી, વર્તાવ કે વિચાર. કડક સંયમ અને જાગ્રતિ રાખી મન-વચન-કાયાને, બીજે કયાં ય ન પ્રવર્તાવવા,-એનું નામ સર્વથા વિક્ષેપનો અત્યંત ત્યાગ. દા. ત. વાચના લેતાં લેતાં વાતો કરવી, ભળતું જ જોવું, હાથ-પગ હલાવ્યા કરવા, ખંજવાળ્યા કરવું, હાથમાં કલમ, પુસ્તક, આસન વગેરે ફેરવ્યા કરવા, અથવા વાચનાની વચમાં કોઇ નિમિત્ત કાઢી ઉઠવું, મનમાં બીજા ત્રીજા વિચાર લાવવા, ઇત્યાદિ વિક્ષેપ છે, તેને કડક સંકલ્પ અને સંયમપૂર્વક દૂર રાખવા જોઇએ. ગુફામાં બેસી વિદ્યા-મંત્ર જપનાર વિદ્યા સાધકનું દૃષ્ટાન્ત સમસ્ત વિક્ષેપ દૂર રાખવા અને પછીનો ગુણ ઉપ-યોગ-પ્રધાનના જાળવવા માટે બહુ ઉપયોગી છે. તેમાં ય દુનિયાની વિદ્યા તો માત્ર આ વિનાશી દેહને ઉપયોગી તુચ્છ અને વિનશ્વર, એવું લૌકિક ફળ આપે, ત્યારે આ સૂત્રની વિદ્યા આપણા અવિનાશી આત્માને ઉપયોગી, વિશાળ, ચિરજીવી, એવા લોકોત્તર ફળને આપે છે ! પછી એમાં વિક્ષેપ-ચોરને કેમ જ પેસવા પણ દેવાય ? 'એક રીતે વિચારતાં કે, 'સૂત્ર-વ્યાખ્યાની મહાવિદ્યા લેતાં મન-વચન-કાયાને બીજે ત્રીજે પ્રવર્તાવવામાં વેશ્યા જેવું થાય છે; એ બેસે કોઇની પાસે, વાત-સંકેત બીજા સાથે કરે, અને મન વળી કોઇ ત્રીજામાં જ હોય ! મારે શા માટે એવું કરવું ? એમ વિચારતાં પણ વિક્ષેપ માત્રનો સદંતર ત્યાગ કરી શકાય.

સદંતર ત્યાગ એટલે એમ પણ વિચાર નહિ કે આ વાચનામાં રોકાવાથી મારૂં અમુક કાર્ય બગડી જશે. એવો કોઈ ભય, શોક, વગેરે કશું નહિ કે જે પ્રસ્તુતમાં તન્મય ન થવા દે.

(૫) **ઉપયોગ-પ્રધાનતા:**— વ્યાખ્યાની પ્રાપ્તિ માટે મનનો વિક્ષેપ ન થાય એટલી જ વિધિ બસ નથી, કેમકે મન શૂન્ય બની બેસે તો ય વિક્ષેપ તો ન રહ્યો ! પરંતુ તેય નહિ, કિન્તુ મનનો ધીખતો

ઉપયોગ એટલે કે સચોટ લક્ષ પણ જોઈએ, કયાં જોઇએ ? વાચનાચાર્યથી બોલાતા વ્યાખ્યા-વચનો પર, વાચના પર ઉપયોગ-પ્રધાન બનવાનું એટલે કે માનસિક લક્ષ એજ મહાકર્તવ્ય, અને એ અવશ્ય-ધારાબદ્ધ બનાવવાનું. 'લક્ષ ધારાબદ્ધ' એટલે 'હમણાં બોલાયું તેના પર બરાબર લક્ષ તો રાખ્યું પણ પછી એને પડતું મૂકી, નવું બોલાયું તે પર જ લક્ષ રાખ્યું',-એમ નહિ, કિન્તુ પહેલા કહેવાયેલ વસ્તુની મનમાં પાછી ધારણા કરી, એને સંસ્કારરૂપે પકડી રાખવાની, તેથી, આગળ નવું નવું કહેવાય તે પૂર્વ પૂર્વની કહેવાયેલ વસ્તુઓ સાથે અનુસંધાનપૂર્વક ધ્યાનમાં આવે. આમ કરવામાં: ઉપયોગની એકાગ્રતા ખૂબ વધે છે. વાચનાનું પૂર્ણ વકતવ્ય કડીબદ્ધ અખંડરૂપે ખ્યાલમાં આવે છે; પદાર્થો પૂર્વાપરના સંબંધ સાથે સમજમાં આવે છે. પ્રશ્ન—જિજ્ઞાસા પણ ઠીક ઉઠે છે; અને એના પર વાચનાચાર્યને અન્ય શાસ્ત્રોનાં કથન અને તર્કના આધારે નવી સ્ફુર્તિ સાથે સુંદર સમાધાન આપવાની તક મળે; તેથી વાચના લેનારને અદ્ભુત નવા નવા તત્ત્વ-પ્રકાશ મળે છે. જો વાચના ઉપર જ માનસિક ઉપયોગની અખંડ ધારા નહિ ચાલે, તો વચમાંથી ઉપયોગ (લક્ષ) તૂટવાને લીધે વાચનાનો આગળનો ધારાબદ્ધ પદાર્થ ખ્યાલમાં નહિ આવે, પછી કહેશે 'સમજ ન પડી!' હવે ? કાં ૐ શાંતિ; અગર ફરી એનું એજ પહેલથી પિંજણ! પરિણામે વ્યર્થ શ્રમ, ને અમૂલ્ય સમય બરબાદ! માટે વાચનાચાર્ય ક્રમસર પગથિયાં માંડી ઊંચે ઊંચે આપણને ચઢાવે, તેમ તેમ આપણે લેશ માત્ર સ્ખલના વિના ઊંચે દોરડા પર આગળ વધતા નટની જેમ અખંડ લક્ષ પૂર્વક ઊંચે ચઢવાનું. જીવોનાં કર્મ ચિત્રવિચિત્ર હોય છે, તેથી કોઇને કદાચ જ્ઞાનાવરણના મંદ ક્ષયોપશમને લીધે વ્યાખ્યાનમાં સાંભળેલું એટલું ન વિકસે તો પણ પોતાની સર્વ શકિત ખરચીને ઉપયોગ પ્રધાન બનવાથી એટલો સમય સંસાર ભૂલાઇને શુભ ભાવમાં મન-વચન-કાયા લાગ્યા રહે છે! તે શુભ ઉપયોગ એકાગ્ર ચિંતનરૂપ બને તો તે શુભ ભાવમાં ધ્યાન રૂપ થવાથી ઘણાં પાપકર્મનો નાશ કરે છે. પૂર્વના મહાન પુરુષો જલદી ઉન્નતિ કેમ સાધી શકયા ? કહો-શુભ ઉપયોગની પ્રધાનતાથી.

શ્રવણ-વિધિનો મહિમા:— આ પ્રમાણે સૂત્ર-વ્યાખ્યા સાંભળવાની, ને સમગ્ર વિધિનું પાલન કરવાથી કલ્યાણની પરંપરા નીપજે છે. માંડલીબદ્ધ બેસવું વગેરે, વિધિના અંગો એવા એવા છે કે-જેમાં મહાન આત્મહિતો સધાય; જેવાં કે વિનય, શિસ્ત, વ્યવસ્થિતતા, મનઃ સંયમ, શુભ એકાગ્રતા, પુણ્યોપાર્જન, પાપક્ષય વગેરે. ઠેઠ સર્વોચ્ચ વીતરાગદશા સુધી પહોંચવા માટે આ અત્યન્ત આવશ્યક ગુણો છે. આ હિતો પણ એક જ વાર સધાય એમ નહિ, પરંતુ તેની પરંપરા ચાલે છે. એનું કારણ એ છે કે-વિધિના વારંવાર અભ્યાસથી સુસંસ્કરણ થાય છે; અને અનાદિના કુસંસ્કાર મટતા આવે છે. દા. ત. બાળપણથી બચ્ચાને 'ચાલો દેરાસર, લ્યો પ્રભુના દર્શન કરો, ધૂપ કરો,...'વગેરેથી સારા સંસ્કાર પડીને મોટી ઉંમરે તે સતત ચાલે છે, અને એમાં આગળ બીજા સમ્યક્ પ્રવૃત્તિનો વધારો થાય છે. પ્રસ્તુતમાં પણ વિધિના આ પાયાના ગુણોમાંથી વિકાસ થતાં થતાં અનેક મોટા કલ્યાણોનો પ્રવાહ વહેવા માટે અવકાશ મળે છે.

આવી કલ્યાણ-પરંપરાની અર્જક શ્રવણવિધિ જાળવવાથી અવશ્ય સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે; કેમકે એ સમ્યગ્જ્ઞાનનું ચોકકસ કારણ છે. કારણ હોય તો કાર્ય અવશ્ય થાય. કાર્ય ન કરી શકે તે કારણ શાનું ? સાચું કારણ કાર્ય કર્યા વિના રહે નહિ.

પ્ર૦—તો પછી સુતર વસ્ત્રનું કારણ હોવા છતાં કેટલીક વાર એમજ પડી રહે છે, ને વસ્ત્ર નથી કરતું તેનું કેમ ?

ઉ૦—સુતર એકલું વસ્ત્રનું કારણ નથી, પરંતુ શાળ, વણકર, વગેરે સામગ્રી સહિત બનીને વસ્ત્રનું કારણ છે, ચોકકસ કારણ છે; અને તે સ્થિતિમાં તો વસ્ત્ર કરે જ છે. પ્રસ્તુતમાં પણ વ્યાખ્યા-શ્રવણની ઉપરોક્ત વિધિ સમ્યગ્જ્ઞાનનું નિશ્ચિત કારણ છે, માટે તે સમ્યગ્જ્ઞાનને પેદા કરે જ છે. આ એ પણ સૂચવે છે કે જ્ઞાનના અર્થીને શ્રવણવિધિ પાળ્યા વિના ચાલી શકે જ નહિ.

૪. બોધપરિણતિ.

(લ૦) तथा बोधपरिणतिः सम्यग्ज्ञानस्थिरता, रहिता कुतर्कयोगेन, संवृतरत्नाधाराप्तिकल्पा, युक्ता मार्गानुसारितया, तन्त्रयुक्तिप्रधाना । स्तोकायामप्यस्यां न विपर्ययो भवति; अनाभोगमात्रं, साध्यव्याधिकल्पं तु तद्, वैद्यविशेषपरिज्ञानादिति ॥ ४ ॥

અર્થ:—તથા (વ્યાખ્યાનું ચોથું અંગ) બોધપરિણતિ એ સમ્યગ્જ્ઞાનની સ્થિરતારૂપ છે. તે કુતર્કના સ્પર્શથી રહિત, ઢાંકેલા રત્નના ભાજનની પ્રાપ્તિ સમી, માર્ગાનુસારિતાથી યુક્ત, અને શાસ્ત્રયુક્તિને મુખ્ય કરનારી હોય છે. એવી થોડી પણ બોધપરિણતિ આવે, તો ભ્રમ નથી થતો. (હાં, કદાચ) અનુપયોગ માત્ર થાય, પરંતુ તે અનુપયોગ સાધ્યવ્યાધિના જેવો છે; કેમકે વિશિષ્ટ વૈદ્યના જેવું વિશિષ્ટ જ્ઞાન (એને નિવારી શકે) છે.

વિવેચન:—સૂત્રની વ્યાખ્યા સિદ્ધ થવા માટે વિધિસર શ્રવણ પછી બોધપરિણતિ થાય, અર્થાત્ પ્રાપ્ત બોધ અંતરાત્મામાં પરિણામ પામવો જોઈએ, જ્ઞાન આત્મભાવે સ્થિર થવું યાને આત્મા જ્ઞાનથી ભાવિત થવો જોઈએ.

પ્ર૦—આત્મા એ જ્ઞાનથી પરિણત યાને ભાવિત થવો એટલે ?

ઉ૦—કપડામાં કોરા રંગનું પોટલું બાંધેલું ખાલી કરી નાખો પછી કપડું કોરા રંગવાળું રહે એ જુદું, અને રંગના પાણીમાં ઝબોળી કાઢેલું કપડું ભીના રંગવાળું થાય એ જુદું. એમ, આત્મામાં કોરા જ્ઞાનનું પોટલું બાંધેલું જુદું, અને આત્માને ભીનો-પોચો બનાવનારૂં જ્ઞાન જુદું! પેલું વસ્ત્ર ખંખેરો તો રંગ દૂર થઈ જાય; કેમકે ત્યાં પુરેપુરો રંગ જામ્યો નથી; જ્યારે ભીનામાં તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પુમે રંગ જામી પડ્યો છે, તેથી કપડું જ રંગમય થઈ ગયું છે. એમ આત્મા જ્ઞાનની પરિણતિમય થઈ ગયો છે એનો અર્થ જ એ કે જેમ, કપડું રંગથી ભાવિત કરાય, તેમ આત્માને જ્ઞાનથી ભાવિત અર્થાત્ જ્ઞાનની કોરમથી આત્માનો પ્રદેશે પ્રદેશ વાસિત કરવાનો છે; એટલે કે જ્ઞાન જેવું જેવું વસ્તુ સ્વરૂપ બતાવે છે, તેને અનુરૂપ હાર્દિક વલણ ઉભું કરવાનું છે. તે તે વસ્તુ પ્રત્યે આજ સુધી આત્માના ઉંધા વલણ હતાં, અર્થાત્ ત્યાજ્ય વસ્તુ પ્રત્યે આસ્થા આદરનાં વલણ, ને આત્મહિતકર વસ્તુ પ્રત્યે ભય, અરુચિનાં વલણ, તે હવે મટી જઇને જ્ઞાને બતાવેલા સ્વરૂપને અનુરૂપ (યોગ્ય માફક) વલણ ઉભાં થાય; ત્યાજ્ય વસ્તુ પ્રત્યે અરુચિ, ભય વગેરેનાં, અને ઉપાદેય (આદરણીય) તત્ત્વો પ્રત્યે હર્ષ-કોડ-આસ્થા-આદર આદિનાં; એનું નામ **બોધપરિણતિ, જ્ઞાનસ્થિરતા, જ્ઞાનભાવિતતા.** આ થાય એટલે આત્માને હવે પોતાની શુદ્ધિ અને ઉન્નતિની દિશા સૂઝવાની. શુદ્ધિ એટલે દોષનો ત્યાગ; ઉન્નતિ એટલે ગુણવિકાસ. આજ સુધી જડ-કાયા વગેરેની જ શુદ્ધિ અને વિકાસ કરવાની લગની રહેતી હતી તે હવે લગનીની દિશા પલટાય.

કુતર્કત્યાગ:— સમ્યગ્ બોધપરિણતિ વળી કુતર્કોથી કલંકિત ન હોય, માણસને સાંભળવામાં આવતી નઝર વસ્તુ પર ચિંતન-મંથન કરવાને બદલે નવા નવા પ્રશ્નો અને તુક્કા ઉઠાવવાનું મન થાય છે; પણ એ ઠીક નથી. અલબત યોગ્ય શંકા, જિજ્ઞાસા ઉઠે અને તે પૂછી શકાય; પરંતુ તે જિજ્ઞાસા તો ચાલુ વિષયને સ્પર્શનારી અને શ્રોતાની વર્તમાન કક્ષાની મર્યાદામાં રહેનારી હોય, તેમ શ્રવણથી સમજાતી વસ્તુ પર તર્ક-યુક્તિ પણ યોગ્ય લગાવાય; કુતર્ક નહિ. ભેજું મળ્યું છે માટે ગમે તેમ તર્ક-લડાવવાના કે ગમે તેમ પથરા નહિ મૂકવાના. તો જ બોધ અંતરમાં પરિણામ પામે, બાળક નિશાળમાં પહેલાં ૧૨ × ૨=૨૪,વગેરે બરાબર ભણે-ગોખે, પણ એના પર કુતર્ક ન કરે તો તેટલો બોધ પરિણત થઇ આગળના ઊંચા ગણિત ઝટપટ ગણવામાં એ કામ લાગી શકે છે. એવું અહીં પણ પોતાની ભૂમિકા સમજી

તર્કનો ઉપયોગ કરી શકાય. વીતરાગ સર્વજ્ઞના વચન પર અખંડ શ્રદ્ધા, તત્ત્વાનુસારી મતિ, અને મળેલા તત્ત્વના મહામૂલ્યાંકન થાય, તો કુતર્કને અવકાશ રહે નહિ. એ માટે,

ઢાંકયો રત્ન-કરંડિયોઃ—આ બોધપરિણતિ ઢાંકયા રત્નના કરંડિયાની પ્રાપ્તિ જેવી સમજવાની છે. રત્નપેટી પર માણસને જેમ હૂંફ રહે છે કે 'હવે ફિકર નહિ, બરેબર ઝવેરાત મળી ગયું છે;' વળી આઘો જાય પાછો જાય પણ એની ભારે ચિંતા અને રક્ષા કરે છે; તેમજ એના આધારે અનેક પ્રકારની સુખ-સગવડ ભોગવે છે. બસ એ રીતે બોધપરિણતિ પર હૂંફ રહે કે 'હવે બીજું ઓછું હોય તોય ફિકર નહિ, આ મહાનિધાન મળી ગયું!' વળી એની ભારે ચિંતા અને રક્ષા કરે; તેમજ એના આધારે અનેક પ્રકારની આંતરિક સુખ શાન્તિ, સ્વસ્થતા અને શુભ ઉલ્લાસ અનુભવે! કેમકે સમ્યગ્ બોધ અંતરાત્મામાં પરિણામ પામ્યાથી એવા મહાન સુખદ પ્રકાશ, સ્ફુર્તિ અને ઉત્સાહ ઝગમગે છે કે કેટલીય દુર્ધ્યાનરૂપી દરિદ્રતા, કુવિકલ્પોરૂપી વેદનાઓ, વગેરે દૂર થઇ જાય છે! આ બધાનું કારણ એ છે કે જૈન સૂત્રોની વ્યાખ્યાના બોધમાં સ્યાદ્વાદ-અનેકાન્તવાદના પ્રખર સિદ્ધાન્ત, આત્મા-કર્મ વગેરેના ત્રિકાલાબાધ્ય તત્ત્વ, સંસારહેતુ અને મોક્ષમાર્ગના યથાર્થ નિરૂપણ,.....ઇત્યાદિ ઇત્યાદિ અપૂર્વ-અદ્ભુત જાણવા મળે છે. એ બોધના અરિસામાં વાસ્તવ જગત પ્રતિબિંબિત થાય છે; એટલે હૃદયમાં એની પરિણતિ થઇ, એ તો જાણે રત્નોભરેલા કરંડિયાની પ્રાપ્તિ થઇ! પાછો એ ઢાંકયો કરંડિયો કહ્યો, તે એ દૃષ્ટિએ કે ઢાંકયા કરંડિયાની જેમ એમાં શું ઝળકી રહ્યું છે એની બીજાને ખબર ન પડે, એ તો બોધપરિણતિ પામેલો જ અનુભવી શકે; વળી એને ઢાંકી રાખે, જ્યાંત્યાં લ્હાણી કરતો ન ફરે, અર્થાત્ અપાત્રમાં વહેવડાવવાનું મન ન કરે, તેમજ બહાર એને 'હું આટલું જાણું છું' એમ ગાતો ફરી ઉત્કર્ષનું સાધન ન બનાવે. બોધપરિણતિ ચીજ જ એવી છે કે એ બરેબર પ્રાપ્ત થયેથી મહાન ગાંભીર્ય બોલે.

માર્ગાનુસારિતાથી યુક્તાઃ—બોધપરિણતિ અર્થાત્ જ્ઞાનની સ્થિરતા એવો મહાન જવાબદારીભર્યો ગુણ માનવામાં આવે છે કે એની સાથે માર્ગાનુસારીપણું પણ હોવું જ જોઇએ. એમાં એક દૃષ્ટિએ ન્યાયસંપન્ન વિભવ વગેરે માર્ગાનુસારીના ૩૫ ગુણો આવે. એને સરળતાથી યાદ રહે એ માટે વિભાગવાર જોઇએ તો આમ જોવાય.

ચાલુ જીવનના ૧૧	ત્યાજ્ય દોષ ૮	ગ્રાહ્ય ગુણ ૮	સત્પ્રવૃત્તિ ૮
ન્યાયસંપન્ન વિભવ	અંતરંગ ૬ શત્રુ	દયા	શિષ્ટાચાર-પ્રશંસા
ઉચિત વ્યય	ઇન્દ્રિયવશતા	સૌમ્યતા	પ્રસિદ્ધ દેશાચાર પાલન
,, વેશ	દુરાગ્રહ	લજ્જા	સત્સંગ
,, ઘર	નિંદા	દીર્ઘદૃષ્ટિ	સદાચાર
,, સાથે વિવાહ	નિંદ્યપ્રવૃત્તિ	ભલાભલ-વિચારણા	પરોપકાર
અજીર્ણે અ-ભોજન	ધર્મ-અર્થ-કામને પરસ્પર બાધા		ધર્મશ્રવણ
કાળે અવિરુદ્ધ ભોજન		ગુણપક્ષપાત	બુદ્ધિના ૮ ગુણ
પોષ્યપોષણ	ઉપદ્રવવાળું સ્થાન	પાપભીરુતા	રોજ વિશેષ-જ્ઞાન પ્રાપ્તિ
માતાપિતૃપૂજા	અયોગ્ય દેશકાળ-આચરણ	યથાર્હ લોકયાત્રા	
સાધુ-અતિથિ-દીન સેવા			
જ્ઞાનવૃદ્ધ-ચારિત્રશીલ ,,	-આ આઠ દોષ ત્યજવાના		

માર્ગાનુસારી ગુણ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગને અનુસરનારા ગુણ, મોક્ષમાર્ગને સુલભ કરનારા અને પોષનારા ગુણ. એ માર્ગાનુસારિતા. બીજી રીતે જોઈએ તો મોક્ષમાર્ગને અનુકૂળ વૃત્તિ અને પ્રવૃત્તિ એ માર્ગાનુસારિતા. એનાથી યુક્ત જોઇએ બોધપરિણતિ. એ સૂચવે છે કે જૈનદર્શન કોરી વિદ્વત્તા યાને શુષ્ક જ્ઞાનની કાંઈ જ કિંમત નથી ગણાતું; એ તો કહે છે કે સાથે માર્ગાનુસારી હૃદય અને માર્ગાનુસારી જીવન જોઈએ. એ, ગુણસ્થાનકની વૃદ્ધિને યોગ્ય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય, તો બની શકે.

શાસ્ત્રયુક્તિ પ્રધાનઃ—એવી બોધપરિણતિ શાસ્ત્ર અને યુક્તિની મુખ્યતાવાળી હોય; આગમ અને હેતુ બંનેના આધાર પર ઉભી હોય, બંનેથી પુષ્ટ બનેલી, મજબૂત થયેલી હોય. વિશ્વમાં પદાર્થ બે જાતના હોય છે.**એક આગમ-ગમ્ય અને બીજા હેતુ-ગમ્ય.** આગમ-ગમ્ય પદાર્થો અતીન્દ્રિય હોય છે, જે ઇન્દ્રિયથી જાણી શકાતા નથી, તેમજ જે યુક્તિનો વિષય પણ નથી બની શકતા; એ તો માત્ર વીતરાગ સર્વજ્ઞના શાસ્ત્રે કહ્યા છે તે પર જ સમજવાના અને શ્રદ્ધેય કરવાના હોય છે. અર્થાત્ માત્ર આગમ પ્રમાણથી જાણવા-માનવાના હોય છે. દા. ત. લોકમાં નિગોદ (સાધારણ વનસ્પતિકાય જીવના શરીર) અસંખ્ય છે, અને દરેક નિગોદમાં જીવો અનંતાનંત હોય છે. એમ, ભવિષ્યમાં કયારે ય સંસાર ભવ્ય જીવોથી ખાલી થવાનો નથી; એટલું જ નહિ, પણ અનાદિ કાળથી મુક્ત થતા આવેલા જીવો કરતાં અનંતગુણ જીવો સંસારમાં ભવિષ્યમાં પણ સદા મળવાના છે. વળી, આત્માથી ઉપાર્જાતા કર્મ-અણુઓ જ્ઞાનાવરણીયાદિ સાત વિભાગમાં અમુક પ્રમાણમાં વહેંચાઈ જાય છે, પછી તેના પર અમુક અમુક રીતે સંક્રમણ, ઉદ્વર્તના, અપવર્તના, ઉદીરણા વગેરે કરણ લાગુ પડે છે. આ બધી વાતોમાં ઇન્દ્રિય ન પહોંચે; દલીલ નહિ લડાવવાની; નહિતર ઉલટું શ્રદ્ધાથી અર્થાત્ સમ્યગ્દર્શનથી ખસી જવાય. આ પદાર્થો તો, અસત્ય બોલવાના કારણભૂત રાગ-દ્વેષ અને અજ્ઞાન જેમના સર્વથા નષ્ટ થઇ ગયા છે, માટે જ જેમને અસત્ય બોલવાને કોઈ જ કારણ નથી, એવા પરમ પુરૂષ તીર્થંકરે કહેલા અને આગમમાં ગુંથેલા છે; માટે એના દ્વારા જાણવા-માનવાના છે. એ આગમ-ગમ્ય પદાર્થ કહેવાય. ત્યારે બીજા હેતુ-ગમ્ય અર્થાત્ તર્કથી, દલીલથી જાણી શકાય એવા પદાર્થો હોય છે. દા. ત. આત્મા, પરલોક, કર્મ વગેરે. અલબત્ત તેને પણ શાસ્ત્રે તો કહ્યા જ છે, તેથી શાસ્ત્રથી જણાય એવા ખરા, છતાં તેને માત્ર શાસ્ત્રથી જાણી મૂકવાના નહિ, પરંતુ તર્કયુક્તિથી સમજીને દૃઢ શ્રદ્ધેય કરવાના હોય છે, જેથી મિથ્યાદૃષ્ટિઓ કુયુક્તિથી એનાથી વિરુદ્ધ પ્રતિપાદન સાચાં. જેવા કરે, છતાં તેનાથી ચલિત ન થવાય, તેમાં અંજાઇ, આકર્ષાઈ કે લલચાઇ ન જવાય, પણ તેની સામે સદ્યુક્તિ, સત્તર્કના બળે ટકી શકાય; સત્ તત્ત્વોને સચોટપણે જાણી, માની અને પ્રરૂપી શકાય. અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ને સમ્યક્પ્રરૂપણા અખંડિત-અબાધિત ટકાવી રખાય. એટલે, આવા પદાર્થના બોધમાં યુક્તિની મુખ્યતા હોય છે, ત્યારે પૂર્વોક્ત પદાર્થના બોધમાં શાસ્ત્રની મુખ્યતા કહી. આ રીતે બંને જાતના પદાર્થનો બોધ મળે. એમ બે રીતે વિશ્વનું તત્ત્વજ્ઞાન થાય, તેને પરિણત કરવાનું છે, સ્થિર કરવાનું છે; માટે કહ્યું કે બોધ-પરિણતિ શાસ્ત્ર યુક્તિની પ્રધાનતાવાળી હોય.

અવિપર્યાસઃ છતાં અનુપયોગ એ સાધ્યવ્યાધિઃ—

આવી કુતર્કરહિત, ઢાંકી રત્નપેટીની પ્રાપ્તિ જેવી, અને શાસ્ત્ર-યુકિતથી પુષ્ટ, એવી બોધ-પરિણતિ જગાવી, પછી તેમાં વિપર્યાસ અર્થાત્ બોધમાં અસ્થિરતા, ભ્રમ, કુશંકા, અશ્રદ્ધા જેવું કશું થવાનો સંભવ નથી. ભલે સંપૂર્ણ શ્રુતજ્ઞાન નથી મળ્યું, છતાં જે મળ્યું છે તે બોધપરિણતિ રૂપ થયું હોવાથી વિપર્યાસને અવકાશ નથી. આથી જમાલી જેવાને વિપર્યાસ થયો, તેમાં કહી શકાય કે જિજ્ઞાસાથી માંડીને બોધ-પરિણતિ સુધીના વ્યાખ્યા-અંગોની સાધનામાં કયાંક ખામી રહેલી; નહિતર ભ્રમ શા માટે જ થાય ?

પ્ર૦— તો શું સમ્યગ્ બોધ-પરિણતિવાળાને કયારે ય ભૂલભાલ થવી સંભવે જ નહિ ?

ઉ૦— સંભવે; કયારેક જ્ઞાનાવરણાદિ કર્મના ઉદયે જાણેલી વસ્તુમાં અનાભોગ અર્થાત્ ખ્યાલ-ફેર ન થાય એમ નહિ, થવો સંભવિત છે; પરંતુ તે ખ્યાલફેર તો સાધ્ય-વ્યાધિ જેવો છે. જેમ અસાધ્ય-દુઃસાધ્ય નહિ, પણ સાધ્ય એવો શારીરિક વ્યાધિ, નિષ્ણાત વૈદ્ય પર શ્રદ્ધા રાખીને તેનું કહ્યું કરવાથી મટી જાય છે, તેમ 'આત્માના રોગ હટાવનાર ભાવવૈદ્ય શ્રી તીર્થંકર ભગવાન એ સંપૂર્ણ અને શ્રેષ્ઠ આપ્ત પુરુષ છે, સર્વથા આદરણીય છે, એમનાં સર્વ વચન નીતરતાં સત્ય છે, એકાન્તે માન્ય છે,' આવું પરિજ્ઞાન યાને આવી બુદ્ધિ સજાગ કરવાથી એમ થાય કે 'તો પછી મારે શંકા કે બીજો ખ્યાલ કરવાનો હોય નહિ'; એમ ખ્યાલફેર દૂર થઈ જાય છે. અથવા, શાસ્ત્રજ્ઞાન એ વૈદ્યનું કામ કરે છે, એનું આલંબન લેતાં ખ્યાલફેર કે વિસ્મૃતિ એ સાધ્ય-વ્યાધિની જેમ દૂર થઇ જાય છે. બોધપરિણતિ જ એવું ચોથું વ્યાખ્યા-અંગ છે, કે એમાં નથીને કદાચિત્ અનાભોગ થાય, તો ય તે સાધ્ય-વ્યાધિ જેવો હોઈ ટકતો નથી, નષ્ટ થઈ જાય છે.

૫. સ્થૈર્ય.

(લ૦) तथा स्थैर्यं-ज्ञानर्द्ध्यनुत्सेकः, तदज्ञानुपहसनं, विवादपरित्यागः, अज्ञबुद्धिभेदाकरणं, प्रज्ञापनीये नियोगः । सेयं (पाठान्तर...संयम)पात्रता नाम बहुमता गुणज्ञानां विग्रहवती शमश्रीः, स्वाश्रयो भावसम्पदामिति ॥ ५ ॥

અર્થ.—તેવી રીતે (વ્યાખ્યાનું પમું અંગ) સ્થૈર્ય, એટલે (૧) તે જ્ઞાનસમૃદ્ધિનો ગર્વ નહિ, (૨) પોતે જાણેલી વસ્તુને ન જાણનારની મશ્કરી નહિ, (૩) વિવાદ કરવાનો નહિ, (૪)અજ્ઞપુરુષનો બુદ્ધિ-ભેદ કરવાનો નહિ, (૫) જ્ઞાન લેવાને યોગ્ય હોય તેને જાણેલું આપવાનું. આ પાત્રતા એ તો ગુણજ્ઞ પુરુષોએ બહુ માન્ય કરેલી છે, અને એ મૂર્તિમંત પ્રશમલક્ષ્મી, તેમજ ભાવસંપત્તિઓનો સમ્યગ્ આશ્રય છે.

વિવેચન:—વ્યાખ્યાનું પાંચમું અંગ સ્થૈર્ય છે. બોધપરિણતિને જ્ઞાન સ્થિરતારૂપ કહી તે સ્થિરતા જુદી અને આ સ્થૈર્ય જુદું. પેલામાં યોગ્ય આભ્યન્તર વલણ હોય અર્થાત્ તત્ત્વજ્ઞાનથી વિરુદ્ધ વલણ ન હોય, આમાં જ્ઞાનસમૃદ્ધિ પામ્યાનો ગર્વ ન હોય વગેરે લેવાનું છે.

(૧) તત્ત્વજ્ઞાન એ સાચી અચિંત્ય સમૃદ્ધિ છે. કેમકે એ પૂર્વે કહેલી રત્નપેટીની સમૃદ્ધિ કરતાં અપૂર્વ સુખ-શાન્તિ, સ્ફુર્તિ અને ઉલ્લાસ આપે છે, અચિંત્ય તીર્થંકરનામકર્મ સુધીના પુણ્યાનુબંધી પુણ્ય કમાવવાના ધર્મ-વ્યાપાર કરાવે છે. અજ્ઞાની કોડો વરસ સુધી ઘોર કષ્ટ સહી જેટલાં પાપ નાશ કરે તેટલાં પાપકર્મ માત્ર શ્વાસોશ્વાસ જેટલા કાળમાં નષ્ટ કરી દેવા રૂપ દારિદ્ર્યનિવારણ જ્ઞાન કરી દે છે ! એ જ્ઞાનસમૃદ્ધિરૂપી વિમાન દ્વારા તત્ત્વના આસમાનમાં વિહરવાનું મળે છે ! શુભ ભાવના, તત્ત્વદૃષ્ટિ અને ધ્યાનના મહેલમાં વસવાનું મળે છે ! એ દુર્ગતિ-દુર્દશા-દીનહીનતા વગેરે દુઃખોની ચૂરકૂ બને છે ! **'विद्वान् सर्वत्र पूज्यते'**-જ્ઞાન-સમૃદ્ધિ મોટા રાજા-મહારાજા અને દેવો સુદ્ધાંના સન્માન અપાવે છે ! રાગ-દ્વેષ, મોહ, મદ વગેરેની કારમી વિષમતાઓને દૂર કરી, એ વૈરાગ્ય, ઉપશમ, ક્ષમા, નમ્રતા, નિઃસ્પૃહતા વગેરેની સરખાઇ લાવે છે. પછી,

એના પર ગર્વ નહિ આવે:—એવી જ્ઞાનસમૃદ્ધિ પર ગર્વ શાનો થાય કે 'હું આવો જાણકાર'? એવો સંતોષ શાનો થાય કે 'મેં બહુ જાણ્યું ?' પરિણતિ બોધ પામેલો તે સમજે છે કે 'મારૂં જ્ઞાન એ સર્વજ્ઞ ભગવાનના

કેવળજ્ઞાન કરતાં ય અનંતમા ભાગનું જે ચૌદ પૂર્વધર મહર્ષિનું જ્ઞાન, તેના કરતાં ય અનંતમા ભાગનું છે. એ તો વળી ચૌદે ય પૂર્વને સવળું ને અવળું યાદ કરી શકે છે! ત્યારે હું તો એક નવકાર-સૂત્રને પણ અવળો નથી બોલી શકતો! પછી શાના ગુમાન કરવાના? અરે! કયાં એક શાસ્ત્રના પ્રસંગમાં કંઠસ્થ સો શાસ્ત્રના અવતરણ ટાંકી શકનારા પૂર્વાચાર્ય અને કયાં એક શાસ્ત્રને પણ ઠીક ઠીક ન જાણનારો હું! એવા ખુશ્રાતી દિવાસળીના સહેજ ચમકારા જેવા અત્યલ્પ જ્ઞાનપ્રકાશ કે હજી જયાં આત્મામાં અનંત મળ બેઠા છે, તેના પર શો ગર્વ કે સંતોષ માની બેસું?'...આવી આવી રીતે જ્ઞાનસમૃદ્ધિનો મદ આફરો દૂર રાખી શકાય. વળી એ પણ છે કે 'જ્ઞાન એ તો પ્રકાશ છે, જો ખરેખર પ્રકાશ હું પામ્યો હોઉં તો મદ, મમત્વાદિ અંધકાર તો મારાથી દૂર જ રહેવા જોઈએ, મારામાં ઉભા ન રહો'... આવી આવી રીતે માનસિક ધોરણો નક્કી કરવામાં આવે, 'જ્ઞાન એ તો તારક છે, એના જ આધારે શું મદ કરી મરવાનું?'-એમ મદનો ભય રાખવામાં આવે તો અનાદિની મદ, અહંકાર, ઇર્ષ્યા વગેરેની વાસનાના સકંજામાં સપડાયેલ જીવને એમાંથી મુક્ત કરી શકાય. પ્રથમ તબકકે એ દુર્ગુણો દૂર થવા મુશ્કેલ છે; માટે ઉપરોક્ત વિચારણા, મનોમંથન વગેરેને વારંવાર સેવવા પડે. એમ કરતાં કરતાં, જ્ઞાનસમૃદ્ધિનો ગર્વ નથી થતો, અને સ્થૈર્ય કેળવાતું આવે છે. ભૂલવાનું નથી કે મળેલા જ્ઞાનને બહાર દેખાડવાની જરા ઉત્સુકતા પણ ઉભી થઇ તો ગર્વ થતાં વાર નહિ લાગે; અને ગર્વિષ્ઠ જ્ઞાનીની તો નિન્દા થાય છે. જ્ઞાની તો નમ્ર અને મૃદુ શોભે. વૃક્ષને ફળ આવે એમ એ નીચું નમે છે. એમ સ્થૈર્ય થાય. વળી ◆ (૨) **અજ્ઞાનુની મશ્કરી નહિ:**—બોધ એવો નમ્રતાવાળો હોય કે એને બિનજ્ઞાનુકારની હાંસી-ઉપહાસ કરવાનું મન જ થાય નહિ; એ હાંસી-ઉપહાસ કરે નહિ. એને તો ભાવદયા ઉપજે-'કે આ બિચારા માણસ કર્મથી કેવા પીડિત કે એમને આવું જ્ઞાન નથી!' અથવા ગ્લાની ઉપજે કે 'અહો! જ્ઞાનાવરણાદિ કર્મથી કેવી વિટંબણા!' એમ, માણસ મહાકિંમતી એવા ગંભીરતા ગુણને પામવા-પાળવાનું વિચારે તો પણ ઉપહાસ, મશ્કરી કરવાનું મન ન થાય. બાકી હાંસી-મશ્કરીમાં છીછરાપણું આવે છે; અને તે, પછી તત્ત્વદૃષ્ટિ અને ઉદાર વ્યવહારમાં નડે છે! વળી હાંસી ગુણાનુરાગને ય મંદ કરે છે! જ્ઞાનને પચાવનારો ને જ્ઞાનના અજીર્ણથી ડરનારો આ બધા અનર્થ વિચારી અજ્ઞાનુની હાંસી-મશ્કરી કરતો નથી. વળી ◆ (૩) **વિવાદનો પરિત્યાગ** એ કરે છે. પ્રાપ્ત થયેલ બોધ પર ગર્વ નથી, કે બીજાને જીતવાની યા ખોટા પાડવાની લાલસા નથી, તેથી એ વાદવિવાદમાં ઉતરતો નથી. તત્ત્વવિચારણાની દૃષ્ટિથી યા સામાને સમજાવવાની ભૂમિકા પર ચર્ચારૂપ વાદ થાય, એમાં બાધ નહિ; પરંતુ બીજાને જીતવાની ઇચ્છાથી કરાતી ચર્ચા એ **જલ્પ**, અને સામાને ખોટો પાડવાની ઇચ્છાથી ચર્ચા કરાય તે **વિતંડા**, આ બંને વિવાદરૂપ છે; એમાં એ ન પડે. કેટલીકવાર સામો દેખાવ સમજવાનો કરે, પરંતુ હોય હઠવાળો, તો ચર્ચાથી ખોટી ખેંચતાણ થાય છે, મનને કલેશ-કષાય થાય છે, પોતે સામાને તત્ત્વ સ્વીકારાવવાને બદલે સામાનો પ્રબળ કુતર્ક દેખવાથી કદાચ પોતે જ તત્ત્વ ઉપર અશ્રદ્ધાવાળો બની જાય છે! તે ન થવા દે તો ય મોંઘેરા માનવસમયની એટલી બરબાદી તો છે જ. માટે પરિણત જ્ઞાની વાદવિવાદનો ત્યાગ કરે છે. એટલું જ નહિ, પરંતુ ◆ (૪) એ અજ્ઞ જીવનો **બુદ્ધિ-ભેદ પણ નથી કરતો.** 'બુદ્ધિભેદ'ની વિચારણા પૂર્વે ધર્મ-દેશનાના પ્રકરણમાં કરી છે. સારાંશ, તત્ત્વનો અજ્ઞ, અજાણ એવો સામાન્ય જીવ કુલસંસ્કારાદિના હિસાબે જે સાધારણ શ્રદ્ધા-સમજથી દેવ-ગુરુને માનતો હોય અને ધર્મક્રિયા કરતો હોય, તે શ્રદ્ધા, સમજ અને સુકૃતોલ્લાસ ડગમગી ઉઠે એનું નામ બુદ્ધિભેદ. એવા જીવો ખરી રીતે ધર્મમાં વધુ પ્રોત્સાહિત કરવા યોગ્ય હોય છે; માટે બોધપરિણતવાળો ભવ્ય આત્મા પોતાના બોધના બળ પર એવું કાંઇ ન બોલે કે જેથી અજ્ઞજનોના બુદ્ધિનો ભેદ થાય. દા. ત. અજ્ઞ જીવો ચૈત્યવંદનમાં કોઈ અક્ષર અશુદ્ધ બોલતા હોય, મુદ્રાને બરાબર અણીશુદ્ધ સાચવવાનું ન કરી શકતા હોય, પાછા તે સૂક્ષ્મ સુધારાની જિજ્ઞાસા ધરે એવી કક્ષામાં ન

હોય, હવે ત્યાં જો બોધવાળો જીવ એમ ભાષણ કરે કે, 'શાસ્ત્રમાં તો આવી આવી વિધિ લખી છે, તે ન સાચવો તો ક્રિયા તમારી નકામી છે, એક વિટંબણા છે, એનાથી મહાન આશાતના અને પાપ થાય છે,...' વગેરે વગેરે, તો પેલાને એમ થાય કે-'આ જાણકાર આમ કહે છે ત્યારે ખરેખર આપણે ભૂલા પડ્યા છીએ, આ કરીને પાપમાં પડવું એના કરતાં તો ઘેર બેસો; અથવા, માત્ર પ્રભુના દર્શનથી સંતોષ માનશું...' ઇત્યાદિ; પછી તો એટલી ય ધર્મપ્રવૃત્તિ અને કદાચ બીજી પણ ધર્મપ્રવૃત્તિ અવિધિના પાપને ભયંકર સમજી છોડી દેશે, અગર નહિ કરે! અને આમ થાય એ યોગ્ય નથી; કેમકે વિષયકષાયની એકાકાર પ્રવૃત્તિમાંથી છૂટીને માંડ અહીં આવ્યો છે, ને ધર્મપ્રવૃત્તિમાં જોડાયો છે. જેના દિલમાં વિધિનો અનાદર નથી, એ કદાચ વિધિ પાળી નથી શકતો અને અવિધિથી ક્રિયા કરે છે, તોય એ એટલા પણ પણ ધર્મક્રિયાના અભ્યાસથી આગળ આવી શકશે. જો બુદ્ધિભેદ થવાથી ધર્મક્રિયા જ છોડી દેશે તો તો પછી એકલા પાપના પરિચયમાં રહેવાનો. એમ સાધુ પ્રત્યે પણ બુદ્ધિભેદ જો થયો તો એમાં ય એવું થવાનું. માટે અજ્ઞનો બુદ્ધિભેદ નહિ કરવાનો. એનામાં ક્રિયા કાંઈ નહિ, એકલી ધર્મશ્રદ્ધા હોય, તોય તે પણ ન ભેદાય એ જોવાનું. (૫) ◆ **પ્રજ્ઞાપનીયે નિયોગ:**-બોધપરિણતિ ઉપર સ્થૈર્ય સિદ્ધ કરનારો આત્મા અજ્ઞ જનોને હસે નહિ, કે એનો બુદ્ધિભેદ કરનારૂં બોલ્યો નહિ, કે પોતાને મળેલ જ્ઞાનસમૃદ્ધિ પોતાનામાં જ દબાવી ન રાખે, પરંતુ પ્રજ્ઞાપનીય એટલે કે સમજ લેવાને યોગ્ય આત્માને અવશ્ય એનું દાન કરે; એને જ ચૈત્યવંદનાદિ સમ્યક્ પ્રવૃત્તિમાં યોજે, અપ્રજ્ઞાપનીયને નહિ, અપાત્રને નહિ. પ્રજ્ઞાપનીય જીવો અજ્ઞ-અજાણ હોવા છતાં આ મોટી વિશેષતાવાળા હોય છે કે એને સાચું સમજાવો, આપો, તો તે ગ્રહણ કરી લેવા તત્પર હોય છે; પોતાનું માનેલું ખોટું હોય તો ય તે પકડી રાખવાના અને પોતાનો કક્કો ખરા કરવાના દુરાગ્રહી નથી હોતા. એવાને તો સમ્યગ્જ્ઞાનનું દાન કરવું જ જોઇએ; જેથી એનું ય કલ્યાણ થાય, પ્રભુના જ્ઞાનક્રિયાના વારસાની પરંપરા ય ટકે, બીજાનાં ય હિત થાય, અને પોતાની ય જ્ઞાન પ્રત્યેની કૃતજ્ઞતા સચવાય, તથા ઉત્તમ ભાવદયાની સાધના થાય.

'**सेयं पात्रता नाम...**' આ જે પ્રજ્ઞાપનીય જીવની તત્ત્વજ્ઞાન માટેની પાત્રતા, તેમજ બોધપરિણતિ ગુણવાળા જીવની વ્યાખ્યા લેવા માટેની ઉપરોક્ત જે બધી પાત્રતા, એને ખરેખર! ગુણજ્ઞ યાને ગુણનું મહામૂલ્યાંકન કરનાર પુરુષો બહુ માન્ય કરે છે, આદરે છે, વધાવે છે, કદર કરે છે, સમર્થન કરે છે, કેમકે એ સમજે છે કે વસ્તુના સીધા અમલ કરતાં ય, પહેલાં તો વસ્તુ માટેની પાત્રતા અર્થાત્ યોગ્યતાના ગુણોનું બહુ મહત્ત્વ છે. પાત્રતા વિના ચીજ ફળતી નથી. કેટલીકવાર નુકસાન થાય છે; જેમકે મંત્રથી, પાત્રતા હોય તો જ, સાચી સાધના થઇ શકે, સાધનામાં આગળ વધાય. ગુણસ્થાનકની પાયરી પર પાત્રતાથી ચઢી શકાય, ઊંચા ઊંચા જ્ઞાનપ્રકાશ સ્ફુરે. બધું પાત્રતાના પાયા પર! મૃગાવતીજી પાત્ર હતા તો ગુરુણી ચંદનબાળાના 'પ્રજ્ઞાપનીયે નિયોગ' પર એમણે કેવળજ્ઞાન લીધું! વ્યવહારમાં ય શું છે? બીજ યોગ્ય ભૂમિમાં સારાં ફળ દે છે! સારા રંગ પાત્ર પોત પર ચઢે છે! પાત્ર વિદ્યાર્થી વિદ્યામાં સારો આગળ વધી શકે છે! તો આત્મહિતના સંબંધમાં તો પાત્રતાનું ઊંચું મહત્ત્વ હોય એમાં નવાઇ નથી. ◆ પાત્રતા એ તો જાણે મૂર્તિમતી **शमश्री** અર્થાત્ ઉપશમ-લક્ષ્મી છે. આત્માના અનંત કલ્યાણનો સાધક ધર્મ, એને શાસ્ત્ર '**उपशमप्रभव**' અર્થાત્ ઉપશમમાંથી જન્મનારો કહે છે. પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં કવિ કહે છે, 'માનવ ભવ, આરજ કુળ, સદ્ગુરુ, વિમળ બોધ મળ્યો મુજને; ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને.' પ્રભુ! તારી ઓળખ, અર્થાત્ યથાર્થ મોક્ષમાર્ગ સ્વરૂપ સદ્ધર્મને સ્વયં સિદ્ધ કરનાર, અને વિશ્વને તે તત્ત્વો સહિત દેનાર તરીકે તારી ઓળખાણ, એટલે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, એ માનવ ભવ,...યાવત્ ક્રોધાદિ અનંતાનુબંધી કષાયના ઉપશમથી થઈ. આ ઉપશમ એ એક મહાન આત્મલક્ષ્મી છે, આત્માની સાચી શોભા છે. એ આત્માની આંતરિક વસ્તુ છે, ભાવાત્મક છે, પણ એને મૂર્ત રૂપે જોવી હોય તો પાત્ર જીવની યોગ્ય ચર્યારૂપ પાત્રતા જોવી.

કષાયોના અનાદિના એકાંગી ઉકળાટ શમે, તો જ પાત્રતા પ્રગટે છે. માટે પ્રગટ પાત્રતા એ આંતરિક ઉપશમનું બાહ્ય રૂપ છે. ◆ વળી એ પાત્રતા ભાવસંપત્તિ અર્થાત્ આત્મિક સંપત્તિનો સમ્યગ્ આશ્રય છે. માલ-મિલ્કત એ દ્રવ્યસંપત્તિ! એ તુચ્છ છે, સમતાના અભાવે દુઃખી કરનારી છે. શમ, દમ, તિતિક્ષા, સંવેગ, વૈરાગ્ય, પરમાત્મભક્તિ, દાનાદિ-ધર્મો, સમતા-સમાધિ વગેરે, એ ભાવસંપત્તિ છે; આત્માને મહાસુખ-દાયિની છે! આ સારી રીતે આવીને વસી શકે, ટકી શકે, ને વિકસી શકે, તે અપાત્રમાં નહિ, પણ પાત્ર જીવમાં! ત્યાં પછી ભલે બહુ વિદ્વત્તા કે બહુ તપ ન પણ હોય. માટે એ બધાનો સમ્યગ્ આશ્રય પાત્રતા કહેવાય, વિદ્વતા કે તપ નહિ. અપાત્ર એવા વિનયરત્ન નામના શિષ્યે કાલિકસૂરિજી મહારાજ પાસે વર્ષો સુધી ચારિત્ર પાળ્યું છતાં અંતે ઉદ્દાયી રાજાનું ખૂન કરી ચાલતો થઇ ગયો! ત્યારે પાત્ર એવા ૧૫૦૦ તાપસોમાં ગૌતમ મહારાજનું આલંબન મળતાં સંવેગ, વૈરાગ્ય, ક્ષમાદિ યતિધર્મ, વગેરે એવા ઊંટ આવી વસ્યા, અને વિકસ્યા, કે એ તરત કેવળજ્ઞાન સુધી પહોંચ્યા! એમ કુરગડુ, માષતુષ, વગેરે મુનિઓ પાત્રતા ઉપર વીતરાગ-સર્વજ્ઞતા જેવી સર્વોચ્ચ ભાવસંપત્તિ પામ્યા! માટે બોધપરિણતવાળો પાત્ર જીવને જ ચૈત્યવન્દનાદિ સમ્યક્ પ્રવૃત્તિમાં યોજે; એને અવશ્ય યોજે. ॥ ૫ ॥

૬. ઉક્તક્રિયા.

(લ૦) तथोक्तक्रिया । उक्तस्य विज्ञातस्य, तत्तत्कालयोगिनः तदासेवनसमये तथोपयोग-पूर्वं शक्तितस्तथाक्रिया । नौषधज्ञानमात्रादारोग्यं; क्रियोपयोग्येव तत् । न चेयं यादृच्छिकी शस्ता, प्रत्यपायसम्भवादिति । ६ ॥

અર્થ:—તથા (છટ્ઠું વ્યાખ્યાંગ) ઉક્તક્રિયા. ૧. શાસ્ત્રે કહ્યા પરથી, ૨. વિશેષરૂપે જાણેલી, (૩) તે તે કાળને યોગ્ય વસ્તુને, ૪.તેના આસેવન-સમયે ચોકસ ઉપયોગપૂર્વક, અને ૫. શક્તિ ઉલ્લંઘ્યા કે ગોપવ્યા વિના, ૬. તે મુજબ અમલમાં મુકવી, એ ઉક્તક્રિયા કહેવાય. (ક્રિયાની જરૂર એટલા માટે છે કે ક્રિયાના અમલ વિના એકલા જ) ઔષધના જ્ઞાનમાત્રથી આરોગ્ય નીપજતું નથી. જ્ઞાન તો માત્ર ક્રિયામાં જ ઉપયોગી છે. (જ્યારે આરોગ્યમાં ઉપયોગી ઔષધગ્રહણની ક્રિયા છે.) અને તે ક્રિયા મનઃ-કલ્પિત હોય તો પ્રશંસનીય નથી; કેમકે એમાં નુકશાનનો સંભવ રહે છે.

વિવેચન:—વ્યાખ્યાની ઉત્તમ પ્રાપ્તિ થાય એ માટે છઠ્ઠો ગુણ છે ઉક્તક્રિયા; એટલે કે શાસ્ત્રવિહિતનો અમલ. આત્મા એકલું જ્ઞાન મેળવે એટલું જ બસ નથી, પરંતુ સાથે જાણેલાને અમલમાં ઉતારે, અસત્ પ્રવૃત્તિ ઘટાડતો આવે, અને સત્પ્રવૃત્તિ વધારતો આવે, એ પણ જરૂરી છે. તો જ જ્ઞાનની એને કિંમત છે એમ ગણાય. **ज्ञानस्य फलं विरति.** જ્ઞાનની સફળતા વિરતિમાં છે, પાપ કાર્યો અને રાગ-દ્વેષાદિ પ્રમાદથી વિરામ પામી અપ્રમત્ત શુભ ચર્યામાં ઉદ્યત બનવામાં છે. **'सा विद्या या विमुक्तये'** વિદ્યા તે છે કે જે આત્માને શુભ વૃત્તિ ને શુભ પ્રવૃત્તિ દ્વારા હિંસાદિ પાપો, ક્રોધાદિ કષાયો, ઇન્દ્રિયવશતા, નિદ્રાવિકથાદિ પ્રમાદ, વગેરેમાંથી મુક્ત કરાવતી કરાવતી અંતે સર્વ સંસારથી મુક્ત કરાવનારી હોય. માટે વ્યાખ્યાજ્ઞાન મેળવવાની યોગ્યતાનું માપ, જાણવા પાછળની ગરજ પરથી કાઢવું જોઇએ. તે જીવ-નમાં 'ઉક્તક્રિયા' અર્થાત્ જાણેલાનો શકય અમલ કરવા પરથી જણાય. અમલ નથી કરવો, કોરું જ્ઞાન જોઇએ છે, એનો અર્થ એ કે જ્ઞાનની જવાબદારી નથી જોઇતી, આગળ વધવાનું નથી જોઇતું, તો એકલી પંડિતાઇ માટે જે જોઇએ છે, તો તે પછીથી મદ, ક્ષુદ્રતા વગેરે દુર્ગુણોને પોષશે! કહ્યું છે, **'जहा खरो चंदण भारवाही, भारस्स भागी न हु चंदणस्स । एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी, न हु सुग्गईए'** ॥ આચરણ વિનાનો જ્ઞાની ગધેડાની જેમ ભારનો ભાગી છે, પણ સદ્ગતિનો નહિ. માટે

આચરણ, અમલ જોઇએ. આ 'ઉક્તક્રિયા' ગુણમાં ૬ મુદ્દા છેઃ-(૧) શાસ્ત્રે કહેલું, (૨) તે વિશેષરૂપે જાણેલું હોય, (૩) કાળને યોગ્ય કરાતું હોય, (૪) ઉપયોગપૂર્વક, (૫) યથાશક્તિ, અને (૬) જાણ્યા મુજબ કરાય.

◆ (૧) અમલમાં જે ઉતારવાનું, તે શાસ્ત્રે કહેલું હોય. **'साधवः शास्त्रचक्षुषः'** સત્પુરુષો શાસ્ત્રની આંખે જોનારા હોય; પ્રવૃત્તિમાત્ર શાસ્ત્રને અગળ કરીને કરતા હોય; કેમકે એ સમજે છે કે 'પૂર્ણ જ્ઞાન વિનાનાને સર્વજ્ઞનાં શાસ્ત્ર એ દીવાદાંડી છે, ખરાબે નહિ અથડાવા દે; સર્વજ્ઞનાં શાસ્ત્ર એ સુકાની છે, યોગ્ય રાહે લઈ જઈ ઠેઠ પરમપદ મોક્ષ સુધી પહોંચાડશે; માટે શાસ્ત્રે કહેલું જોવાનું, ને આચરવાનું.' પરંપરાને પણ શાસ્ત્રે માન્ય કરવાની કહી છે, માટે તે પણ શાસ્ત્રે કહેલામાં આવી જાય છે. ◆ (૨) શાસ્ત્રે કહેલું વિષય-વિભાગ કરીને વિશેષરૂપે અર્થાત્ એમાં ભાવ શો, અંતિમ તાત્પર્ય શું, આગળ પાછળનો સંબંધ શો, ઉત્સર્ગ રૂપે છે કે અપવાદ રૂપે છે, વગેરે વિવેક અને સૂક્ષ્મ-નિપુણ મતિ યોજીને સારી રીતે જાણેલું હોવું જોઇએ. તો અમલ યથાયોગ્ય થઇ શકે. ◆ (૩) અમલમાં ઉતારવાનું એ, તે તે કાળને યોગ્ય અર્થાત્ સમ્યગ્ના અનુષ્ઠાનોનોના કહેલા, તે તે સમય પ્રમાણે સુનિશ્ચિત વિષય-વિભાગ કરીને આચરવાનું. દા. ત. ગૃહસ્થને શાસ્ત્રે જિનભક્તિ અને જિનવાણીનું શ્રવણ આદરવાનું કહ્યું; તો જિનભક્તિના કાળે તે આચરવાની, જિનવાણી શ્રવણના કાળે તે શ્રવણ કરવાનું. એકના ભોગે બીજું, કે એકના કાળે બીજું નહિ આદરવાનું. વિશેષ પ્રસંગમાં જુદી વસ્તુ છે. ◆ (૪) વળી અમલ ઉપયોગપૂર્વક અર્થાત્ મનના સચોટ જાગતા અને ચોકસરૂપના ખ્યાલવાળો જોઇએ; શૂન્ય કે રખડતા મનથી નહિ, અથવા ઉપર ઉપરનો ખ્યાલ રાખીને નહિ, અગર ભળતા ભાવથી કે શંભુમેળા જેવા ભાવથી નહિ. દા. ત. ચોવીસ જિનની નામ-સ્તુતિરૂપ 'લોગસ્સ' સૂત્ર ને ભક્તિના ભાવથી, અને 'ઇરિયાવહિય' પ્રતિક્રમણ સૂત્રને પશ્ચાત્તાપના ભાવથી; એમાંય 'લોગસ્સ'ના પદે પદે વિશેષણ યા પ્રભુના નામ વગેરે જે આવે, તે દરેકની ઉપર બરાબર લક્ષ રાખીને ઉચ્ચારણ થાય. 'ઇરિયાવહિય'ના પદે પદે જીવના યા વિરાધનાના દરેક નામ પર પાકો ખ્યાલ જોઇએ. 'નમુત્થુ ણં' બોલતાં પદે પદે પ્રભુની નિરનિરાળી દરેક વિશેષતા પર ખ્યાલ જોઇએ. વ્યાખ્યાજ્ઞાન મેળવવા પાછળ આ અમલ જોઇએ. ◆ (૫) જાણેલાનો અમલ કરવાનો તે યથાશક્તિ કરવાનો, અર્થાત્ શક્તિને ઉલ્લંઘ્યા કે ગોપવ્યા વિના કરવાનો. કારણ કે શાસ્ત્ર કોઇ એક વ્યક્તિ નહિ પણ જનસમુદાય માટે રચાયા છે, એટલે તે અનેક કક્ષાની સાધનાઓ, સત્યપ્રવૃત્તિઓ બતાવે; પણ સાધકે પોતાનું ગજું માપીને સાધવાનું, ગજા ઉપરાંતનું નહિ આચરવાનું; નહિતર આવા જઇને પાછા પડવાનું થાય! પાર પાડી શકે નહિ, મન મુંઝાય, અસમાધિ થાય, 'કયાં આ મેં ઉપાડયું?' એમ ઉદ્વેગ થાય, યાવત્ ધર્મ પ્રત્યે અભાવ, અરુચિ થવાનો ય પ્રસંગ સંભવે, માટે શક્તિ ઉલ્લંઘીને કરવાનું નહિ. પણ એનો એ અર્થ નથી કે 'શક્તિની ચોરી રાખીને કરવાનું,' અમલમાં શક્તિ ગોપવવાની પણ નહિ. ગોપવેલી શક્તિ વેડફાઈ જાય છે. દાનવૃત્તિમાં, તપમાં, ત્યાગમાં ને જ્ઞાનધ્યાન-ભક્તિ-વૈયાવચ્ચ વગેરેમાં જેમ જેમ શક્તિ ખરચાય છે તેમ તેમ કર્મનો ક્ષયોપશમ વધે છે, તેથી તે તે શક્તિ વધે છે. એના પ્રત્યક્ષ દાખલા જોવા મળે છે. માટે પૂરી શક્તિનો સદુપયોગ કરી લેવાનો; કેમકે મહાકિંમતી શક્તિઓ મળી છે, તે હાથમાં છે ત્યાં સુધી જ અપૂર્વ સુકૃત અને ભાવી દીર્ઘ કાળના કલ્યાણલાભ ઉપાર્જી લેવાને અવસર છે, અવકાશ છે. ▲ (૬) શાસ્ત્ર-વ્યાખ્યાનથી જાણેલાનો યથાશક્તિ અમલ પણ જાણ્યા મુજબ કરવાનો; અર્થાત્ જાણ્યું તો ખરૂં, પણ અમલ પોતાની મરજી મુજબનો કે પ્રમાદભર્યો ન હોવો જોઇએ, જેથી જાણેલું વાંઝીયું રહી જાય, ને અનાદિની સ્વચ્છંદાચારિતા શાસ્ત્રનો નિર્મળ બોધ મળ્યા પછી પણ ઉભી રહે, પોષાયા કરે! એમ જાણેલાનો યથાશકય અમલ અવશ્ય કરવો જ જોઇએ. આ ઉત્તમ ભવમાં સમ્યગ્ જ્ઞાનના અજવાળાં મળ્યા પછી ચોકસ અને સચોટ રૂપે શકય સર્વ હિતની પ્રવૃત્તિ, તથા અહિતના થોકની શકય નિવૃત્તિ નહિ થાય, તો પછી બીજા કયા અંધારિયા ભવમાં એ થઈ શકશે?-

એનો ગંભીર હૃદયસ્પર્શી વિચાર કરી બોધપરિણતિવાળો ઉક્તક્રિયાનો અવશ્ય બની બનનારો હોય.

◆ **ઔષધના દૃષ્ટાન્તથી ક્રિયાની ઉપયોગિતા:** - જ્ઞાનની સફળતા ક્રિયામાં છે, એ વસ્તુ ઔષધમાં દેખાય છે; કેમકે ઔષધના જ્ઞાનમાત્રથી રોગ નષ્ટ થઈ આરોગ્ય મળતું નથી, પણ ઔષધ વાપરવાની ક્રિયા પણ કરવી પડે છે; તો જ આરોગ્ય મળે છે. માટે ઠીક જ કહ્યું છે કે **'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ:'**—જ્ઞાન અને ક્રિયા બંનેથી ભવરોગ મટીને મોક્ષ-આરોગ્ય નીપજે છે. આરોગ્યમાં ખરૂં જોતાં ઔષધની ક્રિયા (પ્રયોગ) ઉપયોગી છે, પરંતુ તે ગમે તેમ યાને યથેચ્છ ઔષધની ક્રિયા નહિ, કેમકે તેથી તો ઉલટું નુકસાન થવા સંભવ; કિન્તુ યથાર્થ ઔષધ-ક્રિયા ઉપયોગી છે, એ માટે યથાર્થ ઔષધ-જ્ઞાન જરૂરી છે. તેથી ઔષધનું જ્ઞાન યથાર્થ ઔષધક્રિયામાં જ ઉપયોગી થયું; ને યથાર્થ ઔષધક્રિયા આરોગ્યમાં કારણ બની. નદી પાર કરી જવામાં પણ એકલું તરવાનું જ્ઞાન કામ નથી લાગતું, મુખ્ય તો તરવાની ક્રિયા જોઇએ છે. એમ વ્યાખ્યાનું જ્ઞાન મેળવ્યાથી નિસ્તાર નથી, જાણ્યા મુજબનો અમલ જોઇએ. વળી, જાણવાનું જરૂરી એટલા માટે કે યથાર્થ ક્રિયા, ને યથાર્થ વિધિનું જ્ઞાન થાય. મનઘડંત ક્રિયા વ્યવહારમાં ય નથી ચાલતી, તો ધાર્મિક અર્થાત્ આત્મિક બાબત કે જ્યાં ક્રિયાના ફળ અતીન્દ્રિય હોય છે, ત્યાં કેમ ચાલે ? કયાંથી સફળ બને ? એમાં તો કેવી ક્રિયાવિધિથી કર્મક્ષયાદિ ઈષ્ટ ફળ નીપજે એ અતીન્દ્રિયદષ્ટા સર્વજ્ઞ ભગવાને યથાર્થ જોઈને કહેલું જ યથાર્થ હોય; માટે એમના માર્ગદર્શન મુજબ જ વર્તવું-કરવું પડે. એ છોડીને યથેચ્છ રીતે, દા. ત. 'ચારને બદલે પાંચ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીએ તો શો વાંધો ? અધિકસ્ય અધિકં ફલં' એમ ગબડાવે એ નુકશાનકારી. કેમકે એ કાઉસ્સગ્ગ એ પ્રાયશ્ચિત્તરૂપ છે, દવારૂપ છે. દવા તો માપસર જ લેવાય. યથેચ્છ વર્તાય તેમાં તો ઉલટું (૧) પહેલું નુકસાન તો એ કે જ્ઞાની અને જ્ઞાનીના વચનના અનાદરનું પાપ ! (૨) અનાદિની સ્વચ્છંદવૃત્તિ ને અહંભાવનું પોષણ ! (૩) ક્રિયાના વિપર્યાસથી કર્મબંધ ! (૪) પ્રાપ્ત કરેલા શાસ્ત્રજ્ઞાનની નિષ્ફળતા ! (૫) ઉપરાંત, જાણવા છતાં એ રીતે કરવાના અખાડા, એમાં હૃદયની ધિટ્ટાઈનું પોષણ ! (૬) ક્રિયા કરવા છતાં એનું ફળ ગુમાવવાનું ! આવા આવા નુકસાન છે, માટે યથેચ્છપણે નહિ, પણ શાસ્ત્રે કહ્યા પ્રમાણે ક્રિયા કરવાની, અને તે અવશ્ય કરવાની, એનું નામ 'ઉક્તક્રિયા.' ॥૬॥

૭. અલ્પભવતા.

(લ૦)-तथा अल्पभवता व्याख्याङ्गं, प्रदीर्घतरसंसारिणस्तत्त्वज्ञानायोगात् । तत्र, अल्पः-पुद्गलपरावर्तादारतो, भवः संसारो, यस्य तद्भावः अल्पभवता । न हि दीर्घदौर्गत्यभाक् चिन्तामणिरत्नावाप्तिहेतुः । एवमेव नानेकपुद्गपरावर्त्तभाजो व्याख्याङ्गमिति समयसारविदः॥ अतः साकल्यत एतेषां व्याख्यासिद्धि; तस्याः सम्यग्ज्ञानहेतुत्वादितिसूक्ष्मधियालोचनीयमेतत् ।

અર્થ.—તેવી રીતે (સાતમું) વ્યાખ્યા-અંગ, વ્યાખ્યાજ્ઞાન પ્રાપ્ત કરવામાં જરૂરી અલ્પભવતા (અલ્પસંસારીપણું) છે, કેમકે અતિ દીર્ઘ સંસાર હોય એને તત્ત્વજ્ઞાન થતું નથી. '**અલ્પભવતા**' શબ્દમાં '**અલ્પ**' એટલે એક પુદ્ગલ-પરાવર્ત કાળની અંદરનો, '**ભવ**' એટલે સંસાર, જેને છે (તે 'અલ્પભવ';) તેપણું એ 'અલ્પભવતા'-દીર્ઘ દરિદ્રતાવાળો ચિંતામણિરત્નની પ્રાપ્તિમાં કારણ નથી બનતો. એ જ પ્રમાણે અનેક પુદ્ગલપરાવર્ત કાળવાળો એ વ્યાખ્યા (પ્રાપ્તિ)નું અંગ નથી બનતો; એમ શાસ્ત્રરહસ્યના જાણકારો કહે છે ।૭॥ આ સમસ્ત(સાતે ય અંગો)થી એમને વ્યાખ્યાની પ્રાપ્તિ થાય છે; કેમકે એ જ સમ્યગ્જ્ઞાનનું કારણ છે. એ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારણીય છે.

વિવેચનઃ—સાતમું વ્યાખ્યા-અંગ અલ્પભવતા છે. 'અલ્પભવ' એટલે એક પુદ્ગલ-પરાવર્ત કાળની અંદર હવે બાકીનો સંસાર છે જેમને તે. હવે જેમને એટલા કાળમાં મોક્ષે જવાનું જ છે, માટે સંસારમાં હવે જેમને એથી વધારે નથી રહેવાનું તે અલ્પભવી જીવ કહેવાય. એને એ વિશેષતાએ 'અલ્પભવતા' નામનો ગુણ, એ પણ વ્યાખ્યાપ્રાપ્તિમાં કારણ છે. એવાને જ વ્યાખ્યાનું જ્ઞાન સિદ્ધ થઈ શકે. એનું કારણ એ છે કે અતિ દીર્ઘ અર્થાત્ એક પુદ્ગલ-પરાવર્ત કાળથી અધિક કાળ જેટલા સંસાર-ભ્રમણવાળાને તત્ત્વજ્ઞાન જ સ્પર્શી શકતું નથી, પછી સૂત્ર-વ્યાખ્યાના જ્ઞાનની વાતે ય શી ?

પ્ર૦-જિજ્ઞાસા, ગુરુયોગ વગેરે તો ઉપયોગી અંગ ગણાય પણ કાળ શી રીતે ઉપયોગી ?

ઉ૦-કાળ તો બીજે પણ ઘણું જરૂરી અંગ છે, દા. ત. ગર્ભ કાળે જ તૈયાર થાય છે, ફળ કાળે જ પાકે છે, યુવાની કાળે જ આવે છે, વગેરે; તો કાળ તત્ત્વજ્ઞાન માટે કેમ જરૂરી ન હોય ? નહિતર તો વ્યવહાર રાશિમાં આવ્યા પછી, અર્થાત્ અનાદિ કાળના સૂક્ષ્મ નિગોદ સાધારણ વનસ્પતિ કાયના નિવાસ પછી બાદર નિગોદ, પૃથ્વીકાયાદિ સ્થાવર કાય, બેઇન્દ્રિયપણું, વગેરેમાં આવ્યા પછી જીવ કેટલીયવાર મનુષ્યપણું ય પામે છે, સામગ્રી ય પામે છે, છતાં ત્યાં તેને તત્ત્વજ્ઞાન કેમ નથી થતું ? કહો કે, જેમ જેની લાંબી દરિદ્રતા સર્જાયેલી હોય તેને ચિંતામણિરત્ન કે બીજાં રત્નોની પ્રાપ્તિ થઈ શકતી નથી, તેમ અતિ દીર્ઘ અર્થાત્ એક પુદ્ગલ પરાવર્તથી અધિક સંસારકાળ જેને હજી ઉભો છે તેનામાં તત્ત્વજ્ઞાન સ્પર્શવાની યોગ્યતાના અભાવે તેને તે પ્રાપ્ત થતું નથી; માટે એવો જીવ વ્યાખ્યાજ્ઞાનનું પણ કારણ ન બની શકે. એ તો પહેલાં કહ્યું જ છે કે અહીં જ્ઞાન બોલી જાણવારૂપ નથી લેવાનું પણ રુચવારૂપ, પરિણમવારૂપ લેવાનું છે. અતિ દીર્ઘ સંસારવાળાને, નિયત દિનના તાવવાળાની જેમ, મધુર ભોજનની માફક તત્ત્વ જાણવા છતાં, એની રુચિ જ થતી નથી. માટે તો **'ચરમાવર્તની વીસી'**માં કહ્યું કે, 'બાળક ફેરફૂદડી ફરવાનું બંધ કર્યા પછી પણ ઉત્પન્ન થયેલી ભ્રમણશક્તિના યોગે બધું ભમતું નહિ છતાં ભમતું દેખે છે; એવી રીતે અતિ દીર્ઘ સંસાર-ભ્રમણની શક્તિના યોગે ત્યાજ્ય પદાર્થો ઉપાદેય નહિ છતાં એને ઉપાદેય તરીકે અને ઉપાદેય તત્ત્વ ત્યાજ્ય નહિ છતાં એને ત્યાજ્ય તરીકે જુએ છે. તાત્પર્ય, તત્ત્વ એના યથાર્થ રૂપમાં અતિ દીર્ઘ સંસારીને રુચતું જ નથી; ચરમાવર્ત કાળમાં આવ્યા પછી જ રુચે. તેથી એ દીર્ઘ કાળ આગળ તીર્થંકર દેવ જેવાનું પણ નિમિત્ત અકિંચિત્કર બને છે. માટે એવાને વ્યાખ્યાજ્ઞાન દેવાય નહિ, તેમ દો તો ય એ પામી શકે નહિ.

ઉપસંહારઃ—આ સાતે ય વ્યાખ્યાના અંગ **સમસ્તપણે** કાર્ય કરે છે; અર્થાત્ એકલી જિજ્ઞાસા, એકલો ગુરુયોગ, કે માત્ર એ બે, વ્યાખ્યાન પ્રાપ્ત કરાવી શકે નહિ; કિન્તુ જિજ્ઞાસાથી માંડી અલ્પભવતા સુધીના સાતે સાત ગુણ તે કરાવી શકે; કેમકે તે રીતે જ લીધેલી વ્યાખ્યા સમ્યગ્ બોધનું કારણ બને છે. આ સૂક્ષ્મ બુદ્ધિએ વિચારી, ગોઠવવા જેવું છે. અધિકાર અને વિધિપૂર્વક વસ્તુ પ્રાપ્ત કરવી એ જુદું; ને એમજ તફડંચી કરવી એ જુદું ! એમ નહિ કહેવું કે 'વ્યાખ્યા આપવામાં આટલું ઝીણવટથી જોવાને બદલે તે ગુણો વિનાના જીવની દયાભાવનાથી આવી સુંદર વ્યાખ્યા આપતાં શું સુધારો નહિ થાય ?' કારણ એ છે કે એ ગુણો વિનાનો જીવ તો વ્યાખ્યામાંથી સીધું લેવાને બદલે ઉંધું લેશે ! સામા ઇસ્યુ (દલીલ) ધરશે ! સૂક્ષ્મ રહસ્યો સાંભળતાં રુચિને બદલે કદાચ વધારે અરુચિ ઉભી કરશે ! કીર્તિ-માનપાનાદિની આશંસા પોષશે ! ઇત્યાદિ નુકસાનો સાતના દરેક ગુણમાં કહેલ વર્ણનના અનુસારે જાણવાં ! એના બદલે સાતે ય ગુણવાળાને આપેલી વ્યાખ્યા કોઇ નુકસાન તો નહિ પણ સુંદર તત્ત્વ-પરિણમન, નક્કર આત્મ-શોધન-સંશોધન, સ્વપર કલ્યાણ-સાધન, વગેરે અદ્ભુત લાભ કરે છે. માટે ઉપલક દૃષ્ટિએ જોવા અને ધોરણ બાંધવા કરતાં સૂક્ષ્મ બુદ્ધિએ વિચારી નિર્ણય કરવા યોગ્ય છે.

★

नमोत्थु णं अरहंताणं

(ल०–) तत्र 'नमोऽस्त्वर्हद्भ्य' इत्यत्र 'अस्तु,भवतु' इत्यादौ प्रार्थनोपन्यासः 'दुरापो भावनमस्कारः, तत्त्वधर्म्मत्वाद्, अत इत्थं बीजाधानसाध्य' इति ज्ञापनार्थम्।

અર્થ:—ત્યાં 'નમોત્થુ ણું અરહંતાણું' એમાં 'ત્થુ' અર્થાત્ 'અસ્તુ, ભવતુ' વગેરેમાં પ્રાર્થનાની રજુઆત એમ સૂચવવા માટે છે કે 'ભાવ–નમસ્કાર એ દુર્લભ છે, કેમકે એ તાત્ત્વિક નમસ્કાર–ધર્મ છે; એટલા માટે આ રીતે બીજાધાનથી સિદ્ધ કરવા યોગ્ય છે.

વિવેચન:—હવે 'પ્રણિપાતદંડક' (નમોત્થુ ણું) સૂત્રના દરેક પદની વ્યાખ્યા શરૂ થાય છે. એમાં 'નમોત્થુ ણું અરહંતાણું'–એનો અર્થ 'અરિહંત પરમાત્માને મારો નમસ્કાર હો,' એ છે. અહીં 'ત્થુ'= અત્થુ, અસ્તુ, ભવતુ વગેરેમાં 'થાઓ' એમ કહીને પ્રાર્થનાનું સૂચન છે. અર્થાત્ સૂત્રકારે ભાવ–નમસ્કારની પ્રાર્થના રજૂ કરી છે. એ સૂચવે છે કે 'ભાવ–નમસ્કાર કરવાનો હું દાવો નથી કરી શકતો, પરંતુ મને એ કરવાનું મળો એ માટે પ્રાર્થના કરું છું' સૂત્રકાર ગણધર ભગવાન કે જેઓ સ્વયં 'દ્વાદશાંગી' અને એમાં ચૌદ 'પૂર્વ'ની રચના કરનારા છે, સર્વશ્રેષ્ઠ શ્રુતજ્ઞાનના ધણી છે, એ દાવો નહિ પણ પ્રાર્થના કરીને ભાવ–નમસ્કારની મહા–દુર્લભતા સૂચવે છે. એ કરવાનું સામર્થ્ય, એ કરવાની યોગ્યતા, મળવી અતિ દુષ્કર છે. એનું કારણ એ છે કે એ નમસ્કાર તો તાત્ત્વિક સ્વરૂપવાળો છે; અને તે તો સામાન્ય રીતે કેટલાય જન્મોની ઉચ્ચ-ઉચ્ચતર સાધના સંગૃહીત થાય અને હવે ફળ મળવાની તૈયારી હોય, ત્યારે એ મળે! એટલી ઊંચી ચીજ એ છે.

પ્ર૦-ભાવ નમસ્કારને નમસ્કારના તાત્ત્વિક સ્વરૂપવાળો કહ્યો, તો શું બીજા નમસ્કાર એવા નહિ?

ઉ૦–અપેક્ષાએ નમસ્કાર ખરા, પરંતુ ગૌણ નમસ્કાર, વ્યવહારથી નમસ્કાર. એ દ્રવ્ય નમસ્કાર છે; એમાં તાત્ત્વિક નમસ્કારધર્મ અર્થાત્, પૂર્વોક્ત અને હવે કહેશે તે ભાવસંકોચાત્મક પૂજાનું સ્વરૂપ અને એના વીતરાગતા–ફળને તુરત ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નહિ. એ તાત્ત્વિક ધર્મ તો અરિહંતને કરાતા ભાવ–નમસ્કારમાં છે, કે જે અતિ ઊંચો અપૂર્વ યોગ છે; અને જે આત્માનું વિશિષ્ટ ઊર્ધ્વીકરણ કરી સાધેલી ઉચ્ચ આત્મદશાએ પ્રાપ્ત થાય છે!

તો પૂછવાનું મન થાય કે પ્રારંભિક અવસ્થાવાળાને કોઈ સ્થાન ખરું? તો કહ્યું કે હા, ભાવ–નમસ્કારની પ્રાર્થના કરો; દિલથી ઝંખના કરો કે અરિહંતના પ્રભાવે એ અવશ્ય પ્રાપ્ત થાય. અલબત એકલી પ્રાર્થના કરીને બેસી નથી રહેવાનું, પરંતુ એ પામવાના એક માત્ર હેતુથી ઊંચા ઊંચા દ્રવ્ય નમસ્કાર ખૂબ કરવાના છે, ભાવ–નમસ્કારરૂપી ફળને પેદા કરે એવા વૃક્ષના બીજનું આરોપણ કરવાનું છે. ધર્મ એક વૃક્ષ છે. એનું બીજ વાવવું પડે; એમાંથી ઝાડ ઉગે અને ફળ આવે. નિશ્ચયનય ઇષ્ટ ફળને પેદા કરે તેને નમસ્કાર કહે છે. શુદ્ધ વ્યવહાર નય ફળ પેદા કરવાના જ એક હેતુથી એ માર્ગે લઈ જાય તેને નમસ્કાર તરીકે જણાવે છે. તાત્પર્ય, વીતરાગને નમસ્કાર વીતરાગ બનવા માટે કરો; વીતરાગતાની દિશાએ ચલાવે તેવો કરો. અરિહંતને નમસ્કાર માત્ર કુલાચારથી કે શૂન્ય મગજે થાય, કે દુન્યવી

લાભની આકાંક્ષાએ નમસ્કાર તો થતો હોય, પરંતુ એમાંથી ફળ ન આવે. આપણે તો વીતરાગતાની દિશાએ ચલાય, અને ભાવ-નમસ્કાર કરવાની અવસ્થાએ પહોંચાય, એવું કરવાનું છે. તે આ રીતે એના બીજનું આરોપણ કરવાથી થાય.—

ધર્મવૃક્ષનાં બીજ, અંકુર વગેરે.

(લ૦-)उक्तं च,

"विधिनोप्ताद्यथा बीजादङ्कुराद्युदयः क्रमात् । फलसिद्धिस्तथा धर्म्मबीजादपि विदुर्बुधाः ॥१॥
वपनं धर्म्मबीजस्य सत्प्रशंसादि तद्गतम्। तच्चिन्ताद्यङ्कुरादि स्यात्फलसिद्धिस्तु निर्वृतिः ॥ २ ॥
चिन्ता सच्छ्रुत्यनुष्ठानं देवमानुषसंपदः । क्रमेणाङ्कुरसत्काण्डनालपुष्पसमा मताः ॥ ३ ॥
फलं प्रधानमेवाहुर्नानुषङ्गिकमित्यपि । पलालादिपरित्यागात् कृषौ धान्याप्तिवद् बुधाः ॥ ४ ॥
अत एव च मन्यन्ते तत्त्वभावितबुद्धयः । मोक्षमार्ग्गक्रियामेकां पर्यन्तफलदायिनीम् ॥५॥ इत्यादि ।

અર્થ:—કહ્યું છે કે, (૧) જેવી રીતે વિધિથી વાવેલા બીજમાંથી ક્રમશઃ અંકુરાદિ ઉગે છે, અને ફળ પાકે છે; તેવી રીતે ધર્મબીજમાંથી પણ (થવાનું) વિદ્વાન પુરુષો જાણે છે. (૨) ધર્મ સંબંધી શુદ્ધ પ્રશંસાદિ એ ધર્મ બીજનું વાવેતર છે. ધર્મ-અભિલાષાદિ એ અંકુર વગેરે છે; જ્યારે મોક્ષ એ ફળ-પાક છે. (૩) ધર્મની અભિલાષા, સમ્યક્શ્રવણ, અનુષ્ઠાન, (એથી) દેવ-મનુષ્ય સંબંધી સંપત્તિઓ, એ ક્રમશઃ અંકુર, સમ્યક્ કાંડ, નાળ અને પુષ્પ સમાન માનેલા છે. (આમાં સંપત્તિને ફળ ન કહ્યું; કેમકે (૪) વિદ્વાનો ફળ મુખ્યને જ કહે છે, નહિ કે આનુષંગિકને પણ. દા. ત. ખેતીમાં પલાળ (ઘાસને)ને છોડીને ધાન્ય પ્રાપ્તિ (એ જ ફળ છે,) (૫) અને એટલા જ માટે તત્ત્વથી ભાવિત બુદ્ધિવાળા એકલી મોક્ષમાર્ગની ક્રિયાને અંતિમ ફળ (મોક્ષ) આપનારી માને છે.

વિવેચનઃ—પૂર્વાચાર્યોએ કહ્યું છે કે જેવી રીતે વિધિપૂર્વક બીજ વાવ્યું હોય તો એમાંથી અંકુરો ફૂટે છે, દાંડી આવે છે, તથા પાંદડાં અને પુષ્પ આવીને છેવટે ફળ તૈયાર થાય છે; તેવી રીતે ધર્મના બીજને વાવવાથી એના અંકુર વગેરે થઈને ફળ પર્યંતની ઉત્પત્તિ થાય છે; એમ વિદ્વાન પુરુષોનું કહેવું છે. ત્યારે પ્રશ્ન થાય કે—

પ્ર૦ ધર્મબીજનું વાવેતર અને અંકુરાદિ એટલે શું ?

ઉ૦-ધર્મની શુદ્ધ પ્રશંસા, કુશળ ચિત્ત અને ઉચિત કૃત્યનું સેવન, એ ધર્મબીજનું આરોપણ છે, વાવેતર છે; ત્યારે ધર્મની તીવ્ર અભિલાષા વગેરે, એ અંકુરાદિ છે,...યાવત્ મોક્ષ એ ફળ પ્રાપ્તિ છે,

ધર્મ બે પ્રકારે:-શ્રુત-ધર્મ અને ચારિત્ર-ધર્મ. શ્રુતધર્મમાં પાંચ પ્રકારનો સ્વાધ્યાય અર્થાત્ શાસ્ત્રની વાચના=ભણવું, ભણાવવું, પૃચ્છના=શંકા-જિજ્ઞાસા પૂછવી, પરાવર્તના=ભણી ગયેલા સૂત્ર-અર્થની આવૃત્તિ કરવી, અનુપ્રેક્ષા=ભણેલા ઉપર ચિંતન મનન કરવું, અને ધર્મકથા=ધાર્મિક પદાર્થોની ચર્ચા-વિચારણા કરવી; એ આવે. એવી રીતે સમ્યક્ શાસ્ત્રોને લખાવવા; યોગ્ય જીવોને એનું દાન કરવું, વાચનાદિ યોજાવવા, બીજાને એનાં પ્રેરક-સહાયક થવું; ઇત્યાદિ શ્રુતધર્મની ઉપાસના છે. ચારિત્ર ધર્મમાં સર્વવિરતિ ચારિત્રરૂપી યતિધર્મ, અને દેશવિરતિ ચારિત્રરૂપી શ્રાવકધર્મ આવે. યતિધર્મમાં ક્ષમા-મૃદુતાદિ દશ ધર્મ, અહિંસાદિના પાંચ મહાવ્રત,, પાંચ સમિતિ, ત્રણગુપ્તિ, પંચાચારનું પાલન વગેરે આવે. શ્રાવક ધર્મમાં સમ્યક્ત્વમૂળ સ્થૂલ અહિંસાદિ બાર વ્રત, અને એને ટકાવનાર, નિર્મળ અને પુષ્ટ કરનાર જિનભક્તિ, સાધુ સેવા, દાન-શીલ-તપ-ભાવના, ને માર્ગાનુસારી વગેરે ગુણો આવે.

ધર્મબીજનું આરોપણઃ—ધર્મની શુદ્ધ પ્રશંસા કરવી, કુશળ ચિત્ત, કુશળ ચિંતન કરવું, ને ઉચિત કૃત્યનું આચરણ કરવું, એ ધર્મબીજનું વાવેતર કરવા રૂપ છે. ◆ ધર્મની શરૂઆત ધર્મ પ્રશંસાથી થાય છે. ધર્મનો મહિમા લાગે, ધર્મનો પ્રભાવ જણાય, ધર્મ તરફ આકર્ષણ થાય, સંભ્રમ-આશ્ચર્યકારી ભાવ થાય, ત્યારે જે ઉદ્ગાર નિકળે કે 'અહો! કેવો સુંદર ધર્મ! કેવો મહાન ધર્મ! કેવો ઉપકારી ધર્મ!'...વગેરે, એનું નામ ધર્મપ્રશંસા. આ કરી એનો અર્થ એ, કે આત્મારૂપી ખેતરમાં ધર્મનું બીજ પડયું. એ હવે કયારે ને કયારેય ઉગવાનું. સંઘયાત્રા-ઉત્સવ-વરઘોડા વગેરે શાસન-પ્રભાવનાના કાર્યો દેખી જૈનેતરોને આ પ્રશંસા થાય છે, એ એનામાં ધર્મ-બીજારોપણનું મહાન કાર્ય થયું કહેવાય; માટે પ્રભાવક કાર્ય કરનારે તો ધર્મબીજની લહાણી કરી! જૈનેતરને આમ, તો જૈનને તો સમ્યક્ ધર્મના પ્રત્યેક અંગની જયાં કયાંય સાધના થતી હોય તેની પ્રશંસા જોઇએ જ. તો જ બીજ-અવસ્થામાં ય આવે, નહિતર તો જો બીજ પણ નહિ, તો ઉપરની વાતે ય શી? દુશ્મનનું પણ ધર્મકાર્ય, ઇર્ષ્યા અસૂયા કે અવગણનાની દૃષ્ટિએ ન જોવાય. મુમુક્ષુ પુત્રાદિને કદાચ ચારિત્ર લેવામાં સંમતિ ન અપાતી હોય તોય ચારિત્ર ધર્મની પ્રશંસા તો જોઇએ જ. એમ કોઇનો પણ ત્યાગ, તપ, દાન, જ્ઞાન, સંયમ વગેરે ધર્મ જોઇને 'ધન્ય છે, આવો ધર્મ થઈ રહ્યો છે!' એમ ધર્મ પ્રશંસા ન થતી હોય તો મૌલિક વાંધો છે. દાનાદિધર્મનું બીજ જ ન હોય પછી ગમે તેટલું દાન-શીલ વગેરે કરે, એથી શું? ◆ વળી ધર્મપ્રશંસા શુદ્ધ જોઇએ. શુદ્ધ એટલે પૂર્વે કહ્યું તેમ **उपादेयधियात्यन्तं**...તે તે ધર્મમાં કર્ત્તવ્ય-બુદ્ધિ જોઇએ, સંજ્ઞાઓના નિગ્રહ જોઇએ, અને ધર્મના ફળ તરીકે પૌદ્ગલિક ફળનો નિરાશંસભાવ જોઇએ.

પ્ર૦-ધર્મ-પ્રશંસા તો હજી ધર્મના બીજરૂપ છે, અતિ પ્રાથમિક અવસ્થા છે, ત્યાં જૈનેતરમાં અત્યંત કર્તવ્યબુદ્ધિ, સંજ્ઞાનિગ્રહ, નિરાશંસભાવ, આટલું બધું કયાંથી હોય?

ઉ૦-બીજની અવસ્થા ય કોઇ પણ જીવને સંસારના ચરમાવર્ત (છેલ્લા પુદ્ગલ પરાવર્ત) કાળમાં જ આવે છે; એટલે એથી અધિક કાળ હશે તો સંજ્ઞાઓના ભારે જોર હશે, અને એ ગમે તે ધર્મ પણ કરતો હશે તો તે કેવળ દુન્યવી સ્વર્ગાદિના સુખ લેવા માટે હશે. એવાને સાચી ધર્મપ્રશંસા નહિ જ જાગવાની. બાકી ઇતરધર્મીના હાથમાં ભલે શુદ્ધ સર્વજ્ઞકથિત ધર્મ નથી, છતાં એ ચરમાવર્તમાં હોઈ શકે; એને ય આર્યધર્મના પ્રતાપે મોક્ષની ઇચ્છા હોઇ શકે; તેથી એની નજરે મહિમાવંતો શુદ્ધ ધર્મ આવતાં 'આ ખરેખરૂં કરવા જેવું છે' એવી એમાં કર્ત્તવ્ય બુદ્ધિ એને જાગી શકે છે. વળી એ આહારાદિ તથા કષાયાદિની સંજ્ઞાઓનો અંશે પણ નિયંત્રણ કરનારો હોઈ શકે છે. નિયંત્રણના માર્ગે હોય, એના પ્રયત્નમાં હોય, એ ય નિગ્રહયુક્ત કહેવાય. વળી એ સંજ્ઞાઓના જોરમાં અવિવેકીપણું લાગે, ખરાબી દેખાય, એ પણ સંજ્ઞાઓનો એક પ્રકારનો નિગ્રહ-માર્ગ છે. બીજું, એવા ઇતર ધર્મીને મોક્ષનું મહત્ત્વ અને સંસારની વિટંબણા સમજાયાથી ધર્મના ફળ રૂપે સ્વર્ગાદિના પણ સંસાર માગવાનું ન ગમે, એ ય શકય છે; તેથી એને નિરાશંસભાવ પણ હોઇ શકે છે. આવો જીવ સદ્ધર્મની પ્રશંસા કરે, ગુણ ગાય, વાહવાહ બોલે, એ શુદ્ધ પ્રશંસા છે; અને એવી પ્રશંસા એ જ ધર્મબીજ બની શકે છે. ◆ બીજમાં પ્રશંસા આદિ કહી 'આદિ' શબ્દથી કુશળ ચિત્ત અને ઉચિત કૃત્યપાલન લીધા. કુશળ ચિત્તમાં, તે ધર્મ, ધર્મસ્થાપક, ને ધર્મગુરુ પ્રત્યે દ્વેષનો અભાવ આવે, તેમજ શુભ આશય આવે. પ્રશંસા તો અન્ય હેતુથી ય થાય, પણ તેવી નહિ, કિન્તુ કુશળ ચિત્ત સહિત જોઇએ, અર્થાત્ મન મલિન આશય વાળું, અતિ નીચ લાગણી-વિચારસરણીવાળું ન હોવું જોઇએ. તેમ જીવન પણ ઉચિત કૃત્યોના આસેવન-ભર્યું હોય, નહિ કે અનુચિત કૃત્યભર્યું અને ઉચિત કૃત્યોની બેપરવાઇવાળું. એથી તો ધર્મ નિંદાય. પૂર્વે ધર્મના અધિકારી પ્રકરણમાં ત્રીજે ગુણ ઉચિત વૃત્તિ કહ્યો છે, એ ઉચિત આજીવિકા-વ્યવસાય સાથે બીજો પણ ઉચિત વર્તાવ, યાને ઔચિત્યનું અને યોગ્ય કાર્યોનું આસેવન જોઇએ. બહાર અનુચિત વર્તનારાને

તો ધર્મમાં ય નવા ફતવા, નવી વિધિ, વગેરે સ્વચ્છંદપણે અનુચિત વર્તવાનું મન થાય છે. તો જુઓ, ધર્મની શરૂઆત થવા માટે, ધર્મનું બીજ પડવા માટે, વાણી-મન-કાયા, ત્રણેની શુદ્ધિ જરૂરી બતાવી. વાણી ધર્મની પ્રશંસા કરતી હોય, નિંદા નહિ; મન કુશળ આશયોવાળું હોય, મલિન મન નહિ; અને કાયા ઉચિત કૃત્યમાં લાગેલી હોય, અનુચિત વર્તાવવાળી નહિ.

પ્ર૦—ધર્મબીજને આટલી બધી શી અપેક્ષા ?

ઉ૦—બળેલું બીજ રસાળ જમીન, વરસાદ વગેરે છતાં કેમ ઊગતું નથી ? કહેવું જોઇએ કે એમાંથી અનેક તત્ત્વો નાશ પામ્યા છે. સારા બીજમાં તો છૂપાએલા બધા તત્ત્વો ભર્યા છે કે જેના પર અંકુર, ડાળી, પત્ર, પુષ્પ વગેરે પ્રગટ થાય છે. એવું જ ધર્મબીજમાં હોવું જોઇએ. બીજથી આગળ ધર્માભિલાષા રૂપી અંકુર વગેરેમાં જવાનું છે, એને યોગ્ય તત્ત્વો આમાં નહિ હોય તો એ કયાંથી પ્રગટવાના ? ધર્મપ્રશંસા એ તો યંત્રનું એક ચક્ર છે, એની સાથે બીજાં કેટલાંય ચક્ર ચાલતાં હોય તો, ધર્મરુચિને અટકાવે એવા જે અનેકાનેક દોષ-દુર્ગુણોએ હૃદયનો કબજો કર્યો છે, એને એથી ધક્કો લાગે, અને એ ધર્મપ્રશંસાદિમાંથી ધર્મ-ઇચ્છાદિ માલ તૈયાર થાય.

▲ ધર્મચિંતાદિ એ અંકુરાદિ છેઃ—ધર્મચિંતા એ અંકુર, ધર્મનું સત્શ્રવણ એ મૂળ સ્કન્ધ (થડ), ધર્માનુષ્ઠાન એ અવાન્તર (પેટા) ડાળી, અને દેવ-મનુષ્યની સંપત્તિ એ પુષ્પ સમાન છે; અને ફળ તરીકે મોક્ષ છે. અહીં ધર્મપ્રશંસા-કુશળચિત્ત-ઉચિતકૃત્યકરણ રૂપ બીજમાંથી ◆ અંકુરભૂત ધર્મચિંતા યાને ધર્મની હાર્દિક અભિલાષા પ્રગટે છે, ધર્મને પોતાના જીવનમાં ઉતારવાની ભૂખ લાગે છે, ગરજ જાગે છે. ધર્મની સાચી ભૂખ અને ગરજ જુદી, ત્યારે દેખાવની કે ધન-માન વગેરેના સ્વાર્થથી થતી જુદી ! 'લાખ રૂપિયા મળે તો સંઘ કાઢું', એમ ઇચ્છા થાય, પણ પાસે જે છે એમાંથી બે પાંચ પણ ગરીબ સાધર્મીને તીર્થયાત્રા કરાવવાનું શક્ય છતાં દિલ નથી થતું, તો એ ઇચ્છા દેખાવની કે સાચી ? એમ ધન માટે આયંબિલઓળી કરવાનું મન થયું, પુત્ર માટે ભગવાનનું પારણું લેવાનું મન થયું, એમાં ખરેખર ભૂખ અને ગરજ તો ધન ને પુત્રની થઈ, ધર્મની નહિ ! એવી ઇચ્છા અહીં નથી લેવાની. અહીં તો શુદ્ધ ધર્મની અભિલાષા, તમન્ના-તાલાવેલી લેવાની છે. મૂળમાં ધર્મની શુદ્ધ પ્રશંસા જાગે તો આ સુલભ બને છે. એ માટે પંચસૂત્રમાં કહ્યા મુજબ 'ધર્મ એ સમસ્ત કલ્યાણોનું કારણ છે, ધર્મ એજ રક્ષક અને પાલક છે, ધર્મ એજ ખરૂં જીવન છે,...'વગેરે વગેરે શ્રદ્ધાપૂર્વક ઉછળતી પ્રીતિ ધર્મ પર રહેવી જોઇએ. એમ ધર્મની અભિલાષા જાગ્યા પછી ◆ ધર્મનું સમ્યક શ્રવણ કરવાનું; જેથી ધર્મનું સમ્યગ્જ્ઞાન મળે. પુસ્તકમાંથી વાંચી લેવાય તે જુદું; અને ધર્મનું જ ઊંચું જીવન જીવનારા ત્યાગી વૈરાગી સદ્ગુરુ પાસેથી મળે તે જુદું ! કેમકે (૧) એમના મોંઢેથી નિઃસ્વાર્થ વાત્સલ્યભાવે કહેવાતાની ભારે અસર પડે છે; વિશેષ સંવેગ-વૈરાગ્યાદિ પ્રેરાય છે; તેમજ (૨) વાસ્તવિક પ્રક્રિયાત્મક જાણવા મળે છે; વળી, (૩) પહેલાં અઘરો લાગતો ધર્મ એ એવી રીતે કહે છે કે સાધવો સહેલો લાગે છે; ત્યારે (૪) એ પણ લાભ છે કે એક સાથે વિવિધ શાસ્ત્રોની વાત સાંભળવા મળે છે, અને તે પણ ઉત્સર્ગ અપવાદ વગેરે વિષય-વિભાગ વાર મળે છે, અને પોતાની કક્ષા તથા સંયોગ અનુસાર કયો ને કેટલો ધર્મ શક્ય બને, ઇત્યાદિ બધું વિવેકભર્યું જાણવા મળે છે. પુસ્તક જાતે વાંચી લેવાથી આ બધા લાભો કયાંથી મળી શકે ? ત્યારે ગુરુ પાસે શ્રવણ કરવાનું તે પણ યોગ્યકાળ-વિનય-બહુમાન વગેરે, વિધિ સાચવીને કરવાનું. તો જ એ સમ્યક્ શ્રવણ બને. એમાંય શુશ્રૂષા-શ્રવણ-ગ્રહણ-ધારણ-ઉહાપોહ વગેરે, બુદ્ધિના આઠ ગુણ, તથા બોધપરિણિત, સ્થૈર્ય વગેરે, સાચવવા જોઇએ. આ સત્ શ્રવણ એ અંકુર પર મુખ્ય સ્કન્ધ-અવસ્થા થઈ. એ પછી એના પર બીજી ડાળીઓ, ડાંડીઓ તરીકે ◆ ધર્મનું અનુષ્ઠાન આચરવાનું, સાંભળીને બેઠું નહિ મૂકવાનું, પરંતુ એમાંથી શક્ય હોય એટલો ધર્મ અમલમાં ઉતારવાનો. શક્યનો

અર્થ એ છે કે ઉપદેશ તો આદર્શ વસ્તુનો પણ હોય, ને ઉચ્ચ સાધનાનો ય હોય; એમાંથી જેટલું બની શકે એટલું, પરંતુ એનો અમલ જોઈએ. દા. ત. પ્રભુભક્તિ અને શાસન-પ્રભાવનાના પ્રસંગમાં સાંભળ્યું કે 'ધનાપોરવાલ, વિમળશાહ વગેરેએ કરોડોના ખર્ચે આવા સુંદર જિનમંદિર બંધાવ્યા', ત્યાં પછી એમ વિચારી બેસી નહિ રહેવાનું કે 'આપણાથી શ્યે એ બને?' ત્યાં તો શક્ય નાની ભક્તિ-પ્રભાવવાનાં ધર્મકાર્ય અમલમાં લાવવાનાં. ત્યાં એમ નહિ પૂછતા કે 'તો પછી ગુરુ નાના જ દાખલા, ને નાની જ વાત સંભળાવે તો સારૂં ને?' ના, ગુરુ તો ઊંચું શ્રવણ ભવ્ય પ્રેરણા-પ્રોત્સાહના માટે આપે છે. જીવનમાં ધર્મક્રિયા અને ધર્મમય આચારો પણ ખૂબ ખૂબ તથા વારંવાર સેવવા જોઈએ; જેથી અનાદિની પાપવાસનાઓ અને પાપકુટેવોના જોર મોળાં પડે, તો આગળ ધર્મ-અનુષ્ઠાનના પરિણામે જે દેવ-મનુષ્યની સંપત્તિના સુખ આવવાના છે, ત્યાં જીવ મોહમૂઢ ન થાય, મદમાં મહેકી ન જાય. વળી અનુષ્ઠાન પણ સાંભળેલી વિધિ-વિધાન મુજબ થવો જોઈએ, પણ યથેચ્છ રીતે નહિ. આમ અનુષ્ઠાનમાંથી... ◆ **દેવ-મનુષ્યની સંપત્તિ-વૈભવ** નીપજે, તે ધર્મવૃક્ષમાં પત્ર-પુષ્પની અવસ્થા છે. બીજ રોપ્યું એટલે ક્રમસર આ આવીને ઉભું રહે છે ખરૂં, પણ આના માટે ધર્મ નથી કરવાનો. કેમકે ધર્મનું આ ફળ નથી; તેમજ આની ઝંખનામાં આજ મુખ્ય ઇષ્ટ બની બેસે છે, અને ધર્મ ગૌણ બની જાય છે, એ મોટું નુકસાન છે! અહીં એક પ્રશ્ન થશે કે તો પછી સંપત્તિઓને ધર્મવૃક્ષમાં કેમ ઘાલી? ઉત્તર એ છે કે એક તો ધર્મ-બીજમાંથી જેટલું જેટલું નીપજતું આવે એ બતાવવું જોઇએ, તેમજ ધર્મની શુદ્ધ પ્રશંસા, ઇચ્છા, સત્શ્રવણ વગેરેથી પ્રાપ્ત થયેલ સંપત્તિઓ પણ પુણ્યાનુબંધી પુણ્યની હોય છે; તેથી ધર્મહૃદય વધતું-વિકસતું રહે છે. બાકી તો જ્યાંસુધી અંતિમ મોક્ષ ન મળે ત્યાં સુધી ધર્મ પુણ્યજ આપે, પાપ નહિ! તે પુણ્યનાં ફળ સંપત્તિજ હોય, આપત્તિ-વિપત્તિ નહિ! છતાં એમાં જીવનું મોક્ષપ્રયાણરૂપ ધર્મસાધન ચાલુ જ રહે છે. તે યાવત્ સર્વવિરતિ, અપ્રમત્તાવસ્થા, ને શુકલ ધ્યાન સુધી; ને એનું છેવટે, ◆ **મોક્ષરૂપી** ફળ નીપજે છે. ધર્મની શુદ્ધ પ્રશંસા, કુશળ ચિત્ત, અને ઉચિત કૃત્યકરણરૂપી ધર્મ બીજમાંથી ઊગેલા વૃક્ષને ફળ રૂપે મોક્ષ સાંપડે છે. અનાદિ અનંતાનંત કાળથી મોહમૂઢ અને કર્મવશ બનેલો, સંસારની ચારે ગતિના અનંત પરિભ્રમણ કરતો, તથા અપાર દુઃખ સાગરમાં રીબાતો, જીવ એ બધાથી મુક્ત બની હવે અનંત કાળ માટે મોક્ષઅવસ્થામાં સ્થિર થાય છે. ત્યાં માત્ર દુઃખનો અભાવ નહિ, પરંતુ અનંત અવ્યાબાધ સુખ પણ છે. ગરીબી ટળે અને સારી રીતે પેટપૂર ખાવાપીવા મળે એ તો દુઃખ ટળ્યું, પરંતુ એના ઉપરે ય કરોડોની સંપત્તિ જો મળે, તો એ સુખનો અનુભવ કરાવે છે! તેમ સર્વ કર્મના ક્ષયથી દુઃખ જવા ઉપરાંત સાચું સહજ અનંત સુખ મળે છે!

પ્ર૦—પરંતુ મોક્ષમાં લાડી-વાડી-ગાડી કાંઈ નથી, તો સુખ શું?

ઉ૦—પંચસૂત્રમાં એનું સ્પષ્ટીકરણ છે,—એક શત્રુના ક્ષયથી જેમ માણસને સુખ! એક રોગ દા. ત. એક ખાંસી ઓછી છતાં સુખ! એક ઇચ્છા પુરી થતાં સુખ! જગતની એક ગમતી ચીજ મળવાથી સુખ! તો પછી સર્વ શત્રુનો ક્ષય થઇ જાય, સર્વ રોગ નાશ પામે, સર્વ ઇચ્છાની પૂર્તિ થાય, અને સર્વ ઇષ્ટ પદાર્થો મળે તો સુખ કેટલું? આવું મોક્ષનું સુખ છે, નિવૃત્તિનું સુખ છે! કિંચિત્ નિવૃત્તિના સુખનો અહીં અનુભવ નથી? તો સમજો કે, સંપૂર્ણ નિવૃત્તિ થઇ જાય તો સુખ અનંત! એકના નિવારણમાં એક સુખ, તો અનંતનાં નિવારણમાં અનંત સુખ! છતાં આને કોઇ નિષેધાત્મક ન સમજે. કોઈ દલીલ કરે 'રોગ ગયો એટલે દુઃખ ગયું! એ બધું જાય તો દુઃખ જાય પણ સુખ શાનું?' ના, આ નિષેધાત્મક સુખ નથી. વિધેયાત્મક સુખ છે! ચોક્કસ સુખ છે! પણ સંયોગ જન્ય સુખના ટેવાયેલાને એનો અનુભવ નથી! દુઃખના અભાવે ય છે! તદુપરાંત અનંત સુખ પણ છે! બાધક તત્ત્વો બેઠા હોય ત્યાં

સુધી સત્ય તત્ત્વોનું જ્ઞાન ન થાય. સ્ફુર્તિનું બાધક છે સુસ્તી! તો સુસ્તીમાં સ્ફુર્તિનો અનુભવ ન થાય! છતાં સુસ્તી જવા ઉપરાંત વિશિષ્ટ વસાણાં રસાયનના સેવનથી સૂક્ષ્મ જડતાનો ય નાશ થઈ વિશેષ સ્ફુર્તિનો અનુભવ થાય છે. એમ અહીં સર્વ સંયોગ નાશ પામવાથી આત્માનું સ્વભાવગત અનંત સુખ પ્રગટ થાય છે. સંસારના ઈષ્ટ સંયોગોમાં સુખનો અનુભવ એ તો ખરજવાના સંયોગમાં ખણવાના સુખના અનુભવ જેવો છે! એ તો ભ્રમણામાત્ર છે. ભાવ-આરોગ્યનું સુખ એ સાચું સુખ છે.

ધર્મવૃક્ષનું ફળ મોક્ષ જ છે, દેવતાઈ સુખ નહિ. કેમકે ફળ તો મુખ્ય સિદ્ધિનેજ કહેવાય. જેમ કે, ખેતીમાં ધાન્યનો પાક નીપજે એને ફળ કહેવાય છે; વચમાં ઘાસ પાકે, ડુંડિયા પાકે, એને નહિ! એ તો આનુષંગિક વસ્તુ કહેવાય, ફળ નહિ. આને તે જ સમજી શકે કે જેઓ આત્મા અને જડ-ની વચ્ચે આકાશ-પાતાળના અંતર, આત્માનું મૂળગત અનંત જ્ઞાનાદિમય શુદ્ધ સ્વરૂપ, સાંસારિક સુખોમાં વિભાવદશાપણું, પરાધીન અવસ્થા, જડ પુદ્ગલનો સડન-પડન-વિધ્વંસનનો સ્વભાવ, મિથ્યાત્વાદિથી સંસાર, અને સમ્યગ્દર્શનાદિથી મોક્ષ; વગેરે તત્ત્વને સચોટપણે સમજીને તે રીતે એને નવાજે છે. એમાંય જે તત્ત્વથી ભાવિત મતિવાળા કહેવાય છે, અર્થાત્ વસ્તુના પરમાર્થને યાને ખરેખરી સચોટ શક્તિને જોનારા હોય છે, તેઓ તો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને પૂર્વની બીજી અવસ્થામાં મોક્ષમાર્ગ તરીકે નથી માનતા, કેમકે એ અવસ્થાઓમાંથી બીજાં બીજાં ફળ થાય છે, તેથી એ ત્યાં મોક્ષરૂપી કાર્યને કરતા નથી. જો એ અવસ્થામાં એનામાં મોક્ષરૂપી કાર્ય કરવાની સચોટ શક્તિ ખરેખર હોય તો એ સીધું મોક્ષરૂપી કાર્ય જ કેમ ન કરી દે? મોક્ષ નથી કરતા માટે એ અવસ્થામાં એ મોક્ષમાર્ગ તરીકે નથી. એ તો જ્યારે મોક્ષરૂપી અંતિમ મુખ્ય ફળને તરત પેદા કરનારી શૈલેશી અવસ્થા પ્રગટે, ત્યારે કહેવાય કે એ હવે મુખ્ય ફળરૂપ કાર્યને કરી દેશે. તો એ શૈલેશી અવસ્થાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્રને જ મોક્ષમાર્ગ તરીકે ગણી શકાય; આવું પરમાર્થદર્શી નિશ્ચયનયનું મન્તવ્ય છે. બાકી જેનામાં તરતજ મોક્ષરૂપી કાર્ય કરવાની સચોટ શક્તિ નહિ સહી, તો પણ ઉતરોત્તર વિકાસ થતાં પરંપરાએ જઈને મોક્ષ-કાર્ય જો થતું હોય, તો તેવા પૂર્વાવસ્થાના સમ્યગ્દર્શનાદિને પણ મોક્ષમાર્ગ તરીકે વ્યવહારનય માને છે.

આ ધર્મના બીજથી માંડીને ઉત્તરોઉત્તર વિકાસ થતાં ફળ સુધીની વાત થઈ. એમાં ભાવ-નમસ્કાર-ધર્મની પ્રશંસા, કુશળ ચિત્ત વગેરે બીજાધાન, એની તીવ્ર અભિલાષારૂપી અંકુર, એને માટેનું સમ્યક્શ્રવણ અને ઇચ્છાયોગની નમસ્કાર ક્રિયાઓરૂપી સ્કન્ધ ડાળી વગેરે સાધતાં સાધતાં ભાવનમસ્કારરૂપી અંતિમ ફળ નીપજે; ત્યારે સાચું કહી શકાય કે હું ભાવનમસ્કાર કરું છું. એટલે એ દુર્લભ કહેવાય; અને તે પૂર્વે તો તેની પ્રાર્થના કરવાની હોય કે 'મને ભાવનમસ્કાર કરવાનું મળો. મારો ભાવનમસ્કાર હો.' આ પ્રાર્થનાની અંતર્ગત માનસિક પ્રશંસા, કુશળચિત્ત, તીવ્ર અભિલાષા વગેરે આવી જ જાય છે; પ્રાર્થના સવિનય નમનપૂર્વક થાય એટલે ઇચ્છાયોગનું નમન પણ આવે; ને એ બધા ભાવનમસ્કાર માટેના સમર્થ કારણો જ છે; તેથી પ્રાર્થના પણ સમર્થ કેમ ન કહેવાય? માટે પ્રાર્થનાસૂચક સૂત્ર 'નમોત્થુ ણં...' કહેવું યુક્તિયુક્ત છે. પ્રાર્થના કાર્યકર છે. ત્યારે અહીં એક પ્રશ્ન ઉઠે છે,

ભાવનમસ્કાર.

(લ૦-) આહ, "यद्येवं न सामान्येनैवं पाठो युक्तो, भावनमस्कारवतस्तद्भावेन तत्साधनायोगात्। एवमपि पाठे मृषावादः, 'असदभिधानं मृषे'ति वचनात्। असदभिधानं च भावतः सिद्धे तत्प्रार्थनावचः, तद्भावेन भवनायोगादिति।" उच्यते,-यत्किञ्चिदेतत्, तत्त्वापरिज्ञानात्, भावनमस्कारस्यापि उत्कर्षादिभेदोऽस्त्येवेति तत्त्वम्। एवं च भावनमस्कारवतोऽपि तथातथोत्कर्षादिभावेनास्य तत्साधनायोगोऽसिद्धः, तदुत्कर्षस्य साध्यत्वेन तत्साधनोपपत्तेरिति। एवं चैवमपि

पाठे मृषावादः इत्याद्यपार्थकमेव, असिद्धे तत्प्रार्थनावच इति न्यायोपपत्तेः। तत्प्रकर्षवांस्तु वीतरागो नैवैवं (प्र०...नचैवं) पठतीति, न चान्यस्तत्प्रकर्षवान्, मात्रपूजायाः प्रधानत्वात्. तस्याश्च प्रतिपत्तिरूपत्वाद्। उक्तं चान्यैरपि–" पुष्पामिषस्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्यं "। प्रतिपत्तिश्च वीतरागे, पूजार्थं च नम इति, पूजा च द्रव्यभावसङ्कोचः इत्युक्तम्। अतः स्थितमेतदनवद्यं ' नमोऽस्त्वर्हद्भ्यः ' इति।

અર્થ:— ◆ પ્ર૦—જો એમજ હોય તો પછી આ રીતે સર્વને લાગુ પડે એવો પ્રાર્થનાનો "નમોત્થુ ણું" પાઠ મૂકવો વ્યાજબી નથી; કેમકે ભાવ નમસ્કારવાળાને તો તે પ્રાપ્ત હોવાથી તે (હવે પ્રાર્થના કરીને કાંઇ નવો) ઉત્પન્ન કરવાનો છે નહિ. એમ છતાં પણ તે પાઠ બોલે તો મૃષાવાદ થાય; કેમકે કહ્યું છે કે અસત્ કથન એ મૃષાવાદ છે; તો ભાવથી (નમસ્કાર) સિદ્ધ હોયે છતે તેની પ્રાર્થનાનું વચન (કાઢવું) એ અસત્ કથન છે.

ઉ૦—આ પ્રશ્ન તુચ્છ છે; કેમકે ભાવનમસ્કારના રહસ્યની ખબર નથી, (ને પ્રશ્ન કર્યો છે.) રહસ્ય એ છે કે ભાવનમસ્કારના પણ ઊંચા, વધુ ઊંચા, વગેરે ભેદ છે જ; અને એથી જ ભાવનમસ્કારવાળાને પણ તેવા તેવા ઊંચા રૂપે ભાવનમસ્કારને સાધવાની પ્રવૃત્તિ અયુક્ત નથી; કેમકે તેવો ઊંચો નમસ્કાર હજી સાધ્ય હોવાથી તેની સાધના સંગત છે. એટલા માટે "એવા પણ (પ્રાર્થનાવાળા) 'નમોત્થુણં'નો પાઠ બોલવામાં મૃષાવાદ છે." વગેરે (કથન) નિરર્થક જ છે; કેમકે ' અસિદ્ધ (વસ્તુ) અંગે તેની પ્રાર્થનાનું વચન હોય છે.' એ ન્યાય યુક્તિયુક્ત છે. ભાવનમસ્કારની પરાકાષ્ઠાવાળા બીજા કોઇ છે નહિ, માત્ર વીતરાગ છે. પણ એ તો એ પ્રમાણે બોલતા જ નથી. (એમને એ પૂજા હોવાનું) કારણ એ છે, નમસ્કાર 'પૂજા'ના અર્થમાં છે, (જે) પૂજા દ્રવ્યસંકોચ-ભાવસંકોચ રૂપ છે; એ કહી દીધું છે. (એમાં) ભાવપૂજા પ્રધાન છે, અને તે પ્રતિપત્તિ સ્વરૂપ અર્થાત્ આપ્તોપદેશના પાલન સ્વરૂપ છે. બીજાઓએ પણ કહ્યું છે કે પુષ્પ-અર્પણને યોગ્ય વસ્તુ-સ્તોત્ર-પ્રતિપત્તિ એ (ચાર પ્રકારની) પૂજાઓ ઉત્તરોત્તર પ્રધાન છે. એમાં વીતરાગને પ્રતિપત્તિ પૂજા છે. માટે, એ આવ્યું કે 'નમોત્થુ ણું અરહંણું' પાઠ નિર્દોષ છે.

વિવેચન:—

◆ પ્ર૦—'નમોત્થુ ણું' પાઠથી ભાવ-નમસ્કારની જો પ્રાર્થના જ કરવાની હોય તો તો પછી આ રીતે સર્વસામાન્ય પાઠ અર્થાત્ સૌને બોલવાનો પાઠ યોજવો યુક્તિયુક્ત નથી. કેમકે જે ઉચ્ચમહાત્માઓ ભાવનમસ્કારવાળા છે, અર્થાત્ એવો નમસ્કાર કરી શકે છે, એમને તો હવે એ સિદ્ધ છે જ, અને સિદ્ધને કાંઇ સાધવાનું હોતું નથી કે જેથી એ માટે એમને પ્રાર્થના કરવી પડે. તો પછી પ્રાર્થનાસૂચક આ 'નમોત્થુ ણું' પાઠ એ શા માટે બોલે? પરંતુ તમારો આ પાઠ તો સર્વસામાન્ય હોવાથી એમના માટે પણ આજ પાઠ હોવાથી આજ બોલવાનો રહેશે! અને એવું એમનું બોલવું મૃષાવાદ ઠરશે, અસત્ય વચન ઠરશે! શાસ્ત્ર મૃષાનો અર્થ જ એ કરે છે કે અસદ્ યાને ન ઘટતી વસ્તુનું કથન એ મૃષા. પ્રસ્તુતમાં અસત્-કથન એ રીતે કે નમસ્કાર પોતાને ભાવથી સિદ્ધ છે, છતાં એની પ્રાર્થના કરીને સિદ્ધ ન હોવાનું સૂચવે છે. સિદ્ધને કાંઇ નવું સિદ્ધ થવાનું હોય નહિ. ભાવનમસ્કાર જો સિદ્ધ જ છે તો પ્રાર્થનીય કયો ભાવનમસ્કાર હવે સિદ્ધ થવાનો રહે છે? કોઇ નહિ. વર્તમાનમાં સિદ્ધ નહિ પણ ભવિષ્યમાં સિદ્ધ થાય એવા જ કોઈ ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ માટે ઇચ્છા વ્યક્ત કરવાની હોય, અને તેનું નામ પ્રાર્થના છે. ભાવનમસ્કાર જેને સિદ્ધ છે એને પ્રાર્થના શી?

ઉ૦-આ આક્ષેપ તુચ્છ છે, વસ્તુતત્ત્વની સમજ વિનાનો હોઈને અનુચિત છે. વસ્તુતત્ત્વ અર્થાત્ ભાવનમસ્કારનું સ્વરૂપ યાને રહસ્ય, એ છે કે ભાવનમસ્કારની પણ ચઢતી ઉતરતી અનેક કક્ષાઓ છે. તેથી નીચેની કક્ષાનો ભાવનમસ્કાર સિદ્ધ કર્યો હોય એને એનાથી ચઢીયાતી કક્ષાનો ભાવનમસ્કાર હજી સિદ્ધ નથી પણ સાધ્ય છે, તેથી એનું સાધન કરવાનું ઉભું જ છે. તો પ્રાર્થના દ્વારા એની સાધના કરે, સાધના માટે પ્રાર્થના કરે, અને આ પાઠ બોલે, એ બધું સંગત છે, યુક્તિયુક્ત જ છે. માટે એમને આ એમને આ પાઠ બોલવામાં મૃષાવાદનો દોષ નથી લાગતો.

ચારે ય પ્રકારના નમસ્કારની કક્ષાઓઃ—

ભાવનમસ્કારમાં પણ ચઢતી ઉતરતી કક્ષાઓ કહી એટલે નામાદિ-નમસ્કારમાં તો કહેવું જ શું? આનો પણ વિચાર કરવા માટે એ જોવું જોઈએ કે નામાદિ-નમસ્કાર એ શી વસ્તુ છે. જૈનદર્શનની એક આગવી વિશેષતા નિક્ષેપની છે. નિક્ષેપ એટલે એક જાતના પ્રકાર, વિભાગ. દા.ત. વિશ્વમાં દરેક વસ્તુના ઓછામાં ઓછા ચાર નિક્ષેપ યાને ચાર પ્રકાર પડે, ૧, નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય અને ૪. ભાવ. અર્થાત્ એ વસ્તુ નામથી હોય, સ્થાપનાથી હોય, ...વગેરે. જેમકે, ઈન્દ્રનો વિચાર કરીએ તો નામઈન્દ્ર, સ્થાપનાઇન્દ્ર, દ્રવ્યઈન્દ્ર અને ભાવઈન્દ્ર, એમ ચાર વિભાગ પડે, ચાર નિક્ષેપ પડે.

◆ નામનિક્ષેપ એટલે ગુણ વિના ખાલી નામથી વસ્તુ. દા.ત. કોઇ છોકરાનું નામ પાડયું 'ઇન્દ્ર.' એનામાં ઇન્દ્ર-પણાનો કોઈ ગુણ નથી છતાં લોક એને ઇન્દ્ર કહે છે, તો એ પણ ઇન્દ્ર વસ્તુ થઇ, પરંતુ નામથી. એમ કોઈ સ્વયં કાયર હોવા છતાં કોઇએ એનું નામ 'મહાવીર' પાડયું છે, તો એ નામથી મહાવીર છે. વળી આની જેમ 'ઇન્દ્ર,' 'મહાવીર' એવો અક્ષરસમૂહ એ પણ નામ છે, તો એને પણ નામ-નિક્ષેપ કહેવાય. બોર્ડ પર 'ઇન્દ્ર'લખી પૂછવામાં આવે કે આ શું લખ્યું છે, તો ઉત્તર મળશે કે ઇન્દ્ર. એટલે 'ઇન્દ્ર' શબ્દ એ પણ નામનિક્ષેપે ઇન્દ્ર-વસ્તુ થઈ. હવે,

◆**સ્થાપના**-નિક્ષેપ એટલે વસ્તુના ગુણ વિના જે ચિત્ર, મૂર્તિ વગેરેમાં એની કલ્પના સ્થાપી તે. તો ઇન્દ્રની મૂર્તિને કે ચિત્રને પણ, 'આ શું છે' એમ પૂછતાં કહેવાય કે 'ઇન્દ્ર' છે. આ સ્થાપના નામની ઇન્દ્રવસ્તુ થઈ. સ્થાપના બે પ્રકારની હોય, **(૧) સદ્‌ભૂત-સ્થાપના** એટલે કે મળતી આકૃતિવાળી સ્થાપના દા. ત. તીર્થંકર ભગવાનની પ્રતિમા, ગુરુની મૂર્તિ, પિતાનો ફોટો, વગેરે. (પિતાના ને કાકાના ફોટાને પણ છોકરો કહે છે, 'આ મારા પિતા છે, ને પેલા મારા કાકા છે,' એ સ્થાપના-પિતાને પિતા કહી રહ્યો છે.) બીજી, **(૨) અસદ્‌ભૂત-સ્થાપના** હોય છે. એમાં બરાબર મળતી આકૃતિ નહિ પણ માત્ર તે વસ્તુની કલ્પના સ્થાપી હોય છે; જેમકે, નવકારવાળી કે પુસ્તક આદિમાં ગુરુ-આચાર્યની સ્થાપના કરાય છે, તો પછી એમાં આચાર્યની આકૃતિ મળતી નહિ છતાં કહેવાય છે કે આ સ્થાપનાચાર્ય છે. નામ-વસ્તુ કરતાં સ્થાપનાવસ્તુની એ વિશેષતા છે કે એની ઉપાસના કરીને લોક લાભ પામે છે! દા. ત. સ્થાપનાચાર્યનો વિનય-બહુમાન સાચવવાથી અથવા પરમાત્માની મૂર્તિની પૂજાભક્તિ કરવાથી મહાન લાભ મળે છે.

◆ **દ્રવ્ય-નિક્ષેપ** એટલે મુખ્ય વસ્તુની કારણભૂત, યા કાર્યભૂત વસ્તુ. દા. ત. ઇન્દ્ર કે ન્યાયાધીશ જ્યારે સિંહાસને નથી બેઠો ત્યારે પણ 'ઇન્દ્ર' કહેવાય છે, 'ન્યાયાધીશ' કહેવાય છે. સાધુના મડદાને પણ લોક 'આ સાધુ છે' એમ કહે છે, એનાં દર્શન કરે છે. રાજાના પુત્રને પણ લોક 'આ અમારા રાજા છે' એમ કહે છે. એમ વક્તાને, લેખકને, ચિત્રકારને, એ ભાષણ-લેખન-ચિત્રણની ક્રિયા ન કરતા હોય ત્યારે પણ 'આ વક્તા છે, આ લેખક છે, ચિત્રકાર છે,' એ તરીકે બોલાવવામાં આવે છે. કેમકે એણે ભૂતકાળમાં ખરેખર વક્તા વગેરેનું કાર્ય કર્યું છે, અગર ભવિષ્યમાં કરનાર છે. આ બધી દ્રવ્ય-નિક્ષેપે વસ્તુ થઇ. આ સિવાય ગૌણ અર્થમાં યાને ઔપચારિક રીતે પણ જ્યાં મુખ્ય વસ્તુનો વ્યવહાર થતો હોય તે ય દ્રવ્યનિક્ષેપે વસ્તુ છે. દા. ત. કર્તાહર્તા

મંત્રીને લોક કહે છે, 'ભાઇ! આ તો રાજા છે.' અહીં મુખ્ય રાજા જૂદો છે, આ ઉપચારથી રાજા છે. એમ મુખ્ય 'આવશ્યક' સવાર-સાંજ ભાવથી પ્રતિક્રમણ કરાય તે. પરંતુ સવારના ઉઠીને કરાતા શૌચ, દાતણ-પાણી, સ્નાન વગેરેને લોક આવશ્યક કહે છે, એ ઉપચારથી અર્થાત્ દ્રવ્યનિક્ષેપે કહેવાય. એમ પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા પણ ભલે શુદ્ધ ઉચ્ચારણાદિ સાચવીને કરી, છતાં ભાવ વિના યાને મનના લક્ષ વિના જો કરી, તો એ દ્રવ્ય—આવશ્યક થયું, ભાવઆવશ્યક નહિ. એમ, ભાવની મુખ્યતા વિનાની એટલે કે પુષ્પાદિ દ્રવ્યોથી, કે સંગીત-નૃત્યથી પૂજા એ દ્રવ્યપૂજા.

◆**ભાવ-નિક્ષેપ** એટલે, વસ્તુ જે નામથી ઓળખાય છે, તે નામનો અર્થ જેમાં ઘટતો હોય તે. દા. ત. 'ઇન્દ્ર' નામનો અર્થ છે 'ઇન્દન કરવું,=દેવોની સભામાં વિશિષ્ટ ઐશ્વર્ય ભોગવવું તે.' એ અર્થ તો જ્યારે એ દેવસભામાં ઇન્દ્ર તરીકે શોભતો હોય ત્યારે સંગત થાય. માટે એ અવસ્થામાં એ ભાવ-ઇન્દ્ર, ભાવનિક્ષેપે ઇન્દ્ર કહેવાય. સાધુ સાધુપણાના ગુણમાં હોય ત્યારે ભાવસાધુ. શ્રાવકપણાની આંતરિક દશા વર્તતી હોય ત્યારે એ ભાવશ્રાવક. આંતરિક લક્ષવાળું પ્રતિક્રમણ એ ભાવ-આવશ્યક.

જિનના ૪ નિક્ષેપા:—'જિન' અરિહંતના પણ ચાર નિક્ષેપા પડે. 'જિન' એવું નામ એ નામનિક્ષેપ. જિનની મૂર્તિ એ સ્થાપના નિક્ષેપ. વિચરતા જિન એ દ્રવ્યનિક્ષેપ, અને સમવસરણ પર દેશના દેતી વખતે ભાવજિન એ ભાવનિક્ષેપ. અહીં એટલું સમજવાનું છે કે ખરી રીતે 'જિન' શબ્દનો અર્થ 'રાગદ્વેષને જિતનાર' એવો થાય છે, તે મુખ્ય અર્થ તો બીજા વીતરાગ-કેવળજ્ઞાનીમાં પણ ઘટે છે, છતાં તેમને ભાવજિન તરીકે અહીં ન કહ્યા અને સમવસરણસ્થ અરિહંતને ભાવજિન કહ્યા, એનું કારણ એ કે પેલા તો 'વીતરાગ' કહેવાય છે, ત્યારે અહીં જિન શબ્દ જિનેન્દ્ર ભગવાનમાં રૂઢ થયેલો છે. નહિતર તો વીતરાગ જ શા માટે, બાહ્ય શત્રુને જિતનાર પણ જિન છે, છતાં એ જિન નથી કહેવાતા.

'નમસ્કાર'ના ચાર નિક્ષેપામાં કક્ષાઓ:—

હવે પ્રસ્તુતમાં 'નમસ્કાર'ના પણ ચાર નિક્ષેપા કર્યા, અને એમાં ચઢતી ઉતરતી કક્ષાઓ કેવી રીતે, તે જોઇએ. એટલે ભાવ-નમસ્કારમાં પણ વિવિધ કક્ષાઓ, ને તેથી ઉપર-ઉપરની કક્ષા માટે પ્રાર્થના હોવાનું સમજાય.

◆**પહેલો, નામ-નમસ્કાર** એટલે એક તો કોઇનું 'નમસ્કાર' એવું નામ પાડ્યું તો એ વ્યક્તિ નામ નમસ્કાર કહેવાય, પછી ભલે એનામાં નમસ્કારનો ગુણ ન હોય. તેમ બીજું, 'નમસ્કાર' એવી અક્ષરોની રચના એ પણ નામ નમસ્કાર. ત્યાં, 'નમસ્કાર' નામની વ્યક્તિઓમાં તો ધન સૌંદર્ય, હોશિયારી, વગેરેની ચઢતી ઉતરતી કક્ષાઓ અર્થાત્ તરતમતા હોય છે, એ અનુભવ—સિદ્ધ છે. ત્યારે, 'નમસ્કાર' એમ બોલાતા વર્ણ-સમૂહમાં શુદ્ધિ-અશુદ્ધિ, મૃદુતા-કર્કશતા, વગેરે ઉચ્ચારણની ઢબના હિસાબે તરતમતા હોય છે, એ સમજાય એવું છે.

◆ **બીજો, સ્થાપના-નમસ્કાર** એટલે નમસ્કારની સ્થાપના; દા. ત. નમસ્કારનું કોઈ ચિત્ર, મૂર્તિ, વગેરે. તો જેમ દેવની મૂર્તિઓમાં ઘડતરના ને કળાના હિસાબે ચઢતી-ઉતરની કક્ષા હોય છે, એમ આમાં પણ હોઇ શકે છે.

◆**ત્રીજો દ્રવ્ય નમસ્કાર** એટલે પૂર્વે કહ્યું તેમ દ્રવ્યસંકોચ. ચિત્તમાં નમસ્કારનો ભાવ ન હોય, પણ બહારથી 'નમું છું, વંદુ છું,' વગેરે બોલે, હાથની અંજલિ જોડે, મસ્તકે લગાડે,...એ બધું દ્રવ્ય-નમસ્કાર. ત્યાં પણ બાહ્ય ક્રિયામાં ચઢતી-ઉતરતી કક્ષાઓ હોઇ શકે છે; કોઇનું બોલવાનું 'આપને વાંદું છું,' અને કોઇનું 'તમને વાંદું છું,' કોઇની અંજલી વ્યવસ્થિત, અને કોઇની અવ્યવસ્થિત, કોઇ અંજલિને લલાટે લગાડે છે, તો કોઇ મોંઢા આગળ, ને કોઇ છાતી આગળ રાખે છે. આ બધી

દ્રવ્યનમસ્કારમાં કક્ષાઓ અર્થાત્ તરતમતા ગણાય. તો જેમ નામાદિ-નમસ્કારમાં કક્ષાઓ હોય છે, એમ.

◆**ચોથો, ભાવનમસ્કાર** અર્થાત્ ભાવસંકોચ એટલે કે નમસ્કાર સંબંધી વિશુદ્ધ મનનું નિયોજન, એમાં પણ તરતમતા યાને ચઢ-ઉતર કક્ષા હોય છે; કોઇને માનસિક ઊંચી વિશુદ્ધિ, તો કોઇને નીચી. ઊંચીમાં પણ કોઇને અધિક ઊંચી તો કોઇને ઓછી ઊંચી. આમાં નીચેની કક્ષાની વિશુદ્ધિવાળાને હજી ઊંચી કક્ષાની વિશુદ્ધિ પ્રાપ્ત નથી, સિદ્ધ નથી; તો **'असिद्धे तत्प्रार्थना वचः'** પ્રાર્થના દ્વારા એ અસિદ્ધને સાધવાની આવશ્યકતા રહે છે જ. એટલે એ પ્રાર્થનાસૂચક 'નમોત્થુ ણું' પાઠ બોલે એમાં કશું અઘટિત નથી. તેથી સમજશે કે ભાવનમસ્કારવાળો પણ આ પાઠ બોલી પ્રાર્થના કરે એમાં મૃષાવાદ લાગવાનો આક્ષેપ કર્યો તે ખોટો ઠરે છે. માટે 'નમોત્થુ ણું' આ પાઠ સર્વસામાન્ય ઘટી શકે છે.

વીતરાગને માટે શું?:—હા, જે માનસિક વિશુદ્ધિ, જેમ જેમ રાગ-દ્વેષાદિ દોષ ઘટતા ઘટતા આવે એમ, વધતી વધતી હોય છે. એની પરાકાષ્ઠા સર્વથા રાગાદિ વિનાના વીતરાગ આત્મામાં મળવાની. એનાથી હવે ઊંચી માનસિક વિશુદ્ધિ યાને ભાવનમસ્કાર નથી. **જેટલી સાધનાઓ છે, તે બધી વીતરાગ બનવા માટે છે, આત્માની સર્વથા શુદ્ધિ કરવા માટે છે, માટે કોઇપણ ધર્મસાધના કરતાં વીતરાગ બનવાનું ધ્યેય નજર સામે રહેવું જોઇએ.** વીતરાગ બની ગયા, તો સાધનાકાળ પૂરો થયો. એટલે સર્વોત્કૃષ્ટ ભાવનમસ્કારવાળા વીતરાગને પ્રાર્થના કરવાની જરૂર પણ નથી; તો તેમને કાંઈ 'નમોત્થુ ણું' બોલવાનું હોતું પણ નથી. હવે તો એ બીજાને માટે નમસ્કરણીય થયા, કૃતકૃત્ય થયા, એટલે એમણે બીજાને નમવાનું નહિ. વીતરાગ એ તો સાધક અવસ્થા મટીને સિદ્ધ અવસ્થા થઇ; હવે એ અવસ્થાવાળાને બીજા સાધકની જેમ નમસ્કારાદિ-સાધના કરવાની રહે નહિ.

પ્ર૦—તો પછી વીતરાગ અરિહંત પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થતાં પહેલાં 'નમો તિત્થસ્સ' (તીર્થને નમસ્કાર) એમ શા માટે બોલે છે?

ઉ૦- એ નમસ્કારની સાધના તરીકે નહિ, પણ એક કલ્પ તરીકે, એક આચાર તરીકે. સાધનામાં તો એ ઉદ્દેશ હોય છે, એ આશંસા હોય છે, કે 'આ કરીને હું મારા કર્મનો ક્ષય કરું, બહિરાત્મદશામાંથી અંતરાત્મદશામાં, અને અંતરાત્મદશામાંથી પરમાત્મદશામાં જાઉં.' પરંતુ ઘાતી કર્મોનો ક્ષય થઇ ગયો, પરમાત્મદશા સિદ્ધ થઇ, એટલે તો આશંસા પૂર્ણ થઇ. માટે તીર્થંકર પરમાત્માને નિરાશંસભાવે પોતાના કલ્પ મુજબ, 'નમો-તિત્થસ્સ' કહીને સિંહાસને બેસવાનું; તેથી એ એમ બોલે છે. એટલે એ સિદ્ધ થયું કે વીતરાગ સિવાય બીજાને ભાવનમસ્કારની પરાકાષ્ઠા પ્રાપ્ત નથી, તેથી એમને એની પરાકાષ્ઠા સુધી પહોંચાડનાર ઊંચા ઊંચા ભાવ-નમસ્કાર પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવી જ રહે છે.

પ્ર૦- **વીતરાગને ભાવનમસ્કારની પરાકાષ્ઠા શી રીતે?**

ઉ૦- પહેલાં કહ્યું છે, 'નમસ્કાર' શબ્દ પૂજાના અર્થમાં છે, ચાર પ્રકારની પૂજામાં ય ભાવપૂજા એ પ્રધાન છે, શ્રેષ્ઠ છે, તથા ભાવપૂજા 'પ્રતિપત્તિ' પૂજા રૂપ હોય છે, ને તે વીતરાગમાં જ પૂર્ણપણે મળે છે. બીજાઓએ પણ કહ્યું છે, **'पुष्पामिषस्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्यम्।'** અર્થાત્

પુષ્પાદિ ચાર પ્રકારની પૂજા:—

પુષ્પ, આમિષ (નૈવેદ્યાદિ), સ્તોત્ર અને પ્રતિપત્તિ એમ ચાર પ્રકારની પૂજામાં ઉત્તરોત્તર પૂજા વિશેષતાવાળી છે; વધારે વધારે ચઢીયાતી છે. પુષ્પ પૂજા કરતાં આમિષ-પૂજા, એના કરતાં સ્તોત્રપૂજા, ને સૌથી શ્રેષ્ઠ પ્રતિપત્તિપૂજા.

◆**પુષ્પપૂજા:**—તાજાં સુગંધિદાર સુંદર અખંડ પુષ્પો ચઢાવવાં; સોયથી પરોવીને નહિ, પણ હાથેથી ગુંથેલા એના હાર ચઢાવવા; પુષ્પવૃષ્ટિ, ફૂલવાડી-રચના...એ બધી **પુષ્પપૂજા.**

◆**આમિષ-પૂજામાં**:-આમ તો આમિષ શબ્દના અનેક અર્થ છે,-દા.ત. માંસ, ભોગ્યવસ્તુ રુચિકર વર્ણપ્રશંસા વગેરેના લાભ, ધાન્યાદિ-સંચયના લાભ, રોચકરૂપ-રસ-ગંધ વગેરે, રોચક શબ્દ ગીત, નૃત્યાદિ, ઇન્દ્રિયના મનગમતા વિષયો તથા ભોજન-જમણ વગેરે;-પરંતુ પ્રસ્તુત આમિષનામની અર્હત્-પૂજામાં એમાંથી જે જે અયોગ્ય છે, દા. ત. માંસાદિ, તે તે દ્રવ્ય ન યોજવા, પણ યથાયોગ્ય હોય તે યોજવા. એમાં ચંદન, કેશર, કસ્તૂરી, બરાસ વગેરેના તિલક-વિલેપન આવે, ચાંદી-સોનું મોતી-રત્નની આંગી આભૂષણ આવે, દશાંગ ધૂપ, વાસક્ષેપ, દીપક, અક્ષતાદિ આવે, ફળ-મેવા-મિઠાઇ ધરવાનું આવે, વિવિધ વાજિંત્રોના નાદ-ગીત-નૃત્ય, તેમજ ઊંચા સત્કાર-સન્માન-પ્રશંસા આવે, જેની જેવી શક્તિ તેવી ભક્તિ કરે. એટલું ધ્યાનમાં રહે કે અંતરમાં ભાવ માને વિશુદ્ધ મનોયુક્તતારૂપી મનોનિયોજન ન હોય કે એનો ઉદ્દેશ ન હોય, તો આ બધું માત્ર દ્રવ્યપૂજામાં જાય; કેવળ મજૂરીમાં ખપે ! માટે ભાવ-યુક્ત થવું જોઈએ, વધુ ઊંચા ભાવને પેદા કરવા થવું જોઈએ.

◆**સ્તોત્ર-પૂજામાં**, પરમાત્માના ભાવભર્યા સ્તોત્ર-સૂત્ર-સ્તવન-સ્તુતિ-છંદ—શ્લોક-પદ્યો વગેરેને **ભાવોલ્લાસથી ઉભરાતા હૃદયે, મધુર કંઠે, અને ગંભીર સૂરે** બોલવા-ગાવાનું આવે. એમાં (૧) સ્વાત્માની નિંદા, (૨) પરમાત્માના ગુણગાન, (૩) પરમાત્મા પ્રત્યેની ભક્તિના ઉદ્ગાર, કે (૪) વસ્તુની પ્રાર્થના આવે. ◆(૧) સ્વાત્માની નિંદામાં પોતાના મન-વચન-કાયાના દુષ્કૃત્ય, દ્વેષ, દુર્ગુણો ગવાય; **માનસિક** દુષ્ટ વિચારો, દુર્ભાવનાઓ, દુષ્ટવૃત્તિ, **વાચિક** નિંદા-કુથલી-વિકથાના દુર્વચનો, અસત્ય, માયાવી યા પાપપ્રેરક ભાષણ, અને **કાયિક** હિંસા, આરંભ-સમારંભ, પરિગ્રહ, ચોરી-છિનારી, વિષયસેવાદિ પાપો ગવાય; તેમજ રાગ દ્વેષ, કામ-ક્રોધ-લોભ, માન-મદ-અહંત્વ, ઇર્ષ્યા-અસૂયા-કિન્નાખોરી વગેરે દુર્ગુણો, આહારાદિ સંજ્ઞાઓ, માયાદિ શલ્ય, રસ-ઋદ્ધિ-શાતાગારવ, આવે, દેવ-ગુરુ-ધર્મની આશાતના-અવર્ણવાદાદિ, તેમજ જ્ઞાનાચારાદિ પંચાચારની વિરાધના, બીજાઓને ધર્મના અંતરાય અને બુદ્ધિભેદની પ્રવૃત્તિ નિંદાય; વળી આર્તધ્યાન-રૌદ્રધ્યાન, કુવિકલ્પો તથા કર્મભારેપણું, સંસારભ્રમણ, દુર્ગતિની દુર્દશા, ...ઇત્યાદિ ઇત્યાદિ ઘણું ઘણું નિંદવાનું આવે. સ્તોત્ર-પૂજામાં પરમાત્મા આગળ આ બધાના ઇકરાર કરવા, ખેદ-પશ્ચાત્તાપ વ્યક્ત કરવા, ક્ષમા અને દયા યાચવી, એવું બધું આવે. ◆(૨) પરમાત્માના ગુણગાનની સ્તોત્રપૂજામાં એમનું સ્વરૂપ, જીવન, ગુણ, શક્તિ, અને ઉપકાર,-એ પાંચનાં ખૂબ ખૂબ ગુણગાન કરવાનું આવે. આમાં [૧] અનાદિ કાળનું વિશિષ્ટ તથાભવ્યત્વ, જગત્કર્તાપણાનો અભાવ, વીતરાગભાવે શાસનસ્થાપના, નયનિક્ષેપે સ્થિતિ વગેરે, એ **સ્વરૂપ** [૨] પૂર્વ ભવના અને અંતિમ ભવના ભવ્ય સાધનામય એમના જીવન; જન્માદિ અવસ્થાઓ મહાવૈરાગ્યમય, ઉગ્ર ઉપસર્ગ—પરીસહ સહવામય, નિરપવાદ—નિરતિચાર ચારિત્ર, લગભગ કાયોત્સર્ગમાં રહેવાનું, વળી જીવન કઠોર સંયમમય, સર્વોચ્ચ અહિંસામય, ઘોર તપોમય...એવું એવું એ **જીવન** છે; [૩] એમના ઊંચા શમ-સંવેગ-નિર્વેદ, ગાંભીર્ય-સહિષ્ણુતા-ઉદારતા, ક્ષમા મૃદુતાદિ અનેક ગુણો, હાસ્ય—શોક—ભયાદિરહિતતા, મહાસમતા—મહા-સમાધિ, ભારંડપક્ષીવત્ અપ્રમત્તતા, વાયુવત્ અપ્રતિબદ્ધતા, ગગનવત્ નિરાલંબનતા, પૃથ્વીવત્ સર્વ-સહિષ્ણુતા, કમળવત્ નિર્લેપતા, શંખવત્ નિરંજનતા, મન—વચન—કાયાની મહાગુપ્તિ, મહાધ્યાન વગેરે વગેરે **અનેકાનેક** વિવિધ ગુણો છે. [૪] અનુપમ રૂપ, રોગ-રહિતતા, સફેદ રુધિર, સુગંધિ શ્વાસોશ્વાસ, વગેરે મૂળ અતિશયો, જન્મથી અવધિજ્ઞાન અને દીક્ષાથી માંડીને મનઃપર્યવજ્ઞાન તથા કેશ-નખ વધે નહિ, કેવળ-જ્ઞાનથી માંડીને જઘન્યથી ક્રોડ દેવતા સેવામાં રહે, ચાલે ત્યાં પંખી પ્રદક્ષિણા દે, વૃક્ષ નમે, દેવકૃત સુવર્ણ-કમળ પર પાદસ્થાપન વગેરે, અશોકવૃક્ષાદિ આઠ પ્રાતિહાર્ય (વિશિષ્ટ દેવકૃત શોભા), વગેરે ૩૪ **અતિશયો** રૂપી શક્તિ, માત્ર ત્રિપદીના દાનમાં દ્વાદશાંગી સ્ફુરાવવાની શક્તિ, દેશનાની વાણીના પાંત્રીસ અતિશયો, એ બધું **શક્તિ** છે; અને (૫) પાંચમું, પરમાત્માનો અચિંત્ય ઉપકાર, જેવો કે શાસનની સ્થાપના, જીવાદિ નવ

તત્ત્વના ઉપદેશ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગનું દાન, અનન્ય લભ્ય સ્યાદ્વાદ આદિના સિદ્ધાન્ત, નય-નિક્ષેપ-ભંગ-અનુયોગ, સૂક્ષ્મ અહિંસાદિના વ્રત-આચાર વગેરે આપવા, એ ઉપકાર...આ બધું સ્તોત્ર-પૂજામાં ગાવા-પ્રશંસવાનું આવે. ◆ (૩) પરમાત્મા પ્રત્યેના ભક્તિ-ઉદ્ગારની સ્તોત્ર-પૂજામાં સુંદર ઉપમાઓથી પોતાનો પ્રભુ પ્રત્યેનો ભક્તિરાગ, ને સ્નેહ-બહુમાન વ્યક્ત કરવાનું, પ્રભુએ મહાપાપીઓને પણ તાર્યા અને સેવકને ન તાર્યો, વગેરેના મીઠા ઠપકા,...એવું બધું સહજ નિર્દોષ પ્રીતિ-ભક્તિનાં ઉછાળામાં કહેવાનું આવે. ▲ (૪) પ્રાર્થના-સ્તોત્રમાં આત્મસંપત્તિ, મોક્ષ, મોહનાશ, ગુણો, રાગાદિજય, સમાધિ, વગેરે માટે પ્રભુને વિનંતિ, પ્રાર્થના, અરજી કરવાની આવે. ◆ આ ચારે પ્રકારની સ્તોત્રપૂજા ખૂબ સમજી-યાદ રાખીને એના પર વિસ્તારી વિચારી માલ તૈયાર રાખવાનો છે. પછી દેરાસરમાં જાઓ ત્યાં પ્રભુ સામે દર્શન કરતાં શું વિચારવું-બોલવું એમાં મગજ મૂઢ કે અજ્ઞ નહિ રહે; તીર્થયાત્રાએ જતાં, તીર્થગિરિમાં શું ચિંતવવું, શી ભાવના ભાવવી, વગેરેની મુંઝવણ નહિ રહે. આમાંથી ભરપૂર ખોરાક મળી રહેશે. ચારે પ્રકારના સ્તોત્રના ભાવો નજર સામે તરવરતા હશે તો અદ્ભુત કાવ્યો—શ્લોકો—સ્તવનો વગેરે રચી શકાશે. ક્રમમાં ક્રમ પ્રભુનાં દર્શન કરતાં ચિંતવન કરી શકાશે.

◆ (૪) **પ્રતિપત્તિ પૂજામાં** આપ્ત પુરુષ એટલે કે અત્યંત વિશ્વસનીય વીતરાગ સર્વજ્ઞ પ્રભુના ઉપદેશનું પાલન આવે. પૂર્વની ત્રણ પૂજા કરતાં આ ઊંચી પૂજા છે, વાસ્તવિક નક્કર પૂજા છે. કેમકે, જીવનમાં જેની આજ્ઞાનું પાલન જ ન હોય, એની બીજી પૂજા કેટલી કારગત થાય? અલબત, શક્તિ ન હોય એટલું ઉપદેશ-પાલન ન બને એ સ્વભાવિક છે, પરંતુ સર્વ ઉપદેશની પૂર્ણ વફાદારી સાથે શક્તિના પ્રમાણમાં તો એનું પાલન જોઇએ ને? ત્યારે જેટલું ન બની શકે એ લાવવા માટે પૂર્વોક્ત ત્રણે ય પ્રકારની પૂજા કરવાની છે; એ ઉદ્દેશ ત્રણે ય પૂજાના આસેવનમાં ન ભૂલાય. સર્વશ્રેષ્ઠ આપ્ત પુરુષ જિનેન્દ્ર પરમાત્માના ઉપદેશમાં, મુખ્યપણે મિથ્યાત્વ અને હિંસા-અસત્ય વગેરે પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક સર્વથા ત્યાગ, તથા ક્રોધાદિ કષાયો અને ઈન્દ્રિયવશતા વગેરે પ્રમાદનો ત્યાગ, એ કરવા રૂપ નિવૃત્તિ-ધર્મ, અને એકાંતે જ્ઞાનાચારાદિ પંચાચાર આરાધવારૂપ પ્રવૃત્તિ-ધર્મ આવે. એના પેટામાં આંશિક નિવૃત્તિ-પ્રવૃત્તિ ધર્મ આવે. એજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ છે, અહિંસા-સંયમ-તપરૂપી ઉત્કૃષ્ટ મંગળભૂત ધર્મ છે. એની પૂર્વસાધનાના ઉપદેશમાં દાન-શીલ-તપ-ભાવ, યોગપૂર્વસેવા, માર્ગાનુસારી ગુણો, શ્રાવકધર્મ અને સાધુ ધર્મની યોગ્યતાના ગુણો, સમ્યક્ત્વના અને શ્રાવકના આચાર—અનુષ્ઠાન, વગેરે આવે.

કોને કેટલી પૂજા?:—આ ચારે પ્રકારની પૂજા દેશવિરતિ અર્થાત્ સ્થૂલ અહિંસાદિ વ્રતવાળા શ્રાવકને હોય છે; ત્યારે સર્વવિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપત્તિ, એમ બે પ્રકારની જ પૂજા હોય છે. કારણ કે સાધુને સૂક્ષ્મ અહિંસાનું વ્રત છે, તેથી એકેન્દ્રિયવનસ્પતિકાય જીવ રૂપ પુષ્પને એ અડે ય નહિ તો પુષ્પપૂજા ક્યાંથી હોય? તેમજ સાધુ પાસે દ્રવ્ય નથી તેથી આમિષપૂજામાં શું સમર્પે? માટે એ બે પૂજા એમને નહિ.

પ્ર૦—સાધુ જેમ ભિક્ષા વહોરી લાવી વાપરે છે, તેમ આ આમિષપૂજાની વસ્તુ વહોરી લાવીને પૂજા કરે તો?

ઉ૦—ન કરી શકે. એના બે કારણ છે; એક તો, આમિષપૂજા એટલે પ્રભુ આગળ વસ્તુ માત્ર મૂકવાની નથી, અર્પણ કરવાની છે; અને તે તો પોતાની માલિકીની વસ્તુ હોય તો જ બની શકે, બીજું એ કે, ત્યારે સાધુ જો, એવું અર્પણ કરવું છે માટે વસ્તુને, વહોરીને પોતાની માલિકીની બનાવવા જાય, તો પહેલાં તો પોતાનું પરિગ્રહવિરમણ વ્રત ગુમાવશે, અકિંચન યતિધર્મ ખોશે. ભિક્ષાપાત્ર—પાત્ર રજોહરણ, એ તો સાધુધર્મના સાધન છે; એટલે એનો પરિગ્રહ નથી ગણાતો. ત્યારે આમિષપૂજાનાં દ્રવ્ય એ સાધુધર્મ પાળવા માટે જરૂરી નથી.

પ્ર૦— ઠીક છે; પણ જો એમને પુષ્પપૂજા નહિ, કેમકે એમાં હિંસા થાય છે, તો ગૃહસ્થને પણ એવી હિંસાવાળી પૂજા શા માટે ?

ઉ૦— સાધુની સાથે કે યાવત્ વીતરાગની સાથે તુલના અંગેના આવા પ્રશ્નો કરવા પહેલાં એક વાત ચોકસ સમજી રાખો કે ધર્મની સાધના કક્ષાવાર હોય છે. જેવી રીતે કેળવણી કક્ષાવાર,—બાળકને એની કક્ષા મુજબ, તેમ ૧લા, ૨જા, ૩જા, વગેરે ધોરણવાળાને, યાવત્ કે.જેજીયન, અને પી. એચ. ડી. ભણનારને એની એની કક્ષાનુસાર,—હોય છે; જેવી રીતે રોગીને ચિકિત્સા (ટ્રીટમેન્ટ) એની કક્ષા મુજબ,—અર્થાત્ એની ઉંમર કેટલી, રોગ કેટલો જૂનો, કેટલો ઉગ્ર, શેમાંથી ઉદ્ભવેલો...વગેરે વગેરે જોઇને,—કરાય છે; એવું ઘણા ક્ષેત્રોમાં; એમ, ધર્મક્ષેત્રમાં પણ વિષયાસક્તિ અને કષાય રોગના દરદી જીવને કક્ષા મુજબના ધર્મઔષધથી ટ્રીટમેન્ટ હોય. તો ગૃહસ્થ એવી એવી આરંભ—સમારંભની હિંસા, વિષયોનાં આકર્ષણ—સેવન, પરિગ્રહની પ્રવૃત્તિ, તથા સાંસારિક મોહક ક્રિયાઓમાં બેઠો છે કે એ બધાએ એને આવર્જી લીધો છે. એમાંથી એને છોડાવવા માટે પરમાત્માની ભક્તિ અને મમતા જગાડવાની છે. તો જેમ દુન્યવી સગાં—સ્નેહીઓનાં સત્કાર—સન્માન કરવાથી સ્નેહ-પ્રીતિ વધે છે, ટકી રહે છે, એવી ગૃહસ્થની સ્થિતિ છે, તેમ એ સ્થિતિવાળાને પરમાત્માની પ્રીતિ-ભક્તિ મમતા જગાડવા-ટકાવવા -વધારવા માટે પણ એમનાં સત્કાર-સન્માન કરવાં અતિ આવશ્યક છે. એ માટે અભિષેકપૂજા, પુષ્પપૂજા, વગેરે પૂજા એજ ઉપાય છે, અને એ કરવી જ જોઇએ. એમ કરતાં કરતાં વીતરાગ પ્રત્યેની ઊંચી પ્રીતિ-ભક્તિ વધવાથી એનામાં સર્વહિંસાદિ પાપો ત્યજી નિરવદ્ય નિષ્પાપ જીવન સ્વીકારવાના પરિણામ જાગશે, અને સ્વીકાર તથા પાલન થશે.

પ્ર૦—પણ એને પુષ્પાદિ--પૂજામાં હિંસાનું પાપ તો લાગે ને ?

ઉ૦—તો તો સાધુ પણ વિહારમાં નદી કેમ ઉતરી શકે ? એમને ય હિંસા લાગે ! પણ વસ્તુસ્થિતિએ એવું નથી. આ સ્વરૂપ-હિંસા છે. પરિણામ-હિંસા નહિ. અર્થાત્ એને હિંસા કરવાના માનસિક પરિણામ નથી; પરિણામ તો જેમ સાધુને સાધ્વાચારના, તેમ ગૃહસ્થને પ્રભુભક્તિના છે; અને કર્મબંધ પરિણામના આધારે થાય છે; માટે એ પાપરૂપ હિંસા ન કહેવાય. જેમ દસ માઇલ તાપમાં તપતો ચાલી આવેલો મુસાફર તૃષા નિવારવા પાણી માટે બીજો ઉપાય ન હોય તો નદીના ભાઠામાં બોદે છે, તો ત્યાં બોદવામાં તો ઉલટું પ્રવાસના શ્રમ વગેરે ઉપરાંત શ્રમ વધશે, ધૂળનો મેલ વધુ લાગશે, અને તરસ વધશે ! તો એવું શા માટે કરે ? પરંતુ જે પાણી પ્રાપ્ત થશે એનાથી જ આ અને પૂર્વના શ્રમ-મેલ-તૃષા દૂર થાય છે, તેથી એ એમ કરે છે. એ શ્રમ વગેરે ત્યાજ્ય નહિ પણ ઉપાદેય બને છે. એવી રીતે અહીં પુષ્પાદિપૂજા અવશ્ય ઉપાદેય છે. ગૃહસ્થ દ્રવ્યમાં બેઠેલો છે, એ દ્રવ્યની મૂર્ચ્છા એને વીતરાગની નજીક આવવામાં અંતરાયભૂત છે. માટે એ મૂર્ચ્છાને તોડવા માટે સર્વોચ્ચ પાત્રભૂત વીતરાગની ભક્તિમાં દ્રવ્યનું સમર્પણ યાને ત્યાગ અત્યંત જરૂરી છે. એ કરે તો જ એમના પર સાચો ભક્તિભાવ જાગે—વધે. જેમની ભાવપૂજા કરવી છે, એમના પર અત્યંત ભક્તિ—બહુમાન વિના એ ન આવે ! અને એ લાવવા માટે તો એ ભાવના કેળવવી પડે કે-'પ્રભુની દ્રવ્યપૂજામાં, મારું ચાલે તો, મારું સર્વસ્વ અર્પી દઉં. પ્રભુ ! તમારાથી વધુ કિંમતી કઇ ચીજ છે ?' આ તમન્ના હોય તો પછી શક્ય એટલા દ્રવ્યથી પૂજાભક્તિ અવશ્ય થાય. પાછું દ્રવ્ય સંગ્રહવાળો ગૃહસ્થ તો સમજે છે કે—'અહીં પ્રાપ્ત થયેલ બધું જ પૂર્વભવની પરમાત્માની સેવાથી ને કૃપાથી મળ્યું છે, એમના પ્રભાવે મળ્યું છે, તો એ ઉપકાર પ્રત્યેની કૃતજ્ઞતાની રૂએ પણ એમને અર્પણ કરવું જોઇએ.' એટલે, હવે જે એમ કહેવું કે—'ફૂલ પાંખડી જ્યાં દુભાય, તિહાં નહિ જિનવરની આણ,' એ કહેનારને પૂછો કે તો પછી કૃતજ્ઞતા ભૂલવામાં અને મૂર્ચ્છા પોષવામાં જિનવરની આણ ખરી? માટે સમજવું જોઇએ કે વસ્તુસ્થિતિએ ગૃહસ્થની અવસ્થા જ એવી

છે કે એને મૌલિક ગુણ કૃતજ્ઞતા તથા મૂર્ચ્છાત્યાગ, વળી ભક્તિ-બહુમાનની ઉત્તરોત્તર વૃદ્ધિ, ને બીજાં આકર્ષણો ઘટાડી વીતરાગનાં આકર્ષણની વૃદ્ધિ વગેરે, એ બધા માટે પુષ્પ--આમિષપૂજા જોરદાર રહેવાની, ને સ્તોત્ર-પ્રતિપત્તિ પૂજા ગૌણ રહેવાની. છતાં એને ચારેય પૂજા, ને સાધુને બે.

પ્ર૦—તો સાધુને બે પૂજા ઓછી રહેવાથી લાભ ઓછો મળવાનો ને?

ઉ૦—ના, ઓછો નહિ! કેમકે લાભનો હિસાબ પોતાની કક્ષા મુજબના કર્તવ્ય અને કક્ષા મુજબનાં સુકૃતોનાં પાલન ઉપર છે. બીજું એ છે, કે સર્વ પ્રકારની સાધના શુભ ભાવના જનન, રક્ષણ અને વર્ધન માટે છે. ત્યારે જો આ પુષ્પાદિ પૂજા એ શુભ ભાવ છે, તો અપરિગ્રહ-વ્રત એ મહાશુભ ભાવ છે. એમ, સર્વથા અહિંસકપણું એ અત્યંત ઊંચો શુભ ભાવ છે. એટલે ગૃહસ્થ પાસેથી આમિષપૂજા માટે દ્રવ્ય લઈ પહેલાં તો અકિંચનપણાનો મહાશુભ ભાવ તોડીને પછી દ્રવ્યપૂજા કરવી, એના કરતાં અપરિગ્રહ—મહાવ્રતનું પાલન કરવું એ મહાલાભકારી છે. શાસ્ત્રે દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજાનો અનંતગુણો લાભ કહ્યો છે. કેમકે દ્રવ્યપૂજામાં જિનાજ્ઞાપાલનની અભિલાષામાત્ર છે, ત્યારે પ્રતિપત્તિરૂપ ભાવ પૂજામાં જિનાજ્ઞાપાલનનો સીધો અમલ છે. ગૃહસ્થે તો દ્રવ્યપૂજામાં થોડો ત્યાગ કરી બાકીનું હજી પોતાના તરીકે રાખ્યું છે, અને એની પાછળ રંગરાગ અને સંસાર રાખ્યો છે, ત્યારે સાધુએ તો સર્વસ્વ ત્યાગ કરી પ્રભુના શાસનને સર્વાંશે નિજના જીવનમાં ઉતારવા ભેખ ધર્યો છે! અને બીજાના જીવનમાં ઉતરાવવાનું મીશન (પ્રચાર—કાર્ય) હાથ ધર્યું છે! એ વસ્તુ ઉપકારી પ્રભુ પ્રત્યે મોટી કૃતજ્ઞતા છે! એમાં અનંત લાભ છે! માટે એમને દ્રવ્યપૂજા ન હોવામાં કોઈ લાભની ન્યૂનતા નથી.

તો, સર્વવિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપત્તિ, એમ બે પ્રકારની પૂજા કરવાની. એમાં પ્રતિપત્તિમાં આગળ વધતાં ઉપશાન્તમોહ યા ક્ષીણમોહ વીતરાગ બનેલા આત્માને હવે જિનાજ્ઞાનું પાલન સંપૂર્ણ આત્મસાત્ થવાથી એકલી પરાકાષ્ઠાની પ્રતિપત્તિ પૂજા હોય છે. અહીં સમજશે કે—'પૂજાના પ્રકારોમાં આવો ક્રમ છે, અને વીતરાગને ઉત્કૃષ્ટ પ્રતિપત્તિ પૂજા સિદ્ધ છે,'--એ વસ્તુને નમસ્કારના વિચારમાં ઠસ્સો કરવાનું કારણ એ છે કે 'નમઃ' શબ્દ પૂજાના અર્થમાં છે, અને પૂજા દ્રવ્ય—ભાવ સંકોચરૂપ પૂર્વે કહી આવ્યા છીએ; તેમાં ઉત્કૃષ્ટ ભાવસંકોચ પ્રતિપત્તિ પૂજારૂપે વીતરાગને સિદ્ધ હોવાથી એમને હવે ઉપર કોઈ પૂજારૂપી નમસ્કાર સાધવાનો રહેતો નથી. તો એ પ્રાર્થનાસૂચક આ 'નમોત્થુણં'... પાઠ બોલતા પણ નથી. બાકી જેમને એ બોલવાનો છે, તેમને હજી વધુ ઊંચો ભાવનમસ્કાર સાધવાનો ઉભો જ છે; એટલે એ આ પાઠ દ્વારા પ્રાર્થના કરે એ યુક્તિયુક્ત જ છે. માટે 'નમોત્થુણં અરહંતાણં' પાઠ નિર્દોષ છે. એમાં કરાતી પ્રાર્થના અઘટતી નથી.

(લ૦) इह च प्राकृतशैल्या चतुर्थ्यर्थे षष्ठी। उक्तं च, "बहुवयणेण दुवयणं, छट्ठी विभत्तीए भण्णइ चउत्थी। जह हत्था तह पाया, नमोत्थु देवाहिदेवाणं ॥ १ ॥ बहुवचनं तु अद्वैतव्यवच्छेदेनार्हद्बहुत्वख्यापनार्थं, विषयबहुत्वेन नमस्कर्तुः फलातिशयज्ञापनार्थं च, इत्येतच्चरमालापके 'नमो जिणाणं जियभयाणमि'त्यत्र सप्रतिपक्षं भावार्थमधिकृत्य दर्शयिष्यामः।

अन्ये त्वाहुः 'नमोस्त्वर्हद्भ्यः'इत्यनेन प्रार्थनावचसा तत्त्वतो लोकोत्तरयानवतां तत्साधनं प्रथममिच्छायोगमाह; ततः शास्त्रयोगसामर्थ्ययोगभावात्, सामर्थ्ययोगश्चानन्तर्येण महाफलहेतुरिति योगाचार्याः।

અર્થ:—'અરહંતાણં' પદમાં છઠ્ઠી વિભક્તિ ચોથીના અર્થમાં છે, (ને તે) પ્રાકૃતભાષાની શૈલીથી છે. કહ્યું છે કે-'(પ્રાકૃતભાષામાં) બહુવચનથી જ દ્વિવચન, અને છઠ્ઠી વિભક્તિથી

જ ચોથી જણાવાય છે. દા. ત. 'હત્થા' અને 'પાયા' (એટલે બે હાથ, તથા બે પગ). 'નમોત્થુ દેવાહિદેવાણં' (એટલે દેવાધિદેવને નમસ્કાર હો.) ('અરહંતાણં' માં) બહુવચન તો (૧) પરમાત્માના એકપણાનો નિષેધ કરીને અરિહંતોના અનેકપણાને સૂચવવા માટે છે, તેમજ (૨) (નમસ્કારના) પાત્રોના બહુપણાને લીધે નમસ્કાર કરનારને (થતી) ફળમાં અતિશયતાને જણાવવા માટે છે.—આ વાત છેલ્લા 'નમો જિણાણં જિયભયાણં' એ આલાવા વખતે પ્રતિપક્ષ-યુક્ત ભાવાર્થને લઈને બતાવીશું.

ત્યારે, બીજાઓ કહે છે, 'નમોત્થુ ણં અરહંતાણં' એ પ્રાર્થના-વચનથી તાત્ત્વિક રીતે લોકોત્તર જહાજ (સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ)વાળાને તે માર્ગના સાધનભૂત પહેલા ઇચ્છાયોગને જણાવે છે. કેમકે, ઇચ્છાયોગમાંથી શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ જન્મે છે, અને સામર્થ્યયોગ તરત જ મહાફળ (કેવળજ્ઞાન)નું કારણ બને છે. એમ યોગના આચાર્ય કહે છે.

વિવેચનઃ—હવે અહીં 'નમોત્થુ ણં અરહંતાણં' પદમાં 'અરહંત' પદની છઠ્ઠી વિભક્તિ ને બહુવચન પર, તથા 'નમોત્થુ'ના અન્યોએ કરેલા અર્થ પર વિચાર કરે છે.

ચોથી વિભક્તિના અર્થમાં છઠ્ઠી વિભક્તિઃ—છઠ્ઠી વિભક્તિનો અર્થ તો સામાન્ય રીતે 'સંબંધી, માલિકીની' એવો થાય; (દા. ત. અરિહંતનું શાસન-અરિહંત—સંબંધી શાસન,) પરંતુ અહીં ચોથી વિભક્તિનો અર્થ લેવાનો છે. કેમકે સંસ્કૃત ભાષામાં નિયમ છે કે 'નમઃ' પદની સાથે ચોથી વિભક્તિ આવે; '**वीराय नित्यं नमः**" એમ '**नमोऽस्तु अर्हद्भ्यः**' અને પ્રાકૃત ભાષામાં પણ સંસ્કૃત જેવા નિયમો લાગે છે, તો 'નમોત્થુ'ની સાથે ચોથી વિભક્તિ જોઇએ. પરંતુ પ્રાકૃતભાષામાં જુદી ચોથી વિભક્તિ જ નથી, છઠ્ઠીથી કામ ચલાવાય છે. એટલે અહીં ચોથીના અર્થમાં છઠ્ઠી આવી છે, ને 'અરહંતાણં' બોલાયું છે. અત્રે એક વાત સમજવાની છે કે નમસ્કાર યાને વંદના કરવી એટલે આપવી. વળી દેવ-ગુરુને ખમાસમણું દેવું એ વંદના કરવાની છે, દેવાની છે. ગુરુને વાંદણાં દેવા એ વંદના દેવાની છે. માટે બીજાને ઉપયોગ આપતાં, અજ્ઞાનતાથી જે બોલે છે કે 'ખમાસમણું લો, વાંદણા લો,' તે સરાસર ઉંધું છે; કેમકે એ વંદનરૂપ હોવાથી લેવાના નથી, દેવાના છે; માટે 'લો' એમ ન બોલાય, 'દો' એમ બોલાય. વંદના લેનાર તો દેવ—ગુરુ છે; કરનારો દેનાર છે. અસ્તુ. ચોથીના સ્થાને છઠ્ઠીની જેમ, ◆ **દ્વિવચનના સ્થાને બહુવચન**, એ પણ સંસ્કૃત કરતાં પ્રાકૃતમાં ભિન્નતા છે. વચન-વિભક્તિ દૃષ્ટાંત '**जह हत्था तह पाया, नमोत्थु देवाहिदेवाणं**' કહેવું એ છે કે '(માણસને) જેમ બે હાથ છે, તેમ બે પગ છે. દેવાધિદેવને નમસ્કાર હો.' સારાંશ પ્રાકૃતમાં જુદું દ્વિવચન અને ચોથી વિભક્તિ નહિ હોવાથી એની જરૂર હોય ત્યારે બહુવચન અને છઠ્ઠીનો પ્રયોગ થાય છે.

'અરહંતાણં' એમાં અનેક અરહંત કેમ લીધા? એક જ અરહંત લઈને 'અરહંતસ્સ' એમ કેમ ન મૂકયું?-આ પ્રશ્ન છે. એનું સમાધાન એ છે કે (૧) અરહંત પરમાત્મા અનેક હોય છે એ, તથા (૨) અનેકને નમસ્કારનું ફળ વધારે આવે એ, સૂચવવા માટે બહુવચન-પ્રયોગ 'અરહંતાણં' લીધો.

પરમાત્મા અનાદિ-શુદ્ધ ન હોયઃ—આ બેમાં પહેલા સૂચનથી જે પતંજલિ દર્શન, ન્યાય-વૈશેષિક દર્શન, વગેરે અનાદિ શુદ્ધ-બુદ્ધ-મુક્ત એક નિત્ય ઇશ્વર માને છે, એ મત અસત્ ઠરે છે. ◆ ઇતર દર્શનો કહે છે, 'ઇશ્વર એ અચિંત્ય, અસાધારણ અને સર્વશક્તિમાન અનાદિ અનંત વ્યક્તિ છે. અખિલ વિશ્વનો કર્તાહર્તા છે. નિયન્તા છે, અતીન્દ્રિય તત્ત્વનો ઉપદેષ્ટા છે. એની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલી શકતું નથી. આવો ઇશ્વર જીવ-વસ્તુથી તદ્દન વિલક્ષણ હોય, તેમજ ઘડ્યો ઘડાય નહિ, પણ નિત્ય નિર્દોષ, અને નિત્ય જ્ઞાન નિત્ય શક્તિવાળો હોય. એ છે તો જ વિશ્વની વ્યવસ્થિત રચના છે,

અને જટિલ સંચાલન ચાલી શકે છે.' ઇતર દર્શનોની આ માન્યતાની સામે ◆ જૈન દર્શન કહે છે, 'વિશ્વની રચના અને સંચાલન, એ પરમાત્માનું કાર્ય જ નથી. વિશ્વમાં **જીવ, પુદ્‌ગલ** વગેરે **મૂળ દ્રવ્યો અનાદિ નિત્ય છે; અને એમાં સર્જાતી ઘટનાઓ એ કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ (ભાગ્ય) અને પુરુષાર્થ, એ પાંચ કારણના સમવાય પર સર્જાય છે.** આ પાંચ પૈકી કર્મ એવાં વિચિત્ર હોય છે કે એના આધારે વિચિત્ર વિચિત્ર સર્જનો થાય છે. કર્તા ઈશ્વર માનનારને પણ આ તો માનવું જ પડે છે. નહિતર જીવનાં તેવા કર્મ વિના જ જો ઈશ્વરે નરક વગેરે સ્થળ બનાવ્યા કહીએ, તો તો તેવા ઈશ્વર જેવો ભયંકર ક્રૂર-ઘાતકી બીજો કોણ? 'જીવોના કર્મનો ન્યાય આપવા ઈશ્વર એમ કરે છે,' એવું પણ ન કહેવાય; કેમકે ઈશ્વર તો અનંત શક્તિમાન છે, તો બિચારા અજ્ઞાન જીવને પહેલા ગુનો કરતાં જ કાં ન રોકે કે જેથી એવો ક્રૂર ન્યાય ચુકવવાનું ઊભું જ ન થાય? ▲ **બીજું, ઈશ્વરને સર્જન કરવા શરીર જોઇએ;** તે પોતાના કર્મ વિના કયાંથી બની શકે? ઈશ્વરને તો કર્મ છે નહિ. ત્યારે જો કહો કે 'વિશ્વના જીવોના ભાગ્યથી એ બને છે,' તો તો એવું થયું કે **'જમે દુર્યોધન, અને ઝાડે જાય શકુનિ મામો!' જીવોના પાપે સંસારની લોથ ઈશ્વરના માથે આવી!** એકનાં કરેલ કર્મ બીજો ભોગવી શકે નહિ. જેનું જેવું ભાગ્ય, તેવું તે ભોગવે. સારાં ભાગ્યવાળો જીવ ઘડામાંથી ઠંડું પાણી પીશે, ને નરસા ભાગ્યવાળી કીડી એજ ઘડા નીચે મરશે. કર્મ કરે તે થાય, ઈશ્વરને એ જંજાળ શા માટે? બીજી વાત એ છે કે, ◆ અનાદિ-શુદ્ધ ઈશ્વરને **શરીર નહિ, તો એ ઉપદેશ પણ કેવી રીતે કરી શકે?** ત્યારે, સર્વજ્ઞાની ઈશ્વરના ઉપદેશ વિના યથાસ્થિત અને સંપૂર્ણપણે તત્ત્વ જાણવાનું બીજું કોનું? અતીન્દ્રિય પદાર્થોની સૂક્ષ્મતાના સંપૂર્ણ સત્ય બુદ્ધિના કે તર્કના જોરે ન જોઇ-જાણી શકાય, એ તો એનાં પ્રત્યક્ષ દર્શન કરી યથાસ્થિત કહેનાર કોઇ સ્વકર્મરચિત શરીરધારી પરમાત્મા જોઇએ. વળી એ પણ છે કે. ◆ **ઈશ્વર જો સૃષ્ટિ રચવા વગેરેની લીલાવાળા હોય, તો જીવોને આદર્શ પણ તેવો મળશે!** એ પણ જગતની ઘડ-ભાંગ કરવામાં અને માયાના ખેલમાં કશું અજુગતું નહિ દેખે! શ્રીમંતને આદર્શ તરીકે ચિત્તમાં સ્થાપનારાઓ પૈસાના પૂજારી બનતા દેખાય છે. આદર્શ તો સર્વોત્તમ જોઇએ. ચિત્તની વિશુદ્ધિ શુદ્ધ આદર્શ પર અવલંબે છે; અને એ વિશુદ્ધિ હોય તો જ વિશુદ્ધ ધ્યાન થઈ શકે છે. ત્યારે જો કહો કે 'નિરંજન નિરાકાર શુદ્ધ ઈશ્વરને આદર્શ તરીકે રાખવાથી એ બની શકશે,' તો મોટો પ્રશ્ન જ એ છે કે **'मूलं नास्ति, कुतः शाखा?** જગત્કર્તા ઈશ્વર નિરાકાર ન હોય, નિરંજન ન હોય; અને કર્તા -ઉપદેશક નહિ એવા શુદ્ધ-નિરંજન નિરાકાર અનાદિના હોય એમાં કોઇ પ્રયોજને ય નથી, તેમ પ્રમાણભૂતે ય નથી; પછી એવી વસ્તુ જ નહિ, તો ધ્યાન કોનું?' માટે કહો કે, ◆ કર્તા નહિ પણ ઉપદેશક અને જીવોને માટે આદર્શભૂત એવા પરમાત્મા અનાદિના નહિ, પણ બનેલા હોય છે. જીવ અનાદિની બહિરાત્મ-દશામાંથી બહાર નિકળી, તત્ત્વદર્શનના બળે અંતરાત્મદશામાં રમતો થાય, આધ્યાત્મિક સાધનાઓ દ્વારા એમાં ખૂબ આગળ વધે ત્યારે ઉચ્ચ ઉત્કર્ષે પહોંચતાં જ્ઞાનાવરણ આદિ કર્મોનો વિધ્વંસ કરી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બને છે એમાં પણ જેણે પૂર્વની વિશિષ્ટ સાધના પર તીર્થંકર નામકર્મ નામનું પુણ્ય ઉપાર્જી મૂકયું હોય, તે તેના આધારે પ્રાપ્ત થયેલ ૩૪ અતિશયો અને ૩૫ વાણી-ગુણોના બળે ધર્મશાસન સ્થાપી શકે છે,

બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા.

આત્માની ત્રણ અવસ્થા હોય. એમાં ◆ **બહિરાત્મદશા,** એટલે બાહ્ય કાયાદિકને જ આત્મા અને સર્વસ્વ માનવાની અવસ્થા. જીવમાત્રને અનાદિ કાળથી એજ ચાલુ છે. એમાં પોતાને 'હું' તરીકે માત્ર કાયા, ઇન્દ્રિયો, અને મનને ગણે-સમજે છે, તેથી એ અને એના સુખકારી ધન-માલ-પરિવાર, રંગરાગ-માનપાન વગેરેને જીવનના સાર અને સર્વસ્વ લેખે છે.

કાયાને કેમ મહાલવાનું મળે, ઇન્દ્રિયો કેમ તુષ્ટ થાય, મન કેમ અનુકૂળ મળવાથી મદમસ્ત રહે, બસ! રાતદિ' એજ લગની, લેશ્યા, અને એની જ પ્રવૃત્તિ! 'ચેતે કાયાથી જુદેા, જ્ઞાનાદિના મૂળ સ્વભાવળેા, અને મેાહ તથા કર્મને લીધે અનાદિ અનંત કાળથી ભીષણ સંસારની ૮૪ લાખ યેાનિઓમાં ભટકનારેા ચેતન આત્મા છે,' એનેા સ્વપ્ને ય ખ્યાલ નહિ! સંતેાના કે તેવા કુળમાં જન્મના જોરે કદાચ પરલેાકગામી આત્માનેા ખ્યાલ આવ્યેા હેાય તેા ય એવા આત્માનું હિત વિચારવાની, ને એને સંસારની દુઃખદ જન્મમરણની જંજાળમાંથી મુક્ત કરવાની કેાઈ જ લેશ્યા નહિ. એ કદાચ વ્રત કરે, તપ કરે, ધર્મક્રિયા કરે, તેા ય એક જ ધૂન કે 'એથી દુન્યવી રાજ્ય, રમણી, વિષયેાના સુખેા કેમ પામું! કેમ સત્તા, સાહ્યબી અને જશ મળે! દેવતાઇ જન્મ મળે!' પણ 'રાગ દ્વેષ, મદ-મેાહ, કામ-ક્રેાધ વગેરે મારા આત્માના દુર્ગુણ છે. દુશ્મન છે; હિંસા જૂઠ વગેરે એ વિટંબણા છે; દેવતાઇ સંસાર પણ કેદ છે, એ બધાથી કયારે છૂટી સર્વશુદ્ધ અને અનંતગુણસંપન્ન બનું,' એવેા કેાઇ વિચાર નહિ! 'કાયા માંદી પડી? દવા લાવેા,' 'ધન વધારવું છે, વેપાર વધારેા.' 'વિષયેા મળે છે, ભેાગવી લેા'...માત્ર એવી ને એવી જ બધી વૃત્તિ ને પ્રવૃત્તિમાં રમ્યા કરે! આ સઘળી બહિરાત્મદશા છે. 'આ ભવ મીઠા. પરલેાક કેાણે દીઠા?' 'પરલેાકથી કેાની ચિઠ્ઠિ આવી?' 'બાધુંપીધું એ આપણું!' 'જીવ્યા કરતાં જોયું ભલું!' 'ભલાઇની દુનિયા નથી, પેાલીસીથી ચાલેા,' વગેરે વગેરે બહિરાત્માના સૂત્રો ઘડી રાખેલા હેાય છે. એને કશેા વિચાર નથી કે 'અંતે બધા નાચ નકામા છે; બધું મૂકીને જવું પડશે! મેાહની રમતેાનાં કટુ ફળ નરકાદિમાં ભેાગવ્યા નહિ જાય! એથી દીર્ઘદુર્ગતિની પરંપરા ચાલશે! અહીં એક માત્ર ઉત્કૃષ્ટ ધર્મ-પુરુષાર્થને યેાગ્ય ઉત્તમ માનવભવ મળ્યેા છે, તેા લાવ, અર્થ-કામની લત છેાડું! કૂતરા-બિલાડા, કીડા-મકેાડા વગેરે અગણિત હલકટ જીવેા જે કરી રહ્યા છે, તેમાં હું રાચું-રમું?...' બહિરાત્મદશામાં ખૂંચેલાને મન એટલું મલિન છે, તામસ પ્રકૃતિવાળું છે, કે આવી કેાઇ વિચારણાજોગી ચિત્તવિશુદ્ધિ જ નથી. મનની પવિત્રતાનેા એને બખ સરખેા નથી! પછી કેાઇ હિતૈષી સંતસાધુ શિખામણ આપે તેા તે ઝીલવાને બદલે તેને ઠગાઇ સમજે છે!

'ઉપમિતિ' ગ્રન્થમાં એક મહંકારીનું દૃષ્ટાંત મૂકયું છે. મૂળ એ અખૂટ નિધાનેાનેા માલિક, પણ લુચ્ચાઓની જાળમાં ફસાઈ બેડીએ બંધાય છે, અને તેવી કેાઈ જડીબુટ્ટીના પ્રયેાગે સ્મરણશક્તિ અને સ્વસ્થતા ગુમાવે છે! પછી ભૂખ્યેા થતાં એને પેલાઓ ચાર ગતિની શેરીઓમાં શરીરરૂપી ચપ્પણિયાં આપી નચાવે છે, મજૂરી કરાવે છે, ને માર પણ મરાવે છે! છતાં એમ કરીને ય ખાવા-ખેલવા મળે છે એટલે, અને અસલ સ્થિતિ વિસરાઈ ગઈ છે તેથી, એ બધું પેાતાનું ખરું જીવન સમજી એમાં જ મસ્ત રહે છે! પછી એને અનંતેા કાળ એમ ગુજારતાં કયારેક સંત પુરુષ મળી આવતાં કહે છે કે-'અરે! તું કેાણ? તું તેા આવેા સ્વતંત્ર, મહાવૈભવી, મહાસુખી! તે આ લુચ્ચાઓના નાચે નાચવામાં મસ્ત? કાં ભૂલેા પડી ગયેા? કેટલેા તું દુઃખી!' પરંતુ એ ઉપદેશને એ હંબગ-મિથ્યા ગણે છે. કહેનારને ભૂલેલા અને અને ભરમાવનારા ગણે છે! પેાતાની અસલ જાત અને સમૃદ્ધિ જરા ય માનવા તૈયાર નથી. એ તેા ચપ્પણિયું, ગુલામી, અંધાપેા, નાચ અને નચાવનારા, વગેરેને સહજ સમજે છે! બહિરાત્માની આવી સ્થિતિ હેાય છે. શરીર, મજૂરી, અજ્ઞાન, રાગ-દ્વેષાદિ, અને માયા-મમતા વગેરેને પેાતાની સહજ સ્થિતિ તરીકે લેખે છે! ધર્મની, આત્મા-પરમાત્માની વાતેાને મિથ્યા ગણે છે! ધર્માત્માને ભૂલેલા અને ભરમાવનારા ગણે છે!

◆અનંતેા કાળ આમ વીત્યા પછી જીવ અંતરાત્મદશા તરફ જો વળે, તેા એની પ્રગતિ શરૂ થાય છે. પણ તે ચરમાવર્ત કાળમાં જ શકય છે. ત્યાં જ એની દૃષ્ટિ કાયા-માયાના હિત પરથી ઉઠી આત્મા અને આત્મહિત ઉપર પડે છે; ભવ્ય સમૃદ્ધિવાળા પેાતાના આત્માનેા ખ્યાલ આવે છે; સંસારે કરેલેા આત્માનેા અપકાર, ને આત્મહિતની ભયંકર બરબાદી એની નજરમાં આવે છે, એથી એ કંપી ઉઠે છે! ઘેાર સંસાર પર એને નફરત છૂટે છે, અણગમેા થાય છે; એનાથી એ ઉભગે છે, ને એને આત્માની અનંત સુખમય

પૂર્ણ આબાદીમય તથા પુદ્ગલની લેશ પણ ગુલામી રહિત આઝાદીવાળા મોક્ષની રુચિ જાગે છે. હવે એ સમજે છે કે 'આવા ભવ્ય મોક્ષની પ્રાપ્તિ અને સંસારની ઘોર વિટંબણાનો અંત કાયા-માયાના, ઇન્દ્રિયો અને મનના, ને લાડી-વાડી-ગાડીના, પક્ષપાત તથા મમત્વ રાખ્યેથી નહિ થાય. એ રાખીને તો આજસુધી દુઃખદ સંસારમાં અખંડ ધારાએ પરિભ્રમણ કર્યાં છે. એટલે હવે તો, એ એક જ જીવનના સંબંધી અને બંધનકારી બાહ્ય પદાર્થોને પર લેખી પોતાના આંતરિક સનાતન આત્મા પર દૃઢ રાગ, ગાઢ મમત્વ, અને પાકા પક્ષપાતવાળો બને છે. ઇન્દ્રિયો અને મનથી નીપજેલા વિવિધ જ્ઞાન, કાયા-માયા દ્વારા અનુભવાતા સુખ-દુઃખ, ને અંતઃકરણથી ઉદ્ભવતી કેઈ લાગણીઓ,-એના આધાર તરીકે તે ઇન્દ્રિયો કાયા, વગેરેને નહિ, પણ ભીતરમાં રહેલા જુદા જ આત્મદ્રવ્યને જુએ છે. એને જોતો થયો એટલે હવે જાણે છે કે ખાનપાન, જોવું-ચાખવું...વિચારવું-બોલવું, પરિગ્રહ-રાગદ્વેષ વગેરે કરવા, એ બધું કરવાની સ્વતંત્ર તાકાત કાયા કે મનમાં નથી. એ બધું તો પરભાવમાં ભૂલી મૂળ માલિક પોતાનો આત્મા કરે છે; કાયા-માયા એની પાસે કરાવીને એની પાયમાલી સર્જે છે! તેથી હવે એ જાણ્યા પછી, કાયા, ઇન્દ્રિયો, ને મનથી એવું બધું થતું દેખે એમાં પોતે શાનો ખુશી હોય ? એ તો હવે રસ લીધા વિના, એનો માત્ર સાક્ષી બની રહે છે.

'આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ (પાપ રૂપ); **કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ,'** અંતરાત્મા બનેલાને સાક્ષિભાવ જાગ્યાથી 'કાયાદિનાં સુખદુઃખ અને હ્રાસ-વિકાસ, એ મારા નહિ,'-એવું સચોટપણે લાગી ગયું હોય છે. ત્યારે તો **ગજસુકુમાળ** મહામુનિ પોતાના માથે સોમિલ સસરે સગડી કરીને ભરેલા ધખધખતા અંગારા **સુખપૂર્વક** સહી શકયા! એમ વિચારીને કે—**'આ બળે છે તે મારૂં નથી, ને મારૂં છું તે બળતું નથી.** કાયા તો વળગેલી એક લપ છે, એ બળી જાય છે તો લપ જશે.' કાયાને બદલે અંદરના આત્માને પોતાની ચીજ તરીકે દેખ્યા પછી (૧) આત્મા છે, (૨) એ નિત્ય છે, (૩) કર્મનો કર્તા છે, (૪) કર્મનો ભોક્તા છે, (૫) મોક્ષ છે, (૬) મોક્ષનો માર્ગ છે,-એ ષદ્સ્થાન નક્કી કરી, હવે મોક્ષ માટે એનાં જૂનાં કર્મ ઓછા કરવાની અને નવાં કર્મ અટકાવવાની લગની લાગે! જે કુવાસનાઓ અને દુર્ગુણોથી આ જંજાળ પોષાઈ રહી છે, એને નાબૂદ કરવાની લગની લાગે! હજી ઇન્દ્રિયો અને કાયા-માયાની પ્રવૃત્તિ છૂટી નથી, પણ એમાં લક્ષ રહે કે **'મારા આત્માનું ન બગડે.' એ પોતાને અર્થાત્ પોતાના આત્માને એ કાયા-માયા-ઇન્દ્રિયો વગેરેના હવાલે ન કરે, પણ એ બધાને આત્માની ચોકી નીચે રાખે.** ચોવીસે કલાક આત્માની ચિંતા, આત્માના હિતાહિતનો ખ્યાલ અંતરાત્મભાવ રખાવે. ભૂતકાળ બગડી ગયો, પણ ભવિષ્ય કેમ ન બગડે તે વિચાર, ને તે સાવધાની રહે. માટે જ તે કાયા-માયાના રંગમાં ન ફસાય. સમજે છે કે **'સંસારયાત્રામાં આ કાયામાં આવી વસ્યા, તે તો એક ધર્મશાળા છે. ભાડાની કોટડી છે. એમાં અંતિમ મુકામ નહિ માનવાનો.'** નમિ રાજર્ષિને ઇન્દ્રે બંગલા બંધાવવા, કોટ સમરાવવા વગેરે કહ્યું. મહર્ષિએ ઉત્તર કર્યો કે 'માર્ગમાં જે ઘર કરી બેસે તે ઠગાય છે.' સંસાર તો જંગલ છે, જંગલમાં તો સિંહ વાઘ વરુથી મરવાનો, ને લૂંટારાથી લૂંટાવાનો ભારે ભય! ત્યાં મુકામ કરી નિરાંતે ન બેસાય. એવું ઉત્તમ મનુષ્યભવમાં જે કાયા-માયામાં નિરાંત કરી, તો મુક્તિના મુખ્ય સ્ટેશન ભૂલી જવાશે, ને લુંટાવાનું થશે! દિલ્હી જવું છે, વચલા સ્ટેશને મેઇલ ઉભો; ત્યાં પ્રવાસી નીચે ઉતરે તો ય કેવા હૃદયે? કયી સમજ સાથે? એજ કે ગાડી અને માલ ન ઉપડી જાય; નાસ્તા-પાણીમાં બહુ ખર્ચાઈ ન જાય. એમ અંતરાત્મા આ જીવન-વિસામાને હવે બહુ પાપસેવનરૂપી ખર્ચથી નભાવવા ખૂશી નહિ. એટલે પાપ-પ્રવૃત્તિઓમાં શકય ઘટાડો કરે છે. એ માટે દાન-શીલ, ત્યાગ-તપ, શમ-દમ (કષાયનિગ્રહ-ઇન્દ્રિયનિગ્રહ), શુભ ભાવનાઓ વગેરેના ભવ્ય પુરુષાર્થ, અને હિંસાદિ પાપોમાં ધરખમ ઘટાડો કરે છે. એ કાયાથી શકય ન હોય તો વાણીથી, ને એ ય છેવટે શકય ન હોય તો મનથી કરે છે. આત્મદ્રષ્ટા બન્યો એટલે આત્માના તારક દેવાધિદેવ અને સદ્ગુરુ પર અથાગ શ્રદ્ધા-

પ્રીતિ-ભક્તિ આદરે છે. બસ! એક જ લગની છે, 'આત્માની ઉપરના કર્મના અને દોષના ભાર ઉતારું, ગુણ સમૃદ્ધિ વધારું, આત્માનું પાપવીર્ય ઘટાડી ધર્મવીર્ય વધારું.' અંદર ધર્મવીર્ય તો ઘણું છે, પણ બહિરાત્મભાવે એને છારી દીધું છે, આવરી દીધું છે, બહિરાત્મભાવની વાસનાઓને જેમ જેમ ઘટાડવામાં આવે, તેમ તેમ ધર્મવીર્ય વધે છે. અલબત એ માટે ધર્મનો પુરુષાર્થ વધતો રહેવો જોઈએ. ધર્મવીર્ય વધવાથી અંતરાત્મભાવ પણ વિકસિત બને છે. પછી કાયાદિની ખાનપાનાદિ પ્રવૃત્તિ કયાં થઇ જાય છે, એની જાણે ખબર જ નથી પડતી! તેથી ઉલટું, ધર્મની વૃત્તિ-પ્રવૃત્તિ જાગ્રત પણે સહજ જેવી બનતી આવે છે! ક્ષમાદિ ધર્મ આત્મસાત્ યાને આત્માના સ્વભાવભૂત બનતા આવે છે! સ્વરૂપરમણુતા વધતી ચાલે છે.

◆**પરમાત્મદશા:**—અંતરાત્મભાવમાં આગળ આગળ વધતાં જ્યાં ઉચ્ચ નિરાલંબન ધ્યાનથી સ્વરૂપરમણુતાની પરાકાષ્ઠાએ પહોંચી, ક્ષમાદિ ધર્મ અને તત્ત્વસંવેદનને બિલકુલ આત્મસ્વભાવભૂત કરી દે છે, ને આત્મા વીતરાગ બને છે, ત્યારે ત્રીજી પરમાત્મદશા પ્રગટ થાય છે. ત્યાં જ્ઞાનાવરણાદિ કર્મોનો નાશ થઈ જવાથી લોકાલોક-પ્રકાશક અનંત જ્ઞાન-દર્શન અને અનંત વીર્ય આદિ અનંતા ગુણ પ્રગટે છે. હવે અહીં ત્રણે ય કાળનું સમસ્ત વિશ્વ પ્રત્યક્ષ દેખાતું હોવાથી કશું જ ન જણાતું અથવા ન દેખાતું રહેતું નથી કે જેના માટે ચિંતન, ધ્યાન કરવું પડે. માટે, આ ધ્યાનાતીત શુદ્ધ સ્વરૂપસ્થ અવસ્થા છે. અલબત અહીં હજી દેહનો સંબંધ છે, દેહની પ્રવૃત્તિ છે, છતાં અજ્ઞાન અને નિદ્રા, મિથ્યાત્વ-અવિરતિ, રાગ, દ્વેષ, કામ અને હાસ્યાદિ ૬ (હાસ્ય-શોક, રતિ-અરતિ, ભય, જુગુપ્સા), તથા દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યના પાંચ અંતરાય-એ આત્માના મુખ્ય અઢાર દોષ એના અવાન્તર પ્રકારો સહિત સર્વથા નાશ પામી ગયા હોવાથી તદ્દન શુદ્ધ સ્વચ્છ ગુણમય અવસ્થા પ્રગટ થઇ ગઇ છે; માટે આ સદેહ પરમાત્મદશા છે, જીવન્મુક્ત દશા છે. પછી શાતા-અશાતા વેદનીય કર્મ, આયુષ્ય કર્મ વગેરે ભોગવાઇને નાશ થઇ જતાં, હવે કોઇ કર્મનો સંબંધ નહિ રહેવાથી તે આત્મા દેહાદિ સંબંધ-રહિત બની સદાને માટે મોક્ષ પામે છે, તે વિદેહ પરમાત્મદશા છે. ત્યાં હવે સદા અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સુખ, અનંત ચારિત્ર (વીતરાગતા), અક્ષયપણું, અરૂપીપણું, અગુરુલઘુપણું અને અનંતવીર્યાદિ, —એમ મૂળ આઠ ગુણ પ્રગટ રહે છે.

કયા પરમાત્મા અરહંત?:—સદેહ પરમાત્મદશાની સાથે, જે જીવે પૂર્વની વિશિષ્ટ સાધના કરીને તીર્થંકર-નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું હોય તેમને, તે પુણ્ય ઉદયમાં આવવાથી, પહેલાં સ્તોત્ર-પૂજાના વિષયમાં અરિહંતના ૩૪ અતિશય, ૩૫ વાણીગુણ વગેરે જે શક્તિ કહી આવ્યા, તે પણ પ્રગટ થાય છે. અષ્ટ પ્રાતિહાર્યાદિ પૂજાને અર્હ (યોગ્ય) બને છે, માટે તે અરિહંત યા અરહંત કહેવાય છે; અને તે ધર્મ-તીર્થ (ધર્મ-શાસન)ની સ્થાપના કરે છે, માટે તે તીર્થંકર પરમાત્મા પણ કહેવાય છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘને તે સ્થાપે છે. આમ એ પરમાત્મા 'બનેલા' હોય છે, પણ કાંઇ 'અનાદિના' નથી હોતા. તો પૂછો કે એ શી રીતે બને? ઉત્તર એ છે કે,

અરહંત અનંતા શી રીતે:— બહિરાત્મભાવમાંથી નીકળી અંતરાત્મા અને પરમાત્મા બનવા માટે એમને સર્વજ્ઞોકત તત્ત્વો અને મોક્ષમાર્ગનું જ્ઞાન તથા ધર્મ-શાસનની નિશ્રા (ઓથ) જોઇએ; અને તે તો પૂર્વે થઈ ગયેલ અરિહંત પરમાત્મા થકી જ મળી શકે; વળી તે પૂર્વના અર્હત્પરમાત્મા પણ એમની પૂર્વે થઇ ગયેલ અરહંત પ્રભુના તત્ત્વદર્શન અને ધર્મશાસનના આધારે જ બન્યા હોય... એમ પૂર્વે પૂર્વે વિચારતાં અનંતા અરિહંત પરમાત્મા યુક્તિ-પુરસ્સર સિદ્ધ થાય છે. એટલે જે લોકો પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીને જ ઐતિહાસિક તીર્થંકર તરીકે ઓળખાવી એમની પૂર્વના તીર્થંકર ભગવાનો અંગે સંદેહ ઉભો કરે છે, તેઓ અજ્ઞાન યા મિથ્યા ગ્રહને લીધે વાસ્તવિક તર્કસિદ્ધ નિશ્ચિત હકીકતનો

વ્યર્થ વિરોધ કરનારા છે. અરિહંત પરમાત્મા એક જ નહિ પણ અનેક થઇ ગયા છે, એ વાસ્તવિક નિશ્ચિત હકીકતનું સૂચન 'નમોત્થુ ણું અરહંતાણું'માંના બહુવચનથી થાય છે. કેમકે બહુવચન એ, અદ્વૈત યાને જેનો બીજો પ્રકાર નથી એવી એકમાત્ર વસ્તુનો નિષેધ કરે છે, ▲અહીં એટલું ધ્યાનમાં રહે કે જગતમાં આત્માનું અદ્વૈત એટલે એકમાત્ર આત્મા, પરમાત્માનું અદ્વૈત એટલે એકમાત્ર પરમાત્મા, જ્ઞાનનું અદ્વૈત, શબ્દનું અદ્વૈત, અર્થાત્ વિશ્વ એકલું જ્ઞાન સ્વરૂપ, શબ્દસ્વરૂપ,...આવા આવા અનેક અદ્વૈત પ્રવર્તે છે એ બધા મિથ્યા અને નિષેધ્ય છે, પરંતુ પ્રસ્તુત 'અરહંતાણું'માંના બહુવચનથી માત્ર આત્મા અને પરમાત્માના અદ્વૈતનો નિષેધ સૂચિત છે.

આ બહુવચનથી બીજું સૂચન ફળની અતિશયતા છે. કેમકે નમસ્કારના વિષય ઘણા હોવાથી નમસ્કાર કરનારને ફળ અતિશય મળે છે. અહીં પ્રશ્ન ઉઠે કે શું ઘણાંને એક નમસ્કાર કરવામાં તો ફળના નાના નાના ટૂકડા ન થઇ જાય? પણ એવું નથી. આની ચર્ચા આગળ 'નમો જિણાણું' પદની વિચારણામાં બતાવાશે. બાકી એટલું ચોકસ છે કે અનેક અરહંત પ્રભુને નમસ્કાર કરવા માટે આંતરિક દૃષ્ટિ સમક્ષ અનેક અરહંત પ્રભુ લાવવા પડે; અને એમ કરીને નમસ્કાર કરવામાં ભાવોલ્લાસ ઘણો વધી જાય; ને તેથી નમસ્કાર કરનાર ભાગ્યશાળી એકને નમસ્કારના ફળ કરતાં ઊંચા શુભ ભાવનાના ઉત્કર્ષ રૂપી ફળને પામ્યો એ સહજ છે. આ અત્યધિક ભાવોલ્લાસનો અનુભવ, 'નમો અરિહંતાણું...' વગેરે પંચપરમેષ્ઠિ-સૂત્ર બોલતાં આપણે જાણે લોકની બહાર અલોકમાં ઉભા છીએ, અને સામે લોકમાં જાણે આપણી દૃષ્ટિ સમક્ષ અનંત અરિહંત, અનંત સિદ્ધ, અનંત આચાર્ય-ઉપાધ્યાય-સાધુને સાક્ષાત્ જોતાં સૂત્રના પદે પદે નમસ્કાર કરીએ છીએ,-એ વખતે થાય છે! ત્યારે એકને બદલે અનેક પરમાત્માને નમસ્કાર કરવામાં મનને થાય કે ધન ખર્ચ વગેરે તો કાંઇ લાગતો નથી, પછી શા સારૂ અનેકને લઇને આવો સહેલો છતાં ઊંચો લાભ ન લેવો? કહે છે ને **'वचने का दरिद्रता**?-કોઇની સાથે વાતના પ્રસંગે વિવેકના બોલમાં કંજૂસાઇ શા માટે કરવી?' એમ અહીં '**नमनविषये का दरिद्रता**?,-નમસ્કારના વિષય લેવામાં કંજૂસાઇ શા માટે કરવી? વિષય તરીકે શા માટે અનેક અરહંત ન લેવા?

'નમોત્થુ'માં પ્રાર્થના-વચનથી બીજાઓ બીજો અર્થ લે છે. તે એ છે કે આ પ્રાર્થના-વચન વસ્તુગત્યા લોકોત્તર જહાજવાળા માટે તેના સાધન તરીકે પહેલો ઇચ્છાયોગ હોવાનું કહે છે. લૌકિક જહાજ તરીકે નાવ, સ્ટીમર વગેરે ગણાય; લોકોત્તર જહાજ તરીકે અરહંત પરમાત્માનું પ્રવચન અર્થાત્ જિનશાસન કહેવાય; કેમકે એ એનો આશરો લેનારને ભવસાગરથી પાર ઉતારે છે; પરંતુ તે તત્ત્વતઃ યાને વસ્તુસ્થિતિએ આશરો લેનારને યાને ખરેખર આ જહાજ સ્વીકારનારને પાર ઉતારે છે. ખાલી નામથી જ જૈન હોય, યા માત્ર પૌદ્ગલિક દુન્યવી લાલસાઓ પોષવા માટે જ બીજા ઉપાયોની જેમ જૈનશાસનનો ઉપયોગ કરતો હોય, એ જૈનશાસનનો વસ્તુસ્થિતિએ આશરો લેનારો ન ગણાય. કેમકે એને તો સંસાર પોષવો છે, સંસારનો અંત નથી લાવવો. ઇતરની જેમ એવાને પણ, હવે કહેશે તે, ઇચ્છાયોગ વગેરે હોઇ શકતા નથી; તેમ એ ભવપાર કરી શકતો નથી. તો જે ખરેખર જિનશાસનને સ્વીકારનારા છે, એમને હવે એની ઉપાસના કરવા માટે સાધન તરીકે ત્રણ પ્રકારના યોગ છે. એમાં અહીં 'નમોત્થુ' કહીને પહેલો ઇચ્છા-યોગ કહે છે. તેમાંથી બીજો શાસ્ત્ર-યોગ અને ત્રીજો સામર્થ્ય-યોગ જન્મે છે; અને સામર્થ્ય-યોગ પછી તરત જ કૈવલ્ય પ્રાપ્ત થાય છે-એમ યોગના આચાર્ય કહે છે.

ઇચ્છાયોગ : શાસ્ત્રયોગ : સામર્થ્યયોગ.

(ल०) अथ क एते इच्छायोगादयः ? उच्यते, अमी खलु न्यायतन्त्रसिद्धा इच्छादिप्रधानाः क्रियया विकलाविकलाधिकास्तत्त्वधर्मव्यापाराः ।

અર્થ:—ત્યારે, (પ્રશ્ન થાય કે) એ ઇચ્છાયોગાદિ શું છે? ઉત્તર કરવામાં આવે છે કે આ તો ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ, ઇચ્છાદિની પ્રધાનતાવાળાં અને ક્રિયામાં (ક્રમે કરીને) અપૂર્ણ પૂર્ણ, અને અધિક એવા તાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિ છે.

વિવેચન:—

પ્ર૦-ઇચ્છાયોગ વગેરે શું છે?

ઉ૦-ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ, એ તાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિ સ્વરૂપ છે. કેમકે યોગ એટલે મોક્ષની સાથે યોજી આપે તે; અને તાત્ત્વિક ધર્મપ્રવૃત્તિ એ કરી આપે છે, તે તેથી યોગ કહેવાય છે. એમાં ઇચ્છાયોગ વગેરે એ ક્રમશઃ ધર્મની પ્રવૃત્તિના યથાયોગ્ય નામ છે. યથાયોગ્ય એટલા માટે, કે જે ધર્મ-પ્રવૃત્તિમાં ઇચ્છાની મુખ્યતા છે તેનું નામ ઇચ્છાયોગ, શાસ્ત્રની મુખ્યતા છે તેનું નામ શાસ્ત્રયોગ, અને સામર્થ્યની મુખ્યતા છે તેનું સામર્થ્યયોગ. ત્રણે ય પ્રવૃત્તિ ધર્મની તો ખરી જ, પાપપ્રવૃત્તિ નહિ, સંસાર-પ્રવૃત્તિ નહિ. ધર્મપ્રવૃત્તિ પણ તાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિ હોવાની; અર્થાત્ જેમાં ખરેખર ધર્મનું લક્ષણ ઘટે, જે ખરેખર જીવને દુર્ગતિથી ધારી (બચાવી) સદ્ગતિમાં ધરે તેનું નામ ધર્મ. તે જ સાત્ત્વિક ધર્મ કહેવાય, અને તે સર્વજ્ઞકથિત હોવો જ જોઇએ. સર્વજ્ઞ વિના બીજાનું ગજું નહિ કે એવો ધર્મ બતાવી શકે. (૧) હવે ધર્મનો સાધક આત્મા પહેલે તબકકે ઉચ્ચ કોટિની ધર્મસાધના નથી કરી શકતો. પહેલાં તો એ સાધનામાં પ્રવર્તે ત્યાં એને કેટલીય વિકલતા યાને ત્રુટિઓ રહી જાય છે પરંતુ એને ધર્મ કરવાની ઇચ્છા પ્રબળ છે, તેથી અહીં ત્રુટિવાળી ક્રિયાની મુખ્યતા ન ગણતાં ઇચ્છાની મુખ્યતા ગણીને આવી ધર્મસાધનાને 'ઇચ્છાયોગ' નામ આપ્યું. એથી સ્પષ્ટ છે કે એકલી ધર્મ—ઇચ્છા એ ઇચ્છાયોગ નથી, પરંતુ ધર્મઇચ્છાવાળી ધર્મક્રિયા એ ઇચ્છાયોગ છે. (૨) શુદ્ધ ધર્મ કરવાની ઇચ્છાના જોર પર ધર્મ-ક્રિયામાં આગળ વધતાં વધતાં જ્યારે ક્રિયાની બધી વિકલતા અર્થાત્ ખામીઓ દૂર કરી, શાસ્ત્રે કહ્યા મુજબ અવિકલ યાને સંપૂર્ણ શુદ્ધ ક્રિયા કરાય છે, ત્યારે તે ધર્મપ્રવૃત્તિ '**શાસ્ત્રયોગ**'રૂપ બને છે. એમાં શાસ્ત્રના આદેશ સાચવવાનું મુખ્ય છે, માટે તે શાસ્ત્રયોગ કહેવાય છે. (૩) એમાં પણ આગળ વધતાં જ્યારે અધિક એટલે કે વિશેષતાવાળી ધર્મસાધના કરવાનું સામર્થ્ય ફોરવાય છે, ત્યારે તે સાધનામાં શાસ્ત્ર ઉપરાંત આત્મસામર્થ્યની વિશેષતા હોઇને તેને '**સામર્થ્યયોગ**' કહેવામાં આવે છે.◆આ ત્રણે ય યોગ અલબત આગમમાં સૂત્રરૂપે અર્થાત્ શબ્દશઃ કયાં ય સાંભળવા નથી મળતા, છતાં યુક્તિ-સ્વરૂપ શાસ્ત્રથી એ સિદ્ધ થાય છે; અને આ જ ગ્રન્થમાં આગળ '**आगमश्चोपपत्तिश्च**' એ શ્લોકથી કહેવાના છે કે આગમ અને યુક્તિ, બન્નેયથી પદાર્થ સિદ્ધ થાય છે, ને તેનું શ્રવણ, મનન, આદિ કરવું જોઇએ. એટલું ખરૂં કે યુક્તિ લડાવવા જતાં આગમનો વિરોધ ન આવવો જોઇએ. બાકી એવા કેટલાય પદાર્થો છે કે જે સીધા શબ્દશઃ વર્તમાન આગમમાં નથી મળતા, છતાં એ યુક્તિથી સિદ્ધ થાય છે. તેમજ એ આગમવિરુદ્ધ નથી, કિન્તુ આગમોક્ત પદાર્થની સાથે સંગત થાય છે. ઇચ્છાયોગાદિ ત્રણ યોગ આ પ્રકારના છે.

૧. ઇચ્છાયોગ.

(ल०) उक्तं च,

कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादतः । विकलो धर्म्मयोगो यः स इच्छायोग इष्यते ॥ १ ॥

અર્થ:—કહ્યું છે કે (ધર્મ) કરવાની ઇચ્છાવાળા (અને) આગમશ્રવણવાળાની (એ આદરણીય તત્ત્વનો) જ્ઞાની છતાં પ્રમાદના લીધે (થતી) જે ખામીવાળી ધર્મપ્રવૃત્તિ, એને

ઇચ્છાયોગ માનવામાં આવે છે.

વિવેચન:—પહેલી ઇચ્છાયોગની કક્ષાની ધર્મપ્રવૃત્તિમાં ચાર વસ્તુ છે.

(૧) કોઈ આશંસા વિના જ તેવા પ્રકારના કર્મ-ક્ષયોપશમથી ધર્મ કરવાની ઇચ્છા,

(૨) તે ધર્મના વર્ણનવાળા આગમનું કરેલું શ્રવણ,

(૩) શ્રવણથી થયેલું સાધ્ય—ધર્મના તત્ત્વનું જ્ઞાન, અને

(૪) વિકથાદિ પ્રમાદવશ ખામીવાળી ધર્મસાધના

◆(૧) ઇચ્છાયોગ એ પાયાની ધર્મસાધના છે. એમાં મુખ્ય પહેલી તો ધર્મ કરવાની ઇચ્છા જોઇએ, હાર્દિક ઊર્મિ જોઇએ. ધર્મની એકલી જાણકારી કારગત ન બને; એને સાધવાની ગરજ, તાલાવેલી અને તમન્ના હોય તો આગળ વધાય. આ અંતરમાંથી ઉઠે, તો એની પાછળ શક્ય ધર્મપ્રવૃત્તિ પણ થાય, ને તે રસમય થાય. દેખાદેખી કે શરમાશરમી કરવું પડે કે બળાત્કારે ધર્મપ્રવૃત્તિ થાય તો ત્યાં વેઠિયાગીરી જેવી કરાશે. ઇચ્છા નથી, ને પ્રવૃત્તિ કરવી પડે, એમાં અકળામણ થશે કે 'ક્યાં લપ આવી! ક્યારે પૂરી થશે!...' વગેરે. એવી ધર્મપ્રવૃત્તિ એ પ્રાથમિક ઇચ્છાયોગમાં પણ નહિ. માટે એ હાર્દિક ઇચ્છાપૂર્વક જોઇએ. ◆ હાર્દિક ઇચ્છા પણ કોઈ બહાના હેઠળ, કે કોઈ પૌદ્ગલિક ધન-માનાદિની આશંસાપૂર્વક નહિ જોઇએ. એમાં તો લક્ષ ધર્મ સિદ્ધ કરવાનું નહિ, પણ દુન્યવી લાભ સિદ્ધ કરવાનું રહે છે. તેથી ધર્મ સહજ યાને સ્વભાવગત નથી બનતો આવતો. ધર્મ ભૂલવા માગીએ તો ન ભૂલાય, એના બદલે પરાણે યાદ કરવો પડે, યાદ કરીએ ને ભૂલી જવાય છે, એ શાથી? નિરાશંસભાવે ધર્મ કરવાની તાલાવેલી-જોરદાર નથી જગાડી તેથી. બીજા બહાના હેઠળ થતી ધર્મપ્રવૃત્તિ પગાર માટેની નોકરી ભરવા જેવી છે. પગાર બંધ કે ઓછો થયો લાગે એટલે એ નોકરી મૂકી બીજું પકડાય છે, તેમ આશા, અપેક્ષા ન ફળતી કે ઓછી ફળતી લાગતાં ધર્મપ્રવૃત્તિ છોડી બીજા કાર્યોમાં ઓતપ્રોત થવાય છે. ધર્મ—પ્રવૃત્તિ બે જાતની,-૧. ઔદયિક ભાવની, ને ૨. ક્ષાયોપશમિક ભાવની. **ઔદયિક ભાવની એટલે** ધનાદિ-લોભ, માન—'હું સારો દેખાઉં,' વગેરે મોહોદયથી પ્રેરાઈ જે ધર્મ-પ્રવૃત્તિ કરાય તે; **ક્ષાયોપશમિક ભાવની એટલે** મિથ્યાત્વ મંદ પડયું રાગાદિ મંદ પડયા ને આત્મહિતાર્થે જે ધર્મ-પ્રવૃત્તિ થાય તે. ઔદયિક ભાવમાં આંધળી દળે, ને કૂતરું ચાટી જાય! આંધળો આત્મા ધર્મ કરી કરીને રાગ લોભાદિ કષાયોને પોષશે! માટે રાગાદિકર્મનો ક્ષયોપશમ થઈને શુદ્ધ નિરાશંસભાવે ધર્મની ઇચ્છા અને ધર્મ થવો જોઇએ. એથી સુસંસ્કારની વૃદ્ધિ થાય. એવા ધર્મના અભ્યાસથી પાછો ક્ષયોપશમ વધે, અને વિશેષ ઊંચો ધર્મ સધાય, તો શાસ્ત્રયોગ તરફ જવાય. ◆(૨) ધર્મની ઇચ્છા તો કહી, પરંતુ પછી એકલી ધર્મપ્રવૃત્તિ લઇ બેસવાનું નહિ, પણ તે ધર્મની વિધિ શી, યોગ્યતા શી, ઇત્યાદિ બતાવનારા આગમનું શ્રવણ કરવું જોઇએ. તો એનું સમ્યગ્ જ્ઞાન થઇ સાચી સાધના થાય; આપકલ્પના યા કોઈ કોઇનું જોઈ લીધા માત્રથી નહિ. કેમકે બીજાનું જોવામાં તો કોને ખબર કે એ બીજો યથેચ્છ કલ્પના કે અવિધિ આદિથી કરતો હશે તો?. તેમ, સ્વયંકલ્પનામાં સાચી વિધિ વગેરે ય ન જાણી શકાય. ધર્મનું તન્ત્ર અતીન્દ્રિય છે, કેવી કેવી ઝીણવટભર્યા વિધિવિધાન અને કેવી કેવી વિશેષતા જાળવવાથી કેવા કેવા પુણ્યાનુબંધી પુણ્યના ઉપાર્જન થાય છે, પ્રાગ્બદ્ધ કયા કયા અશુભ કર્મદલિયાનાં શુભમાં સંક્રમણ થાય છે, અપવર્તના (સ્થિતિ-રસનાં હ્રાસ) થાય છે, પ્રદેશોદય થાય છે, વગેરે શા શા સામાન્ય ને વિશિષ્ટ ફળ મળે છે; ત્યારે કઇ કઇ અયોગ્યતા, વિધિભંગ, આશાતના વગેરેથી કયા કયા મોહનીય કર્મ, ને જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે,... ઇત્યાદિ બધું અતીન્દ્રિય છે. ચક્ષુ કે મનથી જાણી શકાય નહિ. દાળમાં મસાલો નાખી એ જીભે મૂકી તો ઝટ ખબર પડી કે આ મસાલો ઓછો વધુ છે. પણ અતીન્દ્રિયમાં તો સર્વજ્ઞનાં શાસ્ત્રથી જ ખબર પડે. માટે શાસ્ત્ર સાંભળીને ધર્મપ્રવૃત્તિ કરે તો એ પ્રવૃત્તિ ઇચ્છાયોગમાં આવે. કહે છે, 'બે કલાક પૂજામાં થાય છે. માટે

વ્યાખ્યાને નથી આવતો,' અરે પણ સાંળવ્યા વિના ધર્મનો હક જ કયાં છે? ◆ (૩) આગમ સાંભળ્યા તો હોય, પણ ધર્મપ્રવૃત્તિ વખતે યાદ ન હોય યા સમજ્યો જ ન હોય તો ય ન ચાલે. માટે જે ધર્મપ્રવૃત્તિ કરવી છે, તેને અંગે શાસ્ત્રશ્રવણ કરવા ઉપર તેનું ગ્રહણ-અવધારણ જોઈએ. એમાં રહસ્ય, સિદ્ધાન્ત વગેરે તત્ત્વને બરાબર સમજવા-યાદ રાખવા જોઈએ; ચોકસરૂપે મનમાં ઠસાવી-ઠરાવી રાખવા પડે. સાંભળીને ઉઠ્યા પછી કાંઇ નહિ એ તો સુપ્તનૃપકથા જેવું છે;-રાજા ઉંઘ લાવવા માટે વાત સાંભળે એના જેવું છે. માટે સાંભળ્યા પર સ્થિર જ્ઞાન જોઈએ. ◆ (૪) ધર્મની ઇચ્છા, શ્રવણ અને જ્ઞાન કર્યું પણ પછી પ્રવૃત્તિ ન કરે તો ઇચ્છાયોગ નહિ. માટે ઇચ્છા અને જ્ઞાનનો અમલ જોઇએ. અલબત સાચી ધગશ હોય તો પ્રવૃત્તિ થાય; પરંતુ કેટલીક વાર ખોટી રીતે સાંસારિક ગડમથલમાં ગુંથાઈ ધર્મપ્રવૃત્તિ ગુમાવવાનું થાય છે, તે ન થવું જોઈએ. ઇચ્છાના અમલની જેમ શ્રવણનો અમલ ન કરે, તો પછી હૃદય ધિટ્ઠું થઇ જાય છે. ' તુમ કહતે ભલા, હમ સૂનતે ભલા ' સાંભળ્યું ખરૂં કે મૈત્રી પ્રમોદ વગેરે ભાવના એ ધર્મનો પાયો છે, પણ પછી અમલમાં જે દેવાળું હોય;માર્ગાનુસારીના ગુણો સાંભળ્યા પરંતુ જો અમલ નહિ; તો હૃદય નઠોર થતું આવે છે. સાંભળ્યા પછી કહે છે, 'અમે પામર છીએ, નથી બનતું,' આ કલેજે ઠંડક છે. દુનિયાના પ્રસંગમાં કેમ 'પામર છીએ' નથી બોલાતું? ત્યાં તો સારા ભાવ, ફાવટ થવાનું, વગેરે સાંભળી ઝટ સોદો કરવા દોડાય છે. અહીં પામર છીએ કહીને છૂટી જવું એ સારા સારા ઉપદેશને ચાવી ખાવા જેવું છે. જેમ દુઃખીના દર્દને જોઇ, દર્દ મિટાવવા પાઇ ન ખર્ચે કે બીજી શકય સહાય ન કરે, તો એવાં દર્શન ચાવી ખાધાં ગણાય. માટે અમલ જોઈએ. **શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે " વર્તમાનમાં બોધિને નિષ્ફળ કરનારો તું ભાવાંતર માટે બોધિ કયા મૂલ્ય પર માગી રહ્યો છે? "** બોધિ એટલે ધર્મશ્રદ્ધા, એને નિષ્ફળ કરવી એટલે કે શકય અમલમાં ન ઉતારવી, એ જીવને ભવાંતરે બોધિને માટે નાલાયક ઠેરવે છે. માટે તન-મન-ધન તોડીને ધર્મ-પ્રવૃત્તિ જોઇએ. ◆આમ ધર્મ-સાધના સુધી આવવા છતાં, અનાદિના અભ્યાસવશ નિદ્રા, વિકથા-રાજકથા સ્ત્રીકથા, દેશકથા, ભોજનકથા, તથા અનુપયોગ, શરીરરાગ, કંટાળો અરુચિ (દ્વેષ), અનુપયોગ, વિસ્મરણ, સંશય, ચંચળતા ઇત્યાદિ પ્રમાદ થઇ જવાથી ધર્મક્રિયા બરાબર શાસ્ત્રવિધાન મર્યાદા અને ચોકસાઇને અનુસારે નથી ચાલતી; દા.ત. ચૈત્યવંદનાદિ ક્રિયામાં કાળ, મુદ્રા વગેરેના ભંગ થાય, અશુદ્ધિ થાય, ઇત્યાદિ. ક્રિયા ખોડખાંપણવાળી થાય છે, વિઘ્ન આવતાં ચલિત થવાય છે, માટે એ ઇચ્છાયોગરૂપ છે. આનો અર્થ એ નથી કે, 'પ્રમાદ રાખવો.' પ્રમાદને તો જ્ઞાન, વીરતા-ધીરતા અને સ્થિરતાથી દૂર કર્યે જ જવાનો. પરંતુ જ્યાં સુધી શાસ્ત્રે કહેલા કાળ, આસન-મુદ્રા વગેરેમાં સહેજ પણ ત્રુટિ રહેશે, અતિચાર લાગશે, ત્યાં સુધી તે ધર્મ-પ્રવૃત્તિ ઇચ્છા યોગ ગણાશે.

૨. શાસ્ત્રયોગ.

(લ૦) શાસ્ત્રયોગસ્ત્વિહ જ્ઞેયો, યથાશક્ત્યપ્રમાદિનઃ। શ્રાદ્ધસ્ય તીવ્રબોધેન વચસાઽવિકલસ્તથા ॥ ૨ ॥

અર્થ:-યોગશાસ્ત્રમાં જોવામાં આવે છે કે યથાશકિત પ્રમાદરહિત અને સ્વસંવેદનાત્મક શ્રદ્ધાવાળાને તીવ્ર બોધના કારણે આગમાનુસારે અખંડ (યોગરૂપ) શાસ્ત્રયોગ હોય છે.

વિવેચન:— 'શાસ્ત્રયોગ' શબ્દથી આગમમાં નહિ પણ યોગશાસ્ત્રમાં શાસ્ત્રયોગનું આ સ્વરૂપ જોવા મળે છે;—

(૧) યથાશક્તિ અપ્રમાદી, અને

(૨) તથાવિધ મોહનાશથી સ્વસંવેદનાત્મક શ્રદ્ધાવાન,

(૩) તીવ્રબોધપૂર્વક,

(૪) શાસ્ત્રના અખંડ વિધાનો જાળવીને જે ધર્મ-પ્રવૃત્તિ કરે તે શાસ્ત્રયોગ.

◆ (૧) ઇચ્છાયોગમાં આગળ વધતાં બીજી કક્ષાએ શાસ્ત્રયોગના ઘરની ધર્મ-પ્રવૃત્તિમાં અવાય છે. એમાં નિદ્રા, વિકથા, અનુપયોગ, ચંચળતા, સ્મૃતિભ્રંશ (વિસ્મરણ) સંશય, વગેરે સર્વ પ્રમાદોને, પોતાની શક્તિને અનુરૂપ અર્થાત્ સર્વ શક્તિ ખર્ચીને નિવારવામાં આવે છે. તેથી તે તે ધર્મની સાધનામાં આત્મા મન-વચન-કાયાથી એકાકાર થઈ જાય છે. એમાં તન્મય લક્ષવાળું, અનુરૂપ શુભ લેશ્યા અને અધ્યવસાયયુક્ત, સ્પષ્ટ શુદ્ધ સૂત્ર ઉચ્ચારણ, સચોટ ક્રિયાવિધિ-પાલન, ચોકસ શાસ્ત્રોક્ત કાળ-મુદ્રા-મર્યાદાની જાળવણી, તથા સંશય, ભ્રમ, વિસ્મરણ, અનુપયોગાદિ વિનાનો માનસિક અખંડ ઉપયોગ બરાબર ઝળહળતા રહે છે. આની પૂર્વે સત્ત્વ અપૂર્વ કેળવેલું હોવાને લીધે સાધનામાં પ્રમાદથી અતિચાર અને અપવાદમાર્ગનું સેવન નથી હોતું. એટલું ઊંચું અપ્રમત્તપણું હોય છે!

પ્ર૦— આવી અપ્રમત્તસ્થિતિ કયારે આવે?

ઉ૦— એ માટે તીવ્ર સંવેગ (ધર્મરંગ), વધતો ઉલ્લાસ, અપૂર્વ ધગશ, ખંત, મનોબળ અને ઠોઠોર સાધનાનો દીર્ઘ અભ્યાસ કેળવવો પડે. પ્રમાદ મોહનીય કર્માદિના ઉદયથી સેવાય છે, અને કર્મોનું બળ એવું છે કે એની સામો ધીખતો પુરુષાર્થ ચાલુ ન હોય તો એ ભલભલા દીર્ઘકાળના સાધુને પણ પ્રમાદમાં પાડી નાખે! ભણી ગયા ઘણું, મહાન આગમો ય ભણી ગયા, પણ સાથે એનું સૂત્ર-અર્થથી સચોટ પરાવર્તન ચાલુ ન હોય, તો ભૂલાઈ જવાય! એમાં અને ક્રિયા તથા તત્ત્વચિંતનમાં સળગતી જાગ્રતિ ન રાખી, તો દર્શનાવરણ કર્મ યાને નિદ્રા ચઢી બેસે! પ્રારંભમાં ક્રિયા બરાબર ઉભવા-બેસવાનું જાળવીને કરતા'તા, મુનિઓની ભક્તિવૈયાવચ્ચ સારી કરતા'તા, પરંતુ પછી એમાં પોલ ચલાવી, તો વીર્યાન્તરાય ઉદયમાં આવવા તૈયાર જ છે! જો જ્વલંત સમ્યગ્દર્શનની તત્ત્વપરિણતિ, વૈરાગ્ય-ક્ષમાદિની ભાવનાઓ, ને ઉચ્ચ શુભ લેશ્યાદિ જાગતા ન રાખ્યા, ખેદ-ઉદ્વેગ વગેરે ક્રિયાના દોષ તથા અનાયતન યાને અસત્ નિમિત્તો, પતનના સ્થાનો વગેરેથી દૂર ને દૂર જો ન રહ્યા, તો મોહનીય કર્મ ઝટ ઉદયમાં આવી જાય છે! અલબત કેટલાક નિકાચિત કર્મ એવાં હોય છે કે સારાં નિમિત્તો સેવવા છતાં એના ઉદય ચાલુ રહે છે, જેમકે સૂત્ર ગોખવાની બહુ મહેનત કરવા છતાં યાદ નથી થતું એવું ય બને છે. નંદિષેણ મુનિ મહાતપસ્યા, રસત્યાગ, ઉગ્રચારિત્ર-સાધનાદિ કરતા હતા છતાં મોહના વિકાર એમને પીડતા હતા! આમ છતાં ઘણું દુષ્કર્મ એવા હોય છે કે જે સારાં નિમિત્તોના સેવનમાં દબાઈ એનો ક્ષયોપશમ પ્રવર્તે છે, અને બરાબ નિમિત્ત આપો કે એ ઝટ ઉદયમાં આવે છે! મન બરાબર સાબૂત રાખી ઉત્સુકતા, ક્ષુદ્રતા વગેરે ટાળો તો સ્વસ્થતા, ગાંભીર્ય, ઔદાર્ય વગેરે ટકે, કર્મનો ક્ષયોપશમ બન્યો રહે. પરંતુ મન પર નિમંત્રણ ચૂક્યા તો ઝટ કર્મ ઉદયમાં આવી ભય, વિહ્વલતા, ચાંચલ્ય, હાસ્ય, હર્ષ, ઉદ્વેગ વગેરે પ્રમાદમાં પાડી દે છે. માટે મન-વચન-કાયાની સર્વ શક્તિઓનો ઉપયોગ કરી પુરુષાર્થ, ખંત, ધગશ, વગેરે જાગતા રાખવાના, શક્તિ જો ગોપવી તો એ મંદ પડવા માંડશે. મન તો કદાચ એમ કહેશે, શક્તિ ખર્ચ્યા વિના સંઘરી રાખીએ તો આગળ કામ લાગે, આઘા જઈને પાછા ન પડાય; પરંતુ મન ચોર છે. એ શક્તિનું માપ ખોટું કાઢે છે, ને અંદરખાને એ પ્રમાદ, શિથિલતા, સુંવાળાશ વગેરેનું લંપટ હોય છે. એવા એના

આધારે ચાલ્યા કરવામાં પ્રમાદો પોષાયા કર્યા છે; આત્મા ગુણસ્થાનકની ઊંચી ઊંચી કક્ષા પામી શકતો નથી. વળી સંતોષ વાળી દે કે આપણે તો આટલી સાધના ઘણી, તો ય આગળ ન વધી શકે. માટે ઉછળતી શ્રદ્ધા, સંવેગ અને નક્કર મનોબળ સાથે વધતી તમન્ના, વેગ અને ઉત્સાહથી શક્તિ મુજબ સારા પુરુષાર્થમાં લાગ્યા રહેવું જોઇએ; તેમજ તપ વગેરે કઠોર સાધનાના ખૂબ અભ્યાસ કરવા જોઇએ. કષાયજય, સર્વપ્રલોભનજય, નિર્ભયતા, શરીર પર પણ નિસ્પૃહા, સાધનામાં માનસિક ઉપયોગની અખંડધારા, વગેરે કેળવવા પડે. ત્યારે અપ્રમત્તદશા આવે.

◆ (૨) શાસ્ત્રયોગ માટે બીજું જરૂરી અંગ સ્વસંપ્રત્યયરૂપ બનેલી શ્રદ્ધા છે. સંપ્રત્યય એટલે સમ્યક્ પ્રતીતિ, સચોટ આંતર સંવેદન, આંતર અનુભવ કરેલી શ્રદ્ધા. સામાન્ય શ્રદ્ધામાં જ્ઞાનીએ ફરમાવેલી કલ્યાણ સાધના પર સચોટ વિશ્વાસ હોય, પરંતુ એની ઉત્કૃષ્ટતાનો આંતર અનુભવ નહિ. ઇચ્છાયોગની સાધનાસહિત શ્રદ્ધામાં પણ તેવો અનુભવ નહિ, અર્થાત્ સાધના ખાનપાનાદિ પ્રવૃત્તિની જેમ સહજરૂપ ન બની હોય. એ તો જ્યારે શાસ્ત્રયોગની કક્ષામાં આવે ત્યારે અત્યાર સુધી શ્રદ્ધેય બનેલી તે તે ધર્મ-વ્યાપારની ઉપાદેયતા (કર્તવ્યતા), એની જ જીવનરૂપતા, એમાં ઉચ્ચ કોટિના લાભ, એમાં આત્માની શોભા-સદ્અવસ્થા,...વગેરેના હવે આંતર અનુભવ થતા હોય. એટલે અત્યાર સુધી તો ઘણી ક્રિયા જે થતી હતી તે ધર્મ—પ્રવૃત્તિ જ્ઞાનીઓએ આદરવાની કહી છે, માટે આદરવાની 'એમ કરીને આદરાતી હતી, અથવા પાપથી બચવાના અને કર્મક્ષયના હેતુથી આદરાતી હતી; કદાચ અમૃતક્રિયા આવતી તો એટલી બધી ઊંચી અને સળંગ નહિ, પરંતુ હવે તો એ એકાંતે ઉચ્ચ અમૃતક્રિયારૂપે સહજભાવે આદરાય. માનવ-જીવન આ બધી ધર્મ—પ્રવૃત્તિનું જ લાગે. જેમ સંસારી જીવને ખાવું, પીવું, રળવું, એ બધું સ્વાભાવિક જીવન જેવું બની ગયું હોય છે, એમ શાસ્ત્રયોગીને અણીશુદ્ધ અને ધારાબદ્ધ ધર્મપ્રવૃત્તિમય જીવન એ સ્વાભાવિક જીવન જેવું બની ગયું હોય છે. એટલે ખાસ ઈરાદો ન કરવો પડે અથવા મન ન મનાવવું પડે કે 'ધર્મપ્રવૃત્તિ કરું, બીજું નહિ, કેમકે બીજામાં નુકશાન છે,...' વગેરે. તો ધર્મયોગ સાથે અંતરની વૃત્તિ એટલી બધી તાણોતાણે વણાઈ ગઈ, એવી વૃત્તિ એ સ્વસંવેદનરૂપ શ્રદ્ધા કહેવાય. આ સ્થિતિમાં વિકથા, સંકલ્પ-વિકલ્પ, વિસ્મરણ, વગેરે કચાંથી નડી શકે ? પણ એ માટે ઇચ્છાયોગની સાધનામાં એના પ્રત્યે એટલી હાડોહાડ શ્રદ્ધા અને પ્રીતિ ઉભી રાખવી પડે કે મન ધર્મયોગને સ્વભાવગત બનાવવા મથે; ધર્મ-યોગ પત્યા પછી પણ એના સુખદ સંસ્મરણ અને આધ્યાત્મિક સ્વાદ આવ્યા કરે; જરા નવરા પડચા કે મનમાં તત્ત્વચિંતન, ધર્મયોગના રહસ્ય, ઉત્તમ ભાવનાઓ, પંચ પરમેષ્ઠિ સ્મરણ, એવું એવું સ્ફુર્યા જ કરે; અને ધર્મયોગો ચાલતા હોય ત્યારે ય પ્રમાદ ન નડે, ચળવિચળતા ન થાય, એ માટે ધર્મ-યોગો પર એટલું બધું પ્રીતિ-ભક્તિબળ વધારવું પડે કે મન જ એના વલણવાળું બની જાય, 'આ જ ખરું કર્તવ્ય છે, આ જ ધ્યાન છે, આ જ દ્રવ્ય, ભાવ, બંને પ્રકારના રોગોનું ઔષધ છે,' એમ મન ઉલ્લાસમાં ઉછળતું હોય. નાના બાળને જેમ થાય 'મા તે મા, !' વળી ઘણાયે પગાર વગેરે આપનાર શેઠ માટે નોકરને જેવી રીતે થયા કરે કે—'શેઠ તે શેઠ, !' એમ ધર્મ માટે થયા કરે કે—'આ તે આ ! આનો અનંત લાભ !' જીવને ધર્મયોગમાં આવે ત્યારે હૂંફ, આશ્વાસન અને સ્વસ્થતા થાય; નિજ ઘરમાં આવ્યો લાગે; બાકી બીજે તો અવિશ્વાસ, અકળામણ, અસ્વસ્થતા લાગ્યા કરે. એમ ધર્મયોગમાં સર્વ શક્તિ, સર્વ મનોબળ ને ઉચ્ચ શ્રદ્ધા વિકસાવતાં વિકસાવતાં શાસ્ત્રયોગની સ્વસંપ્રત્યયરૂપ શ્રદ્ધાએ પહોંચી શકાય.

◆(૩) શાસ્ત્રયોગ માટે આવા શ્રદ્ધાબળ ઉપરાંત **તીવ્ર બોધ** અર્થાત (i) ધર્મયોગના વિધિ-વિધાનો અંગે સર્વજ્ઞ પ્રભુનાં શાસ્ત્રે કઇ કઇ સૂક્ષ્મતા અને ચોકસરૂપતા બતાવી છે, ઉત્સર્ગ-અપવાદના કેવા કેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિહિત કર્યા છે, વગેરેનો બોધ જોઇએ. એ બબર ન હોય તો તે તે શુદ્ધ ધર્મ—પ્રવૃત્તિ શી રીતે આદરી શકે ? વળી (ii) તીવ્ર બોધ એટલે કે શાસ્ત્રીય તત્ત્વોનો વિશાળ અને ગંભીર

બોધ ન હોય તો ચિત્તને તનમય અને સ્વાનુભવરૂપ શ્રદ્ધાવાળું કેવી રીતે બનાવી શકશે ? માટે આગમનો તેવો બોધ જોઈએ. (iii) બોધ તીવ્ર એટલે એટલો બધો ઘુંટેલો અને ચોકસ, કે સ્વાધ્યાય-મનનમાં બ્યાલ રહે કે એ આટલું થયું માટે આટલો સમય વીત્યો હોય. અહીં વચમાં આડાઅવળા કે બીજા વિચાર આવતા હોય તો કાંઈ સમયની ચોકસતા ન માપી શકાય. વળી (iv) બોધ એટલો બધો તીવ્ર અર્થાત્ તૈયાર કે કયા પ્રસંગો માટે શાસ્ત્રે શું વિધાન કર્યા છે એ માટે પાછાં શાસ્ત્ર ઉઘાડવા ન જવું પડે. માટે જ (v) તીવ્ર બોધ એટલો બધો કે એમાં જાણેલા તત્ત્વોની જ રટણા ચાલ્યા કરે.

◆(૪) આવી રીતે સુસજ્જ હોય તેવા શાસ્ત્રયોગીની જે ધર્મ—પ્રવૃત્તિ તે અખંડ આજ્ઞાનુસારી ચાલતી હોય, સંપૂર્ણપણે આજ્ઞાબદ્ધ હોય; કયાં ય સહેજ પણ દોષ, સ્ખલના, કે અતિચાર લગાડવાની વાત નહિ. નિરતિચાર સાધના જ શાસ્ત્રયોગમાં પ્રવર્તતી હોય. સાપેક્ષ યતિધર્મ અર્થાત્ ગુરુ અને ગચ્છની નિશ્રાએ રહીને કઠોર સાધનાની તન્મયતા દ્વારા બાહ્ય શરીર અને આભ્યન્તર કષાયોની સારી સંલેખના કરી હોય અર્થાત્ એને કસી તથા ઘસી નાખ્યા હોય, પછી ગુરુની આજ્ઞા પામીને નિરપેક્ષ યતિધર્મમાં જવાય. અર્થાત્ એકાકીપણે નિરપવાદ ચારિત્ર પામતાં વિચરે ત્યારે શુદ્ધ, નિર્દોષ, નિરતિચાર સાધના હોય છે. લગભગ ઉત્સર્ગમાર્ગે શાસ્ત્રે જેવું કહ્યું તેવો અમલ. ઇચ્છાયોગમાંથી આ સ્થિતિએ જવા માટે દિન પ્રતિદિન સાધનામાં દોષોને ટાળતાં ટાળતાં આગળ વધવું પડે; માનસિક દોષો અને દોષ સેવવાના ચિંતન પણ દૂર જ નસાડી મૂકવા જોઈએ; દોષ લાગી જાય ત્યાં ભારે આત્મજુગુપ્સા કે 'અહો હું કેવો ધિક્કાર પાત્ર કે મેં આ દોષ સેવ્યો !' ભારે ખેદ અને સંતાપ કે, 'મારી પવિત્ર ધર્મ—સાધના આ દોષથી કેવી કલુષિતા-કલંકિત બની !' વગેરે થવા સાથે ગુરુ આગળ એનું બાળભાવે સખેદ પ્રકાશન કરવા સાથે પ્રાયશ્ચિત લઈ તેને વહન કરીને શુદ્ધિકરણ કરવું પડે; તેમજ દોષોથી બચવા શુદ્ધ ધર્મવીર્ય વિકસાવવું જોઈએ. એમ કરતાં કરતાં નિરતિચાર સાધનાએ પહોંચાય. વળી યોગ્ય કાળનો ભંગ, તેમજ વારે વારે અપવાદમાર્ગની ઇચ્છા અને સેવનને ઓછા ઓછા કરતાં જવું જોઈએ, ત્યારે પરાકાષ્ઠાએ નિરપવાદ સાધનાએ પહોંચાય; અને એવા નિરતિચાર અને નિરપવાદ શાસ્ત્રયોગની સાધના થાય.

૩. સામર્થ્યયોગ.

(ल०) शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः । शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ॥ ३ ॥

અર્થ:—(સામાન્યથી) શાસ્ત્રે કહેલા ઉપાયવાળો, (પણ) શક્તિની પ્રબળતાએ (વિશેષરૂપે) શાસ્ત્રકથનની મર્યાદા ઉપરનો વિશિષ્ટ ધર્મવ્યાપાર એ ઉત્તમ સામર્થ્યયોગ છે.

વિવેચન:—યોગોમાં ઉત્તમયોગ સામર્થ્યયોગ છે. એમાં,

(૧) સાધનાના ઉપાયો શાસ્ત્રમાં કહ્યા હોય પણ સામાન્યથી,

(૨) ઉપાયો વિશેષરૂપે શાસ્ત્રકથનની મર્યાદા બહારના હોય,

(૩) સાધના શક્તિની પ્રબળતાથી થતી હોય, અને

(૪) શાસ્ત્રથી વિશેષરૂપે ન કહી શકાયેલા ઉપાયોને પણ સામાન્યથી નહિ કિંતુ વિશેષરૂપે સેવાતા હોય.

◆ (૧-૨) શ્રેષ્ઠયોગ સામર્થ્યયોગ છે, કેમકે તે વિલંબ વિના પરમ ફળને પેદા કરે છે. પરમ ફળ છે વીતરાગ સર્વજ્ઞતા અને મોક્ષ. એ બંનેને બે જાતના સામર્થ્યયોગ, જે આગળ કહેવાશે તે, ઢીલ કર્યા વિના ઉત્પન્ન કરે છે. આવો યોગ કેમ સાધવો એના ઉપાય શાસ્ત્રમાં કહેલા મળે ખરા, પણ સામાન્યરૂપે કહેલા મળે; વિશેષ ઝીણવટ-સ્પષ્ટીકરણથી નહિ; કેમકે એ શબ્દમાં ઉતારી શકાવા મુશ્કેલ છે. એ તો અનુભવગમ્ય છે, જે અનુભવ કરે તે સમજી શકે. 'જિન હી પાયા, તિન હી

છિપાયા, ન કહે કોઉ કે કાનમેં" જેને અનુભવની તાલી લાગી, એણે એને છિપાવી, અર્થાત્ અંતરમાં જ અનુભવી, બહાર શબ્દથી કોઇને કહી નહિ, કેમકે શબ્દમાં ઉતારવી મુશ્કેલ છે. દા. ત. અપ્રમત્ત-ભાવના અધ્યવસાય કરતાં અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાયમાં ચઢે ત્યારે અપૂર્વકરણ લાધે, અને એ યોગમાં પછી તો પ્રતિક્ષણ અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાય ઉત્તરોત્તર જાગતા જાય છે,—એટલું શાસ્ત્રે કહ્યું, પરંતુ એ અધ્યવસાયો માટે આત્મામાં શી મથામણ કરવાની, કેવા કેવા સંવેદન અનુભવવાના, વગેરે ઉપાયોના વિશેષરૂપે સ્પષ્ટ અને વિસ્તૃત વર્ણન શાસ્ત્રે ન કર્યા. એવા ઉપાયો એ તો સામર્થ્યયોગનો વિષય છે. એમાં પ્રવૃત્તિ થાય એ સામર્થ્યયોગ. એ માટે શાસ્ત્રે અપૂર્વ શ્રદ્ધા-સંવેગનું બળ, સમ્યગ્દર્શનની અધિકાધિક નિર્મળતા, અપૂર્વ સંયમ-શુદ્ધિ, પરપરિણતિના ત્યાગપૂર્વક આત્મરમણતાનો મહાવિકાસ, તન્મય સતત તત્ત્વચિંતન, બાહ્ય આભ્યન્તર તપ, વગેરે ઉપાયો કહ્યા, ધર્મધ્યાનની ઉત્તરોત્તર પ્રબળતા, આવા આવા પ્રકારનું શુકલધ્યાન વગેરે ઉપાય બતાવ્યા, પણ એ બધું સામાન્ય નિર્દેષરૂપ છે. એમાં ઝીણવટભરી આંતર પ્રક્રિયા શી શી ચાલે, ઇત્યાદિને વિશેષ સ્વરૂપ કહેવાય, એનો નિર્દેષ શાસ્ત્રમાં નહિ; એ તો ઊંચે ચઢેલો આત્મા પોતાની આંતરિક પ્રબળ શક્તિથી અનુભવમાં ઉતારે છે. માટે એ ધર્મવ્યાપારને સામર્થ્યયોગ કહેવામાં આવે છે.

પ્ર૦—તો પછી શાસ્ત્રની શી જરૂર ? આંતરિક શક્તિથી જ ઊંચે જવાશે ?

ઉ૦—ના, શાસ્ત્ર તો બહુ જરૂરી છે. કેમકે ઉપાયો મૂળમાં સામાન્યથી ય જાણ્યા ન હોય તો વિશેષ જાણવાનું શાના પર ? શાસ્ત્રે આના માટે અમુક અંશ સુધી જે ઉપાય-વર્ણન કર્યા છે, તેને શાસ્ત્રમાંથી બરાબર જાણ્યા હોય, તો એને અમલમાં મૂકી શકાય; અને એ અમલનો હાર્દિક ખૂબ અભ્યાસ વધે, તો ઉચ્ચ વિશેષતા તરફ જઈ શકાય છે, અને પ્રબળ શક્તિ પ્રગટાવી શકાય છે. એ શક્તિ કાંઇ એમજ પ્રગટી નથી જતી. આત્માને પૂર્વે કસવો પડે છે.

▲ (૩) સામર્થ્યયોગ માટે સાધનામાં આત્માની પ્રબળ શક્તિ કામે લાગી જવી જોઈએ. એ શક્તિ માટે મુખ્યપણે આત્મપરિણતિ યાને અધ્યવસાયની વિશુદ્ધિ ખીલવવા-વિકાસવાનો પુરુષાર્થ કેળવવો જોઈએ.

અધ્યવસાય બે પ્રકારના,-૧. સંકલેશરૂપ અને ૨. વિશુદ્ધિરૂપ. સંક્લેશાત્મક અધ્યવસાય મલિન હોય છે, રાગ-દ્વેષાદિ કષાયોના જોરવાળા હોય છે; ત્યારે વિશુદ્ધિરૂપ અધ્યવસાય નિર્મળ હોય છે; કષાયોની મંદતાવાળા હોય છે. માટે જ, ઊંચા નિર્મળ અધ્યવસાયે ચઢેલો જીવ જો ત્યાંથી પડવા માંડે, નિર્મળતા ગુમાવતો જાય ને મલિનતા પામતો જાય તો તે સક્લેશવાળો કહેવાય. એથી ઉલટું, કોઇ અત્યંત મલિન અધ્યવસાયવાળો જીવ મલિનતા ઓછી ઓછી કરતો આવે ને નિર્મળતા પામતો જાય, તો એ વિશુદ્ધિવાળો કહેવાય છે; પછી ભલે પર્વત પર ચઢતા ને ઉતરનાની જેમ બંને એક અધ્યવસાયસ્થાનકે ભેગા થયા હોય; જેમકે એક ૧૧ મે ગુણસ્થાનકેથી પડતો અને બીજો ૭ મે ગુણસ્થા-નકથી ચઢતો, એ બંને નવમે ગુણસ્થાનકે ભેગા થયા, અર્થાત્ સમાન અધ્યવસાયસ્થાને પહોંચ્યા, પણ પડતો એ સંક્લેશમાં છે, ત્યારે ચઢતો એ વિશુદ્ધિમાં છે. સામર્થ્યયોગ તરફ જવું હોય તો સંક્લેશ મૂકીને આ વિશુદ્ધિનો મહાન પુરુષાર્થ કરવાનો છે. મંદમિથ્યાત્વના છેલ્લામાં છેલ્લા અધ્ય-વસાય કરતાં અનંતગુણ વિશુદ્ધિ કેળવવામાં આવે ત્યારે સમ્યક્ત્વનું પહેલું અધ્યવસાય પ્રાપ્ત થાય છે. પછી એમાં અનંતગુણી વિશુદ્ધિએ ચઢતાં ચઢતાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિના ઊંચામાં ઊંચા અધ્યવ-સાયે પહોંચાય, તેની વિશુદ્ધિ કરતાં અનંતગુણી વિશુદ્ધિ સધાય ત્યારે દેશવિરતિનું પહેલું અધ્યવસાય-સ્થાન પ્રાપ્ત થાય છે; એમાં પણ વિશુદ્ધિ કરતાં કરતાં દેશવિરતિ શ્રાવકનો જે ઊંચામાં ઊંચુ અધ્ય-વસાય મળે તેની વિશુદ્ધિ કરતાં અનંતગુણ નિર્મળતા કેળવવામાં આવે ત્યારે સર્વવિરતિ-સાધુપણાનું

પહેલું અધ્યવસાયસ્થાનક પ્રાપ્ત થાય. એ પછી તો એમાં ય ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગના અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિવાળા અસંખ્ય અધ્યવસાયસ્થાનક પસાર કરવામાં આવે ત્યારે સામર્થ્યયોગનું પહેલું અધ્યવસાયસ્થાનક પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ આવ્યું કે મનથી ઉત્તરોત્તર વિશુદ્ધિ કરવાનો પ્રચંડ પુરુષાર્થ આદરવો જોઇએ, અને એ પ્રયત્નની ધારા વહેતી રહેવી જોઈએ. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, હર્ષ-ઉદ્વેગ વગેરેના ભારે નિગ્રહ કરી એમાં મંદતા મંદતા કરતા આવવું જોઇએ. અલબત એ માટે દાનાદિ ધર્મસાધનાઓ, વિનયાદિ ગુણો, અહિંસાદિ વ્રતો, ઇન્દ્રિયસંયમ, તપ, સ્વાધ્યાય, ધ્યાન, વગેરે પણ અત્યંત જરૂરી છે, એથી એમાં પણ પ્રગતિશીલ રહેવું જોઇએ.

◆ (૪) સામર્થ્યયોગમાં ચોથી વાત એ કહી કે શાસ્ત્રે વિશેષ રૂપે નહિ કહેલા ઉપાયોને પણ સામર્થ્યયોગી સામાન્યરૂપે નહિ કિન્તુ વિશેષરૂપે સાધે છે; અર્થાત્ આંતરશક્તિનો અગ્નિ એટલો બધો ભભુકયો હોય છે કે એ શાસ્ત્રવચનની ઉપરના ઉપાયોમાં પ્રચંડ પરાક્રમ આદરે છે. ત્યારે આવા પ્રચંડ પરાક્રમભર્યો યોગદાવાનળ ભભુકયા વિના અસંખ્ય જન્મોના સંગૃહીત જ્ઞાનાવરણાદિના અનંતા કર્મદલિકોને ક્ષણવારમાં ભસ્મીભૂત કરી નાખવાનું કયાંથી બને ?

(ल०) सिद्धयाख्यपदसंप्राप्तिहेतुभेदा न तत्त्वतः । शास्त्रादेवावगम्यन्ते सर्वथैवेह योगिभिः ॥४॥
सर्वथा तत्परिच्छेदात्साक्षात्कारित्वयोगतः । तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदा सिद्धिपदाप्तितः ॥५॥
न चैतदेवं यत्त स्मात्प्रातिभज्ञानसंगतः । सामर्थ्ययोगोऽवाच्योस्ति सर्वज्ञत्वादिसाधनम् ॥६॥

અર્થ:— સિદ્ધિ નામના પદની પ્રાપ્તિના કારણોના પ્રકારો સૂક્ષ્મતાએ શાસ્ત્ર માત્રથી જણાતા નથી. કેમકે જો સર્વ પ્રકારો (એમ) જણાય, તો તો ત્યાં (કેવળજ્ઞાનની જેમ) સાક્ષાત્કાર સિદ્ધ થવાથી એમને સર્વજ્ઞપણું પ્રાપ્ત થવા દ્વારા ત્યાં જ સિદ્ધ-પદ પ્રાપ્ત થઈ જાય ! પરંતુ એવું નથી બનતું. એટલા માટે (કહો કે) પ્રાતિભજ્ઞાનથી યુક્ત અને સર્વજ્ઞતાદિનો સાધનભૂત સામર્થ્યયોગ શબ્દાતીત છે.

વિવેચન:— સામાર્થ્યયોગના સમર્થન માટે કહે છે કે મોક્ષ નામના પદની પ્રાપ્તિનાં જે કારણ છે તે અનંત પ્રકારે છે; કેમ કે આમ જો કે અધ્યવસાય અસંખ્યાત, છતાં ભૂત-ભવિષ્યના અનંત સાધકોની અપેક્ષાએ મોક્ષહેતુભૂત અધ્યવસામ—વિશુદ્ધિમાં તરતમતા પડવાથી અનંતા પ્રકાર થાય. સાધક સાધુઓ વડે આ બધા વ્યક્તિગત સ્વરૂપે માત્ર શાસ્ત્રમાંથી જાણી શકાતા નથી. પૂછો કે તો પછી શાસ્ત્ર નિરૂપયોગી નહિ બને ? ના, શાસ્ત્રમાંથી સમષ્ટિગત સામાન્યરૂપે તો જણાય છે, પરંતુ સમસ્ત વ્યક્તિગત વિશેષરૂપે જાણી શકાતા નથી. એનું શબ્દથી વર્ણન કરવાનું શકય નથી; માટે શાસ્ત્રની પહોંચની બહાર છે. શબ્દથી કહી શકાય એવા અભિલાપ્ય ભાવો કરતાં ન કહી શકાય એવા અનભિલાપ્ય ભાવો જગતમાં અનંતગુણા હોય છે.◆ જો તે ઉપાયો સમસ્ત પ્રકારોએ શાસ્ત્રથી જણાતા હોય તો તો વાંધો એ આવે કે શાસ્ત્ર સાંભળી લેતાં જ કેવળજ્ઞાન અને મોક્ષ થઈ જવા જોઇએ. તે આ રીતે, મોક્ષ સુધીની પ્રાપ્તિના હેતુભૂત પ્રકારો પૈકીના જે વિલંબ વિના તરત કાર્ય કરી દેનારા પ્રકારો, તેનું જ્ઞાન શાસ્ત્રશ્રવણથી થતાંવેંત કેવળજ્ઞાનની જેમ ત્રણે ય કાળના સર્વ પદાર્થોના સમસ્ત ભાવોનો સાક્ષાત્કાર થઈ જાય, લોકાલોકનો પ્રકાશ પ્રગટી જાય; તો એવા સાક્ષાત્કારવાળાને સર્વજ્ઞતા જ સિદ્ધ થઇ ગઇ ! આમ થવાનો પ્રસંગ શાસ્ત્રશ્રોતા સાધુને, પણ બીજાને નહિ, કેમ કે એને તો શાસ્ત્રશ્રવણના અભાવે પ્રસ્તુત હેતુભૂત પ્રકારોનો સર્વાંશે બોધ થવાને અવકાશ જ નથી. ત્યારે શાસ્ત્રશ્રોતાને માત્ર સર્વજ્ઞતા મળીને કાર્ય

ઉભું ન રહે, પણ તરત જ મોક્ષપદ પણ પ્રાપ્ત થઈ જવાનો પ્રસંગ આવે. કેમ કે મોક્ષ માટે જરૂરી યોગનિરોધ કરવા દ્વારા જે અયોગી કેવળીપણું તેના સ્વરૂપની પણ અર્થાત્ યોગનિરોધ માટે કેવા કેવા યોગિક આત્મ—પરિણામ કામ કરે છે, કેવું 'વ્યુચ્છિન્નક્રિયા-નિવૃત્તિ' શુકલધ્યાન કામ કરે છે, વગેરે ઠેઠ મોક્ષ થવાના પૂર્વ સમય સુધીનો કેવો આત્મ—પરિણામ સર્વકર્મ ક્ષય કરે છે, એ બધું શાસ્ત્રથી જ જણાઇ જવાનું તમે કહો છો. પોતાની મર્યાદા બહારમાં પણ શાસ્ત્રનું સામર્થ્ય કેમ હોય ?

પ્ર૦— તો એમ તો ખરેખર જે કેવળજ્ઞાની સર્વજ્ઞ બન્યા, એમને તો અયોગી-કેવલિપણું વગેરેનું સ્વરૂપ હવે જ્ઞાત છે; તો એમને પણ કેવળજ્ઞાન થતાંવેંત તરત જ મોક્ષ થવાનો પ્રસંગ નહિ આવે ?

ઉ૦—માટે તો અમે કહીએ છીએ કે સામર્થ્યયોગની વિશિષ્ટ વસ્તુ શાસ્ત્રનો વિષય નથી પરંતુ સ્વાનુભવનો વિષય છે; તો સર્વજ્ઞ પણ જ્યારે શુકલધ્યાનના છેલ્લા બે પ્રકાર, સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને વ્યુચ્છિન્ન ક્રિયાનિવૃત્તિનો પુરુષાર્થ કરે ત્યારે એમને અયોગી કેવલીપણાનો સ્વાનુભવ થાય છે. ત્યાં દ્વિતીય પ્રકારનો સામર્થ્યયોગ છે, અને ત્યારે જ મોક્ષ થાય છે.◆ શાસ્ત્રથી સામાન્યરૂપે અયોગી-કેવલીપણાનું જ્ઞાન થવા છતાં તરત મોક્ષ થઇ શકતો નથી, એ હકીકત છે; માટે કહેવું જોઇએ કે એક બાજુ શાસ્ત્રોક્ત સર્વ ઉપાયોની સાધના અને બીજી બાજુ સર્વજ્ઞત્વાદિ થવાની વચમાં કોઇ સાધના છે કે જે સર્વજ્ઞત્વાદિને વિના વિલંબે સિદ્ધ કરી આપે છે. એ જ સામર્થ્યયોગ નામની સાધના છે, ને એ મુખ્યતયા આંતરિક સામર્થ્ય ઉપર અવલંબનારી છે, માટે અનિર્વચનીય છે, શબ્દથી સંપૂર્ણતઃ પ્રતિપાદન ન થઈ શકે એવી, અને યોગીને સ્વાનુભવથી જણાય એવી છે. આ સામર્થ્યયોગ ક્ષપકશ્રેણિમાંના ધર્મ—વ્યાપાર રૂપ છે.

◆ **'ક્ષપકશ્રેણિ' એટલે** આત્મામાં સ્થાન જમાવી બેઠેલા મોહનીયના વિવિધ કર્મોનો ક્ષય થવાની ધારા. પિચકારીમાંથી જેમ પાણીની ધાર વહી જાય, એમ શુકલધ્યાનયુક્ત સામર્થ્યયોગના બળે આત્મામાંથી ધારાબદ્ધ કર્મ વહી જાય. તે એવા વહી જાય કે ફરી નવાં તેવાં કર્મ હવે કદી આત્મામાં બંધાશે નહિ. શ્રેણિનો બીજો અર્થ સોપાન પંક્તિ (નિસરણી). ક્ષપકશ્રેણિએ ચઢેલો આત્મા અધિકાધિક કર્મોનો ક્ષય કરતો જ જાય છે. આ શ્રેણિમાંનો ધર્મવ્યાપાર એ સામર્થ્યયોગ. એની એક વિશેષતા એ છે કે એ પ્રાતિભજ્ઞાનથી યુક્ત બને છે. પ્રાતિભજ્ઞાન એ મોક્ષમાર્ગ-સમ્યગ્દર્શન—જ્ઞાન ચારિત્રને અનુસરીને જ ચાલનાર ઉત્કૃષ્ટ ઊહા જ્ઞાન અર્થાત્ સૂક્ષ્મ મતિયુક્ત સમ્યક્ તર્કાત્મક ચિંતનસ્વરૂપ છે. આની વિશેષ ચર્ચા આગળ આવશે.

(ल०) द्विधायं धर्म्मसंन्यास-योगसंन्याससंज्ञितः । क्षायोपशमिका धर्म्मा, योगाः कायादिकर्मतु ॥७॥
द्वितीयापूर्वकरणे प्रथमस्ताच्चिको भवेत् । आयोज्यकरणादूर्ध्वं द्वितीय इतितद्विदः ॥ ८ ॥
अतस्त्वयोगो योगानां योगः पर उदाहृतः । मोक्षयोजनभावेन सर्वसंन्यासलक्षणः ॥ ९ ॥
इत्यादि (योगदृष्टिसमुच्चयः ३-११)

અર્થ:—આ સામર્થ્યયોગ, ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ નામના બે પ્રકારે છે. (અહીં) ધર્મો ક્ષાયોપશમિક, અને યોગો કાયાદિ ક્રિયા (રૂપ સમજવાના) છે. પહેલો (ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ) દ્વિતીય અપૂર્વ-કરણ વખતે થાય છે, અને બીજો (યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ) આયોજ્યકરણની પછી થાય છે, એમ તેના જાણકારો કહે છે. માટે જ સર્વ-સંન્યાસ સ્વરૂપ અયોગને (સર્વ) યોગોને વિષે શ્રેષ્ઠ યોગ કહ્યો છે, કેમકે એથી (તરત જ) મોક્ષ સાથે યોજવાનું થાય છે.

વિવેચન:— સામર્થ્યયોગ બે પ્રકારે; (૧) **ધર્મસંન્યાસ** સામર્થ્યયોગ, અને (૨) **યોગસંન્યાસ** સામર્થ્યયોગ. **સંન્યાસ** એટલે ત્યાગ કહો. નિવૃત્તિ કહો, કે વિરામ પામવું કહો, એક જ વસ્તુ છે. 'ધર્મ સંન્યાસ'માં ધર્મ તરીકે ક્રોધમોહનીયાદિ કર્મના ક્ષયોપશમથી નીપજનારા ક્ષમાદિ ધર્મ લેવાના છે; અને 'યોગસંન્યાસ'માં યોગ તરીકે કાર્યોત્સર્ગ કરવા, વિહાર કરવા, ઉપદેશ કરવા, વગેરે કાયાદિની પ્રવૃત્તિ લેવાની છે. આનો સદંતર ત્યાગ એ ધર્મ—યોગ—સંન્યાસ.

પ્ર૦—તો શું ક્ષમાદિ ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ કરીને ક્રોધી વગેરે થવાનું ?

ઉ૦—ના, વાત એ છે કે ક્ષમા, નિસ્પૃહતા વગેરે આત્માના સહજ ગુણ છે પરંતુ તે મોહનીય કર્મોથી આવરાઇ ગયા છે. એનો ક્ષયોપશમ અર્થાત્ અંશે નાશ કરવાથી ક્ષયોપશમિક ક્ષમા,નિસ્પૃહતાદિ ગુણ પ્રગટે છે ખરા, પરંતુ હજી સિલિકમાં બીજા તેવા કર્મ પડ્યા છે, એટલે ભય છે કે કયારેક એ કોથળામાંથી બિલાડું બહાર પડવાની જેમ બળવાન થઇ ઉદયમાં આવે અને ક્ષમાદિ ગુણોને પાછા ઢાંકી દે. માટે તો સુજ્ઞ પુરુષો ક્રોધ—લોભાદિના નિમિત્તથી જ દૂર રહે છે; અને અચાનક એ જાગતાં ક્ષમાદિની ભાવનાથી એને દબાવે છે; પણ આ ભય ટાળવા માટે કર્મોનો સર્વથા ક્ષય કરી દેવો જોઇએ. તો ક્ષાયોપશમિક ક્ષમા વગેરેને બદલે ક્ષાયિક (કર્મક્ષયથી ઉત્પન્ન) ક્ષમાદિ ધર્મ પ્રગટ થાય, જે હવે શાશ્વત કાળ પ્રગટ રહેવાના. આ ક્ષમાદિ ધર્મને ક્ષયોપશમથી પેદા થનારા ક્ષમાદિ ન કહેવાય, અર્થાત્ ક્ષાયોપશમિક ન કહેવાય. એ તો હવે છૂટી ગયા, એનો ત્યાગ થઈ ગયો. એનું જ નામ **ધર્મસંન્યાસ.** આ કાર્ય જે ધર્મવ્યાપારથી થઇ શકે છે, એનું જ નામ **ધર્મસંન્યાસ-સામર્થ્યયોગ** છે.◆ આત્મા જયારે સાધનામાં આગળ વધે છે ત્યારે, **શ્રી પંચસૂત્ર** નામના શાસ્ત્રમાં કહ્યું છે કે, તે **અસ્થિરમાંથી સ્થિર દ્વીપ યા સ્થિર દીપ** તરફ જવા જેવો ઉદ્યમ કરે છે. સમુદ્રમાં કેટલાક બેટ એવા હોય છે કે જે અસ્થિર હોય છે અર્થાત્ અમુક કાળે સમુદ્રના પાણીથી ઢંકાઇ જનારા હોય છે. તેથી સંયોગવશાત્ અસ્થિર દ્વીપનો આશરો મળ્યો હોય તો પણ સુજ્ઞ પુરુષે એનો ત્યાગ કરી સ્થિર દ્વીપનો આશ્રય કરવો રહે છે. એવી રીતે તૈલી દીવો એ અસ્થિર દીવો; એનો પણ ભરોસો નહિ; તેથી એના બદલે સ્થિર રત્નદીપક જેવાનું આલંબન લીધું હોય તો પછી તેલ વગેરે કોઇ બાહ્ય સામગ્રીની પરાધીનતા નહિ અને તે કયારે ય ખુઝાય નહિ. બસ આ જ પ્રમાણે ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મ અસ્થિર હોવાથી ઉદ્યમ કરીને એને સ્થિર એવા ક્ષાયિક ક્ષમાદિ ધર્મમાં પલટાવી નાખવા રહે છે. ત્યાં ક્ષાયોપશમિક ધર્મોનો સંન્યાસ થઇ જાય. આનો ઉદ્યમ સામર્થ્યયોગથી જ થઇ શકે, તેથી તેનું નામ ધર્મસંન્યાસ સામર્થ્યયોગ છે.◆એ કરીને ક્ષાયિક ક્ષમાદિ ધર્મ યાને વીતરાગતા સિદ્ધ કરી, તો પણ આયુષ્ય વગેરે કર્મ ઉભા છે, અને ત્યાં વિહાર, ઉપદેશ વગેરે કાયિકાદિ યોગ યાને પ્રવૃત્તિ હોય છે, તેથી પણ આત્મા-માં નવું કર્મ બંધાય છે, તો તેનો ય ત્યાગ કરવો જોઇએ. તે ય બીજા પ્રકારના સામર્થ્યયોગથી થઇ શકે. માટે તે કાયિકાદિ યોગ ત્યજનારા આત્મ—પ્રવૃત્તિનું નામ યોગસંન્યાસ સામર્થ્યયોગ છે.

પ્ર૦— **બે સામર્થ્યયોગ કયાં થાય ?**

ઉ૦— ધર્મસંન્યાસ નામનો પહેલો સામર્થ્યયોગ દ્વિતીય અપૂર્વકરણ વખતે હોય છે.

અપૂર્વકરણ : યથાપ્રવૃત્તકરણ : ગ્રન્થિભેદઃ— પ્રથમ અપૂર્વકરણ એ ભૂતકાળમાં કદી નહિ પ્રગટેલો એવો એક નવો સબળ શુભ અધ્યવસાય છે, યાને આત્માની પરિણતિ છે. એ શુભ અધ્યવસાયમાં શુભ લાગણી, શુભ વિચારણા, શુભ વલણ અને શુભ ભાવ વગેરે ભળેલું હોય છે. આત્મામાં આમ તો કેટલીય વાર શુભ અધ્યવસાય સહેજે સહેજે જાગી જાય છે. છાપરા પરથી કોઇ માણસ ગફલતમાં નીચે પડ્યો તે જોતાં હૃદય દ્રવિત થઇ જાય છે ને? 'અરરર! બિચારો પડ્યો,' આવું સહેજે થઇ જાય છે. એમ પોતાની ભૂલના પશ્ચાત્તાપરૂપે પણ કોમળતા જાગે છે. શુભ ભાવ જગાડવા-વધાર-

વાના કોઈ ઉદ્દેશ કે ઈરાદા વિના સહેજે જાગી જતા શુભ ભાવને 'યથાપ્રવૃત્તકરણ' કહેવામાં આવે છે. એ ચિર કાળ ટકતા નથી. તેથી શુભ ભાવે, શુભ અધ્યવસાયે જે આગળ વધીને અત્યંત બળવાન બનવું જોઈએ, અને અનાદિની રાગદ્વેષની ગ્રન્થિ(ગાંઠ)ને ભેદી નાખવી જોઈએ, અર્થાત્ ગ્રન્થિભેદ કરવો જોઈએ, તે થતું નથી. અનાદિના રાગદ્વેષની ગાંઠ એવી છે કે એ આત્માને અહિતકારી અને એટલા જ માટે જ ત્યાજ્ય એવા પદાર્થો પર રુચિપૂર્વક રાગ કરાવે છે, અને હિતકારી, માટે જ આદરણીય એવી વસ્તુ ઉપર અરુચિ કરાવે છે; જગતમાં પ્રિય-અપ્રિય લાગતા પદાર્થ પર દ્વિલથી રાગ-દ્વેષ કરાવે છે, અર્થાત્ એ કરવામાં એને કશું ખોટું નથી લાગતું, ગેરવ્યાજબી નથી લાગતું. તો રાગ-દ્વેષ સમૂળગા જવા, એ તો વીતરાગ બનાય તો થાય. એ ભારે કપરું છે. પરંતુ પહેલાં એમાં રહેતી રુચિ અને નિશ્ચિન્તતા, તથા એમાં લાગતું વ્યાજબીપણું પહેલું ટાળવું જોઈએ. એ ટાળવા માટે ગ્રન્થિભેદની ક્રિયા છે. 'વૈરાગ્ય' શબ્દનો અર્થ પણ આ છે. વૈરાગ્ય એટલે ' લેશમાત્ર પણ રાગ-દ્વેષ આદિ ન થાય, '—એ નહિ, પરંતુ રુચિપૂર્વક રાગ દ્વેષાદિ ન થાય; અર્થાત્ એની પકડ ન હોય; એટલે એમાં ડર લાગે કે સંસાર-પરિભ્રમણના બીજભૂત આ રાગદ્વેષાદિ કરું છું તો મારું શું થશે !' સંસાર પરથી આસ્થા ઉઠી જાય; કષાયો અને ઇન્દ્રિયોના વિષયોને કટુ વિપાકવાળા દેખે અને એથી અંતરમાં કંપે. તે ગ્રન્થિભેદ કરવા માટે આત્માએ પ્રબળ વીર્યોલ્લાસ જગાડીને શુભ અધ્યવસાય વિકસતો કરવો જોઈએ, ઉત્તરોત્તર અધિકાધિક વિશુદ્ધ કરતાં ચાલવું જોઈએ. ત્યાં અપૂર્વકરણ થાય એટલે આ **પાંચ અપૂર્વ કાર્ય નીપજે:—**

૧. અપૂર્વસ્થિતિઘાત, ૨. અપૂર્વરસઘાત, ૩. અપૂર્વસ્થિતિબંધ, ૪. ગુણશ્રેણિ, અને ૫. ગુણસંક્રમ. ◆ બાંધેલા કર્મની સ્થિતિ એટલે ટકવાનું કાળમાન. તેટલા કાળના સમયો (કાળના ઝીણામાં ઝીણા અંશ) ના ક્રમે તે તે કર્મના દળિયાં નક્કી થઈ ગયા હોય છે, જે તે તે સમયે ઉદય પામવા યોગ્ય હોય છે. અહીં અપૂર્વકરણમાં આ સ્થિતિનો અપૂર્વઘાત થાય છે, અર્થાત્ એમાંની ઉપરની અંતિમ સ્થિતિભાગના કર્મસ્કન્ધોને પ્રતિસમય અસંખ્યગુણ વૃદ્ધિએ ઉપાડે છે, ને ઉપર નીચેની સ્થિતિવાળા કર્મસ્કન્ધોમાં ભેળવી દે છે. તેથી એ ભાગની સ્થિતિમાં કર્મ જ નહિ રહેવાથી તેટલી સ્થિતિનો ઘાત થયો કહેવાય. યથાપ્રવૃત્તકરણની શરૂઆત વખતે કર્મોની સ્થિતિ ઠેઠ એક કોડાકોડી (ક્રોડ ક્રોડ) સાગરોપમની અંદર આવેલી હતી. તેમાં એ કરણથી અંતઃ કોડા-કોડીમાં ય ઓછી કરી મૂકી હતી; તે હવે અહીં અપૂર્વકરણમાં છેવટે જઈને એમાંથી સંખ્યાતા ભાગ ઓછા થઈ જવાથી પ્રારંભ કરતાં સંખ્યાતમા ભાગ જેટલી કાળસ્થિતિ બાકી રહે છે. આ અપૂર્વ સ્થિતિઘાત છે. ▲ **અપૂર્વરસઘાત**માં અહીં કર્મોમાં રહેલા ઉગ્ર રસનો ઘાત કરી એને મંદ બનાવે છે. જેથી એ હવે ઉદયમાં આવતાં આત્મા પર તેટલો પ્રભાવ નહિ બતાવી શકે. ▲ **અપૂર્વ ગુણશ્રેણિમાં** 'ગુણ'= **અસંખ્યગુણ**, ને શ્રેણિ=રચના પૂર્વ જે સ્થિતિઘાત બતાવ્યો ત્યાં પ્રતિસમય ઉપરની સ્થિતિમાંથી જે કર્મ-દળિયાં ઉતારે, **તેને અસંખ્યાતગુણ અસંખ્યાતગુણના** ચઢતા પ્રમાણમાં ગોઠવે. દા. ત. પહેલે સમયે ૫ ગોઠવ્યા, તો બીજે સમયે ૫૦, ત્રીજે સમયે ૫૦૦, ચોથે સમયે ૫૦૦૦. એમાં જેમ ૧૦-૧૦ ગુણા ચઢતા ક્રમે વધારે ને વધારે છે, તેમ અહીં અસંખ્યગુણ-અસંખ્યગુણ ચઢતા ક્રમે વધુ ને વધુ કર્મદલિકને નીચેના સમયોમાં ગોઠવે છે. ▲ **અપૂર્વ ગુણ-સંક્રમમાં** અસંખ્યાતગુણ **અસંખ્યાતગુણ** ચઢતા ક્રમે અશુભ કર્મલિકોનું નવા બંધાતા શુભ કર્મમાં સંક્રમણ કરે, અને તેને શુભમાં પલટાવી નાખે. આમ તો સામાન્ય રીતે બંધાતા શુભ કર્મમાં પૂર્વબદ્ધ સજાતીય અશુભ કર્મના અને બંધાતાં અશુભ કર્મમાં પૂર્વબદ્ધ સજાતીય શુભ કર્મના અમુક અંશોનું સંક્રમણ (પરાવર્તન) ચાલુ હોય છે; પરંતુ સંક્રમ પામતો અંશ પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ બનતો જાય તેને ગુણસંક્રમ કહે છે. અહીં મુખ્ય વિચાર મિથ્યાત્વકર્મનો છે,

અને તેમાં કોઈનો સંક્રમ થવાનો પ્રસંગ નથી. તેથી આ 'અપૂર્વગુણસંક્રમ' વસ્તુ આમાં નથી બનતી. એ અપૂર્વ ગુણસંક્રમ થયો.◆**અપૂર્વસ્થિતિ બંધમાં,** અહીં અંતર્મુહૂર્તે અંતમુહૂર્તે નવા નવા કર્મબંધનમાં કાળસ્થિતિ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી ઓછી ને ઓછી નક્કી થતી જાય છે. એવો નિયમ છે કે અધ્યવસાયનો સંક્લેશ વધારે તેમ સ્થિતિ વધારે-વધારે, અને વિશુદ્ધિ વધારે તેમ સ્થિતિ ઓછી-ઓછી બંધાય. શુભ કે અશુભ, બંને જાતના કર્મ માટે સ્થિતિબંધમાં આ નિયમ; ત્યારે રસબંધમાં નિયમ એવો છે કે સંક્લેશમાં શુભનો મંદ રસ અને અશુભનો તીવ્ર રસ થાય; જ્યારે, વિશુદ્ધિમાં શુભનો તીવ્ર ને અશુભનો મંદ રસ બંધાય. ◆ સારાંશ, અપૂર્વકરણ વખતે શુભ અધ્યવસાય પ્રતિસમય ચઢતી માત્રામાં હોય છે, તેથી સમયે સમયે ઉપરોકત પાંચ ચઢતાં ચઢતાં કાર્ય થાય છે.

અનિવૃત્તિકરણ: અંતરકરણ:—પ્રથમ અપૂર્વકરણમાં આ રીતિ આગળ વધતાં ગ્રંથિભેદ થઈ, અપૂર્વસ્થિતિઘાતાદિ ચાલુ રહેવા સાથે ક્રમશઃ વધતા શુભ અધ્યવસાયે **અનિવૃત્તિકરણ** થાય છે. અનિવૃત્તિ એટલે અપરાવૃત્તિ અર્થાત્ ફેરફારી નહિ. અનિવૃત્તિમાં પેસનારા સર્વ જીવોને ઉત્તરોત્તર સમયે સરખો અધ્યવસાય ચઢતો જાય, પરસ્પરમાં ફેરફાર નહિ. અપૂર્વકરણમાં પહેલે, બીજે, ત્રીજે વગેરે સમયે જીવો પરસ્પરમાં ઊંચા-નીચા અધ્યવસાયવાળા હોય. અનિવૃત્તિકરણના બળે હવે અહીં નજીકમાં જે સમ્યક્ત્વ પામવાનો છે, તે સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત કાળમાં મિથ્યાત્વ કર્મ ઉદય જ ન પામે, એ માટે આમ સીધેસીધા તે કાળમાં ઉદય આવવા યોગ્ય જે મિથ્યાત્વકર્મ હતાં તેને ત્યાંથી ખાલી કરી નાખે છે; અર્થાત્ ભવિષ્યમાં સમ્યક્ત્વ પછીથી મિથ્યાત્વ ઉદય આવશે તે કાળ અને સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વ ઉદયમાં જ્યાં સુધી છે તેનો અંતિમ સમય, વચમાં મિથ્યાત્વ કર્મ ખાલી થઈ જવાથી અંતર (આંતરૂ)પાડી દે છે. આને **અંતરકરણ** કહે છે. આ કરવા માટે અનિવૃત્તિકરણના પાછલા ભાગમાં સમ્યક્ત્વ કાળનાં કર્મદળિયાંને ખેંચી ખેંચી અહીંના ઉદય આવતાં કર્મમાં તેમજ કેટલાક સમકિતની આગળના કાળના કર્મમાં ભેળવી દે છે. તેથી અનિવૃત્તિના છેલ્લા સમયે ઉપરના ભાગના દળિયાં બધાં જ ખાલી થઈ જવાથી હવે પછીના અંતરકરણના પહેલા સમયે કોઇ મિથ્યાત્વદાલિક ઉદય યોગ્ય નહિ રહેવાથી જીવ ત્યાં સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) ગુણ પામે છે.

સમ્યગ્દર્શનના પાંચ લક્ષણ:—સમ્યગ્દર્શન એ આત્માનો એક વિશુદ્ધ તત્ત્વશ્રદ્ધાનો અર્થાત્ સર્વજ્ઞ જિને કહેલાં તત્ત્વ ઉપર હાર્દિક આસ્થાનો અનન્ય પરિણામ છે, અને એમાં પ્રશમાદિ પાંચ લક્ષણો પ્રગટે છે. તત્ત્વાર્થ મહાશાસ્ત્રના ભાષ્ય કહ્યું છે, **प्रशम-संवेग-निर्वेदाऽनुकम्पा-ऽऽस्तिक्याभिव्यक्ति लक्षणं सम्यग्दर्शनमिति ।'**◆ **પ્રશમ** એટલે અનંતાનુબંધી કષયોનો ઉપશમ. કષાય એટલે કષનો આય અર્થાત્ સંસારનો લાભ જેનાથી થાય તે. ત્યાં ક્રોધ એ જ કષાય અને લોભ એ કષાય નહિ એવું નથી. મેવા-મિઠાઇની ઝંખના છે, ધન-માનની ઝંખના છે, તો એ પણ લોભકષાય છે. ક્રોધ-અભિમાન-માયાપ્રપંચ-તૃષ્ણા-આ બધા કષાય છે. એના આત્મામાં ઉકળાટ છે; એ શમાવવાના છે. એ શમન થાય એટલે પ્રશમ ગુણ પ્રગટ્યો કહેવાય. ક્રોધનો ઉકળાટ શમ્યા એટલે પછી 'અપરાધીનું ભુંડું થજો, એનું નિકંદન નિકળજો.' એવું એવું ન થાય. તેમ, લોભનો ઉકળાટ શમવાથી 'બધું મને જ મળજો, એ મળવું જ જોઈએ, એજ જીવનનો સાર છે,'... ન થાય, એવા અહંકાર, કપટ વગેરેના ઉકળાટ નહિ.◆**સંવેગમાં** એકમાત્ર મોક્ષની અને તેના કારણભૂત સદ્ધર્મની એવી જવલંત અભિલાષા વર્તતી હોય, કે દુનિયાનાં દેવતાઇ પણ સુખ તુચ્છ લાગે, દુઃખરૂપ લાગે; એની પ્રત્યે કોઇ બહુમાન-આસ્થા-પક્ષપાત નહિ, પણ વિરક્ત દશા વર્તતી હોય. ◆ **નિર્વેદ** એટલે સંસારની નિર્ગુણતા સમજી એની ચાર ગતિની ચોરાશી લાખ યોનિમાં અનંત વાર પરિભ્રમણ કર્યાથી થાકી હવે સંસારવાસ પર ભારે કંટાળો, અકળામણ, ઉદ્વેગની નિર્વેદ એટલે સંસારને આત્માનું કેદખાનું સમજી એનાથી ઉભગી જવું તે. ◆ **અનુકંપા**

એટલે દ્રવ્યદયા અને ભાવદયા. દ્રવ્યદયા એટલે ભૂખ્યા, તરસ્યા, રોગી, નિર્ધન, પીડિત, નિગૃહીત, વગેરે જીવોના એ દુઃખ દૂર કરવાની ઇચ્છા. ભાવદયા એટલે મિથ્યાત્વ, અધર્મ, હિંસા, જૂઠ, વગેરે પાપો, અને ક્રોધ, મદ, માયા, વિષયલંપટતા વગેરે દોષોથી પીડાતા જીવોની એ વિટંબણા ટાળવાની ઇચ્છા. ▲આસ્તિક્ય એટલે વીતરાગ સર્વજ્ઞ એવા જિનેન્દ્ર ભગવાનનું વચન જ સાચું અને શંકા વિનાનું, **'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं**। એમણે કહેલ જીવાદિ તત્ત્વ અને મોક્ષમાર્ગનું સ્વરૂપ એજ સાચું એવી દૃઢ પ્રતીતિ યાને હાર્દિક વિશ્વાસ સાથે, નિર્ગ્રન્થતા અર્થાત્ સર્વ પાપ-વ્યાપાર અને સાંસારિક સંગ વિનાનું **શ્રમણપણું** એ જ પ્રધાન છે જેમાં એવું જિનપ્રવચન જ ઇષ્ટ છે, પરમ ઇષ્ટ છે, પરમ હિત છે, પરમ હિતરૂપ છે, બાકીનું બધું અનિષ્ટ છે, અનર્થરૂપ છે, **एसेव खलु अट्ठे परमट्ठे, सेसे सव्वं खलु अनिट्ठे.'**—એવો એના પર દૃઢ રંગ, અનન્ય બહુમાન, એ આસ્તિક્ય કહેવાય.

પ્રશમાદિ પાંચ લક્ષણોનો આ ક્રમ પ્રધાનતા યાને વિશેષતાની દૃષ્ટિથી છે, અર્થાત્ સૌથી વિશિષ્ટ છે પ્રથમગુણ. એનાથી બીજા નંબરે છે સંવેગ, પછી નિર્વેદ,...એ પ્રમાણે. પરંતુ ઉત્પત્તિનો ક્રમ ઉલટો છે; અર્થાત્ પહેલું આસ્તિક્ય જન્મે, પછી જ યથાર્થ અનુકંપા આવે, પછી નિર્વેદ...એ પ્રમાણે. તાત્પર્ય, પ્રધાનતા પૂર્વાનુપૂર્વી ક્રમથી, અને ઉત્પત્તિ પશ્ચાનુપૂર્વી ક્રમથી જાણવી.

ધર્મ-સંન્યાસ.

અતાત્ત્વિકધર્મ-સંન્યાસઃ—આ પ્રમાણે સમ્યગ્દર્શન પામવા પૂર્વે જે અપૂર્વકરણ કરાય છે તે પહેલું અપૂર્વકરણ છે. બીજું અપૂર્વકરણ નવમા ગુણસ્થાનકેથી શરૂ થતી ક્ષપકશ્રેણિ માટે આઠમા ગુણ-સ્થાનકે કરાય છે. તેમાં પણ પ્રથમની જેમ અપૂર્વ સ્થિતિઘાતાદિ પાંચ કાર્ય કરવામાં આવે છે, તે વિશેષે કરીને ચારિત્રમોહનીય કર્મમાં થાય છે; અને તેનું બળ એટલું બધું હોય છે કે પછી તો પરિણામે આગળ શ્રેણિમાં મોહનીય કર્મનો સર્વથા વિધ્વંસ થઈ જવાથી આત્મા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અને યથા-ખ્યાત ચારિત્રવાળો યાને વીતરાગ બને છે. આવું અપૂર્વકરણ વગેરે **'સામર્થ્યયોગ'** નામના ધર્મ-વ્યાપારથી થાય છે. એ પહેલા પ્રકારનો **'ધર્મસંન્યાસ'** નામનો સામર્થ્યયોગ છે; કેમકે એમાં પરિણામે તાત્ત્વિક ધર્મોનો ત્યાગ કરવામાં આવે છે. અતાત્ત્વિક ધર્મોનો ત્યાગ તો સર્વવિરતિ ચારિત્ર સ્વીકારતાં જ થાય છે. કેમકે ત્યાં સંસારત્યાગ કરવા માટે સાવદ્યપ્રવૃત્તિરૂપ સાંસારિક ધર્મોનો, યાને લૌકિક ધર્મોનો ત્યાગ કરવો રહે છે. કહે છે ને કે-'સંસારમાં રહ્યા એટલે ચૂલ્હો-ઓલ્હો-રસોઇ-પાણી, કમાવવું વગેરે બધા ય ધર્મ બજાવવા પડે?' પણ આ બધા અતાત્ત્વિક ધર્મ છે, કેમકે એ ષટ્કાય જીવોના આરંભ-સમારંભ, કુટુંબરાગ, પરિગ્રહ, વિષયસેવન વગેરે પાપપ્રવૃત્તિરૂપ છે. એવા અતાત્ત્વિક ધર્મોનો ત્યાગ તો પ્રવ્રજ્યા (સાધુ-દીક્ષા) કાળે પણ થાય છે; કારણ કેઃ—

◆ **પ્રવ્રજ્યા એ જ્ઞાનયોગના સ્વીકારરૂપ છે. સંસારમાં મોહયોગ હતો,** અર્થાત્ મોહરૂપ મમતામાયાની પ્રવૃત્તિ ચાલતી હતી. ગમે તેવો પણ સંસારી સજ્જન પોતાના માનેલા કુટુંબને જેવા સંભાળશે એવા પાડોશીને નહિ; પોતાના ધન-માલ-દુકાન વગેરેનાં જતન કરશે તેવા બીજાનાં નહિ. પોતાની મૂળ માયાને અનુલક્ષીને જ એ સંસારવ્યવહાર ચલાવે છે, પછી ભલે સજ્જન હોઇ દાન-પરમાર્થ વગેરે કરતો હશે. ત્યારે પ્રવ્રજ્યા સ્વીકારનારો મૂળ માયાનો જ ત્યાગ કરી દે છે, એક માત્ર પોતાની કાયા સિવાય ધન-માલ-પરિવાર વગેરે બધાના સંબંધ છોડી દે છે. પછી એ બધા અંગે હવે એને કશી જ પ્રવૃત્તિ કે લેવાદેવા નથી રહેતી. એ મોહયોગનો ત્યાગ થયો. એ કરીને હવે એને સંપૂર્ણ અહિંસાદિ મહાવ્રતો, એની રક્ષક આઠ પ્રવચનમાતા (સમિતિ-ગુપ્તિઓ), અને પચીસ ભાવ-નાઓ, આવશ્યકાદિ ક્રિયાઓ, તપ, ત્યાગ, જ્ઞાન-ધ્યાન, વિનય-વૈયાવચ્ચ, ઇત્યાદિની સાધના કરવાની હોય છે. આ બધી પ્રવૃત્તિ જ્ઞાનયોગ સ્વરૂપ છે, કેમકે એ સમ્યગ્ જ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિ છે, અને

'ज्ञानस्य फलं विरतिः'-જ્ઞાનનું ફળ વિરતિ છે, પ્રતિજ્ઞાપૂર્વક પાપત્યાગ છે, પાપથી વિરમવાનું છે; એટલે જ્ઞાન જ પોતે વિરતિની પ્રવૃત્તિમાં પરિણમતું હોવાથી, કહી શકાય કે જ્ઞાન જ પ્રવૃત્તિરૂપ બન્યું. એનું નામ જ્ઞાનયોગ. આને તત્ત્વસંવેદન જ્ઞાન કહેવાય; અર્થાત્ જે તત્ત્વજ્ઞાન પ્રવૃત્તિ દ્વારા સંવેદન યાને અનુભવમાં આવે તે. તો પ્રવ્રજ્યા એ જ્ઞાનયોગના સ્વીકારરૂપ હોઇને એમાં સર્વ પાપપ્રવૃત્તિરૂપ ધર્મોનો ત્યાગ હોવાથી, ત્યાં અતાત્ત્વિક ધર્મોનો સંન્યાસ (ત્યાગ) થયો કહેવાય. ત્યારે તાત્ત્વિક ધર્મો ક્ષમા, તપ, સંયમ, વગેરે છે. એ પ્રારંભે ક્ષયોપશમના ઘરના હોય છે, તેનો ત્યાગ કરીને હવે તેને ક્ષાયિક કોટિના કરવામાં આવે છે. એ તાત્ત્વિક ધર્મ-સંન્યાસ. તે કાર્ય દ્વિતીય અપૂર્વકરણ વખતના પ્રથમ સામર્થ્ય-યોગથી થાય છે. માટે જ તે ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ છે. ક્ષાયોપશમિકધર્મસંન્યાસ થતાં આત્મા વીતરાગ બને છે, અને અનંતજ્ઞાનયુક્ત, અનંતદર્શનયુક્ત, તથા અનંતવીર્યાદિલબ્ધિમાન બને છે.

યોગસંન્યાસ.

ઘાતી ને ભવોપગ્રાહી કર્મ:—વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી પણ આયુષ્ય-કર્મ, વેદનીયકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ હજી ભોગવવાના બાકી છે ત્યાં સુધી તે આત્માને સંસારમાં પકડાઇ રહેવું પડે છે. માટે એ ચાર કર્મ ભવોપગ્રાહી કર્મ કહેવાય છે. અલબત એ કર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત નથી કરી શકતા. દા. ત. વીતરાગ સર્વજ્ઞ બન્યા છતાં જો કોઇ ઘાણીમાં પીલાતા હોય તો ઘોર પીડા અશાતાવેદનીયની ભોગવવી પડે, પણ તેથી વીતરાગતા આદિને લેશ આંચ નથી આવતી. માટે તે વેદનીય, આયુ વગેરે કર્મો અઘાતી કહેવાય છે. ત્યારે અનંતજ્ઞાન વગેરે ગુણને રોકનારા જ્ઞાનાવરણાદિ કર્મને ઘાતી કર્મ કહેવામાં આવે છે. ઘાતી કર્મોનો સર્વનાશ પૂર્વે કહ્યું તેમ સામર્થ્યયોગના ધર્મપુરુષાર્થથી થાય છે. પછી અઘાતી કર્મોનો નાશ એને ભોગવીને કરવો રહે છે.

સાંપરાયિક અને ઇર્યાપથ કર્મ:— પરંતુ જ્યાં સુધી કાયાદિના સૂક્ષ્મ પણ વ્યાપાર ચાલુ છે, ત્યાં સુધી આત્મા પર કર્મબંધ ચાલુ છે. કર્મબંધના મુખ્ય ચાર હેતુ પૈકી **મિથ્યાત્વને** પહેલા ગુણઠાણાને અંતે ટાળ્યું; **અવિરતિને** સંપૂર્ણપણે છઠ્ઠા ગુણઠાણામાં પેસતાં ટાળી; **કષાયોને** સર્વથા દસમા ગુણસ્થાનકને અંતે ક્ષીણ કર્યા એટલે આત્મા ક્ષીણમોહ બન્યો. હવે ચોથો **હેતુ યોગ** યાને મન-વચન-કાયાના વ્યાપાર ઉભા છે. કેમકે બારમા ગુણઠાણાના અંતે જ્ઞાનાવરણાદિ સમસ્ત ઘાતી કર્મ નાશ પામ્યાથી તેરમે ગુણઠાણે આત્મા અનંતજ્ઞાનાદિયુકત જે બને છે, એ વીતરાગ સર્વજ્ઞ બનવા છતાં પણ ગામેગામ વિહાર કરે છે, આહાર લે છે, એમને ય શ્વાસોશ્વાસ, નાડીઓમાં રુધિરસંચરણ-વાયુસંચરણ વગેરે છે. એ કાયયોગ છે; એ ઉપદેશ આપવારૂપ વચનયોગચાળાય હોય છે, અને દૂર રહેલા અનુત્તરવાસીદેવ, વગેરેના સંશયનો ઉત્તર મનોવર્ગણા-પુદ્ગલનું મન બનાવીને કરે છે, તેથી મનોયોગવાળા પણ કયારેક હોય છે. કષાયોસહિત યોગથી જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે, તેને **સાંપરાયિક કર્મબંધ** કહેવામાં આવે છે. ત્યારે કષાયો વિનાના એકલા યોગથી **ઇર્યાપથ કર્મબંધ** થાય છે; તેમાં માત્ર શાતાવેદનીય કર્મ બંધાય છે. તે પણ એવું કે આ સમયે બંધાયું, **અને** તરત જ પછીના સમયે ભોગવીને નાશ પામે છે.

આયોજ્યકરણ:— હવે જો આયુષ્યના છેલ્લા સમય સુધી કાયાદિ-યોગ ચાલુ હોય તો છેલ્લે સમયે બાંધેલું શાતાવેદનીય પછી કયાં ભોગવે? કેમકે આયુષ્ય ક્ષીણ થતાં સર્વકર્મનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. **कृत्स्नकर्मक्षयो मोक्षः** (कृत्स्न=सर्व.) માટે કાયાદિયોગનો પહેલાં સંન્યાસ યાને ત્યાગ કરવો પડે. એને યોગનિરોધ કહેવાય. તે કરવાનું કાર્ય કાંઇ ૧-૨ સમયમાં ન થઈ શકે. એ તો અસંખ્ય સમયનું કાર્ય છે. વળી યોગનિરોધ સિદ્ધ કર્યા પછી ભોગવવાના અવશિષ્ટ (બાકીના) ભવોપગ્રાહી કર્મના ભોગવટામાં યોગની હયાતી ન હોવાથી તે કર્મોનું ય શુદ્ધ વેદન જ થવાનું. તો એ કર્મોનાં દળિયાંને એવી સ્થિતિમાં મૂકી દેવા જોઇએ કે તે તે સમયમાં સરળ રીતે ઉદયમાં આવીને ક્ષય પામતા જાય. આ

કરવા માટે તેરમા ગુણઠાણાના છેવટના ભાગમાં **'આયોજ્યકરણ'** નો એક પ્રયત્ન કરવામાં આવે છે. **'આયોજ્ય'** એટલે તે તે કર્મ દળિયાંને તે તે કાળમાં ક્ષય પામવા યોગ્ય તરીકે કેવળજ્ઞાનથી જાણીને, 'કરણ' એટલે અચિંત્ય અનંતવીર્યથી તેવી સ્થિતિમાં તે તે કર્મ દલિકોને મૂકવા. કર્મ કાંઇ એક જ વ્યક્તિ નથી કે એકી કલમે તેનો ભોગવટો થઈ જાય. એ તો જુદા જુદા સમયે ઉદયમાં આવે એવા જુદા જુદા કર્માણુના સ્કન્ધ છે, જથ્થા છે. તેને **કેવળજ્ઞાન અને ક્ષાયિક વીર્યના બળે** તે તે સમયમાં ક્ષય પામવા યોગ્ય સ્થિતિમાં મૂકવાની પ્રક્રિયાનું નામ **આયોજ્યકરણ** છે.

યોગનિરોધ અને શૈલેશી:—આયોજ્યકરણ કર્યા પછી હવે ક્રમશઃ બાદર (સ્થૂલ) કાયયોગથી બાદર વચનયોગ અને બાદર મનોયોગ, સૂક્ષ્મકાયયોગથી બાદર કાયયોગ પછી સૂક્ષ્મ વચનયોગ તથા સૂક્ષ્મ મનોયોગ રૂંધવામાં આવે છે, ને અંતે સૂક્ષ્મ કાયયોગનો પણ નિરોધ કરી દેવાય છે. આમ **સમસ્ત** કાયાદિ યોગોનો નિરોધ યાને યોગસંન્યાસ થઈ જાય છે. આ કરવા માટે અચિંત્ય અવર્ણનીય સામર્થ્યયોગના ધર્મવ્યાપારની જરૂર પડે છે; તેથી તે યોગસંન્યાસ નામનો બીજો સામર્થ્યયોગ કહેવાય છે. એમાં મુખ્યત્વે શુકલધ્યાનના પાછલા બે પ્રકાર 'સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી,' અને 'વ્યુચ્છિન્નક્રિયા-અનિવૃત્તિ'ની ધર્મપ્રવૃત્તિ હોય છે. યોગનિરોધ થઇ જતાં, અત્યાર સુધી સમસ્ત સંસારકાળમાં જે કોઇ ને કોઈ કાયિક-વાચિક-માનસિક યોગ યાને કાયા, વચન, મનની પ્રવૃત્તિ રહેતી, તે કાંઇ આત્માના વીર્યના સહારા વિના નહિ, પરંતુ તે તે કાયાદિ પુદ્ગલના આલંબને આત્મા સ્વવીર્યને સ્ફુરાવતો, એટલે તે તે યોગ પ્રવર્તતા, ...યાવત્ ભવાંતરે જતાં ક્રમમાં ક્રમ વક્રગતિમાં કાર્મણ કાયયોગ રહેતો, તે હવે **સમસ્ત**યોગ સર્વથા બંધ થઈ જાય છે. એ યોગનિરોધની સાથે, પૂર્વે પુદ્ગલના આલંબને આત્મવીર્ય સ્ફુરવામાં આત્માના જે પ્રદેશે પ્રદેશ (ઝીણામાં ઝીણા અંશ) હાલી ઉઠતા અર્થાત્ આત્મા જે અસ્થિર રહેતો, તે હવે આત્મપ્રદેશ નિશ્ચલ બનીને આત્મા નિષ્કંપ મેરૂ જેવો સ્થિર થઇ જાય છે. મેરૂ એ શૈલ યાને પર્વતોનો ઈશ હોઇ શૈલેશ કહેવાય. **આત્માને શૈલેશ જેવો સ્થિર કરવો એનું નામ શૈલેશી-**કરણ. યોગસંન્યાસ સામર્થ્યયોગથી ૧૩મા ગુણઠાણાના અંતે યોગોનો સર્વથા નિરોધ થઈ જવાથી, ૧૪-મા ગુણઠાણે આત્મા સયોગી મટીને હવે અયોગી બન્યો, અને ત્યાં આત્મપ્રદેશ સ્થિર થઈ જવારૂપે શૈલેશીકરણ પણ થયું. ત્યાં હવે કાયામાં આત્મા વસેલો ખરો, પરંતુ કોઇ સૂક્ષ્મ પણ કાયિકાદિ પ્રવૃત્તિ નહિ.

મોક્ષ:—શૈલેશીકરણ થતાં તો આત્મા, અ, ઈ, ઉ, ઋ, ઌ, એવા પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચા-રણ જેટલા કાળમાં સર્વ કર્મનો ક્ષય કરી મુક્ત બને છે, સિદ્ધ થાય છે, મોક્ષ પામે છે. એ થતાં, જેમ માટીના લેપના ભારથી પાણીને તળિયે રહેલું તુંબડું લેપ નીકળી જતાં સહજ ઊંચે આવી જાય છે, તેમ કર્મનો લેપ છૂટી જતાં આત્મા સહજ ઊંચે ચૌદરાજલોકના છેડે રહેલી સિદ્ધશિલાના ઉપર એક જ સમયમાં પહોંચી જાય છે. હવે કર્મબંધનું કોઇ જ કારણ ન રહ્યાથી એમને કદી ય સંસારમાં પડવાનું નથી.

પ્ર૦—એમ તો સિદ્ધો સિદ્ધશિલાથી પણ કયાંય ઊંચે કેમ ન પહોંચી જાય?

ઉ૦—ગમનમાં સહાયક તત્ત્વ જે ધર્માસ્તિકાયદ્રવ્ય, તે માત્ર લોકપ્રમાણ અર્થાત્ ચૌદ રાજ-લોકવ્યાપી જ છે, અલોકમાં નથી; તેથી આત્મા અલોકમાં ન જઈ શકતાં લોકના અંતે જઇ સ્થિર બને છે. આત્માના છેક ઉપરના પ્રદેશ એ લોકાકાશના છેક ઉપરના પ્રદેશમાં ગોઠવાઇ જાય એ રીતે આત્મા હવે શાશ્વત કાળ માટે અવસ્થાન કરે છે.

શ્રેષ્ઠયોગ અયોગ:—આ રીતે મોક્ષની સાથે આત્માને યોજી આપનાર આ અયોગ અવસ્થા બની; માટે અયોગ એ પરમયોગ છે. જરા ભ્રમ થાય એવું છે કે અયોગ એ યોગ? પરંતુ 'અયોગ'માં 'યોગ' શબ્દ કાયાદિ યોગના અર્થમાં છે, એનો ત્યાગ એ અયોગ. એ 'પરમયોગ' કહ્યો ત્યાં 'યોગ'નો અર્થ

મોક્ષ સાથે જોડી આપે તે, એવો ધ્વેવાનો છે. એમ તો પરંપરાએ જઈને તો મોક્ષ સાથે જોડી આપનારા ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ એ પણ યોગ છે, અધ્યાત્મ, ભાવના, ધ્યાન વગેરે પણ યોગ છે, મિત્રા-તારા વગેરે દૃષ્ટિ ય યોગ છે, અહિંસા, સંયમ, તપ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, દાન, શીલ, તપ, ભાવ, સંવર-નિર્જરા, વગેરે બધા યોગ છે, પરંતુ યોગસંન્યાસ યાને અયોગ એ તરત મોક્ષ સાથે યોજી આપનારો હોવાથી શ્રેષ્ઠ યોગ છે.

(લ૦) तदत्र 'नमोऽर्हद्भ्य' इत्यनेनेच्छायोगाभिधानं, 'नमो जिनेभ्यो जितभयेभ्य'-इत्यनेन तु वक्ष्यमाणेन शास्त्रयोगस्य, निर्विशेषेण संपूर्णनमोमात्राभिधानात् । विशेषप्रयोजनं चास्य स्वस्थान एव वक्ष्याम इति । तथा, 'इक्कोवि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स । संसारसागराओ तारेइ नरं व नारिं वा ॥१॥' इत्यनेन तु पर्यन्तवर्त्तिना सामर्थ्ययोगस्य, कारणे कार्योपचारात् , न संसारतरणं सामर्थ्ययोगमन्तरेणेतिकृत्वा ।

અર્થ:-તેથી અહીં 'नमो अरहंताणं' એમ કહેવા પડે; ઇચ્છાયોગનું કથન અને 'नमो जिणाणं जियभयाणं' એમ આગળ કહેવાશે તેના વડે શાસ્ત્રયોગનું કથન છે; કેમકે કોઈ તફાવત પાડયા વિના સંપૂર્ણ 'नमो' એટલું જ કહ્યું છે, આનું વિશેષ પ્રયોજન સ્વસ્થાને જ કહીશું. તથા 'इक्कोवि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स । संसारसागराओ तारेइ नरं व नारिं वा' એ અંતવર્તી ગાથા વડે સામર્થ્યયોગનું કથન છે, કેમકે સામર્થ્યયોગ સિવાય સંસાર તરવાનું નથી બનતું એટલા માટે કરીને કારણમાં કાર્યનો ઉપચાર છે.

વિવેચન:—અન્યમતે 'नमोत्थु णं अरहंताणं' આદિમાં ઇચ્છાયોગાદિ:—

આમ, જયારે ઇચ્છાયોગ વગેરે ત્રણ પ્રકારના યોગ છે, ત્યારે '**नमो अरिहंताणं**' એવા નમસ્કારના કથનમાં ઇચ્છાયોગનો નમસ્કાર કહ્યો; આગળ આ પ્રણિપાત દંડક સૂત્રને છેડે કહેશે તે '**नमो जिणाणं जियभयाणं**' અર્થાત્ 'ભયોને જિતનાર જિનોને નમું છું'; એમાં શાસ્ત્રયોગનો નમસ્કાર કહ્યો, અને છેવટના સિદ્ધસ્તવ (सिद्धाणं बुद्धाणं) માં **इक्कोवि नमुक्कारो**...અર્થાત્ 'કેવળજ્ઞાનીઓમાં વૃષભ સમાન શ્રી વર્ધમાન સ્વામીને કરેલો એક પણ નમસ્કાર નર અથવા નારીને સંસારસાગરથી તારે છે'-એ નમસ્કારના કથનમાં સામર્થ્યયોગનો નમસ્કાર કહ્યો.

◆'**नमोत्थु अरहंताणं**' માં 'નમો' પર 'અસ્તુ' લગાડીને નમસ્કારનું કથન કર્યું, તેથી આ નમસ્કાર ઇચ્છાયોગનો નમસ્કાર છે; કેમકે '**अस्तु**' અર્થાત્ 'હો' કહેવામાં ઇચ્છાનું સૂચન છે.

પ્ર૦- તો તો અહીં નમસ્કારની ઇચ્છા થઈ, નમસ્કાર કયાં થયો ? ઇચ્છાયોગ તો ઇચ્છાપૂર્વકની ધર્મપ્રવૃત્તિ છે.

ઉ૦- 'નમસ્કાર હો' એમ કહીને પણ અહીં નમસ્કાર કરવામાં આવે જ છે. દેવ-ગુરુની આગળ ઇચ્છા કે પ્રાર્થના પ્રગટ કરવાનું પણ નમસ્કાર સાથે જ કરવાનું હોય છે. તેથી અહીં ઇચ્છાપૂર્વક નમસ્કાર છે જ; માટે તે ઇચ્છાયોગ જ છે.▲**नमो जिणाणं नमो जियभयाणं**' માં '**अस्तु**' કે એવું કાંઈ લગાડયું નથી એટલે તે વિશેષણ વિનાના શુદ્ધ સંપૂર્ણ નમસ્કારનું કથન હોવાથી શાસ્ત્રયોગના નમસ્કારને સૂચવે છે. વિધિભંગ, પ્રમાદ વગેરે કારણે અપૂર્ણતાની સંભાવના હોત તો નમસ્કાર જણાવવામાં સાથે કાંઈ કહેત. પરંતુ અહીં તો વિશેષણ વિના જ 'હું જિનોને નમસ્કાર કરું છું' કહ્યું છે. ▲ '**इक्कोवि नमुक्कारो ...तारेइ नरं व नारिं वा** ॥-એક પણ નમસ્કાર...તારે છે,' એમાં નમસ્કારને સીધો સંસારસાગરથી તારનારો કહ્યો તે સામર્થ્યયોગનો નમસ્કાર હોય તો જ બને; કેમકે સામર્થ્યયોગ સિવાય સંસારસાગ-

રથી તરવાનું બની શકતું નથી. અહીં પ્રશ્ન થાય કે તારનાર તો સામર્થ્યયોગ છે, નમસ્કાર શી રીતે ? ઉત્તર એ છે કે કારણમાં કાર્યનો ઉપચાર (વ્યવહાર) કરીને એમ કહેવામાં આવ્યું છે. કેમકે એવો પ્રબળ નમસ્કાર સાસર્થ્યયોગનું કારણ બને છે. તો કાર્ય જે સામર્થ્યયોગ છે તેનામાં રહેલ તારવાપણાનો ઉપચાર કારણભૂત નમસ્કારમાં કર્યો. દા. ત. દૂધ પર જીવનારો કહે છે, 'દૂધ મારૂં જીવન છે.' ખરીરીતે જીવન તો આયુષ્ય છે, પરંતુ આયુષ્ય-ટકાવના કારણભૂત દૂધમાં જીવનપણાનો ઉપચાર કર્યો.

(લ૦) આહ "અયં પ્રાતિભજ્ઞાનસઙ્ગતઇત્યુક્તં, તત્ કિમિદં પ્રાતિભં નામ ! અસદેતત્, મત્યાદિપઞ્ચકાતિરિકેણાસ્યાશ્રવણાત્ ।" ઉચ્યતે, ચતુર્જ્ઞાનપ્રકર્ષોત્તરકાલભાવિ કેવલજ્ઞાનાદધઃ તદુદયે સવિત્રાલોકકલ્પમિતિ ન મત્યાદિપઞ્ચકાતિરેકેણાસ્ય શ્રવણમ્ । અસ્તિ ચૈતદ્, અધિકૃતા-(પ્ર૦....અધિકત્વા) વસ્થોપપત્તેરિતિ । એતદ્વિશેષ એવ પ્રાતિભમિતિ કૃતં વિસ્તરેણ ।

અર્થ:—પ્રશ્ન કરે છે કે "આ (સામર્થ્યયોગ) પ્રાતિભજ્ઞાનથી યુક્ત છે એમ કહ્યું, તો આ પ્રાતિભજ્ઞાન વળી શું ? એવું કાંઈ છે નહિ, કેમકે મતિ આદિ પાંચ જ્ઞાનની ઉપર આવું કોઈ જ્ઞાન સાંભળવામાં આવતું નથી." ઉત્તર કરવામાં આવે છે કે કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાનની ઉત્કૃષ્ટતા થવા પછીના કાળમાં અને કેવળજ્ઞાનની પૂર્વે થનારૂં તે ઉદયમાં અરુણોદય (ઉષા) સમાન હોય છે. માટે મતિજ્ઞાનાદિ પાંચની ઉપરાંત તે સાંભળવામાં આવતું નથી. (પણ) તે છે ખરૂં; કેમકે પ્રસ્તુત અવસ્થા (યુક્તિથી) ઘટી શકે છે. (તાત્પર્ય) ચાર જ્ઞાનની વિશિષ્ટ અવસ્થા એજ પ્રાતિભજ્ઞાન છે. માટે વિસ્તારથી સર્યું.

પ્રાતિભજ્ઞાન, પ્રત્યક્ષ અને પરોક્ષજ્ઞાનઃ—

વિવેચન:— પૂર્વે કહી આવ્યા કે સામર્થ્યયોગમાં પ્રાતિભજ્ઞાન થાય છે. એના પર પ્રશ્ન થાય.

પ્ર૦—જૈન શાસ્ત્રોમાં મતિજ્ઞાન વગેરે પાંચ જ્ઞાન માન્યા છે, તેમાં પ્રાતિભજ્ઞાનનું નામ આવતું નથી, તેમ ઉપર છદ્મસ્થનું જ્ઞાન કહ્યું નથી તો પ્રાતિભજ્ઞાન એ શું એક અસદ્ વસ્તુ નથી ?

ઉ૦—ના, નથી, પ્રાતિભજ્ઞાન એ મતિજ્ઞાનાદિ ચારની વિશિષ્ટ અવસ્થા છે, અને તે કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવા પૂર્વે અરુણોદયના ઝગમગાટ જેવું ઉત્પન્ન થાય છે. જૈનદર્શન કહે છે કે, ◆ **જ્ઞાન બે પ્રકારે છે, પ્રત્યક્ષ અને પરોક્ષ. અશ્નુતે ઇતિ અક્ષઃ**,- ઇન્દ્રિયો અને મનને જે વ્યાપીને રહે, અર્થાત્ એની પ્રવૃત્તિમાં જે મુખ્ય સંચાલક હોય તેનું નામ; અક્ષ. અથવા વિશ્વના ત્રણે ય કાળના ભાવોને જ્ઞાનથી વ્યાપીને રહે તે અક્ષ. વ્યાપીને રહેનાર આત્મા છે, માટે અક્ષ એટલે આત્મા. પ્રત્યક્ષ=પ્રતિ+અક્ષ, અર્થાત્ આત્મામાં સાક્ષાત્ યાને ઇન્દ્રિયાદિ બાહ્ય સાધનની અપેક્ષા વિના સીધું ઉત્પન્ન થનાર જ્ઞાન તે પ્રત્યક્ષ. અને પરોક્ષ=પરઃ+અક્ષ, અર્થાત્ આત્મામાં બીજા ઇન્દ્રિયાદિ બાહ્ય સાધનો દ્વારા જન્મતું જ્ઞાન એ પરોક્ષ. પરોક્ષજ્ઞાન બે પ્રકારે, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન; ત્યારે પ્રત્યક્ષજ્ઞાન અવધિજ્ઞાનાદિ ત્રણ પ્રકારે છે. એમ,

◆ **જ્ઞાન પાંચ પ્રકારે છે-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, અને કેવળજ્ઞાન** ◆ **(૧) મતિજ્ઞાન** એટલે પાંચ ઇન્દ્રિયો અને મનથી થતું જ્ઞાન. એ **પરમાર્થથી પરોક્ષ છતાં વ્યવહારથી પ્રત્યક્ષ જ્ઞાન** કહેવાય છે. એની ચાર અવસ્થા છે, પહેલાં અવગ્રહ, પછી ઈહા, પછી અપાય, છેવટે ધારણા. **અવગ્રહ** એટલે વિષયને જોતાં, ચાખતાં, વગેરે પહેલપહેલો 'આ કંઇક છે' એવો તદ્દન સામાન્ય બોધ થાય તે. એમાં પણ ચક્ષુ અને મનને તો વિષયને અડવું પડતું નથી, પરંતુ બાકીની સ્પર્શન-રસના-ઘ્રાણ-શ્રોત્ર, એ ચાર ઇન્દ્રિયોને વિષયસંપર્કમાં આવવું પડે છે. ત્યાં ઉપરાપર

કેટલાય સૂક્ષ્મ ઝાંપી સંપર્કો થાય ત્યારે સામાન્ય બોધ પ્રગટે છે. આ સંપર્કો બધા જ બોધના વ્યંજક બન્યે જતા હોવાથી, બોધ અર્થાત્ સૂક્ષ્માતિસૂક્ષ્મ અંશો વ્યક્ત કર્યે જતા હોવાથી અવગ્રહની કોટિમાં છે, માટે તેને **વ્યંજનાવગ્રહ** મતિજ્ઞાન કહેવાય છે. ત્યારે, પ્રગટ સામાન્યરૂપે પદાર્થબોધ થાય તેને **અર્થાવગ્રહ** મતિજ્ઞાન કહેવામાં આવે છે. ઈહા એટલે અવગ્રહ પછી થતો ઉહાપોહ અને સંભાવના,–દા. ત. ' આ દૂર માણસ હશે કે ઠુંઠું ? માણસ જેવું લાગે છે. આ સારંગીનો સૂર હશે કે વીણાનો ? વીણાનો સંભવે '...વગેરે. એ પછી **અપાય** એટલે ચોક્કસ વસ્તુનો નિર્ણય થાય તે. દા. ત. 'આ તો માણસ છે; આ તો વીણાનો સૂર છે.' ત્યારબાદ, **ધારણા** એટલે એનું અવધારણ થાય તે. એ ચિત્તમાં સંસ્કારરૂપે સ્થાપિત થાય છે. તેથી જ પછીથી એનું સ્મરણ-ચિંતન થઈ શકે છે. એના આધારે અનુમાન થઈ શકે છે. તાત્કાલિક સ્ફુરણા વગેરે ય મતિજ્ઞાન છે. ◆ (૨) **શ્રુતજ્ઞાન** એટલે શબ્દસ્પર્શી જ્ઞાન. તે શાસ્ત્ર યા ઉપદેશ વગેરેથી થાય. એમાં, **અક્ષરોથી** (શબ્દથી) થતું જ્ઞાન તે **અક્ષરશ્રુત;** અક્ષર વિના સંકેત, ઈસારા વગેરેથી થાય તે **અનક્ષરશ્રુત,** મનશક્તિના જોરે થતું જ્ઞાન તે **સંજ્ઞિશ્રુત,** તે વિનાના કીડા કીડા, યાવત્ ઝાડપાનાદિ જીવોને થતું જ્ઞાન **અસંજ્ઞિશ્રુત, સમ્યગ્દૃષ્ટિ** જીવને થતું તાત્ત્વિકશ્રુત તે **સમ્યક્શ્રુત,** એથી ઉલટું મિથ્યાદૃષ્ટિ જીવનું **મિથ્યાશ્રુત.** ઇત્યાદિ ◆ (૩) **અવધિજ્ઞાન** એટલે રૂપી દ્રવ્યોની મર્યાદાવાળું પ્રત્યક્ષજ્ઞાન. આ અને છેલ્લા બે, એમ ત્રણ જ્ઞાન એ પ્રત્યક્ષ જ્ઞાન હોવાથી એને ઇન્દ્રિયોની અપેક્ષા નથી. માત્ર કાં તો દેવ-નારકના ભવના હિસાબે **ભવપ્રત્યયિક** અથવા તપસ્યા વગેરે ગુણના હિસાબે **ગુણપ્રત્યયિક** અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ (આંશિક નાશ) થી જ થાય છે. માટે જ ભલે ઇન્દ્રિયો નથી પહોંચતી છતાં અહીં બેઠા દૂર દેશના, કે વર્તમાનમાં રહ્યા ભૂત-ભવિષ્યકાળના રૂપી પદાર્થને **સાક્ષાત્** જોવાની એ તાકાત ધરાવે છે. અવધિજ્ઞાન કોઇને **પ્રતિપાતી** (નાશ પામનારું) ને કોઈને **અપ્રતિપાતી** હોઈ શકે છે; કોઇને દેશાંતરમાં સાથે જનારું યાને **અનુગામી** ને બીજાને **અનનુગામી** ય હોઈ શકે;કોઈને વધ્યે જતું યાને વર્ધમાન, ત્યારે કોઈને હીયમાન (ઘટચે જતું) હોઇ શકે. ◆ (૪) **મનઃપર્યયજ્ઞાન** એટલે જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધ પુષ્કરવરદ્વીપ, એમ અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞિ (મનવાળા) પંચેન્દ્રિય જીવોના મનના પર્યાયને, મનોગત ભાવને જોઈ શકતું જ્ઞાન. એ માત્ર અપ્રમત્ત મુનિને જ થઈ શકે; ને એ ચિંતવન કરતા મનઃ પુદ્ગલના પર્યાય જોઇ શકે. સામાન્ય પર્યાય અર્થાત્ દા. ત. 'આ ઘડો ચિંતવતું મન છે' એવું જુએ તે **ઋજુમતિ** મનઃપર્યાય જ્ઞાન; અને વિશેષ પર્યાય એટલે કે દા. ત. 'આ પાટણમાં અમુક કારીગરે બનાવેલા લાલ ઘડાને ચિંતવતું મન છે', એવું જુએ તે **વિપુલમતિ**૦. ▲ (૫) **કેવળજ્ઞાન** એટલે સંપૂર્ણ જ્ઞાન. તે વિશ્વના સર્વ જીવને સર્વ પુદ્ગલાદિ જડ દ્રવ્યોના સમસ્ત અનંતાનંત ભૂત-ભવિષ્યકાળના અને વર્તમાનના સકલ પર્યાયો(અવસ્થાઓ)ને સાક્ષાત્ જુએ છે. આત્મા ક્ષીણમોહ વીતરાગ બને પછી સમસ્ત જ્ઞાનાવરણ કર્મો નષ્ટ થઇ જતાં કેવળજ્ઞાન પ્રગટે છે, તે હવે શાશ્વતકાળ ટકે છે, ને તેના વિષયમાં વિશ્વની કોઈ કાળની કોઈ જ વાત-વસ્તુ અજોઇ-અજાણી નથી રહેતી.

એવું સૂર્યસમું આ કેવળજ્ઞાન પ્રગટ થાય તે પૂર્વે અરુણોદયની માફક જેની અવસ્થા હોય એવું પ્રાતિભજ્ઞાન અવશ્ય પ્રગટે છે, પ્રગટવું જ જોઇએ. માટે તે અસદ્ વસ્તુ નથી. ફક્ત પૂર્વોક્ત મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનમાં ભારે ઉત્કૃષ્ટતા આવે અને કેવળજ્ઞાન થવાની તૈયારી હોય ત્યારે તે ઉત્પન્ન થાય છે. માટે જ શાસ્ત્રમાં એને જુદું નથી ગણાવ્યું.

આ રીતે 'નમોત્થુ ણં અરહંતાણં'પદની વ્યાખ્યા સમાપ્ત થઇ. હવે 'ભગવંતાણં'પદની વ્યાખ્યા કરાશે.

★

૨. ભગવતાણું.

(ભાવ અરહંતની સંપત્તિવાળાને)

(લ૦) एते चार्हन्तो नामाद्यनेकभेदाः, 'नाम-स्थापना-द्रव्य-भावतस्तन्न्यासः' इति (तत्त्वार्थ १-५) वचनात्। तत्र भावोपकारकत्वेन भावार्हत्संपत्संपरिग्रहार्थमाह 'भगवद्भ्यः' इति।

અર્થ:—આ અરહંત પણ નામ આદિ અનેક પ્રકારના હોય છે; કેમકે 'નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી જીવાદિ વસ્તુના નિક્ષેપ પડે છે,'—એવું (તત્ત્વાર્થ શાસ્ત્ર-અધ્યાય ૧-સૂત્ર ૫ માંનું) વચન છે. તે ચારમાં ભાવ-ઉપકારક તરીકે ભાવ અરહંતની સંપત્તિનું ગ્રહણ કરવા માટે ('નમોત્થુણં અરહંતાણં'ની પછી) 'ભગવંતાણં' એ પદ કહે છે.

વિવેચન:— નામ અરહંત વગેરે ચાર:—'નમોત્થુણં અરહંતાણં'ની વ્યાખ્યા થઈ. હવે '**ભગવંતાણં**' નામ પદ લેવું છે, તો તે શા માટે લેવાય છે એનો હેતુ બતાવતાં ગ્રંથકાર મહર્ષિ કહે છે કે નામઅરહંત વગેરે જે અનેક પ્રકાર યાને નિક્ષેપા પડે છે, એમાં ભાવ અરહંત ભાવ-ઉપકાર કરનારા હોવાથી એમની સંપત્તિ બતાવવી જોઇએ. તે 'ભગવંતાણં' પદથી બતાવાય છે. પૂર્વે પ્રતિપત્તિપૂજનના અધિકારમાં નામ જિન, સ્થાપના જિન, વગેરે નિક્ષેપા યાને વિભાગ બતાવી આવ્યા છીએ; એજ રીતે અરહંતના સમજવાના છે. તત્ત્વાર્થ મહાશાસ્ત્રના પહેલા અધ્યાયના પાંચમા સૂત્રમાં કહ્યું છે કે જીવ, અજીવ, વગેરે દરેક વસ્તુના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ, એમ ચાર નિક્ષેપા પડે છે. અર્થાત્ દરેક વસ્તુ ચાર પ્રકારે હોઇ શકે. દા. ત. નામજીવ, સ્થાપના જીવ, વગેરે. એમાં અરહંત ચારે નિક્ષેપે ત્રણે ય જગતના જીવોને સર્વક્ષેત્ર અને સર્વકાળમાં પવિત્ર કરે છે. કહ્યું છે, '**नामाकृति-द्रव्य-भावैः पुनतस्त्रिजगज्जनम्। क्षेत्रेकालेच सर्वस्मिन् अर्हतः समुपास्महे॥**' યદ્યપિ નામઅરહંત તરીકે તો કોઈ હાલીમવાલીનું નામ 'અરહંત' હોય તો તે પણ આવે; પરંતુ '**अर्थाभिधानप्रत्ययास्तुल्यनामधेयाः**' અર્થાત્ વસ્તુ, એનું નામ, અને એનો બોધ, એ ત્રણે ય સમાન શબ્દથી બોલાય છે. દા. ત. ઘડો વસ્તુ એ પણ ઘડો, એનું લખેલું 'ઘડો' નામ પણ ઘડો, અને મનમાં એનું જ્ઞાન થાય તો પણ 'ઘડો' શબ્દ સ્ફૂરે છે. તો અહીં ઉપરોકત શ્લોકમાં 'નામ'થી પવિત્ર કરનાર કહ્યું એટલે નામઅરહંત કે નામઅરિહંત, તરીકે 'અરહંત' કે અરહંત એવો શબ્દ લેવાનો છે, અને 'અર્હન્',...અરહંત અરિહંત,...અથવા 'નમો અરિહંતાણં' નો જાપ મહાલાભદાયી છે, એ સિદ્ધ હકીકત છે. એમ સ્થાપના અરહંત યાને અરહંતની મૂર્તિ પણ દર્શન-સ્મરણ-વંદન પૂજનાદિથી મહાલાભ આપે જ છે. ત્યારે દ્રવ્ય અરહંત તરીકે અરહંતની કાયાને જન્મતાં જ ઇન્દ્રો અભિષેકાદિથી પૂજી મહાલાભ પામે જ છે. એમ દ્રવ્ય અરહંત તરીકે એ ઉંમરે વધ્યા ત્યાં તથા સાધુ બન્યા ત્યારે પોતાના પૂજક પ્રશંસકને પવિત્ર કરે જ છે. પરંતુ અરહંતના આ નામ, સ્થાપના અને દ્રવ્ય (અરહંત બનવા પૂર્વની અવસ્થા)નું આલંબન લઈને કેટલાક જીવો માત્ર દ્રવ્ય-ઉપકાર અર્થાત્ પૌદ્ગલિક લાભ લઈને જે પતાવે છે; ત્યારે ભાવ અરહંતનું આલંબન લેનાર ભાવ-ઉપકાર અર્થાત્ આત્મિક ઉપકાર પામે છે, કેમકે એ પ્રભુ એવા સમ્યક્ તત્ત્વો અને મોક્ષમાર્ગની દેશના દઈ ભાવ ઉપકાર કરે છે, કે જેના આધારે જીવો મહાન આત્મ-કલ્યાણ સાધી શકે છે. તો ભાવોપકાર કરનાર ભાવ-અરહંતમાં જે જે સંપત્તિઓ છે, તેની સમૂહ-સ્તુતિ કરવા હવે 'ભગવંતાણં' પદ મૂકે છે.

(ल०) तत्र 'भगः' समग्रैश्वर्यलक्षणः, उक्तं च

'ऐश्वर्यस्य समग्रस्य रूपस्य यशसः श्रियः। धर्म्मस्याथ प्रयत्नस्य षण्णां भग इतीङ्गना॥१॥

(१) समग्रं चैश्वर्यं भक्तिनम्रतया त्रिदशपतिभिः शुभानुबन्धिमहाप्रातिहार्यकरणलक्षणम्। (२) रूपं पुनः सकलसुरस्वप्रभावविनिर्मिताङ्गुष्ठरूपाङ्गारनिदर्शनातिशयसिद्धम्। (३) यशस्तु रागद्वेषपरीषहोपसर्गपराक्रमसमुत्थं त्रैलोक्यानन्दकार्याकालप्रतिष्ठम्। (४) श्रीः पुनः घातिकर्मोच्छेदविक्रमावाप्तकेवलालोकनिरतिशयसुखसम्पत्समन्वितता परा। (५) धर्म्मस्तु सम्यग्दर्शनादिरूपो दानशीलतपोभावनामयः साश्रवानाश्रवो महायोगात्मकः। (६) प्रयत्नः पुनः परमवीर्यसमुत्थ एकरात्रिक्यादिमहाप्रतिमाभावहेतुः समुद्घातशैलेश्यवस्थाव्यङ्ग्यः समग्र इति।.....अयमेवंभूतो भगो विद्यते येषां ते भगवन्तः। तेभ्यो भगवद्भ्यो नमोऽस्त्विति॥२॥एवं सर्वत्र क्रिया योजनीया।

અર્થ:—'ભગવંતાણું' માં 'ભગ' એ સમગ્ર ઐશ્વર્યાદિરૂપ છે. કહ્યું છે કે સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન,—આ છ ની 'ભગ' એવી સંજ્ઞા છે. '**સમગ્ર ઐશ્વર્ય**' એ ઇન્દ્રો વડે ભક્તિનમ્ર તરીકે શુભાનુબંધી મહાપ્રતિહાર્ય કરવારૂપ છે. ત્યારે '**રૂપ**' એ સમસ્ત દેવોએ પોતાના પ્રભાવે (પોતાના સઘળા રૂપનું) બનાવેલું અંગુઠાપ્રમાણ રૂપ (જેની આગળ) કોલસાનું દૃષ્ટાન્ત (પામે) એવી અતિશયતા (લઇને) નિર્માણ પામેલું છે. વળી '**યશ**' રાગ, દ્વેષ, પરીસહ, અને ઉપસર્ગ સામેના પરાક્રમથી પ્રગટેલો અને ત્રણેય લોકને આનન્દકારી તથા યાવત્ કાળ સુધી રહેનારો છે. તેમ '**શ્રી**' તો ઘાતી કર્મોના ઉચ્છેદના પરાક્રમથી પ્રાપ્ત કરેલ કેવળજ્ઞાન, અને બીનહરીફ સુખ તથા સંપત્તિથી શ્રેષ્ઠ યુક્તતા સ્વરૂપ છે. ત્યારે '**ધર્મ**' વળી સમ્યગ્દર્શનાદિરૂપ, દાન-શીલ-તપો-ભાવનામય, સાશ્રવ-નિરાશ્રવ, અને મહાયોગાત્મક છે; અને **પ્રયત્ન** તો શ્રેષ્ઠ વીર્યમાંથી જન્મેલો, એકરાત્રિકી વગેરે મહાપ્રતિમાભાવનું કારણભૂત, અને કેવલિસમુદ્ઘાત તથા શૈલેશી અવસ્થા દ્વારા ઓળખાય એવો પૂર્ણ છે.

આવા (છ) પ્રકારનો આ ભગ જેને છે તે ભગવાન કહેવાય. તે ભગવાનને, 'નમસ્કાર હો' એવા પ્રકારની ક્રિયા સર્વત્ર યોજવી.

વિવેચન:— **છ પ્રકારનો ભગ**:—હવે 'ભગવંતાણું' એટલે કે 'ભગવાળાને,' એમાં '**ભગ**' એટલે શું ? એજ કે સમગ્ર ઐશ્વર્ય વગેરે છ ગુણ; કેમકે કહ્યું છે કે 'ભગ' શબ્દ એ સમગ્ર ઐશ્વર્ય[૧]-રૂપ[૨]-યશ[૩]—શ્રી[૪]--ધર્મ[૫]—પ્રયત્ન[૬], એ છ અર્થમાં વપરાય છે. આ છ વસ્તુ ભાવ અરહંતમાં ઉત્કૃષ્ટ કોટિની હોય છે; માટે એ ભગવાન કહેવાય છે. હવે છ એનું કંઇક સ્વરૂપ બતાવે છે.

(૧) **સમગ્ર ઐશ્વર્ય** ભાવ અરહંતમાં છે. ઐશ્વર્ય એટલે ઠકુરાઇ; એ એમનામાં સર્વોચ્ચ કોટિની છે; કેમકે જગતમાં શેઠ, સાર્થવાહ, નગરશેઠ, ઠાકોર, રાજા, દેવ વગેરેને ઉત્તરોત્તર ચઢતી ઠકુરાઇ હોય છે; એમાં સૌથી ચઢીયાતી ઠકુરાઇ ઇન્દ્રની હોય છે. પરંતુ એવા ઇન્દ્ર પણ જેના સેવક બનીને રહે છે એ અરહંત પરમાત્માની સર્વોચ્ચ ઠકુરાઇ ગણાય. ઇન્દ્ર પોતે એમની આગળ અત્યંત ભક્તિવશ નમ્ર બનીને મહાન પ્રાતિહાર્યની રચના કરે છે. પ્રાતિહાર્ય એટલે શોભાકારી સરંજામ. ◆ અરહંતને નીચેથી ઉપર જોતાં જઇએ તો આ પ્રમાણે ક્રમશઃ આઠ પ્રતિહાર્ય હોય છેઃ— (૧) બેસવાનું રત્નમય સિંહાસન, પ્રભુને ચાલવું હોય ત્યારે એ સાથે સાથે આકાશમાં ચાલે; ને બેસવું હોય

ત્યારે એ નીચે ઉતરી બેસવાના સ્થાને ગોઠવાઇ જાય. (૨) પ્રભુને ચાલતા હોય ત્યારે પણ બે બાજુ **ચામર** વીંજાયા કરે. (૩) પ્રભુના મસ્તક પાછળ તેજના પુંજભર્યું **ભામંડલ** ગોલાકૃતિમાં હોય. (૪) બેસતાં કે ચાલતાં મસ્તક પર આકાશમાં ઉપરાપર ત્રણ **છત્ર** ધરાયેલા હોય. (૫) પ્રભુની આસપાસ આકાશ-માંથી ઝરમર પુષ્પવૃષ્ટિ થતી હોય. (૬) પ્રભુની દેશનાભૂમિ-સમવસરણને છાયા આપતું વચમાં પ્રભુની પીઠ પાછળ મહાન **અશોકવૃક્ષ** હોય. (૭) પ્રભુની માલકોશ રાગમાં ચાલતી મધુર દેશનાના નાદમાં દેવતાઓ બંસરી બજાવી અદ્ભુત સૂર યાને **દિવ્યધ્વનિ** પૂરતા હોય. (૮) પ્રભુની ઉપર ઊંચે આકાશમાં **દેવ દુંદુભિ** બજતી હોય; ધર્મચક્રવર્તી પ્રભુના આગમનને સૂચવતી જાણે કહેતી હોય કે 'મોક્ષનગરીના સાર્થવાહ આવ્યા છે, તેમનું આલંબન લઇ લો.' ત્રણ લોકના તારણહારની સેવામાં આ પ્રાતિહાર્યની રચના પુણ્યાનુબંધી પુણ્યની અર્જક હોય છે; કેમકે એ જોઇ અનેક ભાળજીવોને પ્રભુ પ્રત્યે બહુમાન પામવામાં એ નિમિત્ત બને છે. પ્રભુની સેવામાં ઇન્દ્રો આ પ્રાતિહાર્ય કરે એ પ્રભુનું **સમગ્ર ઐશ્વર્ય** કહેવાય. ત્યાં પછી બીજા દેવતાઓ કે રાજા-મહારાજા વગેરે અરહંતનું પ્રભુત્વ માથે ધરે, ઇન્દ્રાણીઓ અને દેવાંગનાઓ આદિ એ પ્રભુત્વના ગીત ગાય, એ સહજ છે.

(૨) **રૂપ**:–અરહંત પ્રભુનું રૂપ અતિશય સુંદર અને અનોપમ હોય છે. એનો ખ્યાલ આપવા એ દૃષ્ટાન્ત આપવામાં આવે છે કે **સમસ્ત** દેવો, અસત્ કલ્પનાએ માનો કે, દિવ્ય પ્રભાવથી પોતાનું બધું **સૌંદર્ય** ભેગું કરી પછી એનો સાર (ઇસેન્સ essance) ખેંચી ઠેઠ એક અંગુઠા પ્રમાણ કરી નાખે, તો ય તે રૂપ-સૌંદર્ય પ્રભુના રૂપ-સૌંદર્ય આગળ ઝાંખું અંગારા કોલસા જેવું દેખાય. એટલું દેવો કરતાં અનંતગુણું સુંદર રૂપ પ્રભુનું હોય છે. એમણે પૂર્વના ત્રીજા ભવમાં અરિહંતાદિ વીસ પદની યા તે પૈકીના કોઇ પદની અતિશય ઉચ્ચ સાધના સહિત વિશ્વના જીવોનો ઉદ્ધાર કરવાની જવલંત કરુણા ભાવના સાધીને તીર્થંકરનામકર્મના પુણ્યની સાથે અનેક પુણ્યો પૈકી જે શુભ વર્ણાદિનાં પુણ્ય ઉપાર્જ્યાં હોય છે, તે એમને આવું ઇન્દ્રો કરતાં ય અનંતગુણું સુંદર રૂપ લાવણ્ય અને કાન્તિ આપે છે. ઇન્દ્રોને એવું પુણ્ય જ કર્યાં છે કે એમને આવું રૂપ મળે? એમાં પાછું પ્રભુને ઠેઠ ગર્ભ-અવસ્થાથી એવો ઝળહળતો વૈરાગ્ય હોય છે, એવા અદ્ભુત શાંતરસમાં સર્વાંગીણ અવગાહન હોય છે, કે એમની કાયાના અણુઓ સુંદર આકર્ષકતા ધરાવે છે. માટે તો કવિ સ્તુતિ કરે છે, '**यैः शांतरागरुचिभिः परमाणुभि-स्त्वं, निर्मापितस्त्रिभुवनैकललामभुत! तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां, यत्ते समानमपरं न हि रूपमस्ति ॥** હે ત્રિભુવનના એક નાથ! જે શાંત રસ અને કાન્તિવાળા પરમાણુઓથી તારી કાયાનું નિર્માણ થયું છે, તે પરમાણુઓ ખરેખર! પૃથ્વી પર તેટલા જ હશે; કેમકે તારા જેવું બીજું કોઇ રૂપ નથી.'

(૩) **યશ** અરહંત પ્રભુનો અનુપમ હોય છે; કેમકે તે યશ કોઇ બહારના દુશ્મનને વિડંબવાના પરાક્રમમાંથી નહિ, પણ રાગ અને દ્વેષ રૂપી દુર્જેય આંતર દુશ્મનોની સામે એનો અંત કરવા સુધી ઝઝુમવાના પરાક્રમમાંથી જન્મેલો છે. જગત મહાવિરાગી અને મહાપ્રશાંતનો મહાયશ ગાય છે, એ પ્રસિદ્ધ છે. વળી ઉગ્ર ક્ષુધાદિ પરીસહો અને ભયંકર પિશાચી પણ ઉપસર્गોથી ભાગી જવાની વાત તો નહિ, કિન્તુ એમાં લેશમાત્ર દીન કે વિહ્વલ પણ બનવાને બદલે એને સમ્યક્ પ્રકારે સહવામાં જે વીરતા પ્રભુએ દાખી છે, તેથી વિશાલ નિર્મળ યશ એમણે પ્રાપ્ત કર્યો છે. ઋષભદેવ પ્રભુએ ચારિત્ર સ્વીકાર્યું ત્યારે લોકને 'સાધુને કેવી પ્રાસુક ભિક્ષા ખપે?' એનું ભાન નહોતું; છતાં પ્રભુએ એમને પહેલેથી એ શિખવાડીને પોતાની ભિક્ષાની જોગવાઇ કરી રાખવાનું કર્યું નહિ; ને દીક્ષા લીધી પછી તો પ્રભુને લોક હીરા-માણેક ને હાથીઘોડા વગેરે આપવા ધરે છે, પણ આહાર આપવાનું કોઇ સમજતું નથી! એ સ્થિતિમાં પ્રભુ, વિના આહારપાણી ક્ષુધા અને તૃષાનો ઘોર પરીસહ પણ, 'અરે! હું લોકને આ શિખવાડવાનું ભૂલ્યો!' એવા કોઇ જ પશ્ચાત્તાપ વિના, સમ્યગ્ રીતે ૪૦૦ દિવસ સુધી સહે છે! એ તો શ્રેયાંસને પૂર્વ ભવનું સ્મરણ થઇ **સાધુભિક્ષાનું** ભાન થવાથી, પ્રભુને

એણે અચિત્ત (નિર્જીવ) ઇક્ષુરસનું દાન કર્યું, ત્યારે પ્રભુએ પારણું કર્યું! એમ મહાવીર સ્વામીને સંગમદેવે એવા ઘોર ઉપસર્ગ કર્યા કે જ્યાં ધરણી ધ્રૂજતી હતી! છતાં પ્રભુ નિષ્પ્રકંપ હતા!! અરિહંતના આવા સાત્ત્વિક પરાક્રમથી એમનો અતુલ યશ કેમ ન પ્રસરે? એવો યશ ગવાતાં ત્રણે ય લોકના જીવોને આનન્દના પૂર ઉછળે છે, રાગી દ્વેષી લોકે ય મુગ્ધ થાય છે, અને વિરાગી લોક પણ મુગ્ધ થાય છે! અનંત કાળના પટ પર આવો યશ અંકિત થઇ યાવચ્ચન્દ્રદિવાકર બને છે!

(૪) **શ્રી** એટલે કે પરમ જ્ઞાનતેજ, પરમ સુખ, અને પરમ સંપત્તિ અરિહંત પરમાત્માને સિદ્ધ થઇ હોય છે. જ્ઞાનાવરણીયાદિ ચારે ય ઘાતી કર્મોને શુકલધ્યાનના દાવાનળમાં ભસ્મીભૂત કરવાના અથાગ પરાક્રમમાંથી એમને લોકાલોક-પ્રકાશી કેવળજ્ઞાનનું પરમ તેજ ઝળહળી ઉઠ્યું હોય છે. સાથે, મોહને સમૂળ હણી નાખ્યો હોઇને વીતરાગભાવ પ્રગટ થવાથી એમને નિરતિશય યાને જગતમાં જેનાથી ચઢીયાતું કોઇ ઇન્દ્રાદિનું પણ સુખ નથી એવું સુખ પ્રાપ્ત થાય છે. દેખાય છે કે માણસ જેટલો જેટલો મોહને ઓછો કરતો આવે, રાગદ્વેષને નિવારતો આવે, તેટલો તેટલો આંતરિક ભવ્ય આલ્હાદ અનુભવતો આવે છે. તો મોહના સર્વનાશથી સહજ છે કે સર્વોત્કૃષ્ટ સુખ પ્રગટે. વળી પરમાત્માને તીર્થંકર નામકર્મ અને બીજાં સૌભાગ્યાદિ મહાપુણ્ય અહીં ઉદયમાં આવવાથી સર્વોત્કૃષ્ટ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે; જેવી કે, પૂર્વોક્ત ૮ પ્રાતિહાર્ય ઉપરાંત, પ્રભુના વિહાર દેશમાં સવાસો યોજનમાંથી મારી-મરકી વગેરેના ઉપદ્રવ દૂર થાય છે. પ્રભુની સાથે ઓછામાં ઓછા એક ક્રોડ દેવતા સેવામાં રહે છે. દેવો ચાંદી, સુવર્ણ, રત્નના ઉપરાપર ત્રણ ગઢનું સમવસરણ પ્રભુની દેશનાભૂમિ તરીકે રચે છે. પ્રભુ ચાલે ત્યારે દેવો ભક્તિથી માખણના પિંડા જેવા સુવર્ણકમળ પ્રભુના પગ નીચે ગોઠવી દે છે. ચાલતાં પ્રભુને વૃક્ષો નમે છે, ગગનમાં પંખીઓ પ્રદક્ષિણા દે છે, મહાન ધર્મચક્ર આગળ ચાલે છે, કાંટા ઉંધા થઇ જાય છે, વગેરે; તથા સમવસરણમાં લાખો કરોડો દેવ માનવો અને પશુઓ સમાઇ જાય, પરસ્પર વિરોધી જનાવરો દા. ત. સર્પ-મોર, ઉંદર-બિલાડી, સિંહ-મૃગ, વાઘ-બકરી વગેરે પણ વિરોધ તજીને બંધુભાવે ત્યાં દેશના સાંભળવા બેસી જાય, દેવ-માનવ-તિર્યંચ દરેક જણ પોતપોતાની ભાષામાં પ્રભુની વાણી સમજી જાય, વાણીનો રસ ભૂખ-તરસ, રોગ-શોક ભૂલાવી અમૃતથી પણ કોઇ ગુણો મધુરો લાગે...આ કરાવનારી પરમાત્માના અતિશયોની સંપત્તિ છે. અતિશયો એટલે અલૌકિક યાને જગતના જીવો કરતાં વિશિષ્ટ અદ્ભુત ખાસિયતો. એવા અતિશય ૩૪ છે. અરહંત પરમાત્માને એ અતિશયો કેટલાક જન્મથી, કેટલાક દીક્ષા લીધા પછી, ને બાકીના કેવળજ્ઞાન પ્રાપ્ત થયેથી હોય છે. એમાં વાણીના પાછા ૩૫ અતિશય હોય છે. પ્રસંગવશાત્ એ અહીં બતાવવામાં આવે છે.

શ્રી અરિહંત પરમાત્માના ૩૪ અતિશયો.

૪ મૂળ અતિશય:—(૧) અદ્ભુત દેહ, (૨) સુગંધિ શ્વાસ, (૩) રુધિર સફેદ અને માંસ સારાવર્ણાદિવાળું, (૪) અદશ્ય આહાર-નિહાર.

૧૯ દેવકૃત અતિશય:— (૧) દાઢી-મૂછ-માથાના વાળ ન વધવા, (૨) જઘન્યથી ક્રોડ દેવ સાથે, (૩) ચાલતાં સુવર્ણ કમળ, (૪) કાંટા ઉંધા થાય, (૫) વૃક્ષ-નમન, (૬) પંખી પ્રદક્ષિણા દે, (૭) અનુકૂળ પવન, (૮) ઋતુની અનુકૂળતા, (૯) ધર્મચક્ર, (૧૦) રત્નમય ધ્વજ, (૧૧) સમવસરણ ત્રણ ગઢ, (૧૨) દુંદુભિનાદ, (૧૩) અશોકવૃક્ષ, (૧૪) ત્રણ છત્ર, (૧૫) જલવૃષ્ટિ, (૧૬) પુષ્પવૃષ્ટિ, (૧૭) રત્ન સિંહાસન, (૧૮) પ્રભુ ચતુર્મુખ દેખાય, (૧૯) ચામર.

૧૧ કર્મક્ષયકૃત અતિશય:— (૧) સવાસો જોજનમાં લોકમાં રોગ નહિ, (૨) પરસ્પર વૈર-વિરોધ નહિ, (૩) ઉંદર વગેરેનો ઉપદ્રવ નહિ, (૪) મારી (પ્લેગ, કોલેરા) નહિ, (૫) અતિવૃષ્ટિ (હેલી) નહિ, (૬) અવૃષ્ટિ (વર્ષાનો અભાવ) નહિ, (૭) દુષ્કાળ (ભિક્ષાનો અભાવ) નહિ, (૮) આંતર ખળવો

કે પર રાજાનું આક્રમણ નહિ, (૯) પ્રભુના મસ્તક પાછળ ભામંડળ, (૧૦) જોજનના સમવસરણમાં કોટાકોટી દેવ-મનુષ્ય-તિર્યંચ સમાય, (૧૧) પ્રભુની વાણી જોજન સુધી સંભળાય, ને તે તિર્યંચ-મનુષ્ય-દેવતાની ભાષામાં પરિણમે, તે પાંત્રીસ અતિશયવાળી હોય.

અતિશયોનું કાંઇક વિવરણઃ—દેવાધિદેવ શ્રી અરિહંત પ્રભુનો આત્મા કેવી કેવી અલૌકિક વિશેષતાઓ ધરાવે છે, તે આ ચોત્રીસ અતિશયોમાંથી સમજાય છે. પૂર્વજન્મના વિશિષ્ટ શ્રદ્ધાબળ, તપોબળ, સંયમબળ વગેરેના પ્રતાપે આ બધું અસંભવિત નથી.

૪ મૂળ અતિશયઃ—પ્રભુ માતાના ગર્ભમાં આવતાં જ, (૧) પ્રભુનો અદ્‌ભુત દેહ તૈયાર થાય છે. સર્વોત્તમ દેવ, અનુત્તરવાસી દેવના દેહ કરતાં અતિશય ચઢીયાતા આહારકલબ્ધિના સુંદર દેહથી પણ **અતિશય રૂપાળો** જે ગણધર દેવનો દેહ, તેના કરતાં ય અનંતગુણ લાવણ્ય **સૌંદર્યવાળું** અને રૂપાળું તીર્થંકર પરમાત્માનું શરીર હોય છે. માતાના ગર્ભના અશુચિ પુદ્‌ગલોમાંથી આવા દેહનું નિર્માણ થવું એ વિશિષ્ટ લોકોત્તર પુણ્ય-શક્તિ છે. દેહના પુદ્‌ગલોની ગંધ પણ **મનોહર** હોય છે. એ દેહમાં જીવનભર કદી **રોગ થતા નથી**! અરે! **પરસેવો સરખો પણ થતો નથી, કે મેલ જામતો નથી**! ત્યારે શરીરના **બળનું પૂછવું જ શું**? તાકાત તો ગજબ કોટિની હોય છે! (૨) એવા એ દેહમાં શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધિદાર હોય છે, (૩) લોહી ગાયના નિર્મળ દૂધ જેવું સફેદ, દર્શનીય અને દુર્ગંધ વિનાનું હોય છે! તથા માંસાદિ ધાતુઓ જરા ય બિભત્સ નહિ, જરા ય દુર્ગંધવાળી નહિ, પણ ઉલટી રમણીય, દર્શનીય, ને સારા વર્ણાદિવાળી હોય છે! (૪) પ્રભુના દેહથી થતી આહાર લેવાની ક્રિયા કે મળમૂત્રના વિસર્જનની ક્રિયા અદૃશ્ય રહે છે, જેથી બીજાઓ ચર્મચક્ષુથી એ જોઈ શકતા નથી. તીર્થંકર પરમાત્માપણાના મહાપુણ્ય સિવાય આ બીજામાં ક્યાંથી સંભવે?

૧૯ દેવકૃત અતિશયઃ—(૧) પ્રભુ ચારિત્ર લે તે વખતે પંચમુષ્ટિથી દાઢી, મૂછ અને મસ્તકના કેશનો લોચ કરી નાખે છે, પછી ઠેઠ નિર્વાણ સુધી ત્યાં વાળ વધતા નથી; નખ પણ વધતા નથી. દીક્ષા સમય જેવી સ્થિતિ રહે છે. (૨) તે પછી પ્રભુ કેવળજ્ઞાન પામે એટલે ઓછામાં ઓછા એક ક્રોડ ભવનપતિ વગેરે દેવતાઓ પ્રભુની સેવામાં સાથે જ રહે છે. દેવતાઈ મહાસુખને પણ દુઃખના પાતાળ-કૂવા સમજી આત્મકલ્યાણ ઝંખતા દેવતાઓ આત્મકલ્યાણની મૂર્તિસમા શ્રી વીતરાગ અરિહંતનાથને સેવે એમાં શી નવાઈ? (૩) હવે પ્રભુને ચાલતાં પૃથ્વી પર પગ અડાડવાનો હોતો નથી; કેમકે ચાલતી વખતે પગ મૂકવાના સ્થાન પર નીચે સુવર્ણ કમલ ગોઠવાઈ જાય છે. તેમાંથી બે પર પગ પડેલા દેખાય છે, બીજા સાત કમળ હોય છે. એમાં આગળ પગલાં માંડતાં ઠેઠ પાછળમાંથી બબ્બે કમળ ઓછા થાય છે; અને આગળ બબ્બે કમળ ઉપસ્થિત થઇ જાય છે. સુવર્ણના આ કમળ પાછાં માખણના પિંડા જેવા અતિ કોમળ, યાને મહામુલાયમ હોય છે. (૪,૫,૬) પ્રભુ ચાલે ત્યાં કાંટા ચતા હોય તે ઉંધા થઈ જાય છે; અર્થાત્ અણીયો જમીન તરફ નીચી વળી જાય છે. વળી આજુબાજુના વૃક્ષ પ્રભુને નમી જાણે નમસ્કાર કરતા દેખાય છે. ત્યારે પંખીઓ વળી પ્રભુને પ્રદક્ષિણા દે છે. (૭, ૮) પરમાત્મા વિચરે ત્યાં પવનના ઉપદ્રવ મટીને વાયુની લહેરી અનુકૂળ વહેતી જાય છે; અને વસંત વગેરે છ ઋતુઓને યોગ્ય સારાં પત્ર, ફૂલ, ફળ વગેરે પદાર્થો ખીલી ઉઠે છે. (૯, ૧૩) પરમાત્મા ચાલે ત્યાં ય ધર્મચક્રાદિ પાંચ વિશિષ્ટ વસ્તુઓ સાથે જ અધ્ધર આકાશમાં ચાલે છે, એમાં ધર્મચક્ર બહુ તેજસ્વી હોય છે, આરાથી શોભતું હોય છે, અને એને હરણનું જોડલું સેવતું હોય છે. બીજો રત્નમય ધ્વજ પણ ઊંચા કંચનમય દંડ ઉપર રત્નની અનેક બીજી નાની ધ્વજાઓથી દીપી રહ્યો હોય છે. વળી પાદપીઠ (સિંહાસને બેઠા પગ મૂકવાનો બાજઠ) સહિત સિંહાસન પણ અદ્ધર સાથે જ ચાલે છે. તેમજ પ્રભુના માથે એકેકથી મોટા એવા દેદીપ્યમાન ત્રણ છત્ર મોતીઓના ઝુમખાથી પરિવરેલા સાથે જ ચાલે છે. વળી પ્રભુને ચાલતાં બે બાજુ યક્ષના હાથમાં ચામર વીંજાય છે. (૧૪) પ્રભુ જ્યાં સ્થિર થાય ત્યાં જોજન જેટલી ભૂમિ પર

ધૂળ ન ઉડે એ માટે સુગંધિત જલનો વરસાદ થઈ જાય છે. (૧૫) પ્રભુને દેશના દેવા માટે એક જોજન-પ્રમાણ ભૂમિ પર ભવનપતિ જ્યોતિષ અને વૈમાનિક દેવો અનુક્રમે ચાંદીનો, સોનાનો, ને રત્નનો એમ ત્રણ કિલ્લા રત્નની કાંગરીવાળા એકેકની ઉપર રચે છે. (૧૬) એના પર પુષ્પની વૃષ્ટિ થાય છે. એ પુષ્પોના ડીંટીયા નીચા હોય છે, અને પાંખડી ઊંચી હોય છે. ત્યાં ચાલતા-બેસતા તિર્યંચ મનુષ્યોથી એને પરમાત્માના અતિશયના પ્રભાવે કિલામણ નથી થતી; આ પુષ્પોથી વાતાવરણમાં સુગંધ મઘમઘે છે. (૧૭) સમવસરણની મધ્યમાં અશોક વૃક્ષ રચાય છે. તે આખા સમવસરણમાં આવેલા જીવોને છાયો આપે છે. એની સુગંધી વળી એવી અદ્‌ભુત હોય છે કે ભમરા દોડી આવી એની આસપાસ ગુંજતા રહે છે. (૧૮) પરમાત્માને બેસવા માટે ઝાડ નીચે પૂર્વ દિશા સન્મુખ મુખ્ય રત્નસિંહાસન સ્થપાય છે; અને બાકીની ત્રણ દિશામાં પણ બરાબર પ્રભુના જેવી આકૃતિવાળા પ્રતિબિંબ સિંહાસન પર સ્થપાય છે; જેથી ચારે દિશામાં સૌને એમ લાગે છે કે પ્રભુ અમારી સામે છે. આમ પ્રભુની ચતુર્મુખતા થાય છે. (૧૯) ત્યાં દેવતા ઊંચે દુંદુભિ, ભેરી વગાડે છે; જેથી ચારે બાજુના પ્રદેશને આ ધર્મનરેસર-પરમાત્મા પધાર્યાની ખબર પડે છે, અને આવીને દર્શન, વંદન, વાણી, શ્રવણનો લાભ લઈ સમ્યક્‌ત્વાદિ ધર્મ પામે છે.

તીર્થંકરપણું પ્રાપ્ત કરવા યોગ્ય પુણ્ય ઉપાર્જવામાં કેવીક જોરદાર અરિહંત-ભક્તિ આદિ સાધના કરી હોય જેના અલૌકિક પ્રભાવે આવું બધું અચિંત્ય અકલ્પ્ય બને? એ મનમાં લાવવા જેવું છે. ઘોર દુષ્કૃત્યોના ઘોર નીચા ફળ મળે તો ગજબના સુકૃતના અતિ ઊંચા ફળ કેમ ન નીપજે? ઉપર કહેલા ઓગણીશ અતિશયો ખાસ દેવો પરમાત્મા ઉપરની અનુપમ ભક્તિથી પ્રેરાઈને રચે છે, એ વખતે જનતામાં કેવું ય મહાન આકર્ષણ થતું હશે! એ તો નજરે જોનાર કે વિશિષ્ટ જ્ઞાની અનુભવી શકે! એના યોગે લાખો કરોડો બાળ-જીવોને પરમાત્મા તરફ ખેંચાણ થાય છે; એમાં કેટલાકને તો આ સમૃદ્ધિ-ભપકો જોઇને જ મિથ્યાત્વાદિ દોષો ભાગી જાય છે; ત્યારે બીજાઓને પ્રભુની વાણી સાંભળીને એવું બને છે. ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિને ઋષભદેવ પ્રભુની સમવસરણાદિ ઋદ્ધિ જોતાં વૈરાગ્ય થઇ ગયો હતો. અને તરત જ ચક્રવર્તીનું ઘર મૂકી ચારિત્ર લેવાનું બન્યું હતું.

કર્મક્ષય કૃત ૧૧ અતિશયઃ—પરમાત્મા આ જીવનમાં પણ ઉચ્ચ સાધના કરીને જ્યારે શુકલ-ધ્યાનના દાવાનળમાં અનંતા ઘાતી કર્મનાં દળીયાંને જડમૂળમાંથી બાળીને ભસ્મીભૂત કરે છે ત્યારે વીત-રાગ-સર્વજ્ઞતાની જેમ તીર્થંકર નામકર્મનો ઉદય પ્રગટે છે. બીજા પણ યશ-આદેય વગેરેના પુણ્યના ઉચ્ચ દળીઆં ઉદયમાં આવે છે. આ બધાના પ્રતાપે સહજભાવે આ અગીયાર વિશેષતાઓ પ્રગટે છેઃ—

(૧ થી ૮) શ્રી તીર્થંકર પ્રભુ વિચરતા હોય ત્યાં આસપાસના સવાસો જોજનમાં આ આઠ પ્રકાર-ના ઉપદ્રવો પૂર્વે થયા હોય તો શાંત થઇ જાય છે, અને નવા થતા નથીઃ- (૧) તાવ વગેરે રોગો (૨) પૂર્વના ચાલી આવેલા, કે પરસ્પર જાતિના વૈરવિરોધ. (૩) વિશેષ પ્રમાણમાં ઉંદર, ખડમાંકડી, તીડ વગેરે ઉપદ્રવો થાય છે તે; (૪) **મારી**=મરકી, પ્લેગ, કોલેરા કે તેવા બીજા જીવલેણ ઉત્પાત. (૫) **અતિ-વૃષ્ટિ**=વરસાદની હેલી; કે જેમાં મોટા નુકશાન થાય. (૬) **અવૃષ્ટિ**= તદ્દન વરસાદ જ નહિ કે અતિ અલ્પ વરસાદ જેથી લોક પાણી વિના અને ગરમીથી પીડાય. (૭) **દુષ્કાળ**=જેમાં ધાન્યની અછત થઈ જાય અને ભિક્ષા ય ન મળે; અને (૮) **સ્વપરચક્રભય**=તે જ દેશના અમુક લોક કે લશ્કર બળવો ઉઠાવે તેનો ભય તે **સ્વચક્રભય**. દુશ્મન રાજા લશ્કર લઈને આવે તેનો ભય તે **પરચક્રભય**. આ આઠેયમાંથી એક પણ ઉપદ્રવ પ્રભુના આસપાસના ૧૨૫ યોજનમાં હોતો નથી, વળી (૯) પ્રભુને અંતરમાં લોકા-લોકનો પ્રકાશક કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટવાની સાથે બહાર પ્રભુના મસ્તકની પાછળ ઝગમગતા કિરણો-ના જૂથવાળું એક **ભામંડલ**-તેજનો પુંજ પ્રગટ થાય છે. તેથી સામેથી જોનારને પ્રભુના મુખની ચારે બાજું દેદીપ્યમાન અને અતિ મનોહર ગોળાકાર પ્રભા-મંડલ દેખાય છે. (૧૦-૧૧) છેલ્લા બે અતિશય સમવસરણમાં કામ કરે છે, એમાં એક દર્શન-શ્રવણાર્થે ગમે તેટલા કરોડો દેવતા તથા મનુષ્ય તિર્યંચોના

મહેરામણ ઉભરાય છતાં એ બધાં માત્ર એક જોજનના સમવસરણમાં પ્રભુના અચિંત્ય પ્રભાવે સુખે સમાઇ જાય છે; અને બીજો અતિશય એ, કે એ જુદી જુદી જાતના તિર્યંચ પ્રાણીઓ, માનવો અને દેવો પોતપોતાની ભાષામાં સમજી જાય એ રીતે પ્રભુની વાણી તે તે ભાષામાં પરિણમી જાય છે. દા.ત. આકાશમાંથી પડતું વરસાદનું પાણી એક પ્રકારનું હોય છે, પણ નીચે જુદી જુદી જાતની જમીન અને જુદા જુદા પ્રકારના બીજને પામી તે તે રૂપે પરિણમી જાય છે.

વાણીની આ એક જ વિશેષતા નથી; જિનની વાણીના પાંત્રીસ અતિશયો છે. તેને વિચારતાં પહેલાં એ ધ્યાનમાં રહે કે ઉપર કહેલા ૩૪ અતિશયોમાં અને પૂર્વ કહેલ ૧૮ દૂષણોમાં શાસ્ત્રમાં કયાંક મતાન્તર આવે છે. બીજી વસ્તુ એ છે કે પૂર્વે જે બાર ગુણ અરિહંતના ગણાવ્યા છે. તેમાં આઠ પ્રાતિહાર્યના ગુણ છે. એ આઠમાંથી છ પ્રાતિહાર્ય દેવકૃત ૧૯ અતિશયોમાં, ને કર્મક્ષયકૃત ૧૧ અતિશયોમાં એક **'ભામંડલ'** એમ સાત ગણાવ્યા છે. એટલે બાકી **'દિવ્ય ધ્વનિ'** નામનો પ્રાતિહાર્ય જુદો સમજવાનો છે. એમાં જેમ કોઇ કોકિલ કંઠ જેવું મધુરું ગાનારા સંગીતકારના સુરને વાજિંત્રનો સુર વધુ શોભિતો કરે; તેમ દેવો પ્રભુભક્તિની માલકોશ રાગની દેશનાના અતિ મધુર સુરને વળી વધુ અલંકૃત કરે છે.

અરિહંત પ્રભુની વાણીના ૩૫ અતિશય.

વાણી કેવી કેવી ? :— (૧) સંસ્કારવતી, (૨) ઉદાત્ત, (૩) ઉપચારપરીત, (૪) મેઘ-ગંભીર, (૫) પ્રતિનાદયુકત, (૬) દક્ષિણ, (૭) રાગયુકત, (૮) મહાર્થ, (૯) અવ્યાઘાત, (૧૦) શિષ્ટ, (૧૧) અસંદેહકર, (૧૨) અન્યોત્તર રહિત, (૧૩) હૃદયંગમ, (૧૪) સાકાંક્ષ, (૧૫) ઉચિત, (૧૬) તત્ત્વનિષ્ઠ, (૧૭) અપ્રકીર્ણ, (૧૮) સ્વશ્લાઘા-પરનિન્દારહિત, (૧૯) અભિજાત્ય, (૨૦) સ્નિગ્ધ-મધુર, (૨૧) પ્રશસ્ય, (૨૨) અમર્મવેધિ, (૨૩) ઉદાર, (૨૪) ધર્માર્થ-સંબદ્ધ, (૨૫) વિપર્યાસરહિત, (૨૬) વિભ્રમાદિમુકત, (૨૭) આશ્ચર્યકારી, (૨૮) અદ્‌ભુત, (૨૯) અતિવિલંબિત નહિ, (૩૦) અતિવિચિત્ર, (૩૧) વિશેષ મેળવતી, (૩૨) સત્ત્વમુખ્યા, (૩૩) વર્ણપદાદિ વિવિક્ત, (૩૪) વિચ્છેદ રહિત, (૩૫) ભેદ રહિત.

અર્થ:- (૧) **સંસ્કારવાળી** એટલે કે સંસ્કૃત વગેરે લક્ષણવાળી. જેમ કાવ્યમાં શબ્દાલંકારો અને અર્થાલંકારો હોય છે, એમ પ્રભુની વાણીમાં શબ્દ અને અર્થના એવા તો અનેક સુંદર લક્ષણો અને અલંકારો હોય છે, કે એકલા એનાથી જ શ્રોતા દીર્ઘકાળ સુધી એક સરખી આતુરતા અને રસથી સાંભળવામાં લીન થઇ જાય. (૨) **ઉદાત્ત** એટલે માંદા સુરવાળી નહિ, કે બોબડાતા અક્ષરવાળી નહિ, પણ દૂરવાળાને ય બરાબર સંભળાય એવા ઊંચા સુરવાળી અને સ્પષ્ટ ઊંચા અક્ષરવાળી હોય છે. (૩) **ઉપચાર-પરીત** અર્થાત્ તોછડી ને શિષ્ટાચારબાહ્ય એવી ગામડીયા ભાષા નહિ પણ ઉદાર, શિષ્ટાચારી ને સંસ્કારી શહેરી બોલે તેવી ભાષા. એથી એ વિદ્વાનોને ય ખૂબ ગમી જાય છે. (૪) **મેઘગંભીર**=પ્રભુની જોજનગામિની વાણી, ઉપર કહ્યું તેમ માત્ર ઉદાત્ત અર્થાત્ એકલી ઊંચા અવાજવાળી નહિ, પણ વાદળોના ગડગડાટ થતાં કે સમુદ્રનું મંથન થતાં જેવો ગંભીર ધ્વનિ નીકળે એવા ગંભીર ઘોષવાળી હોય છે. પાછી એ (૫) **પ્રતિનાદયુકત**=શબ્દો કે ઘંટનો નાદ જાણે ગુફામાં અથડાઇ રણકાવાળો પડઘો પાડે એવા રણકાળા પડઘાવાળી હોય છે. વાણીની પાછળ કેમ જાણે ઘંટનો મધુરો આલાપભર્યો રણકાર ન ચાલતો હોય ! વળી વાણી (૬) **દક્ષિણ**=બોલાવામાં અને સમજવામાં બહુ જ સરળ હોય છે. એ વાળી. (૭) **અતિ મીઠા માલકોશ**-રાગમાં ચાલે છે, પણ નહિ કે સંગીત વિનાના શુષ્ક ગદ્યમાં, એમાં વળી સાથે દેવોની દિવ્ય બંસરીના સૂર પુરાતા રહે છે ! પછી એ સાંભળવાના રસનું પૂછવું જ શું ? ગંધર્વોના ગીત અને દેવાંગનાના સુકોમળ કંઠના કોયલ જેવા કે ઘંટડી જેવા રણકાર તો એની આગળ કાંઇ જ વિસાતમાં નહિ; જાણે એ બધા પ્રભુની વાણી આગળ ભેંસાસૂર જેવા લાગે. ત્યારે પ્રભુની વાણી માત્ર મધુર રાગવાળી એટલું જ નહિ પણ (૮) **મહાર્થ** એટલે કે વિશાળ અને ઉંડા અર્થવાળી હોય છે.

પ્રભુના વચનોનો અર્થ ઘણો ઊંચો હોય છે, પણ નહિ કે એ ફાસફુસીયા અર્થવાળી વાણી. તેમજ (૯) **અવ્યાઘાત** = પ્રભુની ચાલતી એક સરખી વાગ્ધારાના પૂર્વાપર કથનોમાં કયાંય પરસ્પર વ્યાઘાત નથી આવતો; એક વચન પૂર્વના બીજા વચનનો વિરોધ કરે એવું નથી બનતું. ઉલટું વચનો એક બીજાની પુષ્ટિ કરી, વસ્તુતત્ત્વનું સુંદર સમર્થ પ્રતિપાદન કરનારાં હોય છે. વળી એ વાણી, (૧૦) **શિષ્ટ** એટલે કે મહાસજ્જન પુરૂષો બોલે એવી શિષ્ટતાવાળી; તેમજ સ્વમાન્ય સિધ્ધાન્તોને અનુસરતા પદાર્થોને કહેનારી હોય છે; પણ નહિ કે, સિધ્ધાન્ત-વિરુદ્ધ અર્થવાળી અને અ-શિષ્ટ. વળી વાણી (૧૧) **'અસંદેહકર'** અર્થાત્ જેમાં શ્રોતાને કયાં ય શંકા રહે એવાં વચન જ હોતા નથી. દરેકે દરેક વચન નિશ્ચિત બોધ કરાવે છે; ટંકશાળી નાણાંની જેમ વચન સીધા હૃદયમાં જઇને શ્રોતાને જચી જાય છે. (૧૨) **'અન્યોત્તર રહિત'** એટલે કે પ્રભુના એક પણ વચન પાછળ કોઇ ઉત્તર, પ્રશ્નોત્તર કરી દૂષણ કાઢી શકે એવું હોતું નથી. કોઇ પણ વાકજાળનાં કે બીજાં દૂષણ પ્રભુના વચનમાં ઉભા થઈ શકતા નથી. વાણી (૧૩) **અતિહૃદયંગમ** એટલે કે હૃદયને સુગ્રાહ્ય અને ગમી જાય એવી હોય છે. વાણીના વચનો અરસપરસમાં (૧૪) **સાકાંક્ષ** એટલે કે પદો અને વાકયો એક-બીજાની સાથે અપેક્ષાવાળા ને સંગતિવાળા હોય છે; પણ નિરાકાંક્ષ અર્થાત્ કોઈ વચનને બીજા સાથે કાંઈ જ સંબંધ નહિ પણ છૂટક છવાયા અર્થવાળું, એવું નથી હોતું. એક પછી બીજું વચન નીકળે તે પૂર્વ પૂર્વની સાથે વ્યવસ્થિત સંબંધવાળું, ને સળંગ ધારાબદ્ધ પદાર્થને વર્ણવનારૂં હોય છે. (૧૫) વાણીમાં શબ્દે શબ્દે **ઔચિત્ય** ભારોભાર ભરેલું હોય છે. એટલે કે શબ્દે શબ્દ પ્રકરણ, પ્રસ્તાવ અને દેશકાળને ઉચિત હોય છે. તેથી શ્રોતા ઉપર ગજબની ચમત્કારિક સારી અસર થાય છે. તેમ એમાં કયાં ય કોઇને અનુચિત લાગી મન ખાટું થવા જેવું બનતું જ નથી. વાણી (૧૬) **'તત્ત્વનિષ્ઠ'** એટલે જે વસ્તુનું પ્રતિ-પાદન કરવું હોય તેના સ્વરૂપને અનુસરનારી વાણી હોય છે, પણ નહિ કે વસ્તુનું સ્વરૂપ અમુક હોય ને પ્રતિપાદન કંઇક જુદું જ કરાતું હોય. વળી વાણી (૧૭) **'અપ્રકીર્ણ-પ્રસૃત'** હોય છે; અર્થાત્ સુસંબદ્ધ પદાર્થને કહેનારી હોય છે. એમાં સંબંધ વિનાના પદાર્થોનો અધિકાર ચાલતો નથી, તેમ વર્ણનનો અતિ વિસ્તાર એટલે કે બોટું લંબાવવાનું પણ હોતું નથી. વાણી (૧૮) **સ્વશ્લાઘા-પરનિ-ન્દાથી રહિત** હોય છે. કયાં ય પ્રભુ પોતાની પ્રશંસા કરનારૂં વચન નથી બોલતા; તેમજ સામે બેઠેલા શ્રોતાના ગુપ્તમાં ગુપ્ત દોષો અને એમની ઉપર ઉપરની સફાઇભંધ ચાલબાજી પ્રભુ રજેરજ જાણવા છતાં કોઇની ય નિંદાનો એક પણ અક્ષર પ્રભુ નથી ઉચ્ચારતા. પ્રભુની વાણી (૧૯) **'અભિજાત્ય'** એટલે ઉત્તમ કોટિની અર્થાત્ વક્તાની પોતાની અને વિવેચવાના વિવેચનની ભૂમિકાને અનુસારે વાણી હોય છે. પોતે જગદીશ પરમાત્મા છે, તો ભૂમિકા બહુ ઊંચી! તેથી વાણી પણ તેવી ઊંચી બોલાય છે. વળી વાણી (૨૦) **સ્નિગ્ધ મધુર** એટલે કે સાકર, શેરડી તો શું પણ દિવ્ય અમૃત કરતાં ય અતિશય ચઢી જાય એવી સ્નિગ્ધતા અને માધુર્યવાળી હોય છે. એવી એ મધુર વાણી સતત દિવસોના દિવસો સાંભળતાં ય થાક, કંટાળો, નિદ્રા, ભૂખ, તરસ, ટાઢ, ગરમી વગેરે કોઈ પણ પીડા લેશમાત્ર હોતી નથી. એટલી અનુપમ મધુરતા એમાં છે. આવી વાણી (૨૧) **પ્રશંસનીય** છે. હોય જ ને? કેમકે એ સાંભળી જનારા એના અનુપમ ગુણોથી આકર્ષાઇને બહાર પણ બીજું બધું ભૂલીને એકલી એની જ પ્રશંસા કર્યા કરે છે. લોકમાં ચારેકોર જિનવાણીના ગુણગાનના ઘોષ ચાલી રહ્યા હોય છે. વળી એ વાણી (૨૨) **અમર્મવેધી** અર્થાત્ કોઇ પણ શ્રોતાના મર્મને ન બોલનારી હોય છે. નહિતર અનંતજ્ઞાની પ્રભુની જાણકારી તો બધી જ છે; પણ બીજાની રહસ્યમય વાતોને બહાર ન પ્રકાશવાની પરમ ગંભી-રતા પ્રભુમાં સાગરથી ય અધિક હોય છે. વાણી (૨૩) **'ઉદાર'** છે. અર્થાત્ કહેવાનો વિષય ઉદાર એટલે કે મહાન અને ગંભીર હોય છે; નહિ કે અલ્પ અને તુચ્છ. તેમજ (૨૪) **'ધર્માર્થ-પ્રતિબદ્ધ'** વાણી, ધર્મ અને અર્થ સાથે સંબંધ વાળી હોય છે. વચનનો સારો અર્થ પણ છે, અને વાણી ધર્મ ઉપદેશનારી

હોય છે. વાણીમાં (૨૫) **'કારકાદિનો અવિપર્યાસ'** અર્થાત્ વ્યાકરણની દૃષ્ટિએ કર્તા-કર્મ વગેરે છ કારક, એકવચનાદિ વચન, પુલિંગ વગેરે લિંગ, વર્તમાન વગેરે કાળ, ઇત્યાદિમાં કયાંય જરા પણ સ્ખલના, ઉલટસુલટ, કે ફેરફાર જેવું હોતું નથી. (૨૬) **'વિભ્રમાદિવિયુક્ત'** વક્તાના મનમાં ભ્રાન્તતા, વિક્ષેપ વગેરે કોઈ દોષ નથી હોતા. (૨૭) **'ચિત્રકારી'**=વાણી શ્રોતાના દિલમાં અવિચ્છિન્ન રસ અને આતુરતા જાળવી રાખનારી હોય છે. આતુરતા એટલે 'હવે શું કહેશે, હવે શું આવશે' એ જિજ્ઞાસા. વળી (૨૮) એ **'અદ્‌ભુત'** હોય છે. દુનિયાના બીજા ભલભલા વક્તાની વાણી કરતાં અતિશય ચઢિયાતી અને ચમત્કારીક વાણી હોય છે. તેમ એ (૨૯) **' અનતિવિલમ્બી '** હોય છે; એટલે કે ઝટપટ ઝટપટ બોલાઇ ગયેલી નહિ, તેમજ બહુ જ ધીરે ધીરે જાણે અટકી અટકીને વિચાર કરી કરીને વિલંબે બોલાતી હોય એવું પણ નહિ. (૩૦) **' અનેકજાતિવિચિત્ર '** વાણીમાં વર્ણનીય વસ્તુના કારણ, ફળ અને સ્વરૂપના વર્ણનો અનેક જાતનાં આવે છે; તેથી વાણી દળદાર, માલદાર હોય છે. વળી એ (૩૧) **'આરોપિત વિશેષતાવાળી'** હોય છે; એટલે કે પ્રભુના વચને વચનમાં બીજાં વચન કરતાં વિશેષતા સ્થપાઇ ગયેલી હોય છે, તેમજ વાણી (૩૨) **'સત્ત્વપ્રધાન'** હોય છે. અર્થાત્ પરાક્રમ ભરેલી હોય છે; માયકાંગલી, કાયર કે તામસી નથી હોતી. (૩૩) **'વિવિક્ત'**=વાણીમાં દરેક અક્ષર, દરેક પદ અને દરેક વાક્ય સ્પષ્ટ છૂટા હોય છે; પણ ગરબડીયા નહિ. (૩૪) **'અવિચ્છિન્ન'**=કહેવાના વિષયની યુક્તિ-દૃષ્ટાન્તાદિથી સારી સિદ્ધિ કરનારી વાણી હોય છે; તેથી એ વચનોની પ્રામાણિકતા સદા માટે હોય છે. (૩૫) ' **અખેદ** ' અર્થાત્ વાણી પ્રકાશવામાં પ્રભુને જરાયે ખેદ, થાક કે પરિશ્રમ નથી લાગતો. શ્રોતાને પણ એ વાણી થાકચાની નથી લાગતી, કે વિચાર અથવા મહેનત કરી કરીને બોલાતી નથી લાગતી. સહજભાવે એનો એક-ધારાએ ગંગાપ્રવાહ પ્રભુના મુખમાંથી ચાલ્યો આવે છે.

આવા પાંત્રીસ અતિશયવાળી વાણી વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવોની જ હોય છે. એના એકેક વચનથી કરોડો શ્રોતાઓના દિલના જુદા જુદા સંશયો એકી સાથે ભેદાઈ જાય છે; અને મહાન તત્ત્વોના નિર્ણય હૈયામાં બેસી જાય છે. વળી એક ખૂબી તો એ કે એ વાણીના ઉપદેશમાં નાની કીડી કે તેથી ય સૂક્ષ્મ જંતુની પણ દયા કરવાનું મહાશિકારી સિંહ-વાઘ જેવા પ્રાણીઓ ય આનંદથી સાંભળે છે. પ્રભુની એક નિકટતા માત્રનો ય એવો પ્રતાપ છે કે એ સિંહ-હરણીઆ, વાઘ-બકરી વગેરે વિરોધી પ્રાણીઓ સગા ભાઈ-બહેનની જેમ વૈર-વિરોધ વિના સાથે બેસે છે. તીર્થંકર પરમાત્મા સિવાય બીજે કયાં આ બધું હોઇ શકે ? એનું ચિંતન, મનન, અને ગુણગાન આત્મામાં શુભ અધ્યવસાયોને પોષીમહાન પાપક્ષય કરાવે છે. 'ભગવાન'માં 'ભગ' શબ્દના ચોથા અર્થ શ્રી—સંપત્તિની વિચારણા આ થઇ. હવે,

'ભગવંતાણું'માં 'ભગ'=ધર્મ, તે ૪ પ્રકારે.

(૫) ધર્મ:—'ભગ' શબ્દનો પાંચમો અર્થ ધર્મ. તે (૧) સમ્યગ્દર્શનાદિરૂપધર્મ. (૨) દાન-શીલ-તપ—ભાવનામય ધર્મ, (૩) સાશ્રવ અને અનાશ્રવ ધર્મ, તથા (૪) મહાયોગ સ્વરૂપ ધર્મ, એમ ચાર પ્રકારના ધર્મથી સંપન્ન અરહંત પરમાત્મા છે, માટે તે ધર્મવાન યાને ભગવાન કહેવાય. આ ચારને આ રીતે ઓળખી શકાય, ૧. કાર્યરૂપ ધર્મ, ૨. પ્રવૃત્તિ (સાધના)રૂપ ધર્મ, ૩. આલંબનરૂપ ધર્મ અને ૪. કારણરૂપ ધર્મ.

૧. **સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્‌ચારિત્ર** એ કાર્યરૂપ ધર્મ છે. બધી ય સાધનાઓનું ફળ આ નિપજાવવાનું છે કે સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થાય, તેમજ વધુને વધુ વિકસતાં જાય. પૂર્વે કહી આવ્યા છીએ કે, ◆ **સમ્યગ્દર્શન** એ તત્ત્વશ્રદ્ધાન, તત્ત્વદૃષ્ટિ, તત્ત્વપરિણતિ નામનો આત્મપરિણામ છે. વિશ્વનાં જ્ઞેય, હેય, અને ઉપાદેય તત્ત્વ પૈકી જે તત્ત્વ જે રૂપે રહેલાં છે, તે તે તત્ત્વો પ્રત્યે તેને અનુરૂપ અર્થાત્ ક્રમશઃ ઉદાસીનતા, અરુચિ અને રુચિનું હાર્દિક વલણ એ તત્ત્વપરિણતિ છે. આ વલણ જેમ જેમ સતેજ અને શુદ્ધ બનતું આવે, તેમ તેમ તત્ત્વપરિણતિ યાને સમ્યગ્દર્શન અધિકાધિક દૃઢ અને નિર્મળ થતું આવે છે; કેમકે એની આડે નડતાં દર્શનમોહનીય કર્મ નષ્ટ થતાં આવે છે. જિનભક્તિ,

તીર્થયાત્રા, જિનવાણીશ્રવણ, જિનદર્શન-પૂજન-શાસ્ત્રપઠન ઇત્યાદિ દ્વારા જ્યારે એ સંપૂર્ણતયા નાશ પામી જાય છે, ત્યારે પરાકાષ્ઠાએ શાશ્વત ક્ષાયિક સમ્યગ્દર્શનરૂપી કાર્ય નીપજે છે. સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી સાધનાઓ દ્વારા નિર્મળતા કરતાં કરતાં આ કાર્ય નિપજાવવાનું છે. ▲ **સમ્યગ્જ્ઞાન** એટલે જિનોક્ત જીવાજીવાદિ તત્ત્વોનું સ્યાદ્વાદની શૈલીએ યથાર્થ અને પરિણતિરૂપ જ્ઞાન; પણ પ્રતિભાસજ્ઞાન અર્થાત્ સદ્દહ્યા વિનાનું કોરૂં જાણવાનું નહિ. સમ્યગ્ જ્ઞાન પણ સાધ્ય છે. એમાં આગળ આગળ વધતાં ઠેઠ કેવળજ્ઞાને પહોંચી કૃતકૃત્ય બનવાનું છે. ધર્મની ઊંચામાં ઊંચી સાધના પંચમહાવ્રતધારી સાધુજીવનની; ને એમાં મુખ્ય વ્યવસાય સ્વાધ્યાયનો. એનું ફળ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિમાં લાવવાનું છે. માટે સમ્યજ્ઞાન એ પણ કાર્યરૂપ ધર્મ છે. ◆ **સમ્યક્-ચારિત્ર** એ પણ કાર્યરૂપ ધર્મ એ રીતે, કે શ્રાવક-જીવન અને સાધુ-જીવનના વ્રતો અને આચાર-અનુષ્ઠાનોની સાધનાથી સમ્યક્ચારિત્રમાં અર્થાત્ આંતરિક દેશવિરતિ અને સર્વવિરતિ-સંયમના અધ્યવસાયમાં ચઢવાનું છે. અપ્રત્યાખ્યાનીય વગેરે કષાયોના અધ્યવસાય જેમ જેમ ત્યજાતા જાય, તેમ તેમ એમાં ચઢાય છે. જેમ સમ્યગ્દર્શન એ શ્રદ્ધારૂપ તેમ સમ્યક્ચારિત્ર એ સંયમરૂપ આત્મપરિણતિ છે. આ સંયમના ઉત્તરોત્તર ચઢતા અસંખ્ય સ્થાન છે. એને સાધના દ્વારા પસાર કરતાં કરતાં પરાકાષ્ઠાએ 'યથાખ્યાત ચારિત્ર' યાને વીતરાગભાવના ચારિત્રની આત્મપરિણતિએ પહોંચી સ્થિર થવાનું છે. ત્યાં, બાધક ચારિત્રમોહનીય કર્મ સર્વથા નષ્ટ થઇ જવાથી હવે કયારેય વીતરાગભાવને હાનિ પહોંચવાની નહિ; એટલે તે ચારિત્ર શાશ્વત ગુણ બને છે. ◆આમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સાધનારૂપમાંથી પરિણામે સિદ્ધરૂપ, મોક્ષરૂપ બની જાય છે.

૨. **દાન-શીલ-તપ-ભાવનામય ધર્મ** એ પ્રવૃત્તિરૂપ ધર્મ છે. એની સાધના કરવાની છે.

◆**દાન** ત્રણ પ્રકારે છે, -૧. **અભયદાન** યાને જીવોની અનુકંપા, દયા અને અહિંસા, ૨. **જ્ઞાનદાન** એટલે કે બીજાઓને જિનોકત તત્ત્વોનું સમ્યજ્ઞાન કરાવવું; સમ્યગ્જ્ઞાન-પ્રચારની સાધન-સગવડ ઉભી કરવી. ૩. **ધર્મોપગ્રહ-દાન** અર્થાત્ ધર્મસાધનામાં ઉપકારક સાધનોનું દાન; દા. ત. સુપાત્રદાન; સાધુને નિર્દોષ (=સાધુનિમિત્તે બનાવટ વગેરે દોષોથી રહિત) અને પ્રાસુક (=નિર્જીવ, અચિત્ત) એવા આહારપાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ (મુકામ), ઔષધ, ભણવા માટે પુસ્તકાદિ, વગેરે સંયમ-જીવનની સાધનામાં ઉપયોગી વસ્તુનું દાન, એવી રીતે ગૃહસ્થ શ્રાવકને ધર્મ સાધના માટે ઉપકારક વસ્તુનું દાન, ધર્મનું ઉપબૃંહક (સમર્થક) દાન અર્થાત્ ઔચિત્યદાન, તથા સાધર્મિકની ભક્તિ કરવી, સંઘપૂજાદિ કરવા, તીર્થયાત્રાસંઘ કાઢવા, અનેકવિધ ધર્મનુષ્ઠાન કરાવવા, વળી ઉત્તમોત્તમ પાત્ર શ્રી અરહંત પરમાત્માની પૂજા-મહાપૂજા અષ્ટાહ્નિકાદિ, પ્રતિમાનિર્માણ-કલ્યાણક ઉજવણી-મંદિરભક્તિ-શાસન પ્રભાવક કાર્યો કરવા, એ બધામાં કરાતો દ્રવ્યવ્યય દાન ધર્મની પ્રવૃત્તિમાં આવે.

◆**શીલ** ધર્મમાં સમ્યકત્વમૂલક બારવ્રતનો ગૃહસ્થધર્મ અને દસ પ્રકારનો યતિધર્મ આવે. ◆**સમ્યકત્વ** એટલે સમ્યગ્દર્શન; એનો ૬૭ પ્રકારે વ્યવહાર પાળવાનો. એને સરળતાથી યાદ રાખવા માટે આ ક્રમ કરી શકાય;

સમ્યકૂત્વનો ૬૭ પ્રકારનો વ્યવહારઃ—

લિંગ-શુદ્ધિ ૩-૩, સદ્દહણા ૪, દૂષણત્યાગ અને ભૂષણ તથ લક્ષણ ૫-૫, જયણા, ભાવના, સ્થાન, ને આગાર ૬-૬, પ્રભાવક ૮, અને વિનય ૧૦ પ્રકારે. એમાં ◆ ૪ **સદ્દહણા**,-૧. પરમાર્થ સંસ્તવ= પ્રવચનમાં કહેલા જીવાદિ પદાર્થોના પરમાર્થનું જ્ઞાન, ધારણા અને શ્રદ્ધા; ૨. એ પરમાર્થ જાણનારા મુનિની ઉપાસના; ૩. શ્રદ્ધાભ્રષ્ટ કુગુરુ આદિનો ત્યાગ, ૪. મિથ્યાદૃષ્ટિ કુલિંગી આદિનો સંગ નહિ. પછી ◆ ૩ **લિંગ**,-૧. સુખી યુવકને ગંધર્વગીતની જેમ શ્રુત સિદ્ધાન્તના શ્રવણની ઉત્કટ અભિલાષા; ૨. થાકયા-ભૂખ્યા વિપ્રને ઘેબરની જેમ ધર્મની તીવ્ર ભૂખ, ૩. વિદ્યાસાધકની જેમ દેવ-ગુરુની વૈયાવચ્ચ,

(સેવા–ચાકરી). બાદ, ◆ ૧૦ **વિનય**,–અરિહંત, સિદ્ધ, જિનબિંબ, આગમ, ક્ષમાદિ યતિધર્મ, સાધુ, આચારદાતા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન (સંઘ), સમ્યગ્દર્શન, એ દશનો આ પાંચ પ્રકારે વિનય,–૧. બાહ્ય સેવારૂપ ભક્તિ, આંતરપ્રેમ, બહુમાન, ગુણપ્રશંસા, નિંદાત્યાગ, અને આશાતના—ત્યાગ. ◆ ૩ **શુદ્ધિ**—૧. મનશુદ્ધિ, દા. ત. જિન અને જિનમત વિના સર્વ મિથ્યા, ઇત્યાદિ બુદ્ધિ. ૨. વચનશુદ્ધિ, દા. ત. 'જિનભક્તિએ ન સાધ્યું તે બીજાથી ન સીઝે,' એવું બોલે. ૩. કાયશુદ્ધિ, દા. ત. ઘોર ઉપદ્રવમાં પણ કુદેવાદિને ન નમે. ▲૫. **દૂષણત્યાગ**,–૧. જિનવચનમાં શંકા, ૨. કુમતની કાંક્ષા, ૩. ધર્મફળમાં સંદેહરૂપ વિચિકિત્સા, મિથ્યાત્વીની પ્રશંસા, ૫. મિથ્યાદૃષ્ટિનો પરિચય, આ પાંચ દૂષણો તજવા. ◆ ૮ **પ્રભાવક**,–જૈનશાસનને દીપાવનારા,—૧. પ્રાવચનિક (વર્તમાન શાસ્ત્રોના પારગામી), ૨. ધર્મકથા–કથી (અદ્‌ભુત ધર્મોપદેશક), ૩. તર્કપૂર્ણવાદી (વાદથી મિથ્યાત્વીને જીતનારા), ૪. નૈમિત્તિક (નિમિત્તશાસ્ત્રના વેત્તા), ૫. મહાતપસ્વી, ૬. વિદ્યા–મંત્રજ્ઞ, ૭. સિદ્ધ [અંજનયોગ વગેરેની સિદ્ધિવાળા], ૮. અદ્‌ભુત કવિ. આ ન હોય તોય માત્ર સંયમયાત્રાદિ કરાવનારા. ◆૫ **ભૂષણ**,–૧. વંદન, પચ્ચક્ખાણ, ધર્મક્રિયાની વિધિ અને પ્રવૃત્તિમાં કુશળપણું, ૨. તીર્થસેવના,–શત્રુંજયાદિ સ્થાવર તીર્થ અને ગીતાર્થ (સૂત્રાર્થ-જ્ઞાતા) મુનિરૂપી જંગમ તીર્થની અત્યંત પ્રીતિયુક્ત ઉપાસના, ૩. દેવગુરુભક્તિ,–અષ્ટપ્રકારી વગેરે જિનપૂજા અને દાનવિનયાદિથી ગુરુભક્તિ, ૪. સમ્યક્ત્વમાં દૃઢતા નિશ્ચલતા, ૫. જિનશાસનની બીજાઓ પ્રશંસા કરે તેવી પ્રભાવના. ▲ ૫. **લક્ષણ**–(૧–૫) ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિક્ય. ◆ ૬. **યતના**,–પરદર્શની બાવા, સંન્યાસી વગેરેને ગુરુ તરીકે, તથા પરદેવને અને પરદેવ તરીકે ગૃહીત કરેલ જિનબિંબને દેવ તરીકે ન માનવા, ન વાંદવા વગેરે. (૧. બે હાથ જોડી વંદન, ૨. મસ્તકથી નમન, ૩. દાન તથા ભક્તિપ્રદર્શન, ૪. અનુપ્રદાન, વારંવાર દાન યા અનુકંપા, ૫. આલાપ યાને અણબોલાવ્યા બોલવું, ૬. સંલાપ એટલે કે વારંવાર વાતચીત–આ છ ન કરવા યત્નવંત રહેવું.) ◆ ૭. **આગાર**,–સમ્યક્ત્વની દૃઢતાવાળા ન હોય તેના માટે છ અપવાદ, ૧. રાજાભિયોગ, ૨. ગણાભિયોગ, ૩. બલાભિયોગ, ૪. દેવાભિયોગ, ૫. ગુરુનિગ્રહ અને ૬. ભીષણ વૃત્તિકાંતાર; અર્થાત્ [૧]રાજા, [૨]સમૂહ, [૩]સૈન્ય કે લૂંટારાદિ અને [૪]દેવતાના બળાત્કારથી, તથા [૫]માતાપિતાદિ વગેરેના આગ્રહથી યા એમને બચાવવા માટે, તેમ ભયંકર રોગચાળો કે દુકાળ વગેરેમાં જીવિત માટે સમ્યક્ત્વથી જુદો આચાર કરતાં સમ્યક્ત્વનો ભંગ નહિ. ◆ ૬. **ભાવના**,–સમ્યક્ત્વને આ છ દૃષ્ટાન્તથી હૃદયમાં સ્થાપિત કરવું,—મૂળ–દ્વાર–પીઠ–નિધિ–આધાર અને ભાજન. અર્થાત્ સમ્યક્ત્વ એ સર્વ ધર્મસાધનારૂપી વૃક્ષનું મૂળ છે. મૂળ વિનાનું બધું નકામું. સમ્યક્ત્વ એ ધર્મનગરનું દ્વાર છે, ધર્મમહેલનો પાયો (પીઠ) છે, સમસ્ત ગુણોનું નિધાન છે, (તે વિના છૂટાં ગુણરત્નો ચોરાઈ જાય), શમ, દમ વગેરેનો પૃથ્વીની જેમ આધાર છે, શ્રુતસિદ્ધાંત અને શીલનું ભાજન (વાસણ) છે. ◆ ૬. **સ્થાન**,–૧. દૂધ–પાણીની જેમ દેહપુદ્‌ગલમાં મિશ્રિત છતાં જુદો ચેતના લક્ષણવાળો આત્મા છે (સ્વતંત્ર દ્રવ્ય છે); ૨. અનેક ભવોમાં વાસના લઈને ફરનારો અને દેવત્વ–મનુષ્યત્વાદિ પર્યાયો ધરતો આત્મા નિત્ય છે; [પરિણામી નિત્ય અર્થાત્ જૂની અવસ્થા(પરિણામ)રૂપે નાશ પામી અને નવી અવસ્થા(પરિણામ)રૂપે ઉત્પન્ન થઈ આત્મારૂપે કાયમી છે.] ૩. કષાય અને યોગથી કર્મનો કર્તા છે; ૪. સ્વકૃત પાપ–પુણ્યરૂપ કર્મનો ભોક્તા છે; (નિશ્ચયનયે નિજગુણનો કર્તા-ભોક્તા છે), ૫. આત્માનો અનંતજ્ઞાન–સુખાદિમય અચલ મોક્ષ પણ છે; અને ૬. જ્ઞાન–સંયમરૂપી મોક્ષના ઉપાય હયાત છે. આ છ વાસ્તવિક હકીકતનો દૃઢ સ્વીકાર સમ્યક્ત્વને સ્થિર રાખે છે, માટે એ ષટ્ સ્થાનરૂપ છે. આ ૬૭ પ્રકારમાંથી કેટલોક ભાગ અલબત્ ભાવના ધર્મમાં જાય; છતાં સડસઠે પ્રકાર એકસાથે બતાવવા બધા જ અહીં શીલધર્મમાં લીધા છે.

ગૃહસ્થધર્મના બાર વ્રતમાં—' હાલતાચાલતા (ત્રસ) જીવને વિના અપરાધે જાણી જોઈને

નિરપેક્ષપણે મારૂં નહિ' એવી સ્થૂલ અહિંસાની પ્રતિજ્ઞા, એમ પ્રતિજ્ઞાબદ્ધ સ્થૂલ મૃષાવાદ અને અદત્તાદાનનો ત્યાગ, સ્વસ્ત્રીસંતોષ-પરસ્ત્રીત્યાગ પૂર્વક શકય બ્રહ્મચર્ય, ને પરિગ્રહપરિમાણુ,- એ **પાંચ અણુવ્રતો**, તથા ▲ પ્રતિજ્ઞાબદ્ધ, ૬. ગમનાગમનની દિશાનું પરિમાણુ, ૭. ભોગોપભોગની વસ્તુનું પરિમાણુ, જેમાં ૨૨ અભક્ષ્યનો ને ૧૫ કર્માદાન (ભારે પાપના ધંધા)નો ત્યાગ પણ આવે, તથા ૮. અનર્થદંડનો ત્યાગ. જીવન જીવવામાં બિનજરૂરી એ અનર્થદંડ છે; દા. ત. સંકલ્પ-વિકલ્પાદિ દુર્ધ્યાન, પાપોપદેશ, પાપની સલાહ વગેરે આપવી, અધિકરણ (પાપનાં સાધન)નું પ્રદાન, મોહની ચેષ્ટાઓ, વાચાલપણું, મોજશોખનાં સ્નાન, પશુપક્ષી પાળવા વગેરે, નાટકચેટક-તમાશા જોવા, યુદ્ધ-ફાંસી-હિંસા વગેરે જોવા, બીજાને લડાવવા ઇત્યાદિ. આ **ત્રણ ગુણવ્રત**; અને ▲ **ચાર શિક્ષાવ્રત**-૯. સામાયિક વ્રત (પ્રતિજ્ઞાબદ્ધ બે ઘડી પાપપ્રવૃત્તિના ત્યાગ સાથે એકલા ધર્મધ્યાનમાં બેસવું), ૧૦. દેશાવકાશિક વ્રત યાને પર્વ દિવસે બીજા વ્રતોનો સંક્ષેપ કરી રહેવું, ૧૧. પોષધવ્રત અર્થાત્ પર્વ દિવસે દિન, રાત કે અહોરાત્ર માટે સામાયિકપૂર્વક આહાર-શરીરસત્કાર-અબ્રહ્મચર્ય અને વ્યાપાર, એ ચારનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ તથા ધર્મધ્યાનમાં જ રક્ત રહેવું, ૧૨. અતિથિ સંવિભાગ વ્રત યાને પ્રતિજ્ઞાપૂર્વક પોષધના પારણે સાધુભક્તિ કરવી.

ગૃહસ્થ ધર્મમાં આની સાથે દૈનિક ધર્મકૃત્ય, પર્વકૃત્યો, ચાતુર્માસિક કૃત્યો, વાર્ષિક કૃત્યો, તથા જીવનકૃત્યો આવે. ઉપરાંત, દર્શનપ્રતિમા (કડક પ્રતિજ્ઞાપૂર્વક સમ્યકત્વપાલન) વગેરે ૧૧ પ્રતિમા આવે.

સાધુધર્મના દસ પ્રકારના યતિ ધર્મમાં,

૧-૪ ક્રોધાદિ ચાર કષાયનો નિગ્રહ કરનારી ક્ષમા, મૃદુતા, સરળતા અને મુક્તિ (નિસ્પૃહતા), ૫. તપ, ૬. સંયમ, ૭. સત્ય, ૮. શૌચ (માનસિક પવિત્રતા), ૯. આકિંચન્ય=અપરિગ્રહ અને ૧૦. બ્રહ્મચર્ય આવે. વળી ◆ એમાં **પાંચ મહાવ્રત**=સ્થૂલ-સૂક્ષ્મ હિંસાદિ પાંચ પાપોનો ત્યાગ આવે. તથા ▲ **પાંચ સમિતિ**=ઈર્યાસમિતિ (ગમનાગમનમાં જીવ ન મરે એની કાળજી), ભાષાસમિતિ (અસત્ય, પાપપ્રેરક, કે ઉઘાડે મુખે વચન ન બોલાઇ જાય તેનું લક્ષ), એષણાસમિતિ (ભિક્ષા ગ્રહણ કરતાં સાધુનિમિત્તે નિષ્પાદન વગેરે ૪૨ દોષોનો ત્યાગ, તથા ભિક્ષા વાપરતાં અનુકૂળ સંયોજના, પ્રશંસા વગેરે ૫ દોષોનો ત્યાગ), આદાન-ભંડમાત્ર-નિક્ષેપણા સમિતિ (વસ્તુ લેતાં મૂકતાં જીવરક્ષાર્થે જોવા પ્રમાર્જવાનો ઉપયોગ), પારિષ્ઠાપનિકા સમિતિ (મળમૂત્રાદિનો ત્યાગ નિર્જીવ નિર્દોષ ભૂમિ પર કરવાનો ઉપયોગ), અને ▲ **ત્રણ ગુપ્તિ**=મન-વચન-કાયાને અસત્ પ્રવૃત્તિમાંથી રોકી સત્પ્રવૃત્તિમાં યોજવાનું આવે. એમ, ◆ **જ્ઞાનાચારાદિ પાંચ** આચારોનું પાલન આવે. આગળ વધીને ◆ **નિરપેક્ષ યતિધર્મની** ઉચ્ચ કોટિની સાધનાઓ આવે. બાકી સાધુધર્મ યાને સંયમધર્મમાં ૭૦ ચરણસિત્તરી, ૭૦ કરણસિત્તરી અને એના ઉત્સર્ગ—અપવાદની ઘણી વિચારણા શાસ્ત્રોમાં ભરી પડી છે.

▲ **તપધર્મ** બે પ્રકારે, ૧. બાહ્ય તપ, અને ૨. આભ્યન્તર તપ. એ દરેક ૬-૬ પ્રકારે છે.

બાહ્ય તપમાં ૧. અનશન—ઉપવાસ, એકાશન વગેરે, ૨. **ઊનોદરિકા** (જમતાં ૫-૭ કોળિયા ઊણા રહેવું), ૩. **વૃત્તિસંક્ષેપ**—ખાવા વગેરેની ચીજો ઓછી કરવી; ૪. **રસત્યાગ**—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળખાંડ, કઢા (કઢાઈમાં તળેલું શેકેલું) એ છ વિગઇ વગેરે રસોનો ત્યાગ, ૫. **કાયક્લેશ**—એટલે કાયા પર આવી પડેલા રોગ, પ્રહાર વગેરેનાં કષ્ટ, તથા સંયમાર્થે આવશ્યક કેશલુંચન-પાદવિહારાદિ અને ઉગ્ર ધર્મક્રિયાનાં કષ્ટ સહેવાં. ૬. **લીનતા**—અંગોપાંગને તથા ઇન્દ્રિયો, વાણી અને મનને સંગોપી રાખવાં.

અભ્યન્તર તપના—છ પ્રકારમાં ◆ ૧. **પ્રાયશ્ચિત્ત**—પોતાના પાપને પશ્ચાત્તાપ સાથે ગુરુ પાસે બાળભાવે પ્રકાશી એમની પાસેથી દંડ લઇ વહન કરવો તે. ◆ ૨. **વિનય**—ગુરુ બહારથી આવે ત્યારે સામા જવું, આસનેથી ઉઠે ત્યારે ઉભા થવું (અભ્યુત્થાન), એમને આસન આપવું, કાંઈ કહે ત્યારે

હાથ જોડી તે ગ્રહણ કરવું, એમના ગુણ પ્રશંસવા, આશાતના વર્જવી વગેરે ગુરુનો વિનય, એવો દેવાધિદેવ, સિદ્ધ, આચાર્ય વગેરે, તથા દર્શન-જ્ઞાનાદિનો વિનય. ◆ ૩. **વૈયાવચ્ચ**—ગુરુ આચાર્ય, ઉપાધ્યાય, બાળ, ગ્લાન, તપસ્વી, નૂતન દીક્ષિત વગેરેની સેવાશુશ્રૂષા કરવી તે. ▲ ૪. **સ્વાધ્યાય** પાંચ પ્રકારે-શાસ્ત્રની વાચના (ભણવું-ભણાવવું), એ અંગે પૃચ્છા, પરાવર્તના યાને સૂત્રાર્થનું પુનરાવર્તન, અનુપ્રેક્ષા (સૂત્ર યા અર્થનું માનસિક ચિંતન), તથા ધર્મકથા અર્થાત્ શાસ્ત્રચર્ચા વિચારણા-ઉપદેશ. ◆ ૫. **ધ્યાન** બે પ્રકારે, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. ધ્યાન એટલે એક વિષય પર એકાગ્ર ચિંતન, તે શુભ પણ હોય, અને અશુભ પણ હોય. અહીં તપધર્મમાં ધર્મ-શુક્લ એ બે પ્રકારનું શુભ ધ્યાન લેવું.

ધ્યાનના ૪ પ્રકાર—અશુભ ધ્યાન બે પ્રકારે **૧. આર્તધ્યાન**-એટલે ૧. અનિષ્ટ (અપ્રિય) સંયોગ ટળવાની કે ન આવવાની ચિંતા. ૨. ઇષ્ટ સંયોગ ટકવાની કે મળવાની ચિંતા. ૩. વેદના, રોગાદિમાં હાયવોય સાથે મટાડવાની ચિંતા, તથા ૪. નિદાન અર્થાત્ પૌદ્ગલિક સુખની નિર્ધારિત આશંસા; (૨) **રૌદ્રધ્યાન** એટલે, ૧-૪. હિંસા-જૂઠ-ચોરી-સંરક્ષણ સંબંધી ચિંતન. આ આર્ત અને રૌદ્ર ધ્યાન, એ બે અશુભ ધ્યાન છે. તે તપમાં ન ગણાય. પરંતુ બીજા બે અર્થાત્ ત્રીજું ધર્મધ્યાન અને ચોથું શુક્લધ્યાન, એ બે શુભ ધ્યાન આભ્યન્તર તપમાં ગણાય છે. એમાં (૩) **ધર્મધ્યાન** ચાર પ્રકારે-**૧. આજ્ઞાવિચય** એટલે કે જિનવચનની અનુપમતા, એકાંતે પરમ કલ્યાણકારિતા, મહાપ્રજ્ઞ ગણધર અને ઇન્દ્રાદિ જેવાને ય સ્વીકાર્યતા, સર્વસત્ તત્ત્વની એક માત્ર પ્રતિપાદકતા, વગેરેનું ચિંતન; **૨. અપાયવિચય** એટલે હિંસાદિ પાપો, રાગ-દ્વેષાદિ કષાયો, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, ઇન્દ્રિયાસક્તિ વગેરેથી થતા અનર્થ, કટુ પરિણામ, વગેરેનું ચિંતન; ૩. **વિપાકવિચય** એટલે જીવનમાં ઉપસ્થિત થતા અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગોએ પૂર્વોપાર્જિત પુણ્ય-પાપ કર્મોના વિપાક હોવા સંબંધી ચિંતન; **૪. સંસ્થાનવિચય** એટલે, ચૌદ રાજલોકની આકૃતિ, એમાંના ઊર્ધ્વ-અધો-મધ્ય લોકની સ્થિતિ, વગેરેનું ચિંતન. (૪) **શુક્લધ્યાન** ચાર પ્રકારે,—**૧. પૃથક્ત્વ—વિતર્ક—સવિચાર** એટલે, પૃથક્ત્વ = ધ્યાનને ફરવાની વિવિધતા. વિતર્ક = ચૌદ પૂર્વમાં અન્તર્ગત શ્રુતનું જ્ઞાન કે જેથી પદાર્થનું ચિંત્વન થઈ શકે છે. વિચાર=પરમાણુ, આત્મા, આદિ પદાર્થ, એના વાચક શબ્દ, અને કાયિકાદિ યોગ, એ ત્રણને વિષે વિચરણ, સંચરણ, સંક્રમણ. કુલ અર્થ એ થયો કે પદાર્થ, શબ્દ અને યોગમાં સંક્રમણ કરનારો, તથા પદાર્થની વિવિધતાવાળો, એવો પૂર્વગત શ્રુતનો વિવિધ ઉપયોગ એ પૃથક્ત્વ વિતર્ક સવિચાર. આ પહેલા પ્રકારના ધ્યાનમાં બે વાત છે,-એક તો ધ્યાન એ પૃથક્ત્વ એટલે કે વિવિધતા અનુભવે છે, એક પદાર્થ પરથી બીજા પદાર્થ પર જાય છે; અને બીજું એ, કે ધ્યાન એ વિચાર અર્થાત્ પદાર્થથી શબ્દ યા યોગ પર, શબ્દ પરથી પદાર્થ યા યોગ પર, ને યોગ પરથી શબ્દ યા પદાર્થ પર એવી રીતે સંચરણ કરે છે. આ બે ય વાત બીજા પ્રકારમાં નથી. બીજો પ્રકાર, ૨. **એકત્વ વિતર્ક-અવિચાર** એટલે તેવા સંક્રમણ વિનાનો, અને વિવિધતા નહિ પણ એકત્વવાળો યાને એક જ પર્યાયને અવલંબનારો જ્ઞાનોપયોગ. શુક્લધ્યાનના આ બે પ્રકાર આત્માને ઉપશમ-શ્રેણિ યા ક્ષપક-શ્રેણિમાં ચઢાવનાર છે; અર્થાત્ મુખ્યપણે શ્રેણિમાં હોય છે; અને બીજા પ્રકારને અંતે આત્મા વીતરાગ બને છે; એમાંયે ક્ષપકશ્રેણિવાળો ધ્યાની તો જ્ઞાનાવરણાદિ કર્મ ખપાવીને કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ પણ બને છે. શુક્લધ્યાનના ત્રીજે અને ચોથો એ બે પ્રકાર ૧૩મા ગુણઠાણાના છેડે અને ૧૪મે હોય છે. એમાં **૩. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી** એટલે કે જ્યાં મન-વચન-કાયાના બાદરયોગ (સ્થૂલયોગ) રુંધાઈ જાય છે, અને એક માત્ર સૂક્ષ્મ મન-વચનયોગને પણ રુંધનારો સૂક્ષ્મકાયયોગ બાકી રહે છે. આ કરનારું ધ્યાન એ કાંઈ ચિંતનરૂપ નથી, કેમકે સર્વજ્ઞને બધું જ પ્રત્યક્ષ હોવાથી ચિંતવવા જેવું કાંઈ રહેતું નથી, કિન્તુ આત્માની એક તેવા પ્રકારની અવસ્થા છે, પરિણામ છે, તે અપ્રતિપાતી છે, નાશ-

રહિત છે, અર્થાત્ અવશ્ય ચોથા પ્રકારના ધ્યાનરૂપ બની જાય છે, ૪. **વ્યુચ્છિન્ન (વ્યુપરત) ક્રિયા અનિવૃત્તિ** એટલે જ્યાં સમગ્ર યોગ હવે સદાને માટે વિરામ પામી ગયા છે, વિચ્છેદ પામી ગયા છે, માટે જ જે અવસ્થામાં પરાવર્તન નથી થતું, એવી અવસ્થાસ્વરૂપ ધ્યાન. તાત્પર્ય, સર્વ કેવળજ્ઞાની ભગવંતોને આ એકસરખા ચોથા પ્રકારથી આત્માના પ્રદેશ શૈલેશ યાને મેરૂ જેવા નિષ્પ્રકંપ બની જાય છે. જે તે પછીની મોક્ષ-અવસ્થામાં તેમ જ રહે છે. ◆ ૬.**કાયોત્સર્ગ** એ છઠ્ઠો આભ્યન્તર તપ છે એમાં ધ્યાન ઉપરાંત પ્રતિજ્ઞાબદ્ધ સ્થિરતા છે. અર્થાત્ પ્રતિજ્ઞાપૂર્વક **કાયાથી** નિશ્ચલ ઉભા રહી, હાથ લટકતા રાખીને દૃષ્ટિ નાસિકા-અગ્રભાગાદિ પર સ્થિર કરવાની હોય છે; તેમજ **વાણીથી** મૌન ધરવાનું છે. માત્ર મનની પ્રવૃત્તિ એક નિશ્ચિત ધ્યાનપૂરતી ચાલુ રહે છે. આનું નામ કાયાનો ઉત્સર્ગ યાને કાયાને વોસિરાવવાનું છે. મહર્ષિઓ છેલ્લું પાદપોપગમન અનશન કરે છે ત્યારે જીવનના અંતકાળ સુધીને માટે કાયાને વૃક્ષની જેમ વોસિરાવી દે છે. જેમ વૃક્ષ સ્વેચ્છાએ હાલીચાલી શકે નહિ, તેમ કાયાને કે કોઇ પણ અંગોપાંગને હવે મૃત્યુપર્યંત સ્વેચ્છાએ હલાવવા ચલાવવાના નહિ. આ રીતે ૬ બાહ્ય અને ૬ આભ્યન્તર, એમ ૧૨ પ્રકારે **તપધર્મ** થયો.

◆ **ભાવના ધર્મ**માં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સુંદર ભાવનાઓ, મૈત્રી આદિ ભાવનાઓ, વૈરાગ્ય-ભાવનાઓ, સંસારજુગુપ્સા, મોક્ષરાગ, કામવિરાગ, આત્મનિંદા, દ્વેષગર્હા, કૃતજ્ઞતા, પરાર્થ-પરમાર્થ-વૃત્તિ, પરમ જિનભક્તિ, જિન-મુનિ-સેવકભાવ અનાયતનત્યાગ, અને જિનોક્ત ધર્મ પ્રભાવના વગેરે આવે. ◆ **સમ્યગ્દર્શનની ભાવનાઓ** સમ્યક્ત્વના ૬૭ વ્યવહારમાં બતાવી છે. **સમ્યગ્જ્ઞાનની ભાવનામાં** એ લોકાલોક પ્રકાશી કેવું અપૂર્વ સૂર્ય સમાન છે, રત્નોભરી ગુફાને પ્રકાશિત કરનાર કેવું અપૂર્વ દીવા સમાન છે, ચારિત્ર નાવને ભવપાર પહોંચાડવા કેવું સરસ હલેસા સમાન છે, ભવાટવીમાંથી મોક્ષમાર્ગ દેખાડનાર કેવી અપૂર્વ આંખ સમાન છે, ઇત્યાદિની ભાવના ભાવવાની. **સમ્યક્ ચારિત્રની ભાવનામાં** એ ભવપાર કરવા જહાજસમાન, કુવાસનાઓને બાળી ભસ્મ કરવા દાવાનળ સમાન, સદ્ગતિની સીડી સમાન, કર્મબાણો સામે બખ્તરસમાન, ચિંતન કરતા પણ અધિક આપનાર અપૂર્વ કલ્પવૃક્ષ યા ચિંતામણિ સમાન વગેરે હોવાનું ભાવવાનું. આ ત્રણેની ય ભાવનામાં એના નિર્મળ કારણોને એના અંગ પ્રત્યંગોના ઊંચા મૂલ્યાંકન તથા એ પામ્યાની જ સાચી ભાગ્યવત્તા ભાવવાનું આવે. એ બધું ભાવતાં એમાં દૃષ્ટાન્ત-કથાનકો પણ વિચારવાના.◆મૈત્રી આદિ ભાવનાઓમાં (૧) **મૈત્રી ભાવના** એટલે 'જગતના જીવ માત્ર મારા મિત્ર છે, બંધુ છે, એમનું ભલું થાઓ,' એમ ભાવીને એમના પર સ્નેહ ધરવાનો. (૨) **કરુણા ભાવના** એટલે ક્ષુધા-તૃષા-રોગ-પ્રહાર વગેરેથી દ્રવ્યદુઃખી, અને પાપ, કષાયો, અધર્મ વગેરેથી ભાવદુઃખી જીવોની દયા ચિંતવી એમના દુઃખ દૂર કરવાની ઇચ્છા ધરવી. (૩) **પ્રમોદ ભાવના** એટલે સુખી કે ગુણિયલની પ્રત્યે ઇર્ષ્યા ન કરવી. દુશ્મનના પણ ગુણો ઉપર અનુરાગ ધરવો. (૪) **માધ્યસ્થ્ય ભાવના** એટલે પરચિંતા યાને બીજાની હલકાઇ ત્રુટિ વગેરેની ચિંતા મૂકી દઇ એના પ્રત્યે ઉપેક્ષાભાવ કેળવવો, તેમજ અતિ સંક્લિષ્ટ પરિણામવાળા જીવો કે જે સુધારાને માટે તદ્દન અયોગ્ય છે, એમની ચિંતા મૂકી દઈ ઉદાસીનભાવ કેળવવો.

◆વૈરાગ્યભાવનામાં અનિત્યાદિ ભાવનાઓ ભાવનાની.

૧૨. ભાવના:—

(૧) **અનિત્ય** :—બાહ્ય અને આભ્યન્તર સર્વસંયોગો અનિત્ય છે, એ ચિંતવવું. અર્થાત્ વિચારવું કે કાયા-કંચન-કામિની-કુટુંબ-કીર્તિ-વગેરેના મળેલ બાહ્ય સંયોગો દીર્ઘકાળ ટકવાના નથી. તો એના પર મોહ શા સારૂં ? એમ કોઇ વસ્તુ પ્રત્યે જાગ્યા કરતા રાગ-દ્વેષ-માયા-ક્રોધ-લોભ-મદ વગેરે આભ્યંતર ભાવોના સંયોગ પણ તે રૂપે કાયમ ટકતા નથી; જ્યાં રાગ હતો ત્યાં દ્વેષ થાય છે, ને જ્યાં

દ્વેષ હતો ત્યાં રાગ થાય છે. અર્થાત્ ગમતું હતું તે ન ગમતું થાય છે, ને નહોતું ગમતું તે ગમવા લાગે છે. એમ રાગદ્વેષાદિ પણ જો અનિત્ય છે, તો તેને શા સારૂ આચરવા...?' એમ અનિત્ય ભાવનાથી વૈરાગ્યને વધારે. ◆ (૨) **અશરણ**:—જેમ ભૂખ્યા સિંહની આગળ હરણને પરિવારનું પણ શરણ નથી મળતું, તેમ જીવને જન્મ-મરણ-રોગાદિ દુઃખથી બચવા સંસારમાં કોઈ શરણ નથી મળતું એ ભાવવું. અશરણથી ઉદ્વિગ્ન બનેલો જીવ સાંસારિક સુખસામગ્રી ઉપરથી આસક્તિ તજી જ્ઞાન-ચારિત્રમાં ઉદ્યમ કરે, અને ધર્મશરણ લે. ◆(૩) **સંસાર**:—વળી વિચારે કે અનાદિ સંસારમાં ચક્રની જેમ નારક વગેરે અનેક ભાવોમાં ફરતા જીવને સર્વ જીવો પોતાના સંબંધી તેમજ પારકા બનેલા છે! ચોરાશી લાખ યોનિમાં રાગદ્વેષ મોહથી જીવો એકબીજાને ભયંકર દુઃખો દે છે! અહો! વધ-બંધ, રોગ-શોક શીતઉષ્ણાદિ દ્વન્દ્વોથી કેવો કષ્ટમય ને બેહુંદા સંબંધોથી કેવો વિચિત્ર સંસાર!' એમ ત્રાસેલો નિર્વેદ પામી સંસારથી મુક્તિ પામવા માટે ઉદ્યમ કરે. ◆(૪) **એકત્વભાવનામાં** 'હું એકલો છું, એકલો જન્મ્યો છું અને એકલો મરીશ; એકલાને જ પોતાના કર્મના દારુણ વિપાક ભોગવવાના; કોઈ ભાગ નહિ પડાવે!' આ વિચારે. એથી સંબંધી પર રાગ અને શત્રુ પર દ્વેષ ન કરતો નિઃસંગ બની મોક્ષ માટે પ્રવર્તે. ◆(૫) **અન્યત્વ** ભાવનામાં 'બાહ્ય ધનમાલ વગેરે તો જુદા છે જ, પરંતુ અનિત્ય, અજ્ઞ અને પ્રત્યક્ષ એવું આ શરીર પણ જાદું છે. જ્યારે નિત્ય, સજ્ઞાન અને ચક્ષુથી અદૃશ્ય એવો હું આત્મા જુદો છું. શરીરાદિ અનંતા થયા, હું એનો એ જ છું;'-આ ચિંતવનથી શરીરાદિની મૂર્ચ્છા તજી નિત્ય આત્મા માટે યત્ન કરે. ▲(૬) **અશુચિપણું**—'આ શરીર અશુચિ એવા રજો-વીર્યમાંથી જન્મ્યું! આહારના અશુચિ પરિણામથી વધ્યું! સ્વયં મળના ભંડાર સમું થયું! ને બીજા પવિત્ર પદાર્થને પણ મળરૂપ કરનારું રહ્યું છે!' એમ ઉત્પત્તિ-પોષણ-સ્વરૂપ અને કાર્યની દૃષ્ટિએ કેવળ મલિન છે, આ વિચારીને શરીરને દમે. ▲(૭) **આસ્રવ** ભાવનામાં 'ઇંદ્રિયાદિ આસ્રવો એટલે કે કર્મને બંધાવનારા કારણો આલોક પરલોકમાં બહુ દુઃખ દેનારા છે! જીવને એ નદીની જેમ સન્માર્ગમાંથી ભ્રષ્ટ કરી સંસારસમુદ્રમાં તાણી જાય છે, આ ભવમાં આસ્રવ?...' ઇત્યાદિ વિચારથી આસ્રવ ત્યજાય છે. ◆ (૮) **સંવર ભાવનામાં** 'મહાવ્રત, સમિતિ-ગુપ્તિ, વગેરે સંવર આદરવાથી આસ્રવના દોષો નથી લાગતા અને મોક્ષ સુધીના અનેક ગુણ મળે છે,' આ ભાવના સંવર તરફ પ્રેરે છે. (૯) **નિર્જરાભાવનામાં**—વિના ઇચ્છાએ સહાતી નરકાદિ પીડાથી થતી અકામ કર્મનિર્જરા સંસાર-ભ્રમણ નથી અટકાવતી, જ્યારે કર્મક્ષયની ઇચ્છાથી કરાતી તપ, પરિષહજય વગેરે સાધના પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા પમાડી ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે છે,' ઇત્યાદિ ગુણો વિચારી નિર્જરા માટે યત્ન કરાય. (૧૦) **લોકભાવનામાં**—જીવ પુદ્ગલ વિગેરે પાંચ અસ્તિકાયમય લોકના: વિવિધ ભાવ, ઉત્પત્તિ-સ્થિતિ-નાશ, વગેરે વિવિધતાને વિચારતો તત્ત્વજ્ઞાનને નિર્મલ અને ઉન્નત કરે. (૧૧) **બોધિદુર્લભ ભાવનામાં** 'અનાદિ સંસારમાં ભટકતા, અનેક દુઃખોમાં ડૂબતા, અને અજ્ઞાન-મિથ્યાજ્ઞાનાદિથી પીડાતા જીવને સમ્યક્ત્વ રૂપ બોધિ દુષ્પ્રાપ્ય છે,'-એ વિચારી બોધિ મેળવીને પ્રમાદ ન સેવાય. (૧૨) **ધર્મ-સ્વાખ્યાત ભાવનામાં**—' સમ્યગ્દર્શનમૂલક મહાવ્રતાદિ સુધીનો ધર્મ, અહો! શ્રી સર્વજ્ઞ અરિહંત પ્રભુએ કેવો સુંદર ઉપદેશ્યો છે! કે જે ભવપાર ઉતારી મોક્ષ પમાડે છે!' એ ભાવવાનું. <u>એ ઉપરાંત નવ પ્રકારની સુંદર વિચારણા યાને સુંદર ચિંતન કરવાનું; તે આ,</u>

◆ **ચિંતન**:—(૧) **સૂક્ષ્મ પદાર્થોમાં** દા. ત. જીવ, અજીવ વગેરે નવ તત્ત્વ, દ્રવ્યાનુયોગાદિ ચાર અનુયોગ, સપ્તનય, સપ્તભંગી દ્રવ્યાદિલોક, જ્ઞાનાવરણાદિ કર્મોની મૂળ—ઉત્તર પ્રકૃતિ, સ્થિતિ-રસ-પ્રદેશ એના બંધ—ઉદય—ઉદીરણા—સંક્રમણાદિ, એના હેતુ, વગેરેમાં ચિત્તને પરોવવું, (૨) **ભવ સ્થિતિની વિચારણા** કે 'કયારે મારી ભવસ્થિતિ પાકશે? અથવા અરિહંત—સિદ્ધિ—સાધુ—ધર્મ એ ચારનાં શરણ, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનથી પકવી રહ્યો

છું કે કેમ ?' અથવા 'કેટલા ભવ કર્યા હવે કેટલા કરવા છે? ભવસ્થિતિ દ્રઢાવવાની કરણી કેવી ચાલી રહી છે?...' અથવા 'આ ભવમાં કેટલું આયુષ્ય કેવું વિતાવ્યું, હવે કેવું વિતાવવું છે, અને આયુષ્યનો ભરોસો શો ?...' વગેરે. (૩) **અધિકરણ ઉપશમ-ચિત્ત**—'ત્રસ યા સ્થાવર જીવોની હિંસા કરનારી સાધન-સામગ્રી, અને દુર્ગતિના અધિકારી બનાવનાર રાગ-દ્વેષાદિના પોષક પદાર્થો, તથા બીજાની સાથે થયેલ કલહને કયારે શાંત કરીશ, કયારે વોસિરાવિશ' વગેરે ચિંતન. (૪) **આયુષ્ય** અંજલિમાં રહેલા જળની જેમ ઘટતું આવે છે એની વિચારણા. (૫) **અયોગ્ય ચેષ્ટાના વિપાકની** ચિંતા 'અહો ! વિચાર, વાણી અને વર્તવામાં અયોગ્ય આચરી રહ્યો છું. તેના કેવાંક કટુ અને દીર્ઘકાળ ચાલનારાં પરિણામ નીપજશે !' (૬) **ક્ષણલાભદીપના** અર્થાત્ આ માનવભવ અને ધર્મ સામગ્રીનો કેવો સરસ અવસર મળ્યો છે! ભવના ભાગાકાર અને કર્મ તથા કુસંસ્કારોની બાદબાકી કરવાની કેવી સુંદર તક મળી છે! કર્મના ઔદયિક ભાવરૂપી મિથ્યાત્વ-ક્રોધાદિમાંથી ખસી ક્ષાયોપશમિક ભાવરૂપી સમ્યક્ત્વ-ક્ષમા આદિમાં અને એમાંથી ય ક્ષાયિક ભાવોમાં જવાનો કેટલો અનુપમ મોકો મળ્યો છે ! ત્રિભુવનગુરુ શ્રીતીર્થંકર પરમાત્મા, વિશ્વશ્રેષ્ઠ જિનશાસન, પાંચેય ઇંદ્રિય અને અંગોપાંગથી પૂર્ણ શરીર, આરોગ્ય,બુદ્ધિશક્તિ,સુખદુઃખની ધર્માનુકૂળ મધ્યમ સ્થિતિ,સર્વવિરતિનો એકમાત્ર આ ભવ,...વગેરે કેવા અદ્‌ભુત લાભ મળ્યા છે !'...વગેરે વિચારણા. (૭) **વિવિધ ધર્મગુણો** અર્થાત્ દાનાદિ ધર્મ અને ક્ષમાદિ ગુણો, અહિંસા-સંયમ-તપ, તથા અણુવ્રત-મહાવ્રત ધર્મ અને એના ઉત્તર ગુણ, અપુનર્બંધક-સમ્યક્ત્વ-શ્રાવકપણું અને સાધુપણું,-એ અને એની યોગ્યતાના ગુણોનું સ્વરૂપ, સાધન અને ફળની વિચારણા. (૮) **ભાવકદોષ-વિપક્ષ** અર્થાત્ આત્મહિતને બાધ કરનારા દોષો-દુર્ગુણો, દુષ્કૃત્યો તથા અંતરાયોના નિવારણ માટે એની પ્રતિપક્ષી શુભ ભાવનાઓ ભાવવી, એના એના ઉપાયો વિચારવા અને અજમાવવા. (૯) **ધર્માચાર્ય** અર્થાત્ વિશુદ્ધ સંયમયાત્રામાં રહેનાર ધર્મગુરુ મુનિ ભગવંતોના ઉપકાર, એમની ઉગ્ર ધર્મસાધનાઓ, એમના લોકોત્તર ગુણો વગેરેનું ચિંતન.

સુંદર ભાવો:—ભાવનાધર્મમાં માત્ર ભાવનાઓ જ કરવાનું નહિ, પણ સુંદર ભાવો આત્મસાત્ કરવાનું પણ આવે. દા. ત. ◆ **સંસારજુગુપ્સા** એટલે પરપરિણતિ યાને બાહ્ય ભાવની નિંદ્ય પ્રવૃત્તિમાં જીવને રમાડનારા સંસાર પર સૂગ ઉપજે. જીવને કેદીની જેમ રાખનાર ચાર ગતિરૂપ સંસાર પ્રત્યે તિરસ્કાર છૂટે. તેથી જ, ◆ **મોક્ષરાગ** અર્થાત્ સર્વ બંધન, સર્વ વેઠ, સર્વ નાલેશી અને સમસ્ત દુઃખોથી રહિત,અનંતજ્ઞાન-સુખાદિમય મોક્ષ ઉપર અનન્ય અથાગ પ્રેમ અને એની પ્રાપ્તિની ભારે ત્વરા-તમન્ના હોય. એ માટે, ◆ **કામવિરાગ** એટલે કે કામવાસના અને કામપ્રવૃત્તિ ઉપર ભારે વૈરાગ્ય અને દુગંછા પ્રવર્તે; તેમજ ઇન્દ્રિયોના રળિયામણા દેખાતા વિષયો રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ ઉપર તથા એની થતી ઇચ્છા ઉપર વૈરાગ્ય ઝળહળે. સાથે ◆ **આત્મનિંદા** એટલે એવા કામમાં ફસેલા પોતાના આત્માની નિંદા થાય; તેમજ કર્મના કટુ વિપાકો તરીકે દુઃખ ભોગવતા અને પાપમાં ઘસડાતા પોતાના આત્માની એવી નિંદા કરે કે 'અરે! મેં કેવા કુકૃત્યો પૂર્વભવે કર્યાં હશે; અને કેવો મારો મોહ કે આજે મારી આ સ્થિતિ છે!' વળી ▲ **દોષગર્હા** અર્થાત્ પોતાની ધર્મસાધનામાં સેવાઇ જતાં દૂષણો વગેરેની ગુરુ આગળ નિંદા કરવા પૂર્વક પશ્ચાત્તાપ થાય. ◆ **કૃતજ્ઞતા** એટલે બીજાઓએ પોતાના ઉપર કરેલા ઉપકાર જરાય ન ભૂલતાં એનો બદલો વાળવાની તત્પરતા રહે. ઉપરાંત, ▲ **પરમાર્થવૃત્તિ** અર્થાત્ સ્વાર્થવૃત્તિને ગૌણ બનાવી પરાર્થવૃત્તિ એટલે કે બીજાનાં હિત સાધવાની વૃત્તિ મુખ્ય બને, એનું વ્યસન રહે. સાથે, ▲ **પરમ જિનભક્તિ** યાને ભવોદધિતારક અને સર્વહિતકારક ભગવાન જિનેશ્વરદેવ પ્રત્યે અત્યંત બહુમાન-પ્રીતિ હૃદયમાં ઉછળતી હોય. ▲ **જિન-મુનિ-સેવકભાવ** એટલે કે અરિહંત પરમાત્મા અને પંચ મહાવ્રતધારી મુનિજનને જ ખરા સેવ્ય માની એમની વિવિધ સેવા દ્વારા હૃદયમાં સેવકપણું ધારણ કરે. ઉપરોક્ત ભાવો દિલમાં અખંડિત વહેતા રહે એ માટે ▲ **અનાયતનોનો ત્યાગ** કરવાનો,

અર્થાત્ ધર્મ અને ધર્મભાવનાથી પતન કરાવનારા જેટલા સ્થાન હોય, જે નિમિત્ત હોય, એને તજવાના. એવા વિચાર, વાણી, વર્તાવ અને સંયોગોથી દૂર રહેવાનું. ▲ **જિનોક્ત ધર્મની પ્રભાવના** અર્થાત્ જૈન ધર્મની લોકમાં વાહવાહ અને આકર્ષણ થાય એવા પ્રભાવક કાર્યો કરી મન ઉલ્લસિત રાખવું. ▲ **ગુણસ્થાનકની પરિણતિ**—અંતરાત્મામાંથી કષાયોની પરિણતિ મંદ મંદ કરતા ચાલી ઉચ્ચ ઉચ્ચતર ગુણસ્થાનકના પરિણામ જાગતા કરવાના, ટકાવવાના, અને વધુ ને વધુ વિકસિત બનાવવાના.

▲ **અભ્યાસરૂપ, તુલનારૂપ અને પ્રતિમા રૂપ ભાવના:**—ભાવનાનો એક અર્થ અભ્યાસ પણ થાય છે. **જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વૈરાગ્યની ભાવનાઓને** 'ધ્યાનશતક' પ્રકરણમાં ધર્મધ્યાનના કારણ તરીકે કહી છે. જ્ઞાનાદિની ભાવના એટલે કે અભ્યાસ વડે આત્મા અને મન સદા કાબૂ અને શુદ્ધિમાં આવવાથી ધ્યાનની યોગ્યતા આવે છે. ▲ **શ્રુતજ્ઞાન** (શાસ્ત્રજ્ઞાન) ના હંમેશના સેવનથી [૧] ચિત્તની અશુભ પ્રવૃત્તિ અટકવાથી રક્ષણ થાય છે, (૨) સૂત્ર-અર્થની શુદ્ધિ રહે છે, ને ભવનિર્વેદનું શોધન થાય છે, અને (૩) જીવ અજીવના ગુણ તથા પર્યાયોના પરમાર્થનો, તથા તત્ત્વરહસ્યનો સમ્યગ્બોધ મળે છે. ▲ **સમ્યગ્દર્શનના** અભ્યાસ માટે, (૧) શંકા, પરમત કાંક્ષાદિ વગેરે દોષોનું નિવારણ, (૨) સ્વશાસ્ત્ર પરશાસ્ત્રમાં કુશળપણું, (૩) જિનશાસનમાં સ્થિરતા, (૪) પ્રભાવના, (૫) દર્શનપોષક સ્થાનોની સેવા ભક્તિ તથા (૫) પ્રશમ સંવેગાદિ ગુણો વગેરે આદરવાનું હોય છે. એથી ચિત્તની સારી શુદ્ધિ થાય છે. ▲ **ચારિત્ર** અર્થાત્ પાપવ્યાપારોના પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ તથા **તપના** અભ્યાસથી યાને નિરંતર સેવનથી અશુભ કર્મનું રોકાણ, પુણ્યોપાર્જન અને કર્મક્ષય થાયછે. એથી ચિત્તની શક્તિ અને શુદ્ધિ ખૂબ વધે છે. ▲ **વૈરાગ્ય**થી ચિત્તને ખૂબ ભાવિત કરવામાં આવે, એ માટે સમજાય વિચારાય કે જન્મ એ મરણ માટે, બન્ધુ એ કલેશ માટે, અને ધન એ અશાંતિ માટે થાય છે...વગેરે; (૨) વિષયજન્ય રાગ છોડાય, (૩-૪-૫) નિર્ભય, આશંસારહિત તથા પ્રશાંત બનાય, તો અજ્ઞાનાદિ ઉપદ્રવ ટળવાથી સ્થિર ધ્યાન લાગી શકે. અભ્યાસમાં શ્રાવકધર્મની દર્શનાદિરૂપ ૧૧ પ્રતિમા પણ આવે. તેમજ, પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ આવે, જેનું પુનઃ પુનઃ પાલન કરવાનું હોય છે. આગળ વધતાં ઉગ્ર તપ, સત્ત્વ વગેરેની પાંચ ભાવના કે જેને 'તુલના' કહે છે, એનો અમલ કરવાની ઊંચી પ્રક્રિયા છે. એ ઉપરાંત અતિ કડક પ્રતિજ્ઞારૂપી ૧૨ ભિક્ષુપ્રતિમા આરાધવાની હોય છે. એ પણ એક પ્રકારની ભાવના છે.

૩. સાશ્રવ અને અનાશ્રવ ધર્મ.

એ આલંબનરૂપ ધર્મ છે. સાશ્રવ ધર્મ એટલે આશ્રવવાળો અર્થાત્ આરંભ-સમારંભવાળો ધર્મ, અને નિરાશ્રવ એટલે તે વિનાનો ધર્મ. ગૃહસ્થને મુખ્યતયા સાશ્રવ ધર્મનું આલંબન લેવાનું હોય છે, સાધુને નિરાશ્રવધર્મનું. જિનપ્રતિમા-જિનમંદિર વગેરેનાં નિર્માણ, ભક્તિ પ્રતિમાપૂજન, સ્નાત્રાદિ, ઉત્સવ-તીર્થયાત્રાગમન, સંઘભક્તિ, સાધર્મિકવાત્સલ્ય, ધર્મસ્થાનોનાં નિર્માણ-જીર્ણોદ્ધાર, જ્ઞાનભંડાર, અનુકંપાદાન, વગેરે બધા સાશ્રવ ધર્મ છે. એના આલંબને જ ગૃહસ્થ ધર્મલેશ્યામાં આગળ વધી શકે. અલબત્ સામાયિક પોષધાદિ નિરાશ્રવ ધર્મ પણ અતિ અલ્પ અંશમાં હોય છે.

પ્ર૦— સાશ્રવ ધર્મમાં તો આરંભ અર્થાત્ હિંસા છે; તો ત્યાં ધર્મલેશ્યા શી રીતે વિકસે ?

ઉ૦— પૂર્વે ચાર પ્રકારની પૂજા પૈકી આમિષ પૂજાના પ્રસંગમાં આનું સમાધાન આવી જાય છે. ગૃહસ્થ એવી સ્થિતિમાં બેઠો છે કે એને દ્રવ્યનું મમત્વ છે, ને માનપાન-પરિવાર આદિની માયા છે, જે તેવા તેવા કાર્યોથી પુષ્ટ રહે છે. દુન્યવી અનેકાનેક નિમિત્તો અને પ્રવૃત્તિઓથી એનું દિલ રાગદ્વેષથી ભાવિત થતું હોય છે. આ બધું જુગજુના મોહને, રાગદ્વેષને, અને વાસનાને પુષ્ટ કરે છે; તેથી સંસાર મજબૂત બને છે. એ મંદ કરાવવો હોય તો એ મમત્વાદિ ઓછા કરાવવા પડે, અને તે કાર્ય એ પરિસ્થિતિમાં

એકલા નિરાશ્રવ ધર્મથી ન થઇ શકે. એ તો એને પરમાત્મા, સદ્‌ગુરૂ, સંઘ, સાધર્મિક વગેરેની માયા લગાડવી પડે; એ માટે એમની પૂજા ભક્તિનાં અનેકવિધ કાર્યો કરવા પડે; એમાં સારો દ્રવ્યવ્યય કરવો પડે; તો અસદ્ ધનમમતા, અસદ્ માયા, અને અસદ્ રાગદ્વેષ-ભાવિતતા ઓછી થતી આવે. રાગદ્વેષ યાને કષાયો બે જાતના હોય છે, ૧. અપ્રશસ્ત અને ૨. પ્રશસ્ત. વીતરાગ બનવા માટે તો બંનેમાંથી કોઈપણ પ્રકારના કષાયની હયાતી ન રાખવી જોઈએ. પરંતુ પહેલાં અપ્રશસ્ત કષાયો એમને એમ હટે એવા નથી, એને તો પ્રશસ્ત કષાયોથી નિવારી શકાય. દા. ત. દુશ્મન પર ક્રોધ આવે છે તેને હટાવવા માટે ક્રોધ પ્રત્યે લાલ આંખ અને અભિમાન થવું જોઈએ કે 'ક્રોધ ! તું મારૂં નિકંદન કાઢનારો ? હું તને સ્થાન ન આપું.' આનું જ નામ પ્રશસ્ત ક્રોધ અને અહંકાર. એ હોય તો દુશ્મન પરથી ક્રોધ હટાવાય. એમ જિન, જિનશાસન અને જિનસંઘ પ્રત્યે પ્રશસ્ત પક્ષપાત, મમતા અને રાગ જ્વલંત બને તો પોતાની કાયા, ધનમાલ અને કુટુંબાદિના અપ્રશસ્ત પક્ષપાત વગેરે મોળાં પડે. પછી તો જીવ આગળ વધી સંયમ અને જ્ઞાનના પ્રશસ્ત રાગમાં ઊંચે ચઢશે, સાધુજીવન લેશે, અને વધતા રાગે એમાં તન્મય થશે એટલે તરત ધ્યાનની તાલી લાગતાં વીતરાગ બની જશે. સારાંશ, ગૃહસ્થને ગૃહસ્થપણાના એવા નિમિત્તો અને સંયોગોમાં આવવું પડે છે કે જે એને અપ્રશસ્ત રાગદ્વેષાદિથી ભાવિત કરે છે. એ ઉભા હોય ત્યાં સુધી એની સામે પ્રશસ્ત સાશ્રવધર્મનાં આલંબન હોય તો જ એ બચી શકે; તો જ એ વાસ્વવિક ધર્મક્ષેત્રમાં આગળ વધી શકે. ◆ **નિરાશ્રવ ધર્મ :**—જેમણે સંસારના સર્વ સંબંધો મૂકી દઈ સર્વ પાપવ્યાપારના ત્યાગરૂપ સર્વવિરતિ સામાયિક ને અહિંસાદિ પાંચ મહાવ્રત સ્વીકાર્યાં છે, એમને નિરાશ્રવ ધર્મનું આલંબન હોય છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર રૂપી પંચાચારની વિવિધ ચર્યાઓ એ નિરાશ્રવ ધર્મ છે.

◆ **નિરાશ્રવ ધર્મની સૂક્ષ્મતામાં** ઉતરીએ ત્યારે, ઉપરોક્ત સાધુ ધર્મમાં પણ જે કે હિંસાદિ પાપોરૂપી આશ્રવોનો સર્વથા ત્યાગ છે એ દૃષ્ટિએ નિરાશ્રવ ધર્મ છે, પરંતુ હજી સંજ્વલનના ઘરના અલ્પ કષાયો બેઠા છે તથા કાયિકાદિયોગ બેઠા છે, અને એ પણ આશ્રવ છે, કર્મબંધ કરાવનારા છે, એ દૃષ્ટિએ સાધુધર્મ સાશ્રવધર્મ છે, ત્યારે, સાધુ કષાયોનો સર્વથા ક્ષય કરી વીતરાગ બને ત્યાં નિરાશ્રવ ધર્મ, અને ૧૩મા ગુણઠાણાને અંતે યોગનો સર્વથા નિરોધ કરી અયોગી કેવલી બને ત્યારે હવે સર્વથા નિરાશ્રવ કહેવાય. પરંતુ એ દશામાં સાધના કે આલંબન જેવું કશું હોતું નથી એ અપેક્ષાએ પૂર્વની સાધના—આલંબન અવસ્થામાં હિંસાદિના સર્વથા ત્યાગને નિરાશ્રવ ધર્મ તરીકે કહેવામાં આવ્યો.

પંચાચાર :—◆(૧) **જ્ઞાનાચાર** ૮ પ્રકારે ૧. **કાળ** અર્થાત્ સંધ્યા અને મધ્યાહ્ન-મધ્યરાત્રિ કાળ આદિ અસ્વાધ્યાય ટાળીને યોગ્ય કાળે સ્વાધ્યાય કરવો; ૨—૩. **વિનય-બહુમાન** ગુરુના બરાબર ધરવા, ૪. **ઉપધાન**= તે તે સૂત્રના ગ્રહણાદિ માટે વિહિત તપ આદિ વિધિ સાચવવી; ૫. **અનિન્હવ** = બીજાને ભણાવવું પડશે એ ભયથી પોતાના જ્ઞાનનો ઈન્કાર યા લજ્જાદિ કારણે ભણાવનાર ગુરુનો અપલાપ ન કરવો; ૬—૯. **વ્યંજન-અર્થ-તદુભય**= સૂત્ર, એનો અર્થ, અને એ બંને સાથે, એને બરાબર ભણવા, ભણાવવા, ગુણવા (પુનરાવર્તન કરવું). ▲ (૨) **દર્શનાચાર** ૮ પ્રકારે- ૧. **નિઃશંકિત**=જિનના કોઈપણ વચન પર શંકિત ન રહેવું ૨. **નિઃકાંક્ષિત**= પરમત કે એના ભપકા તરફ આકાક્ષાવાળા ન થવું; ૩. **નિર્વિચિકિત્સા**= ધર્મ સાધનાનાં શાસ્ત્રોક્ત ફળ મળશે કે નહિ એવી અશ્રદ્ધા ન કરવી; સાધુનાં મલિન શરીર, વસ્ત્ર વગેરે દેખી સુગ ન ચઢાવવી; ૪. **અમૂઢદૃષ્ટિ**= મિથ્યાત્વીઓની પૂજા, આડંબર વગેરે કે જ્યાં મૂળતત્ત્વની જ ખામી છે, એ જોઈ મુઢ ન બનવું કે, 'અહો આ કેવું સરસ ! આપણે ત્યાં માલ વિનાનું' વગેરે...૫. **ઉપબૃંહણ**=ગુણવાનની પ્રીતિ-ભક્તિ; બીજાના ગુણ અને ધર્મ-સાધનાની પ્રશંસા; ૬. **સ્થિરીકરણ**= ધર્મમાં શિથિલ પડતાંને સ્થિર કરવા તે; ૭. **વાત્સલ્ય**=

સંઘ અને સાધર્મિક પર હાર્દિક પ્રેમ, વાત્સલ્ય; ૮. **પ્રભાવના**–સમ્યક્ત્વના ૬૭ વ્યવહારમાં કહેલ પ્રભાવક ગુણ; યા ધર્મસાધનોથી જિનશાસનની શોભાદિ વધારવી તે. ▲(૩) **ચારિત્રાચાર** પૂર્વે કહેલ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો આચાર. ▲ ૪ **તપાચાર**=પૂર્વે કહેલ ૬ બાહ્ય તપ અને ૬ આભ્યન્તર તપનો આચાર. ▲ ૫ **વીર્યાચાર**=જ્ઞાનાચાર વગેરેના પાલનમાં જરા ય બળ–વીર્ય ન ગોપવતાં ભારે ઉલ્લાસ, ઉત્સાહ અને ઉદ્યમ ફોરવવા તે.

આ પંચાચાર ઉપરાંત મહાવ્રતની ૨૫ ભાવનાઓ અર્થાત્ મહાવ્રત પોષક મર્યાદાઓનાં પાલન, આવશ્યક (પ્રતિક્રમણ) પ્રતિલેખના (વસ્ત્રપાત્રાદિ ઉભય કાળ જોવા પ્રમાર્જવા), ગોચરી–ચર્યા (ભિક્ષા–વિધિ), વસતિ–વિહારાદિની મર્યાદા, ઇચ્છાકાર–મિથ્યાકારાદિ ૧૦ પ્રકારની સામાચારી,–એ બધો નિરાશ્રવ ધર્મ છે.

(૪) **મહાયોગાત્મક ધર્મ**:—

'ભગવાનમાં 'ભગ' શબ્દનો અર્થ ધર્મ; એ સાધ્ય, પ્રવૃત્તિ અને આલંબનરૂપ વિચાર્યો, હવે સ્વરૂપથી વિચારવામાં આવે છે. ધર્મનું સ્વરૂપ યોગ છે.

યોગ.

યોગ એટલે મોક્ષની સાથે યોજી આપે તે. એની પ્રાપ્તિ ભવાભિનંદી જીવને કે સંમૂર્છિમ ક્રિયા કરનારને થતી નથી. ▲ **ભવાભિનંદી જીવ**=એટલે સંસારનો રસિયો અને મોક્ષરુચિ વિનાનો જીવ જેને સંસારના જન્મ–જરા–મૃત્યુમય અને રોગ–શોક–દારિદ્યાદિમય વિટંબણા પ્રત્યે કોઇ ખેદ નથી, કંટાળો નથી, માટે જ એનાથી મૂકાવાની ક્લેશ માત્ર તમન્ના નથી, એવો જીવ ભવાભિનંદી કહેવાય. એના ૮ લક્ષણ.

क्षुद्रो लोभरतिर्दीनो मत्सरी भयवान् शठः । अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसंगतः ॥

અર્થાત્ એ (૧) કૃપણ (૨) માગણિયો, (૩) સદા કલ્યાણની પ્રત્યે અંધ, (૪) પરના કલ્યાણમાં દુઃખી, (૫) હંમેશાં ભયભીત, (૬) માયાવી, (૭) મૂર્ખ–મૂઢ અને (૮) સર્વત્ર અતત્ત્વનો આગ્રહી હોવાથી નિષ્ફળ પ્રવૃત્તિવાળો હોય. આવો આત્મા કદાચ ધર્મક્રિયા કરતો હશે, તો ય તે ક્રિયા લોકમાં માનપાન–કીર્તિ વગેરે મેળવવાના મલિન આશયથી થતી હોવાથી યોગસાધક ક્રિયા નથી બની શકતી. તેમ ▲ **સંમૂર્છિમ ક્રિયા** અર્થાત્ શુભ લક્ષ્ય વિનાની ગતાનુગતિક ધર્મક્રિયા પણ યોગસાધક ક્રિયા નથી બની શકતી. એ તો પ્રણિધાનાદિ પાંચ આશયવાળી શુદ્ધ ક્રિયા જ યોગને સિદ્ધ કરી શકે.

પ્રણિધાનાદિ પાંચ આશય:—શુદ્ધ ક્રિયા માટે ◆ (૧) **પ્રણિધાન** જોઇએ. પ્રણિધાન એટલે સ્થિર ચિત્ત. તે ૧. પ્રસ્તુત અહિંસાદિ ધર્મસ્થાનમાં વિચલિત નહિ થનારું, ૨. નિષ્પાપ ઉદ્દેશવાળું, ૩. હીન ધર્મસ્થાનમાં રહેલા જીવ પર અરુચિ નહિ કિન્તુ કરુણા સંપન્ન, અને ૪. જીવનમાં સ્વાર્થ નહિ પણ પરાર્થ (પરોપકાર) સાધવાની મુખ્યતાવાળું હોવું જોઇએ. આવું સ્થિર ચિત્ત એ પ્રણિધાન કહેવાય. એની પછી (૨) **પ્રવૃત્તિ** જોઇએ, એ માટે ૧. પ્રસ્તુત અહિંસાદિ ધર્મસ્થાનમાં પ્રયત્ન ઉત્તરોત્તર વધતો રહે એવો વિશિષ્ટ ઉદ્યમ કરી, ચિત્તને પરિણત સ્થિર કરવું જોઇએ, અને ૨. એ ચિત્તપરિણતિ સ્થિર થવી જોઇએ. ૩. પ્રસ્તુત ધર્મકાર્ય સાધવા સિવાય બીજી કોઇ અભિલાષા ન હોવી જોઇએ. આવી પ્રવૃત્તિની સાથે (૩) **વિઘ્નજય** કરવો જોઇએ. પ્રવૃત્તિમાં ૧. બાહ્ય પીડા, ૨. આંતર વ્યાધિ, અને ૩. મિથ્યાત્વ, એ ત્રણ પ્રકારના જઘન્ય–મધ્યમ–ઉત્કૃષ્ટ વિઘ્ન નડે છે. તો જેવી રીતે સુખે પ્રવાસ કરવા માટે ૧. કાંટાળો રસ્તો ત્યજવા દ્વારા કાંટાનું, ૨. આરોગ્ય જાળવવા દ્વારા જ્વર વગેરેનું, અને ૩. ઉત્સાહપૂર્વક સાવધાની રાખવા દ્વારા દિશામોહનું,–એમ ત્રણ પ્રકારના વિઘ્નોનું નિવારણ શક્ય અને કાર્યસાધક બને છે; એવી રીતે ધર્મસ્થાનમાં સિદ્ધિ કરવા માટે; ૧. પરીસહ સહવાની ખડતલતા દ્વારા ઠંડી–ગરમી વગેરેની બાહ્ય પીડા, ૨. આહારા-

દિના નિયમન અને ત્યાગવૃત્તિ રાખવા દ્વારા જ્વર વગેરે આંતર વ્યાધિ, તથા ૩. શ્રી વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું વચન અન્યથા હોય જ નહિ એવી અટલ શ્રદ્ધા દ્વારા મિથ્યાત્વ, એ ત્રિવિધ વિઘ્નનો જય કરવો જોઇએ. ત્યારે (૪) સિદ્ધિ આશય પ્રાપ્ત થાય. એ, ૧. માત્ર આભ્યાસિક નહિ કિન્તુ અભ્યાસથી શુદ્ધ થયેલ તાત્ત્વિક અહિંસાદિ ધર્મની પ્રાપ્તિરૂપ હોય છે, વળી ૨. આત્મામાં સ્વતઃ જાગેલી અને મૂર્તિમંત જ્ઞાનદર્શન-ચારિત્રરૂપ બનેલ અનુભવાત્મક હોય છે, તેમજ ૩. હીન, મધ્યમ અને અધિક જીવો પ્રત્યે કૃપાદિથી યુક્ત હોય છે; અર્થાત્ અહિંસાદિ ધર્મને સિદ્ધ કરનારો આત્મા નીચી કક્ષાના એટલે કે અહિંસાદિ ધર્મ ન સ્વીકારી શકે એવા જીવો પ્રત્યે કૃપા, અહિંસાદિ લઈ શકે એવા મધ્યમ કક્ષાના જીવો પ્રત્યે તે આપવાનો ઉપકાર અને અહિંસાદિ સિદ્ધ કરી ચુકેલા ઊંચી કક્ષાના આત્માઓ પ્રત્યે વિનય, એમ કૃપા, ઉપકાર અને વિનય એ ત્રણ ગુણ દાખવનાર હોય. એ પછી, (૫) વિનિયોગ આશય જોઇએ. વિનિયોગ એટલે બીજાને એ અહિંસાદિ ધર્મમાં જોડવાનું કાર્ય કરવું જોઇએ; તેથી એ ધર્મની અવિચ્છિન્ન પરંપરા સિદ્ધ થાય; અને એથી મહાફળ અવશ્ય સિદ્ધ થાય છે. કેમકે, સ્વ સાથે પરનો ઉપકાર કરવાની બુદ્ધિ એ આગામી અનેક જન્મમાં સતત જાગ્રત રહીને ઉત્કૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિનું કારણ બને છે, પછી મહાફળ કેમ સિદ્ધ ન થાય ?

આ પ્રણિધાનાદિ પાંચ એ મુખ્યતયા વિશિષ્ટ વિશિષ્ટ ચિત્તની પરિણતિરૂપ હોવાથી, આશય કહેવાય છે. એ વિનાની ક્રિયા ધર્મ માટે નથી થતી. **ચરમાવર્ત યાને** મોક્ષપ્રાપ્તિ પૂર્વના અંતિમ પુદ્ગલ પરાવર્તકાળમાં જ આ આશય પ્રાપ્ત થઇ શકે છે; તેમ ત્યાં જ ભવાભિનંદીપણું ટળી મોક્ષાભિલાષીપણું પ્રગટી શકે છે. એ માટે અપુનર્બંધક અવસ્થા પ્રાપ્ત થવી જોઇએ.

◆ **અપુનર્બંધક** એટલે તે આત્મા કે જે, કર્મોની કાળ સ્થિતિ જે લાંબી લાંબી બંધાતી હતી, તે હવે વિશિષ્ટ પ્રકારની શુદ્ધ અવસ્થા પ્રગટી હોવાથી કદી ફરીથી ઉત્કૃષ્ટ કાળસ્થિતિ નહિ બાંધે. એના સામાન્યથી ત્રણ લક્ષણ પૂર્વે કહ્યા છે, અહીં વિશેષ સ્વરૂપ બતાવાય છે. અપુનર્બંધક આત્મામાં ભવાભિનંદી જીવથી વિપરીત સ્થિતિ હોય છે. અર્થાત્ ભવાભિનંદી જીવ **ક્ષુદ્ર**, લોભરતિ વગેરે સ્વરૂપવાળો હતો, ત્યારે આ અપુનર્બંધક જીવ ઉદાર, સંતુષ્ટ, સ્વકલ્યાણદર્શી, પરકલ્યાણ-પ્રસન્ન, નિર્ભય સરળ, પ્રાજ્ઞ અને તત્ત્વદર્શી હોવાથી સફળ કાર્યનો આરંભી હોય છે. ઉપરાંત એની સંસારાસક્તિ હ્રાસ પામી હોવાથી ચિત્તમાં ક્રોધાદિ કષાયનો તીવ્ર સંક્લેશ નથી થતો. માટે જ એ **શાન્ત** એટલે કે ઇન્દ્રિયો અને કષાયોના તેવા વિકાર વિનાનો હોય છે; તેમજ **ઉદાત્ત** યાને મહાન આશયવાળો હોઇ ઊંચા ઊંચા શુભ આચરણનો અભિલાષી હોય છે. ઉદાત્તતાને લીધે **સંસારના કારણ, સ્વરૂપ અને ફળનો એ રીતે વિચાર** કરે છે કે, 'આત્મા અને કર્મની ભિન્નાભિન્નતાના કારણે સંસાર છે; વળી '**भवोऽयं दुःखगहनो जन्ममृत्युजरामयः। अनादिरप्युपायेन पृथग्भवितुमर्हति ॥**' અર્થાત્ 'આ સંસારનું સ્વરૂપ અનાદિ કાળથી જન્મ-જરા-મૃત્યુમય **અને** દુઃખભર્યું છે, છતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી અંત આવી શકે એવું એ સ્વરૂપ છે. ત્યારે સંસારના ફળમાં એકલા ક્લેશની પરંપરા છે.' એમ વિચારીને આવા **સંસારથી છૂટવાનું** પણ **એ ચિંતવે** છે. એવા એને જેવી રીતે પરપુરુષમાં લાગેલું કુલટા સ્ત્રીનું મન, ભલે બીજી બાજુ પતિની સેવા કરાતી હોય છતાં પણ પુણ્યદાયી નથી બનતું, તેમ મોક્ષમાં લાગેલું મન ભલે બીજી બાજુ સંસારની પ્રવૃત્તિ કરાતી હોય છતાં પણ પાપના અનુબંધ દેનારું નથી બનતું. એ રીતે એના ચિત્તમાં **શુભ પરિણતિ** પ્રવર્તે છે. સાથે, એ શુદ્ધ શુશ્રૂષા અર્થાત્ ધર્મશાસ્ત્ર-શ્રવણની પવિત્ર ઇચ્છા, ધર્મરાગ વગેરે દ્વારા **શુદ્ધ અનુષ્ઠાનવાળો** બને છે.

◆ **શુદ્ધ અનુષ્ઠાન ત્રણ પ્રકારે :** ૧. વિષયશુદ્ધ, ૨. સ્વરૂપશુદ્ધ, અને ૩. અનુબંધશુદ્ધ. **વિષયશુદ્ધ** એટલે અનુષ્ઠાનનો વિષય શુદ્ધ હોય તે, દા. ત. મોક્ષની ઇચ્છાથી ભૃગુપાત, પર્વત પરથી

ઝંપાપાત, વગેરે કરે. આમાં જો કે મોક્ષની ઉપાદેયતા માન્યાથી શુભરૂપતા કહેવાય, છતાં અહીં બહુ અજ્ઞાન અને પાપવાળી પ્રવૃત્તિ હોવાથી મોક્ષબાધક દોષોનું નિવારણ નથી થઇ શકતું. **સ્વરૂપશુદ્ધ** અનુષ્ઠાન એટલે લોકપ્રસિદ્ધ અહિંસાદિ યમનું અને ઈશ્વરપ્રણિધાનાદિ નિયમનું પાલન. આનાથી જો કે કષાયાદિનો નિરોધ થવાથી દોષોનો હ્રાસ થાય છે, છતાં ગૌરવ-લાઘવનો અર્થાત્ તત્ત્વ અને માર્ગ સંબંધમાં શેમાં ગુણદોષ, તથા લાભ-હાનિ છે એનું અજ્ઞાન હોવાથી દોષોનો કાયમી અંત નથી થઈ શકતો. તેથી, જેમ મોટા કિલ્લાવાળું પણ કુરાજાનું નગર લૂંટ વગેરેના ઉપદ્રવોને લીધે સંપત્તિની વૃદ્ધિવાળું ન બને, તેમ અહીં કિલ્લાસમા યમનિયમના પ્રયત્ન છતાં તત્ત્વજ્ઞાનરહિત પુરુષને ગુણવૃદ્ધિ ન થાય. ત્યારે, **અનુબન્ધશુદ્ધ** અનુષ્ઠાન જીવાદિ તત્ત્વોના સમ્યગ્ બોધવાળા યમનિયમના અનુષ્ઠાન સ્વરૂપ હોવાથી કષાયાદિવિકારોના નિરોધવાળું અને સ્થિરતાવાળું બને છે. તેથી એ સાનુબન્ધ એટલે કે જન્માન્તરોમાં અવિચ્છિન્ન ધારાવાળું અનુષ્ઠાન થાય છે. તત્ત્વસંવેદનના મજબૂત પાયા પર ઉપર ઉપર રચાતા ધર્માનુષ્ઠાનના માળ પડી નથી જતા; કેમકે ત્યાં કષાયાદિ દોષ ઉત્તરોત્તર હ્રાસ પામતા આવે છે.

◆ **૫ સદ્-અસદ્ અનુષ્ઠાન :**—ઉપરોક્ત ત્રિવિધ શુદ્ધ અનુષ્ઠાનમાં એક વસ્તુ નિશ્ચિત છે કે એ મોક્ષના જ ઉદ્દેશથી કરાતા હોય. એટલે, (૧) **મોક્ષને બદલે** લક્ષ્મી આદિ વૈભવ, માનપાન-કીર્તિ વગેરે આ લોકના સુખની કામનાથી કરાતી ધર્મક્રિયા એ શુદ્ધાનુષ્ઠાન નથી, સદનુષ્ઠાન નથી, પણ **વિષાનુષ્ઠાન** છે; કેમકે એ માનસિક શુભ પરિણામ યાને સમ્યક્ ચિત્તનું તત્કાલ મોત નિપજાવે છે. તેમ, (૨) પરલોકના સ્વર્ગાદિ વિષય-સુખની સ્પૃહાથી કરાતું અનુષ્ઠાન પણ અસદ્ અનુષ્ઠાન છે. એનું નામ **ગરાનુષ્ઠાન** છે. (ગર એટલે કાલાન્તરે મારનારૂં ઝેર.) ત્યારે, (૩) **સંનિપાત**-મૂર્ચ્છાદિમાં પડેલાની જેમ ચિત્તોપયોગ વિના કરાતી ધર્મક્રિયા એ સંમૂર્છિમ ક્રિયા યાને **અનનુષ્ઠાન** કહેવાય. એ પણ અસદ્ અનુષ્ઠાન છે. કેમકે 'ઉપયોગે ધર્મ;' ધર્મ મનની શુભ સાવધાની પર જન્મી શકે છે. આમ આ ત્રણે ય અનુષ્ઠાનમાં મોક્ષનું લક્ષ્ય નહિ હોવાથી અસદ્રૂપતા છે. ત્યારે, (૪) સદ્અનુષ્ઠાન કરવાના રાગથી, અર્થાત્ તાત્ત્વિક દેવપૂજાદિ આચારના ભાવ અને બહુમાનથી, કરાતા દેવપૂજાદિ અનુષ્ઠાન એ **તદ્હેતુ અનુષ્ઠાન** કહેવાય છે. અહીં સદ્અનુષ્ઠાનના રાગ સાથે મુક્તિ પ્રત્યે અદ્વેષ અથવા કંઈક અનુરાગ જાગવાથી શુભલેશ્યા-શુભભાવનો અંશ પ્રવર્તે છે, જે સદ્અનુષ્ઠાનનું કારણ છે. (૫) **અમૃત અનુષ્ઠાન** એ ઉત્તમ સદ્અનુષ્ઠાન છે, કેમકે મોક્ષના રાગ ઉપરાંત 'આ જ તત્ત્વ છે' એવી સર્વજ્ઞ જિન-કથિત માર્ગની શ્રદ્ધાના શુભ અધ્યવસાયથી એ કરવામાં આવતું હોઇને અમૃતનું અર્થાત્ અ-મરણનું (મોક્ષનું) કારણ છે.

સૌભાગ્યાદિ માટેના તપ એ વિષાનુષ્ઠાન કેમ નહિ ?

પ્ર૦—અહીં ચોથા "તદ્હેતુ" નામના સદ્અનુષ્ઠાનમાં જો મુક્તિનો અદ્વેષ કારણ કહો તો અભવ્ય (=મુક્ત થવાને અયોગ્ય) જીવને નિવગ્રૈવેયક'નામના સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારૂં એનું ચારિત્ર-અનુષ્ઠાન પણ સદ્અનુષ્ઠાન બની જશે ! કેમકે શાસ્ત્રે એને ત્યાં મુક્તિનો અદ્વેષ હોવાનું માન્યું છે; નહિતર તો મુક્તિના દ્વેષથી એટલી ઊંચી સ્થિતિ પામી શકે નહિ. ત્યારે 'તદ્હેતુ' અનુષ્ઠાનમાં જો કારણ મુક્તિરાગ કહો, તો ભવ્ય જીવને તે થવા પૂર્વે જાગેલા મુક્તિ-અદ્વેષવાળું અનુષ્ઠાન 'તદ્હેતુ' નહિ બની શકે ! જો મુક્તિ પ્રત્યેનો ઉત્કટ અદ્વેષ કારણ કહો, તો અભવ્યને પણ તે છે; કેમકે ગ્રૈવેયકયોગ્ય ચારિત્ર વખતે એને મોક્ષ પ્રત્યે ઉપેક્ષા છે, અને કોઇપણ વસ્તુની ઉપેક્ષામાં એના પ્રત્યે રાગ કે દ્વેષ થોડો ય હોતો નથી. તો 'તદ્હેતુ'નું ચોકસ કારણ કોણ ?

ઉ૦—'તદ્હેતુ' અનુષ્ઠાનમાં કારણ તરીકે મુક્તિના અદ્વેષ કે કંઈક રાગથી જન્મતો સદ્અનુષ્ઠાનનો રાગ સમજવાનો છે. અભવ્યને તે નથી, માટે એને સદ્ અનુષ્ઠાન જ નહિ. ત્યારે ભવ્ય જીવનું સૌભાગ્યા-

દિના રાગથી પણ થતું રોહિણીતપ વગેરેનું અનુષ્ઠાન એ સદ્ અનુષ્ઠાનના રાગવાળું હોઇ 'તદ્ધેતુ'અનુષ્ઠાન ગણાય છે; કેમકે એને શાસ્ત્રોપદેશથી મુક્તિ પ્રત્યે અદ્વેષ જાગીને એ સૌભાગ્યાદિની અપેક્ષા જન્મી હોય છે, જે અપેક્ષા બાધ્યકોટિની છે. જો તે અબાધ્ય હોય તો તો મોક્ષાર્થ શાસ્ત્રશ્રવણ થવા જ ન દે. પણ અહીં તો મુક્તિનો અદ્વેષ જાગવા ઉપર થતી સૌભાગ્યાદિની અપેક્ષામાં મોક્ષમાર્ગાનુસારી બુદ્ધિ મોક્ષાર્થ શાસ્ત્રશ્રવણ રુચિની યોગ્યતાના બળે ઉભી જ છે. માટે ત્યાં તીવ્રપાપક્ષય થયો હોવાથી સદ્ અનુષ્ઠાનનો રાગ છે. શાસ્ત્રે સૌભાગ્યાદિ ફળકાંક્ષી જીવોને રોહિણી વગેરે તપ બતાવ્યાં છે. માટે જ '**मुद्धाण हियट्ठया सम्मं**' ગીતાર્થ (શાસ્ત્રજ્ઞ) પુરુષો મુગ્ધોને માર્ગપ્રવેશ માટે તેવાં તપ ઉચ્ચરાવે છે, (આપે છે.) આ રીતે સૌભાગ્યાદિ ફળની વાંછા હોવા માત્રથી વિષાનુષ્ઠાનપણું નથી આવતું કે તદ્ધેતુપણાનો ભંગ નથી થતો; કેમકે તેવી વાંછા બાધ્ય કોટિની છે; અને એ જ રીતે માર્ગાનુસરણ ઉપપન્ન થઇ શકે છે. અસ્તુ. અમૃત અનુષ્ઠાન એ શુદ્ધ અનુષ્ઠાનમાં પણ અનુબન્ધશુદ્ધ અનુષ્ઠાનરૂપ છે; પણ તે મોક્ષરાગ ઉપરાંત જીવા-જીવાદિતત્ત્વોના સમ્યગ્ બોધ પર થઇ શકે. આ તત્ત્વજ્ઞાન સર્વજ્ઞ જિનેશ્વર ભગવાનના શાસ્ત્રના આધારે જ કરી શકાય. માટે તો કહ્યું છે કે,

શાસ્ત્રમહત્ત્વ.

पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम् । चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम्॥
यस्य त्वनादरः शास्त्रे, तस्य श्रद्धादयो गुणाः । उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं मतम् ॥
शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तेर्दूती परोदिता । अत्रैवेयमतो न्याय्यातत्प्राप्त्यासन्नभावतः ॥

અર્થાત્, પાપરોગને શમાવનાર શાસ્ત્ર છે; પવિત્ર કૃત્યનું નિમિત્ત શાસ્ત્ર છે; સ્થૂલ સૂક્ષ્માદિ પદાર્થો જોવાની ચક્ષુ શાસ્ત્ર છે; યાવત્ સર્વ પ્રયોજનો સિદ્ધ કરી શકવાની તાકાત શાસ્ત્રમાં છે. જેને શાસ્ત્ર પ્રત્યે આસ્થા, બહુમાન, ને ગૌરવ નથી, તેની ધર્મશ્રદ્ધા કે સંવેગ વૈરાગ્યાદિ ગુણો ભૂતાવિષ્ટ ઉન્મત્ત પુરુષના શૌર્ય-ઔદાર્યાદિ ગુણોની માફક વિવેકીને પ્રશંસનીય નથી બનતા. અંતઃકરણરૂપી રત્નનું સંશોધન કરી શકનાર શાસ્ત્ર પ્રત્યેની ભક્તિને તો તીર્થંકર પ્રભુએ મુક્તિની દૂતી અર્થાત્ મુક્તિનો સમાગમ કરાવી આપનારી કહી છે. તેથી મોક્ષની નિકટતાના હિસાબે તો શાસ્ત્ર ઉપર જ આસ્થા-ભક્તિ રહેવી યુક્તિયુક્ત છે.

◆**માર્ગાનુસારી-માર્ગાભિમુખ-માર્ગપતિતઃ—** અપુનર્બન્ધક આત્મા અનેક પ્રકારના હોય છે. તે સાંખ્યાદિ શાસ્ત્રોમાં કહેલા મુમુક્ષુને યોગ્ય અનુષ્ઠાનને ઉપરોક્ત સમ્યક્ પ્રકારે સાધનારા પણ હોય છે.એ માત્ર ગ્રન્થિભેદ નહિ કર્યો હોવાથી સર્વજ્ઞના શાસ્ત્રનું માર્ગદર્શન પામ્યા નથી હોતા; છતાં એ આગ્રહી નહિ હોવાથી માર્ગાનુસારી, માર્ગાભિમુખ, માર્ગપતિત વગેરે કક્ષામાં આવેલા હોય છે. 'માર્ગ' એટલે, આગળ 'मग्गदयाणुं' પદમાં બતાવાશે તે મુજબ, તત્ત્વજિજ્ઞાસાદિ વિશિષ્ટ ગુણસ્થાનને યોગ્ય સરળ ક્ષયોપશમ લેવાનો છે. કોઇ તેની દિશામાં હોય છે, કોઇ તેને તદ્દન સન્મુખ બનેલા હોય છે, ને કોઇ તેમાં પતિત એટલે પ્રવેશ કરી ચુકેલા હોય છે. આ માર્ગ-પ્રવેશ સર્વજ્ઞોક્ત તત્ત્વની જિજ્ઞાસા જગાડી ગ્રન્થિભેદ કરાવીને તત્ત્વશ્રદ્ધારૂપી સમ્યગ્દર્શન પમાડે છે. આનો અર્થ એ આવ્યો કે અપુનર્બન્ધક આત્માઓ સમ્યગ્દર્શન પામવા પૂર્વે મિથ્યાત્વ-વાસિત હોય છે ખરા, પરંતુ એમનું મિથ્યાત્વ આગ્રહ વિનાનું અને મંદ હોવાથી, એ જીવો મધ્યસ્થભાવવાળા તથા, પૂર્વે કહ્યું તેમ, સંસાર-રસિકતા વિનાના અને શાન્ત, ઉદાત્ત વગેરે ગુણોથી સંપન્ન હોય છે.

યોગની પૂર્વસેવા.

એવા અપુનર્બન્ધક અને એની ઉપરના સમ્યગ્દૃષ્ટિ આત્માઓ 'અધ્યાત્મ' આદિ યોગ પામવા પહેલાં જરૂરી એવી યોગની પૂર્વસેવાના અભ્યાસી હોય છે. ત્યારે એમને આગળ ચારિત્રમાર્ગમાં આવતાં યોગ

સુલભ બને છે. એટલે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે અધ્યાત્મ એટલે તત્ત્વચિંતન અને તે ઉપરના ભાવના, ધ્યાન વગેરે યોગ, જે સમ્યગ્દર્શનયુક્ત અહિંસાદિના વ્રતો પામ્યા પછી સિદ્ધ થાય, તેને માટે ઠેઠ આદિ ધાર્મિક અવસ્થાથી માંડીને **પૂર્વસેવાની** ખાસ આવશ્યક્તા છે. પૂર્વસેવાના અભ્યાસમાંથી પસાર થયેલો આત્મા એ વ્રતસહિત તત્ત્વ ચિંતનાદિનો અધિકારી બની શકે છે. કારણ એ છે કે સાંસારિક રસમય પ્રવૃત્તિઓમાં ટેવાયેલા અને મશગુલ રહેતા આત્મામાં અધ્યાત્માદિ યોગને પલોટાવા માટે, યોગની સગાઈ થવા માટે જગા જ નથી. યોગના ઘાટ માટે આત્મામાં અનુકૂલ મુલાયમતા જ નથી ! ત્યાં તો અતત્ત્વના ચિંતન, વિષયોના વિચારો, અને આહાર–પરિગ્રહની સંજ્ઞાઓ પ્રવર્તતી હોય છે. માટે પહેલાં પૂર્વસેવા સાધવાનો પ્રબળ પુરુષાર્થ અને પ્રખર અભ્યાસ જોઈએ. પૂર્વસેવા તરીકે મુખ્ય ચાર વસ્તુ કરવી જોઈએ.

पूर्वसेवा तु योगस्य गुरुदेवादिपूजनम् । सदाचारस्तपो मुक्त्यदेषश्चेति प्रकीर्तिताः ॥

૧. ગુરુ–દેવાદિપૂજન ૨. સદાચાર, ૩. તપ, અને ૪. મોક્ષ પ્રત્યે અરુચિનો અભાવ, એ યોગની પૂર્વસેવા છે. એમાં ▲ (૧) **ગુરુપૂજનમાં** 'ગુરુ' એટલે માતાપિતા, કલાચાર્ય (વિદ્યાગુરુ), એમના ભાઇ–બહેન વગેરે સગાં, ધર્મોપદેશ કરનારા જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ પુરુષો, એ બધો ગૌરવ કરવા યોગ્ય ગુરુવર્ગ છે. એમનાં પૂજનમાં શું શું આવે ? ૧. ત્રિકાળનમસ્કાર, ને સંયોગ પડયે કયારેક સાક્ષાત્ ન બને તો છેવટે મનમાં ગૌરવપૂર્વક સ્મરીને નમસ્કાર કરવાનો. વળી (૨) અભ્યુત્થાન અર્થાત્ એ આવે અગર ઉભા થાય ત્યારે ઉભા થવું, એમને બેસવા આસન આપવું, ને બેસે ત્યારે એમની ઉપાસના કરવી, વગેરે વિનયાદિ કરવાના. (૩) એમની પાસે નમ્રભાવ અને લઘુભાવસૂચક આસને બેસવું. (૪) લઘુનીતિ–વડીનીતિ (પેશાબ–ઝાડે જવાની ક્રિયા) વગેરે અસ્થાને એમનું નામ ન ઉચ્ચારવું. (૫) કયાં ય પણ એમની નિંદા નહિ સાંભળવી. (૬) એમને સારાં સારાં વસ્ત્ર, ભોજન, અલંકારાદિ સમર્પવા. (૭) એમની પાસે દીનહીન, અતિથિ, દેવ વગેરેને દાન દેવા પ્રમુખ પરલોક હિતકારી ક્રિયાઓ કરાવવી. (૮) એમને અનિષ્ટ લાગતા વ્યવહારો ત્યજી ઇષ્ટ લાગતા વ્યવહારોમાં પ્રવર્તવું; કિંતુ તે ધર્માદિ પુરુષાર્થને બાધ ન પહોંચે તે રીતે; કેમકે પુરુષાર્થનો આરાધનકાળ અતિ દુર્લભ છે. (૯) ગુરુવર્ગના આસન, પથારી, ભોજન, ભાજન, વગેરે પોતે ન વાપરવા. (૧૦) એમના અલંકારાદિ દ્રવ્યને તીર્થસ્થાનમાં યોજવું, નહિતર સ્વયંગ્રહણમાં ગુરુવર્ગના મરણાદિની અનુમતિ લાગે. (૧૧) એમના પ્રતિબિંબાદિ સ્થાપિત કરી એને ધૂપ-પુષ્પાદિથી પૂજવું, કેટલાક કહે છે કે એમણે કરાવેલ દેવપ્રતિમાદિની પૂજા કરવી. (૧૨) આદરપૂર્વક એમની પૂજન વગેરે મરણોત્તર ક્રિયા કરવી. આ ગુરુપૂજન થયું. ▲ દેવપૂજનમાં શું આવે ? વિવિધ પુષ્પો, માળા, બળી અર્થાત્ પકવાન, ફળ વગેરે વસ્ત્ર અને પ્રીતિ–ભક્તિભર્યા સુંદર સ્તવન ગુણગાનથી શરીર, વસ્ત્ર, દ્રવ્ય ને વ્યવહારની શુદ્ધિ જાળવવાપૂર્વક શ્રદ્ધા-બહુમાન સહિત આરાધ્ય દેવની પૂજા કરવી. જ્યાં સુધી કોઈ મતિમોહના કારણથી દેવાધિદેવ તરીકેના વિશિષ્ટ ગુણોની સમજના અભાવે દેવાધિદેવનો નિર્ણય ન થાય ત્યાં સુધી બુદ્ધ, મહાદેવ વગેરે સર્વ દેવ સામાન્યથી અથવા અતિશય શ્રદ્ધાથી મહાત્મા અર્થાત્ પરલોકદૃષ્ટિ બનેલા આત્મા માટે ગૌરવ કરવા યોગ્ય હોય છે.

પ્ર૦– સર્વ દેવોમાં તો સાચા–ખોટાનું મિશ્રણ હોય, તેમને નમસ્કારાદિ ગૌરવ કરવાથી શી રીતે લાભ થાય ?

ઉ૦–સાચા દેવની ઓળખ નથી થઈ ત્યાં સુધી સર્વ દેવને નમસ્કારાદિથી કરનારા તે આત્મા ઇન્દ્રિયો પર વિજય, અને દ્વેષના નિગ્રહના બળ પર નરકાદિથી બચે છે, તેમજ, 'ચારિસંજીવની' ન્યાયે અર્થાત્ જેમ કામણપ્રયોગે મનુષ્યમાંથી બળદ થઈ ગયેલને અનેક વનસ્પતિઓનો ચારો ચરાવતાં, એમાંથી એને માણસ બનાવનાર બરી વનસ્પતિનું ભક્ષણ મળ્યું, એમ વિના પક્ષપાતે સર્વ દેવોનું

ગૌરવ કરતાં સાચા દેવની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શનાદિ માર્ગમાં અવતાર થવાને અવકાશ છે. કોઇ એક જ દેવને દુરાગ્રહથી પકડી રાખે તો આ સંભવ નથી. આ સર્વ દેવને નમવાનો ઉપદેશ પહેલ પહેલો સ્થૂલ ધર્માચાર કરનાર અને અત્યન્ત મુગ્ધતાના કારણે વિશેષ પ્રવૃત્તિને અયોગ્ય એવા જીવોને જ દેવાનો છે. પછી એમ કરતાં જ્યારે એને બીજા દેવો કરતાં અરિહંત દેવમાં ગુણાધિક્ય જણાય ત્યારે એ બીજા દેવો પર દ્વેષ કર્યા વિના એમને છોડીને, અરિહંતદેવનું પૂજન કરે છે. ◆ ગુરુદેવાદિનું પૂજન કહ્યું તેમાં 'આદિ' પદથી પાત્રભૂત વ્રતધારી સાધુઓ સામાન્યથી, અને સ્વયં રાંધવાના ત્યાગવાળા માત્ર ભિક્ષાજીવી સાધુઓને વિશેષે કરીને દાન દેનાર હોય છે. (આ સમ્યગ્દર્શન પામ્યા પૂર્વે સમજવું. પણ પામ્યા પછી નિગ્રન્થ શ્રમણને જ સુપાત્ર સુસાધુ માને છે), તેમજ, સકલ પુરુષાર્થ શક્તિહીન એવા દીન પુરુષો, અંધ પુરુષો, કૃપણો કે જેના પર સહેજે દયા આવે, તથા કોઢ વગેરે રોગગ્રસ્ત પુરુષો અને નિર્ધન ગરીબ કે જે નિર્વાહ માટે યાચના સિવાય બીજા સાધનમાં લાચાર બની ગયા છે, એ બધાને દાન દેનારો આ યોગ પૂર્વસેવાવાળો બને છે. અલબત આ દાન પોતાના પોષ્યવર્ગના નિર્વાહને બાધ ન કરે એ રીતનું હોય, તથા દાન સ્વ-પરને ધર્મબાધાકારી વસ્તુનું ન હોય; દા. ત. જળ, મુશળ વગેરેનું દાન નહિ.

(૨) **સદાચાર** નામના બીજા પૂર્વસેવાના અંગમાં આ આવે:—લોકનિંદાનો ભય, દીનહીન પર ઉપકારનો પ્રયત્ન, કૃતજ્ઞતા, દાક્ષિણ્ય અર્થાત્ ધીર અને ગંભીર ચિત્તપૂર્વક ઉલ્લાસથી પરકાર્ય કરી છૂટવું, સર્વની નિન્દાનો ત્યાગ, સદાચારીની પ્રશંસા, આપત્તિમાં દીનતા નહિ ને સંપત્તિમાં અનુચિત વર્તાવ કે ગર્વ નહિ, અવસર પામીને હિત-મિત ભાષિતા, વચનપાલન, સ્વીકૃતવ્રત નિયમનો નિર્વાહ, અવિરુદ્ધ સ્વકુલાચારનું અનુસરણ, અયોગ્ય ધનખર્ચ નહિ, સ્થાને ધનવ્યય, સદા વિશિષ્ટ ફળદાયી કાર્ય પર મમત્વ, મદ્યપાનાદિ પ્રમાદનો ત્યાગ, બહુજન-રૂઢ અવિરુદ્ધ લોકાચારનું પાલન, સ્વપક્ષ-પરપક્ષ પ્રત્યે પ્રામાણિકતાદિ ઉચિત વ્યવહાર અને જીવન કટોકટીમાં ય નિન્દ્ય અર્થાત્ કુલકલંકકારી પ્રવૃત્તિનો ત્યાગ.

(૩) **તપ** નામની ત્રીજી પૂર્વસેવામાં યથાશક્ય પાપનાશક વિવિધ તપ કરાય છે; દા. ત. ચાન્દ્રાયણતપ (શુકલપક્ષમાં ૧-૧ કોળિયો અધિકાધિક અને કૃષ્ણપક્ષમાં ન્યૂનન્યૂન, અમાસે ઉપવાસ). એવા બીજા પણ કૃચ્છ વગેરે તપો. સમ્યગ્દર્શન પામ્યા પછી તપોધન મુનિ બનેલાઓ કષાયનિરોધ, બ્રહ્મચર્ય, દેવભક્તિ વગેરે સહિત અને 'મૃત્યુંજય' મંત્ર પંચપરમેષ્ઠિ-નમસ્કારાદિનાં સ્મરણ યુક્ત માસોપવાસાદિ મૃત્યુદન તપ, પાપસૂદન તપ, કર્મસૂદન તપ વગેરે સુધીના તપ આશંસા કે લોકસંજ્ઞાને ત્યજીને આચરે છે. ડંડમુનિને હણનાર યમુન રાજાએ મુનિ બની પાપ ઉચ્છેદવા 'સાધુવધનું પાપ યાદ આવે તે દિવસે ભોજનત્યાગ,'-એવી પ્રતિજ્ઞા કરી છ માસ સુધી ભોજન ન લીધું, તે પાપસૂદન તપ. બાકી સમ્યગ્દર્શની આત્મા બીજા તપ એકાશન, નીવી આયંબિલ, એકસિકથ (દાણો), ઉપવાસ વગેરે કરી 'ઓં હ્રીં અસિઆઉસા નમઃ' આદિ મંત્ર જપે છે. આમાં ઉદ્દેશ દુન્યવી સુખના ન રખાય; તેમજ કામ-ક્રોધાદિ આંતર શત્રુઓનો નિગ્રહ કરતા આવવાની ચીવટ જોઇએ; તથા જિનભક્તિ જોઇએ.

૪. **મુક્તિનો અદ્વેષ** એ ચોથી પૂર્વસેવા છે. મુક્તિ એ ભોગસંક્લેશરહિત અર્થાત્ આત્માથી પર એવા ઇન્દ્રિયવિષયોની આસક્તિસમા મૂળભૂત ક્લેશથી રહિત હોય છે; અને સર્વ કર્મોના ક્ષયથી નીપજે છે. ભવાભિનંદી જીવ ભોગમાં આનંદ માનનારો હોઇ મહામોહવશ આવી મુક્તિ પ્રત્યે દ્વેષ, અરુચિ ધરનારો હોય છે, અને એ એની પાસે મોક્ષના ઉપાયભૂત સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રના નાશની ચેષ્ટા અને નરકગમનાદિ પૂર્વક સંસારની વૃદ્ધિ કરાવે છે. એ દ્વેષ ન હોય તો જ પૂર્વોક્ત ગુરુદેવાદિ પૂજન સફળ બને છે. માટે ગુર્વાદિપૂજન કરતાં પણ મુક્તિનો અદ્વેષ એ મહાન ગુણ છે. એટલે મોક્ષદ્વેષની કારણભૂત સંસારરસિકતા તેમજ ઉપયોગશૂન્ય સંમૂર્છિમ દશા ટળે તો જ સદ્-અનુષ્ઠાન (સદ્-ધર્મક્રિયા) ને સ્થાન છે;

જે ચરમાવર્તકાળે શકય છે. તે પૂર્વે તો મોક્ષદ્વેષના લીધે શુભ ભાવનો અંશ પણ જાગતો નથી. એ ન હોય તો જ મોક્ષરુચિ સુલભ બને છે. તો જ ગુર્વાદિપૂજન વગેરે દ્વારા શુભ ભાવની ધારા વધતી આવે છે.

સમ્યગ્દૃષ્ટિની પૂર્વસેવા:—આ બધી અપુનર્બંધક અવસ્થા છે. સાંખ્ય યોગાદિ ભિન્ન ભિન્ન દર્શનોમાં મધ્યસ્થભાવે રહેલા વિવિધ અપુનર્બંધક આત્માઓ હોય છે. એમની પૂર્વસેવાની સાધના વધતાં વધતાં જ્યારે એ વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વનાં શ્રવણનો યોગ પામે છે, ત્યારે ગ્રન્થિભેદ વગેરે કરીને મિથ્યાત્વ યાને અસર્વજ્ઞોક્ત મિથ્યા તત્ત્વ અને મિથ્યા મોક્ષમાર્ગનો ત્યાગ કરી દે છે, અને સર્વજ્ઞોક્ત તત્ત્વની શ્રદ્ધા કરી સમ્યગ્દર્શન પામે છે, મિથ્યાદૃષ્ટિ મટી સમ્યગ્દૃષ્ટિ બને છે. ત્યાં એનામાં પ્રશમ, સંવેગ વગેરે લક્ષણો પ્રગટ થાય છે. હવે એને સદ્ગુણી સુરૂપ કન્યાથી પરિવરેલા સુખી યુવકને રહેતી કિન્નરગીતો સાંભળવાની લગની કરતાં અધિક લગની ધર્મશ્રવણની, અને લાંબા પ્રવાસ કરી થાકેલા ભૂખ્યાને થતાં ઘેબર-ભોજનના રાગ કરતાં અધિક રાગ ધર્મનો થાય છે. એવી ઉત્કટ ધર્મશ્રવણેચ્છા અને ધર્મરાગ સાથે એ ગુરુ-દેવતા-પૂજન વગેરે પૂર્વસેવાને વિશિષ્ટપણે આદરે છે. એમ, હવે વિવેક પ્રગટ્યો હોવાથી કુગુરુ, રાગી દ્વેષી દેવ, અને અસર્વજ્ઞ શાસ્ત્રોક્ત તપ અને ધર્મક્રિયાના સ્થાને સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા, સર્વજ્ઞ વચનાનુસારી નિર્ગ્રન્થ શ્રમણ અને સર્વજ્ઞોકત તપ-ધર્મક્રિયાને આરાધે છે. બાકી અહીં માતાપિતાદિ ગુરૂજનની પૂજા તથા પૂર્વોક્ત સુદાક્ષિણ્ય, દયાલુતા, દીનોદ્ધાર, કૃતજ્ઞતા, વગેરે સદાચાર ચાલુ રહે છે. આવા આત્માને મન મોક્ષમાં અને કાયા સંસારમાં હોઇને, તથા પરોપકારવૃત્તિ-બુદ્ધિમત્તા-કલ્યાણમાર્ગગમન-ગુણાનુરાગ વગેરે ગુણ વિશિષ્ટ કોટિના હોવાથી 'ઓઘિસત્ત્વ' કહી શકાય.

દેશવિરતિના લક્ષણ:—આમ વિશિષ્ટ પૂર્વસેવાની સાધના દ્વારા ચારિત્ર મોહનીય કર્મની કાળસ્થિતિ ઓથી નવ પલ્યોપમ જેટલી હ્રાસ પામતાં અહિંસાદિ અણુવ્રતોરૂપી દેશવિરતિ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. એના લક્ષણ માર્ગાનુસરણશીલતા, શુદ્ધાનુષ્ઠાનની તીવ્રરુચિરૂપ શ્રદ્ધા, પ્રાજ્ઞપુરુષની વિશિષ્ટ પદાર્થની દેશનાના શ્રવણ-અમલમાં આસક્તિ, વિશિષ્ટ ગુણાનુરાગ, અને શકય ધર્માદિની પ્રવૃત્તિ છે. અહીંથી યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે. પછી તે આગળ ચારિત્રમોહનીય કર્મમાં સંખ્યાતા સાગરોપમ જેટલી કાળસ્થિતિનો હ્રાસ થયે પ્રાપ્ત થતા અહિંસાદિ મહાવ્રતોરૂપી સર્વવિરતિ-સાધુમાર્ગમાં વિશિષ્ટ યોગસાધનારૂપે બને છે.

આ ઉપરથી ધ્યાનમાં આવશે કે યોગસાધનામાં આવવા પૂર્વે શાન્તતા-ઉદાત્તતા-સંસારખેદ-મોક્ષરુચિ વગેરેની અપુનર્બંધક દશા, સમ્યક્ત્વ અને દેશવિરતિ શ્રાવકપણા ઉપરાંત યોગપૂર્વસેવાની અત્યંત આવશ્યકતા છે, કે જેમાં પ્રણિધાનાદિ યુક્ત દેવાદિપૂજનની વિવિધ ક્રિયાઓ, દાન-વિનય-સેવા-બહુમાનાદિ, તથા સુદાક્ષિણ્ય, દયાળુતા, ગુણાનુરાગ, કૃતજ્ઞતાદિ ગુણોલ્લાસ અનેકવિધ સદાચાર, તેમજ વિવિધ તપ વગેરે આવે છે. તો જ યોગ સાધી શકાય કે જે પછી મોક્ષ સાથે આત્માને યોજી આપે.

યોગ પાંચ પ્રકારે છે.

अध्यात्मनं भावना, ध्यानं, समता, वृत्तिसंक्षयः। योगः पञ्चविधः प्रोक्तो योगमार्गविशारदैः॥

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિનો અત્યંત ક્ષય-એમ પાંચ પ્રકારે યોગ, યોગમાર્ગના વિશારદ પુરુષોએ કહ્યો છે.

અધ્યાત્મયોગ એટલે ઔચિત્યને લીધે અણુવ્રતમહાવ્રતયુક્ત બનેલા પુરુષનું મૈત્રી આદિ ભાવભર્યા હૃદયે જિનાગમને અનુસારે જીવાદિ પદાર્થોનું ચિંતન. ▲**ઔચિત્ય** એટલે ધર્મ-અર્થ વગેરેની સર્વ પ્રવૃત્તિમાં બિનછાજતું ન થવા દે અને સુંદર પ્રવૃત્તિ અવશ્ય કરાવે એવી ન્યાયી વૃત્તિ. એમાં

ચતુર્ગતિમય સંસાર પર એને અકૃત્રિમ અતીવ ઉદ્વેગ પ્રવર્તતો હોય; કેમકે એને નિર્મળ વિવેક-ચક્ષુથી એમાં જન્મ-જરા મૃત્યુ વગેરે કષ્ટ-બહુલતાને લીધે નિર્ગુણતા અસારતા ભાસતી હોય, ને તેથી જ એ મોક્ષ ઉપર દૃઢ અસ્થિમજ્જા અનુરાગભર્યું મમત્વ ધરાવતો હોય. આને લીધે પુરુષાર્થથી એણે રાગદ્વેષની ગ્રન્થિ ભેદી નાખી હોય, ગ્રન્થિભેદ પછી તો આગળ વધવામાં પ્રાયઃ પુરુષાર્થ જ સબળપણે કાર્ય કરે છે, જ્યારે અશુભ દૈવ યાને ભાગ્યને શક્તિહીન કરવામાં આવે છે. એથી પુરુષાર્થના જોર પર એ સત્પ્રવૃત્તિના બાધક કર્મોનો હ્રાસ કરીને સર્વત્ર અસત્ પ્રવૃત્તિ રોકી સુંદર પ્રવૃત્તિમાં પરાયણ હોય એવું ઔચિત્ય ધરાવે છે; ને એ જ એને સંસારત્યાગ અને મોક્ષપ્રાપ્તિ કરાવી શકે છે; તેમજ તે માટે પુરુષાર્થપ્રેરિત ઔચિત્યવાળી પ્રવૃત્તિ દ્વારા કૂવાની પાતાલ-સેરની જેમ એના વૈરાગ્યાદિ ભાવ અન્ય શુભ ભાવને જગાવે છે. ત્યાં ઉપદેશનું નિમિત્ત ખરું, પરંતુ તે કૂવાને ખોદવાની ક્રિયા જેટલું નિમિત્ત; બાકી તો જેમ કૂવો પાણીથી ભરાવામાં સેરનો પ્રવાહ એ મુખ્ય કારણ છે, તેમ આત્મામાં શુભ ભાવો વધવામાં મુખ્યપણે ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિથી પ્રેરિત વૈરાગ્યાદિ ભાવ એ મુખ્ય આદરણીય કારણ છે. અલબત ઉપદેશ એ ઔચિત્ય દ્વારા આગળ આગળ કયા કયા સદનુષ્ઠાન સાધવાના છે તે બતાવે છે, ને સાથે વિધિનિષેધ તેમજ ઉત્સર્ગ અપવાદ પણ બતાવે છે. ઔચિત્યમાં આટલું જ નહિ, પરંતુ આગળ માર્ગાનુસારિતા વગેરે આવે છે. જેમ વનમાં પડેલો તંદુરસ્ત અંધ પુરુષ ખાડા વગેરેમાં ન પડતાં આગળ વધી શકે છે, તેમ શાસ્ત્રજ્ઞાન ન હોવા છતાં પણ સુંદર સ્વાસ્થ્ય ધરનારા માષતુષાદિ મુનિ જેવાઓ પાપનાં કારણ અને ફળને ત્યજીને ભવાટવી લંઘી જાય એવી માર્ગાનુસારિતા ધરાવે છે. સાથે, અટવી ઉતરેલા ભૂખ્યા વિપ્રને ઘેબરના ભોજન પર થતી તીવ્ર રુચિના કરતાં ય શુદ્ધ અનુષ્ઠાનની અતિશય રુચિ હોય છે, તથા ગુણાનુરાગિતા, અને શક્ય સુંદર ભાવથી બને એવો પ્રશસ્ત પુરુષાર્થ હોય છે. આવા ઔચિત્યવાળા સમ્યગ્દૃષ્ટિને જ વાસ્તવિક ચારિત્ર અર્થાત્ અહિંસાદિ વ્રતો પ્રાપ્ત થાય છે. અલબત જે સમ્યગ્દૃષ્ટિને નિકાચિત યાને ચીકણાં દૃઢ કરેલાં ચારિત્રમોહાદિ કર્મ નડે છે, એને માર્ગાનુસારિતા હોવા છતાં ચારિત્ર પ્રાપ્ત થઈ શકતું નથી. સારાંશ, વાસ્તવિક અહિંસાદિ વ્રત સુધી આવવામાં વિશાળ સ્વરૂપવાળું ઔચિત્ય કામ કરે છે.

મૈત્રી આદિ ચાર ભાવ:—આ રીતે ઔચિત્ય અર્થાત્ ઉચિત પ્રવૃત્તિથી વ્રત સુધી આવેલ આત્માનું મૈત્રી આદિ ભાવો સહિત કરવામાં આવતું જિનોક્ત જીવાદિ પદાર્થનું ચિંતન, એનું નામ અધ્યાત્મ છે. ▲ **મૈત્રી** એટલે જીવમાત્ર પ્રત્યે સ્નેહ, 'બીજા સુખી થાઓ,' એ ઇચ્છા. એ ચાર પ્રકારે હોઈ શકે,-૧. પોતાના ઉપકારી પ્રત્યે, ૨. સ્વજન સગાં પ્રત્યે, ૩. પોતાના પૂર્વજોને અથવા પોતે આશરો આપેલા પ્રત્યે, અને ૪. કોઈ પણ જાતિના સંબંધને ગણ્યા વિના સૌ કોઈની પ્રત્યે. ◆ **બીજો કરુણા ભાવ** એટલે પરદુઃખનાશની ઇચ્છા; એ ચાર પ્રકારે,--૧. અજ્ઞાનવશ બિમારને કુપથ્ય આપી શાંત કરવાની ઇચ્છા તુલ્ય ઇચ્છા, ૨. દીનદુઃખીને લોકપ્રસિદ્ધ આહાર-વસ્ત્રાદિ દેવાની ઇચ્છા; ૩. પ્રીતિવાળા સુખી જીવોનું પણ આત્મિક સંસાર દુઃખ ટાળવાની સંવેગ (મોક્ષરાગ) પ્રેરિત ઇચ્છા; અને ૪. મિત્ર કે દુશ્મનના ભેદ વિના વિશ્વના આત્મિક દુઃખ ફેડવાની ઇચ્છા. ◆ **ત્રીજી મુદિતા** યાને **પ્રમોદભાવ**, તે ચાર પ્રકારે;-૧. સ્વ-પરને તત્કાલ રમણીય અને પરિણામે દુઃખકારી કુપથ્ય આહાર તુલ્ય વિષયસુખ મળ્યા જોઈ તોષ; ૨. સમ્યક્ કારણભૂત હિત-મિત આહારના સ્વાદિષ્ટ રસાસ્વાદના સુખ સરખા સુખ મળ્યાનો તોષ; ૩. અનુબંધયુક્ત અર્થાત્ ધારાબદ્ધ દેવ-મનુષ્યના ભવોમાં કલ્યાણપ્રાપ્તિ થયાનો આનંદ; અને ૪. મોહ ક્ષયાદિથી નીપજતા ઉત્કૃષ્ટ અવ્યાબાધ સુખ પર તોષ. ◆**ચોથો ઉપેક્ષાભાવ**, તે ચાર પ્રકારે, ૧. કરુણાવશ, અહિતથી ન રોકવો તે; જેમ કુપથ્ય સેવતા દરદીને કુપથ્યથી ન રોકવો; ૨. અનુબંધવશ અર્થાત્ ભાવીનો વિચાર કરીને અનવસરે ન રોકવો તે, જેમ આળસુને હિતૈષી કચારેક

તો ધંધાદિમાં પ્રેરે, પણ કયારેક લાભ ન દેખતાં ન પ્રેરે. ૩. નિર્વેદવશ થઈને સંસાર-સુખની અરુચિવશ એની ઉપેક્ષા, જેમ યોગીઓને; ૪. તત્ત્વચિંતનવશ સારી-નરસી વસ્તુને રાગદ્વેષનું વાસ્તવિક નિમિત્ત ન માનતાં મોહાદિકર્મ વિકારરૂપી પોતાનો જ દોષ માની સર્વત્ર સ્વાત્મા સિવાય કોઈને સુખ-દુઃખનું કારણ ન લેખવું તે. ▲ મૈત્રી આદિ ચારે ય ભાવોના પરિણામે સુખી પ્રત્યે ઈર્ષ્યા, દુઃખી પ્રત્યે ઉપેક્ષા, પરસુકૃત પર અરુચિ અને અધર્મો પ્રત્યે રાગદ્વેષનો ત્યાગ કરીને તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મને ભજે. આ તો યોગના અભ્યાસીને; બાકી સિદ્ધ યોગીને મૈત્રી આદિ ભાવો ભાવવાના હોય નહિ. એમને તો શુદ્ધ જ્ઞાનમય અને સહજ પરાર્થપ્રધાન અવસ્થા પ્રવર્તે છે. સંક્ષેપમાં, ઔચિત્યપ્રેરિત વ્રતપ્રાપ્તિ પછી મૈત્રી આદિ ભાવોથી યુક્ત ચિત્તમાં ચાલતું જીવાદિ પદાર્થનું ચિંતન એ પહેલો અધ્યાત્મ યોગ થયો. ◆ અનુ ફળ એ કે (૧) જ્ઞાનાવરણાદિ ક્લિષ્ટ કર્મનો ક્ષય, (૨) વીર્યોત્કર્ષરૂપસત્ત્વ, (૩) ચિત્ત સમાધિરૂપ શીલ, તથ (૪) શુદ્ધ રત્નના તેજની માફક શાશ્વત અને સ્વસંવેદનપ્રત્યક્ષ વસ્તુબોધ થાય. આમ દારુણ મોહવિષના વિકારનો નાશક હોવાથી અધ્યાત્મયોગ એક અમૃત છે.

(૨) ભાવનાયોગઃ—

અધ્યાત્મની પ્રતિદિવસ ઉચ્ચતાનો અનુભવ થાય એવો ચિત્તનિરોધયુક્ત અધ્યાત્મનો અભ્યાસ યાને તત્ત્વચિંતનનું વારંવાર સેવન, એ ભાવનાયોગ છે. ભાવના એટલે જેનાથી આત્મા ભાવિત થાય. રસાયણને વિવિધ વનસ્પતિના રસની ભાવના આપવામાં આવે છે, એમ આત્માને અધ્યાત્મની વારંવાર ભાવના આપવાની છે, એટલે કે એનું ખૂબ ખૂબ પુનરાવર્તન કરવાનું છે. તે ય એવી રીતે કે દિનપ્રતિદિન એ તત્ત્વચિંતન ઊંચું ઊંચું બનતું જાય અને ચિત્તસમાધિ યાને મનોનિગ્રહ વધતો ચાલે. એ ભાવનાયોગ. ▲ એનું ફળ એ, કે (૧) અશુભ અર્થાત્ કામ-ક્રોધાદિના અભ્યાસ વિરામ પામે, (૨) શુભ એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, અને વૈરાગ્યના અભ્યાસ એવા અનુકૂળ બને કે જેથી એ ઝટ ઉપસ્થિત થાય એવા દઢ સંસ્કાર પડે; (૩) સત્ત્વની વૃદ્ધિ થાય અને (૪) શુદ્ધ ચિત્તનો ઉત્કર્ષ પ્રાપ્ત થાય.

(૩) ધ્યાનયોગઃ—

ભાવના યોગ સિદ્ધ થયાથી જીવાદિ પદાર્થોના ચિંતનના દઢ સંસ્કાર અને સહજતા થયાથી હવે કોઈ એક પ્રશસ્ત પદાર્થ પર, પવન વિનાના ઓરડામાં રહેલા દિવાની સ્થિર જ્યોતિની જેમ સ્થિર ચિંતન ચાલી શકે છે. એમાં વિષયાન્તરનો પ્રવેશ નથી થતો, એવી એક ધારા ચાલે છે. એનું નામ ધ્યાન છે. ધ્યાન એટલે એકાગ્ર યાને એક પદાર્થ પર સ્થિર ચિત્ત. પ્રશ્ન થાય કે ચિત્ત સ્થિર એટલે શું ચિત્તથી માત્ર તેને જોયા કરે? ઉત્તર એ છે કે ના, તે પદાર્થના ઉત્પાદ, વ્યય કે ધ્રુવતાનો સૂક્ષ્મ ખ્યાલ કરે. સમજવાનું છે કે આવા સૂક્ષ્મ ખ્યાલ સાથેનું એકાગ્ર ચિંતન અધ્યાત્મના ખૂબ અભ્યાસ પછી સાધ્ય છે; માટે અધ્યાત્મનો વૃદ્ધિંગત સતત ઉપયોગ જોઈએ. શું ધર્મક્રિયામાં કે શું સંસારની પ્રવૃત્તિમાં, જીવાદિ તત્ત્વોની વિચારણા ચાલુ રહેવી જોઈએ. તો એક પદાર્થ પર સ્થિર ચિત્તરૂપ ધ્યાન કરી શકાય. ◆ ધ્યાનયોગમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરવા માટે ખેદ-ઉદ્વેગ આદિ પૂર્વોક્ત ૮ ક્રિયા દોષોનો ત્યાગ કરવો જોઈએ. ▲ ધ્યાનયોગનું ફળ એ, કે (૧) સર્વ કાર્યમાં વશિતા સ્વાધીનપણું આવે. (૨) શુભ પરિણતિની સ્થિરતા યાને નિશ્ચલ શુભ ભાવ થાય અને (૩) અનુબંધનો વિચ્છેદ થાય, અર્થાત્ ભવ-સર્જક કર્મોના બંધ ન પડે.

(૪) સમતાયોગઃ—

ધ્યાનના ફળરૂપે શુભ ભાવની સ્થિરતા એવી કરતો જાય કે અંતે, અનાદિની કુવાસનાથી

કલ્પાતા ઇષ્ટ-અનિષ્ટ (ઇન્દ્રિયો અને મનને ગમતા-અણગમતા) શબ્દ-રૂપાદિ પદાર્થો અંગે હવે જ્વલંત વિવેક જાગ્યાથી એમાં ઇષ્ટ-અનિષ્ટપણાની કલ્પનાં ત્યજી દઇને સમાનપણાની યાને સમતાની બુદ્ધિ અર્થાત્ ઉપેક્ષા, ઉદાસીનતા ધરે. આનું નામ **સમતાયોગ**. વિવેક આ, કે ' એજ પદાર્થો એક વાર દ્વેષપાત્ર બન્યા પછી પાછા એના એજ રાગનો વિષય બને છે, અનિષ્ટ બન્યા પછી પાછા ઇષ્ટ બને છે. ત્યારે વસ્તુસ્થિતિએ એમાં ઇષ્ટતા કે અનિષ્ટતાનો સ્વભાવ શો રહ્યો ?' આવો **સમતાયોગ** આત્માને 'વાસીચંદનકલ્પ' બનાવે છે, અર્થાત્ કોઈ વાંસલાથી છોલે કે ચંદનથી વિલેપન કરે, બંને પ્રત્યે સમાન વૃત્તિ રખાવે છે; ઉદાસીનભાવ રખાવે છે, કોઇ સારો નહિ, કોઇ બરાબ નહિ. ◆ **સમતાયોગનું ફળ** એ, કે (૧) તપથી પ્રાપ્ત થયેલ 'આમર્ષ' આદિ લબ્ધિઓ પર જરા ય આધાર ન રાખતા હોવાથી એનો ઉપયોગ ન કરે; (૨) વીતરાગ ચારિત્ર અને કેવળજ્ઞાન-દર્શનને રોકનારા કર્મોનો ક્ષય કરે; અને (૩) અપેક્ષારૂપી બંધનનો સર્વથા વિચ્છેદ કરે.

(૫) વૃત્તિસંક્ષયયોગ:—

આત્મા સ્વભાવે તરંગરહિત પ્રશાન્ત-સ્થિર મહાસાગર જેવો છે. એમાં મન-શરીરના સંયોગે વિકલ્પ અને હીલચાલરૂપી વૃત્તિઓના તરંગ ઉઠ્યા કરે છે; પણ કેવળજ્ઞાન પ્રગટ થતાં વિકલ્પોનો, અને અયોગી અવસ્થા પ્રાપ્ત થતાં હીલચાલનો કાયમી અંત આવે છે. આનું નામ **'વૃત્તિસંક્ષયયોગ'** છે. ▲ આના ફળમાં ભૂત-ભાવી-વર્તમાન સમસ્ત દ્રવ્ય-પર્યાયોનું પરિપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે છે, પછી (૨) સર્વસંવર (સર્વથા કર્મ-આગમન-નિરોધ) રૂપી શીલના ઈશ (અધિપતિ) યાને શૈલેશ તરીકેની શૈલેશી અવસ્થા જન્મે છે; તેથી (૩) અનંત અવ્યાબાધ સુખરૂપ અને જન્મ-મરણાદિના શારીરિક-માનસિક સર્વ ક્લેશથી રહિત મોક્ષની પ્રાપ્તિ થાય છે.

—: કોને કયા યોગની વાસ્તવિક પ્રાપ્તિ ? :—

અપુનર્બન્ધક તથા સમ્યગ્દૃષ્ટિ આત્માને વ્યવહારથી અર્થાત્ ઉપચારથી અધ્યાત્મયોગ અને ભાવનાયોગ હોય છે, ત્યારે નિશ્ચયનયથી એટલે કે તાત્ત્વિક રૂપે ચારિત્રીને જ એ બે યોગ હોય છે. ચારિત્રીને ઉત્તરોત્તર શુદ્ધિ થતાં પછીના ત્રણ યોગ પણ પ્રાપ્ત થઈ શકે છે. અહીં જે માત્ર વૃત્તિસંક્ષયને જ યોગ કહેવો હોય તો પૂર્વના અધ્યાત્માદિ ચાર એ યોગના ઉપાય કહેવાશે. ત્યારે દેશવિરતિ શ્રાવકપણાની નીચેવાળાને તો પૂર્વસેવારૂપ ઉપાય કહેવાય એમાં નવાઇ નથી. દેશવિરતિથી માંડીને જ સાનુબન્ધ યોગ પ્રવૃત્તિ શરૂ થાય. સાનુબન્ધ એટલે આગળ પ્રવાહ ચાલુ રહે તેવી.

—: બીજી રીતે યોગ :—

જો વૃત્તિનો નિરોધ એ યોગ, એમ કહેવું હોય તો કાયિક વૃત્તિનો નિરોધ, વાચિકવૃત્તિનો નિરોધ અને ત્રણ પ્રકારનો મનોવૃત્તિનો નિરોધ, એમ પાંચ પ્રકારે યોગ થાય. એમાં મનોવૃત્તિ-નિરોધના પ્રવૃત્તિ, સ્થિરતા અને આત્મારામતા, એમ ત્રણ પ્રકાર છે. પ્રવૃત્તિ એટલે પ્રથમાભ્યાસ; સ્થિરતા એટલે ઉચ્ચ કક્ષા અને પરાકાષ્ઠાની પ્રાપ્તિ; તથા આત્મારામતા એટલે સંકલ્પ-વિકલ્પના ક્લેશ વિનાનું, સમભાવમાં નિશ્ચલ બનેલું, અને સ્વભાવમાં લાગેલું મન.

ઇર્યાસમિતિ (એટલે કે ગમનાગમનમાં જીવ ન મરે એનો ખ્યાલ,) વગેરે **પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ પણ ઉત્કૃષ્ટ યોગ** છે; કેમકે યોગ ચીજ જ આ વિનાની હોઇ શકતી નથી. પર્યાય મુજબ એનો ય વિસ્તાર થાય છે; એ ઉત્તરોત્તર ચઢતા યોગ છે. ત્યારે,

ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ,

એ પણ યોગ છે. એને અધ્યાત્માદિના પેટાભેદ કહી શકાય. એનું વર્ણન પહેલાં આવી ગયું છે.

ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ, ને સિદ્ધિયમ એમ પણ યોગની કક્ષાઓ પડી શકે છે. અહિંસા, સત્ય, અસ્તેય (ચોરીનો ત્યાગ), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ 'યમ' કહેવાય છે. એમાં 'ઇચ્છાયમ' એટલે યમવાળાની કથાથી આનંદ થવા સાથે સ્વયં યમના નિરતિચાર પાલનની ઇચ્છા. પ્રવૃત્તિયમ એટલે કષાયોના ઉપશમનપૂર્વક યમોનું નિરતિચાર પાલન. અતિચાર (દોષ)વાળું યમપાલન એ ઇચ્છાયમમાં આવે. સ્થિરયમ એટલે પાલન કરતાં કરતાં પ્રાપ્ત થયેલ વિશિષ્ટ કર્મક્ષયોપશમના આધારે હવે તો અતિચારાદિ કોઈ ઉપસ્થિત થવાની ચિંતા જ ન રહે એવી અહિંસાદિ યમની સહજ સાધના. સિદ્ધિયમ એટલે કર્મમળનો ક્ષય થઇ જવાથી નિર્મળ બનેલ અંતરાત્માની, અચિંત્ય વીર્યોલ્લાસના પ્રભાવે, એમની નિકટમાં બીજાને પણ વૈર વગેરે ત્યાગ કરાવનારી યમસિદ્ધિ.◆ 'આમાં પ્રવૃત્તચક્ર' યોગીને પહેલા બે યમ હોય.

યોગીના ૪ પ્રકાર:— (૧) કુલયોગી અર્થાત્ યોગીના ગોત્રમાં માત્ર ઉત્પન્ન થયેલા ગોત્રયોગી નહિ કિંતુ સાથે યોગિ-ધર્મને અનુસરનારા. તે,

'सर्वत्राद्वेषिणश्चैते गुरुदेवद्विजप्रियाः । दयालवो विनीताश्च बोधवन्तो जितेन्द्रियाः' ॥

તેવા પ્રકારના આગ્રહથી રહિત હોવાને લીધે સર્વત્ર દ્વેષ વિનાના, ગુરુ, દેવ અને યોગના અભ્યાસી ઉપર પ્રીતિવાળા, દયાળુ, વિનયવંત, બોધવંત, અને જિતેન્દ્રિય હોય. (૨) પ્રવૃત્તચક્ર-યોગી આગળ વધીને ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમને ધરાવનારા, તથા છેલ્લા બે સ્થિરયમ અને સિદ્ધિયમની સ્પૃહાવાળા હોય; તેમજ સમ્યગ્ ઉપાયની પ્રવૃત્તિપૂર્વક શુશ્રૂષા-શ્રવણ વગેરે ગુણોથી યુક્ત હોય. પ્રવૃત્તચક્રયોગીને યોગાવંચકની પ્રાપ્તિ થવાથી પછીના બે અવંચકનો લાભ થાય છે. એ બે તે યોગપ્રયોગના અધિકારી છે.

૩ પ્રકારના અવંચક યોગ છે. એમાં (૧) યોગાવંચક યોગ એટલે કલ્યાણસંપન્ન અને દર્શન માત્રથી પવિત્ર કરનારા પુરુષનો સમ્યક્ સંબંધ થવો તે. (૨) ક્રિયાવંચક યોગ એટલે નીચ ગોત્રાદિ પાપકર્મનો નાશ કરનારો તે સત્પુરુષોને પ્રણામ વગેરે ક્રિયા કરવાનો નિયમ. (૩) ફલાવંચક યોગ એટલે એજ સત્પુરુષો પાસેથી ઉપદેશાદિ દ્વારા અવશ્ય સાનુબંધ અર્થાત્ ઉત્તરોત્તર ચાલુ રહેનારા ફળની પ્રાપ્તિ થાય તે.

૮. યોગદૃષ્ટિ:— એકેક યોગમાં પણ દૃષ્ટિભેદે અનેક ભેદ પડે છે. એવી મુખ્ય આઠ યોગદૃષ્ટિ છે. દૃષ્ટિ એટલે સમ્યક્ શ્રદ્ધાથી યુક્ત બોધ. આત્માની પરિણતિ જેમ જેમ સુધરે અને વિકસિત થતી જાય તેમ તેમ ઉપર ઉપરની યોગદૃષ્ટિ સુલભ બને છે. તેમ થવામાં ઉત્તરોત્તર અદ્વેષાદિ ગુણ વધે છે, બોધાદિ દોષ ત્યજાતા જાય છે, અને યમ આદિ યોગના અંગ ઉત્પન્ન થતા ચાલે છે. ◆ આઠ દૃષ્ટિનાં નામ મિત્રા-તારા-બલા-દીપ્રા-સ્થિરા-કાન્તા-પ્રભા અને પરા છે. પહેલી 'મિત્રા' દૃષ્ટિમાં વસ્તુદર્શન તણખલાના અગ્નિના પ્રકાશ જેવું મંદ હોય છે, ત્યારે બીજી 'બલા' દૃષ્ટિમાં તેના કરતાં જરા વિશેષ તેજસ્વી દર્શન હોય છે; દા. ત. તૃણ કરતાં છાણાનો અગ્નિ પ્રકાશ. એમ ક્રમશઃ ત્રીજીથી આઠમી દૃષ્ટિ સુધીમાં કાષ્ઠાગ્નિ દીવો-રત્ન-તારો-સૂર્ય-ચન્દ્રના પ્રકાશની જેમ વધારે વધારે તેજસ્વી દર્શન હોય છે. આમાં પહેલી ચાર દૃષ્ટિ મંદ મિથ્યાત્વવાળાને, અને પાછલી 'સ્થિરા' વગેરે ચાર દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ આત્માને હોય છે. ચરમાવર્તકાળ સિવાય આ દૃષ્ટિઓ પ્રાપ્ત થતી નથી. એમાં ઉત્તરોત્તર વૈરાગ્ય, વિનય, શાસ્ત્રસમર્પણ, સાવધાની, ભોગોમાં નિર્લેપતા વગેરે વિકસતા ચાલે છે. ◆ આઠ દૃષ્ટિની સાથે ધર્મક્રિયામાંથી ક્રમશઃ ખેદ-ઉદ્વેગ-ક્ષેપ-ઉત્થાન-ભ્રમ-અન્યમુદ્-રોગ-આસંગ, એ આઠ દોષ ત્યજાઇ ગયા હોય છે. (આનું વર્ણન પૂર્વે આવી ગયું છે.) ▲ આઠ દૃષ્ટિમાં ક્રમશઃ અદ્વેષ-જિજ્ઞાસા-શુશ્રૂષા (સાંભળવાની તમન્ના)-શ્રવણ-બોધ-મીમાંસા (ઊહાપોહ)-પ્રતિપત્તિ (સ્વીકાર)-પ્રવૃત્તિ (તન્મયતા), એ આઠ ગુણ પ્રગટતા ચાલે છે. આ આઠ ગુણો તત્ત્વને આત્મસાત્ કરવા માટે ચઢવાની ભૂમિકાઓ છે. ▲ આઠ દૃષ્ટિની સાથોસાથ યમ-નિયમ-આસન-પ્રાણાયમ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ, એ આઠ યોગાંગ સિદ્ધ થતા

આવે છે. યમ=અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ. નિયમ=શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય-પરમાત્મધ્યાન. આસન=ધર્મક્રિયામાં મુદ્રા, આસન. પ્રાણાયામ=બાહ્યભાવનું રેચક (ખાલી કરવું), આંતરભાવનું પૂરક, અને આત્મભાવનું કુંભક (સ્થિર થવું.) પ્રત્યાહાર=ઇન્દ્રિયોની વિષય-પરાઙ્મુખતા. ધારણા=તત્ત્વમીમાંસાની દૃઢતા. ધ્યાન=એકાગ્ર સૂક્ષ્મ ચિંતન. સમાધિ=સ્વરૂપ સ્થિરતા.

પ્રાંતે, યોગ તો હઠયોગ યાને શ્વાસોશ્વાસના કુંભક, આસનો, પૃથ્વી-જલ-સમાધિ વગેરેને પણ કહેવાય છે. કિન્તુ રાજયોગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, એના અસંખ્ય પ્રકાર થાય છે, ને એજ મોક્ષસાધક છે. માટે મોક્ષ સાથે યોજી આપનારા અસંખ્ય યોગ હોવાનું શાસ્ત્રો કહે છે.

ઉપરોક્ત વિવિધ યોગોમાં ઉત્કૃષ્ટ કોટિના યોગ એ મહાયોગ છે; અને અરહંત પ્રભુનાં પ્રણિધાનાદિ પાંચ આશય અતિ ઉચ્ચ કોટિના, યોગની પૂર્વસેવામાં એમણે સાધેલ ગુરુપૂજા, દેવભક્તિ, સદાચાર, તપ વગેરે અતિ અદ્ભુત કોટિનું, અધ્યાત્મ-ભાવનાદિ યોગની સાધના અનન્ય કક્ષાની, ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ વગેરે, ઇચ્છાયમ-પ્રવૃત્તિયમ વગેરે, મિત્રા-તારાદિ યોગદૃષ્ટિઓ તથા સમ્યગ્દર્શનાદિ રાજયોગ,-એ બધું અતિશય અદ્ભુત કોટિનું હોવાથી, અરહંત પરમાત્મા એ મહાયોગાત્મક ધર્મવાળા અર્થાત્ ભગવાન કહેવાય છે. 'ભગ' નો પાંચમો અર્થ 'ધર્મ' એની આ વિચારણા થઈ.

૬. ભગ=વિશિષ્ટ પ્રયત્ન.

'ભગ'નો છટ્ઠો અર્થ વિશિષ્ટ પ્રયત્ન છે; એ હિસાબે 'ભગવાન' એટલે ઉત્કૃષ્ટ વીર્યમાંથી ઉત્પન્ન થનારા પ્રયત્નવાળા. એ પરમસાત્ત્વિક વીર્યવાળા હોવાને લીધે સાધુ જીવનમાં એકરાત્રિકી વગેરે ભિક્ષુપ્રતિમાની સાધના કરવા સુધી પોતાના પ્રયત્નને ફેરવે છે. ઘોર પરીસહ-ઉપસર્ગોને સમાધિપૂર્વક સહન કરવાનો પ્રયત્ન ઊંચો ખરો, પરંતુ એમાં મનને ક્રોધાદિવશ ન થવા દેવું અને શુભ ભાવનામાં રાખવું એટલો જ પ્રયત્ન. ત્યારે એકરાત્રિકી વગેરે મહાપ્રતિમારૂપી કડક પ્રતિજ્ઞાબદ્ધ કાયોત્સર્ગમાં ઉપસર્ગ આવે તો તેમાં નિષ્પ્રકંપ સમતાદિનો પ્રયત્ન તો ખરો જ, ઉપરાંત મનને એક દિનરાતભર ચોકસ સૂક્ષ્મ ધ્યાનમાં સ્થિર બનાવવાનો અતિ ઉત્કૃષ્ટ પ્રયત્ન રાખવા ા. જો ધ્યાન બદલાય કે તૂટે તો પ્રતિજ્ઞાભંગ થાય. માટે તેમ ન થવા દેવામાં અપૂર્વ પ્રયત્ન જાળવવો પડે. એવા પ્રયત્નથી જ એ મહાપ્રતિમા સધાય. વળી પ્રભુના કેવળી સમુદ્ઘાત અને શૈલેશીઅવસ્થારૂપી કાર્યથી જણાઇ આવે છે કે એ સમગ્ર સર્વોત્કૃષ્ટ પ્રયત્નવાળા હતા.

(લ૦) अयमेवंभूतो भगो विद्यते येषां ते भगवन्तः । तेभ्यो भगवद्भ्यो नमोऽस्त्विति । २ ॥ एवं सर्वत्र क्रिया योजनीया । तदेवंभूता एव प्रेक्षावतां स्तोतव्या इति स्तोतव्यसम्पत् १ ।

અર્થ:—આ આવો ભગ જેમને છે તે ભગવાન છે. તે ભગવાનને નમસ્કાર હો. સૂત્રમાં આ બીજું પદ. એ પ્રમાણે સર્વ પદોમાં ક્રિયા જોડવી. તેથી એવા જ (પરમાત્મા) પ્રેક્ષાવાન પુરુષોને સ્તોતવ્ય છે. એ પહેલી સ્તોતવ્યસંપદા થઈ.

વિવેચન:—ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન એ છ અર્થ ભગના લઇને, તેનાથી યુક્ત અરહંત પ્રભુને ભગવાન કહ્યા; અને સ્તુતિ કરી, કે 'નમોત્થુ ણું ભગવંતાણું'=ભગવાનને નમસ્કાર હો. આ રીતે જ 'નમોત્થુ' ક્રિયા દરેક પદને જોડવી. અર્થાત્ 'નમોત્થુ ણું આઇગરાણું', 'નમોત્થુ ણું તિત્થયરાણું', 'નમોત્થુ ણું સયંસંબુદ્ધાણું'...એ રીતે સમજવું.

આમ અરહંત અને ભગવાન શબ્દનો અલૌકિક ભાવ બતાવ્યો. એટલે, એવી જ વિશેષતાવાળા પરમ પુરુષ વિચક્ષણ જનોને સ્તુતિ કરવા યોગ્ય હોય છે. તેથી આ બે પદની પહેલી સ્તોતવ્ય સંપદા થઈ. હવે એ સ્તોતવ્યની હેતુસંપદા અર્થાત્ સ્તોતવ્ય કયા કારણોથી બને છે એની સંપદા શરૂ થાય છે.

★

आईगराणं.

(ल०) एतेऽपि भगवन्तः प्रत्यात्मप्रधानवादिभिर्मौलिकसाङ्ख्यैः सर्वथाऽकर्तारोऽभ्युपगम्यन्ते, 'अकर्त्ताऽऽत्मे'तिवचनात् । तद्व्यपोहेन कथञ्चित्कर्तृत्वाभिधित्सयाह 'आदिकरेभ्यः इति ॥

અર્થ:—આત્મા દીઠ જુદું જુદું પ્રધાન (પ્રકૃતિ) તત્ત્વ કહેનાર મૌલિક સાંખ્યો 'એવા પણ ભગવાન સર્વથા અકર્તા હોય છે,'–એમ માને છે કેમકે એમનું સૂત્ર છે કે **'अकर्ताऽऽत्मा'** અર્થાત્ આત્મા કર્તા નથી. આ મતનો નિષેધ કરીને કથંચિત્ કર્તૃત્વનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી કહે છે **'आइगराणं'**.

વિવેચનઃ— 'ભગવંતાણું' પદ પર વિવેચન કર્યા પછી હવે 'આઇગરાણું' પદ ઉપર વિવેચન કરવામાં આવે છે. આ પદ 'આત્મા કર્તા નથી' એવી સાંખ્યદર્શનની માન્યતાનો નિષેધ કરવા દ્વારા સ્યાદ્વાદ શૈલીથી 'આત્મામાં કથંચિત્ કર્તૃત્વ છે' એ મતનું સ્થાપન કરવા માટે છે.

મૌલિક સાંખ્યની માન્યતા:— સાંખ્ય દર્શનના બે વિભાગ છે, (૧) મૌલિક (મૂળભૂત) સાંખ્યદર્શન અને (૨) ઉત્તરસાંખ્ય દર્શન. બંને ય વિભાગ મુખ્ય બે તત્ત્વ માને છે, ચેતન પુરુષ (આત્મા) અને જડ પ્રકૃતિ (પ્રધાન); અને આત્માને સર્વથા અકર્તા માને છે. બંને ય આમ સમાન માન્યતાવાળા હોવા છતાં એ અંશમાં જુદા પડે છે કે ઉત્તર સાંખ્યો સર્વ આત્મા સાથે એક જ પ્રકૃતિ તત્ત્વનો સંબંધ માને છે, ત્યારે મૌલિક સાંખ્યો કહે છે કે દરેક આત્માને પ્રકૃતિ તત્ત્વ જુદું જુદું હોય છે. ઉત્તર સાંખ્યમતે સર્વને એક પ્રકૃતિ હોવા છતાં જે જે આત્માને વિવેકખ્યાતિ અર્થાત્ પ્રકૃતિ-પુરુષનું ભેદજ્ઞાન થાય છે તે તે આત્મા સાથે પ્રકૃતિનો સંબંધ છૂટો જવાથી તેનો મોક્ષ થાય છે. ત્યારે મૌલિક સાંખ્યમતે વિવેકખ્યાતિ થયા પછી તે તે આત્માની પ્રકૃતિ નિષ્ક્રિય બની જાય છે.

પુરુષ-પ્રકૃતિ:—સાંખ્યોની તત્ત્વવ્યવસ્થા એ છે કે પુરુષ અર્થાત્ આત્મા ચેતન હોવાથી કૂટસ્થ નિત્ય એટલે કે પરિવર્તનને સર્વથા અયોગ્ય છે; કેમકે પરિવર્તન થાય તો તો ચૈતન્ય નષ્ટ થઈ જાય. હવે જ્યારે કૂટસ્થ નિત્ય છે તો પછી એનામાં કર્તૃત્વ, ભોકતૃત્વ, બદ્ધ અવસ્થા, મોક્ષ અવસ્થા વગેરે બનવાનું ઘટી શકતું નથી; કેમકે એથી તો એક ક્રિયાનો હમણાં કર્તા પછી અકર્તા, એક સુખ-દુઃખનો હમણાં ભોક્તા, પછી અભોક્તા, પહેલાં બદ્ધ અવસ્થા, પછી મોક્ષાવસ્થા,–એમ પરિવર્તન થયા કરે. આમ જ્યારે આત્મા કર્તા, ભોક્તા વગેરે નથી, ત્યારે પ્રશ્ન થશે કે તો પછી જગતમાં આ બધું સર્જન દેખાય છે એનો કર્તા-ભોક્તા કોણ છે ? ઉત્તર એ છે કે પ્રકૃતિ કર્તા છે, ભોક્તા છે.

૨૫ તત્ત્વઃ—'પ્રકૃતિ' કે જેનું બીજું નામ 'પ્રધાન' છે, એ સત્ત્વ, રજસ્ અને તમસ્, એ ત્રણ ગુણની સામ્યાવસ્થારૂપ છે. માટે પ્રકૃતિ ત્રિગુણાત્મક કહેવાય છે. એમાં જ્યારે વિષમ અવસ્થા થાય, અર્થાત્ સત્ત્વનો અંશ ઓછો-વધુ, એમ રજોગુણ-તમોગુણનો અંશ ઓછો-વધુ હોય, એને બુદ્ધિ અથવા મહત્ તત્ત્વ કહે છે. એમાંથી અહંકાર તત્ત્વ ઉત્પન્ન થાય છે; અને એમાંથી શબ્દ—રૂપ—રસ—ગન્ધ—સ્પર્શની પાંચ તન્માત્રા બને છે. એમાંથી વધુ સાર ભાગની ૧૧ ઇન્દ્રિયો અને ઓછા સાર ભાગના પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશ, એ પાંચ ભૂત ઉત્પન્ન થાય

છે. ૧૧ ઇન્દ્રિયોમાં સ્પર્શનેન્દ્રિય વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિય, વાણી-હાથ-પગ-લિંગ-ગુદા, એ પાંચ કર્મેન્દ્રિય, અને અંતઃકરણ ગણાય છે, એમ પ્રકૃતિના ૧+૧+૧+૫+૧૧+૫=કુલ ૨૪ તત્ત્વ અને ૧ પુરુષ-તત્ત્વ, એ રીતે ૨૫ તત્ત્વ સાંખ્ય માને છે.

ચૈતન્ય આરોપઃ— સાંખ્યો માને છે કે પ્રકૃતિ જ કર્તા હોવાથી એમાં કર્તૃત્વ, ભોકતૃત્વ, સુખ-દુઃખ, જ્ઞાન, ઇચ્છા, અદૃષ્ટ (ભાગ્ય) વગેરે ધર્મ રહે છે. પ્રકૃતિમાં સૂક્ષ્મરૂપે અને બુદ્ધિમાં સ્થૂલ રૂપે રહે છે. પ્રકૃતિનું રૂપક બુદ્ધિ યાને મહત્તત્ત્વ એ સ્વચ્છ દર્પણ જેવું હોવાથી એમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે; તેથી પ્રકૃતિના ધર્મમાં ચૈતન્યનું આરોપણ થવાથી એ ધર્મો પુરુષના ભાસે છે. પુરુષ તો સદા શુદ્ધ છે, નિરાકાર છે, કમળપત્રની જેમ નિર્લેપ, નિરંજન છે, કર્તા નથી, ભોક્તા નથી, સુખી-દુઃખી નથી. પરંતુ પુરુષ-પ્રકૃતિના ભેદનું જ્ઞાન નહિ હોવાથી પ્રકૃતિના ધર્મને લઇને પુરુષ કર્તા-ભોક્તા, સુખી-દુઃખી વગેરે હોવાનું ભાસે છે. હું ચેતન કરું છું; હું ચેતન સુખી છું-દુઃખી છું...એવી બુદ્ધિ થાય છે. એથી જ સંસાર ચાલે છે.

વિવેકખ્યાતિ : મોક્ષઃ— જ્યારે 'પ્રકૃતિથી હું જુદો છું', એવું ભેદ-જ્ઞાન અર્થાત્ વિવેકખ્યાતિ થાય છે, અર્થાત્ 'પ્રકૃતિ કર્તા છે, હું ચેતન નહિ. બધી ધાંધલ પ્રકૃતિની છે, હું નકામું કર્તૃત્વાદિનું અભિમાન લઉં છું. એ મારો ભ્રમ છે;'—એમ જ્યારે વિવેક પ્રગટે છે, ચેતનના અકર્તૃત્વ, અસુખિપણું, અદુઃખિપણું વગેરેનું ભાન થાય છે, ત્યારે પ્રકૃતિની પ્રવૃત્તિ ઘટે છે, અને અદૃષ્ટનું ઉપાર્જન મંદ પડી જાય છે. અંતે પ્રકૃતિ સામ્યાવસ્થાપન્ન બનવાથી આત્માનો મોક્ષ થયાનો વ્યવહાર થાય છે.

આ મૌલિક સાંખ્યમતની વિચારણા થઇ. અહીં આ મત લેવાનું કારણ એ કે એથી જૈનોને એમની સાથે આત્મામાં માત્ર કર્તૃત્વાદિ ધર્મ માનવા સંબંધમાં વિવાદ સૂચવાય; પણ દરેક આત્માને જુદી જુદી પ્રકૃતિની માન્યતામાં વિવાદ નહિ કિંતુ સમાનતા દર્શાવાય. ઉત્તર સાંખ્યો તો એમાં ય ભિન્ન પડે છે, કેમકે એ સર્વ આત્માને એક પ્રકૃતિનો સંબંધ માને છે. અહીં એ ધ્યાનમાં રહે કે જૈનદર્શન અલબત દરેક સંસારી આત્મામાં જુદી જુદી કર્મપ્રકૃતિનો સંબંધ માને છે એ વાત ખરી, છતાં કર્મપ્રકૃતિ ત્રિગુણાત્મક નહિ, કિન્તુ કાર્મણ વર્ગણાના પુદ્ગલની બનેલી હોય છે, અને એ ઇન્દ્રિયો, પંચભૂત, તથા શબ્દાદિ ગુણોનું ઉપાદાન કારણ નહિ કિન્તુ નિમિત્તકારણ બને છે. આ અને બીજા ઘણા ય મતભેદ છે, પરંતુ આત્માદીઠ જુદી પ્રકૃતિ માનવાની સમાનતાથી એ સૂચિત થાય છે કે મૂળ સાંખ્ય મત નીકળ્યો તે જૈનદર્શનનું આટલું મંજૂર રાખીને નીકળ્યો. પરંતુ પછીના સાંખ્યોને લાગ્યું કે 'દરેક જુદી જુદી પ્રકૃતિથી તો જુદા જુદા પૃથ્વી આદિ પંચભૂત પેદા થશે, જ્યારે વસ્તુસ્થિતિએ તો કોઇ એક પર્વત, એક નદી, એક અગ્નિ વગેરે એ અનેક આત્માના સંબંધમાં હોય છે' તેથી અનેક આત્મા વચ્ચે એક પ્રકૃતિ એમણે માની. અસ્તુ.

મૌલિક સાંખ્યોના આત્મ-અકર્તૃત્વ મતનો નિરાસ કરવા 'આઇગરાણું' પદ મૂકયું. હવે એનો અર્થ—

(લ૦) इहादौ करणशीलाः आदिकराः, अनादावपि भवे तदा तदा तत्तत्कर्म्माण्यादिसम्बन्धयोग्यतया विश्वस्यात्मादिगामिनो जन्मादिप्रपञ्चस्येति हृदयम् ।

અર્થઃ— અહીં 'આદિકર' એટલે આદિમાં કરવાના સ્વભાવવાળા; કેમકે અનાદિ એવા પણ સંસારમાં આત્માને વિષે ત્યારે ત્યારે થતા સઘળા જન્મ વગેરે વિસ્તારમાં તે તે કર્માણુ આદિની સાથે સંબંધ થવાની યોગ્યતા છે, એ રહસ્ય છે.

વિવેચનઃ—'આઇગરાણું' પદ અર્હદ્દેવનું વિશેષણ છે અને 'આદિમાં કરવાના સ્વભાવવાળા'—એ અર્થમાં છે. 'આદિમાં' એટલે કે પહેલેથી અર્થાત્ અનાદિ કાળથી. 'કરવાના' એટલે કે જન્મ, શરીર, સુખદુઃખ વગેરે તથા કર્મબંધ કરવાના. એના સ્વભાવવાળા અર્થાત્ પોતાની

યોગ્યતાથી પોતાના ધર્મ તરીકે મુખ્યપણે એ કરવાવાળા; પણ નહિ કે જેમ સાંખ્યો માને છે તેમ બીજાના ધર્મના પોતાનામાં ઉપચારવાળા. તાત્પર્ય એ છે કે અરહંત પરમાત્મા પણ પહેલાં તો અનાદિ કાળથી બીજા સંસારી આત્માની જેમ આ સંસારમાં જન્મ-મરણ, શરીર, વગેરેને કરનારા હોય છે. એ બધું કર્મ-અણુના સંબંધ વિના બની શકે નહિ, માટે પોતાનામાં કર્માણુનો સંબંધ થવાની યોગ્યતાવાળા છે.

પ્ર૦—જો અનાદિનો સંબંધ હોય તો કરવાનું શું રહ્યું ?

ઉ૦—સંસાર એટલે કે કર્માણુનો સંબંધ અનાદિનો ખરો પણ પ્રવાહથી અનાદિ; અર્થાત્ કોઇ એક સંબંધ અનાદિનો કાયમ નહિ, પરંતુ અનાદિ કાળથી સંબંધની પરંપરા ચાલી આવે છે. પૂર્વ પૂર્વનો કર્મસંબંધ એની પૂર્વના શરીર અને કર્મ-સંબંધના યોગે થયો છે; અને તે પણ કરનાર મુખ્યપણે તો આત્મા છે.

સાંખ્યમતનું નિરાકરણ:—જો આત્માને કશું કરવાનું ન હોય, અને પ્રકૃતિ જ બધું કરતી હોય, તો તો પ્રશ્ન એ થાય કે-'તો પછી આત્માને શું લાગેવળગે ? પ્રકૃતિ ભલે કર્મ કરતી હોય, પણ તેથી આત્માએ બંધાવાનું શું ? ને જો બંધાવાનું નહિ તો મુક્ત પણ શું થવાનું ?' એટલે સાંખ્યદર્શનની માન્યતા યુક્તિ વિરુદ્ધ ઠરે છે. કેમકે પુરુષ અને પ્રકૃતિના ભેદનું જ્ઞાન ન હોવું અને અભેદ ભ્રમ હોવો તે કોને ? પુરુષને તો ભ્રમ કહી શકાય નહિ, કેમકે પુરુષમાં જ્ઞાન ધર્મ જ માન્યો નથી. પ્રકૃતિને જો ભ્રમ હોય તો તેથી પુરુષને એની શી અસર ? અહીં સાંખ્ય કહેશે,

પ્ર૦—પ્રકૃતિ, જે પુરુષનું પ્રતિબિંબ લઇને ભ્રમ કરે છે, તે પુરુષનો સંસાર કહેવાય છે, અને જ્યારે તે ભ્રમનું નિવારણ થઇને ભેદજ્ઞાન થાય છે, ત્યારે તે પુરુષને લઇને કર્તૃત્વ, સુખદુઃખ વગેરેનો આરોપ મટી જાય છે; એટલે તે પુરુષનો મોક્ષ થયો કહેવાય છે. આમ પુરુષ પર પ્રકૃતિની અસર કેમ ન કહેવાય ?

ઉ૦— પ્રકૃતિ ભ્રમ સેવે કે ન સેવે, તેથી પુરુષને શું લાગેવળગે ? જેમ, મેલા કે ઉજળા દર્પણમાં વસ્તુનું પ્રતિબિંબ પડે તેથી વસ્તુમાં કશો ફેર પડતો નથી. હા, દર્પણમાં ફેર પડવાનું કહેવાય; એમ અહીં પ્રકૃતિમાં ફેર પડવાનું કહી શકાય. પણ તેથી તો પ્રકૃતિને ભ્રમ થવાથી પ્રકૃતિનો જ બંધ અને એને ભ્રમ ટળવાથી એનો જ મોક્ષ, એ વસ્તુસ્થિતિ થઇ. પુરુષના બંધ-મોક્ષની કે સંસારની વાત તો ઘટી જ શકતી નથી. ત્યારે પુરુષમાં જ ભ્રમ માનવા જતાં પુરુષમાં પરિવર્તન થયું ગણાય અને તે સાંખ્યસિદ્ધાન્તથી વિરુદ્ધ કહેવાય.

બીજું, દરેક આત્માની પ્રકૃતિને પંચ ભૂત વગેરેનું ઉપાદાન માનવા છતાં દરેક આત્માદીઠ પર્વતો, નદીઓ, વૃક્ષો, વગેરે અલગ અલગ થાય. ઉત્તર સાંખ્યને કદાચ એ આપત્તિ ન આવે તો ય અનેક આત્માની એક પ્રકૃતિમાં જુદા જુદા સંસ્કાર અને અદૃષ્ટ રહેવાથી તે મુજબના ઉત્પન્ન થતા વિવિધરંગી ભૂત આદિ કાર્ય દરેક આત્માના પ્રતિબિંબને ભોગવવાનો પ્રસંગ આવશે.

વળી મૌલિક સાંખ્યના મતે મોક્ષ પામેલા આત્માની પ્રકૃતિમાંથી પૂર્વે સર્જાયેલ પંચભૂતનું શું ? જો એ કાયમ રહે તો પ્રકૃતિ વિષમમાંથી સામ્યાવસ્થાવાળી કયાં બની ? જો કાયમ ન રહે તો સર્જાઇ ચૂકેલા પર્વત સમુદ્રાદિ ભૂતો કઇ પ્રક્રિયાથી પ્રકૃતિમાં લય પામવાનું શક્ય જ છે ?

વળી, જ્ઞાનાદિ ગુણોમાં સ્વયં ચૈતન્યરૂપતા અનુભવસિદ્ધ છે, એને જડ પ્રકૃતિના ગુણ કેમ

કહી શકાય ? અને જો કહો કે ચેતન પુરુષના પ્રતિબિંબથી એમાં ચૈતન્યનો આરોપ છે, તો તો એકલા એમાં જ શા માટે, પ્રકૃતિના બધાં સર્જન, જેવાં કે પૃથ્વી, પર્વત અને પાણી વગેરે ભૂતો, યાવત્ સમસ્ત જગતમાં ચૈતન્યનો આરોપિત અનુભવ કેમ ન થાય ?

વળી જ્ઞાનાદિ એ પ્રકૃતિના ધર્મ હોય, તો પછી પુરુષમાં ચૈતન્ય એ શી વસ્તુ રહી ? આવી અનેક અસંગતિ સાંખ્યમતમાં ઊભી થાય છે.

બીજું, સાંખ્યે જે માન્યું કે પુરુષ (આત્મા) ચેતન હોવાથી કુટસ્થ નિત્ય છે, એ પણ યુક્તિ-સિદ્ધ નથી. પરિવર્તનશીલ હોવા છતાં ચૈતન્ય અબાધિત રહી શકે છે. તેમ, પ્રકૃતિમાં ચેતનનું પ્રતિબિંબ જે માન્યું, ત્યાં પ્રશ્ન થશે કે ચેતનમાં પ્રકૃતિનું પ્રતિબિંબ કેમ નહિ ? ઉલટું એ વધારે સંગત થશે, કેમકે પ્રકૃતિ સાથે અભેદભ્રમ અને પછીથી ભેદજ્ઞાન વગેરે પુરુષને થવા હિસાબે સંસાર અને મોક્ષ પુરુષના કહી શકાશે. જો કે, આ પણ ઠીક નથી, કેમકે ભેદજ્ઞાન યાને વિવેકખ્યાતિ થતાં તરત જ મોક્ષ થવાની આપત્તિ આવશે; કેમકે પછી સંસાર રહેવાને કોઇ કારણ નથી. વળી એ હકીકત તો છે જ કે શું ચેતન કે શું પ્રકૃતિ, કોઇ પણ દ્રવ્ય એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય હોઇ શકે જ નહિ. આમ અનેક રીતે વિચારતાં સાંખ્ય મત યુક્તિવિરુદ્ધ ઠરે છે. એટલે એ માને છે તેમ આત્મા અકર્તા નથી, પણ જન્મ, શરીર, વગેરેનો કર્તા છે; જન્મ વગેરે એના પોતાના જ ધર્મ છે. આત્મા કર્તા ન હોય તો આત્મામાં જન્મ વગેરે કાર્ય-વિસ્તાર ઘટી શકે જ નહિ. કારણ કે એમાં કારણભૂત કર્માણુનો સંબંધ આત્મા કર્તા હોઇને જ ઊભો કરી શકે. માટે સિદ્ધ થાય છે કે આત્મામાં કર્માદિકર્તૃત્વ અર્થાત્ કર્માણુનો સંબંધ, જન્મ, વગેરે થવાની યોગ્યતા છે.

(લ૦) **प्रस्तुतयोग्यतावैकल्ये प्रक्रान्तसम्बन्धासिद्धेः, अतिप्रसङ्गदोषव्याघातात्, मुक्तानामपि जन्मादिप्रपञ्चस्यापत्तेः, प्रस्तुतयोग्यताऽभावेऽपि प्रक्रान्तसम्बन्धाविरोधादिति परिभावनीयमेतत्।**

અર્થ:— (આત્મામાં) જો આવી યોગ્યતા ન હોય તો પ્રસ્તુત (જન્મ, કર્માણુનો) સંબંધ બની જ ન શકે; કેમકે (એમાં તો) અતિવ્યાપ્તિ દોષ અને વ્યાઘાત ઊભા થાય. (અતિ પ્રસંગ આ રીતે:—) મુક્તાત્માને પણ જન્માદિ વિસ્તારની આપત્તિ આવે; કેમકે પ્રસ્તુત યોગ્યતા વિના પણ તે (જન્મ, કર્માણુ આદિનો) સંબંધ થવામાં વિરોધ તો છે નહિ. આ વિચારણીય છે.

વિવેચન:— યોગ્યતા અને સંબંધના અન્વય-વ્યતિરેક:— જો પ્રકૃતિમાં કર્માણુની કર્તૃત્વ શક્તિ મનાય અને આત્મામાં એની કર્તૃત્વ શક્તિ યાને કર્માણુસંબંધ થવાની યોગ્યતા ન માનવામાં આવે, તો તો આત્મામાં કર્માણુનો સંબંધ થઇ શકે જ નહિ; તેમ જન્મ વગેરે કશું કાર્ય ન બને. એ બધું પ્રકૃતિમાં થાય છે એમ કહો તો, આત્માને જન્મ, જીવન, મરણ, પરલોકગમન, વગેરે કશું નહિ રહે. માટે આત્મામાં જ એ પ્રમાણસિદ્ધ છે. તો એના માટે આત્મામાં મૂળમાં કર્માણુ-સંબંધ થવાની યોગ્યતા માનવી જ જોઇએ. જો એમાં એ યોગ્યતા ન હોય તો કર્માણુનો સંબંધ થઇ જ ન શકે. યોગ્યતા વિના સંબંધ માનવા છતાં અતિપ્રસંગ નામનો દોષ આવે. અર્થાત્ મુક્ત થયેલ આત્મામાં કર્માણુનો સંબંધ અને તેની પાછળ જન્મ વગેરે થવાની આપત્તિ આવે; કેમકે આત્માને અકર્તા માનનારના મતે યોગ્યતા વિના પણ સંબંધ થવામાં વાંધો તો છે નહિ. એટલે, મુક્ત થયેલ આત્માને જ્યારે હવે કયારે ય સંસારમાં જન્મ વગેરે થતા નથી, તેથી માનવું જ જોઇએ કે એમનામાં મૂળમાં કર્માણુ આદિનો સંબંધ થવાની યોગ્યતા જ નથી. એમ અન્વય અને વ્યતિરેકથી એટલે કે યોગ્યતા હોય તો જ સંબંધ થાય જેમકે સંસારી આત્મામાં, અને યોગ્યતા ન હોય તો સંબંધ ન જ થઇ શકે, જેમ કે મુક્ત આત્મામાં, એવા ભાવાભાવના નિયમથી વિચારવા જેવું છે.

જેવી રીતે રોગી માણુસ જો કુપથ્ય સેવ્યે જાય તો એક રોગની પાછળ બીજો રોગ, અને બીજાની પાછળ ત્રીજો,...એમ રોગની પરંપરા ચાલે છે, તેવી રીતે આત્મા વિષય-કષાય, રાગ-દ્વેષ વગેરે કુપથ્ય સેવ્યે જાય છે, તેમ કર્મ રોગની પરંપરા અર્થાત્ એક કર્માણુસંબંધ, એની પાછળ બીજો કર્માણુસંબંધ, એની પાછળ ત્રીજો;...એમ પ્રવાહ ચાલે છે. એક જીવની દૃષ્ટિએ અર્થાત્ વ્યક્તિગત જોઈએ તો ય આ પરંપરા અનાદિથી ચાલે છે, અને સર્વ જીવોની અપેક્ષાએ પણ અનાદિ પરંપરા છે. પરંતુ આ બધું મૂળમાં આત્મા કર્મનો કર્તા હોય તો શકય છે. જડ કર્મનું એ ગજું નથી કે આપમેળે આત્મા પર ચોંટી જાય, અર્થાત્ બંધ પામે, આપમેળે પોતાનું સંક્રમણ, ઉદ્વર્તના, અપવર્તના, ઉદીરણા, વગેરે કરી શકે. અરે! કેટલાંય કર્મ ઉદયમાં આવતાં પણ, આત્મા જે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ સેવે તેને અનુસરતાં દેખાય છે. તંદુરસ્ત પણ પ્લેગની હવામાં રહે તો અશાતા ઉદયમાં આવે છે, ને રોગી પણ સારી હવામાં જાય તો શાતાને ઉદયમાં લાવે છે. આત્માની કર્તૃત્વશક્તિ વિના કયાંથી આ બધું થાય? એ વિના આત્માને જન્મવાનું શું ને મરવાનું શું? કોઈ માણુસ મૃત્યુ પામતાં લોક કહે છે, 'જીવ તો ગયો, હવે તો આ મડદું રહ્યું.' જીવને કશું કરવાનું ન હોય તો જવાનું શું, ને રહેવાનું શું? એ તો કોઈ બહારના તત્ત્વ (Foreign matter) ભૂત કર્માણુનો સંબંધ ઊભો કર્યો હોય તો જ એને જન્મ-મરણ લાગુ થાય; અને આત્મામાં તે સંબંધ થવા માટે પોતાની યોગ્યતા જોઈએ. ભીંત તૈલી હોય તો પાણીનો સંબંધ યાને ભિનાશ નથી થતી. એ થવા માટે ભીંતમાં એની યોગ્યતા જોઈએ. એમ આત્મામાં કર્માણુ-સંબંધ માટે યોગ્યતા જોઈએ.

પ્ર૦— આત્મામાં કર્માણુસંબંધની યોગ્યતા હોય તો એ યોગ્યતા તો અનાદિની હો આત્મા મુક્ત બનવા છતાં કાયમ તો રહેવાની! તો મુક્તને પણ કર્મસંબંધ અટકાવી નહિ શકો!

ઉ૦— અનાદિની વસ્તુ નાશ ન જ પામે એવું નથી. જેમ સુવર્ણમાં માટીનો સંબંધ ખાણમાં સુવર્ણના અસ્તિત્વકાળથી છે, છતાં એ સમયે નાશ પામે છે, જેમ અનાદિનું ભવ્યત્વ મોક્ષ થતાં નષ્ટ થાય છે, એમ આ અનાદિની યોગ્યતા પણ મોક્ષ થતાં ક્ષય પામી જાય છે.

પ્ર૦— આ યોગ્યતા શી વસ્તુ છે; અને શું અનાદિનો સ્વભાવ નાશ પામી શકે?

ઉ૦— સ્વભાવ બે જાતના હોય છે, એક સહજ, અને બીજો ઉપાધિ પ્રેરિત. આત્મામાં ચૈતન્ય એ સહજ અનાદિ સ્વભાવ છે, તે કદી નાશ ન પામે. જયારે કર્માણુસંબંધની યોગ્યતા એ ઉપાધિ-પ્રેરિત અનાદિ સ્વભાવ છે, તે નાશ પામી શકે. એ યોગ્યતા શું છે? યોગબિન્દુમાં કહ્યું છે તે મુજબ આત્મામાં પૂર્વ પૂર્વ કર્મનો જે સંબંધ છે, એ જ નવા નવા કર્મસંબંધ થવા માટે યોગ્યતારૂપ સ્વભાવ છે, તે ઉપાધિપ્રેરિત બન્યો. ભૂતકાળમાં કોઈ એવો કાળ નહોતો કે જયારે આત્મામાં કર્મસંબંધ નહોતો, માટે એ કર્મસંબંધરૂપી યોગ્યતા એ અનાદિની છે. યોગ્યતા કર્મસંબંધથી પ્રેરિત હોઈને કર્મ-સંબંધ સર્વથા નષ્ટ થયે તદ્રૂપ યોગ્યતા પણ નાશ પામે એ સહજ છે. આ બધા પર ધ્યાન દેવા જેવું છે.

(લ૦—) न च तत्तत्कर्माण्वादेरेव तत्स्वभावतयात्मनस्तथासंबन्धसिद्धिः. द्विष्ठत्वेन अस्योभयोस्तथास्वभावापेक्षित्वात्, अन्यथा कल्पनाविरोधात्, न्यायानुपपत्तेः। न हि कर्माण्वादेस्तथाकल्पनायामत्यलोकाकाशेन संबन्धः, तस्य तत्संबन्धस्वभावत्वायोगात्। अतत्स्वभावे चालोकाकाशे विरुध्यते कर्माण्वादेस्तत्स्वभावताकल्पनेतिन्यायानुपपत्तिः; तत्स्वभावताङ्गीकरणे चास्यास्मदभ्युपगतापत्तिः॥

અર્થ:— 'તે તે કર્માણુ વગેરે જ તેવા સ્વભાવવાળા હોવાથી, તેનો આત્મામાં (યોગ્યતા વિના પણ) તે રીતે સંબંધ સિદ્ધ છે,'-એવું નથી. કેમકે સંબંધ તો બંનેમાં રહેનારો હોવાથી બંનેમાં

સંબંધયોગ્ય સ્વભાવની અપેક્ષા રાખનારો છે; નહિતર કલ્પનાનો વિરોધ ઊભો થાય; કેમકે ન્યાય ઘટી શકે નહિ. (તે આ રીતેઃ—) કર્માણુમાં તેવી (યોગ્યતાની) કલ્પના કરવા છતાં તેનો અલોકાકાશની સાથે સંબંધ તો થતો નથી; કારણ કે અલોકાકાશમાં કર્માણુની સાથે સંબંધ થવાનો સ્વભાવ નથી; અને અલોકાકાશ તેવા સ્વભાવવાળું ન હોયે છતે, કર્માણુ આદિમાં તેવા સ્વભાવવાળાપણું કલ્પવું એ વિરુદ્ધ છે. એ રીતે ન્યાય ઘટી શકતો નથી. (ત્યારે જો) આત્મામાં ય તેવો સ્વભાવ સ્વીકારાય, તો તો અમારી જ માન્યતા સ્વીકારવી પડે.

વિવેચનઃ—

અલોકાકાશ અને કર્માણુનો સંબંધ કેમ નહિ ?

પ્રઃ—કર્માણુ આદિનો સંબંધ થવાની યોગ્યતા યાને સ્વભાવ આત્મામાં ભલે ન હો, પણ એકલા કર્માણુ આદિમાં જ આત્મા સાથે સંબંધ થવાનો સ્વભાવ માનવાથી ય પેલાની જેમ જ આત્મામાં સંબંધ થઈ શકે ને ?

ઉ૦—ના, એક માત્રના સ્વભાવથી સંબંધ ન થઈ શકે; કેમકે સંબંધ એ એકમાત્રમાં નહિ, કિંતુ બેમાં રહેનારી ચીજ હોવાથી બંનેના તેવા સ્વભાવની અપેક્ષા રાખે છે. તો આત્મા અને કર્માણુ-આદિનો સંબંધ પણ આત્મા અને કર્માણુ બંનેના સ્વભાવની અપેક્ષા રાખવાનો.

પ્રઃ—એકલા કર્માણુમાં સંબંધ થવાનો સ્વભાવ માનીને સંબંધ બંનેનો થવાનું માનવામાં બાધ શો છે ?

ઉ૦— બાધ એ જ, કે કલ્પનાવ્યાઘાત અને ન્યાયની અસંગતિ થાય; કેમકે આત્મામાં સંબંધયોગ્ય સ્વભાવ વિના એકલા કર્મના તેવા સ્વભાવથી આત્મામાં સંબંધ થવાની કલ્પના કરી, એ વ્યાહત છે, ન્યાયવિરુદ્ધ છે. કેમકે એમાં ન્યાયની અસંગતિ છે, અર્થાત્ શાસ્ત્રસિદ્ધ અલોકાકાશનું દૃષ્ટાન્ત ઘટી શકતું નથી. માટે એમ સંબંધ ન થઈ શકે.

ન્યાયની અસંગતિ આ રીતેઃ— આકાશના બે વિભાગ છે, એક લોકાકાશ, એટલે કે જેમાં જીવ, પુદ્ગલ વગેરે દ્રવ્યો રહે છે તે; અને બીજો અલોકાકાશ, કે જેમાં કોઇ દ્રવ્ય રહેતું નથી, ને જે માત્ર ખાલી ક્ષેત્રરૂપ છે તે. હવે જ્યારે કશું જ નથી રહેતું, તો પછી કર્માણુ પણ નથી રહેતા. રહેવું=અવગાહવું; રહેનારાં દ્રવ્યો અને રાખનાર લોકાકાશ વચ્ચે અવગાહ્ય-અવગાહક સંબંધ થયો. કર્માણુ આદિ અને અલોકાકાશ વચ્ચે તેવો સંબંધ નથી, કેમકે અલોકાકાશમાં તો તેવા સંબંધને યોગ્ય સ્વભાવ નથી, પણ કર્માણુ આદિ એકલામાં ય તેવો સંબંધ થવા યોગ્ય સ્વભાવ નથી. જેવી રીતે ગુંદરમાં ચિટકવા યોગ્ય સ્વભાવ છે, પરંતુ તેલિયો કાગળ એની સાથે સંબંધ નથી પામતો, તો માનવું પડે છે કે માત્ર તેલિયા કાગળમાં તો શું, પણ ગુંદરમાં ય તેવા કાગળ સાથે સંબંધ થવા યોગ્ય સ્વભાવ નથી; તેવી રીતે જ્યારે આ લોકાકાશમાં કર્માણુ આદિનો સંબંધ નથી થતો તો સિદ્ધ થાય છે કે અલોકાકાશ એ કર્માણુ આદિ સાથે સંબંધ થવા યોગ્ય સ્વભાવવાળું નથી, તેમ કર્માણુ આદિમાં પણ અલોકાકાશ સાથે સંબંધ ન થતો હોવાથી પ્રાપ્ત થાય છે કે એ અલોકાકાશ સાથે સંબંધ થવા યોગ્ય સ્વભાવવાળા નથી. એથી કર્માણુ આદિમાં તેવો સ્વભાવ નિષિદ્ધ થઈ જાય છે. સંબંધયોગ્ય સ્વભાવ હોય તો જ સંબંધ થાય. સ્વભાવ વિના સંબંધ થવાનું માનવું વિરુદ્ધ ઠરે છે. બસ એ જ રીતે આત્મામાં કર્માણુ આદિનો સંબંધ થવા યોગ્ય સ્વભાવ અર્થાત્ કર્તૃત્વશક્તિ હોય તો જ સંબંધ થાય; કેવળ કર્માણુમાં સંબંધ યોગ્ય સ્વભાવ કલ્પવાથી ન ચાલે.

એવો નિયમ છે કે જે સ્વયં જેની સાથે સંબંધ થવા યોગ્ય સ્વભાવવાળો ન હોય, તે સામાની સાથે, સામાના કલ્પિત તેવા સ્વભાવથી પણ, સંબંધ પામી શકે નહિ; જેમકે અલોકાકાશ પોતે જ

કર્માણુ આદિ સાથે સંબંધ થવા યોગ્ય સ્વભાવાળું નથી; તો કદાચ કર્માણુ આદિમાં કલ્પિત સ્વભાવ ઊભો કર્યો તો પણ તેના બળે કર્માણુ આદિ સાથે તે સંબંધ પામી શકતું નથી. વસ્તુસ્થિતિ એજ છે કે અક્ષોકાકાશમાં કર્માણુ, શરીર વગેરે કાંઇ જ રહેતું નથી, કોઇનો ય સંબંધ નથી થતો. એ જ ન્યાય છે, અર્થાત્ શાસ્ત્રસિદ્ધ અક્ષોકનું દૃષ્ટાન્ત છે. તેની અસંગતિ થાય જો આત્મામાં કર્માણુ આદિ સાથે સંબંધ થવા યોગ્ય સ્વભાવ ન હોય ને કર્માણુ આદિના કલ્પિત સ્વભાવથી કલ્પિત સંબંધ થવાનું મનાય.

નિયમ એવો છે કે-'જેમાં સંબંધ થતો હોય, તેમાં સંબંધયોગ્ય સ્વભાવ હોય જ.'-આ વાક્યમાં 'જેમાં' સાથે યોજાયેલ 'સંબંધ' એ વ્યાપ્ય કહેવાય, અને 'તેમાં' સાથે યોજાયેલ 'સંબંધ-યોગ્ય સ્વભાવ' એ વ્યાપક કહેવાય. વ્યાપ્ય હોય ત્યાં વ્યાપક અવશ્ય હોવો જોઇએ, (જેમકે જ્યાં જ્યાં ધૂમાડો, ત્યાં ત્યાં અગ્નિ હોય જ.) એથી ઉલટું, વ્યાપક ન હોય ત્યાં વ્યાપ્ય હોઈ શકે જ નહિ. માટે જો આત્મામાં વ્યાપક ધર્મ 'સંબંધયોગ્ય સ્વભાવ' ન હોય, તો કર્માણુ આદિનો સંબંધ થઇ શકે જ નહિ, ભલે ને કર્માણુ આદિમાં તેવો સ્વભાવ કલ્પાય. મોક્ષ પામેલા આત્મામાં તે વસ્તુ સ્પષ્ટ દેખાય છે, કે કેવળ કર્માણુ, શરીર આદિમાં તમે કલ્પિત સ્વભાવ માનો તો પણ મુક્ત આત્મામાં કર્માણુ આદિનો સંબંધ નથી થતો એ હકીકત છે. સંબંધ એ બેમાં રહેનારી વસ્તુ છે, એક આંગળીથી સંબંધ નથી થતો, બે મળે, અગર એક આંગળી અને બીજી વસ્તુ ભેગી થાય તો જ સંબંધ થાય, એ સંબંધ બંનેમાં રહે છે. જેમ માથામાં પાઘડી, તેમ પાઘડીમાં માથું કહેવાય છે. તો બંનેમાં સંબંધ રહેવા માટે બંનેમાં એને યોગ્ય સ્વભાવ માનવો પડે. એથી એ ફલિત થાય છે કે જો સંસારી આત્મામાં કર્માણુ, શરીર, આદિનો સંબંધ થાય છે, તો બંનેમાં પરસ્પર સંબંધ થવા યોગ્ય સ્વભાવ સિદ્ધ થાય છે. એટલે એકલા કર્માણુ આદિના તેવા સ્વભાવ માત્રથી આત્મા સાથે સંબંધ થઇ શકે નહિ. ત્યારે જો આત્મામાં પણ કર્માણુ આદિ સાથે સંબંધ થવા યોગ્ય સ્વભાવ માની લો, તો એ જ આવ્યું કે આત્મામાં કર્માદિ-કર્તૃત્વ માની લીધું; અને એ તો અમારી માન્યતા સ્વીકારી લેવી પડી!

આ રીતે જૈન દર્શન સાંખ્ય દર્શનની માન્યતાને યુક્તિ-વિરુદ્ધ ઠરાવી કહે છે કે આત્મામાં કર્તૃત્વ છે, આત્મા અકર્તા નથી, કેમકે અકર્તૃત્વને લીધે તો આત્મામાં કર્માણુ, શરીર, જન્મ વગેરેનો સંબંધ થવાનો સ્વભાવ નહિ હોવાથી એ બધાનો સંબંધ જ બની શકે નહિ.

(લ૦-) न चैवं स्वभावमात्रवादसिद्धिः, तदन्यापेक्षित्वेन सामग्र्याः फलहेतुत्वात्; स्वभावस्य च तदन्तर्गतत्वेनेष्टत्वात् ॥ निर्लोठितमेतदन्यत्र इति आदिकरत्वसिद्धिः ॥ ३.

અર્થ:—'એ રીતે તો માત્ર સ્વભાવ કારણ હોવાનો મત સિદ્ધ થશે,'-એવું નથી; કેમકે સામગ્રી કાર્યમાં કારણ છે તે સ્વભાવ ઉપરાંત અન્યની અપેક્ષા રાખીને, અને સ્વભાવ એ સામગ્રીની અંતર્ગત તરીકે તો ઇષ્ટ છે. આની ચર્ચા અન્યત્ર કરી છે. એમ આદિકરત્વની સિદ્ધિ થઈ.

વિવેચન:—

સ્વભાવમાત્રવાદનું ખંડન:—

પ્ર૦- 'મુક્ત આત્મામાં યોગ્યતા નથી માટે સંબંધ નથી થતો, સંસારી આત્મામાં યોગ્યતા છે તેથી સંબંધ થાય છે,' એમ જો કહો, તો એનો અર્થ એ થયો કે કાર્ય યોગ્યતાના અર્થાત્ સ્વભાવના બળે જ થાય છે. તેથી તો એકલા સ્વભાવને જ કારણ કહેનાર સ્વભાવવાદની જ સિદ્ધિ થશે! એ કહે છે કે કાંટાને અણીદાર બનાવવા કોણ જાય છે? પશુ-પંખીના ચિત્રવિચિત્ર રંગ કોણ કરે છે? બધું સ્વભાવે જ થાય છે. તેમ, શું યોગ્યતાના તમારા સમર્થનથી માત્ર સ્વભાવવાદ સ્વીકૃત નહિ થાય?

ઉ૦- ના, પ્રસ્તુતમાં આત્મામાં કર્તૃત્વ સિદ્ધ કરવા માટે યોગ્યતા યાને સ્વભાવની જે અગત્ય બતાવી, તેનો અર્થ એ નથી કે બીજાં કારણોની જરૂર નથી. 'માટી વિના ઘડો ન જ બને, માટીથી જ

ઘડો બને,'–એવું કહેવામાં એમ થોડું જ કરે છે કે માટી ઉપરાંત કુંભાર, ચાકડો વગેરે બીજાં કારણોની જરૂર નથી ? તેલ તલમાંથી જ મળે, એટલે તલ વિના ન ચાલે એ વાત ખરી, છતાં એકલા તલે કામ ન થાય, સાથે ઘાણી ય જોઇએ ને ઘાંચી ય જોઇએ. તાત્પર્ય કે,

—: પંચકારણવાદ :—

કાર્ય પ્રત્યે આ **પાંચ કારણોનો સમવાય** (સહમિલન) જરૂરી છે—૧. કાળ, ૨. સ્વભાવ, ૩. નિયતિ, ૪. ભાગ્ય અને ૫. પુરુષાર્થ. કાર્ય પેદા થવામાં યોગ્ય કાળ, વસ્તુનો સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યમ જોઇએ. અલબત આમાં તે તે કાર્યમાં અપેક્ષાએ અમુક અમુક કારણ મુખ્ય ગણાય છે અને બીજાં ગૌણ; છતાં પાંચે ઉપયોગી તો હોય છે જ. દા. ત.

◆ કાળ એ, તે તે ઋતુનાં ત્યારે જ ફળ-ફૂલ, બીજમાંથી અમુક સમયે જ પાક, ગર્ભનો નિયત કાળે જ પરિપાક, ઇત્યાદિ થવામાં અગત્યનું કારણ છે એમ કહેવું પડે.

◆ **સ્વભાવ** એ, કોરડુ મગ ન ચઢે પણ બીજા મગ ચઢે એમાં મુખ્ય ભાગ ભજવે છે. ગધેડો અશ્વશિક્ષા ન પામે અને અશ્વ એ પામી શકે એમાં પણ સ્વભાવ જ કારણ છે. અભવ્ય જીવને અનંતા તીર્થંકર પ્રભુના સમવસરણ જોવા મળે પણ કદી ય એ સમ્યક્ત્વ ન પામી શકે, એમાં એનો તેવો સ્વભાવ જ જવાબદાર છે. એ સંસારના અનંતાનંત કાળમાં સ્વર્ગીય સુખાદિની કાંક્ષાએ અભવી જીવ અનંત વાર ચારિત્ર લે છે, એમાં એ અનંતા ભવ્ય જીવને સમ્યક્ત્વ પૂર્વક ચારિત્ર પમાડે; પણ પોતાને શું ? દીવા નીચે અંધારું ! કર્મથિયરીનું લેકચર મોટું કરે, પણ દિલ કોરું ધાકોર ! એક તીર્થંકરના ખુબવેલા-સંખ્યાતા જીવ મોક્ષે જાય, ત્યારે એક અભવીના ખુબવ્યા અનંતા જીવ મોક્ષે જાય, છતાં એનો અભવ્યત્વ સ્વભાવ એને કદી મોક્ષ નહિ પામવા દેવાનો ! કેમકે કદી ય એને મોક્ષની શ્રદ્ધા જ નહિ થવા દેવાનો ! ભવ્ય, અભવ્યના આ સ્વભાવ કોણે ઘડ્યા ? કોઇએ નહિ; અનાદિના છે. ભવ્ય જીવ ને મોક્ષ પામવાનો સ્વભાવ એ તો મોક્ષ-સાધનાની સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ છે; એ સહેજે મળેલો છે. એમાં પોતાની કોઈ હોશિયારીએ કામ નથી કર્યું, કે પોતે એ માટે કોઇ ભોગ નથી આપ્યો. અભવ્યની પાછળ કોઇ તૂટી મરે તો ય તેનામાં ભવ્યત્વ-સ્વભાવ પેદા ન કરી શકે, એવી મહામૂલી ભવ્યત્વ-સ્વભાવની ટિકિટ ભવ્યને વગર મહેનતે મળી છે; છતાં એની કદર નહિ હોવાથી એને પકવવાની તાલાવેલી નથી જાગતી ! કેવી કરુણ દશા ! નહિતર તો ભવ્યત્વને પકવનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ કેમ લીન ન બની જવાય ? અસ્તુ. મોક્ષસાધનાને પ્રેરનારા સંયોગો કયારે ય પણ ભવ્યને જ અસર કરે, ને અભવ્યને કદી અસર ન કરે, એમાં સ્વભાવ મુખ્ય ભાગ ભજવે છે.

◆ **ભવિતવ્યતા** અર્થાત્ નિયતિ એ, જ્યાં બીજાં ખાસ કારણો દર્શાવી શકાતાં નથી, અને ચોકસ પ્રકારની સ્થિતિ બની આવે છે, ત્યાં મુખ્ય ભાગ ભજવે છે. દા. ત. ગુણસેન અને અગ્નિશર્માનો ભવે ભવે સંબંધ જોડાતો આવ્યો એમાં ખાસ કારણ શું કહેવાય ? કહેવું પડે ભવિતવ્યતા જ કોઈ એવી. ગુણસેનની અગ્નિશર્મા તાપસનું પારણું કરાવવાની ઘણી ઘગશ છતાં બરાબર પારણાના દિવસે જ એને વિકટ પ્રસંગ ઉપસ્થિત થયા, એમાં ભાવીભાવ અર્થાત્ ભવિતવ્યતાને કારણ કહેવી પડે.

પ્ર૦– અગ્નિશર્માના અંતરાય કર્મ એમાં કારણ નહિ ?

ઉ૦– કારણ કહી શકાય, પરંતુ બીજાના હાથે નહિ ને ગુણસેનના હાથે જ ૩–૩ વાર પારણું ચૂકાય, એમાં તેવી ભવિતવ્યતાને જવાબદાર ગણવી પડે. તીર્થંકર ભગવાન છદ્મસ્થ (અસર્વજ્ઞ) અવસ્થામાં પણ ભૂલ ન કરે, છતાં વીર પ્રભુએ અયોગ્ય ગોશાલાને તેજોલેશ્યાની વિધિ બતાવી એમાં ભવિતવ્યતા જ ખાસ કારણ હતી, પણ ભગવાનની કોઈ ગફલત નહિ, ભૂલ નહિ.

▲ કર્મ પણ અગત્યનો ભાગ ભજવે છે. કર્મ કાર્ય નીપજવામાં જરૂરી નિમિત્ત કારણોને મેળવી આપે છે. બજારમાં માણસ દોડે છે, વેપારનો કાળ પણ છે, મહેનત કરે છે, પણ જો કમાણી

નથી થતી તો તેમાં દુર્ભાગ્ય મુખ્ય કારણ છે. પ્રતિકૂળ કર્મનો અભાવ અને અનુકૂળ કર્મનો સદ્ભાવ બંને જરૂરી છે. ભલભલા ચમરબંધીની મહાયોજનાઓ સફળતાની ઠેઠ નજીક પહોંચવા છતાં અંતે જે મહાનિષ્ફળતાને પામે છે, એમાં પૂર્વકૃત પ્રતિકૂલ કર્મ સિવાય બીજા કોને જવાબદાર ગણાય ? પ્રતિકૂલ કર્મની શિરજોરીમાં જ રામ-સીતા, નળ-દમયંતી વગેરેને વનવાસ સેવવા પડ્યા, ને જગતદયાળુ મહાવીરદેવના કાનમાં ખીલા ઠોકાયા ! ત્યારે અનુત્તરવાસી દેવ જેવા મહાતત્ત્વચિંતક અને અવધિજ્ઞાનીને પણ મનુષ્યભવનું પુણ્ય ન હોવાથી અર્થાત્ અનુકૂળ કર્મના અભાવે દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્ર ગુણસ્થાનક નથી મળી શકતું. પાંચમા આરાના મનુષ્યને પ્રથમ સંઘયણનું અનુકૂળ કર્મ નહિ હોવાથી સાતમા ગુણસ્થાનકથી ઉપર નથી ચઢી શકાતું; તેથી વીતરાગતા અને કેવળજ્ઞાનપૂર્વક મોક્ષ નથી પામી શકાતા. પાંચ કારણો પૈકી કર્મની આટલી બધી મહત્તા છતાં 'કર્મ આત્માને કાંઈ કરતું નથી, નિમિત્તની અસર નથી' એવું કહેનારની કેવી જૈનદર્શનની અજ્ઞાનદશા !

◆**પુરુષાર્થ** નામનું કારણ પણ કાર્યોત્પત્તિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જમીન, હળ, બીજ, વરસાદ, વગેરે બધું હોય પણ ખેડૂતનો પુરુષાર્થ ન હોય તો પાક ક્યાંથી થવાનો ? પાણી, માટી, ચાકડો વગેરે હોવા છતાં કુંભારના પુરુષાર્થ વિના ઘડો ક્યાં બને છે ? રસોઇના ઉદ્યમ વિના ભોજન ભેગા ક્યાં થવાય છે ? એમ ભવિતવ્યતાએ જીવને વ્યવહાર રાશિમાં આણ્યો, ભવ્યત્વ સ્વભાવ અને કાળે એને ઠેઠ ચરમાવર્ત કાળમાં મૂક્યો, પુણ્ય કર્મે એને માનવ ભવ, આર્યકુળ, દેવ-ગુરુ-ધર્મસ્થાનના સંયોગ વગેરે આપ્યું, પરંતુ હવે ધર્મની ગરજ, શુભભાવના, તત્ત્વરુચિ, આચારપાલન, વ્રતસ્વીકાર વગેરેનો પુરુષાર્થ ન કરવો હોય તો ઉન્નતિ ક્યાંથી થવાની ? રેલ્વે ટ્રેઈને દિલ્હીથી ઠેઠ અમદાવાદ સ્ટેશન સુધી લાવી મૂક્યો, છતાં જો હવે કહે કે 'શું કરું ? ટ્રેઈન નથી એટલે માણેકચોક શી રીતે પહોંચું ?' તો મૂર્ખ ગણાય કે બીજું કંઈ ? કેમકે હવે તો પગ કે વાહનના પુરુષાર્થથી પહોંચવાનું છે. એમ, પુણ્ય કર્મે એકેન્દ્રિયપણામાંથી ઠેઠ ઉત્તમ મનુષ્યભવ અને ધર્મસામગ્રીના સ્ટેશન સુધી લાવી મૂક્યો, છતાં જો હવે કહે કે-'શું કરું ? પુણ્યનો ઉદય નથી એટલે ધર્મ શી રીતે કરું ?' તો એ મૂર્ખતા જ ને ? કેમકે ધર્મ હવે તો પુરુષાર્થથી જ સાધવાનો છે. પુરુષાર્થની વળી એક વિશેષતા એ છે કે કર્મના ઉદયને નવાં કર્મની પરંપરાના સર્જક થવા દેવાને બદલે એવાં નિષ્ફળ બનાવી શકે છે કે એની જુગજૂની ચાલી આવતી પરંપરાનો અહીં અંત લાવે છે. દા. ત. ક્રોધ મોહનીય કર્મનો ઉદય થવાથી અંતરમાં જરા ધમધમાટ થયો. પરંતુ હવે જો એના ઉપર મોંદું બગાડવાનો, અપ્રિય શબ્દ કાઢવાનો;...યાવત્ પ્રહારાદિ કરવાનો અશુભ પુરુષાર્થ ન કરાય, અને સૌમ્યતા, સદ્ભાવના, અને સમતાનો સત્પુરુષાર્થ કેળવાય, તો પછી આગળ કષાય મોહનીયાદિ પાપકર્મની પરંપરા નથી ચાલતી. વાત આ છે કે પૂર્વોક્ત કર્મના ઉદયને આત્મા પોતાના સત્ કે અસત્ કેવા વીર્યની, કેવા પુરુષાર્થની સહાય આપે છે, એના પર શુભાશુભ ભાવિના નિર્માણનો આધાર છે. એટલે કાર્યનિર્માણમાં પુરુષાર્થનો મહાન ફાળો છે.

આમ, કાર્ય પ્રત્યે જે કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ, એ પાંચનો સમવાય યાને સમગ્રતા અર્થાત્ સામગ્રી હેતુભૂત છે, તેમાં સ્પષ્ટ છે કે સ્વભાવ ઉપરાંત કાળ આદિની ય અપેક્ષા છે. પ્રશ્ન થશે કે તો પછી સાંખ્યના આત્મા-અકર્તૃત્વ-મતનો નિરાસ કરતાં એકલા સ્વભાવને જ કાર્યહેતુ કેમ કહ્યો ? ઉત્તર એ છે કે સ્વભાવ પણ હેતુભૂત સામગ્રીની અંતર્ગત તરીકે ઇષ્ટ છે, એટલા માટે એને કાર્યહેતુ કહ્યો. 'ઉપદેશપદ' આદિ શાસ્ત્રોમાં સ્વભાવસહિત સકલ સામગ્રી એ કાર્યસાધક હોવાનું નિર્ણીત કરવામાં આવ્યું છે.

સારાંશ, 'આઇગરાણું' વિશેષણથી તીર્થંકર ભગવાનમાં કર્માદિકર્તૃત્વ સિદ્ધ થાય છે.

★

૪. તિત્થયરાણું.

(લ૦-) एवमादिकरा अपि कैवल्यावाप्त्यनन्तरापवर्गवादिभिरागमधार्म्मिकैरतीर्थकरा एवेष्यन्ते, 'अकृत्स्नकर्मक्षये कैवल्याभावाद्' इतिवचनात् ॥ तन्निरासेनैषां तीर्थकरत्वप्रतिपादनायाह—'तीर्थकरेभ्य' इति ॥

અર્થ:— 'એ પ્રમાણે આદિકર છતાં તીર્થંકર નથી હોતા,'- એવું કૈવલ્યપ્રાપ્તિ પછી (તરત) મોક્ષ થવાનું કહેનારા આગમ ધાર્મિકો માને છે; કેમકે સમસ્ત કર્મોનો ક્ષય થયા વિના કૈવલ્ય નથી થતું એવું એમનું શાસ્ત્રવચન છે. તે મતનો નિરાસ (ખંડન) કરવાપૂર્વક તીર્થંકરપણાનું પ્રતિપાદન કરવા અર્થે (સૂત્રકાર) 'તિત્થયરાણું' પદ કહે છે.

વિવેચન:— હવે 'તિત્થયરાણું'પદની વ્યાખ્યા શરૂ થાય છે. 'તિત્થયરાણું' એટલે તીર્થંકર એવા અર્હંતને નમસ્કાર હો. અહીં અર્હંતનું 'તીર્થંકર'એવું વિશેષણ આગમધાર્મિકના મતનું ખંડન કરવા માટે છે.

આગમધાર્મિકનો મત:—

આગમધાર્મિક એટલે આગમ અર્થાત્ વેદશાસ્ત્રને જ મુખ્ય કરનારા ધાર્મિક. એ કોઈ ધર્મસ્થાપકને માનતા નથી. આગમ એ જ ધર્મ-પ્રતિપાદક, પરંતુ કોઇ પુરુષ ધર્મપ્રણેતા નહિ; એવું એ માને છે. મીમાંસક યાને પૂર્વમીમાંસા-દર્શનનું સૂત્ર છે કે '**चोदनालक्षणो धर्म**'- ધર્મ એ વેદનાં વિધિવાક્યથી જણાય છે. કેમકે ધર્મ-અધર્મ વગેરે એ અતીન્દ્રિય વસ્તુ હોવાથી એના માટે પ્રમાણભૂત આગમશાસ્ત્ર છે, પ્રત્યક્ષાદિ નહિ. અતીન્દ્રિય વસ્તુઓનો કોઇ સાક્ષાત્ દષ્ટા સર્વજ્ઞ પુરુષ જગતમાં સંભવી શકતો નથી તો કોઇ પુરુષ એનો પ્રણેતા કયાંથી હોઇ શકે ? એટલે નિત્ય નિર્દુષ્ટ વેદ વચન દ્વારા જ દષ્ટા છે, જે પદાર્થજ્ઞાન કરે છે, તે જ સાચો દ્રષ્ટા છે, જ્ઞાતા છે. એવા વેદવાદીઓનું એમ કહેવું છે કે-" પુરુષ તો કૈવલ્યપ્રાપ્તિ પછી નિર્દોષ બની શકે, પરંતુ તે વખતે તો તરત જ એનો મોક્ષ થઇ જાય છે, એ શુદ્ધ, નિરંજન નિરાકાર બ્રહ્મસ્વરૂપ બની જાય છે. એટલે એ શરીર, મુખાદિના અભાવે ધર્મ-ઉપદેશ કયાંથી કરી શકે ? ધર્મતીર્થના સ્થાપક કેમ બની શકે ? ધ્યાનમાં રહે કે સર્વ કર્મનો ક્ષય થયા વિના કૈવલ્ય પ્રાપ્ત થતું નથી; અને સર્વ કર્મનો ક્ષય થાય તો પછી શરીર વગેરે કાંઇ નથી, તો ધર્મકથન કરે કેવી રીતે ? ત્યારે કૈવલ્યપ્રાપ્તિ પૂર્વે જો કરવા જાય,-તો સદોષ હોવાથી અતીન્દ્રિય ધર્મના સંબંધમાં અસત્ય કથન એમનાથી નહિ જ થાય એમ કેમ કહી શકાય ? માટે નિત્ય વેદ જ ધર્મના પ્રતિપાદક છે. વૈદિક શબ્દો નિત્ય પડેલા જ છે. એનો સ્ફોટ થવાથી શ્રવણમાં આવે છે. અતીન્દ્રિય પદાર્થ અંગે એ જ પ્રમાણ છે; પણ પ્રત્યક્ષ, અનુમાન વગેરે નહિ.

પૂર્વ મીમાંસકો આવું માને છે. બાકી નૈયાયિક, સાંખ્ય, ઉત્તર મીમાંસક, વગેરે દર્શનો વેદને માનનારાં છતાં એને નિત્ય નથી માનતા; એટલે એમના મતે તીર્થસ્થાપક કોઇ આદ્ય પુરુષ હોય છે. નિત્ય

વેદવાદી મતે તેવો કોઇ હોઈ શકતો નથી. કૈવલ્ય પામ્યા પૂર્વે એવી કોઇ શુદ્ધ અવસ્થા નથી કે જેમાં તીર્થંકર બની અતીન્દ્રિય એવા ધર્મ-અધર્મનું સર્વથા સત્ય પ્રતિપાદન કરી શકે. વક્તા પુરુષ કોઈ હોય તો દોષનો સંભવ રહે; નિત્ય વેદ કોઇના રચેલા નહિ હોવાથી એમાં કોઈ દોષનો સંભવ નથી, માટે તે જ પ્રમાણભૂત છે.

आगम धार्मिकना मतनी विरुद्धमां:—

વેદવાદીઓનું ઉપરોક્ત કથન યુક્તિયુક્ત નથી, એ સૂચવવાપૂર્વક અહીં અર્હંતને તીર્થંકર તરીકે ઓળખાવવામાં આવે છે. એમને મોહાદિ ઘાતી કર્મોનો સર્વથા ક્ષય થવાથી જ્ઞાનકૈવલ્ય અર્થાત્ કેવળજ્ઞાન પ્રગટ થયું હોઇ એ સર્વથા રાગાદિ દોષથી રહિત વીતરાગ સર્વજ્ઞ બનેલા છે, તેથી તેમનામાં તીર્થંકરપણું ઘટી શકે છે. અહીં 'तीर्थंकर' અને 'तीर्थ' એટલે શું તે હવે બતાવે છે:—

(ल०-) तत्र तीर्थकरणशीलाः तीर्थकराः, अचिन्त्यप्रभावमहापुण्यसंज्ञिततन्नामकर्म-विपाकतः, तस्यान्यथावेदनाऽयोगात् । तत्र येनेह जीवा जन्मजरामरणसलिलं मिथ्यादर्शना-विरतिगम्भीरं महाभीषणकषायपातालं सुदुर्लङ्घ्य मोहावर्त्तरौद्रं संयोगवियोगवीचियुत्कंप्रबलमनोर-थवेलाकुलं सुदीर्घं संसारसागरं तरन्ति तत् तीर्थमिति ॥

અર્થ:— તેમાં, તીર્થ કરવાના સ્વભાવવાળા એ તીર્થંકર કહેવાય છે. (એ તીર્થ કરવાનું) અચિંત્ય પ્રભાવવાળા મહાપુણ્યના નામના તે (તીર્થંકર) નામકર્મના ઉદયથી થાય છે; કેમકે તેનું બીજી રીતે વેદન નથી થતું. ત્યાં, જેના વડે અહીં જીવો સંસાર-સાગરને તરી જાય છે. તે તીર્થ (સમજવું.) સંસાર-સાગરમાં જન્મ-જરા-મૃત્યુરૂપી પાણી છે, મિથ્યાત્વ-અવિરતિનું ઊંડાણ છે, મહાભયંકર કષાયરૂપી પાતાલ છે. એ સંસારસમુદ્ર અત્યંત દુર્લંધ્ય મોહરૂપી આવર્તથી ભયાનક છે, અનેક ભાતિના દુઃખોના સમૂહરૂપી દુષ્ટ પશુઓથી વ્યાપ્ત છે, રાગદ્વેષ રૂપી વાયુથી ખળભળી ઉઠેલો છે, સંયોગ-વિયોગ રૂપી તરંગોથી ભરચક છે, મનોરથોરૂપી પ્રબળ ભરતીથી વ્યાકુલ છે, અને અતિશય દીર્ઘ છે.

વિવેચન:—

तीर्थंकर नामकर्म:— તીર્થંકર એટલે, જ્ઞાનાવરણાદિ આઠ કર્મ પૈકી નામકર્મમાંનું જે એક તીર્થંકર-નામકર્મ નામનું મહાનપુણ્યકર્મ, તેના વિપાકોદયે તીર્થ કરવાના (ધર્મસાધન સ્થાપવાના) સ્વભાવવાળા. પૂર્વના ત્રીજા ભવમાં અર્હદ્-વાત્સલ્યાદિ વીસ સ્થાનકમાંના કોઇ એક, બે...યાવત્ વીસે ય સ્થાનકની ઉપાસના કરવા સાથે 'જગતના જીવમાત્રને કયારે જિનશાસનના રસિક બનાવું'-એવી ભાવ-કરુણાની ભાવના ભાવવાથી 'तीर्थंकर नामकर्म' નામનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જિત થાય છે. બીજાં પુણ્ય પ્રભાવવંતા ખરાં, પણ તે માત્ર પુણ્ય કહેવાય, પણ આ અચિંત્ય પ્રભાવવાળું પુણ્ય મહાપુણ્ય કહેવાય છે; કેમકે એના ઉદયમાં છત્ર ચામરાદિ આઠ મહાપ્રાતિહાર્યની શોભા, પદન્યાસ માટે સુવર્ણકમળ-સમવસરણમય દેશના ભૂમિ, વાણીના ૩૫ અતિશય, વગેરે અલૌકિક સર્જન ચમત્કારિક રીતે થઈ જાય છે. એ બધું એ પુણ્યનો અચિંત્ય પ્રભાવ સૂચવે છે. એવા મહાપુણ્યના ઉદયને લીધે તીર્થ કરવાના સ્વભાવવાળા છે.

પ્ર૦- વીતરાગ સર્વજ્ઞ બનેલાને હવે રાગ-દ્વેષ તો છે નહિ, તો પછી તીર્થસ્થાપન અને કુમત નિરાકરણ શા સારૂ કરે? અમુક તીર્થનો રાગ હોય તો જ એનું સ્થાપન, અને ઇતર મત પર અરુચિ હોય તો જ એનું નિરાકરણ થાય ને?

ઉ૦- એવો એકાંત નથી. પૂર્વે ઉપાર્જી લાવેલું તીર્થંકર-નામકર્મ જ એવું છે કે એ મહાશોભા કરવાપૂર્વક તીર્થસ્થાપન કરાવે જ, કરવા પ્રેરે જ. તે વિના બીજી રીતે એ કર્મનો ભોગવટો થઈ શકે એમ જ નથી, તેમ, એ ભોગવાયા વિના આત્મા પરથી ખસે એવું નથી; ને તે ન ખસે તો સર્વ કર્મ

ક્ષય રૂપ મોક્ષ કયાંથી થાય ? માટે કહેવાય છે કે તીર્થંકર નામકર્મના ઉદયમાં સહજભાવે પ્રકાશદાતા સૂર્યની જેમ સહજભાવે તીર્થ-સ્થાપના કરાય છે, જગતને તત્ત્વ અને મોક્ષમાર્ગનો પ્રકાશ સહજભાવે અપાય છે, કિંતુ રાગદ્વેષવશ નહિ. માટે કહ્યું કે તીર્થંકર એટલે તીર્થ કરવાના સ્વભાવવાળા, સ્વભાવે તીર્થ કરનારા, કોઇ રાગાદિની પ્રેરણાથી કે આતુરતા-ઉમળકાથી નહિ.

પ્ર૦— તીર્થ એટલે શું ?

ઉ૦— તીર્થ એટલે જેનાથી જીવો સંસારસમુદ્ર તરી જાય છે તે.

પ્ર૦— સંસારને સમુદ્ર જેવો કેમ કહ્યો ?

ઉ૦— એટલા માટે કે સમુદ્રની જેમ સંસારમાં પાણી છે, ઊંડાણ છે, પાતાલ છે, આવર્ત, અને દુષ્ટ જનાવરો છે, વંટોળ, તરંગો અને ભરતી છે, તેમ અત્યન્ત લંબાણ છે, તે આ રીતેઃ-

સંસારમાં સમુદ્રના ધર્મોઃ—

(૧) સંસારમાં જન્મ-જરા-મૃત્યુરૂપી પાણી છે; કેમકે જેમ સમુદ્ર જલમય,તેમ સંસાર જન્મ-જરા-મૃત્યુમય છે. સંસારમાં કયાં ય પણ અને કયારે ય પણ જુઓ, જન્મ-મરણ ન હોય એવું બને નહિ.◆ (૨) સંસારમાં મિથ્યાદર્શન અને અવિરતિનું ઊંડાણ છે. ઊંડાણ બે રીતે, એક તો એનો છેડો જ ન જડે; બીજું એમાં ઉતરેલાને ઊંચે આવવું મુશ્કેલ. મિથ્યાત્વ એટલે મિથ્યા મતિ, અને અવિરતિ એટલે મિથ્યા રાગ, આ બંને ય એવા ઊંડા છે ! પોતાની જાત, સુખદુઃખ, એનાં નિમિત્ત, હિતાહિત, શત્રુ-મિત્ર ઇત્યાદિ અંગેની મિથ્યામતિમાં ફસેલો કયાંનો કયાંય ઉતરી જાય છે. એમ, પરના રાગ અને પાપસ્થાનકમાં મગ્નતા રૂપી અવિરતિ પણ નીચે ને નીચે ઉતારી દે છે. ◆ (૩) જેમ પાતાળ પર સમુદ્ર, તેમ મહાભયંકર કષાયના તળ પર સંસાર રહે છે. પાતાળની જેમ કષાયો અભેદ્ય વજ્ર સમા છે. કોઇ ભગીરથ પુરૂષાર્થથી એ તૂટે તો જ જન્મમરણાદિમય સંસાર ખેરવિખેર થઇ જાય. તેમજ પાતાળની જેમ કષાયો ઘણા ઊંડા છે; એનો સર્વથા નાશ કરવો ઘણો ઘણો કઠિન છે. ▲ (૪) સંસાર-સમુદ્રમાં મોહના આવર્ત છે, ભમરી છે. આવર્તમાં ફસેલા મોટા જહાજ પણ બહાર નીકળી શકતા નથી, એ તો નષ્ટ થયે છૂટકો ! એમ મોહમાં જે મોટા મુનિ પણ ફસ્યા તો ચક્રાવે ચઢે છે; પછી નિકંદન નીકળ્યે અંત ! એવી મોહની ભમરીને લીધે સંસાર રૌદ્રસ્વરૂપવાળો છે. ◆ (૫) સંસાર-સમુદ્રમાં દુઃખના સમૂહરૂપી દુષ્ટ જળજંતુઓ છે. સમુદ્રમાં વિવિધ જળચર જીવો ન હોય એ ન બને, એમ સંસારમાં વિવિધ દુઃખોના પોટલાં ન હોય એ ન બને. ત્યાં જેમ 'મત્સ્ય-ગલાગલ' ન્યાય, તેમ અહીં પણ એક દુઃખ બીજા દુઃખને ગળીને મોટું થાય, ને બીજું ત્રીજાને ગળીને. દુઃખનું અદ્વૈત સમજો. સુખ દેખાય તે પણ સુખાભાસ, સરવાળે દુઃખ, મહાદુઃખ. ▲ (૬) સંસાર-સમુદ્રમાં રાગદ્વેષ રૂપી વંટોળ-વાવાઝોડાં ચઢે છે, ને તેથી તે ક્ષોભાયમાન બને છે, તોફાને ચઢે છે ! સંસારમાં ચારે કોર તોફાન કોણ કરાવે છે ? રાગ અને દ્વેષ. એકને લેવાનો રાગ છે, બીજાને દેવાનો દ્વેષ છે, અરુચિ છે, પછી બંને વચ્ચે ચાલે છે ટસલ; ખેંચાખેંચી ! ◆ (૭) સમુદ્રમાં તરંગોની હારમાળા ચાલે છે, એથી પ્રશાન્તતા નથી. તેમ સંસારમાં ઇષ્ટ-અનિષ્ટના સંયોગ-વિયોગોની હારમાળા ચાલે છે; એથી કયાં ય શાન્તિ નથી. એક મોજાંની પાછળ બીજું, બીજા પાછળ ત્રીજું,...ચાલ્યું ! એવું સંયોગ-વિયોગોમાં છે; સતત અને અસંખ્યાત ! માત્ર એક દિવસના ય ગમતા-અણગમતા સંયોગ-વિયોગો કેટલા ? ગણત્રી નથી ! ▲ (૮) સમુદ્રમાં મોટી ભરતીઓ ચઢે છે, તેમ સંસારમાં મનોરથોની ભરતી ચઢે છે, એથી એ વ્યાકુળ બને છે. મનોરથ કોને નથી ? નાના બચ્ચાને પણ મનોરથ થાય છે, ને મૂર્ખને પણ થાય છે. પાછું મનોરથોનો વેગ વધતો ચાલે છે. નાના મનોરથ પર મોટો, ને મોટા પર તેથી ય મોટો જેમ શેખચલ્લીના મનોરથ. આ મનોરથોમાં પાછી, કયાંક જોરદાર તમાચ પડતાં, ઓટ પણ આવે છે. ▲ પરંતુ તે ક્ષણિક થોડીવાર પછી બીજા મનોરથ

ઉઠે છે. (૯) એવો એ સંસાર-સમુદ્ર લાંબલચક છે. દુનિયાનો મોટામાં મોટો સ્વયંભૂ સમુદ્ર પણ અસંખ્ય જોજનનો છે, ત્યારે સંસારસમુદ્ર અનંતાનંત પુદ્ગલ પરાવર્તની લંબાઇવાળો, અમાપ, અથાગ એક વિલક્ષણ સમુદ્ર છે.

આવા સંસારનો પાર કયારે પમાય ? એ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, મોહ, દુઃખ, રાગદ્વેષ સંયોગ-વિયોગ અને મનોરથોની સમાપ્તિ થાય ત્યારે જ ને ? પણ એ સમાપ્તિ કયાં સરળ છે ? પહેલું મિથ્યાદર્શન જ એવું નડે છે કે જગતદયાળુ અનંતજ્ઞાની વીતરાગ પ્રભુની ગમે તેટલી સારી હિતની વાત છતાં એ અવગણાય છે! એક સંસારી જીવની માફક રાગ-દ્વેષ ને કામ-ક્રોધાદિમાં ફસેલાને ઈશ્વર પરમાત્મા મનાય છે! પરમ આત્મા કોને કહેવાય એનો વિચાર નથી કરવો. ત્યારે સંસારમાં કષાયો, મોહમૂઢતા, અજ્ઞતા, રાગદ્વેષ વગેરે એકેકના કેટકેટલા અવાંતર પ્રકારો જીવને પીડી રહ્યા છે!

આવા સંસાર-સમુદ્રથી તારે તેને તીર્થ કહેવાય.

અર્હત્-તીર્થ જ કેમ તારક ? :—અરિહંત પરમાત્મા એવા તીર્થના કરનારા હોવાથી તીર્થંકર છે. એમનું જ તીર્થ તારનારૂં છે. શાથી એ તપાસી જુઓ. પૂર્વોક્ત મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગેરેનો અંત લાવનારા તત્ત્વો એમાં જ છે. 'અહિંસા, સંયમ અને તપ એ ધર્મ, અને એથી જ શ્રેય થાય' 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એજ મોક્ષમાર્ગ'-એમ એ શિખવે છે.

'स्वधर्मे निधनः श्रेयान् परधर्मो भयावहः!'-પોતાના ધર્મમાં મૃત્યુ સારૂં, પરધર્મ ભયકારી છે'— જેવી શિખવણી એમાં નથી. સ્વધર્મ એટલે ? કસાઈનો કસાઇગીરીનો ધર્મ, ને લૂંટારાનો લૂંટારાગીરીનો ધર્મ. શું એમાં કલ્યાણ ? ધર્મ પોતાનો હોવા માત્રથી આદરણીય નથી; કિન્તુ મોક્ષનું ફલ દેતો હોય તો આદરણીય છે. 'કરે તે ભરે' એટલું જ નહિ, પણ પાપ ન કરે છતાં એના ત્યાગની પ્રતિજ્ઞારૂપી વિરતિ નથી સ્વીકારી ત્યાંસુધી ય કર્મબંધ ચાલુ છે,-એ અર્હત્ના તીર્થની વસ્તુ છે; બીજાને એની ગંધ નથી. એમ કામ અને કષાયની સૂક્ષ્મ માત્રા ઘણા ઊંચા ગુણસ્થાનક સુધી પણ પહોંચતી હોવાનું આ તીર્થની દૃષ્ટિમાં આવે છે; માટે જ એ સર્વથા નિષ્કામ અને વીતરાગ બનવાના સૂક્ષ્માતિસૂક્ષ્મ ઉપાયો બતાવે છે. એ એવું જ્ઞાન આપે છે કે જેના આધારે આરાધના કરતાં કરતાં રાગદ્વેષાદિ કષાયો નિર્મૂલ થતા આવે. માટે જ એ સાચું જ્ઞાન છે. **'नहि तज्ज्ञानं भवति यस्मिन्नुदिते विभाति रागगणः।'** જે જ્ઞાનરૂપી સૂર્ય ઉદય પામે છતાં રાગાદિ સમૂહનો અંધકાર વિકસતો રહે છે તેને જ્ઞાન જ ન કહેવાય.

एतच्च यथावस्थितसकलजीवादिपदार्थप्ररूपकम् अत्यन्तानवद्यान्याविज्ञातचरणकरणक्रियाऽऽधारं त्रैलोक्यगतशुद्धधर्मसंपद्युक्तमहासत्त्वाश्रयम् अचिन्त्यशक्तिसमन्विताविसंवादिपरमबोहित्थाकल्पं प्रवचनं सङ्घो वा, निराधारस्य प्रवचनस्यासंभवाद्; उक्तं च "तित्थं भंते! तित्थं? तित्थगरे तित्थं? गोयमा! अरहा (प्र०...अरिहा) ताव नियमा तित्थंकरे, तित्थं पुण चाउवण्णो समणसङ्घो।"

અર્થ :—એ તીર્થ સમસ્ત જીવાદિ પદાર્થોનું યથાવસ્થિત પ્રતિપાદક, અત્યન્ત નિર્દોષ અને અન્યોને અજ્ઞાત એવા મૂળ-ઉત્તર ગુણવાળા ચારિત્રની ક્રિયાનો આધારભૂત, ત્રણ લોકમાં રહેલા શુદ્ધ ધર્મરૂપી સંપત્તિવાળા મહાન આત્માઓમાં રહેલું, અને અચિંત્ય પ્રભાવવાળું તથા અવિસંવાદી પરમ જહાજ સમાન પ્રવચનરૂપ છે, અથવા સંઘ સ્વરૂપ (પણ) છે; કેમકે પ્રવચન આધાર વિના સંભવી શકે નહિ. કહ્યું છે, "હે ભગવન્! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર એ તીર્થ છે?" "હે ગૌતમ! અરહંત તો નિયમા તીર્થંકર છે, ત્યારે તીર્થ તો ચતુર્વર્ણ શ્રમણસંઘ છે."

વિવેચનઃ— પ્ર૦- એવું એ તીર્થ શી વસ્તુ છે ?

ઉ૦— અર્હત્પ્રવચન એ તીર્થ છે; અથવા ચતુર્વિધ સંઘ એ પણ તીર્થ કહેવાય છે; સંઘ એ તીર્થ એટલા માટે કે પ્રવચન કોઈ સ્વતઃસ્થિત વસ્તુ નથી. એ તો અરહંત પ્રભુએ ભાખેલ તત્ત્વ અને મોક્ષમાર્ગમય હોવાથી, શ્રદ્ધા અને આચરણરૂપે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકામય ચતુર્વિધ સંઘમાં રહેનારી વસ્તુ છે. સંઘ એનો આધાર છે. આધાર વિના એ સંભવે નહિ. પ્રવચન કર્યાં છે, એમ પૂછનારને એ બતાવવું હોય તો સંઘ જ બતાવવો પડે. માટે જેમ પ્રવચન એમ સંઘ પણ તીર્થ છે. આગમમાં પણ આવે છે કે ભગવાન શ્રી મહાવીર પ્રભુને શ્રી ગૌતમસ્વામી મહારાજે પૂછયું કે-" હે ભગવંત ! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર અરિહંત એ તીર્થ છે ?" ત્યારે ત્રિભુવનપતિએ ઉત્તર કર્યો કે-" હે ગૌતમ ! અરિહંત તો નક્કી તીર્થંકર છે, (તીર્થના કરનારા છે, પણ ખુદ તીર્થ નથી,) જ્યારે ચતુર્વર્ણ શ્રમણસંઘ એ તીર્થ છે. "

પ્ર૦— પ્રવચનમાં તીર્થપણું હોવા માટે શી શી વિશેષતાઓ છે ?

ઉ૦— વિશેષતાઓમાં, (૧) અર્હત્-પ્રવચન વિશ્વના જીવ, અજીવ વગેરે સમસ્ત પદાર્થોનું યથાર્થ પ્રકાશક છે. જીવોના ઠેઠ સૂક્ષ્મ એકેન્દ્રિય સુધીના અનેક પ્રકાર, આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપની વિસ્તૃત હકીકત, અજીવ દ્રવ્યોમાં વિશેષે કરીને પુદ્ગલનું અને તેમાં ય કર્મપુદ્ગલનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વિસ્તૃત સ્વરૂપ, તથા સમસ્ત વિશ્વની વિસ્તૃત વ્યવસ્થાનું સ્વરૂપ અર્હત્પ્રવચનમાં મળે છે. જીવ-અજીવ, પુણ્ય પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ,-એમ નવ તત્ત્વમાં સમાતા નિખિલ ચરાચર જગતનો સ્યાદ્વાદ-અનેકાંતવાદની શૈલીએ યથાવસ્થિત પ્રકાશ અર્હત્-પ્રવચન આપે છે.

(૨) આ પ્રવચન એકલું તત્ત્વ નિરુપણ કરીને કૃત-કૃત્ય થાય છે એમ નહિ, કિન્તુ મોક્ષના અનન્ય સાધનભૂત ચરણકરણ અર્થાત્ પંચમહાવ્રતરૂપી મૂળગુણ અને પંચસમિતિ-ત્રિગુપ્તિરૂપ ઉત્તર ગુણની સાધક વિવિધ ક્રિયાઓ પણ બતાવે છે. આ ન હોય તો એકલા તત્ત્વજ્ઞાનથી મોક્ષ ન થઈ શકે: કેમકે 'જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષ; '-મોક્ષ એ જ્ઞાન અને ક્રિયા ઉભયથી થાય છે. ક્રિયા પણ નિરવદ્ય, નિર્દોષ અર્થાત્ હિંસાદિ આરંભ-સમારંભ વિનાની જોઈએ. તે અર્હત્પ્રવચને કહેલા ચારિત્ર જીવનમાં જ જોવા મળે છે. સાધુજીવનની એકેક ક્રિયા યાવત્ ખાનપાનમાં પણ સ્થૂલ-સૂક્ષ્મ જીવોની ત્રિવિધ ત્રિવિધ હિંસાત્યાગનું સૂત્ર બરાબર જળવાઇ રહે છે. સંયમ વિરાધના, આત્મવિરાધના અને પ્રવચનવિરાધના-એ ત્રણેમાંનો એકે ય દોષ જાગવાનો પ્રસંગ ન આવે એવી એમાં તકેદારી રખાયેલી છે. એમ બીજાં અસત્ય-સ્તેય-મૈથુન-પરિગ્રહ-પાપોનાં ત્યાગના વ્રત પણ સૂક્ષ્મ કોટિના આદેશ્યા છે. અર્હત્પ્રવચન એ મહાવ્રતોના ઉત્સર્ગ-અપવાદની તથા અતિચાર-પ્રાયશ્ચિત્તની તેમજ સમિતિ વગેરે પંચાચાર-ચર્યાઓની એવી વિસ્તૃત અને ઝીણવટભરી વિગતો રજૂ કરે છે કે જેની ઇતર દર્શનવાળાઓને ગંધ પણ નથી. પ્રવચન તત્ત્વજ્ઞાનસહિત આ નિરવદ્ય ચારિત્રક્રિયામય છે, નિર્ગ્રન્થ ધર્મમય છે; માટે પ્રવચનને નિર્ગ્રન્થ પ્રવચન પણ કહેવાય છે.

(૩) એવા પ્રવચનની ઉપાસના શુદ્ધધર્મસંપત્તિવાળા મહાસત્ત્વશાળી આત્માઓએ કરી છે, અને કરે છે. એવો એમનો ગૌરવવંતો ઇતિહાસ, એ પણ અર્હત્પ્રવચનની એક વિશેષતા છે. ઇતર પ્રવચનની આરાધના તો અલ્પ સત્ત્વવાળા જીવો ય કરી શકે છે, પરંતુ આ પ્રવચનની આરાધના માટે મહાસત્ત્વ જોઇએ છે. ઊર્ધ્વલોકમાં ઠેઠ અનુત્તર વિમાન અને અધોલોકમાં ઠેઠ સાતમી પાતાલભૂમિના મહાસત્ત્વશાલી જીવ ક્રમમાં ક્રમ સમ્યગ્દર્શનરૂપ પ્રવચન-અંશના આરાધક બન્યા છે. સાત્ત્વિક જીવોએ કરેલા પ્રવચનપ્રયોગ જાણવા મળે એથી પણ વિચાર થાય કે ' તો પછી આવા પરમ કલ્યાણહેતુ પ્રવચનની હું ય આરાધના કરી

લક્ષ ! મહાવૈભવી, મહાબુદ્ધિનિધાન અને મહાસુકોમળ આત્માઓએ આ પ્રવચનની ઉપાસના કરી તો મારે ય શું બીજું વિચારવા જેવું છે કે શું કહીન છે ? ચારિત્ર-જીવનમાં તો ઘણી સરળતા છે. કેમકે-સંસારના મોટા દુઃખ તો સંતાપના છે. એ સંતાપ મનને ઓછું લાગ્યાના છે, 'પૈસા મબ્યા છે પણ ઓછા છે, સુખ-સગવડ ઓછી છે, માનપાન ઓછા છે,...'આવું આવું મનને ઓછું આવવાનું ચારિત્ર-જીવનમાં રહેતું નથી.' આમ વિચારીને જિનપ્રવચનની ઉપાસનામાં લાગી જવા જેવું છે.

(૪) અર્હત્પ્રવચનની વળી એ વિશેષતા છે કે એ અચિન્ત્ય સામર્થ્યયુક્ત અને અવિસંવાદી એવા શ્રેષ્ઠ જહાજ સમાન છે.

પ્રવચનનું અચિંત્ય સામર્થ્ય શું ?:—

એનું અચિંત્ય સામર્થ્ય અનેક દૃષ્ટિએ છે. દા. ત. (૧) પ્રવચનની આરાધના અચિંત્ય કોટિનો કર્મનો ક્ષયોપશમ પ્રગટાવી આત્મામાં અપૂર્વ જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ, તપ, ઉગ્ર ધર્મધીરતા, લબ્ધિઓ આદિ જગાડે છે,... યાવત્ ઉચ્ચ શુકલધ્યાન, ક્ષપકશ્રેણિ અને કેવળજ્ઞાન સુધી પહોંચાડે છે. (૨) અર્હત્ પ્રવચને ભલ-ભલા મિથ્યાદૃષ્ટિઓને એમના મિથ્યાત્વના ક્ષણવારમાં વમન કરાવી મહાસમ્યગ્દૃષ્ટિ અને સમર્થજ્ઞાની મહર્ષિ બનાવ્યા છે; દા. ત. શ્રી ગૌતમસ્વામીજી આદિ ૧૧ ગણધરપ્રભુ, શ્રી પ્રભવસ્વામિજી, શ્રી શય્યંભ-ભવસૂરિજી, શ્રી હરિભદ્રસૂરિજી વગેરે. એવું જ નરકાદિ દુર્ગતિની તૈયારીવાળા ભલભલા દુષ્ટ કૃત્ય કરનારાને પણ ઉદ્ધર્યા છે, દા. ત. દઢપ્રહારી, અર્જુનમાલી વગેરે. (૩) અર્હત્પ્રવચનના પ્રેર્યા શ્રી કુમારપાળ નરેશ જેવાએ પ્રજાને સુંદર સદાચારો અને માર્ગાનુસારી ગુણોના માર્ગે ચઢાવી છે. (૪) અર્હત્પ્રવચન ઉપાસકના અતીત ભવ ગમે તેવી દુર્દશાવાળા છતાં એનો સુંદર સ્થિતિનો ભાવી કાળ સર્જે છે...આ બધું પ્રવચનનું અચિંત્ય સામર્થ્ય સૂચવે છે. અચિંત્ય એટલા માટે કે આપણે ન કલ્પી શકીએ કે આ બધું શી રીતે પ્રવચનના આલંબને બને છે.

પ્રવચનમાં અવિસંવાદિતા શી ? :—

દુઃખસમુદ્ર, મોહસાગર અને ભવોદધિથી તારનાર આ પ્રવચન સમર્થ જહાજ છે, અને તે અવિસંવાદી છે. વિસંવાદી એટલે (૧) જેમાં અંદર અંદર જ પૂર્વાપર સિદ્ધાન્ત અને તત્ત્વમાં પરસ્પર વિરોધ આવે; અથવા (૨) જ્યાં સિદ્ધાન્ત અને આચારનો પરસ્પરનો મેળ ન થાય; અગર, (૩) જ્યાં સાધનાનાં ફળ કલ્પિત હોય કિન્તુ વાસ્તવિક નીપજતાં ન હોય. અર્હત્પ્રવચનમાં આ ત્રણેયમાંનો કોઈ વિસંવાદ નથી, કેમકે એમાં અનેકાન્તવાદ વગેરે સુસંગત ત્રિકાલાબાધ્ય સિદ્ધાન્તો છે, મોક્ષપ્રાપ્તિના જ ઉદ્દેશવાળી તત્ત્વ-વ્યવસ્થા છે, અહિંસા-સંયમ-તપના પવિત્ર અને ઠેઠ માર્ગાનુસારીની ભૂમિકાથી ઉચ્ચ મુનિજીવનની ભૂમિકા સુધીના ક્રમબદ્ધવ્યવસ્થિત આચારો છે. વળી એ સિદ્ધાન્તો, તત્ત્વો, તથા આચારો શ્રીવીતરાગ સર્વજ્ઞ ભગવંતના ઉપદેશેલા, છે, તેમજ એના ઉપાસકને પ્રત્યક્ષ પણ ફળસંવેદન કરાવે છે. તાત્પર્ય, પ્રવચન દૃષ્ટેષ્ટાવિરુદ્ધ અર્થાત્ પ્રત્યક્ષ અને ઇષ્ટને અવિરુદ્ધ છે.

(ल०) ततश्चैतदुक्तं भवति,—घातिकर्म्मक्षये ज्ञानकैवल्ययोगात् तीर्थकरनामकर्म्मोदय-तस्तत्स्वभावतया आदित्यादिप्रकाशनिदर्शनतः शास्त्रार्थप्रणयनात्, मुक्तकैवल्ये तदसम्भवेनागमा-नुपपत्तेः, भव्यजनधर्म्मप्रवर्त्तकत्वेन परम्परानुग्रहकरास्तीर्थकरा इति तीर्थकरत्वसिद्धिः ॥४॥

અર્થ :—તેથી કહેવું આ છે કે, ઘાતી કર્મોનો ક્ષય થયે જ્ઞાનકૈવલ્ય પ્રાપ્ત થઇને તીર્થંકરનામકર્મનો ઉદય થવાથી તીર્થ કરવાના સ્વભાવના હિસાબે સૂર્ય વગેરેના પ્રકાશના દૃષ્ટાન્તથી આગમ(રચના) માટેના પદાર્થનું પ્રકાશન થાય છે. મુક્તકૈવલ્ય થયે અર્થકથન અસંભવિત હોવાથી આગમ(રચના)

બની શકે જ નહિ. (આમ અરહંતો) ભવ્ય જીવોને ધર્મમાં પ્રવર્તક તરીકે પરંપરાએ ઉપકાર કરનારા તીર્થંકરો છે. એમ તીર્થંકરપણાની સિદ્ધિ થઇ.

વિવેચન:—અરહંત પ્રભુનું 'તીર્થંકર' એવું વિશેષણ મૂકીને એ સૂચવવું છે કે એ તીર્થસ્થાપના કરે છે, અર્થાત્ સૂત્રરચના માટે અર્થપ્રકાશન કરે છે તે કૈવલ્ય પ્રાપ્ત કરીને કરે છે.

બે પ્રકારનું કૈવલ્ય:—

પ્ર૦—કૈવલ્ય પ્રાપ્તિ પછી તો તરત જ મોક્ષ થાય, ત્યાં શી રીતે તીર્થસ્થાપના કરી શકે ?

ઉ૦— કૈવલ્ય બે પ્રકારે છે, એક જ્ઞાનકૈવલ્ય, અને બીજું મોક્ષકૈવલ્ય. કૈવલ્ય એટલે એકાંત. જ્ઞાન-કૈવલ્ય એટલે જ્ઞાનનો એકાંત, એકાંતે જ્ઞાન, અર્થાત્ જ્યાં લેશમાત્ર અજ્ઞાન નહિ. મોક્ષકૈવલ્ય એટલે એકાંતે મોક્ષ; તેથી જ્યાં લેશમાત્ર બંધન નહિ. એ સર્વકર્મોનો ક્ષય થવાથી નીપજે છે. ત્યારે, જ્ઞાનનું કૈવલ્ય એ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય નામના ચાર આત્મગુણઘાતી કર્મોનો સર્વથા નાશ થવાથી થાય છે. અહીં હજી અઘાતી કર્મ ઊભા છે, તેથી મોક્ષ નથી થયો, ને તીર્થ સ્થાપે છે.

પ્ર૦— ચાર ઘાતી કર્મનો નાશ થવા સાથે જ બાકીના વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ અઘાતી કર્મ પણ કેમ નાશ ન પામે ?

ઉ૦— જ્ઞાનાવરણાદિ ચાર કર્મ તો સંયમ અને બાહ્ય-આભ્યન્તર તપથી નાશ કરી શકાય એવા છે; કિન્તુ એ નાશ થવા ઉપર બાકી રહેલા વેદનીયાદિ ચાર કર્મ ભોગવવા દ્વારા નાશ પામે છે. માટે એનો ભોગકાળ વીત્યા પછી જ મોક્ષકૈવલ્ય થાય; પણ જ્ઞાનકૈવલ્યની સાથોસાથ નહિ. અલબત વ્યક્તિવિશેષે તે કર્મોની સ્થિતિમાં તરતમતા હોવાથી મોક્ષકૈવલ્ય જ્ઞાનકૈવલ્ય પછી વહેલું-મોડું થાય... યાવત્ વહેલામાં વહેલું અંતમુહુર્તમાં પણ થાય. એવા આત્માઓને પછી ઉપદેશ કરવાનો અવસર રહેતો નથી. પરંતુ અરિહંત પ્રભુને તો જ્ઞાનકૈવલ્ય પ્રગટ્યા પછી મોક્ષકૈવલ્ય થવાને ઠીક ઠીક સમય બાકી હોય છે. એ કાળમાં એ સદેહ-અવસ્થાવાળા છે, તેમજ એમને જ્ઞાનકૈવલ્ય પ્રાપ્ત થતાં જ તીર્થંકર-નામકર્મ નામનું ઉત્કૃષ્ટ પુણ્યકર્મ ઉદયમાં આવે છે. એ એમને ભોગવવું જ રહે છે, અને એના વિપાકનો સ્વભાવ એ છે કે એમને તીર્થસ્થાપનામાં જોડે જ. એટલે એમ કહેવાય કે જેવી રીતે સૂર્ય લોકને પ્રકાશિત કરે છે તે સ્વભાવે કરીને, ને ચંદ્રકાન્ત મણિ દાહને નિવારે છે તે સહજ-પણે, પણ કોઈ ઇચ્છા-આતુરતાથી નહિ, તેવી રીતે તીર્થંકર પણ સહજભાવે તીર્થપ્રવર્તન માટે પ્રવર્તે છે, કિન્તુ કોઇ રાગાદિથી નહિ.

ત્રિપદી અને આગમ રચના:—

તીર્થપ્રવર્તનમાં એ પોતાના ગણધર શિષ્યોને આગમ-રચના માટે વિશ્વના પદાર્થોનું પ્રકાશન કરે છે. એ પ્રકાશન **'उप्पन्ने इ वा' 'विगमे इवा,' 'धुवे इ वा'**—જેને માતૃકાપદ અથવા ત્રિપદી કહેવાય છે, એ ત્રણ પદથી કરે છે. એમાં એ કહી દે છે કે—'સમસ્ત વિશ્વના પદાર્થો ઉત્પન્ન થાય છે, સાથે જ નાશ પામે છે, અને સાથે જ સ્થિર પણ રહે છે.' તીર્થંકરનામકર્મના ઉદયનો પ્રભાવ એવો છે કે એની સાથે ઉચ્ચારાયેલા આ પદોનું શ્રવણ ગણધર શિષ્યોના શ્રુતજ્ઞાનાવરણ કર્મોનો જબરદસ્ત ક્ષયોપશમ કરાવવામાં નિમિત્ત બને છે. અલબત, ત્યાં રહેલા અન્ય શ્રોતાઓને તેવો ક્ષયો-પશમ નથી થતો અને ગણધરોને જ થાય છે; તો સિદ્ધ થાય છે કે તેમ થવામાં ગણધર ભગવાનની પણ અનેરી યોગ્યતા કારણભૂત છે; છતાં તેમાં તીર્થંકરવચનનો અને તીર્થંકરદેવનો અસાધારણ ઉપકાર છે. કોલેજોમાં પ્રોફેસરના કથનનો વિશેષ ભાવ અમુક જ સમર્થ વિદ્યાર્થી ખેંચી શકે છે, છતાં એ ખેંચવામાં વિદ્યાર્થીની યોગ્યતા ઉપરાંત એ ભાષણનો જેવો તેવો ઉપકાર નથી. નિમિત્તની આવી સિદ્ધ કારણતાનો

અપલાપ કરવો એ વસ્તુસ્થિતિનો જ ઈન્કાર છે. ગણધર ભગવાનના આત્મામાં એ ક્ષયોપશમ જાગતાં વિશ્વના ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યો અને એના પર્યાયોનો અમાપ પ્રકાશ ઝળહળી ઉઠે છે, અને એના બળે ત્યાં ને ત્યાં આચારાંગ આદિ દ્વાદશાંગી આગમ શાસ્ત્રની રચના કરે છે, અને તેના યથાર્થપણા ઉપર શ્રીતીર્થંકર ભગવાન મહોર છાપ મારી આપવારૂપે કહે છે, 'દ્રવ્ય-ગુણ-પર્યાયથી હું તીર્થની અનુજ્ઞા આપું છું,' અર્થાત્ આ આગમો હવે તમે બીજાને આપજો. તો ગણધરદેવોએ આ શાસ્ત્ર ત્યારે રચ્યા કે જ્યારે એના અર્થનું પ્રકાશન પહેલાં તીર્થંકર ભગવાને કર્યું. એનું નામ તીર્થંકરણ.

વેદ નિત્ય કેમ ન હોઇ શકે ?:-

એ મુક્તકૈવલ્ય થયે ન બની શકે, કેમકે ત્યાં શરીર જ નહિ, તો મુખ પણ નહિ; તો ઉપદેશ-દાન અને શાસ્ત્ર-રચના પણ નહિ; કેમકે શબ્દ એ મુખમાંના કંઠતાલુના સંયોગથી ઉત્પન્ન થતા વાળી વસ્તુ છે, પણ અનાદિ નિત્ય વસ્તુ નહિ. વેદને નિત્ય કહેનારને પ્રશ્ન છે કે જગતભરના ય શબ્દ નિત્ય કેમ ન હોય ? વળી, જો પુરુષને શાસ્ત્રપ્રણેતા માનવામાં પુરુષના સંભવિત દોષથી શાસ્ત્રમાં અયથાર્થતાની સંભાવના કરો છો, તો નિત્ય વેદનો જગત આગળ સ્ફોટ કરનાર પુરુષ પણ નિર્દોષ ન હોવાના કારણે એનું વેદપ્રકાશન અને અર્થબોધન અયથાર્થ હોવાનું કેમ સંભવતું નથી ? માટે 'આગમ કોઇ પુરુષે રચેલા નહિ પણ અપૌરુષેય, નિત્ય, અને ધર્મ માટે સ્વતન્ત્રપણે પ્રમાણભૂત છે'-એવી કલ્પના અયુક્ત છે. એ તો તપ-સંયમની પરાકાષ્ઠાએ પહોંચી પ્રાપ્ત કરેલ જ્ઞાનકૈવલ્ય એ સર્વસાક્ષા-ત્કારી પ્રમાણ હોવાને લીધે જ એના આધાર પર રચાયેલ શાસ્ત્ર પ્રમાણભૂત બને છે. અસર્વજ્ઞે સ્વતંત્રપણે રચેલ શાસ્ત્ર પ્રમાણ માનવામાં વ્યભિચાર દોષ છે, અર્થાત્ પછી તો ગમે તેવાના શાસ્ત્ર પ્રમાણ બનવાની આપત્તિ આવે! માટે પ્રમાણભૂત શાસ્ત્ર ન તો અનાદિના હોય, કે ન અસર્વજ્ઞકથિત હોય.

તીર્થંકર પરંપરાએ ઉપકારક બે રીતે:—

તીર્થંકર ભગવાન યોગ્ય જીવોને ધર્મમાં ઉતારનારા છે, એ તરીકે પરંપરાએ ઉપકારક છે. અહીં 'પરંપરાએ'ના બે અર્થ છે; ૧. જીવોને કર્મક્ષયોપશમ થવામાં કારણ બનવા દ્વારા, અને ૨. પોતાનું શાસન ચાલે ત્યાં સુધી. એમાં ◆ (૧) જીવોનો દ્વાનાદિ ધર્મમાં અવતાર થાય એમાં સાક્ષાત્ ઉપકારક-કારણ તરીકે પોતાની કલ્યાણ-યોગ્યતા છે. માટે જ તેવી યોગ્યતા ન હોય તો ધર્મપ્રવેશ નથી થઇ શકતો. આ કલ્યાણયોગ્યતા આત્માનો ક્ષાયોપશમિકાદિ પરિણામ છે.

પાચ પ્રકારના પરિણામ:-- પરિણામ એટલે પરિણમન, ભાવ, સ્થિતિ. તે આત્મામાં પાંચ પ્રકારે હોય છે; તેમાં **૧. ઔદયિક** પરિણામ એટલે પરિણમન, કર્મના ઉદયથી સર્જાતી આત્માની સ્થિતિ; દા. ત. જ્ઞાનાવરણ કર્મના ઉદયથી આત્મામાં અજ્ઞાનની સ્થિતિ ઊભી થાય છે; મનુષ્યગતિ અને મનુષ્યાયુકર્મના ઉદયે મનુષ્યપણાની સ્થિતિ સર્જાય છે. **૨. ક્ષાયોપશમિક પરિણામ** એટલે કર્મનો ક્ષયોપશમ થવાથી આત્મામાં ઊભી થતી સ્થિતિ; દા. ત. 'જ્ઞાનાવરણ'કર્મના ક્ષયોપશમથી આત્મામાં કાંઇક બોધની સ્થિતિ જાગે છે, અર્થાત્ જ્ઞાનપરિણામ પ્રગટ થાય છે. **૩. ઔપશમિક પરિણામ** એટલે દર્શનમોહનીય કે ચારિત્રમોહનીય કર્મનો સર્વથા ઉપશમ થતાં આત્મામાં પ્રગટતી નિર્મળ સમ્યક્ત્વ કે ચારિત્રની સ્થિતિ. **૪. ક્ષાયિક પરિણામ** એટલે કર્મનો સર્વથા ક્ષય થવાથી આત્મામાં પ્રગટતું સહજ સ્વરૂપ; દા. ત. સર્વ જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થતાં પ્રગટતું કેવળજ્ઞાન યાને સર્વજ્ઞતાની સ્થિતિ. **૫. પારિણામિકભાવ** એટલે આત્માનો અનાદિ અનંત અથવા અનાદિ સાંત પરિણામ, દા. ત. ભવ્ય જીવમાં જીવત્વ અને ભવ્યત્વ. અભવ્ય જીવમાં અભવ્યત્વ. ભવ્યત્વ એ મોક્ષ થતાં અંત પામે છે, માટે એ અનાદિ સાંત પરિણામ છે.

કલ્યાણયોગ્યતા એ ક્ષાયોપશમિકાદિથી યાને મિથ્યાત્વ મોહનીયાદિ કર્મના ક્ષયોપશમ આદિથી

આત્મામાં નીપજેલી એક શુભ સ્થિતિ છે. એ જ જીવને ધર્મમાં ઉતારે છે, માટે ધર્મમાં એ સાક્ષાત કારણ છે. પરંતુ એ ક્ષયોપશમાદિ પ્રગટવામાં તીર્થંકર ભગવાન હેતભૂત છે, તેથી એ પ્રભુ ધર્મ માટે જરૂરી ક્ષયોપશમાદિ યાને કલ્યાણયોગ્યતા જન્માવવા દ્વારા ધર્મ પ્રત્યે પરંપરાએ કારણ બન્યા. ◆ ૨. બીજી રીતે તીર્થંકરદેવ પરંપરાએ અનુગ્રહ કરનારા એટલે માત્ર પોતાની હયાતીકાળ સુધી જ નહિ કિન્તુ ઠેઠ પોતાનું શાસન ચાલે ત્યાં સુધી જીવોને સારૂં દેવપણું, સારૂં મનુષ્યપણું વગેરે કલ્યાણનો લાભ થવામાં ઉપકારક; કેમકે શાસન ચાલે છે ત્યાં સુધી જીવો એના આલંબને ધર્મસાધના કરી સુદેવ-ત્વાદિ કલ્યાણ ઉપાર્જે છે, અને શાસન ઉપકારક, એટલે શાસનદાતા જ ઉપકારક કહેવાય.

અહીં બંને અર્થમાં કલ્યાણયોગ્યતા અથવા કલ્યાણપ્રાપ્તિ અંગે તીર્થંકર ભગવાનને અનુગ્રહ-હેતુ યાને કારણભૂત કહ્યા; એ સૂચવે છે કે આપણને એ બન્ને વસ્તુ તીર્થંકરપ્રભુના અનુગ્રહથી પ્રાપ્ત થાય છે. તીર્થંકરદેવ કલ્યાણયોગ્યતા અને કલ્યાણના દાતા છે. માટે આપણા મન પર એમની કૃત-જ્ઞતાનો કેટલો ભાર રહેવો જોઇએ ? કેટલીકવાર માણસ ભૂલો પડી માની લે છે કે–'તીર્થંકર ભગવાન તો વીતરાગ હોવાથી કશું કરતા નથી, કશું દેતા નથી.' પરંતુ એમ માનીને ઉપકારનો ખ્યાલ ચૂકતાં તીર્થંકર પ્રભુ ઉપર હૈયાનાં હેત ઉભરાતા નથી; પરંતુ આ 'તિત્થયરાણં'' પદની અને આગળ 'જોગનાહાણં'' 'અભયદયાણં'' આદિ પદોની વ્યાખ્યા જોવાય, તો સ્પષ્ટ જણાશે કે તીર્થંકર ભગવાન કલ્યાણ અને કલ્યાણયોગ્યતાના અથાગ ઉપકારને કરનારા છે, તથા યોગક્ષેમ, અભય આદિના કરનારા છે. ભગવાનનો આ ઉપકાર ધ્યાનમાં રહે તો પળેપળે એમ થાય કે–'અહો ! અરિહંત પ્રભુની મારા પર કેટલી અપરંપાર કૃપા કે ઠેઠ સારા મનુષ્ય ભવથી માંડીને અનેકાનેક કલ્યાણપ્રાપ્તિ મને કરાવી રહ્યા છે !' એવો ઉપકારનો ખ્યાલ વાતવાતમાં પરમાત્માની કૃતજ્ઞતા મન પર લાવે, પરમાત્મા પ્રત્યે દિલમાં પ્રીતિભક્તિને ઉછળતી રખાવે, અને અર્હદ્-ભક્તિને તથા અર્હત્-શાસનની શક્ય સઘળી ઉપાસનાને, તન-મન-ધનના ભારે ભોગ અપાવવા સાથે વાણી, વિચાર અને વર્તાવમાં ઉતારે.

આ રીતે 'તીર્થંકર' પદથી અરિહંત પરમાત્મામાં તીર્થ કરવાપણું સિદ્ધ થયું.

★

૫. सयंसंबुद्धाणुं

(ल०-) **एतेप्यप्रत्ययानुग्रहबोधतन्त्रैः सदाशिववादिभिस्तदनुग्रहबोधवन्तोऽभ्युपगम्यन्ते, 'महेशानुग्रहाद् बोधनियमा'वितिवचनात्। एतद्व्यपोहायाह 'स्वयंसंबुद्धेभ्यः'॥**

અર્થઃ-- મહેશના અનુગ્રહથી (જ) બોધ થવાનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રને માનનાર સદાશિવવાદીઓ આવા તીર્થ કરનારને પણ મહેશના અનુગ્રહથી જ બોધવાળા થવાનું માને છે. કેમકે એમનું શાસ્ત્રવચન છે કે-' **महेशानुग्रहाद् बोधनियमौ** '- 'બોધ' અર્થાત્ સત્પ્રવૃત્તિ-અસદ્નિવૃત્તિનું કારણભૂત જ્ઞાન, અને 'નિયમ' એટલે કે સદાચારપ્રવૃત્તિ-અસદાચાર નિવૃત્તિ, એ (બે) મહેશના અનુગ્રહથી જ થાય. એ (મત)ના નિરાકરણ માટે 'सयंसंबुद्धाणुं'-(स्वयंसंबुद्धने) પદ મૂકે છે.

વિવેચનઃ—

' महेशानुग्रह 'मतः— હવે ' सयंसंबुद्धाणुं ' પદની વ્યાખ્યા કરતાં સદાશિવવાદીના મતનું નિરાકરણ કરે છે. સદાશિવવાદીઓનું આગમ અપ્રત્યયના અનુગ્રહથી બોધ થવાનું માને છે. એ કહે છે "**અપ્રત્યય** એટલે કે પ્રત્યયની અર્થાત્ કારણ સામગ્રીની અપેક્ષા રાખ્યા વિના જેનું અસ્તિત્વ છે, એવા મહેશ, સદાશિવ અનાદિશુદ્ધ પરમાત્મા, એ કાંઇ કોઈ વિશિષ્ટ ધર્મ-સાધનારૂપી કારણ સામગ્રી દ્વારા અનીશ (અસમર્થ) આત્મામાંથી મહેશ (મહાઇશ) નથી બન્યા, જીવમાંથી શિવ નથી બન્યા! પરંતુ અનાદિ કાળથી જ જેમ આકાશ છે, તેમ મહેશ છે, સદાના શિવ જ છે. એમના અનુગ્રહથી જ બોધ મળે, નિયમ મળે.' **महेशानुग्रहाद् बोधनियमौ** '। માણસનું શું ગજું છે કે પોતાની ઇચ્છા કે પુરુષાર્થ માત્રથી એ મેળવી શકે ?એમ અનાદિ પરમેશ્વરની કૃપા વિના મળતું હોત તો તો કાળ તો પાર વિનાનો અનંતો ગયો તો એટલા કાળમાં બોધનિયમ મેળવી લીધા ન હોત ? અથવા બધા જ જીવો મેળવી ન લેત ? માટે કહેવું જોઇએ કે જેને જ્યારે મહેશનો અનુગ્રહ થાય, તેને ત્યારે બોધનિયમ મળે. મહેશનો અનુગ્રહ ન સ્વીકારવામાં આવે, ને જો પોતાના પુરુષાર્થથી જ થવાનું મનાય, તો દિલ કઠોર થઈ જાય, અભિમાનગ્રસ્ત બને. દા. ત. બાપનો ઉપકાર ન માનનાર દીકરો મળેલી હોશિયારીમાં અહંકારી અવિનયી બને છે ને ?

બોધ અને નિયમઃ—

બોધ એટલે ગમે તેનું જ્ઞાન કે પોપટિયું જ્ઞાન નહિ કિન્તુ સત્માં પ્રવૃત્તિ કરાવી શકે અને અસત્થી નિવૃત્તિ કરાવી શકે એવું જ્ઞાન; જે જ્ઞાન સત્પ્રવૃત્તિ અને અસદ્-નિવૃત્તિને પ્રેરે તે. જ્ઞાન તો પ્રકાશ છે, એ છતે અસત્ એટલે કે સ્વાત્માનું નિકંદન કાઢનારા હિંસા-પરિગ્રહાદિ અને કામ-ક્રોધાદિ પાપોમાંથી પાછા હટવાનું ન બને, તેમ સત્ એટલે કે આત્મ-હિતકારી અહિંસા-ક્ષમાદિ ધર્મમાં પ્રવૃત્ત થવાની દૃષ્ટિ ન આપે તો એ પ્રકાશ શાનો ? જ્ઞાન શાનું ? પછી ચાહ્ય તે તત્ત્વનું જ્ઞાન હો કે દુન્યવી કેળવણી હો. જ્ઞાન તો સત્-અસત્નો બોધ અને વિવેક કરાવે; સત્ની રુચિ અને અસત્ની અરુચિ જગાડી દે. એમ નિયમ એટલે આત્માનું નિયમન કરે તે, અર્થાત્ સત્માં પ્રવૃત્તિ અને અસત્થી નિવૃત્તિ એ નિયમ. સત્થી આઘો ભાગે અને અસત્માં દોડાદોડ કરે એ તો એની યથેચ્છ અનિયન્ત્રિત ચેષ્ટા છે. નિયમ એ ઉપરોક્ત બોધનો અમલ છે; એનાથી આત્મા નિયમિત બને છે.

આ બોધ અને નિયમ એ જ કલ્યાણ કરે છે, પરંતુ તે મહેશના અનુગ્રહ વિના ન જ મળી શકે. માટે ગમે તેવા તીર્થ-સ્થાપકને પણ અનાદિ સિદ્ધ મહેશનો અનુગ્રહ જોઈએ જ. એ અનુગ્રહ વિના સ્વયં બોધવાળા અર્થાત્ સ્વયંબુદ્ધ ન બની શકે.''

આવો સદાશિવવાદીનો મત વ્યાજબી નથી; માટે એનું નિરાકરણ કરવા હવે **'सयंसंबुद्धाणं'** પદ મૂકી તીર્થંકરને સ્વયંસંબુદ્ધ કહે છે. હવે એનો અર્થ—

(લ૦—) तथाभव्यत्वादिसामग्रीपरिपाकतः प्रथमसंबोधेऽपि स्वयोग्यताप्राधान्यात्, त्रैलोक्याधिपत्यकारणाचिन्त्यप्रभावतीर्थकरनामकर्म्मयोगे चापरोपदेशेन, 'स्वयं'आत्मनैव 'सम्यग्'-वरबोधिप्राप्त्या बुद्धा मिथ्यात्वनिद्रापगमसंबोधेन स्वयंसंबुद्धाः ।

અર્થ:— તથાભવ્યત્વાદિ સામગ્રીનો પરિપાક દ્વારા થતા પ્રથમ સંબોધનમાં પણ પોતાની યોગ્યતા જ પ્રધાન કારણ હોવાથી, તેમજ ત્રિલોકના અધિપતિપણાને સર્જનારા અચિંત્યપ્રભાવવાળા તીર્થંકર નામકર્મના યોગ વખતે બીજાનો ઉપદેશ (પામવાનું) નહિ હોવાથી, સ્વયંસંબુદ્ધ બનેલા અરહંત પ્રભુ છે. સ્વયં એટલે જાતે જ, સંબુદ્ધ અર્થાત્ સમ્યગ્ બુદ્ધ; સમ્યગ્ એટલે વરબોધિ (સમ્યક્ત્વ)ની પ્રાપ્તિ દ્વારા, બુદ્ધ એટલે મિથ્યાત્વરૂપી નિદ્રાના નાશપૂર્વક સંબોધથી ભાવ-જાગ્રતિ પામેલા.

વિવેચન:—

સ્વયંસંબુદ્ધનો અર્થ:— ' સ્વયંસંબુદ્ધ ' એટલે જાતે જ સંબુદ્ધ બનેલા, બુદ્ધ એટલે પ્રતિબુદ્ધ, મિથ્યાત્વમોહરૂપી ભાવનિદ્રા ત્યજીને સમ્યક્ચારિત્ર-પ્રાપક સમ્યગ્દર્શનરૂપી ભાવજાગ્રતિથી જાગ્રત બનેલા. ચાલુ નિદ્રા એ દ્રવ્ય-નિદ્રા છે, અને એમાંથી જાગવું એ દ્રવ્ય-જાગ્રતિ છે; ત્યારે મિથ્યાત્વમોહવશતા એ ભાવનિદ્રા, અને સમ્યગ્દર્શનયુક્તતા એ ભાવજાગ્રતિ કહેવાય, સંબુદ્ધતા કહેવાય. માણસ આમ ગમે તેટલો જાગતો અને ખબરદાર હોય, પરંતુ જો મિથ્યાત્વને પરવશ છે તો વસ્તુના વાસ્તવિક ભાન વિનાનો હોઈને ભાવથી યાને પરમાર્થથી બેભાન છે, અબુદ્ધ છે, ઊંઘતો જ છે. માટે સાચી સભાન અવસ્થા, સાચી જાગ્રતિ અને સંબુદ્ધતા વસ્તુતત્ત્વના સત્યદર્શન યાને સમ્યગ્દર્શનમાં છે. અરહંત પ્રભુ એ સંબુદ્ધતા શું પ્રથમ ભવમાં, કે શું ચરમ ભવમાં, પોતાની જાતે જ પ્રાપ્ત કરે છે. ચરમ એટલે કે છેલ્લા ભવમાં તો એમને પ્રારંભથી જ સંબોધ સિદ્ધ હોય છે, અને એમાં ગૃહવાસ ત્યજી ચારિત્ર અંગીકાર કરે છે તે પણ કોઈ ગુરુના ઉપદેશ વિના જ, અને ગુરુ કર્યા વિના જ. એવા એ સ્વયંસંબુદ્ધ છે. કોઇ ગુરુની સારણા, વારણાદિની જરૂર નથી હોતી. ત્યારે પ્રથમ ભવમાં અલબત જે સંબોધ જન્મે છે તેમાં કોઇક ગુરુનો ઉપદેશ નિમિત્તરૂપે મળ્યો હોય છે, પરંતુ એ સંબોધ થવામાં ય મુખ્ય કારણ તે નથી કિન્તુ અરહંત પ્રભુના આત્માની યોગ્યતા જ પ્રધાન હેતુ છે.

પ્ર૦—પોતાની યોગ્યતા તો પહેલાં ય હોય ને ? તો પહેલાં કેમ સંબોધ નથી થતો ?

ઉ૦—યોગ્યતાને સફલ થવા માટે તથાભવ્યત્વાદિ સામગ્રીનો પરિપાક થવાની જરૂર રહે છે. તથાભવ્યત્વ એ શું ? ભવ્યત્વ એટલે મોક્ષ પામવાની લાયકાત. તે સર્વ ભવ્યોમાં હોય; પરંતુ જીવો ભિન્ન ભિન્ન કાળે, ભિન્ન ભિન્ન સહકારી નિમિત્તો દ્વારા, ભિન્ન ભિન્ન યોગપુરુષાર્થ કરીને મોક્ષ પામે છે. કોઇને આજે બોધ અને નિયમ મળે, તો બીજાને અસંખ્ય કાળ પછી. કોઇ બુઝે સામાન્ય ગુરુથી તો કોઈ બુઝે ગુરુ ગૌતમસ્વામી મહારાજ જેવાથી. કોઈને બે ત્રણ ભવના પુરુષાર્થથી મોક્ષ થાય, તો સમરાદિત્ય જેવાને નવ ભવના ભારે પુરુષાર્થથી મુક્તિ મળી. આ બધાના મૂળમાં યોગ્યતા-ભેદ જવાબદાર છે. એ સૂચવે છે કે મોક્ષ પામવાની યોગ્યતા વ્યક્તિ દીઠ જુદી જુદી હોય છે. એનું નામ

જ તથાભવ્યત્વ એ વ્યક્તિભેદે જૂદું જૂદું. દા. ત. મહાવીરપ્રભુનો ઉપદેશ તો એ જ હતો, પરંતુ સુલસા-રેવતી આદિને જ તીર્થંકર-નામકર્મ મળ્યું, બીજાને નહિ. આથી પુરવાર થાય છે કે તથાભવ્યત્વ નિરનિરાળું હોય છે.

તીર્થંકર ભગવાનનું તથાભવ્યત્વ વિશિષ્ટ કોટિનું હોય છે, તેથી એમાં એવી વિશિષ્ટતા છે કે એના લીધે એમનો જીવ સ્વયં સંબુદ્ધ બને. એટલું ખરૂં કે તથાભવ્યત્વનો પરિપાક થાય ત્યારે જ એમ બને, સાથે ભવિતવ્યત્વાદિ અન્ય કારણોને પરિપાકનો પણ સહકાર રહે છે. કાર્યનું નિર્માણ કારણ-સમૂહની ફલોન્મુખ અવસ્થા ઉપર થાય છે, ફલોન્મુખ=કાર્યસિદ્ધિ તત્પર. એ અવસ્થા એ જ પરિપાક. પરંતુ અહીં સંબુધતા રૂપી કાર્યની નિષ્પત પ્રત્યે તથાભવ્યત્વ યાને વિશિષ્ટ યોગ્યતા એ પ્રધાન કારણ છે, કેમકે કાર્ય અહીં જે સંબુદ્ધતા રૂપ છે એ સંબુદ્ધતા એટલે સમ્યગ્ બુદ્ધતા. અર્થાત્ 'વરબોધિ' સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વકની બુદ્ધતા આ વરબોધિયુક્ત બુદ્ધતા તીર્થંકરના આત્માને જ વરે છે. બીજા જીવોને ગુરુના ઉપદેશાદિથી બુદ્ધતા પ્રાપ્ત તો થાય છે, પરંતુ તે સામાન્ય બોધિવાળી બુદ્ધતા. ત્યારે અહીં જે વરબોધિ એટલે કે તીર્થંકરપણું અપાવે એવા શ્રેષ્ઠ સમ્યક્ત્વથી સંપન્ન બુદ્ધતા મળે છે, એમાં ગુરુ-ઉપદેશ કારણભૂત હોવા છતાં એના કરતાં પોતાની યોગ્યતા જ પ્રધાન કારણ હોવાનું સિદ્ધ થાય છે. દૃષ્ટાન્ત તરીકે સ્વાતિનક્ષત્રના વૃષ્ટિબિન્દુથી શુક્તિમાં મોતી ઉત્પન્ન થાય છે, ત્યાં વૃષ્ટિજલ કરતાં શુક્તિની યોગ્યતા જ મુખ્ય કારણ ગણાય; નહિતર તો એ જ વૃષ્ટિજલ ભૂમિમાં પડીને કેમ મોતી ઉત્પન્ન નથી કરી શકતું ?

(ल०-) न वै कर्म्मणो योग्यताऽभावे तत्र क्रिया क्रिया, स्वफलाप्रसाधकत्वात्, प्रयासमात्रत्वात्। अश्वमाषादौ शिक्षापक्त्याद्यपेक्षया सफललोकसिद्धमेतदिति नाभव्ये सदाशिवानुग्रहः, सर्वत्र तत्प्रसङ्गाद्, अभव्यत्वाविशेषादिति परिभावनीयम्।

અર્થ:— (ક્રિયાના) કર્મની યોગ્યતા ન હોય તો ત્યાં ક્રિયા એ ક્રિયા જ નથી (ક્રિયાભાસ છે;) કેમકે એ પોતાના ફળને ઉત્પન્ન નથી કરતી; કારણ કે એ પ્રયાસમાત્ર છે. અશ્વને શિક્ષા અને કાંગડું ચોળાને પચન, ઇત્યાદિની દૃષ્ટિએ ક્રિયાનું પ્રયાસમાત્રપણું સકલ લોકમાં પ્રસિદ્ધ છે. એ હિસાબે જ સદાશિવનો અનુગ્રહ અભવ્ય જીવ પર નથી થતો; નહિતર (યોગ્યતા વિના પણ જો અનુગ્રહ થઈ શકતો હોય તો) સર્વત્ર અનુગ્રહ થવાનો પ્રસંગ આવે, કેમકે અભવ્યત્વ તો (હવે ભવ્યત્વને) સમાન બન્યું. એ સારી રીતે વિચારણીય છે.

વિવેચન:—

અનુગ્રહ પણ યોગ્યતાની અપેક્ષા રાખે જ છે :— તીર્થંકર ભગવાનના આત્માને પ્રથમ સંબોધ થવામાં, જેમ કચારો છેદવામાં તેમ, ખરી રીતે પોતાની યોગ્યતાનો પ્રકર્ષ કારણભૂત છે. કચારો છેદવામાં પુરુષની મહેનત મામુલી હોવાથી કહેવાય છે કે-'**लूयते केदारः स्वयमेव**' કચારો જાતે જ કપાય છે. શીઘ્રતા અને સરળતાથી કપાવામાં એની કોમળતા જ ખરેખર કારણ છે. જો કોમળતા ન હોય તો કાપવાની ક્રિયા એવી સફળતા ન પામે; ને તેથી એ સહેજે કાપવારૂપ ક્રિયા જ ન કહેવાય. વ્યાકરણની દૃષ્ટિએ ક્રિયાનો એક કર્તા હોય છે, ને બીજું કર્મ હોય છે. એમાં કર્મ જો અયોગ્ય હોય એટલે કે ક્રિયાની પ્રત્યે વિષય તરીકે પરિણમવાના સ્વભાવ વિનાનું હોય અર્થાત્ ક્રિયાના ફળને ઝીલવા અસમર્થ હોય તો તે ક્રિયા આયાસમાત્ર બને છે, એ લોકપ્રસિદ્ધ છે, દા. ત. કાંગડું કઠોળ પકાવવાની ક્રિયા. એ ક્રિયાના ફળ તરીકે થવી જોઈતી નરમાશ કાંગડામાં આવતી નથી, તેથી એને રાંધવાની ક્રિયા એ ક્રિયામાત્ર થઈ. કહેવાય છે કે કાંગડું રાંધવાની ક્રિયા વ્યર્થ ક્રિયા છે, ખરી પાકક્રિયા જ નથી. એમ કલ્પત દુષ્ટ ઘોડા પર શિક્ષણક્રિયાનું ફળ નથી નીપજતું, તેથી એ ક્રિયા

પણ ખરેખરી ક્રિયા નથી. એ રીતે, રૂની ઉપર લાખનો રંગ ચઢાવવાની કે રેતીને ઘાણીમાં પીલવાની ક્રિયા પણ ફળના અભાવે ક્રિયાભાસ છે. આ દૃષ્ટાન્તોની અપેક્ષાએ લોકપ્રસિદ્ધ વસ્તુ છે કે કર્મની અયોગ્યતાને લીધે ફળના અભાવે ક્રિયા એકાન્તે મજૂરીમાત્ર છે, પણ ક્રિયારૂપ નથી.

પ્ર૦-બીજાની કરેલી ક્રિયામાં ક્રિયાભાસતા હો, પરંતુ અચિંત્યપ્રભાવી સદાશિવની અનુગ્રહ-ક્રિયામાં ક્રિયાભાસતા ન હોય એવું ન બને ?

ઉ૦—ના, સદાશિવની અનુગ્રહ-ક્રિયામાં પણ જો જીવને યોગ્યતાના અભાવે ફળરૂપે બોધ વગેરે પરિણમતો ન હોય તો એ અનુગ્રહક્રિયા પણ ક્રિયાભાસ જ છે. માટે તો સદાશિવ મોક્ષને માટે અયોગ્ય-એવા અભવ્ય જીવ પર બોધનો અનુગ્રહ નથી કરતા. જો અનુગ્રહ કરવામાં જીવની યોગ્યતા લક્ષમાં ન જ લેવાતી હોય તો એમને અભવ્ય પર પણ અનુગ્રહ કરવાની આપત્તિ આવશે ! એમણે એ અનુગ્રહ કરવો જોઇએ, પણ કરતા નથી એ હકીકત છે. નહિતર તો પછી બધા પર અનુગ્રહ થાય ને ? કેમકે મહત્ત્વ અનુગ્રહનું જ હોઇને યોગ્યતા જેવી તો કોઈ વસ્તુ નહિ રહેવાની; તેથી યોગ્યતાનો અભાવ બધા જ જીવોમાં એક સરખો રહેવાનો ! અને એ સમાન હોય, પછી એવું શાથી કે એકના પર અનુગ્રહ અને બીજાના પર નહિ ? મહેશને પોતાને તો કોઈ રાગદ્વેષ છે નહિ કે એકને ઉગારે ને બીજાને ટાળે ! તેમ તમારે જીવોમાં ભવ્ય-અભવ્યનો વિભાગ નથી માનવો કે જેથી અભવ્ય પોતાની નાલાયકતાને કારણે અનુગ્રહમાંથી છૂટી જાય ! તેથી કહો કે અનુગ્રહની શકયતા યોગ્ય જીવ પર જ છે; અનુગ્રહ યોગ્યતાને આધીન છે. માટે આ ખૂબ ધ્યાનમાં લેવા જેવું છે કે સર્વત્ર કાર્ય થવામાં ફળ પામનારની પોતાની યોગ્યતા પહેલું કારણ બને છે. તીર્થંકર પ્રભુની યોગ્યતા તો એટલી બધી ઊંચી છે કે મુખ્યતયા એના જ પ્રતાપે એ વરબોધિ-સમકિત પામવાપૂર્વક બુદ્ધ બને છે, યાને સ્વયંસંબુદ્ધ બને છે. તેથી એમના પર મહેશના અનુગ્રહની વાત અપ્રમાણ ઠરે છે.

અનાદિ મહેશ હોઇ જ ન શકે:— બીજી વાત એ છે કે તેવા કોઇ અનાદિ શુદ્ધ મહેશ જ હોઈ શકતા નથી; કેમકે એમ હોવામાં કોઇ પ્રમાણ નથી, છતાં ય જો માનો, તો ય પ્રશ્ન છે કે બધા પર એ અનુગ્રહ કેમ નથી કરતા ? અનુગ્રહ એક સાથે કેમ નથી કરતા ? અનુગ્રહને બીજાં કારણોનો સહકાર કેમ જોઇએ છે ? આ વિચારતાં મહેશાનુગ્રહ યુક્તિ-વિરુદ્ધ ઠરે છે. ત્યારે અનુગ્રહ ન માનવામાં હૃદય શુષ્ક અને અભિમાની થવાની પૂર્વે જે આપત્તિ દેખાડી, તે વ્યાજબી નથી, કેમકે તીર્થંકરનો અનુગ્રહ તો કારણભૂત માનીએ જ છીએ; પણ તે અનેકાંતવાદની શૈલીથી; તેથી ઉપરના પ્રશ્નોનું સમાધાન થઇ જાય છે.

(લ૦-) बोधिभेदोऽपि तीर्थकरातीर्थकरयोर्न्याय्य एव, विशिष्टेतरफलयोः परम्परा-हेत्वो(हेतो)रपि भेदात्; तदभावे तद्विशिष्टेतरत्वानुपपत्तेः । भगवद्बोधिलाभो हि परम्परया भगवद्भावनिर्वर्त्तनस्वभावो, न त्वन्तकृत्केवलिबोधिलाभवदतत्स्वभावः, तद्वत् ततस्तद्भावासिद्धेरिति तत्तत्कल्याणाऽऽक्षेपकानादितथाभव्यभावभाज एते । इति स्वयंसंबुद्धत्वसिद्धिः । ॥ ५ ॥

અર્થ:— તીર્થંકરના અને બીજાના સમ્યક્ત્વમાં ભિન્નતા હોવાનું પણ યુક્તિયુક્ત જ છે, કેમકે વિશિષ્ટ કાર્ય અને અવિશિષ્ટ (સામાન્ય) કાર્યના પારંપરિક કારણોમાં ભેદ પડે જ. એ ભેદ ન હોય તો તો કાર્યમાં વિશિષ્ટતા અને અવિશિષ્ટતા ઘટી જ ન શકે. ત્યારે તીર્થંકર ભગવાનનો (આદ્ય) બોધિલાભ તો પરંપરાએ અર્થાત્ અનેક ભવ પછી તીર્થંકરપણું નીપજાવવાના સ્વભાવવાળો હોય છે; નહિ કે અંતકૃત્કેવળજ્ઞાનીના બોધિલાભની જેમ તેવા સ્વભાવ વિનાનો. એટલા માટે એ ભગવાન (વર-

બોધિલાભાદિ) તે તે કલ્યાણનું આકર્ષણ કરવાવાળા અનાદિ વિશિષ્ટ તથાભવ્યત્વને ધરનારા હોવાનું સિદ્ધ થાય છે. આ રીતે સ્વયંસંબુદ્ધતાની સિદ્ધિ થઇ. (૫)

વિવેચનઃ— વરબોધિ શું ?:—

પ્ર૦—બીજા જીવોનું સમ્યક્ત્વ એ બોધિ, અને તીર્થંકર ભગવાનનું સમ્યક્ત્વ એ વરબોધિ, એવો ભેદ શું યુક્તિયુક્ત છે ? કેમકે સમ્યક્ત્વ એટલે તો તત્ત્વાર્થશ્રદ્ધા, એમાં તો ફરક હોય નહિ, પછી ભેદ શાથી ?

ઉ૦—બોધિ કરતાં વરબોધિ એ ભિન્ન છે, વિશેષતાવાળું છે એ વાત યુક્તિસિદ્ધ છે. સમ્યક્ત્વનું સ્વરૂપ તત્ત્વાર્થશ્રદ્ધા ખરૂં, પરંતુ એ મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે, અને ક્ષયોપશમના અસંખ્ય પ્રકાર હોવાથી સમ્યક્ત્વના તેટલા પ્રકાર પડે એ સહજ છે. અલબત આપણને ક્ષયોપશમની તથા સમ્યક્ત્વની ભિન્નતાઓ આમ ન દેખાય, પરંતુ એના યોગે જન્મ પામતા કાર્યોમાં દેખાતી ભિન્નતા પરથી એ કલ્પી શકાય. બે કાર્યો, એક વિશિષ્ટ અને બીજું સામાન્ય, એમ ભિન્ન જાતના જોઈ એના કારણોની ભિન્નતા પર, અને એની ભિન્નતાથી એના ય કારણોની ભિન્નતા પર જવું પડે. ત્યારે જગતમાં પણ જોઇએ તો દેખાય છે કે એક કાર્ય વિશિષ્ટ થયું અને બીજું સામાન્ય થયું, તો એના સાક્ષાત્ તો શું પણ પરંપરાના કારણો ય વિશિષ્ટ અને સામાન્ય એમ ભેદવાળા હોય છે. દા. ત. દૂધ બે સરખા દેખાતા હોય, પણ એના કાર્યરૂપ બે માવામાં ભેદ હોય તો એ દૂધ રૂપી કારણમાં તો શું પણ એના ય કારણભૂત પશુ, એનો ખોરાક, વગેરેમાં ય ભેદ હોય છે; વિશિષ્ટ કાર્યનું કારણ વિશિષ્ટ અને સામાન્યનું સામાન્ય. એ કારણોમાં જો ભેદ ન હોય તો કાર્યોમાં વિશિષ્ટતા–સામાન્યતા આવી જ ન શકે.

ત્યારે તીર્થંકરનો જીવ જે તીર્થંકરપણું પામે છે, એના પૂર્વ પૂર્વ કારણો જોઇએ તો પરંપરાએ સમ્યક્ત્વની ઉપર આવવું પડે છે. હવે જો એ તીર્થંકરપણાનું કાર્ય વિશિષ્ટ કોટિનું છે, તો એનું પરંપરાએ કારણ જે સમ્યક્ત્વ, તે પણ વિશિષ્ટ કોટિનું હોવાનું જ. કહો કે એમનું જ સમકિત આગળ જઈને તીર્થંકરપણાના વિશિષ્ટ કાર્યને પેદા કરવાના સ્વભાવવાળું હોય છે. અવશ્ય તીર્થંકરપણાને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું હોય જ છે, પણ નહિ કે મરુદેવી માતા જેવા અન્તકૃત્ કેવળજ્ઞાની ભગવાનના સમ્યક્ત્વની જેમ તેવા સ્વભાવ વિનાનું. અન્તકૃત્ કેવળજ્ઞાની એટલે જેમનું કેવળજ્ઞાન તરત જ અંત અર્થાત્ નિર્વાણને પમાડનારૂં હોય છે તે. એમને હજી વધુ કાળ નક્કી ભોગવવા પડે એવા તીર્થંકર નામકર્મ વગેરે કર્મ બાકી નથી, જે કર્મ બાકી છે તે કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટવા ઉપર ક્ષણવારમાં ભોગવાઈ નષ્ટ થઈ જાય અને સીધો મોક્ષ જ અપાવે એવા છે. જો એમના બોધિલાભ જેવો જ તીર્થંકરનો બોધિલાભ હોત તો તો પેલાની જેમ આમાંથી આગળ જતાં તીર્થંકરપણું પ્રાપ્ત ન થાત. પણ અહીં તો તે પ્રાપ્ત થાય છે, માટે સ્પષ્ટ છે કે એ સમ્યક્ત્વ વિશિષ્ટ કોટિનું છે; એટલે કે સામાન્ય બોધિરૂપ નહિ, કિન્તુ વરબોધિ સ્વરૂપ છે. એ ય વળી એમના આત્માની જે યોગ્યતાના આધારે જ પ્રગટયું છે, તે યોગ્યતા પણ વિશિષ્ટ કોટિની સાબિત થાય છે. વૈયક્તિક યોગ્યતા એટલે તથાભવ્યત્વ તો આ રીતે એમનું તથાભવ્યત્વ પણ વિશિષ્ટ હોવાનું સિદ્ધ થયું. મૂળમાં એની જ વિશેષતા એવી છે કે એ આગળ આગળ ઠેઠ તીર્થંકરપણા સુધીના વિવિધ વિશિષ્ટ કલ્યાણોને ખેંચી લાવી શકે છે. તેથી જ કહેવાય કે તીર્થંકર ભગવાનના આત્માની તેવી સહજ યોગ્યતા હોઇને એ સ્વયં સંબુદ્ધ બને છે. આ રીતે સ્વયં–સંબુદ્ધતા સિદ્ધ થઇ.

—:બીજી હેતુસંપદાનો ઉપસંહારઃ—

(લ૦–) एवम् आदिकर्तृणां तीर्थंकरत्वेन(પ્ર૦... ० करत्वम्)अन्यासाधारणस्वयंसंबोधेन (स्तोतव्यसंपत्सिद्धिः) इति स्तोतव्यसंपद एव प्रधाना साधारणासाधारणरूपा हेतुसंपदिति ॥२॥

અર્થઃ—એ રીતે આદિકરમાં (જ) તીર્થંકરતા હોવાને લીધે અન્યમાં અલભ્ય એવો સ્વયં-

સંબંધ હોવાથી સ્તોતવ્ય સંપદાની સિદ્ધિ થઇ. એટલા માટે સ્તોતવ્યસંપદાની (આ ત્રણ પદરૂપી) મુખ્ય સાધારણ-અસાધારણસ્વરૂપ હેતુ-સંપદા કહેવાય છે.

વિવેચનઃ—

હવે ' આઇગરાણું, તિત્થયરાણું, સયંસંબુદ્ધાણું '—એ ત્રણ પદોની બનેલી દ્વિતીય સંપદાનો ઉપસંહાર કરે છે. પહેલી સંપદા 'સ્તોતવ્યસંપદા' અર્થાત્ સ્તુતિપાત્રના નામનિર્દેશને કરનારા પદસમૂહ રૂપ હતી; બીજી સંપદા સ્તોતવ્ય શ્રી અરિહંત પ્રભુના સાધારણ-અસાધારણ હેતુને કહેનારી છે; અર્થાત્ એ સ્તોતવ્ય શાથી છે તેના કારણને બતાવનારી છે. તેમાં આદિકરત્વ એટલે જન્મકર્મસંબંધ આદિનું કર્તૃત્વ, એ ધર્મ બીજા જીવોમાં પણ હોય છે, તેથી સાધારણ કહેવાય; જ્યારે તીર્થંકરત્વ અને સ્વયં-સંબુદ્ધત્વ ફક્ત અરહંત પ્રભુમાં હોવાથી અસાધારણ છે. એટલે ત્રણે ય પદની સાધારણાસાધારણ હેતુસંપદા થઈ. એમાં આદિકરત્વ એ સાધારણ ધર્મ હોવા છતાં એને અહીં લેવાનું એક કારણ એ, કે એ હોઈને જ તીર્થંકરપણું ઘટી શકે છે; તેમજ બીજું એ કે એવા પણ એ આત્મા પુરુષાર્થથી ઠેઠ તીર્થંકરપણા સુધી પહોંચી શકે છે એવી પ્રેરણા સૂચવાય છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આ સંપદા અર્થાત્ આદિકરત્વ વગેરે ધર્મો મુખ્ય છે, આત્માના જ વાસ્તવિક ધર્મ છે, પણ નહિ કે ઔપચારિક, અર્થાત્ મુખ્યપણે પ્રકૃતિ વગેરે બીજાના ધર્મ રહીને આમાં માત્ર આરોપિત થનારા.

★

૬. પુરિસુત્તમાણું.

(લ૦–) एते च सर्वसत्त्वैवंभाववादिभिर्बौद्धविशेषैः सामान्यगुणत्वेन न प्रधानतयाऽङ्गीक्रियन्ते, 'नास्तीहकश्चिदभाजनं (प्र० भाजनः) सत्त्वः' इतिवचनात्। तदेतन्निराचिकीर्षयाऽऽह 'पुरुषोत्तमेभ्यः' इति।

અર્થ:— 'આ અરહંત પ્રભુ વળી સામાન્ય ગુણવાળા હોઈને પ્રધાન પુરુષ નથી,–' એવું સર્વ જીવો એક જ જાતના હોવાનું કહેનારા અમુક બૌદ્ધો માને છે; કેમકે 'જગતમાં કોઈ જીવ અયોગ્ય નથી,'–એવો એમના આપ્તનો ઉપદેશ છે. તેથી એ મતનું નિરાકરણ કરવા કહે છે. (અરહંતનું વિશેષણ) 'પુરિસુત્તમાણું;' અર્થાત્ પુરુષોત્તમને (નમસ્કાર હો.)

વિવેચન:—

'સર્વ જીવ એક જાતીય' વાદી બૌદ્ધનો મત:—

હવે છટ્ઠા 'પુરિસુત્તમાણું' પદની વ્યાખ્યા શરૂ થાય છે. આ પદ 'સર્વ જીવ એક જાતીય' વાદી અમુક બૌદ્ધોના મતનો નિષેધ કરવા અર્થે છે. લાગે છે કે તે બૌદ્ધો વૈભાષિક શાખાના હોય. કેમકે તેઓ જ વાસ્તવિક સર્વનું યા જીવનું અસ્તિત્વ માને છે. એની મુખ્ય શાખા છે, માધ્યમિક, યોગાચાર, વૈભાષિક અને સૌત્રાન્તિક. એની વિચારણા અહીં પ્રસ્તુત નથી. એ બૌદ્ધોનું આગમવચન છે કે, **'नास्तीह कश्चिदभाजनं सत्त्वः'**–જગતમાં કોઈ જીવ અયોગ્ય નથી. શું નર, કે શું નારક વગેરે, સર્વ જીવો ગુણો માટે યોગ્ય છે; સામગ્રી મળે તેમ તેમ એ પ્રગટ થાય. એટલે પરોપકારનું આચરણ, વગેરે ગુણો જેમ સામાન્યતયા બીજા જીવોમાં ય ઉપલબ્ધ થઈ શકે છે, એમ તીર્થંકરના આત્મામાં મળે છે. અર્થાત્ એ ય બીજા જીવોની જેમ સાધારણ ગુણવાળા છે, પણ એમનામાં કોઈ અસાધારણ મૌલિક વિશેષતા નથી; બીજાની અપેક્ષાએ એમનું આત્મદ્રવ્ય પ્રધાન યાને ચઢીયાતું નથી.

આ મતના નિરાકરણ માટે 'પુરિસુત્તમાણું' પદથી અરહંત પરમાત્માની પ્રધાનતા સૂચવે છે તે આ રીતે:–

(લ૦) पुरि शयनात् पुरुषाः सत्त्वा एव, तेषाम् उत्तमाः सहजतथाभव्यत्वादिभावतः प्रधानाः पुरुषोत्तमाः। तथा हि, आकालभेते (१) परार्थव्यसनिनः, (२) उपसर्जनीकृतस्वार्थाः, (३) उचितक्रियावन्तः, (४) अदीनभावाः, (५) सफलारम्भिणः, (६) अदृढानुशयाः, (७) कृतज्ञतापतयः, (८) अनुपहतचिताः, (९) देवगुरुबहुमानिनस्तथा, (१०) गम्भीराशया इति।

અર્થ:—પુર્ અર્થાત્ દેહમાં શયનથી યાને રહેવા થકી પુરુષ (કહેવાય તે) જીવો જ છે. તેમને વિષે ઉત્તમ, તે પુરુષોત્તમ; અર્થાત્ સહજ તથાભવ્યત્વાદિ ભાવ દ્વારા પ્રધાન. તે આ રીતે; એ અનાદિ કાળથી [૧]પરોપકારના વ્યસનવાળા, [૨]સ્વાર્થને ગૌણ કરનારા, [૩]ઉચિત-ક્રિયાવાળા, [૪]દીનતા-રહિત, [૫]સફળ-પ્રયત્નવાળા, [૬]દૃઢઅપકારબુદ્ધિ વિનાના, [૭]કૃતજ્ઞતાના સ્વામી, [૮]અભગ્ન-ચિત્તવાળા, [૯]દેવ-ગુરુ પર બહુમાનયુક્ત, અને [૧૦]ગંભીર-અભિપ્રાયવાળા હોય છે.

વિવેચનઃ-પુરુષોત્તમ શી રીતે ? :-

'પુરુષોત્તમ' એટલે પુરુષોમાં ઉત્તમ. **'પુરુષ'** એટલે પુરૂમાં શયન કરનારા, અર્થાત્ દેહમાં રહેનારા; તે સંસારી જીવમાત્ર. એમને વિષે અરહંત પ્રભુનો જીવ ઉત્તમ હોય છે, અર્થાત્ પ્રધાન હોય છે, ઉચ્ચ જાતિના હોય છે. એમ હોવાનું કારણ એમનામાં રહેલ અનાદિસિદ્ધ તથાભવ્યત્વ નામનો ભાવ છે. એના દ્વારા અરહંત પ્રભુનો જીવ બીજા જીવો કરતાં પ્રધાન છે, તે આ રીતેઃ-

અનાદિકાળથી એ (૧) **પરાર્થવ્યસની** હોય છે. બીજા જીવોને સ્વાર્થ સાધવાની મુખ્ય લગની હોય છે, ત્યારે આમને પરાર્થ યાને પરોપકાર કરવાની, બીજાની સેવા કરવાની, બીજાને પોતે કામમાં આવવાની પ્રધાન વૃત્તિ હોય છે; **અને (૨) સ્વાર્થને ગૌણ કરનારા** હોય છે.

પ્ર૦—આ અનાદિકાળથી કહો છો પણ નિગોદ એકેન્દ્રિય (સાધારણ વનસ્પતિકાય) અવસ્થામાં એ કયાં પરોપકાર કરે છે ?

ઉ૦—ત્યાં સામગ્રીના અભાવે ક્રિયારૂપે ભલે પરોપકાર-વ્યસન ન દેખાય, પરંતુ ગુણરૂપે, સ્વરૂપ-યોગ્યતારૂપે એ છે જ. માટે જ એ તેવો ભવ, વિચારક મન, પરોપકારના સંયોગ, ઇત્યાદિ સામગ્રી મળતાં મુખ્યપણે પરોપકાર કરવાના રસિયા હોય છે; જ્યારે એ સ્વાર્થને, અલબત નહિ જ સાધનારા એમ નહિ, કિન્તુ ગૌણ કરનારા હોય છે. **સ્વાર્થ પછી, પરોપકાર પહેલો**, સેવા પહેલી. દા. ત. કહે છે ને કે-' ખાવા કરતાં ખવરાવવું ગમે;' ' ખાઇ ન જાણે, ખવરાવવી જાણે.' (૩) વળી એ **ઉચિત ક્રિયા કરનારા** હોય છે. એમના કાર્યો ઔચિત્યથી ભરેલા, અને એમની રહેણીકરણી ઔચિત્યથી ઝગમગતી હોય છે. તેમજ, (૪) એમનામાં, **દીનતા નથી હોતી.** સંપત્તિ વખતે 'એ ચાલી જશે તો શું થશે'-એવી હાયવોય કે ભયભીત દશા નહિ, આપત્તિ વખતે અધીરતા, ને હિંમત હારવાપણું નહિ, જાતને દુઃખી માનવાની નહિ. બીજાની આગળ રોદણાં, કાલાવાલા કે આજીજી કરવાપણું નહિ, રાંક અને ગરીબડા બનવાનું નહિ. વળી એ (૫) **સફલારંભી** અર્થાત્ એવા કાર્યને હાથમાં લેનારા હોય છે કે જે સફળ નીવડે; નિષ્ફળ પ્રયત્ન નહિ કરનારા પણ સફળ યત્ન આદરનારા. આ ગુણની પાછળ દીર્ઘ-દર્શિતા, પ્રેક્ષાપૂર્વકારિતા (વિચારપૂર્વક કાર્ય કરવાપણું) વગેરે ગુણો કામ કરતા હોય છે. વળી, એ (૬) **અદૃઢાનુશય** હોય છે, એટલે કે એમને અપકારી ઉપર પણ અપકાર કરવાની દૃઢ બુદ્ધિ નથી હોતી. સંસારી જીવ છે, પોતાનું કોઇ બગાડનારો નીકળે તો બચાવ અર્થે એને શિક્ષા કરવાનું કદાચ મન થાય, પરંતુ તે મન ક્ષણભર; સ્થિર નહિ. બદલો લેવાની કે શિક્ષા કરવાની ગાંઠ વાળી રાખવા જેવી દૃઢ અપકારબુદ્ધિ નહિ; તેમ તત્કાળ પણ એનો નાશ કરી નાખવા જેવી દૃઢ અપકારબુદ્ધિ નહિ, એટલું ફોરૂં અને કોમળ મન ! સહિષ્ણુ અને વિશાળ દિલ ! બીજું, એ (૭) **કૃતજ્ઞતાના સ્વામી** હોય છે; માત્ર કોકવાર કૃતજ્ઞતાને દાખવી એમ નહિ, પણ સિદ્ધ કૃતજ્ઞતાવાળા; પોતાના ઉપર થયેલા બીજાના થોડા પણ ઉપકારને નહિ ભૂલનારા; અને અવસરે પ્રત્યુપકાર કરનારા. આ એમને કોઈએ શિખવવું પડતું નથી, પણ જીવનસિદ્ધ ગુણથી બને છે. માટે એ કૃતજ્ઞતાના સ્વામી છે. વળી, એ (૮) **અનુપહતચિત્ત** હોય છે, ચિત્તનો ઉપઘાત અર્થાત્ ઉત્સાહભંગ, મનોભેદ, બુદ્ધિવિપર્યાસ, નિરાશા, ચંચળ મન વગેરે થવા દેતા નથી; એવા એ સ્થિતપ્રજ્ઞ બન્યા રહે છે. તેમજ (૯) એ **દેવગુરુ પર બહુમાન ધરનારા** હોય છે. એવા સહજ વિવેકથી એ સંપન્ન હોય છે કે જે એમને દેવગુરુને ઊંચા સ્થાને હોવાનું દેખાડે છે, અને એમના પર આદરયુક્ત બનાવે છે. વળી, એ (૧૦) **ગંભીર આશયવાળા** હોય છે; કોઇપણ વસ્તુ કે પ્રસંગ પર ઉપલકિયો વિચાર નહિ કિન્તુ ઊંડો વિચાર ધરનારા હોય છે, તેમજ માયાવી નહિ તેમ છીછરા ય નહિ, એવા સ્વાત્મનિષ્ઠ હોય છે કે બાળ જીવોથી એમના ઊંડા તત્ત્વરસ્ત

હૃદયને સમજવું કઠિન હોય છે. ગંભીર આશયના હિસાબે એ પોતાના ગુણ કે વિશેષતાને બહાર ગાનારા નથી હોતા, તથા વાણી અને વર્તાવ છીછરા કે તોછડા નહિ, પરંતુ ગંભીર ભાવભર્યા હોય છે.

આત્મોન્નતિ માટેના ૧૦ ગુણ:—બીજા જીવોમાં નહિ અને તીર્થંકરના જીવમાં રહેલી આ સહજ ઉત્તમતા એમને બીજા જીવો કરતાં ઉત્તમ યાને પુરુષોત્તમ ઠેરવે છે. એ એમને આત્મોન્નતિમાં ખૂબ સહાયક નીવડે છે. તેથી બીજા જીવોમાં ભલે સહજભાવે નહિ સહી, તો ય પ્રયત્નપૂર્વક આ ઉત્તમતાના દસ ગુણ જો પ્રવેશ પામે, તો સ્વાત્માની ઉન્નતિને સારો અવકાશ અને વેગ મળે. કહો કે ઉત્તમ બનવા માટે આ દસ ગુણોની ભૂમિકા એક મહાન ઉપાય છે. તેથી અહીં મૂળ ગ્રન્થ કે ટીકાગ્રન્થમાં એનો વિસ્તાર નહિ છતાં થોડો વિચાર કરી લઈએ.

(૧) પહેલો ગુણ **પરાર્થવ્યસન** પ્રાપ્ત કરવા એ વિચારવું જરૂરી છે કે સંસારના અનંત ભવોમાં સ્વાર્થ-પટુતા ઘણી કેળવી, તેથી જ દુઃખદ ભવભ્રમણ મીટતાં નથી; હવે તો ધર્મશાસન-સહિત માનવભવ પામ્યો તો સ્વાર્થને ગૌણ બનાવી પરોપકાર-પ્રવીણ બનું. અહીં જ આનો અવકાશ છે, પછીના હલકા ભવોમાં તો એ ક્યાંથી બની શકાવાનું હતું ? ત્યારે પછીનો ભવ કદાચ માનવનો મળી ગયો તો ય અહીં વહાલા કરેલા સ્વાર્થના કુસંસ્કાર ત્યાં જાગ્રત રહીને બીજું શાનું સુઝવા દેશે ? સ્વાર્થાંધતા તો માણસને કીટ-પશુની હરોલમાં મૂકે છે. ભાણામાં ખાવા લીધું અને કોઈ અજાણ્યો પરદેશી આવી ચઢયો; હવે ત્યાં જો એને પોતાનું ભાણું સોંપીને ખૂશી થવાય તો શારીરિક માનવતા નહિ, પણ ગુણસંપન્ન માનવતાની કક્ષામાં રહ્યા ગણાય. સેવા અને પરોપકાર એ તો માનવ જીવનનો પહેલો પાયો છે. એનું સંસ્કરણ પમાડનારી માતાપિતાની નિશ્રામાં રહેવાને બદલે, બોર્ડિંગોમાં કે જ્યાં બીજાની સેવારૂપે પાણીનું પવાલું ય ભરવાનું નથી હોતું ત્યાં રહેવામાં પરાર્થવૃત્તિ યાને સેવા-પરોપકારની સુટેવનું ઘડતર નથી મળતું એ આજે જોવા મળે છે ને ? ઘેર હોય, ભાઈઓ સાથે જમવા બેઠો, પાણી લીધું નથી, ને મા ત્યાં કહે કે-'કેમ ? પાણી જાત માટે લેવું નહિ, ને બીજા માટે ય નહિ ? ભાઇઓની સેવા નહિ કરે તો બીજાની શું કરવાનો ?' તો ત્યાં સંસ્કરણ મળે. બાળપણથી માતાપિતાનું કરી છૂટવું, કુટુંબના વડિલો અને નાનડિયાનું કરી છૂટવું, અવસર મળ્યે આડોશીપાડોશીનું કરી છૂટવું, શિક્ષકનું ને ધર્મગુરુનું કરી છૂટવું, આવું સારું સંસ્કરણ થયું હોય તો પછી જીવનભર પરાર્થવ્યસન ગુણ ઝળકતો રહે. તીર્થંકરના જીવમાં પાયામાં આ ગુણ હોવા પર મહાવિશેષતા સર્જાય છે, તો બીજાને પણ વિશેષતા કેમ ન સર્જાય ? સેવા-પરોપકારની લગની એ તો હૃદયને એવું કુણું બનાવે છે કે એમાં બીજા ગુણોને જગા મળે.

(૨) સ્વાર્થને ગૌણ રાખવો. સંસારમાં રહ્યા સ્વાર્થ તો સધાવાનો; પણ એને ગૌણ રાખવાનો. બજારમાં પૈસા કમાયા પર ઝટ થાય 'આટલો પરમાર્થ કરીશ.' વેપારી છાપું આખું જોઈ જશે, પણ વેપારના સમાચાર મુખ્યપણે વાંચશે, જ્યારે દુનિયાના સમાચાર ગૌણપણે જોઇ જશે. સ્વાર્થની કરણી એમ ગૌણ થવી જોઇએ, સ્વાર્થની મુખ્યતા અને પ્રબળતા તો ક્રોધ, લોભ, ઈર્ષ્યા, વગેરે કેટલાય દોષોને જગાવે છે, વધારે છે, અને પાછું એ કર્તવ્ય મનાવે છે. સ્વાર્થ ગૌણ કરે તો તો સામાની ભૂલમાં એમ થાય કે-'આવા સંયોગમાં આમ જ થાય. એ શું, પણ હું ય ભૂલ કરી નાખું'; પછી ત્યાં ક્રોધ ન ફાલેફૂલે. એમ લોભ અંગે પણ થાય કે-' દુનિયામાં જે બધું છે તે પર કાંઈ મારા એકલાનો હક નથી, બીજાનો ય હક છે, તો હું શા માટે લોભિયો થાઉં ? ' સ્વાર્થ ગૌણ હોય તો ઈર્ષ્યાના સ્થાને એમ થાય કે-' સામાને મળ્યું તે સારું થયું. મારો એ જૈન ભાઇ છે. ' સ્વાર્થબુદ્ધિ અનાદિના પાશવી વારસા ઉપર નભે છે. એની સામે મન મજબૂત કરીને કલ્પનાના ઘોરણો ફેરવવાની જરૂર છે, તો સ્વાર્થબુદ્ધિનું જોર ઘટતું આવે. સ્વાર્થ ગૌણ કર્યા વિના ધર્મમાં તન્મય નહિ થવાય.

(૩) **ઉચિતક્રિયા** પણ અત્યન્ત જરૂરી ગુણ છે. કેમકે વિચાર, વાણી અને વર્તાવમાં ઔચિત્યનો

ભંગ કરી અનુચિતતા સેવવાથી પોતાના-મન-વચન-કાયા ઉપર પોતાનો જ કાબૂ રહેતો નથી; ને એના પરિણામે પસ્તાવું પડે એવું બોલાઈ-કરાઇ જાય છે. ત્યારે, ઔચિત્યભરી ક્રિયા કરવામાં કાબૂ સારો બોલે છે. તેથી ધર્મ અને ગુણોને ઉત્પન્ન થવા માટે અવકાશ રહે છે; કેમકે ઔચિત્ય એ એનો પાયો છે. ઉચિત ક્રિયા કરનારના મોં પર તેજસ્વિતા હોય છે. જન્મ્યો હોય ઉત્તમ જાતિમાં, પણ અનુચિત વાણી-વર્તનની ક્રિયા કરનારો કુજાત તરીકે ઓળખાય છે. એક ઉચિત વાણી પણ એવી પ્રભાવશાલી છે કે મોટા ગુનાની માફી લાવે છે, કઠિન કાર્યને સરળ બનાવી દે છે, બીજી સેવા વગર પણ ચાહના અને સહાનુભૂતિ ઊભી કરે છે. તેમ ઉચિત મુખમુદ્રા અને ઉચિત પ્રવૃત્તિ પણ કેઇ નુકસાનથી બચાવી અનેક લાભ પમાડે છે. સંયોગવશ કદાચ અનુચિત વિચાર સ્ફુરી ગયો તો પણ હોઠ પર ન લાવતાં ઉચિત જ બોલાય, પ્રવૃત્તિ પણ ઉચિત જ થાય, તો અનર્થથી બચી લાભ પામી જવાય છે. અનુચિત વાણી-વર્તાવ કરનારો ને ધૂળ જેવો સ્વભાવ દાખવનારો શેઠ નોકરને આજ્ઞાવિકા આપનારો છતાં આપરૂપ લાગે છે, ત્યારે ઉચિત ક્રિયામાં તત્પર ગરીબ પણ દેવ જેવો મનાય છે. માટે જીવન ઉચિત ક્રિયાથી જ ભર્યું ભર્યું જોઇએ. જેમ ચોમાસામાં સારા કપડાં પહેરી કાદવવાળા રસ્તે જતાં છમછમ કરતાં ન ચલાય તેમ માનવનું બોળિયું પહેરી કાદવભર્યા સંસારમાં પણ અનુચિત ક્રિયાથી ન ચલાય. આત્માનું ઊર્ધ્વીકરણ થયા પછી ઉચિત ક્રિયા સહજ બની જાય છે, મહાવીરપ્રભુનો જીવ નયસાર જંગલમાં પણ જમવા પહેલાં અતિથિને શોધે છે, એમાં ભૂલા પડેલા મુનિ મળી ગયે જાતે એમની ભક્તિ કરે છે, અને જાતે જઇ એમને માર્ગે ચઢાવે છે; પણ અતિથિને યાદ કર્યા વિના જમી લેવાની, કે મુનિને નોકરને ભળાવી દેવાની અનુચિત ક્રિયા નથી કરતો. ઔચિત્ય વિનાનું જીવન એ ઢોરનું છે.

૪. **અદીનભાવ** એ ઉચ્ચ ગણાતા માનવપ્રાણીનું અલંકાર છે. સંસાર એટલે આપત્તિ કે વિઘ્ન તો આવે; એમાં કોઇ નવાઈ નથી; પરંતુ એમાં માણસ જો દીન બને તો એની અન્ય પ્રાણિ-ગણ કરતાં ઉચ્ચતા શી રહી ? એમાં ય ધર્માત્મા જો દીન બને તો ધર્મને લાંછન લાગે. દીન બનનારો તો આપત્તિના મૂળ કારણભૂત કર્મનો સામનો કરવાને બદલે આપત્તિનો સામનો કરવા લલચાય છે; અથવા એ જાણે એમ સમજે છે કે-'હું સંપત્તિનો જ અધિકારી છું, એમાં મને હાય ! આપત્તિ આવી ?' પણ જો સમજે કે-'પુણ્ય જ્યાં પૂરા નથી ત્યાં પુણ્યની અબુરાશમાં કેવળ સંપત્તિ સગવડની જ ગણત્રી રાખવી એ અજ્ઞાન છે.' તો પછી દીન ન બનતાં પોતાની કર્મયોગ્યતા જોઇ આપત્તિને વધાવી લેશે. પછી ત્યાં સંતાપ, ક્ષુદ્રતા, નિરાશા, અસહિષ્ણુતા, અધમ વિચારસરણી વગેરેને સ્થાન નહિ આપે. સાંસારિક વસ્તુ પાછળ દીન બનનારો એક બાજુ ધર્મની પ્રાપ્તિવૃદ્ધિ જોખું સત્વ નથી ધરાવી શકતો અને બીજી બાજુ કેઇ અપકૃત્ય કરવા તૈયાર થાય છે. માટે દીનતાને દૂર ફગાવી દેવી જોઇએ. અર્હત્પ્રભુનું આલંબન એમાં સારૂં બળ આપે છે.

૫. **સફલારંભિતા** ગુણ પણ ઉન્નતિ માટે જરૂરી છે. નિષ્ફલારંભી એટલે કે નિષ્ફળ પ્રયત્ન કરનારો વિચારહીન હોય છે, અને વિચારહીનતા ઉન્નતિ નહિ પામવા દે. માટે જ ભવાભિનંદી જીવની એક બાસિયત નિષ્ફલારંભિતા કહી છે. જો દીર્ઘ દૃષ્ટિ અને બળાબળનો વિચાર વગેરે રાખી પુરુષાર્થ કરવામાં આવે તો પ્રાયઃ નિષ્ફળતા ન મળે; નહિતર તો પુરુષાર્થનો અપવ્યય થયા કરે, તેથી પછી વારંવાર નુકસાની, પશ્ચાત્તાપ, દુર્ધ્યાન અને કષાયવૃદ્ધિને વશ થવું પડે. દા. ત. દુનિયામાં વ્યાપારના તેવા નિષ્ફળ પ્રયત્ન આદરી શ્રીમંતમાંથી ગરીબ બનનારાને આનો અનુભવ થાય છે. સફલ પ્રયત્નનું લક્ષ રાખનારો મનુષ્ય ચોક્કસ વિચાર, પરિણામદર્શિતા, દીર્ઘદૃષ્ટિ વગેરે ગુણોથી સંપન્ન બની સત્પુરુષાર્થનો અધિકારી બને છે. જે એને આત્મોન્નતિમાં સારો સહાયક થાય છે. માટે કોઇપણ કાર્યમાં પગલું માંડતાં પહેલાં વિચારી લેવું જોઇએ કે આમાં સફળતા મળશે કે કેમ. સફળતામાં શંકા

લાગે, અરે! નિષ્ફળતાનો અનુભવ થતો જાય તો બહેતર છે કે તેવા મોટા કાર્ય છોડી નાના પણ સફળ પુરુષાર્થ કરવા; તેવા એ વિષયના પુરુષાર્થ છોડી બીજા જ વિષયના સફળ પુરુષાર્થ કરવા.

૬. **અદૃઢ અનુશય** એટલે અપકારી પ્રત્યે પણ અપકારબુદ્ધિના શલ્ય રાખવાના નહિ. અનાદિ કાળની સંસારની ચાલ તો એમને એમ પણ બીજાને નુકશાન કરવાની ચાલી આવે છે, પછી ત્યાં પોતાનું બગાડનારનો પીછો પકડવાનું તો પૂછવું જ શું ? એ બધું અધમ અજ્ઞાન દશા અને અતિ સંકુચિત હૃદયને આભારી છે. આત્મોન્નતિ માટે તો સજ્ઞાન દશા તથા વિશાલ હૃદય જોઇએ; અને તે માટે દિલમાં બીજા પ્રત્યે મત્સર કે બીજાનું બગાડવાની ચોંટ રખાય જ નહિ. આત્માની સજ્ઞાન અને વિશાલ અવસ્થા તો એનું નામ કે જે પોતાને લાભ કે નુકશાન થવામાં પોતાના શુભાશુભ કર્મને જ જવાબદાર ગણે. તેથી એ શું લાભની લાલચમાં કે શું નુકશાનના ઉદ્વેગમાં, કચાંય બીજાનું બગાડવા ઇચ્છે નહિ. જ્યારે અહિંયા જન્મીને તો વ્યાપક ઉપકાર-ભાવના કમાઇને જવાનું છે, ત્યાં અપકાર બુદ્ધિને સ્થાન જ કેમ અપાય ? અપરાધીની સામે પોતાનો બચાવ કરવા એને કદાચ શિક્ષા કરવાનું મન થાય તો ય દિલમાં એની પ્રત્યે દૃઢ અનુશય અર્થાત્ એનું બગાડવાના શલ્ય ન રખાય, 'એનું નિકંદન કાઢી નાખું' એવી બુદ્ધિ હોય જ નહિ. અનુશયનો અર્થ સંતાપ પણ થાય છે. તેથી અદૃઢ-અનુશય એટલે દિલમાં કોઇ અનિષ્ટના દૃઢ સંતાપ ધરવાના નહિ. સંતાપથી શોક થાય છે, અને 'શોક નરકની છાપ' શોકથી કાળાં કર્મ બંધાય છે. શોકથી તામસભાવ પોષાય છે, અને સાત્ત્વિકતા હણાય છે.

૭. **કૃતજ્ઞતા** ગુણ પણ પાયાનો ગુણ છે. એ નાના કે મોટા કોઇ પણ ઉપકાર આપણા પર જેણે કર્યા હોય તેની ઉપકારકતાનો પૂરો ખ્યાલ રાખી તેના પ્રત્યે અનુકૂળ અને સેવાભાવવાળું દિલ રખાવે છે. દુર્ગતિઓરૂપી રાત્રિના અંધકાર વીત્યા પછી માનવ-જીવનના મંગળ પ્રભાત પ્રગટયે, બીજાનું તો કદાચ પછી, પણ પોતાના ઉપકારીનું તો ભલું અને ઉપકારીની સેવા કરી લેવાની કલ્યાણપ્રવૃત્તિ કરાતી જ રહેવી જોઇએ. એવી પ્રવૃત્તિ કરવાની તક ન હોય ત્યારે પણ મનમાં એની ભાવના જીવતી જાગતી રહે. આ હોય પછી પોતાના પર મહાન ઉપકાર કરનાર માતાપિતા કે ગુરુઓ વગેરે તરફથી કોઈ પ્રસંગે ઠપકો કે પ્રતિકૂળતા મળે તો ય એમ થાય કે-'અહો ! કયાં આ પ્રતિકૂળતા અને કયાં એમનો અગણિત ભારે ઉપકાર ! એવા ઉપકારને ઝીલ્યાની કદર રૂપે પણ મારે ઉદારભાવે પ્રતિકૂળતા સહી લેવી જ જોઇએ, જેમ, હજારો રૂપિયા કમાવી આપનાર શેઠની ગાળ કે પ્રતિકૂળતાને દલાલ વિસાતમાં નથી ગણતો.' ધર્માત્માએ તો આગળ વધીને દેવાધિદેવ અને ધર્મનો અતિ મહાન ઉપકાર યાદ રાખવાનો. પોતાને આટલી ઊંચી સ્થિતિ પમાડી નરકાદિ દુર્ગતિ અટકાવી અને ભવભ્રમણની દીર્ઘસ્થિતિ ઉપર કાપ મૂકયો એ જેવો તેવો ઉપકાર છે ? તો એને બરાબર ધ્યાનમાં રાખી એમની પ્રત્યે નિરંતર કૃતજ્ઞતા બજાવવાનો ખ્યાલ રાખવાનો છે. દિલમાં જયાં કૃતજ્ઞભાવ નહિ, ને ઉલટું ઉપકારીઓનો સામનો કરવાની અધમાધમ બુદ્ધિ રહે છે, ત્યાં આત્મિક ઉન્નતિને અવકાશ જ શાનો હોય ? માટે નાના પણ ઉપકારની કદર બની રહેવી જોઇએ. પ્રમાદી બનેલા ગુરુ શૈલકજીની પ્રત્યે કૃતજ્ઞ શિષ્ય પંથકજીએ ખરી સેવા બજાવી એમને માર્ગે આણ્યા. કૃતજ્ઞતા તો અનેક સુકૃતોને અવકાશ આપે છે.

૮. **અનુપહત ચિત્ત** એટલે કે અભગ્ન મન. ચિત્તભગ્ન બને છે તે અનેક રીતે; ઉત્સાહભંગ, બુદ્ધિભેદ, નિરાશા, મનોમાલિન્ય, શૂન્ય મન, આવેશ, વગેરેમાંના કોઇપણ રૂપે ચિત્તનો ઘાત થાય છે. આત્મોન્નતિ માટે સાધના કરનારને આ ટાળવાની ઘણી જરૂર છે. અધ્યયન કરવા બેઠો, ન આવડયું, હવે જો નિરુત્સાહ બની જાય તો તો જ્ઞાનની સાધના જ બંધ પડી જશે, તેમ થતાં જ્ઞાનના અભાવે ચારિત્ર પણ બરાબર નહિ પાળી શકે. ત્યારે જો ચિત્તભંગ થવા દીધા વિના 'કાલે મહેનત કરીશ,' પરમ દિ' કરીશ,' એમ ચિંતવી પ્રયત્ન ચાલુ રાખશે તો કંઈ ને કંઈ જ્ઞાન જરૂર પામશે. તીવ્ર કર્મના

ઉદયે ન આવડે તો પણ ક્રમમાં ક્રમ અખંડિત જ્ઞાનાચારના પાલનનો મહાલાભ તો મળશે જ. વિચારવું તો એ જોઇએ કે-' કોઇપણ સાધના વખતે કોઈને કોઇ પ્રકારના અંતરાય ઊભા થાય તે પૂર્વકૃત કર્મને લીધે છે; તો કર્મને એનું બજાવવા દો, હું મારૂં બજાવું, મારી ધર્મસાધનામાં રચ્યો રહું. પૂર્વ પુરુષોને ય કયાં અંતરાય નથી નડયા ? છતાં વેગશીલ પુરુષાર્થથી એમણે સિદ્ધિ મેળવી છે...'દાનાદિ ધર્મ કરતાં કદાચ અપયશ મળ્યો, લોક સારૂં ન બોલ્યું, તેથી આપણી પોતાની દાનાદિ-સાધનાને હણવાનું શું કામ છે ? સાધનામાં જરાય ખેદ-કંટાળો લાવવાનો નહિ, કે એનું મહામૂલ્ય જરાય વિસરવાનું નહિ. ખેદ એ તો ધર્મપ્રવૃત્તિનો દોષ છે, યોગદષ્ટિમાં અંતરાય છે. એવું, કોઇ ગમે તેમ બોલે તેના પર આપણે બુદ્ધિભેદ નહિ થવા દેવાનો, ને શ્રદ્ધાને ડગમગ નહિ કરવાની. એમ દિલની પવિત્રતા ગુમાવી મલિનતા નહિ પેસાડવાની, એ પણ અનુપહત ચિત્ત. એવી રીતે ચિત્ત-પ્રવાહ પ્રશાંત વહેતો હોય, અને કોઇ તેવો પ્રસંગ ઉપસ્થિત થયો તો તે વખતે ચિત્તમાં કષાયાદિનો આવેશ ઊભો કરી ચિત્તનો ઉપઘાત નહિ કરવાનો. ચિત્તના ઉપઘાતથી કેઇ નુકશાન ઊભા થઇ હિત ઘવાવાનું બને છે. તેથી અખંડ પ્રશાંત મન એ આભ્યન્તર અને બાહ્ય જીવન બંનેમાં આવશ્યક ગુણ છે.

૯. **દેવ-ગુરુ પર બહુમાન** એ તો આત્મજીવનનો પાયો છે. જગતમાં પરમ દયાળુ દેવાધિદેવ એ પરમ પુરુષ છે, પુરુષોત્તમ છે, અને ભવસાગરથી ઉદ્ધારક ગુરુ એ ઉત્તમ મહાપુરુષ છે. એમના પર બહુમાન, એ એમના આદર્શ ગુણો અને નિઃસ્વાર્થ શ્રેષ્ઠ ઉપકાર પર બહુમાન છે. એમને ભૂલીએ એ એમના ઉપકારને ભૂલવા જેવું છે. ગુણોના બપવાળા અને ઉપકારના કદરદાનને એ બહુમાન વિના કેમ જ ચાલી શકે ? ગુણાનુરાગ ગુણને પ્રવેશ કરવા માટેના દ્વાર ખોલી આપે છે; ગુણોપાર્જનની તમન્ના જગાડે છે. મનને એમ થાય કે-'અહો ! આ દેવ-ગુરુ આવા ગુણભર્યા ! અને હું દોષનો ભંડાર ? હું ય ગુણ કમાઉં !' દેવ-ગુરુ પર બહુમાનરૂપી અમૃત તો ભવરાગના ઝેરને ઉતારે છે, વિષયવિરાગ અને કષાય-શમનને અવકાશ આપે છે. દેવ-ગુરુનો અચિંત્ય પ્રભાવ છે, એમના પર પ્રીતિ-ભક્તિના ઉછાળા એ આત્માને મહાન બળ અર્પે છે, કેટલાં ય અચિંત્ય દુર્લભ લાભ સુલભ કરી દે છે, અને અનાદિના પ્રમાદી જીવને પ્રેરણા-પ્રોત્સાહન આપે છે; દા. ત. 'મારા દેવગુરુ આવા પરાક્રમી, તો શું હું પ્રમાદી રહું ? એ માસખમણ જેવા તપ કરે તો હું થોડો ય તપ ન કરી શકું ? ' દેવગુરુ પરના બહુમાનના યોગે પોતે તો એમની કે એમના ધર્મની નિંદા નહિ કરે; પરંતુ બીજા નિંદકોને યથાશક્તિ બચાવવા પ્રેરશે. ત્યારે એ બહુમાન નહિ હોય, અને બીજા ત્યાગ-તપસ્યા-જ્ઞાનાદિ કેઇ ગુણો હશે તો પણ જીવનો ભવનિસ્તાર નહિ થાય. માટે દિલમાં દેવગુરુ પર અત્યંત બહુમાન-પ્રીતિ-ભક્તિ ઉછળતા રહેવા જોઇએ.

૧૦. **ગંભીર આશય** એ પણ પૂર્વોક્ત ગુણોની જેમ આત્મોત્થાનનો ઉપયોગી ગુણ છે. કોઇ પણ પદાર્થ કે પ્રસંગ પર ઉપલકિયો નહિ કિન્તુ ઊંડો અભિપ્રાય, એ ગંભીર આશય કહેવાય. માટે એ જુદો, ને ગૂઢ આશય જુદો. ગૂઢ આશય તો માયા અને સ્વાર્થરસિકતાના પાયા પર ઊભો હોય છે. ત્યારે ગંભીર આશય તો તત્ત્વદષ્ટિ અને વિવેકના પાયા પર ઊભો છે. એના બળે દર્શન-શ્રવણને પચાવવાની શક્તિ આવે છે. જીવનમાં જોવા-સાંભળવાનું થાય ત્યાં જોઈ લેવું જુદું અને જોઇ જાણવું જુદું; ખાઇ લેવું જુદું ને ખાઇ જાણવું જુદું; એમ સાંભળવું જુદું અને સાંભળી જાણવું જુદું; ખાધું પચે તો ખાઇ જાણ્યું કહેવાય, એમ જોયું-સાંભળ્યું પચે તો જોઈ જાણ્યું, સાંભળી જાણ્યું કહેવાય. આ વસ્તુ ગંભીર આશયથી બને છે; ને એના પરિણામરૂપે પ્રાયઃ અનર્થ ઊભા થતા નથી; કેમકે ગંભીર આશયવાળો જોવા-સાંભળવા પર ઊંડાણમાં ઉતરે છે.એવા ગંભીર આશયને ઉત્પન્ન થવા માટે તત્ત્વ-દષ્ટિ અને વિવેક જોઇએ; અર્થાત્ વસ્તુસ્વરૂપ, યા વસ્તુસ્થિતિને બરાબર લક્ષમાં લેવી પડે, તેમજ સારાસારનો વિવેક કેળવવો પડે. ગંગીર આશય તો બુદ્ધિનો પરિપાક છે, અને સમતા-સમાધિનો

ઉત્તેજક છે. ગંભીર આશય ઉપર તો સ્વાત્મપ્રશંસા, તુચ્છ અને ફજુલ વાતો, તોછડી વાણી, ક્ષુદ્ર અને બિનજરૂરી પ્રવૃત્તિ વગેરે અટકી જાય છે, વચન મિત અને અર્થગંભીર બોલાય છે, લોકમાન્યતા મળે છે; તત્ત્વચિંતન, આત્મનિરીક્ષણ અને પરમાત્મધ્યાનને અવકાશ મળે છે. આવા મહાન લાભો વિચારી, તત્ત્વદૃષ્ટિ અને વિવેક કેળવવાપૂર્વક ગંભીર આશય સિદ્ધ કરવો ઘટે.

(લ૦) ન સર્વ એવ એવંવિધાઃ, ખડુઙ્કાનાં (પ્ર૦....ખુડુઙ્કાનાં, ખુડઙ્કાનાં) વ્યત્યયોપલબ્ધેઃ, અન્યથા ખડુઙ્કાભાવ [પ્ર૦...ખુડુ૦, ખુડ૦) ઇતિ। નાશુદ્ધમપિ જાત્યરત્નં સમાનમજાત્યરત્નેન, ન ચેતરદિતરેણ, તથાસંસ્કારયોગે સત્યુત્તરકાલમપિ તદ્ભેદોપપત્તેઃ। ન હિ કાચઃ પદ્મરાગીભવતિ, જાત્યનુચ્છેદેન ગુણપ્રકર્ષભાવાત્। ઇત્થં ચૈતદેવં પ્રત્યેકબુદ્ધાદિવચનપ્રામાણ્યાત્, તદ્ભેદદાનુપપત્તેઃ। ન તુલ્યભાજનતાયાં તદ્ભેદો ન્યાય્ય ઇતિ।

અર્થઃ—બધા જ (જીવો) ભાવી તીર્થંકરપણાવાળા જીવોના જેવા હોતા નથી, કેમકે સમ્યક્ શિક્ષાને અયોગ્ય જીવોમાં ઉપરોક્ત ગુણોથી વિપરીતતા દેખાય છે. અશુદ્ધ પણ જાત્યરત્ન અજાત્યરત્નને સમાન નથી હોતું; તેમ અજાત્યરત્ન જાત્યરત્નને સમાન નથી હોતું; કેમકે અશુદ્ધ અવસ્થામાં અસમાનતા હોયે સંસ્કારયોગ કરાવવા ઉપર પાછળથી પણ અસમાનતા જ રહે છે. કાચ પદ્મરાગ નામનું રત્ન નથી જ બનતું; કેમકે ગુણોની વૃદ્ધિ થાય છે તે પોતાની જાતિનો ભેદ ઉચ્છેદ કર્યા વિના થાય છે. આ જ રીતે ગુણવૃદ્ધિ થવાની વસ્તુ છે, કેમકે એજ રીતે પ્રત્યેક બુદ્ધ-બુદ્ધબોધિત-સ્વયંબુદ્ધાદિ જુદા જુદા રૂપે થવાનું કહેનાર આપ્તવચન પ્રમાણ તરીકે મળે છે, નહિતર પ્રત્યેકબુદ્ધ વગેરે વચ્ચેનો તફાવત ઘટી શકે નહિ. પાત્રો સમાન હોય તો પાછળથી તેમાં ભેદ પડવો યુક્તિયુક્ત નથી.

વિવેચનઃ—મૂળગત ભેદ વિના પાછળથી ભેદ ન ઘટેઃ—

ઉપરોક્ત સહજ ગુણોવાળા તરીકે પુરુષોત્તમ અરહંતપ્રભુને કહ્યા એનું કારણ એ છે કે એમના જ આત્મા એવા હોય છે, બાકી બધા જ જીવો એવા નથી હોતા. ભવિષ્યમાં તીર્થંકરપણું મેળવનાર જીવો વર્તમાનમાં જેવા ગુણસંપન્ન હોય છે તેવા બધા જીવો નથી હોતા, કેમકે જે જીવો ખડુંક છે, બિલકુલ સમ્યક્ શિક્ષાને યોગ્ય નથી હોતા, તેમનામાં તો આ ગુણોની વિપરીતતા દેખાય છે, પરાર્થ-વ્યસનાદિને બદલે સ્વાર્થરસિકતાદિ જોવા મળે છે. જો પ્રસ્તુત ગુણોથી વિપરીત ગુણો ન હોય તો તો એમનામાં ખડુંકપણું જ ન હોય; કેમકે ખડુંકપણાનું લક્ષણ જે સમ્યક્ શિક્ષા માટેની અયોગ્યતા છે, તે જ ન રહ્યું. ત્યારે જગતમાં આવા અયોગ્ય જીવો નથી જ હોતા એવું નથી, હોય છે જ; એમાં કોઇનો વિવાદ નથી. માટે પરાર્થવ્યસનિતાદિ ગુણોથી અર્હત્ પ્રભુ બીજા જીવો કરતાં જુદા પડે છે, એ સિદ્ધ થાય છે.

પ્ર૦:—અર્હત્ પ્રભુને અન્ય જીવો કરતાં પહેલેથી જુદા શા માટે કહો છો ? તીર્થંકરપણાને પ્રાપ્ત કરાવનાર બોધિલાભ પ્રાપ્ત થાય ત્યારે બીજા કરતાં એ ભલે જુદા પડે, બીજાને સમાન ન હોય, પરંતુ તે પૂર્વની અવસ્થામાં સમાનતા કેમ નહિ ? અસમાનતા કેવી રીતે ? દેખાય છે કે ગુણો તો બોધિલાભ પછી પ્રગટ થાય છે.

ઉ૦:—પ્રગટ થતા ગુણો મૂળમાં તેવા પ્રકારની યોગ્યતાને સૂચવે છે, તાદૃશ વિશેષતાને પુરવાર કરે છે. તેથી 'બોધિલાભ પૂર્વે અસમાનતા નથી, વિશેષતા નથી.'—એમ કહેવું ઠીક નથી. એ કથનની પ્રતિપક્ષી વસ્તુ અર્થાત્ 'પૂર્વે પણ અસમાનતા છે' એ વસ્તુ ઉપમાથી પણ સિદ્ધ થાય છે. ખાણમાં અનેક પ્રકારના રત્ન થાય છે એમાં જે પદ્મરાગમણિ વગેરે જાત્યરત્ન હોય છે, તે ત્યાં અશુદ્ધ અવસ્થામાં પણ બીજાં

સ્ફટિક કાચ વગેરે અજાત્યરત્નને સમાન નથી જ હોતાં; તેમ બીજાં એના સરખાં નથી જ હોતાં. કારણ એ છે કે જ્યારે એને ખાણમાંથી કાઢીને શુદ્ધ કરવા માટે ક્ષાર, માટી, અગ્નિથી પુટપાક વગેરેનો પ્રયોગ કરવામાં આવે છે, અર્થાત્ સંસ્કરણ કરવામાં આવે છે, ત્યારે પછીના કાળે જાત્ય-અજાત્યની અસમાનતા પ્રગટ થાય છે. જો મૂળમાં અસમાનતા ન હોય તો આ કેમ બની શકે ? એક અજાત્ય અને બીજું જાત્ય એવો ભેદ કયાંથી ઊભો થયો ? સંસ્કરણની પ્રક્રિયા તો સમાન હતી, પછી અસામાનતા ઊભી થવાનું શું કારણ ? એ તો જ ઘટી શકે કે જો મૌલિક ભેદ હોય; અર્થાત્ ખાણમાં પડ્યા વખતની અશુદ્ધ અવસ્થામાં પણ બંનેની જાતિ જુદી હોય. માટે જ કાચ મૂળમાં જ તેવી જાતિવાળું નહિ હોવાથી સંસ્કરણ પામવા છતાં પદ્મરાગાદિ મણિ જેવું જાત્યરત્ન નથી બની શકતું. વસ્તુમાં તે તે પ્રકારની જાતિ જન્મસિદ્ધ હોય છે, જેને **અનુસરીને જ** તે તે કાન્તિ વગેરે ગુણોનો, સંસ્કરણવિધિ થતાં, વૃદ્ધિ-વિકાસ થાય છે; પણ **ઉલ્લંઘીને નહિ**. તો કાચમાં એના જાતિસ્વભાવને ઓળંઘીને જાત્યરત્નની કાન્તિ જેવા ગુણ નથી જ પ્રગટી શકતા. ગધેડાને ગમે તેટલું શિક્ષણ અપાયા પછી પણ ઘોડાની હોશિયારી વગેરે ગુણો એનામાં નથી ઊભા થતા.

મૂળ જાતિનો ઉચ્છેદ ન થઇને જ ગુણવિકાસ થવાની વસ્તુ તે જ રીતે થતા પ્રત્યેકબુદ્ધ વગેરેના શાસ્ત્રકથનથી પ્રમાણિત છે. શાસ્ત્ર આપ્ત પુરુષે ઉપદેશેલા હોવાથી એનાં વચન વક્તવ્ય પદાર્થને અવ્યભિચારી હોય છે; અર્થાત્ જગતમાં પદાર્થ યા વસ્તુસ્થિતિ જેવા રૂપે છે તેવા રૂપે જ કહેનારાં શાસ્ત્રવચન છે. તો શાસ્ત્ર કહે છે કે સિદ્ધ થનાર આત્માઓ પૂર્વે ત્રણ જાતના હોય છે, પ્રત્યેકબુદ્ધ, બુદ્ધબોધિત, અને સ્વયંબુદ્ધ. **પ્રત્યેકબુદ્ધ** એટલે કોઈ નિમિત્ત અર્થાત્ સંસારના કોઈ પદાર્થ-પ્રસંગ પરવૈરાગ્ય પામી સંયમ-જીવન સ્વીકારનારા. દા. ત. સ્ત્રીઓના હાથેથી કંકણો ઉતરી જઇને માત્ર એકેક કંકણ રહેવાને લીધે હવે કંકણોના પરસ્પર અથડાવાથી થતો ખડખડાટ બંધ થતા ઉપર નમિરાજા વિચારમાં ચઢ્યા કે-'અનેકપણામાં જ ને અનેકના સંયોગમાં જ ખડખડાટ અને અશાંતિ છે, એકત્વ-એકાકીપણામાં તેને અવકાશ નથી, માટે હું આ બધા સંયોગ મૂકી એકાકી થાઉ.'' એ વિચાર ઉપર જ પોતે કોઇ ગુરુના ઉપદેશ વિના સંસાર ત્યજી સંયમ સ્વીકાર્યું. બુદ્ધબોધિત એટલે ગુરુથી પ્રતિબોધિત થયેલા. સ્વયંબુદ્ધ એટલે કોઇ નિમિત્ત કે ગુરુ-ઉપદેશ વિના જ સ્વયં પ્રતિબુદ્ધ; જેમકે તીર્થંકરદેવો. આ પ્રત્યેકબુદ્ધ, બુદ્ધબોધિત અને સ્વયંબુદ્ધ, ત્રણે ય પોતાની તેવી અલગ અલગ મૌલિક યોગ્યતાવાળા હોય છે તો જ આગળ પર એ જ રીતે પ્રતિબુદ્ધ બને છે. નહિતર જો તુલ્ય યોગ્યતા ધરાવતા હોત તો આ ભેદ ન પડત. મૂળમાં સમાન યોગ્યતા હોવા ઉપર પાછળથી પ્રત્યેકબુદ્ધાદિ પ્રકારો પડવાનું યુક્તિસંગત નથી.

પ્ર૦—પહેલાં સમાન હોવા છતાં કોઇને પાછળથી વિશેષ કારણ મળવા ઉપર એ વિશિષ્ટ થાય એવું ન બને ?

ઉ૦—કારણ પણ યોગ્ય ઉપર જ અસર કરે છે, એ સિદ્ધ વાત છે. તેથી વિશિષ્ટ કાર્ય થાય ત્યાં મૂળગત તેવી યોગ્યતા યાને વિશેષતા માનવી જ પડે. આ મૂળગત વિશેષતાથી મૂળમાં ભેદ અર્થાત્ અસમાનતા સિદ્ધ થાય છે, સમાનતા નહિ.

(લ૦-) न चात एव मुक्तावपि विशेषः कृत्स्नकर्म्मक्षयकार्यत्वात्, तस्य चाविशिष्टत्वात् । दृष्टश्च दरिद्रेश्वरयोरप्यविशिष्टो मृत्युः आयुःक्षयाविशेषात् । न चैतावता तयोः प्रागप्यविशेषः, तदन्यहेतुविशेषात् । निदर्शनमात्रमेतदिति पुरुषोत्तमाः ॥ ६ ॥

અર્થ:—' મૂળમાં જીવોમાં ભેદ હોવાના હિસાબે મોક્ષમાં પણ ભેદ ઊભો રહેશે,' એમ નહિ કહેવું; કેમકે મોક્ષ એ સર્વકર્મક્ષયનું કાર્ય છે, અને તે ક્ષય તો સમાન છે. જોવા

મળે છે કે દરિદ્ર અને શ્રીમંતનું પણ મૃત્યુ તો સમાન થાય છે, કેમકે (એમાં કારણભૂત) આયુષ્યનો ક્ષય સમાન છે. પરંતુ એથી કાંઇ તે (દરિદ્ર અને ધનવાન) બંનેની પહેલાં પણ સમાનતા છે એવું નથી; કેમકે ત્યાં આયુક્ષય સિવાયના બીજા વૈભવાદિ કારણો જુદા છે. આ તો દૃષ્ટાન્ત માત્ર છે. આ રીતે પુરુષોત્તમની સિદ્ધિ થઈ.

વિવેચનઃ—અહીં પ્રશ્ન થશે કે,

પ્ર૦—એમ જો જીવોમાં મૂળથી જ અસમાનતા અર્થાત્ ભેદ હોય તો તો મોક્ષ પામ્યા પછી પણ એમનામાં પરસ્પર ભેદ પડશે, અસમાનતા રહેશે !

ઉ૦—ના, એવું છે જ નહિ કે-' જીવોમાં મૂળગત ભેદ હોવાના કારણે અહીં ભેદ પડે છે એમ મોક્ષમાં પણ જીવમાત્ર રહેવાના કારણે ભેદ પડે; ' કેમકે મોક્ષ એ તો દરેક જીવને જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે. અર્થાત્ સર્વમુક્ત જીવને સર્વકર્મક્ષય રૂપી કારણ જ્યારે સમાન અર્થાત્ એક જ જાતનું છે, તો પછી એના કાર્ય તરીકે મોક્ષ પણ એક જ જાતનો થાય એ સ્વાભાવિક છે. સંસારમાં જે વિશેષતા છે તે જીવભાવને લીધે નથી, પરંતુ ગુણોની વિશેષતાના પ્રયોજક તેવા તેવા તથાભવ્યત્વના હિસાબે છે. મોક્ષ પામતાં સર્વકર્મક્ષયના લીધે બધા જ ગુણો ક્ષાયિક ભાવના બની જાય છે અને ભવ્યત્વનો નાશ થાય છે. આ વસ્તુ એકસરખી દરેકે દરેક મુક્ત બનનાર જીવને બને છે, માટે તેનું કાર્ય જે મોક્ષ-અવસ્થા તે એકસરખી જ હોય.

વ્યવહારમાં પણ જોવા મળે છે કે એક માણસ જન્મથી નિર્ધન અને બીજો ગર્ભશ્રીમંત, એ બેમાં પ્રારંભથી માંડીને જીવનભર તફાવત હોય છે; કેમકે જન્મ-જીવનમાં કારણભૂત દરિદ્રતા પાપપુણ્યને શ્રીમંતાઇમાં ફરક છે; છતાં બંનેનું મૃત્યુ, મૃત્યુ વખતે બંનેની અવસ્થા એકસરખી હોય છે, કેમકે એનું કારણભૂત આયુક્ષય યાને પ્રાણનાશ સમાન છે. કાર્યમાં ફરક કારણના ફરકથી પડે; કારણ એકસરખાં તો કાર્ય પણ એકસરખું. તો પ્રશ્ન થાય કે જો મૃત્યુ સમાન હોય તો પૂર્વાવસ્થા પણ સમાન જોઇએ ને ? ઉત્તર એ છે કે ના, એટલા માત્રથી સમાનતા ન આવે, કેમકે મૃત્યુ-અવસ્થા એ કાંઇ પૂર્વાવસ્થાનું કારણ નથી. પૂર્વાસ્થાના હેતુભૂત તો આયુક્ષય કરતાં જુદાં જ એની પૂર્વના બીજા વિશિષ્ટ કારણો છે, દા. ત. વૈભવ હોવો, ન હોવો, વગેરે. તે અસમાન હોવાથી કારણભૂત-અવસ્થા જુદી બને છે.

અહીં નિર્ધન-શ્રીમંતનું જે એક દૃષ્ટાન્તમાત્ર છે, જેમાં પહેલાં અસમાનતા છતાં મૃત્યુ સમાન હોય છે, (કેમકે પ્રાણનાશ સમાન છે.) બાકી પ્રસ્તુતમાં બીજા જીવો અને મુક્તાત્માની સાથે એ દૃષ્ટાન્તને બીજી કોઇ સમાનતા નથી. કારણ ત્યાં મૃત્યુમાં તો માત્ર આયુષ્યકર્મનો નાશ થાય છે, જ્યારે મોક્ષમાં સર્વ કર્મનો નાશ છે. વળી ત્યાં વૈભવની અસમાનતા પૂર્વના કારણોની અસમાનતાથી છે, ત્યારે અહીં તો અનાદિ કાળથી મૂળગત ભવિતવ્યતાની અસમાનતા છે. વળી ત્યાં મૃત્યુ પછી બીજા ભવમાં પાછી અસમાનતા ઊભી થાય છે, જ્યારે અહીં મોક્ષ પામ્યા પછી સદા સમાનતા રહે છે.

આ રીતે અરહંત પરમાત્મામાં વિશિષ્ટ તથાભવ્યત્વના યોગે હોનારા વિશિષ્ટ પરાર્થવ્યસનિતાદિ ગુણોના કારણે સર્વજીવોમાં ઉત્તમ યાને પુરુષોત્તમ છે, એ સિદ્ધ થયું. (૬)

★

૭. પુરિસ-સીહાણું.

[લ૦-] एते च बाह्यार्थसंवादिसत्यवादिभिः साङ्कृत्यैरुपमावैतथ्येन निरुपमस्तवार्हा एवेष्यन्ते 'हीनाधिकाभ्यामुपमा मृषे'तिवचनात् । एतद्व्यवच्छेदार्थमाह 'पुरुषसिंहेभ्य' इति ।

અર્થ:—બાહ્ય પદાર્થ સાથે બરાબર મળતું આવતું હોય એવું જ સત્ય બોલવું એમ માનનારા સાંકૃત નામના વાદીના શિષ્યો ઇચ્છે છે કે–'આવા (પુરુષોત્તમ અર્હત્પ્રભુ) પણ ઉપમા વિના જ સ્તુતિ કરવા યોગ્ય છે, કેમકે ઉપમા જૂઠી છે. શાસ્ત્રવચન છે કે હીન અથવા અધિક સાથેની ઉપમા અસત્ય હોય છે.' આ મતનો નિષેધ કરવા માટે કહે છે, 'પુરિસસીહાણું.'

વિવેચનઃ— સાંકૃત્યોનો મતઃ ન્યૂનાધિક ઉપમા ખોટીઃ—

હવે ' પુરિસ–સીહાણું ' પદની વ્યાખ્યા શરૂ થાય છે, એમાં ભગવાનને સિંહની ઉપમા આપવામાં આવે છે.

ત્યારે **સાંકૃત્યો** અર્થાત્ સાંકૃત નામના વાદીના શિષ્યો કહે છે કે " સ્તુતિ કરવા માટે સિંહ, પુંડરીક વગેરેની ઉપમા આપવી, અર્થાત્ ભગવાનને સિંહ વગેરે જેવા કહેવા, એ અસત્ય વચન છે. શાસ્ત્રવચન છે કે–' **हीनाधिकाभ्यामुपमा मृषा**, '–કોઇ ઉપમેય વસ્તુને એનાથી નીચી કે ઊંચી, યાને ગુણોથી ન્યૂન કે અધિક વસ્તુ સાથે ઉપમા આપવી, એની સરખામણી કરવી, યાને કહેવું કે–' એ એના જેવી છે, ' એ જૂઠ છે, જ્યારે ખરેખર બધી રીતે એને બરાબર નથી તો કેમ કહેવાય કે એને સમાન એ છે ? વચન સત્ય તો તે કે જે પોતે કહેલા બાહ્ય પદાર્થ સાથે બરાબર મળતું હોય; અવ્યભિચારી હોય. હજી પણ સમાન ગુણવાળા સાથે સરખામણી થાય; પણ પરમાત્માના સમાન કોઇ છે નહિ. માટે ઉપમા આપ્યા વિના જ એ સ્તવવા યોગ્ય છે, કોઇની ય સાથે સમાનતા દાખવ્યા સિવાય એમનું વર્ણન કરવું જોઇએ. માટે ભગવાનને સિંહ સમાન કહેવા એ અસત્ય છે." આ સાંકૃત્ય-મત છે.

અલબત, નિશ્ચય દૃષ્ટિએ સત્ય વચન તે છે કે જે શુભ ભાવમાં સમ્યક્ પ્રેરનારું હોય, અને અશુભ ભાવમાંથી અટકાવનારું હોય, પછી ભલે તે વચન દેખીતું અસત્ય હોય કે સત્ય. આ પારમાર્થિક દૃષ્ટિ છે, પરમાર્થને પકડે છે. શિકારીને કહેવું કે હરણિયું આ દિશામાં ગયું, એ કથન આમ ભલે સાચું હોય છતાં જીવ-હિંસાનું અર્થાત્ અશુભ ભાવનું પ્રવર્તક હોવાથી પરમાર્થ દૃષ્ટિએ **અસત્ય** ઠરે છે. એવું ઉપલક્ષિયું સાચું ઉચ્ચારવાનું ન હોય. પણ સત્યના એવા સાચા સ્વરૂપની ગવેષણા તો નિશ્ચયદૃષ્ટિ કરે છે. વ્યવહારદૃષ્ટિ તો એટલું જ જુએ છે કે ' કથન જેવું થાય છે તે પ્રમાણે બહાર વસ્તુસ્થિતિ છે ? સત્ય વચન તે કે જે બાહ્ય તેવા પદાર્થ સાથે મળતું હોય; બહારમાં જેવો પદાર્થ, બસ તેવું જ પ્રતિપાદન કરે તે **સત્ય** વચન.' આવી વ્યવહારદૃષ્ટિને અનુસરીને સાંકૃત્યોનો મત છે કે હીન કે અધિકની ઉપમા આપી શકાય નહિ.

આ મતના નિષેધ માટે અર્હત્પ્રભુને ' પુરિસ-સીહાણું ' પદથી સ્તવવામાં આવે છે. પુરુષસિંહને મારો નમસ્કાર હો.

(લ૦-) पुरुषाः प्राग्व्यावर्णितनिरुक्तास्ते सिंहा इव प्रधानशौर्यादिगुणभावेन ख्याताः पुरुषसिंहाः; ख्याताश्च कर्म्मशत्रून प्रति शूरतया, तदुच्छेदनं प्रति क्रौर्येण, क्रोधादीन् प्रति असहमानतया, रागादीन् प्रति वीर्ययोगेन, तपःकर्म्म प्रति वीरतया। अवज्ञैषां परीषहेषु, न भयमुपसर्गेषु, न चिन्तापीन्द्रियवर्गे, न खेदः संयमाध्वनि, निष्प्रकम्पता सद्ध्याने इति।

અર્થ:— 'પુરુષ' એટલે પૂર્વે કહેલી વ્યુત્પતિવાળા (અર્થાત્ આત્મા) તે પ્રધાન શૌર્ય વગેરે ગુણોના અસ્તિત્વથી સિંહની જેમ વિખ્યાત, એ પુરુષસિંહ. વિખ્યાત છે કર્મશત્રુની પ્રત્યે શૂરપણાથી, તેનો ઉચ્છેદ કરવા પ્રત્યે ક્રૂરતાથી, ક્રોધાદિની પ્રત્યે અસહિષ્ણુતાથી, રાગાદિની પ્રત્યે વીર્યસંપન્નતાથી, (ને) તપક્રિયા પ્રત્યે વીરતાથી. એમને પરીસહો પ્રત્યે ઉપર અવગણના છે, ઉપસર્ગોમાં ભય નથી, પાંચે ય ઈન્દ્રિય સંબંધી વિચાર પણ નથી, સંયમમાર્ગમાં ખિન્નતા નથી, અને શુભ ધ્યાનમાં અચલતા છે.

વિવેચનઃ— 'પુરુષસિંહનો અર્થ:—

'પુરુષસિંહ' એટલે સિંહ જેવા પુરુષ. 'પુરુષ' શબ્દની પૂર્વે વ્યુત્પત્તિ કહી છે તે मुजभ पुरमां शयनवाળા યાને શરીરમાં રહેનારા તે આત્મા. એજ પુરુષ, પણ અરહંત ભગવાન સામાન્ય આત્મા નહિ, કિન્તુ સિંહ જેવા પ્રખ્યાત આત્મા છે. આ ખ્યાતિ એમનામાં પ્રધાન કોટિના શૌર્યાદિ ગુણો હોવાને લીધે છે. તે ગુણો આ રીતેઃ—

(૧) **શૂરઃ**—જેમ સિંહ એકલો પણ મોટમોટા હાથીઓથી જરા ય ગભરાયા વિના એમની સામે શૌર્ય દાખવનારો હોય છે, તે એવું કે એ હાથીઓને ગભરાવું પડે, સિંહનો દેખાવ તો શું પણ એની એક ગર્જના માત્રથી હાથીઓના કલેજાં થડથડે; તેવી રીતે, ભગવાન પણ કર્મરૂપી શત્રુઓની સામે શૂર હોય છે, ગમે તેવા એના ભયંકર ઉદયમાં પણ લેશ માત્ર ગભરાયા વિના સામી છાતીએ ઊભા રહેનારા! પ્રભુની અખંડ સૌમ્યભરી દેહ-મુદ્રા તો શું, પણ એમની શાંત સુધારસભરી અચલ નમણી દૃષ્ટિ ય એવી હોય છે કે કર્મના જાણે કલેજાં ફફડાવી નાખે. માત્ર ઉદયમાં આવતાં કર્મ સામે જ શૂર બનેલા હોય છે, એમ નહિ, પણ કર્મના ભાવી ઉદયને પણ જાણે કહે છે. 'આવો, હું ગભરાતો નથી, તમારો અંત લાવવા સજ્જ થયો છું.' એમની આ શૂરતા એટલા માટે પ્રસિદ્ધ છે કે ગમે તેવા ભયંકર કર્મના ઉપદ્રવમાં એ લેશમાત્ર નહિ ડગ્યા, નહિ ડર્યા કે દીન નહિ બન્યાનું પ્રસિદ્ધ છે.

(૨) **ક્રૂરઃ**— આવી શૂરતા ધરાવ્યા પછી બેસી રહેનારા નહિ, પણ જેવી રીતે સિંહ હાથીઓનો ઉચ્છેદ કરવામાં ભારે ક્રૂર હોય છે, તે પ્રમાણે પ્રભુ કર્મ શત્રુઓનો ઉચ્છેદ કરવામાં ભારે ક્રૂર હોય છે, પોતાના કર્મોને પીસી નાખવામાં જરા ય કોમળ નહિ. એનો અર્થ એ, કે ઉદયમાં આવેલા કર્મોને મહાસમતાપૂર્વક કડક મનથી ભોગવી લેનારા, નવા કર્મોને ન પેસવા દેવા માટે કડક મનથી કષાય-ઇન્દ્રિયાધીનતાદિ દરવાજા બંધ રાખી વિશુદ્ધ સંયમ પાળનારા, અને સિલિકમાં રહેલા કર્મોનો નિકાલ કરવા માટે કડક મનથી બાહ્ય-આભ્યન્તર તપમાં મગ્ન રહેનારા.

(૩) **અસહિષ્ણુઃ**— જેમ સિંહ ગમે તેવા દુશ્મનને પણ સહી શકતો નથી, પોતાની ગુફામાં કે નજરમાં એનું અવસ્થાન ચલાવી લેતો નથી, તેમ, પ્રભુ પણ ક્રોધ-માન-માયા-લોભને સહી શકતા નથી, પોતાના હૃદયમાં કે મુદ્રા પર પણ એનું અસ્તિત્વ જરા ય નભાવી લેતા નથી. પોતાનું એકાકી

જ સામ્રાજ્ય એ ચાહે છે, ક્રોધાદિનું નહિ. પ્રલોભનના પ્રસંગમાં કે ગમે તેવી ભયંકર આપત્તિમાં પ્રભુ ક્રોધાદિની સહેજ પણ સહાય લેવા તૈયાર નથી; શરીરે અસહ્ય પીડા ઊઠે, તો ભલે ઊઠે એ એમને સહ્ય છે; પણ ક્રોધાદિ લેશ પણ ઊઠે એ એમને મન અસહ્ય છે; સમજે છે કે આ ક્રોધાદિ ખરા શત્રુ યાને ભાવશત્રુઓએ જ અનંતો કાળ આત્માની ખરાબી કરી છે. તેથી હવે એને નિર્ધારિત હૃદયે દૂર રાખે છે,

(૪) **વીર્યવાનઃ**— અર્હત્પ્રભુ રાગાદિની પ્રત્યે અથાગ વીર્ય પ્રગટાવવામાં સિંહ જેવા છે. સિંહ મોટા હાથીઓની સામે જરા ય પાછી પાની કર્યા વિના પરાક્રમથી લડી એમનો નાશ કરી દે છે, એમ, પ્રભુ પણ રાગ-દ્વેષ-કામ-મોહ-મત્સર વગેરેને ભગીરથ વીર્યથી આક્રમી એ બધાનો ધ્વંસ કરી દે છે. આ પરાક્રમને લીધે ઘરના ખૂણામાં જ નહિ પણ ખુલ્લા મેદાન રૂપી ભલભલા પ્રસંગોમાં પણ રાગાદિ બિચારા મૂઆ પડેલા છે. એવા પ્રચંડ વીર્યથી એમનો એમણે સર્વનાશ કર્યો છે કે અનુકૂળ-પ્રતિકૂળ સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવોમાં એ મને હવે કોઈ મમત્વ કે ઈતરાજી સ્ફુરી શકતા નથી.

(૫) **વીરઃ**—જેમ સિંહ વનવાસ, વનપર્યટન, વગેરે એકલો અને વીરતાથી કરે છે, તેમ અરહંત-દેવ પણ વિહાર તપક્રિયા કોઈની સહાય વિના અને વીરતાથી કરે છે. 'ભૂખ-તરસ લાગશે તો ? દુબળા પડવાનું થશે તો ? તપથી જન્મતી અશક્તિમાં કોઈ મારી જશે તો ?...' આવા આવા કોઈ ભય કે કાયરતા ઉપવાસાદિ તપમાં સેવ્યા વિના, તેમ બીજા પણ અભિગ્રહ-કાય-ક્લેશાદિ બાહ્યતપ અને ધ્યાન કાયોત્સર્ગાદિ આભ્યન્તર તપમાં કાયરતા કર્યા વગર વીરતાભર્યા અખંડ પુરુષાર્થથી એ તપ સાધે છે! વીરતા એવી કે એમાં કોઈ કંટાળો, ઉદ્વેગ, દીનતા, થાક, વગેરે કશું નહિ.

(૬) **અવજ્ઞાવાળાઃ**— જેમ સિંહ શિકારી માનવો કે જન્તુગણને ક્ષુદ્ર ગણી અવજ્ઞાની દૃષ્ટિથી જોતો બેપરવા ચાલે છે, તેમ તીર્થંકર ભગવાન પણ ક્ષુધા-પિપાસા, ટાઢ-તડકો, ડાંસ-મચ્છર, અપમાન-પ્રહાર વગેરે પરીસહોને ક્ષુદ્ર તરીકે અવગણે છે, તુચ્છકારે છે; એના પ્રત્યે બિલકુલ બેપરવા રહી પોતાની સાધનામાં એકચિત્ત રહે છે. પરીસહોની 'હાય ! આ ક્યાં આવ્યા ?' એવી કોઈ હાયવોય નહિ; 'એ ન આવે' કે 'આવેલા જાય,' એવી લેશ ઇચ્છા નહિ; જાણે પોતાને એની સાથે કોઈ નિસ્બત નથી એવી ઉપેક્ષા. પરીસહોને ખૂબ પ્રસન્નતાથી સહી લેવાનો જ જાણે ધંધો !

(૭) **નિર્ભયઃ**— જેમ, સિંહ એકલો અટુલો છતાં મદોન્મત્ત હાથીઓના મોટા ટોળાથી પણ ભય પામતો નથી, એની સાથે ઝગડવામાં લોહીલુહાણ થાય, ફેંદાઈ જાય, તો ય ભયભીત થવાની કે ભાગવાની કોઈ વાત રાખતો નથી, પણ મરણ પર્યન્ત સામનો કર્યે જાય છે, એવી રીતે અરહંત પરમાત્મા પણ પોતાના પર દેવતાઈ, માનવીય કે તિર્યંચના ભયંકર ઉપસર્ગ-ઉપદ્રવો વરસવાની આગાહી હોય, કે સાક્ષાત્ વરસી રહ્યા હોય, તો પણ લેશ માત્ર ભયભીત થતા નથી, ઉલટું એમાં પોતે ગમે તેવી ઘોર પીડાના ભોગ બને, કાયા ક્રૂર રીતે ચૂંથાઈ-ચગદાઈ જાય યાવત્ મરણાન્ત જેવું કષ્ટ વરસે, છતાં નિર્ભયપણે એની સામે સમભાવથી અણનમ ઊભા રહે છે. એમને તો અક્ષય આત્માનું જ ધ્યાન છે.

(૮) **નિશ્ચિન્તઃ**— જેવી રીતે સિંહ પોતાના ખાનપાન કે બીજા વિષયોમાં નિશ્ચિન્ત હોય છે, 'હાય ! મળશે કે નહિ, સારા મળશે કે નહિ, ટકશે કે નહિ...' વગેરે કોઈ ચિન્તા એ કરતો નથી, તેવી રીતે અર્હત્પ્રભુ પણ પોતાની પાંચે ય ઇન્દ્રિયો અંગે નિશ્ચિન્ત હોય છે. એ અંગે એમને કોઈ આસક્તિ તો શું, પણ વિચાર સરખો ય નથી કે ઇન્દ્રિયોને અનુકૂળ મળે છે કે પ્રતિકૂળ ? કેવું મળશે ? અમુક વિના કેમ ચાલશે ? અમુક કયારે મળશે ? આવું કેમ મળ્યું.....?' વગેરે મહિનાના મહિનાઓ ઇન્દ્રિયોને રુચિકર ન મળ્યું, ને અરુચિકર જ મળે ગયું, છતાં પોતાના આત્મચિંતનમાં રક્ત પ્રભુને એનો કોઈ વિચાર સરખો નથી. ઇન્દ્રિયોની રુચિ સમાલવાનું જીવન જ એમણે પડતું મૂકયું છે.

(૯) અખિન્નઃ—જેમ સિંહ પોતાના માર્ગ અને કાર્યમાં ખેદ-કંટાળો લાવતો નથી, લાગ્યે જ એ ઉદ્વિગ્ન હોય છે, તેમ અરહંતદેવે પણ સંયમમાર્ગની સાધનાને જ પોતાનું કાર્ય બનાવ્યું હોઈને એમને તેમાં કદી ય ખેદ, કંટાળો, ઉકળાટ, ઉદ્વેગાદિ થતા નથી. એ સદા પ્રસન્ન અને પ્રશાન્ત હોય છે. સંયમ-માર્ગમાં અહિંસાદિ મહાવ્રત અને સમિતિ-ગુપ્તિનું પાલન, ભિક્ષાચર્યા, વિહાર, કાયોત્સર્ગ વગેરે આવે. એમાં એમ નહિ કે પ્રારંભમાં સારી પ્રસન્નતા, અને પછી કષ્ટ, લંબાણ, ઉપદ્રવાદિ કારણે એ ઓછી ઓછી થતી આવે. ના, એ તો સદા પ્રસન્નતા, એકસરખી તો શું, પણ વધતી પ્રસન્નતા!

(૧૦) નિષ્કંપઃ—જેવી રીતે સિંહ પોતાના ઇષ્ટ કાર્યમાં ચંચળ નહિ પણ સ્થિર હોય છે, એવી રીતે અર્હદ્ ભગવાન પણ ધ્યાનમાં અત્યંત સ્થિર રહે છે; એમાં લેશમાત્ર ચંચળતા નહિ, સહેજ પણ સ્ખલિત થવાની વાત નહિ. વચમાં કોઇ પણ બીજે સૂક્ષ્મ વિચાર કે બીજું કાર્ય ન પેસી શકે એટલી બધી એમની ધ્યાન-દૃઢતા હોય છે. મોટમોટા પરીસહો કે ઉપસર્ગોની ઝડી વરસતી હોય, તે ય દીર્ઘકાળ સતત ચાલુ હોય, તો પણ એની વચમાં લેશમાત્ર ધ્યાનભંગ થવા ન દેતાં, એ નિશ્ચલ ધ્યાનની ધારામાં મસ્ત હોય છે. આપણે ધ્યાનને ચાહીને કરવું પડે છે, ત્યારે એમણે જાણે એને આત્માના સ્વભાવભૂત બનાવી દીધું હોય છે; જેમ સિદ્ધ વક્તાને વાણી, ને સિદ્ધહસ્ત લેખકને લેખન સહજ બનેલા હોય છે. ધ્યાતા સ્વાત્મા, ધ્યેય કોઈ તત્ત્વ, અને ધ્યાનક્રિયા, એ ત્રણે ય એકરૂપ અભિન્ન બનાવાય તો આ સહજ છે. આ બનાવવા માટે દીર્ઘકાળની ખૂબ આદર-ચીવટવાળી સાધના જોઇએ.

આમ, અરહંત પરમાત્મા સિંહની જેમ શૂર-ક્રૂર-અસહિષ્ણુ-વીર્યવાન-વીર-બેપરવા-નિર્ભય-નિશ્ચિન્ત-અખિન્ન અને નિષ્કંપ હોય છે; માત્ર શૂરતાદિનાં ક્ષેત્ર જુદાં. સાધક આત્માને પૂર્વે કહેલા પરાર્થ-વ્યસનિતાદિની જેમ આ શૂરતાદિ ગુણો કેળવવાની અત્યન્ત આવશ્યકતા રહે છે, જેથી શિયાળિયાની જેમ નહિ, પણ સિંહની જેમ સાધના થઇ શકે. આ ગુણસિદ્ધિ થવા પાછળ મનમાં ચોક્કસ કરેલી માન્યતાઓ ખાસ સહાયક હોય છે. દા. ત.

શૌર્યાદિ લાવનારી વિચારણાઃ—

◆ (૧) આત્માની વિટંબણા અને પરવશતા કરનાર એક માત્ર કર્મદુશ્મન છે; બીજા વિડંબતા હોય તો તે આપણા કર્મના પ્રેર્યા જ. તો બીજાની સામે શૌર્ય દાખવવાને બદલે અનંત અનંતકાળથી આત્માને વિડંબનાર આ કર્મની પ્રત્યે જ શૌર્ય કેળવવું જોઇએ, અવશ્ય કેળવવું જોઇએ. જેથી એનો નાશ થયે સર્વ વિટંબણાનો અંત આવે. બીજા સામે શી આંખ કાઢવી? બીજા દઇ દઇને શી વિટંબણા દઈ શકે? દા. ત. કોઇએ કોઇની આંખ ફોડી તો એટલી આંખથી જ્ઞાન કરવાનું એણે લૂંટ્યું; જ્યારે કર્મે તો મહાશ્રુત-જ્ઞાન-કેવળજ્ઞાનાદિ આવરીને અનંત જ્ઞાન લૂંટ્યું છે. સમજો કે કોઇએ કોઇના કરોડો રૂપિયા લૂંટી લીધા; હવે બાકી રહેલા સો એક રૂપિયામાંથી બીજા કોઇ ૨-૪ રૂપિયા લૂંટી લીધા; તો શું એ લૂંટનાર વિસાતમાં લાગે કે પેલો કરોડો લૂંટી લેનારો? શક્તિ હોય તો શૌર્ય એ કોની સામે દાખવે? બસ, એમ આત્માની અનંત સમૃદ્ધિ લૂંટનાર કર્મની સામે શૌર્ય દાખવવાનું છે. બરૂં સત્ત્વ એમાં બીજે છે, એમ-

◆ (૨) કર્મનો ઉચ્છેદ કરવામાં ક્રૂરતા-કઠોરતા એટલા માટે કરવાની કે એ જો એનો વિપાક નિશ્ચિતપણે બતાવવામાં ક્રૂર હોય છે તો આત્માએ એ નિશ્ચિત વિપાકને સહર્ષ વધાવી લઇ એનો સમૂળ ઉચ્છેદ કરવામાં ક્રૂર કઠોર કાં ન બનવું? એમાં અક્ષય આત્માનું કાંઇ બગડતું નથી. માયકાંગલાગીરીમાં તો નવાં કર્મ ઘુસી જાય છે. તેમ મોક્ષમાર્ગની સાધના દ્વારા કેઈ ઢીલાં કર્મોનો પહેલેથી જ વિધ્વંસ કરવામાં કઠોર કેમ ન થવું? એ માટે પરાક્રમી પૂર્વપુરુષોનો રાહ લેવામાં શોભા છે, કાયરના પંથે તો નાલેશી છે.

◆ (૩) ક્રોધાદિ કષાયો પ્રત્યે અસહિષ્ણુતા, અર્થાત્ એને જરા ય ન ચલાવી લેવાનું સરળ છે, જો એ વિચારવામાં આવે કે એ કષાયોની સહાય લઈ લઈને જ જીવને સંસારની અનંત યાત્રાઓ કરવી પડી છે; તો હવે એ કયાંસુધી? વળી જે કાયા અને બીજા દુન્યવી પદાર્થો ખાતર એ કષાયો સેવાય છે તે જ જો વિનશ્વર છે, અવશ્ય છૂટા પડનારા છે, તો એવા અલ્પજીવીની પાછળ શા સારૂ કષાયો સેવી નિજના સનાતન આત્માને અતિ દીર્ઘ કાળની મલિનતા આપવી? કષાયો સેવતા મનનું તો કાંઈ બગડતું નથી, પણ આત્માના ભાવી દીર્ઘ કાળ દુઃખ-મોહ-દુર્દશાદિના ઘોર અંધકારભર્યા થાય છે. માટે શું આત્મા કે શું મન, એને કષાયોથી ભર્યો ઉકરડો બનાવવાને બદલે ક્ષમા-સમતા-નિસ્પૃહતાદિનું ઉદ્યાન બનાવવું ઘટે. એટલે જ કષાયની આગાહી પણ દેખાય ત્યાં ય આત્મા એની સામે ખળભળી ઉઠી કહી દે-' હવે આ હું નહિ ચલાવી લઉં.'

▲ (૪) રાગદ્વેષાદિ સામે વીર્યની ફોરવણી એટલા માટે કે માનવજીવનમાં મળેલા મોંઘેરા વીર્યથી એ શકય છે, અને વીર્યના એજ સદુપયોગ છે. રાગનાં નિમિત્તો સ્વર્ગમાં અને દ્વેષનાં નિમિત્તો નરક-તિર્યંચ ગતિમાં જેવાં મળે છે તેવા અહીં તો શા મળે છે? તો પછી પેલાની અપેક્ષાએ અહીંના મામુલી નિમિત્તો વખતે રાગદ્વેષને ઉઠવા જ ન દેવાનું વીર્ય ફોરવવું સહેલું છે. એજ સાચું વીર્ય છે. રાગદ્વેષની ગુલામીના વીર્ય તો ક્ષુદ્ર જન્તુથી માંડીને અનાર્ય અજ્ઞાન માનવો સુધીના પણ ફોરવે છે, પણ એમાં શી વડાઇ? માનવજીવન એ તો સંગ્રામક્ષેત્ર છે. સંગ્રામક્ષેત્રમાં શત્રુનાશના પરાક્રમ ન આદર્યા, તો પછી તો પરાજયના દીર્ઘકાલીન દુઃખદ પરિણામો જ ભોગવવાના ને? માટે વીતરાગ ન બનાય ત્યાંસુધી રાગદ્વેષને દાબવામાં જપીને બેસવાનું નહિ.

▲ (૫) તપસાધનામાં વીર એટલા માટે બનવાનું કે એક તો માયકાંગલાગીરીથી કરેલા ત્યાગ-વ્રત-નિયમ-જપ-સ્વાધ્યાય વગેરે તપ, આપણે ભોગ ઘણો આપવા છતાં, અલ્પ ફળ દઈ પૂરા થાય છે, માટે તપને આચરવો તો વીરતાથી કેમ ન આચરવો? બીજું એ વિચારવાનું કે-' તપના અભાવે પરભવે પરમાધામી જેવા મારી કાયાને શું કચડતા'તા? એના કરતાં હું જ અહીં કાયાને તપથી ન કચડું?' એમ કરી તપની સાધનામાં જપીને બેસવાનું નહિ. વિવિધ તપોમાં વીરતા કેળવવાથી આત્માનાં સાચાં સત્ત્વ પ્રગટ થાય છે, વૃદ્ધિગત થાય છે; નવીન કર્મક્ષયોપશમ ખીલે છે, કેઇ જ્ઞાનાવરણાદિ કર્મોના ફુરચા ઉડી જાય છે. એક તપના તાપ અનેકાનેક કર્મપ્રકૃતિઓ ઉપર પહોંચી એને ઓગાળી નાખે છે, અને અચિંત્ય પુણ્યાનુબંધી પુણ્યના થોક ઊભા કરે છે. તપની વીરતાનાં સત્ત્વ તો ઇન્દ્રિય નિગ્રહ-બ્રહ્મચર્ય-સમતાભાવ વગેરે અનેક ગુણોને અવકાશ આપે છે. વીરનો તપ તો આત્મારૂપી સુવર્ણને શુદ્ધ ઝગમગતું બનાવવા અગ્નિતાપ છે.

◆ (૬) પરીસહોથી અર્થાત્ ક્ષુધા-તૃષા, ટાઢ-તાપ, માકણ-મચ્છર, અપમાન-અનાદર વગેરેથી વિહ્વલ બની ખેદ-ઉદ્વેગ કરવાને બદલે જો એમ વિચારાય કે-' આ તો મહાન મોક્ષક્રિયાઓ અને દિવ્યભાવનાઓરૂપી મંત્રસાધનામાંથી ચલિત કરનારા તુચ્છ ભસતા કૂતરાઓ જેવા છે! એના પર લક્ષ ન લઈ જવાય, એને મહત્ત્વ ન અપાય, એનું વારણ કરવા ન મથાય;' તો એના પ્રત્યે અવજ્ઞા-બેપરવાઇ કરવી સરળ છે. પરીસહો તો કર્મના ઉદયે નિર્ધારિત આવવાના; તો અવશ્યંભાવી વસ્તુમાં ફોગટ ઉદ્વેગ, હાયવોય અને કર્મબંધ શા સારૂ કરવા? શા માટે શુભ ભાવના અને સમાધિને બગાડવી? સમાધિ તો અમર ધન છે. એનાથી આ ભવમાં સાચું આંતરસુખ તથા સ્થિર ધર્મપરિણતિ, અને પછીના મોક્ષ સુધીના ભવોમાં સંક્લેશ વિનાની સુખ-સગવડ સાથે ધર્મસાધના ખરીદી શકાય છે. પરીસહ સહર્ષ સહી લેવાથી આત્મા, શરીર અને મન ખડતલ બને છે; તેમજ નાના નાના પણ પરીસહો થોડા પણ કાળ માટે સહર્ષ સહવાનો વારંવાર અભ્યાસ કરવાથી ઉગ્ર પરીસહો સહવાની કક્ષાએ પહોંચવાનું ઘડતર થાય છે.

◆ (૭) ઉપસર્ગોમાં નિર્ભય બનવા માટે પહેલું તો શરીર-આત્માનું પાકું ભેદજ્ઞાન જરૂરી છે. પાકું ભેદજ્ઞાન એ રીતે કે-' હું અર્થાત્ આત્મા શરીરથી તદ્દન નિરાળો છું અને શરીરના ગુણો કરતાં અત્યન્ત વિલક્ષણ ગુણવાળો છું. હું ચેતન અને શરીર જડ ! હું અવિનાશી, શરીર નાશવંત ! હું જ્ઞાન-વૈરાગ્યાદિ ગુણવાળો, ત્યારે દેહ રૂપરસાદિ ગુણવાળો ! હું સ્વરૂપે શુદ્ધ, ત્યારે શરીર મને કર્મથી મલિન કરનારૂ ! હું સ્વકૃત કર્મના ફળ ભોગવાળો, ત્યારે મારૂં આ શરીર કર્મ કરાવે ખરૂં પણ ભોગવવા ન આવે ! મારે તપ, જપ જોઈએ, શરીરને ખાનપાન, મજા-આરામી જોઇએ !...' ઇત્યાદિ જુદ્દાઈ દિલમાં હાડોહાડ વસી જાય, શરીરને શરીરની લપમાંથી કાયમી છૂટકારો ઇચ્છે. બાકી શરીર પર ગમે તેટલા આક્રમણ આવે તો ય શરીરને કાંઇ દુઃખ નથી, દુઃખનો અનુભવ તો આત્મા કરે છે. તેમાં ય શરીર પરના રાગને લીધે હાયવોયથી દુઃખમાં ભારે વધારો કરે છે. ખરી રીતે તો શરીરના ટૂકડા થઈ જાય તો ય આત્માનો એક પ્રદેશ પણ ખરતો નથી. શરીર આખું ય સળગી ભસ્મ થઈ જાય તો પણ આત્માની ગુણસંપત્તિ અખંડ કાયમ રહે છે; અર્થાત્ મનને થાય કે-' જે બળે છે તે હું નથી, ને હું છું તે બળતો નથી, બળે છે તે મારૂં નથી, અને મારૂં છે તે બળતું નથી. ' પછી જીવલક્ષી ઉપસર્ગોમાં ય ભય શો ? ઉલટું એમ થાય કે-' શરીર બળવા-કચરાવામાં શુભ ધ્યાનના જોરે કર્મ બળે છે, કર્મ કચરાય છે. વળી, ઉપસર્ગ કરનારો તો નિમિત્તમાત્ર છે, વેદનાનું ખરૂં કારણ તો મારાં પોતાનાં જ પૂર્વકૃત કર્મ છે; તે પણ એવાં કે આવી વેદના આપીને જ છૂટાં થાય; ને મારે કર્મને છૂટાં તો કરવાં જ છે, તેથી ઉપસર્ગ એ તો કર્મક્ષયના આનંદનો ઉત્સવ છે, એમાં ભય શો ? બીજું, ઉપસર્ગ કરનારો મને કદાચ ગુનેગાર લાગે તો પણ ત્યાં ઉપસર્ગથી ભયભીત થઇ અસમાધિ-દુર્ધ્યાન કરતાં મને નવાં પાપની સજા ચોંટે છે; તો **બીજાના ગુન્હે હું એવી સજા શા માટે વહોરૂં ?** માટે જરા ય ભય વગેરે ન સેવું ' ખરી રીતે તો સુકુમાર ક્ષત્રિયો પણ યુદ્ધમાં નિર્ભયપણે ભાલા-તરવારના ભયંકર ઘા સહર્ષ ખમે છે, તો કર્મના યુદ્ધમાં સાધક પણ નિર્ભયપણે કેમ ઉપસર્ગો ન સહે ?

◆ (૮) પાંચે ય ઇન્દ્રિયોના અંગે કાંઇ જ ચિન્તા એટલા માટે નહિ કે એક તો એને ઇષ્ટ અનિષ્ટ મળવામાં ભાગ્યની ચિટ્ઠિ જ નિયામક છે, પછી આપણી ચિંતા શી કામ લાગવાની છે ? બીજું એ, કે એને ઇષ્ટ-અનિષ્ટ મળે એમાં આપણા આત્માને શા લાભ-નુકશાન થવાના હતા, તે એની ચિંતા કરીએ ? વળી ખરી રીતે તો જેવું મળ્યું તેવું ઇંદ્રિયો તો નભાવી લે છે, પણ આત્મા જ ફોગટ રાગ-દ્વેષ અને હર્ષ-ઉદ્વેગભરી ચિંતા કરીને પોતે જ કર્મથી ભારે થઈ ભવિષ્યના અનિષ્ટને આમંત્રણ દેવા જેવું કરે છે, તેમ, એ પણ વસ્તુ છે કે ઇન્દ્રિયોને અનુકૂળ મળે એમાં કાંઇ આત્માના ગુણો જ્ઞાન-ક્ષમાદિ સમાધિ-વૈરાગ્ય-ચારિત્ર વગેરે વધતા નથી. ઉલટું ઇન્દ્રિયોની ચિંતામાં એમાંનું ગુમાવાનું થાય છે. તો પરની ચિંતા કરી પોતાનું કોણ ગુમાવે ? ઇન્દ્રિયોની કાળજી તો જીવે પોતે અને સ્વજન પરિવારે અનંતા કાળ કરી, છતાં સરવાળે નરકાદિના ઘોર દુઃખ જીવને એકાકી-નિરાધારપણે વેઠવાં પડ્યાં, તો એવી દુઃખદાયી ગોઝારી ઇન્દ્રિયચિંતા હવે કોણ કરે ? યુગ યુગના દુઃખ પીડિત સ્વાત્માની ચિંતા કે જે પોતે અને બીજાઓએ નથી કરી તે જ હવે કરવા યોગ્ય છે, કેમકે તે કરાવનાર ધર્મશાસન-સહિત માનવ-ભવ મળ્યો છે. પણ તે સ્વાત્મચિંતા તો જ થઈ શકશે, જો ઇન્દ્રિયચિંતા પડતી મૂકાશે.

◆ (૯) સંયમમાર્ગમાં ખેદ નહિ પણ પ્રસન્નતા રહેવા પાછળ એ વિચારણા છે કે મોક્ષ-માર્ગની સાધનાની પહેલી ભૂમિકા અ-ખેદ, અનુદ્વેગ, અક્ષેપ છે; અર્થાત્ સાધનાની પ્રવૃત્તિમાં કંટાળો અનુત્સાહ નહિ, પ્રારંભે ઉદ્વેગ નહિ, અને સાધનાકાળે ચિત્તચંચળતા નહિ. ખેદ રહેવાથી સાધનાનું બળ હ્રાસ પામે છે; કેમકે મનોબળ-ભાવનાબળ કે જેના પર સારી સાધના અવલંબે છે, તે જ ખેદથી ઢીલું પડે છે. જો દુઃખદ સંસારયાત્રા દેનારી અર્થ-કામની સાધનાઓ પણ વિના ખેદે અનંતકાળ કરી

છે, તો અનંત સુખમય મોક્ષને દેનારી ધર્મ-સાધનાઓ ખેદ વિના અલ્પ કાળ પણ કાં ન કરવી? ધર્મસાધનામાં ય શ્રેષ્ઠ છે સંયમ-સાધના, એમાં ઉછળતો રસ, વધતો ઉત્સાહ, ને ચઢતી પ્રસન્નતા રખાય તો ખેદ આવે નહિ. જન્મ-મરણાદિ સંસારનો પ્રવાહ અનાદિકાળથી સ્વચ્છંદતા-ઇન્દ્રિયાસક્તિ-હિંસાદિની છૂટ વગેરે અસંયમ પર અસ્ખલિત વહ્યો આવે છે. એ જિનાજ્ઞા-ગુર્વાજ્ઞાનું પારતન્ત્ર્ય, ઇન્દ્રિયનિગ્રહ, અહિંસાદિ વ્રતો અને મન-વચન-કાયાની ગુપ્તિ વગેરે સંયમથી જ અટકે. માનવજીવનમાં જ આ શ્રેષ્ઠ કોટિનું સાધી શકાય એમ છે; એટલે કે માનવભવનું પુણ્ય પહોંચે છે ત્યાંસુધી જ આ પુરુષાર્થને અવકાશ છે, એ પુણ્ય ખૂટયે પુરુષાર્થ નહિ થઇ શકે, માટે માનવજીવનમાં સંયમ જ કર્તવ્ય છે. અસંયમથી સંતાપ, ભવવૃદ્ધિ, કર્મવિટંબણાદિ વધે છે; ત્યારે સંયમથી અહીં પણ ચક્રવર્તી કરતાં ય સાચું મહાન આંતર સુખ, ને કર્મશોષણ, તથા પછી ભવહ્રાસ અને મોક્ષનિકટતા મળે છે. આત્માને માટે આવા અનંત આશીર્વાદભૂત સંયમને જ આત્માનો જે સ્વભાવ માની લેવાય, ખરું જીવન સમજી લેવાય તો પછી એમાં ભારે રસ રહેશે, ખેદ નહિ ઉઠે, ઉલટું જેમ જેમ સંયમસાધનામાં આગળ વધાશે તેમ તેમ કષ્ટ અને વિઘ્નોની વચમાં પણ વિદ્યાસિદ્ધિની નજીક પહોંચતા વિદ્યાસાધકની જેમ પ્રસન્નતા વધતી રહેશે! કેમકે ખ્યાલ છે કે સંયમથી જે કર્મનાશ કરવો છે તે કષ્ટ વગેરેથી સારો થઇ રહ્યો છે, અને મોક્ષનું સ્ટેશન નજીક આવી રહ્યું છે; પછી ખેદ શા સારૂ?

▲ (૧૦) ધ્યાનમાં નિષ્કંપતા એટલા માટે, કે આ વિશ્વમાં મન એકાગ્ર બની શુભધ્યાનની તાલી લાગવી એ અત્યંત દુર્લભ છે; કેમકે આત્માને કાં તો એકેન્દ્રિયપણાના અવતારથી માંડી ઠેઠ અસંજ્ઞી પંચેન્દ્રિયપણાના અવતાર સુધીમાં મન જ મળતું નથી, અથવા તો જે સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં મન મળે છે તો એની સામે વિશ્વની એટલી બધી અઢળક વસ્તુઓ, એકેક વસ્તુના એટલા બધા ઇષ્ટાનિષ્ટ લાગતા અઢળક ધર્મો અને વિશ્વના એટએટલા અપરંપાર બનાવો ઉપસ્થિત થાય છે કે મન કચરાપટ્ટી વિચારો દ્વારા વિદ્યુતવેગી ગતિથી ભારે ચંચળતાપૂર્વક ફર ફર કર્યા જ કરે છે. આવી અંધકારમાં બાથોડિયા ભરવા જેવી પરિસ્થિતિમાં શુભ ધ્યાનના મંગળ પ્રભાત કયાં જોવાના મળે? અને જે અહીં ઊંચા માનવભવમાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના જ્વલંત તેજોમય તત્ત્વપ્રકાશ મળવાના પ્રતાપે એ ધ્યાનની તક લાધી છે તો પછી એની વચમાં પેલા કચરાપટ્ટી વિચારો મનમાં કાં ઘાલવા? પ્રશ્ન થાય કે વચમાં ભલે અશુભ વિચારો ન લવાય, પણ બીજા શુભ વિચાર આવે તો શો વાંધો? ઉત્તર એ છે કે જેમ બરાબર તેમ બીજા ત્રીજા સારા વિચાર પણ એકાગ્ર નિશ્ચલ ધ્યાનમાં એક ડખલ જ છે, એ ધ્યાનની ધારાને તોડી નાખે છે, ધ્યાનમાં આત્માની જે સ્થિરતા થવા પામતી હતી તેને અટકાવી, આત્માને માથે ચઢી બેઠેલી પિશાચી ચળવિચળતાને અખંડ નાચવા દે છે. જેમ ખેતરમાં ઉગેલા રોપાને એક સ્થાનેથી ઉખેડી બીજે, બીજેથી ત્રીજે, ત્રીજેથી ચોથે...એમ ફેરવ્યા કરે તો ફળ આવતું નથી, એમ મનને બીજા ત્રીજા વિચારમાં ફેરવ્યા કરવાથી ફળ નીપજતું નથી. માટે શુભ ધ્યાનની વચમાં બીજા ત્રીજા શુભ પણ વિચારને ન પેસવા દેતાં એ ધ્યાનને સ્થિર-નિશ્ચલપણે ચાલુ રાખવું ઘટે. નિશ્ચલ ધ્યાનથી આત્મા સ્થિર થાય છે, ઠરે છે, તેથી કર્મ વગેરેનો કેટલો ય કચરો શમી જાય છે. ધ્યાનના સહારે તો ધર્મનાં અનુષ્ઠાન મહામૂલ્યવાન બની અચિંત્ય પ્રભાવવંતા ફળ આપે છે, યાવત્ ઊંચા શુકલધ્યાન સુધી ચઢી ગયે સમસ્ત ઘાતી કર્મોનો નાશ થઇ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

(લ૦) न चैवमुपमा मृषा, तद्द्वारेण तत्त्वतः तदसाधारणगुणाभिधानात्। विनेयविशेषानुग्रहार्थमेतत्, इत्थमेव केषाञ्चित्प्रतिपत्तिदर्शनात्। चित्रो हि सत्त्वानां क्षयोपशमः, ततः कस्यचित् कथञ्चिदाशयशुद्धिभावात्। यथाभव्यं व्यापकश्चानुग्रहविधिः, । उपकार्यात् प्रत्युपकारलिप्साभावेन

महतां प्रवर्त्तनात् । महापुरुषप्रणीतश्चाधिकृतदण्डकः, आदिमुनिभिरर्हच्छिष्यैर्गणधरैः प्रणीतत्वात् । अत ए–वैष महागम्भीरः, सकलन्यायाकरः, भव्य प्रमोदहेतुः, परमार्षरूपो निदर्शनमन्येषामिति न्याय्यमेतद् यदुत पुरुषसिंहा इति ॥

અર્થ:—'ઉક્ત પ્રકારે તો આ ઉપમા મૃષા છે'– એવું નથી. કેમકે એ ઉપમા દ્વારા તે 'સિંહ'ના અસાધારણ ગુણ (અહીં રહ્યાનું) કહેવું છે, આ કથન તેવા શિષ્યોના ઉપકાર માટે છે. કેમકે એજ રીતે કેટલાકોને બોધ થવાનું દેખાય છે. જીવોનો કર્મક્ષયોપશમ જુદી જુદી જાતનો હોય છે, તેથી કોઈને કોઇક રીતે અંતરના ભાવની શુદ્ધિ નીપજે છે. ઉપકાર-વિધિ તો ઉપકાર્ય અર્થાત્ ઉપકાર ઝીલનારની યોગ્યતાનુસાર અને સર્વગામી હોય છે; કેમકે ઉપકાર્ય તરફથી પ્રત્યુપકાર લેવાની ઇચ્છા વિના જ મહાન પુરુષોની ઉપકાર પ્રવૃત્તિ થાય છે; ને પ્રસ્તૃત 'પ્રણિપાત દંડક' (નમોત્થુણં) સૂત્ર મહાપુરુષે રચેલું છે. કેમકે તીર્થંકર પ્રભુના શિષ્ય આદિમુનિ ગણધરદેવોએ એ રચેલું છે. એટલા જ માટે એ (સૂત્ર) મહાગંભીર છે, સમસ્ત દૃષ્ટાન્તોની ખાણ છે, ભવ્ય જીવોના પ્રમોદનું કારણ છે, પ્રમાણભૂત ઋષિવચન છે, અને બીજાઓને દૃષ્ટાન્તભૂત છે. તેથી એ યુક્તિયુક્ત છે કે ભગવાન પુરુષસિંહ છે.

વિવેચનઃ— ભગવાનને સિંહની ઉપમા આપીને સાંકૃત્યોના ' હીન કે અધિક સાથે સરખામણી કરવી, એ અસત્ય છે,' એવા મતનો જે નિષેધ કર્યો તે આ રીતે—

સાંકૃત્યમતનું ખંડનઃ— સિંહ જેવા સાથે સરખામણી કરવી, અર્થાત્ એક હીન પ્રાણીની ઉપમા આપવી એ અસત્ય નથી; કેમકે ભલે ત્યાં બાહ્ય પદાર્થ જોતાં સર્વથા સમાનતા નથી, પરંતુ સિંહની ઉપમા દેવા દ્વારા, શબ્દ–વ્યવહારની દૃષ્ટિએ નહિ, કિન્તુ પરમાર્થની દૃષ્ટિએ અર્થાત્ તાત્પર્યની દૃષ્ટિએ ભગવાનના, બીજે કયાં ય ન દેખાતા એવા શૌર્યાદિ **અસાધારણ** ગુણોનો બોધ કરાવવો છે. સામાન્ય માણસોને સિંહનું નામ સાંભળતાં હાથી જેવા બીજા પ્રાણીમાં ન મળે એવી શૂરતા, ક્રૂરતા વગેરે ઝબકારે ધ્યાનમાં આવે છે, એટલે 'ભગવાન સિંહ જેવા છે' એ સાંભળીને વસ્તુગત્યા એ ભાન થાય છે કે બીજા દેવ મનુષ્યોમાં ન મળે એવા ભગવાનમાં ઉત્કૃષ્ટ કોટિના શૌર્યાદિ ગુણો છે. ત્યાં કાંઇ એમ નથી ભાસતું કે–'ભગવાન માનવ નહિ કિન્તુ સિંહ કહેવાય, અથવા ભગવાનને પશુશરીર છે,' ત્યાં તો શબ્દ–પ્રયોગથી વાસ્તવિક શો બોધ થાય છે એ જ જોવાય, શબ્દાર્થ માત્ર નહિ. અહીં પુરુષસિંહ કહેવાથી પ્રભુમાં અસાધારણ ગુણોનું જ્ઞાન થાય છે.

પ્ર૦— પરંતુ એમના અસાધારણ ગુણો કહેવાનો તો બીજો માર્ગ હોય છે, છતાં પણ શા માટે આવો ઉપમાપ્રયોગ કર્યો ?

ઉ૦— અમુક પ્રકારના શિષ્યોના ઉપકારાર્થે એ કર્યો છે. કારણ એ છે કે જેમનું જ્ઞાનાવરણ કર્મ એવું છે કે એનો ક્ષયોપશમ આ રીતના ઉપમાપ્રયોગથી જ થાય, એમની આગળ આવો પ્રયોગ જ રજૂ કરવો જોઇએ. તો જ એમના પર ઉપકાર થાય, અર્થાત્ પ્રભુમાં રહેલા ઉક્ત શૌર્યાદિ અસાધારણ ગુણોનો એમને બરાબર પ્રકાશ થાય. કોઇને આ રીતે પ્રકાશ થવાનું કારણ એ છે કે પ્રકાશનો કારણ-ભૂત જ્ઞાનાવરણાદિ કર્મોનો જે ક્ષયોપશમ, તે જીવભેદે ભિન્ન ભિન્ન તરેહનો હોય છે, કોઇ ક્ષયોપશમ કોઇ ઉપાયથી અને બીજો બીજા ઉપાયથી, એમ પ્રગટનારો હોય છે; પણ નહિ કે બધા જીવોનો ક્ષયો-પશમ એક જ ઉપાયે યા એક જ રીતે થનારો હોય છે. કારણ એ છે કે જગતમાં દેખાય છે કે કોઇ

શિષ્યને ઉપમાની રજુઆત વગેરે દ્વારા ચિત્તની પ્રસન્નતા જન્મે છે, તો બીજાને બીજી રીતે. માટે ઉપમાનું કથન અસત્ય નથી.

પ્ર૦— ઠીક છે, સિંહાદિરૂપ નીચી ઉપમાથી કોઈને ભગવાનના ગુણનો બોધ થતો હોય, પણ તેવી ઉપમા સુંદર તો ન જ ગણાય ને?

ઉ૦— ના, એવું નથી; સુંદર જ છે; કેમકે જે જીવ જે રીતે જ્ઞાનાદિનો ઉપકાર પામી શકે તેવો હોય તેના પર તે રીતે જ ઉપકારવિધિ કરવી જોઈએ. ઉપકારવિધિ યોગ્યતાનુસારે જ થાય. દરદીને યોગ્યતા મુજબનું ઔષધ અપાય છે; બાળ, યુવાન, પ્રૌઢ, વગેરે સાથે યોગ્યતાનુસાર વ્યવહાર થાય છે; તો જ તેને ઉપકાર થાય છે. નહિતર જો એ રીતે ઉપકારવિધિ ન થાય, તો તે બિચારા પર ઉપકાર શી રીતે થાય? અને એવું નથી કે સારી શક્તિવાળા ઉપર જ ઉપકાર કરવો ને મંદ શક્તિવાળા ઉપર નહિ. ઉપકારવિધિ તો વ્યાપક અર્થાત્ સર્વને લાગુ પડે તેવી જ હોય. એટલે જો આવી ઉપમા દેવા દ્વારા જ કોઈને અર્હત્પ્રભુના અસાધારણ ગુણોનો બોધ થતો હોય તો, એ રીતે જ બોધનો મહાન ઉપકારરૂપી ફળ થતું જોતાં, એ રીતમાં અર્થાત્ દેવાતી નીચી કોટિની ઉપમામાં કશું અસુંદરપણું નથી. કહેવાય છે, કે જેનું છેવટ સારું તે સારું. એમ તો પ્રભુના ગુણનો બોધ કરાવવા જે શબ્દો ઉપયોગમાં લેવાય છે, તે શબ્દો તો જડ છે, શુદ્ધ ચૈતન્યમય પરમાત્મા કરતાં નીચી કોટિના છે, છતાં પણ એનો ઉપયોગ અસુંદર નથી ગણાતો.

ઉપર જે કહ્યું કે ઉપકારવિધિ વ્યાપક હોવી જોઇએ, એનું કારણ એ છે કે ઉપકાર કરનાર મહાન પુરુષોને કાંઇ એવું નથી કે-' સારી શક્તિવાળા ઉપર ઉપકાર કરીએ તો એની પાસેથી બદલામાં આપણને કાંઇ મળે, મંદના પર ઉપકાર કરવાથી એની પાસેથી શું મળે?' એમને તો ઉપકાર-પાત્ર પાસેથી ઉપકારનો બદલો લેવાની કોઇ જ અભિલાષા નથી, ઉપરકારમાં સામાને લાભ થવા સિવાય એમનું પોતાનું કોઇ જ પ્રયોજન નથી. એ રીતે જ્યારે નિરીહભાવે જ એ ઉપકારપ્રવૃત્તિ કરે છે, પછી શા માટે એ વેરો-આંતરો રાખે? એ તો સર્વને અનુલક્ષીને જ ઉપ-કારવિધિ કરનારા હોય. ત્યારે પ્રસ્તુત પ્રણિપાતદંડક (નમોત્થુણં) સૂત્રનો ઉપકાર એ કોઇ સ્વાર્થા-ભિલાષીનું નહિ, કિન્તુ નિઃસ્વાર્થ મહાપુરુષનું કાર્ય છે; કેમકે શ્રી અરહંત પરમાત્માના પ્રથમ શિષ્ય મહર્ષિ શ્રી ગણધરદેવોએ એ સૂત્ર રચ્યું છે. જેમ આજે પ્રો૦ આઇન્સ્ટીન જેવો સાયંટીસ્ટ અમુક કહે છે, માટે એ વજનદાર ગણાય છે, તેમ ગણધર ભગવાનનું રચેલું આ સૂત્ર વજનદાર છે. એ મહાપુરુષ નિઃસ્વાર્થપણે વધુ ઓછી શક્તિવાળા વચ્ચે ભેદ રાખ્યા વિના સર્વગામી ઉપકારવિધિ કરનારા હોઇ, ઓછી શક્તિવાળાને ઉપકાર થવા માટે આવશ્યક આવી ઉપમા એ જરૂર વાપરે, તેમાં અનુચિતતા કે દુષ્ટતા-અસુંદરતા જેવું કશું નથી. તેથી ભગવાન પુરુષસિંહ છે એ યુક્તિયુક્ત છે,

પ્ર૦— ગણધરદેવોએ આ (નમોત્થુણં) સૂત્ર રચ્યું છે એમાં પ્રમાણ શું?

ઉ૦— પ્રમાણ એ જ કે આ સૂત્ર-રચના એમની હોવાથી જ આ સૂત્ર (૧) શબ્દ તથા અર્થથી મહાગંભીર છે..., (૨) સમસ્ત પ્રકારના ન્યાયોનો (દૃષ્ટાન્તોનો) ખજાનો છે... (૩) યોગ્ય જીવોને એના પઠન-શ્રવણ-સ્મરણાદિ દ્વારા ભવ્ય ચિત્તાલ્હાદ અર્પે છે,... (૪) પ્રમાણભૂત આર્ષવચન છે,... અને (૫) બીજાં સૂત્રાદિ રચવા હોય તો તે માટે આદર્શ દૃષ્ટાન્ત છે. આ સૂત્રની મહાગંભીરતા વગેરે વિશે-ષતાઓ સૂચવે છે કે એ સામાન્ય પુરુષની કૃતિ ન હોય, પણ બીજા આગમ સૂત્રોની જેમ ગણધર મહર્ષિની જ કરેલી કૃતિ હોય. એટલે ગણધર-રચનાના હિસાબે તથા પૂર્વોક્ત તેવા જીવોને ઉપકાર થવાની દૃષ્ટિએ અરિહંત ભગવાનને સિંહની ઉપમા દીધી તે યુક્તિયુક્ત જ છે. એમ પ્રભુ પુરુષસિંહ સિદ્ધ થાય છે.

★

૮. पुरिसवरपुण्डरीयाणं.

[લ૦–] एते चाविरुद्धधर्माध्यासितवस्तुवादिभिः सुचारुशिष्यैः विरुद्धोपमाऽयोगेनाभिन्नजातीयोपमार्हा एवाभ्युपगम्यन्ते, 'विरुद्धोपमायोगे तद्धर्मापत्त्या तदवस्तुत्वमि'तिवचनात्। एतद्व्यपोहायाह 'पुरुषवरपुण्डरीकेभ्यः' इति।

અર્થ:—'આ પણ (ભગવાન) સમાન જાતિવાળાની ઉપમાને યોગ્ય છે, કેમકે વિજાતીયની સરખામણી ઘટતી નથી, એવું સુચારુવાદીના શિષ્યો સ્વીકારે છે. તેઓ (માત્ર) અવિરુદ્ધ અર્થાત્ એક જ જાતની વસ્તુના ધર્મથી યુક્ત વસ્તુનું પ્રતિપાદન કરનારા છે; કેમકે 'વિજાતીયની ઉપમાને જોડવામાં તો તેના ધર્મની (આ વસ્તુમાં) આપત્તિ આવવાથી આ અવસ્તુ બની જાય,' એવું (એમનું) શાસ્ત્રવચન છે. આ મતનું નિરાકરણ કરવા માટે કહે છે **'पुरिसवरपुंडरियाणं.'**

વિવેચનઃ—

હવે 'पुरिसवरपुंडरीयाणं' પદની વ્યાખ્યા કરવામાં આવે છે. આ પદ સુચારુ નામના વાદીના શિષ્યોના મતનો નિષેધ કરવા માટે છે.

સુચારુશિષ્યમત : વિજાતીયની ઉપમા ન અપાય :—

સુચારુવાદીના શિષ્યો કહે છે કે–" વસ્તુમાત્ર પોતાની સમાન જાતિની વસ્તુના જ સ્વભાવોથી સ્પર્શેલી હોય છે, બીજી જાતની વસ્તુના ધર્મોથી નહિ. ત્યારે કોઇ વસ્તુને બીજી વસ્તુની ઉપમા આપતા હોઇએ, તેમાં એ નિશ્ચિત થાય છે કે ઉપમાનભૂત એ બીજી વસ્તુ મૂળ વસ્તુની અર્થાત્ ઉપમેય વસ્તુની અપેક્ષાએ જો સમાન જાતિની નહિ પણ ભિન્ન જાતની હોય તો ઉપમા ઘટી શકે નહિ; દા. ત. પંચેન્દ્રિય માનવની અપેક્ષાએ કમળ એ એકેન્દ્રિય અર્થાત્ ભિન્ન જાતનું હોવાથી એની ઉપમા માનવને ઘટે નહિ, માટે આપી શકાય નહિ. માનવને માનવની ઉપમા અપાય. એટલા જ માટે તીર્થંકર ભગવાનને એમના જેવા બીજા કોઇ મનુષ્યની જ ઉપમા આપવી યોગ્ય છે; પણ નહિ કે કમળની.

પ્ર૦— ભિન્ન જાતની વસ્તુની ઉપમા દેવામાં શો બાધ?

ઉ૦— બાધ એ, કે એમ નિરૂપણ કરવા જતાં વસ્તુ જ અવસ્તુ ઠરશે. કારણ એ છે કે શાસ્ત્ર કહે છે કે ભિન્ન જાતની વસ્તુની ઉપમા આપો અર્થાત્ વિજાતીય વસ્તુ સાથે સરખામણી કરો ત્યાં એ સરખામણીના હિસાબે ભિન્ન જાતીય ઉપમા-વસ્તુના જેવા સ્વભાવ આમાં હોવાની આપત્તિ આવવાની. દા. ત. જો તીર્થંકરને કમળ સાથે સરખાવો, કમળ જેવા કહો, તો કમળ તો એકેન્દ્રિય જાતિનું હોવાથી તીર્થંકરમાં એકેન્દ્રિયપણાનો સ્વભાવ હોવાની આપત્તિ આવશે; ને એટલે તો પછી એ થયું કે એ પંચેન્દ્રિય ય ખરા, ને એકેન્દ્રિય ય ખરા! એનો અર્થ જ એ કે એ કોઇ વસ્તુ જ નહિ રહે; તીર્થંકર

વસ્તુ જ અવસ્તુ બની જાય! કેમકે પંચેન્દ્રિયપણા સહિત એકેન્દ્રિયપણાના ધર્મવાળી કોઇ વસ્તુ જ સંભવતી નથી. માટે ફલિત એ થાય છે કે સમાન જાતીય વસ્તુની જ ઉપમા આપી શકાય."

ઉક્ત મતના નિરાકરણાર્થે:— સુચારુ શિષ્યોના આ મતનું નિરાકરણ કરવા અર્થાત્ આ મત વાસ્તવિક નથી એ સૂચવવા અહીં અરિહંત પરમાત્માને 'પુરિસવરપુંડરીયાણું' પદથી સ્તવવામાં આવે છે.

પ્ર૦— આ પદને ઇષ્ટ જે નિરાકરણ, તે પૂર્વના 'પુરિસસીહાણું' પદથી થઈ જ જાય છે, અર્થાત્ આ પદ વિજાતીય ઉપમાનો યોગ ન થઇ શકવાના જે મતનું ખંડન કરે છે, તેનું ખંડન તો પૂર્વના 'પુરિસસીહાણું' પદથી થઇ જ જાય છે; કેમકે જો સિંહની ઉપમા પણ એક પશુની ઉપમા હોવાથી વિજાતીય છે જ છતાં એ થઇ શકે છે, તો એમાં એ આવી જ જાય છે કે કમળરૂપી વિજાતીય વસ્તુની ઉપમા પણ થઇ શકે. તો પછી આ પદ મૂકવાનું કોઇ નવું પ્રયોજન તો ન રહ્યું, તો શા માટે આ પદ મૂકયું. ?

ઉ૦— 'પુરિસસીહાણું' પદ તો 'સ્તુતિ ઉપમા વિના જ કરવી જોઇએ' માત્ર એટલા મતનો નિષેધ કરવામાં ઉપયોગી છે, પરંતુ 'સ્તુતિ ઉપમાથી થઈ શકે કિન્તુ સજાતીય ઉપમાથી, વિજાતીય ઉપમાથી નહિ,' એ મતનો નિષેધ કરવામાં નહિ. એટલે એના માટે 'પુરિસવરપુંડરીયાણું" પદ લીધું.

(લ૦—) पुरुषाः पूर्ववत्, ते वरपुण्डरीकाणीव संसारजलासङ्गादिना धर्म्मकलापेन पुरुषवरपुण्डरीकाणि। यथा पुण्डरीकाणि पङ्के जातानि, जले वर्द्धितानि तदुभयं विहाय वर्त्तन्ते, प्रकृतिसुन्दराणि च भवन्ति, निवासो शुचन-लक्ष्म्याः, आयतनं चक्षुराद्यानन्दस्य, प्रवरगुणयोगतो विशिष्टतिर्यग्नरामरैः सेव्यन्ते, सुखहेतूनि भवन्ति च...तथैतेऽपि भगवन्तः कर्म्मपङ्के जाताः, दिव्य भोगजलेन वर्द्धिताः, तदुभयं विहाय वर्तन्ते, सुन्दराश्चातिशययोगेन, निवासो गुणसम्पदः (प्र०....दां), हेतवो दर्शनाद्यानन्दस्य, केवलादिगुणभावेन भव्यसत्त्वैः सेव्यन्ते; निर्वाणनिबन्धनं च जायन्त इति।

અર્થ:— 'પુરુષનો' અર્થ પૂર્વની જેમ. તે અરિહંત સંસારરૂપી જળના અસંગ વગેરે ધર્મસમૂહના કારણે શ્રેષ્ઠ કમળ જેવા, માટે પુરુષવરપુંડરીક છે. જેવી રીતે કમળ કાદવમાં જન્મેલા, ને પાણીમાં વધેલા (છતાં) તે બંનેને છોડીને રહે છે, સહજ રીતે સુંદર હોય છે, જગતની લક્ષ્મીનું નિવાસ છે, (લક્ષ્મી દેવી કમળ પર રહે છે,) ચક્ષુ વગેરેના આનંદનું સ્થાન છે, શ્રેષ્ઠ ગુણોના યોગે વિશિષ્ટ તિર્યંચ, મનુષ્ય અને દેવો વડે સેવાય છે, અને સુખનું કારણ બને છે, તેવી રીતે આ અર્હત્ ભગવાન પણ કર્મરૂપી કાદવમાં જન્મેલા અને દિવ્ય ભોગોરૂપી પાણીથી ઉછરેલા (છતાં) તે બંનેને છોડીને રહે છે, અતિશયોના યોગે સુંદર હોય છે, ગુણોની સંપત્તિના નિવાસ છે, સમ્યગ્દર્શનાદિ-સ્વરૂપ આનંદના કારણ બને છે, કેવળજ્ઞાનાદિ ગુણોની હયાતીથી ભવ્યાત્માઓ વડે સેવાય છે, અને (પરમ સુખમય) મોક્ષનું કારણ થાય છે.

વિવેચનઃ— 'પુરુષવરપુંડરીક'માં 'પુરુષ' એટલે, પૂર્વે કહ્યા મુજબ, જીવ. તે જ શ્રેષ્ઠ પુંડરીક-કમળ જેવા છે, માટે અરિહંતનો આત્મા પુરુષવરપુંડરીક કહેવાય છે. એ કમળ સમાન એટલા જ માટે, કે જેમ કમળને જળનો સંગ નથી, એ જળને અડતું નથી, એ સહજ સુંદર છે,...ઇત્યાદિ વિશિષ્ટ ધર્મો એનામાં છે, તેવી રીતે અરિહંતદેવમાં સંસારરૂપી જળનો સંગ નહિ; અદ્ભુત સૌંદર્ય,...વગેરે સમાનતાવાળા વિશિષ્ટ ધર્મો છે. તે આ રીતે:—

ધર્મોની સમાનતા

	૧	૨	૩	૪	૫	૬	૭	૮
પુંડરીકઃ-	કાદવમાં જન્મ	પાણીમાં વૃદ્ધિ	બંનેથી બહાર	સહજ સુંદર	લક્ષ્મીનું નિવાસ-સ્થાન	ચક્ષુ આદિને પ્રીતિકર	વિશિષ્ટ ગુણી તિર્યંચ-નર-દેવથી સેવ્ય	સુખનું કારણ
અરિહંત પ્રભુ :—	કર્મમાં જન્મ	સંસાર-ના દિવ્ય ભોગમાં વૃદ્ધિ	બંનેથી બહાર	અતિ-શયોથી સુંદર	વિશિષ્ટગુણ સંપત્તિના નિવાસ	સમ્યગ્દર્શ-નાદિરૂપ આનંદકારી	કેવળજ્ઞાનાદિ ગુણી ભવ્યોથી સેવ્ય	મોક્ષનું કારણ

કાદવ-પાણીથી મુક્તઃ— જેવી રીતે શ્રેષ્ઠ કમળો પહેલાં કાદવમાં જન્મે છે, અને પછી પાણીમાં મોટાં થાય છે; તેમ અરિહંત થનાર આત્મા પહેલાં કર્મમાં જન્મ પામે છે, અર્થાત્ મનુષ્યગતિ-ઔદારિક શરીર, મનુષ્ય-આયુષ્ય વગેરે નામનાં કર્મનો ઉદય થાય એ જન્મરૂપ છે, માટે પ્રભુનો જન્મ કર્મમાં થયો ગણાય છે; અને સંસારના દિવ્ય ભોગોરૂપી પાણીમાં એ ઉંમરે વધે છે. દેવતાઓ એમની સેવામાં જે અલૌકિક ભોગ-સામગ્રી ખડી કરે છે, એનો ઉપભોગ કરતાં એ ઉંમરે મોટા થાય છે. પરંતુ જેમ કમળો પૂર્ણરૂપે તૈયાર થતાં કાદવ અને પાણી બંનેને છોડી ઊંચે આવી રહે છે, ત્યાં બેમાંથી એકેયનો એમને સંપર્ક નથી, તેમ અરિહંત મોહનીયાદિ કર્મકિચડ અને દિવ્ય ભોગજળ બંનેને છોડી ઊંચે વિરતિભાવ, વીતરાગભાવ, અને સર્વજ્ઞતામાં આવી રહે છે. ત્યાં હવે શરીરાદિ-કર્મનો સંબંધ છે તે તો કમળની નીચેની ડાંડી (નાળ) માત્રના સંબંધ છે જેટલો જ; બાકી આત્મા તો વીતરાગ-સર્વજ્ઞભાવમાં મગ્ન હોય છે. બીજાઓ પરમાત્માનું નામ લે છે, પણ એમને ભોગના સંસર્ગવાળા અને ક્રોધ-માનાદિ કર્મથી લેપાયેલા માને છે. ત્યારે એમ થાય કે ક્યાં આ કર્મ-ભોગથી લિપ્ત દશા ! અને ક્યાં પેલી કમળ જેવી આ કર્મ-ભોગથી અલિપ્ત વાસ્તવ પરમાત્મદશા ! પરમાત્માની આહારવિધિ પણ તદ્દન નિરાસંગ-ભાવવાળી હોય છે. સંસાર છોડી અણગાર મુનિ બને છે, ત્યારે પણ તપની વચમાં પારણું કેવું ? કોઈ જ લાલસા વિનાનું. અરે ! આહાર ન મળ્યો તો ય કોઇ ઉદ્વેગ નહિ, એજ શુભ ભાવોલ્લાસથી પાછા વળી એટલી જ ઉલ્લસિત કાઉસ્સગ્ગ-ધ્યાનાદિ સાધનામાં રહેવાનું ! એનું નામ ભોગથી બહાર નીકળી ગયેલા. આસક્તિ હોય તો બહારના વિષયો તો શું, પણ કાયા ય ભોગનું સાધન બને. પ્રભુને એ નથી, તેમ ભયંકર દેવતાઈ વગેરે ઉપસર્ગમાં પણ ઉપશમ ને આત્મધ્યાનથી લેશ માત્ર ચલિતતા નથી; અર્થાત્ મોહનીયાદિ કર્મના સંગથી ય એ પર છે.

સહજ સૌંદર્ય : ગુણલક્ષ્મીનિવાસઃ— જેમ કમળમાં સ્વાભાવિક સુંદરતા છે, તેમ અર્હત્પ્રભુમાં ચોત્રીસ અતિશયોના યોગે બાહ્ય અને આભ્યન્તર બંને પ્રકારની સુંદરતા હોય છે. બાહ્ય સુંદરતામાં ઇન્દ્રો કરતાં ય અનંતગુણું ઊંચું અનુપમ રૂપ-લાવણ્ય, જીવનભર રોગ-પસીનો વગેરે નહિ, મુદ્રા મહાસૌમ્ય અને ઉપશમભરી, અષ્ટ પ્રાતિહાર્યની શોભા,...વગેરે હોય છે. આભ્યન્તર સૌંદર્યમાં અનંત જ્ઞાનાદિ, ને ક્ષાયિક ક્ષમાદિના સૌંદર્ય હોય છે. વળી જેવી રીતે કમળ પર શ્રીદેવીનો વાસ છે, તેવી રીતે પરમાત્મામાં કૈવલ્યલક્ષ્મી અને અન્ય સર્વોચ્ચ કોટિના ગુણોની સંપત્તિનો વાસ છે. '**ગુણ સઘળા અંગીકર્યા, દૂર કર્યા સવી દોષ લાલ રે.**' કેવાં અદ્ભુત સૌંદર્ય અને કેવી અલૌકિક ગુણસંપત્તિ ! આ બંનેના ધ્યાન અને ગુણગાનમાં ચઢી જઈએ તો સમય ક્યાં ચાલ્યો જાય છે, એની ખબર ન પડે, અને ' ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ. '

સમ્યગ્દર્શનાદિ-આનંદના દાતાઃ—શ્રેષ્ઠ કમળ જોનારની ચક્ષુ વગેરેને આનંદ આપે છે; એને જોતાં આંખ પ્રફુલ્લિત થઈ એના પર ઠરી જાય છે, એની ગંધથી નાક સુવાસમાં તરબોળ બને છે, આ બેના

યોગે મન ભારે પ્રસન્નતા અનુભવે છે. તાત્પર્ય, કમળ ચક્ષુરાદિ દ્વારા હૃદયને આનંદ અર્પે છે; એવી જ રીતે ભગવાન પણ ભવ્ય જીવોને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ, સમ્યગ્-ઉપશમ, ઇત્યાદિના આનંદના દાતા છે ! સમ્યગ્દર્શનાદિનો આનંદ શો,–આવો પ્રશ્ન 'જડ પદાર્થોનો જ આનંદ હોય' એ ભ્રમણા કરાવે છે. પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે જેમ ખરજવાની ખણજ પર હાથને ઘસવો એ આનંદરૂપ નહિ પણ ખણજનો પ્રતિકાર માત્ર છે, ખણજને ક્ષણવાર મિટાવવારૂપ છે, તેમ જડનો સંયોગ એની પૂર્વે ઊભી થયેલ તૃષ્ણાની ચળનો પ્રતિકારમાત્ર છે, પણ વાસ્તવિક આનંદકારી નહિ. આનંદ તો સમ્યગ્દર્શનાદિનો હોય છે. સમ્યગ્દર્શન પામતાં આત્માને અનાદિની મિથ્યાત્વની પીડા શમવાથી સંસારમાં કદી નહિ અનુભવેલો આનંદ થાય છે. એમ સમ્યગ્જ્ઞાન-ચારિત્ર-તપ-ઉપ-શમથી અજ્ઞાન-અસંયમ-આહાર અને ક્રોધાદિ કષાયોની પીડાના ભાર ઉતરવાથી અદ્ભુત નક્કર આત્માનંદ પ્રગટે છે.

ગુણોએ ભવ્યોથી સેવ્યઃ— જેવી રીતે કમળમાં વિશિષ્ટ ગુણો હોવાથી ભ્રમરરૂપી તિર્યંચો, તથા મનુષ્યો, અને દેવો ય એને સેવે છે, યાવત્ પરમાત્માને પણ એ ચઢાવવામાં આવે છે; એવી રીતે અરિહંત પરમાત્મામાં કેવળજ્ઞાનાદિ વિશિષ્ટ ગુણો હોવાથી એમની ભવ્યાત્મા તિર્યંચો, મનુષ્યો અને દેવો ઉપાસના કરે છે. સિંહ-હરણ સાથે બેસીને અને સ્ત્રીઓ ઊભી ઊભી વૈશ કંટાળા વિના એમને સાંભળે છે. દેવો અને ઇન્દ્રો સ્વર્ગમાંથી દોડી દોડીને આવી ઉપાસના કરે છે. જૈન-જૈનેતર માનવો-ના ત્યાં મહેરામણ ઉભરાય છે. આમ, પ્રભુરૂપી વરપુંડરીકની ભવ્ય જીવો ઉપાસના કરે છે. એમ તો અભવ્ય જીવો પણ એમની દેશનાભૂમિરૂપ સમવસરણમાં આવે છે, પણ તે તો જે ખૂશ થાય છે તે આંખને ઠારનારા અલૌકિક રૂપના સૌંદર્ય પર, અને શ્રોત્રને તૃપ્ત કરનારા મધુર વાણીના સંગીતાદિ ઉપર; એટલે એ તો રૂપ અને વાણીની ઉપાસના થઈ ! જ્યારે ભવ્ય જીવો ઉપાસના કરે છે તે ખુદ અરિહંત પરમાત્માની; કેમકે એમને ભગવાનના કેવળજ્ઞાનાદિ ગુણોનું આલંબન મળવા પર ભવ્યત્વના યોગે ચક્ષુ વગેરે ઇન્દ્રિયોની વિષયતૃપ્તિમાં ન અટવાઈ જતાં આધ્યાત્મિક રુચિ ઊભી થઇ હોય છે. પછી ત્યાં માત્ર 'રૂપ કેવું સુંદર ! કે વાણી કેટલી સરસ !' એટલું જ નથી થતું, પણ સાથે સાથે 'એવા રૂપ-વાણીવાળા પરમાત્મા કેટલા ઉત્તમોત્તમ ! કેવી અદ્ભુત એમની પૂર્વસાધના અને ગુણ-સંપત્તિ ! કેવો અપૂર્વ એમનો હિતોપદેશ !'...એવું એવું થાય છે. ઇન્દ્રિય-વિષયોના આનંદમાંથી છૂટી આધ્યાત્મિક ઉલ્લાસમાં સ્થિત થવા માટે આ જરૂરી છે કે અરિહંત પરમાત્માના ઉપાસક થવું; અર્થાત્ એમનું પરમાત્મ-સ્વરૂપ, એનો અચિંત્ય પ્રભાવ, એમની સાધના, ગુણો, અતિશયો અને ઉપકારના ઉપાસક બનવું.

નિર્વાણ-સુખના હેતુઃ—જેવી રીતે શ્રેષ્ઠ કમળ એ ઉપાસક તિર્યંચો, માનવો અને દેવોને આનંદકારી બને છે, તેવી રીતે અરિહંત પરમાત્મા પણ ઉપાસક ભવ્ય જીવોને પરંપરાએ ઠેઠ મોક્ષ સુધીના પરમ આનંદને દેનારા બને છે. કેમકે મોક્ષના કારણભૂત પ્રાથમિક શુભ અધ્યવસાયથી માંડીને ઉત્તરો-ત્તર સમસ્ત કલ્યાણ અરિહંત પ્રભુના અચિંત્ય પ્રભાવથી સિદ્ધ થાય છે. વિશેષતઃ એ કલ્યાણ સધાવામાં સહકારી કારણ તરીકે જીવાજીવાદિ નવ તત્ત્વની ઓળખ અને મોક્ષ-માર્ગની સમજનો ભવ્ય પ્રકાશ આપવા દિવ્ય વાણીની રેલમછેલ કરી દે છે. ઉપરાંત, માર્ગસાધનામાં અવસરોચિત પ્રેરણા-પ્રોત્સાહન આપે છે, ભવ્ય ભાવના વિકસાવનારી વીતરાગ મુદ્રાનાં દર્શન દે છે. એ બધાથી, કહેવાય કે, એ મોક્ષના અનંત-અવ્યાબાધ સુખના હેતુ છે. આમ, ભગવાન શ્રેષ્ઠ પુંડરીક જેવા છે.

(લ૦–) इति नैव भिन्नजातीयोपमायोगेऽप्यर्थतो विरोधाभावेन यथोदितदोषसम्भव इति। एकानेकस्वभावं च वस्तु, अन्यथा तत्त्वासिद्धेः। सत्त्वामूर्त्तत्वचेतनत्वादिधर्म्मरहितस्य

जीवत्वाद्ययोग इति न्यायमुद्रा । न सत्त्वमेव अमूर्त्तत्वादि, सर्वत्र तत्प्रसङ्गात् ; एवं च मूर्त्तत्वाद्ययोगः । सत्त्वविशिष्टतापि न, विशेषणमन्तरेणातिप्रसङ्गाद् ; एवं च नाभिन्ननिमित्तत्वादते विरोध इति पुरुषवरपुण्डरीकाणि ॥ ८ ॥

અર્થ:—એટલા જ માટે ભિન્ન જાતિની પણ ઉપમા જોડવામાં વસ્તુની દૃષ્ટિએ વિરોધ ન આવતો હોઇને જેવા કહ્યા તેવા (એકેન્દ્રિયાદિ બની જવા રૂપ) દોષનો સંભવ નથી. બીજી વાત એ છે કે વસ્તુ (દ્રવ્ય રૂપે એક અને પર્યાય રૂપે અનેક એમ) એકાનેક સ્વભાવવાળી હોય છે, કેમકે બીજી રીતે (અર્થાત્ એકાન્ત એક સ્વભાવ ધરવામાં) એનું વસ્તુપણું ઘટી શકતું નથી. યુક્તિ મર્યાદા એ છે કે સત્ત્વ, અમૂર્તત્વ, ચેતનત્વાદિ (અનેક) ધર્મથી રહિત (વસ્તુ)માં જીવત્વાદિ હોતા નથી. (ત્યારે) એ પણ નથી કે સત્ત્વ એ જ અમૂર્તત્વાદિ હોય; કેમકે (તો તો) સર્વત્ર અમૂર્તત્વાદિની આપત્તિ આવે; અને એમ તો (પછી) મૂર્તત્વાદિ કયાં ય સંભવિત ન રહે. (તેમ) વિશિષ્ટ સત્ત્વ એ અમૂર્તત્વાદિ છે એવું પણ નથી; કેમકે કોઈ વિશેષણ વિના (સત્ત્વમાં વિશિષ્ટતા આવતી હોય તો તો એ વિશિષ્ટતાનો) અતિપ્રસંગ થઈ જાય. આમ વિરોધ નથી આવતો, સિવાય એક જ નિમિત્તના કારણે. એ રીતે પુરુષવરપુંડરીક સિદ્ધ થાય છે.

વિવેચનઃ— ભિન્ન જાતિની ઉપમા પ્રામાણિક છેઃ—

વસ્તુ માત્ર એકાનેક સ્વભાવવાળી છેઃ— સંસાર-જળનો અસંગ વગેરે ધર્મસમૂહના કારણે પ્રભુ શ્રેષ્ઠ કમળ જેવા છે, ભલે કમળ ભિન્ન જાતીય છે. તેથી જ વસ્તુસ્થિતિની દૃષ્ટિએ આ ઉપમા દેવામાં કોઇ વિરોધ નથી ઊભો થતો. વસ્તુસ્થિતિ એ જ કે અર્હત્પ્રભુના કેટલાક ધર્મોમાં કમળના કેટલાક ધર્મોની અસમાનતાની જેમ કેટલાકની સમાનતા ય છે. કમળની આકૃતિ, એનું એકેન્દ્રિયપણું, એનો અત્યલ્પ ચૈતન્યવિકાસ, વગેરે ધર્મોની અસમાનતા છે. કમળના એ વિશેષ ધર્મ છે. પ્રભુમાં તેવા ધર્મો નથી. જ્યારે, બંનેમાં પંક અને જળમાં જન્મ-ઉછેર છતાં, અસંગ અને સહજ સૌંદર્ય વગેરે વગેરે ધર્મોની સમાનતા છે. કમળની જેમ પ્રભુમાં તેવા ધર્મો છે. એ બન્નેના સામાન્ય ધર્મ કહેવાય. પ્રભુમાં કમળની ઉપમાથી લાભતા સંસાર જલ-અસંગ વગેરે ધર્મનો પંચેન્દ્રિયપણું આદિ ધર્મ સાથે કોઇ વિરોધ નથી આવતો. આ વસ્તુસ્થિતિ પરથી એ સિદ્ધ થાય છે કે,

વસ્તુ એકાનેકસ્વભાવ હોય છેઃ— વસ્તુ સમાન-અસમાન અર્થાત્ સામાન્ય-વિશેષ, બંને પ્રકારના ધર્મવાળી છે, 'સામાન્ય' એટલે અભિન્ન-સ્વભાવ, એક સરખો સ્વભાવ, અને 'વિશેષ' એટલે ભિન્ન-સ્વભાવ, જુદી જાતનો સ્વભાવ. તો વસ્તુ આ બંને સ્વભાવવાળી છે, કેમકે વસ્તુ દ્રવ્યરૂપે એક સ્વભાવવાળી, ને પર્યાયરૂપે અનેક સ્વભાવવાળી હોઇને, એમાં બીજી વસ્તુને સમાન ધર્મો ય આવે છે, અને અસમાન ધર્મો ય આવે છે. જો ઉભય સ્વભાવ ન માનો તો વસ્તુનું વસ્તુપણું જ ઉડી જાય. ઘડો એ વસ્ત્રાદિની અપેક્ષાએ વિશેષરૂપે 'ઘડો' ખરો, પણ સાથે જ વસ્ત્રાદિની સમાનતાની અપેક્ષાએ એ 'દ્રવ્ય' પણ છે. 'વસ્ત્ર એ વસ્ત્ર છે, ને ઘડો એ ઘડો છે,'-આ બંનેની વિશેષતા થઈ. પણ 'વસ્ત્રાદિ એ દ્રવ્ય છે, તેમ ઘડો પણ દ્રવ્ય છે,'-આ સમાનતા થઇ. હવે,

(૧) જો વસ્તુ માત્ર ભિન્નસ્વભાવ જ હોય, અને અભિન્ન (સમાન) સ્વભાવ ન જ હોય તો કહેવાય કે-'ઘડો ઘડો છે, પણ દ્રવ્ય નથી'. પરંતુ આવું નથી; કેમકે દ્રવ્યપણાથી રહિત

ઘડાપણું શું ? કંઈ જ નહિ. અરે ! ઘડાપણું પણ બીજા ઘડાની અપેક્ષાએ સામાન્ય છે. એટલે એ ઘડો ય બીજા ઘડા સાથે અભિન્નસ્વભાવ થયો. તો શુદ્ધ ભિન્ન સ્વભાવ તરીકે તો ઘડાપણું ય નહિ, પણ તે વ્યક્તિપણું જ ગણાશે, એની અપેક્ષાએ ઘડાપણું એ અભિન્ન સ્વભાવ થશે. તો જો કોઇ અભિન્ન સ્વભાવ નથી જ માનવો તો પાછો પ્રશ્ન થશે કે ઘડાપણા વિનાનું વ્યક્તિપણું શું ? એમ વ્યક્તિપણું ય જુદા જુદા સમયની તે વ્યક્તિનો અભિન્ન સ્વભાવ છે, અને જો અભિન્ન સ્વભાવ માનવો જ નથી તો તે વ્યક્તિપણા વિનાનું અમુક જ સમયનું વ્યક્તિપણું શું ? કંઈ જ નહિ. આમ વસ્તુપણું જ કંઈ નહિ રહે ! ખરેખર તો મનુષ્ય એ ભિન્ન સ્વભાવે મનુષ્ય પણ છે અને અભિન્ન સ્વભાવે જીવ પણ છે.

(૨) એમ જો વસ્તુ માત્ર અભિન્નસ્વભાવ જ હોય, ને ભિન્નસ્વભાવ ન હોય તો ય વસ્તુપણું કંઈ જ નહિ રહે. દા. ત. ઘડાને માત્ર અભિન્નસ્વભાવ માનવો છે, એટલે એને માત્ર અભિન્ન-સ્વભાવભૂત સત્તા ધર્મવાળો યાને સત્-સ્વભાવ માનવો પડશે. ઘડાપણાનો સ્વભાવ અભિન્ન સ્વભાવ ખરો પણ એકાંત અભિન્ન સ્વભાવ નથી, કેમકે એ પણ વસ્ત્રાદિની અપેક્ષાએ વિશેષ ધર્મ છે. તો છેવટનો અભિન્ન સ્વભાવ, સમાન સ્વભાવ તો સત્તા જ બનશે. હવે જો ભિન્ન સ્વભાવ એટલે કે વિશેષ માનવા જ નથી, તો વસ્તુમાત્ર એકલી સત્ રૂપ ઠરે ! અને જગતમાં એવું એકલું સત્ રૂપ તો કશું દેખાતું નથી, દેખાય છે તે સત્ બરૂ પણ કાં ઘડારૂપ, કાં જળરૂપ, કાં વસ્ત્રરૂપ, કાષ્ઠરૂપ ..વગેરે વિશેષરૂપ. તો વિશેષરૂપ વિનાની સદ્ વસ્તુ અવસ્તુ જ ઠરે છે. બીજું એ પણ છે કે એક જ જાતનું સદ્રૂપ જુદી જુદી જાતનાં કાર્ય પણ ન કરી શકે, તેથી એકલા સદ્ રૂપ પર વસ્તુપણું સિદ્ધ ન થાય.

આ રીતે અભિન્ન સ્વભાવ એટલે કે સામાન્ય, અને ભિન્ન સ્વભાવ એટલે કે વિશેષ, એ બંને સ્વભાવ વસ્તુમાત્રમાં સિદ્ધ છે. વળી એ બંને સ્વભાવ **એનાં અલગ અલગ ખાસ કાર્યથી પણ સિદ્ધ** છે. ઘડાપણાનું ખાસ કાર્ય જલાહરણ-ભરણ યાને પાણી લાવવા-રાખવાનું છે, ત્યારે દ્રવ્યપણાનું ખાસ કાર્ય પરિગ્રહ બની શકવાનું છે, ગુણ-પર્યાય ધારી શકવાનું છે. શું આ કાર્ય પણ ઘડાનું ન કહેવાય ? ના, કાંઈ ઘડો જ ગુણપર્યાય ધારણ કરે છે એવું નથી; વસ્ત્ર જીવ, વગેરે પણ એ ધરાવે છે. એ સૂચવે છે કે ગુણપર્યાય ધારણ કરવાનું કાર્ય દ્રવ્યનું છે, કાર્ય ઘડાનું કહો તો ય તે ઘડા તરીકેનું નહિ પણ દ્રવ્ય તરીકેનું કહેવું પડશે. ઘડા તરીકેનું કાર્ય તો જલાહરણ છે.

સત્વાદિ વિના જીવત્વ ન હોયઃ— આ રીતે એક જ વસ્તુનાં સમાન કાર્ય અને વિશિષ્ટ કાર્યના હિસાબે પણ એજ વસ્તુ અભિન્ન યાને એકસ્વભાવ પણ છે, ને ભિન્ન યાને અનેક સ્વભાવ પણ છે. અભિન્ન-સ્વભાવ વિના એકલો ભિન્ન-સ્વભાવ રહેવો અસંભવિત છે. જીવ એ જીવ છે તેમ સત્ પણ છે, અમૂર્ત છે, ચેતન છે, વગેરે. સત્ત્વ, અમૂર્તત્વ, ચેતનત્વ, ઇત્યાદિસ્વરૂપ સ્વભાવો વિના જીવત્વાદિ હોઇ શકે નહિ. **સત્વ** એટલે ' સત્ ' એવો બોધ અને વ્યવહાર કરાવવાપણું. આકાશપુષ્પ **અસત્ ભાસે** છે, અસત્ કહેવાય છે. ' મનુષ્ય, ઘડો વગેરે સત્ છે, કંઈક વસ્તુ છે,' એમ જ્ઞાન થાય છે ને બાહ્ય શબ્દ-વ્યવહાર થાય છે. ' અમૂર્ત ' એટલે રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિરહિતપણું. **ચેતનત્વ** એટલે ચૈતન્ય યાને જ્ઞાનદર્શનોપયોગ સહિતતા. સાથે 'ઇત્યાદિ' શબ્દથી **પ્રમેયત્વપ્રમાણજ્ઞાનની** વિષ-યતા, **પ્રદેશવત્વ**-સૂક્ષ્માતિસૂક્ષ્મ અંશવાળાપણું, વગેરે જુદી જુદી તરેહના ધર્મ લેવાના. જે આ ધર્મોથી યુક્ત જ ન હોય અર્થાત્ આ ધર્મ જ જ્યાં ન હોય ત્યાં પરસ્પર ભિન્ન જીવત્વ કે અજીવત્વ જેવું કશું વિલક્ષણ વિલક્ષણ સ્વરૂપ જ ન હોઇ શકે. વસ્તુ જ નહિ, તો જીવ શું અને અજીવ શું ? અને જો વસ્તુ છે, તો એ **સત્ છે જ.** એટલે, જીવત્વ કે **અજીવત્વ**, કે મૂર્તત્વ કે અમૂર્તત્વ, વગેરે એ સત્ત્વ સાથે સંકળાયેલું છે. તર્કમર્યાદા આ વર્તે છે. એનું ઉલ્લંઘન મોટા વિદ્વાનો પણ કરી શકતા નથી.

સત્ત્વ એજ અમૂર્તત્વાદિ કેમ નહિ ? :—

પ્ર૦— અમૂર્તત્વ, જીવત્વ વગેરે ધર્મો સત્ત્વસ્વરૂપને છોડીને તો કદી રહેતા નથી. એજ સૂચવે છે કે એ સત્ત્વરૂપ છે; એટલે સત્ત્વ છે એજ જીવત્વ છે; પછી એમ કેમ કહો છો કે અભિન્ન-સ્વભાવ સત્ત્વ જો હાજર નહિ હોય તો ભિન્ન-સ્વભાવ અમૂર્તત્વ, જીવત્વ વગેરે સંભવી નહિ શકે ?

ઉ૦— અહીં જ ભૂલ થાય છે; સત્ત્વ એક જુદો ધર્મ છે; અને અમૂર્તત્વ, જીવત્વ વગેરે જુદા ધર્મ છે. સત્ત્વ એ શુદ્ધ સંગ્રહનયના મતે કેવળ સત્તારૂપ છે. સંગ્રહનય એટલે વિશ્વને સંગ્રહીતરૂપે જોનારી દૃષ્ટિ. એમાં અશુદ્ધ સંગ્રહનયે વિશ્વના વિભાગોને સંગ્રહીત કરે છે,, દા. ત. દ્રવ્યત્વ ધર્મથી બધાં દ્રવ્યોના વિભાગને અને પર્યાયત્વ ધર્મથી બધા પર્યાયોના વિભાગને સંગ્રહીત કરે છે; ત્યારે શુદ્ધ સંગ્રહનય અર્થાત્ છેલ્લો સંગ્રહ કે જેની ઉપર હવે કોઇ સંગ્રહ થાય એવું રહેતું નથી, આવી સંગ્રહદૃષ્ટિ આખા યે વિશ્વને એક સત્ તરીકે સંગ્રહે છે, એકલા સત્ રૂપે જુએ છે. એટલે સમસ્તમાં એક સત્તા ધર્મ જ એ માને છે. 'બીજાં અમૂર્તત્વ, મૂર્તત્વ, ચૈતન્ય, જડત્વ વગેરે ધર્મો કહેવાતા હોય તો ય તે સત્તારૂપ જ હોવાથી, સત્તા યાને સત્ત્વથી જુદું કશું નથી, '—એમ એ કહે છે. પરંતુ આ એકાન્તે સાચું નથી. અલબત સત્ત્વ પણ એની આધારભૂત સત્ વસ્તુથી જુદું નથી, તેમ અમૂર્તત્વાદિ પણ આધારભૂત વસ્તુથી જુદા નથી; બધા ધર્મ આધાર સ્વરૂપ છે,—એ દૃષ્ટિએ બંને ય આધારરૂપ, માટે સત્ત્વ, અને અમૂર્તત્વાદિ બંને એકરૂપ છે, એમ કહેવાય; છતાં ' સત્ત્વ, ' ' અમૂર્તત્વ, ' 'ચૈતન્ય' વગેરે નામ જુદાં છે, એના કાર્ય જુદા છે, ઇત્યાદિ અપેક્ષાએ અમૂર્તત્વાદિ એ સત્ત્વથી જુદા છે, એમ પણ માનવું જ જોઇએ. જીવમાં સત્તા ધર્મ જુદો; અને અમૂર્તત્વ, ચૈતન્ય વગેરે ધર્મ જુદા; પણ સત્ત્વ એજ અમૂર્તત્વાદિ નહિ. નહિતર તો એ આપત્તિ આવે કે જ્યાં જ્યાં સત્ત્વ, ત્યાં ત્યાં એ અમૂર્તત્વ, ચૈતન્ય, વગેરે સ્વરૂપ હોવું જોઇએ ! તેથી તો ઘડો, વસ્ત્ર વગેરેમાં સત્ત્વ હોવાના કારણે, એ સત્ત્વ પણ અમૂર્તત્વ, ચૈતન્ય, વગેરે સ્વરૂપ બની જાય ! પરિણામે ઘડો અમૂર્ત અને ચેતન હોવા લાગે, મૂર્ત અને અચેતન નહિ.

પ્ર૦:—એમ શા માટે ? ઘડામાં સત્ત્વ હોવા છતાં ત્યાં ચૈતન્ય જન્મવાના કારણો નથી મળતા માટે એ સત્ત્વ ચૈતન્યરૂપ નથી બનતું એમ કહી શકાય ને ?

ઉ૦:—ના, ઘડા પર કાગડો આવીને બેસે તેમ ચૈતન્ય બહારથી આવનારી વસ્તુ નથી, અર્થાત્ ચૈતન્ય-સ્વભાવ એ બહારની સામગ્રીથી ઉત્પન્ન થનારી વસ્તુ નથી. એ તો જ્યાં હોય ત્યાં સહસિદ્ધ હોય છે. માટે જ જીવમાં અનાદિકાળથી સહજ ચૈતન્ય હોવાના હિસાબે જીવ સદાનો ચેતન છે. હવે જો એ ચૈતન્ય સત્ત્વરૂપ જ હોય તો તો ઘડામાં સત્ત્વના હિસાબે ચૈતન્ય પણ ગળકતું હોય. તાત્પર્ય, સત્ત્વ એજ જો ચૈતન્ય અને અમૂર્તત્વ હોય, તો તો ઘડો ચેતન બને ! પુદ્ગલ અમૂર્ત બને ! ત્યારે જો કહો કે ના, મૂર્તત્વાદિ તો છે જ; તો પછી અમૂર્તત્વાદિ તો એના વિરોધી હોઇને એ નહી રહી શકે. તેથી આત્મા વગેરે પદાર્થો અમૂર્ત નહિ પણ મૂર્ત બનશે ! અને તેમાં તો લોકનું પ્રત્યક્ષ ખોટું ઠરશે ! કેમકે લોકો પ્રત્યક્ષથી આત્મા જોઇ શકતા નથી. એથી તો પછી અચેતનત્વ મૂર્તત્વાદિ ક્યાં રહેશે ? ઉડી જશે જગતમાંથી !

મૂળ વસ્તુ જ નહિ, તો એનો અભાવ પણ નહિ:— અથવા, બીજી રીતે વિચારતાં, મૂર્તત્વાદિ ઉડી જશે એટલું જ નહિ પણ એમ સર્વત્ર મૂર્તત્વાદિનો અભાવ થયે અમૂર્તત્વાદિનો પણ અભાવ થઇ જશે ! કેમકે ' અમૂર્તત્વાદિ ' એ શી વસ્તુ છે ? મૂર્તત્વાદિનો અભાવ. હવે જો મૂળ વસ્તુ મૂર્તત્વ આદિ જેવી કોઇ વસ્તુ જ નથી તો એના અભાવ જેવી વસ્તુ પણ શી ?

પ્ર૦—તો આકાશપુષ્પ જેવી વસ્તુ નથી છતાં કેમ કહેવાય છે કે આકાશમાં પુષ્પ નથી?

ઉ૦—એટલું સમજી રાખો કે મૂળમાં આકાશપુષ્પ જેવી કોઇ ચીજ જ નથી તો એના અભાવ જેવી કોઈ વસ્તુ ય નથી. માટે જ એમ નથી કહેવાતું કે-' આકાશપુષ્પનો અભાવ અહીં છે, ત્યાં નહિ.' હવે જે એમ કહેવાય છે કે-' છોડ પર પુષ્પ ઉગે છે, આકાશમાં નહિ.' ત્યાં એ તો આકાશમાં પુષ્પનો અભાવ થયો, આકાશપુષ્પનો અભાવ નહિ; અને પુષ્પ તો પ્રસિદ્ધ વસ્તુ છે. નિયમ છે કે પ્રસિદ્ધ વસ્તુનો જ અભાવ હોઈ શકે. માટે તો જેનો અભાવ પ્રામાણિક, એ વસ્તુ કયાં ય પ્રસિદ્ધ હોવી જ જોઈએ. એ હિસાબે જ નાસ્તિક જ્યાં ' આત્માનો અભાવ માનું છું' કહે, ત્યાં એના એવા વચનથી જ આત્મા જેવી વસ્તુ હોવાનું સાબિત થઇ જાય છે. અસ્તુ.

બધે અમૂર્તત્વ લાવવા જતાં મૂર્તત્વ ઉડ્યું, તેથી તો એના અભાવરૂપ અમૂર્તત્વ પણ ઉડ્યું! ત્યારે પ્રશ્ન થાય છે કે છેવટે એકલું સત્વ તો રહેશે ને? ના, સત્ત્વ તો મહાસામાન્ય ધર્મ છે, એ કોઇ ને કોઇ પેટા-સામાન્ય ધર્મથી આલિંગિત હોય છે; અથવા સત્ત્વરૂપી સામાન્ય ધર્મ કોઇ ને કોઈ વિશેષ ધર્મથી આલિંગિત હોય છે; દા. ત. જગતમાં દેખાય છે કે સત્ એ કાં કોઈ મૂર્ત છે, યા કોઇ અમૂર્ત આકાશાદિ છે, વગેરે; અર્થાત્ સત્ત્વ કાં મૂર્તત્વથી, કાં અમૂર્તત્વથી આલિંગિત છે. હવે જો મૂર્તત્વ, અમૂર્તત્વાદિ જેવી કોઈ વસ્તુ જ નથી તો એ વિનાની સત્ત્વ જેવી વસ્તુ જ શી? આમ સત્ત્વ પણ ઉડી જશે. માટે કહો કે સત્ત્વ એજ અમૂર્તત્વાદિ નથી, કે જેથી મૂર્તત્વ ઉડે, અમૂર્તત્વ ઉડે અને શુદ્ધ સત્ત્વ ઉડે! તાત્પર્ય, સત્ એ માત્ર સત્ નથી, પણ કાં મૂર્ત છે, કાં અમૂર્ત છે....વગેરે.

વિશિષ્ટ સત્ત્વ એજ અમૂર્તત્વાદિ કેમ નહિ?:— અહીં બૌદ્ધ કહે છે કે-' ઠીક છે, પૂર્વોક્ત યુક્તિએ સત્ત્વસામાન્ય એજ અમૂર્તત્વાદિ ન હો, પરંતુ વિશિષ્ટ સત્ત્વ એજ અમૂર્તત્વાદિ હોવામાં કોઇ વાંધો નથી. વિશિષ્ટ સત્ત્વ એટલે તદ્ વ્યક્તિત્વથી વિશિષ્ટ સત્ત્વ, તે તે વ્યક્તિ માત્રનું સત્ત્વ. એ તે વ્યક્તિની સમાન એવી બીજી વ્યક્તિઓમાં ય નથી રહેતું અને તે વ્યક્તિથી ભિન્ન એવી બીજી વ્યક્તિ-ઓમાં ય નથી રહેતું. માત્ર તે વ્યક્તિમાં જ રહે છે. એટલે અમૂર્તત્વાદિ એવા વિશિષ્ટ સત્ત્વરૂપ હોવામાં હવે એ દોષ નથી ઊભો થવાનો કે બીજે બધે સત્ત્વ છે તો બધે જ અમૂર્તત્વાદિ પ્રાપ્ત થશે.'

પરંતુ બૌદ્ધનું આ મન્તવ્ય યુક્તિયુક્ત નથી. કેમકે જયારે સત્ત્વથી જુદા અમૂર્તત્વ-મૂર્તત્વ વગેરે કોઇ ધર્મ નથી, તો તદ્ વ્યક્તિત્વ જેવો ધર્મ પણ નથી, પછી એનાથી વિશિષ્ટ બનેલ સત્ત્વ જેવી વસ્તુ જ શી? દા.ત. આકાશકુસુમ જેવી ચીજ જ નથી તો આકાશકુસુમથી વિશિષ્ટ છાબડી શી? વિશેષણ વિના કોઇ વસ્તુ વિશિષ્ટ બને જ શાની? વિશેષણ એ વસ્તુને બીજી વસ્તુથી ભિન્ન પાડે છે, માટે એ ભેદક છે. દા. ત. ' લાલ ઘડો ' એમાં લાલાશ એ વિશેષણ છે, એ આ ઘડાને કાળા ઘડાથી જુદો બતાવે છે, માટે એ ભેદક કહેવાય; પણ એ પ્રસિદ્ધ જોઇએ, અસિદ્ધ-અસત્ નહિ. તો જ વસ્તુ એનાથી વિશિષ્ટ કહેવાય. જો એવા કોઈ વાસ્તવિક વિશેષણ વિના જ સત્ત્વને વિશિષ્ટ સત્ત્વ માનશો તો એ વિશિષ્ટતા અતિવ્યાપ્ત થશે; અર્થાત્ સત્ત્વનો ભેદ પાડનારો તો કોઇ વિશેષણભૂત ધર્મ છે નહિ, એટલે જીવ માત્ર એકલા સત્ત્વરૂપે રહ્યો. હવે એ સત્ત્વને જ તમે અમૂર્તસત્વ, ચેતનસત્ત્વ ઇત્યાદિ કહી વિશિષ્ટ સત્ત્વ કલ્પ-વાના! એથી તો અજીવ પણ એજ કલ્પનાનો ભોગ બનશે! અર્થાત્ એ ય એકલા સત્ત્વરૂપે હોઇ એનું ય સત્ત્વ ચેતન-સત્ત્વરૂપ બની જશે! આનું નામ અતિવ્યાપ્તિ કે અતિપ્રસંગ દોષ આવ્યો, એથી કહેવાય કે અમૂર્તત્વાદિ ધર્મો વિશિષ્ટ સત્ત્વરૂપ પણ નથી. ત્યારે શુદ્ધ સત્ત્વરૂપ નથી એ તો સિદ્ધ થઈ ગયું છે. એટલે સત્ત્વ ધર્મ જુદો, અને અમૂર્તત્વ, ચેતનત્વ વગેરે ધર્મો પણ જુદા.

સત્ત્વ જેમ જીવમાં તેમ પુદ્ગલાદિ દ્રવ્યોમાં પણ રહે છે, તેથી એ બંનેનો અભિન્ન યાને સમાન ધર્મ

થયો; અને અમૂર્તત્વ, ચેતનત્વ એ જીવમાં છે પણ પુદ્ગલમાં નથી, તેથી જીવનો એ વિશેષ ધર્મ થયો, ભિન્ન ધર્મ થયો; એવા અનેક ધર્મ છે. આ એક-અનેક ધર્મો જીવમાં અભિન્નપણે તન્મય થઈને રહે છે. માટે એને સ્વભાવ કહેવાય. એથી એ આવ્યું કે જીવ એકાનેક-સ્વભાવ છે. પ્રસ્તુતમાં જીવ અને કમળ બંને એકાનેક સ્વભાવ હોવાથી દરેકમાં ભિન્ન સ્વભાવો છે, તેમ સત્ત્વ, જળ-પંકથી અલગતા, સહજ સૌંદર્ય વગેરે સમાન સ્વભાવો પણ છે; એ હિસાબે વિજાતીય પણ કમળની ઉપમા અયુક્ત નથી. નહિતર તો કોઈ સજાતીય ઉપમા પણ નહિ લાગી શકે, કેમકે એનામાં ય કાંઇ સર્વાંશે સમસ્ત સમાન ધર્મો નથી હોતા; ભિન્ન આકૃતિ, ભિન્ન ટકાવકાળ, ભિન્ન ગુણો વગેરે અસમાન ધર્મ હોય છે, કમમાં કમ એનું વ્યક્તિત્વ જુદું હોય છે. છતાં અમુક સમાન ધર્મોને લઈને જો સજાતીય ઉપમા લાગે તો વિજાતીય ઉપમા પણ કેમ ન લાગી શકે ?

અહીં પ્રશ્ન થાય કે શું વિજાતીય ઉપમા યોજવામાં વિરોધ ન આવે ? અર્થાત્ એવી ઉપમાથી સૂચિત થતા ધર્મો પરસ્પરનો નિષેધ કરનારા થઇ જાય એવું ન બને ? ના, વિરોધ નહિ આવે. કારણ એ છે કે વસ્તુ, એકસ્વભાવ હોવામાં તો અનેક દોષ ઊભા થવાથી, અનેકસ્વભાવ યાને વિવિધ સ્વરૂપવાળી સિદ્ધ થાય છે. તેથી એમાં અનેક ધર્મ રહી શકવાથી એ પરસ્પર વિરોધ નથી કરતા. વિરોધ તો ત્યાં સંભવે કે જ્યાં ઉપમેયના માત્ર એક ધર્મને નિમિત્ત બનાવી સજાતીય અને વિજાતીય ઉપમા યોજાય; બાકી જો ભિન્ન ધર્મોને નિમિત્ત બનાવાય તો અનેક ઉપમાઓ યોજવા છતાં વિરોધ ન આવે. દા. ત. પ્રભુને જે ધર્મની અપેક્ષાએ પુંડરીક જેવા કહેવા છે તે જ ધર્મની અપેક્ષાએ સિંહ જેવા કહે તો વિરોધ આવે; પરંતુ સહજ સૌંદર્યની અપેક્ષાએ પુંડરીક જેવા, અને શૂરવીરતાની દૃષ્ટિએ સિંહ જેવા કહેવામાં વિરોધ નથી; કેમકે બંને ધર્મો અનેક સ્વભાવવાળા પ્રભુના આત્મામાં રહી શકે છે. આમ પ્રભુને પુરુષવરપુંડરીક કહી સજાતીય અને વિજાતીય, એમ બે પ્રકારની ઉપમા હોવાનું નિર્દેશ્યું.

★

"પંક-જળ" કેમ છોડ્યાં ?

जन्म-जरा-मरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
स्फीतमपहाय राज्यं, शमाय धीमान्प्रवव्राज ॥ १६ ॥

(तत्त्वार्थभाष्य-संबंधकारिका)

અર્થ:-જન્મ-જરા-અને મૃત્યુથી પીડાયેલા વિશ્વને નિઃશરણ અને નિઃસાર નિહાળી રળીયામણા રાજ્યને ત્યજી દઈ, અનંત શાન્તિ માટે પ્રજ્ઞાવંત પ્રભુએ પ્રવ્રજ્યા સ્વીકારી.

૯. पुरिसवरगन्धहत्थीणं.

(ल०—) एते च यथोत्तरं गुणक्रमाभिधानवादिभिः सुरगुरुविनेयैर्हीनगुणोपमायोग एवाधिकगुणोपमार्हा इष्यन्ते, अभिधानक्रमाभावेऽभिधेयमपि तथा, ' अक्रमवदमदि'ति वचनात् । एतन्निरासायाह ' पुरुषवरगन्धहस्तिभ्य' इति ।

अर्थ:—વળી ઉત્તરોત્તર ગુણોના ક્રમનું કથન (હોવું જોઈએ એમ) માનવાવાળા ' સુરગુરુ–બૃહસ્પતિ ' નામના વાદીના શિષ્યોને આ (પરમાત્મા) હીન ગુણની ઉપમા થોડાયા પછી જ અધિક ગુણની ઉપમાને યોગ્ય હોવાનું માન્ય છે. (નહિતર) કથનનો ક્રમ ન હોય તો તો કહેવાની વસ્તુ પણ ક્રમરહિત બની જાય; કેમકે શાસ્ત્રવચન છે કે જે ક્રમ વિનાનું હોય તે અસત્ હોય. આ (મત)નો નિષેધ કરવા માટે કહે છે કે–' पुरिसवरगन्धहत्थीणं.' શ્રેષ્ઠ ગંધહસ્તી જેવા પુરુષને (નમસ્કાર હો.)

विवेचनः—હવે ' पुरिसवरगंधहत्थीणं' પદની વ્યાખ્યા કરવામાં આવે છે. આ પદ બૃહસ્પતિ નામના વાદીના શિષ્યોનો મત ખોટો છે એ બતાવવા માટે છે.

બૃહસ્પતિ શિષ્યોનો મત : પ્રતિપાદન ક્રમસર જ જોઇએ:— એમનું એમ કહેવું છે કે– "ગુણોનો ઉત્તરોત્તર ચઢીયાતી કક્ષાની દૃષ્ટિએ જેવો ક્રમ હોય, તે ક્રમને વળગીને એ ગુણોનું વર્ણન કરવું જોઇએ. ગુણો જીવના ય હોય અને અજીવના પણ હોય. વસ્તુતઃ પુરુષાર્થને ઉપયોગી જે ધર્મો, તેને ગુણ કહેવાય છે. પુદ્ગલના રૂપ–રસાદિ, અને જીવના ક્ષમા, પરોપકારાદિ ધર્મને ગુણ કહેવાય છે; એ પુરુષાર્થને પ્રેરનારા ધર્મ છે. એમાં ચઢતી ચઢતી કક્ષા હોય છે. દા. ત. મિથ્યાત્વથી અયોગી-અવસ્થા સુધીના ચૌદ ગુણસ્થાનકમાં ક્રમ છે. ત્યારે, ગુણોનું વર્ણન કરવું હોય તો એની કક્ષા મુજબ અર્થાત્ ઉતરતા ગુણનું પહેલું, અને તેથી ચઢિયાતા ગુણનું વર્ણન પછી, એ રીતે કરવું જોઇએ. એથી જ પરમાત્માનો જે ગુણ નીચી કક્ષાનો હોય, ને તેને અનુલક્ષીને વર્ણન કરાતી ઉપમા સાથે પ્રભુ સરખાવવા યોગ્ય હોય, તેનું એ રીતે વર્ણન પહેલાં કર્યા પછી જ ઊંચી કક્ષાના ગુણને અનુલક્ષીને દેવાતી ઉપમાની રજૂઆત દ્વારા પ્રભુ સ્તવવા જેવા છે. તે આ રીતે,–ભગવાનનો વિહારગુણ વિહારપ્રદેશની આસપાસના સવાસો જોજનમાં જો કોઇ મારી મરકી–દુકાળ વગેરે ઉપદ્રવો હોય તો તેને દૂર કરવાનો છે. પરંતુ આ ગુણ તો મહાપ્રભાવસંપન્ન ઇન્દ્રાદિ જીવોથી પણ સાધ્ય છે. એટલે એ ગુણ ઇન્દ્રાદિથી અસાધ્ય એવી એ ત્રિભુવનમાં અદ્ભુત ચોત્રીસ અતિશયોની સમૃદ્ધિ, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી વગેરે મોક્ષપ્રાપ્તિ સુધીના ચઢિયાતા ગુણ કરતાં ઉતરતી કક્ષાનો ગુણ છે. એને અનુલક્ષીને ગંધહસ્તીની ઉપમા સાથે પ્રભુની તુલના કરવી છે. ત્યારે કેવળજ્ઞાનાદિ અતિશય લક્ષ્મીને અનુલક્ષીને પ્રભુને શ્રેષ્ઠ પુંડરીકની ઉપમા સાથે સરખાવવા છે. તો પહેલાં ગંધહસ્તીની ઉપમાનું કથન કર્યા પછી પુંડરીકની ઉપમા કહેવી જોઇએ. કથનનો આ ક્રમ છે."

ક્રમોલ્લંઘને વસ્તુ અસત્:—"જો વસ્તુના વાચક શબ્દમાં ક્રમ નહિ રહે, તો એનાથી વાચ્ય વસ્તુઓમાં પણ ક્રમ નહિ રહે, અને શાસ્ત્ર કહે છે, **'અક્રમવદ્ અસત્'** ક્રમ વિનાનું જે હોય તે અસત્ છે. માટીમાંથી એક ઘડો પણ પિંડ-સ્થાસ-કોશ-કુસુલ વગેરે ક્રમથી બને છે. તેમ ગુણસ્થાનકો ક્રમથી આવે છે; માટે તો સમ્યક્ત્વ મેળવ્યા વિનાનું અભવ્યનું ચારિત્ર એ છટ્ઠું ગુણઠાણું નથી કહેવાતું. એ તો અસત્ છે; નામનું છે. એટલે વસ્તુ જ્યારે ક્રમબદ્ધ જ જન્મે છે, તો પછી એ ક્રમબદ્ધ વાચ્યનું કથન અક્રમથી કરો એ સત્ય ઠરે, કેમકે તે રૂપે વસ્તુ છે જ નહિ. એટલે ક્રમના ઉલ્લંઘનવાળા કથનની વાચ્ય વસ્તુ અસત્ છે. પ્રસ્તુતમાં પહેલાં પુંડરીક તરીકે અને પછી ગંધ-હસ્તી તરીકે કરાતું કથન ક્રમનું ઉલ્લંઘન કરનારું હોઇ એવા અક્રમવાળી વસ્તુ અસત્ ઠરશે." –આવો બૃહસ્પતિ શિષ્યોનો મત છે. એના નિષેધ માટે કહે છે, 'પુરિસવરગંધહત્થીણં'–શ્રેષ્ઠ ગંધહસ્તી જેવા આત્મા (અરિહંતને) નમસ્કાર હો.

(લ૦—) પુરુષાઃ પૂર્ववદેવ । તે વરગન્ધહસ્તિન ઇવ, ગજેન્દ્રા ઇવ ક્ષુદ્રગજનિરાકરણાદિના ધર્મ્મસામ્યેન પુરુષવરગન્ધહસ્તિનઃ । યથા ગન્ધહસ્તિનાં ગન્ધેનૈવ તદ્દેશવિહારિણઃ ક્ષુદ્રગજા ભજ્યન્તે, તદ્વદેતેઽપિ પરચક્રદુર્ભિક્ષમારિપ્રભૃતયઃ સર્વ એવોપદ્રવગજા અચિન્ત્યપુણ્યાનુભાવતો ભગવદ્વિહારપવનગન્ધાદેવ ભજ્યન્ત ઇતિ ॥

અર્થ:— 'પુરુષ' નો અર્થ પૂર્વની જેમજ. તે ક્ષુદ્ર હાથીઓને હટાવવા વગેરે સ્વભાવની સમાનતાથી શ્રેષ્ઠ ગન્ધહસ્તી જેવા, ગજેન્દ્ર જેવા છે, (માટે) પુરુષ-પુરુષવરગન્ધહસ્તી છે. જેવી રીતે ગન્ધહસ્તીની ગંધથી જ તે દેશમાં વિચરતા ક્ષુદ્ર હાથીઓ ભાગી જાય છે, તેવી રીતે અચિંત્ય પુણ્યના પ્રભાવે ભગવાનના વિહાર રૂપી પવનગંધથી જ આ પણ શત્રુસૈન્ય-દુકાળ-મરકી વગેરે સઘળા ઉપદ્રવરૂપી હાથીઓ ભાગી જાય છે.

વિવેચન:—

'ભગવાન શ્રેષ્ઠ ગન્ધહસ્તી જેવા શી રીતે?':—'પુરુષવરગન્ધહસ્તી'માં 'પુરુષ' શબ્દનો, પૂર્વે કહ્યું તેમ, 'જીવ' એવો અર્થ થાય છે. પ્રસ્તુતમાં પ્રભુનો જીવ શ્રેષ્ઠ ગંધહસ્તી જેવો અર્થાત્ ગજેન્દ્ર જેવો છે; કેમકે એમનામાં ક્ષુદ્ર હાથીઓને ભગાડી મૂકવા વગેરે રહેલા ધર્મ તેને સમાન છે. તે આ રીતે:– જેમ શ્રેષ્ઠ ગન્ધહસ્તીના ગંડસ્થળમાંથી ઝરતા મદની ગંધ એટલી બધી ઉગ્ર અને પ્રભાવક હોય છે કે, હાથીના કશું કર્યા વગર જ, એની એ ગંધ માત્ર પ્રસરતાં તેની નજીકના પ્રદેશમાં ફરતા-ફરતા હલકા હાથીઓ ગભરાઈને સટોસટ દૂર ભાગી જાય છે; તેમ અરહંત પરમાત્માના વિહાર પવનની ગંધ માત્રથી આજુબાજુના સવાસો જોજનમાંથી શત્રુસૈન્યનો ઉપદ્રવ, દુકાળનો ઉપદ્રવ, મારી-મરકીનો ઉપદ્રવ, વગેરે ઉપદ્રવરૂપી ક્ષુદ્ર હાથીઓ દૂર થઈ જાય છે. ગંધહસ્તીને લડવા વગેરેનો કોઈ યત્ન નથી કરવો પડતો, એની મદ-ગંધ જ કામ કરે છે, એમ, પ્રભુને કોઈ જ મંત્રતંત્રાદિ પ્રયત્ન નથી કરવો પડતો, માત્ર એમની હાજરી જ ઉપદ્રવોને નિવારે છે. આમ બનવામાં પ્રભુનો અચિંત્ય પુણ્યપ્રભાવ કામ કરે છે.

(અરહંત પ્રભુએ પૂર્વભવમાં કરુણાદેવીની એવી ઊંચી ઉપાસના કરી છે કે એનાથી આ અતિશય એમને પ્રગટયો છે કે અહીં એમના પાવન પગલાં થવા માત્ર પર જાણે એ તુષ્ટમાન કરુણાદેવી લોકના પરસૈન્યભય વગેરે આફતો નિવારી દેવાની અપરંપાર કરુણા વરસાવે છે. જીવનમાં આત્માની પરિણતિ સાથે વણી લીધેલી ઉચ્ચ કોટિની કરુણાદિ શુભ ભાવનાઓ ફળરૂપે જગત ઉપર કેટલી બધી કલ્યાણ-અસર કરે છે, એ આમાં જોવા મળે છે! આત્માના મહાન ઉદય મૈત્રી, કરુણા, પ્રમોદ,

અનિત્ય.....વગેરે શુભ ભાવનાઓના દીર્ઘકાળ સુધીના સતત અને સહૃદય ઊંચા અભ્યાસ પર સર્જાય છે. માનવ-જીવનમાં જ આ શક્યતાની કિંમત સમજનારો જીવનને એવી ભાવનાઓથી ભીનું ભીનું રાખે છે. બીજી વાત એ છે કે આત્મામાં સાચી મહાનતા આવે છે ત્યાં ઝીણા જંતુ પર્યંત કરુણા ભરપૂર ખીલી હોય છે. એવી કરુણા વિના મહાન ન બની શકાય. અરહંત પ્રભુ કરુણાના પ્રતાપે એવું અચિંત્ય તીર્થંકરપણાનું પુણ્ય લઈને આવ્યા છે કે એના પ્રભાવે મારી-મરકી વગેરે ઉપદ્રવો દૂર થઇ જાય છે.)

(લ૦-) न चैकानेकस्वभावत्वे वस्तुन एवमप्यभिधानक्रमाभावः, स्व(प्र०...सर्व)-गुणानामन्योन्यसंवलितत्वात्, पूर्वानुपूर्वाद्यभिधेयस्वभावत्वात्, अन्यथा तथाभिधानाप्रवृत्तेः। नैवमभिधेयमपि तथाऽक्रमवदसद् इति, उक्तवद् अक्रमवत्त्वासिद्धेः क्रमाक्रमव्यवस्थाभ्युपगमाच्च। अन्यथा न वस्तुनिबन्धना शब्दप्रवृत्तिरिति स्तववैयर्थ्यमेव; ततश्चान्धकारनृत्तानुकारी प्रयास इति पुरुषवरगन्धहस्तिन इति ॥ ९ ॥

અર્થ:—જો વસ્તુ (દ્રવ્યરૂપે) એકસ્વભાવ અને (પર્યાયરૂપે) અનેકસ્વભાવ છે, તો એમ (અધિક ગુણની ઉપમા પછી હીન ગુણની ઉપમા મૂકવામાં) પણ કથનમાં ક્રમનો વિપર્યાસ નથી; કેમકે પોતાના સર્વ ગુણો પરસ્પર ગુંથાયેલા છે, ને તે પૂર્વાનુપૂર્વી વગેરે (અનેકક્રમ) વડે કથન કરાવા યોગ્ય સ્વભાવવાળા છે, નહિતર તેવું કથન પ્રવર્તમાન જ ન થાય. એમ (કથનન્યાયે) કથનીય વસ્તુ પણ વાદીએ પૂર્વે કહ્યું તેમ ક્રમરહિત હોઇ અસત્ છે એવું નથી, કેમકે (પહેલું તો) ક્રમરહિતતા જ અસિદ્ધ છે, અને (બીજું) ક્રમ-ઉત્ક્રમની વ્યવસ્થા માનેલી છે. આમ જો ન હોય તો શબ્દવ્યવહાર વસ્તુના આધારે જે થાય છે તે ન બને; એટલે સ્તુતિ અર્થ શૂન્ય જ ઠરે; તેથી તો (એનો) પ્રયાસ અંધકારમાંના નૃત્યના (પ્રયાસ) જેવો થાય. આ રીતે પુરિસવરગંધહત્થીણં (વિવેચ્યું.)

વિવેચન :—

બૃહસ્પતિમત ખંડન : વિવિધ કથનક્રમો :— હવે અહીં બૃહસ્પતિ શિષ્યોનો જે મત હીન ગુણની ઉપમા પછી જ અધિક ગુણની ઉપમા રજુ કરવાનો છે, તેની સામે કહે છે કે અધિક ગુણની ઉપમા મૂકયા પછી પણ હીન ગુણની ઉપમા મૂકવામાં કોઈ ક્રમશૂન્યતા કે ક્રમભંગ નથી. આનું કારણ આ છે:- વસ્તુમાત્ર દ્રવ્યરૂપે એક અને પર્યાયરૂપે અનેકસ્વભાવવાળી છે, અર્થાત્ પોતે મૂળ દ્રવ્ય તરીકે એક રહીને પોતાનામાં રહેલા અનેક પર્યાયો સાથે પોતે તન્મય રહે છે. પર્યાયો પોતાનાથી કાંઇ એકાંતે ભિન્ન નથી. આનો અર્થ એ કે દ્રવ્ય પોતે પર્યાયોરૂપે બની ગયું છે, ને પર્યાયો દ્રવ્યરૂપે રહ્યા છે. હવે જયારે એ અનેક પર્યાયો બધા જ એક દ્રવ્ય સાથે અભેદભાવે વણાઈ ગયા, ત્યારે સ્પષ્ટ છે કે એક જ દ્રવ્યના એ પર્યાયો પરસ્પરમાં ય વણાઇ ગયા. ગુણો પણ એક જાતના પર્યાય છે, તો કહેવાય કે શું જીવના કે શું અજીવના, ગુણો પરસ્પરમાં વણાયેલા યાને સંવલિત છે. હવે ગુણોનું આ અન્યોન્ય મિલન જ સૂચવે છે કે એ ગુણોનો કોઇ એક જ નિર્ધારિત ક્રમ નથી. પછી એમનું ગમે તે રીતે કથન કરો એમાં ક્રમભંગ શાનો થયો ગણાય ? ચા બનાવતાં પાણીમાં પહેલાં મસાલો નાખ્યો, પછી સાકર, ને પછી ચા નાખી, પણ જયારે એ બધાં એમાં પરસ્પર-ભળેલાં રહે છે, તો પછી એમાં રહેવાનો એક જ ક્રમ કયાં રહ્યો ? એટલે એનાં વર્ણન માટે પણ એ નિયમ થોડો જ છે કે પહેલાં મસાલાનું

વર્ણન કરીને પછી જ સાકરનું, ચાનું વર્ણન થઇ શકે ? એવું ન કરતાં ચાનું વર્ણન પહેલું કર્યું, **પછી મસાલાનું** કર્યું, તો 'એ કથન અસત્' અને 'કથનની વસ્તુ ય અસત્' એવું થોડું જ કહેવાય છે ? બસ, એજ દૃષ્ટાન્તે અરહંત પરમાત્મામાં રહેલો મારી-દુકાળ વગેરે ઉપદ્રવના નિવારણનો હીન ગુણ, અને કેવળજ્ઞાનાદિ લક્ષ્મીનો અધિક ગુણ, બંને પરસ્પર સંવલિત રહ્યા હોવાથી, એવો એકાંત નથી કે-' પહેલાં હીન ગુણ અને પછી અધિક ગુણ, એવા જ ક્રમથી વર્ણન કરવું જોઇએ'. તેમ એવું ય નથી કે-' નહિતર વર્ણન જૂઠું થાય, ને વર્ણનની વસ્તુ અસત્ ઠરે. ' પહેલાં અધિક ગુણની ઉપમા, ને પછી હીન ગુણની ઉપમા વર્ણવી શકાય. એમાં ક્રમભંગ નથી; કેમકે, વર્ણન એ વ્યવહાર છે, અને વ્યવહાર **નય** માને છે કે,

વર્ણનના ક્રમ ત્રણ પ્રકારે હોય છે;-(૧) ક્રમ અર્થાત્ પૂર્વાનુપૂર્વી ક્રમ, (૨) ઉત્ક્રમ એટલે કે પશ્ચાનુપૂર્વી ક્રમ, ને (૩) અક્રમ અર્થાત્ અનાનુપૂર્વી ક્રમ. દા. ત. નમસ્કાર-મહામંત્રમાં પદોનું (૧) **પૂર્વાનુપૂર્વી-ક્રમે કથન** અર્થાત્ ક્રમસર પહેલા પદથી:છેલ્લા પદ સુધી બોલવું; એટલે કે પહેલાં ' નમો અરિહંતાણું, ' પછી ' નમો સિદ્ધાણું, ' પછી ' નમો આયરિયાણું'.....એમ યાવત્ છેલ્લે ' પઢમં હવઇ મંગલં'નું કથન; (૨) **પશ્ચાનુપૂર્વી-ક્રમે કથન** એટલે ક્રમશઃ છેલ્લેથી ઉપર ઉપર બોલતાં આવતાં અંતે પહેલા પદનું કથન; અર્થાત્ પહેલાં ' પઢમં હવઇ મંગલ'નું કથન, પછી 'મંગલાણું ચ સવ્વેસિં', પછી 'સવ્વ પાવપ્પણાસણો'...એમ યાવત્ છેડે ' નમો અરિહંતાણું'નું કથન; (૩) **અનાનુપૂર્વી-ક્રમે કથન** એટલે એકેકવાર ગમે તે ગમે તે પદ પહેલું, બીજું, ત્રીજું,...એમ બોલીને નવે પદોનું સંપૂર્ણ કથન. દા. ત. 'નમો સિદ્ધાણું,' 'એસો પંચ નમુક્કારો,' 'નમો લોએ સવ્વસાહૂણું', 'નમો અરિહંતાણું', પઢમં હવઇ મંગલ'...એમ નવ પદ પૂરા ભણવા. આ અનાનુપૂર્વી-ક્રમમાં કેટલાય પ્રકાર થાય. ▲ આમ ક્રમ ત્રણે ય પ્રકારના હોવાથી એમાંના કોઇ પણ ક્રમે કથન કરવામાં ક્રમભંગ કે ક્રમશૂન્યતા નથી, વસ્તુસ્થિતિને વાંધો નથી આવતો.

કથનને અનુસારે વસ્તુમાં પરિણતિ હોય જ:—કથનનો આ વિવિધ ક્રમ પણ એમજ નથી ઊભો થયો હોતો, પરંતુ એની પાછળે ય કથનીય વસ્તુઓમાં તેવા તેવા પ્રકારની પરિણતિ યાને પરિણમન-શીલતા કામ કરી રહી હોય છે; કેમકે તેવો તેવો પ્રામાણિક શબ્દ-વ્યવહાર થઇ શકે છે. એ વસ્તુમાં રહેલા તથાપ્રકારના કથનયોગ્ય પરિણમનના લીધે જ; અર્થાત્ એ શબ્દ તેવી વાચ્ય વસ્તુની પરિ-ણતિને સાપેક્ષ જ હોય છે. માટે તો વસ્તુની જેવી પરિણતિના આધારે શબ્દ જન્મ્યો, તે શબ્દથી તેવી જ વસ્તુનો બોધ થાય છે; એટલે કે તે તે વાક્યના શ્રવણથી અમુક અમુક જ વસ્તુનો બોધ થાય છે. ' પર્વત બળે છે ' વાક્યથી પર્વતના નહિ, પણ પર્વત પરના **ઘાસના** દહનનો બોધ થાય છે, એ સૂચવે છે કે અહીં ' પર્વત ' શબ્દ પર્વતમાંની ઘાસદાહની પરિણતિને સાપેક્ષ છે, એટલે એ એવો બોધ કરાવે છે. તો વ્યવહારનયને માન્ય તે તે પૂર્વાનુપૂર્વી આદિ ક્રમથી કરાતું ગુણવર્ણન પણ ગુણોમાં તે તે ક્રમવાળા વર્ણનના વિષયભાવની પરિણતિનો સ્વભાવ સાબિત કરે છે. આમ ગુણોનાં વર્ણનના ઉલટસુલટ ક્રમોના હિસાબે ગુણો પરસ્પર સંવલિત સિદ્ધ થાય છે. એ એમ સંમિ-લિત છે એથી જ વર્ણનક્રમ કોઇ એક જ નિયત પ્રકારનો ન હોઇ શકે. ત્યારે ગુણોમાં જો પૂર્વાનુ-પૂર્વી-પશ્ચાનુપૂર્વી વગેરે વિવિધ ક્રમથી વર્ણવાવા યોગ્ય સ્વભાવ જ ન હોય, તો જગતમાં તેવા તેવા ક્રમે વર્ણન પ્રવર્તતું દેખાય છે તે કેમ બને.? તેવા શબ્દો પ્રવર્તવા જ ન જોઈ એ. આ બધાનો સાર એ છે કે પ્રભુના પહેલાં અધિક ગુણની ઉપમાના કથન પછી હીન ગુણની ઉપમાના કથનમાં ક્રમભંગ નથી. એથી એ સિદ્ધ થયું કે કથનના ન્યાયે કથનીય ગુણોમાં પણ ક્રમનો અભાવ નથી, તેથી તે અસત્ નથી. એટલે બૃહસ્પતિના શિષ્યોનો એવો મત કે-' અક્રમવાળું હોઈને અસત્ છે, ' એ ખોટો ઠરે

છે. વસ્તુમાં પ્રતિપાદન મુજબનો ક્રમ ન હોય, તો જ પ્રતિપાદન ખોટું અને પ્રતિપાદન મુજબની વસ્તુ અસત્ ઠરે. પરંતુ અહીં તેમ નથી.

વસ્તુમાં ક્રમ-ઉત્ક્રમ-અક્રમ બે રીતે સિદ્ધ છે :— 'અક્રમવાળું તે અસત્-' આ માન્યતા ખોટી છે, કેમકે વસ્તુમાં એ કહે છે તેવી અક્રમવત્તા જ અસિદ્ધ છે. ક્રમનો અભાવ એ સાબિત કરી શકતા નથી; કેમકે ▲ (૧) પૂર્વે કહ્યું તે હિસાબે વસ્તુમાં ક્રમ-ઉત્ક્રમ-અક્રમ, એમ ત્રણે ય જાતની કથનયોગ્ય સ્વભાવપરિણતિ વસ્તુત : વિદ્યમાન છે જ; નથી એમ નહિ.અર્થાત્ ક્રમથી યાને પૂર્વાનુપૂર્વીએ કરી શકાતા કથનના હિસાબે અને ઉત્ક્રમથી એટલે કે પશ્ચાનુપૂર્વીએ તથા અક્રમે અર્થાત્ અનાનુપૂર્વીએ કરી શકાતા કથનના હિસાબે કથનીય વસ્તુમાં ત્રણે ય જાતની પરિણતિ સિદ્ધ છે. દા.ત. ગુણોમાં ક્રમથી કથનયોગ્ય, ઉત્ક્રમથી કથનયોગ્ય અને અક્રમથી કથનયોગ્ય સ્વભાવપરિણતિ સિદ્ધ છે. આ રીતે તેવા તેવા કરી શકાતા પ્રતિપાદન દ્વારા ગુણોમાં ક્રમ-ઉત્ક્રમ-અક્રમ સિદ્ધ કર્યા તે પોતાનામાં રહેલ કથનયોગ્ય સ્વભાવ પરિણતિની અપેક્ષાએ સિદ્ધ કર્યા. ▲ (૨) પરંતુ એકલી એ રીતે જ સિદ્ધ નથી, સ્વભાવથી પણ ક્રમ-ઉત્ક્રમ-અક્રમવાળી અભિધેયપરિણતિ પણ સિદ્ધ છે; કેમકે જૈન દર્શન એ સ્યાદ્વાદી દર્શન છે, એટલે એ અનંતધર્માત્મક વસ્તુનો બોધ યા પ્રતિપાદન એકાન્ત દૃષ્ટિએ નથી કરતું, વસ્તુને અનેકાન્ત દૃષ્ટિએ જુએ છે,અને પ્રરૂપે છે; કેમકે વસ્તુમાત્રમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ અનેક વિરોધી દેખાતા ધર્મો એક સાથે રહે છે. તેથી જૈન દર્શને માન્યું છે કે ગુણી જીવના હીનગુણ, અધિક ગુણ, અધિકતર ગુણ વગેરે, એ એકાન્તે સામાન્યથી ક્રમથી જ એમાં વ્યવસ્થિત હોય અર્થાત્ રહેતા એવું એમાં નથી, પરંતુ અક્રમથી પણ રહેલા હોય છે. માટે અનેકાન્ત-દૃષ્ટિએ સિદ્ધ થતા આ ક્રમ-અક્રમ સ્વભાવના હિસાબે પણ કથનીય વસ્તુ 'અક્રમવાળી, માટે અસત્' સાબિત નથી થઇ શકતી. એટલે પુંડરીકની ઉપમા દ્વારા જ્ઞાત અત્યન્ત ચઢીયાતા કૈવલ્યાદિ ગુણોની સિદ્ધિ કર્યા પછી ગન્ધ-હસ્તીની ઉપમા દ્વારા જ્ઞાત વિહારગુણની કરાતી સિદ્ધિ, એ, આમ સામાએ માનેલ પહેલાં હીન ગુણ પછી અધિક ગુણ, એવા ક્રમની અપેક્ષાએ જોતાં અક્રમવાળી હોવા છતાં, ખરેખર અક્રમવાળી ય નથી, તેમ અસત્ પણ નથી.

નિષેધમુખે સિદ્ધિ :— આ વસ્તુને આ જ વિચારણામાં નિષેધમુખે સિદ્ધ કરતાં કહેવાય કે જો એવી સહજ ક્રમ-અક્રમની વ્યવસ્થા ન હોય અને પૂર્વાનુપૂર્વી વગેરેથી કથનયોગ્ય સ્વભાવપરિ-ણતિ ય ન હોય તો શબ્દપ્રવૃત્તિ વસ્તુ સાપેક્ષ ન રહી ! પ્રસ્તુત ઉપમાની રજૂઆત વસ્તુ-સ્થિતિના આધાર પર ન ઊભી ! તો પછી પ્રસ્તુત સ્તુતિ યોગ્ય શી રીતે ? સ્પષ્ટતાથી કહીએ તો, જો ગુણોની ઉત્પત્તિ હીનાદિ ક્રમથી જ થતી હોય, અને ગુણોમાં પૂર્વાનુપૂર્વી ક્રમથી જ કથનયોગ્ય સ્વભાવ હોય, તથા શબ્દપ્રવૃત્તિ એને જ આધીન હોય, તો પછી મોટો પ્રશ્ન આ રહે કે પ્રસ્તુત શબ્દપ્રવૃત્તિ કેમ જ યોગ્ય ગણાય ?

અસદ્ અર્થની સ્તુતિ કેમ નિષ્ફળ ? :—વસ્તુનિરપેક્ષ સ્તુતિની પ્રવૃત્તિનો સીધો અર્થ તો એ થયો કે શબ્દ-પ્રવૃત્તિને વસ્તુ સાથે કોઇ સંબંધ ન રહ્યો. તેથી તો પ્રસ્તુત સ્તુતિ નિષ્ફળ જ ગણાય; કેમકે એ સ્તુતિ અસદ્ અર્થને કહેનારી હોઇને પોતાનું કાર્ય જે કરવા જાય છે, તે સ્તુતિના ધર્મનું ઉલ્લંઘન કરીને. સ્તુતિનો ધર્મ તો સદ્ભૂત (વાસ્તવિક) ગુણોની પ્રતિપાદકતા છે. પણ અહીં સ્તુતિ જો અસદ્ અર્થની એટલે કે અવાસ્તવિક ગુણની પ્રતિપાદક હોય તો સ્તુતિનો ધર્મ ઉલ્લંઘિત થયો; અને એ રીતની અસદ્ અર્થવાળી કરાતી સ્તુતિનું ફળ શું આવે ? સ્તુતિ કરવાનું ખરું ફળ તો વાસ્તવ ગુણોની પ્રશંસા કરી પ્રશસ્ય સત્ય વચનયોગ દ્વારા શુભ ભાવોલ્લાસ જગાવવાનું છે. એનાથી જ જ્ઞાનાવરણ, અંતરાય વગેરે પાપોનો ક્ષય થાય છે. અસદ્ વસ્તુની પ્રતિપાદક સ્તુતિથી આ ફળ ન આવે, તેથી તે નિષ્ફળ જાય !

અંધકારનૃત્યઃ—આ રીતે જો સ્તુતિ નિષ્ફળ હોય, તો તેનો પ્રયાસ કરવો વ્યર્થ છે, કેમકે એ તો અંધારામાં નૃત્ય કરવાના પ્રયાસ જેવો થાય. અંધકારમાં ગમે તેવું કરેલું નૃત્ય કોઇ દેખી શકે નહિ. એટલે ફળરૂપે બીજાને રીઝવવાનું બની શકે નહિ. એ પ્રયાસ જેમ વ્યર્થ, તેમ આ સ્તુતિ-પ્રયાસ પણ વ્યર્થ ગણાય ! કિન્તુ વસ્તુસ્થિતિએ તેમ નથી, કારણ કે સફળ પ્રયત્ન કરનારા મહાવિદ્વાન મહર્ષિ શ્રી ગણધર ભગવંતે આ સ્તુતિ રચી છે. તો એ મહાત્મા નિષ્ફળ પ્રયત્ન કેમ કરે ? માટે એમના સર્જનના હિસાબે પણ સ્તુતિ સફળ સિદ્ધ થાય છે; જે સફળતાના આધારે એ અસત્ નહિ પણ વાસ્તવિક અર્થવાળી ઠરે છે; અર્થાત્ પહેલાં અધિક ગુણની ઉપમા પછી હીન ગુણની ઉપમા રજૂ કરવાનો ક્રમ પણ પ્રામાણિક સિદ્ધ થાય છે. એથી જ ફલિત થાય છે કે-' પુરિસવરગન્ધહત્થીણું ' પદની વ્યાખ્યા દ્વારા 'પુરિસવરપુંડરીયાણું ' પદમાં કમળની ઉપમાથી કેવળજ્ઞાનાદિ જ્ઞાત થયા પછી ગંધહસ્તીની ઉપમાથી વિહારગુણ જ્ઞાત કરવો, એમાં કોઇ દોષ નથી.

(ल०-) एवं पुरुषोत्तम-सिंह-पुण्डरीक-गन्धहस्तिधर्म्मातिशययोगत एव एकान्तेनादिमध्यावसानेषु स्तोतव्यसम्पत्सिद्धिरितिस्तोतव्यसम्पद एवासाधारणरूपा हेतुसम्पदिति ॥ ३ ॥

અર્થ:—એ પ્રમાણે પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક અને પુરુષવરગન્ધહસ્તીના વિશિષ્ટ ધર્મના યોગે જ નિયમા અનાદિ ભવોમાં, ચારિત્ર-સ્થિતિમાં અને મોક્ષમાં (રહેલી) સ્તવવા યોગ્ય સ્વભાવસંપત્તિની સિદ્ધિ થાય છે. એટલે સ્તોતવ્ય સંપત્તિની જ આ અસાધારણ-સ્વરૂપ હેતુસંપદા છે.

વિવેચનઃ—

' पुरिसुत्तमाणं ' આદિ ચાર પદોની સંપદાનો ઉપસંહારઃ—સ્તોતવ્ય શ્રી અરહંત પરમાત્મા (૧) **આદિ** કાળમાં અર્થાત્ અનાદિ ભવોમાં ઉત્તમ છે, એ 'पुरिसुत्तमाणं' પદથી સમજાતા પુરુષોત્તમ-પણાના લીધે છે, (૨) **મધ્યકાળે** અર્થાત્ સામાયિક ચારિત્ર અને વીતરાગ (યથાખ્યાત) ચારિત્રકાળે શૂરવીર ને ઉપદ્રવનિવારક છે, એ ' पुरिससीहाणं ' તથા ' पुरिसवरगंधहत्थीणं ' પદથી સમજાતી સિંહ અને ગંધહસ્તીની ઉપમાના ધર્મને લીધે છે, તેમજ (૩) **અંતે** અર્થાત્ મોક્ષમાં-**જીવનમુક્ત** અને **વિદેહમુક્ત** અવસ્થામાં અસંગ સહજ સુંદર વગેરે છે, એ ' पुरिसवरपुंडरीयाणं ' પદથી સમજાતી પુંડરીકની ઉપમાના ધર્મને લીધે છે. આ ધર્મો અર્હત્પ્રભુમાં એકાન્તે અર્થાત્ નિયમા હોય છે, કોઇ જ અર્હત્ના આત્મામાં ન હોય એમ નહિ. તો જ્યારે આ ચાર પદોથી સૂચવેલા ધર્મને લીધે જ અર્હત્પ્રભુ સ્તોતવ્ય છે, અર્થાત્ એમનામાં સ્તવવાયોગ્ય સ્વભાવ સિદ્ધ થાય છે, એટલે જ ફલિત થાય છે કે આ ચાર પદોની સંપદા એ સ્તોતવ્ય સંપદાની અસાધારણ હેતુસંપદા છે, અસાધારણ એટલા માટે કે, એ માત્ર અરહંત પ્રભુમાં જ મળતી હોવાથી અન્યસાધારણ નથી.

★

१०. लोगुत्तमाणं.

(ल०–) साम्प्रतं ' समुदायेष्वपि प्रवृत्ताः शब्दाः अनेकधाऽवयवेष्वपि प्रवर्त्तन्ते, स्तवेष्वप्येवमेव वाचकप्रवृत्तिरि'ति न्यायसंदर्शनार्थमाह 'लोकोत्तमेभ्य....' इत्यादिसूत्रपञ्चकम् । इह यद्यपि 'लोक'शब्देन तत्त्वतः पञ्चास्तिकाया उच्यन्ते,–

धर्म्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम् । तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥१॥

— इति वचनात् ; तथाप्यत्र 'लोक'ध्वनिना सामान्येन भव्यसत्त्वलोक एव गृह्यते, सजातीयोत्कर्ष एवोत्तमत्वोपपत्तेः, अन्यथातिप्रसङ्गोऽभव्यापेक्षया सर्वभव्यानामेवोत्तमत्वात् । एवं च नैषामतिशय उक्तः स्यादिति परिभावनीयोऽयं न्यायः । ततश्च भव्यसत्त्वलोकस्य सकलकल्याणैकनिबन्धनतथाभव्यत्वभावेनोत्तमाः लोकोत्तमाः ।

अर्थ:—હવે 'સમુદાય માટે પણ પ્રવર્તતા શબ્દ અનેક પ્રકારે અવયવોમાં પણ પ્રવર્તે છે. સ્તુતિમાં પણ એજ રીતે વાચક શબ્દની પ્રવૃત્તિ થાય છે,'–એ ન્યાય દેખાડવા અર્થે 'લોકોત્તમેભ્યः'– 'લોગુત્તમાણં' વગેરે પાંચ સૂત્ર કહે છે, અહીં ('લોક'નો અર્થ વિચારતાં) જો કે 'લોક' શબ્દથી ખરેખર પાંચ અસ્તિકાય કહેવામાં આવે છે, કેમકે શાસ્ત્રવચન છે કે- 'જ્યાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો રહેવાસ છે, તે દ્રવ્યો સહિત તે ક્ષેત્ર એ લોક છે, એનાથી વિપરીત એ અલોક નામે છે;' તો પણ અહીં 'લોક' શબ્દથી ભવ્ય જીવ લોક જ લેવાય છે; કેમકે સમાન જાતિવાળાને વિષે ઉચ્ચતા હોય તો જ ઉત્તમતા ઘટી શકે છે; નહિતર અતિપ્રસંગ અર્થાત્ અનિષ્ટ સ્થળે પણ એની આપત્તિ આવે; કેમકે (એમ તો) અભવ્યની અપેક્ષાએ સર્વભવ્યો પણ ઉત્તમ છે. (તો શું એ લોકોત્તમ કહેવાય ?) એમ હોય તો તો (પરમાત્માને એવા કહેવામાં કાંઈ) એમની અત્યન્ત ઊંચી વિશેષતા કહી ન ગણાય. માટે આ ન્યાય સર્વ બાજુથી વિચારવા જેવો છે. એટલે (ભગવાનમાં) સમસ્ત કલ્યાણનું જ કારણભૂત તથાભવ્યત્વ હોવાને લીધે (અરહંત પરમાત્મા) નિખિલ ભવ્યજીવ રૂપી લોકમાં ઉત્તમ છે.

વિવેચન:—

સમુદાયવાચી શબ્દ અંશમાં પણ પ્રવર્તે :— હવે 'લોગુત્તમાણં' પદની વ્યાખ્યા શરૂ થાય છે, 'લોગુત્તમાણં' થી શરૂ થતાં પાંચ સૂત્રમાં 'લોગ'=લોક શબ્દ જે વપરાયો છે, એને લઇને એવો ન્યાય સૂચવાય છે કે જે શબ્દો કોઇ સમુદાયભૂત વસ્તુઓમાં પણ પ્રવર્તે છે, એટલે કે સમુદાય માટે વપરાય છે, તે અનેક પ્રકારે એ સમુદાયના અમુક ભાગ માટે પણ વપરાય છે; અર્થાત્ માત્ર 'સમુદાયમાં જ પ્રવર્તે' એવું નહિ. દા. ત. 'સપ્તર્ષિ' શબ્દ સાત ઋષિ–તારાના સમૂહ માટે વપરાય છે,

તેમ ભિન્ન ભિન્ન રીતે એ સાતમાંના એક, બે, ત્રણ, વગેરે તારા માટે પણ વપરાય છે; કહેવાય છે કે- 'આ એક સપ્તર્ષિ ઉગ્યો, બે સપ્તર્ષિ ઊંચા આવ્યા...' વગેરે. પ્રસ્તુતમાં પણ 'લોક' શબ્દથી વાચ્યભૂત સમુદાયનો અમુક અમુક અંશ 'લોક' તરીકે લેવાનો છે.

'લોક' એટલે પંચાસ્તિકાય :— 'લોક' શબ્દનો, વ્યુત્પત્તિના આધારે, અર્થ પાંચ અસ્તિકાય થાય છે; **'लोक्यते असौ लोकः'** જેનું લોકન, અવલોકન, અર્થાત્ જ્ઞાન થાય તે લોક. પાંચ અસ્તિકાયમય જગતનું જ્ઞાન થઇ શકે છે માટે તે જ લોક. જગત ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય ને જીવાસ્તિકાયમય છે, તો તે જ લોક. શાસ્ત્રની આમાં આ સાક્ષી મળે છે, **'धर्मादीनां वृत्तिर्द्रव्याणां यत्र भवति तत् क्षेत्रम् । तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥'**—અર્થાત્; જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો રહે છે, તે દ્રવ્યો સહિત તે ક્ષેત્રને લોક કહેવામાં આવે છે, જ્યારે, તેનાથી વિપરીત અર્થાત્ અન્ય દ્રવ્યશૂન્ય ક્ષેત્ર અલોક કહેવાય છે.

પ્ર૦—અહીં 'ક્ષેત્ર' શબ્દથી આકાશનો અમુક ભાગ લઈને બીજાં ક્ષેત્રી (રહેનારાં) દ્રવ્યો સાથે તે ભાગને લોક કહી, બાકીના ભાગને અલોક કહ્યો, તો પ્રસ્તુત લોક શબ્દના અર્થમાં બીજાં સમસ્ત દ્રવ્ય તો આવ્યાં, પણ સમસ્ત આકાશ કયાં આવ્યું ?

ઉ૦— સાક્ષી શ્લોકથી એટલું સૂચવવું છે કે લોક શબ્દનો અર્થ માત્ર આકાશદ્રવ્ય નહિ પણ બીજાં દ્રવ્યો સહિત આકાશ થાય છે. હવે એમાં લોક અને અલોક એમ બે ભાગ સમજાવવા છે માટે લોકની વ્યાખ્યા એવી બતાવી. પણ એ વ્યાખ્યા ય મૂળ તો 'લોક' શબ્દના 'જેનું લોકન (જ્ઞાન) થાય તે લોક' એવા વ્યુત્પત્તિ-અર્થ ઉપર નિર્ભર છે; (તો જ લોકમાં આકાશ ભેગાં બીજાં દ્રવ્ય પણ ગણ્યા,) એટલે પ્રસ્તુતમાં એ વ્યુત્પત્તિથી લોક તરીકે સમસ્ત પાંચ અસ્તિકાય લીધા.

પ્ર૦-'લોકન (અવલોકન) થાય તે લોક,' એમાં તો એકલાં દ્રવ્યો જ શા માટે, કાળ અને ગુણો, ક્રિયાઓ, ભાવો વગેરે ય આવે, કેમકે એનું ય જ્ઞાન તો થાય છે, તો એને ગણવા બાકી રહ્યા ને ?

ઉ૦-ના, દ્રવ્યોની જેમ ગુણો વગેરે કોઇ સ્વતન્ત્ર વસ્તુ નથી; એ બધાં દ્રવ્યસ્વરૂપ જ છે, દ્રવ્યથી ભિન્નાભિન્ન છે, માટે અસ્તિકાય દ્રવ્યો ભેગા એ ગણાઇ જ ગયા. **કાળ** એ પણ સ્વતંત્ર દ્રવ્ય નહિ, કિન્તુ દ્રવ્યોનો વર્તના પર્યાય છે, દા. ત. 'આ ઘડો હમણાંનો વર્તે છે, પેલો ગઈ કાલનો,' એમાં એકમાં તાજો વર્તનભાવ છે, બીજામાં એથી જૂનો વર્તનભાવ છે. એ ઘડાનો એક જાતનો પર્યાય છે, ને એજ કાળ છે; તો એનો દ્રવ્યમાં સમાવેશ છે, માટે એની ગણત્રી આવી જ ગઇ.

'લોક'ના અર્થમાં સંકોચ શાથી ? ઉત્તમ સજાતીયમાં જ હોયઃ— હવે, જો કે લોક એટલે પાંચ અસ્તિકાય દ્રવ્યોનો સમુદાય, છતાં 'લોકોત્તમ' પદમાંના લોક શબ્દથી સકળ પંચાસ્તિકાય નહિ, કિન્તુ એનો એક ભાગ જે જીવાસ્તિકાય, એમાંના પણ એક ભાગભૂત સકળ ભવ્ય જીવો લેવાના છે. આનું કારણ એ છે કે ભગવાનને લોકમાં ઉત્તમ જે કહેવા છે, તે 'પાંચે ય અસ્તિકાયને વિષે ઉત્તમ' એમ કહેવાનો કોઇ અર્થ નથી; કેમકે જીવ, અજીવ, દરેકની ખાસિયત જુદી છે, એમાં એકના કરતાં બીજામાં ઉત્તમતા શી ? ત્યારે જો સર્વ જીવોમાં ઉત્તમ કહેવા જાઓ, તો ભવ્ય જીવો ય અભવ્ય કરતાં મોક્ષયોગ્યતાની દૃષ્ટિએ ઊંચા છે, માટે એ ય 'લોકોત્તમ' કહેવાશે ! આમ, લોકોત્તમતા અનભિપ્રેત એવા ભવ્ય જીવોમાં ચાલી જશે ! પણ એ કાંઇ લોકોત્તમ નથી; ને એવી જ લોકોત્તમતા ભગવાનમાં જો કહેવી હોય તો એથી કાંઈ ભગવાનનો અતિશય યાને અત્યન્ત ઊંચી વિશેષતા કહી ન ગણાય. ભગવાનની વિશેષતા એ, કે જે ભગવાનમાં જ હોય, ને બીજામાં નહિ. માટે કહો, ઉત્તમતા તો પોતાના સમાન જાતિવાળાની અપેક્ષાએ ગણાતી ઉચ્ચતાને કહેવાય. ભગવાન ભવ્ય જીવ છે, અને એ સજાતીય

બીજા બધા ભવ્ય જીવો કરતાં પોતાનામાં રહેલા વિશિષ્ટ તથાભવ્યત્વના યોગે ઉચ્ચતાવાળા છે; માટે લોકોત્તમ એજ છે.

ભગવાનનું તથાભવ્યત્વ સર્વોત્તમ શાથી ?:— એ વિશિષ્ટ તથાભવ્યત્વ સમસ્ત કલ્યાણોનું જ એક મૂળભૂત કારણ છે. બીજા ભવ્ય જીવોમાં આવું તથાભવ્યત્વ નથી. ભગવાનનું તથાભવ્યત્વ પ્રભુના પોતાના તો સમસ્ત કલ્યાણ સધાવે જ છે, ઉપરાંત ભવ્ય જીવમાત્રના સકળ કલ્યાણ સિદ્ધ થવામાં પણ અરિહંત પ્રભુનો જે અચિંત્ય અનંત પ્રભાવ કારણભૂત છે, તેની પાછળ પણ એ જ કામ કરે છે. અનાદિ વિશિષ્ટ તથાભવ્યત્વ સહિત એ ભગવાન અચિંત્ય શક્તિયુક્ત હોઇને ભવ્ય જીવોના સમસ્ત કલ્યાણમાં કારણભૂત છે, એટલે પરંપરાએ તથાભવ્યત્વને પણ કલ્યાણહેતુ કહી શકાય. આમ પણ જોઇએ તો કોઇ પણ ભવ્ય જીવ જે મોક્ષમાર્ગની સાધના કરવા પામે છે, તે અરહંત પ્રભુએ માર્ગ દર્શાવ્યો હોય છે, સ્થાપ્યો હોય છે, તો જ; અને એ માર્ગ સ્થાપી શકે છે તે તથાભવ્યત્વના લીધે અરહંત બનવા પર. માટે એમનું તથાભવ્યત્વ તે એમનું જ; બીજા ભવ્યો પાસે એ નહિ.

(લ૦—) भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वम्, अनादि पारिणामिको भावः, तथाभव्यत्वमिति च विचित्रमेतत्, कालादिभेदेनात्मनां बीजादिसिद्धिभावात्, सर्वथा योग्यतोऽभेदे तदभावात्, तत्सहकारिणामपि तुल्यत्वप्राप्तेः, अन्यथा योग्यताऽभेदायोगात्, तदुपनिपाताक्षेपस्यापि तन्निबन्धनत्वात् । निश्चयनयमतमेतदतिसूक्ष्मबुद्धिगम्यमिति लोकोत्तमाः ॥ १० ॥

અર્થ:— ભવ્યત્વ એટલે મોક્ષપ્રાપ્તિની યોગ્યતા, (એ) અનાદિ પારિણામિક ભાવ છે; અને તથાભવ્યત્વ એ તો (વ્યક્તિ દીઠ) જુદી જુદી તરેહનું હોય છે, કેમકે જીવોને ધર્મબીજ વગેરેની સિદ્ધિ થાય છે તે ભિન્ન ભિન્ન કાળ વગેરેમાં (થાય છે. એ સૂચવે છે કે વ્યક્તિદીઠ મોક્ષ-યોગ્યતા જુદી જુદી છે.) કેમકે જો યોગ્યતામાં ભેદ ન હોય; તો કાળાદિભેદેન બીજાદિ સિદ્ધિ ન થાય. (કદાચ કહો કે યોગ્યતા તો એકરૂપ છે, પણ સહકારી કારણોની જુદાઈથી કાર્યભેદ પડે છે, તો તે ય ખોટું છે,) કેમકે ભવ્યત્વના સહકારી કારણોમાં પણ (ભવ્યત્વની જેમ) એકરૂપતાની આપત્તિ આવશે. કેમકે જો તે એકરૂપ ન હોય તો તો યોગ્યતામાં એકરૂપતા ઘટે નહિ; કારણ એ છે કે તે સહકારી કારણોનું ચોકસ કાળે (ભવ્યત્વને) આવી મળવું એ પણ યોગ્યતા પર અવલંબે છે. આ નિશ્ચયનયનો મત સૂક્ષ્મ બુદ્ધિથી સમજાય એવો છે. આ રીતે લોકોત્તમ સિદ્ધ થયા. (પદ ૧૦.)

વિવેચન:—

ભવ્યત્વ એટલે ?:-અહીં 'ભવ્ય' એટલે જે વિવક્ષિત પર્યાયરૂપે થશે તે. તેનો ભાવ અર્થાત્ તે તે પર્યાયરૂપે થવાની યોગ્યતા એ ભવ્યત્વ. પ્રસ્તુતમાં ભવ્યત્વ એ જીવનો પર્યાય છે, તો ભવ્યત્વ એટલે સિદ્ધિ નામના પર્યાયરૂપે થવાની યોગ્યતા. સિદ્ધિ એટલે જીવની તે અવસ્થા કે જેમાં જીવનાં સર્વ પ્રયોજન સિદ્ધ થઇ ગયા હોય, સંપૂર્ણ થઈ ગયા હોય. સમસ્ત કર્મોના ક્ષયવાળી આ અવસ્થા છે; સર્વ કર્મોથી મુક્ત થયાની આ સ્થિતિ છે. આવી સિદ્ધિ-અવસ્થાની ગમન-યોગ્યતા એ ભવ્યત્વ.

પરિણમન:-જીવનું સિદ્ધિગમન એટલે સિદ્ધિભાવમાં પરિણમન; અર્થાત્ જીવ જે અસિદ્ધિભાવ યાને સંસારભાવે પરિણત હતો તે હવે સિદ્ધિભાવે પરિણત થયો, સિદ્ધિની અવસ્થાને તન્મય થયો; જેમ, દૂધ ઉકળ્યા પછી માવાની અવસ્થામાં પરિણત થાય છે, ત્યાં દૂધનું પુદ્ગલ દ્રવ્ય એનું એજ રહ્યું, પણ એ

પ્રવાહી દૂધ અવસ્થા છોડી ઘટ્ટ માવાની અવસ્થામાં પરિણત થાય છે, ત્યાં કાંઇ દ્રવ્ય તદ્દન જુદું અને અવસ્થા ય સ્વતન્ત્ર જુદી, એવું નથી; દ્રવ્ય પોતે જ તે તે અવસ્થામય થઇ જાય છે. એવી રીતે જીવ પોતે જ સિદ્ધિ-અવસ્થામય થઇ જાય છે. એનું જ નામ સિદ્ધિભાવે પરિણમન.

જૈન અને સાંખ્યના પરિણામવાદ વચ્ચે તફાવતઃ— જૈન દર્શનની આ 'પરિણામવાદ'ની એક આગવી વિશેષતા છે. એમ તો સાંખ્યદર્શન પણ 'પ્રકૃતિનો પરિણામ એ મહત્તત્ત્વ, ઉપાદાન કારણનો પરિણામ એ કાર્ય....'એમ પરિણામવાદ માને છે. પરંતુ તે તો પરિણામને એકાન્તે અભિન્ન માને છે, એમ માનવામાં દોષ એ ઊભો થાય છે કે એકાન્તે અભિન્ન જો હોય, તો તો કારણ હંમેશાં કાર્યરૂપ જ રહેવું જોઇએ. પણ એવું કાંઇ હોતું નથી, કેટલાં ય કારણ કાર્યઅવસ્થા વિના એમજ પડી રહ્યાં હોય છે, દા. ત. જગતમાં બધી માટી ઘડારૂપે જ નથી હોતી. એટલે એકાન્તે અભેદ માનવામાં 'પરિણામ' વસ્તુ ઘટતી નથી. 'પરિણામમાં' શબ્દાર્થ જોઇએ તો, 'પરિ' એટલે કે બધી બાજુથી, 'ણામ' એટલે કે પ્રહ્વીભાવ, નમી જવું, અનુકૂળ થઈ જવું, ભળી જવું તે. કાર્ય એ કારણનો પરિણામ થયો, એટલે કે કારણ એ બધી બાજુથી કાર્ય-અવસ્થામાં ભળી ગયું. આ ભળી જવાનું જ સૂચવે છે કે ભળવા પહેલાં, કારણ એ કાર્યરૂપે નહોતું, કાર્યથી ભિન્ન હતું. તો જ પછીથી ભળ્યું ગણાય. પહેલેથી જો અભિન્ન એટલે તદ્રૂપ જ હોય તો નવું થવા-ભળવાનું શું ? માટે એ ભિન્ન તો છે જ. તો પછીથી આવનારૂં કાર્ય કારણની સાથે એકાન્ત અભેદભાવે કેમ હોઇ શકે ? ભિન્ન હોય તો જ પછી પરિણમન ક્રિયા થઇ શકે. અભિન્નમાં પરિણામ શો ? માટે એકાન્તે-અભેદવાદી સાંખ્યો 'પરિણામ' શબ્દ ભલે બોલે, પણ એમના મતે 'પરિણામ' વસ્તુ નથી ઘટતી. એટલે એમને ત્યાં વાસ્તવિક નહિ પણ કાલ્પનિક પરિણામ છે. એ તો અનેકાન્તવાદનું શરણું લેવાય અને ભેદાભેદ અર્થાત્ કથંચિત્ ભેદ-કથંચિત્ અભેદ મનાય, તો જ 'પરિણામ' વસ્તુ ઘટે. અહીં ધ્યાનમાં રાખવાનું છે કે કથંચિત્ ભેદ તે પણ માત્ર પૂર્વાવસ્થામાં જ એમ નહિ, કિન્તુ પરિણામ-અવસ્થામાં પણ છે. દા. ત. માટી એમજ પડેલી હતી ત્યારે તો તે ઘડાથી જુદી હતી જ, પરંતુ ઘડારૂપે પરિણામ પામ્યા બાદ, અર્થાત્ ઘડો બન્યા પછી પણ માટી એ ઘડાથી કથંચિત્ ભિન્ન છે જ, કેમકે-

માટી ઘડારૂપે બની છતાં ઘડાથી જુદી કેમ ?:— જ્યારે માટી ઘડા રૂપ થઇ છે ત્યારે પણ ▲ (૧) 'માટી ઘડા રૂપે છે' એમ કહેવામાં 'માટી' અને 'ઘડો' એ બન્ને જુદા શબ્દ વપરાય છે, ▲ (૨) માટી અને ઘડાની ખાસિયત તથા કાર્ય જુદા રહે છે, દા. ત. માટીની ખાસિયત છે એક પૈસાના મૂલ્યે મપાવું, ને ઘડાની ખાસિયત છે બે આનાના મૂલ્યે અંકાવું; એમ માટીનું કાર્ય છે,-'આ માટી છે, સોનું નહિ' એવું જ્ઞાન; ત્યારે ઘડાનું કાર્ય છે, 'આ ઘડો છે, પિંડો નહિ, કુંડી નહિ' એવું જ્ઞાન. ▲ (૩) ઘડો ફૂટી ગયા પછી પણ માટી ઊભી રહે છે, ભલે ઠીકરારૂપે. જો બંનેનો એકાંતે અભેદ હોય તો તો ઘડો નાશ પામતાં માટી પણ નષ્ટ થવી જોઇએ. તો આ ત્રણે ય બાબતથી સાબિત થાય છે કે માટી ઘડા રૂપ બની હોવા છતાં એ ઘડાથી કથંચિત્ ભિન્ન પણ છે જ.

આમ કારણમાંથી કાર્ય બને ત્યાં બંને વચ્ચે ભેદાભેદ માનો તો જ પરિણામવાદ માન્યો ગણાય; તો જ કહી શકો કે કાર્ય એ કારણનો પરિણામ છે, અર્થાત્ કારણ કાર્યરૂપે પરિણમ્યું. જૈન દર્શન જ આ માને છે, માટે સાચો પરિણામવાદ એ એની આગવી વિશેષતા છે.

'द्रव्याश्रया गुणाः' ન્યાય-વૈશેષિકો અને જૈનો વચ્ચે ભેદઃ—એ પરિણામ કાર્ય-કારણની જેમ દ્રવ્ય અને ગુણ તથા દ્રવ્ય અને પર્યાયમાં પણ લાગુ પડે છે. તેથી જૈન દર્શન કહે છે કે-**'गुणाः द्रव्याश्रयाः'** અર્થાત્ ગુણો દ્રવ્યમાં રહેલા ખરા, પરંતુ દ્રવ્ય સાથે પરિણત થયેલા, એકરૂપ બનેલા છે, એમ દ્રવ્ય ગુણોવાળું ખરું, પરંતુ ગુણરૂપે પરિણામ પામેલું હોય છે, ઘડો કાળો છે, કાળા રૂપવાળો છે,

તો કાળારૂપે પરિણામ પામેલો છે. એ અગ્નિમાં પાકીને લાલ થયો તો લાલાશરૂપે પરિણત થયો; ઘડો અને લાલાશ બંને તન્મય થઈ ગયા. ત્યારે ન્યાય-વૈશેષિક દર્શન પણ 'गुणाः द्रव्याश्रयाः' કહે છે, પરંતુ તે માત્ર દ્રવ્યમાં રહેલા હોવાનું કહે છે, દ્રવ્યને માત્ર ગુણવાળું કહે છે; તે ગુણવાળું એક જુદા સમવાય સંબંધથી કહે છે. અહીં એમની ભૂલ છે, તે એટલા માટે કે, ◆ (૧) જો ગુણ આશ્રયથી તદ્દન જુદા જ છે, તો એ ગુણ વિનાના એ દ્રવ્યની અને બીજા દ્રવ્યની વચ્ચે તફાવત શો ? દા. ત. જ્ઞાનગુણ જો આત્માથી તદ્દન જુદો જ છે, તો પ્રશ્ન થાય કે આત્મા અને જડ દ્રવ્ય વચ્ચે તફાવત શો ? આત્મા ચેતન કહેવાય છે, ત્યાં એનું ચૈતન્ય શું ! જ્ઞાન ગુણને આત્મા સાથે તન્મય માનનાર તો કહી શકે કે જ્ઞાન આત્માનો સ્વભાવ છે, આત્માનું સ્વરૂપ છે, અને જ્ઞાનસ્વરૂપ એજ ચૈતન્ય છે. વળી ◆ (૨) ગુણની જેમ કાર્ય પણ કારણથી જો તદ્દન ભિન્ન હોય, તો ' કારણ એજ કાર્યરૂપ બની ગયું. દા. ત. સુતરના તાંતણા એજ વસ્ત્રરૂપ બની ગયા,' એવો યથાર્થ વ્યવહાર નહિ થઇ શકે. અભેદ માનનારના મતે તો તન્તુ વસ્ત્રરૂપ જ બને છે માટે વાંધો નથી. ▲ (૩) ગુણને દ્રવ્યથી તદ્દન જુદા માની દ્રવ્ય સાથે એનો સમવાય સંબંધ માનવા જતાં, પ્રશ્ન થશે કે એ સમવાય પણ એક જુદી વસ્તુ હોવાથી એનો અને દ્રવ્યનો કયો સંબંધ ? જો કહો કે સમવાયનો દ્રવ્ય સાથે દ્રવ્યસ્વરૂપ સંબંધ; તો તો ગુણના સમવાયનો શા માટે, મૂળ ગુણનો જ દ્રવ્ય-સ્વરૂપ સંબંધ કાં ન માનવો ? અરે ! સંબંધે ય શા સારૂ, ગુણને જ દ્રવ્યસ્વરૂપ સંબંધ કાં ન માનવા ? ◆ આમ અનેક રીતે વિચારતાં, શું ગુણ, શું પર્યાય, કે શું કાર્ય એ પોતાના આશ્રયથી એકાંતે ભિન્ન નહિ, તેમ એકાંતે અભિન્ન પણ નહિ, કિંતુ ભિન્નાભિન્ન છે, એથી ખૂશીથી કહેવાય કે દ્રવ્ય તે તે ગુણરૂપે પરિણમ્યું. ન્યાય-વૈશેષિક દર્શન આમ પરિણામવાદ માનતું નથી, એટલે દ્રવ્યમાં એમણે માનેલી ગુણવત્તા વસ્તુતઃ સંગત જ નથી થતી, પછી એમ શી રીતે તુલના કરાય કે-'જેમ ન્યાય-વૈશેષિક દર્શન ' गुणा द्रव्याश्रयाः ' કહે છે તેમ જૈનો પણ એમજ કહે છે ' ? જૈનો તો કહે છે કે તે તે ગુણ-પર્યાયરૂપે દ્રવ્ય પોતે જ પરિણામ પામે છે, પરિણત બને છે, તદ્રૂપ થાય છે.

માટે તો જ્યારે અસત્ કાર્યવાદી ન્યાયાદિ દર્શન કહે છે કે ઉપાદાન કારણમાં પહેલાં કાર્યની બિલકુલ સત્તા જ નથી, ત્યારે સદ્-અસત્ કાર્યવાદી જૈન દર્શન કહે છે કે કથંચિત સત્તા છે; અને એનું જ નામ એમાં કાર્યની યોગ્યતા છે. **માટીમાં ઘડાની યોગ્યતા છે એટલે કે ઘડાની અપ્રગટ સત્તા છે.** તેથી જ કુંભારનો પ્રયત્ન માટી ઉપર સફળ થાય છે ધૂળ કે સુતર પર નહિ; કેમકે માટીમાં અપ્રગટ ઘટસત્તા છે, બીજામાં નહિ. તેમ ભવ્ય જીવમાં મોક્ષની યોગ્યતા છે, અપ્રગટ મોક્ષની સત્તા છે. આ નિશ્ચય-દૃષ્ટિએ; વ્યવહાર-દૃષ્ટિએ અત્યારે મોક્ષ નહિ પણ સંસાર-અવસ્થા છે. વસ્તુના મૂળસ્વરૂપની દૃષ્ટિ તે નિશ્ચય, અને બાહ્ય સ્વરૂપની દૃષ્ટિ તે વ્યવહાર. નિશ્ચયની જેમ વ્યવહાર પણ પ્રામાણિક છે; માટે તો આત્માનું વર્તમાન સાંસારિક-બાહ્ય-સ્વરૂપ ટાળવા અને મૂળ મુક્ત સ્વરૂપ પ્રગટ કરવા પ્રયત્ન કરવો રહે છે; નહિતર જો વ્યવહાર અસત્ હોય, તો પ્રયત્ન જ શા માટે જોઇએ ? નિશ્ચયથી મૂળસ્વરૂપ તો સલામત છે જ.

ભવ્ય-અભવ્ય-જાતિભવ્યઃ—તો, સિદ્ધિગમનને એટલે કે સિદ્ધિ નામના પર્યાયમાં પરિણમવાને યોગ્ય તે ભવ્ય કહેવાય. યોગ્ય એટલે સાધન-સામગ્રી મળવા પર જે પોતાના સાધ્યરૂપે પરિણમશે, અભેદભાવે સાધ્યની સાથે જે જોડાશે તે. અત્યારે જોડાયો નથી, પરંતુ ભવિષ્યમાં જે જોડાશે તે. જીવ જોડાવા પૂર્વે યોગ્ય કહેવાય. યોગ્યનો સ્વભાવ તે યોગ્યતા કહેવાય. તાત્પર્ય, સિદ્ધિ પરિણમનની યોગ્યતા એ ભવ્યત્વ. ભવ્ય જીવોમાં જ આ હોય, અભવ્યોમાં નહિ. જીવ હોવા માત્રથી યોગ્ય જ હોય એવો નિયમ નથી. ધૂળ એક પ્રકારની માટી હોવા છતાં એનામાં ઘડો બનવાની યોગ્યતા નથી હોતી. વંધ્યા (વાંઝણી) એ સ્ત્રી હોવા છતાં અને પુત્ર-જનનની સામગ્રી મળવા છતાં ગર્ભ ધારણ કરવાની

એનામાં યોગ્યતા નથી હોતી. એમ અભવ્ય જીવને સામગ્રી મળે તો પણ મોક્ષ પામવાની યોગ્યતા નથી હોતી; ભવ્યમાં એ હોય છે. છતાં બધા ભવ્ય મોક્ષ પામવાના છે એવું ય નથી. કેમકે કેટલાય ભવ્યોને એની સામગ્રી મળવાની જ નથી. દા. ત. પવિત્ર વિધવા સ્ત્રીમાં પુત્ર-જન્મની યોગ્યતા હોઈ શકે છતાં સામગ્રીના અભાવે પુત્ર-જન્મ કરવાની નથી. જે ભવ્ય જીવ, યોગ્યતા છે છતાં, કદી મોક્ષ પામવાના નથી તે જાતિભવ્ય કહેવાય છે. તો જીવોના ત્રણ વિભાગ થયા,-ભવ્ય, અભવ્ય, ને જાતિભવ્ય.

ભવ્યત્વ એ અનાદિ પારિણામિક ભાવ :—આ ભવ્યત્વ સ્વભાવ અનાદિનો હોય છે. જ્યાં છે ત્યાં છે જ, કયારે ય નહોતો એમ નહિ; ને જ્યાં અભવ્યમાં નથી ત્યાં નથી જ, ને ભવિષ્યમાં ય કદી આવવાનો નથી. એનો અર્થ એ, કે અભવ્ય કદી ય ભવ્ય બની શકવાનો નથી; તેમ એને કોઇ ભવ્ય બનાવી શકે જ નહિ. માટે જ ભવ્યને સહજ મળેલા ભવ્યત્વની કદર હોય તો તેને પકવી સિદ્ધિ પામવાનું કરે. ભવ્યત્વ એ અનાદિકાળથી ભવ્ય આત્માનો પારિણામિક ભાવ છે.

ભાવ પાંચ પ્રકારના છે. :—(૧) આત્મામાં કર્મના ઉદયથી જે ભાવ (પર્યાય) જન્મે તેને **ઔદયિકભાવ** કહેવાય; દા. ત. શાતા-અશાતા મનુષ્યપણું વગેરે એ ઔદયિકભાવ છે. (૨) કર્મનો ઉપશમ થવાથી પ્રગટનાર ભાવને **ઔપશમિકભાવ** કહેવાય; દા. ત. ઉપશમ સમકિત. (૩) કર્મના ક્ષયોપશમથી જન્મે તેને **ક્ષાયોપશમિક ભાવ** કહેવાય, દા. ત. દાનવૃત્તિ, સમકિત, શાસ્ત્રજ્ઞાન-વગેરે. (૪) **ક્ષયથી** જન્મે તેને **ક્ષાયિકભાવ** કહે છે, દા. ત. ક્ષાયિક સમ્યગ્દર્શન, વીતરાગતા, કેવળજ્ઞાન વગેરે. પરંતુ (૫) જ્યાં કર્મના ઉદય, ક્ષયોપશમ વગેરે પરવસ્તુની અપેક્ષા નથી, ને જે પોતાનું સહજ પ્રગટ સ્વરૂપ છે, તેને પરિણામ યાને પારિણામિકભાવ કહે છે, દા. ત. જીવત્વ, ભવ્યત્વ વગેરે, ચાહ્યા તે શાશ્વત હો કે નાશવંત હો. ' પરિણામ ' નો અર્થ પૂર્વે કહ્યો તેમ ' દ્રવ્યમાં સર્વ બાજુએ ભળી ગયેલો ભાવ ' એવો થાય છે. દા. ત. અજીવમાં અજીવત્વ, જીવમાં જીવત્વ; એમ ભવ્ય જીવમાં ભવ્યત્વ એ એક પરિણામ છે. એનું જ નામ પારિણામિકભાવ. ' પરિણામ ' શબ્દને પોતાના જ અર્થમાં એટલે કે એના એજ અર્થમાં ' ઇક ' પ્રત્યય લાગવાથી અને ' પ ' માંના ' અ 'ની વૃદ્ધિ એટલે કે ' आ ' થવાથી ' પારિણામિક ' શબ્દ બને છે. માટે ' પારિણામિક ભાવ 'નો અર્થ ' પરિણામ ' થાય. તો એ આવ્યું કે આ ' ભવ્યત્વ ' નામનો પરિણામ એ અનાદિ પારિણામિક ભાવ છે, અનાદિનો પરિણામ છે. જયારે, જીવત્વ એ અનાદિ છતાં અનન્ત (કદી નાશ ન પામે તેવો) પરિણામ છે, ત્યારે ભવ્યત્વ એ અનાદિ સાન્ત પારિણામિકભાવ છે. જીવ મોક્ષ પામે ત્યારે એના ભવ્યત્વ પરિણામનો અંત થઈ જાય છે, કેમકે હવે તો સિદ્ધિ પ્રાપ્ત થઇ ગઈ તેથી સિદ્ધિને યોગ્ય અર્થાત્ 'ભવિષ્યમાં જે સિદ્ધિ સાથે યોજાશે' એવો એ જીવ રહ્યો નહિ. અહીં ' અનાદિ ભાવ નાશ કેમ પામે ? ' એમ નહિ કહેવું, કેમકે ખરૂં જોતાં એ સર્વથા નાશ નથી, પણ ભવ્યત્વ ભાવ પોતે કાર્ય મોક્ષમાં પરિણામ પામી જાય છે.

તથાભવ્યત્વ એટલે ? :— સર્વ ભવ્ય જીવોનું આ ભવ્યત્વ એ સામાન્ય સ્વરૂપ થયું. પરંતુ તે જ પાછું વિચિત્ર એટલે કે વ્યક્તિભેદે ભિન્ન ભિન્ન સ્વરૂપે હોય છે, તેને તથાભવ્યત્વ કહે છે. સર્વ ભવ્ય જીવમાં ભવ્યત્વ સમાન છતાં તે બધામાં એક ચોકસ પ્રકારનું નહિ. પરંતુ વ્યક્તિ દીઠ તથા-ભવ્યત્વ જુદું જુદું હોય છે; અર્થાત્ વિશિષ્ટ ભવ્યત્વ એ જ તથાભવ્યત્વ; પણ એ એકમાં હોય તેવું બીજામાં નહિ, આનું કારણ એ છે કે એ બધા એક જ પ્રકારે મોક્ષ નથી પામતા, પણ જુદા જુદા કાળે, જુદા જુદા ક્ષેત્રે, અને જુદા જુદા ગુરુ વગેરે દ્રવ્યના આલંબને મોક્ષ પામે છે.

યોગ્યતા જુદી જુદી કેમ ? :— ભવ્યત્વ એ મોક્ષ થવા માટેની યોગ્યતા સ્વરૂપ છે, ને યોગ્યતા જાતે જ આ નિમિત્તભૂત બીજી સામગ્રી મળ્યેથી કાર્યમાં પરિણમે છે; કેમકે યોગ્યતા છે શું ? કાર્યની અપ્રગટ અવસ્થા. સામગ્રી મળ્યે એમાંથી કાર્ય પરિણામ પ્રગટ થાય છે. તો યોગ્યતા એ પારિણામિક કારણ કહેવાય અને બીજું નિમિત્ત એ સહકારીકારણ કહેવાય. આ મોક્ષ માટેની

યોગ્યતારૂપ પારિણામિક કારણને મોક્ષ-રૂપ કાર્યમાં પરિણમવા માટે એક માત્ર ધર્મ જ ઉપયોગી પુરુષાર્થ છે, અર્થ-કામ નહિ. માટે તો અર્થ-કામ એ નામના પુરુષાર્થ છે, અસત્ પુરુષાર્થ છે, જ્યારે ધર્મ-મોક્ષ એ ઉપયોગી પુરુષાર્થ યાને સત્પુરુષાર્થ છે. ધર્મ-પુરુષાર્થ એ એક જાતનું વૃક્ષ છે. એ બીજ-અવસ્થાથી માંડી ફળ-અવસ્થા પર્યંત વિકસે છે. એ બીજ-આદિ અવસ્થાઓ પ્રગટાવવા માટે તે તે સહકારી કારણો અને સાધનાઓ જરૂરી હોય છે. પૂર્વે કહી આવ્યા છીએ તેમ ધર્મ-પ્રશંસાદિથી ધર્મની બીજ-અવસ્થા સિદ્ધ થાય છે, અને ધર્મચિંતા—ધર્મશ્રવણાદિથી ધર્મની અંકુર અવસ્થા નિષ્પન્ન બને છે, એ બીજ-આદિ અવસ્થાઓ જુદા જુદા જીવોને એક જ સમય-સામગ્રીથી નહિ પણ કારણભૂત જુદા જુદા સમયે, જુદા જુદા ક્ષેત્રે ને જુદા જુદા ગુરુ વગેરે દ્રવ્યોનું આલંબન મળ્યે પ્રગટે છે,-કોઈને કોઇ ગુરુ, કોઇ પ્રતિમા, કોઇ શાસ્ત્ર, કોઈ ધર્મપ્રસંગ, વગેરેથી ધર્મબીજાદિ, તો અન્ય મનુષ્યને બીજા જ ગુરુ, બીજું જ શાસ્ત્ર, ઇત્યાદિથી ધર્મબીજાદિ સિદ્ધ થાય છે; અર્થાત્ જુદા જુદા જીવને જુદી જુદી સાધન-સામગ્રી મળવાથી પ્રગટે છે. હવે આ કાંઇ તે જીવોની એક જ સ્વરૂપની યોગ્યતાથી બનવું સંભવિત નથી. માટે માનવું જ જોઇએ કે એની પાછળ કારણ તરીકે તે તે જીવની અલગ અલગ વિશિષ્ટ યોગ્યતા કામ કરી રહી છે. દા. ત. અનેક ભેંસના દૂધમાં દહીં બનવાની યોગ્યતા છતાં એમાંનું કોઈ દૂધ થોડા મેળવણથી, અને ઓછા સમયમાં દહીંરૂપે તૈયાર થાય છે, ત્યારે બીજું દૂધ જરા વધુ મેળવણે અને વધુ સમયમાં દહીંરૂપે બને છે. આ સૂચવે છે કે દહીં બનવાની સામાન્ય યોગ્યતા બંનેમાં સમાન છતાં, તે તે દૂધ વ્યક્તિમાં એવી જુદી જુદી યોગ્યતા છે કે જેના કારણે ભિન્ન ભિન્ન સમય-સામગ્રીએ તે દહીંરૂપે બને છે. બસ આ જ રીતે સૌ ભવ્યોનું ભવ્યત્વ સમાન છતાં વ્યક્તિ દીઠ જુદી જુદી યોગ્યતાના લીધે જ ભિન્ન ભિન્ન સમય-સામગ્રીએ તે તે ભવ્યો ધર્મબીજથી માંડીને મોક્ષ સુધીના ભાવોરૂપે પરિણમે છે. કહો કે મૌલિક તેવી તેવી યોગ્યતા જ તેવી તેવી બીજાદિ-અવસ્થામાં પરિણમતી આવીને તે તે જીવોને બીજાદિની સિદ્ધિ થાય છે. કેમકે જો યોગ્યતા ભિન્ન ભિન્ન ન હોત તો આવા જુદા જુદા કાળે બીજ આદિ અવસ્થા પામવાનું શા માટે બનત ? યોગ્યતા એ કારણ છે, બીજ આદિ અવસ્થા કાર્ય છે. તો નિયમ છે કે-'કાર્યમાં ભેદ કારણના ભેદથી જ પડે,' માટે ભિન્ન ભિન્ન રીતની બીજાદિ અવસ્થારૂપ કાર્ય પરથી તેના પારિણામિક હેતુ તરીકે ભિન્ન ભિન્ન યોગ્યતા યાને ભવ્યત્વ સિદ્ધ થાય છે.

'યોગ્યતા એકરૂપ, અને સહકારી ભિન્ન ભિન્ન, માટે કાર્યભેદ'-એવું કેમ નહિ ? :—

પ્ર૦— પારિણામિક હેતુ જે ભવ્યત્વ અર્થાત્ મોક્ષયોગ્યતા, તે ભલે એક સરખી હોય, એક જ સ્વરૂપની હોય તો પણ સહકારી કારણો જુદા જુદા મળવાથી કાર્યભૂત બીજાદિ-અવસ્થા ભિન્ન ભિન્ન રીતે થાય, એવું ન બની શકે ?

ઉ૦— ના, એમ જો હોય તો તો એકલું ભવ્યત્વ જ એક સરખું શા માટે, ભવ્યત્વમાં સહાયક થનારા અર્થાત્ એમાં વિશેષતા લાવનારા તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વગેરે સહકારી કારણો પણ એક સ્વરૂપનાં કેમ ન હોય ? કેમકે જો યોગ્યતા સમાન, તો સહકારી પણ સમાન હોવાનું પ્રાપ્ત થાય છે. નહિતર સહકારી જો સમાન નહિ, તો યોગ્યતા પણ એક સ્વરૂપની હોઇ શકે નહિ. મૂળમાં યોગ્યતા ભિન્ન ભિન્ન જ હોય, તો જ બીજાદિસિદ્ધિ જુદાં જુદાં સાધનોથી થાય. યોગ્યતા તો ઉપરના સઘળા ભાવો અને પ્રસંગોનું બીજ છે. બીજ જો જુદું જુદું, તો જ ઉપરનું બધું જુદું જુદું.

પ્ર૦— એમ બનવાનું કારણ તો એ કહી શકાય ને કે તે તે જીવોને સહકારી કારણો જુદા જુદા કાળે આવી મળે છે માટે યોગ્યતા એક સરખી હોવા છતાં જુદા જુદા કાળ-ક્ષેત્રે બીજાદિની સિદ્ધિ થાય છે ?

ઉ૦—ના, અહીં પણ એ ધ્યાનમાં રાખવાનું છે કે સહકારીઓનું ભવ્યત્વને સંનિધાન અર્થાત્ ભવ્યત્વને સહાયમાં આવી મળવું એ પણ મૂળભૂત ભવ્યત્વરૂપી યોગ્યતા પર આધાર રાખે છે. એટલે એ કારણો પણ મૂળમાં જેવી યોગ્યતા હોય તેને અનુસારે જ આવી મળે છે, અને તેને અનુસારે જ ફળે છે. એ તો તમે માનશો ને કે મૂળમાં યોગ્યતા હોય તો જ ધર્મખીજ વગેરે સિદ્ધ થાય ? હવે એ જે કાળે સિદ્ધ થાય છે, તે બીજા કાળે નહિ અને એજ કાળે સિદ્ધ થાય છે, એનું એટલે કે ચોકસ સિદ્ધિ-કાળનું કારણ કોઈ જોઇએ ને ? કોણ કારણ ? કહેવું જ પડશે કે યોગ્યતા કારણભૂત છે. માટે જો સિદ્ધિકાળ જુદો જુદો છે, તો યોગ્યતા જુદી જુદી માનવી જ જોઇએ. હવે કાળ પણ બીજાદિ-સિદ્ધિમાં સહકારી કારણ છે; માટે તો તે કાળ આવી મળે ત્યારે જ તે બીજાદિ સિદ્ધ થાય છે. એટલે માત્ર ભિન્ન ભિન્ન રીતે થતી બીજાદિ-સિદ્ધિમાં જ નહિ, પરંતુ તેના સહકારીક ાળમાં પણ જુદી જુદી જ યોગ્યતા કારણભૂત બની શકે. એમજ સહકારી કાળની માફક અન્ય સહકારી દેશ વગેરે કારણો જુદા જુદા આવી મળવામાં પણ નિમિત્ત તરીકે એક જ સ્વરૂપની યોગ્યતા ન ચાલે, ભિન્ન ભિન્ન યોગ્યતા જ જોઇએ. જો જુદા જુદા જીવોમાં યોગ્યતા એક જ સ્વરૂપની હોય તો તેના સહાયક સહકારીઓ પણ એક જ સ્વરૂપના આવી મળવા જોઇએ; અર્થાત્ બધા જ ભવ્યોને એ એક સાથે જ આવી મળે. ને તેમ થતું હોત તો તો બધા ભવ્યોની એક સાથે મુક્તિ થઈ ગઇ હોત ! સારાંશ, ભિન્ન ભિન્ન જીવોને જુદા જુદા સહકારીઓનું સંનિધાન, તેમ જુદે જુદે કાળે અને ક્ષેત્રે ધર્મબીજાદિની તથા મોક્ષરૂપી અંતિમ કાર્યની સિદ્ધિ, એ જીવોની મૂળ-ભૂત ભિન્ન ભિન્ન રૂપની યોગ્યતા પર અવલંબે છે. માટે ભવ્યત્વ દરેક જીવનું જુદું જુદું સિદ્ધ થાય છે; ને એનું જ નામ તથાભવ્યત્વ છે. આ વાત નિશ્ચય-નયના ઘરની છે; વસ્તુના પરમાર્થ યાને આંતરિક સ્વરૂપની દૃષ્ટિએ છે; અને તે સૂક્ષ્મબુદ્ધિથી સમજાય એવી છે. બાકી વ્યવહારનયના અભિ-પ્રાયે તો ભિન્ન ભિન્ન જીવોનું ભવ્યત્વ તુલ્ય પણ કહી શકાય છે; કેમકે વ્યવહારદૃષ્ટિ તો સમાનતા-માત્રને લક્ષમાં લઇ પ્રવર્તે છે. આમ તથાભવ્યત્વ જુદું જુદું હોવાથી અને ભગવાનનું તથાભવ્યત્વ વિશિષ્ટ કોટિનું હોવાથી એ બીજા ભવ્ય લોકોને વિષે ઉત્તમ છે. આ રીતે લોકોત્તમ પદની વ્યાખ્યા થઈ.

★

૧૧. લોગનાહાણું.

(લ૦—) तथा 'लोकनाथेभ्यः' इति । इह तु 'लोक' शब्देन तथेतरभेदाद्विशिष्ट एव तथातथा रागाद्युपद्रवरक्षणीयतया बीजाधानादिसंविभक्तो भव्यलोकः परिगृह्यते, अनीदृशि नाथत्वानुपपत्तेः । योगक्षेमकृदयमिति विद्वत्प्रवादः । न तदुभयत्यागाद् आश्रयणीयोऽपि, परमार्थेन तल्लक्षणायोगात् । इत्थमपि तदभ्युपगमेऽतिप्रसङ्गात्, महत्त्वमात्रस्येहाप्रयोजकत्वात्, विशिष्टोपकारकृत एव तत्त्वतो नाथत्वात्, औपचारिकवाग्वृत्तेश्च पारमार्थिकस्तवत्वासिद्धिः ।

અર્થ:— તેવી રીતે 'લોગનાહાણું' એ પદ. અહીં તો 'લોક' ('લોગ') શબ્દથી, તેવા ભવ્યોના બીજા પ્રકારસ્વરૂપ, ભવ્ય સામાન્યથી અલગ એવો ભવ્ય લોક લેવામાં આવે છે; એ તે તે પ્રકારે રાગાદિ-ઉપદ્રવોથી રક્ષણ કરવા યોગ્ય તરીકે બીજાધાનાદિ દ્વારા જુદો પડાયેલો હોય છે. એવો ન હોય તેના પ્રત્યે નાથતા ઘટી શકતી નથી. આ (નાથ) યોગ-ક્ષેમ કરનારા હોય છે. તે (યોગ અને ક્ષેમ) બેના વિના તો (કોઇ સ્વાર્થવશ) ગ્રાહ્ય છતાં પણ નાથ નથી, કેમકે વસ્તુસ્થિતિએ નાથનું લક્ષણ એનામાં ઘટતું નથી. એવું છતાં પણ નાથપણું માનો તો અતિવ્યાપ્તિ ઊભી થાય, કારણ કે (ગમે તે રીતે મહાન એ પણ નાથ કહેવાવા માંડે! પરંતુ) કેવળ મહાનપણું એ નાથપણાનું પ્રયોજક નથી; કેમકે વસ્તુસ્થિતિએ નાથપણું વિશિષ્ટ ઉપકાર કરનારમાં જ રહે છે; ત્યારે ઔપચારિક (નાથ) શબ્દના વ્યવહાર (પ્રયોગ)થી કાંઇ વાસ્તવિક સ્તુતિપણું સિદ્ધ થાય નહિ.

વિવેચન :—

હવે 'લોગનાહાણું' પદથી અરહંત પરમાત્માને લોકનાથ તરીકે સ્તવવામાં આવે છે. અહીં પણ 'લોક' શબ્દનો ઉપયોગ પૂર્વની જેમ એ સૂચવવા માટે છે કે સમુદાયના અર્થમાં પ્રવર્તતા શબ્દ એના એક ભાગ માટે પણ પ્રવર્તે છે; ને એવું જ આગળના 'લોગપઈવાણું' વગેરે સૂત્રોમાં પણ સમજવું. એટલે અહીં 'લોકનાથ' માં 'લોક' શબ્દનો અર્થ સમસ્ત ધર્માસ્તિકાયાદિ અસ્તિકાયોનો સમુદાય નહિ, કિન્તુ વિશિષ્ટ ભવ્યજીવ-સમૂહ લેવાનો છે.

વિશિષ્ટ ભવ્યોના નાથ :— 'ભવ્ય' કહેવાથી બે પકડાય, એક **ભવ્ય સામાન્ય** એટલે કે દરેક ભવ્ય, અને બીજા **વિશિષ્ટ ભવ્ય** અર્થાત્ ધર્મબીજનું આધાન, ધર્મઅંકુર વગેરે પામતા જે ભવ્યોને બીજા ભવ્યોથી જુદા પાડી શકાય છે તે. આ બે પ્રકારમાંથી ભવ્ય-સામાન્યરૂપી બીજા પ્રકાર કરતાં વિશિષ્ટ ભવ્ય એ અલગ વિભાગવાળા ગણાય. એમને ધર્મબીજાધાન વગેરે જે થાય છે તે આત્માના કુશલ આશય સ્વરૂપ છે, શુભ પરિણતિરૂપ છે. એ કરવા માટે અનાદિના તીવ્ર રાગ-દ્વેષાદિ ભાવોરૂપી ઉપદ્રવો અથવા એ રાગ-દ્વેષાદિમાંથી જન્મતા નરકાદિ સુધીના ઉપદ્રવોથી બચવું જોઈએ; અરિહંતની

કૃપાના બળે એ બને. એ ઉપદ્રવોના વિષય બનવામાંથી દૂર થઈ શકાય. એ થવાય તો જ ધર્મબીજાધાનાદિ મળવા દ્વારા વિશિષ્ટતા આવે, અર્થાત્ ધર્મપ્રશંસારૂપી ધર્મબીજનું વાવેતર, ધર્મની વિશિષ્ટ ચિંતા એટલે કે અભિલાષા, સમ્યગ્ ધર્મશ્રવણ, વગેરે–સ્વરૂપ અંકુરાદિની ઉત્પત્તિ.....ઇત્યાદિ બધું આત્માના ઉત્તરોત્તર શુદ્ધ બનતા જતા આશયરૂપ છે, ને જે ભવ્યજીવો એને આત્મસાત્ કરનારા બન્યા, એ ભવ્ય જીવોનો બીજા ભવ્ય જીવો કરતાં આગમશૈલીએ જુદો યુક્તિયુક્ત વિભાગ થયો; અને અહીં નાથપણાના વિષય તરીકે એમને લેવાના છે.

તો રાગાદિ–ઉપદ્રવોથી રક્ષણ, અને ધર્મબીજાધાનાદિ કુશળ આશયોની નિષ્પત્તિ કોણે કરી ? શું ભવ્ય જીવે પોતે જ આપ મેળે કરી ? ના, એ તો અરિહંત પરમાત્માના પ્રસાદથી થાય. કારણો સામાન્યરૂપે ભેગા હોય, પરંતુ કાર્યસન્મુખ થવામાં પ્રબળ નિમિત્ત ભગવદ્–અનુગ્રહ છે. કોઈ પણ કુશળ આશય ભગવાનના પ્રસાદથી લભ્ય છે. ભગવાન એ પ્રાપ્તિ કરાવનારા તથા પ્રાપ્ત થયેલનું સંરક્ષણ કરનારા છે, માટે જ નાથ કહેવાય છે. બીજી રીતે કહીએ તો ધર્મબીજાધાનાદિ દ્વારા અન્ય ભવ્યોથી જુદા તરી આવનારા ભવ્ય જીવોની પ્રત્યે જ એ ભગવાનનું નાથપણું ધર્મબીજાધાનાદિનો યોગ-ક્ષેમ કરવા પૂર્વક સિદ્ધ થાય છે. કેમકે જે જીવો બીજાધાનાદિ ન પામવાના યોગે જુદા પડેલા નથી, એમની પ્રત્યે ભગવાનનું નાથપણું ઘટી શકતું નથી. એવાની પ્રત્યે નાથપણું શું કે જે પ્રભુ એમનામાં ધર્મબીજાધાનાદિનો યોગક્ષેમ કરતા નથી ? વિદ્વાન પુરુષોનું આ કથન છે કે યોગ **અને ક્ષેમ બંને કરનાર એ જ નાથ કહેવાય.** (યોગ એટલે અપ્રાપ્તની પ્રાપ્તિ, ક્ષેમ એટલે પ્રાપ્તનું સંરક્ષણ.)

આશ્રય કરવો પડે તે નાથ ખરો ?

પ્ર૦— જે બંનેમાંથી એક કરે, અગર બન્ને ય ન કરે છતાં, કોઇ ગરજવશ એનો આશ્રય કરવો પડતો હોય તો એ નાથ કેમ નહિ ?

ઉ૦— આશ્રય ન કરવો પડતો હોય કે કરવો પડતો હોય તો પણ યોગ–ક્ષેમ ઉભયનો અકર્તા એ નાથ એટલા માટે નહિ કે વસ્તુસ્થિતિની દૃષ્ટિએ નાથનું લક્ષણ એનામાં ઘટતું નથી. લક્ષણ આ જ છે: યોગ–ક્ષેમ ઉભયનું કરવાપણું. લક્ષણ ન ઘટતું હોય છતાં ય નાથપણું માનવું હોય તો તો અતિપ્રસંગ થશે અર્થાત્ કશું ન કરનાર ભીંત વગેરેમાં પણ નાથપણું પ્રાપ્ત થશે !

મહાન એ નાથ ? :—

પ્ર૦— એનામાં તો કોઇ ગુણ કે ઐશ્વર્ય નથી પછી એને કેમ નાથ કહેવાય ? એ તો જે ગુણ–ઐશ્વર્ય વગેરેથી મહાન હોય તે નાથ કહેવાય. એમ કહેવાથી અતિપ્રસંગ નથી; અર્થાત્ અકિંચિત્કર ભીંત વગેરેમાં નાથપણાની આપત્તિ નહિ આવે.

ઉ૦— આ પણ ઠીક નથી. યોગ–ક્ષેમ વિનાનું એકલું મહાનપણું એ કાંઇ નાથ બનાવી શકતું નથી. એકલી મોટાઈ હોય તેથી શું ? વાસ્તવિક નાથ તો સામાન્ય નહિ પણ વિશિષ્ટ ઉપકાર કરનારને જ ગણાય. એમ તો હવા, પાણી વગેરે પણ ઉપકાર કરે છે, પરંતુ એને નાથ થોડા જ કહેવાય ? વિશિષ્ટોપકાર આ, કે યોગ-ક્ષેમનું કરવાપણું હોય.

ઔપચારિક નાથપણાથી વાસ્તવ સ્તુતિ ન બને :—

પ્ર૦— યોગ-ક્ષેમકારીને ભલે મુખ્યપણે નાથ માનો, પરંતુ મહાનને ગૌણપણે અર્થાત્ ઉપચારથી નાથ કહેવામાં શો વાંધો ?

ઉ૦— ઔપચારિક વચન–વ્યવહારથી કરેલી સ્તુતિ પારમાર્થિક (વાસ્તવિક) યાને વસ્તુ-સ્થિતિને સ્પર્શનારી સ્તુતિ નહિ કહેવાય. ઉપચાર એટલે જે મહાન તરીકે બીજા જીવો કરતાં નાથની જેમ અધિકતાવાળો છે એનામાં નાથપણાનો આરોપ. પણ યોગક્ષેમકર્તૃત્વ સ્વરૂપ વાસ્તવિક નાથપણું

નહિ. તો એવા આરોપિત નાથપણાને લઈને કરેલાં સ્તુતિરૂપ વચનવ્યવહારમાં સદ્‌ભૂત યાને સત્ય પદાર્થનું સ્તવવાપણું સિદ્ધ ન થાય.

અર્હત્પરમાત્માના પ્રતાપે જ ધર્મબુદ્ધિ વગેરે :—

ત્યારે, દ્વાદશાંગીપ્રણેતા શ્રી ગણધર મહર્ષિ એ કાંઈ પરમાત્માની આવી આરોપિત વસ્તુથી સ્તુતિ ન કરે કે જે વાસ્તવમાં જૂઠી ગણાય! એમના બોલ તો યથાસ્થિત જ વસ્તુતત્ત્વને કહેનારા હોય. આ ઉપરથી 'લોગનાહાણં' સૂત્ર દ્વારા સિદ્ધ થાય છે કે અરહંત પ્રભુ ખરેખર યોગક્ષેમ કરનારા એટલે કે જીવોને ઠેઠ ધર્મબીજના આધાનથી માંડી ઉત્કૃષ્ટ આત્મકલ્યાણ કરાવનારા અને સંરક્ષનારા છે. તો આપણને ધર્મબીજ વગેરે પ્રાપ્ત થયું એટલે કે ધર્મબુદ્ધિ, ધર્મની જ સુંદરતાની બુદ્ધિથી માંડીને ઉપરના બધા ધર્મ મળ્યા, તે ય અરહંત પ્રભુની કૃપાથી-પ્રભુના અચિંત્ય પ્રભાવથી; અને એમાં વિઘ્નો તથા અવનતિમાંથી સંરક્ષણ થયું તે પણ એ નાથના કૃપા-પ્રભાવના હિસાબે જ. માટે જ, 'પ્રભુ! તમે ઊંચા, તમારો ઉપદેશ ઊંચો, પણ મારી ધર્મસાધનાને ને તમારે કોઈ સંબંધ (Connection) નથી,' એ ન ચાલે.

પ્રભુની કૃપા પ્રત્યે ભાવના:—એ તો વારંવાર એમ જ થયા કરે કે—'નાથ! પાયાથી માંડીને બધી ધર્મસાધના અને સદ્‌ગતિ-સત્સામગ્રી, અરે! એકશુભ ભાવના પણ કરવાનું મારું શું ગજું?—એ તો મને તારી કૃપાથી જ, તારા અચિંત્ય પ્રભાવથી જ મળે છે, અહોહો! પ્રભુ, આ રાંક સેવક પર તારો આ કેવોક અનંત ઉપકાર! મારા વહાલા હૃદયદેવ! બસ, એ તારા અમાપ અનુગ્રહથી જ હું આગળ વધી ઠેઠ મોક્ષ પર્યંત પહોંચીને જપીશ! ત્યારે, આવી તારી અનંત કૃપાની પ્રત્યે બીજી તો હું શી કૃતજ્ઞતા દાખવી શકું? અનંતાનંત કાળમાં નહિ મળવા પામેલ શુભ સભાન સચેતન અવસ્થાવાળી દયા, સત્ય, સદાચાર, તપ, સંયમ વગેરેની ઉત્તમ પ્રવૃત્તિ જે મને મળી એમાં અનન્ય કારણભૂત તારી અથાગ કૃપાનો, હે જગનાથ! મને આનંદ આનંદ ઊભરાય છે, મારું હૃદય અંગેઅંગ અને રુંવાડે રુંવાડું આ આનંદથી પુલકિત બની ઉછળ-ઉછળ કરી રહ્યું છે! બસ, આના આનંદની આગળ દુનિયાની કોઇ પણ સુખ-સગવડ કે સન્માન મને વિસાતમાં લાગતા નથી! એવા આનંદદાયી બનતા નથી! તારી કૃપાનો જ મહાઆનંદ અનુભવું છું.'

અરહંત-કૃપા મળ્યાની કૃતજ્ઞતા અને આનંદ :— ભગવાનની કૃપાની ઊંચી શ્રદ્ધા અને આનંદ આનંદ અનુભવાય તો બહિર્મુખતા અને જડ સુખના આનંદ કયાં ઊભા રહે? ધર્મમાર્ગે થોડા કે વધારે આગળ વધાય ત્યાં બહિર્મુખતા ઘટીને અંતર્મુખતા વધે કે નહિ? આ ન બનતું દેખાય તો એનું કારણ શોધવું પડે. જોવું જોઈએ કે શું પ્રભુની કૃપાની મહાકૃતજ્ઞતા અને મહાન આનંદ હૈયે વારંવાર સ્ફુર્યા કરે છે? અને 'મારી તો કોઈ શાબાશી નથી; પણ મને જબરદસ્ત નાથ મળ્યા, તો એમણે મને ખાડામાંથી ઊંચો લીધો! એક શુભ વિચાર કે પ્રભુ-દર્શન પણ એમની કૃપાથી મળે છે! પ્રભુ! આપના આલંબને જ જાગ્રત થયો છું ને આગળ વધી રહ્યો છું,'—આ ભાવના આવ્યા કરે છે? ટપાલી મનીઓર્ડરના રૂપિયા આપી ગયો, પણ એ રૂપિયા તો દાતારની મહેરબાનીના! શેઠે વેપાર કરાવી નફો આપ્યો એમાં પ્રતાપ શેઠની કૃપાનો! એમ અહીં સર્વ શુભમાં કારણભૂત અરિહંતની કૃપા!

પ્ર૦—'અરિહંત તો વીતરાગ છે, એ કયાં કૃપા કરવા આવે છે?'

ઉ૦—જેવી રીતે ચિંતામણિ દેખીતી કશી ક્રિયા કે ભાવ નથી કરતું છતાં એના પ્રભાવથી ઇચ્છિત સિદ્ધ થાય છે, એવી રીતે અરહંતના પ્રભાવથી સર્વ શુભ સિદ્ધ થાય છે, એ જ એમની કૃપા છે, અનુગ્રહ છે. એ અનુગ્રહનું સ્વરૂપ ચિંતામણિની જેમ અગમ અગોચર છે; છતાં એને નિરંતર

હૃદયમાં ધારણ કરી રાખવાથી આત્મા ઉન્નતિને યોગ્ય કોમળતાવાળો બને છે. એનું વારંવાર સ્મરણ અને આનંદ ન હોય તો આત્મવિકાસને બદલે અહંભાવાદિના વિકાર જન્મે છે, ક્ષુદ્ર દોષો પણ જાગતા-વધતા રહે છે જે અવસર મળતાં પ્રગટ દેખા દે છે.

પ્ર૦-અરહંત પોતે કૃપાની ઇચ્છા કયાં કરે છે? તેમ બધા પર કૃપા કયાં વરસે છે?

ઉ૦-સૂર્ય-અગ્નિ-પાણી-હવા વગેરે જગત પર અનુગ્રહ કરવાની કોઈ ઇચ્છા નથી ધરાવતા, તેમજ કોઈથી એના ઉપકાર નથી ય ઝીલાતા, તો પણ જગત એ બધાનો અનુગ્રહ માને છે; એમ અરહંત-દેવની અનુગ્રહ કરવાની ઇચ્છા નહિ છતાં, તેમ અયોગ્ય જીવો અનુગ્રહને ન ઝીલે છતાં, અરહંતનો અપરંપાર અનુગ્રહ આપણા હૈયે ઝળહળતો રાખવાનો છે. મોટા મહર્ષિ ગૌતમ મહારાજ જેવા પણ એજ કરતા હતા; કેમકે એમને પણ નાથની જરૂર હતી, નાથથી જ ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી શકાશે એમ માનતા હતા. બીજરૂપ ધર્મપ્રશંસાથી માંડીને ઠેઠ પૂર્ણ થવા સુધી અને સિદ્ધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધીની બધી સાધક અવસ્થામાં અરિહંતને નાથ કર્યા વિના નહિ ચાલે. નાથ કરવા એટલે વીતરાગ સર્વજ્ઞ બનવા સુધીની આપણી બધી સાધના એમના અનુગ્રહથી જ થઈ શકે છે, એમ માનવાનું; અને તેને યોગ્ય ઊંચી કૃતજ્ઞતા અનુભવવા-બજાવવાની. એ થાય એટલે એમના નામસ્મરણની રઢ લાગે; એમના મતને જ પોતાની માન્યતા કરાય; એમની આજ્ઞાનું જ જીવન બનાવાય; એમનાં તત્ત્વજ્ઞાનનો અધિકાધિક અને સૂક્ષ્મ-સૂક્ષ્મતર પ્રકાશ મેળવતા જવાય; મન એ નાથ તથા એમનો માર્ગ અને એમનાં તત્ત્વોમાં રમણતા કરતું કરતું સ્થિરતામાં આગળ વધી મેરુવત્ નિશ્ચલ થઈ જાય; તથા એમના ધ્યાનમાં એકતાનતા ત્યાં સુધી જામી જાય કે-'પોતે ધ્યાતા છે, આ ધ્યાનની ક્રિયા કરી રહ્યો છે, અને ધ્યાનનો આ વિષય છે,' એવો ધ્યાન-ધ્યાતા-ધ્યેયનો ભેદ ભુલાઈ જાય. 'ભેદછેદ કરી **આતમા અરિહંતરૂપી થાય રે' નાથ પ્રત્યેની કૃતજ્ઞતા આ આ રીતે સક્રિય બને.** સાધનાની પરમ સીમાનો જેને ખ્યાલ છે, તેને નીચેની સાધના કરી સંતોષ વાળવાનું મન ન થાય. એ માટે આલંબન પણ છે કે અરિહંત પ્રભુ પોતે સાધક અવસ્થામાં સંતોષ વાળ્યા વિના કેટકેટલા ગજબ તપ, ધ્યાન વગેરેના પુરુષાર્થમાં મચ્યા રહે છે!

(લ૦—) તદિહ યેષામેવ બીજાધાનોદ્ભેદપોષણૈર્યોગઃ, ક્ષેમં ચ તત્તદુપદ્રવાદ્યભાવેન, ત એવેહ ભવ્યાઃ પરિગૃહ્યન્તે; ન ચૈતે કસ્યચિત્સકલભવ્યવિષયે, ततस्तत्प्राप्त्या सर्वेषामेव मुक्तिप्रसङ्गात् । तुल्यगुणा ह्येते प्रायेण, ततश्च चिरतरकालातीतादन्यतरस्माद् भगवतो बीजाधानादिसिद्धेरल्पेनैव कालेन तुल्यत्व प्राप्तेः, अन्यथा योग्यताऽभेदायोगात् , तदुपनिपाताक्षेपस्यापि तन्निबन्धनत्वात् । निश्चयनयमतमेतदतिसूक्ष्मबुद्धिगम्यमिति लोकनाथाः ॥ १० ॥

અર્થ:— એટલા માટે જેઓને ધર્મબીજાધાન, અંકૂર અને પોષણ દ્વારા યોગ (પ્રાપ્તિ) થાય છે, અને વિવિધ ઉપદ્રવાદિના અત્યન્ત ઉચ્છેદ દ્વારા ક્ષેમ (સંરક્ષણ) થાય છે, તે જ ભવ્યો અહીં (નાથપણાના વિષય તરીકે) લેવાના છે. આ યોગ-ક્ષેમ પણ કોઇ એક તીર્થંકરદેવથી સમસ્ત ભવ્યોને આશ્રીને પ્રવર્તતા નથી; કેમકે તો તો તે એક જ તીર્થંકર ભગવાન પાસેથી યોગ-ક્ષેમ મળી જતાં સકલ ભવ્યોની મુક્તિનો પ્રસંગ આવીને ઊભો રહે! (પ્રસંગ આ રીતે, કે સર્વ કાળના) તીર્થંકર ભગવાન પ્રાયઃ સમાન ગુણશક્તિવાળા હોય છે. તેથી અતિશય દીર્ઘ કાળ પૂર્વના ગમે તે તીર્થંકરદેવ દ્વારા (સર્વ ભવ્યોને)

બીજાધાનાદિ સિદ્ધ થઈ જતાં અલ્પ કાળ (એક પુદ્ગલ પરાવર્તની અંદર)માં જ સર્વ ભવ્યોની મુક્તિ થઈ જાય (એ સહજ છે.) બીજાધાન પણ અપુનર્બન્ધકને જ થાય છે, અને એને પણ પૂરો એક પુદ્ગલ-પરાવર્ત સંસારકાળ હોતો નથી; એટલા માટે (એક જ તીર્થંકરદેવથી સર્વ ભવ્યને જો બીજાધાન થતું હોય, તો એ બધા જ અપુનર્બન્ધક તો હોય જ, તેથી પુદ્ગલ-પરાવર્ત કાળની અંદર જ એ બધા ય મોક્ષ પામી જવા જોઈતા હતા, એમ) એક જ તીર્થંકરદેવથી સર્વ ભવ્યો મુક્ત થઈ જવાનું પ્રાપ્ત થાય.

એ પ્રમાણે અરિહંત પ્રભુ લોકનાથ સિદ્ધ થયા.

વિવેચનઃ—કોઈ એક અરહંત સર્વ ભવ્યોના નાથ નહિઃ—

પૂર્વે કહી આવ્યા કે જે ભવ્ય જીવોને ધર્મબીજનું આધાન એટલે કે ધર્મપ્રશંસાદિ થાય, એમાંથી અંકુર ફૂટે અર્થાત્ ધર્મની ઉત્કટ અભિલાષા થાય, અને એના ઉપર સમ્યગ્ ધર્મશ્રવણ વગેરે ડાળ-પાંખળા આવે...એ બધો એને **અપ્રાપ્તના લાભ** સમો યોગ થયો કહેવાય; તેમજ એ બધું ટકવાની આડે આવતા વિવિધ ઉપદ્રવો તુલ્ય નરક આદિ સંકટો અને તેના કારણભૂત રાગ-દ્વેષાદિ દોષોનો અત્યન્ત ઉચ્છેદ થઇ એ પ્રાપ્ત ધર્મબીજાદિનું સંરક્ષણ થતું હોય, એ **ક્ષેમ અર્થાત લબ્ધનું પાલન** થયું ગણાય. એમને એ યોગ-ક્ષેમ કરાવનાર અરહંત પરમાત્મા છે, અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે એ અરહંત પ્રભુ એટલા જ ભવ્ય જીવોના નાથ છે, સર્વ ભવ્ય જીવોના નહિ. એમના નાથપણાના વિષયમાં આવેલા તરીકે તે જ ભવ્ય જીવો લેવાના છે.

પ્ર૦— ભગવાન તો અચિંત્ય સામર્થ્યવાળા હોઇને સર્વ ભવ્યો પર ઉપકાર કરવાને સમર્થ છે, તો પછી આવો સંક્ષેપ કેમ કરો છો કે કોઇ એક તીર્થંકર ભગવાનથી યોગક્ષેમનો ઉપકાર સમસ્ત ભવ્ય જીવો પર ન થઈ શકે ?

ઉ૦— એનું કારણ એ છે કે જો એવા અમુક એક તીર્થંકરથી સમસ્ત ભવ્યોને યોગક્ષેમ પ્રાપ્ત થતો હોય તો તો એ યોગક્ષેમથી સાધ્ય મોક્ષ સમસ્ત ભવ્યોને કચારનો ય પ્રાપ્ત થઈ ગયો હોત. આનું કારણ એ છે કે તીર્થંકર ભગવાન પ્રાયઃ સમાન જ્ઞાનાદિ શક્તિવાળા હોય છે; (પ્રાયઃ એટલા માટે કે શરીરનું પ્રમાણ, આયુષ્ય વગેરેથી સમાનતા ન પણ હોય.) તો તુલ્ય શક્તિવાળા હોવાથી; પુદ્ગલ પરાવર્તકાળની પહેલાં થયેલા ભરત, ઐરવત કે મહાવિદેહના કોઈ એક જ તીર્થંકરદેવથી સર્વ ભવ્યોને બીજાધાન-અંકુર-કાંડ-નાળ વગેરે ઉત્પન્ન થઇ યાવત્ મોક્ષ પ્રગટ થઈ જતાં એક પુદ્ગલ પરાવર્ત કાળમાં જ સર્વ ભવ્યો મુક્ત થઈ જવા જોઇએ.

પ્ર૦— આવું શા માટે ? અનાદિ કાળમાં બીજાધાનાદિ થયા હોય છતાં હજી મોક્ષ ન ય થયો હોય. અલ્પકાળમાં જ સર્વની મુક્તિનો પ્રસંગ શાથી ?

ઉ૦— આનું કારણ એ છે કે સમ્યકત્વાદિ તો શું, પણ ધર્મપ્રશંસાદિ પણ અર્થાત્ ધર્મ-બીજાધાન પણ અપુનર્બંધકને જ થાય છે; (અપુનાર્બંધકનું લક્ષણ તીવ્ર ભાવે પાપ ન કરે વગેરે...કહ્યું છે;) અને અપુનર્બંધકને પૂરો એક પુદ્ગલ પરાવર્ત કાળ જેટલો ય સંસાર હોતો નથી; અર્થાત્ અપુનર્બંધકતા અને ધર્મબીજાધાનાદિ જીવને મોક્ષે જવાના ચરમાવર્તમાં જ અર્થાત્ છેલ્લા પુદ્ગલ પરાવર્ત કાળમાં જ પ્રાપ્ત થાય છે. બીજા શબ્દમાં કહીએ તો, સમકિત તો શું પણ, બીજાધાન થયા પછી ય જીવ એક પુદ્ગલ પરાવર્ત કાળની અંદર અંદર અવશ્ય મોક્ષ પામે છે. તો એક જ તીર્થંકર દ્વારા સૌ ભવ્યોને બીજાધાનાદિ

થઇ જતાં સૌનો એટલા અલ્પકાળમાં મોક્ષ થઇ ગયો હોત ! પછી આજે આપણે અને બીજા હજી આ સંસારમાં ફસેલા શાના દેખાત ? ફસેલા છીએ એ સૂચવે કે પુદ્ગલપરાવર્ત કાળ પૂર્વે આપણને બીજાધાનાદિ નથી થયું. માટે તે વખતના કોઈ તીર્થંકરદેવના યોગ-ક્ષેમના વિષય આપણે નથી બન્યા. એટલે જ નવા નવા તીર્થંકરદેવ પોતાનું શાસન તથા સંઘ સ્થાપે છે, અને એમના યોગક્ષેમને અમુક અમુક જ ભવ્યાત્માઓ ઝીલતા જાય છે, તેમજ ક્રમશઃ આગળ વધતાં વધુમાં વધુ એક પુદ્ગલ-પરાવર્ત કાળની અંદર અંદર મોક્ષ પામતા જાય છે. યોગક્ષેમને ઝીલવાનું કાર્ય પહેલ પહેલું ધર્મપ્રશંસાથી શરૂ થાય છે. ધર્મપ્રશંસા એટલે બીજાઓની ઉત્તમ ધર્મસાધના દેખી કે સાંભળીને 'અહો, કેવો સુંદર ધર્મ ! કેવી ઉત્તમ ધર્મક્રિયા ! કેવું સરસ, દાન, શીલ, તપ...'વગેરે આવું મનને થાય કે વચનથી બોલાઇ જવાય, ને કાયાની ચક્ષુ, મુખમુદ્રા વગેરે ખીલી ઉઠે એ. એથી પછી આગળ વધતાં...સમ્યક્ત્વ...સર્વ-વિરતિ...વીતરાગતા...અને યાવત્ મોક્ષ સુધી પહોંચવાનું એક જ પુદ્ગલ-પરાવર્ત કાળની અંદર અંદર જ બને છે. તીર્થંકર પ્રભુ જે ભવ્યોને આનો યોગક્ષેમ કરે છે એટલાના જ એ નાથ કહેવાય છે.

૧૨. લોગહિઆણં.

(લ૦—) तथा 'लोकहितेभ्यः'। इह लोकशब्देन सकल एव सांव्यावहारिकादिभेद-भिन्नः प्राणिलोको गृह्यते, पञ्चास्तिकायात्मको वा सकल एव। एवं चालोकस्यापि लोक एवान्तर्भावः, आकाशास्तिकायस्योभयात्मकत्वात्। लोकादिव्यवस्थानिबन्धनं तूक्तमेव। तदेवंविधाय लोकाय हिताः, यथावस्थितदर्शनपूर्वकं सम्यक्प्ररूपणाचेष्टया तदायत्याबाधनेनेति च।

અર્થ :— તથા 'લોગહિઆણં' પદ. અહીં 'લોક'શબ્દથી બધો જ સાંવ્યાવહારિક વગેરે પ્રકારમાં વહેંચાયેલ પ્રાણિલોક લેવાનો છે, અથવા પંચાસ્તિકાય-સ્વરૂપ સઘળો જ લોક; અને એમ અલોકનો પણ લોકમાં જ સમાવેશ છે, કેમકે આકાશાસ્તિકાય એ લોક, અલોક ઉભય સ્વરૂપ છે. લોક અલોકની વ્યવસ્થાનું બીજ (પહેલાં) કહી જ આવ્યા છીએ. તો આવા પ્રકારના લોકને હિતરૂપ (પરમાત્મા છે, તે) યથાવસ્થિત (તેનું) દર્શન કરવાપૂર્વક સમ્યક્પ્રરૂપણાની ક્રિયાથી, ને તેના ભવિષ્યને બાધ ન કરવાથી.

વિવેચનઃ—અહીં લોક એટલે સર્વ જીવો યા સર્વ અસ્તિકાયઃ—

હવે 'લોગહિઆણં' પદની વ્યાખ્યા કરે છે. આ પદથી અર્હત્પરમાત્માને 'લોકહિત' તરીકે નમસ્કાર કરવાની પ્રાર્થના છે. ભગવાન લોકને હિતરૂપ છે; અહીં લોક એટલે (૧) પ્રાણિલોક અથવા (૨) પંચાસ્તિકાય લોક લેવાનો છે.▲(૧) **પ્રાણિલોકમાં સમસ્ત સાંવ્યાવહારિક અને અસાંવ્યાવહારિક જીવો આવે.** અસાંવ્યાવહારિક જીવો એટલે જે જીવો હજી સુધી પૃથ્વીકાયિક, અપ્કાયિક,...બેઇંદ્રિય, ત્રીન્દ્રિય,... વગેરે તરીકેનો વ્યવહાર પામ્યા નથી, ને માત્ર એક અનંતકાય વનસ્પતિ યાને નિગોદ અવસ્થામાં અનાદિકાળથી જન્મ-મરણ, જન્મ-મરણ પામતા આવ્યા છે તે. (અનંતકાય એટલે જ્યાં એક જ શરીરમાં અનંત જીવોને રહેવાનું હોય, તે જીવ અનંતકાય કહેવાય.) ત્યારે જે જીવો વ્યવહાર પામ્યા છે તે વ્યવહાર રાશિના જીવ અથવા સાંવ્યાવહારિક જીવ કહેવાય. આ બંને ય પ્રકારના જીવલોક માટે હિતરૂપ પ્રભુ લોકહિત કહેવાય. અથવા, ◆ (૨) **સમસ્ત પંચાસ્તિકાયાત્મક લોકને હિતરૂપ, માટે લોકહિત પ્રભુ છે.** પંચાસ્તિકાયમાં પૂર્વે કહ્યા મુજબ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય આવે. આકાશાસ્તિકાયમાં લોકાકાશ અને અલોકાકાશ બે વિભાગ છે. એની વ્યવસ્થાનું બીજ પહેલાં કહી આવ્યા છીએ તે મુજબ જેટલા આકાશભાગમાં બીજા અસ્તિકાયો રહે છે તેટલો ભાગ લોકાકાશ કહેવાય, અને બાકીનો અલોકાકાશ કહેવાય. અહીં 'લોક' શબ્દથી પાંચે ય અસ્તિકાય લીધા હોવાથી અલોક પણ ગૃહીત છે.

તો; આવા પ્રકારના પ્રાણિલોક અને પંચાસ્તિકાય લોકના કલ્યાણરૂપ અર્હત્પ્રભુ છે. શી રીતે ? એનું યથાર્થ દર્શન કરવાપૂર્વક એની સમ્યક્ પ્રતિપાદનક્રિયા દ્વારા અને તેમ કરીને ભવિષ્ય કાળે એને બાધ ન પહોંચાડવા દ્વારા. આ કારણે હિતરૂપ છે. આ કેવી રીતે તે હવે બતાવે છે.

(લ૦—) इह यो यं यथात्म्येन पश्यति तदनुरूपं च चेष्टते भाव्यपायपरिहारसारं, स तस्मै तत्त्वतो हित इति हितार्थः; इत्थमेव तदिष्टोपपत्तेः । इष्टं च सपरिणामं हितं, स्वादुपथ्यान्नवदतिरोगिणः ।

અર્થ :— અહીં જે જેને યથાર્થપણે જુએ છે, અને જોવાને અનુરૂપ વર્તે છે, (તે વર્તન પણ) ભાવી અનર્થનો ત્યાગ મુખ્ય રાખીને, તે તેની પ્રત્યે વસ્તુગત્યા હિતરૂપ છે,— આ 'હિત' શબ્દનો અર્થ છે; કેમકે એ જ રીતે તેનું ઇષ્ટ નીપજે છે; અને ઇષ્ટ છે રોગમુક્ત બનેલાને સ્વાદિષ્ટ અને પથ્ય ભોજનની જેમ પરિણામી (ઉત્તરોત્તર શુભ ફળકારી) હિત.

વિવેચન :—

'હિત' શબ્દનો આ અર્થ છે કે આ જગતમાં જે માણસ જે વસ્તુનો અભ્રાન્ત બોધ કરે છે, અર્થાત્ વસ્તુ-સ્વરૂપથી જરા ય વિપરીત ગયા વિના વસ્તુદર્શન કરે છે, અને એજ મુજબ પ્રતિપાદનનો વ્યવહાર કરે છે, એમાં ય પાછી એ ખાસ ચોકસાઇ રાખે છે કે જેથી ભાવી કોઇ અનર્થ ન ઊભો થાય, તે એ યથાર્થદર્શનની વિષયભૂત વસ્તુનો ઉપકારક છે. અહીં ઉપકારકતા માટે ત્રણ વાત કરી,-૧. વસ્તુનો યથાસ્વરૂપ બોધ, ૨. તેવા બોધને અનુરૂપ વચન-વ્યવહાર, અને ૩. એવા વ્યવહારને ભાવી અનર્થનું કારણ ન બનવા દેવો.

હિતના ત્રણ હેતુ :— ◆ (૧) વસ્તુનું સ્વરૂપ બરાબર દેખ્યા વિના એનું સ્વતંત્ર પ્રતિપાદન પ્રામાણિક હોવાનો નિયમ નહિ. કેવળ તર્ક-અનુમાનના આધાર પર સર્વ વસ્તુના સમસ્ત સૂક્ષ્મ સ્વરૂપ જાણી શકાય નહિ. એ તો લોકાલોક-પ્રકાશક કેવળજ્ઞાન-કેવળદર્શનથી જ સાક્ષાત્ જોઈ શકાય. માટે 'લોક-હિત' બનવા માટે આ જોઇએ જ; ◆ (૨) સર્વજ્ઞ બનનાર મહાપુરુષોએ સ્વજીવન એવું અહિંસા-તપ-સંયમમય જીવ્યું છે કે એથી અસત્ય ભાષણના કારણભૂત રાગ-દ્વેષ-અજ્ઞાનનો સર્વથા નાશ કરી દીધો છે, સ્વાત્મા પરનાં સમસ્ત આવરણ દૂર કરી દીધાં છે. માટે સર્વ કાળનાં સકલ દ્રવ્ય-પર્યાયોને સાક્ષાત્ નિહાળે છે, અને તેને અનુસરીને પદાર્થ-નિરૂપણ પણ કરે છે. માટે તે માન્ય બને છે. 'અમુક બુદ્ધિમાને પદાર્થ કહ્યા માટે માનીને ચાલો,-' એવી વસ્તુ નથી. જગતમાં શ્રી સર્વજ્ઞના કહેલા પદાર્થોના સંવાદ મળે છે. ભૌતિક વિજ્ઞાનનાં આવિષ્કરણ નહોતા તે યુગમાં એમણે કહેલ વનસ્પતિમાં ચૈતન્ય, અણુ વિજ્ઞાન, શબ્દનું તત્ત્વ,...વગેરે આજે વૈજ્ઞાનિક પ્રયોગના પરિણામે પૂરવાર થતા જોવા મળે છે ને ? તપ ને ધ્યાન વડે જ્ઞાનાવરણ કર્મનાં ક્ષયોપશમ થઇને આજે ય પ્રગટ થતા દેખાતા અસાધારણ જ્ઞાન, કર્મ, કાળ, સ્વભાવ, ભવિતવ્યતા અને ઉદ્યમ એ પાંચ કારણ પર થતું આજના પ્રસંગોનું સમાધાન, કઠોળ અને કાચાં ગોરસના સંયોગ, બે રાત્રિ ઉપરનું દહીં, વગેરેમાં થતી જીવોત્પત્તિનું દર્શન...વગેરે સંવાદ મળે છે. સારાંશ, પદાર્થપ્રતિપાદન યથાર્થ દર્શનને અનુસરતું જોઇએ. (૩) ▲ એ પણ ભાવી અનર્થને રોકનારૂં હોવું જોઇએ, પરંતુ નહિ કે સત્યભાષી લૌકિક કૌશિકમુનિની માફક દેખાવમાં સત્ય, પણ પરિણામે અનર્થકારી વચન. પારધીના પ્રશ્નના ઉત્તરમાં પશુની દિશા બતાવતું વચન બોલી દેવું કે- 'પશુ આ બાજુ ગયું' એ દેખાવમાં સાચું હોવા છતાં પારધીના હાથે પશુનો ઘાત કરાવવારૂપી અનર્થને સર્જનારૂં છે; માટે એ ખરેખર હિતરૂપ નથી. આંધળાને 'હે આંધળા' એમ કહેવું એ દેખીતું સત્ય વચન છતાં એને પીડાકારી તથા કષાયકારી અર્થાત્ અનર્થકારી બને છે, માટે તેવો વ્યવહાર કરનારો એ અનુગ્રહકારી નથી. હિંસાદિ પાપ યા કષાયનું પ્રેરક વચન એ અનર્થનું કારણ કહેવાય; તેથી એ હિતરૂપ વ્યવહાર નથી. એ કરનારો તો અનુગ્રહકારી નહિ, પણ અપકારકારી યાને અહિતરૂપ છે.

ઇષ્ટ બંનેનું યા એકનું :— તો, આ યથાર્થ બોધ અને તેને જ અનુસરતો એવો વચન-વ્યવહાર, કે જે ભાવી અનર્થકારી ન બને,-એ કરનારો હિતરૂપ યાને અનુગ્રહકારી છે; કેમકે ક્રિયાના ફળરૂપે ઇષ્ટ એ યથાર્થ દર્શનાદિ ક્રિયાની રીતે જ ઘટે છે; વાહ્ય એ ઇષ્ટ યથાર્થ ક્રિયાની વિષયભૂત વસ્તુ અને ક્રિયાકારક બંનેનું હોય, યા એકલા ક્રિયાકારકનું હોય. વિષયભૂત વસ્તુ જો ચેતન હોય તો બંનેનું ઇષ્ટ સંભવે, અને જો જડ હોય તો એને કાંઇ ઇષ્ટ-અનિષ્ટ ન હોવાથી, એકલા ક્રિયાકારકનું ઇષ્ટ થાય.

'ઇષ્ટ' ની વ્યાખ્યા :— અહીં વાસ્તવિક ઇષ્ટ શું એ પણ સમજી લેવું જોઇએ. 'ઇષ્ટ' એટલે માત્ર સુખકારી હિત યાને પ્રસ્તુત હિતપ્રવૃત્તિથી સાધ્ય અનુગ્રહ, ઉપકાર નહિ, કિન્તુ સ-પરિણામ હિત, અર્થાત્ ઉત્તરોત્તર શુભ ફળને પેદા કરે એવો ઉપકાર તેને ઇષ્ટ કહેવાય. આ વસ્તુ રોગમાંથી ઉઠેલાના દાખલામાં જોવા મળે છે. એને હવે સ્વાદિષ્ટ ને પથ્ય ખોરાક મળે તો ઉત્તરોત્તર શક્તિ વધવાનું બને છે. 'પથ્ય' એટલે પથમાં યોગ્ય, સમર્થ. ભવિષ્યકાળ એ માર્ગની જેમ સતત પસાર કરવાનો હોવાથી પથ કહેવાય; એને યોગ્ય પોષણ એ પથ્ય ગણાય. એ જો આમ શક્તિદાયી હોવા છતાં રોગમાંથી ઉઠેલાને જીભને રુચિકર નહિ હોય તો તે વર્તમાનમાં જ ઇષ્ટ નહિ હોવાથી એકાન્તે ઇષ્ટ નહિ કહેવાય. ત્યારે આ દૃષ્ટાન્તથી વિવક્ષા તો એ છે કે તત્કાળ અને ભવિષ્યમાં ય ઉત્તરોત્તર સુખકારી, એવું એકાન્તે ઇષ્ટ. ત્યારે એ પણ છે કે જો એકલું સ્વાદિષ્ટ લાગતું હશે, પરંતુ પથ્ય નહિ હોય, કુપથ્ય હશે તો ઉલટું નુકસાન કરનારું બનશે. એ તો સ્વાદિષ્ટ અને પથ્ય હશે તો જ ઉત્તરોત્તર શક્તિને વધારનારું બનશે. આ પણ રોગ મટી ગયા પછીની વાત છે. બાકી નવા રોગીને અને રોગમાં સબડતાને તો શક્તિવર્ધક સ્વાદુ પથ્ય પણ નુકસાન કરનારું છે. **'अहितं पथ्यमपि आतुरे'** (આતુર=બિમાર) આજનું મેડિકલ સાયન્સ જુદું છે. કાળની વિચિત્રતા છે. દારુડિયાને દારુનું દાન તત્કાલ સુખ આપે પણ પરિણામે દુઃખદાયી છે માટે તે ઇષ્ટ યાને હિતપ્રવૃત્તિ ન કહેવાય. ઉત્તરોત્તર સુખને કરનાર તે હિત ગણાય, અહીં 'अतिरोगिणः' અર્થાત્ 'રોગ અતિક્રાન્ત થઇ ગયો છે એને,-' એ પાઠના હિસાબે વ્યાખ્યા થઈ. પરંતુ જો 'धतिरोगिणु' એવો પાઠ હોય તો એનો અર્થ એ થાય, કે જેનો રોગ જ એવો છે (દા. ત. ક્ષયરોગ) કે એને અમુક પ્રકારનો સ્વાદિષ્ટ પથ્ય ખોરાક જોઇએ જ, એવા રોગીને એ ખોરાકથી ઉત્તરોત્તર સારું થતું આવે છે; તો એ પથ્ય એનું ઇષ્ટ થયું.

પ્ર૦— ઇષ્ટ તો સ્વાદુ-પથ્ય ખોરાકથી પ્રાપ્ત થતી શક્તિસ્વરૂપ ઉપકાર છે, તો અહીં ખોરાકને કેમ ઇષ્ટ કહ્યો ?

ઉ૦— ઇષ્ટનું એ કારણ હોવાથી, ઉપચાર-ભાષાએ અહીં પણ ઇષ્ટ કહેવાય છે, કહ્યું છે કે **'कज्जं इच्छंतेणं अणंतरं कारणं पि इट्ठंति । जह आहारजतित्तिं इच्छंतेणेह आहारो ॥'** કાર્ય જેને ઇષ્ટ છે એને એનું કારણ પણ ઇષ્ટ જ છે; જેમ, આહાર દ્વારા તૃપ્તિ જેને ઇષ્ટ છે એને આહાર પણ ઇષ્ટ જ હોય છે. એ રીતે યથાર્થદર્શન અને તદનુસારી વ્યવહારની ક્રિયા એ ઇષ્ટ ઉપકારનું કારણ હોવાથી પોતે પણ ઇષ્ટ સિદ્ધ થાય છે; ને એ જ ઇષ્ટ ક્રિયા હિતપ્રવૃત્તિરૂપ છે. ભગવાન લોક પ્રત્યે એવા હિતને કરનારા હોઈ લોકહિત છે.

(લ૦—) अतोऽन्यथा तदनिष्टत्वसिद्धिः, तत्कर्तृरनिष्टाप्तिहेतुत्वेन, अनागमं पापहेतोरपि पापभावात् । इतरेतरापेक्षः कर्तृकर्म्मप्रकारः ।

અર્થ :— આથી બીજી રીતની પ્રવૃત્તિ કરવા જતાં એ પ્રવૃત્તિ અનિષ્ટ ઠરશે; (સુખકારી નહિ બને;) કેમકે પ્રવૃત્તિ કરનારને અનિષ્ટની પ્રાપ્તિનું કારણ થાય છે. આગમના આદેશને

અતિક્રમીને (સેવાતા) પાપકારણ થકી પાપ નીપજે છે. કર્તૃભાવ-કર્મભાવ એ પરસ્પર સાપેક્ષ છે.

વિવેચન :— વિપરીત દર્શનાદિથી અનિષ્ટ:—

યથાર્થદર્શનાદિ ક્રિયા દ્વારા જ હિતરૂપ બનાય છે, એ વસ્તુ ઉલટ રીતે પણ સિદ્ધ થાય છે. 'વસ્તુને જે યથાસ્વરૂપ જાણે છે...' વગેરે જે 'હિત' શબ્દનો અર્થ પૂર્વે કહ્યો તેનાથી બીજી રીતે અર્થાત્ વિપરીત પ્રતિપાદનાદિની પ્રવૃત્તિ કરવા જતાં તો તે પ્રવૃત્તિ અનિષ્ટ બને છે, સુખકારી નથી બનતી. એનું કારણ એ છે કે તે અન્ય રીતની પ્રવૃત્તિ કરનારને અનિષ્ટ પ્રાપ્તિ યાને અશુભ કર્મનો બંધ કરાવે છે. એનું તાત્પર્ય આ છે, કે પદાર્થના સ્વરૂપથી ઉલટી રીતે એને સમજનારો પછી પ્રરૂપણાની પ્રવૃત્તિ પણ કેવી કરશે ? વિપરીત જ. એ તો કુતર્કના આધારે તુક્કા લગાવવાનો. એવી બીજી પણ પ્રવૃત્તિ કરશે તે ય વિપરીત. એથી જેના અંગે એવો વિપરીત બોધ વગેરે કરે છે, ગ્રાહ્ય ચેતન હોય કે જડ, એના પ્રત્યે એ અનનુરૂપ, અહિતરૂપ વર્તી રહ્યો છે અને કદાચ દેખીતું હિતરૂપ વર્તી રહ્યો હોય પણ એ ભાવી અનર્થ કરવાથી દૂર નથી રહેતો; એટલે ફલતઃ પોતે જ અશુભ કર્મબંધનથી બંધાય છે. અહીં સામાને અનિષ્ટની પ્રાપ્તિ કરાવે યા નહિ, એનો એકાન્ત નથી, કેમકે સામો પદાર્થ જો જડ હશે, તો એને કાંઇ ઇષ્ટ-અનિષ્ટ ન હોવાથી એનું અનિષ્ટ કરવાનું નહિ બને; અને જો ચેતન હશે તો એને અનિષ્ટ થવા સંભવ છે.

અસર્વજ્ઞ-દર્શન લોકહિત બની શકે ?:— આ વિપરીત બોધાદિની વસ્તુ અસર્વજ્ઞના મતોમાં જોવા મળે છે દા. ત. સર્વસાક્ષાત્કાર નહિ હોવાથી કુતર્કના આધાર પર એ સમજી લે છે કે-'જગત એકલું બ્રહ્મમય છે, અર્થાત્ એક શુદ્ધ આત્મા જ સદ્ વસ્તુ છે, બાકીનું બધું અસત્ છે,' અથવા 'એકાન્તે ક્ષણિક અને વિજ્ઞાનસ્વરૂપ આત્મા જ વસ્તુ છે, બાકીનું સત્ નહિ...' વગેરે. પછી પ્રશ્ન ઉઠે કે તો પછી આ બધું બહાર સ્પષ્ટ દેખાય છે એ શી રીતે ? તો કહેશે અવિદ્યા લાગી છે, અગર અનાદિની કુવાસના ચાલી આવે છે એના લીધે. અરે ! જો અવિદ્યા મૂળમાં સત્ જ નથી તો એનાથી કશું કાર્ય જ કેમ બની શકે ? અસત્માં કાંઇ જ કરવાની તાકાત નથી. માટે તો એ અસત્ છે. પૂછશો કે તો પછી અસત્ની કલ્પનાથી માણસને ખુશી-નાખુશી કેમ થાય છે ? ઉત્તર એ છે કે ત્યાં કાંઇ અસત્થી ખુશી નથી થતી એની કલ્પનાથી થાય છે, અને કલ્પના સત્ છે, વિદ્યમાન વસ્તુ છે. જો કુવાસના પણ અસત્ છે તો તે ય શું કાર્ય કરી શકે ? અગર કહો 'સત્ છે પણ ક્ષણિક છે,' તો અનાદિથી ચાલી આવે છે એમ કેમ કહેવાય ? 'એની પરંપરા થતી રહી છે' એ પણ કયાંથી કહી શકો ? કેમકે કયા આત્મામાં કઇ વાસનાની પરંપરા ? તાત્પર્ય, પ્રત્યક્ષ દર્શન વિનાની આ બધી સમજ છે. એટલે જ કેટલાય જીવંત શરીરોને જીવરહિત જડ તરીકે ઓળખે-ઓળખાવે છે, ને કેઇ જડ દ્રવ્યોનાં પણ કલ્પિત સ્વરૂપ સમજે-પ્રરૂપે છે; ત્યારે જડ તરીકે ઓળખાવેલ જીવોને તો પછી બીજાઓ તરફથી હિંસાના ભોગ જ બનવું પડે ને ? એ એનું અનિષ્ટ થયું; તો એવો ઉપદેશ કરનારા લોકહિતકારી કયાંથી બની શકે ? એમ પાપપ્રવૃત્તિને જ ધર્મપ્રવૃત્તિ જાણે, ને ઉપદેશે, તથા લોકને એમાં પ્રવર્તાવે, એ લોકહિત કઈ રીતે ? હાં, એ સાથે દયા-દાનાદિનો ઉપદેશ પણ આપે છે; પરંતુ એમને મૂળમાં જીવાદિ પદાર્થ અને દયા-દાનાદિ માર્ગનું યથાસ્થિત પ્રત્યક્ષ-દર્શન નહીં કિંતુ અ-યથાર્થ જ્ઞાન હોવાથી એના ઉપર લોકને ઉપદેશ દઇને એવા દયા-દાનાદિમાં તો નથી પ્રવર્તાવી શકતા કે જે ઉત્તરોત્તર શુભવર્ધક બને. પછી એ ઉપદેશક લોકહિતરૂપ કયાંથી કહેવાય ?

જડને અનર્થ નહિ છતાં અયથાર્થ દર્શનીને પાપ :—

પ્ર૦-ઠીક છે, અયથાર્થ દર્શનાદિ સ્વરૂપ અન્યવિધ પ્રવૃત્તિ એ બીજા જીવને અનર્થ કરાવવાના

કારણે પ્રવૃત્તિકર્તાને અનિષ્ટ પ્રાપ્તિનું કારણ બને, પરંતુ જડને તો કશું અહિત પહોંચાડી શકતી નથી, તો એ જડની પ્રત્યે થતી અયથાર્થ દર્શનાદિ પ્રવૃત્તિથી કર્તાને શી રીતે અનિષ્ટ નીપજે? અર્થાત્ જો એ અન્યથા-પ્રવૃત્તિથી પરને અહિતયોગ થવાનો એકાન્ત નથી, (કેમકે જીવને થાય, જડને નહિ,) તો 'એ પ્રવૃત્તિ કર્તાને અનિષ્ટ પ્રાપ્તિનું કારણ બને જ'-એવો એકાન્ત શા માટે?

ઉ૦— વ્યવહારમાં દેખાય છે કે બેદરકારીથી ચલાવેલી મોટર જો કોઇ માણસને ચગદે છે તો બંનેને વેઠવું પડે છે; ને જો ભીંત સાથે અફળાય છે તો મોટરવાળાને વેઠવું પડે છે; એમ અ-યથાર્થ દર્શન-ઉપદેશાદિ પાપોપાર્જક પ્રવૃત્તિ કરનારને તો પાપ લાગે જ છે, અશુભ કર્મ બંધાય જ છે, પછી પાપોપાર્જક પ્રવૃત્તિથી બીજાને કરાતાં નુકશાન દ્વારા તો પાપ લાગે જ, એમાં નવાઇ નથી.

આગમાદેશ વિના પાપપ્રવૃત્તિ એટલે?:— અહીં આગમના આદેશ વિના પાપોપાર્જક પ્રવૃત્તિ કરનાર કહ્યું એનો ભાવ એ છે કે **આગમે દર્શાવેલ અપવાદ-નિયમને અનુસારે કયારેક જીવવધાદિ પ્રવૃત્તિ કરનારને પાપ લાગતું નથી.** દા.ત. માર્ગમાં વિધિપૂર્વક નદી ઉતરનાર કે સચેતન બારના માર્ગને છોડી બીજો માર્ગ ન હોવાથી છૂટી હરિયાળીવાળા માર્ગે ચાલનાર સાધુને અથવા જિનબિંબની અભિષેક-પુષ્પાદિથી દ્રવ્ય-પૂજા કરનાર ગૃહસ્થને પાપ લાગતું નથી. બાકી તેવા અપવાદ પ્રસંગ વિના શાસ્ત્ર ઉવેખી મનસ્વિપણે પાપપ્રવૃત્તિ કરનાર તો, બીજાને એથી કદાચ હાનિ ન ય થતી હોય છતાં, **પોતાના પ્રમાદદોષના કારણે નિયમા પાપ બાંધે છે.** દા.ત. ભગવાનની આશાતના કરવાથી ભગવાનને કોઇ અનર્થ નથી થતો, પરંતુ એવી આગમ-વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારને અવશ્ય અનર્થ થાય છે. અંધારે સાપ ધારીને દોરડા પર લાકડી મારી, દોરડાને કોઇ અનર્થ નહિ, પરંતુ સર્પબુદ્ધિથી મારનારને સર્પ મારવાનું પાપ લાગે જ છે. એમ મિથ્યા તત્ત્વનું પ્રતિપાદન કરે કે જીવાદિ પદાર્થોનું આગમવિરુદ્ધ નિરૂપણ કરે તો તેથી અચેતન તત્ત્વને ભલે અનર્થ ન થતો હોય પરંતુ નિરૂપણ કરનારને તો ભારે પાપ લાગે જ છે. જીવ રાગદ્વેષાદિ પ્રમાદવશ પાપ બાંધે છે, અને **આગમનું ઉલ્લંઘન એ મહાપ્રમાદ છે,** એમાં તીવ્ર રાગ-દ્વેષાદિ થાય છે. તો એ ઉલ્લંઘન ઘોર પાપ બંધાવે જ. મરીચિ, જમાલી વગેરેનો સંસાર એટલે જ વધી ગયો.

માટે જ, **આગમની એટલે કે જિનાજ્ઞાની વફાદારી એ પાયાનો મહાધર્મ છે.** આત્મા પર એનું પાકું બંધન જોઇએ, મન પર જિનાજ્ઞાનું એ વર્ચસ્વ જોઇએ કે, (જેમ, સારા પગારદાર નોકરના મન પર શેઠનું વર્ચસ્વ હોય છે ને?)-'મારું મન તો જિનાજ્ઞાને બંધાયેલું છે, એના ફરમાનને અનુસારે જ મનનાં વલણ, ધોરણ અને વિચારસરણી.' વફાદારી એ કે-'આદેશ એ આદેશ, એની સામે શંકા, કુતર્ક કશું નહિ.' સર્વાંશે આપણે ન પાળી શકીએ એટલી આપણી કમતાકાત, કમનસીબી. રાજ્યાધિકારીઓમાં રાજાની કે રાજનીતિ અને રાજ્ય કાયદાની, તેમ મીલીટરીમાં સેનાપતિ અને સેનાશિસ્તની વફાદારી હોય છે ને? મન પર જિનાગમનું વર્ચસ્વ એ જીવનની એક મહાસાધના છે, અને એની ઉપેક્ષા, બેપરવાઇ તથા વિરોધ એ ભયંકર અનર્થ છે. એનો અર્થ એ થયો કે આગમના આદેશને ઉલ્લંઘી પાપપ્રવૃત્તિ કરનારો અનિષ્ટ-પ્રાપ્તિનું એકાન્તે કારણ બને છે.

પ્ર૦— **આ નિર્ણય પણ કેવી રીતે કે આગમાદેશ વિના પાપવૃત્તિ કરનારને પાપ લાગે જ?**

ઉ૦— **કર્તૃભાવ અને કર્મભાવ પરસ્પર સાપેક્ષ છે.** વ્યાકરણશાસ્ત્રના કર્તા, કર્મ, કરણ વગેરે છ કારકોમાં કર્તા એ ક્રિયાના જે કર્તૃત્વવાળો હોય છે તે કર્મની અપેક્ષાએ, ત્યારે કર્મ એ ય કર્તાને લઇને જ ક્રિયાના કર્મત્વવાળું હોય છે. 'મજૂર વૃક્ષને છેદે છે,' અહીં જો છેદવાની કર્મ-વસ્તુ જ ન હોય તો મજૂર છેદન-પ્રયત્ન કયાં કરે? તેમ વસ્તુ છે પણ છેદન-કર્તા નથી, તો વસ્તુમાં છેદન

કર્મતા શી? એમ, 'દીવો ઘડાને પ્રકાશે છે,'-એમાં કર્મ ઘડો એ જે પ્રકાશ્ય છે તેને લઈને જ પ્રકાશક દીવામાં પ્રકાશ-કર્તૃત્વ છે, તેમ દીવો પ્રકાશ-કર્તા છે તો જ ઘડામાં કર્મતા યાને પ્રકાશ્યતા છે. એવી રીતે તેવા પ્રકારના કાર્યરૂપે જો પાપોપાર્જન થતાં હોય તો જ વિપરીત બોધાદિની પ્રવૃત્તિ કરનાર પુરુષ પાપકર્તા કહેવાય, એમ, તેવો પાપકર્તા હોય તો જ પાપોપાર્જનનું કાર્ય થાય. એથી એ સિદ્ધ થયું કે યથાર્થ બોધાદિ કરતાં બીજી રીતે થતી પ્રવૃત્તિ હિતયોગથી વિપરીત હોવાથી કમમાં કમ પોતાની દૃષ્ટિએ તો અનિષ્ટ છે જ, તેથી એ પ્રવૃત્તિના વિષયની પ્રત્યે એ અહિતયોગરૂપ સિદ્ધ થાય છે.

(લ૦--) नाचेतनाहितयोग उपचरितः, पुनरागमकर्म्मकत्वेन। सचेतनस्यापि एवंविधस्यैव नायमिति दर्शनार्थः। कर्तृव्यापारापेक्षमेव तत्र कर्म्मत्वं, न पुनः स्वविकारापेक्षं, कङ्कटुक (प्र०...काङ्कटुक) पक्तावित्थमपि दर्शनाद् इति लोकहिताः। १२।

અર્થ :— જડ વસ્તુને ઉદ્દેશીને (થતો) અહિતનો યોગ ઉપચાર-ભાષાનો નથી, કેમકે (તે અહિતયોગ) ફરીને પાછી કર્તામાં આવનાર ક્રિયાની આલંબનતાના લીધે છે. જડની જેમ સ્વતઃ અહિતયોગથી રહિત જ એવા જીવને પણ અહિતયોગ નથી, એ બતાવનાર (આ અચેતન-અહિતયોગ) છે. (અહીં) કર્તાના પ્રયત્ન રૂપ વ્યાપારની અપેક્ષાએ જ અચેતનમાં કર્મત્વ છે, પણ નહિ કે (અચેતનના) પોતાના (અનર્થરૂપ) વિકારની અપેક્ષાએ; કેમકે કાંગડું ધાન્યની પચનક્રિયામાં આમ પણ દેખાય છે. આ રીતે (અર્હત્) લોકહિત છે. ॥ ૧૨ ॥

વિવેચન :— દુઃશિક્ષિત શસ્ત્રપ્રયોગનાં દૃષ્ટાન્તથી મુખ્ય અચેતન-અહિતયોગની સિદ્ધિ :-

પ્ર૦—અયથાર્થ બોધાદિ પ્રવૃત્તિનો વિષય અચેતન હોય, જડ હોય તો એને શું અહિત થવાનું હતું? કેમકે તે પ્રવૃત્તિથી સાધ્ય જે અનિષ્ટ, તે જડ પદાર્થોને તો કયારે ય થતું નથી. હા, ઔપચારિક અહિતયોગ કહેતા હો તો બને, પરંતુ પછી તો ઔપચારિક અહિતયોગની જેમ તે જડ પદાર્થોને હિતનો યોગ પણ ઔપચારિક બનવા જશે! અને સ્તુતિમાં તેવો ઔપચારિક પ્રયોગ હોય નહિ, કેમકે સ્તુતિ તો વાસ્તવિક પદાર્થને કહેનારી હોય છે. તો જો અહીં જડલોક પ્રત્યે હિતયોગ ઔપચારિક હોય તો ભગવાન વસ્તુગત્યા સર્વ-લોકહિત કયાં બન્યા?

ઉ૦—ધર્માસ્તિકાયાદિ અચેતન પદાર્થોને વિષે વિપરીત દર્શનાદિ કરવાની પ્રવૃત્તિ એ અહિતયોગરૂપ મુખ્યપણે છે, પણ ઔપચારિક નહિ; અર્થાત્ જેમ 'આ તીખા સ્વભાવવાળો માણવક નામનો માણસ તો અંગારો છે' એવું બોલાય ત્યાં માણવકમાં આરોપિત અંગારાપણું છે, પણ તે રીતે અહીં આરોપિત અહિતયોગ નથી. આનું કારણ એ છે કે જયાં વિપરીત દર્શનાદિ-પ્રવૃત્તિ અચેતન પદાર્થોને ઉદ્દેશીને થાય છે, ત્યાં એ અહિતયોગની પ્રવૃત્તિનાં ફળસ્વરૂપે થતો અનર્થ અચેતનમાં સ્થિર થવાને બદલે પ્રવૃત્તિ કરનાર પુરુષમાં ફરીને આવી મળે છે; અહિત પ્રવૃત્તિ એને જ અનર્થનું ભાજન બનાવે છે. જો આ અહિતયોગ ઔપચારિક હોત તો અનર્થ પેદા કરવા રૂપ મુખ્ય ફળને એ કરત નહિ. માણવકમાં અંગારાપણું ઔપચારિક છે તો એ, અગ્નિનું બીજાને સ્પર્શમાત્રથી સળગાવી નાખવાનું જે મુખ્ય કાર્ય, તે કરતું નથી. ત્યારે પ્રસ્તુતમાં તો અહિતયોગનું મુખ્ય કાર્ય અનર્થ થાય છે. જેમ **શસ્ત્રક્રિયા** બરાબર ન આવડતી હોય કે એની ઊંધી આવડત હોય તો બીજાના વધ માટે યોજેલું શસ્ત્ર પોતાનામાં જ વધનું ફળ લાવે છે, તેવી રીતે અચેતનને ઉદ્દેશીને કરાતી અહિત પ્રવૃત્તિ અનર્થરૂપી ફળને પ્રવર્તકમાં પોતાનામાં જ લાવે છે. પેલો શસ્ત્રપ્રયોગ ઔપચારિક નથી એમ આ અહિતયોગ પણ ઔપચારિક નથી. અર્થાત્ જેમ પેલામાં 'શસ્ત્ર માર્યું,' તેમ આમાં 'અહિતપ્રયોગ કર્યો,'-એ મુખ્ય ભાષા છે.

સચેતનો ય કેમ અનર્થમાંથી બાદ નહિ ? :— ' તો તો પછી સચેતનની પ્રત્યે ય કરેલો અહિત-યોગ પણ આ રીતે માત્ર પ્રવૃત્તિ-કર્તામાં જ ફરીને અનર્થ લાવનારો બનશે ! ' આ કહેવું ઉચિત નથી, કેમકે બધા સચેતન માટે એવું નથી. જે સચેતન અનર્થનું પાત્ર બની શકે એવા છે, એ પોતે તો અનર્થ પામે છે; પરંતુ જે સચેતન અર્થાત્ જે જીવો અચેતનની જેમ પ્રવૃત્તિના ફળભૂત અનર્થનું પાત્ર તદ્દન ન બની શકે એવા છે,-દા. ત. સિદ્ધ ભગવાન, અગર સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો,-એમને વિપરીત દર્શનાદિની પ્રવૃત્તિ કરનારની એ પ્રવૃત્તિ દ્વારા કોઈ અનર્થ થતો નથી. એટલે આવા જ જીવો અનર્થનું ભાજન નથી બનતા એ બતાવવા માટે અચેતન-અહિતયોગની વાત કરી; બાકી તો અહિતયોગથી કોઈ સચેતનને ક્રિયાનાં ફળસ્વરૂપ અનર્થ ભોગવવો પડે છે.

કર્મ-કારકપણું બે રીતે :— ' અરે ! અચેતનમાં જો ક્રિયાના ફળરૂપે કોઈ અનર્થ જ નથી, તો તેને આલંબીને પ્રવર્તનારના અહિતયોગનું કર્મત્વ પણ તેમાં શી રીતે પ્રાપ્ત થાય ? '-એમ નહિ કહેવું, કેમકે તેવી વિપરીત દર્શનાદિ પ્રવૃત્તિના કર્તાના પ્રયત્નરૂપ વ્યાપારની અપેક્ષાએ જ અચેતનમાં કર્મત્વ છે, પણ નહિ કે અચેતનના સ્વગત કોઇ અનર્થરૂપ વિકારની અપેક્ષાએ. તાત્પર્ય, એક કર્મત્વ તો ક્રિયાના ફળભૂત વિકાર ઝીલવાને લીધે આવે, ત્યારે બીજી રીતે કર્મત્વ કર્તાના પ્રયત્નનું આલંબન (વિષય) બનવાને લીધે આવે. આવી રીતે તે કર્મત્વ આવતું હશે ? હા, આવે, મગ વગેરે ધાન્ય ચૂલા પર સીઝવવા મૂકયા હોય, પણ તે કોરડુ મગ હોય તો એનામાં એ સીઝવવા-રાંધવાની ક્રિયાથી થવો જોઈતો પોચા પડી જવા રૂપ વિકાર થવાનો જ નથી, છતાં બોલાય છે તો એમ જ કે-' એ કોરડુ મગ રાંધે છે. ' આ વાકયમાં કોરડુ મગને કર્મ તરીકે સ્થાન મળ્યું છે; અર્થાત્ એનામાં કર્મત્વ પ્રાપ્ત થયું છે; અને આ વાકય-પ્રયોગ પ્રામાણિક છે, બોટો નથી. અલબત એ કર્મત્વ આવ્યું તે ક્રિયાનું ફળ -વિકાર, ઝીલવાના હિસાબે નહિ, પરંતુ કર્તાના પ્રયત્નનો વિષય બનવાના હિસાબે. વિષય વિના પ્રયત્ન કોના પર ? પૂછાય કે શું રાંધવાનો પ્રયત્ન કરે છે ? તો અહીં એ જ કહેવું પડે કે કોરડુ મગ. એને આશ્રીને જ પચન-પ્રયત્ન છે. એમ ભલે અચેતનને અનર્થ થતો ન હોય છતાં જ્યાં અચેતન પદાર્થનો **અસત્ય** બોધ, અસત્ય ભાષણ વગેરે કર્યું ત્યાં પૂછાય કે એ વિપરીત બોધ આદિ ક્રિયા કોને લઈને કરી ? તો એ જ કહેવું પડે કે અચેતનને લઈને. અર્થાત્ કર્તાની અહિતયોગની પ્રવૃત્તિનું કર્મ અચેતન છે. હા, એમાં અનિષ્ટ અચેતનને થવાને બદલે ખુદ પ્રવૃત્તિ-કર્તાને અનિષ્ટ થાય છે; છતાં ત્યાં અચેતન-અહિતયોગ જરૂર કહેવાય, બસ, એ જ રીતે પરમાત્માનો હિતયોગ પણ અચેતનને આશ્રીને અવશ્ય કહી શકાય. ત્યાં ભલે એને ઇષ્ટ ન નીપજતું હોય, પણ પરમાત્માથી એને આશ્રીને કરાતી યથાર્થ દર્શન, યથાર્થ નિરૂપણ વગેરે પ્રવૃત્તિનો એ વિષય બને છે, તેથી એનામાં હિતયોગ પણ ઔપચારિક નહિ કિન્તુ મુખ્ય જ છે. એટલે ભગવાનની એ મુખ્ય હિતયોગના હિસાબે કરાતી સ્તુતિ અબાધિત ઠરે છે. આમ પરમાત્મા **સમસ્ત** જીવલોક અને પંચાસ્તિકાય લોકના હિતરૂપ છે, માટે સ્તુતિ-નમસ્કાર કર્યો ' (નમો) લોગહિઆણું. '

★

१३. लोगपईवाणं.

(ल०—) तथा लोकप्रदीपेभ्यः । अत्र 'लोक' शब्देन विशिष्ट एव तद्देशनाद्यंशुभिर्मिथ्यात्वतमोऽपनयनेन यथार्हं प्रकाशितज्ञेयभावः संज्ञिलोकः परिगृह्यते; यस्तु नैवंभूतः, तत्र तत्त्वतः प्रदीपत्वायोगाद्, अन्धप्रदीपदृष्टान्तेन,—यथाहि, अन्धस्य प्रदीपस्तत्त्वतः अप्रदीप एव, तं प्रति स्वकार्याकरणात् तत्कार्यकृत एव च प्रदीपत्वोपपत्तेः, अन्यथा अतिप्रसङ्गात् । अन्धकल्पश्च यथोदितलोक-व्यतिरिक्तस्तदन्यलोकः, तद्देशनाद्यंशुभ्योऽपि तत्त्वोपलम्भाभावात्, समवसरणेऽपि सर्वेषां प्रबोधाश्रवणात्, इदानीमपि तद्वचनतः प्रबोधादर्शनात्, तदभ्युपगमवतामपि तथाविधलोकदृष्टयनुसारप्राधान्याद् अनपेक्षितगुरूलाघवं तत्त्वोपलम्भशून्यप्रवृत्तिसिद्धेरिति ।

अर्थ :— तथा 'लोगपईवाणं' पद. लोकने माटे प्रदीपरूपने (नमस्कार हो.) अहीं 'लोक' शब्दथी विशिष्ट ज संज्ञिलोक लेवाय छे, के जेमने परमात्मानी देशना आदि किरणो वडे मिथ्यात्वरूपी अंधकार दूर थईने यथायोग्य ज्ञेय पदार्थ प्रकाशित थया छे, केमके जे लोक तो एवा प्रकारनो नथी तेम ज प्रत्ये वस्तुगत्या प्रदीपरूपता, अंधने प्रदीपना दृष्टान्तथी नथी घनती. ते आ रीते,—अन्धने दीवो वस्तुतः अप्रदीप ज छे, केमके तेनी प्रत्ये (ते दीवो) पोतानुं कार्य नथी करतो अने दीपकपणानुं कार्य करनारमां ज दीपकरूपता घटी शके छे; कारण के नहितर अतिप्रसंग आवे. जेवो (विशिष्टसंज्ञी) लोक कह्यो ते सिवायनो तेनाथी भिन्न लोक तो अंधतुल्य छे; केमके भगवाननी देशनाना किरणोथी पण (तेने) तत्त्वबोध नथी थतो. संभळाय छे के समवसरणमां पण सर्वने य बोध नथी थतो. आजे पंण जिनवचनथी प्रतिबोध न थवानुं देखाय छे. भगवान अमुकना ज नहि पण सर्वना प्रदीपरूप होवानुं माननाराओने पण व्यवहारनयनुं अनसरण प्रधान होईने गौरव लाघवनो विचार नहि रहेवाथी (क्यांक व्यवहारथी) तात्त्विक बोध-शून्य (अर्थात् स्तुतिपात्रना स्वरूपना ज्ञान विनानी स्तुति) प्रवृत्ति थवानो प्रसंग आवे छे! (माटे कहेवाय छे के जिनवचनना किरणोथी पण तेने तत्त्वबोध नथी थतो.)

विवेचनः—विशिष्ट संज्ञी लोकने ज प्रभु प्रदीपरूपः—

हवे 'लोगपईवाणं' पदनी व्याख्या. एनो अर्थ ए, के लोकने माटे प्रदीपरूप अरहंत प्रभुने मारो नमस्कार हो. अहीं 'लोक' तरीके विशिष्ट संज्ञी जीवो ज लेवाना छे. 'संज्ञी' एटले मननी शक्तिस्वरूप संज्ञावाळा. ते मात्र पंचेन्द्रिय जीवो ज होय. पंचेन्द्रियमां पण असंज्ञी जीवो होय छे; ए गर्भथी के देव-नारकनी जेम उपपात (एकी साथे अंतर्मुहूर्तमां-बे घडीनी अंदरना काळमां ज जीवनभर रहे तेटला संपूर्ण शरीरनी उत्पत्ति)थी नहि किन्तु संमूर्छन शरीरोत्पत्तिथी जन्मवावाळा

હોય છે; એમનામાં મનઃશક્તિ નથી હોતી. તો એ ય બધા નહિ, કિન્તુ સંજ્ઞી જીવો જ 'શ્લોક' તરીકે અહીં ગ્રાહ્ય છે. તે પણ વિશિષ્ટ જ સંજ્ઞી જીવો લેવાના. ' વિશિષ્ટ ' એટલે ભગવાનની સમ્યગ્ ધર્મ-દેશના અને તત્ત્વવાણી રૂપી કિરણો ઝીલીને જેમનો મિથ્યાત્વરૂપી યાને અતત્ત્વરુચિ-તત્ત્વઅરુચિ રૂપી અંધકાર દૂર થઈ ગયો છે, અને તેથી યથાયોગ્ય જ્ઞેય વસ્તુનો જેમનામાં પ્રકાશ ઝળહળી ઊઠ્યો છે તે; એ દેશના ચાહ્ય પ્રભુના શ્રીમુખે સાંભળીને, અથવા જિનાગમ-જૈન શાસ્ત્રોમાંથી ભણીને ઝીલી હોય અર્થાત્ હૃદયે ભાવિત કરી હોય. મનની શક્તિ વિના આ ન બને, તેથી સંજ્ઞી જીવો લીધા. તો જે સંજ્ઞી જીવો મનની અર્હદ્-વાણીના કિરણો ઝીલી મિથ્યાત્વને દૂર કરવાપૂર્વક સમ્યગ્દર્શન પામવા સાથે યથાયોગ્ય અર્થાત્ પોતાની શક્તિ અનુસાર સત્ જ્ઞેય પદાર્થનો પ્રકાશ નિજ હૃદયે ઝગમગતો કરે છે એવા વિશિષ્ટ સંજ્ઞી શ્લોક માટે જ અર્હત્પ્રભુ પ્રદીપરૂપ છે; કેમકે જે એવા નથી તેમના માટે પ્રભુ વસ્તુગત્યા પ્રદીપરૂપ નથી. એમના માટે પણ જો એ પ્રદીપરૂપ હોય તો એમને પ્રકાશ થાય ને ? પણ ના, એમને પ્રકાશ-નથી થતો. ભગવાનની દેશનાભૂમિ-સમવસરણમાં આવે ઘણા સંજ્ઞી જીવો, પરંતુ એમાંથી મિથ્યાત્વના નાશપૂર્વક સત્ તત્ત્વનો પ્રકાશ પામનારા કેટલાક જ હોય છે, બધા નહિ.

આંધળા માટે દીવો એ દીવો નથીઃ—

પ્ર૦—પરમાત્મા પ્રદીપ એટલે તો બધાને માટે પ્રદીપ, તો આવો સંકોચ કેમ ? દીવો શું અમુકને જ દીવો અને બીજા માટે દીવો નથી ?

ઉ૦—એવું નથી. અંધ-પ્રદીપના દૃષ્ટાન્તથી આ સમજાશે. કોઇ આંધળાની આગળ દીવો ધર્યો હોય તો શું એ દીવો એના માટે વસ્તુતઃ દીવારૂપ છે ? ના, કેમકે એની પ્રત્યે દીવો પોતાનું પ્રકાશ-દાનનું કાર્ય નથી કરતો, એ તો દીવાની તેને આશ્રીને વાસ્તવિક પ્રદીપરૂપતા ત્યારે ઘટી શકે કે જ્યારે એ એને પ્રકાશદાનનું સ્વકાર્ય કરતો હોય. જો સ્વકાર્ય પ્રકાશદાન કર્યા વિના પણ દીપકરૂપતા હોય તો તો એવો અતિપ્રસંગ ઊભો થાય કે પ્રકાશદાન ન કરનારો એક ઘડો પણ દીપકરૂપ બનવા જાય; અથવા ખુદ દીવો મડદાને માટે પણ દીવારૂપે વર્તે ! સારાંશ, અંધને માટે દીવો દીવારૂપે નથી. તો પૂર્વે કહેલ વિશિષ્ટ સંજ્ઞીશ્લોક સિવાયનો એથી જુદો મિથ્યાત્વના અંધાપાવાળો સંજ્ઞી શ્લોક અને અસંજ્ઞી શ્લોક એ આંધળાના જેવો છે; કેમકે એ બધા શ્લોકને અરહંત પ્રભુની દેશના કે આગમના પ્રકાશકિરણોથી પણ તત્ત્વનો બોધ નથી થતો. સાંભળવા મળે છે કે ભગવાનની ખુદ દેશનાભૂમિ-સમવસરણમાં પણ ઉપસ્થિત રહેલા બધાયને બોધ નથી થતો. કેટલાય એવા સંજ્ઞી માનવો, તિર્યંચો અને દેવો ત્યાં હોય છે કે જે માત્ર પ્રભુનું અનુપમ રૂપ, સમવસરણની શોભા, અને પ્રભુની વાણીની ગંધર્વગીત કરતાં કોઈગુણી મધુરતાનો જ આનંદ અનુભવતા બેસી રહે છે, કિન્તુ પોતાના દિલમાં તત્ત્વબોધ નથી પ્રગટાવતા. ત્યારે આજે પણ શું છે ? એજ જિનવાણીના શાસ્ત્રો મોજુદ છે, છતાં કોઇ આજના બધા ય માણસો એમાંથી બોધ નથી મેળવતા. અરે ! જિનાગમ વાંચે યા સાંભળે ખરા, છતાં એથી પોતાના દિલમાંનો મિથ્યાત્વ અંધકાર દૂર કરી સમ્યગ્દર્શન અને તત્ત્વપ્રકાશ પામવાનું જેને નથી બનતું એવા ય આજે કેટલા ય દેખાશે !

દૂરભવ્ય-દુર્ભવ્યઃ—

આનો અર્થ એ થયો કે વિશિષ્ટ સંજ્ઞી શ્લોક તરીકે પ્રકાશ ઝીલનારા ભવ્ય શ્લોકના માટે જ પ્રભુ પ્રદીપરૂપ ગણાય છે. દૂરભવ્ય એટલે કે જે બહુ લાંબા કાળે જઇને ભવો પછી બોધ પામવા યોગ્ય થવાના છે, તેમજ દુર્ભવ્ય એટલે કે જે અહીં હમણાં નહિ કિન્તુ પછી કેટલીય ભારે મુશ્કેલી બાદ યોગ્ય બની બોધ પામશે, તેના માટે ભગવાન હાલ પ્રદીપરૂપ નથી.

એકલો વ્યવહાર મુખ્ય કરવામાં વસ્તુતત્ત્વ નથી પમાતું :— જે શ્લોકો 'ભગવાન અન્ધતુલ્ય શ્લોકને માટે ય પ્રદીપરૂપ છે–' એમ માને છે એ તો ખરા જ, પણ જે શ્લોકો ભગવાનને સર્વપ્રદીપ અર્થાત્

વિશિષ્ટ લોકને જ નહિ કિન્તુ સર્વને માટે દીપકરૂપ હોવાની માન્યતાવાળા છે, તેમના પણ મતે તત્ત્વપ્રકાશ-વાળી પ્રવૃત્તિ નથી બનતી,-એટલે કે 'સ્તોતવ્ય (સ્તુતિપાત્ર) શ્રી અરહંત પ્રભુના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનવાળી જ પ્રસ્તુત સ્તુતિ પ્રવૃત્તિ છે,'-એવું સિદ્ધ નથી થતું, ઉત્પન્ન નથી થઈ શકતું; કેમકે એવી માન્યતાવાળા તો લોકદૃષ્ટિ યાને વ્યવહારનયનું અનુસરણ મુખ્ય કરનારા છે. લોક તો, પરમાર્થથી (વસ્તુગત્યા) અસત્ એવી કોઇ કોઇ વસ્તુમાં ય જે વ્યવહાર બહુ રૂઢ થઇ ચાલ્યો આવતો હોય, તેનો તેવો વ્યવહાર કરે છે. દા. ત. વસ્તુગત્યા ગોરું તો શરીર છે આત્મા નહિ, છતાં જેમ 'હું સુખી છું, હું જ્ઞાની છું' એવો આત્માને લઈને વ્યવહાર થાય છે, તેવી રીતે 'હું ગોરો છું' એવો ય વ્યવહાર લોક કરે છે. અહીં આત્મામાં અસત્ એવા ગોરાપણાનો વ્યવહાર આત્મામાં કર્યો, કેમકે 'હું જ્ઞાની, હું સુખી' એ વ્યવહારમાં 'હું' શબ્દથી આત્મા જ લેવાયો છે. ત્યારે જો કહો કે-'હું ગૌર' એમાં તો 'હું' શબ્દથી શરીર લેવાનું છે, તો શરીરમાં જે ખરેખર હુંપણું અસત્ છે તેનો વ્યવહાર કર્યો. ગમે તે રીતે ઘટાવો પણ અસત્ વસ્તુનો ય વ્યવહાર બહુ રૂઢ છે એ વાત નક્કી થાય છે. એમાં પ્રવૃત્ત થનાર લોકની દૃષ્ટિ યાને અભિપ્રાય એ વ્યવહારનય થયો. ભગવાન સર્વપ્રદીપ છે, સર્વને માટે પ્રદીપરૂપ છે, એવું માનવા જતાં આ વ્યવહારનયને જ અનુસરવાનું મુખ્ય કરાય છે, વસ્તુસ્થિતિને અનુસરવાનું નહિ! મુખ્ય તરીકે વ્યવહારદૃષ્ટિને સ્વીકારવાનું બને છે, ત્યાં વસ્તુના સ્વરૂપને પામવાનું નથી બનતું.

નિશ્ચયનયથી તત્ત્વ પમાયઃ-લોકવ્યવહારે તો માન્યું કે '-દીપક એ દીપક જ છે, કિન્તુ અ-દીપક પણ છે એવું નહિ. કેમકે અ-દીપક તરીકે તો સાદડી, ભીંત વગેરે જ રૂઢ છે. બસ, એ જ રીતે ભગવાન પણ પ્રદીપ છે એટલે સર્વપ્રદીપ છે; પરંતુ નહિ કે કેટલાકોને માટે પ્રદીપ તરીકે કામ ન લાગતા હોઇને અ-પ્રદીપ પણ ખરા.' ત્યારે ઋજુસૂત્રાદિ નિશ્ચયનયના મતે તો જે વસ્તુ જેમાં કામ નથી લાગતી, તે વસ્તુ તેની અપેક્ષાએ તો કાંઇ જ નથી, અ-કિંચિત્ જ છે. આ વસ્તુ વિશેષાવશ્યક-ભાષ્યના કર્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજ.મંગળને ઉદ્દેશીને આ પ્રમાણે કહે છે,—

उज्जुसुयस्स सयं संपयं च जं मंगलं तयं एक्कं । नाईयमणुप्पन्नं मंगलमिट्ठं परक्कं वा ॥
नाईयमणुप्पन्नं, परकीयं वा पयोयणाभावा । दिट्ठंतो खरसिंगं परधणमहवा जहा विहलं ॥

-ઋજુસૂત્રમતે જે મંગળ પોતાનું છે, અને વર્તમાનકાળે છે તે જ એક મંગળ તરીકે ઇષ્ટ છે, પરંતુ અતીત થઇ ગયેલ કે ભવિષ્યમાં થશે તે, કે પારકું હોય તે, મંગળ તરીકે ઇષ્ટ નથી. અતીત કે ભવિષ્યનું અથવા પારકું એ મંગળ તરીકે ન હોવાનું કારણ એ, કે એનાથી પોતાને હાલ કાંઇ પ્રયોજન સરતું નથી; એ પોતાના માટે નકામું છે. આમાં દૃષ્ટાન્ત ગર્દભશૃંગ અથવા પરધનનું મળે છે. ગધેડાનું શિંગડું સત્ નથી, ત્યારે પરનું ધન પોતાના માટે ઉપયોગી છે નહિ. પૈસા કહેવાથી શું? પોતાના હોય તો કામ લાગે છે. તેમ અતીત કે ભાવી મંગળ એ અત્યારે અસત્ છે, જ્યારે પરનું મંગળ પોતાનું કામ નથી કરતું; તેથી પોતાની અપેક્ષાએ એ બધાં અ-મંગળ ઠરે છે, મંગળરૂપ નહિ. એમ ભગવાન પણ વિશિષ્ટ સંજ્ઞી સિવાયના લોકને માટે પ્રદીપનું કાર્ય ન કરતા હોવાથી અપ્રદીપરૂપ ઠરે છે; માત્ર વિશિષ્ટ સંજ્ઞી લોકને માટે પ્રદીપરૂપ છે.

પ્રદીપ-અપ્રદીપમાં અનેકાન્તવાદઃ—આ વસ્તુતત્ત્વની દૃષ્ટિ થઇ કે ભગવાન પ્રદીપ પણ ખરા, અને અ-પ્રદીપ પણ ખરા, કિન્તુ એકાંતે પ્રદીપ નહિ, એકાંતે અ-પ્રદીપ નહિ. આનું જ નામ સ્યાદ્વાદ, અનેકાંતવાદનું અનુસરણ. અનેકાંતવાદનો સિદ્ધાન્ત જ પ્રામાણિક છે, એકાંતવાદનો નહિ; કેમકે એકાંત-વાદ તો વસ્તુના બીજા સ્વરૂપનો અપલાપ કરે છે. ભગવાન પ્રદીપરૂપ શાથી છે? એમનામાં પ્રદીપતા છે માટે ને? પ્રદીપતા એટલે? એજ કે પોતાની દેશનાના કિરણોથી જીવોને તત્ત્વપ્રકાશ કરવાપણું. તો પછી

અપ્રકાશ કરવાપણું એટલે અપ્રદીપણું; અને ભગવાન બીજા કેટલાય જીવોની પ્રત્યે પ્રકાશ કરતા ન હોવાથી તેમની અપેક્ષાએ અપ્રદીપપણું પણ એમનામાં આવે એ યુક્તિસિદ્ધ છે.

પ્ર૦—વસ્તુમાં ધર્મ હોય, તે તો વસ્તુસ્વરૂપ હોય, સ્વતંત્ર હોય, એમાં બહારના પદાર્થની અપેક્ષા શી? અર્થાત્ સાપેક્ષતા શી કે આ ધર્મ આની અપેક્ષાએ અને આ આની અપેક્ષાએ?

ઉ૦—અહીં બે વાત સમજો એટલે સાપેક્ષતા સ્પષ્ટ થશે. એક તો ધર્મનું આશ્રયે રહેવું; અને બીજું, ધર્મનું તે રૂપે ઉત્પન્ન થઈને ઓળખાવું. આમાં, ધર્મનું 'રહેવું' સ્વતંત્ર છે, અર્થાત્ પિતૃત્વ પોતાના આશ્રયના આધારે રહ્યું છે. માટે તો પિતાપણાના ધર્મ અર્થાત્ પુત્ર મરી ગયા પછી પણ બાપ એ મરનારના પિતા તરીકે અને પૌત્રના પિતાના પિતા તરીકે કહેવાય છે, તે ત્યાં જો હવે પિતૃત્વ નહિ તો પિતા કહેવાય જ શાના? પરંતુ **ઉત્પન્ન થવા અને ઓળખાવા** માટે બહારનાની અપેક્ષા જરૂર રાખે છે. માટે તો પોતાને પુત્ર થાય પછી જ એની અપેક્ષાએ જ એ પિતા કહેવાય છે, એમનામાં પિતૃત્વ ઉત્પન્ન થાય છે, ને કહેવાય છે, પુત્ર સિવાયના બીજાની અપેક્ષાએ નહિ. માટે તો એ જ પિતા પાછો પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર કહેવાય છે, પોતાની પત્નીની અપેક્ષાએ પતિ કહેવાય છે,...એ રીતે પુત્રત્વ, પતિત્વ વગેરે ધર્મ ઉત્પન્ન થાય છે, ને એ રીતે ઓળખાય છે.

એકાંતવાદમાં 'બ્રહ્મ' કેમ ન બોલાય? : સત્-અસત્ શી રીતે? :—એમ દ્રવ્યમાં દ્રવ્યત્વ ધર્મ રહે છે તે માત્ર પોતાના આશ્રયના આધારે; પરંતુ ઓળખાય છે તે અદ્રવ્ય પર્યાયની અપેક્ષાએ. દ્રવ્ય એ દ્રવ્ય તરીકે તો જ કહેવાય કે જો એનામાં આશ્રિત પર્યાય જેવી વસ્તુ છે. મનુષ્ય એ મનુષ્ય તરીકે ઓળખાય છે, તે મનુષ્યેતરની અપેક્ષાએ. આ ઉપરથી દેખાશે કે જેઓ જગત્ મિથ્યા, અને એકલું બ્રહ્મ સત્ કહે છે તે કેમ બની શકે? જો અબ્રહ્મ જેવું કાંઈ મોજૂદ જ નથી તો કોની અપેક્ષાએ એ 'બ્રહ્મ' કહેવાય? માટે અદ્વૈતવાદ પ્રમાણસિદ્ધ નથી રહેતો.

પ્ર૦—તમે પણ, 'સત્' કહો છો તે કોની અપેક્ષાએ? અસત્ની અપેક્ષાએ જ ને? તો શું અસત્ જેવું કાંઈ મોજુદ છે કે એની અપેક્ષાએ સત્ કહો છો?

ઉ૦—સત્ એટલે તો વિદ્યમાન. એ મોજૂદની અપેક્ષાએ નહિ, પણ અવિદ્યમાનની જ અપેક્ષાએ વિદ્યમાન કહેવાય. ત્યારે બ્રહ્મમાં એ લાગુ નથી પડતું. કેમકે બ્રહ્મ શબ્દનો અર્થ વિદ્યમાન નથી. તેમ બ્રહ્મ એ ચૈતન્યરૂપ પણ કેમ કહેવાય? કયા અચૈતન્યની અપેક્ષાએ? બીજી વાત, જગતમાં સત્ એટલે કોઇ એક વ્યક્તિ નથી; પણ જીવ સત્ છે, ઘડો સત્ છે,...વગેરે અનેક સત્ છે. હવે દા. ત. ઘડો સત્ છે તે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ. પોતાનું ઉપાદાન દ્રવ્ય માટી, સ્વક્ષેત્ર પોતાનો આધાર, સ્વકાળ પોતાનો વિદ્યમાન કાળ, અને સ્વભાવ પોતાના ગુણપર્યાયો, એની અપેક્ષાએ ઘડો સત્ છે; પરંતુ પરદ્રવ્ય તંતુ વગેરેની અપેક્ષાએ નહિ. પરદ્રવ્યાદિની અપેક્ષાએ તો તે અસત્ કહેવાય. આમ વસ્તુ સત્-અસત્ ઉભય સ્વરૂપ છે, એનામાં સત્ત્વ, અસત્ત્વ બંને છે. માત્ર તે નિરનિરાળા નહિ, પણ સંમિલિત થઇને રહે છે, એટલે કે સત્ત્વાસત્ત્વ તરીકે રહે છે, અર્થાત્ વસ્તુ સદસત્ છે, તેથી એકેક ધર્મ હોવા સામે જે દોષ ઊભા થાય છે તે એને લાગુ પડતા નથી, ને ગુણ અખંડિત રહે છે. દા.ત. સુંઠગોળની ગોળીમાં.

ગુરુલાઘવ બે રીતે : એની અપેક્ષા-અનપેક્ષા :— આમ જ્યારે પ્રભુ કોઈની પ્રત્યે વસ્તુતઃ અપ્રદીપ પણ છે, ત્યારે એમને સર્વપ્રદીપ કહેવા, એ તો અસત્ રૂઢ વ્યવહારને મુખ્યપણે વળગી રહેવાનું થાય છે, પછી એમાં તો ગણધરોએ કરેલ સ્તુતિ, ગુરુલાઘવનો વિચાર કર્યા વિના સ્તોતવ્ય પ્રભુના સ્વરૂપથી અજાણ રહીને કરી,-એમ ઠરે છે. એમને વિચાર કેમ ન રહે? 'ગુરુલાઘવ એટલે? ▲ (૧) ગુરુ એટલે વસ્તુસ્વરૂપગ્રાહી નિશ્ચયનય અને લઘુ એટલે વસ્તુતઃ અસત્ છતાં લોકાભિપ્રાયને

માન્ય વ્યવહાર કરનાર વ્યવહારનય; એ બેની ખાસિયતો એ ગુરુલાઘવ. એમાંથી કોને મુખ્ય કરવી કે જેથી એની પાછળ વસ્તુને અન્યાય ન થાય, બે નયોમાં કોણ કયાં ઊંચા સ્થાને છે, કોણ નીચા સ્થાને છે, અર્થાત્ ગુરુ છે, લઘુ છે, એનો વિવેક કરવો એનું નામ ગુરુલાઘવની અપેક્ષા. એ અપેક્ષા ન રાખવી એ ગુરુલાઘવની અનપેક્ષા, બેપરવાઈ; દરકાર નહિ. હવે જો અહીં સમસ્ત લોકને માટે પ્રભુ પ્રદીપરૂપ કહેવા ' લોગપઈવાણું ' પદથી સ્તુતિ કરી હોય તો તો એ આ ગુરુલાઘવની દરકાર રાખ્યા વિના કરી ગણાય; અનપેક્ષિત ગુરુલાઘવભાવે તત્ત્વોપલંભશૂન્ય પ્રવૃત્તિ કરી કહેવાય. **તત્ત્વોપલંભ એટલે** કે સ્તુતિપાત્ર અરહંત પ્રભુમાં રહેલા વિશિષ્ટ સંજ્ઞી લોકને માટેની જ પ્રદીપરૂપતાના ખરેખરા **સ્વરૂપનું જ્ઞાન**; એ પૂર્વકની સ્તુતિ-પ્રવૃત્તિ કરી એમ સિદ્ધ નહિ થાય; સ્તુતિકારે તેવા જ્ઞાન વિના જ એ પ્રવૃત્તિ કરી એવું પ્રાપ્ત થશે ! સ્તુતિકાર ઉપર આવી અજ્ઞાનતાના આક્ષેપની આ આપત્તિ 'સર્વપ્રદીપ' અર્થ કરનારને આવશે. ◆ (૨) **ગુરુલાઘવનો બીજો અર્થ** ગુણદોષની અપેક્ષાએ ગુરુલઘુતા, અર્થાત્ બહુ ગુણ અને અલ્પ દોષ. કેટલીક વાર અપવાદરૂપે એવી પ્રવૃત્તિ કરવી પડે કે જે આમ ચાલુ નિયમથી વિરુદ્ધ હોય, છતાં એમાં સંયોગ-સમય જોતાં વધારે ગુણ અને અલ્પ દોષ હોય, લાભ ઘણો અને નુકસાન થોડું હોય તો એ પ્રવૃત્તિ કરવી પડે. દા. ત. અહિંસાનો હિમાયતી ગૃહસ્થ જગદ્દયાળુ શ્રી જિનેન્દ્રદેવની પૂજાભક્તિ કરવા જાય તો એમાં પુષ્પ-અભિષેકાદિ પૂજાની પ્રવૃત્તિ કરતાં હિંસાનો દોષ થોડો છે, અને વીતરાગની ભક્તિના શુભ અધ્યવસાયની વૃદ્ધિનો લાભ ઘણો છે, માટે જો એને હિંસા-અહિંસાના તત્ત્વના ઉપલંભ (જ્ઞાન)થી શૂન્ય પ્રવૃત્તિ કહેવાનું સાહસ કરો, તો પણ તે **ગુરુલાઘવની અપેક્ષાવાળી** પ્રવૃત્તિ થઈ કહેવાય. ઉલ્ટું જો એમ પૂજા ન કરે તો લાભ થોડો અને નુકસાન વધારે થાય. લાભમાં આટલી હિંસાથી અહીં બચ્યો એ. (જો કે એના ઘરસંસાર ચલાવવામાં તો અપાર હિંસા અને ભોગ-પરિગ્રહાદિ પાપો કરી જ રહ્યો છે, ત્યાં ભક્તિના કાળ પૂરતો ય એ હિંસાદિ પાપોથી બચવાનો હતો તે બચી શકતો નથી! છતાં માનો પૂજાની પ્રવૃત્તિમાં થતી હિંસાથી બચ્યો; પરંતુ) નુકસાન ઘણું. પૂજા ટાળવાથી **વીતરાગની નજીક આવવાનું, દ્રવ્યની મૂર્ચ્છા ઉતારવાનું, અહંત્વ ઓછું કરવાનું, શુભ ભાવોલ્લાસ વધારવાનું**,...વગેરે વગેરે કેટલું ય ગુમાવશે એ નુકસાન મોટાં, દોષ મોટો! માટે ગૃહસ્થે ગુરુલાઘવની અપેક્ષાએ તેવી પૂજાદિ પ્રવૃત્તિ કરવી જ જોઈએ. પરંતુ અહીં ગણધર ભગવાનો જે સ્તુતિ-પ્રવૃત્તિ કરે છે, એમાં આ ન્યાય,-કે ગુરુલાઘવની અપેક્ષાએ તત્ત્વબોધ વિનાની ય પ્રવૃત્તિ કરવી પડે એ, લાગુ નથી પડતો. કેમકે પરમાત્માને સર્વ-પ્રદીપ તરીકે સ્તવવામાં કોઈ એવો મોટો લાભ નથી કે અલ્પ નુકસાન વહોરીને ય ગુરુલાઘવ ખાતર આવી સર્વ-પ્રદીપ તરીકેની સ્તુતિ કરવી પડી મનાય. એવું નથી કે પરમાત્માને સર્વપ્રદીપ કહેવામાં એમનો જશ કે પ્રભાવ વધારે ગાયો ગણાય; કેમકે અહીં આગળ બતાવવાના છે કે પ્રભુ અચિંત્ય શક્તિવાળા હોવા છતાં સામા વિષયની યોગ્યતા ને એનો સ્વભાવ ઉલ્લંઘીને કાર્ય ન કરે એમાં જ એમની ખરી શોભા છે, જશ છે. એટલે સર્વપ્રદીપ તરીકેની સ્તુતિની પ્રવૃત્તિ તો ગુરુલાઘવના કારણ વિનાની યાને અપેક્ષા વિનાની ઠરે! એવી નિરપેક્ષ તત્ત્વોપલંભ વિનાની અર્થાત્ સ્તોતવ્ય શ્રી અહંત્પ્રભુના વાસ્તવ સ્વરૂપને સમજ્યા વિનાની સ્તુતિ-પ્રવૃત્તિને વ્યાજબી નહિ ઠરાવી શકાય.

સારાંશ કે ભગવાન વિશિષ્ટ સંજ્ઞી લોકની પ્રત્યે પ્રદીપરૂપ છે.

(લ૦—) तदेवंभूतं लोकं प्रति भगवन्तोऽपि अप्रदीपा एव, तत्कार्याकरणादित्युक्तमेतत्। नचैवमपि भगवतां भगवत्त्वायोगः, वस्तुस्वभावविषयत्वादस्य; तदन्यथाकरणे तत्त्वायोगात्। स्वो भावः स्वभावः आत्मीया सत्ता; स चान्यथा चेति व्याहतमेतत्। किञ्च, एवमचेतनानामपि

चेतनाऽकरणे समानमेतद् इत्येवमेव भगवत्त्वायोगः; इतरेतरकरणेऽपि स्वात्मन्यपि तदन्यविधानात्। यत्किञ्चिदेतद्, इति यथोदितलोकापेक्षयैव लोकप्रदीपाः ॥१३॥

અર્થ :— તેથી એવા પ્રકારના લોકની પ્રત્યે ભગવાન પણ અપ્રદીપ જ છે; કેમકે પ્રદીપનું કાર્ય નથી કરતા, એ કહી દીધું છે. એમ અ-પ્રદીપ હોવા છતાં ભગવાનમાં સમર્થ પ્રભાવશાલિતાનો વાંધો નથી આવતો, કેમકે સમર્થ પ્રભાવશાલિતા તો એ વસ્તુના સ્વભાવને વિષય કરે છે. એનું કારણ એ છે કે (ભગવાન) જો (જીવાદિતત્ત્વ) વસ્તુના સ્વભાવને ફેરવી નાખતા હોય તો એ (માનેલો) વસ્તુસ્વભાવ એ સ્વભાવ તરીકે હોવાનું ન ઘટી શકે. સ્વભાવ એટલે તો સ્વ સ્વરૂપ; એ ય છે, અને ઉલટ પણ છે, એ તો ('મારી મા વંધ્યા'ની માફક) વિરુદ્ધ છે. વળી, એમ જો(અસામર્થ્ય ગણાતું) હોય તો તો અચેતન દ્રવ્યોને પણ ચેતન નહિ કરી શકવાથી એ જ રીતે (અપ્રદીપ હોવામાં અસામર્થ્યની જેમ) અ-સામર્થ્યનો દોષ ઊભો થશે. (અને જો કહો કે ચેતન-અચેતનને) પરસ્પર પલટી નાખવાનું પણ કરી શકે છે, તો પોતાની જાતમાં પણ તેથી વિપરીત (મહામિથ્યાદૃષ્ટિપણું વગેરે) કરી દેશે! (કિન્તુ આવું કાંઈ કરી શકતા નથી, કરતા નથી; તેથી) અસામર્થ્ય-અભગવાનપણાનો દોષ આપવો એ અયુક્ત છે. એટલા માટે કહ્યા મુજબ (વિશિષ્ટ સંજ્ઞી લોકની અપેક્ષાએ) જ લોક-પ્રદીપ છે. ॥૧૩॥

વિવેચન : અપ્રદીપ હોવામાં અસમર્થ ઠરતા નથી:-

તો, જે અંધતુલ્ય અસંજ્ઞી કે અયોગ્ય સંજ્ઞી લોક છે, એની પ્રત્યે અરહંત ભગવાન પણ પ્રદીપરૂપ નથી, અપ્રદીપ છે; કેમકે પ્રદીપનું કાર્ય જે એમનામાં પ્રકાશ કરવાનું, તે નથી કરતા. એ વાત કહી દીધી છે. દીવાનું કાર્ય ન બજાવે તો દીપક શી રીતે કહેવાય? અ-દીપક જ કહેવાય.

પ્ર૦—વિશિષ્ટ સંજ્ઞી લોકમાં તો પ્રકાશ કરી શકે છે. માટે એમને સારૂ પ્રદીપ કહો છો, હવે ભલે અસંજ્ઞી આદિની અપેક્ષાએ પણ જો અપ્રદીપ કહેશો તો એનો તો અર્થ એ થયો કે ભલે તેવા જીવોના હિસાબે પણ ભગવાનમાં પ્રકાશદાનના અસામર્થ્યનો અર્થાત્ અ-ભગવત્તાનો દોષ આવશે!

ઉ—ના, નહિ આવે; કેમકે સામર્થ્ય એ તો વસ્તુના સ્વભાવને વિષય કરનારૂં છે, અર્થાત્ સામર્થ્ય કાંઈ વસ્તુના સ્વભાવને ફેરવી નાખનારૂં ન હોય. જો ભગવાન વડે સ્વસામર્થ્યથી જીવાદિ વસ્તુનો સ્વભાવ જ ફેરવી નખાતો હોય, તો તો એ જીવાદિ વસ્તુ-સ્વભાવ 'સ્વભાવ' જ શી રીતે કહી શકાય? 'સ્વભાવ'નો અર્થ જ એ છે કે સ્વભવન સ્વ-સ્વરૂપ; પોતાની સત્તા. એ પણ જો ફરીને વિપરીત થઇ જાય, તો તો એવું થયું કે એ સ્વરૂપ પણ છે અને વિપરીત સ્વરૂપ પણ છે. દા. ત. કોઇ બોલે કે-'હું મૂંગો છું, મારી માતા વંધ્યા છે,' એનો અર્થ એ થયો કે એનામાં બોલવાપણું છે, અને મૂંગાપણું ય છે; એની 'માતા' એટલે પુત્રવતી ય છે, અને વંધ્યા અર્થાત્ પુત્ર વિનાની પણ છે. આ વ્યાહત છે, પરસ્પર વિરુદ્ધ છે. બોલી શકે છે તો મૂંગો શાનો? ને મૂંગો છે તો બોલનારો શી રીતે? માતા એટલે કે પુત્રવતી છે, તો વંધ્યા શાની? ને જો વંધ્યા છે તો પુત્રવતી માતા શાની? એમ અસંજ્ઞી વગેરે જીવો જો પ્રકાશ પામવાને અયોગ્ય સ્વભાવવાળા છે, તો ભગવાનરૂપી પ્રદીપના વિષય શાના? ને જો પ્રદીપ-વિષય છે તો પ્રકાશને અયોગ્ય શાના? વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ બે સ્વરૂપ ન હોઇ શકે, અર્થાત્ એવા વિરુદ્ધ સ્વરૂપોવાળી વસ્તુ જ અસત્ છે. ભગવાનને સર્વપ્રદીપ કહેવામાં તો એ જ અર્થ થાય કે સર્વની અંતર્ગત અસંજ્ઞી વગેરે જીવોની પ્રત્યે પણ એ પ્રદીપ, એટલે

અર્હત્-પ્રદીપના વિષય એ અસંજ્ઞી આદિ પણ ખરા. આ વદતો-વ્યાઘાત છે. એમ માનવા જતાં તો ભગવાન જેવી વસ્તુ જ નહિ રહે; પછી અભગવત્તાની આપત્તિ જ શી ?

અચેતનને પણ ચેતન કેમ ન કરે ? :—

વળી તમારે તો કોઈપણ વિષય એટલે કે અવિષયની પ્રત્યે પણ અસમર્થ હોય તો અ-ભગવત્તાનો દોષ આપવો છે; તેથી 'લોકપ્રદીપ=સર્વપ્રદીપ' ન્યાયથી તો ભગવાન એટલે સર્વ સામર્થ્યવાળા માનવા રહેશે. હવે પૂર્વોક્ત અસંજ્ઞી આદિ લોકની પ્રત્યે પ્રદીપરૂપ ન બનવાની તો શી વાત, કિન્તુ ધર્માસ્તિકાયાદિ જડ દ્રવ્યોને પણ જો ચૈતન્યવાળા ન કરે તો તો પહેલાંની જેમ અહીં પણ અ-ભગવત્તાની સમાન આપત્તિ ઊભી થશે ! કેમકે જેમ પ્રદીપ એટલે બસ પ્રદીપ; એમ સમર્થ એટલે બસ સમર્થ. તેથી અચેતનને પણ ચેતન કરે ! ને જો નથી કરતા, તો સમર્થ નથી, સામર્થ્યવાન યાને ભગવાન નથી;- એ આપત્તિ આવે. ત્યારે એમ નહિ કહેતા કે-' હા, અમે એ સામર્થ્ય પણ માનીએ છીએ;' કેમકે તો તો ભગવાન જો જીવને જડ, અને જડને જીવ વગેરે ' अन्यथाकर्तुं समर्थः' વિપરીત બનાવી દેવા સમર્થ છે, તો પછી પોતાના આત્મામાં પણ વિપરીત મહામિથ્યા દૃષ્ટિ વગેરે ઊભી કરી દેશે ! તો શું પોતાને એવા કરી શકે છે ? ના, એવી કોઈ જ વસ્તુ બનતી નથી. તો આટલા માત્રથી અ-ભગવાન નથી બની જતા. માટે 'લોકપ્રદીપ' પદથી સર્વ લોક પ્રત્યે પ્રદીપ ન માનવામાં અ-ભગવત્તાનો દોષ આપવો એ વાહિયાત છે.

પરમાત્માની આ ખોટી પ્રશંસા છે કે-' એ **कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थः**—અર્થાત્ ગમે તે સર્જન કરવા માટે, અટકાવવા માટે અને ફેરવવા માટે શક્તિમાન છે. '**भगवान सब कुछ कर सकते है**।...'વગેરે. કેમકે જો એ કાંઈનું કાંઇ કરી શકતા હોય તો શું જડને ચેતન અને ચેતનને જડ કરી શકે ? પોતાને પરમાત્મામાંથી અપરમાત્મા કરી શકે ? સર્વ પ્રલય કરે તો શું શુદ્ધ બ્રહ્મનો નાશ કરી શકે ? વળી ગમે તે કરવા સમર્થ હોય તો તો બધા જીવોને આ દુઃખમય સંસારમાંથી કેમ મુક્ત ન કરી દે ? સર્વ જીવોનાં દુઃખનો અને પાપ તથા પાપબુદ્ધિનો નાશ શા માટે ન કરી દે ? ખરી વાત એ છે કે જેટલું કાર્ય થાય એટલી જ વસ્તુસ્થિતિ માનવી જોઇએ; તો જ તત્ત્વવ્યવસ્થા ટકે. પાણી તરસ છિપાવનારૂં ખરૂં, પણ દાહજ્વરીનું નહિ, નિરોગીનું. એમ અરિહંત પરમાત્મા પ્રદીપ ખરા, પરંતુ પૂર્વે કહ્યા મુજબ વિશિષ્ટ સંજ્ઞી જીવોના; પણ નહિ કે સર્વ જીવોના.

સાર લેવાનો :— આ તો ખંડન-મંડનની વાત થઇ. પરંતુ આમાંથી આપણે, જો એવા વિશિષ્ટ સંજ્ઞી છીએ તો, એ સાર લેવાનો છે કે આપણે દેખતા હોઇએ છતાં અંધારે ખાડા-ખચ્ચા, કાંટા-ઠુંઠા વગેરેમાં કુટાઈ મરતા હોઇએ કે કૂવાઓમાં પતનનો ભય હોય ત્યાં દીવો મળતાં જે ખરૂં દેખવાનું થાય છે, બચાવ મળે છે અને પરમ આલ્હાદ સાથે દીવાનો ગજબ ઉપકાર મનાય છે, એવો કુગતિ અને અશુભ ભાવોથી બચી શુભ ભાવ અને સુદેવત્વાદિ સુગતિ પામવામાં અર્હત્પરમાત્માનો પરમ આલ્હાદ સાથે ઉપકાર માનવાનો છે. એમ થવું જોઈએ કે ગમે તેવો હું દેખતો અને પુરુષાર્થી, છતાં પ્રભાવ તો એ લોકપ્રદીપ નાથનો ! એમની જ પરમ કૃપા, પરમ પ્રભાવ, કે હું પ્રકાશ પામીને આટલો ઊંચો આવ્યો. નહિતર મારૂં શું ગજું ?

પ્ર૦— **ભગવાનનો પ્રભાવ હોય તો સમવસરણમાં બધાને કેમ બુઝવતા નથી ?**

ઉ૦— પ્રભાવ, શક્તિ, એ જુદી વસ્તુ છે અને ફળ બેસવું એ જુદી વસ્તુ છે. ફળ બેસવામાં સામાની પાત્રતા હોવી જોઇએ. ઘડો બનાવવાની તાકાત છતાં કુંભાર માટીનો જ ઘડો કરી શકે છે, રેતીનો નહિ. તો ય એ ઘડો કરવાની તાકાત વિનાનો નથી ગણાતો. વલોણું કરી માખણ કાઢવાની

તાકાતવાળો પણ માણસ પાણીમાંથી માખણ ન કાઢી શકે. પણ એટલા માત્રથી એનામાં માખણ નિકાલવાની શક્તિ નથી એમ નહિ કહેવાય. એટલે છાશમાંથી એ માખણ કાઢે તેમાં ય એની વિશેષતા છે. એ કાઢનાર ન હોત તો માખણ નીકળત જ નહિ. એમ સમવસરણમાં શું કે બીજે શું, અર્હત્ પ્રભુના પ્રકાશ વિના યોગ્ય જીવો ય દેખવાનું કરી શકે નહિ.

બે તારવણી, આપણો ઢાળ, પ્રભુનો પ્રસાદ:— એટલે આમાં બે વસ્તુ તારવવાની. (૧) **પ્રભુના પ્રકાશને ઝીલવા માટે યોગ્ય બનવું, એ તરફ ઢળવું, એ ય જરૂરી છે, ને (૨) હૃદયમાં જે તત્ત્વપ્રકાશ થાય છે, તેમાં પ્રભુના અનુગ્રહને જ અસાધારણ કારણ માનવું.** ▲ (૧) જો પ્રકાશ તરફ ઢાળ ન રાખીએ; પરાઙમુખ રહીએ તો ગમે તેવો સુંદર પ્રકાશ પણ આપણાથી ન ઝીલાય. પાણી તો ઉપરથી પડે, પણ ઢાળવાળી જગા તેને ઝીલી લે છે. એમ પ્રભુ પણ ઢાળવાળામાં પ્રકાશ ઉતારે છે. માટે જ એમને એવાની પ્રત્યે જ અહીં પ્રદીપસમા કહ્યા, તો આપણે યોગ્યતા પ્રગટાવવા-વિકસાવવાની છે. ▲ (૨) બીજી વાત એ કે શાબાશીનો જશ આપણી યોગ્યતા યા પુરુષાર્થને નહિ, કિન્તુ લોકપ્રદીપ પ્રભુને આપવાનો છે. સચોટ માનવાનું છે કે પ્રભુએ જ આપણાં મિથ્યાત્વ અને અસદ્ભાવનાઓ રૂપી અંધકારને ટાળી સમ્યગ્દર્શન-સમ્યગ્ભાવનાઓના દિવ્ય પ્રકાશ આપવાનો અનહદ ઉપકાર કર્યો! હૈયું ગદ્ગદ થાય, 'નાથ! તારી કૃપા વિના આ કયાંથી મળે?' પ્રભુનો અસાધારણ ઉપકાર માનવા પાછળ એમની પ્રત્યે કૃતજ્ઞતા બજાવવા કેઈ તન-મન-ધનના ભોગ આપીને એમની વિવિધ સેવા થાય.

પ્ર૦—સમ્યગ્દર્શન પ્રગટ્યું તે તો મિથ્યાત્વ કર્મ વગેરેના ક્ષયોપશમાદિથી થયું, અને એ તો જીવના અતુલ શુભ વીર્યોલ્લાસે બન્યું, એમાં વીતરાગ પ્રભુ અસાધારણ કારણ શી રીતે? એ કરી દેતા હોત તો તો બધાને ય કરી દેત ને?

ઉ૦—અલબત જીવની યોગ્યતા કારણ છે એ પહેલાં કહ્યું જ છે; છતાં યોગ્યતા ફલવતી બનવામાં આલંબન એ મોટું કારણ છે. યોગ્ય જીવ પણ પ્રભુના ઉપદેશનું આલંબન પામે છે ત્યારે ક્ષયોપશમાદિ કરી શકે છે; સમ્યગ્જ્ઞાન અર્હત્-પ્રવચનમાંથી મળવા ઉપર જ વિકાસ સાધી શકે છે; એટલે એ અસાધારણ કારણ છે. વળી લાયક આત્મા તો પોતાની પ્રત્યે થયેલ પરના ઉપકારને જ મુખ્ય કારણ માને છે જેને આ ખ્યાલ નથી તેને હૈયે તેવી કુણાશ નથી આવતી; અર્થાત્ કૃતજ્ઞતા અદા કરવા પાછળ પરમાત્માને ચરણે જાતે સમર્પિત થઇ જવાની અને સર્વસ્વ ન્યોંચ્છાવર કરી દેવાની હૈયે ગદ્ગદતા નથી ઊભી થતી; તેમજ પરમ કૃપાકારી પ્રભુની ઉપાસનાનાં પ્રીતિ-ભક્તિ-અનુષ્ઠાન એ નથી કરી શકતો. કારણ એ છે કે એનાં ચોક્કસ લક્ષણ છે.

પ્રીતિ-ભક્તિ આદિ ચાર પ્રકારનાં અનુષ્ઠાનઃ—

શ્રી લલિતવિસ્તરાકાર પોતે જ પોતાના શ્રી 'ષોડશક' નામના શાસ્ત્રના ૧૦મા પ્રકરણમાં આ પ્રમાણે પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ નામનાં ચાર અનુષ્ઠાનનાં લક્ષણ બતાવે છે.

यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्त्तुः । शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ॥
गौरवविशेषयोगाद्बुद्धिमतो यद्विशुद्धतरयोगम् । क्रियये तरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ॥
वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु । वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ॥
यत्त्वभ्यासातिशयात्सात्मीभूतमिव चेष्टते सद्भिः । तदसङ्गानुष्ठानं भवति त्वेतत्तदावेधात् ॥

—અર્થાત્, ◆ (૧) **પ્રીતિ-અનુષ્ઠાનઃ**—જે અનુષ્ઠાન (ક્રિયા)માં, ૧. આદર એટલે કે અતિશય પ્રયત્ન હોય અને ૨. પ્રીતિ, અભિરુચિ હોય, તેમજ તે ક્રિયા વખતે ૩. બીજાં પ્રયોજનોનો ત્યાગ

રાખે એટલી બધી તે ક્રિયામાં, ૪. એકનિષ્ઠતા હોય, તે ' **પ્રીતિ-અનુષ્ઠાન** ' કહેવાય છે. એથી ક્રિયાકારકનો કલ્યાણકારી ઉદય થાય છે.

▲ (૨) **ભક્તિ-અનુષ્ઠાનઃ**—જે અનુષ્ઠાનમાં ૧. પૂજ્યભાવનો અધિક સંબંધ થયો હોય, જે અનુષ્ઠાન કરનાર ૨. વિશેષ સમજ ધરાવતો હોય, અને ક્રિયારૂપે તો પ્રીતિ-અનુષ્ઠાનને સમાન હોવા છતાં એના કરતાં ૩. જે અધિક વિશિષ્ટ વિશેષતાવાળી પ્રવૃત્તિવાળું હોય, તેને ' **ભક્તિઅનુષ્ઠાન** ' જાણવું.

▲ (૩) **વચનાનુષ્ઠાનઃ**—૧. જિનાગમકથિત આદેશને જરા ય ન ભૂલવાપૂર્વક જે ક્રિયા થતી હોય, તેમજ જ્યાં ૨. સમસ્ત ક્ષમાદિ યતિધર્મ અને પડિલેહણ (સૂક્ષ્મ પણ જીવની હિંસા ન થાય એની કાળજીવાળું વસ્ત્ર-પાત્ર-ભૂમિ વગેરેનું નિરીક્ષણ-પ્રમાર્જન) વગેરે ધર્મયોગોમાં ૩. દેશ—કાળ—પુરુષ—વ્યવહારાદિનું ઔચિત્ય અર્થાત્ એને અનુકૂળભાવ જળવાતો હોય, એ ક્રિયા ' **વચનાનુષ્ઠાન** ' છે. એ નિશ્ચયનયની દૃષ્ટિએ ચારિત્રવાન સાધુને જ હોય છે; કેમકે એમનું ગુણસ્થાનક છઠ્ઠું સર્વવિરતિનું હોવાથી ત્યાં લોકસંજ્ઞાનું બંધન નથી હોતું, અને એ જ સંસારરૂપી કિલ્લાને ઓળંઘી જાય છે; ત્યારે વ્યવહારનયની દૃષ્ટિએ મુનિ નહિ એવા બીજા પણ જિનાજ્ઞા પ્રધાન કરીને પ્રવર્તમાન માર્ગાનુસારી જીવને એ વચનાનુષ્ઠાન અંશે હોય છે.

▲ (૪) **અસંગાનુષ્ઠાનઃ**—જે અનુષ્ઠાન, એના વારંવારના આસેવનથી ઊભા થયેલ વિશિષ્ટ [૧]સંસ્કારના બળે, જેમ ચંદનમાં સુવાસ, તેમ જીવની સાથે [૨]આત્મસાત્ થઈ ગયું હોય એ રીતે [૩]જિન-કલ્પિકાદિ સત્પુરુષો વડે સેવવામાં આવે છે, તેને '**અસંગાનુષ્ઠાન**' કહે છે. એ જિનાગમના મૌલિક સંસ્કારમાંથી જન્મે છે.

વચનાનુષ્ઠાન અને આમાં ફરક એ છે કે જેવી રીતે ચાકડો પહેલાં કુંભારના દંડા પરના પ્રયત્નથી ચાલે છે, અને દંડો લઇ લીધા પછી એના સંસ્કાર ઊભા હોવાથી એમને એમ જાણે સહજભાવે ચાલે છે, તેવી રીતે પહેલાં જિનાગમના આદેશોના પૂરાં સ્મરણ, પૂરાં લક્ષ અને પાલન સાથે વચનાનુષ્ઠાન પ્રવર્તે છે, અને પછી એ આગમાદેશો અને બહુસંખ્યક વચનાનુષ્ઠાનોના સંસ્કારબળે આગમનિરપેક્ષ અર્થાત્ આગમાદેશોનું સ્મરણ થયા વિના જ સહજભાવે અસઙ્ગાનુષ્ઠાન પ્રવર્તે છે. અસઙ્ગ એટલે સઙ્ગ નહિ, નહિ શાસ્ત્રનો, કે નહિ મોક્ષની તાલાવેલીનો. સુખ-દુઃખ અને સંસાર-મોક્ષ પ્રત્યે એ અસઙ્ગ સમભાવ યાને નિસ્પૃહભાવ રખાવે છે. ક્રિયા થાય છે તે પણ ઇચ્છા કર્યા વિના, સૂર્યના પ્રકાશદાનની જેમ સહજભાવે થાય છે. ક્રિયા થઈ જાય ખરી, પણ ક્રિયાનો રાગ નહિ.

પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન માટે દૃષ્ટાન્ત છે પત્નીનાં કર્તવ્ય અને માતાનાં કર્તવ્ય બજાવાય છે તેનું. ગૃહસ્થ માણસને પત્ની અત્યન્ત વલ્લભ હોય છે, તેમ માતા પણ હિતકારિણી હોવાથી અત્યન્ત પ્રિય વહાલી હોય છે. બંનેને ભોજન, વસ્ત્ર, ઔષધ વગેરે કરાવવાનાં કાર્ય સમાન હોય છે. છતાં પત્નીનાં કાર્ય પ્રીતિથી થાય છે, અને માતાનાં કાર્ય ભક્તિથી થાય છે; આમ કાર્ય કરતી વખતે દિલના અમુક ભાવમાં ફરક પડે છે. બન્નેનું કાર્ય કરતી વખતે બીજાં કાર્યનાં ત્યાગ રખાવે એવી દિલની એકનિષ્ઠા સમાન; છતાં માતાના કાર્યમાં પ્રેમ ઉપરાંત વિશેષ સમજ સાથે એની પ્રત્યે ગૌરવ, પૂજ્યભાવ અને એ ઉપકારક તરીકે ભારે કૃતજ્ઞભાવ હૈયે ઝળહળતો હોય છે. માનવતા અહીં જીવંત રહે છે. આજની જડવાદી કેળવણી આ કશું શિખવતું નથી, એટલે માતા પ્રત્યેના આવા પ્રશસ્ય ભાવ અને એ ભાવભર્યાં કાર્યો બજાવવાનું પ્રજાના મોટા ભાગમાંથી ભુલાતું જાય છે! ઉલટું વિપરીત મલિન ભાવનાં નાટક જોવા મળે છે! અહો! પવિત્ર આર્યસંસ્કૃતિના મૌલિક ગુણના કેવા લોપ! પછી એના પર નૈતિક ધોરણના ભારે હ્રાસ દેખાય એમાં શી નવાઈ?

પ્રભુ અને પ્રભુએ આદેશેલ અનુષ્ઠાનો પ્રત્યે આ પ્રીતિ અને ભક્તિ બંનેના ભાવ એટલે કે હૈયે પ્રીતિ, વિશેષ સમજ, પૂજ્યભાવનું ગૌરવ, અતિશય પ્રયત્ન અને એકનિષ્ઠતા ઝગમગતા રાખવાના છે. હજી ય શ્રદ્ધાનો બળ કરાય છે, પણ ત્યાં મંદ પ્રયત્નવાળી ક્રિયા થાય છે અને બીજી ક્રિયા અગર એના ચિંતનનો શંભુમેળો કરાય છે; ત્યારે દિલમાં પ્રીતિ-ભક્તિના ભાવ જીવતા-જાગતા રાખવાનું ને ઉછળતા કરવાનું વિસરી જવાય છે. વીતરાગ બનવું છે તો પરમાત્માનો અનંત ઉપકાર, એમના અનંત ગુણો, અને એમનો અચિંત્ય પ્રભાવ પળ પણ વિસર્યા વિના,-એટલે ? દરેક શુભપ્રાપ્તિમાં એ યાદ કરી કરીને, અને અશુભ પ્રાપ્તિમાં ય 'પૂર્વે એને આપણે ન ઝીલ્યાનું આ પરિણામ છે,' એ ધ્યાન પર લાવી લાવીને, હવે હૃદયે પ્રીતિ-ભક્તિનાં મોજાં ઉછાળવાનાં. કૃતજ્ઞતા એ પાયાનો ગુણ છે; એ હૈયે વિલસતી રહે એટલે આ શક્ય છે. સાથે એમ થાય કે-' વીતરાગ બનવા માટે સતીના સુશીલ અને પ્રેમાળ પતિ પ્રત્યેના પ્રેમની જેમ વીતરાગ પ્રત્યે અથાગ રાગ પહેલાં કરું તો જ દુન્યવી રાગ છૂટશે, તો જ વીતરાગની આજ્ઞાને જીવનના પ્રાણ બનાવવાનું સત્ત્વ વિકસશે, અને બીજેલું સત્ત્વ ક્રોધાદિ આંતર શત્રુનો નાશ કરશે ! ' બસ, ડગલે ને પગલે આવાં સ્મરણ કે-' અહો ! આ જગત પર વીતરાગ અરિહંત પ્રભુ એ કેવીક અકલ્પ્ય વિભૂતિ ! કેવું એમનું અનુપમ શાસન ! અહાહા ! અમારા પર કેટલો ગજબ ઉપકાર ! '

સરળ—ભાવુક—કોમળઃ— ' અભયદયાણું ' વગેરે પદો પ્રભુથી જ થતા અતુલ અભય—ચક્ષુ—માર્ગ વગેરેના ઉપકારને સૂચવી રહ્યા છે. એનું પુનઃ પુનઃ સ્મરણ સરળ, ભાવુક અને કોમળ હૃદયથી કરવાનું છે. આમાં સરળતા પોતાના મિથ્યા મંતવ્યોને હટાવે છે; ભાવુકતા વીતરાગની સારી અસર લેવાનું, એમના જીવન અને આદેશોથી ભાવિત થવાનું વલણ રખાવે છે; અને કોમળતા એને આત્મસાત્ કરી શકાય એવી મુલાયમતા કરી દે છે. માટી કેળવાઈને મુલાયમ થઈ ગઇ હોય તો એમાં હવે મનમાન્યા ઘાટ ઉતરી શકે છે; એમ આત્મા કોમળ—મુલાયમ બન્યો હોય તો એમાં મહાપુરુષોના જીવન-પરાક્રમો અને આદેશો સાકાર બની શકે છે. ગુણો પ્રગટ કરવા મૃદુતા—મુલાયમતાની પહેલી જરૂર છે. એથી અહંત્વ નાશ પામે છે. પછી ' મેં વ્રત લીધા, મેં તપ-જપ કર્યો, મેં દાન દીધું ' એમ થવાને બદલે ' મારું શું ગજું ? અહો ! અરિહંતદેવના અચિંત્ય અતુલ પ્રભાવે વ્રત-તપ-જપ-દાન વગેરે થયાં ! ' આ ભાવના અસ્થિમજ્જા થતી જાય છે. અરિહંત પ્રભુનું નિમિત્ત-કર્તૃત્વ અને સાક્ષાત્ ઉપકાર હૈયે રમ્યા કરવાથી આત્મા સરળ, ભાવુક અને કોમળ બની, ઊંચી ઊંચી ધર્મ-સાધનાઓને અવકાશ મળે છે. પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનોને એટલા જ માટે પહેલાં મૂકયા છે કે એની મજબૂત સાધનાના પાયા પર જ વચનાનુષ્ઠાનને જન્મ મળી શકે છે; કેમકે એમાં જે ચોકસ વિધિપાલન અને અપ્રમાદની અતિ આવશ્યકતા છે, તે, જો પૂર્વે અનુષ્ઠાન પ્રીતિ-ભક્તિથી સાધ્યા હોય તો, પછી આવી શકે છે. પ્રીતિ-ભક્તિ વિનાનાં અનુષ્ઠાન તો માત્ર ફિક્કી શુષ્ક ક્રિયારૂપ બને છે. તો ' લોગપજ્જોવાણું ' પદથી પ્રભુને આપણાં પ્રદીપ તરીકે સ્તવી તો લીધા, પણ આપણને શું લાગે-વળગે ? એ જ કે-' આપણને તત્ત્વપ્રકાશ પ્રભુએ આપ્યો '-એવો એમનો પરમ ઉપકાર મનાય; કૃતજ્ઞ બની એમના પર અપૂર્વ અપૂર્વ પ્રીતિભક્તિ આપણા દિલમાં ઝળહળ્યા કરે ! આ ૧૩ માં પદની વ્યાખ્યા થઇ.

★

૧૪. લોગપજ્જોઅ-ગરાણું.

(લ૦—) तथा 'लोकप्रद्योतकरेभ्यः'इह यद्यपि 'लोक' शब्देन प्रक्रमाद्भव्यलोक उच्यते, 'भव्यानामालोको वचनांशुभ्योऽपि दर्शनं यस्मात् । एतेषां भवति तथा, तदभावे व्यर्थ आलोकः ॥ १ ॥ इति वचनात्; तथाप्यत्र 'लोक'ध्वनिनोत्कृष्टमतिः भव्यसत्त्वलोक एव गृह्यते, तत्रैव तत्त्वतः प्रद्योतकरणशीलत्वोपपत्तेः ॥

અર્થ :— તથા 'લોગપજ્જોઅગરાણું' પદ. અહીં 'લોક' શબ્દથી જો કે પ્રકરણાનુસાર ભવ્ય લોક કહેવાય; કેમકે એ વચન છે કે 'પ્રકાશ ભવ્યોને થાય છે; કારણ કે વચનરૂપી કિરણો વડે યથાર્થ વસ્તુદર્શન એમને થાય છે, તે ન થતું હોય તો પ્રકાશ વ્યર્થ છે;' તો પણ અહીં 'લોક' શબ્દથી ઉત્કૃષ્ટ બુદ્ધિવાળો ભવ્ય જીવલોક જ ગ્રહણ કરવામાં આવે છે; કેમકે એનામાં જ વાસ્તવિક પ્રદ્યોત કરવાનો સ્વભાવ સંગત બને છે.

વિવેચન :— પ્રદ્યોત=વિશિષ્ટ પ્રકાશ; તે માત્ર ગણધરોને :—

હવે 'લોગપજ્જોઅ-ગરાણું' પદની વ્યાખ્યા. એનો અર્થ 'લોકને પ્રદ્યોત (પ્રકાશ, આલોક) કરનારની પ્રત્યે મારો નમસ્કાર હો.' અહીં પ્રકરણાનુસાર અર્થાત્ 'લોક'શબ્દની સાથે 'પ્રદ્યોત' શબ્દ મૂકયો છે તેથી, 'લોક'નો અર્થ ભવ્ય જીવો જ લેવાય; કેમકે જે પ્રદ્યોત, આલોક, દર્શન, વગેરે ગમે તે કહો, પણ એવો પ્રદ્યોત થવાનું તો ત્યાં જ ઘટી શકે કે જેમનામાં ભવ્યત્વ હોય. અભવ્યોને કાંઈ સાચું વસ્તુદર્શન, વસ્તુનો બોધ થતો નથી. ભવ્ય જીવોને જ એ થાય છે; કેમકે કહ્યું છે કે-'**भव्यानामालोको वचनांशुभ्योऽपि दर्शनं यस्मात् । एतेषां भवति तथा तदभावे व्यर्थ आलोकः ॥**'-અર્થાત્ આલોક એટલે કે પ્રકાશ ભવ્ય જીવોને જ પ્રાપ્ત થવાનું લેવાય; કારણ કે પ્રકાશના પ્રધાન કારણભૂત વચનરૂપી કિરણો વડે 'પણ' દર્શન યાને પ્રકાશ્ય પદાર્થનો બોધ ભવ્યોને જ યથાવત્ થાય છે. અહીં 'પણ' થી સૂચવ્યું કે અલબત સ્વતઃ આત્મપ્રત્યક્ષ રૂપી કારણ વડે તો પદાર્થબોધ થાય જ છે. હવે પૂછો કે-' ભવ્યોને પણ વચન કિરણો વડે આલોક માત્ર પ્રાપ્ત થાય જ એવો નિયમ કયાં છે ? ' ઉત્તર એ છે કે જો યથાવત્ દર્શન ન થતું હોય તો એમને આલોક વ્યર્થ છે, અકિંચિત્કર છે. યથાવત્ દર્શન ન કરાવે એને આલોક કેમ કહી શકાય ? પોતાનું કાર્ય કરી શકે તે જ વસ્તુ છે; બાકી તો અવસ્તુ કહેવાય. દર્શન કરાવે તો જ ત્યાં 'આલોક' મળ્યો ગણાય. આ એવા શાસ્ત્રથી પ્રમાણસિદ્ધ હકીકત છે. એટલે ભગવાન પ્રદ્યોત પણ ભવ્ય લોકને જ કરનારા છે. છતાં અહીં 'લોકપ્રદ્યોતકર' એ વિશેષણપદમાંના 'લોક' શબ્દથી સામાન્ય ભવ્યલોક નહિ કિન્તુ ઉત્કૃષ્ટ મતિવાળો એટલે કે ઔત્પાતિકી બુદ્ધિ આદિ વિશિષ્ટ મતિવાળો એવો ગણધર પદને યોગ્ય જ ભવ્ય-જીવલોક લેવાનો છે, પણ બીજો નહિ; કેમકે અહીં પ્રભુને જે પ્રદ્યોતકર એટલે કે પ્રદ્યોત-કરણશીલ કહેવા છે તે, પ્રદ્યોત કરવાના સ્વભાવવાળા તરીકે સ્તવવા છે. તેમાં પ્રદ્યોત એ સામાન્ય પ્રકાશરૂપ નથી

હોવો, કેમકે તે તો લોકપ્રદીપ કહેવાથી ગૃહીત થઈ ગયો છે; પરંતુ ઉત્કૃષ્ટ પ્રકાશ હોવો છે, અર્થાત્ સમસ્ત અભિલાપ્ય વસ્તુનો યથાર્થ બોધ અહીં ગ્રાહ્ય છે.

શ્રુતજ્ઞાનથી કેવા પદાર્થનો બોધ? અભિલાપ્ય કે અનભિલાપ્ય:—'અભિલાપ્ય' પદાર્થ એટલે તે કે જે પદાર્થ શબ્દથી અભિલાપને યોગ્ય હોય, શબ્દમાં જેને ઉતારી શકાય. જગતમાં એવા કેટલાય પદાર્થ છે કે જે વાણીમાં ઉતારવા અશકય હોય. એને **અનભિલાપ્ય** પદાર્થ કહે છે. દા. ત. પૂર્વે કહેલ સામર્થ્ય યોગમાં ઉત્કૃષ્ટ આત્મપરિણતિનું કેવું કેવું સંવેદન હોય છે તે શબ્દથી ન વર્ણવી શકાય. એ તો એ સામર્થ્યયોગી પોતે અનુભવી શકે અને કેવળજ્ઞાની જોઈ શકે. માટે તો કહ્યું કે- '**शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः** ।'-સામાન્યથી એના ઉપાય શાસ્ત્રે કહ્યા હોય, પરંતુ વિશેષ રૂપે શાસ્ત્ર અર્થાત્ શબ્દથી ન વર્ણવી શકાય એવા સ્વરૂપવાળા અત્યન્ત વિશુદ્ધ ભાવોલ્લાસનો એ સામર્થ્યયોગ હોય છે. જગતમાં અનભિલાપ્ય અનંતા ભાવો છે. એને વિશેષરૂપે કહેવા માટે શબ્દ જ નથી હોતા અને ગણધર ભગવાનને જે પદાર્થપ્રકાશ થાય છે તે તો ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનનો પ્રકાશ છે, શબ્દાનુસારી બોધ છે, માટે એમને અનભિલાપ્યનો વિશેષ બોધ નહિ પરંતુ સમસ્ત અભિલાપ્ય વસ્તુનો વિશેષ બોધ થાય છે.

ગણધર-નિર્માણ અને ત્રિપદી :— શ્રી તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પામે છે ત્યારે એમનું તીર્થંકર નામકર્મ નામનું પુણ્ય ઉદયમાં આવે છે અને એના પ્રભાવે દેવતાઓ રજત-સુવર્ણ-રત્નના ત્રણ ગઢ રચે છે, તેના પર જગદ્‌ગુરુ બિરાજી ધર્મ-દેશના આપે છે. ત્યાં એમના મુખ્ય શિષ્ય ગણધર તરીકે થવાનું પુણ્ય લઈ આવેલા એમની પાસે દીક્ષિત બને છે. એમને માત્ર જે ત્રણ પદોમાં સમસ્ત અભિલાપ્ય વસ્તુઓનો બોધ થઈ જાય એવા ત્રણ પદ પરમાત્મા તીર્થંકર-નામકર્મના વિપાકોદયના પ્રભાવે કહે છે. સાથે એ મુખ્ય શિષ્યો પણ ગણધરપણાનું એવું પુણ્ય લઈને આવેલા હોય છે કે માત્ર એ ત્રણ પદમાંથી એટલો વિસ્તૃત સમસ્ત અભિલાપ્ય વસ્તુનો બોધ એમને જ ત્યાં ત્રિપદી શ્રવણ કરતાં જ થઈ જાય છે. આ અન્યોન્યની યોગ્યતા પરથી એ સ્પષ્ટ થઈ જાય છે કે તીર્થંકર ભગવાન સિવાય બીજો કોઇ એ ત્રિપદીનું ઉચ્ચારણ કરે તેથી કાંઇ બીજાને એટલો વિશાળ બોધ ન કરાવી શકે; તેમ ગણધર મહારાજ સિવાય બીજો કોઈ ત્રિપદીમાંથી એટલો બોધ ન પામી શકે. ▲ આમ તો આ ત્રિપદીનો અર્થ સહેલો છે. ગણધર થનાર શિષ્ય પ્રભુને તત્ત્વનો પ્રશ્ન પૂછે, ને પ્રભુ ઉત્તર દે, આવું ત્રણ વાર બને છે.

भयवं ! किं तत्तं ?=	હે ભગવન્ ! તત્ત્વ શું ?	उप्पन्ने इ वा= ઉત્પન્ન થાય છે.
भयवं ! किं तत्तं ?=	,, ,, ,, ,, ?	विगमे इ वा = નાશ પામે છે.
भयवं ! किं तत्तं ?=	,, ,, ,, ,, ?	धुवे इ वा = કાયમ રહે છે.

— અર્થાત્ સત્ વસ્તુમાત્ર પ્રતિસમય ઉત્પન્ન પણ થાય છે, નાશ પણ પામે છે, ને સ્થિર પણ રહે છે. આમાં ઉત્પન્ન થવાનું નવા નવા પર્યાય (અવસ્થા) રૂપે, નાશ પામવાનું વિદ્યમાન પર્યાયરૂપે, અને સ્થિર રહેવાનું તે એ પર્યાયના આધારભૂત તે તે મૂળ દ્રવ્ય તરીકે બને છે. દા. ત. સોનું સોનારૂપે કાયમ રહીને જૂના ઘરેણાંના ઘાટરૂપે નાશ પામી નવા ઘાટરૂપે ઉત્પન્ન થાય છે. બસ આટલા સામાન્ય અર્થવાળી ત્રિપદીમાંથી ગણધર દેવો સમસ્ત અભિલાપ્ય ભાવોનો ત્યાં ને ત્યાં જ પ્રકાશ મેળવી લે છે; એટલું જ નહિ પરંતુ સાથે જ તેનાં શાસ્ત્ર પણ રચી દે છે. એવાં શાસ્ત્રો રચવામાં અસાધારણ કારણભૂત, યાને એ શાસ્ત્રોને જન્મ આપનાર આ ત્રિપદી (ત્રણ પદ)ને **'માતૃકા-પદ'** કહે છે; અને તે શાસ્ત્રો પૈકી પહેલા આચારાંગથી માંડીને દૃષ્ટિવાદ અંગ સુધીના બાર અંગ-

આગમની દ્વાદશાંગી કહેવાય છે. એમાં વિશાલ શ્રુતસાગરસમા 'ચૌદ પૂર્વ' નામનાં શાસ્ત્રોનો બારમાં દૃષ્ટિવાદ અંગમાં સમાવેશ થાય છે.

પ્ર૦—આટલો ત્રણ પદમાંથી આટલો બધો બોધ શી રીતે થઈ શકે ?

ઉ૦—ઔત્પાતિકી આદિ બુદ્ધિના બળ અને વિશિષ્ટ શ્રુતાવરણ ક્ષયોપશમ ઉપર એ અશક્ય નથી.

બુદ્ધિના ચાર પ્રકાર.—મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જેવી રીતે ઇન્દ્રિયો અને મન દ્વારા વસ્તુના અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા બોધ થાય છે, એમ આ ચાર પ્રકારની બુદ્ધિ જન્મે છે. ▲ (૧) **ઔત્પાતિકી બુદ્ધિ** એટલે કોઈપણ પ્રસંગ પર ચતુરાઈભર્યો વિચાર સ્ફુરે, યોજના સ્ફુરે; એમ, પ્રશ્ન પર હાજરજવાબી સચોટ ઉત્તર સ્ફુરે, વગેરે. જોયેલી, સાંભળેલી, સમજેલી તો અમુક જ હકીકત હોય, પરંતુ આ બુદ્ધિના યોગે મનમાં વિશિષ્ટ અને વિસ્તૃત સ્ફુરણા થાય. ◆ (૨) **કાર્મિકી બુદ્ધિ** એટલે કોઇ પણ કર્મ, શિલ્પ, ઉદ્યોગ કરતાં કરતાં વિશિષ્ટ કુશલતા આવે તે. નવા ડીગ્રીવાળા ઇજનેર કરતાં જૂનો મશીનમેન (યંત્ર ચલાવનારો કારીગર) આ બુદ્ધિથી કેટલીક વાર યંત્રની ગુંચ ઝટ ઉકેલી નાખે છે. ◆ (૩) **વૈનયિકી બુદ્ધિ** એટલે ગુરુનો, અને જ્ઞાનનો વિનય કરતાં કરતાં જે વિશિષ્ટ ચિંતન અને હકીકતનું તારણ કાઢવાની શક્તિ પ્રગટે તે. વર્ષોથી પુત્ર દૂર જવા પર એક દુઃખિત ડોશીનો ઘડો નદીના કિનારે ફૂટીને પાણી ઢળી ગયું. ડોશી રડતી હતી, એની વિગત સાંભળી એક ઉપાધ્યાયના અવિનીત શિષ્યે તારણ કાઢયું કે–'ઘડો ફૂટયો, પાણી ઢળી ગયું, એ સૂચવે છે કે છોકરો મરી ગયો !'. બીજા વિનયી શિષ્યે વૈનયિકી બુદ્ધિના બળે તારણ કાઢી કહ્યું કે–'જા ભાગ્યવતી ! તારો પુત્ર હમણાં જ તને ઘરે આવેલો મળશે; કેમકે ઘડો માટીમાંથી જન્મેલો માટી ભેગો થઇ ગયો, અને નદીથી અલગ પડેલ પાણી નદી ભેગું ભળી ગયું, એ તારાથી વિયુક્ત પુત્ર તને મળી જવાનું સૂચવે છે.' ખરેખર ! ડોશી ઘરે ગઇ, અને પુત્ર બારણે જ ભેટયો. ▲ (૪) **પારિણામિકી બુદ્ધિ** એટલે અંતિમ ચોકસ પરિણામ સુધી દૃષ્ટિ પહોંચીને અનર્થનિવારક અને ઇષ્ટસાધક કાર્યવાહી સુઝે તે. આ ચારે પ્રકારની બુદ્ધિ સ્વતઃ સ્ફુરે છે.

શ્રી ગણધર ભગવંતોને પણ શ્રુતજ્ઞાનાવરણ ક્ષયોપશમ ને ઔત્પાતિકી આદિ બુદ્ધિના પ્રતાપે ભગવાનના શ્રીમુખેથી ઉચ્ચારાયેલા માત્ર ત્રણ પદમાંથી, ષડ્ દ્રવ્યો અને તેના સર્વ અભિલાપ્ય પર્યાયો સહિત જીવાદિ સાત તત્ત્વોનું વિશિષ્ટ અને વિસ્તૃત ઉત્કૃષ્ટ સ્ફુરણા જાગે છે. એમાંથી ત્યાં ને ત્યાં જ ૧૪ પૂર્વો સહિત દ્વાદશાંગી રૂપ સકળ શ્રુતગ્રન્થની રચના કરે છે. માટે એ ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા ગણધરરૂપી ભવ્ય જીવોને જ અરહંત પ્રભુ નિશ્ચયદૃષ્ટિથી પ્રદ્યોત યાને ઉત્કૃષ્ટ પ્રકાશ કરવાના સ્વભાવવાળા છે; કેમકે ભગવાનની પ્રદ્યોકતાનો સંપૂર્ણપણે ઉપયોગ ત્યાં જ થાય છે.

(લ૦—) अस्ति च चतुर्दशपूर्वविदामपि स्वस्थाने महान् दर्शनभेदः, तेषामपि परस्परं षट्स्थानपतितत्वश्रवणात् ।

અર્થ:—ત્યારે, ચૌદ પૂર્વવેત્તાઓને વિષે તો પોતપોતાના સ્થાન વચ્ચે મોટો પ્રકાશભેદ (પ્રકાશની મોટી ભિન્ન-ભિન્નતા) દેખાય છે; કેમકે તેઓ પણ પરસ્પર ષટ્ સ્થાનમાં રહેલા હોવાનું સાંભળવા મળે છે.

વિવેચન :—

ભગવાન અન્ય ચૌદ પૂર્વીના પ્રદ્યોતકર કેમ નહિ ? :—

પ્ર૦— ગણધર ભગવાનની જેમ એમના કેટલાક શિષ્ય સંતાનો પણ ચૌદ પૂર્વ સહિત દ્વાદશાંગીના જ્ઞાતા હોય છે, તો તેમની પ્રત્યે પણ અર્હદ્ ભગવાન પ્રદ્યોતકર કેમ નહિ ?

ઉ૦—કારણ એ છે કે અહીં પ્રભુને લોકપ્રદીપ કહીને પ્રકાશકર્તા તરીકે સૂચવ્યા પછી લોકપદ્યોતકરરૂપે સ્તવવામાં ઉત્કૃષ્ટ પ્રકાશ કરનારા તરીકે સૂચવવા છે. એ ઉત્કૃષ્ટ પ્રકાશ દ્વાદશાંગી-પ્રણેતા શ્રી ગણધર મહર્ષિઓને જ થાય છે, પણ દ્વાદશાંગી-અધ્યેતા-જ્ઞાતા બીજા ચૌદ પૂર્વધર મહાત્માઓને નહિ. અલબત સૂત્રજ્ઞાન બંનેને સમાન છે, છતાં બંનેનાં અર્થ-જ્ઞાન વચ્ચે ફરક પડે છે.

ષટ્સ્થાનપતિત :— શાસ્ત્રોમાં આવે છે કે ચૌદપૂર્વીઓ પણ પરસ્પરમાં ષટ્સ્થાનપતિત હોય છે; અર્થાત્ આમ એ બધા જ ચૌદેય પૂર્વના સૂત્રોના જ્ઞાતા ખરા, પરંતુ એમનું ય અર્થજ્ઞાન, પર્યાયજ્ઞાન પરસ્પરની અપેક્ષાએ તરતમતાવાળું હોય છે, ત્યારે સમસ્ત શ્રુત-ગ્રન્થના અણુજાણુ બીજાઓના જ્ઞાનમાં તરતમતાનું તો પૂછવું જ શું ? આ તરતમતાના ષટ્સ્થાન છે. તે આ રીતે-એક ચૌદપૂર્વી મહાત્માને ચૌદ પૂર્વના સૂત્રના આધારે જેટલા ભાવ (પર્યાય) જ્ઞાત હોય, તેના કરતાં બીજા કોઈ ચૌદ પૂર્વધર મહર્ષિને અનંતગુણ—અધિક યા (૨) અસંખ્યાતગુણ અધિક, (૩) યા સંખ્યાતગુણ અધિક, અથવા (૪) અનંતભાગ અધિક, યા (૫) અસંખ્યાત ભાગ અધિક, અથવા (૬) સંખ્યાતભાગ અધિક ભાવો જ્ઞાત હોઇ શકે. આ ષટ્સ્થાનમાં 'સ્થાન' એટલે ચૌદ પૂર્વની લબ્ધિ; એમાં થતાં દૃશ્ય ભાવોનાં તે તે જ્ઞાનમાં આવી તરતમતા હોય છે; એને 'દર્શનભેદ' કહે છે; અને એમાં આવી ગયેલાને 'ષટ્સ્થાનપતિત' કહેવાય છે, 'પતિત' એટલે 'પડેલો' નહિ, પણ 'આવી ગયેલો.' લોકમાં કહેવાય છે ને કે એ આડાઅવળા રસ્તેથી 'માર્ગે પડી ગયો,' અર્થાત્ માર્ગમાં આવી ગયો. ષટ્સ્થાન હાનિ-વૃદ્ધિનો ખ્યાલ નીચેના દૃષ્ટાન્ત પરથી આવી શકશે.

ષટ્સ્થાન-હાનિવૃદ્ધિનો દૃષ્ટાન્તનો કોઠો

દા. ત. મૂળ રકમ એક લાખ (૧૦૦,૦૦૦)ની છે, એની સંજ્ઞા અ તથા સંખ્યાત, અસંખ્યાત અને અનંત એટલે પણ દા. ત. ૧૦,૧૦૦ અને ૧૦૦૦. હવે,

	સંખ્યાતગુણ	અસંખ્યાતગુણ	અનંતગુણ	સંખ્યાતભાગ	અસંખ્યાતભાગ	અનંતભાગ
વૃદ્ધિ	અ×૧૦ =૧૦ લાખ	અ×૧૦૦ ૧ કોડ	અ×૧૦૦૦ ૧૦ કોડ	$અ + \frac{અ}{૧૦}$ ૧,૧૦,૦૦૦	$અ + \frac{અ}{૧૦૦}$ ૧,૦૧,૦૦૦	$અ + \frac{અ}{૧૦૦૦}$ ૧,૦૦,૧૦૦
હાનિ	અ÷૧૦ =૧૦,૦૦૦	અ÷૧૦૦ ૧૦૦૦	અ÷૧૦૦૦ ૧૦૦	$અ - \frac{અ}{૧૦}$ ૯૦,૦૦૦	$અ - \frac{અ}{૧૦૦}$ ૯૯,૦૦૦	$અ - \frac{અ}{૧૦૦૦}$ ૯૯,૯૦૦

આ હાનિ-વૃદ્ધિમાં સંખ્યાતગુણ વગેરે પદથી ૧૦ગુણ વગેરે લીધા તે તો માત્ર દૃષ્ટાન્ત રૂપે છે, બાકી તો ગુણકે કે ભાજક રકમો ઘણી ઘણી મોટી થાય, યાવત્ અસંખ્યાતગુણ, અનંતગુણમાં તો ગુણકના ય આંકડા જ ન માંડી શકાય ! એટલે પરિણામે વૃદ્ધિ-હાનિ થયેલ અંક મોટા ફેરફારવાળા બને. ચૌદ પૂર્વધરોના જ્ઞાત ભાવોમાં પરસ્પરમાં આવી તરતમતા હોય છે; એથી દર્શનભેદ છે.

(લ૦—) न चायं सर्वथा प्रकाशाभेदे । अभिन्नोह्येकान्तेनैकस्वभावः, तन्नास्य दर्शनभेदहेतुतेति । स हि येन स्वभावेनैकस्य सहकारी तत्तुल्यमेव दर्शनमकुर्वन्न तेनैवापरस्य, तत्तत्त्वविरोधादिति भावनीयम् ॥

અર્થ:— ત્યારે આ દર્શનભેદ, પ્રકાશ(શ્રુતાવરણક્ષયોપશમ)નું સર્વથા ઐકય હોય તો, ઘટી શકે નહિ; કેમકે જે (પ્રકાશ) એક જ છે તે તો એકાન્તે એક સ્વભાવવાળો હોય; તેથી એ દર્શનભેદમાં કારણ ન બની શકે. એનું કારણ એ છે કે તે (પ્રકાશ) જે સ્વભાવથી એક (દૃષ્ટા)ને સહાયક બનતો હોય, (બીજા દ્રષ્ટામાં) તેના જેવાં જ દર્શનકાર્યને ન કરવા જતાં (અર્થાત્ ભિન્ન દર્શનકાર્યને કરવા જતાં), તે જ સ્વભાવથી બીજાનો સહાયક નથી; કેમકે (ભિન્ન દર્શન કરવા જતાં), **तत्तत्त्व=तस्य** એટલે એક સ્વભાવવાળા અને બીજા દૃષ્ટાને સહાયક બનનારા તેનામાં, **तत्त्व** એટલે પ્રથમ દૃષ્ટાને સહાયકપણું હોવાનું (બીજાને સહાયકપણાથી જ) નિષિદ્ધ થઇ જાય.

વિવેચન:—

પ્રકાશનો ભેદ હોય તો જ દર્શનભેદ ઘટે:— આ દર્શન થાય છે તે 'ચૌદ પૂર્વ' નામના આગમે આપેલા પ્રકાશને લીધે થાય છે. એ પ્રકાશ શું છે? શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ. તે જો એકરૂપ યાને એક જ જાતનો હોય તો સ્વાભાવિક છે કે બધા ચૌદ પૂર્વધરોને એક જ જાતનું દર્શન થાય, પરંતુ ઉપર કહ્યું તેમ મહાન દર્શનભેદ નહિ; અર્થાત્ ષટ્સ્થાનનાં ભિન્ન ભિન્ન દર્શન નહિ. જો કારણ એક જ સ્વભાવવાળું હોય તો એનું કાર્ય પણ એક જ સ્વભાવવાળું બને, નહિ કે ભિન્ન ભિન્ન સ્વભાવવાળું. તેથી જો બધા ચૌદ પૂર્વીઓને 'પૂર્વ' શ્રુતથી એકરૂપ ક્ષયોપશમ થતો હોય તો તે નિયમા એક સ્વભાવવાળો જ હોવાનો, અને એક સ્વભાવવાળા ક્ષયોપશમ-પ્રકાશમાં બીજા ત્રીજા સ્વભાવ હોય નહિ; તેથી તે પ્રકાશ ફક્ત સમાન અમુક જ દૃશ્ય વસ્તુઓનાં દર્શનમાં કારણ બનશે, ભિન્ન ભિન્ન ભાવોનાં દર્શનમાં નહિ.

પ્ર૦—દૃષ્ટા ભિન્ન ભિન્ન હોવાથી દર્શનમાં ભેદ છે, એમ શું ન કહેવાય?

ઉ૦—આ દર્શન અર્થાત્ વસ્તુજ્ઞાન એકલા દ્રષ્ટાના હોવા માત્રથી થતું નથી, કેમકે એમાં શ્રુતજ્ઞાનાવરણકર્મ નડે છે. એ તો એને એ કર્મના ક્ષયોપશમ અર્થાત્ પ્રકાશનો સહકાર મળે તો થાય છે. હવે એક દ્રષ્ટાને જેવા સ્વભાવવાળો પ્રકાશ સહકારી કારણ તરીકે મળીને જેવું દર્શન કરાવતો હોય, જો બીજા દ્રષ્ટાને તેનાં સમાન જ દર્શન નહિ પરંતુ ઓછા-વત્તા ભાવોના બોધને લીધે ભિન્ન પડતું દર્શન થતું હોય, તો કહેવું જ પડે કે તે બીજા દ્રષ્ટાને સહકારી તરીકે, પહેલા દ્રષ્ટાના સહકારી ક્ષયોપશમના જ સ્વભાવવાળો ક્ષયોપશમ નથી મળ્યો. કારણ એ છે કે બીજા દ્રષ્ટાને સહકારી કારણભૂત બનનારો ક્ષયોપશમ તેને અસમાન દર્શન કરાવીને તો પોતાનો સ્વભાવ ભિન્ન હોવાનું સિદ્ધ કરે છે; તેથી જ તે ક્ષયોપશમ પહેલા દ્રષ્ટાના સહકારી તરીકે હોવાનું નિષિદ્ધ થઇ જાય છે; કેમકે પ્રથમ દ્રષ્ટાનો સહકારી ક્ષયોપશમ તો, દર્શન ભિન્ન હોવાથી, ભિન્ન સ્વભાવવાળો છે. તાત્પર્ય, બંનેમાં દર્શન અસમાન હોવાથી કારણભૂત ક્ષયોપશમપ્રકાશ અસમાન સ્વભાવવાળા પુરવાર થાય છે. આની આ રીતે ભાવના કરવા જેવી છે.

કાર્યભેદ નિશ્ચિત કારણભેદપૂર્વક જ હોય:—કાર્ય જુદી જુદી જાતના તો જ બની શકે કે જો કારણો નિશ્ચિતપણે જુદી જુદી જાતના હોય. સમાન જાતિના કારણથી તો સમાન જાતનાં જ કાર્ય થાય. માટે તો દહીં દૂધમાંથી બને છે, અને બરફ પાણીમાંથી નીકળે છે. કાર્ય-કારણભાવનો આ નિયમ વ્યવસ્થિત છે. એટલે જ સમાન કારણમાંથી પણ જો અસમાન કાર્ય ઉત્પન્ન થવાનું માનવામાં આવે તો આખા જગતમાં દેખાતી કારણોની અસમાનતા, વિચિત્રતા વ્યર્થ નીવડે. દુનિયામાં દેખાય છે કે અનેકાનેક વિચિત્ર કાર્યોની પાછળ વિચિત્ર કારણો કામ કરતા હોય છે. એવા કારણવૈચિત્ર્યને શા

સારૂ જવાબદાર માનવું પડે, જે વિચિત્ર (અસમાન) કારણથી પણ સમાન કાર્ય થતું હોય ? પછી તો દહીં દૂધમાંથી જ બન્યું કહેવાનું શું કામ ? દહીંનાં ભાજનમાંથી જ દહીં બન્યું કહી દો ને? ના, આ વિચિત્રતાનો અપલાપ તો કરી શકો એમ નથી, કેમકે પોતે જ પાછા સમાન જાતિના કાર્ય માટે સમાન જાતિનું કારણ શોધતા હો છો. ત્યારે શું મૂળ કાર્યકારણનો નિયમ જ અવ્યવસ્થિત છે? અર્થાત્ શું કાર્ય એ કારણ-સામગ્રી મળ્યા વિના પણ બની શકે છે? ના, અનુભવ ના કહે છે; તેમ કહ્યું પણ છે કે-

नाकारणं भवेत् कार्यं, नान्यकारणकारणम्। अन्यथा न व्यवस्था स्यात् कार्यकारणयोः क्वचित् ॥

અર્થાત્, કાર્ય કારણ વિના થઇ શકે નહિ; તેમ અન્ય જાતિના કારણમાંથી પણ થઈ શકે નહિ. નહિતર અમુક કાર્ય અમુક કારણમાંથી જ બને છે, એટલે કે કાર્ય-કારણ વ્યવસ્થિત પરસ્પર સંકળાયેલા છે,-એવો નિયમ કયાં ય રહી શકે નહિ. આજ ભાવના ગ્રંથકાર આ રીતે કહે છે,—

(લ૦—) इतरेतरापेक्षो हि वस्तुस्वभावः, तदायत्ता च फलसिद्धिरिति उत्कृष्टचतुर्दशपूर्वविल्लोकमेवाधिकृत्य प्रद्योतकरा इति लोकप्रद्योतकराः ॥१४॥

અર્થ :— કેમકે (કાર્યકારણરૂપી) વસ્તુનો સ્વભાવ પરસ્પર સાપેક્ષ છે, અને તે (સ્વભાવ)ને આધીન જ કાર્યનિષ્પત્તિ થાય છે; એટલા માટે ચૌદ પૂર્વોના ઉત્કૃષ્ટ જ્ઞાતા લોકને આશ્રીને જ (પરમાત્મા) પ્રદ્યોતકર છે. એ રીતે (પ્રભુ) લોકપ્રદ્યોતકર (સિદ્ધ થાય) છે.

વિવેચન :—

કાર્ય-કારણ વસ્તુનો સ્વભાવ પરસ્પર સાપેક્ષ :—

કાર્ય-કારણરૂપી પદાર્થનું સ્વરૂપ પરસ્પર સાપેક્ષ જ હોય છે, અને તે સ્વરૂપને આધારે જ કાર્યની નિષ્પત્તિ થાય છે; અર્થાત્ વસ્તુસ્વરૂપમાં જો બીજા કરતાં ફેરફાર હોય તો જ એનું કાર્ય પણ બીજાના કાર્ય કરતાં ફેરફારવાળું થાય. જેવું કારણ, તેવું જ કાર્ય. દૂધ નરસું હોય તો એમાંથી દહીં નરસું થાય છે, અને દૂધ સારૂં હોય તો દહીં સારૂં બને છે. આ પરસ્પરમાં અપેક્ષા થઈ. બે જાતના દહીં જોઈને કલ્પી શકીએ છીએ કે દૂધમાં ફેરફાર હોવા જોઈએ.

આ હિસાબે એક ચૌદ પૂર્વધરના પ્રકાશ(ક્ષયોપશમ)નું સ્વરૂપ બીજા ચૌદ પૂર્વધરના પ્રકાશના સ્વરૂપ કરતાં જુદું હોય તો જ તેના કાર્ય તરીકે થતું દર્શન એ બીજાના દર્શન કરતાં જુદા સ્વરૂપનું અર્થાત્ ન્યૂન કે અધિક વિષયવાળું બને. જેવો પ્રકાશરૂપી કારણ-સ્વભાવ, તેવું દર્શનરૂપી કાર્ય.

હવે જુઓ કે અરિહંત પરમાત્મા પ્રદ્યોતકર છે તે ઉત્કૃષ્ટ પ્રકાશ કરનાર હોઇને. આ ઉત્કૃષ્ટ પ્રકાશ તો ગણધર મહર્ષિઓને થાય છે, બીજા ચૌદ પૂર્વધર મહર્ષિઓ કે જે પ્રકાશમાં ષટ્સ્થાનપતિત છે, એમને નહિ. તો પ્રભુ પણ એ ઉત્કૃષ્ટ ચૌદપૂર્વજ્ઞાતા ગણધર મહર્ષિઓને આશ્રીને જ પ્રદ્યોતકર કહેવાય, અન્ય ચૌદ પૂર્વીઓને અવલંબીને નહિ. એથી એ ફલિત થાય છે કે ભગવાનના ત્રિપદીના ઉપદેશથી જન્મતા પ્રકાશ (ક્ષયોપશમ) દ્વારા સમસ્ત અભિલાપ્ય ભાવોનો બોધ થાય છે, અને એવા બોધવાળા ગણધરદેવો જ ચૌદ પૂર્વોના ઉત્કૃષ્ટ જ્ઞાતા હોય છે. કેમકે ભગવાનના તત્ત્વનિરૂપણથી ઉત્કૃષ્ટ પ્રકાશરૂપી પ્રદ્યોત પ્રાપ્ત કરવાનું સામર્થ્ય ગણધરદેવોમાં જ હોય છે.

પ્ર૦— **તો પછી ગણધરદેવો સિવાય બીજાને શું ભગવાનના વચનથી પ્રકાશ ન જ મળે ?**

ઉ૦— ના, એવું નથી. ભગવદ્-વચનથી પ્રગટતા પ્રદ્યોતનો અંશ બીજાને થઈ શકે છે; અર્થાત્ અન્યોને અમુક પ્રમાણમાં પ્રકાશ પ્રગટી શકે છે. દુનિયામાં દેખાય છે ને કે સૂર્યનો તડકો અમુક ભાગમાં પડે છે ત્યાં ઝગમગાટ પ્રકાશ હોય છે; પરંતુ તેથી પૂર્વાદિ દિશાઓના બીજા ભાગમાં તદ્દન અંધકાર

હોય છે; એવું નથી, ત્યાં પણ દિગ્દર્શક આંશિક પ્રકાશ તો હોય જ છે; દિશાઓ વગેરે દાખવી શકે એવો પેલા કરતાં ન્યૂન પ્રકાશ ત્યાં ય હોય છે. બસ, એ રીતે બીજાને ય ભગવદ્-વચનથી અમુક પ્રમાણમાં પ્રકાશ થાય છે.

(લ૦—) प्रद्योत्यं तु सप्तप्रकारं जीवादितत्त्वम् । सामर्थ्यगम्यमेतत्; तथाशाब्दन्यायात् । अन्यथा अचेतनेषु प्रद्योतनायोगः, प्रद्योतनं प्रद्योत इति भावसाधनस्यासम्भवात् । अतो ज्ञानयोग्यतैवेह प्रद्योतनमन्यापेक्षयेति ।

અર્થ:—હવે પ્રદ્યોત્ય (પ્રકાશનીય) છે સાત પ્રકારનું જીવાદિ તત્ત્વ. એ અર્થાપત્તિથી સમજી લેવાનું છે, કેમકે ભાષાશાસ્ત્રનો (સકર્મક ક્રિયાપદને કોઈ કર્મ હોય જ) તેવો નિયમ છે. (અહીં જીવાદિ તત્ત્વને પ્રદ્યોતવાળા નહિ માની શકાય) નહિતર અચેતન (તત્ત્વો)માં પ્રદ્યોત જન્મી શકે નહિ (તેમાં પ્રદ્યોતની આપત્તિ આવે. ત્યારે અહીં સકર્મક પ્રયોગને બદલે) ' પ્રકાશવું—ઝગમગવું એ પ્રદ્યોત', એવો ભાવે પ્રયોગ સંભવતો નથી; (કેમકે અહીં તો પ્રદ્યોત 'જ્ઞાન' અર્થમાં છે, ને તેને તો કોઇ વિષય કર્મ તરીકે હોય જ.) તેથી અહીં પ્રદ્યોતન જ્ઞાનયોગ્યતા(જ્ઞાન-વિષયતા)રૂપ લેવાનું છે, અને તે અન્ય (અર્થાત્ પ્રકાશક)ની અપેક્ષાએ હોય છે.

વિવેચનઃ—જીવાજીવાદિ સાત પ્રકારે તત્ત્વઃ—

અહીં સુધી પ્રદ્યોતકરની સિદ્ધિ કરી. હવે એ શાનો પ્રદ્યોત કરે છે એના નિર્ણય માટે કહે છે, કે પ્રદ્યોતનો વિષય સાત પ્રકારનું તત્ત્વ છે; અર્થાત્ અરહંત પરમાત્મા વિશિષ્ટ સંજ્ઞી લોકને સાત પ્રકારનાં તત્ત્વનો પ્રકાશ કરે છે. તે તત્ત્વ જીવાદિ સાત પ્રકારે છે. શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્રમાં કહ્યું છે, ' **जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम्** '–જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ તત્ત્વ છે.

' **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** '—તત્ત્વભૂત પદાર્થની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. તે તત્ત્વ શ્રી વીતરાગ સર્વજ્ઞ જ યથાર્થ સ્વરૂપે પ્રરૂપી શકે છે. તત્ત્વના ભેદોમાં જ્ઞેય, હેય અને ઉપાદેય,–એમ ત્રણ વિભાગ પડે છે. **જ્ઞેય** તત્ત્વમાં જીવ અને અજીવ, **હેય** (=ત્યાજય) તત્ત્વમાં આશ્રવ અને બંધ, અને **ઉપાદેય** તત્ત્વમાં સંવર, નિર્જરા અને મોક્ષ ગણાય છે.

આખું ય વિશ્વ માત્ર જીવ અને અજીવનો સરવાળો છે. જે કાંઈ સત્ છે તે એનાં રૂપક, શક્તિ કે ગુણધર્મ છે.

એમાં **જીવવસ્તુ** પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વગેરે ગુણોથી સ્વતંત્ર અરૂપી ચેતન દ્રવ્ય છે, પણ દેહસ્વરૂપ નથી; કેમકે દેહ તો રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આકૃતિ વગેરે ગુણવાળો હોઈને જડ છે, અજીવ છે. નવા દેહમાં પણ મમત્વ, આહારાદિ સંજ્ઞાઓ, અને કયાંક પૂર્વ જન્મનું સ્મરણ થાય છે તે પૂર્વનો અભ્યાસ લઈને આવેલા જીવદ્રવ્યની સાબિતી છે. એમાં પણ હોતાં જુદાં જુદાં કર્મ-સંસ્કાર-અનુભવ-ગુણ-દોષ-જન્મ-મરણ વગેરે સિદ્ધ કરે છે કે જીવો અનેક છે, દરેક જીવ જુદી જુદી વ્યક્તિ છે. ▲ **જીવોમાં બે પ્રકાર છે**, ૧. સંસારી અને મુક્ત. કર્મથી બંધાઇ વિવિધ ભવ અને ભાવોમાં સંસરણ કરે છે તે સંસારી; અને કર્મ રહિત બની શુદ્ધ, બુદ્ધ, ભવાતીત, સિદ્ધ થયા છે તે મુક્ત. **સંસારી જીવોમાં પાંચ પ્રકાર છે**,–એક માત્ર સ્પર્શનેન્દ્રિયવાળા તે એકેન્દ્રિય; એ. ૫ પ્રકારે,– પૃથ્વીકાયિક, અપ્(જલ)કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, ને વનસ્પતિકાયિક. સ્પર્શન-રસના એ બે ઈન્દ્રિયવાળા

તે દ્વીન્દ્રિય; કૃમિ-પોરાં-શંખ-જળો વગેરે. આ ઉપરાંત ત્રીજી ઘ્રાણેન્દ્રિયવાળા તે ત્રીન્દ્રિય; કીડી-મંકોડા-માકણ-ધનેરા વગેરે. ઉપરાંત ચોથી ચક્ષુ-ઇન્દ્રિયવાળા તે ચતુરિન્દ્રિય; માખી-ભમરા-ડાંસ-વીંછી વગેરે. અને એ ચાર ઉપરાંત પાંચમી શ્રોત્રેન્દ્રિયવાળા તે પંચેન્દ્રિય; નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, એમ ચતુર્વિધ હોય છે. ▲ આમાં વનસ્પતિકાયિક જીવોમાં ય પ્રત્યેક અને સાધારણ એમ બે વિભાગ છે. પ્રત્યેક એટલે એક શરીરમાં એક જ જીવ, સાધારણ એટલે એક શરીરમાં અનંતા જીવ. પંચેન્દ્રિયમાં બે ભાગ છે, સંજ્ઞી અને અસંજ્ઞી, મનવાળા તે સંજ્ઞી, અને મન વિનાના તે અસંજ્ઞી કહેવાય. પાંચે ય પ્રકારના જીવોમાં એકેન્દ્રિયો સ્થાવર અર્થાત્ સ્વેચ્છાએ હાલી-ચાલી ન શકે તેવા છે; અને બાકી બધા ત્રસ જીવો કહેવાય છે.

અજીવના પાંચ પ્રકાર ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ, એ પૂર્વે ઓળખાવ્યા છે.

આશ્રવ એટલે જીવને થતા કર્મબંધમાં કારણભૂત તત્ત્વ; જેનાથી જીવમાં કર્મો સ્રવી આવે, વહી આવે તે. એ ઇન્દ્રિય, કષાય, અવ્રત (હિંસાદિ પાપોનો ત્યાગ નહિ તે), મન-વચન-કાયાના યોગ, અને ક્રિયા, અથવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ, એમ પાંચ પ્રકારે છે. એના અવાંતર અનેક પ્રકારો છે. દા. ત. પ્રમાદમાં અજ્ઞાન, સંશય, ભ્રમ, વિસ્મૃતિ, વગેરે.

બંધ એટલે કર્મનું આત્મા સાથે લોહ-અગ્નિ યા ક્ષીર-નીરની જેમ એકમેક થવું તે. તેમાં ય તે તે કર્મનો જ્ઞાન રોકવા, દર્શન રોકવા, વગેરેનો સ્વભાવ નક્કી થાય તે પ્રકૃતિબન્ધ. કર્મનો આત્મા પર ટકાવ-કાળ નક્કી થાય તે સ્થિતિબન્ધ. કર્મ કેવો ઉગ્ર, મંદ વગેરે રસનો અનુભવ કરાવે તે નક્કી થાય એ અનુભાગબન્ધ (રસબન્ધ); અને દરેક કર્મમાં પુદ્ગલદળનું પ્રમાણ નક્કી થાય તે પ્રદેશબન્ધ. આમાં પ્રકૃતિ જ્ઞાનાવરણ, દર્શનાવરણ,...વગેરે આઠ પ્રકારે છે તે પૂર્વે બતાવ્યું છે. એના અવાંતર ભેદ ઘણા છે.

સંવર એટલે આશ્રવનો નિરોધ, અર્થાત્ કર્મ બંધાતાં અટકાવે તે. એ સમિતિ-ગુપ્તિ-પરીસહ યતિધર્મ-ભાવનાચારિત્ર, એમ છ પ્રકારે છે.

સમિતિ એટલે ઉપયોગ, જાગ્રતિ, સાવધાની. હાલવા—ચાલવામાં જીવ ન મરે તેની સાવધાની એ ઇર્યાસમિતિ. અસત્ય, પાપરૂપ અપ્રિય, આદિ ન બોલાઇ જાય તેની સાવધાની એ ભાષાસમિતિ. ભિક્ષામાં આધાકર્મ (ભિક્ષુક નિમિત્તે બનાવેલું તે) વગેરે દોષ ટાળવાનો ઉપયોગ તે એષણાસમિતિ...વગેરે ૫ સમિતિ. ગુપ્તિ એટલે મન-વચન-કાયાને અશુભથી રોકવા અને શુભમાં પ્રવર્તાવવા તે. પરીસહ એટલે ક્ષુધા-પિપાસા, ઠંડી-ગરમી, ડાંસ, પ્રહાર વગેરેને કર્મક્ષયનો લાભ કરાવનાર માની સમ્યક્ સહી લેવા તે. યતિધર્મ ક્ષમા, મૃદુતા વગેરે દશ પ્રકારે. ભાવના એટલે અનિત્યતાદિની અનુપ્રેક્ષા, ચિંતવન. 'સંયોગમાત્ર અનિત્ય છે, જીવ સંસારમાં અશરણ છે; સાંસારિક સંબંધો વિચિત્ર છે, જન્મ ફરતાં માતા પત્ની થાય છે, અને પત્ની માતા થાય છે,...વગેરે. જીવ એકલો જન્મે છે, એકલો કર્મ ભોગવે છે, એકલો મરે છે...જીવનું સગું કોઇ નથી; બધા જુદા છે...' ઇત્યાદિ પૂર્વે વર્ણવ્યું છે. ચારિત્ર એ, પ્રતિજ્ઞાપૂર્વક સાવદ્ય (પાપ) વ્યાપારોનો ત્યાગ કરી નિરવદ્ય અવસ્થા સ્વીકારવી તે સામાયિક, વગેરે પાંચ પ્રકારે છે.

(૬) નિર્જરા એટલે જેનાથી બાંધેલા કર્મનો નાશ થતો આવે તે. એના મુખ્ય બે ભેદ, ૧. બાહ્ય તપ, અને ૨. આભ્યન્તર તપ. એ દરેકના ૬-૬ પ્રકાર પૂર્વે બતાવ્યા છે.

(૭) મોક્ષ એટલે સર્વ કર્મો ક્ષીણ થઇ ગયે પ્રાપ્ત થતી અનંત જ્ઞાનાદિમય શુદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન-નિરાકાર અવસ્થા. કોઇ તીર્થંકર થઇને મુક્ત થાય તે જિન સિદ્ધ, જિન થયા વિના મુક્તિ પામે તે અજિન સિદ્ધ,-વગેરે ૧૫ પ્રકારે સિદ્ધ હોય છે. મોક્ષમાં શરીર જ નથી એટલે રૂપ નથી, રસ

નથી, ગંધ નથી,...એમ ૩૧ ગુણ પણ સિદ્ધના કહેવાય છે. મોક્ષ પામ્યા પછી કદી ય ત્યાંથી સંસારે પડવાનું નથી, કેમકે કર્મબંધનાં કારણ જ નથી. મોક્ષ ભવ્યાત્મા જ પામી શકે છે. જેમ સુવર્ણ અને માટીનો મૂળથી સંયોગ છતાં ખાર આદિ પ્રયોગથી સુવર્ણ માટીમુક્ત સર્વથા શુદ્ધ થઇ શકે છે, તેવી રીતે જીવ અને કર્મનો પહેલેથી સંયોગ છતાં જે મિથ્યાત્વાદિ કારણોએ તે છે, ને તેથી સંસાર છે, તેનાથી પ્રતિપક્ષી સમ્યગ્દર્શનાદિ કારણો સેવવાથી જીવ સર્વથા કર્મમુક્ત શુદ્ધ થઈ શકે છે. માટે કહ્યું કે- ' सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः। ' એની ઉત્કૃષ્ટ ઉપાસનાથી મોક્ષ પામતાં હવે અનંત અવ્યાબાધ સુખ, અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્યાદિ લબ્ધિ,-એમ ચાર અનંતા નિત્ય પ્રગટ રહે છે. એમ તો આઠે ય કર્મોના નાશથી આ ચાર ઉપરાંત અનંત ચારિત્ર (વીતરાગ ઉદાસીન દશા), અક્ષયસ્થિતિ, અરૂપીપણું અને અગુરુલઘુપણું પણ સદા પ્રગટ રહે છે.

ભગવાન આ પ્રમાણે જીવાદિ સાત તત્ત્વોના પ્રદ્યોતકર છે. એમાં પ્રભુ ગણધર ભગવંતોને આ સાતે ય પ્રકારોને એના સ્વરૂપ-ભેદ-લક્ષણ-ગુણધર્મ-કાર્ય-કારણ વગેરે કેઈ બાબતોએ ઉત્કૃષ્ટ વિસ્તારથી પ્રકાશવા દ્વારા વિશિષ્ટ ઉત્કૃષ્ટ શ્રુતપ્રદ્યોત કરે છે.

ક્રિયાપદ સકર્મક, તો કર્મ હોવું જોઇએ. :—

અલબત અહીં ' લોકને પ્રદ્યોત કરનાર'-એમાં કઇ વસ્તુના પ્રદ્યોત કરનાર એ સૂત્રમાં લખ્યું નથી, છતાં તત્ત્વના પ્રદ્યોતક છે એ અર્થાપત્તિથી સમજી લેવાનું છે. અર્થાપત્તિ આ રીતે; કે શબ્દશાસ્ત્ર (વ્યાકરણ)નો નિયમ એવો છે કે ક્રિયાનો કર્તા જ્ઞાત (સિદ્ધ) થાય, પછી એ જોવાનું કે ક્રિયાપદ સકર્મક છે કે કેમ? જો સકર્મક હોય તો અવશ્ય એમાં વિશેષણીભૂત કોઈ કર્મ હોવું જોઇએ. જો કોઇ કર્મ નહિ તો ક્રિયાપદ સકર્મક શાનું? પ્રસ્તુતમાં ' પ્રદ્યોતન ' ક્રિયાવાચી ' પજ્જોઅ ' શબ્દ સકર્મક છે, તો એના કર્મ તરીકે અર્થાત્ પ્રકાશવાના વિષય તરીકે કોઇ વસ્તુ લેવી જોઇએ; અને તે પ્રદ્યોત્ય-પ્રકાશનીય વિષયને કહેનાર શ્રી વીતરાગ સર્વજ્ઞ અરહંત છે. માટે, એ તત્ત્વ જ હોય, અતત્ત્વ નહિ. અતત્ત્વ તો અજ્ઞાનીના કથનમાં આવે, પૂર્ણ જ્ઞાનીના કથનમાં નહિ; રાગી-દ્વેષીના કથનમાં હોય, વીતરાગના નહિ.

તત્ત્વ સાત પ્રકારે જ કેમ? :—

હવે તે તત્ત્વ પણ જીવ, અજીવ, આદિ, સાત પ્રકારે જ છે; કેમકે આ સાતમાં સંપૂર્ણ તત્ત્વ સમાઇ જાય છે. કહ્યું છે, ' तत्त्वं ब्रह्मणि याथार्थ्ये ' એટલે કે ' तत्त्व ' શબ્દ બ્રહ્મ અને યથાર્થતા (યથાર્થ સ્વરૂપ), બેમાં વપરાય છે. અહીં ' યથાર્થ સ્વરૂપ ' અર્થ લઇએ તો એ સ્વરૂપ કોનું? એ પ્રશ્ન ઊભો થાય. એના ઉત્તરમાં સ્વરૂપવાન તરીકે વસ્તુમાત્ર તત્ત્વમાં જ આવે. એ સ્વરૂપ કેવું? તો કે ચેતનપણું અને જડપણું. એથી તત્ત્વમાં જીવ, અજીવ બે મુખ્ય પ્રકાર મળ્યા.

પ્ર૦—એકલું અજીવતત્ત્વ કે એકલું જીવતત્ત્વ કેમ ન હોય?

ઉ—અજીવ એટલે 'ન જીવ.' એ અર્થ કરવામાં જ 'જીવ' તત્ત્વ સિદ્ધ થઇ જાય છે. ત્યારે એકલું જીવ તત્ત્વ કહો, તો 'વસ્તુનો પ્રતિપક્ષી પણ હોય જ છે' એ નિયમ મુજબ જીવનો પ્રતિપક્ષી અજીવ પણ સિદ્ધ થઈ જ જાય છે. ' મનુષ્ય ' તો જ કહેવાય કે કોઇ અમનુષ્ય જીવ હોય. 'બ્રાહ્મણ' કહ્યો એટલે 'અબ્રાહ્મણ' કોઇ સિદ્ધ થયો જ. એમ 'જીવ' કહેવાથી 'અજીવ' પણ કાંઇક છે એ પુરવાર થાય છે.

પ્ર૦—શું તત્ત્વના જીવ અને અજીવ બે જ પ્રકારથી ન ચાલે? વધારે પ્રકારની શી જરૂર?

ઉ૦—ના, 'જીવ' કહ્યો એટલે એ કેવો બદ્ધ કે મુક્ત? એમ પ્રશ્ન થાય ત્યાં ઉત્તરમાં બદ્ધ અને મુક્ત જીવો કહેવા જતાં બંધ અને મોક્ષ એમ બે પ્રકાર સિદ્ધ થાય. જો બદ્ધ છે, તો શાથી બંધાય છે એ જિજ્ઞાસાના ઉત્તરમાં 'આશ્રવ' પ્રકાર મળે છે; જો મુક્ત થાય છે તો કેવી રીતે મુક્ત થાય, એ

જિજ્ઞાસાના ઉત્તરમાં 'સંવર' અને 'નિર્જરા', એમ બે પ્રકાર મળે; કેમકે નવા બંધન રોકવા માટે આશ્રવ નિરોધરૂપી સંવરની, અને જૂના બંધન કાપવા માટે તે કાપનાર 'નિર્જરા'ની જરૂર પડે. આમ પ્રકાશનીય તત્ત્વ એટલે 'યથાર્થ સ્વરૂપ' સાત પ્રકારમાં સંપૂર્ણતઃ સમાઇ જાય છે.

ત્યારે 'તત્ત્વ'નો અર્થ બ્રહ્મ લઈએ તો બ્રહ્મ એટલે શુદ્ધ આત્મા અર્થાત્ 'મોક્ષ' પ્રકાર પ્રાપ્ત થયો. પરંતુ પ્રશ્ન થાય છે કે તો શું કોઇ અશુદ્ધ આત્મા છે કે એની સામે 'શુદ્ધ' એવું વિશેષણ આત્માને લગાડવું પડે છે? ના કહેવાય નહિ, નહિતર વ્યર્થ વિશેષણતત્ત્વની આપત્તિ આવે. હા કહેતાં અશુદ્ધ આત્મા, અમુક્ત આત્મા તરીકે 'જીવ' પ્રકાર મળે. પછી પૂર્વની જેમ જીવની સામે અજીવ પ્રકાર સિદ્ધ થાય. જીવ જે અમુક્ત છે તો શાથી? 'બંધ'થી. બંધ શાથી? 'આશ્રવ'થી. બંધ યા આશ્રવ અટકે શી રીતે? 'સંવર'થી. જૂના બંધ તૂટે કેવી રીતે? 'નિર્જરા'થી. આમ પણ તત્ત્વ સાત પ્રકારમાં સંપૂર્ણતઃ સમાઇ જાય છે. હવે જે નવી જિજ્ઞાસાઓના ઉત્તરમાં પદાર્થ મળવાના, એ બધા આ સાતના જ અવાંતર પ્રકાર બનવાના. એટલે તત્ત્વના સાત જ પ્રકાર કહ્યા તે યથાર્થ છે.

પ્ર૦—તત્ત્વ જીવ અને અજીવ એ બે પ્રકારમાં શું સંપૂર્ણપણે નથી સમાઇ શકતું તે સાત પ્રકાર કહ્યા છો?

ઉ૦— સમાઈ શકે છે ખરૂં, પણ અહીં ધ્યાન રહે કે ભગવાન તત્ત્વનો પ્રકાશ જે કરે છે તે મોક્ષોપયોગી તત્ત્વનો. જીવોને જે તત્ત્વજ્ઞાનથી મોક્ષ માટેનો પ્રકાશ ન ખૂલવાનો હોય તો એવા તત્ત્વને જાણવાથી કે જણાવવાથી શો લાભ? શો ઉપકાર? માટે મોક્ષોપયોગી તત્ત્વ બતાવવું હોય તો પૂર્વોક્ત સાતે ય પ્રકાર બતાવવા પડે.

કર્મત્વ શું?:— વાત આ ચાલે છે કે પ્રભુને પ્રદ્યોતકર કહ્યા એમાં પ્રદ્યોત ક્રિયા સકર્મક હોવાથી કર્મ, પ્રસ્તુતમાં પ્રકાશનીય સાત તત્ત્વ, અર્થાત્ પ્રાપ્ત થાય છે. અકર્મક ક્રિયા, જેમકે થવું, પડવું, ઊંઘવું, વગેરે ક્રિયા હોત તો કર્મનો લાભ ન થાત. પ્રકાશવાની ક્રિયા સકર્મક છે, કેમકે પ્રકાશે છે ભગવાન, એ કર્તા છે; અને પ્રકાશવાનાં સાત તત્ત્વ છે, એ કર્મ છે, પ્રકાશન-ક્રિયાનાં ફળનો આશ્રય છે. પ્રકાશન-ક્રિયાનું ફળ પ્રકાશની વિષયતા છે, એ વિષયભૂત તત્ત્વમાં રહે છે. તો **धात्वर्थक्रियाफलाश्रयत्वम् कर्मत्वम्** એ નિયમાનુસાર પ્રકાશક્રિયાના ફળ 'વિષયતા'નો આશ્રયભૂત તત્ત્વ એ કર્મ બન્યું.

પ્ર૦— જીવાદિ તત્ત્વને પ્રકાશની વિષયતાના આશ્રયને બદલે પ્રકાશના જ આશ્રય તરીકે કેમ ન લેવાં? એથી લાભ એ છે કે પ્રભુ એ સમસ્ત તત્ત્વરૂપ સંપૂર્ણ લોકને પ્રકાશ કરનારા તરીકે સિદ્ધ થાય ને?

ઉ૦— ના, જીવાદિ બધા તત્ત્વને પ્રદ્યોતના વિષય અર્થાત્ પ્રદ્યોત્ય તરીકે લેવાને બદલે પ્રદ્યોતના આશ્રય એટલે કે પ્રદ્યોતવાળા તરીકે લેવાનું શક્ય જ નથી; કેમકે એમાં તો અજીવાદિ તત્ત્વની અન્તર્ગત ધર્માસ્તિકાય વગેરે અચેતન પદાર્થ પણ આવે છે, અને એમાં પ્રદ્યોતન અર્થાત્ જ્ઞાન-ધર્મ આવવાનો કોઈ સંભવ જ નથી. પ્રકાશ-ધર્મ તો ચેતનનો છે, અચેતનનો નહિ.

પ્ર૦—**અહીં 'प्रद्योतनं प्रद्योतः' એવો ભાવસાધન પ્રયોગ કરો ને?** ભાવસાધન એટલે માત્ર ક્રિયા કહેનારો, પણ કર્મની વિવક્ષા ન રાખતો એવો 'પ્રદ્યોત'નો પ્રયોગ. સારાંશ 'લોકપ્રદ્યોતકર'નો અર્થ 'લોકને પ્રદ્યોતનારા ઝગમગાવનારા' એવો કેમ નહિ કરી શકાય?

ઉ૦—ભાવસાધન એટલે આપ્ત સર્વજ્ઞના વચનથી સાધ્ય જે શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમરૂપી ભાવ એનું જ સાધન કરતો પ્રયોગ. હવે ક્ષયોપશમરૂપી પ્રદ્યોત તો એમાં આવવાનો જ ને? અને એ ધર્મ અચેતન દ્રવ્યમાં સંભવતો નથી; તેમ ચેતન આત્મામાં સંભવે છે તે કાંઇ નિર્વિષયક હોય નહિ. પ્રદ્યોત તો સવિષયક ધર્મ છે. અર્થાત્ આપ્ત એવા સર્વજ્ઞ પ્રભુનાં વચનથી આત્મામાં જે જ્ઞાન થાય

છે, તો તે જ્ઞાનનો વિષય પણ કોઈ હોવો જ જોઈએ. વચનથી જાણવાનું બને છે તો જાણવા યોગ્ય વસ્તુ હોવી જ જોઈએ. તે જ સાત પ્રકારનું તત્ત્વ છે. એનામાં જ્ઞાન-યોગ્યતા છે, અને તે એનું યથાર્થ સ્વરૂપ પ્રકાશનારા સર્વજ્ઞ શ્રી અરહંત પરમાત્માનાં વચનની અપેક્ષાએ, વચનને અનુસરીને. આમ સાત તત્ત્વ પ્રદ્યોત્ય તરીકે સિદ્ધ થાય છે, પ્રદ્યોતવાન તરીકે નહિ.

પ્ર૦— અચેતન ઘડો વગેરે પદાર્થો દીવાના પ્રકાશવાળા બને તો છે, તો અહીં પણ અચેતનને સર્વજ્ઞ વચનના પ્રકાશવાળા ધર્મવાળા શું ન કહેવાય ?

ઉ૦— એ દૃષ્ટિએ કહી શકાય, પણ તેનું તાત્પર્ય જુદું છે. દા. ત. ઘડો દીવાના પ્રકાશવાળો એટલે ? દ્રષ્ટા પુરુષને દીવાની અપેક્ષાથી અર્થાત્ સહાયથી થતા દર્શનનો વિષય ઘડો બને છે. વિષય-ભાવે એ પરિણુત દર્શનની વિષયતારૂપી પરિણુતિ ધર્મવાળો એ બને છે; એવી જ રીતે સર્વજ્ઞ વચનની અપેક્ષાથી થતા બોધની વિષયતારૂપી પરિણુતિવાળા અચેતન દ્રવ્યો પણ બને છે. એ દૃષ્ટિએ પ્રકાશવાળા કહેવાય.

(લ૦—) तदेवं स्तवेष्वपि एवमेव वाचक-प्रवृत्तिरिति स्थितम् । एतेन स्तवेऽपुष्कल-शब्दः प्रत्यवायाय इति प्रत्युक्तं, तत्त्वेनेदृशस्यापुष्कलत्वायोगादिति लोकप्रद्योतकराः ॥१४॥

एवं लोकोत्तमतया लोकनाथभावतो लोकहितत्वसिद्धेर्लोकप्रदीपभावात् लोकप्रद्योत-करत्वेन परार्थकरणात् स्तोतव्यसंपद एव सामान्येनोपयोगसंपदिति ॥४॥

અર્થ :—એટલે સ્તુતિમાં પણ એ જ રીતે શબ્દપ્રયોગ થાય છે, એ સિદ્ધ થયું. એથી 'સ્તુતિમાં સંકુચિત અર્થવાળો શબ્દ અનર્થ (અસુંદરતા)નું કારણ બને છે'—એ આક્ષેપનું ખંડન થઈ જાય છે; કેમકે તાત્ત્વિક દૃષ્ટિએ આવો તે તે અર્થવાળો 'લોક' શબ્દ એ સંકુચિત અર્થવાળો છે જ નહિ. આ રીતે લોકપ્રદ્યોતકરની સિદ્ધિ થઇ. એમ લોકોત્તમતાથી, લોકનાથપણાથી, લોકહિતરૂપતા સિદ્ધ થવાથી, લોકપ્રદીપરૂપતાથી, અને લોકપ્રદ્યોત કરવા દ્વારા પરહિત કરવાનું બને છે, માટે (આ પાંચ પદમય) સ્તોતવ્ય સંપદ (અરહંત ભગવંત)ની જ ઉપયોગ-સંપદા છે.

વિવેચન :—

'લોક' નો અર્થ રૂઢિથી સંકુચિત, પણ તાત્વિક દૃષ્ટિએ અન્યૂન :—

આ રીતે ભગવદ્-વચનથી પ્રદ્યોત એટલે કે ઉત્કૃષ્ટ પ્રકાશ શ્રી ગણધર મહર્ષિઓને થવાનું સિદ્ધ થયું; એટલે 'લોગપજ્જોઅગરાણં' પદમાં પણ સંકોચ કરીને લોક શબ્દનો અર્થ સમસ્ત અસ્તિકાય લોક કે જીવલોક, યા ભવ્ય સંજ્ઞી લોક નહિ, પરંતુ ઉત્કૃષ્ટમતિ ગણધરલોક જ લેવાનો છે. સ્તુતિમાં આ રીતે જ, એટલે કે સાથે જોડાનાર પદના અર્થની અપેક્ષા રાખીને સંકુચિત અર્થના વાચક શબ્દોની પ્રવૃત્તિ થાય છે.

પ્ર૦— સ્તુતિમાં એવા ન્યૂન અર્થવાળા શબ્દનો પ્રયોગ તો અનર્થ માટે થાય છે, સ્તુતિ ખામીવાળી થાય છે, કેમકે પ્રસ્તુતમાં 'લોગુત્તમાણં' વગેરે પાંચ પદોમાં, 'લોક' શબ્દ આમ જ્યારે સંપૂર્ણ લોકના અર્થમાં રૂઢ છે ત્યારે, તમે એને એ અર્થમાં નથી લેતા. શું એથી હાનિ નથી ?

ઉ૦— ના, તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં, અર્થાત્ વાસ્તવિક સ્તુતિ-સ્વરૂપ જાળવવાની અપેક્ષાએ, 'લોક' શબ્દને સમસ્ત પંચાસ્તિકાય લોક નહિ કિન્તુ એના એક વિભાગમાં જ પવર્તમાન તરીકે લેવો પડે. દા. ત. 'લોકોત્તમ' તરીકેનું સ્તુતિનું સ્વરૂપ તો જ વાસ્તવિક ગણાય કે પ્રભુને જે ઉત્તમ કહેવાના, તે લોકના એક ભાગભૂત ભવ્ય લોકમાં જ ઉત્તમ તરીકે, પણ નહિ કે સમસ્ત ચેતનાચેતનમાં

ઉત્તમ; કેમકે એવી તો હકીકત છે નહિ. તેથી એવી સ્તુતિ અવાસ્તવિક સ્વરૂપવાળી બની ગણાય. આમ 'લોક' શબ્દ, 'સંપૂર્ણ લોક'ના રૂઢ અર્થમાં ન વપરાવા છતાં, લોકના એક ભાગમાં પ્રવર્તમાન બનીને જ વાસ્તવિક સ્વરૂપવાળી સ્તુતિનો સંપાદક થાય છે; માટે એવા શબ્દના પ્રયોગમાં કોઈ અનર્થ, હાનિ કે ન્યૂનતા નથી. હા, લોકમાં રૂઢ એવા પોતાના અર્થની અપેક્ષાએ ન્યૂનતા ભલે ગણાય; પરંતુ વસ્તુસ્થિતિની દૃષ્ટિએ ન્યૂનતા નથી.

આ રીતે ભગવાનમાં લોકપ્રદ્યોતકરતા સિદ્ધ થઇ.

૪ થી સામાન્ય ઉપયોગ સંપદાનો ઉપસંહારઃ—

આ પ્રમાણે 'લોગુત્તમાણં' પદથી 'લોગપજ્જોઅગરાણં' પદ સુધીના પાંચ પદની સામાન્ય-ઉપયોગ સંપદા થઈ. ઉપયોગસંપદા એ રીતે કે ભગવાન લોકોત્તમતાથી, લોકનાથપણા દ્વારા, લોક-હિતરૂપતાએ કરીને, લોકપ્રદીપપણાને લીધે, અને લોકપ્રદ્યોત કરવાના હિસાબે પરહિત કરનારા છે; માટે ભગવાનનો એ સામાન્ય ઉપયોગ થયો, અર્થાત્ સ્તોતવ્યસંપદા જે અરહંત ભગવંતની છે, તેની જ આ સામાન્ય ઉપયોગ સંપદા થઈ.

ત્રિલોકનાથ, અચિંત્યશક્તિ, અનંતોપકારક, વીતરાગ સર્વજ્ઞ દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્મા અને પરમ કારુણિક, સંસારસમુદ્રોદ્ધારક, સિદ્ધાન્તમહોદધિ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાએ કરેલી શ્રી લલિતવિસ્તરાવાચનાના અવતરણના પરિષ્કૃત લેખનો પ્રથમ ભાગ શ્રીમદ્‌ના ચરણસેવક પંન્યાસ ભાનુવિજયે વીર સં૦ ૨૪૮૬ માગશર સુદ પૂનમે પૂર્ણ કર્યો, અને એઓનો અત્યંત ઉપકૃત બન્યો છે. જિનાજ્ઞા-વિરુદ્ધ કાંઈપણ બોલાયું-લખાયું હોય તે મિચ્છા મિ દુક્કડં.

卐 પ્રથમ ભાગ સમાપ્ત. 卐

પરિશિષ્ટ

વિષય	પાનું
અ	
અકિંચનવ્રત	૧૮૦
અક્રમ	૨૯૧
અક્રમવદ્ અસત્	૨૮૮
અક્રમવદ્ અસતનું ખંડન	૨૯૧
અખિન્નતા	૨૭૩, ૨૭૫
અગર્હિતક્રિયા	૭૨
અંગસૂત્રો	૧૬
અઘાતી કર્મ	૨૪
અચરમાવર્ત	૧૦૪
અજીવ	૩૩૨
અંજલિબદ્ધ પ્રણામ	૧૪૪
અઢાર દોષ	૧૮૭
અતાત્ત્વિક ધર્મસંન્યાસ	૨૦૧
અતિપરિણત	૬૨
અતિરોગી	૩૧૦
અદીનતા	૨૬૨, ૨૬૪
અદૃઢાનુશય	૨૬૨, ૨૬૫
અદ્વેષ જિજ્ઞાસાદિ ૮	૨૩૫
અદ્વૈત	૧૮૮
અધર્માસ્તિકાય	૧૫
અધિકરણ	૧૪
અધિકરણઉપશમ–ચિત્ત	૨૨૨
અધીરતા	૭૨
અધ્યવસાય ૨૨, ૩૪, ૩૫,	૧૯૫
અધ્યાત્મયોગ	૨૩૧
અધ્યાત્મયોગનું ફળ	૨૩૩
અનધિકારી–નવો રોગી	૨૧૪
અનધિકારીને અનર્થ	૧૧૫
અનધિકારીને દેતાં દોષ	૭૮
અનનુષ્ઠાન	૨૨૭
અનભિલાપ્ય	૩૨૬
અનર્થ ભયંકર	૩૧૨
અનશન	૨૧૮
અનક્ષર શ્રુત	૨૦૬
અનાત્મજ્ઞ	૬૨
અનાદર	૩૮
અનાદિપારિણામિક	૨૯૯
અનાદિ ભવનો અંત	૩૩૩
અનાદિ મહેશ નહિ	૨૫૮
અનાનુપૂર્વી	૨૯૧
અનાયતનનો ત્યાગ	૨૨૨
અનિત્ય ભાવના	૨૨૦
અનિવૃત્તિકરણ	૨૦૦
અનિવૃત્તિબાદર	૧૩૧
અનિષ્ટ દુષ્ટ કર્મ	૭૬
અનીશમાંથી યશ	૧૩૫
અનુકંપા	૨૦૦
અનુગત	૬૫
અનુગ્રહ	૨૫૭
અનુગ્રહ યોગ્યતાસાપેક્ષ	૨૫૭
અનુચિત જીવનચર્યા	૪૬
અનુદાત્ત	૧૬
અનુપયોગ	૧૬૧
અનુપહત ચિત્ત	૨૬૫
અનુપ્રેક્ષા	૧૭૦
અનુબંધ	૩૪
અનુબંધવશ–ઉપેક્ષા	૨૩૨
અનુબંધ ચતુષ્ટય	૭, ૨૦
અનુબંધ–પ્રમોદ	૨૩૨
અનુબંધ–વિચ્છેદ	૨૩૩
અનુબંધશુદ્ધ અનુષ્ઠાન	૨૨૬
અનુયોગ	૫
અનુવર્તનશીલ	૧૬
અનુવૃત્તિ પર્યાય	૧૬
અનુષ્ઠાન ૩ શુદ્ધ	૨૨૬
અનુષ્ઠાન ૫ સદ્–અસત્	૨૨૭
અનુષ્ઠાનમાં ૫ વસ્તુ	૩૨૪
અનેક શુભ ભાવનાની જરૂર	૬૪
અનેકાંતદૃષ્ટિ	૨૬૨
અનેકાંતવાદ	૬
અનેકાંતવાદ, પ્રદીપ દૃષ્ટાન્તથી	૩૧૭
અંતરકરણ	૨૦૦
અંતરાત્મદશા	૧૮૫
અંતરાય કર્મ	૨૩
અનંતકાય	૩૦૮
અનંતધર્માત્મક	૧૩૮
અનંતપર્યાય	૧૬
અનંતાનુબંધી	૧૨૬
આંધપ્રદીપ	૩૧૬
અન્યત્વ ભાવના	૨૨૧
અન્યમુદ્	૩૮
અન્યોન્ય યોગ્યતા	૩૨૬
અપકૃષ્ટિય૦ સંપદા	૧૨૮, ૧૩૬
અપરિણત	૬૨
અપવાદ એ ઉત્સર્ગ	૬૦
અપવાદની શુભાનુબંધિતા	૮૬
અપવાદનું શુભપણું	૮૮
અપવાદ મહાપુરુષસેવિત	૬૦
અપવાદમાર્ગ	૮૭
અપવાદહિંસા	૩૧૨
અપવાદાભાસ	૬૦
અપાય	૨૦૬
અપાયવિચય	૨૧૬
અપુનર્બંધક	૧૦૩,૨૨૬
અપુનર્બંધકતા કાળ	૩૦૬
અપુષ્ટાલંબન	૮૬,૬૦
અપૂર્વકરણ	૧૬૮
અપૂર્વકરણ ગુણસ્થાનક	૧૩૧
અપૂર્વ ગુણશ્રેણિ	૧૬૬
અપૂર્વ ગુણસંક્રમ	૧૬૬
અપૂર્વ રસઘાત	૧૬૬
અપૂર્વ સ્થિતિબંધ	૧૬૬
અપેક્ષાઓ	૬૮
અપૌરુષેયવેદમત	૨૪૬
અપૌરુષેયવેદમત ખંડન	૨૫૩

વિષય	પાનું
અપ્રત્યાખ્યાનીય	૧૨૯
અપ્રમત્ત	૧૩૧
અપ્રશાંતવાહિતા	૩૭
અબોધ શ્રવણ	૩૧૬
અભય	૧૩૬
અભયદયાણું	૧૨૮,૧૩૬
અભયદાન	૨૧૬
અભક્ષ્ય	૧૫૧
અભાવ	૨૮૫
અભિન્ન એ ભિન્ન કેમ	૨૯૭
અભિનસ્વભાવ-ખંડન	૨૮૪
અભિરુચિ	૩૨૨
અભિલાપ્ય	૩૨૬
અભિવ્યાપ્તિથી જ્ઞાન	૮
અભિષેકાદિ પૂજા	૧૧૮
અભ્યન્તર તપ	૨૧૮
અભ્યુત્થાન	૨૨૮
અમલ	૧૬૬
અમૂર્તત્વ	૨૮૪
અમૃતાનુષ્ઠાન	૨૨૭
અયોગ્ય ચેષ્ટાના વિપાક	૨૨૨
અયોગ્યતા નિવારણના ઉપાય	૮૧
અયોગ્યતાની મુંઝવણ કેમ ટળે ?	૮૧
અયોગી કેવળી	૧૩૨
અરહંત	૧૬૯
અરહંત અનંતા	૧૮૭
અરહંત–અરિહંત	૧૪૭
અરહંત કોણ	૧૮૭
'અરિહંત' ૪ નિક્ષેપે	૨૦૭
અરહંતાણું પદ પર વિભક્તિવચનની વિચારણા	૧૮૨
અરિહંત એટલે	૩૪
અરિહંતના ૩૪ અતિશયો	૨૧૦
અરિહંતની ઉત્તમતાના ૧૦ ગુણો	૨૬૨
અરિહંતની કૃપા	૩૦૪–૩૦૫
અરિહંતના શૌર્યાદિ–	
સિંહગુણો	૨૭૩
અરિહંતના કમળ ગુણો	૨૮૦
અરિહંતની ભાવના	૩૦૪
અરિહંતની વાણીના ૩૫ અતિશયો	૨૧૩
અરિહંતની શ્રી	૨૧૦
અરિહંતનું રૂપ	૨૦૯
અરિહંતનો યશ	૨૦૯
અર્થ	૬૬, ૭૦
અર્થચિંતા	૫૬
અર્થમાર્ગ	૧૩
અર્થયોગ	૨૮
અર્થસંકલના	૬૭
અર્થાવગ્રહ	૨૦૬
અર્થી	૪૧
અર્થી કેમ બનાય	૪૨
અર્થોપયોગ	૬૬
અર્ધાવનત પ્રણામ	૧૪૪
અર્હત્–તીર્થ	૨૪૯
અર્હત્તીર્થ જ કેમ તારક	૨૪૯
અર્હત્ તીર્થની વિશેષતાઓ	૨૫૦
અર્હત્પરમાત્માનો પ્રતાપ	૩૦૪
અર્હત્ સ્તુતિ ફળ	૧૩૫
અર્હદ્ વંદના	૧૨૨
અલોકાકાશ	૩૦૮
અલ્પભવતા	૧૬૭
અવગાહ્ય–અવગાહક	૨૪૨
અવગ્રહ	૨૦૫
અવધિજ્ઞાન	૨૦૬
અવંચક યોગ	૨૩૫
અવજ્ઞાગુણ	૨૭૧, ૨૭૪
અવિપર્યાસ–અનુપયોગ	૧૬૧
અવિરતિસમ્યગ્દૃષ્ટિ	૧૩૦
અવિસંવાદ	૨૫૧
અવ્યાબાધપ્રમોદ	૨૩૨
અશરણભાવના	૨૨૧
અશુચિભાવના	૨૨૧
અશુભ ભાવ	૩૪
અશ્રદ્ધા	૧૦૬
અષ્ટાંગ–નમન	૧૨૧
અસંગ અનુષ્ઠાન	૩૨૩
અસત્નો અભાવ	૨૮૪
અસત્માં ભેદ શો ?	૧૪૧
અસત્ સ્તુતિ અંધકારનૃત્ય	૨૯૩
અસત્ય અનીતિ કેમ વધ્યા	૫૩
અસત્યહેતુ	૩૦૯
અસ્થાને ઉત્સર્ગ–અપવાદ	૧૦૨
અસદ્ અર્થની સ્તુતિ	૨૯૨
અસદ્ભૂત સ્થાપના	૧૭૬
અસંજ્ઞી	૩૩૨
અસંજ્ઞીશ્રુત	૨૦૬
અસહિષ્ણુતાગુણ	૭૧–૨૭૪
અસર્વજ્ઞ દર્શન	૩૧૬
અસર્વજ્ઞ દર્શન લોકહિત કેમ ન બને ?	૩૧૧
અસાધારણ હેતુસંપદા	૧૩૩
અહંકાર	૧૧૯
અહંત્વનાશ	૩૨૪
अहितं पथ्यमपि	૩૧૦
અક્ષરશ્રુત	૨૦૬
અક્ષય	૧૫૬
અજ્ઞનો ઉપહાસ નહિ	૧૬૩
અજ્ઞાન કરુણા	૨૩૨
આ	
આઇગરાણું	૨૩૭
આઇગરાણું સંપદા	૧૨૭, ૧૩૫
આકાશ	૧૪, ૨૪૨
આગમગમ્ય	૧૬૧
આગમધાર્મિકમત	૨૪૬
આગમધાર્મિકમત ખંડન	૨૪૭
આગમાદેશ વિના પાપપ્રવૃત્તિ	૩૧૨
આગાર	૨૧૭
આચાર અનુષ્ઠાન	૬૪, ૧૦૯
આજનું જ્ઞાન	૬

વિષય	પાનું
આઠ પ્રાતિહાર્ય	૨૦૮
આત્મચિંતા	૫૬
આત્મતુલ્ય-પરફળ કર્તૃત્વ	
સંપદા	૧૩૪
આત્મદર્શન	૬૪
આત્મનિંદા	૩૨૨
આત્મલક્ષ્મી	૧૬૪
આત્મવત્ સર્વભૂતેષુ	૬૪
આત્મશુદ્ધિની ઉપેક્ષાના પરિણામ	૩૪
આત્મસાત્	૩૨૩
આત્મા અનિત્ય	૬૪
આત્મા કર્તા	૨૪૦
આત્મા-કર્મ-સંસાર	૨૩
આત્માના ૬ સ્થાન	૧૮૬
આત્મા નિત્ય	૬૪
આત્માની ૩ દશા	૧૮૪
આત્માની શુદ્ધ અવસ્થા	૨૩
આત્માની સાબિતી	૯
આત્મામાં કર્માણુના સંબંધની યોગ્યતા	૨૪૧
આત્મારામતા	૨૩૪
આત્મોત્ક્રાન્તિ	૧૦૬
આત્મોન્નતિના ૧૦ ગુણ	૨૬૩
આદર	૩૨૨
આદર-સત્કાર	૩૨૪
આનુષંગિક	૧૭૪
આંતર શત્રુ કેમ મરે	૩૨૪
આપમતિ	૧૧૯
આપ્ત	૧૮૦
આમિષપૂજા	૧૭૮, ૧૭૯
આયુષ્ય કર્મ	૨૩
આયુષ્ય પર ચિંતન	૨૨૨
આયોજ્યકરણ	૨૦૨
આર્તધ્યાન	૨૧૯
આલંબન	૩૩, ૩૨૨
આવશ્યક સૂત્રો	૧૭
આંશિક વ્યાખ્યા	૧૩

વિષય	પાનું
આશય પાંચ	૨૨૫
આશયભેદ	૧૦૬
આશંસાત્યાગ	૩૩
આશ્રિત મૈત્રી	૨૩૨
આસંગ	૩૮
આસન	૨૭, ૬૩, ૧૫૬, ૨૩૬.
આસ્તિકય	૨૦૧
આસ્રવ	૨૨૧, ૩૩૨
આહાર સંજ્ઞા	૧૪૪,૧૪૫
આજ્ઞાવિચય	૨૧૯

ઇ

ઇક્કો વિ નમુક્કારો	૨૦૪
ઇચ્છાયમ	૨૩૫
ઇચ્છાયોગ	૧૮૮/૧૮૯/૨૩૪
ઇચ્છાયોગાદિ	૩
ઇચ્છા વિના કૃપા	૩૦૫
ઇતર દર્શનમાં જૈન નહિ	૧૦૦,૧૦૨
ઇતિ	૨૦
ઇનામનું સ્થાન	૧૫૧
ઇર્યાપથ કર્મ	૨૦૨
ઇર્યાસમિતિ	૩૩૨
ઇશ્વર અનાદિ ?	૧૮૩
ઇશ્વર કર્તૃત્વ	૧૮૪
ઇશ્વર દંડ ન દે	૧૮૪
ઇશ્વરને દેહ	૧૮૪
ઇશ્વર લીલા નહિ	૧૮૪
ઇષ્ટની વ્યાખ્યા	૩૧૦

ઉ-ઊ

ઉક્તક્રિયા	૧૩૫,૨૬૨
ઉચિત આસન	૬૩
ઉચિત આસનક્રિયા	૧૫૬
ઉચિત કુલ	૧૭૧
ઉચિત કૃત્યપાલન	૧૭૧
ઉચિત ક્રિયા	૨૬૨,૨૬૩
ઉચિત વૃત્તિ	૪૮
ઉછળતી પ્રીતિભક્તિ	૩૨૪
ઉત્ક્રમ	૨૯૧
ઉત્કૃષ્ટ યોગ	૨૩૪

વિષય	પાનું
ઉત્થાન	૩૬
ઉત્તમ સજ્જનીયમાં જ	૬૮, ૨૯૫
ઉત્તર સાંખ્ય	૨૩૭
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય	૬૮
ઉત્સર્ગ-અપવાદનો ઉદ્દેશ	૮૭
ઉત્સવ	૧૭૧
ઉદાત્ત	૧૬
ઉદ્વેગ	૩૭
ઉપર એ પરંપરાએ	૨૫૩
ઉપકાર વિધિ	૨૭૮
ઉપકારી પ્રત્યે દાન	૭૪
ઉપકારી મૈત્રી	૨૩૨
ઉપચાર પૂજા	૧૨૦
ઉપદેશ	૧૭૧
ઉપપાત જન્મ	૩૧૫
ઉપપન્ને	૩૨૬
ઉપમા વિચાર	૨૭૦,૨૭૬
ઉપમિતિ કથા	૩
ઉપયોગ	૩૨,૬૬
ઉપયોગ-પ્રાધાન્ય	૧૫૭
ઉપયોગે ધર્મ	૨૬
ઉપશમ	૨૬,૧૬૪
ઉપશમ શ્રેણિ	૧૩૧
ઉપશમ સમ્યક્ત્વ	૧૩૦
ઉપશાંત મોહ	૧૩૨
ઉપસર્ગજય	૨૭૫
ઉપાંગ સૂત્ર	૧૭
ઉપાદેય બુદ્ધિ	૧૪૪
ઉપાસના	૩૨૨
ઉપેક્ષા	૨૩૨
ઊનોદરિકા	૨૧૮

ઋ

ઋજુસૂત્ર	૬૫, ૩૧૭

એ

એક અરિહંત સર્વના નાથ નહિ	૩૦૬
એક ક્રિયામાં બીજી ક્રિયાનો વિચાર	૩૨

વિષય	પાનું
એક જ વસ્તુમાં નિત્યતા-અનિત્યતા	૯૯
એકજ સત્ અસંગત	૩૧૧
એકત્વ	૨૨૧
એકત્વ વિતર્ક અવિચાર	૨૧૯
એકનિષ્ઠતા	૩૨૩
એકની યોગ્યતાથી એનો સંબંધ નહિ	૨૪૨
એષણા સમિતિ	૩૩૨
એકાગ્રતા	૩૩, ૧૨૫
એકાનેક સ્વભાવ	૨૮૩/૨૮૮
એકાંત અનિત્યના ગુણદોષ	૧૦૦
એકાંત ઉત્સર્ગ-અપવાદ	૧૦૨
એકાંત દર્શન મિથ્યા	૯૭
એકાંત નિત્યના ગુણ દોષ	૧૦૦
એકાંતવાદે 'બ્રહ્મ' અસંગત	૩૧૮
એવંભૂત	૯૫
ઓ	
ઓઘ સંજ્ઞા	૧૪૬
ઓરમાન પુત્ર	૧૦૬
ઔ	
ઔચિત્ય ૫૨,	૨૩૧,૩૨,૬૪
ઔચિત્યનું સેવન ૪૮, ૧૦૫,	૨૩૧
ઔત્પાતિકી	૩૨૭
ઔદયિક પરિણામ	૨૫૩
ઔદયિક ભાવ	૨૯૯
ઔપશમિક	૨૫૩
ઔપશમિક ભાવ	૨૯૯
ઔષધ રૂપ ક્રિયા	૧૬૭
ક	
કથનાનુસાર વસ્તુ પરિણતિ	૨૯૧
કરતલ સ્થાપના	૧૨૦
કરૂણા ૪	૨૨૦,૨૩૨,૨૬૪
કરૂણાવશ ઉપેક્ષા	૨૩૨
કર્તવ્યશુદ્ધિ	૧૭૧
કર્તવ્યભ્રષ્ટ	૧૧૦
કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ	૩૨૧
કર્તૃ-કર્મભાવ સાપેક્ષ	૩૧૨
કર્તૃત્વ	૨૪૦
કર્તૃભાવ-કર્મભાવ	૩૧૧
કર્મકારણ	૨૪૪,૩૩૨
કર્મકારણ દ્વિધા	૩૧૪
કર્મત્વ	૩૩૪
કર્મનાં ફળ	૨૩
કર્મનું સ્વરૂપ	૨૩
કર્મ પ્રત્યે શૂર અને ક્રૂર	૨૭૪
કર્મવિયોગ	૨૪
કર્મસંબંધ-યોગ્યતાનો નાશ	૨૪૦
કર્મસંબંધ-યોગ્યતા શું ?	૨૪૦
કર્મ-સંયોગ	૨૪
કર્માણુ-સંબંધ	૨૩૮
કર્મોના સ્થિતિકાળમાં ફેરફાર	૫૦
કર્મોનો વિશિષ્ટ ક્ષય	૪૯
કલ્યાણદાતા જિન	૨૫૪
કલ્યાણ માર્ગ	૧૦૩
કલ્યાણયોગ્યતા	૨૫૩
કષપરીક્ષા	૯૩
કષાય	૧૨૨
કષાયકોઠો	૧૩૦
કષાય સંજ્ઞા	૧૪૬
કક્ષા	૮૧
કક્ષાનુસાર ધર્મ	૧૮૧
કક્ષાભેદ	૧૧૦
કક્ષાભેદે સાધના જુદી	૧૧૦
ક્રમ ૩	૨૯૧
ક્રમ બે રીતે	૨૯૨
ખ	
ખામોશ	૭૧
ખેદ	૩૭
ખેદ વગેરે ૮ દોષ	૩૭
ખડુંકે-ખડુંકે	૨૬૬
ગ	
ગચ્છવાસ	૯૦
ગણધર નિર્માણ	૩૨૬
ગણધરબોધ	૩૨૬
ગણધર રચનામાં પ્રમાણ	૨૭૮
ગણિતાનું યોગ	૫
ગમ	૧૩
ગંભીર આશય	૨૬૨,૨૬૬
ગંભીર વિધિ-નિષેધ	૯૩
ગરાનુષ્ઠાન	૨૨૭
ગર્વ-ત્યાગ	૧૬૩
ગામડાની ડોશી	૧૦૭
ગુણ	૧૫૨
ગુણગ્રહણ ૮	૧૬૦
ગુણની કિંમત	૭૧
ગુણલક્ષ્મી-નિવાસ	૨૮૧
ગુણવાનને દાન	૭૫
ગુણવાન પર અદ્વેષ	૧૦૫
ગુણસાધક વિચારણા	૨૭૩
ગુણસ્થાનક	૧૨૯
ગુણસ્થાનકની પરિણતિ	૨૨૩
ગુણાનુરાગ	૬૫
ગુણો ભિન્નાભિન્ન	૨૯૮
ગુપ્તિ	૩૩૨
ગુરુ	૬૧
ગુરુકૃપા	૧૮
ગુરુ-દેવાદિ પૂજન	૨૨૯
ગુરુપર્વક્રમ	૮
ગુરુપૂજન ૧૨ પ્રકારે	૨૨૯
ગુરુયોગ	૧૫૨
ગુરુલાઘવ	૩૧૮
ગુરુવિનય	૬૧
ગૂઢાશય	૨૬૬
ગોત્રકર્મ	૨૩
ગૌત્રયોગી	૨૩૫
ગૌરવ-લાઘવ	૮૮
ગ્રન્થકારની નમ્રતા	૧૮
ગ્રન્થનું પ્રયોજન	૨૦
ગ્રન્થિભેદ	૧૬૮
ગ્રહસ્થ કક્ષા	૧૮૧
ગ્રહસ્થને ૪ પૂજા	૧૮૦
ઘ	
ઘડતર આત્માનું	૫૮, ૫૯

વિષય	પાનું
ધડો ફૂટ્યો પાણી ઢળ્યું	૩૨૭
ધાતી-અઘાતી	૨૪
ધાતીકર્મ	૨૦૨
ધાતી સાથે જ અઘાતીનો-	
વિનાશ કેમ નહિ	૨૫૨
ઘી–ચામડાના વેપારી	૧૦૭
ચ	
ચતુરિન્દ્રિય	૩૩૨
ચરણકરણાનુયોગ	૫
ચરમાવર્ત	૧૦૪
ચક્ષુ	૧૩૬
ચાકડો	૩૨૩
ચાર અનંતા	૩૩૩
ચાર પ્રકારની ચિંતા	૫૬
ચાર પ્રકારે નમસ્કાર	૧૭૬
ચારિત્ર	૩૩૨
ચારિત્ર ધર્મ	૧૭૦
ચારિત્ર મોહનીય	૨૩
ચારિત્ર સંજીવની	૨૨૯
ચારિત્રાચાર	૨૨૫
ચારી સંજીવની ન્યાય	૧૦૯
ચાલના	૧૪૮
ચિત્તની એકાગ્રતા	૩૩
ચિત્તન્યાસ	૫૮
ચિત્તભંગ–વારણ	૨૬૬
ચિત્તરોગ	૩૮
ચિત્તસરળગમન	૧૩૬
ચિંતન	૨૨૧
ચૈતન્ય આરોપ	૨૩૮
ચૈતન્ય પ્રતિબિંબ	૨૩૯
ચૈત્યવાસી	૬૨
ચૈત્યવંદન અચિંત્ય ચિંતામણિ	૭૯
ચૈત્યવંદન કયાં નિષ્ફળ ? ચૈત્ય-	
વંદન ફળ	૨૨–૨૭
ચૈત્યવંદનને લઘુતા	૮૦
ચૈત્યવંદનની નિષ્ફળતાનો મત	૨૧
ચૈત્યવંદનની પૂર્વ	
વિધિ	૧૧૬–૧૧૭

વિષય	પાનું
ચૈત્યવંદનનો અધિકારી	૪૫
ચૈત્યવંદનમાં માયા	૨૭
ચોવીસ જિન ૨૪ સૂર્ય	૧૨૫
ચૌદ ગુણ સ્થાનક	૧૨૬
ચૌદ પૂર્વિઓને દર્શનભેદ	૩૨૬
ચૌદ માર્ગણા	૧૩
છ	
છદ્મસ્થ વીતરાગ	૧૩૨
છેદ પરીક્ષા	૬૩
જ	
જડ આનંદ	૨૮૨
જડક્રિયા	૧૧૨
જડ હિત ઔપચારિક નહિ	૩૧૩
જય–તરણ–પ્રકાશ–ધ્રુવ–	
સ્થાન	૧૨૬
જલબિંદુ અમર	૧૬૦
જલ્પ	૧૬૩
જવાબદારી	૧૬૫
જાતિભવ્ય	૨૬૮
જાત્યરત્ન	૨૬૭
જાપ	૩૩
જિણાણું જાવ૦	૧૨૮
,, ,, સંપદા	૧૩૭
જિન અવિસંવાદ	૨૫૧
જિન કેટલા ?	૧૧
જિન–જીવનો મૌલિક ભેદ	૨૬૭
જિનના ચાર નિક્ષેપા	૧૭૭
જિન પ્રવચનની ગંભીરતા	૬૨
જિન પ્રવચનની વિશેષતા	૮૩, ૨૫૦
જિનમુદ્રા	૨૮–૬૩
જિન મુનિ–સેવકભાવ	૨૨૨
જિનસામર્થ્ય	૨૫૧
જિનાજ્ઞાની વફાદારી	૩૧૨
જિનાજ્ઞાનું મન પર વર્ચસ્વ	૩૧૨
જિનાજ્ઞા પ્રીતિમાં જિનપ્રીતિ	૮૨
જિનાજ્ઞામાં ધર્મ	૭૮
जिनेषु कुशलं चित्तं	૧૪૪
જિનોક્ત ધર્મની પ્રભાવના	૨૨૩

વિષય	પાનું
જિનોત્તમ	૧૧
જિજ્ઞાસા	૫૯–૧૪૯
જી	
જીવ	૧૪–૩૩૧
જીવ અજીવ બે તત્ત્વ કેમ	૩૩૩
જીવત્વ ને સત્ત્વાદિ	૨૮૪
જીવનના ૧૧ ગુણ	૧૬૦
જીવનમુક્ત	૧૮૭
જીવમાંથી શિવ	૧૩૫
જીવવિકાસમાં ૫ કારણ	૨૪૫
જીવોત્પત્તિ	૧૫૧
જીવો ત્રિવિધ	૧૯
જૈન દર્શનની સૂક્ષ્મતા–	
વ્યાપકતા	૬૨
જૈન દર્શનમાં ઇતર	
દર્શન	૧૦૦–૧૦૧–૧૦૨
જૈન દર્શન બીજા દર્શનમાં	
નહિ	૬૭
જૈન–નૈયાયિક દ્રવ્યાશ્રયભેદ	૨૬૭
જૈન મતે જ્ઞાન	૧૦
જૈન સાંખ્યનો પરિણામભેદ	૨૬૭
જૈનેતરમાં ગુણ	૧૭૧
જ્યેષ્ઠાનુક્રમ પાલન	૧૫૬
ઝ	
ઝેરના લાડુ	૩૪
ડ	
ડાકટર–ગુંડો	૧૦૬
ઢ	
ઢાંકયો કરંડિયો	૧૬૦
ત	
તચ્ચિત્ત	૬૫
તત્કથાપ્રીતિ	૫૯
તત્ત્વ ૭ કેમ ?	૩૩૩
તત્ત્વચિંતન	૨૩૩
તત્ત્વચિંતન–ફળ	૨૩૩
तत्त्वं ब्रह्मणि याथार्थ्यं	૩૩૩
તત્ત્વભાવિત	૧૭૪
તત્ત્વવિચારણા	૧૬૩

વિષય	પાનું
તત્ત્વસંવેદન	૬૧
તત્ત્વજ્ઞાન	૧૬૨
તત્ત્વજ્ઞાનના ૮ પગથિયાં	૬૦
તત્ત્વજ્ઞાન મોક્ષોપયોગી જ	૩૩૪
તત્ત્વોપપ્લવભ્રાન્ત પ્રવૃત્તિ	૩૧૯
તથાભવ્યત્વ	૨૯૯
તથાભવ્યત્વ નિર- નિરાળું	૨૫૬, ૨૯૯
તદધ્યવસાન	૬૯
તદનુકંપા	૫૭
તદર્થોપયોગ	૫૭
તદર્પિતકરણ	૭૦
તદ્હેતુ અનુષ્ઠાન	૨૨૭
તન્મન	૬૯
તન્માત્રા પાંચ	૨૩૭
તપ	૨૨૯, ૨૩૦
તપ-ક્રિયા	૧૧૧
તપમાં વીરતા	૨૭૪
તપાચાર	૨૨૫
તર્ક અધ્યયન	૮૯
તલ્લેશ્ય	૬૯
તાકાત અને ફળ	૩૨૧
તાપપરીક્ષા	૬૪
તારાદૃષ્ટિ	૨૩૫
તિત્થયરાણું	૨૪૬
તિર્યંચ સામાન્ય	૮
તીર્થ એટલે	૨૪૬, ૨૪૮
તીર્થંકરણ	૨૫૩
તીર્થ શું	૨૪૯
તીર્થસ્થાપના શા માટે?	૨૪૭
તીર્થંકર	૧૮૭
તીર્થંકર નામકર્મ	૨૪૬, ૨૪૭
તીર્થંકરની ઉપકારિતા	૨૫૩
તીર્થંકરનું વિશિષ્ટ	
તથાભવ્યત્વ	૨૫૭–૨૯૬
તીવ્રતર શુભભાવ-વર્ધન	૧૨૧
તીવ્રભાવે પાપ	૧૦૩
તૃષિત-કૂપખનન	૧૮૧
ત્રણ પૂંજ	૨૫
ત્રણ યોગ	૧૮૮
ત્રસજીવ	૩૩૨
ત્રિપદી	૧૭–૨૫૨–૩૨૬
ત્રિપદી યોગ્યતા	૨૫૨
ત્રિવિધ જીવ	૧૯
ત્રિવિધ ભાવના	૧૯
ત્રિવિધ શિષ્ય	૧૯
ત્રીન્દ્રિય	૩૩૨
દ	
દંડક	૧૨૮
દયાનું સ્થાન	૧૫૦
દર્શન	૧૩૭
દર્શન અને પ્રતિપાદન	૩૦૬
દર્શનભાવના	૧૮૦
દર્શનભેદ	૩૨૭
દર્શન મોહનીય	૨૩–૨૫
દર્શનાચાર	૨૨૪
દર્શનાવરણ	૨૩
દાન	૭૪–૨૧૬
દાનાંતરાય	૭૬
દાહજ્વરી	૩૨૧
દીનતા	૧૧૩
દીપ્રાદૃષ્ટિ	૨૩૫
દુઃખીની કરુણા	૩૨૧
દુઃખીને દાન	૭૫
દુઃખી પર દયા	૧૦૫
દુર્ભવ્ય	૩૧૬
દુઃશિક્ષિત શસ્ત્ર	૩૧૩
દૂર ભવ્ય	૩૧૬
દૂષણ ત્યાગ	૨૧૭
દેવગુરુ પર બહુમાન	૨૬૬
દેવગુરુ બહુમાની	૨૬૨–૨૬૬
દેવપૂજન	૨૨૮
દેશઘાતી	૨૫
દેશવિરતિ	૧૩૧–૨૩૧
દોષગર્હા	૨૨૨
દોષત્યાગ	૧૬૦
દોષ-દુષ્કૃત્ય	૧૭૯
દ્રવ્ય	૧૪
દ્રવ્યદૃષ્ટિ	૬૭–૬૮
દ્રવ્યનમસ્કાર	૧૭૭
દ્રવ્યનિક્ષેપ	૧૭૬
દ્રવ્ય-પર્યાય	૬૬
દ્રવ્ય-પૂજામાં ગુરુલાઘવ	૩૧૯
દ્રવ્ય-પૂજામાં હિંસા !	૮૮
દ્રવ્ય-સંકાચ	૧૪૩
દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ	૧૫
દ્રવ્યાનુયોગ	૮
દ્વીન્દ્રિય	૩૩૨
દ્વૈત-અદ્વૈત	૧૮૮
ધ	
ધર્મધ્યાણું	૧૨૮–૧૩૬
ધર્મ	૧૭૧
ધર્મ અધિકારીને આપતાં લાભો	૮૧
ધર્મ-અનર્થીના લક્ષણ	૪૧
ધર્મ અને ગુણોમાં કક્ષાઓ	૮૧
ધર્મ એટલે સ્વભાવ	૬૮
ધર્મકથા	૧૭૦
ધર્મકથાનુયોગ	૫
ધર્મક્રિયામાં સાવધાની	૬૫
ધર્મચક્રવર્તી	૧૩૬
ધર્મચિંતા ધર્મઅંકુર	૧૭૨
ધર્મદાતા	૧૩૬
ધર્મદોષિત	૮૦
ધર્મદેશક	૧૩૬
ધર્મ-દ્વેષ, પાપ-અદ્વેષ	૧૧૩
ધર્મ-ધ્યાન	૨૧૬
ધર્મના મનોરથ	૪૨
ધર્મ-નાયક	૧૩૬
ધર્મનિંદક પર કરુણા	૫૭
ધર્મ-નિંદા	૪૮
ધર્મની ૬ વિશેષતા	૪૫
ધર્મનું ફળ	૧૭૩
ધર્મનું સમ્યક્ શ્રવણ	૧૭૨

વિષય	પાનું
ધર્મનો અધિકાર	૪૧
ધર્મપત્ર–પુષ્પ	૧૭૩
ધર્મપુરુષાર્થ	૩૦૦
ધર્મમાં મૂળ વંદના	૧૫૦
ધર્મ–પ્રશંસા	૧૭૧
ધર્મફળ	૧૭૩
ધર્મબીજ	૧૭૧
ધર્મમાં આપમતિ દોષ	૮૫
ધર્મમાં રસ કેમ નહિ?	૪૯
ધર્મ યૌવન	૧૪૫
ધર્મવૃક્ષ	૧૭૦
ધર્મવૃક્ષનું ફળ મોક્ષ જ	૧૭૪
ધર્મ વ્યાપકહિતકારી	૫૮
ધર્મશાસન સદા એક જ	૧૧
ધર્મશ્રવણ	૧૭૨
ધર્મસંન્યાસ	૧૯૭
ધર્મસાધન અપરિગ્રહ	૧૮૦
ધર્મસારથિ	૧૩૬
ધર્મસ્વાખ્યાત ભાવના	૨૨૧
ધર્મજ્ઞાનની જરૂર	૫૯
ધર્માચરણ	૧૭૨
ધર્માચાર્ય પર ચિંતન	૨૨૨
ધર્માસ્તિકાય	૧૫
ધર્મી–ધર્મ સ્વરૂપ	૧૩૮
ધર્મોગ્રહદ્વાન	૨૧૬
ધાત્વર્થક્રિયાફલ	૩૩૪
ધારણ	૨૩૬
ધારાબદ્ધલક્ષ	૧૫૮
ધીરતા કેમ રહે?	૭૩
ધ્રુવે ઇ વા	૩૨૬
ધ્યાન	૨૧૯
ધ્યાનમાં નિષ્કંપતા	૨૭૬
ધ્યાનયોગ	૨૩૩
ન	
નદી–સમુદ્રનું દૃષ્ટાંત	૯૭,૯૮
નમન કયારે	૧૨૫
નમસ્કાર અનેક	૧૮૮
નમસ્કારના ચાર નિક્ષેપા	૧૭૭
નમસ્કારની પ્રાર્થના અને–	
નમસ્કાર	૧૪૭
નમસ્કારનો અધિકાર	૪૦
નમસ્કારમાં બહુમાન	૧૮૮
નમસ્કારો	૧૬૯
નમિરાજર્ષિ	૨૮૮
નમોત્યુણં સૂત્ર	૧૨૬
નમોજિણાણં	૨૦૪
નમો તિત્થસ્સ	૧૭૮
નમોત્યુણં	૧૬૯
નમોત્યુણં–ટૂંક અર્થ	૧૩૫
નમોત્યુણંનો સંક્ષિપ્ત ભાવ	૧૨૭
નય	૯૫
નય યુગલ	૯૬
નયોમાં દર્શન	૯૬
નવકારનો અધિકાર	૪૦
નવકારવાળીમાં જમણો–ડાબો	
હિસાબ	૪૬
નવ સંપદાઓ	૧૩૩,૧૩૪
નવો રોગી	૧૧૫
નાથ	૩૦૨,૩૦૩
નાથ કરવા એટલે	૩૦૫
નામકર્મ	૨૩
નામજિન	૧૭૭
નામ નમસ્કાર	૧૭૭
નામનિક્ષેપ	૧૭૬
નાસ્તિક	૯૬
નાહ્યા એટલું પુણ્ય	૪૨
નિગોદ	૧૬૧
નિત્ય–અનિત્ય	૧૦૦
નિત્ય ઈશ્વર અવક્તા	૧૩૫
નિત્યાનિત્ય અવિરુદ્ધ	૯૯
નિદ્રાસંજ્ઞા	૧૪૫
નિંદક પર દયા	૫૭
નિંદા–અશ્રવણ	૫૫
નિંદ્ય–પ્રવૃત્તિ	૭૨
નિમિત્તની અસર	૧૧૨
નિયમ	૨૫૫
નિયમ પાંચ	૨૩૬
નિયોગ	૧૬૪
નિરાલંબન	૭૦
નિરાશ્રવ ધર્મની સૂક્ષ્મતા	૨૨૪
નિરીક્ષણ–પ્રમાર્જન	૧૨૦
નિર્જરા	૩૩૨
નિર્જરા ભાવના	૨૨૧
નિર્દેશ	૧૪
નિર્ભય	૨૭૨, ૨૭૫
નિર્ભયતા	૨૭૫
નિર્વાણ હેતુ	૨૮૨
નિર્વેદ	૫૨, ૨૦૦
નિર્વેદવશ ઉપેક્ષા	૨૩૩
નિવૃત્તિબાદર	૧૩૧
નિશ્ચયથી તત્ત્વ	૩૧૭
નિશ્ચયનય	૯૬
નિશ્ચય–ભાવ	૨૩૩
નિશ્ચય–વ્યવહાર	૯૬
નિશ્ચયસત્ય	૨૭૦
નિશ્ચિન્ત	૨૭૨, ૨૭૫
નિશ્ચિંતતા	૨૭૫
નિષદ્યા	૧૫૬
નિષેધયોગ્યપર્યાય	૧૫
નિષ્કંપ	૨૭૩, ૨૭૬
નિષ્કંપતા	૨૭૬
નિષ્ઠા	૧૧૦
નિષ્ફળક્રિયા	૩૯
નિક્ષેપ	૧૭૬
નિક્ષેપમાં કક્ષાઓ	૧૭૭
નુપૂર પંડિતા	૫૩
નૈગમ	૯૫
ન્યાયદર્શન	૯૪,૯૫,૯૬
ન્યાયમતે જ્ઞાન	૧૦
ન્યૂન અર્થ	૩૩૫
ન્યૂનાધિક ઉપમા હોય?	૨૭૦
ન્યૂનાધિક ઉપમા વિરોધિ-	
મત ખંડન	૨૭૭

વિષય	પાનું
પ	
પંચકારણવાદ	૨૪૪
પંચાંગ	૧૪૪
પંચાંગ પ્રણિપાત	૧૨૧
પંચાંગી જિનાગમ	૧૬
પંચાચાર	૨૨૪
પંચાસ્તિકાય	૨૯૫
પંચાસ્તિકાયને પ્રભુહિત ૩૫	૩૦૮
પંચેન્દ્રિય	૩૩૨
પંજિકા	૫
પડિલેહણ	૩૨૩
પઢમં નાણં તઓ દયા	૧૫૦
પથ્યનો અર્થ	૩૧૦
પદ	૧૪૩
પદનો અર્થ	૭૦
પદ પર ભાર	૬૮
પદવિગ્રહ	૧૪૮
પદાર્થ	૧૪૩
પદોચ્ચારણ	૧૪૩
પરચિંતા	૫૬
દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ	૯૯
પરપર્યાય	૧૫
પરભાવ	૧૮૫
પરમજિનભક્તિ	૨૨૨
પરમતેજ	૫
પરમાત્મ-ઉપકાર	૧૭૯
પરમાત્મ-ગુણગાન	૧૭૯
પરમાત્મ-ગુણો	૧૭૯
પરમાત્મ-જીવન	૧૭૯
પરમાત્મદશા	૧૮૭
પરમાત્મ-શક્તિ	૧૭૯
પરમાત્મ-સ્વરૂપ	૧૭૯
પરમાત્મા અનાદિશુદ્ધ ?	૧૮૩
પરમાત્મા પ્રત્યે પ્રાર્થના	૧૮૦
પરમાત્મા પ્રત્યે ભક્તિ ઉદ્ધાર	૧૮૦
પરાર્થ વૃત્તિ	૨૨૨
પરલોકદૃષ્ટિ ભૂલ્યાના	
અનર્થ	૫૪
પરલોકદૃષ્ટિ વિચારણા	૫૪
પરહિતરક્ત	૧૫૨
પરા જિજ્ઞાસા	૫૯
પરાદૃષ્ટિ	૨૩૫
પરાર્થ વ્યસન	૨૬૩
પરાર્થ વ્યસની	૨૬૨, ૨૬૩
પરાવર્તના	૧૭૦
પરાશયવેદી	૧૫૩
પરિગ્રહની ભયંકરતા	૧૪૫
પરિગ્રહ સંજ્ઞા	૧૪૫
પરિણત	૬૨, ૧૫૯
પરિણતિ જ્ઞાન	૬૧
પરિણમન	૨૯૬
પરિણામ	૧૪
પરિણામ ૫	૨૫૩
પરિણામવાદ જૈન-સાંખ્ય-વૈશેષિક	૨૯૭
પરિણામે બંધ	૨૭
પરિષદ	૩૩૨
પરિષદ્-અવજ્ઞા	૨૭૨-૨૭૪
પરોક્ષ જ્ઞાન	૨૦૫
પર્યાય	૧૪
પર્યાય દૃષ્ટિ	૯૭
પશ્ચાનુપૂર્વી	૨૯૧
પક્ષપાત કે દયા ?	૧૧૫
પાંચ પ્રકારે પરિણામ	૨૫૩
પાંચ યોગ	૨૩૧
પાંચ જ્ઞાન	૨૦૫
પાઠોપયોગ	૬૬
પાત્રતા	૧૬૪
પાપાનુબંધ	૨૨૬
પારતંત્ર્ય	૧૫૬
પારિણામિક ભાવ	૨૫૩, ૨૯૯
પારિણામિકી	૩૨૭
પુદ્ગલ	૧૪
પુદ્ગલ પરાવર્તકાળ	૧૦૪
પુંડરીક અને પ્રભુ	૨૮૧
પુણ્યાનુબંધી પુણ્ય	૧૭૩
પુરિસવરપુંડરીયાણં	૨૭૯
પુરિસુત્તમાણં	૧૨૭, ૧૩૫, ૨૩૧, ૨૬૧
પુરિસવરગંધહત્થીણં	૨૮૮
પુરિસસીહાણં	૨૭૦
પુરુષ-પ્રકૃતિ	૨૩૭
પુરુષ-બળદ	૧૦૯
પુરુષસિંહ ૧૦ ગુણોથી	૨૭૧
પુરુષાર્થ	૨૪૫, ૩૦૦
પુરુષાર્થકારણ	૨૪૫
પુરુષોત્તમ	૨૬૨
પુષ્પાદિ ૪ પૂજા	૧૭૮
પુષ્પાદિ પૂજા ને હિંસા	૧૮૧
પુષ્પાહાર	૨૩૬
પુષ્ટાલંબન	૮૯
પૂજા	૧૬૮
પૂજા ૪	૧૭૮
પૂજાદ્રવ્ય સંકોચ	૧૪૨
પૂજાનો ઉદ્દેશ	૧૮૦
પૂજાભાવ સંકોચ	૧૪૩
પૂજામાં હિંસા	૧૮૧
પૂજા-સત્કારમાં ફેર	૧૧૮
પૂજ્ય-પૂજા	૮૬
પૂરવા જતાં ઊંડો	૧૪૫
પૂર્વ આશ્રવની પરંપરા	૨૪
પૂર્વમીમાંસા	૨૪૬
પૂર્વસેવા	૨૨૭
પૂર્વાનુપૂર્વી	૨૯૧
પૃચ્છના	૧૭૦
પૃથક્ત્વ વિતર્ક સવિચાર	૨૧૯
પ્રકાશ	૩૩૪
પ્રકાશન ફળ	૩૩૪
પ્રકાશભેદથીજ દર્શન ભેદ	૩૨૯
પ્રકાશવાળા એટલે	૩૩૫
પ્રકૃતિ	૨૩૭
પ્રકૃતિબંધ	૩૩૨
પ્રકૃષ્ટનમન	૧૧
પ્રણિધાન	૨૨૫
પ્રણિધાન યોગ	૩૩

વિષય	પાનું
પ્રણિધાનાદિ ૫ આશય	૧૨૫
પ્રણિપાત દંડક	૧૧૭
પ્રણિપાત દંડક સૂત્ર	૧૨૭
પ્રણિપાત દંડક સૂત્રાર્થ	૧૨૭
પ્રતિપત્તિ	૨૩૫
પ્રતિપત્તિ પૂજા	૧૮૦
પ્રતિપાદનક્રમ મત	૨૮૮
પ્રતિપાદન ક્રમમત ખંડન	૨૯૦
પ્રતિપાદન ચર્ચા	૨૮૮
પ્રતિભાસ જ્ઞાન	૬૧
પ્રતિમારૂપ ભાવના	૨૨૩
પ્રત્યક્ષ જ્ઞાન	૨૮૫
પ્રત્યાખ્યાનાવરણ	૧૨૯
પ્રત્યાહાર	૧૩૬
પ્રત્યેક જીવ	૩૩૨
પ્રત્યેક બુદ્ધ	૨૬૮
પ્રદીપરૂપ કોને ?	૩૧૫
પ્રદીર્ઘ તદ્‌ભાવ	૧૧૮
પ્રદેશબંધ	૩૩૨
પ્રદેશવત્ત્વ	૨૮૪
પ્રદેશોદય	૨૫
પ્રદ્યોત	૩૩૪
પ્રદ્યોત એટલે	૩૨૫
પ્રધાન	૨૩૭
પ્રધાનગુણ : અપરિક્ષય પ્રધાન-ફળ પ્રાપ્તિ સંપદા	૧૩૪
'પ્રભા' દૃષ્ટિ	૨૩૫
પ્રભાવક	૨૧૭
પ્રભાવ કોનો ?	૩૨૧
પ્રભુ	૧૨૧
પ્રભુ અસમર્થ ?	૩૨૦
પ્રભુઉપર રાગ	૩૨૪
પ્રભુની કૃપા પ્રત્યે ભાવના	૩૦૪
પ્રભુનો પ્રસાદ આપણો ઢાળ	૩૨૨
પ્રભુપર ચક્ષુ-મન	૧૨૩
પ્રભુમાં કમળના ધર્મો	૨૮૧
પ્રભુ શ્રેષ્ઠ ગંધહસ્તી	૨૮૯
પ્રભુ સુખહેતુ	૨૮૨
પ્રભુ સૂર્ય	૩૩૦
પ્રમત્ત	૧૩૧
પ્રમાદ	૧૨૨–૩૧૨–૩૨૨
પ્રમેયત્વ	૨૮૪
પ્રમોદ	૬૪–૨૨૦–૨૩૨
પ્રમોદ ૪	૨૩૧
પ્રયત્ન	૧૧૭
પ્રયત્ન મંદ કેમ ?	૩૨૪
પ્રયોજન	૮
પ્રવચન હેતુ	૯૩
પ્રવૃત્તચક્ર યોગી	૨૩૫
પ્રવૃત્તિ	૨૨૫-૨૩૫
પ્રવૃત્તિ આશય	૨૨૫
પ્રવૃત્તિ યમ	૨૩૫
પ્રશમ	૨૦૦
પ્રશાન્તવાહિતા	૩૭
પ્રજ્ઞાપનીય	૧૬૪
પ્રજ્ઞાપનીયમાં નિયોગ	૧૬૪
પ્રાકૃતભેદ	૧૮૨
પ્રાકૃતમાં વિશેષ	૧૪૭
પ્રાણાયામ	૨૩૬
પ્રાતિભજ્ઞાન	૧૯૭,૨૦૫
પ્રાયઃ	૨૯,૩૯
પ્રાયશ્ચિત	૨૧૮
પ્રાર્થનાથી ઇષ્ટસિદ્ધિ	૧૪૮
પ્રાર્થનાનો દીવો	૧૪૭
પ્રીતિ–અનુષ્ઠાન	૩૨૨
પ્રીતિ–ભક્તિમાં તફાવત	૩૨૨
પ્રેમ	૬૫
પ્રેરણા	૧૩૫
ફ	
ફળ આશંસા	૧૪૬
ફળાવંચક	૧૫૫,૨૩૫
ફલોન્મુખ	૨૫૭
ફેરપુદ્ગી	૧૦૫,૧૬૮
બ	
બંધ	૩૩૨
બંધન	૨૩૪
બનાંઽશોની માગણી	૧૩૧
'બલા' દૃષ્ટિ	૨૩૫
બહિરાત્મદશા	૧૮૪
બહુમાન	૪૫,૫૫
બહુમાન વાળાના ૫ લક્ષણ	૫૫
બહુમાનાદિ ૩ નો ઉત્પત્તિ-ક્રમ	૫૧
બહુશ્રુતતા	૬૧
બાધક દોષ વિપક્ષ	૨૨૨
બાર ભાવના	૨૨૦
બાર વ્રત	૨૧૭
બાલ જીવ	૪૪
બાલ મધ્ય પંડિત	૧૦૮
બાહ્ય તપ	૨૧૮
બીજાના ગુન્હે સજા	૨૭૫
બીજાના ધર્મનો નિરપેક્ષ	૬૪
બીજાના ધર્મ પ્રત્યે પ્રેમ	૬૫
બુદ્ધબોધિત	૨૬૭,૨૬૮
બુદ્ધિ ચાર	૩૨૭
બુદ્ધિના ૮ ગુણ	૫૯
બુદ્ધિ–પરિપાક	૨૬૬
બુદ્ધિભેદ	૮૪,૧૧૧,૧૬૩
બૃહસ્પતિમત–ખંડન	૨૯૦
બૃહસ્પતિમત વર્ણનક્રમિક	૨૮૯
બૃહસ્પતિ શિષ્યોનો મત	૨૮૮
બે પ્રકારે કૈવલ્ય	૨૫૨
બોધ	૨૫૫
બોધ અને નિયમ	૨૫૫
બોધ–પરિણતિ	૧૫૯
બોધિ	૧૩૬
બોધિ દુર્લભ ભાવના	૨૨૧
બોધિ નિષ્ફળ	૧૬૧

વિષય	પાનું
બોધિની માગણી	૧૯૧
બૌદ્ધ	૧૩૯
બૌદ્ધ દર્શન	૯૪,૯૫,૯૬
બૌદ્ધ અને વેદાંત દર્શન	૧૩૯
બ્રહ્મસત્યં જગન્મિથ્યા	૧૩૯
ભ	
ભક્તિ	૩૬
ભક્તિ -અનુષ્ઠાન	૩૨૩
ભક્તિ–ઉદ્‌ગાર	૧૮૦
ભગ–વિશિષ્ટ પ્રયત્ન	૨૩૬
ભગ ૬ પ્રકારે	૨૦૮,૨૩૬
ભગવત્ પ્રસાદ	૩૦૩
ભગવાન શ્રેષ્ઠ ગન્ધહસ્તી	૨૮૯
ભય સંજ્ઞા	૧૪૫
ભવ–અબહુમાન	૧૦૪
ભવ બાલકાળ	૧૦૫
ભવ ભ્રમણ શક્તિ	૧૬૮
ભવ ભ્રમણ હેતુ	૨૨
ભવસ્થિતિની વિચારણા	૨૨૧
ભવ બહુમાની	૧૦૭
ભવાભિનંદી	૧૧૪,૨૨૫
ભવાભિનંદીના ૮ લક્ષણ	૨૨૫
ભવિતવ્યતા	૨૪૪
ભવિતવ્યતા કારણ	૨૪૪
ભવોપગ્રાહી કર્મ	૨૦૨
ભવ્ય–અભવ્ય–જાતિભવ્ય	૨૯૮
ભવ્યત્વ	૨૯૬-૨૯૯
ભવ્યત્વ પાસપોર્ટ	૨૪૪
ભવ્યોથી સેવ્ય	૨૮૨
ભાવ	૨૯૯
ભાવ–અનુષ્ઠાનનાં ૬ સાધન	૬૯
ભાવ જાગ્રતિ	૨૫૬
ભાવ જિન	૧૭૭
ભાવ દયા	૫૭
ભાવ નમસ્કાર	૧૬૯,૧૭૪-૧૭૫,૧૭૮
ભાવના	૨૧૭–૨૧૯
ભાવના ફળ	૨૩૩
ભાવના યોગ	૨૩૩
ભાવ નિદ્રા	૨૫૬
ભાવ નિક્ષેપ	૧૭૭
ભાવ મળ	૧૦૫
ભાવ સંકોચ	૧૪૪
ભાવ સંપત્તિ	૧૬૫
ભાવ સાધન	૩૩૪
ભાવિત	૧૫૮-૧૭૪
ભાવુક	૩૨૪
ભાષા સમિતિ	૩૩૨
ભિન્ન ભિન્ન નય યુગલ	૯૬
ભિન્નસ્વભાવ ખંડન	૨૮૩
ભુવનાલોક	૮
ભૂમિકાઓ	૧૦૮
ભૂષણ	૨૧૭
ભેદછેદ	૩૦૫
ભેદાભેદ	૨૬૭–૨૯૭-૨૯૮
ભ્રમણ શક્તિ	૧૦૫
ભ્રાન્તિ	૩૮
મંગલ	૭
'મડધારી' દૃષ્ટાન્ત	૧૮૫
મતિજ્ઞાન	૨૦૫
મનઃ પર્યાયજ્ઞાન	૨૦૬
મનો નિરોધ–પ્રવૃત્તિ–સ્થિરતા	૨૩૪
મનોવૃત્તિ નિરોધ	૨૩૪
મશ્કરી–ત્યાગ	૧૬૩
મહત્ તત્ત્વ	૧૩૭
મહાધર્મ	૩૧૨
મહાપુણ્ય	૧૦૭
મહાપુરુષ	૧૦૯
મહાપ્રમાદ	૩૧૨
મહામોહવૃદ્ધિ	૧૧૩–૧૧૪
મહાયોગ	૨૩૬
મહાવીર	૧૧
મહાસાધના	૩૧૨
મહેશાનુગ્રહ મત	૨૫૫
મહેશાનુગ્રહ મત ખંડન	૨૫૭
માંડલી આસન	૩૫૬
માતૃકા પદ	૩૨૬
માતૃસ્થાન	૨૭
માધ્યસ્થ	૨૦, ૨૨૦, ૨૩૨
માધ્યમિક બૌદ્ધ	૧૩૯
માર્ગ	૧૩૬
માર્ગણા	૧૩
માર્ગપતિત	૨૨૮
માર્ગાનુસારી	૨૨૮
માર્ગાનુસારિતા	૧૬૦–૧૬૧
માર્ગાભિમુખ	૨૨૮
મા હિંસ્યાત્	૮૭
મિત્રા દૃષ્ટિ	૨૩૫
મિથ્યાત્વ	૨૫
મિથ્યાત્વવૃદ્ધિ	૧૧૩
મિથ્યાદર્શન	૩૧૧
મિથ્યા દેવ પૂજ્ય–અપૂજ્ય	૯૩
મિથ્યાદૃષ્ટિમાં મહાવ્રત	૯૩
મિથ્યાશ્રુત	૨૦૬
મિશ્ર ગુણસ્થાનક	૧૩૦
મિશ્રમોહનીય	૨૫
મીમાંસા	૨૩૫
મુક્ત	૩૩૧
મુક્તાશુક્તિ મુદ્રા	૨૮
મુક્તિ–અદ્વેષ	૨૨૭, ૨૩૦
મુક્તિ જહાજ	૮૩
મુક્તિરાગ	૨૨૭
મુનિચન્દ્રસૂરિ	૪
મુદિતા ૪	૨૩૨
મુદ્રા,	૨૭, ૬૩
મૂર્ચ્છા	૧૨૦
મૂળ ગતભેદથી ૪ ભેદ	૨૬૭
મૂળ દેવ	૩૧

વિષય	પાનું
મૃત્યુઘ્ન તપ	૨૨૯
મૃત્યુંજય મંત્ર	૨૨૯
મૈત્રી	૨૦, ૨૨૦, ૨૩૨
મૈત્રી ૪	૨૩૨
મૈત્રી ૪ ના ઘાતક	૨૩૩
મોહનીય કર્મ	૨૩
મોક્ષ	૨૦૩–૩૩૨
મોક્ષ અચિંત્ય	૭૯
મોક્ષ કામના નિષ્કામ	૧૪૬
મોક્ષ કૈવલ્ય	૨૫૨
મોક્ષ નિત્યાનિત્ય	૯૮
મોક્ષનું સુખ	૧૭૩
મોક્ષ પ્રત્યે અરુચિનો અભાવ	૨૨૯
મોક્ષમાં અસમાનતા કેમ નહિ	૨૬૯
મોક્ષમાં સુખ શું ?	૧૭૩
મોક્ષ માર્ગસ્થ	૧૫૧
મોક્ષ યોગ્યતા જુદીજુદી	૩૦૦, ૩૦૧
મૌલિક સાંખ્ય	૨૩૭
ય	
યતના	૨૧૭
યતિધર્મ	૨૧૮
યથાપ્રવૃત્તિ કરણ	૫૧, ૧૯૮
યથાર્થ દર્શન	૩૦૯
યથાસંભવ પૂજોપચાર	૧૧૮
યમ ૪	૩૬, ૨૩૫
યમ ૫	૨૩૬–૩૭
યાકિની મહત્તરા	૨
યુક્તસ્વરતા	૬૩
યોગ	૨૪, ૧૨૧, ૨૨૫
યોગ ૫	૨૩૧
યોગ ઉત્કૃષ્ટ	૨૩૪
યોગ ગુણ ૮	૨૩૫
યોગ દૃષ્ટિ ૮	૨૩૫
યોગ નિરોધ	૨૦૩
યોગની ૫ કક્ષા	૩૩
યોગની પૂર્વ સેવા	૨૨૮
યોગ પ્રાપ્તિ	૨૩૪
યોગ વિવિધ	૧૩૪
યોગ વિષયમાં વિધિ	૩૧
યોગસંન્યાસ	૧૯૭, ૨૦૨
યોગક્ષેમ	૩૦૬
યોગાંગ ૮	૨૩૫
યોગાચાર બૌદ્ધ	૧૩૯
યોગાવંચક	૧૫૫–૨૩૫
યોગી ૪	૨૩૫
યોગોના સ્વામી	૨૩૪
યોગ્યતા અને સંબંધ	૨૪૦
યોગ્યતા મૂળ કારણ	૨૫૬
યોગ્યાત્મા	૩૨૨
ર	
રત્ન કરંડક	૧૬૦
રસ ત્યાગ	૨૧૮
રસ બંધ	૩૩૨
રસ સ્પર્દ્ધક	૨૫
રાગ જુદો આદર જુદો	૧૦૪
રાગ વિના તીર્થ કેમ કરે	૨૭૪
રાગ સેવ્ય–અસેવ્ય	૯૬
રાગાદિ સામે વીર્ય	૨૭૪
રાજયોગ	૨૩૬
ઋદ્ધિ અને તત્ત્વ	૩૩૫
રોગ	૩૮
રૌદ્ર ધ્યાન	૨૧૯
લ	
લબ્ધલક્ષ્યતા	૭૬
લલિતવિસ્તરા	૩
લક્ષણ	૨૧૭
લાભનો આધાર	૧૮૨
લાક્ષણિક અર્થ	૧૪
લિંગ	૨૧૬
લીનતા	૨૧૮
લૂંટાયેલાનું દૃષ્ટાન્ત	૧૨૮
લોક	૨૯૫
લોક પંચાસ્તિકાય	૨૯૫
લોકપ્રિયતા	૭૦
લોક ભાવના	૨૨૧
લોકવિરુદ્ધકાર્ય	૮૨
લોકસંજ્ઞા	૪૩, ૮૨, ૧૪૬
લોકસંજ્ઞા કયાં નહિ	૩૨૩
લોકહિત	૩૦૯
લોકહેરી	૪૩, ૮૨
લોગનાહાણું	૩૦૨
લોગપજ્જવાણું	૩૧૫
લોગહિયાણું	૩૦૮
લોગુત્તમાણું	૨૯૪
લોગુત્તમાણું સપદા	૧૨૭, ૧૩૬
લોભના સૂત્ર	૧૪૫
લૌકિક-લોકોત્તર ધર્મ	૮૩
વ	
વચન અનુષ્ઠાન	૩૨૩
વંદના એ ધર્મનું મૂળ	૧૧૦
વંદના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ	૧૨૩
વંદનાની દુર્લભતા	૧૨૨
વંદનામાં શુભ ભાવો	૫૨
વંદના મૂલ્યાંકન	૧૨૨
વંદના વ્યાઘાત	૩૨૧
વરઘોડા	૧૦૧
વરબોધિ	૧૫૯
વરે તે ભરે	૮૩
વર્ણન ક્રમ ૩ પ્રકાર	૨૯૧
વશિતા	૧૩૩
વસ્તુ અને શબ્દ	૨૯૧
વસ્તુ તપાસ	૧૦૦
વસ્તુ ધર્મ	૩૧૮
વસ્તુને પ્રતિપક્ષ	૩૩૩
વસ્તુ માત્ર એકાએક સ્વભાવવાળી	૨૮૩
વસ્તુમાં ક્રમ-ઉત્ક્રમ અક્રમની સિદ્ધિ	૨૯૨

વિષય	પાનું
વાચના	૧૦૦
વાચનાચાર્યનો વિનય	૧૫૬
વાચના મુદ્રા	૧૫૭
વાદિદેવસૂરિ	૪
વાળાકૂંચી	૨૧૯
વાસી-ચંદન	૨૩૪
વિકારો	૧૦૭
વિકાસ	૧૧૦
વિકૃત ક્રિયા	૧૨૪
વિગમે	૩૨૬
વિઘ્નકારણ નાશ	૭
વિઘ્નજય	૨૨૫
વિજાતીય ઉપમા વિરોધ	૨૭૬
વિજાતીય ખંડન	૨૮૩
વિતંડા	૧૬૩
વિદેહ મુક્ત	૧૮૭
વિધાન યોગ્ય પર્યાય	૧૫
વિધિ-અવિધિ	૩૧
વિધિ તત્પરતા	૪૭
વિધિ નિષેધ	૬૩
વિધિની જરૂર	૩૦
વિધિપરતા	૧૫૫
વિધિમાં કાળ	૩૧
વિનય	૬૧-૨૧૭
વિનિયોગ-આશય	૨૬૬
વિપરીત દર્શનથી અનિષ્ટ	૩૧૧
વિપાકોદય	૨૫
વિપાક વિચય	૨૧૬
વિભાવ દયા	૧૪
વિવાદ ત્યાગ	૧૬૩
વિધિ કથન ક્રમ	૨૬૦
વિવિધ ધર્મ ગુણો	૨૨૨
વિવિધ યોગ્યતા	૧૦૮
વિવેક	૨૩૪
વિવેક-ખ્યાતિ	૨૩૭-૩૮
વિવેચનના અંગ	૬
વિષમ	૭
વિષયતા	૩૩૪
વિષય વિટંબણા	૧૪૫
વિષય સંજ્ઞા	૧૪૫
વિષય સુખ	૧૦૭
વિષાનુષ્ઠાન	૧૨૭
વીશવીશીમાં વિષય	૩૧
વિશિષ્ટ તથાભવ્યત્વ	૨૫૭
વિશિષ્ટ સત્ત્વ એજ- અમૂર્તત્ત્વાદિ ક્રમ નહિ!	૨૮૩
વિશુદ્ધાશય	૧૦૬
વિશુદ્ધિ	૧૬૫
વિશેષ જાણેલ	૧૬૬
વિશેષણ	૬૬
વિશેષ શુદ્ધાનુષ્ઠાન	૨૨૬
વિશેષોપયોગ	૧૩૪
વિશ્વ	૩૩૧
વિશ્વ કરૂણા	૨૩૩
વિક્ષેપન્યાસ	૧૫૭
વીતરાગ નમસ્કાર	૧૭૮
વીર	૨૭૨-૭૪
વીરતા ગુણ	૨૭૪
વીર્યગુણ	૨૭૪
વીર્ય, પાપવીર્ય-ધર્મવીર્ય	૧૮૭
વીર્યવાન	૨૭૨,૨૭૪
વીર્યાચાર	૨૨૫
વૃત્તિનિરોધ	૨૩૪
વૃત્તિસંક્ષય યોગ અને ફળ	૨૩૪
વૃત્તિસંક્ષેપ	૨૧૮
વેદ નિત્ય નહિ	૨૫૩
વેદનીય	૨૩
વેદાન્ત	૧૩૬
વૈનયિકી	૩૨૭
વૈયાવચ્ચ	૨૧૬
વૈરાગ્ય-ભાવના	૨૨૩
વ્યક્ત-અવ્યક્ત	૩૫,૧૩૬
વ્યંજનાવગ્રહ	૨૦૬
વ્યર્થવિશેષણત્વ	૩૩૮
વ્યવહારનય	૬૫
વ્યવહાર રાશિ	૩૦૮
વ્યવહાર સત્ય	૨૭૦
વ્યાખ્યા	૧૩
વ્યાખ્યા-અંગ	૧૪૨,૧૪૬
વ્યાખ્યાન વ્યાખ્યેય	૮
વ્યાખ્યાનના ૭ અંગ	૧૪૬
વ્યાખ્યાનનું સ્વરૂપ	૧૪૩
વ્યાપકતા	૬૫
વ્યાપ્તિ	૬૫
વ્યાપ્તીતર વિભાગ	૬૫
વ્યાપ્ય-વ્યાપક	૨૧
વ્યાવર્તન શીલ	૧૬
વ્યાવૃત્તિ પર્યાય	૧૬
વ્યુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ	૨૨૦
શ	
શક્તિઅનુસાર ત્યાગ	૭૪
શક્તિની ચોરી	૧૬૬
શબ્દનય	૬૫
શમશ્રી	૧૬૪
શરણ	૧૩૬
શાંત	૨૨૬
શાસ્ત્રકર્તા	૧
શાસ્ત્રથી અનિષિદ્ધ	૪૩
શાસ્ત્ર દીવાદાંડી	૧૬૬
શાસ્ત્રની-ત્રિવિધ-પરીક્ષા	૬૩
શાસ્ત્ર મહત્ત્વ	૨૨૮
શાસ્ત્ર યુક્તિ પ્રધાન	૧૬૧
શાસ્ત્રયોગ	૧૮૮,૧૬૧,૨૩૪
શાસ્ત્રજ્ઞ	૧૫૨
શાસન	૩૧
શાસન મશાલ	૧
શિરામણ સાટે	૩૩
શિષ્ય ત્રિવિધ	૧૬

વિષય	પાનું
શિષ્ય ભાવ	૧૫૪
શુકલ ધ્યાન	૨૧૯
શુદ્ધચિત્તોત્કર્ષ	૨૩૩
શુદ્ધ દેશના	૧૦૮
શુદ્ધિ	૨૧૭
'શું'ના ૬ અર્થ	૧૪
શુભ અભ્યાસ વૃદ્ધિ	૨૩૩
શુભ ક્રિયા	૧૧૨
શુભ ક્રિયાની જરૂર	૨૭
શુભ ભાવમાં શું શું	૩૫
શુભ ભાવ મુખ્ય હેતુ	૨૩૨
શુભ ભાવો	૩૪, ૩૫, ૬૫
શુભાનુબંધી	૮૯
શુષ્ક અધ્યાત્મ	૧૧૦
શૂર	૨૭૧
શૈલેશ	૨૩૪
શૈલેશી	૨૦૩
શોક	૨૫૫
શૌર્ય	૨૭૩
શૌર્યાદિની સિદ્ધિ	૨૭૩
શ્ર	
શ્રદ્ધા એટલે	૩૫
શ્રદ્ધાનો ઉપાય	૮૨
શ્રદ્ધા-પ્રીતિ	૩૬
શ્રવણ લાભ	૧૭૨
શ્રવણ વિધિ	૧૫૮
શ્રવણ વિધિ મહિમા	૧૫૮
શ્રાવક અને પૂજા	૧૮૦
શ્રુતદાનનું ફળ	૧૫૪
શ્રુત ધર્મ	૧૭૦
શ્રુતજ્ઞાન	૨૦૬, ૩૨૫
શ્રેષ્ઠ દર્શનીય	૧૨૩
શ્રેષ્ઠ યોગ	૨૦૩
ષ	
ષદ્સ્થાન	૧૮૬
ષદ્સ્થાન પતિત	૩૨૭

વિષય	પાનું
ષદ્સ્થાન હાનિવૃદ્ધિ	૧૪
સ	
સકર્મક	૩૩૩
સકૃત્શક્તિનાશ	૭૩
સકૃદ્બંધક	૧૦૩
સક્રિય યોગ	૫૯
સંકટ કસોટી	૭૩
સંકટમાં ધૈર્ય	૭૨
સંકલના	૬૩
સંકલેશ	૧૯૫
સંગ્રહ	૯૫
સંગ્રહનય	૨૮૫
સંજ્વલન	૧૨૯
સત્ અસત્	૬૯
સત્-અસત્ અવ્યકત	૨૫, ૧૩૯
સત્-અસત્ કાર્યવાદ	૨૬૮
સત્કાલાપેક્ષા	૬૨
સત્ય	૧૭૦
સત્ય પ્રવૃત્તિ	૨૬૦
સત્વ એજ અમૂર્તત્વાદિ-કેમ નહિ ?	૨૮૫
સત્ત્વનાશ	૧૧૨
સત્ત્વવિકાસ	૩૨૪
સત્ત્વવૃદ્ધિ	૨૩૩
સત્ત્વશીલ બોધ	૨૩૩
સત્ત્વહીન	૭૩
સત્ત્વાદિ વિના જીવત્વ નહિ	૨૮૪
સત્ત્વાસત્વ	૩૧૮
સદાચાર	૨૩૦
સદ્દહણા	૨૧૬
સદ્ભૂત સ્થાપના	૧૭૬
સન્મતિતર્ક	૭૯
સફલારંભિતા	૨૬૪
સમકિત મોહનીય	૨૫
સમકિત વિના દાનાદિ નિષ્ફળ	૩૫

વિષય	પાનું
'સમતા' યોગ	૨૨૩
સમતાયોગનું ફળ	૨૩૪
સમભિરૂઢ સાંખ્ય	૯૫
સમર્થ બનવાના ઉપાય	૪૩
સમાધિ	૨૩૬
સમિતિ	૩૩૨
સમુદાયવાચી શબ્દ	૨૯૪
સમૂહશબ્દ એક દેશે પ્રવર્તે	૨૯૪
સંપદા	૧૨૮
સંબંધ	૮
સંબન્ધનો નિયમ	૨૭૨
સંબોધન	૧૩૭
સંભ્રમ	૩૬
સંમૂર્ચ્છિમ ક્રિયા	૨૨૫
સમ્યક્ કરણ	૨૬
સમ્યક્ કરણનો અધિકાર	૩૦
સમ્યક્ ચારિત્ર	૨૧૬
સમ્યક્ ચારિત્રની ભાવનાઓ	૨૨૦,૨૨૩
સમ્યક્ત્વના ૫ અંગ	૩૦
સમ્યક્ત્વના ૬૭ પ્રકારનો વ્યવહાર	૨૧૬
સમ્યક્ત્વાદિનો આનંદ	૨૮૧
સમ્યક્ શ્રુત	૨૦૬
સમ્યગ્ દર્શન	૨૧૫
સમ્યગ્ દર્શનનાં ૫ લક્ષણ	૨૦૦
સમ્યગ્ દર્શનની ભાવનાઓ	૨૨૦,૨૨૩
સમ્યગ્ દૃષ્ટિ	૩૫
સમ્યગ્ દૃષ્ટિની પૂર્વસેવા	૨૩૧
સમ્યગ્ જ્ઞાન	૨૧૬
સમ્યગ્ જ્ઞાનની ભાવનાઓ	૨૨૦,૨૨૩
સંયમમાં ખેદ	૨૭૫
સંવર ભાવના	૨૨૧
સંવિગ્ન પાક્ષિક	૩૮

વિષય	પાનું
સંવેગ	૫૨,૨૦૦
સંવેગ-કરણ	૨૩૨
સંશુદ્ધપુણામાદિ	૧૪૪
સંસારજુગુપ્સા	૨૨૨
સંસારના કારણ-સ્વરૂપ-ફળ	૨૨૬
સંસારની ભયાનકતા	૧૨૨
સંસાર-ભાવના	૨૨૧
સંસારમાં સમુદ્રના ધર્મો	૨૪૮
સંસાર અનાદિ	૨૪
સંસાર-સ્વરૂપ	૧૦૭
સંસારી	૩૩૧
સંસ્કાર	૩૧૩
સંસ્કાર અને વલણ	૧૧૧
સંસ્થાન વિચય	૨૧૯
સંહિતા	૧૪૩
સંજ્ઞા	૧૪૪
સંજ્ઞાનિગ્રહ	૧૪૪,૧૭૧
સંજ્ઞી	૨૧૫,૨૩૨
સંજ્ઞી શ્રુત	૨૦૬
સંયંસંશુદ્ધ	૨૫૬
સયંસંશુદ્ધાણું	૨૫૫,૨૫૬
સયોગી કેવળી	૧૩૨
સરળ	૩૨૪
સર્વઘાતી	૨૫
'સર્વજીવ એક જાતિય' વાદી બૌદ્ધમત	૨૬૧
'સર્વ જીવ એક જાતિય' વાદી બૌદ્ધમત ખંડન	૨૬૭
સર્વથા વિક્ષેપ ત્યાગ	૧૫૭
સર્વ પ્રદીપનય	૩૧૯
સર્વ મૈત્રી	૨૩૨
સર્વવિરતિ	૧૩૧
સર્વં શૂન્યં	૧૩૯
સર્વ સમર્થ	૩૨૧
સર્વસંવર	૨૩૪
સર્વોત્તમ તથા ભવ્યત્વ	૨૯૬
સવ્વન્નૂણં સંપદા	૧૨૮-૧૩૭
સહજ ચૈતન્ય	૨૮૫
સહજ ભાવમળ-ક્ષય	૧૦૫
સહજ સૌન્દર્ય	૨૮૧
સહાનુભૂતિ કેમ મળે ?	૨૬૪
સાંકૃત્ય મત	૨૭૦
સાંકૃત્યમત ખંડન	૨૭૭
સાંખ્ય બે	૨૩૭
સાંખ્ય-જૈન ભેદ	૨૩૮
સાંખ્ય ૨૫ તત્ત્વ	૨૩૭
સાંખ્યમતનું નિરાકરણ	૨૩૯
સાતનય	૯૫
સાતનયમાં ભિન્ન ભિન્ન-દર્શન	૯૬
સાધક યોગી	૨૩૩
સાધન	૧૪
સાધારણ જીવ	૩૩૨
સાધારણાસાધારણ	
હેતુ સંપદા	૧૩૩
સાધુ અને પૂજા	૧૮૦
સાધુ દાન	૨૨૯
સાધુ સ્થિરવાસ	૮૮
સાપેક્ષ-નિરપેક્ષ દૃષ્ટિ	૧૩૯
સામર્થ્ય	૪૨
સામર્થ્યયોગ	૧૮૮,૧૯૪,૨૦૪
સામર્થ્ય સ્વરૂપ સાપેક્ષ	૩૨૦
સામાન્ય-વિશેષ	૮
સામાન્ય ઉપયોગ સંપદા	૧૩૪
સામાન્ય હેતુ સંપદા	૧૩૪
સાંપરાયિક કર્મ	૨૦૨
સાંપ્રતનય	૯૫
સા વિદ્યા યા વિમુક્તયે	૧૬૫
સાંવ્યાવહારિક	૩૦૮
સાશ્રવ-અનાશ્રવ ધર્મ	૨૨૩
સ્થિતિબંધ	૩૩૨
સ્થિરચિત્ત	૨૩૩
સ્થિરયમ	૨૩૫
સ્થિરા દૃષ્ટિ	૨૩૫
સિદ્ધ-અસિદ્ધ	૬૬
સિદ્ધર્ષિગણી	૩
સિદ્ધાન્ત	૬૪
સિદ્ધિ-આશય	૨૧૬
સિદ્ધિભાવમાં પરિણમન	૨૬૬
સિદ્ધિયમ	૨૩૫
સિંહનાદસમદેશના	૧૧૧
સિંહની ઉપમા	૨૭૧
સુકૃત શક્તિ ક્ષય	૨૧૩
સુખિ-પ્રમોદ	૨૩૨
સુચારુમત-ખંડન	૨૮૩
સુચારુ-શિષ્ય-મત	૨૭૬
સુપ્તનૃપ કથા	૧૬૧
સુંદર ભાવો	૨૨૨
સુવર્ણ માટી	૩૩૩
સૂંઠ-ખીચડી	૧૦૧
સૂત્ર અર્થ ઉપયોગ	૬૫
સૂત્ર પર્યાય	૧૬
સૂત્ર સમ્યક્ પઠન	૧૨૪
સૂત્રોક્ત-વિધિ	૩૦
સૂત્રોચ્ચારણ	૬૮
સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી	૨૧૬
સૂક્ષ્મ પદાર્થોમાં ચિંતન	૨૨૧
સૂક્ષ્મ સંપરાય	૧૩૧
સેવા-પરોપકાર	૨૬૪
સોનામાં ઉત્પાદાદિ	૬૬
સૌભાગ્યાદિ તપ વિધાનુષ્ઠાન કેમ નહિ	૨૨૭
સ્તોતવ્ય	૧૩૩,૪૧
સ્તોત્રપૂજા	૧૭૬
સ્થાન ૬	૨૧૭
સ્થાનઆસન	૭૦
સ્થાનયોગ	૨૭
સ્થાનાદિયોગ	૨૭,૨૪૧

વિષય	પાનું
સ્થાપનાચાર્ય	૧૫૬
સ્થાપનાજિન	૧૭૭
સ્થાપનાનમસ્કાર	૧૭૭
સ્થાપનાનિક્ષેપ	૧૭૬
સ્થાવર જીવ	૩૩૨
સ્થાવર નિશ્રાએ ત્રસ	૬૪
સ્થૈર્ય	૧૫૨,૧૬૨
સ્યાદ્વાદ	૬
સ્વજનમૈત્રી	૨૩૨
સ્વદ્રવ્ય-ક્ષય	૧૨૦
સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ	૬૬
સ્વધર્મે નિધનઃ શ્રેયાન્	૨૪૬
સ્વપર્યાય	૧૫
સ્વભાવ	૧૦,૧૪,૨૪૪,૩૨૦
સ્વભાવ કારણ	૨૪૪
સ્વભાવમાત્ર વાદનું ખંડન	૨૪૩
સ્વભાવ-વિભાવ	૨૩
સ્વયંબુદ્ધ	૨૬૮
સ્વરૂપ એ સાપેક્ષ	૩૧૮
સ્વરૂપશુદ્ધાનુષ્ઠાન	૨૨૬
સ્વરૂપ સંપદા	૧૩૪
સ્વરૂપ હિંસા	૮૮
સ્વહિત રક્ત	૧૫૨
સ્વાધ્યાય	૨૧૬
સ્વાત્મનિંદા	૧૭૬
સ્વામિત્વ	૧૪
સ્વાર્થ-ગૌણતા	૨૬૨

વિષય	પાનું
હ	
હઠયોગ	૨૩૬
હરિભદ્રસૂરિ	૨
હરિભદ્રસૂરિ શાસ્ત્રસર્જન	૨
હર્ષાશ્રુને રોમાંચ	૧૨૧
હાર્દિક ઇચ્છા	૧૬૦
હિતના ૩ હેતુ	૩૦૬
હિતરૂપ કોને ?	૩૦૮
હિતવ્યવહાર	૩૦૬
હિત શબ્દનો અર્થ	૩૦૬
હિંસા નહિ તે પાપ	૩૧૨
હુકમમુનિ	૧૧૩
હું કોણ	૩૧૭
હેતુ-અસિદ્ધિ	૨૨
હેતુગમ્ય	૧૬૧
ક્ષ	
ક્ષણુલાભદીપન	૨૨૨
ક્ષણિક વિજ્ઞાન	૧૩૬
ક્ષપકશ્રેણિ	૧૩૧-૧૬૭
ક્ષય	૨૫
ક્ષયોપશમ	૨૫
ક્ષાયિક પરિણામ	૨૫૩
ક્ષાયિકભાવ	૨૬૬
ક્ષાયિક સમ્યક્ત્વ	૧૩૦
ક્ષાયોપશમિક ધર્મપ્રદાન	૧૬૦
ક્ષાયોપશમિક પરિણામ	૨૫૩
ક્ષાયોપશમિક ભાવ	૨૬૬

વિષય	પાનું
ક્ષાયોપશમિક સમ્યક્ત્વ	૧૩૦
ક્ષીણપ્રાયઃકર્મ	૧૦૬
ક્ષીણમોહ	૧૩૨
ક્ષુદ્રજીવ	૧૧૧
ક્ષેપ	૩૨,૩૭
જ્ઞ	
જ્ઞાન એ સ્વભાવ	૧૦
જ્ઞાન કૈવલ્ય	૨૫૨
જ્ઞાન-ક્રિયા નય	૬૬
જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ	૧૫૧
જ્ઞાન દાન	૨૧૬
જ્ઞાન નય	૬૬
જ્ઞાનની ચારિત્ર પર અસર	૮૬
જ્ઞાનની જવાબદારી	૧૬૫
જ્ઞાનની સીમા	૧૦
જ્ઞાનનું સ્થાન	૧૫૦
જ્ઞાનનું સ્વરૂપ	૬
જ્ઞાનયોગ	૮૬
જ્ઞાન શું	૨૪૬, ૨૫૫
જ્ઞાનસમૃદ્ધિ	૧૬૩
જ્ઞાનસ્થિરતા	૧૫૬
જ્ઞાનસ્ય ફલં વિરતિ	૧૫૧
જ્ઞાનાચાર	૨૩૪
જ્ઞાનાવરણ	૨૩
જ્ઞાની-અજ્ઞાની	૬૬

'દિવ્યદર્શન' સાપ્તાહિક

દર શનિવારે બહાર પડે છે. એમાં પ્રસ્તુત વિવેચનકારનાં આધ્યાત્મિક પ્રવચન નિયમિત આવે છે. તત્ત્વજ્ઞાન, સંવેગ, વૈરાગ્ય, જીવનશુદ્ધિ અને આત્મોન્નતિના ગુણો, વગેરેને સચોટ પીરસતાં આ વ્યાખ્યાનો અવશ્ય વાંચવા અને મનન કરવા જેવા છે, પત્રમાં સિદ્ધહસ્ત લેખકનો મનનીય અગ્રલેખ વગેરે પણ આવે છે. વાર્ષિક લવાજમ રૂ. ૬) ભરી સભ્ય થવા માટે દિવ્યદર્શન કાર્યાલય પર લખો.

પ્રસ્તુત વિવેચનકારની અન્ય કૃતિઓ

* શ્રી પંચસૂત્ર વિવેચન.	કિ. રૂા.	૨-૦૦
પ્રકરણ દોહન	,, ,,	૧-૨૫
* તત્ત્વાર્થ ઉષા	,, ,,	૦-૫૦
ગંગા પ્રવાહ	,, ,,	૧-૫૦
વાર્તા વિહાર	,, ,,	૧-૦૦
પ્રેરણા ગુજરાતી	,, ,,	૦-૬૨
,, હીંદી	,, ,,	,,
યોગદૃષ્ટિ પીઠિકા	,, ,,	૨-૦૦
અગ્નિશર્મા-ગુણસેન (સમરાદિત્ય ભા. ૧)	,, ,,	૨-૦૦
* અમૃતક્રિયાના દિવ્ય માર્ગે	,, ,,	૦-૫૦

કૂપનો વિનાના સુલભ ગ્રન્થોનું પ્રાપ્તિસ્થાન

દિવ્યદર્શન કાર્યાલય

કાળુશીની પોળ, કાળુપુર અમદાવાદ

મુદ્રક · દીપક પ્રિન્ટરી · અમદાવાદ